૧૯૪૬ - ૧૯૪૬

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B, 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧૭

મુંબઈ: ૧ જાન્યુઆરી ૧૯૪૬ મંગળવાર. લવાજમ રૂપિયા ૪

બ્રેટનવૂડ્ઝ કરાર

બ્રેટનવૂડ્ઝ કરાર એટલે આંતરરાષ્ટ્રીય આર્થિક સહકારનો માર્ગ: તેથી રાજકીય સહકારનો માર્ગ મોકળો થશે?

(બ્રેટનવૂડ્ઝ કરારની મહત્ત્વની સમીક્ષા.)

વિશ્વયુદ્ધ ચાલતું હતું અને અમેરિકાની નામાંકિત ગણાતી દરેક વેપારી પેઢી અને સરકારના સેંકડો ખાતાઓ લડાઇ પછીની આર્થિક યોજનાઓ ઘડવામાં મશગૂલ હતા.

આવી વિશાળ યોજનાના એક ભાગ તરીકે બ્રેટનવૂડ્ઝમાં જગતના પીસતાલીશ મિત્રરાજ્યોની પરિષદ કેટલાક સમય પહેલાં મળી હતી. તેમાં આંતરરાષ્ટ્રીય ફંડ અને આંતરરાષ્ટ્રીય બેન્કની એક યોજના ઘડવામાં આવી હતી. તે યોજનાને બ્રેટનવૂડ્ઝના કરારનું નામ આપવામાં આવ્યું હતું. ડીસેમ્બરની આખર તારીખ સુધીમાં આ બેન્ક અને ફંડમાં પાસઠ ટકા હિસ્સો આપનારા દેશો તે કરારને મંજુર કરે નહિ તો તે યોજના પડતી મુકાવાની હતી; છતાં આ કરારને મંજુરી આપવાનો જરાયે સળવળાટ કયાંઈ દેખાતો નહોતો.

જાપાનનું યુદ્ધ પુરું થતાંની સાથે એકાએક અમેરિકાએ ધીરાણપટ્ટાની ઇન્ગ્લેન્ડને અપાતી મદદ બંધ કરીને ઇન્ગ્લેન્ડનું નાક દાબ્યું કે તરત કોઇ પણ જાતના આર્થિક કરાર કરવા માટેની તૈયારી બતાવતું ઇન્ગ્લેન્ડનું મોહું ખુલી ગયું. તે વાટાઘાટના પરિણામે ઇન્ગ્લેન્ડ અને અમેરિકા વચ્ચે આર્થિક કરાર થયા. આ કરારની વિગતો અને તેના પરીણામો જગજાહેર થઇ ચૂકયા છે, છતાં તેનો સંક્ષિપ્ત સાર આ નીચે આપ્યો છે.

આર્થિક ધર્ષણમાંથી બચાવ

સૌથી મહત્વની વાત એ સમજવા જેવી છે કે જો આ કરાર ન થયા હોત તો જગતમાં આર્થિક અંધાધૂંધી, સ્પર્ધા અને ધર્ષણ ફેલાત. એક બાજુ નિકાશના અભાવે રાક્ષસી ઉત્પાદન કરતા અમેરિકાના ઉદ્યોગો અને વેપાર ગુંગળાત; બીજી બાજુ સ્ટર્લીંગ ઉપર ચાલતા જગતના સર્વ દેશો ઇચ્છા-અનિચ્છાએ વસ્તુનો દુકાળ, નાણાંનો પ્રગાવો, હુંડીઆમણની મુંઝવણ, જકાતી ગુંગળામણ, વિગેરે સંજોગો વચ્ચે જકડાઇને મરણતોલ સ્થિતિમાં મુકાત અને કદાચ રહેવા માટે રશિયા તરફ ઢળતા જાત. આવી આર્થિક ખેંચાખેંચમાંથી આ વિશ્વ યુદ્ધ શરૂ થયું હતું. યુદ્ધના અન્તની સાથે જ તેના ઉગ્રતમ સ્વરૂપે આર્થિક ખેંચાખેંચ શરૂ થાત તો તેથી ત્રીજું વિશ્વયુદ્ધ સમીપ આવત.

સ્વાર્થ સાથે પરમાર્થ

પણ અમેરિકા સમજ્યું હતું કે પોતાનો માલ પરદેશમાં વેચવો હશે તો અમેરિકાએ પરદેશોને નાણાં ધીરવા જ પડશે. એટલે લેનાર આપીને પોતાનો સ્વાર્થ શોધવા સાથે તે લેનારની મહત્વની શરત રૂપે અમેરિકાએ બ્રેટનવૂડ્ઝ કરારનો ઇંગ્લેન્ડ પાસે સ્વીકાર કરાવ્યો છે અને સ્ટર્લીંગ બ્લોકમાં ગોંધાયેલ સામ્રાજ્યવાદી વેપારને પોતાના માટે મોકળો મૂકવાની મંજુરી મેળવી છે. આ રીતે અમેરિકાએ સ્વાર્થ સાથે પરમાર્થ સાધ્યો છે. પાઉન્ડના વ્યાપારી સામ્રાજ્યમાં ગ્રેટ બ્રિટનને ડોલરની ભાગીદારી સ્વીકારવી પડી છે.

ઇંગ્લેન્ડની સ્થિતિ ખાદમાં ચાલતી એક વેપારી પેઢી જેવી છે. જમા પાસુ વધારવાના ઓદ્યોગીકરણથી ઇંગ્લેન્ડ પુનર્જીવન મેળવવા મથે છે. પણ આટલા વર્ષોથી પરતંત્ર દેશોના શોષણ ઉપર નભાવેલા ઉંચા જીવનધોરણનું ખર્ચ ઘટાડવાનો રામબાણ અને સાચો ઇલાજ તેને સુંઝતો નથી; અને પોતાથી અનેકગણી આર્થિક તાકાતવાળા દેશોની હરિફાઇમાં આવક વધારવાનો ઇંગ્લેન્ડનો માર્ગ સરળ હોય તેમ તેને દેખાતું નથી. એટલે જ પાર્લામેન્ટના એક સભ્યના શબ્દોમાં કહીએ તો સ્યુનીચતા રાજકીય કરાર જેવા આ આર્થિક કરારનો ઇંગ્લેન્ડે સ્વીકાર કર્યો છે. એટલું જ નહિ પણ સ્યુનીચના કરાર વખતે કે ફ્રાન્સના પતન વખતે, 'પ્રીન્સ ઓફ વેલ્સ' અને 'રીપલ્સ' ડૂબ્યી ત્યારે કે તેથી વધુ ખરાબ સમાચારો મળ્યા ત્યારે ઇંગ્લેન્ડની પ્રજામાં જે ગમગીની અને ચિંતાનું વાતાવરણ હતું તેના કરતા વધુ ખરાબ વાતાવરણ આ આર્થિક કરારના સ્વીકાર વખતે હતું. પણ બીજો માર્ગ શું? તે પ્રશ્નનો જવાબ એનો અભાવ હતો તે એક જ કારણે આ કરારનો સ્વીકાર થયો છે.

ચર્ચીલની લાચારી

હિંદુસ્થાન જેવા પરતંત્ર દેશોની સ્ટર્લીંગ પુરાંતોને અને ડોલર ફંડને હજુ વર્ષો સુધી દબાવીને સામ્રાજ્યના અને સ્ટર્લીંગ બ્લોકના જોરે અમેરિકાથી અલગ રહેવાની અગર તે જોરે અમેરિકાને દબાવીને પોતા માટે મનધારી શરતો મેળવવાની ઇંગ્લેન્ડના રૂઢીચુસ્તોના મનની મુરાદ મનમાં જ રહી ગઇ હોય તેમ ખુદ ચર્ચીલના પાર્લામેન્ટમાં બોલાયેલાં સ્પષ્ટ શબ્દોથી જણાઇ આવે છે. હિંદુસ્થાન જેવા પરતંત્ર દેશોને આ કરારથી આડકતરી રીતે આટલી રાહત મળી તેમ જરૂર કહી શકાય.

પ્રત્યક્ષ રીતે જોતાં અત્યાર સુધીમાં "ડોલરપૂલ"માં એકઠા થયેલા આપણા ડોલર સંબંધી કશો નિર્ણય થયો નથી. પણ હવે પછી આપણે અમેરિકા માલ મોકલીએ તેમાંથી ઉપજતા આપણા ડોલર આપણા કામમાં આવી શકશે પણ અત્યારે અને હવે પછી તરતમાં તે માર્ગે આપણે બહુ ડોલર મેળવી શકીએ તે આશા નિરર્થક લાગે છે; કારણ કે અમેરિકાથી અહિં માલ આવે તેના કરતાં વધુ આપણો માલ અમેરિકા જાય તેમ લાગતું નથી. બીજુ સ્ટર્લીંગ પુરાંતમાંથી અમુક ભાગ આપણને તરત વાપરવાના કામમાં લાગશે તે રાહત સામે તે પુરાંતનો અમુક ભાગ આપણે ભાંડી વાળવો પડશે અને અમુક ભાગ પચાસ વર્ષના હપ્તેથી ચુકવવામાં આવશે. આ ત્રણ વિભાગના ભાગલા કેવડા પડે છે તે હવે પછીની બ્રિટનની વાટાઘાટ પરતંત્ર કે સ્વતંત્ર હિંદી સરકાર સાથે થશે તેના ઉપર આધાર રહેશે. તે જ રીતે આંતરરાષ્ટ્રીય વેપાર સ્વતંત્ર ધોરણે ચાલવાની શરતના પરિણામે જકાતોમાં થનારા ફેરફારો હિંદના ઉદ્યોગોને લાભકર્તા કે નુકશાનકર્તા નિવડે છે તેનો આધાર પણ તેવી હિંદ-ઇંગ્લેન્ડ અને હિંદ-અમેરિકન વાટાઘાટ ઉપર રહેશે.

બ્રેટનવુડ્ઝ-કરારના ગર્ભમાં

પણ ઇંગ્લેન્ડ-અમેરિકા વચ્ચેના આ કરાર કરતાં બ્રેટનવૂડ્ઝના

કરાર જે સ્વીકારવાની ઇંગ્લેન્ડને અને ઇંગ્લેન્ડ પાછળ બીજા અનેક દેશોને ફરજ પડી છે તે ઘણી મહત્વની બાબત છે. લડાઇ પછીના આંતરરાષ્ટ્રીય અર્થકારણ અને રાજકારણ ઉપર લાંબા વર્ષો સુધી તેની મહત્વની અસર થવાની છે. એટલું જ નહિ પણ આ બાબતમાં અમેરીકાની મહત્વાકાંક્ષા અને યોજના સાંગોપાંગ પાર ઉતરે તો આખા જગતના નાણાંકીય વ્યવહારનું ભાવી બદલાવી નાખવા જેટલો અર્થ બ્રેટનવૂડઝ કરારના ગર્ભમાં સમાયેલો છે.

યુદ્ધકાળ અને શાન્તિકાળ વચ્ચેનો સંજોગ–પલ્ટો શાન્તિથી વ્યતીત કરવા અને નવું જીવન વ્યવસ્થિત કરવા લડાઇના સૈનિકને જેમ ટુંક સમય માટે જીવાઇ અપાય છે તેમ બ્રેટનવૂડઝ કરારમાં જોડાયેલા જગતના સર્વ દેશોને સંજોગ–પલટો શાન્તિથી સહન કરીને નવી સંગીન વ્યવસ્થા સ્થાપવામાં મદદરૂપ થવાનો બ્રેટનવૂડઝ કરારનો ઉદેશ છે. એટલું જ નહિ પણ એક વખત બ્રેટનવૂડઝ કરારમાં અને તેના અર્થતંત્રમાં સંડોવાયેલો દેશ સદા શાન્તિના માર્ગે ચાલવામાં મદદરૂપ થશે તેવી આ યોજનાના યોજકોની મુરાદ છે.

વેપાર માટે ધીરધાર

બ્રેટનવૂડઝની યોજના મુજબ એક આંતરરાષ્ટ્રીય ફંડ અને બીજી એક આંતરરાષ્ટ્રીય બેન્ક સ્થપાશે. એક દેશ પોતાની ખાસ જરૂરીયાતની વસ્તુ બીજા દેશમાંથી, મેળવવા માંગતો હોય, પણ તેની પાસે બીજા દેશમાં ચાલતું હોય તેવું નાણું ચુકવવાની કે સોનું આપવાની સગવડ ન હોય તેની પાસેથી તે દેશનું નાણું લઇ બીજા દેશને ત્યાંનું નાણું ભરપાઇ કરવાનું કામ આંતરરાષ્ટ્રીય ફંડમાંથી થશે. દાખલા તરીકે નોર્વેને અમેરિકામાંથી મોટરો ખરીદવાની ખાસ જરૂર છે, પણ તેની પાસે ડોલર કે સોનાની સગવડ નથી. તો આંતરરાષ્ટ્રીય ફંડ અમુક હદ સુધીનું નોર્વેનું નાણું લઇને નોર્વેવતી અમેરિકાને ડોલર ચુકવશે. પછી સગવડ મુજબ ધીરે ધીરે નોર્વે ખાતે ડોલર જમા લાવવામાં આવે ત્યારે નોર્વેને તેનું નાણું પાછું આપવામાં આવશે. આ રીતે દરેક દેશની ચાલુ જરૂરીયાત પૂરી પાડવાના આંતરરાષ્ટ્રીય વ્યાપારમાં મદદરૂપ થવાનું કામ બ્રેટનવૂડ્ઝ ફંડમાંથી થશે.

આર્થિક પુનરૂત્થાનનું કાર્ય

અને લડાઇમાં મોટી નુકશાની સહન કરનારા દેશોના આર્થિક પુનરૂત્થાનની મહાન યોજનાઓ માટે લાંબી મુદતે નાણાં ધીરવાનું કામ આંતરરાષ્ટ્રીય બેન્ક કરશે. તેવી યોજનાઓમાંથી આમદાની થતી જાય તેમ હપ્તેથી તે નાણા આંતરરાષ્ટ્રીય બેન્કને પરત કરવાના રહે છે. દાખલા તરીકે ચાઇનાને તૂટેલો રેલ્વે વ્યવહાર સજીવન કરવો છે અને વધારવો છે. તે માટે આંતરરાષ્ટ્રીય બેન્ક ચાઇનાને મોટી રકમ ધીરી શકે. તે રેલ્વે કમાણી આપતી થાય તેવા બે–ચાર વર્ષ જવા દઇને ચાઇનાએ આ રકમ હપ્તાથી પાછી આપવી પડે.

આવા આંતરરાષ્ટ્રીય ફંડમાં અને આંતરરાષ્ટ્રીય બેન્કમાં દરેક દેશે પોતાની રાષ્ટ્રીય આવકના પ્રમાણમાં અમુક ફાળો આપવાનું નક્કી થયું છે. દાખલા તરીકે પનામા જેવો નાનો દેશ પચીસ હજાર પૌન્ડ આપે, અમેરિકા ૭૯૪૦ લાખ પૌન્ડ આપે અને ઇંગ્લેન્ડ ૩૨૫૦ લાખ પૌન્ડ આપે તે રીતે દરેક દેશનો ફાળો નક્કી થઇ ગયેલો છે.

આ ફાળાનો પહેલો હપ્તો નીચેની રીતે આપવાનો છે (૧) જે આખો ફાળો આપવાનો છે તેના દસમાં ભાગનું સોનું અગર ડોલર આપવા અગર (૨) જે ફાળો આપવાનો છે તેના ચોથા ભાગનું પોતાના દેશનું ચલણી નાણું આપવું.

આ રીતે આંતરરાષ્ટ્રીય ફંડ અને બેન્ક પાસે ત્રણ પ્રકારનું નાણું એકઠું થશે (૧) સોનું (૨) ડોલર (૩) દરેક દેશમાં ચાલતું તે દેશનું નાણું.

ડોલર અને સોનાનું વર્ચસ્વ

આંતરરાષ્ટ્રીય બેન્ક અને ફંડમાં આ રીતે મધ્યસ્થ નાણાં તરીકે ડોલર અને સોનાને જે સ્થાન મળ્યું છે તે જોતાં આડકતરી રીતે આપોઆપ વખત જતાં આખા જગતનું નાણું ડોલર અને સોના સાથે સંકળાઇ જશે. બ્રેટનવૂડઝ યોજનાના સામે ગ્રેટબ્રિટનનો મોટામાં મોટો વાંધો આ હતો.

આ આંતરરાષ્ટ્રીય બેન્ક અને ફંડનું કેન્દ્ર અમેરિકામાં રહેવાનું છે. એટલે અત્યાર સુધી આંતરરાષ્ટ્રીય નાણાબજારોનું કેન્દ્ર લંડન હતું, તેના બદલે હવે ન્યુયૉર્ક નાણાબજારોનું કેન્દ્ર બનશે.

અમેરિકાનું રાક્ષસી ઉત્પાદન ઠેકાણે પાડવા માટે લડાઇની નુકસાની ખમનારા દેશોને અમેરિકાએ નાણાં ધીરીને માલ વેચવો પડત. તે રીતે થાત તો અમેરિકાનો વેપાર–ઉદ્યોગ વધતે અને ધીરેલા નાણાનું જોખમ પણ તેને જ રહેત. આંતરરાષ્ટ્રીય બેન્ક અને ફંડ મારફત નાણા ધીરાશે; તેથી વેપાર–ઉદ્યોગ અમેરિકા અને બીજા તેવા એકાદ બે દેશનો વધશે; પણ ધીરેલ નાણું પાછું ન ફરે તેનું જોખમ આખા જગતના માથે આવશે. કારણ કે આંતરરાષ્ટ્રીય બેન્ક અને ફંડનું નાણું આખા જગતના સર્વ દેશોના ફાળામાંથી ઉભું થયું છે.

આર્થિક અડ્ડા અટકશે

આ રીતે આંતરરાષ્ટ્રીય નાણું ધીરાય તેનો લાભ પણ છે. ગઇ લડાઇ પછી અને તે પહેલા વર્ષોથી એક દેશનું નાણું બીજા દેશને ધીરાતું. તેમાંથી ઇજીપ્ત અને ચાઇનામાં જામી પડયા છે તેવા રાષ્ટ્રવાદી પરદેશીઓના આર્થિક અડ્ડા (vested interests) જામી જતા હતા; તે સાચવવા નિમિત્તે તેની પાછળ પાછળ રાજકીય સત્તાઓ જામતી હતી. તેમાંથી સ્પર્ધા ઉભી થતી હતી. હવે આંતરરાષ્ટ્રીય નાણું ધીરાશે; એટલે નવા આર્થિક હિતના રાષ્ટ્રીય અડ્ડા પરભૂમિમાં જામવાનો સંભવ ઓછો થશે.

અગાઉ આવી સ્પર્ધામાંથી એક બીજા દેશના મહાન આર્થિક સાહસો તોડી પાડવાની વૃત્તિ જન્મતી હતી. હવે તેવી યોજના તોડી પાડવામાં સર્વ દેશોનું હિત સંડોવાયેલું હોવાથી નવા સાહસો સામે ખંડનાત્મક હરીફાઇ ઓછી થશે.

અગાઉ આવી સ્પર્ધામાંથી અને વેપાર વધારવાની હરીફાઇ ખાતર હુંડીયામણના અને ચલણી નાણાના મહાન ફેરફારો થતા હતા. બ્રેટનવૂડઝ યોજનામાં અમુક સામાન્ય વધઘટ સિવાય હુંડીયામણના ભાવમાં બીલકુલ ફેરફાર નહિ કરવાની જોગવાઇ કરવામાં આવી છે તે આ યોજનાનો સૌથી મહત્વનો ભાગ છે અને હુંડીયામણમાં ફેરફાર કરવો ફરજીયાત બને તેટલી હદે ચલણી નાણું વધારવું–ઘટાડવું નહિ તેવી પણ જોગવાઇ કરવામાં આવી છે. છતાં હુંડીયામણ કે ચલણી નાણામાં ફેરફાર કરવો પડે તેવા ખાસ સંજોગો ઉભા થાય તો તે સંજોગોની રજુઆત આંતરરાષ્ટ્રીય બેંકના વહીવટકર્તાઓ સમક્ષ કરવાની છે. તે સંજોગો જોઇને આંતરરાષ્ટ્રીય બેંક બને તેટલી મદદ કરશે અગર આંતરરાષ્ટ્રીય હિતમાં જરૂરી જણાય તો જ એક દેશના હુંડીયામણ અને ચલણી નાણામાં ફેરફાર કરવાની મંજુરી આપશે.

વહીવટમાં હિંદનું સ્થાન

આ રીતે આંતરરાષ્ટ્રીય બેંક અને ફંડનો વહીવટ એ બહુ મહત્વની વાત છે. હિંદુસ્થાન ડીસેંબર પહેલા તે યોજનામાં જોડાય તો તેને તે વહીવટમાં એક બેઠક મળવાની છે. ઉપરાંત ડીસેંબર પછી કોઇ દેશ તે યોજનામાં જોડાવા માંગે તો તેના માટે વહીવટકર્તાઓ તે વખતે જે શરતો રજુ કરે તે શરતે તેને જોડાવું પડશે. તે દૃષ્ટિએ હિંદુસ્થાન આ બ્રેટનવૂડઝ યોજનામાં અત્યારથી જોડાય તેમાં કશું ખોટું નથી.

પણ આ યોજના ૧૯૪૪ માં તૈયાર થઇ છે. તે વખતે હિંદી સરકારે જાહેર કર્યું હતું કે વડી ધારાસભાની સંમતિ સિવાય હિંદી સરકાર બ્રેટનવૂડઝ યોજનામાં નહિ જોડાય. તે વખતે વડી ધારાસભા ચાલુ હતી. આ ગ્રેટબ્રિટનને આ યોજનામાં રસ નહોતો, તેટલા ખાતર તે વખતે વડી ધારાસભા સમક્ષ આ પ્રશ્ન લાવવામાં આવ્યો નહોતો. હવે ગ્રેટબ્રિટન આ યોજનામાં જોડાઇ ગયું છે. એટલે ધારાસભાની

કેટલાક સમાચાર અને નોંધ

'મારા જીવનની ધન્ય ક્ષણ'

તા. ૨૪-૧૨-૪૫ ના રોજ શ્રી. ખીમજી માડણ ભુજપુરીઆના પ્રમુખપણા નીચે યોજાયેલ અભિનન્દન સમારંભ પ્રસંગે શ્રી ભોળાભાઇ જેસંગભાઇ દલાલે નીચે મુજબ ઉત્તર આપ્યો હતો.

તમે બધા મિત્રોએ મારા પ્રત્યે જે સદ્‌ભાવ દર્શાવ્યો છે તે બદલ હું તમારા બધાનો આભારી છું. તમે દર્શાવેલો સદ્‌ભાવ મારી જ્ઞાત પ્રત્યે છે કે પૈસા પ્રત્યે છે એમ સમજવાની ભૂલ હું નથી કરતો. હું તો પહેલેથી જ આપ બધાનો પરિચિત છું. મારા જેવા અને મારાથી અનેક રીતે ચઢિયાતા ઘણા ગૃહસ્થો અહીં વસે છે. અનેક પાસે પૈસાના ઢગલા પણ છે. એટલે એ દેખીતું છે કે આ સદ્‌ભાવ બીજી કોઇ વસ્તુ પ્રત્યે જ દર્શાવવામાં આવ્યો છે. એ વસ્તુ એટલે સત્કાર્યની વૃત્તિ. હું સદ્‌ભાગ્યે ગરીબીમાં જન્મ્યો અને તેમાંથી જ મારે રસ્તો કાઢવો પડ્યો. મને એમાં થોડીક આર્થિક સફળતા મળી. મેં મારા અંગત અને કૌટુમ્બિક જીવનમાં એ સફળતાનો ઠીક ઠીક છૂટે હાથે ઉપયોગ કર્યો. પરંતુ મારા મનમાં લાંબા વખતથી એક ડંખ હતો જ કે માણસ કેવળ અંગત અને કૌટુમ્બિક જીવનમાં જ રચ્યોપચ્યો રહે એ બરાબર નથી.

"મને જૈન પરંપરાના ઉપરના ખોખા પ્રત્યે નહીં પણ તેના તાત્ત્વિક વિચાર અને કલ્યાણકારી આચારના સિદ્ધાન્તો પ્રત્યે બહુમાન છે અને તેમાં થોડોક રસ પણ છે. હું એમ માનું છું કે સામાજિક સુધારણા અને રાષ્ટ્રીયપણાના વિકાસ માટે દરેક પ્રકારના વિદ્યાપ્રચારની સમાજમાં જરૂર છે. હું એ પણ લાંબા વખતથી જાણું છું કે આ દિશામાં જૈન સમાજ માટે ઉચ્ચ પ્રકારના કેળવણી અર્થે 'મહાવીર જૈન વિદ્યાલય' ઠીક ઠીક પ્રવૃત્તિ કરી રહ્યું છે અને મારી ટૂંક જાણ પ્રમાણે મને એમ પણ લાગે છે કે જૈન સમાજની ઉચ્ચ કેળવણીને લગતી સંસ્થાઓમાં 'મહાવીર જૈન વિદ્યાલય' મોખરે છે.

"વિદ્યાલયનું કામ આજ લગી મુંબઇમાં જ મર્યાદિત હતું અને તે વિદ્યાર્થીઓની સીમાથી આગળ ન હતું. પણ વિદ્યાલય પોતાનો કાર્યપ્રદેશ વિસ્તારવા ઇચ્છતું હતું. તેણે વિદ્યાર્થીનીઓ માટે જોગવાઇ કરવાની પેરવી કયારનીયે શરૂ કરી છે. મુંબઇ બહાર પણ વિદ્યાલયની શાખાઓ કાઢવા તે ઇચ્છતું હતું અને તજવીજમાં હતું. તે દરમ્યાનમાં શ્રી ચંદુલાલ વર્ધમાન શાહે વિદ્યાલયનો એ મનોરથ મને કહ્યો અને તે યોજના મને પસંદ આવી.

"અમદાવાદમાં મારું જન્મસ્થાન અને ત્યાં જ મારું મકાન. મારી ઇચ્છા હતી કે આ મકાનનો અમદાવાદમાં જ વિદ્યાદાન અગર બીજા કોઇ પ્રકારની જાહેર સેવા નિમિત્તે ઉપયોગ કરવો. અમદાવાદ ગુજરાતનું મધ્યવર્તી સ્થાન અને ઉદ્યોગની દૃષ્ટિએ એક મોટું કેન્દ્ર. વહેલી કે મોડી ત્યાં "ગુજરાત યુનિવર્સિટી" અવશ્ય થવાની. તે અંગેની તૈયારીઓ ત્યાં અનેક રીતે થઈ રહી છે. જૈન પરંપરાની દૃષ્ટિએ તો તે એક જૈનપુરી જેવું જ છે. એટલે મુંબઇ પછી કયાંક પણ બહાર વિદ્યાલયની શાખા કાઢવાની હોય તો તે માટે અમદાવાદ જ પ્રથમ પસંદગી પામે. તેથી જ શ્રીયુત ચંદુભાઇના પ્રસ્તાવે મને તરત જ ખેંચી લીધો.

"હું મારા મકાન ઉપરાંત બીજા પણ પૈસા ખર્ચી શકતો હોઉં તો પણ એ મારા ગજાની બહાર છે કે હું ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓની કોઇ નાની અથવા મોટી સંસ્થા નિયમિત અને વ્યવસ્થિત રીતે કાયમ ચલાવી શકું. એ કામ તો વિદ્યાલય જેવી મજબુત, પાયાદાર અને ઉન્નત ઉદ્દેશ ધરાવનાર સંસ્થા જ કરી શકે કારણ કે એ સંસ્થા કોઇ વ્યક્તિની નથી, પણ એ વર્તમાન અને ભાવી આખા જૈન સમાજની છે. એનું બળ એના ધ્યેયમાં અને વ્યવસ્થામાં રહેલું છે. એટલે મારા મકાનનો અમદાવાદમાં વિદ્યાલયની નવી ખોલાનાર શાખા માટે ઉપયોગ કરવાની વાત મને રુચી અને મને લાગ્યું કે મારી નજીવી મદદ પણ વિદ્યાલય દ્વારા એક સત્કાર્યમાં પરિણામ પામે છે તે મારે માટે જીવનકાળ દરમ્યાન જ એક શાન્તિની વસ્તુ છે.

"હું અંતઃકરણથી માનું છું કે આ મદદ એ આજે જોઇતા સાધનોના પ્રમાણમાં એટલી નજીવી છે કે તે માટે પ્રશંસા કરવાની કે સાંભલવાની હોય જ નહીં. પણ આટલી પ્રારંભની અલ્પ મદદનો ઉપયોગ કરી વિદ્યાલયે અમદાવાદમાં વિદ્યાની પરબ ઉઘાડવા જે સમયસર સાહસ કર્યું છે તે જ ખરી રીતે પ્રશંસાપાત્ર છે, અને હું અન્તઃકરણથી માનું છું કે આજે બધા ભાઇઓ જે સદ્‌ભાવ દર્શાવી રહ્યા છે, તે વિદ્યાલયના એ શુભ ઉદ્દેશ અને સત્કાર્ય પ્રત્યે જ દર્શાવી રહ્યા છે.

"વિદ્યા જેવી પવિત્ર વસ્તુને ફેલાવવા માટે મારા મકાનનો ઉપયોગ થાય અને હું મારા જીવનની ધન્ય ક્ષણ માનું છું અને એવી ક્ષણ પુરી પાડવા બદલ મારે વિદ્યાલયના બધાજ કાર્યકર્તાઓ અને હિતચિંતકોનો જ મારે આભાર માનવો જોઇએ. હું દિલપૂર્વક ચાહું છું કે હવે પછી અમદાવાદમાં ખોલાનાર 'મહાવીર જૈન વિદ્યાલય'ની શાખાને અમદાવાદમાં વસતા શ્રીમંત અને બુધ્ધિમાન જૈનો એવી રીતે ઉત્તેજન આપે કે જેથી અમદાવાદનો મોભો વધે અને એ શાખા મુંબઇ વિદ્યાલયના વૃટવૃક્ષની વિશાળ વડવાઇ બને.

"અમદાવાદમાં જુદી જુદી અનેક જૈન બોર્ડિંગો છે તે બધીને વિદ્યાલયની નવી શાખા આશીર્વાદરૂપ નીવડે એવો સંપૂર્ણ સંભવ છે. અમદાવાદનો વધતો જતો વિકાસ અને વિસ્તાર જોતાં હજી અનેક નવી સંસ્થાઓ જન્મ લેશે એમ પણ લાગે છે. વિદ્યાલયનું મુખ્ય ધ્યેય દરેક જાતની ઉચ્ચ કેળવણી આપવાનું હોવાથી એની સાથેનું સંયોજન દરેક સંસ્થાને અનેક દૃષ્ટિએ ઉપયોગી નીવડે એવો શક્યતા રહેલી છે. તે ઉપરાંત વિદ્યાલયની શાખા અમદાવાદમાં રહેવાથી કાઠિયાવાડ અને તળ ગુજરાતના વિદ્યાર્થીઓને તે વધારે સગવડદાયી નીવડવાની. ભણ્યા પછી પણ તેમને ધંધા અને કેળવણીના ક્ષેત્રની દૃષ્ટિએ અમદાવાદ આવવું આવશ્યક. એટલે બધી દૃષ્ટિએ જોતાં મહાવીર જૈન વિદ્યાલયનું સંચાલકોનું નવી શાખા ખોલવા અંગેનું સાહસ એ જેમ પ્રશસ્ત સાહસ છે તેમ વિદ્યાલયના ધ્યેયનો વિકાસપણ

સંમતિ વિના હિંદી સરકારે આ યોજનાને મ્હોર મારી છે. હિંદી સરકાર સામે હિંદી પ્રજાનો આ મોટો વાંધો છે.

છેલ્લો અને સૌથી મહત્વનો પ્રશ્ન એ છે કે આંતરરાષ્ટ્રીય આર્થિક સહકારની આ યોજનાથી આંતરરાષ્ટ્રીય રાજકીય સહકારનો માર્ગ મોકળો થશે કે કેમ?

રૂશિયા સહકાર આપશે?

રાજકારણમાં જેમ રૂશિયાએ પોતાનો એક જુદો જ ચોતરો જમાવ્યો છે તેમ અર્થકારણમાં પણ તેનો ચોતરો જુદો જ છે. રૂશિયાની હકુમત અને લાગવગ નીચેના સર્વ દેશોમાં જાગીરદારો પાસેથી જમીન ઝુંટવીને તરત જ નાના ખેડુતોને વહેંચી આપવામાં આવી છે. સમાજવાદના ધોરણે ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ પણ કયારનું શરૂ થઇ ગયું છે. આ રીતે રૂશિયા જગતમાં એક મહાન અને સંગઠીત આર્થિક તત્વ બન્યું છે. લડાઇ પહેલા રૂશિયાની લશ્કરી તાકાત એ જગતનો મોટામાં મોટો ભેદ ગણાતો હતો તેમ અત્યારે રૂશિયાની આર્થિક તાકાત પણ જગતનો મોટામાં મોટો ભેદ છે. તેને અવગણીને થયેલી કોઇ પણ આંતરરાષ્ટ્રીય યોજના કેટલે અંશે સફળ થશે તે પ્રશ્નાર્થ રૂપે જ રહેશે.

પણ રૂશિયા અમેરિકા પાસેથી મોટી રકમની લોન લેવા આતુર છે. વળી મોસ્કોમાં અત્યારે ત્રણ મહાન દેશોના વિદેશમંત્રીઓ મંત્રણા કરી રહ્યા છે. તે બધાના પરિણામે આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર સાથે આંતરરાષ્ટ્રીય રાજકીય સહકારનો માર્ગ ખુલ્લો થાય અને સર્વવ્યાપી બને તો નજીકના ભવિષ્યમાં પ્રજાને સારી રાહત મળવાની આશા થઇ શકે.

બાબુલાલ કેશવલાલ

કરનારૂં છે. તેથી હું તો આ મેળાવડાને એ સત્સાહસ અને સત્પ્રવૃત્તિના અભિનંદનની જ એક નીશાની ગણું છું."

હિંદમાં મોટામાં મોટો જૈન કોણ ?

ઉપર જણાવેલ પ્રસંગે સરદાર વલ્લભભાઇ પટેલે, શેઠ ભોળાભાઇને ધન્યવાદ આપતાં જે વ્યાખ્યાન આપ્યું હતું તેનો સાર નીચે મુજબ છે:

"મને કોઇ પૂછે કે હિંદમાં મોટામાં મોટો જૈન કોણ ? તો હું એવો જવાબ આપું કે હિંદમાં તો શું પણ દુનિયામાં મોટામાં મોટો જૈન મહાત્મા ગાંધી છે. જૈન ધર્મનો સિદ્ધાન્ત 'અહિંસા પરમો ધર્મ:' છે અને મહાત્મા ગાંધીએ એ સિદ્ધાન્તનું મન વચન અને કાયાથી પાલન કર્યું છે. જૈન ધર્મ ટીલાં ટપકાંનો ધર્મ નથી. દુનિયામાં ઘણા માણસોને જૈન બનાવવાનો કોઇએ પ્રયાસ કર્યો હોય તો તે પ્રયાસ અહિંસા ધર્મનો પ્રચાર કરીને મહાત્મા ગાંધીએ કર્યો છે.

"હિંસાથી પોતાના દેશની સ્વતંત્રતા હાંસલ કરવી અને દેશ સ્વતંત્ર હોય ત્યારે તે સાચવી રાખવી એ દુનિયાનો સર્વમાન્ય કાયદો છે. કોઇ દેશ અહિંસાથી સ્વતંત્રતા મેળવીને સાચવી રાખવા માંગતો નથી. એ તો એકલો હિંદ દેશ જ છે કે જે અહિંસાથી સ્વતંત્રતા હાંસલ કરવા માંગે છે અને એ રીતે મેળવેલી સ્વતંત્રતા અહિંસાથી સાચવવા માંગે છે. આવી રીતે મેળવેલી સ્વતંત્રતા જ કાયમી બની શકે છે એમ મારૂં માનવું છે.

"છેલ્લા યુદ્ધમાં તમે જોયું કે પોતાને ક્રીસ્તી કહેવરાવનાર દેશોએ પોતાના જ ધર્મનાં દેવળો ઉપર બોંબગોળા ફેંકયા હતા. એમણે કયા ધર્મના નામે આ કામ કર્યું હતું એ તમે જાણો છો? એ ક્રીસ્તી ધર્મ નહિ પણ કેટલાક સમયથી જે એક નવો ધર્મ નીકળ્યો છે તે ઇમ્પીરીયાલીઝમ–સામ્રાજ્યવાદનો ધર્મ છે, કે જેના નામે આ બોંબગોળા ફેંકાયા હતા. આજ સામ્રાજ્યવાદના નામે ૪૦ કરોડ માણસો ૪૦ કરોડ આપણને ચગદી રહ્યા છે. આ આપણું ઘર હોવા છતાં તેઓ અહિં માલિક થઇને આવે છે અને આપણને ગુલામની દશામાં રાખે છે.

"દુનિયાના દેશો હિંસાની હરીફાઇમાં ઉતર્યા છે અને એ સામે ગાંધીજી એકલા લાલબત્તી લઇને ઉભા છે, અને કહી રહ્યા છે કે જો તમે અહિંસાનો સિદ્ધાંત નહિ સ્વીકારો તો તમારો નાશ છે અને જગતનો પણ નાશ છે.

"એક વખત એમ કહેવાતું હતું કે 'Britainia rules the waves'–'બ્રીટન સર્વ સાગરોનો સ્વામી છે.' આજે હવે એમ કહેવાય છે કે 'America rules the waves'–'અમેરિકા સાગરોનો સ્વામી છે.' આનું કારણ તો એ છે કે અમેરિકા પાસે એટમ–બોંબ નામનું–બોંબ આવ્યો છે અને તે વડે તે આખા જગતને ડરાવી શકે છે. જાપાન પાસે મરવાની તાકાત હતી, પણ તેણે એટમ–બોંબ પાસે લાચાર થઇને પોતાનાં હથિયાર છોડી દીધાં. સાધારણ રીતે હથિયાર છોડવા એ જાપાનની તાલીમ નથી; હથિયાર છોડવા કરતાં તો તે આપઘાત પસંદ કરે છે. એટમબોંબ એ કાંઇ અમેરિકાના બાપની પુંજી નથી. હજુ રશીઆ બેઠું છે. રશીઆ કહે છે કે અમે કાંઇ નવું શોધી કાઢીશું. જાપાન અને જર્મનીમાં જેઓ હારી બેઠા છે તેમનાં દિલ બદલાયાં નથી. ગાંધીજીના ઉપાયે જ તેમનાં દિલ બદલાશે, જગતને શાન્તિ જોઇતી હોય તો ગાંધીજી કહે છે તેમ જગતે હથિયારો છોડયે જ છુટકો છે.

"અહિંસાના પડદા પાછળ આપણામાં કાયરતા ભરી છે તેને આપણે નિર્મૂળ કરવી જોઇએ. કાયર માણસોએ અહિંસાનું નામજ લેવું ન જોઇએ. કારણ કે એવા માણસો જ અહિંસાને વગોવે છે. કાયર બનવા કરતાં તો તરવાર લઇને મરવું એ વધારે સારૂં છે. હજુ અહિંસા આપણી જીભને ટેરવે બેઠી છે; અંદર જતી નથી કારણ કે દિલમાં કાયરતા ભરી છે, એ કાયરતાને મૂળમાંથી ટાળો અને અહિંસાની તમારા અન્તરમાં સાચી પ્રતિષ્ઠા કરો. એથી જ આપણો ઉધ્ધાર છે. એજ સ્વરાજ્યની ખરી ચાવી છે.

"વહોરા કોમ! આ તારી કેવી દશા?"
–જૈન કોમ! આ તારી કેવી દશા–?

થોડા સમય પહેલાં મુંબઇ સમાચારમાં 'હમદર્દ'ની સહીથી નીચેનું એક ચર્ચાપત્ર પ્રગટ થયું હતું:—

"દેશની ભિન્ન ભિન્ન કોમોમાં વહોરા કોમને દરજ્જે અને કોમનું બંધારણ હમણાં સુધી વખણાતું હતું. પણ છેલ્લાં થોડાંક વર્ષોથી તેની સમાજરચના અને બંધારણમાં કંઇક સડો પડેલો નજરે તરી આવે છે. કોમનો ધર્મગુરૂ વર્ગ જે લાલચોથી પર હતો અને પોતાની કોમને પોતાનાં બાળકો સમજી તેને પુંજી સમાન ગણતો હતો તે વર્ગની આજે ચારે તરફ ખામીઓ કાઢવામાં આવે છે, જેને લગતા જુદાં જુદા પ્રકારે લખાયેલા લેખો જુદા જુદા વર્તમાનપત્રોમાં પ્રજા વાંચી રહી છે.

"આ લેખનો લખનાર ત્રીસેક વર્ષથી મુંબઇમાં આવીને વસ્યો છે. અને ત્રીસ વર્ષોમાં તે કોમનાં ફેશનનો સડો, ધર્માંધપણાની મુર્ખાઇભરી રીતો, કોમનો અભણ અને શીખેલો વર્ગ બધાને જ એક જ ત્રાજવે તોળાઇ રહેલા તે જોઇ શકે છે. પણ કોમની આ દશા થવાનાં કારણો ઉપર કોમનાં ભણેલા કે વેપારી વર્ગે કદી પણ વિચાર કર્યો હોય તે જણાતું નથી. લેખકનો અનુભવ તો એવો છે કે ધર્મગુરૂ વર્ગે આખીયે કોમની વિચારશક્તિને હણી લીધી છે. વેપાર રોજગાર, સગાઇ સંબંધ અથવા તો કંઇપણ સાંસારિક કે રાજદ્વારી કામો હોય તે બધાં કામો ધર્મગુરૂ વર્ગને પુછીને રજા મેળવીને જ થઈ શકે અને તે જે કહે તેજ સાચું એમ બધાએ માની લેવું એવી છાપ દરેક નાના મોટાના મન ઉપર પાડી દીધી છે. આથી વ્યાજબી ગેરવ્યાજબી શું છે તે ઉપર વિચાર કરવાની શક્તિ આજે કોમમાં રહી નથી અને જે કોઇમાં હોય તો એવા ગુંડાઓને તૈયાર કરી રાખ્યા છે કે તે પોતાના વિચારો જાહેરમાં મુકવાની હીંમત જ કરે નહિ.

* * *

"આજે દરેક દિશામાં કોમ પછાત પડતી રહી છે. લડાઇ દરમ્યાન થોડા માણસો ભાવોનો અનહદ વધારો થવાથી થોડું નાણું કમાયા હશે તેને સંભાળીને ખર્ચવાની કે મોજશોખથી મુક્ત રહેવાની ધર્મગુરૂ વર્ગ તરફથી ભલામણ થતી જોઇએ. તેમ નહીં થતાં તેમના પૈસા જલ્દી ઠેકાણે કેમ પડી જાય કે જેથી તેઓ દબાયેલા રહે તેવી પેરવી થઇ રહેલી જણાય છે. આજે ગરીબો રસ્તા પર ભીખ માગતા નજરે પડે છે તેનના માટે કંઇ બંદોબસ્ત થતો નથી; પણ પોતાની એટલે કે નામદાર મુલ્લાંજીની કે તેમના શાહઝાદાની સાલગ્રેહ હોય તો તે ઉજવવા માટે હજારો રૂપીયાનું પાણી થઇ જાય ને કોઇને પણ લાભ મળ્યા વગર નકામા ખર્ચાઇ જાય તેવું કોમને ઉતેજન આપવામાં આવે છે.

"શું આગલા ધર્મગુરૂઓની સાલગ્રેહ અને એવા પ્રસંગો કોમમાં હાલ જે રીતે ઉજવાય છે તે રીતે ઉજવવામાં આવતા હતા? અરે! આગલા તો શું પણ ખુદ હાલના ના. મુલ્લાંજીની સાલગ્રેહ આજથી દશ વર્ષ પહેલાં ઘણી સારી રીતે અને ઓછા ખર્ચે કંઇ પણ ધામધુમ વગર ઉજવવામાં આવતી હતી એ બધું કોમનાં આગેવાનો, પૈસાદારો અને ગરીબોથી અજાણ્યું નથી તે છતાં થોડા ગુંડાઓને આગળ કરી લોકો પાસે દબાણથી નાણાંનો ખર્ચ કરાવવામાં આવે છે અને ગરીબોની એ પ્રસંગે કંઇ પણ ખબર લેવામાં આવતી નથી. આ હકીકત કોમનાં આગેવાનો અને તવંગરો જાણે છે, છતાં એ માટે કંઇ થતું નથી, અને એક અથવા બીજી રીતે કોમમાંથી નાણું મેળવવાની નવી નવી તરકીબો અને રસમો કાઢીને ના. મુલ્લાંજી સાહેબે પોતાના કુટુંબકબીલા માટે કરોડો રૂપીયાની દોલત જમા કરી છે, અને પોતાની આજે હિંદના હાઇ કલાસ માણસ જેવી રહેણીકરણી અને દબદબો રાખીને કોમને નૈતિક રીતે દબાવી દીધી છે.

"આ પ્રમાણે વસ્તુસ્થિતિ છે, એનો કોઈ ઇન્કાર કરી શકે તેમ નથી. ભલે ભાડુતી લેખકો પાસે પેપરોને ખટાવીને સદાદની જન્નત પ્રમાણેનાં દેખાવોવાળો લેખો પ્રગટ કરાવવામાં આવે, પણ હું કોમના શિક્ષિતો, શ્રીમંતો અને નેતાઓને અપીલ કરીશ કે કોમનું નાવ કઇ તરફ જઇ રહ્યું છે તે પર વિચાર કરે."

આપણી જૈન કોમની આજની પરિસ્થિતિનો સમભાવપણે વિચાર કરીશું તો વહોરા કોમનો ઉપર રજુ કરવામાં આવેલો ચિતાર જૈન કોમને પણ ઘણી રીતે લાગુ પડે છે એમ લાગ્યા વિના નહિ રહે. જૈન કોમમાં પણ ધર્માંધપણાની એવી જ મુર્ખાઇભરી રીતો અને સારા સમાજની બુદ્ધિને કુંઠિત રાખવાના સંકુચિતતાના ચાલુ પ્રયત્નો નજરે પડે છે. સામાન્ય સ્ત્રી પુરૂષો સાધુઓ પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિની નજરે જુએ છે અને સાધુઓ આ શ્રદ્ધા અને ભક્તિનો પોતાની પ્રતિષ્ઠા વધારવા પાછળ શકય તેટલો ઉપયોગ કરી રહ્યા છે. ગુરૂમંદિરો જ્યાં ત્યાં ચણાય છે; સાધુઓની જન્મ જયંતીઓ જ્યાં ત્યાં ઉજવાય છે; આચાર્ય પદવીઓ જ્યાં ત્યાં અપાય છે; બીનજરૂરી મંદિરો લાખો રૂપીઆના ખર્ચથી જ્યાં ત્યાં બંધાય છે; વરઘોડાઓ, ધર્મ સમારંભો અને જમણવારો પાછળ હજારો રૂપીઆનું પાણી કરાવવામાં આવે છે; અંદર અંદરના ઝગડાઓનો કોઇ છેડો જ આવતો નથી; ચારિત્રની શિથિલતા વધતી જાય છે અને ઉપરના ડોળ વડે લોકોની આંખો આંજતા રહેવાની પ્રવૃત્તિ ચાલુ ને ચાલુ જ હોય છે; આખો સમાજ અનેક રીતે જર્જરિત બનતો જાય છે; ભાગલામાંથી નવા ભાગલા જન્મતા જાય છે; પૈસે ટકે ધસાતો જાય છે; શરીરે ક્ષીણ બનતો જાય છે; બેકારી વધતી જાય છે; જીવનનું નૈતિક ધોરણ એકદમ ઉતરતું જાય છે; આખા જીવનને અજ્ઞાન અને અનારોગ્ય ઘેરી વળેલું છે તેની કોઇ ચિન્તા કરતું નથી; આ ટાળવા કોઇ મહેનત કરતું નથી. મંદિરો બાંધો; મહોત્સવો ચલાવો; દીક્ષા લ્યો; સમાજની ઉપેક્ષા કરો; ઐહિક જીવનનો વિચાર છોડી દ્યો; આત્માનું સાધો; અમૃત અનુસરો– આવો નિર્જીવ ઉપદેશનો પ્રવાહ વહેતો રાખીને આજના સાધુઓ સમોજમાં કેવળ બેજવાબદારીનું વાતાવરણ ફેલાવી રહ્યા છે અને સમાજ ઉત્તરોત્તર અવનતિના માર્ગે ધસડાઇ રહ્યો છે. આ બધું જોતાં, નિહાળતાં, વિચારતાં આપણું દિલ પણ પોકારી ઉઠે છે કે 'જૈન કોમ! આ તારી કેવી દશા!'

મુનિ ચંદ્રોદયસાગર અદાલતના આંગણે

મુનિ ચંદ્રોદયસાગર આખરે પોતાના ચારિત્રની પવિત્રતા પુરવાર કરવાના હેતુથી અદાલતના આંગણે હાજર થયા છે અને મુંબઇની ગીરગામ પોલીસ કોર્ટના મેજીસ્ટ્રેટ શ્રી. કાન્તિલાલ ઠાકોર સમક્ષ 'મુંબઇ સમાચાર'ના અધિપતિ શ્રી સોરાબજી કાપડીઆ અને મુંબઇ સમાચાર લીમીટેડ સામે પોતાની બદનક્ષી થયેલી હોવાનું જણાવી ફરીયાદ નોંધાવી છે, અને ઉપર જણાવેલ વ્યક્તિ તથા સંસ્થા સામે કામ કેમ ન ચલાવવું એને લગતી સુનાવણી જાન્યુઆરી માસની ૧૧ તારીખ ઉપર મુલ્તવી કરવામાં આવી છે. આ રીતે આ આખુ પ્રકરણ અદાલતના આંગણે રજુ થયેલું હોઇને તે વિષે હાલ કશી ટીકા કે ચર્ચા કરવી યોગ્ય નથી. એક પંચમહાવ્રતધારી જૈન સાધુ પોતાની કહેવાતી બદનક્ષી સંબંધમાં સરકારી કોર્ટના આંગણે જાય આ સાધુ સંસ્થાના ઇતિહાસમાં પહેલો બનાવ છે અને તેથી આ કેસ જૈન સમાજમાં એક મોટા ક્ષોભનું નિમિત્ત બનશે અને તેનાં અનેક અવાન્તર પરિણામો આવશે એ સહજ કલ્પી શકાય તેમ છે.

ભારત જૈન મહામંડળનું ૨૬ મું અધિવેશન

શ્રી ભારત જૈન મહામંડળના પ્રધાન મંત્રી શ્રી. ચિરંજીલાલ વડજાત જણાવે છે કે "આગામી એપ્રીલ માસની ૧૩ મી તથા ૧૪ મી તારીખે મુંબઇવાળા શ્રીમાન શા. શ્રેયાંસપ્રસાદજીના અધ્યક્ષ સ્થાન નીચે ભારત જૈન મહામંડળનું ૨૬ મું અધિવેશન ઘાટકોપર ખાતે ભરાશે. સ્વાગત સમિતિનું પ્રમુખસ્થાન એતુલનિવાસી શ્રીમાન શેઠ દીપચંદજી ગોઠી એમ. એલ. એ. એ. સ્વીકાર્યું છે. ઘાટકોપરની જૈન સમાજે આ સંબંધમાં બધી વ્યવસ્થા કરવા માંડી છે. આ મંડળના ક્ષેત્રોનું તથા દિગંબર સમાજના એકીકરણના ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને આજ સુધીમાં ૨૫ અધિવેશનો ભરાઇ ચુકયા છે. અખિલ જૈન સમાજમાં ભારત જૈન મહામંડળ જ એક એવી સંસ્થા છે કે જે અંદર અંદરના ઝગડાઓ અને ધાર્મિક દ્વેષ ટાળીને એકતા અને ભ્રાતૃભાવને જાગૃત કરી રહેલ છે. આ મંડળ તરફથી લખનૌથી છેલ્લા ૪૩ વર્ષથી 'જૈન ગેઝેટ' નામનું એક પત્ર નીકળી રહ્યું છે. આ મંડળના સભાસદ બનવા અને જરૂરી સૂચનાઓ તેમ જ પ્રસ્તાવો મોકલવા વિનંતિ કરવામાં આવે છે."

સામ્યવાદીઓ સામે કોંગ્રેસનું તહોમતનામું

"આ સંબંધમાં તા. ૧૬-૧૨-૪૫ નું 'પ્રજાબંધુ' જણાવે છે કે:–મહાસમિતિમાંના આઠ સામ્યવાદી સભ્યોને કોંગ્રેસ કારોબારીના ઠરાવ અનુસાર મહાસમિતિમાંથી દૂર કરવામાં આવ્યા છે. ગયા ત્રણ વર્ષ દરમ્યાનની સામ્યવાદીઓની પ્રવૃત્તિઓ અંગે તપાસ હાથ ધરવા માટે નીમાયેલી સમિતિએ એવી ભલામણ કરી હતી કે નીચેની વ્યક્તિઓ સામે શિસ્તના પગલાં લેવાં જોઇએ. શ્રી એસ. જી. સરદેસાઇ, શ્રી. વી. જી. ભાગવત, શ્રી. વી. કે. ચીતલે, શ્રી. કે. એમ. અશરફ, મી. એ. સજ્જાદ જહીર, શ્રી. સોહનસીંગ જોષી, શ્રી કર્યાનંદ શર્મા, શ્રી. ટી. ડી. ભારદ્વાજ. મહાસમિતિના સભ્યો તરીકે તેમનાં નામો કાઢી નાખવાની પણ ભલામણ કરવામાં આવી હતી. આજ પ્રમાણે પ્રાંતિક કોંગ્રેસ કમીટીઓને પણ પગલાં લેવાની સૂચનાઓ અપાઇ છે.

સામ્યવાદીઓના કરતુકો અંગે તપાસ હાથ ધરવા માટે કોંગ્રેસ તરફથી સરદાર વલ્લભભાઇ પટેલ, પંડિત જવાહરલાલ નહેરૂ, પંડિત ગોવિંદ વલ્લભ પંતની એક પેટા સમિતિ નીમવામાં આવી હતી. સમિતિના હેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે ૧૯૪૨ પછીની સામ્યવાદીઓની પ્રવૃત્તિઓ સંબંધમાં ઘણી ફરિયાદો મળતાં તેના અંગે યોગ્ય તપાસ હાથ ધરીને સામ્યવાદીઓ સામેનું તહોમતનામું ઘડી કાઢવામાં આવ્યું છે અને તે તોહમતનામું ૨૧ મી સપ્ટેમ્બરે એ સાથે નિસ્બત ધરાવતા સામ્યવાદીઓને જવાબ માટે મોકલવામાં આવ્યું હતું. તેમનો જવાબ હજુ જ લાંબો હતો, પરંતુ જે આરોપો મુકવામાં આવેલા તેનો સંતોષકારક જવાબ તેમાં નજરે પડતો નહોતો. તેમજ પોતાના કરતુકો પ્રત્યે ખેદ વ્યકત કરેલા એક પણ શબ્દ તેમાં ન હતો. સામ્યવાદીઓ સામે જે આક્ષેપો મુકવામાં આવ્યા હતા. તે તદ્દન સત્ય છે એ વિષે શંકા છે જ નહિ અને તેમના જવાબ પરથી એ સ્પષ્ટ જણાય છે કે તેઓ કોંગ્રેસની નીતિનો વિરોધ કરી રહ્યા છે. હેવાલ ચાર હજાર શબ્દોનો છે. અને હેવાલમાં સામ્યવાદીઓએ ગયા ત્રણ વર્ષ દરમ્યાન હાથ ધરેલી પ્રવૃત્તિઓના ઉલ્લેખ છે. હેવાલનું મથાળું "કોંગ્રેસના સામ્યવાદી પક્ષના સભ્યો સામેનું તહોમતનામું" રાખવામાં આવ્યું છે.

હિંદમાંના સામ્યવાદી પક્ષનો ઇતિહાસ રજુ કર્યા બાદ હેવાલમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસની નેતાગીરી સામે અને કોંગ્રેસની નીતિ સામે સામ્યવાદીઓ તરફથી સખ્ત ટીકા અને વિરોધ કરવામાં આવ્યા હતા અને કોંગ્રેસ નીતિની પણ મશ્કરી ઉડાવવામાં આવી હતી. આમ છતાં સામ્યવાદીઓ સામે કોંગ્રેસ તરફથી કોઇ પગલું લેવામાં આવ્યું ન હતું, કારણ કે તેમની સંખ્યા નાની હતી. '૧૯૩૫ થી ૧૯૩૯ સુધી કોંગ્રેસ અને સામ્યવાદીઓ વચ્ચે ઠીક ઠીક ચાલ્યું પરંતુ ૧૯૩૯ પછી સામ્રાજ્યવાદના ચમકારા થવા માંડયા. ૧૯૩૯ માં યુધ્ધ ફાટી નીકળ્યું અને સામ્યવાદીઓએ યુધ્ધને 'શાહીવાદી યુધ્ધ' હોવાનું જાહેર કર્યું અને યુધ્ધ શરૂ થયું તે વખતે સામુદાયિક લડત ન ઉપાડવા બદલ કોંગ્રેસ અને મહાત્મા ગાંધી સામે સખ્ત ટીકાઓ કરી. ૧૯૪૦ માંના વ્યકિતગત સત્યાગ્રહ સામે પણ ટીકા થયેલી અને બીજા અનેક પ્રહારો કરેલા. ૧૯૪૧ માં સામ્યવાદીઓએ પોતાની નીતિ બદલી. આ નીતિ અગાઉની નીતિથી તદ્દન વિરૂધ્ધ હતી. ૧૯૪૨ માં જર્મનીએ રશિયા પર હુમલો કર્યો ત્યારે યુદ્ધને મદદ

કરવાનું સૂત્ર વહેતું મૂકયું. યુદ્ધમાં બ્રિટનને સહકાર આપવાનું પણ જણાવ્યું. આ બાબત કોંગ્રેસ નીતિની વિરુદ્ધની હતી. સામ્યવાદીઓ પરનો પ્રતિબંધ સરકારે ઉઠાવી લીધો. આથી સામ્યવાદી પક્ષ કોંગ્રેસ સાથે વધુ સીધા ઝઘડામાં આવી પડયો.

સામ્યવાદીઓએ હિંસાનો ઉપયોગ કરવા માંડયો. ૧૯૪૨ માં કોંગ્રેસે ઠરાવ પસાર કર્યો અને ઠરાવ અનુસાર કોઈ પણ માણસ બે સંસ્થાઓનો સભ્ય એક સાથે રહી શકે નહિ એવું નક્કી થયેલું. હેવાલમાં ૧૯૪૨ નો ઠરાવ પસાર થયા પછીના બનાવો વગેરેનો ઉલ્લેખ કરતા જણાવવામાં આવ્યું છે કે જ્યારે આ લોકક્રાંતિમાં હજારો લોકો ગોળીઓ ખાતા, નિઃશસ્ત્ર પ્રજા પર હુમલા થતા ત્યારે સામ્યવાદીઓ સરકાર સાથે મળી ગયેલા.

૧૯૪૨ ના સપ્ટેમ્બરમાં સામ્યવાદીઓની પહેલી મીટીંગમાં સામ્યવાદીઓએ ૧૯૪૨ ના તોફાનો માટેની જવાબદારી કોંગ્રેસ કારોબારી પર ઢોળેલી. આ વખતે તો ટોટનહામની પુસ્તિકા પણ પ્રસિદ્ધ નહિ થયેલી. પોલીસને મદદ કરતા સામ્યવાદીઓની પ્રવૃત્તિઓ આટલેથી અટકી હોત તો સારૂં, પરંતુ એથી આગળ વધીને સામ્યવાદીઓએ સરકારને સંપૂર્ણ મદદ કરવા માંડી અને તમામ વર્ગો જેમાં કિસાનો, વિદ્યાર્થીઓ વગેરેનો સમાવેશ થાય છે તેમની સમક્ષ યુદ્ધ પ્રયાસોમાં મદદ કરવાની હિમાયત કરી. કેટલાક કિસ્સાઓમાં તો સામ્યવાદીઓએ આજેવાન કોંગ્રેસ કાર્યકરોને સખ્ત ગાળો દેતા એટલું જ નહિ પરંતુ કોંગ્રેસવાદીઓ સામેની પોલીસની પ્રવૃત્તિમાં તેઓ પોલીસને મદદ પણ કરતાં. આ હેવાલમાં શ્રી. ભુલાભાઇ દેસાઇએ કરેલી તપાસને પણ ટાંકવામાં આવી છે. હેવાલનો અંત ભાગમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે દેશ દમન અને ત્રાસ તળે કચડાઇ રહ્યા હતો ત્યારે કોંગ્રેસ સાથે રહેનાર કોઇપણ સંસ્થા કરે નહિ એવું ભયંકર કાર્ય સામ્યવાદીઓએ કર્યું છે."

અહિંસાનું પુનઃ સમર્થન

તા. ૧૧-૧૨-૪૫ ના રોજ કલકત્તા ખાતે મળેલી કોંગ્રેસની કારોબારી સમિતિએ કોંગ્રેસની અહિંસાની નીતિ વિષે નીચે મુજબ ઠરાવ કર્યો છે.

"૧૯૪૨ ના આગસ્ટ માસમાં મુખ્ય મહાસભાવાદીઓની ધરપકડ થયા પછી દોરવણીવિહોણા લોકોએ કામકાજની લગામ પોતાના હાથમાં લીધી હતી અને સ્વયંસ્ફુરણાથી અનેક પરાક્રમો કર્યા હતા. આ પરાક્રમોમાં કેટલાક શુરવીરતા અને આત્મબલિદાનના નમુનારૂપ હોઇને તેમને યશ આપનારા હતા તો કેટલાક એવાં પણ હતાં કે જેનો અહિંસામાં સમાવેશ થઇ શકે નહિ. આથી કરીને ૧૯૨૦ માં અમલદાર કરવામાં આવેલી અહિંસાની નીતિ આજે પણ અકબંધ ચાલુ છે અને આવી અહિંસામાં જાહેર મિલકતો બાળવાના, તારનાં દોરડાં કાપવાનાં, ટ્રેનો ઉથલાવી પાડવાનાં અને દમદાટી આપવાનાં કૃત્યોનો સમાવેશ થઇ શકતો નથી એમ સૌ કોઇની દોરવણી અર્થે પ્રતિપાદન કરવું એ કોંગ્રેસની કારોબારી મોટી જરૂરી છે. કારોબારી સમિતિ એવો અભિપ્રાય ધરાવે છે કે અહિંસાની નીતિ ૧૯૨૦ ના મહાસભાના ઠરાવમાં દર્શાવવામાં આવેલી છે અને તે પછી તેમાં વખતોવખત સુધારા અને સ્પષ્ટીકરણ કરવામાં આવ્યા છે. અને તેને અનુસરીને કરવામાં આવેલા કાર્યોએ અગાઉ કદી નહિ પ્રાપ્ત કરેલું એવું ઉચ્ચ સ્થાન હિંદને અપાવ્યું છે.

"વળી સમિતિનો એવો પણ અભિપ્રાય છે કે મહાસભાની રચનાત્મક પ્રવૃત્તિઓ જેની શરૂઆત રેંટીયા નેં ખાદીને મધ્યબિંદુએ રાખીને કરવામાં આવી છે તે અહિંસાની નીતિના પ્રતીકરૂપ છે અને મહાસભાની બીજી દરેક પ્રવૃત્તિ જેમાં પાર્લામેન્ટરી કાર્યક્રમ તરીકે જે ઓળખાય છે તે બાબતનો પણ સમાવેશ થાય છે, તે મહાત્મા ગાંધીજીએ સમજાવ્યું છે તેમ રચનાત્મક પ્રવૃત્તિઓની અપેક્ષાએ ગૌણ સ્થાન ધરાવે છે અને રચનાત્મક કાર્યક્રમને પોષક બને એ હેતુપૂર્વક જ તેનો ઉપયોગ કરવાનો છે. કારોબારીનો એવો પણ અભિપ્રાય છે કે જ્યાં સુધી હિંદની આમજનતા શકય તેટલા બહોળા પ્રમાણમાં રચનાત્મક કાર્યક્રમને અપનાવે નહી ત્યાં સુધી આઝાદી પ્રાપ્ત કરવા માટે સત્યાગ્રહ-સામુદાયિક કે બીજી કોઇ રીતનો-કલ્પી શકાય જ નહિ."

આના અનુસંધાનમાં આઝાદ હિંદ ફોજ વિષે ઠરાવ કરતાં કોંગ્રેસની કારોબારી જણાવે છે કે "શ્રી સુભાષચંદ્ર બોઝે અપૂર્વ સંયોગો હેઠળ સ્વતંત્ર લશ્કર તરીકે વિદેશમાં ઉભી કરેલી આઝાદ હિંદ ફોજે જે આત્મભોગ, શિસ્ત, સ્વદેશાભિમાન, શૂરવીરતા અને ઐકયની ભાવના દેખાડી આપ્યા છે તેથી કોંગ્રેસે ગૌરવ લેવું જોઇએ અને અત્યારે જેના પર કામ ચાલી રહ્યું છે એવી આઝાદ હિંદ ફોજના સભ્યોનો બચાવ કરવો તથા તેના પીડિતોને સહાય કરવી એ કોંગ્રેસ માટે સાચું ને યોગ્ય છે. પણ સાથે સાથે કોંગ્રેસીઓએ ભૂલવું ન જોઇએ કે આ ટેકા તથા સહાનુભૂતિનો અર્થ એવો નથી થતો કે શાન્તિમય અને ન્યાય્ય સાધનો વડે સ્વરાજ હાંસલ કરવાની તેની નીતિમાંથી કોંગ્રેસ કોઇ પણ રીતે ચલાયમાન થઇ છે."

આજે જ્યારે ઘોર હિંસાથી ભરેલા યુદ્ધના ભણકારા સંભળાતા હજુ બંધ થયા નથી અને ધર્મોમાં શ્રી. સુભાષચંદ્ર બોઝની આગેવાની હેઠળ ચેાન્યલી અને હિંસાના પાયા ઉપર રચાયલી દેશને આઝાદ કરવાની વ્યુહરચનાને લગતી અનેક કથાઓ લોકકલ્પનાને ઉત્તેજિત કરી રહેલ છે ત્યારે અહિંસાવિષયક કોંગ્રેસની નીતિનું ઉપર મુજબનું સમર્થન અને સ્પષ્ટતા સમયસરના હોઇને અત્યન્ત આવકારદાયક છે. જેવી રીતે વ્યકિતના તેવીજ રીતે આપણી આખી પ્રજાના પગ હજુ હિંસામાં ખુચેલા છે અને માનસ પણ હજુ હિંસાના સંસ્કારથી રંગાયલું છે, જ્યારે ગાંધીજી જેવાની દોરવણીના પરિણામે હિંદી પ્રજાનું મસ્તક અહિંસોન્મુખ બન્યું છે. આવી દ્વિધા સ્થિતિમ પ્રજાનું ચિત્ત અહિંસામાંથી હિંસા તરફ ઢળી જતાં-તે દિશાએ આશા અને સફળતા મળશે એવી કલ્પના આવતાં અહિંસક માર્ગની ઉપેક્ષા કરતાં-વાર લગાડતું નથી અને જેવું સુભાષચંદ્ર બોઝે કર્યું તેવું આપણે પણ જો કરીએ તો ઘડીના છઠ્ઠા ભાગમાં આપણે સ્વરાજ્ય હાંસલ કરી શકીએ આવી ભ્રામક માન્યતા તરફ આપણે ઘસડાઇ જઇએ છીએ. પણ સાથે સાથે એ ભૂલી જઇએ છીએ કે યુધ્ધને લગતી અસાધારણ પરિસ્થિતિ અને જાપાનની મદદ-આ બે સંયોગો વચ્ચે સુભાષચંદ્ર બોઝ માટે જે શકય હતું તે આજની આપણી પરિસ્થિતિ વચ્ચે શકય નથી અને તેથી અહિંસા જેને સિધ્ધાન્ત રૂપે માન્ય ન હોય તેના માટે પણ વ્યવહારૂ નીતિ તરીકે અહિંસા સિવાય બીજો કોઇ ઉદ્ધાર માર્ગ નથી. આ વાસ્તવિકતાનું આપણે વિસ્મરણ કે ઉપેક્ષા ન કરીએ અને એ રીતે અહિંસાને જ માર્ગદર્શક દીવાદાંડી તરીકે સ્વીકારીને રાષ્ટ્રની આઝાદી હાંસલ કરવાના ભિન્ન ભિન્ન માર્ગોનો અને ઉપાયોનો આપણે વિચાર કરતા રહીએ એ ઉપર જણાવેલ-કોંગ્રેસની કારોબારીએ કરેલ અહિંસાના પુનઃ સમર્થનનું રહસ્ય છે.

કાળભૈરવને મોઢે ઇસુખ્રીસ્તની વાણી

એટમ બોંબવડે બે લાખ માનવીઓની વસ્તીવાળા નાગાસાકી શહેરનો સંહાર કરીને મલકાતા પ્રેસીડેન્ટ ટ્રુમેન અમેરીકાની પ્રજાને ઉદ્દેશીને ક્રીસમસને સંદેશો આપે છે કેઃ-

"લાંબા અને કંટાળાભરેલાં વર્ષો બાદ યુદ્ધથી ત્રાસેલી અને થાકેલી દુનિયા આજે ક્રીસમસમાં પ્રવેશ કરે છે. શાન્તિના સ્વામી (ઇસુખ્રીસ્ત) ના જીવનસંદેશના રહસ્યરૂપ પ્રેમતત્ત્વમાં જ જગતના સર્વ દુઃખોના નિવારણનો ઉપાય રહેલો છે. હું નથી માનતો કે આ દેશમાં-જગતમાં-આજે એવો એક પણ પ્રશ્ન હોય કે જો તેને ગિરિપ્રવચનના શિક્ષા-સૂત્રો દ્વારા સ્પર્શવામાં આવે તો તેનો નિકાલ થઇ ન શકે. ભૂતકાળના ઇતિહાસમાંથી આપણે આપણા ભાવી જીવનનિર્માણ માટે દક્ષના અને પ્રેરણા પ્રાપ્ત કરીએ. દુશ્મનો પરાસ્ત થયેલા હોઇને આપણા માથે જે કાર્ય આવીને ઉભું છે તે માટે આપણે કટિબદ્ધ થઇએ."

આઝાદ હિંદ ફોજનો ઢંઢેરો

[આઝાદ હિંદ ફોજના અફસરોના કેસની સુનાવણી દરમ્યાન બચાવ પક્ષ તરફથી કામચલાઉ આઝાદ હિંદ સરકારનો ઢંઢેરો કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. લેફ. નાગે એ ઢંઢેરાને ખરો તરીકે ઓળખાવ્યો હતો. એ ઢંઢેરાનો સારાંશ નીચે મુજબ છેઃ–]

અંતિમ લડત

આપણા કમનસીબે, બ્રિટીશ સમગ્ર હિંદને માટે ગંભીર ભય સમાન છે એ વાતનો આપણા પૂર્વજોને ખ્યાલ ન આવ્યો અને તેથી તેમણે દુશ્મન સામે એકત્ર મોરચો ન રચ્યો. હિંદના રાજદ્વારી આંદોલનનો અને ખાસ કરીને હિંદી રાષ્ટ્રીય મહાસભા કેવી રીતે હસ્તિમાં આવી તેનો અને તેની પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરીને ઢંઢેરો જણાવે છે કે હવે હિંદી પ્રજા એક અવાજે બોલી શકે છે અને એક જ ઇચ્છાથી અને એક જ સાર્વજનિક ધ્યેય માટે મરી શકે છે. ૧૯૪૭થી ૧૯૩૯ દરમ્યાન આઠ પ્રતીમાં કોંગ્રેસ પ્રધાનમંડળો દ્વારા તેમણે પોતાની તત્પરતાનો અને પોતાની બાહ્યતોનો વહીવટ કરવાની પોતાની શક્તિનો પુરાવો આપ્યો છે. આ રીતે હાલના વિશ્વયુદ્ધને ટાંકણે હિંદની મુક્તિ માટેની અંતિમ લડતની ભૂમિકા તૈયાર કરાઈ છે.

આઝાદ હિંદી સરકારની ફરજ

આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ અને યુદ્ધના પાસાપલટાનું અવલોકન કરીને એ ઢંઢેરામાં જણાવાયું છે કે હવે જ્યારે આઝાદીનું પ્રભાત હાથવેંતમાં છે ત્યારે પોતાની કામચલાઉ સરકાર રચી દેવાની, અને એ સરકારના ઝંડા હેઠળ અંતિમ લડત શરૂ કરી દેવાની હિંદી પ્રજાની ફરજ છે. પરંતુ તમામ હિંદી નેતાઓને જેલમાં પૂરવામાં આવ્યા છે અને બાહરે વતનમાંની પ્રજા સંપૂર્ણ નિઃશસ્ત્ર છે તે સંજોગોમાં હિંદમાં જ કામચલાઉ સરકાર રચવાનું અને એ સરકારની છાયા હેઠળ સશસ્ત્ર લડત આપવાનું શક્ય નથી. આ કાર્ય–આઝાદ હિંદની કામચલાઉ સરકાર રચવાનું અને મુક્તિની સેના–આઝાદ હિંદ ફોજ–ના પૂર્વ એશિયાના ઇન્ડિયન ઇન્ડીપેન્ડન્સ લીગે રચેલી હિંદી રાષ્ટ્રીય સેનાની મદદ સાથે આઝાદી માટેની અંતિમ લડતનું સંચાલન, હિંદ અને પરદેશી બાતેના તમામ દેશને કરવાની ફરજ પૂર્વ એશિયાના હિંદ બહારના હિંદીઓનો ટેકો મેળવી સ્વાતંત્ર્ય લીગની છે.

માતા કાજે માથું ધરીશું

હિંદ સ્વાતંત્ર્ય લીગે આ કામચલાઉ સરકારની રચના કરી હોવાથી અમે ગળા પર લદાયેલી જવાબદારીના સંપૂર્ણ ભાન સાથે અમારી ફરજોને હાથ ધરીએ છીએ. અમારી પ્રાર્થના છે કે, પરમાત્મા અમારા કાર્યને અને અમારી માતૃભૂમિની મુક્તિ માટેની અમારી લડતને પોતાના આશિષ આપે અને આ થકી, અમે, અમારી માતૃભૂમિની આઝાદીના કાજે, તેની આબાદી કાજે અને દુનિયાના દેશોમાં તે ગૌરવવંતુ સ્થાન મેળવે એ માટે અમારા અને અમારા સશસ્ત્ર બિરાદરોના જીવન કુરબાન કરવાના સોગંદ લઈએ છીએ. હિંદની ભૂમિમાંથી બ્રિટીશ અને તેમના સાથીઓને ખસેડી મૂકે એવી લડત કરવાનું અને તેનું સંચાલન કરવાનું કામ આ કામચલાઉ સરકારે કરવાનું રહેશે. તે પછી હિંદી પ્રજાની ઇચ્છા અનુસાર રચાયેલી અને તેનો વિશ્વાસ ધરાવતી આઝાદ હિંદની કાયમી રાષ્ટ્રીય સરકાર રચવાનું કાર્ય બજાવવાનું રહેશે. બ્રિટીશ અને તેમના સાથીઓને હિંદમાંથી ખસેડી મૂકાય અને હિંદમાં આઝાદ હિંદની કાયમી રાષ્ટ્રીય સરકાર રચાય ત્યાં સુધી હિંદની પ્રજાના એક ટ્રસ્ટ તરીકે દેશનો કારોબાર કામચલાઉ સરકાર ચલાવશે.

દેશનાં સુખ અને આબાદી માટે

કામચલાઉ સરકારને હરકોઇ હિંદીની વફાદારી મેળવવાનો અધિકાર છે અને આ થકી તે એ મેળવવાનો દાવો કરે છે. તે ધાર્મિક સ્વાતંત્ર્યની તેમજ પોતાના તમામ નાગરિકોને એકસરખા હકો અને તકો આપવાની બાંહેધરી આપે છે. સમગ્ર દેશની અને તેના તમામ ભાગોના સુખ અને આબાદી કાજે મથવાનો પોતાનો મક્કમ નિર્ધાર તે જાહેર કરે છે અને એમ કરતાં તે દેશનાં તમામ બાળકો પ્રત્યે એકસરખો વર્તાવ દાખવશે અને ભૂતકાળમાં પરદેશી સરકાર છળકપટથી જગાવેલા તમામ મતભેદોનું દફન કરશે.

હિંદી પ્રજાને હાકલ

પરમાત્માને નામે, હિંદના લોકોને એક પ્રજા બનાવનાર થઈ ગયેલી પેઢીઓને નામે અને વીરતા આત્મભોગની પ્રણાલિકાની આપણને નવાજેશ કરનાર શહીદ થએલાં વીરોને નામે અમારા ઝંડા હેઠળ એકત્ર થવાની અને હિંદની આઝાદી માટે પ્રચાર કરવાની અમે હિંદી પ્રજાને હાકલ કરીએ છીએ. બ્રિટીશ અને હિંદ બાતેના તેમના તમામ મિત્રો સામે અંતિમ લડત શરૂ કરવાનું અમે તેમને આવાહન આપીએ છીએ અને હિંદી ભૂમિમાંથી શત્રુને ખસેડી મૂકવામાં આવે અને હિંદના પ્રજાજનો વળી પાછા આઝાદ અને ત્યાં સુધી અંતિમ વિજયમાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને એ લડતને જોમ અને ખંતપૂર્વક આગળ ધપાવ્યે રાખવાનું જણાવીએ છીએ.

આ ઢંઢેરા પર કામચલાઉ સરકારના નીચેના તમામ સભ્યોએ સહી કરી છેઃ સુભાષચંદ્ર બોઝ (રાજ્યના મુખી, વડા પ્રધાન અને યુદ્ધ અને પરદેશી બાબતોના મંત્રી), કેપ્ટન મીસીસ લક્ષ્મી (સ્ત્રી સંગઠન), એસ. એ. આયર (પ્રકાશન અને પ્રચાર), લેફ. ક. આઇ. એ. સી. ચેટરજી (નાણાં), લેફ. ક. અઝીઝ અહમદ, લેફ. ક. આઇ. એમ. એસ. ભગત, લેફ. ક. જે. ડી. કે. ભોસલે, લેફ. ક. ગુલઝારસિંગ, લેફ. ક. એમ. ઝેડ. કીઆની, લેફ. ક. એ. ડી. લોકનાયત, લેફ. ક. અહેશાન કાદીર, લેફ. ક. શાહનવાઝ (સશસ્ત્ર દળોના પ્રતિનિધિઓ), એ. એમ. સહાય, સેક્રેટરી (પ્રધાનના દરજ્જા સાથે), રાસ બિહારી બોઝ (સર્વોચ્ચ સલાહકારક), કરીમ ગની, દીનાનાથ દાસ, ડી. એમ. ખાન, એ. ચેલાપ્પા, જે. થીવી, સરદાર ઇશારસિંગ (સલાહકારો) અને એ. એન. સરકાર (કાયદાના સલાહકાર).

[આ ઢંઢેરો તા. ૨૩–૧૦–૪૩ ને રોજ સીંગાપોરમાં પ્રગટ થયો હતો.]

ઉમાભાઈ લીલાભાઈ સ્મારક

શ્રી વડોદરા જૈન યુવક સંઘે પોતાના માજી પ્રમુખ સદ્‌ગત શેઠ ઉમાભાઇ લીલાભાઇ ઝવેરીના સ્મારક માટે સમિતિ નીમી છે. સદ્‌ગતના જે મિત્રો, સ્નેહીઓ અને શુભેચ્છકો સ્મારક ફાળો આપવા ઇચ્છતા હોય તેમણે બજાજનગરી શ્રી ચંદુલાલ કેશવલાલ સરૈયા ઠેકાણું માંડવી રોડ વડોદરા અગર મંત્રી શ્રી મણીલાલ નગીનદાસ સરૈયા ઠેકાણું માંડવી રોડ વડોદરા એ સરનામે મોકલી આપવો.

યુદ્ધોમાં માનવીઓના ધીંડાના છઠ્ઠા ભાગનો સંહાર કરતાં અનેક નિર્દોષ બાળકો–સ્ત્રીઓ અને પુરૂષોનો જાન લેતાં–જેનું રૂંવાડું ન ફરકયું તેના મોઢે પ્રેમતત્ત્વનો ઉપદેશ અને ગિરિપ્રવચનનો ઉલ્લેખ સાંભળતાં આપણા દિલમાં એક પ્રકારની ધૃણા છુટે છે અને પાખંડ અને ઢંભની આ તો હવે અવધિ થાય છે એમ આપણું અન્તર પોકારી ઉઠે છે. આજે પરાસ્ત દેશોના અનેક યુદ્ધગુનેહગારો ઉપર કામ ચલાવવામાં આવે છે, પણ આન્તરરાષ્ટ્રીય ન્યાયના ધોરણે જો વિચાર કરવામાં આવે તો પ્રેસીડેન્ટ ટ્રુમેનને આ ગુનેહગારોની હરોળમાં અગ્રસ્થાને મૂકીને તેની ઉપર સૌ પહેલું કામ ચલાવવું જોઇએ. ન્યાયની નજરમાં જીતેલા કે હારેલા એવો કોઇ ભેદ હોવો ન જોઇએ. એણે યુદ્ધની વાસ્તવિકતા અને એ કારણે આવશ્યક સંહારનું ઔચિત્ય સ્વીકારી લેતા પણ કોણે વ્યાજબીપણાની મર્યાદા ઓળંગી છે અને આમ પ્રજાના વિનાકારણ સંહાર કરવામાં કેવો અને કેટલો ભાગ લીધો છે એ ધોરણે જ યુદ્ધગુનેહગારોની તારવણી કરવી જોઇએ. આવી તારવણી કરવામાં આવે તો પ્રેસીડેન્ટ ટ્રુમેનને આ તારવણીમાં અગ્રસ્થાને મૂકવા જોઇએ એ વિષે બે મત હોઇ ન શકે. આવો માણસ બીજું જે કાંઇ બોલવું હોય તે ભલે બોલે અને કરવું હોય તે ભલે કરે, પણ પ્રેમ, વિશ્વબંધુત્વ, ગિરિપ્રવચન, ઇશુ ખ્રીસ્ત, ઇશ્વર, ધર્મસાનિયત આવા નામોને અભડાવતા અટકે તો સારૂં!

પરમાનંદ.

આઝાદ હિંદ ફૌજના સેનાનીઓ

શ્રી ભુલાભાઈ દેસાઇએ બચાવપક્ષે કરેલી પ્રખર રજુઆત

(કેટલાય દિવસથી દિલ્હીના લાલ કીલ્લામાં કોર્ટ માર્શલ દ્વારા આઝાદ હિંદ ફૌજના ત્રણ સેનાનીઓ ઉપર ચાલતા મુકદ્દમામાં શ્રી ભુલાભાઈ દેસાઇએ નિડરતા, સ્પષ્ટતા તથા કુશળતાથી જે અદ્‌ભુત રજુઆત કરી છે તે રજુઆતે શ્રી ભુલાભાઇ દેસાઇની એક એડવોકેટ તરીકેની આજ સુધીની ઉજ્જવળ કારકીર્દી ઉપર કીર્તિકળસ ચઢાવ્યો છે, અને દેશની આઝાદીની તમન્નામાં તેઓ કોઇથી પણ ઉતરતા નથી એમ પુરવાર કર્યું છે. શ્રી ભુલાભાઇ દેસાઇની રજુઆત એ માત્ર એ સેનાપતિઓની જ નહિ, પણ સમસ્તહિંદની તેમજ આજના સામ્રાજ્યવાદ નીચે કચડાતા અને શોષાતા સર્વે દેશોની આઝાદીની પ્રખર હિમાયત છે. એ રજુઆતના અગત્યના ભાગો નીચે આપવામાં આવે છે.)

દ્રાવિડી પ્રાણાયામ

શ્રી. દેસાઇએ જણાવ્યું હતું કે, ટુંકમાં કહેતાં આરોપીઓ સામે બે તહોમતો મૂકવામાં આવ્યાં છેઃ સમ્રાટ સામે યુદ્ધ જાહેર કરવાનું, અને ખૂન કરવાનું તથા ખૂનમાં સાથ આપવાનું. કેટલાક લશ્કરમાંથી નાસી જનારાઓ પર કામ ચલાવવામાં આવ્યું હતું અને તેમને ગોળીએ દેવાનો હુકમ આપીને ઠાર કરવામાં આવ્યા હતા. વાસ્તવિક રીતે તો અદાલત સમક્ષ એક જ આરોપ છે, કારણકે ખૂન અને ખૂનમાં સાથ આપવાના તહોમતને લાગેવળગે છે ત્યાં સુધી તે પહેલા તહોમતનો ભાગ જ છે. તેથી એ કારણસર હું જણાવું છું કે સમ્રાટ સામે યુદ્ધ જાહેર કરવાના આરોપના મુકદ્દમામાં ગોળીએ ઠાર કરવાના દરેક કાર્ય માટે તહોમત મૂકવું એ દ્રાવિડી પ્રાણાયામ બનશે.

આ અદાલતને સૌથી પહેલી એ વસ્તુ સ્વીકારવા વિનંતિ કરું છું કે આઝાદ હિંદની કામચલાઉ સરકારની વિધિસર રીતે સ્થાપના અને જાહેરાત કરવામાં આવી હતી. હું જણાવું છું કે આ વિષે કશી જ શંકા ઉઠાવી શકાય તેમ નથી અને મારા ખ્યાલ મુજબ એ વસ્તુ સાબિત કરવા બોલાવાયેલા સાક્ષીઓની કોઇ પણ ઉલટ તપાસ માટે ગંભીર ઇરાદો રખાયો નથી.

ફરિયાદપક્ષે આભારી કર્યો છે

આ રાજ્યને (કામચલાઉ સરકાર) એક લશ્કર હતું. એ લશ્કર યોગ્ય રીતે રચાયેલું હતું અને તેને તેના પોતાના જ બીલ્લા તથા સંકેતો હતા. વધુમાં તે લશ્કરે નિયત રીતે નીમવામાં આવેલા અફસરો હેઠળ કાર્ય કર્યું હતું. આ વિધાન સાબિત કરવાની જરૂરિયાતમાંથી બચાવીને ફરિયાદપક્ષે મને આભારી કર્યો છે. આઝાદ ફૌજ યોગ્ય રીતે રચાયેલી હતી અને તે આઝાદ હિંદ ફૌજ ધારા મુજબ ચાલતી હતી. એવું બતાવવા ફરિયાદપક્ષ દસ્તાવેજો ઉપર દસ્તાવેજો મૂકે છે.

રાજ્યનાં સાધનોનો ઉલ્લેખ કરતાં શ્રી. દેસાઇએ અદાલત સમક્ષ થયેલી જુબાનીમાંથી એવું બતાવ્યું હતું કે આશરે ૨૦ કરોડ રૂપીઆ રાજ્યને દાનમાં મળ્યા હતા. અને આમાંથી મુલ્કી સરકાર તેમજ લશ્કર નભાવવામાં આવતું હતું.

યુદ્ધના સંયોગો વચ્ચે

આ કલમમાં કાયદાને આંતરરાષ્ટ્રીય કાયદામાં સમાવી લેવામાં આવ્યો છે અને તે કારણથી ઉદાહરણમાં કહેલો જર્મન પોતાનો બચાવ નીચે મુજબ કરશે. "મારૂ રાજ્ય તમારા રાજ્ય સાથે યુદ્ધમાં હતું. મારા રાજ્યના ફરમાનથી અને યુદ્ધના યોગ્ય સંચાલનમાં મેં જે કૃત્યો કર્યાં છે તે સાધારણ સંજોગોમાં ગુન્હા હોઇ શકે છે, પરંતુ એનો યુદ્ધના સંજોગો સાથે સંબંધ હોઇને એ બીલકુલ ગુન્હા છે જ નહિ." શ્રી. દેસાઇએ જાહેર કર્યું કે એ દેખીતું જ છે કે યુદ્ધના સંચાલન દરમ્યાન મજકુર દેશને લગતો મ્યુનિસિપલ કાયદો, દાખલા તરીકે એક સૈનિક બીજા સૈનિકની નોંધપોથી ચોરી લે તે સિવાય બીજા કોઇ દાખલામાં લાગુ પડી શકે નહિ. ફરિયાદ પક્ષે સ્વીકારેલા દસ્તાવેજો ચોખ્ખું બતાવી આપે છે કે ત્રણે આરોપીઓએ જે કાંઇ કર્યું હતું તે યુદ્ધના સંચાલનના એક ભાગ તરીકે કર્યું હતું.

જો આપ ગૃહસ્થોએ યુદ્ધના સંચાલનમાં ખૂનો કર્યા હોય તો શું સામા પક્ષે રજુ કર્યું છે તેમ દિવાની કાયદાઓને તમારી સામે લાગુ પાડી શકાયા હોત ખરા કે? તે પણ જ્યારે તમે યુદ્ધ જાહેર કર્યું હોય તેવા એક રાજ્યના વ્યવસ્થિત સૈન્યના સભ્યો તરીકે યુદ્ધના સંચાલન અંગે કામ કર્યું હોય ત્યારે?

જો બ્રિટનની આઝાદી માટે લડી શકે તો.....

આના સમર્થનમાં શ્રી. દેસાઇએ આંતરરાષ્ટ્રીય કાયદાઓ અંગેનાં પુસ્તકોમાંથી સંખ્યાબંધ દાખલા ટાંકી બતાવ્યા હતા, અને જણાવ્યું હતું કે હવે વસ્તુસ્થિતિ એવી છે કે આંતરરાષ્ટ્રીય કાયદો એવા તબક્કે પહોંચ્યો છે કે જ્યારે છુટાપણું અને લોકશાહીનો જો કાંઇ અર્થ થતો હોય તો દુનિયાના એકાદ ભાગમાં નહિ પણ સારાય જગતમાં. અને આ કાંઇ રાજકારણ નથી, એ તો કાયદો છે–પરદેશી ઘૂંસણીયાથી નીકળવાને માટે કરવામાં આવેલું કોઇપણ યુદ્ધ છેલ્લામાં છેલ્લા આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ સંપૂર્ણ રીતે વાજબી છે અને જો અહીં અગર બીજે કરવામાં આવેલા કોઇપણ નિર્ણયના પરિણામે આપણને એમ કહેવામાં આવશે કે હિંદીઓ સૈનિકો તરીકે જઇ શકે છે અને જર્મની સામે, ઇટલી સામે, જાપાનની સામે ઇંગ્લેંડની આઝાદી માટે લડી શકે છે અને છતાં કોઇ એવો તબક્કો ઊભો ન થઇ શકે કે જ્યારે એક આઝાદ હિંદી ફૌજ ઇંગ્લંડ સહિત બીજા કોઇ દેશની ધુંસરી હેઠળથી પોતે આઝાદ થવાનું ઇચ્છી શકે નહિ તો તે ઇન્સાફનો ભંગ લેખાશે. આથી કરીને આપણે એમ આગ્રહ ધરીએ છીએ કે આ ખાસ યુદ્ધને વાજબીપણાની જરૂર રહેતી નથી.

એક એવો સમય હતો જ્યારે યુદ્ધ જાહેર કરવાને શક્તિમાન થવા માટે તમારે એક સ્વતંત્ર કે સાર્વભૌમ રાજ્ય હોવું જોઇએ એવો જૂનો ખ્યાલ પ્રચલિત હતો. પરંતુ હાલનો આંતરરાષ્ટ્રીય કાયદો એમ નક્કી કરાવે છે કે, એક યુદ્ધ તરીકે ઓળખાવવાની ખાતર ઝઘડતાં બંને પક્ષો સ્વતંત્ર રાષ્ટ્રો કે સાર્વભૌમ રાષ્ટ્રો તરીકે સ્વીકારાયેલા હોવાં જોઇએ એ આવશ્યક નથી. વ્હીટના આંતરરાષ્ટ્રીય કાયદામાં જણાવવામાં આવ્યું છે કે "બોર લડાઇમાં બન્યું હતું તેમ એક રાજ્ય અને તેના બંડિયા રાજ્ય વચ્ચે બેશક એક યુદ્ધ અસ્તિત્વ ધરાવી શકે છે. આ કોર્ટને અને આપ સહુ જેઓ બ્રિટિશ ઇતિહાસના જાણકાર છો તેમને હું અરજ કરું છું કે ચાર્લ્સ પહેલા અને તેના મરણને માટે શું? મેગ્નાચાર્ટ વિશે શું? જેમ્સ બીજાને માટે શું?'

આ કાંઇ આબરૂનો પ્રશ્ન નથી

કોર્ટ જેના આધારે કેસની તૂજના કરવાની છે તે કસોટી એ છે કે બળવાખોરોની એક સાચી જ રાજકીય સંસ્થાનું અસ્તિત્વ બચાવ પક્ષે પૂરવાર કર્યું છે કે પૂરવાર કર્યું નથી.

હું પણ આપને એમ કરવાનું જ કહું છું. આ કોઇ ધર્મોનો પ્રશ્ન નથી. આ કોઇ આબરૂનો પણ સવાલ નથી કે લશ્કરને શું થશે કે અગર તો વ્યક્તિને શું થશે, તેનો પ્રશ્ન નથી. મહેરબાની કરી આપ યાદ રાખજો તમે ન્યાયાધીશો તરીકે બેઠા છો. તમે રાજનીતિજ્ઞો નથી એ હું કબુલ કરું છું. તમે તેવા બનો એમ હું ઇચ્છતો પણ નથી. જો તમને એમ લાગે કે એક વ્યવસ્થિત રાજ્ય તરીકે યુદ્ધ જાહેર કરવા માટે પૂરતી સંખ્યામાં, પૂરતી લાયકાતવાળી, પૂરતાં સાધનોવાળી એક સાચી જ રાજકીય સંસ્થા છે તો તમારો ચુકાદો આ માણસોની તરફેણમાં હોવો જોઇએ. તમારા પોતાના જે માણસોએ આટલા બધાં માણસો મારી નાંખ્યાં છે અને જેઓના કૃત્યોને માટે તમે આટલો

બધો બ્યાજ બી ગર્ત લ્યો છા તેઓને માટે તમે જે ચુકાદો આપો તેનાથી જરાય વધારે કે જરાય ઓછો નહિ તેવો એ ચુકાદો હોવો જોઇએ.

વ્યક્તિગત જવાબદારી ન રહે

આગળ ચાલતાં શ્રી. દેસાઇએ યુનાઇટેડ સ્ટેટ્સની ફેડરલ કોર્ટના વડા ન્યાયમૂર્તિ પ્રુસ્ટરનો એક ચુકાદો ટાંકી બતાવ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે, "જ્યાં આંતરવિગ્રહ ચાલી રહ્યો હોય એટલે કે એક દેશના લોકો બે પક્ષોમાં વહેંચાઇ ગયા હોય, જેઓ એક બીજા સામે શસ્ત્રો સજી લશ્કરી હળો તરીકે ખડા થયા હોય ત્યારે સામાન્ય રીતે કહેતા પરદેશી રાષ્ટ્રો ઝઘડાના ગુણદોષ તારવી શકે નહિ. અસ્તિત્વ ધરાવતા અમલને ઉથલાવી નાખવા માગતો પક્ષ સફળ થાય અને તે જે સરકાર રચે તે સ્વીકારવામાં આવે તો તેની સરકારે જે કૃત્યો તેના અસ્તિત્વના પ્રારંભ કાળથી કર્યાં હોય તેને એક સ્વતંત્ર રાષ્ટ્રનાં કૃત્યો તરીકે લેખવામાં આવે છે. જો રાજકીય બળવો નિષ્ફળ ગયો હોય છતાં જો ખરેખર લડાઇ કરવામા આવી હોય તો કાયદેસરતાં યુદ્ધનાં કૃત્યોને વ્યક્તિગત જવાબદારીના આધારરૂપ બનાવી શકાય નહિ.

હું આશા રાખું છું કે રાષ્ટ્રો વચ્ચેની વ્યવહારમાં મર્યાદાના કાયદા જેવી વસ્તુ જ નથી. દાખલા તરીકે ધારી લો કે દેશાંતર કરી ગયેલી કોઇપણ સરકાર તેનો પ્રદેશ પાછો મેળવવામાં સફળ ન થઇ, તો એક બ્રિટીશ અદાલતમાં એવું કહી શકાશે કે એ સરકારના સૈન્યને આપવામાં આવેલા અધિકારો અસ્તિત્વ ધરાવતા નથી? હું તમને આગ્રહપૂર્વક વિનંતિ કરું છું કે તમારી સમક્ષ આવી પડેલા દાખલાને અમે હિંદીઓ હોવાને કારણે જુદી કોટીએ ન ગણો.

શ્રી. દેસાઇએ નાયબ વિન્દી વજીર મી. હેન્ડરસને પાર્લામેન્ટમાં કરેલું એક નિવેદન વાંચી બતાવ્યું. એ નિવેદનમાં એવું જણાવવામાં આવ્યું હતું કે સમ્રાટ સામે યુદ્ધ જાહેર કરવાના આરોપ સિવાય ગંભીર આરોપો હોય તેવા આઝાદ ફોજના સભ્યો સામે જ કામ ચલાવવામાં આવશે.

કોઇ પણ કાર્યાત્મક નિવેદનનો આશ્રય લેવાનો હું પ્રયાસ કરી રહ્યો નથી. પરંતુ હકીકત એ છે કે એ નિવેદન પાછળ એવી નાખુશીભરી કબુલાત છે કે યુદ્ધ જાહેર કરવાના આરોપને એક અપરાધ તરીકે ગંભીરતાની દૃષ્ટિએ જોવામાં નહિ આવે.

અમેરિકાનું દૃષ્ટાંત

આગળ ચાલતાં શ્રી. ભુલાભાઇએ અમેરિકન સ્વાતંત્ર્ય યુદ્ધ દરમ્યાન અમેરિકનોએ ૧૭૭૬ માં જે સ્વાતંત્ર્યનો જાહેરાત કરી હતી તે વાંચી સંભળાવી હતી અને જણાવ્યું હતું કે તાજ પ્રત્યેની વફાદારી અને દેશ પ્રત્યેની વફાદારીનો આ એક સુંદર દાખલો છે. એ સ્વમાની પુરૂષોએ પોતાના પર ઠોકી બેસાડવામાં આવેલ પરદેશી રાજ્ય પ્રત્યેની વફાદારી કરતાં પોતાના દેશ પ્રત્યેની વફાદારી વધુ પસંદ કરી. ગયા યુદ્ધમાંથી જેણે દુનિયાને બચાવી છે અને સંસ્કૃતિની બાબતમાં જેણે ઘણું કર્યું છે, અને એ દેશનો આ દાખલો માન્ય કરવામાં ન આવે તો પછી મારે કહેવું જોઇએ કે મુદ્દલ ન્યાય મળશે નહિ.

આઝાદ હિંદનો કામચલાઉ સરકાર પ્રત્યેના વફાદારીના શપથને અમેરિકાની સ્વાતંત્ર્યની જાહેરાત સાથે સરખાવતાં શ્રી. ભુલાભાઇએ જણાવ્યું હતું આ બંને કેસોમાં ઘરાદો તો સરખો જ છે.

શ્રી. દેસાઇએ એવી આશા વ્યકત કરી હતી કે ફરિયાદ પક્ષ રાજદ્રોહનો કોઇ સિધ્ધાંત રજુ નહિ કરે; કારણ કે બીજા દેશોના કાયદાઓમા જેમ રાજદ્રોહ સંદિગ્ધ અર્થ નથી તેમ ઇન્ડીઅન પીનલ કોડમાં પણ એવો અર્થ નથી.

આપોઆપ આઝાદ બને છે

શ્રી. દેસાઇએ પોતાના નિવેદનના સમર્થન માટે ૧૭૮૭ ના ઇંગ્લીશ કાયદાનું પ્રમાણ ટાંકયું હતું જેમાં જણાવવામાં આવ્યું હતું કે 'એક શક્તિશાળી રાષ્ટ્ર નમાળા રાષ્ટ્રનું રક્ષણ કરવામાં નિષ્ફળ નીવડે તો તેના રક્ષણ હેઠળ રહેલ નમાળુ રાષ્ટ્ર આપોઆપ પોતાની આઝાદી મેળવી લે છે. શ્રી. દેસાઇએ જણાવ્યું હતું કે આ શરત આઝાદ હિંદ ફોજમાં સાબીત થઇ છે.

મરજિયાત ભરતી

જ્યારે જાપાનીઓએ જાણ્યું કે આઝાદ ફોજે જાપાનીઓના રમકડા તરીકે કામ કરવું ન જોઇએ એવું મોહનસીંગ ઇચ્છે છે, એટલે તેમણે શ્રી રાસબિહારી બોઝ દ્વારા મોહનસીંગને ગિરફતાર કર્યો. બીજી આઝાદ ફોજ સાથેના સંબંધોમાં જાપાનીઓ કદાચ ખુશનજર અનિચ્છુ ધરાવતા હશે. કામચલાઉ સરકારના નેતૃત્વ હેઠળની બીજી આઝાદ ફોજ જાપાનીઓના સાધનરૂપ નહોતી. તેનું ધ્યેય એક મિત્ર લશ્કર તરીકે જાપાનીઓ પાસેથી બને તેટલી બધીજ મદદ લઇને હિંદને આઝાદ કરવાનું હતું.

શ્રી. દેસાઇએ એવું સૂચવ્યું હતું કે આઝાદ ફોજમાં ભળી શકેલી સગવડોને જાપાનીઓ તરફથી યુદ્ધકેદીઓ તરીકે મળતી સગવડો સાથે સરખાવવાના ફરિયાદ પક્ષના વિચારથી ખાસ અર્થ સરતો નથી.

આઝાદ ફોજમાં રેશન દ્વારા મળતી ચીજોમાં ચોખા તેલ અને ઓછા પ્રમાણમાં મળતી ખાંડ હતી. ફરિયાદ પક્ષ એવું નહિ જ સૂચવી શકે કે આ મોજશોખ હતો કે જેથી લોકો આઝાદ ફોજ તરફ આકર્ષાયા. વધુમાં એ પણ યાદ રાખવું જોઇએ કે આઝાદ ફોજમાં જે લોકો જોડાયા હતા તેઓ ખરેખર મૃત્યુની શક્યતાનો સામનો કરી રહ્યા હતા. દરેક સૈનિક સામે મૃત્યુનો ભય ખડો જ હતો. અને એ ભય દૂર કરવા ઇચ્છતો હોય તો તે યુધ્ધ કેદી બની કરી શકતો હતો. વધુ એક મુદ્દો એ છે કે આઝાદ ફોજ તદ્દન મરજિયાત લશ્કર હતું. ફરિયાદ પક્ષે કરેલા બધા જ પ્રયાસો કંઇ પણ ઊલટું સાબિત કરવાને નિષ્ફળ નીવડયા હતા.

ખુનનો આરોપ પૂરવાર નથી થયો

શ્રી. દેસાઇએ આગળ ચાલતાં એવી રજુઆત કરી કે ફરીયાદ પક્ષ ખૂન અને ખૂન કરવામાં મદદના આરોપો પૂરવાર કરવામાં બીલકુલ નિષ્ફળ નીવડયો છે. આરોપોના બે વર્ગ પાડી શકાય છે. એક તો ચાર શખ્સોને કહેવાતા ગોળીથી ઠાર કર્યા બાબત અને બીજો મહમદ હુસેનને કહેવાતો ગોળીથી ઠાર કર્યાનો. ચાર શખ્સોના સંબંધમાં 'ફાઇનલ રીપોર્ટ' કરવામાં આવ્યો હતો. મહમદ હુસેનના સંબંધમાં 'ફાઇનલ રીપોર્ટ' હતો જ નહીં. 'વસ્તુતઃ સજાઓ કરવામાં આવ્યાને લગતો અથવા તો સજાઓ અમલમાં મુકાયાને લગતો બન્નેમાંથી એકેયને લગતો કોઇ દસ્તાવેજ છે જ નહિ. વિશેષમાં એમાંથી એકેય દાખલામાં ખુવારીનો અહેવાલ સરખોય છે નહિ.

ફરિયાદ પક્ષના સાક્ષી અલ્લદીત્તાએ મહમદહુસેનના ખૂનમાં સહાય કરવાની બાબતમાં એની મુખ્ય તપાસમાં કહ્યું હતું કે તેણે કોઇના શાહનવાઝખાનને 'ફાઇનલ રીપોર્ટ' ઉપર કાંઇક લખતા દીઠા હતા. ઉલટ તપાસમાં સાક્ષી કબૂલ કરે છે કે તે 'ફાઇનલ' શબ્દનો અર્થ સમજતો નથી. તે એટલું જ જાણતો હતો કે કોઇ એક રીપોર્ટ વિષે કહેવામાં આવ્યું હતું. લાન્સનાયક સરદાર મહમદે કહ્યું છે કે તેણે અંગાઉ કદી પણ કોઇ હથિયાર હાથમાં ઝાલ્યું નહોતું, પણ બીજા બે જણાની સાથે તેની પાસે એક રાયફલ આપીને મહમદહુસેન પર ગોળી છોડાવવામાં આવી હતી. ત્રણ ગોળીઓ મરનારની છાતીમાં વાગી હોવાનું કહેવાય છે. એમ જણાય છે કે આ નહિ પઢાવવામાં આવેલો રાયફલમેન અસાધારણ રીતે સાચો છે. એની વાતની તુલના કરવાનું કામ કોર્ટનું છે. હું તો માત્ર આ સાક્ષીના નિવેદનને એક મૂર્ખીઓભરેલી જોડી કાઢેલી વાત સીવાય બીજું કોઇ માનવાની મોરી અશકિત જાહેર કરી શકું. જે ચાર શખ્સોને ગોળીએ દીધાનું કહેવાય છે તેઓને કેવળ નામનુંય વર્ણન આપીને સાક્ષીઓ પૈકી એકેય ઓળખાવી શકયા નથી.

આ માણસને ગોળીએ દેવાનો હુકમ લેફ્ટેનન્ટ ધીલને આપ્યાનું કહેવાય છે. પરંતુ ગોળીમાર કરવામાં આવ્યો તે તારીખે લેફ્ટ. ધીલનની

સ્થિતિ તેઓ હાજર રહી શકે તેવી નહોતી એવી જુબાનીઓ પડેલી છે. હું એવી રજુઆત કરું છું કે આ બનાવ બન્યો જ નથી. આ જાતનો કેસ જો કોઇ ફોજદારી કોર્ટ આગળ હોય તો કોઇપણ જુરી, એક આરોપી કે જે, તેણે ગોળીબાર કરવાનો હુકમ આપ્યાનું કહેવાતું હોય તે દિવસે જ આટલો બિમાર કે અશકત હોય તો તેને સજા કરવાનું કદી પણ સાહસ કરે જ નહિ. આ કેસમાં આપ લશ્કરી અદાલતના ન્યાયાધીશ છો એની હું ના પાડતો નથી. પરંતુ આપની સમક્ષ જે મુદ્દાઓ પડયા હોય તેના ન્યાયાધીશ થવાની વિનંતિ કરું છું. અને હું એમ કહેવા માગું છું કે ગોળીએ દેવામાં આવ્યા હતા, એ આરોપ પૂરવાર થયો નથી.

લાન્સનાયક સરદાર મહમદની સાક્ષીમાંથે જે સૌથી વધારે અગત્યનો મુદ્દો તરી આવે છે તે એ છે કે મહમદહુસેનને ગોળીએ દેવામાં તેની સાથે જે બીજા બે શખ્સોએ ભાગ લીધો હતો તે અબ્દા-સીધ અને બાઝીશાહ બંને હયાત છે. એ ખાસ કાર્યમાં સાચા અને ચોક્કસ સાક્ષીઓ એ જ ગણી શકાય. એ બેમાંથી એકેયને રજૂ કરવામાં આવ્યા નથી.

સહગલને મુકત કરવા જોઇએ

એ પછી શ્રી. દેસાઇએ કોર્ટને જણાવ્યું કે કર્નલ કીટસન સમક્ષ કેપ્ટન સહગલે યુધ્ધ કેદીઓ તરીકે શરણે થવાની જે શરતો આગળ કરી હતી તે સ્વીકારવામાં આવી હતી અને તેથી કરીને કેપ્ટનને યુધ્ધ કેદીઓ તરીકેની છૂટછાટોનો હક છે અને તેથી તેમને છૂટા કરી દેવા જોઇએ.

સુનાવણી ગેરકાયદે છે

બીજું કદાચ એમ ધારી લઇએ કે ગોળીબાર કરવામાં આવ્યો હતો તો એવું સૂચન કરવામાં નથી આવ્યું કે તે કોઇ ખાનગી વ્યકિતગત રીતે કરવામાં આવ્યો હતો. એ વ્યવસ્થિત સૈન્યોના સભ્યો જે કાર્ય કરે તેના એક ભાગ તરીકે એ કરવામાં આવ્યો હતો. આમ છતાં પણ જો કોર્ટનો અભિપ્રાય ઉલટો હોય તો પણ ખૂન અને ખૂન કરવામાં સહાયનો આરોપો એ સ્વતંત્ર આરોપો છે અને આ કોર્ટ સમક્ષ કામ ચલાવવાના ધારાધોરણની ૨૪ મી કલમ હેઠળ ત્રણે આરોપીઓના કેસની સંયુકત સુનાવણી સંપૂર્ણ રીતે ગેરકાયદેસર છે.

શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇના શોકજનક અવસાન વિષે ઠરાવો.

(ગતાંકમાં પ્રગટ થતાં રહી ગયેલ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સદ્‌ગત શ્રી મોહનલાલ દલીચંદ દેસાઇના અવસાન સંબંધે તા. ૩-૧૨-૪૫ ના રોજ મળેલી સભામાં નીચે મુજબ ઠરાવ કર્યો હતો.

"શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇના અકાળ અવસાન બદલ શ્રી. મુ. જૈ. યુ. સંઘની કાર્યવાહક સમિતિ શોક પ્રદર્શિત કરે છે. અને તેમણે જૈન સમાજની સાહિત્યદ્વારા તેમજ અનેક જૈન સંસ્થાઓ દ્વારા કરેલી અનેક વિધ સેવાઓની સખેદ નોંધ લે છે અને તેમના સ્વજન સંબંધીઓ પ્રત્યે આ સભા શોકજનક પ્રસંગે પોતાની સહાનુભૂતિ પાઠવે છે. તેમના અવસાનથી જૈન સમાજમાં એક સાહિત્યનિષ્ટ સેવકની મોટી ખોટ પડી છે એમ આ સભા જાહેર કરે છે અને તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ મળો એવી પરમાત્માને પ્રાર્થના કરે છે."

આ ઉપરાંત તા. ૬-૧૨-૪૫ ના રોજ મળેલી શ્રી. જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સ, શ્રી મુંબઇ જૈ. યુવક સંઘ તેમજ અન્ય ૧૯ જૈન સંસ્થાઓના આશ્રય નીચે જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીયાના પ્રમુખપણા નીચે મળેલી જાહેર સભામાં ઉપરની મતલબનો ઠરાવ પસાર કર્યો હતો અને એ પ્રસંગે શ્રી મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ પંડિત સુખલાલજીએ, મણિલાલ પાદરાકરે, ચંદુલાલ વર્ધમાને, મણિલાલ જેમલ શેઠે તેમજ અન્ય વકતાઓ લાગણીભર્યા નિવેદનો કર્યા હતા.

ઇનામી નિબંધ.

જળગાંવવાળા શ્રી શિવરાજ જુગરાજે નીચે મુજબની જાહેરાત 'પ્રબુદ્ધ જૈન'માં પ્રગટ કરવા મોકલી છે. **તંત્રી.**

વિષય:-જૈન સમાજમાં મુખ્ય ફીરકા કેટલા અને કયા કયા છે? એમાં અંતર્ગત થયેલા ઉપપ્રદાયોમાં કયા કયા સૈદ્ધાન્તિક મતભેદ છે? એ સર્વને કેવી રીતે એક કરી શકાય? એકતાની આધારભૂત ભૂમિકા કેવી હોવી જોઇએ? અખિલ જૈન સંઘના સુદૃઢ સંગઠન માટે કયા ફીરકાએ અને કયા સંપ્રદાયે કઇ કઇ બાબતોનો પરિત્યાગ કરવો જોઇએ અને કઇ કઇ બાબતો ગ્રહણ કરવી જોઇએ? આ વિષય ઉપર હિંદી ભાષામાં નિષ્પક્ષ અને સંશોધનપૂર્ણ નિબંધ લખનારાઓમાંથી સૌથી પહેલા, બીજા અને ત્રીજા નંબરે આવનાર લેખકને અનુક્રમે રૂ. ૧૦૦, ૭૫ અને ૫૦ નું ઇનામ આપવામાં આવશે.

આ હરીફાઇમાં સામેલ થવું યા ન થવું એ લેખકની મરજી ઉપર નિર્ભર રહે છે, પરંતુ આ અગત્યના પ્રશ્ન ઉપર સાધુઓ, સાધ્વીઓ તેમજ વિદ્વાનોના વિચારો અવશ્ય પ્રકાશમાં આવવા જોઇએ એવી અમારી અને સમાજની ઇચ્છા છે. તેથી સાધુઓ, સાધ્વીઓ અને વિદ્વાનોને આ વિષય ઉપર પોતાના વિચારો પ્રગટ કરવાની અમારી પ્રાર્થના છે.

સમય મર્યાદા: આ નિબંધ હરિફાઇની સમય મર્યાદા પહેલાં ૧૯૪૫ ના ડીસેંબરની ૧૫ મી તારીખ મુકરર કરવામાં આવી હતી જે હવે ફેબ્રુઆરી માસની ૧૫ મી તારીખ સુધી લંબાવવામાં આવી છે.

કદ મર્યાદા: આ નિબંધ ઓછામાં ઓછા ૧૫ અને વધારેમાં વધારે ૨૫ ફુલ્સકેપ પૃષ્ટનો હોવો જોઇએ. આવી રીતે એકઠા થયેલા નિબંધોમાંથી કેટલાક નિબંધો ચુંટી કાઢીને પુસ્તકાકારે પ્રગટ કરવા અમારી ઇચ્છા છે.

પરીક્ષક સમિતિ: આ નિબંધોની પરીક્ષા કરવા માટે નીચે મુજબ પરીક્ષક સમિતિ નીમવામાં આવી છે.

મુનિશ્રી ન્યાયવિજયજી, મુનિશ્રી સન્તબાલજી, બાબુ સાહેબ અજિતપ્રસાદજી જૈન, પંડિત શોભાચંદ્રજી ભારિલ્લ, શ્રી. ચંદનમલજી જૈન.

આ સંબંધમાં નીચેના સરનામે પત્રવ્યવહાર કરવો.

શ્રી. શિવરાજ જુગરાજ લુંકડ
જલગાંવ (ઇસ્ટ ખાનદેશ)

શ્રી મણિલાલ મોકલચંદ શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય

સંઘ હસ્તક ચાલતા આ વાંચનાલયનો તેમજ પુસ્તકાલયનો આસપાસ વસતી જનતા બહુ મોટી સંખ્યામાં લાભ લે છે. વાચનાલયમાં હંમેશા સોથી સવાસો ભાઇઓ વાંચવા માટે આવે છે. આ વાંચનાલયમાં અગત્યના સર્વ કોઇ દૈનિકો, સાપ્તાહિકો, પાક્ષિકો અને માસિકો ગુજરાતી, અંગ્રેજી તેમજ હિંદી મૂકવામાં આવે છે. આવીજ રીતે પુસ્તકાલય ઉપર પણ વાંચન-અભિલાષીઓનું ખુબ દબાણ રહે છે. અને તેમની જરૂરિયાતને પહોંચી વળવુ ઘણી વખત બહુ મુશ્કેલ પડે છે. આ પુસ્તકાલયનો આજે ૭૦૦ વાચકો ચાલુ લાભ લે છે. આ પ્રવૃત્તિની આખી આર્થિક જવાબદારી શ્રી મુંબઇ જૈન યુવક સંઘને માથે છે. આને લગતા ટ્રસ્ટની આવક બાદ કરતાં આ પ્રવૃત્તિનો વહીવટી વાર્ષિક ખોટ લગભગ રૂા. ૨૦૦૦ ની આવે છે અને તે ઉપરાંત દર વર્ષે રૂા. ૫૦૦ થી ૧૦૦૦ સુધીની રકમનાં પુસ્તકો ખરીદાય છે. આ વાચનાલય તેમજ પુસ્તકાલયનો કશા પણ લવાજમ સિવાય અને નાત જાતના કશા પણ ભેદભાવ સિવાય સૌ કોઇને લાભ આપવામાં આવે છે. આમજનતા માટે આ એક જ્ઞાનની પરબ છે. સંઘની આ એક મુંગી છતાં અતિ ઉપયોગી જાહેર જનતાની સેવા છે. આ દિશાએ સંઘનો આર્થિક ભાર હળવો કરવા પ્રબુદ્ધ જૈનના વાંચકોને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે. સાર્વજનિક સેવાના અને જ્ઞાન પ્રચારના આ કાર્યમાં કોઇ પણ શ્રેયાર્થી ચાલુ ખર્ચમાં પુરવણી કરી શકે છે, પુસ્તકાલયનો પુસ્તક સંચય વધારવાની દિશાએ પણ આર્થિક સહાય આપી શકે છે. આ અમારી વિજ્ઞાપના પ્રબુદ્ધ જૈનના વાંચકોને પ્રસ્તુત વાંચનાલય પુસ્તકાલયનો લાભ લેનાર ભાઇઓને જરૂર સ્પર્શશે અને અમને મદદરૂપ થવા જરૂર પ્રેરાશે એવી અમો આશા રાખીએ છીએ.

તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી
મંત્રી વાંચનાલય પુસ્તકાલય સમિતિ.

જખમ બોલે છે.

એમ તો ઘણાના કપાળમાં જખમ હોય છે; તોય તે બધાં 'કપાળફુટ્યા' નથી કહેવાતા. તેમ રામજી શેઠના કપાળમાં મેટો જખમ હતો; માટે તેને 'ફુટકપાળો' નહોતા કહેતા, પણ ભાગ્યે સંપત્તિ આપી હતી; કાયમની ચોઢસ બાંધી આવક હતી, છતાં પણ હમેશાં તો ઠીક પણ વરેખરે પણ મામુલી માણસની પેઠે વર્તતા. જરાય શેઠાઈ તેનામાં દેખાતી નહિ કે તેને ત્યાં કોઈ-દી રંગરાગ થતા નહિ. તેથી જ તે કપાળફુટ્યા–ભાગ્યફુટ્યા કહેવાતા. ધીમે ધીમે આ નામ અમારા સમુહમાં ખૂબ પ્રચલિત થઇ "ફુટકપાળો" એ રામજી શેઠનું બીજું નામ જ બની ગયું હતું.

તેનું નામ અને નામરૂપ આબરૂ માટે તો લાંબા સમયથી હું સાંભળતો હતો, પણ તેથી વધુ કંઈ જાણતો નહતો. પણ જ્યારે અમે એક જ મકાનમાં પાડોશી થયા ત્યારે તેના નામની સાર્થકતા કંઈક સમજાણી. તે તદ્દન સાદી રીતે પણ સંતોષથી રહેતા છતાં પણ તેને લોભીયા કહેવાય તેમ નહોતું; કારણકે જીવ બાળીને પૈસો એકઠો કરવાનું તેનું લક્ષ્ય હોય તેમ ન દેખાયું. તે કંજુસ ગણાય તેમ પણ નહોતું, કારણકે ગરીબ ગુરબાને ખપ વખતે ચુપચુપ કંઈ ને કંઈ આપ્યા જ કરતા અને બીજો તે ન જાણે તેની ચીવટ રાખતા. જાહેર ફાળાવાળા જરૂર નિરાશ થવાના જ. કદાચ કંઈ આપવા જેવું લાગે તો વગર નામે આપતા કે મોકલાવી દેતા. શા માટે તેને પોતાના નામની સુગ હતી તે સમજાતું નહિ, પણ હતી ખરી.

સામાન્ય વાર તહેવારે કે બીજા પ્રસંગો ઉપરાંત તેને ત્યાં બે વર્ષમાં ઉપરાઉપરી પાંચ પ્રસંગો આવ્યા. બે દીકરા અને બે દીકરીના લગ્નના અને એક તેની પત્નીના ષષ્ટિપૂર્તિ ઉજવણાનો. આ સૌ તેણે તદ્દન સામાન્ય રીતે ઉકેલ્યા. જરાય ભપકો કે ઠાઠમાઠ નહિ. આ ઉપરથી અમારી ખાત્રી થઇ હતી કે માણસો તેને કપાળફુટ્યો કહેતા હતા તે વ્યાજબી હતું. વરેખરે વરસે નહિ, જરા રંગરાગ કરે નહિ, તુરો બેલાવી છાતીપુલી તેની કડીવાની કંસ તુટે નહિ, કે અનેકની શાબાશી ખાટે નહિ, તો પછી તેની લક્ષ્મીનો ઉપયોગ શો? ઇશ્વરે લક્ષ્મી આપી? પણ ભાગ્યમાં હોય તો વાપરે ને, અમારી સૌની નજરમાં તે પાકેપાકા ફુટકપાળા–ભાગ્યફુટ્યા હતા.

પાડોશી તરીકે નરમ પ્રકૃતિના અને કામને પ્રસંગે પડખે ઉભા રહે તેવા હોવાથી બધા સાથે તેનો સંબંધ ઠીક હતો. મારે તો મઝાક કરવા જેવો તેની સાથે સંબંધ હતો.

.....આજે ઘણા વખતે પણ મને નથી સમજાતું કે તે દિવસે મેં કેમ તેની મઝાક કરી તેનો રૂઝાયેલો જખમ ઉખેળવા પ્રયત્ન કર્યો? મારે પૂછવું નહોતું જોઈતું, પણ મારાથી સહજ પૂછી જવાયું કે "રામજીભાઇ! તમે લડાઇમાં જાઓ એવા વીર તો નથી, તો પછી કયા ભપકે ભરાણા હતા કે બરાબર કપાળમાં જ ઘા પડયો?" મારા પ્રશ્નથી તે એકદમ ગંભીર થઇ ગયા, તેના મુખ ઉપર વિષાદની છાયા પ્રસરી વળી, અને પોષ માસની ઠંડીમાં જેમ કોઈ ઠંડા પાણીના છાંટા નાંખતા ધ્રુજે તેમ ધ્રુજી ગયા. દિલમાં જતનાપૂર્વક દબાવી રાખેલ કોઈ અણગમતી વાત અચાનક બહાર કાઢતાં કોઈ ન કળી શકાય તેવું દુઃખ થતું હોય તેમ લાગ્યું. પછી તો મેં વાતને ટાળવા પ્રયત્ન કર્યો; પણ તેણે એક વખત તે વાત કહી જ નાંખવી હોય તેમ મને કહ્યું કે "ડોકટર સાહેબ, લડાઇમાંનો હું શુ જાણું? કયાં મારી એવી છાતી છે કે હું ત્યાં વીરતા કરું? સરકારની લાઠી કે લાત પણ મારા ભાગ્યમાં નથી, કારણ કે હું તો પૂરેપૂરો ડરપોક છું. એટલે એવી વાતથી આઘો ભાગું, અને કોઈ એવી ભેમડે પણ નથી ભરાણો કે મને ઘા પડે. મારા કપાળનો આ બળખામણો ઘા? બલબત હું જાણું છું કે તમે બધા મને ફુટકપાળો કહો છો અને મારી મઝાક ઉડાવો છો; પણ એ ઘા તો કોઇના વણજરવ્યા સુખના કારમા દર્શનના કુર કટકાનો છે, અને હવે તો તે મારા જીવનનો દીવડો છે. પ્રતિક્ષણે મારા અંધારીયા જીવનમાં તેણે મને જીવનનો ખરો માર્ગ ચીંધ્યો છે. જ્યારે વૈભવની આંધીમાં પડવાની અણી ઉપર હું આવું છું, જ્યારે મારા સાહ્યબીના પ્રદર્શનો ગોઠવવાનો મનસુબો કરું છું, જ્યારે ગરીબ જગતમાં ભમરકર ભેદભાવ દેખાય તેવો ઠાઠમાઠ કે દેખાવ કરવા મન કરું છું, ત્યારે તે જખમ બોલે છે કે "રહેવા દે, રહેવા દે, એક વાર તારા કપાળ ઉપર તારો હાથ ફેરવ, એકવાર આરસીમાં તું મને જો, અને પછી બીજું પગલું ભર." અને તુરત હું ચેતી જાઉં છું. એટલે આ જખમથી હું જરાય શરમાતો નથી, પણ આનંદ અનુભવું છું કે જો આ ન હોત તો હું કયાં હોત? મારા ગર્વ કયાં પહોંચ્યા હોત? મારી સંપત્તિના ચડતા કાળમાં મારી ફાટ કેટલી વધી હોત?, અને હુંય મારા જેવા જખમ કેટલાના કપાળમાં કરી બેઠો હોત? લડવૈયો જેમ પોતાની છાતી ઉપરના મરદાનગીના ઘા માટે મગરૂર હોય છે તેમ હું પણ ગરીબીની સ્મૃતિ જેવા કપાળના આ ઘા માટે તેટલો જ મગરૂર છું. આ તમને ખરું કહું છું. તમને આ અટપટી વાત નહિ સમજાય એટલે આજ સુધી કદી કોઇને નથી કરી અને જેની સ્મૃતિ મને દુઃખ ઉપજાવે છે તે વાત તમને એક વખત કરી દઉં કે આ જખમ કેમ થયો અને તે શું બોલે છે.

"જ્યારે હું આઠ નવ વર્ષનો હતો ત્યારે અમે મારા વતન જામનગરમાં રહેતા. એક વિશાળ બંગલા જેવા ઘરના આંગણાના ખૂણામાં અમારું બાપીકું નાનું જર્જરિત ઘર હતું. એકમાં દોમદોમ સાહ્યબી હતી. બીજામાં કાળી ગરીબી હતી. બંગલાવાળા અને અમે એક જ નાતના અને સગા હતા, પણ અમારા ભિન્ન ભિન્ન ભાગ્યે અમને એક બીજાથી અતિ દૂર રાખ્યા હતા. શેઠની પેઢી ધમધોકાર ચાલતી, મારા બાપની મજુરી પણ પુરીપાંચરી ચાલતી નહોતી. એ આરામથી કંટાળતા પણ કામ કરતા નહિ; મારા બાપા કામથી કંટાળતા પણ આરામ પાસે ય આવતો નહિ. એની પાસે પુષ્કળ આવતું હતું પણ ભૂખ નહોતી–રુચી નહોતી; અમારે ભૂખ તો ઘણી હતી પણ પૂરેપૂરું ખાવાનું નહોતું. આવો તફાવત અમારા મોટાઓ સમજતા એટલે તેઓ એક બીજા સાથે હળીમળી શકતા નહિ, પણ અમે બાળકોતો કાયમ સાથે જ રમતા. મને લાગે છે કે ગરીબોના બાળકોને બીજું કંઈ કરવાનું કે ઘર આગળ આનંદ કરવા જેવું કંઈ નથી હોતું અને તેની બીજી જરૂરી ચિંતા કરી રોકટોક પણ કોઇ નથી કરતું, તેથી તેઓ બીજી બાબતોમાં નહિ પણ રમતગમતમાં તો શાહુકારોના બાળકો કરતાં વધુ પાવરધા હોય છે, એટલું જ નહિ પણ ભવિષ્યમાં કાયમ કોઇના દોર્યા દોરાવાને સરજનાર નાનપણમાં રમતગમતમાં બીજાને દોરનારા પણ હોય છે. હુંય રમતગમતમાં સારો હતો, પણ બીજી બાબતમાં બહુ પાછળ હતો. કપડાલત્તા, અને ખાવાપીવામાં-અનેકબાબતમાં તેઓ અવારનવાર રંગબેરંગી કપડા પહેરી અમને બતાવવા આવતા, અને રોજ ઓટલે બેઠા બેઠા મીઠાઇ, મેવા, ફળાદિ ખાતા ખાતા અમોને ચીડવતા, અને ઠળીયા મારતા, ત્યારે અમોને તેની ઉપર ખૂબ ચીડ ચડતી. અને અમારા બાપ ઉપર ભારે ગુસ્સો આવતો કે એનો બાપ કેવો સારો છે કે પોતાના છોકરાઓને બધું અપાવે છે અને અમારો બાપ કેવો કંજુસ અને ખરાબ છે કે અમને કંઇ અપાવતો નથી. આમ ન કળી શકાય તેવી રીતે અમારામાં જીવન પ્રત્યે અસંતોષ અને બાપ અને ગૃહજીવન ઉપર ધૃણા આવતી હતી; કારણ કે ગરીબી કે તવંગરીને અમે નહોતા સમજતા. તેથી તેના પરિણામને અમે બીજી રીતે સમજી ગરીબ બાપાપને નિંદતા અને માનસિક રીતે તેમનાથી નિત્ય દૂર ને દૂર થતા જતા હતા.

માગણ, છોરૂ, મહીપતિ, ચોથી ઘરની નાર,
છત અછત સમજે નહિ, ને લાવ્ય, લાવ્ય ને લાવ્ય.

તેમ અમે બાપાપની છત અછત સમજ્યા વિના શેઠના છોકરા ઓની જેવી વસ્તુઓ માટે કજીઓ કરતા. વસ્તુઓ ન મળતી. માર મળતો. એટલે પહેલા અમે રોતા અને પછી અમને મારનાર બાપાપ

રાતાં. આ આંસુ હજુય મને યાદ છે. આવું તો રોજ અમારા જીવનમાં બનતું. કેમકે નિત્ય નવું પ્રદર્શન શેઠના છોકરા કરતા અને અમે તેનો કજીયો કરતાં. કેટલીયે વાર અમારી બાએ આ ત્રાસમાંથી છૂટવા અમે મરી જઈએ એમ પણ ઇચ્છયું હતું !

મોટા થયા પછી ઘણી વાર બચપણના બનાવો યાદ આવતા ત્યારે વિચાર થતો કે 'એમાં શેઠના છોકરાઓનો શો વાંક ? તેના બાપ પાસે દ્રવ્ય હતું. દિનપ્રતિદિન તેમાં વૃદ્ધિ થયાં જ કરે તેવો સંભવ હતો. એટલે તે પૈસો પોતાને રૂચે તે રીતે વાપરી આનંદ માણવાનો તેને અધિકાર હતો. અને આ અધિકાર, આ સુખપ્રાપ્તિ માટે તો તેણે દ્રવ્ય ભંડોળ એકઠો કર્યો હતો. તો તે તે રીતે વાપર્યો તેમાં ગુન્હો શું ? જીવન ધોરણ ઉંચું રાખવાનું અને લોકોને સુખી રાખવાનું આજે તો સૌ કોઈ પોકારી પોકારીને કહે છે તો સુખ, ઉચ્ચ ધોરણ કહેવું કોને ? ઉચ્ચ જીવન ધોરણ, રિદ્ધિસિદ્ધિ અને સુખ માપવાનો આ સીવાય બીજો સાંસારિક ગજ કયો ? ભાગ્યવંતના ભાગ્યનો આ સીવાય બીજો પરચો શો ? જેમ આ બધા પ્રશ્નોના પ્રત્યુત્તરો આપનાર આજ પણ નથી, તેમ તે વખતે પણ નહતા, એટલે ભાગ્ય, નશીબ, પૂર્વજન્મના પુણ્ય, આદિથી તેનો જવાબ વળી રહેતો. જો જગતના માનવીઓમાં આ જાતના નિત્ય જાગતા મનોવ્યાપારનો મનોમન ઉકેલ થઈ જતો હોત અને ભાગ્યની કરામતને પૂરેપૂરી શ્રદ્ધાથી સ્વીકારી લેતા હોત તો ગમે તેવી વિષમ સ્થિતિ માટે કોઇને કંઈ ન લાગત અને જીવન સુખી હોત, ઇર્ષ્યા, અસૂયા વગરનું હોત, પણ તેમ નથી. કારણ કે ચાલુ જીવનમાં બનતા બનાવોનાં કાર્યકારણના ભેદ કરતાં તેના દૃષ્ય પરિણામ ઉપર માનવી વધુ ઝડપથી જાય છે. ઉપરાંત જગત સમજતું થયું છે કે માનવજાતનું સુખ, સગવડતા, શાન્તિ કે સિદ્ધિ અનેકના સમગ્ર પ્રયાસનું પરિણામ છે. એટલે ભલે માણસ પોતે સ્વતંત્ર હોય, (જો કે પૂરી રીતે નથી જ) તેના ઘરનો ધણી હોય, પણ તે જગતનો અંશ મટી શકતો નથી. તેણે પણ તેના વિકાસમાં, તેના જીવનમાર્ગની સરળતામાં પોતાના વ્યક્તિત્વ અને સ્વતંત્ર્યનો અમુક અંશ અર્પણ કરવાનો રહે છે. માણસજાત નકલખોર છે. તે દેખાદેખીથી પોતાનો જીવનમાર્ગ નક્કી કરે છે અને બીજાની સરખામણીથી પોતાનું સુખ અને વિકાસ માપે છે. થોડા માણસોની આંખ જ અદૃષ્ય માર્ગ દેખી શકે છે. થોડા જ માણસો વાસ્તવિકતા આંખ સામે રાખી પોતાની શક્તિની મર્યાદા પ્રમાણે જીવનમાર્ગ મૌલિકપણે યોજે છે. બાકી તો બહુધા કોઇની પાડેલી કેડી ઉપર જ ચાલે છે. જીવનમાર્ગના આ પથિકોની મંજલની સરળતાનો આધાર કેડીના પાડનાર ઉપર છે. દરેક ક્ષણે માણસ જીવનના ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં કેડી પાડયા જ કરે છે. કોઈ નાની, કોઇ મોટી, કોઇ ગહન અને કોઇ વિકટ કે વિષમ. દરેક કેડી પાડનારે વિચારવું ઘટે કે તે માર્ગે કોઇને કોઇ અજાણ્યો ચાલવાનો છે અને જીવન મંજલ કાપવા પ્રયત્ન કરવાનો છે. એટલે માનવીના તે કોઇને વિષમજીવન જીવી ખોટી કેડી પાડવાનો અધિકાર નથી. આમ છતાં જેવી તેવી કેડીઓ પડયેજ જાય છે. અને પથિકો માર્ગ ભૂલે છે. અમારા પાડોશી શેઠ પ્રતિદિન પોતાની શાહુકારીનાં પ્રદર્શનો કોઇ ને કોઇ રીતે કરતા હતા અને કેડી પાડયે જ જતા હતા. અમે તેથી અંજાઇ તે માર્ગે કોઇ સુખની આશાયે જવા પ્રયત્ન કરતા હતા. કારણકે અદૃષ્ય જીવન માર્ગ દેખવાની અમારી શક્તિ નહોતી. પરિણામે સુખના નવા ધ્યેયને તો ન પહોંચાતું, પણ અમારું હતું તે પણ ખોવાતું હતું અને નવું દુઃખ તેથી જન્મતું હતું.

.....એક દિવસે મારી બા અમારા નિત્યના કજીયાથી કંટાળી ગઇ. તેને પણ રહી રહીને લાગ્યું ખરું કે બીજાનું દેખીને મોટાઓ ઇર્ષ્યાથી મનોમન કજીયા કરતા હોય છે, ત્યારે હું તો અણસમજુ બાળક હતો, એટલે મારા જેવડા નાના સાથીઓ પાસે હોય એવી વસ્તુઓ માટે હું કજીયા કરું તે અસ્વભાવિક નથી. તેથી તેને લાગ્યું કે આ કજીયા અટકાવવા કાંતો અમારે ઘનિકની પડખે આવેલું અમારું બાપીકું ઘર વેચી અમારા જેવા ગરીબોના લતામાં જઈ રહેવું, કાંતો અમારે એકદમ સમજી અને શાણા થઇ જઈ કજીયા મુકી દેવા, અગર તો શેઠે જે સમાજમાં તે વસે છે તેવું સામાન્ય જીવન અંગીકાર કરી પોતાના ધનના પ્રદર્શનો અટકાવવાં. આમાંથી કયું શક્ય હતું તે તો કોયડો હતો. ઘર વેચી અમારા જેવા ગરીબને આશરા વગરનું થઇ રહેવું સહેલું નહોતું. ઘડી એકમાં અમે શાણા થઇ જઈ કજીયા ન કરીએ તે પણ સંભવિત નહોતું. એટલે ભલે શેઠ પોતાનું જીવન તદ્દન સામાન્ય ન કરે, પણ પોતાના છોકરાંઓને ઘરમાં બેસાડીને ખવરાવે તો બાળકો પુરતું તો કામ સરળ બને તેમ હતું. તેથી મારી બાએ એક દિવસે કચવાતે મને ડરતાં ડરતાં શેઠને ત્યાં જઇને નમ્રતાથી શેઠાણીને કહ્યું કે કે "બા, તમારી ઉપર ઇશ્વર આજે રાજી છે. એટલે અમે પણ રાજી છીએ અને ઇશ્વર હજુય તમને વધુ આપે તેવી અમારી ગરીબની દુવા છે. તમારા છોકરાઓને ભગવાન સો વરસના કરે અને ઘણું આપે. પણ મા એક વાત કહેવા આવી છું કે તમે તેઓને બહાર ઓટલા ઉપર બેસાડી ખાવાનું આપો છો એ જોઇને અમારા છોકરા અણસમજાથી કજીઆ કરે છે. અમે તેઓને કંઇ અપાવી શકીએ તેવી અમારી શક્તિ નથી. એટલે છેવટે તેઓને ખૂબ માર મારવો પડે છે. છોકરાં દેખાદેખીથી કજીયા કરે તેને થોડી અક્કલ છે કે તે પોતાના ઘરની સ્થિતિ સમજે."

શેઠાણીને આ વાત ન રૂચી. તેમાં તેને ઇર્ષ્યાનો ભાસ થયો. તેથી ખુલ્લે ખુલ્લું સંભળાવ્યું કે "શરમાતી નથી આવી વાત કરતાં ? છોકરાં કજીયા કરતાં હોયને તો પોતાનાને ઘરમાં ઢાંસી રાખીએ, પણ બીજાને કહેવા ન જઇએ ! છોકરા ખાય છે તે એના ઘરનું ખાય છે. થોડું કોઇના બાપનું ખાય છે ? ન દેખાતું હોય તો આંખમાં મરચાં આંજે. બાકી તો અમારા છોકરાં ઘરાસર ખાશે, તમારી છાતી માથે બેસીને ખાશે. તમારા જેવાં શંકા માટે તેને કાંઇ નહિ રોવરાવાય." મારી બા ઘરે આવી. તેનું હૃદય એક તો ગરીબીથી આળું તો હતું જ, એટલે આ કટુ વેણે તેમાં લૂણ લગાડયું. તે આવી ત્યારે આંખમાંથી અંગારા ઝરતા હતા. તેજ વખતે મેં બરફી માટે કજીયો કર્યો. તેણે ગુસ્સામાં છુટું ઢીંચણીયું માર્યું. અને મારું કપાળ ફુટી ગયું. જખ્મની વ્યાધિથી બેભાન થઇ ગયો ત્યાં સુધી હું રડયો. પછી તો મારી બા, દાદી, બાપા અને બીજા ભાંડરૂઓ આખો દિ રોયાં જ કર્યું. કોઇએ કંઇ ખાધું નહિ. પંદર દિવસે મારો જખ્મ રૂઝાયો. આ મારથી હું એટલો બધો હેબતાઇ ગયો હતો કે ત્યાર પછી મેં કોઇ દિવસ કોઇ વસ્તુ માટે કજીયો કર્યો નથી, અને મુક્તપણે હું હસ્યો નથી કે મન મૂકીને રોયો નથી. અનેક વાર મને સ્વપ્નામાં ઢીંચણીયું, રાતું લોહી, શેઠના છોકરાં અને કપાળનો ઉંડો ઘા દેખાય છે. એટલે મારાથી હીબકાં ભરી જવાય છે. આ વાતને વર્ષો વીતી ગયાં છે. આજે તો મારી સ્થિતિ સારી છે. એટલે કોઇ કોઇ વખતે મને પણ મારા દ્રવ્યનું પ્રદર્શન કરવાની નબળી વૃત્તિ થાય છે. ત્યારે મારો જખ્મ બોલે છે કે "રહેવા દે, બાપ, રહેવા દે, એક વખતે કોઇના પ્રદર્શને તારું કપાળ ફોડાવ્યું. તું તારા પ્રદર્શને બીજા કોઇનું કપાળ ન ફોડાવતો. તારી પાસે જો પૈસા હોય તો જગતમાં સુખ, શાન્તિ વેરતો જા, કોઇ પડેલાને ઉઠાડતો જા, પણ તેનાં પોકળ પ્રદર્શનોથી ગરીબોની દુનિયા કડવી ઝેર જેવી કરતો ન જા."

વ્રજલાલ ધ. મેઘાણી.

આળાં હૈયાં

પ્રબુદ્ધ જૈનના વાંચકોને પરિચિત ભાઇ વ્રજલાલ ધરમચંદ મેઘાણીની કેટલીક કથાઓનો સંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં બહાર પડનાર છે. આ ૨૫૦ પાનાના દળદાર પુસ્તકની કીમત રૂા. ૨।। રાખવામાં આવી છે. સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક રૂા. ૧।। માં આપવામાં આવશે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭ | મુંબઈ: ૧૫ જાન્યુઆરી ૧૯૪૨ મંગળવાર. | છૂટક નકલ
અંક : ૧૮ | | કિંમત : ૨ પૈસા

રાણી

જ્યારથી તોગા આમર જેવા બળિયા સાથે દરબારે બગાડયું ત્યારથી જ ગામને બીક તો હતી કે જરૂર કોઈ પણ વખતે તે દેરડી ઉપર ત્રાટકશે અને દરબારનું વેર તેની રાકડી રૈયતને રંજાડીને લેશે. તખુભા તો હતો ગામધણી, અનેકનો પાલનહાર, એટલે તેને તો હાથ ન અડાડી શકાય એવો તે દૈવી માનવી ગણાય, તેથી 'પખાલીને વાંકે પાડાને ડામ'ની જેમ રાકડી રૈયત સિવાય વેર લેવું ય કોના ઉપર? સતયુગથી આમ જ ચાલતું આવ્યું છે, ત્યારે આ તો કળિયુગ હતો!

કાયદાથી પગારદાર માણસો દ્વારા જ્યારથી પ્રજાનું રક્ષણ થવા માંડયું છે ત્યારથી ધીમે ધીમે ભય અને તેના પ્રતિકારનું ભાન લુપ્ત થતાં તેનું લડાયક ખમીર અને શૌર્ય ઓસરતું જાય છે, તેને જીવવું વધુ ને વધુ વહાલું બનતું જાય છે અને નિર્માલ્યતાભર્યો વિલાસ અને એકલપેટાપણું તેનામાં પ્રવેશતું જાય છે. ઘણાં વર્ષો થયાં ગામનું રક્ષણ સરકારી પસાયતાઓ કરે છે, તેથી અનેક મર્દોના પાળિયાથી શોભતા પાદરવાળા દેરડી ગામમાં સરકારી પોલીસ-પટેલ મૂળજી સિવાય બીજું કોઈ ત્યાં પડકાર કરે તેવું નહોતું. મૂળજી કંઈક છાતીકઢો હતો અને તેને થોડીક હથિયારની અને થોડીક સરકારી હોદ્દાની ફૂંક હતી, એટલે તોગા સરકારી માણસને પજવતાં જરાક મનમાં ધ્રાસ્કો જતો. પણ જ્યારે તેણે જાણ્યું કે તે રજા લઈને પોતાને ગામ ગયો છે, એટલે રેઢા પડમાં દેરડી ઉપર આવવું તે તો 'આકડે મધ' જેવું લાગતાં તેણે એક ભેરુ સાથે તખુભા દરબારને કહેરાવ્યું કે, 'હવે માટી થાજે. મારા ચોરસો બાંય આપી રહ્યો છે. તો તેનો હિસાબ સરભર કરવા દેરડી ધમરોળવા આઠ દિવસમાં આવું છું. આજથી એક બાંધતો હું તો બે બાંધજે!'

તખુભાએ એકને બદલે બે તો ન બાંધી, પણ તોગાના તાપે સીમ દી-છતી ઉજ્જડ થઈ જતી, અને ગામનો ઝાંપો દીવાટાણે દેવાઈ જતો. રાત્રે ગામની ઉજ્જડ ચોકી કોટવાળ આલમ ગામેતીને દરબારે સોંપી. લોકોએ પોતાનું જોખમ સંગેવગે કરવા માંડયું; પણ એક રાત્રે જ્યારે ઠોકરા ટીકડિયો તારા ઉગ્યો અને ગામમાં ઘમ્મર ઘંટી શરૂ થઈ ત્યારે આલમની ઘરવાળી રાણી પણ ઉઠી, અને પંડ કરતાં કયાંય નાની બાટલીમાં ટૂંથિયા વાળીને સૂતેલા પોતાના ધણી ઉપર આસ્તેથી એક ગોદડું નાખી જ્યાં ઘંટીએ બેસવા જતી હતી ત્યાં તેણે લોકોના રીડિયા સાંભળ્યા. તુરત તે કળી ગઈ કે જરૂર તોગા ગામમાં આવ્યો છે. તેને એકદમ યાદ આવ્યું કે ગામમાં કંઈક ગણાય તેવો મૂળજી રજા ઉપર હતો અને બીજો કોઈ એવો કાઠાગળિયો નહોતો કે તોગાને પહોંચે અને મોકો આવ્યે તેની ઝીક ઝીલે, પણ રાણીને આલમ માટે ભારે પોરસ હતો એટલે તેને લાગ્યું કે, ભલે ને તોગા આખો લાગ સાધીને આવ્યો હોય, પણ એનો ધણી આલમ ગામેતી તેનાથી કયાં કમતી છે? એય તો સંધીનો દીકરો છે, જુવાન છે, વળી ગામનો કોટવાળ છે; પણ વધુ તો તે તમાસી જમાદારની બેટી રાણીનો મરદ છે. એટલે જો અત્યારે તોગો દેરડી મારી જાય તો તે સંધીની જનેતા લાજે-રાણીનો વેહલર્યો સંસાર લાજે. ગામનું રક્ષણ ધણીધણિયાણીએ કરવું ઘટે. મૂળજી નથી તો શું થઈ ગયું. કામ કરે છે. મૂળજી આમાં ભય હતો, જીવ-સટોસટનું કામ હતું, બળિયા સાથે બાથ ભીડવાનું હતું, છતાં કોણ જાણે કેમ રાણી અજબ ઉલ્લાસમાં આવી ગઈ અને બધું ભૂલી ગઈ.

રાણી તમાચી જમાદારની દીકરી. આ તમાચીએ જુવાનીમાં એકલે હાથે બહારવટિયાઓને તગડી મૂકયા હતા અને ઝપાઝપીમાં એક આખી બોઈ હતી. આધેડ અવસ્થામાં પોતાની જમીન માટે એક હાયમાં તસબી અને બીજામાં તરવાર લઈ રાત્રે સામે બહારવટું ખેડતા ખેડતા તે કામ આવી ગયો હતો. પછી જ્યારે ઘરમાં રાણી એકલી થઈ ગઈ ત્યારે તેના હાથ માટે સગાંસંબંધીઓએ ઘણાં ઠેકાણાં બતાવેલાં, ઘણા જુવાનિયાઓએ ઝાવાં નાખેલાં, પણ પોતાના સ્વભાવને મળતો મરદ વધુ ફાવે એમ સહજ લાગતાં મન ન માનતાં સૌ ઠેકાણાં પાછાં ઠેલી બેઠાં હતાં. મરજી ઉપરવટ તેણે સૈયદની દીકરી થઈને સંધી આલમ ગામેતીનું ઘર માંડયું હતું. તેને ગામ આખામાં બીજા બધા કરતાં આલમ કોઈ જુદી માટીનો લાગ્યો હતો. આજે એ પાણી બતાવવાનું ટાણું આવ્યું છે એ ખ્યાલે તે ભય ભૂલી ગઈ. ઘરમાં જઈ તેણે આલમને ઢંઢોળ્યો. આલમ અર્ધનિદ્રામાં કચવાતો કચવાતો પડખું ફરી ગયો. રાણીએ ફરી વખત તેને હડબડાવ્યો કે, 'જમાદાર! ગામને પાદર દુશ્મન આવ્યો છે અને તને ઊંઘ કેમ આવે છે?' આલમ ખેંચેલી આંખે જ બોલ્યો, 'જા, શેનો ખા છ, ઊંઘવા દે ને! અત્યારમાં શું દાટયું છે કે જાગી છો?' એમ કહીને ગોદડું માથે ઓઢી ગયો. ગામમાં મોકાસો લવતો જતો હતો અને નજદીક ને નજદીક સંભળાતો હતો. રાણીની અધીરાઈ વધી. આલમનું ઓઢવાનું ખેંચી લઈ તેણે જરા તીખાશથી બૂમ પાડી કે, 'ગામમાં બહારવટિયાઓએ રંજાડ માંડી છે ને તને સંધીને કયા સુખે નીંદર આવે છે? ઊઠ, ઊભો થા!'

બહારવટિયાનું નામ સાંભળી આલમ ઊઠયો: 'કયા છે? કેટલા જણ છે? કયારના આવ્યા છે?'

'ઝાંપે. માતાના મંદિર પાસેથી અવાજ આવે છે. ઊઠ, ઊભો થા. આજે ગામમાં કોઈ હોકારો દે એવું નથી. નથી મૂળજી કે નથી પસાયતો. તખુભાએ તો ડેલી બંધ કરાવી દઈ પોતાના માણસોને અંદર ગઢ સાચવવા બેસારી દીધા છે. આજે તો, મારા કોટવાળ, મારા સંધી, ગામ આપણે ભરોસે છે. આવો મોકો કયારેક જ આવે છે કે આપણે ગામને પડખે ઊભાં રહીએ. ભલે ગામ પણ જાણે કે ગામમાં એક મરદ હતો કે જેણે એકલે હાથે બહારવટિયાને તગડી મૂકયા હતા.' આમ કહી રાણીએ ઉભળકાબેર આલમના કપડાં, તલવાર અને લાકડી લઈ તેની પાસે મૂકયાં. 'લે, સાબદો થા. જરા સબરી થા. આંખ તો પૂરી ઊઘડવા દે. એટલી વારમાં ઝટપટ એક રોટલો ઘડી નાખ. ભૂખ્યે પેટ થોડું ધિંગાણું ખેલાશે? ઉતાવળ શું છે? આવ્યો છે તે કાંઈ થોડો એમ ને એમ ભાગી જવાનો છે? કયા અજાણ્યો છે? હાથ તેનો નાપેલો છે!'

'અરે, ચૂલો સળગાવું, રોટલો ઘડું અને તું ક્યાં ત્યાં તો તોગો ગામમાં હાહાકાર મચાવી દે અને એક-બેનાં જણેજણાં રોઝી દે. આવાર

ખાવાનું હોય કે રૈયતની વાર કરવાનું હોય? ઊઠ, ઊભો થા. ખાવાનું નામ લેતાં લાજ! આ કાળી ચીસો નથી સંભળાતી કે મૂઆ તને ખાવાનું નામ સાંભરે છે? જરા તો શરમા! ઓડિયાં ને કાતરાં લાજે છે! તારી ફાટફાટ થતી જુવાની લાજે છે! જરા જાત સામું જો!'

'એક વાતની સો સાત, કે ખાધા વિના ડગલુંય નહિ સંચરાય. ખાવાનું સાંભર્યું એટલે ખાધા વિના જવામાં સાર નહિ નીકળે. ઝટ ટીપી નાખને એક રોટલો, શું વાર લાગી જવાની છે? નાહકનો ખોટીપો તું કર છ!'

'ઠીક જમાદાર! તારા દિલમાં ખુટામણનું કૂડું પાપ જાગ્યું લાગે છે. નીકર આમ કાંઇ હોય! થોડો પૂંછલેલની પેઠે પાણીમાં બેસી જા! ત્યારે તું નિરાંતે ખાજે. હું નહિ રોકાઉં. જાઉં છું. તમાચી જમાદારની દીકરી અને આલમ ગામેતીની ઘરવાળીથી થોડું શિરામણના ચાનકા શેકવા આવે ટાણે રોકાવાશે? રોયા પેટભરા, તેં તો ગામની સલામું લજવી! ખળાના ગરીબ ખેડુના દીધેલા દાણા બગાડ્યા!' લોટની સૂંડલી છૂટી આલમના માથામાં મારી તેની કુહાડી લઈને તે બહાર નીકળી ગઇ. જતાં જતાં કહેતી ગઇ કે, 'જમાદાર, અલ્લા-બેલી! હવે રામરામ છે—આ પહેલા ને છેલ્લા મેળા!'

આલમ ફાટી આંખે ચંડિકા જેવી રાણીને જતી જોઇ રહ્યો! ગમે તેમ હોય પણ આજે આલમ તે આલમ નહોતો. કાં તો અમલદારોની ખુશામતભરી નોકરી પછી તેનું પાણી મરી ગયું હોય, કે બીજાની દેખાદેખીથી કાં તો જિજીવિષાની ભૂખ જાગી હોય, કે કાં તો તોગાએ તેને સાધી લીધો હોય! ગમે તે હોય, પણ આજે રાણીનો જવાંમર્દ મરદ આલમ મરી ચૂક્યો હતો. ગામની મહોબ્બત, લોકોની લાગણી, તેના પેટમાં પડેલું ગામનું ધાન—બધું તે ભૂલી ગયો! પોતે રાણીનો ગૌરવવંતો—પોરસવંતો મરદ હતો તેય ભૂલ્યો. તેની જુવાનીનું ખમીર અને રાણીની આશા એક સાથે ભાંગીને ભૂકો થઇ ગયાં. એ કર્યાય સુધી રાણીને જતી જોઇ રહ્યો, પછી ધીમે ધીમે ઉઠ્યો. અને 'કોઇ ખતરનાક ઓરત છે ને! સાલી બેગમજાત! મરવા દે! બાપેય આમ જ મર્યો તો!' આમ ગણગણતાં ગણગણતાં તે ડેલીની બહાર નીકળી ગયો.

રાણી માતાના મંદિરે પહોંચી અને જોયું અમરામ ખોજા, કપૂર પારેખ અને લખમણ પટેલને તોગો ડરાવવા માટે તરવારના ઘોકા મારતો હતો. એટલે તેણે પડકાર કર્યો કે, 'તોગા, બાપ, આ નથી શોભતું! દેરડી તો તારા બાપનું ગામ, એની એટલી આબરૂ તો રાખ અને ભૈયા કરી પાછો વળી જા, ભાઇ મારા! વતન માથે વેરી બન મા! મલકનો મદદ થા મા!'

'બાપનું ગામ છે ઈ તો જાણ્યું, એની કોણ ના પાડે છે? ત્યારે ભાઇએ ભાગ હોય ને? આજે ભાગ લેવા આવ્યો છું. ઘોળે દીએ બરબજ્જરે મારી બાયડીની આબરૂ ઉપર ગઢવાળાએ હાથ નાખ્યો ત્યારે ગામવાળા બધા મારા ભાઇ કયાં ગયા હતા? ગામે મારી શું આબરૂ રાખી છે કે મારે આજે તેની રાખવાની હોય? બિચારી દેવુ તો ગામની વચમાંથી બાંભરડી બાંભરડીને ગઈ, પણ આખા ગામમાંથી કોઇ મૂઠી ધાનના ખાતલે તે ગભરૂની આબરૂની ધા સાંભળી? સાલા નમાલા! ભાઇ થવા આવ્યો છે! એવા ધાન—બગાડાને ન મારૂં તો પૂજા કરૂં? એ તો ઠીક, પણ આજે ગામમાં શું કોઇ મરદ નથી મૂઓ કે તને ભાઇ-માણસને આગળ કરી છે? કયાં ગયો પૂંછ જેવી મોટી મૂંછવાળો ગામનો દરબાર? કયાં ગયો અમલદારની આડશમાં ગરીબોને દબડાવનાર તારો બકરકથો કટ્ટો સંધી? કયાં ગયા મોટાં ઓડિયાં તસતસતી ઉરેબ અને સુરમેલ આંખવાળા પારકી બૈયરના ચનારા રંગીલા માટી? શું બધા બાયડીની સેડમાં ભરાણા છે કે તારે આજે મારા જેવા મોં—બલ્યા બહારવટિયા પાસે આવવું પડ્યું! અમને મળીને છેતરવા માટે તો નથી મોકલી ને? પણ રાણી, બોન, એ દી ગયા. જ્યારથી દેવુએ દરબારને ઓરડે પુરાઇ આબરૂ માટે પ્રાણ કાઢી આપ્યો અને મારે નસીબે આ રખડપાટ આવ્યો ત્યારથી તો, બાવડી, દુનિયાના બધા રંગ, બધી ભમતા ભૂલ્યો છું. માટે હાલી જા, મારી બોન! હાલી જા, પાછી હેમખેમ! નાહકનો જો કોઇ અવડચવડનું વેણ બોલશે તો મને કપાળમાં કાળી ટીલી લાગશે! જા બાવડી, ઘરે બોલ્યો તારો ધણી ભૂખ્યો હશે. તેને રોટલા ખવરાવી—પિવરાવીને મોકલજે એટલે અમે હિસાબ પતાવી લઇશું! ભાઇડાની રમત્યું માં બાયડીનું કામ નહિ. જા, મારી બોન, જા. તારો સંધી આવશે ત્યાં સુધી નહિ ખસું. સાબદો કરીને મારા બનેવીને મોકલજે એટલે કાપડું દઇ મેલીશ. હમણાં જા!'

'સમજી, ભાયડાને શિરામણ સાંભરે, દરબાર ડેલીએ ભરાય અને જુવાનિયાઓને જીવવું વાલું થઇ પડે, એટલે જ બહોયાંવાળીને આમ કટાણે નીકળવું પડે ને! ગભરા મા, દરબારના વેરની ભઠ્ઠીમાં રાંકડી રૈયતને શેકી નાખતાં તને અરેરાટી નથી થતી તો પછી બાયડીજાતની દયા ખાવાની શી જરૂર? મારા બેહાં ગામમાં તારાથી જુલમ નહિ થાય. આ બાનને છોડી દે, નાહકના ટેંટા ફાટી પડશે!'

'રાણી, ઘર ભેગી થઈ જા, અમને અમારૂં કામ કરવા દે. તને બોન કીધી છે તો તારા ધણીનું નામ નહિ લઉં. અટલું મારૂં વેણ છે. રૈયત તો રાજાનું નાક કહેવાય, એટલે નાક દબાવીએ તો જ મોઢું ઊઘડે!'

'તોગા, તને દરબાર સાથે વેર, એને બદલે રાંકડી રૈયત ઉપર સુરસાંઢ થઈ આવ્યો છે એમાં કાંઇ તારી મરદાઇ નથી. તોગા જેવો તોગો થઇ દેડકાં શું ડાંભ છ! ત્રાટકને દરબારની ડેલી ઉપર! ત્યારે આડી નહિ આવું, પણ ભાઇને પડખે દેવુબેનનું વેર લેવા ઊભી રહીશ. પણ આ કાળો કામો મુકી દે. આમાં સાર નહિ કાઢે!'

'એટલી બધી વાત છે? બાયડીજાતની મરજાદ રાખતા હતા ત્યાં તો તેં હદ વટાવી! ભાણુ, જરા આ લપને વળાવી દે! એમ લવારો નહિ મૂકે!' ભાણ રાણીનું કાંડું પકડવાં જાય છે ત્યાં રાણી તેના પગના નળામાં કુહાડી મારે છે, એટલે તે ચકરી ખાઇને પડી જાય છે. ત્યાં તો કપૂર પારેખ અને અમરામ તોગાને પકડી પછાડે છે. રાણી કુહાડીનો ઘા કરી તેનો જમણો હાથ જોખમી નાખે છે. લખમણ બીજાના માથામાં લાકડીનો ઘા કરે છે. નબળાઇ કે બહાદુરીનો ચેપ કોઇ વખત તો એવો લાગે છે કે કલ્પેલી બાજી તદ્દન પલટી જાય. જ્યારે કોઇ મરદ માથાની પરવા વિના ઝૂઝે છે ત્યારે આજુબાજુના પણ મરણિયા બને છે, જ્યારે કોઇ ભીરૂ પીઠ બતાવી ભાગે છે ત્યારે તેનો ચેપ પણ તેવો જ લાગે છે. મોભરાનો આદમી શું કરે છે તેની ઉપર બધો આધાર હોય છે. રાણી અને બીજાને મરદ બનતાં જોઈ બીજા ગામવાળાઓ પણ બહારવટિયાની ઉપર તૂટી પડે છે. તોગો અને તેના પાંચ સાથીઓ ઘાયલ થયેલા બે સાથીઓને પડતા મૂકી ભાગે છે. રાણી ચુપચુપ ઘરે જઇ ડેલીની સાંકળ બંધ કરીને બેસી જાય છે. થોડી વારે આલમ આવીને ડેલી ખખડાવે છે. રાણી જવાબ આપે છે કે, 'ડેલી નહિ ખૂલે, જમાદાર! હવે આ ઘરમાં તારૂં બેસણું ન હોય! કોઇ વાણિયા—ભામણની કે કોળી—વાઘરીની નમાલી છોકરી ગોતી લે! ખાઇ—પીને પરવાર્યો એટલે બાયડી સાંભરી? હવે રાણીના લાળા છોડ! ગામને માથે જ્યારે આફત આવે ત્યારે જ શિરામણ સાંભરે એવો પેટભરો રાણીનો મરદ ન હોય! પાછો વળી જા, તું ઘર ભૂલ્યો! વતન માથે આફત આવી ત્યારે ધાન સાંભર્યું? ગરીબોએ કકળતી ઘા નાખી ત્યારે પેટનો ખાડો ભરવો સૂઝયો? જે ગામે તને પોષ્યો તે ગામ સાથે આવી ખુટામણ? પાછો વળી જા, બેલીડા, પાછો વળી જા! આપણા સંબંધનાં આયખાં પૂરાં થયાં. આટલી જ લેણાદેવી! હું તો તારી મૂછના આંકડા અને ઓડિયાંથી છેતરાણી હતી કે તું માથાની રમત રમનારો કોઇ માણીગર હશે, ગામની ભીડ ભાંગનારો ખરો કોટવાળ હશે, શુદ્ધ સંધીની ઓલાદ હશે, અને એમ જાણીને તો મેં તારૂં ઘર માંડ્યું. અંગની એબ દેખાડી, ઓળખીતામાં અળખામણી થઇ. પણ ભૂંડા! આવી બોંઠામણ આપવીતી? આવું ખુટામણ કરવું તું? હું કોને મોઢું બતાવીશ? જા સંધી, જા. મારાં ગાતર ગૅળે તે પહેલાં સમજાણું એમ ઠીક

આવેશ પંચક

[જૈન સમાજના વયોવૃદ્ધ આગેવાન અને જૈન ધર્મશાસ્ત્રના એક પ્રખર અભ્યાસી સદ્‌ગત શ્રી. કુંવરજી આણંદજીને અવસાન પામ્યાને આજે એક સંવત્સર પુરું થયું. તેમના સ્મરણમાં આ પ્રસંગે તેમના હાથે જન્મ પામેલ અને ૬૧ વર્ષ સુધી સંચાલન પામેલ શ્રી. જૈન ધર્મ પ્રકાશનો એક ખાસ અંક બહાર પાડવામાં આવ્યો છે. એ પુણ્યપુરુષના અવસાનના થોડા સમય પહેલાં તેમણે જ લખેલો નીચેનો લેખ જૈન ધર્મ પ્રકાશના ઉપરોક્ત અંકમાંથી અહિં ઉધ્ધૃત કરવામાં આવે છે. એ લેખ તેમના જીવનનો સંદેશરૂપ છે. આ પ્રસંગે તેમનાં પવિત્ર આત્માને સન્માન અને આદરની અંજલિ આપવા સાથે નીચેના લેખમાં રજૂ કરવામાં આવેલ તેમના ઉપદેશામૃતને અંતરમાં ધારણ કરવા અને જીવનમાં ઉતરવા પ્રબુદ્ધ જૈનના વાંચકોને અમો નમ્રભાવે વિજ્ઞપ્તિ કરીએ છીએ. તંત્રી]

આવેશ અનેક પ્રકારના હોય છે. ક્રોધનો આવેશ, અભિમાનનો આવેશ, કામનો આવેશ, લોભનો આવેશ અને શોકનો આવેશ. એ દરેક પ્રકારના આવેશ મનુષ્યને ભાન ભુલાવે છે.

(૧) ક્રોધનો આવેશ થાય છે ત્યારે મનુષ્ય જેમ તેમ બોલી જાય છે. હું શું બોલું છું ને કોની પ્રત્યે બોલું છું તેનું તેને ભાન રહેતું નથી. તેમજ આ આવેશભર્યા વાણીવ્યાપારનું પરિણામ શું આવશે તેનો પણ તે વિચાર કરતો નથી. ક્રોધના આવેશમાં એવું બોલી જાય છે કે જેથી સામા માણસને આપઘાત કરવાનો પ્રસંગ આવે છે. આ આવેશ તેના પૂર્ણ રૂપમાં હોતો નથી ત્યાં સુધીમાં મનુષ્ય તેમાંથી પાછો વળી શકે છે. તેને પોતાના સ્વરૂપનું ભાન આવે છે, પરંતુ પૂર્ણ આવેશમાં આવેલ તો તેના પરિણામે ઠોકર ખાધા પછી જ પાછો વળી શકે છે.

(૨) અભિમાનના આવેશમાં આવેલો માણસ પોતાની શક્તિ વિગેરેનો વિચાર શકતો નથી. પોતામાં હોય તે કરતાં વધારે જાણનાર માણસ જ અભિમાન કરે છે. તે જો પૂરા આવેશમાં ન હોય તો તેને સમજાવનાર મળે એટલે તે પાછો વળે છે, અને તેને પોતાની શક્તિ વિગેરેનું સાચું ભાન થાય છે. સુજ્ઞ પુરુષો આવો આવેશ કરતા નથી.

(૩) કામના આવેશમાં આવેલ મનુષ્ય કૃત્યાકૃત્યને, સેવ્યાસેવ્યને અને કાર્યાકાર્યને ભૂલી જાય છે. આવેશને વખતે તે એવું કાર્ય કરી બેસે છે કે તેનો ડાઘ જિંદગી સુધી જતો નથી. માટે સજ્જનોએ કોઇ પણ રીતે કામના આવેશમાં આવવું નહીં, પરંતુ જ્યારે તીવ્ર કામવાસના જાગે ત્યારે પોતાની પરિસ્થિતિનો, પોતાના સંબંધનો, કર્તવ્યાકર્તવ્યનો વિચાર કરવો અને આવેશમાં ન આવતાં શાંત થઇને પોતાની હદમાં રહીને કામવાસના પૂરી કરવી. આ આવેશ મદ્યપાન કરનારાઓ તેમજ બીજા માદક પદાર્થો સેવનારાઓને વારંવાર ઉત્પન્ન થાય છે. સજ્જનો તો કદી પણ માદક પદાર્થને સેવતા જ નથી કે જેથી કામાવેશમાં આવી જઇને ભાન ભૂલી જવું પડે.

(૪) લોભના આવેશમાં આવેલો પોતે કયાં સુધી ચઢયો તેનો તેને ખ્યાલ રહેતો નથી. જેમ જેમ લાભ વધતો જાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. શાસ્ત્રકાર પણ 'લાભથી લોભ વધે છે' એમ કહે છે. લોભી મનુષ્યને સંતોષના આસ્વાદનો તો ખપર જ પડતી નથી, તો પછી તેના આનંદનો ભોક્તા તો તે કેમ થઇ શકે ? સંતોષ એ એવી અપૂર્વ વસ્તુ છે કે જેના આલંબનથી મનુષ્યો ચાવું સુખ મેળવી શકે છે. અસંતોષીને ગમે તેટલું દ્રવ્ય મળે તો પણ તે શાંતિ મળતી નથી. તે તો નિરંતર નવી નવી વાંછા કરતો જ રહે છે. આ સંબંધમાં પૂર્વ પુરુષો ઘણું કહી ગયા છે. લોભને જ પાપનો બાપ કહેલ છે અર્થાત્ લોભથી અનેક પાપોની ઉત્પત્તિ થાય છે. આ સંબંધમાં શ્રી યશોવિજયજી ઉપાધ્યાયે લોભની સજ્ઝાયમાં ઘણો ઉહાપોહ કાઢેલો છે.

(૫) શોકના આવેશમાં માણસો માથું કૂટે છે, છાતી કૂટે છે, માથા પછાડે છે, અનેક પ્રકારના કલ્પાંત કરે છે અને વાતાવરણને શોકમય કરી નાખે છે. આ આવેશમાં ખાનપાન લગભગ છોડી દેવાથી તેમજ નિયમિત ન રહેવાથી શરીરમાં અનેક પ્રકારના વ્યાધિઓ ઉત્પન્ન થાય છે અને તેને પરિણામે કેટલાક મનુષ્યો આ અમૂલ્ય માનવ દેહ ગુમાવીને મરણને શરણ થાય છે. આવાં ઘણાં દૃષ્ટાંતો જોવામાં આવે છે. શોકનાં નિમિત્તો અનેક છે. તેમાં મુખ્ય અંગત સંબંધીનું મૃત્યુ અકસ્માત થઇ જાય તે છે. આવા પ્રસંગો અશુભના ઉદયથી અચાનક મનુષ્યોને આવે છે. સમજુ મનુષ્યો તેવે વખતે શાંતિ રાખી આવે પ્રસંગને સહન કરે છે—આવેશમાં આવી જતા નથી.

આ પાંચે પ્રકારના આવેશો ઉપરાંત બીજા પણ અનેક પ્રકારના આવેશો હોય છે. અલ્પસત્વી મનુષ્યોને વાતવાતમાં આવેશ આવી જાય છે. બોલતાં બોલતાં આવેશમાં આગળ વધી જઇ જેમ તેમ બોલી જાય છે. આવેશનો ઉભરો એવો છે કે તે સમયે આપણે શું કરી છીએ, શું બોલીએ છીએ, કોની સાથે કેવી રીતે બોલીએ છીએ સંબંધી સારાસારનો વિચાર થઇ શકતો નથી. પરિણામે પસ્તાવાનો પાર રહેતો નથી. આ સંબંધમાં જેટલું લખવું હોય તેટલું લખી શકાય છે, પરંતુ કેટલાક મનુષ્યો થોડામાં જ સમજી શકે તેવા હોય છે, તેમજ થોડા વિસ્તારવાળા કથનથી સમજી જાય છે તેથી અહીં વધારે વિસ્તાર કરવામાં આવ્યો નથી. આશા છે કે—આમાં બતાવેલા દરેક આવેશ સંબંધી પૂરતો વિચાર કરીને સુજ્ઞ મનુષ્યો તેને આધીન થશે નહીં.

સ્વ. કુંવરજી આણંદજી

થયું, નીકર ઊતરતી આવરદાએ કોને કે'વા જાત! જા બાપ, તારાથી રાણી નહિ મણાય! મોટા પેટવાળા અમલદારની પીળી-પચકેલ બાયડીયું નાં કામ કર, તેનાં શેડાળનાં છોકરાં રમાડ, ડેલીએ કૂતરાં તગડ અને સાહેબુનાં પથારી-પાગરણ ભેગાં કરી સલામું ભર, એટલે સુખની ચાકરી અને મનમાન્યું શિરામણ બેય આપશે. પછી નિરાંતે બેઠો બેઠો મૂછ આમળજે એટલે કોઇ હૈયાકૂટી મળી રહેશે. હવે અહીં તારું કામ નહિ! રાણી તો કાંટાની બિછાત!'

'રાણી! રાણી!'

'નકૂટની પેઠે 'રાણી, રાણી' કરીને ગાંગર મા! તારે ને રાણીને શું? રાણી તો કયારની મરી ગઇ. અને મારો સંધીયે મારે મન આજથી મરી ગયો.'

'ઊભો રે' સંધી, મહોબતની પહેલી રાત્રે દીધેલાં તારાં બલોયાં પાછાં લેતો જા. કોઇ હૈયાકૂટીને રમાડી-રીઝવવા તને કામ આવશે. આપણી તો લેણદેવી છૂટી. હવે મરદ કરીશ જો કોઇ મરજીવો માણીગર મળશે તો, નીકર અલ્લાબેલી! નમાલા પેટભરાની સોડ નહિ સેવું. પ્યૂટલનું ઓઢણું નહિ ઓઢું કે બાયલાનાં બલોયાં હવે આ કાંડે નહિ પે'રું!'

'રાણી, એક વાત તો સાંભળ! ડેલી તો ઉઘાડ!'

'જા, બાપ, મારા ભાઇ, જા. ભૂલી જા રાણીને. રાણી તારી ન હોય! મારગ ભૂલી ભેગાં થયાં હતાં, હવે મારગ મળી ગયો અને છૂટાં થયાં—આપણા મારગ જુદા: તારો જીવવાનો, મારો મરવાનો!'

રાણીનો આ લગ્ન-વિચ્છેદ કોઇ સુધારક દૃષ્ટિનો નહોતો. રાણીએ ટ્રાયલ મેરેજ કે પ્રાયોગિક લગ્ન કરેલ નહોતાં કે તેમાં ન ફાવ્યું એટલે માર્ગ જુદા કરી નાખ્યા. જેમ લગ્નસંબંધ સહજ હતો, તેમ આ લગ્ન-વિચ્છેદ પણ એટલો જ સહજ હતો. તેને લાગ્યું કે જીવનનો જો મેળ ન મળે તો તેને ખેંચવામાં શું સાર? એમાં તો બંનેને ખોટ જ આવાની હોય!

આલમ શરમનો માર્યો ચાલ્યો ગયો. ફરી કદી તે દેરડી ગામમાં ડોકાયો નહિ. દરબારે આલમની જગ્યા ઉપર રાણીને કોટવાળ બનાવી.

'નમાલાની સોડ નહિ સેવું. મરદ કરીશ જો કોઇ મરજીવો માણીગર મળશે તો, નીકર અલ્લાબેલી!'

આ વેણ પાછળ કોઇ મરજીવાની પ્રતીક્ષા કરતાં રાણીનાં ચાળીસ ગયાં—તેમ કદાપિ મનોભાવ જાય તોય શું? **વ્રજલાલ ધ. મેઘાણી.**

કેટલાક સમાચાર અને નોંધ

કવિસમ્રાટનો દેહોત્સર્ગ

કવિવર નાનાલાલ દલપતરામે જાન્યુઆરી માસની નવમી તારીખની રાત્રે પોતાના ક્ષણભંગુર દેહનો ત્યાગ કર્યો અને તેમનો અક્ષર આત્મા અક્ષર ધામમાં વિલય પામ્યો. આ દુઃખદ ઘટનાએ કચ્છ કાઠિયાવાડ અને ગુજરાતને જ નહિ પણ જેની સીમા હિંદ બહારના અનેક દેશો સુધી વિસ્તરે છે તેવા બૃહત્ ગુજરાતને પણ ખૂબ ગમગીન બનાવી દીધું છે.

આખી જીંદગી ગુજરાતી સાહિત્યની એકધારી ઉપાસના કરતો અને એ દ્વારા ગુજરાતી જનતાને સેવા અને પ્રકાશ આપતો અનેકોનો માર્ગદર્શક અને પ્રેરણાપ્રેરક દીપક સીતેર વર્ષની ઉમ્મરે આજે ઓલવાઇ ગયો છે. તેમના પિતા કવિ દલપતરામ ડાહ્યાભાઇ જેઓ જુનાં ગુજરાતી પાઠયપુસ્તકોમાં ક. દ. ડા. નામથી બહુ જાણીતા છે તેઓ ગુજરાતી કવિઓની આથમતી પેઢીના એક સમર્થ પ્રતિનિધિ હતા. એજ પિતાના પુત્ર કવિ નાનાલાલ નવી કવિતાના યુગના આદ્ય પ્રવર્તક બન્યા છે. કાવ્યપ્રદેશમાં કવિ નાનાલાલે અનેક નવા ચીલા પાડ્યા છે. કાવ્ય છંદોબદ્ધજ હોવું જોઇએ એ પરંપરા અને પ્રણાલિકાનો ઇન્દુકુમાર અને જયા જયન્ત જેવાં વાણીવિમલ અને કલ્પનાપ્રેરક નાટકો સરજીને કવિ નાનાલાલે ઉચ્છેદ કર્યો છે અને ગુજરાતી કવિતાને છંદશૃંખલાથી મુક્ત કરી છે. પણ આ છુટ અને પ્રણાલિકાભંગ છંદોબદ્ધ કાવ્યો રચવાના કોઇ અસામર્થ્યમાંથી જન્મ્યો નહોતો એ હકીકત એમણે સંખ્યાબંધ સુગેય કાવ્યો અને રાસો સરજીને પુરવાર કરી આપેલ છે. આજ સુધીમાં તેમણે નાના મોટા ૭૪ પુસ્તકો—કાવ્યોનાં, નાટકોનાં, વિવેચનોનાં—ગુજરાતી સાહિત્યને ચરણે ધર્યા છે. તેમનો આત્મા અત્યન્ત રસાળ હતો. તેમની કલ્પનાઉડ્ડયનને કોઇ સીમા નહોતી. આ દુનિયા અને તેના વિશાળ ખંડો તેમના માટે બહુ નાના હતા. અનન્ત બ્રહ્માંડમાં તેઓ સદા વિચરતા અને વિરાટ વિશ્વનો તો વતની હતો. પ્રેમલક્ષણા ભક્તિ તેમના સમર્થ કાવ્ય સર્જનનો પ્રેરણા સુર હતો. અને સાથે સાથે સંયમ અને શુદ્ધિ ઉપર તેમનો અત્યન્ત આગ્રહ હતો. તેમનું સમગ્ર સાહિત્યસર્જન અત્યન્ત વિશદ, નિર્મળ, નિર્વિકારી, ઉન્નત ભાવનાઓનું સદા પોષક અને વિરાટસ્પર્શી કલ્પનાઓથી છલોછલ ભરેલું હતું. કેળવણીના ક્ષેત્રમાં તેમણે જીવનની શરૂઆત કરી અને સમર્થ કાઠિયાવાડના કેળવણી ખાતાના તેઓ મુખ્ય અધિકારી બન્યા. ૧૯૨૦-૨૨ ના અસહકારના આન્દોલને તેમને પણ હલાવી મૂક્યા અને સરકારી નોકરી તેમણે ફગાવી દીધી. ગુજરાતના રાજકારણી ક્ષેત્રમાં તેઓ આવ્યા તો ખરા, પણ ગાંધીજી સાથે તેમ જ સરદાર વલ્લભભાઇ પટેલ સાથે તેમનો મેળ ન ખાધો એટલે રાજકારણી ક્ષેત્રમાં તેમના માટે કામ કરવાનો બહુ અવકાશ ન રહ્યો. પરિણામે સાહિત્ય સેવા એ જ તેમનો આમરણાન્ત એક અને અખંડ વ્યવસાય બન્યો. તેમનો સ્વભાવ અત્યન્ત ટેકીલો અને સ્વમાની તો. પાછળના વર્ષોમાં તેમણે ચાલુ આર્થિક મુંઝવણમાં તેમ જ એક બીજા પ્રકારની શારીરિક નાદુરસ્તીમાં પ્રસાર કર્યા; પણ કોઇ દિવસ એણે કોઇ પણ બાબતમાં ન્યૂનભાવ દાખવ્યો નહિ. આ તેમના સ્વભાવની વિશેષતા અન્યત્ર ભાગ્યે જ નજરે પડે તેમ છે. એક વખત તેઓ રાજ્યસ્થાનના ધુરંધર અને શ્રીમાન લેખાતા અનેક ગુજરાતીઓના પ્રશંસા પ્રીતિપાત્ર હતા. કવિ જ્યાં જતા ત્યાં તેમના ઉપર સદ્‌ભાવ અને આદરનો વરસાદ વરસતો. તેમના ટેકીલાપણા અને સ્વમાની સ્વભાવના કારણે તેમજ પ્રાકૃતિક વિલક્ષણતાના પરિણામે આવા તેમના અનેક સંબંધો સમયાન્તરે તૂટી ગયા. આમ છતાં પણ એક અણનમ યોદ્ધાની માફક અનેક આફતો, અગવડો કે અપમાનોની કશી પણ પરવા વિનાનું દૃઢ, પવિત્ર, પ્રાણવાન અને સાહિત્યનિષ્ઠ જીવન તેમણે જીવી બતાવ્યું છે. તેઓ કવિ હતા, લેખક હતા, સમાલોચક હતા, ઇતિહાસજ્ઞ હતા, જ્ઞ હતા. ગરવી ગુજરાતનું ગૌરવ અને અસ્મિતા તેમના રોમેરોમમાં વ્યાપેલાં હતા. હિંદ અને ઇસ્લામ ઉભયના સમન્વયરૂપ ભારતીય સંસ્કૃતિનું વિશાળ દર્શન તેમને લાધ્યું હતું અને તેમનાં કાવ્યો, નાટકો અને લેખોમાં આરપાર નીતરતું હતું. વાલ્મીકી અને વ્યાસ તેમના શ્રેષ્ટ દેવતા હતા. તેમની માફક એક મહાકાવ્ય ગુજરાતને આપી જવાની ઇચ્છાથી 'હરિસંહિતા' નામનું એક મહાકાવ્ય આશરે એક લાખ કડીઓનું તેમણે કલ્પ્યું હતું અને શરૂ કર્યું હતું. તેની પંદર સોળ હજાર કડીઓ તેમણે રચી ન રચી એવામાં તો વિધિએ તેમને આપણી વચ્ચેથી ઉપાડા લીધા. 'આદર્યા અધવચ રહે, હરિ કરે સો હોય!' આમ જીવનની છેલ્લી ઘડિ સુધી સાહિત્યસર્જન સાથે તેમનું જીવન સંકાળાયલું હતું. આવી એક અણમોલી વિભૂતિને ગુમાવવા બદલ આપણે જેટલો શોક ચિન્તવીએ તેટલો ઓછો છે. તેઓ એક અત્યન્ત ઉપયુક્ત, ચોકકસ સિદ્ધાન્તો ઉપર રચાયલું, રસાલ, મનસ્વી, ધુની, ટેકીલું અનેક સાથે અથડાતું અને એમ છતાં પ્રેમ આરાધનાથી સદા પુલકિત બનેલું, દ્વૈત અદ્વૈતનો સમન્વય સાધતું, સતત રસસીંચન વડે ગુજરાતને નવપલ્લવિત કરતું, ઉજ્જવળ, પ્રાણવાન, સાહિત્યનિષ્ટ જીવન જીવી ગયા છે અને અનેકને અનુકરણીય અને આદરણીય સ્મરણો અને પ્રેરણાદાયી વિપુલ સાહિત્ય મુકી ગયા છે. આપણે તેમના અનુપમ વારસાના મહત્વને બરોબર સમજીએ અને શોભાવીએ અને એ રીતે તેમના અમર નામને વધારે સાર્થક કરીએ. આવી કોઇ માનસિક પ્રતિજ્ઞાપૂર્વક ગરવી ગુજરાતના આ પનોતા પુત્રને—સરસ્વતીના આ અનન્ય ઉપાસકને—ભારતીય સંસ્કૃતિના આ એક વિશિષ્ટ પ્રતિનિધિને આપણાં અનેક વન્દન હો! પરમકૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પો!

આઝાદ હિંદ સેનાના અમલદારોની બંધનમુક્તિ

આઝાદ હિંદ ફોજના ત્રણ સેનાપતિઓ કર્નલ શાહનવાઝ, કેપ્ટન સહગલ અને લેફ્‌ટેનન્ટ ધીલ્લોને જન્મદેશનિકાલની એક બાજુએ સજા ફરમાવવામાં આવી અને બીજી બાજુએ હિંદના સર સેનાપતિએ વર્તમાન સંયોગો ધ્યાન લઇને પ્રસ્તુત સજાનો અમલ મોકૂફ કર્યો અને એ ત્રણે ઓફીસરોને બંધનમુક્ત જાહેર કર્યા—આ બનાવથી પ્રજા કાંઇક વિસ્મિત બની અને સાથે સાથે આનંદની પ્રચંડ લહરિમાં ગરકાવ થઇ ગઇ. વિસ્મિત એટલા માટે આવા કોર્ટ માર્શલના કેસમાં ફાંસી કે જન્મનિકાલ સિવાય બીજી કોઇ સજાને અવકાશ નહોતો અને સરકારની આજ સુધીની કારકીર્દી જોતાં આ ઓફીસરો બંધનમુક્ત બને એ સંભવિત લાગતું નહોતું. અસાધારણ આનંદ એટલા માટે કે આઝાદ હિંદ ફોજ અને આ ત્રણે સેનાપતિઓ પાછળ પ્રજા પ્રેમઘેલી બની હતી અને સંભવિતતાની વિરુદ્ધ જઇને પણ તેમની મુક્તિને અત્યંત આતુરતાથી ઝંખતી હતી. આ બંધનમુક્તિ દ્વારા સર સેનાધિપતિએ પ્રજામતને માન આપ્યું એ આજ સુધીની અખંડ નિરાશાભરી અનેક ઘટનાઓમાં એક અણધાર્યો આનંદદાયી બનાવ બન્યો છે અને આગામી ભાવી માટે કોઇ અવનવી આશાઓ પ્રેરી રહ્યો છે.

આ કેસે—ત્રણ સેનાપતિઓ ઉપર ચાલેલા આ મુકદ્દમાએ—પ્રજાને નવી ચેતના અને પ્રેરણા આપી છે અને વહીવટી તંત્રના ગમે તે કાયદાકાનુન હોય, પણ પરતંત્ર પ્રજાને સ્વાધીન બનવા માટેની ઉભી કરવામાં આવતી કોઇ પણ સંગીન હીલચાલ વ્યાજબી છે, ન્યાયપુરઃસરની છે, આન્તરરાષ્ટ્રીય કાનુની ધ્યાલો સાથે બરોબર બંધ બેસતી છે એવી બૌદ્ધિક પ્રતીતિ કરાવી છે. આ કેસદ્વારા બહાર આવેલી વિગતોએ શ્રી. સુભાષચંદ્રબોઝ માટે પ્રજાના દિલમાં અસાધારણ આદર પેદા કર્યો છે અને અનુકુળ સંયોગો અને સાધનો વડે આપણે શું કરી શકીએ તેમ છે તેનો આપણને પોતાને તેમજ આપણી 'નાલાયકી'નાં સદા ગાણાં ગાનાર સામ્રાજ્યવાદી અંગ્રેજોને ખરો ખ્યાલ આપ્યો છે. આ ઉપરાંત આપણને જુદા કરનાર કોઇ ત્રીજો પક્ષ ન હોય તો હિંદુ મુસલમાન કે શિખ એવા કોઇ પણ ભેદભાવ સિવાય એક જ રાષ્ટ્રધ્વજ નીચે આપણે સૌ એકત્ર થઈ શકીએ છીએ, એક બની શકીએ છીએ અને આઝાદીના યજ્ઞમાં પ્રાણની આહુતિ આપી શકીએ છીએ એ હકીકત આઝાદ હિંદ ફોજ અને આઝાદ હિંદ

સરકારની રચનાની જે વિગતો આપણને મળી રહી છે તે ઉપરથી પુરવાર થઈ ચુકી છે. તદ્‌પરાન્ત આઝાદીની આપણી લડત આજ સુધી સામાન્ય પ્રજાના દિલને સ્પર્શી હતી તે આઝાદીની કલ્પના, ભાવના, તેમના આજે આપણું હિંદી સંઘમાં પણ પ્રવેશ થયા પછી છે અને એ તરફ ફેલાઈ રહી છે એ આપણા માટે એક ઘણું મોટું આશ્વાસન છે. આપણી સર્વના પ્રતિનિધિ શાહમવાઝ, સહગલ અને ધીલ્લાને સરસેનાધિપતિએ છોડી મૂક્યા તે માટે આપણે જરૂર કૃતજ્ઞતા દર્શાવીએ. એમ છતાં પણ આ ત્રણ દેશ બાંધવો પ્રત્યે આપણી જે ભાવના છે તેવી ભાવના તેમના વિષે સરસેનાધિપતિમાં હોવાનું માની લેવાને કંઈજ કારણ નથી. અંગ્રેજ સરકાર અને તેનો કોઈ પણ પ્રતિનિધિ કોઈ પણ ઉદ્ધત પગલું ભરે ત્યારે પણ તે પાછળ લાભાલાભની ગણતરી અથવા તો કોઈ અણધારી મુઝવણ ટાળવાની વૃત્તિ સિવાય બીજી કોઈ દૃષ્ટિ હોતી નથી એવો તેમનો વિષે આપણો આજ સુધીનો અનુભવ છે. આ ઓફીસરોમાં બંધનમુક્ત કરવો પાછળ પણ સરકારની એવીજ કોઈ ગણતરી અથવા મુઝવણ આપણે સહેજ કલ્પી શકીએ તેમ છે.

આ ત્રણ ઓફીસરોમાં એક મુસલમાન, એક હિંદુ અને એક શિખ હતા. આવી સુન્દર પસંદગી કરવા માટે અંગ્રેજ સરકારને આપણે ખરેખર ઋણી છીએ. આજના નિરાશાભર્યા વાતાવરણમાં આ ઘટનાએ કોમી એકતાની ભાવનાને નવું પ્રોત્સાહન આપ્યું છે. કોમી એકતાની સાધના અને એક અખંડ અને સાર્વભૌમ હિંદની સ્થાપનાની દિશાએ આ અમલદારોની બંધનમુક્તિ મંગળ મુહૂર્ત સમાન બને એમ આપણે અન્તરથી પ્રાર્થીએ અને પરમાત્માને પ્રાર્થના કરીએ.

આબુ તીર્થના યાત્રીઓ ઉપર વધતો જતો કરવેરો

કોઈ પણ સ્થળ તીર્થ સ્થાન બને છે અને દેશ પરદેશના લોકો ભક્તિભાવે તે તીર્થની યાત્રાએ ઠીક ઠીક સંખ્યામાં આવવા લાગે છે કે તુરત જ તે સ્થળ જે રાજ્યની હકુમત નીચે હોય છે તે તે રાજ્યના દિલમાં યાત્રીઓને બને તેટલા નીચોવવાની ઘાનત દાખલ થાય છે અને એ રીતે એક યા બીજા પ્રકારના કરવેરાની શરૂઆત થાય છે. અલબત્ત બહારથી સંખ્યાબંધ આવતા લોકોના રક્ષણ કાજે તેમજ તે કારણે સડક બંધાવવા સમરાવવા પાછળ તેમજ તે સ્થળને ચોખ્ખું રાખવા પાછળ તે રાજ્યને જે કાંઈ વધારે ખર્ચ થાય તેટલા પુરતું યાત્રાળુઓ પાસેથી કર યા બીજી રીતે જરૂરી ઉઘરાણું કરવામાં આવે તો તે સામે કોઈ ખાસ વાંધો ન લે, પણ આજ કારણસર રાજ્યને થતો ખર્ચ તદ્દન મામુલી હોય, સ્થળની સ્વચ્છતા પાછળ પાઇનો પણ ખર્ચ કરવામાં આવતો ન હોય અને સડક સમરામણ પાછળનું પણ બહુ જ નજીવું ખર્ચ હોય અને વર્ષો સુધી તો કોઈ સડક સમરામણ પાછળ જોતું પણ ન હોય એમ છતાં પણ આ ઓહા પાછળ રાજ્ય જ્યારે એક પછી એક કર નાંખવા માંડે છે, એ કરોમાં મનસ્વી રીતે વધારો કરવામાં આવે છે અને એવા કરોને રાજ્યની એક ઘણી મોટી આવકનું સાધન બનાવવામાં આવે છે ત્યારે રાજ્યની આવી લોભવૃત્તિ અને ચુસણનીતિ સામે ઘણાની લાગણી ઉદ્‌ભવે છે. અને આવા અન્યાય સામે પોકાર ઉઠાવવાની અને તે દૂર કરવા માટે શક્ય તેટલી હીલચાલ હાથ ધરવાની એવા કરોનો ભોગ થનાર વર્ગની એક અનિવાર્ય ફરજ થઈ પડે છે. આવી જ સ્થિતિ આબુ ઉપર જનારા યાત્રીઓ તેમજ મુસાફરો સંબંધે ઉભી થઈ છે.

પહેલાં કેટલાંય વર્ષો સુધી આબુ જનાર પ્રવાસીને વ્યક્તિ દીઠ ચાર આનાની ન્યુસીપલ કર ભરવો પડતો હતો. ૧૯૪૧ માં આ કર વધારીને આઠ આના કરવામાં આવ્યો હતો. ૧૯૪૫ ના ઓકટોબર માસની ૨૯ મી તારીખથી આ કર વધારીને આબુરોડ સ્ટેશનથી બસમાં જનાર ફીર્સ્ટ અને ત્રીજા વર્ગના દરેક પ્રવાસી પાસેથી રૂા. ૧ અને પહેલા વર્ગના પ્રવાસી પાસેથી રૂા. ૨ અને પ્રાઈવેટ મોટર ગાડીમાં જનાર દરેક પ્રવાસી પાસેથી રૂા. ૫ ઉઘરાવવામાં આવે છે, જ્યારે આબુરોડ સ્ટેશનથી આબુ કંપ કે દેલવાડા જનાર માટે બસનું ત્રીજા વર્ગનું ભાડું માત્ર ૧૨ આના છે.

માત્ર ચાર આનામાંથી રૂા. ૧, ૨ અને ૫ સુધીનો ઉપર જણાવ્યા મુજબનો કરવધારો કેવળ અન્યાય અને અધર્મની પરાકાષ્ટા છે અને કેવળ ધર્મ ભાવનાથી આવનારા સંખ્યાબંધ સાધારણ સ્થિતિના શ્રદ્ધાળુ જૈન કુટુંબોને લૂંટવાનો આ એક સુધરેલો માર્ગ છે. આ અન્યાયી પ્રથાનો ચોતરફથી સખ્ત વિરોધ થવો જોઇએ અને આવો વિરોધ સ્પષ્ટ શબ્દોમાં રજુ કરતા તારો, પત્રો તેમજ ડેરાવો વાઇસરેગ્ન શીરોહી રાજ્ય થતા આબુના મેજીસ્ટ્રેટ ઉપર વિના વિલંબે રવાના થવા જોઇએ. અહિં એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે, કે આ કરના ભારે યાત્રાળુઓ પાસેથી જ ઉઘરાવવામાં આવતો નથી, પણ જૈન જૈનેતર સૌ કોઇ પાસેથી ઉઘરાવવામાં આવે છે. આબુના મંદિરો તેની અદ્‌ભુત કોતરણી માટે જગવિખ્યાત છે અને અનેક કળારસિકો દેશ પરદેશથી આ મંદિરો જોવા આવે છે. આ રીતે સમસ્ત હિંદુસ્થાનની પ્રજાએ આ અન્યાયી કરવધારા સામે પોતાનો સખ્ત વિરોધ રજુ કરવો જરૂરી છે. આ કર વિરોધની હીલચાલ શીરોહી રાજ્ય પ્રજામંડળે હાથ ધરી છે અને તેથી તે મંડળના મંત્રીને (૮૦-૮૨ ચંપાગલી મુંબઇ ૨) ઉપર જણાવ્યા મુજબ જે કાંઇ તાર, કાગળ કે ઠરાવો મોકલવામાં આવે તેની માહીતી પહોંચાડવા વિનંતિ કરવામા આવે છે.

ભાવનગરના દીવાન સાહેબની મુંબઈમાં પધરામણી અને કાળા વાવટાનું સન્માન

તળાજા મૂર્તિ ખંડન કરનારની શોધમાં શિથિલતા દાખવનાર ભાવનગર રાજ્યના વહીવટ પ્રત્યે લક્ષભરત જૈન સમાજમાં અસંતોષ વધતો જાય છે. આ હકીકતનું થોડા દિવસ પહેલાં ભાવનગરના દીવાન સાહેબ મુંબઇમાં પધાર્યા તે વખતે તેમનું કાળા વાવટાથી સન્માન કરવા માટે યોજાયલા પ્રબંધ ઉપરથી વિશેષ સમર્થન થાય છે. સદ્‌ભાગ્યે દીવાન સાહેબને આ ગોઠવણની દાદર સ્ટેશને ખબર પડી ગઇ અને તેથી એ સન્માનથી તેઓ બચી ગયા. બીજે દિવસે પણ જૈન સ્વયંસેવક મંડળ તરફથી કાળા વાવટાનું સરઘસ તેમના મુંબઇના ચાલુ નિવાસસ્થાન તાજમહાલ હોટેલ ઉપર લાવવાનું તકી કરવામાં આવ્યું હતું, પણ આગલા દિવસની સાંજે એ મંડળના પ્રમુખ શ્રી મણિલાલ જેમલ શેઠને દીવાન સાહેબે મળવા બોલાવ્યા અને કટોકટી વાટાઘાટની પરિણામે ઉપર જણાવેલ સરઘસ મુલતવી રાખવામાં આવ્યું. શ્રી મણિલાલ જેમલ શેઠને આ બાબતમાં વધારે ચર્ચા કરવા માટે જાન્યુઆરી માસની આખરમાં ભાવનગર બોલાવવામાં આવ્યા છે. તેનું શું પરિણામ આવે છે તે જોવાનું રહે છે.

આ પ્રશ્નને લગતો એક મુદ્દો અહિં ખંચવાનો ખાસ જરૂર લાગે છે. શ્રી મણિલાલ જેમલ શેઠ સાથેની વાતચિત દરમિયાન નામદાર દીવાન સાહેબ એક એવું મન્તવ્ય ધરાવતા માલુમ પડ્યા છે કે આ પ્રશ્ન માત્ર ભાવનગર રાજ્યની જૈન પ્રજાનો છે અને આ સંબંધમાં ભાવનગર રાજ્યના જૈન પ્રજાજનો સિવાય તેઓ કોઇને મળવા માંગતા નથી કે કોઇ સાથે આ પ્રશ્ન તેઓ ચર્ચવા માંગતા નથી. જો આ હકીકત બરોબર હોય તો તેમને આ સંબંધમાં આપણે જણાવવું રહ્યું કે આ તેમનું મન્તવ્ય અત્યન્ત ભુલભરેલું છે. તળાજા કે શત્રુંજય જેવા તીર્થો સાથે આખી જૈન આલમનો સીધો સંબંધ છે અને આ તીર્થની રક્ષા સંબંધમાં આખી જૈન સમાજનો ચિન્તા પ્રેરાવવાનો અને આવા તીર્થ સંબંધમાં તળાજામાં બની છે તેવી કોઇ અનિષ્ટ ઘટના બને ત્યારે એ બાબતમાં રાજ્ય તરફથી યોગ્ય પગલાં લેવામાં આવે અને જરૂરી રાહત મળે એવી અપેક્ષા રાખવાનો સમસ્ત જૈન સમાજને પુરો હક છે. આવી વ્યાપક જવાબદારીમાં કોઇ પણ રાજા કે દીવાન બાકાત કરી શકે નહિ. આવી બાબતમાં આખા સમાજની અભ્યર્થના કરનાર રાજ્યાધિકારી રાજ્યના હિતને જોખમાવે છે અને રાજ્યને પોતાની વ્યાપક ફરજમાંથી ચુકાવે છે. આ સંબંધમાં જે કોઇ આગેવાનો વ્યક્તિગત કે પ્રતિનિધિ મંડળના ધોરણમાં દિવાન સાહેબને મળવા ઇચ્છતા હોય તેમને મળવું, બની તેટલો સંતોષ આપવો અને મૂર્તિખંડન જેવા બનાવ કરનાર આતાયીના દુષ્કૃત્યને જૈન સમાજ પ્રત્યે રાજ્યની સંપૂર્ણ સહાનુભૂતિ અને આત્મીયતા છે એવી સૌ કોઇને પ્રતીતિ કરાવવી એ એક જવાબદાર રાજ્યતંત્રના સૂત્રધાર તરીકે તેમની ખાસ ફરજ છે—ઓટલી વિચારણા દિવાનસાહેબના પ્રસ્તુત મંતવ્ય પરત્વે અહિં રજુ કરવી જરૂરી લાગે છે. **પરમાનંદ**

ગાંધીવાણી

ગાંધીજી જ્યાં જાય છે ત્યાંની જનતા માટે તેમની પ્રાર્થના અસાધારણ આકર્ષણનું નિમિત્ત બને છે. એ પ્રસંગે ગાંધીજીનાં દર્શન થશે; સંભવ છે કે ગાંધીજીના મોઢેથી બે વેણ સાંભળવાના પણ મળે અને સાથે સાથે કેવળ ઔપચારિક નહિ પણ ખરા દિલની પ્રાર્થના જોવાનો સાંભળવાનો લાભ પણ મળે–એ હેતુથી સંખ્યાબંધ લોકો ગાંધીજી જ્યાં હોય ત્યાંની સાયંપ્રાર્થનામાં હાજર થાય છે. આ પ્રસંગે કદિ કદિ ગાંધીજી પ્રાર્થના, પ્રેમ, ઈશ્વર, દરિદ્રનારાયણ, સંયમ, નિયમબદ્ધતા, આત્મતત્વ–આવા કોઇ ને કોઇ વિષય ઉપર નાનું સરખું પ્રવચન કરે છે. આવું એક મર્મગ્રાહી પ્રવચન ગાંધીજી થોડા સમય પહેલાં કલકત્તા હતા ત્યારે પ્રાર્થનાનું રહસ્ય અને શૂન્યનું મહત્ત્વ એ વિષય ઉપર કલકત્તાથી ૧૨ માઇલ દૂર આવેલા સોદેપુર ખાતે શ્રી સતીશ બાબુના આદી પ્રતિષ્ઠાનમાં ગત ડીસેંબર માસની બીજી તારીખની સાંય પ્રાર્થના પ્રસંગે ગાંધીજીએ કર્યું હતું. આ પ્રવચન નીચે મુજબ હતું.

પ્રાર્થનાનું રહસ્ય

'આજે રવિબાબુનું 'ભુવનેશ્વર હે! મોચન કર બંધન સબ મોચન મોચન કર હે!' એ ભજન ગવાયું અને તમો સર્વેએ સાંભળ્યું. એ ભજનમાં ઈશ્વરની આગળ પ્રાર્થના છે કે તું અમને 'મુક્ત કર'. 'મુક્ત કર'ના બે અર્થ હોય છે. એક તો આ સંસારમાંથી અમને મુકત કર! એ અને બીજો 'આ સંસારમાં રહેતાં અમને વાસનામાંથી મુકત કર.' આ બીજી મુક્તિમાં આપણું નાનકડું સ્વરાજ્ય પણ આવી જાય છે. આ પછીના પદમાં એક ભવ્ય પ્રાર્થના આવે છે. 'તિમિર રાત્રી, અંધ ચલી, સમ્મુખે તબ દિપ્ત દીપ તુલિયા ધર હે,' કવિવર કહે છે કે 'તિમિર રાત્રીમાં હું એક અંધયાત્રી છું. અંધારી રાતમાં મને રસ્તો કેમ જડે? એક જ રીતે શકય છે. તું તારી જ્યોતિમાંથી થોડો પ્રકાશ મને આપ? પ્રાર્થનાની આખી કલ્પનાજ એ છે કે જે વસ્તુ માણસની શકિતની બહાર છે તેને ઈશ્વર શકય બનાવી શકે છે. એ આશ્વાસનને આધારે જ આપણે એવી ઉચ્ચ પ્રાર્થના કરીએ છીએ કે 'તું અમને અસત્યમાંથી સત્યમાં, અંધારામાંથી પ્રકાશમાં અને મૃત્યુમાંથી અમરતામાં લઇ જા!'

પ્રાર્થના વ્યકિતગત રીતે ઘરોમાં તો કરાય જ છે, પણ સામુદ્રિક રૂપમાં પણ એ હોવી જોઇએ. એ વસ્તુ દક્ષિણ આફ્રિકામાં ૨૦ વર્ષ સુધી ચોમેર પ્રસરેલા અંધારામાં હું પડયો હતો ત્યારે મેં જોઇ. આ જગતમાં શાન્તિ અને અશાન્તિ, અહિંસા અને હિંસા, સત્ય અને અસત્ય વચ્ચે નિરંતર દ્વંદ્વ ચાલે છે. અશાન્તિ વચ્ચે શાન્તિ અનુભવવા માટે પ્રાર્થના એ જ એક સાધન છે. જો તમે શાન્તિ ઇચ્છતા હો, જગતમાં શાન્તિનું સામ્રાજ્ય ઇચ્છતા હો તો જે વસ્તુ મેં તમને આજે બતાવી છે તેને તમારા હૃદયમાં રાખીને અહિંથી ઘેર જજો, તેનું મનન કરજો અને તેની ઉપર અમલ કરજો!'

તા. ૬ ઠ્ઠી ડીસેંબરની સાયંપ્રાર્થના પ્રસંગે મોડા આવનારાઓને સંબોધીને તેમણે જણાવ્યું કે "દરેક ચીજમાં, પણ ખાસ કરીને પ્રાર્થનામાં, જેટલો સંયમ કેળવી શકાય તેટલો ઓછો છે. સારી વસ્તુમાં પણ સંયમને સ્થાન છે. દાખલા તરીકે આપણે પ્રાર્થનામાં વખતસર પહોંચી ન શકીએ તો ઘેર બેઠાં પ્રાર્થના કરી લેવી એ વધારે સારું છે. જેટલું પુણ્ય પ્રાર્થનાથી તમને મળે છે તેથી વધારે પુણ્ય આ રીતે સંયમ પાળશો તેમાંથી તમને મળશે. હૃદયોની અંદર વસનારા ભગવાનનું એક વાર જ્ઞાન થયા પછી પ્રાર્થના દરમિયાન આપસઆપસમાં વાતો શી, અને ધક્કાધક્કી શી? ત્યારે ઈશ્વરના અંચળ નિયમોનો ભંગ આપણે માટે અશકય થઇ પડવો જોઇએ. પ્રાર્થનાનો મંત્ર હૃદયગત થઇ ગયો હોય તો આપણા હૃદયમાં બધાને માટે પ્રેમ હોવો જોઇએ. પાડોશી આત્મવત્ લાગવા જોઇએ. કોઇ ગમે તે ધર્મના જાતિના હોય તે આપણને સગા ભાઇબહેન જેવા જ લાગવા જોઇએ. આપણે જો એક ઈશ્વરને માનતા હોઇએ તો આપણી સાથે દ્વેષ કરનારા પણ આપણને ભાઇ સરખા જ લાગશે.

જે મુક્તિ પ્રાર્થના દ્વારા આપણે ઈશ્વર પાસે માગીએ છીએ તેની અંદર દેશની મુક્તિ તો આવી જ જાય છે. તે મોક્ષની સરખામણીમાં તો એ એક બિંદુ માત્ર જ છે, પણ જ્યાં સુધી એ નથી મળતી ત્યાં સુધી બીજી મુકિત પણ નથી મળવાની–એ મારી દૃઢ માન્યતા છે. ગુલામને મોક્ષ નથી.

આઝાદી હિંદમાં અહિંસક રીતે આવવાની હોય કે હિંસક રીતે તેને સારૂ નિયમનની અનિવાર્ય આવશ્યકતા છે. એ નિયમન સાચી પ્રાર્થનામાંથી સહેજે અચુક રીતે આવે છે. "આપણો બધો કારભાર હાથમાં આવ્યા પછી પણ નિયમનની આવશ્યકતા તો આપણને રહેશે. કોઇ એમ ન સમજે કે અંગ્રેજી સત્તા અહિંથી ચાલી જશે તો પછી આપણને કોઇ પજવનાર નહિ રહે. આપણામાં નિયમન નહિ હોય તો અંગ્રેજોની જગ્યા કોઇ બીજી રાજતંત્રની ભાગદોર આપણા હાથમાંથી ઝુંટવી લેશે. તેથી ઉલટું જો આપણામાં નિયમન હશે તો આપણને આ લોક ને પરલોક–એ બન્નેની મુક્તિ મળશે.

ઇષોપનિષદમાં કહેલું છે કે આ જગતમાં જે કંઇ છે તે ઈશ્વરજ આપે છે. આપણી જાતમજુરીની કમાણી પણ ઈશ્વરની જ છે. ઈશ્વરને અર્પણ કરી તેની પ્રસાદી તરીકેજ તેને આપણે વાપરી શકીએ છીએ. એટલું સમજીએ તો આપણે કદી અભિમાન નહિ કરીએ અને આપણો રસ્તો સીધો ને સરળ બની જાય.

શૂન્યનો મહિમા

શૂન્યની શોધ હિંદુસ્તાનમાં થયેલી હતી એમ મનાય છે. અંકગણીતમાં શૂન્ય દાખલ કરવાથી અજાયબીભર્યું પરિણામ આવે છે, પણ ચિત્તના અંકગણીતમાં શૂન્ય દાખલ કરવાથી એનાથી પણ વધારે અજાયબી ભર્યું પરિણામ આવે છે એ હજુ સુધી આપણે શીખ્યા નથી. આપણને શૂન્યવત થઇને રહેવાની કળા આવડી જાય તો આઝાદી પોતાની મેળે આપણા ખોળામાં આવીને પડે. ત્યારે પોતાનો અધિકાર પણ, કોઇને દુઃખો સહન કરાવીને નહિ, પણ પોતે દુઃખ સહન કરીનેજ મેળવીશું. આવી રીતે મેળવેલી આઝાદી આપણને અને આખા જગતને સારૂ બહુમૂલ્ય નીવડશે.

હું જોઉં છું કે તમને પ્રાર્થનામાં આખો સમય શાંતિ જાળવવાની હવે ટેવ પડી ગઇ છે. પણ એ જડ શાંતિ ન હોવી જોઇએ. મારી આ વાતને તમે ભૂલી જશો તો પછીથી તમને પશ્ચાતાપ થવાનો છે કે પ્રાર્થનામાં આવીને પણ અમે કાંઇ મેળવ્યું નહિ, એના કરતાં ઘેર બેસવું વધારે સારું છે.

મનની અંદર ઉઠતા ભાવોની ઉપર અંકુશ મૂકી તેમને નિયંત્રણમાં રાખવું એનું જ નામ સાચી શાંતિ છે. ચિત્તની વાસનાઓને શમાવીને જે ઈશ્વરનું ધ્યાન કરે છે તેને આખરે ઈશ્વરનું દર્શન થશે જ. કયારે એ તો કોઇ નહિ કહી શકે, પણ દિનપ્રતિદિન તેની આત્મશુદ્ધિ વધશે અને તેની સાથે બુદ્ધિ પણ. આત્મશુદ્ધિ વિના બુદ્ધિ નકામી છે. તેનાથી નથી થતું જગતનું ભલું, કે નથી થતું કોઇ પણ વ્યકિતનું.

દુનિયામાં વિચારકોના બે સમુદાય છે. એક કહે છે કે 'બુદ્ધિથી જ જગતમાં બધું કામ થઇ શકે છે. જે ન થઇ શકે તે કાંઇ કામનું નથી.' હું એ નથી માનતો. પઠનપાઠન દ્વારા નહિ, પણ પ્રત્યક્ષ અનુભવ દ્વારા, ચિત્તશુદ્ધિની સાથે સાથે અને તેના પરિણામ સ્વરૂપે જે બુદ્ધિમાં તેજ આવે છે એ જ ઉપયોગનું છે. એટલે આપણે અહીં જડવત થઇને નહિ બેસીએ. જાગ્રત થઇને પ્રાર્થનામાં લીન થઇએ. એટલે તમારી ચિત્તશુદ્ધિ થશે અને પરિણામે સંસ્કારી બુદ્ધિ પણ મળશે."

સંગ્રાહકઃ **પરમાનંદ.**

જ્યારે અનેક નિયમો અને અનુશાસનોના વજ્રબંધનના નાગપાશમાં ધર્મ જ્યારે ગૂંગળાઈ રહ્યો હતો, ત્યારે બધા પક્ષવાદીનાં દુઃસહ બંધનો તોડીને સહજ સરળ સાધના આદરનાર

આનંદઘન

(‘ભારતી’ના દીપોત્સવી અંકમાંથી સાભાર ઉધ્ધૃત)

ઈ. સ. ૧૮૯૭ થી ૮. સ. ૧૯૦૩ ના વચગાળામાં જ્યારે હું રાજપુતાનાના પૂર્વભાગમાં સાધુસંતની વાણીના સંગ્રહ માટે ફરતો હતો ત્યારે મને એક સાધુનો પરિચય થયો. કેટલાક જણાવવા લાગ્યા કે તેમનું નામ ઘનાનંદ હતું. તેમનાં કેટલાંક પદ પણ મળી આવ્યાં. ઘનાનંદ નામને ઉલટાવીને આનંદઘનને નામે પદ રચાયાં હતાં. જે પદો મને મળી આવ્યાં તેમાંનાં કેટલાંક વૈષ્ણવભાવનાં હતાં. બાકીનાં સાંપ્રદાયિક ભાવવાળાં હતાં. આ બધાં પદ જોઈને મનમાં થયું કે પ્રથમ સાંપ્રદાયિક ભાવે સાધનાને માર્ગે વળીને પાછળથી તેઓ સાંપ્રદાયિક સહજભાવમાં મગ્ન થવા લાગ્યા હશે. પરંતુ તેમનો જન્મ કયા સંપ્રદાયમાં થયો હશે તે વિષે કાંઇ ખ્યાલ આવ્યો નહિ.

ત્યાં મને કેટલાકે જણાવ્યું કે આનંદઘન પ્રથમ વૈષ્ણવ હતા, કેટલાકે જણાવ્યું કે નાથનિરંજનપંથી હતા. બીજા કેટલાકે વળી જણાવ્યું કે તેમનાં જાતિ કે કુળ જણવામાં નથી આવ્યાં. જન્મની હકીકત ન મળી છતાંય તેમની સાધના અને તેના ક્રમિક વિકાસને વિષે સાધુઓની પાસેથી કાંઇક જાણી શકાયું. ત્યાર પછી બીજા ઘણા સંતોના વાણીનો સંગ્રહ કરવામાં રોકાઈ ગયો હોવાથી ઘનાનંદના પદ લાંબા વખત સુધી પોથીમાં પડયાં રહ્યાં.

પંઢરપુરમાં ભજન સાંભળવાના હેતુથી એકવાર હું મુંબઇ ગયો. તે વખતે ફરગ્યુસન કૉલેજના પ્રિન્સિપાલ પરલોકગત સુહૃદ પંટવર્ધનને મળવાને માટે પૂના ગયો. ત્યાં મારા અર્ધ્ધેય જૈન બંધુ મુનિ જિનવિજયનો અતિથિ થયો. તે વખતે જિનવિજયજીએ મને જૈન સાધુ આનંદઘનની વાત કરી. મને ત્યારે ખબર નહોતી કે પેલા આનંદઘન તેમજ આ આનંદઘન એક જ વ્યક્તિ હશે. મધ્યયુગમાં એક જ નામના ઘણા સાધુઓના ઉદાહરણ મળી આવે છે. ત્યાર પછી ઘણે વખતે જ્યારે મુનિ જિનવિજયજી શાંતિનિકેતનમાં આવ્યા ત્યારે વળી પાછી આનંદઘનની વાત નીકળી. નક્કી થયું કે પોતે ગુજરાતથી પાછા આવે એટલે અમારે બન્નેએ આનંદઘનનાં પદો વિષે વિચારવું. મુનિજી ગુજરાત ગયા પણ જલદી પાછા ફરી શકયા નહિ. મેં શ્રીયુત પૂરણચંદ નહારને આ વાત જણાવી, એટલે તેમણે મને પોતાના ગ્રંથભંડારમાંથી બે છાપેલા પુસ્તકો આપ્યાં.

આમાંનું એક પુસ્તક શ્રાવક શ્રી ભીમસિંહ માણકે વિ. સં. ૧૯૪૪ મુંબઇમાં છપાવેલું હતું. તેમાં આનંદઘનનાં ૧૦૬ પદ હતાં. ભૂમિકા કે ટીકાટિપ્પણ જેવું કાંઇ નહોતું. અશુદ્ધિ પણ ઘણી જણાઇ. બીજું પુસ્તક તે શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ સંપાદિત કરેલું હતું. તેમાં આનંદઘનનાં ૫૦ પદ હતાં. શ્રી. કાપડિયા વકીલાત કરે છે. પોતે જણાવે છે કે આવા પ્રકારના સાહિત્યમાં તેમનો પ્રવેશ કાંઇ જ નથી. ભાવનગરના પ્રસિદ્ધ જૈન સાધુ ગંભીરવિજયજીની પાસેથી તેમણે પદો વિષે વ્યાખ્યાન સાંભળ્યાં એ બધી વાતો તેમણે નોંધી રાખી, અને પછી તેને વિસ્તૃત કરીને તેમણે તે ૫૦ પદ છપાવ્યાં. પોતે પણ એક મોટી ભૂમિકા લખી: પરંતુ આનંદઘન તો હતા નિયમ અને પ્રથાના પ્રખર વિરોધી. એટલે કોઇ નિયમનિષ્ઠ સનાતન પ્રથાબદ્ધ સાધુની વ્યાખ્યા દ્વારા તેમનો યથાર્થ પરિચય કેમ કરીને થઇ શકે? આવી વ્યાખ્યા કરતા તો કોઇ વ્યાખ્યા ન હોય તે હિતકારક ગણાય.

અસ્તુ! મેં મારા સંગ્રહમાંના આનંદઘનનાં પદ જોયાં તો જણાયું કે પેલા જૈન આનંદઘન અને આ આનંદઘન એક જ વ્યક્તિ હતા. કોઇ કહી શકે કે નાનાં પદને પાછળથી વધારવામાં આવ્યાં હશે, કારણ કે એ વધારાના ભાગમાં કોઇ એવી શક્તિ કે કોઇ ખાસ મહત્ત્વ જણાતાં નથી. કદાચ એમ પણ હોય કે સાધુઓએ પદોનો સારભાગ જ પોતાની જરૂર પ્રમાણે સંધરી રાખ્યો હોય, અને બાકીનો ભાગ માત્ર પોથીમાં જળવાયો હોય. અહીં એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે તેમના આ પદસંગ્રહનું નામ “બહોતેરી” અર્થાત ૭૨ પદોનો સંગ્રહ એવું છે. પરંતુ શ્રી ભીમસિંહના સંગ્રહમાં પદસંખ્યા ૧૦૪ અને પરિશિષ્ટમાં ૨ છે. બુદ્ધિસાગરજીના સંગ્રહમાં એકેક વધારે પદ છે. ત્યારે શું કેટલાંક પદને તોડીને સંખ્યાની વૃદ્ધિ થઇ હશે, કે આનંદઘનનાં જ રચેલાં આ ૭૨ પદોની બહારનાં પદ પણ આની સાથે જોડી દેવામાં આવ્યાં હશે, કે બીજા કોઇની રચના પણ આમાં સ્થાન પામી હશે, કે પછી આ ત્રણમાંથી કોઇ આથી અધિક કારણ આ સંખ્યાની વૃદ્ધિને માટે જવાબદાર હશે?

મારા પ્રિય મિત્ર શ્રી. નિત્યાનંદ વિનોદ ગોસ્વામીએ વૃંદાવનના એક આનંદઘનનાં કેટલાંક પદની મને ભાળ આપી હતી, પણ તેમના પદો હજી મળતાં નથી. મળી આવે તો કદાચ એક જ આનંદઘન નક્કી થાય. કારણ કે આ આનંદઘનનાં ઘણાં પદ વૈષ્ણવભાવવાળા છે. બાદશાહ મુહમ્મદશાહના દફ્તરમાં કાર્ય કરતા, કાવ્ય અને સંગીતમાં પ્રવીણ એવા એક વૈષ્ણવ ઘનાનંદનો ઉલ્લેખ પણ મળે છે. એમનો જન્મ કાયસ્થ કુળમાં થયો હતો અને દીક્ષા નિમ્બાર્ક સંપ્રદાયમાં લીધી હતી. પોતાની પ્રિયતમા સુજાનને અનુલક્ષીને તેમણે ઘણાં ગીત તેમજ કાવ્યો રચ્યાં છે. સુજાન તરફથી તેમની અત્યંત આસક્તિને કારણે એકવાર બાદશાહ તરફ તેમનું સૌજન્ય ઘટયું. પરિણામે દિલ્હી છોડીને તેઓ વૃંદાવનમાં ગયા અને ત્યાં ભકત નાગરીદાસનો સત્સંગ થયો. નાદિરશાહે જ્યારે મથુરા પર આક્રમણ કર્યું ત્યારે તેમનું મૃત્યુ થયું.

આનંદઘનનો જે કાંઇ પરિચય મળી આવે છે તે પરથી જણાય છે કે જૈન વંશમાં તેમનો જન્મ થયેલો. આ પરથી એ પણ જણાય છે કે જૈનો બહારના પ્રભાવને ગમે તેટલો ટાળવા ઇચ્છતા હોય છતાં મધ્યયુગના મરમીયા સહજવાદના સાર્વભૌમ આદર્શના પ્રભાવને રોકી શકયા નહીં.

જૈન ધર્મનો આરંભ વેદના શાસ્ત્રાચાર અને વૈદિક કર્મકાંડની વિરુદ્ધ ઉભા થયેલા વિદ્રોહથી થયો. વિદ્રોહ તત્ત્વ જ એવું છે કે એકવાર એક ઠેકાણે તે પ્રગટયું કે પછી ધીરે ધીરે બધી દિશામાં તે ફેલાય છે. તેથી જ ધર્મમતની વિરુદ્ધમાં થયેલા આ વિદ્રોહે સંસ્કૃત ભાષાના દાસત્વનો અસ્વીકાર કર્યો. બુદ્ધની પહેલાથી જ મહાવીર વગેરે જૈન મતના ગુરુઓએ પ્રાકૃત ભાષામાં પોતપોતાના મતની સ્થાપના કરવાનું શરૂ કરી દીધું હતું. આ આંદોલનને પરિણામે પ્રાકૃત, પાલી, વગેરે ભાષાઓ જોતજોતામાં સર્વે ઐશ્વર્યથી પરિપૂર્ણ થતી ગઇ.

ધર્મબુદ્ધિની મુક્તિની સાથેસાથે ભાષાની મુક્તિ પણ અનિવાર્ય બને છે. ભારતવર્ષમાં આ વાતનો પ્રાચીન સાક્ષી જૈન અને બૌદ્ધ ઇતિહાસ છે. યુરોપમાં રોમના ગુરુઓનાં શાસનમાંથી જેમણે ખ્રિસ્તી ધર્મને મુક્ત કર્યો હતો, તેમણે પણ પ્રાચીન પવિત્ર ભાષાનું દાસત્વ સ્વીકાર્યું નહીં. ચાલતી બોલાતી ભાષાનો તેમણે ઉપયોગ કર્યો. આજે ચીનમાં જેઓ પ્રાચીન બંધનોમાંથી મુક્ત થવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેઓ શિક્ષણ તેમજ સાહિત્યના ક્ષેત્રમાં પણ સ્થવિર કુલીન ભાષા (classical) ચાલુ રાખવા રાજી નથી, તેઓ જીવંત ભાષાના પક્ષપાતી થયા છે. હાલમાં ત્યાં ‘પેઇહુઆ’ (Pei-hua) એટલે કે સાદી વાતમાં જ સાહિત્ય રચાય છે.

ભારતવર્ષમાં મધ્યયુગની સાધનાના નૂતન પ્રાણસંચારની સાથે સાથે જીવંત બંગાળી, હિંદી, ગુરુમુખી, મહારાષ્ટ્રી વગેરે ભાષાઓ પ્રવર્તવા લાગી.

પરંતુ આશ્ચર્યની વાત એ છે કે બૌદ્ધ તેમજ જૈનોએ જે હેતુથી પ્રથાબદ્ધ સંસ્કૃત ભાષાને છોડીને સહજ ચાલતી પ્રાકૃત ભાષાનો આશરો લીધો, તે જ રીતે યુગે યુગે તેમની ભાષામાં ફેરફાર થવો ઉચિત હતો. પણ બન્યું તેથી ઉલટું. પાલિ અથવા બુદ્ધભાષિતમાં કે અર્ધમાગધી અથવા જિનભાષિતમાં તેઓ આબદ્ધ થઇ ગયા. જો એમ

હોવામાં આવે કે ફેરફાર કરવા જતાં મહાવીર, બુદ્ધ જેવા મનીષિઓના રત્નભંડારમાંથી દૂર સરકી જવાય, તો અહીં ધ્યાનમાં રાખવું જરૂરી છે કે જ્યારે તેમણે પ્રથમ વિદ્રોહ ઉઠાવ્યો ત્યારે જે પ્રાચીન મતવાદીઓએ વાંધો ઉઠાવ્યો હશે તે પોતાના મોહને વશ થઇને જ. પૂર્વ-સંચયના મોહને લીધે નવો માર્ગ લેવો કઠણ થઇ પડે છે, વિદ્રોહને પરિણામે કદાચ માનવ શરૂશરૂમાં બંધનોની બહાર નીકળી જાય છે, પરંતુ પાછળથી વખત જતાં પોતે રચેલાં ઐશ્વર્યનાં અધિક કઠણ બંધનોમાં પાછો તે વધુ જકડાતો જાય છે. ગુજરાતમાં ઘણાં જૈનો છે તેથી તેઓ ગુજરાતી ભાષા વાપરે છે. કાંઇક હિંદીનું પણ ચલણ ખરું. પરંતુ આ બધું ઘણે ભાગે ટીકાટિપ્પણ કે એવા કોઇ ગૌણ ઉદ્દેશથી, મુખ્યભાવે નહિ. તેમનું સ્થાન અર્ધમાગધીની લગોલગ તો નહિ જ.

જૈનોએ અને બૌદ્ધોએ અર્થહીન મૃત આચારોની સામે પ્રાચીન વેદપંથીઓની કેટકેટલી સમાલોચનાઓ કરી છે, પરંતુ છેવટે અર્થહીન આચાર, નિયમ અને વિધિનિષેધનો ભાર શું તેમના પર પણ ઓછો મૂકાયો છે?

જૈનમત તેમજ બૌદ્ધમતના પ્રારંભમાં જ કોટિવાદ (extremism) નો ત્યાગ કરીને મધ્યમ માર્ગ સ્વીકારવાની કે સંસારની અનેક વિચ્છિન્નતાઓમાં એક પ્રકારના યોગભાવની (synthetic) સાધના જણાય છે. 'સહજ,' 'સ્વાભાવિક', 'સમતા,' 'એકરસ' જેવાં મોટાં સત્યો તેમણે સાધનાને માર્ગે જતાં સ્વીકાર્યાં. પાછળથી જૈન તેમજ બૌદ્ધ ધર્મ પણ પ્રથાબદ્ધ બની ગયા, પરંતુ પેલા શબ્દો તેમનામાં ઊતરી આવ્યા, જે કે તે જીવંતભાવે રહ્યા નહિ. બાઉલોની ભાષામાં કહીએ તો વરયાત્રો આગળ વધી ત્યાં મશાલ હોલવાઈ ગઇ, છતાં પેલા મશાલચીઓએ જ્યારે હોલવાયેલી મશાલો છોડી નહિ ત્યારે તેમના હાથમાં કેવળ જ્યોતિ વગરના દંડના મોટા ભારાનું ગૌરવ રહ્યું!

બૌદ્ધ, નાથપંથ ઇત્યાદિ સંપ્રદાયો પછી જે બધા વિકૃત સંપ્રદાયોથી ભારતવર્ષ છવાઇ ગયો, તે વખતે 'સહજ,' 'એકરસ' જેવી વાતોમાં ભલીનતા પેઠી. છતાંય પ્રાણહીન ભાવે પણ તે ટકી રહી, તેથી પણ પાછળથી થોડો ઉપકાર થયો નથી. જ્યારે એક બે મહાપુરુષો જન્મ્યા, ત્યારે આ બધી વાતો સાંભળીને આશ્ચર્ય પામી ગયા. જે બીજો મૃતપ્રાય થઇ ગયાં હતાં તેમાં તેમણે પોતાની સાધનાનો રસ છાંટ્યો. પરિણામે એ બધાં તાજાં થઇને હેલ્કી ઊઠ્યાં.

કબીર વગેરે સાધકોએ આ શબ્દોમાં નવો પ્રાણસંચાર કર્યો. ભક્ત નાનક, દાદૂ, રજ્જબ જેવા સાધકોએ તેમાં વળી સંજીવન આણ્યું. ગેટેની ભાષામાં કહીએ તો પુરાણી વાતોને તેમણે નવી રીતે વિચારી અને તે નવા સત્યથી તેમને પ્રાણવાન બનાવી.

મધ્યયુગમાં કોઇ સ્થળે કોઇ મહામનીષિ જન્મતો કે સર્વત્ર તેનો પ્રભાવ ફેલાતો. તે વખતે દૈનિક પત્રો, રેલવે, ટેલિયાફ, એમાંનું કાંઇ નહોતું. અને આમ છતાંય બંગાળનાં ગોપીચંદનાં ગાન પંજાબ, સિંધ, ગુજરાત, મહારાષ્ટ્ર અને ઠેઠ કર્ણાટક સુધી પહોંચી ગયાં. કબીરનો પ્રભાવ મહારાષ્ટ્ર, ગુજરાત, આસામ, બંગાળ અને ઓરિસ્સા સુધી ફેલાયો. દ્રાવિડ દેશના બિલ્વમંગળની વાત બંગાળ, વૃંદાવન અને ઉત્તર હિંદનાં અનેક સ્થળે ધરગથ્થુ બની ગઇ. તો એવે વખતે આ બધું કેવી રીતે પ્રચાર પામતું? તીર્થયાત્રાનાં અનેક સ્થળોમાં, સાધુસંતોનાં સંગમમાં, ગાનમાં, ભજનમાં, કથાવાર્તામાં, એમ અનેક રીતે તે કાળની ભાવના અને સાધનાનો ફેલાવો થતો. પરિવ્રાજકો અહીં તહીં ફરતા અને ચાતુર્માસાદિને લીધે લાંબો વખત સુધી એક સ્થળે વિસામો લેતા.

ભાષાના ભેદ હોવા છતાંય તે વખતે સાધનાને માટે એક પ્રકારની સર્વસંમત આદાનપ્રદાનની ભાષા હતી. પ્રાચીન બંગાળીના બૌદ્ધ ગાન અને દોહામાં એ પ્રકારની અપભ્રંશ ભાષા જોવામાં આવે છે. લગભગ આ ભાષાની નજદીકની જ અપભ્રંશ ભાષામાં એ વખતે, રાજપુતાના પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક પર્યંત પણ રચનાઓ થયેલી જોવામાં આવે છે. તે સમયના જૈન સાહિત્યમાં આનો પરિચય મળી આવે છે. મુનિ જિનવિજયજી આ વિષે ભવિષ્યમાં પ્રકાશ પાડશે એવી તેમણે મને આશા આપી છે.

ત્યાર પછી આવ્યો કબીરનો યુગ. તે સમયના સંતોમાં નાથપંથી કે ગોરખપંથી ભાષાનો તેમજ રીતિનો પ્રભાવ જોવા મળે છે. કબીરની ભાષાશૈલી ઉત્તરમાં પંજાબથી માંડીને દક્ષિણમાં કર્ણાટક સુધી, અને પશ્ચિમમાં દ્વારકાથી માંડીને પૂર્વમાં જગન્નાથ સુધી પરિચિત થવા લાગી. ગુરુ નાનકની ભાષા પણ ઠીક પંજાબી ભાષા તો નથી જ, ગુરુના મુખની તે ભાષાનું નામ પડ્યું ગુરુમુખી. કાઠીયાવાડ, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે સ્થળોમાં રચાયેલાં ભજનોમાં કબીરની છાપ જણાય છે. આ ભાષા અને સાહિત્ય ભક્તોના ભાવની એક મીલનભૂમિ સમું બની ગયું. બંગાળ અને વૃંદાવનની વચ્ચે પણ પદાવલીસાહિત્યથી ઘનિષ્ઠ સંબંધ રચાવા લાગ્યો. આ પ્રમાણે બંગાળની વૈષ્ણવ પદાવલી મધ્યદેશમાં, રાજપુતાનામાં, અને સિંધ ગુજરાતમાં વૈષ્ણવો ગાવા લાગ્યા. આ પ્રકારની ભાષામાં જુદાં જુદાં સ્થાનોની છાપ તો લાગી જ, પરંતુ મૂળ ભાવ સમજવામાં કોઇ મુશ્કેલી જણાતી નહિ.

આથી કરીને કોઇ બીજા પ્રમાણો વિના કેવળ ભજનોની ભાષાથી કોઇના સ્થળનો નિર્ણય કરવો ભારે છે. વળી જેઓ ભજન ગાતા તેમને મુખે પણ કાંઇક ફેરફાર થઇ જતા.

આનંદઘનની ભાષામાં રાજસ્થાની અને ગુજરાતીનો ઘણો પ્રભાવ છે. તેમાંનો કેટલો પદકર્તાનો પોતાનો છે અને કેટલો પાછળના સંગ્રાહક કે ગાયકોનો છે તેનો નિર્ણય કરવો ભારે છે. શ્રી. મોતીચંદ કાપડિયા ગંભીરવિજયજી ગણિ મહારાજની પાસેથી સાંભળીને જણાવે છે કે એ જાતની ભાષા બુંદેલખંડની હોઇ શકે. ગંભીરવિજયજીનો જન્મ બુંદેલખંડમાં થયો છે. પોતે માને છે કે એ જાતની વિશેષના માત્ર પોતાના દેશની જ હોઇ શકે, પરંતુ પૂર્વ રાજસ્થાનના ઘણાય ભક્તોનાં ભજન એ ભાષામાં રચાયાં છે; અને એ દેશોમાં આનંદઘનની પહેલાં તેમજ પછી ઘણા ભક્તો થયા છે. જૈન સાધુઓના કહેવા મુજબ આનંદઘનનું શેષ જીવન પશ્ચિમ રાજસ્થાનના મેડતા નામના સ્થળમાં વીત્યું. તેમની રચનામાં જે ગુજરાતી અને રાજસ્થાની પ્રભાવ છે તે શું બુંદેલખંડમાં સંભવી શકે? તેનો વધારે મેળ રાજસ્થાની રચના સાથે જણાય છે, એટલે આથી કરીને આનંદઘનની પોતાની વાણી જોતાં અને બીજાં બધાં ઐતિહાસિક પ્રમાણો મેળવતાં જણાય છે કે તેમનો જન્મ જૈન વંશમાં જ થયો હોય. હજી પણ તેમનાં ઘણાંય ગાન જૈન મંદિરોમાં શ્રદ્ધાપૂર્વક ગવાય છે. જૈન ગ્રંથભંડારોમાં પણ તેમનાં રચેલાં ગાન સંધરાયાં છે, જે કે તેમની અસાંપ્રદાયિકતા સાંપ્રદાયિક ભાવવાળા જૈનોને રુચિકર નથી લાગતી.

મૂળ લેખકઃ—**શ્રી. ક્ષિતિમોહન સેન**
અનુવાદકઃ—**શ્રી. જયંતિલાલ આચાર્ય**

(અપૂર્ણ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘને મળેલી મદદો

રાહત પ્રવૃત્તિ

૧૦૬) શ્રી મણિબહેન અમીચંદ ખેમચંદ શાહ
૫૧) શ્રી પ્રેમચંદ વેલજીભાઇ
૫૦) શ્રી ન્યાલચંદ મુળચંદ શેઠ તેમના પુત્ર ભાઇ નવનીતરાયના લગ્ન પ્રસંગે.

પ્રબુદ્ધ જૈન

૨૫) શ્રી કાળીદાસ હરજીવનદાસ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B.4428

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૧૯

મુંબઈ : ૧ ફેબ્રુઆરી ૧૯૪૨ શુક્રવાર. લવાજમ
રૂપિયા ૩

સ્વાતંત્ર્ય પ્રતિજ્ઞા

[જાન્યુઆરી માસની ૨૬ મી તારીખ હિંદભરમાં સ્વાતંત્ર્ય દિન તરીકે ઉજવાયો હતો અને શહેરેશહેર અને ગામડે ગામડે લાખો માણસોએ જાહેર સભાઓમાં તેમજ બાનગી રથળોએ સ્વાતંત્ર્ય પ્રતિજ્ઞા લીધી હતી. એ સ્વાતંત્ર્ય પ્રતિજ્ઞા દેશની આઝાદી ખાતર જે કાંઇ બલિદાન માગે ત્યારે તે બલિદાન આપવાની તત્પરતા સૂચવતું કબુલાતનામું છે. એ પ્રતિજ્ઞાના વાક્યે વાક્યમાં ગંભીર રહસ્ય રહેલું છે અને હિંદની જટિલ સમસ્યાનો સાચો ઉકેલ શોધી કરવામાં આવ્યો છે. એ પ્રતિજ્ઞા પ્રબુદ્ધ જૈનના વાંચકોના મનન માટે અહિં પ્રગટ કરવામાં આવે છે. તંત્રી]

"અમે માનીએ છીએ કે, બીજી કોઈ પણ પ્રજાની જેમ હિંદી પ્રજાને પણ, એના વિકાસની સંપૂર્ણ તકો એને મળી શકે એટલા માટે આઝાદી ધરાવવાનો, પોતાની મહેનતનું ફળ ભોગવવાનો તેમજ જીવનની જરૂરીયાતો મેળવવાનો અબાધિત અધિકાર છે. અમે એમ પણ માનીએ છીએ કે, જો કોઇ પણ સરકાર પ્રજાના આ અધિકારો છીનવી લે, અને એના પર દમન ચલાવે તો એ સરકારને બદલી નાખવાનો અથવા એને નાબુદ કરવાનો પણ પ્રજાને અધિકાર છે. હિંદમાંની બ્રિટીશ સરકારે હિંદી પ્રજાની આઝાદી છીનવી લીધી છે એટલું જ નહિ, પણ એ હિંદની આમજનતાના શોષણ પર નિર્ભર રહી છે, તેમજ હિંદને એણે આર્થિક, રાજકીય, સાંસ્કારિક અને આધ્યાત્મિક રીતે પાયમાલ કર્યું છે.

અમે સ્વીકારીએ છીએ કે, અમારી આઝાદી મેળવવાનો સૌથી અસરકારક માર્ગ હિંસાદ્વારા નથી. શાંત અને કાયદેસરની રીતોનું અનુસરણ કરીને હિંદે બળ અને સ્વાશ્રય સંપાદન કર્યાં છે તેમજ સ્વરાજ્ય તરફ એ ઘણું આગળ વધ્યું છે.

હિંદની આઝાદીની અમે ફરીવાર પ્રતિજ્ઞા લઇએ છીએ, અને જ્યાં સુધી પૂર્ણ સ્વરાજ ન મળે ત્યાં સુધી આઝાદી માટેની લડત અહિંસાત્મક રીતે આગળ ધપાવવાનો પવિત્ર નિશ્ચય કરીએ છીએ. અમે માનીએ છીએ કે સામાન્ય રીતે અહિંસક કાર્યને માટે અને ખાસ કરીને અહિંસક સીધી લડતની તૈયારીને માટે ગાંધીજીએ દેશ સમક્ષ મૂકેલા અને કોંગ્રેસે સ્વીકારેલા રચનાત્મક કાર્યક્રમનો તેમ જ ખાસ કરીને ખાદી, કોમી સુમેળ અને અસ્પૃશ્યતાનિવારણના કાર્યક્રમનો સફળ અમલ જરૂરી છે. અમે દેશભાઇઓ વચ્ચે નાતજાત કે ધર્મના ભેદભાવ વિના શુભેચ્છા ફેલાવવાનો દરેક પ્રયાસ કરીશું, તરછોડાયલાઓને અજ્ઞાન અને ગરીબીમાંથી ઉંચે લાવવા અમે મથશું, અને પછાત તેમ જ દલિત ગણાતા ભાઇઓને દરેક રીતે ઊંચે આણવાનો પ્રયત્ન કરીશું. અમે સામ્રાજ્યવાદી પદ્ધતિનો નાશ કરવા બહાર પડ્યા છીએ, છતાં અધિકારી કે બિનઅધિકારી એવા કોઇ વ્યક્તિગત અંગ્રેજો સાથે અમારી કોઇ તકરાર નથી. અમે જાણીએ છીએ કે સવર્ણ હિંદુઓ અને હરિજનો વચ્ચેનો ભેદભાવ જવો જોઇએ, અને હિંદુઓએ એમના રોજના વ્યવહારમાં આ ભેદભાવ ભૂલી જવો જોઇએ. આવા ભેદભાવો અહિંસક વ્યવહારમાં અંતરાયરૂપ છે. અમારા ધર્મો ભલે જુદા હોય, પણ એક બીજા સાથેના સંબંધમાં અમે સમાન રાષ્ટ્રીયતાથી તેમજ સમાન રાજકારી અને આર્થિક હિતો નરે સંકળાયલા ભારતમાતાનાં બાળકો તરીકે વર્તશું.

હિંદના સાત લાખ ગામડાંઓને પુનર્જીવિત કરવા માટે અને આમજનતાને પીસી રહેલી ગરીબીને ટાળવા માટે ચરખા અને ખાદી એ અમારા રચનાત્મક કાર્યક્રમના અંતર્ગત ભાગ છે. એ માટે, અમે અમારી અંગત જરૂરીયાતો માટે માત્ર ખાદી જ, અને બની શકે ત્યાં માત્ર ગ્રામ્ય હાથકારીગરીની જનાવટો વાપરીશું અને બીજાઓને એમ કરવા સમજાવીશું. એ ઉપરાંત અમે રચનાત્મક કાર્યક્રમની કોઇ ને કોઇ બાબતને યથાશક્તિ આગળ ધપાવવાનો પ્રયાસ પણ કરીશું.

ગઇ લડતમાં અમારા જે હજારો ભાઇઓએ ગંભીર હાડમારીઓ વેઠી, અપમાનો સહન કર્યાં અને પોતાના જાનમાલ ગુમાવ્યાં, એ સૌને અમે અમારી અહેસાનભરી અંજલિ આપીએ છીએ. એમનો આત્મભોગ અમારું ધ્યેય સિધ્ધ ન થાય ત્યાંસુધી કદી નહિ જંપવાની અમારી ફરજનું અમને સદાય સ્મરણ કરાવશે.

૧૯૪૨ ના ઓગસ્ટની ૮ મી એ કોંગ્રેસની મહાસમિતિએ પસાર કરેલા ઠરાવનું અમે ફરીવાર સમર્થન કરીએ છીએ. હિંદના તેમ જ વિશ્વશાંતિ અને સૌની આઝાદીના હિતમાં હિંદમાંથી બ્રિટીશ સત્તાએ ખસી જવું જોઇએ એવી માગણી આ ઠરાવ કરે છે.

આજને દિવસે અમે ફરીને કોંગ્રેસના સિદ્ધાંતો અને કોંગ્રેસની નીતિઓનું શિસ્તપૂર્વક પાલન કરવાની તેમ જ હિંદની આઝાદી માટેની લડતને આગળ ધપાવવાને માટે કોંગ્રેસનો સાદ ઝીલવાને તૈયાર રહેવાની પ્રતિજ્ઞા કરીએ છીએ."

× × ×

સ્વાતંત્ર્ય દિનની સાયંકાલની પ્રાર્થના પ્રસંગે ગાંધીજીએ સ્વાતંત્ર્ય પ્રતિજ્ઞા સંબંધી નીચે મુજબ ઉદ્‌ગારો કાઢ્યા હતા. "આજનો દિવસ આપણા માટે અતિ મહત્ત્વનો છે. સ્વાતંત્ર્ય માટેની આપણી આતુરતા અને ઝંખના આજે આપણે વ્યક્ત કરીએ છીએ. તમે આજે પ્રતિજ્ઞા લીધી છે અને જો તમે ન લીધી હોય તો જાહેર સભામાં તમારે એવી જોઇએ અને તેમ ન બને તો તમે આ પ્રતિજ્ઞા ઘરમાં બેસીને પણ લઇ શકો છો. આ પ્રતિજ્ઞા જણાવે છે કે અમારે સ્વતંત્રતા જોઇએ છીએ અને એ સ્વતંત્રતા અમે સત્ય અને અહિંસા દ્વારા શાન્તિ ભર્યા એને વ્યાજબી ઉપાયો વડે મેળવવા માંગીએ છીએ. છેલ્લાં પચ્ચીસ વર્ષથી આપણે આ પ્રતિજ્ઞા લઇ રહ્યા છીએ. આ સ્વતંત્રતા કોઇની મહેરબાનીની રાહે અમારે જોઇએ છીએ એમ આપણે કદિ કહ્યું નથી કે ચિન્તવ્યું નથી. સર્વ શક્તિઓના સ્વામી તમે તેને રામ કહો, રહીમ કહો, ખુદા કહો, અલ્લા કહો, ગૉડ કહો—આ દુનિયામાં જેટલા લોકો છે તેટલાં નામ છે. આપણે તે સર્વશક્તિમાનને જોઇ રહ્યા છીએ અને પ્રાર્થી રહ્યા છીએ કે હે ઇશ્વર! જે સ્વતંત્રતા અમે સત્ય અને અહિંસા દ્વારા હસ્તગત કરવા માંગીએ છીએ તે સ્વતંત્રતા મેળવવામાં અમને મદદ કર! અમે જુઠું બોલીશું, લોકોને છેતરીશું, વિરોધીઓને લાત મારીશું અને તેમની ઉપર પ્રહાર કરીશું અને એ રીતે સ્વતંત્રતા મેળવીશું, એમ અમે જરા પણ કહેતા નથી કે એવું કરવાથી સ્વરાજ પણ સ્વતંત્રતા નથી. આવી પ્રાર્થના સહેલી વસ્તુ નથી. શુભેચ્છા ધરાવવી અને આકાંક્ષા સેવવી એ આપણું કામ છે; પરમેશ્વરની જે ઇચ્છા હશે તે આપણને આપશે."

જ્યારે અનેક નિયમો અને અનુશાસનોના વજ્રબંધનના નાગપાશમાં ધર્મ ગુંગળાઈ રહ્યો હતો,
ત્યારે બધા પક્ષવાદીનાં દુઃસહ બંધનો તોડીને સહજ સરળ સાધના આદરનાર

આનંદઘન

(ગતાંકથી ચાલુ)

પોતાની "ચોવીશી," એટલે ૨૪ સ્તવનોમાં આનંદઘને જૈન તીર્થંકરોને વંદના કરી છે, પરંતુ આ સ્તવનોમાં જણાય છે કે જૈન-સ્તુતિના કરતાં પોતાના હૃદયની કે મનની મૂંઝવણો તેમાં તેમણે વિશેષ ઠાલવી છે. આ બધું જોતાં તેમના ભાવિ ઉદાર ભરમી જીવનના સૂચન આપણને મળી આવે છે.

તે વખતે જૈનધર્મ અનેક નિયમો અને અનુશાસનોના વજ્ર-બંધનના નાગપાશમાં ગૂંગળાઇ ગયો હતો. આ બધા પક્ષવાદીનાં દુઃસહ બંધનો તોડીને આનંદઘન "નિષ્પક્ષ" સહજ સરળ સાધનાને માટે આકુળવ્યાકુળ થવા લાગ્યા.

બહારના સબળા પ્રભાવોથી પોતાને હંમેશાં વિશુદ્ધ રાખવા જૈન લોકો સાવચેત હોય છે, આમ છતાંય જે સહજ મરમિયાભાવના પ્રચંડ પ્રભાવે તેમની પ્રયત્નપૂર્વક રચેલી વાડની અટકાયતને ગણકારી નહિ, એ હકીકત વિચારવા જેવી છે. કદાચ તેમના સમાજનાં અત્યંત સાવધાનીથી રચેલા અસંખ્ય અર્થહીન વજ્રબંધનો પણ આ પ્રકારના વિદ્રોહનો એક મુખ્ય હેતુ હોય.

અસ્તુ! પોતાનાં શાસ્ત્રોમાં અત્યંત વિશ્વાસુ જનોએ ઘણી શ્રદ્ધા-પૂર્વક પોતાના સાધુ અને પંડિતોની રચનાનો સંગ્રહ કરીને મોટા મોટા ભંડાર ભર્યા છે. મુસલમાન રાજાઓની દેશ જીતવાની પ્રચંડતા પૂરી થતાં જ્યારે મોગલ રાજાઓની સહાયતાથી ભારતમાં નવ ભાવનાં ચિત્ર, સ્થાપત્ય, સંગીત વગેરે ક્રમશઃ પુનરુજ્જીવિત થવા લાગ્યાં ત્યારે જૈનોના ગ્રંથભંડારો પણ ભરાવા લાગ્યા. કહેવાય છે કે અકબરની પહેલાં તેમજ પછી જૈનોમાં સેંકડો મહાપંડિતો આવ્યા. તેમાંથી શ્રી હીરવિજય શિષ્ય ભાયાન્ન નામનો એક જૈન પ્રખ્યાત પંડિતનો ઉલ્લેખ મળે છે. તેમની કૃપાથી જૈનભંડારો ખૂબ વેગથી ભરાવા લાગ્યા.

આ અરસામાં ઘણા પ્રાચીન ગ્રંથોની નકલો થવા લાગી. ભંડા-રમાંની મોટા ભાગની હસ્તપ્રતો ઇ. સ. ૧૪૫૦ થી માંડીને ઇ. સ. ૧૮૦૦ સુધીની છે આનંદઘનનું સાહિત્ય પણ પાલિતાણામાં અંબાલા-લજીના ભંડારમાં મુનિરાજ ભક્તિવિજયજીની પાસે અને બીજે ઘણે ઠેકાણે રક્ષાયેલું છે.

ગંભીરવિજયજી અને બીજા કેટલાક જૈનપંડિતો કહે છે કે આનંદઘને તપગચ્છમાં દીક્ષા લીધી હતી. પરંતુ આ બાબત સર્વસંમત નથી. ગચ્છ એટલે ઘણે અંશે આપણે જેને ગુરુપરંપરા કહીએ છીએ તે. ગંભીરવિજયજી જણાવે છે કે તે વખતે તેમનું નામ હતું લાભાનંદ. માત્ર પોતાનાં પદને અંતે આનંદઘન નામ લખતા. સંત ભક્તોની પાસેથી મેં સાંભળ્યું છે કે તેમનું પૂર્વનું નામ ધનાનંદ હતું. અસ્તુ!

તેઓ પરિવ્રાજન કરતાં કરતાં મારવાડ, આબુ, પાલનપુર, શત્રુંજય વગેરે ઠેકાણે જતા જીવનનો છેવટનો ભાગ મારવાડમાં આવેલા મેડતામાં તેમણે પસાર કર્યો હતો. હજી પણ ત્યાં તેમનો ઉપાશ્રય જણાવવામાં આવે છે. સ્તુપનાં ચિહ્નો રહ્યાં નથી, છતાં સ્થાન છે.

શ્રી યશોવિજયજી પોતાની અષ્ટપદીમાં આનંદઘનની તરફ પોતાનો ભક્તિભાવ દર્શાવે છે. યશોવિજયજીનો સમય નક્કી કરવો ભારે નથી. વડોદરા રાજ્યમાં આવેલા ડભોઇમાં તેમના સમાધિસ્થાનની ઉપર લખેલું છે કે વિ. સં. ૧૭૪૫ ના માગશર માસની શુક્લ એકાદશીને દિવસે તેમનું દેહાવસાન થયું. ગચ્છનેતા શ્રી વિજયસિંહ સૂરીના અનુરોધથી જ્યારે શ્રી સત્યવિજયજી ક્રિયાના ઉદ્ધારમાં રોકાયલા હતા ત્યારે યશોવિજયજી પણ તેમની સાથે હતા. આ બધાય આનંદઘન તરફ શ્રદ્ધાભાવ રાખતા. યશોવિજયજીની અષ્ટપદીની રચનાની પાછળ પણ આ શ્રદ્ધાભાવ મૂળભૂત હતો. મેડતામાં આનંદઘનની સાથે યશો-વિજયજી થોડો વખત રહેલા. એટલે બંને સમસામયિક ગણાય. આનંદઘન કદાચ થોડા મોટા પણ હોય. ઘણે ભાગે તેમનો જન્મ ઇ. સ. ૧૬૧૫ ની આસપાસ અને દેહાવસાન ઇ. સ. ૧૬૭૫ ની આસપાસ થયું હોય.

ભક્તોની પાસેથી સાંભળ્યું છે કે દાદૂના શિષ્ય મસ્કીનજીની સાથે તેમનો વાર્તાલાપ થયેલો. દાદૂનો જન્મ ઇ. સ. ૧૫૪૪ માં અને મૃત્યુ ઇ. સ. ૧૬૦૩ માં, એટલે કે વિ. સ. ૧૬૬૦ માં. આનંદઘન મસ્કીનજીના કરતાં ઉંમરમાં નાના હતા.

જૈન સાધુઓમાં આનંદઘનને વિષે કેટલીક આખ્યાયિકાઓ પ્રચ-લિત છે. કહે છે કે કોઈ એક ધનિક આનંદઘનને ખાવા પહેરવાનું દેતા. એક વાર આનંદઘનનાં ધાર્મિક પ્રવચનમાં પેલા શ્રેષ્ઠીને આવતાં મોડું થયું. તેમણે આ પ્રમાણે કહી રાખેલું છતાં આનંદઘને રાહ જોઇ નહિ. શ્રેષ્ઠી જરા બબડવા લાગ્યા. આનંદઘને તેમનાં દીધેલાં વસ્ત્ર ઇત્યાદિ ફગાવી દીધાં.

એક વાર કોઇ એક રાણીએ પોતાના પતિને વશ કરવા માટે કવચની ઇચ્છા દર્શાવી. આનંદઘને લખી જણાવ્યું કે 'રાજા તારે વશ થાય કે નહિ તેમાં મારે શી પડી છે!' રાણીએ આ ચિઠ્ઠીને વાંચ્યા વગર કવચ માનીને માદળિયામાં રાખી અને થયું એવું કે પેલો રાજા વશ થઇને વર્તવા લાગ્યો. ભક્તોની બાબતમાં આવી ઘણી વાતો મળી આવે છે.

યતિ જ્ઞાનસાગરે લખેલી આનંદઘનની એક ટીકામાં લખ્યું છે કે તેઓ જૈન સાધુના વેશમાં રહેતા. પરંતુ આનંદઘનનાં પોતાનાં લખાણોમાંથી તેમજ બીજાં અનેક પ્રમાણો પરથી જણાય છે કે તેઓ પહેરવેશ વગેરે 'ભેખ'ને માનતા નહિ. ઉલટું એવું જાણવાનું મળે છે કે સાધુનો વેશ છોડીને મરમી સંતોની માફક લાંબો ઝભ્ભો પોતે પહેરતા અને સિતાર, દિલરુબા સાથે લઇને ફરતા. જે કોઇ ભક્તોની પાસેથી મને જાણવાનું મળ્યું છે તેની સાથે તેમનાં લખાણો મોંથી પણ ઘણાનો મેળ ખાય છે. તેમનાં લખાણ પરથી જણાય છે કે તેમણે પોતાના સંપ્રદાયમાં જ રહીને પ્રથમ નિષ્ઠાપૂર્વક સાધના કરેલી. આ ભાવનાં તેમનાં પદ આ રહ્યાં:-

'મનુ પ્યારા, મનુ પ્યારા, રિખભદેવ મનુ પ્યારા' [પદ, ૧૦૧]
'ઐસે જિનચરણે ચિત્ત લ્યાઉં રે મના.' (પદ, ૯૫)
'એ જિનકે પાય લાગરે, તુજે કહીં કેતા' (પદ, ૧૦૨) ઇત્યાદિ.

પરંતુ આમ છતાંય તેમની સાધના કોઇ સંપ્રદાયના નિર્દિષ્ટ વાડામાં સમાઇ શકી નહિ. શરૂશરૂમાં પોતાના અંતરને તૃપ્ત કરવા માટે તેમણે દર્શનોના જ્ઞાનમાં ડૂબકી મારવા માંડી.

'ઉપજે વિનસે તમહી!
ઉલટ પુલટ ધ્રુવસમા રાખે!!' (પદ, ૫)

આ થયું જૈનદર્શન. જ્ઞાનની આલોચનાની સાથે સાથે તેમને જણાવા લાગ્યું કે સાંપ્રદાયિક મતમતાંતર ઉપર થયા વગર જીવનનો સારમર્મ અનુભવાશે નહિ. તેથી તેમણે કહ્યું.

'નિરપખ હોય લખે કોઇ વિરલા,
કયા દેખે મતજંગી?' (પદ, ૫)

અંતરની વ્યાકુળતાથી તેમણે યોગમાર્ગ શોધ્યો. આનંદઘનની પહેલાં તેમજ પછીથી જૈનસંપ્રદાયમાં હેમચંદ્ર, શુભચંદ હરિભદ્રસૂરિ, યશોવિજયજી વગેરે યોગશાસ્ત્રના જ્ઞાની તેમજ લેખક થઇ ગયા. આનંદઘને જપ, નિયમ, પ્રાણાયામ વગેરે કર્યાં. કાયાયોગ, ચક્રભેદ

પણ કરી જોયા. કરતાં કરતાં તેમને લાગ્યું કે જેઓ આત્માના અનુભવનો રસ ચાખતા હોય તેમની ઉપલબ્ધિ અદ્‌ભુત હોય છે, કારણ કે તે એક અનુભવ જ અજાણ્યા તત્ત્વને જણાવે છે, અનંતનો અનુભવ કરાવે છે.

'આતમ અનુભવ રસિક કો, અજબ સુન્યો નિહતંત।
નિવેદી વેદન કરે, વેદન કરે અનંત॥' (સાખી પદ, ૬)

દર્શનમાં, યોગમાં કે કશામાં તેમને તૃપ્તિ ન થઇ. તેમણે જોયું કે વૈષ્ણવો ભક્તિરસમાં કેવા તરબોળ રહે છે. કદાચ આમાં તેમને તૃપ્તિ મળે એમ માનીને પોતે વૈષ્ણવભાવનામાં મશગુલ રહેવા લાગ્યા. આ ભાવના આવેશમાં જ તેમણે ગાયું છે કે મારું હૃદય તો બંસીધરમાં લાગી ગયું છે.

'સારા દિલ લગા હૈ બંસીવારેસૂં' (પદ, ૫૩)

આનંદઘનના આ પરિવર્તનથી બધા આશ્ચર્ય પામી ગયા. તેમને સમજાવતા તેમણે કહ્યું, "વ્રજનાથના જેવો પ્રિયતમ સ્વામી બીજો કયો હોઇ શકે! માટે જ મેં તો મારી જાતને વેચી દીધી છે."

'વ્રજનાથસે સુનાથ બિન હાથોહાથ બિકાયો.' (૬૩) આનંદઘનને જણાયું કે શ્રી રાધિકાની માફક કૃષ્ણના વિરહમાં તેમનો આખો જન્મ વીતી જશે. તેથી તેમણે ગાયું.

'શ્યામ, મુને નિરાધાર કેમ મૂકી।
કોઇ નહીં હું, કોણ હું બોલું, સહુ આલંબન ટુંકી॥
પ્રાણનાથ તુમે દૂર પધાર્યા, મૂકી નેહ નિરાશી।
જનજનના નિત્ય પ્રતિગુણ ગાતાં જન્મારો કિમ જાસી॥
જેહનો પક્ષ લઇને બોલું, તે મનમાં સુખ આણે।
જેહનો પક્ષ મૂકીને બોલું, તે જનમ લગે ચિત તાણે॥
વાત તમારી મનમોં આવે, કોણ આગળ જઇ બોલું।
લલિત ખલિત ખલ જ્યે દેખું, આમ બાત સબ બોલું॥
ઘટ ઘટ છો અંતરજામી, સુજમાં કો નહિ દેખું।
જે દેખું તે નજર ન આવે પ્રાણવસ્તુ ન પેખું॥
અવધે કેહની વાટડી જોઉં, બિન અવધે અતિ ઝૂરું।
આનંદઘન પ્રભુ વેગે પધારો, જિમ મન આસ પૂરું॥ (૯૪)

આનંદઘન મનમાં વિચારવા લાગ્યા કે કદાચ અંતરમાં અહંભાવની ગ્રંથિ રહી ગઇ હોય, તેથી જ તેમની કૃપા થતી નથી. તેથી ગાયું,

કયા માગું ગુણહીના.....
પ્રભુ કે ઘરદ્વારે રટન કરું.....' (૨૬)

મનની વ્યાકુળતાને લીધે આનંદઘન સાધનાને માર્ગે આગળ ચપવા લાગ્યા. અનેક સાધના કરી. તેમના અંતરની વ્યાકુળ અવસ્થાનો લાભ લઇને કેટલાય સંપ્રદાયોના કેટલાય જબરદસ્ત રખેવાળોએ તેમને પોતપોતાની વાડમાં તાણ્યા. આનંદઘન નિરુપાય થઇ ગયા. બધા જ જુલ્મ નીચે માથે સહેવા લાગ્યા. ફળમાં કાંઇ ન મળ્યું. કોઇ દળ આવીને તેમને તાણી જાય અને તેમને પોતાના પાઠ ભણાવે. તેમને છેવટે લાગે કે એ માર્ગ વ્યર્થ છે, તો વળી પાછા તેમાંથી બહાર નીકળી પડે. જેમ કોઇ અસહાય અબળા સ્વામીની શોધમાં આકુળ-વ્યાકુળ થઇને રસ્તે જતાં આમતેમ નજર કરે, ત્યાં કોઇ દળના લોકો તેની આવી અવસ્થાનો લાભ લઇને તેને બળપૂર્વક પોતાના વાડામાં ફસાવે, તેમ આનંદઘનના જીવનમાં પણ થવા લાગ્યું. પોતાના જીવનની આ વાત તેમણે અત્યંત કરુણાર્દ્ર ભાવે ગાઇ છે. પોતાના જૈન ધર્મને પણ તેમણે છોડ્યો નથી. આ રહ્યું તે પદ:—

બાવડી મુને નિરપખ કિણહી ન મૂકી।
નિરપખ રહેવા ઘણું હિ ઝુઝી, બીમે નિજમત ફૂકી॥
જોગિયે મલીને જોગિન કીની, જતિયે કીની જતની।
ભગતે પકડી ભગતાની કીની, મતવાલે કીની મતની॥
રામ ભણી રહેમાન ભણાવી, અરિહંત પાઠ પઢાઇ।
ઘર ઘરમે હમ ઘર્યે ન લગી। અલગી જીવ સગાઇ॥
કોઇએ મુંડી, કોઇયે લૂંચી, કોઇએ કેસેં લપેટી।
એકમનો મેં કોઇ ન દેખ્યો વેદન કિન્હી ન મેટી॥
કોઇએ થાપી, કોઇ ઉથાપી, કોઇ ચલાવી, કોઇ રાખી।
કોઇ જગાડી, કોઇ સુવાડી, કોઇનું કોઇ નથી સાથી॥
ધીંગો દુઃખને ઠેલિજે, ડાંગ ડીંગો બાજે।
અબલા તે કિમ બોલી શકીયે, બડ જોહાને રાજે॥
જે જે કીધું, જે જે કરાવ્યું, તે કહેતી હું લાજું।
થોડે કહે ઘણું પ્રીછિ લેજો, ઘરશું તીરથ નહિ બીજું॥
આપવીતી કહે તો રીસાવે, તેથી જોર ન ચાલે।
આનંદઘન વાહલો બોંહડી ઝાલે, તો બીજુ સબલું પાલે॥ (૪૮)

માનવ માનવનું દાસત્વ ભયંકર છે, વિચ્છિન્ન સત્યનો ભાર ઘણો છે; સમગ્ર સત્યનો કાંઇ જ નથી. એક પાણીનો દેગડો માથે ચઢાવવો ભારે છે; પણ સાગરમાં ડૂબકી મારતાં પાણીનો ભાર જણાતો નથી. આનંદઘને વિચાર્યું કે સમગ્ર વિશ્વ સત્યને જીવનમાં ઊતારવું જો અખિલ વિશ્વને ગુરુ કરવામાં આવે તો બધા વાદવિવાદ ટળી જાય. તેથી તેમણે ગાયું.

'જગત ગુરુ મેરા મૈં જગતકા ચેરા
મેટ ગયા વાદવિવાદકા ઘેરા!' (૭૯)

'પ્રભુ તો સમ અવર ન કોઇ બલકમે.' (૮૨)

જ્યારે આમ અનુભવનો આનંદ જાગ્યો ત્યારે અનાદિ અજ્ઞાન-નિદ્રા આપમેળે સરી ગઇ. જ્યોતિસ્વરૂપ સહજ અવસ્થા જીવનમંદિરને ઉજાળવા લાગી. (૪) કોઇ સંપ્રદાયની સાથે તેમનો વિરોધ રહ્યો નહિ. રામ, રહેમાન, મહાદેવ, પારસનાથ, બ્રહ્મા બધાય બ્રહ્મમય જણાયા. (૬૭)

જીવનની સાધનાને માર્ગે જે પ્રકાશથી, જે પ્રેરણાથી આનંદઘન આગળ વધ્યા તે કબીર વગેરે સહજવાદી મરમીઓના જેવા જ હતા. આનંદઘનના ઘણા ભાવ કબીર, દાદૂ, રજ્જબજી વગેરેના ભાવોની સાથે મળે છે.*

આનંદઘનનાં પદોમાં સુંદર કવિત્વશક્તિનો પ્રકાશ પણ જણાય છે. નીચેનાં ઉદાહરણોથી તેમનાં ભાવ, ભાષા તેમજ રચનાનો કાંઇક પરિચય થશે.

૧. અમલ કમલ વિકચ ભયે ભૂતલ
મંદ વિષય શશિકોર (૧૫)

૨. કરે જ્યારે જ્યારે જ્યાં
સજિ શણગાર બણાઇ આભૂષણ
ગઈ તબ સુની સેજ॥ (૩૫)

તેમને જણાયું કે તે પરમ પ્રભુ સૌથી પર છે. તેથી ગાયું,

૩. નિસ અંધિયારી ઘનઘટા રે
પાઉં ન વાટકો કૂંદ॥ (૧૮)

૪. ઝડી સદા આનંદઘન બરખત
બનમોર એકતારી॥ (૨૦)

૫. દુઃખિયારી નિસદિન રહું રે,
ફિરું સુધબુધ ખોય।
તનકી મનકી કવન લહે પ્યારે
કાસે દેખાઉં રોય॥ (૩૩)

૬. આંખ લગાઇ દુઃખ મહેલક ઝરખે જુની હો। (૪૧)

૭. શ્રાવણ ભાદુ ઘનઘટા, બિચ બિચ ઝમકા હો।
સરિતા સરવર સબ ભરે, મેરા ઘટસર સબ સુકા હો॥ (૬૨)

મૂળ લેખક:—**શ્રી. ક્ષિતિમોહન સેન**
અનુવાદક:—**શ્રી જયંતિલાલ આચાર્ય**
(સમાપ્ત)

* ત્યારે પછી ક્ષિતિબાબુ કબીરની વાણીની સાથે આનંદઘનની વાણીના શબ્દ, ભાવ, વિચાર વગેરે દર્શાવતાં પદોના ઉલ્લેખ કરે છે, જે આ સ્થળે ઉચિત વધુ હોવાથી ઓઢી દઉં છું. (આ. જ. મ.)

અજ્ઞાન લોકોને આફતમાં ઉતારનાર પહેલા બે વટહુકમોની સરિયામ નિષ્ફળતા

લડાઈ દરમ્યાન લાંચ, રૂશ્વત, કાળા બજાર અને ઇન્કમટેક્ષની અવગણનામાંથી લોકોમાં અનીતિનું ધન એકઠું થવા દઈને હવે સરકારે સમાજનું સમુદ્ર-મંથન કરી તે ઝેર ચુસી લેવાના પ્રયાસ આદર્યા છે. આવા સમુદ્ર-મંથન માટે સરકારને વિદેશોમાંથી ખાસ વિશારદો બોલાવવા પડયા છે અને મહિનાઓ સુધી તેમને કામે લગાડવા પડયા છે.

પણ વિદેશી વિશારદો હિંદની તળપદી યુક્તિ-પ્રયુક્તિઓથી કેટલા પરિચિત છે અને તે યુક્તિ-પ્રયુક્તિઓને પકડવા માટે તેઓ કેવી સફળ જાળ બીછાવી શકયા છે તે સંબંધી અત્યારથી નિશ્ચિત મત બાંધવો તે ઘણો વહેલો કહેવાય. ખાસ કરીને બેન્કોને લગતા વટહુકમનો અમલ થવો અને આપણને તેનો અનુભવ થવો સદંતર બાકી છે.

વિદેશી વિશારદોએ મહિનાઓની મહેનત પછી તૈયાર કરેલી યોજના સમાજ ઉપર વિજળી પડી હોય તેવા સ્વરૂપે અચાનક આવી પણ તેનો પ્રથમ આઘાત સમાયા પછી તરત જ હિંદી પ્રજાએ ટુંકી મુદતમાં તે યોજનાની છટકબારીઓ શોધી હાલ તુરત તેનો લાભ લઇ લીધો છે તે વિષે શંકા નથી.

મોટી કિંમતની નોટની ગણતરી

હિંદુસ્થાનમાં લાંચ, રૂશ્વત, કાળાબજાર અને ઇન્કમટેક્ષની અવગણનામાંથી ઉભી થયેલી મુડી ત્રણથી પાંચ અબજની હોવાનો અંદાજ છે, જયારે હિંદુસ્થાનમાં અત્યારે ચલણી નાણું લગભગ તેર અબજ જેટલું છે તેમાંથી દશ ટકા જેટલી એટલે લગભગ સવા અબજ જેટલી જ હજારની નોટો ચલણમાં છે. ઉપરાંત પાંચસો અને દશ હજારની નોટો ગણતા આવી મોટી કિંમતની નોટ રૂા. ૧૬૦ લાખની હોવાનો અંદાજ છે. આમાંથી પંચાશી કરોડની નોટો બ્રિટીશ હિંદમાં બદલાઇ ગયાનો અંદાજ છે. તે પછી રિયાસતોમાં બીજી વધુ નોટો બદલાશે. તેમ છતાં ત્રીશ કરોડની નોટો બદલાશે નહિ અને ચલણમાંથી રદ જશે તેવો સરકારી અંદાજ હોવાનું જણાય છે. ઉપરાંત બદલાયેલ નોટોવાળા પાસેથી સરકાર અમુક પ્રમાણમાં ઇન્કમટેક્ષ વસુલ કરી શકશે તેવી સરકારની ધારણા છે.

કેટલી નોટો નિરર્થક જશે ?

આ વટહુકમો બહાર પડયા તેની શરૂઆતના દિવસોમાં નોટોના કાળા બજારમાં હજારની નોટો છસોમાં વટાવાતી હતી તે છેલ્લા દિવસોમાં સાડા આઠસોના ભાવે વટાવાતી હતી. તે બતાવે છે કે હજારની નોટો બહુ જુજ પ્રમાણમાં જ નિરર્થક જશે. વટાવમાં અંદરોઅંદર પ્રજાના એક ભાગને લાભ અને બીજા ભાગને નુકસાન ભલે થયું, પણ તેથી સરકારી જાળમાં ફસાનાર વર્ગને છટક-બારી જરૂર મળી ગઇ છે. ઉપરાંત વટહુકમને પહેલે દિવસે આવા લોકોએ મળ્યું તેટલું સોનું ખરીદી લીધું હતું અને દેશી રાજ્યોની બાબત પહેલેથી ગહન રાખ્યા છતાં અત્યાર સુધી બન્યું છે તેમ તેજ ખરી છટકબારી નીવડી હશે તેમ માનવામાં ભુલ ખાવા જેવુ નથી.

આ બધા સંજોગોનો સમગ્રપણે વિચાર કરતાં પાંચસોની કિમતે ઉપરની નોટોનું ચલણ અટકાવીને સરકાર ખાસ કાંઇ ખાટી જાય તેમ લાગતું વથી. એટલું જ નહિ પણ તેથી પ્રુગાવો અટકાવવાનો સરકારનો આશય પણ સરવાનો નથી. કારણ કે આ વટહુકમોથી બહુ જુ જ સંખ્યામાં હજારની નોટો નિરર્થક જશે. પણ તેથી લોકોમાં નોટો પ્રત્યેનો જે અવિશ્વાસ પેદા થયો છે તેથી તેમજ એક યા બીજા માર્ગે કાળા બજારની નોટો સફેદ બજારમાં આવી, તેથી લોકો વસ્તુઓમાં નાણા રોકવાનું પસંદ કરશે અને વટહુકમોના અમલના બે અઠવાડીયા દરમ્યાન પણ પ્રુગાવો ઘટવાને બદલે લગભગ બાવીશ કરોડનો પ્રુગાવો ઘ્યો છે તેથી આ જાતની લોકમનોવૃત્તિને ઉતેજન મળશે.

સરકારનું હવેનું પગલું

પણ સરકાર આટલેથી અટકશે ? કે પોતાની આ યોજનાનું નિરાશાજનક પરીણામ તેને આ દિશામાં વધુ આગળ વધવાનું ઉતેજન આપશે ? હિંદી સરકાર બ્રિટીશ સરકારની આર્થિક નીતિના ઓછાયે ચાલે છે તે જાણીતી વાત છે. બ્રિટિશ સરકારે ૧૯૪૫ માં દશ પૌન્ડ અને તે ઉપરની નોટોનું ચલણ રદ કર્યું હતું. હિંદી સરકારે અત્યારે તેમ કર્યું. ગયા અઠવાડીયે બ્રિટિશ સરકારે પાંચ પૌન્ડની નોટોનું ચલણ રદ કર્યું છે. હિંદી સરકારે એકસોની કિમતની નોટોને સ્પર્શ નહિ કરવાનું વચન આપ્યું છે, છતાં પહેલી યોજનાના નિષ્ફળ પરિણામ પછી વચન ગળી જવું પડે તો સરકાર તેમ કરવામાં જરાયે આંચકો ખાય તેવી નથી. હારે કબુલ કરે તો તે હિંદી સરકાર નહિ. પ્રજાનું ગમે તે થાય, પણ પોતાની હારને જીત મનાવવા આકાશ પાતાળ એક કરે નહિ તો તે હિંદની નોકરશાહી નહિ.

આમપ્રજાની શું સ્થિતિ ?

તેર અબજ રૂપીયાના ચલણમાંથી ત્રણથી પાંચ અબજ જેટલી મુડી કાળાબજાર અને લાંચ રૂશ્વતમાંથી કમાણી કરનારાઓમાં સંગ્રહાયેલી હોવાનો સામાન્ય અંદાજ છે. તેમાંથી સરકારી અંદાજ પ્રમાણે પુરા ત્રીશ કરોડ નિરર્થક જાય તો પણ તેની તેઓને કશી કિંમત નથી. પણ તે ત્રીશ કરોડ તેવી કમાણી કરનારના જ નિરર્થક જશે કે સાચા માણસોના પણ નિરર્થક જશે તેની ચિન્તા સરકારે સેવી છે ?

વિદેશી વિશારદોએ મહિનાઓ સુધી લાખોના પગારો ખાઇને આ યોજના તૈયાર કરી, તે યોજનાને ખાનગી રાખવા માટે તેઓશ્રીને હાથે લખવું પડયું અગર જાતે ટાઇપ કરવું પડયું, છેલ્લી ઘડીએ વાઇસરોયની સહી મેળવવા માટે વિમાનો ઉડાડવા પડયા વિગેરે આ યોજનાની રોમાંચક કથાઓ આપણે ઘણી સાંભળી. પણ તે યોજનાનો અમલ હિંદની અજ્ઞાન અને ગરીબ પ્રજાને ભુલાવામાં નાંખી તેઓને આફત રૂપ ન નીવડે તેની કોઇએ ચિન્તા સેવી હોય તેવી એક પણ હકીકત બહાર પડી છે ? કે કોઇએ પૂછી છે ?

અમલમાં અક્ષમ્ય ક્ષતિ

આ વટહુકમનો અમલ ટુંકી મુદતમાં થવાનો હોઇને તેની જાહેરાત દેશના ખુણે ખુણે તરત જ થાય તેવા માર્ગો યોજવા જોઇતા હતા. જે ખતમાં વિગતો ભરવાની હતી તે ખતની અંગ્રેજી નકલો પણ મળતી નહોતી તો હિંદુસ્થાનની દરેક ભાષામાં તે ખત તૈયાર હોવા જોઇએ તેમ કહેવું શું કામનું છે ? વિગતો લખવાની બાબતમાં પ્રજાને શું સમજ પડે ? ઉલટું જે. પી, પોલિસ અધિકારી અને ખત સ્વીકારનાર બેન્કો બીનજરૂરી વિગતો માંગે અને ખત ભરનારને દબડાવે ? તેની રાડ ફરીયાદ કયાં થાય ? અને છેવટે નોટો વટાવવા માટે કલાકો સુધી ભુખ્યા, તરસ્યા અને કુદરતી હાજત પતાવ્યા સિવાય લાંબી કતારમાં ઉભા રહેવું અગર અનેકની ઓશીયાળ કરવી ! આવો સખ્ત અને સર્વવ્યાપી વટહુકમ બહાર પાડયા પછી એકસામટા અનેક કારકુનો રોકીને ઝડપથી નાણા વટાવવાની સગવડ સરકાર ન કરી શકે તો સ્વતંત્ર દેશમાં આવી સરકારને નસીયત મળે.

લાંચ-રૂશ્વત અને કાળાબજારમાંથી નાણાં ભેગા કરનારાઓમાંથી ઘણા ખરા બુદ્ધિપૂર્વક અને આગમચેતીથી બચી જઇ શકે છે. પણ અજ્ઞાન અને ગરીબ પ્રજા જેને ઉપર લખ્યું તેવી વિટંબણા ભોગવવી પડી છે તેઓ જ તે આફતને સમજી શકે તેમ છે. અને હિંદુસ્થાન જેવા ગરીબ દેશમાં દુર દુરના ગામડામાં હજારની નોટો સંગ્રહનારા થોડા જ હશે, છતાં તેઓમાંથી સારા એવા વર્ગને આ વટહુકમે આફતમાં મુકયા હશે તે વિષે શંકા નથી.

(અનુસંધાન પૃષ્ઠ ૬૬૨ જુઓ)

સદ્‌ગત સાહિત્યોપાસક શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ—કેટલાંક સંસ્મરણો

પ્રબુદ્ધ જૈન ના ૧૫-૧૨-૪૫ ના અંકમાં શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇના દુઃખદ અવસાનની નોંધ લેતો અને હાર્દિક સમવેદના દર્શાવતો એક લેખ પ્રસિદ્ધ થયો છે. હું તો માત્ર મોહનભાઇ વિષેનાં મારાં કેટલાંક સ્મરણો જે તેમના સ્વભાવની વિવિધ બાજુઓનાં અને તેમની કર્મઠતાનાં નિર્દેશક છે તેને ગ્રથિત કરી તેમના પરલોકગત આત્માને શ્રદ્ધાંજલિ રૂપે અર્પિત કરું છું.

પ્રથમ પરિચય

સને ૧૯૨૭ ના ચોમાસામાં મુંબઇના વાલકેશ્વરના ઉપાશ્રયમાં હું તેમને પહેલવહેલો મળ્યો. મોહનભાઇ પોતાના શ્રદ્ધેય મિત્ર વાડીલાલ મોતીલાલ શાહ અને શ્રીયુત નાથુરામ પ્રેમીજી સાથે ત્યાં મુનિશ્રી જિનવિજયજી પાસે આવેલા. આ પ્રાથમિક સ્વલ્પ પરિચયથી હું તેમના પ્રત્યે આકર્ષાયો અને એ આકર્ષણ ઉત્તરોત્તર વધારે પરિચયથી અને તેમના કાર્યનિરીક્ષણથી વધતું જ ગયું.

વિવેકયુક્ત ગુણપક્ષપાત

તેમનામાં સૌથી મોટો ગુણ ગુણપક્ષપાતનો હતો. જ્યાં જ્યાં ગુણ નજરે પડે ત્યાં ત્યાં આકર્ષાવું એ એમનો સહજ સ્વભાવ હતો. આમ છતાં પણ આ ગુણપક્ષપાત વિવેકયુક્ત રહેતો. પોતાના વિશિષ્ટ પક્ષપાતના પાત્રમાં સમયાન્તરે અસાધારણ ત્રુટિઓ માલુમ પડે તો પણ તેની ભક્તિ ઉપાસના ચાલુ રાખવી એ તેમના માટે કદિ શક્ય નહોતું. તેમનામાં કોઇ વિષે કદિ આંધળી ભક્તિ નહોતી. દાખલા તરીકેઃ મોહનભાઇ સદ્‌ગત વા. મો. શાહનાં આકર્ષક લખાણો અને ઉત્તેજક વિચારોથી તેમની પોતાની ભાષા વાપરીને કહું તો શાહના અનન્ય ભક્ત થયેલા; પણ વખત જતાં તેઓ તેમના પ્રત્યે તટસ્થ થઇ ગયા. તેથી ઉલટું શ્રીયુત નાથુરામ પ્રેમીજી સાથેની તેમની મૈત્રી છેવટની ઘડી લગી કાયમ રહી હતી; એટલું જ નહિ પણ ઉત્તરોત્તર વધતી પણ ગઇ હતી. મોહનભાઇ હંમેશા કહેતા કે પ્રેમીજી જેટલા સરળ છે તેટલા જ અસાંપ્રદાયિક ઐતિહાસિક દૃષ્ટિવાળા પણ છે. પ્રેમીજીની નિખાલસવૃત્તિ અને સાહિત્યિક તેમ જ ઐતિહાસિક ઉપાસનાએ જ મોહનભાઇને આકર્ષેલા. મુનિશ્રી જિનવિજયજી પૂનામાં જ્યારે સાહિત્યનું અને ઐતિહાસિક સંશોધનનું કામ કરતા ને સાધુવેષમાં હતા ત્યારે મોહનભાઇ તેમના કામથી આકર્ષાઇ ત્યાં જતા અને તેમની પાસેથી ઘણું નવું જાણી પ્રેરણા મેળવતા. સ. ૧૯૨૯ માં મુનિશ્રીએ સાધુવેષનો પરિત્યાગ કર્યો ત્યારે કેટલાયે તેમના પ્રથમ પરિચિત મિત્રો ચમકયા અને કાંઇક ઉદાસીન જેવા પણ થઇ ગયા. છતાં મોહનભાઇનો મુનિજી પ્રત્યેનો સદ્‌ભાવ અને સ્નેહ ઘટવાને બદલે ઉત્તરોત્તર વધતો જ ગયો. જેમ જેમ તેઓ મુનિજીના સ્વભાવ અને સાહિત્યિક, ઐતિહાસિક કાર્યોથી વધારે ને વધારે પરિચિત થતા ગયા તેમ તેમ તેમનું મુનિજી પ્રત્યેનું આકર્ષણ વધતું જ ગયું. એટલે સુધી કે તેઓ અમદાવાદ આવે તો મુનિજીના જ અતિથિ બને, અને મુંબઇમાં મુનિજી આવી ચડે કે ગમે ત્યાંથી મોહનભાઇ તેમને મળવા પહોંચી જ જાય. મોહનભાઇએ અનેક વાર કહેલું કે "મુનિજી! તમે જ્યારે કયાંય પણ પ્રવાસ કરો ત્યારે મને જરૂર સુચવશો. કોર્ટની રજા હશે તો હું તેનો ઉપયોગ તમારી સાથે દિવસો ગાળવામાં જ કરીશ. એથી મને મારા પ્રિય કાર્યોમાં ઉપયોગી થાય એવી ઘણી વસ્તુઓ જાણવા મળશે. અને હું એકલો તો પ્રવાસ કરી પણ ન શકું." એ જ વૃત્તિથી પ્રેરાઇ સં. ૧૯૮૪ માં બેલગામ કોંગ્રેસ વખતે મોહનભાઇ પ્રવાસમાં સાથે જોડાયા અને વચ્ચે જ્યાં જ્યાં ઐતિહાસિક સ્થળો જોવા ઉતરવાનું બનતું ત્યાં સાથે જ રહેતા. ગુજરાત પુરાતત્ત્વ મંદિરની સાહિત્યિક પ્રવૃત્તિ, સીંધી સિરીઝની પ્રવૃત્તિ અને છેલ્લે છેલ્લે ભારતીય વિદ્યાભવનની વિવિધ વિદ્યાપ્રવૃત્તિથી મોહનભાઇ કેટલો ઉલ્લાસ અનુભવતા અને કેટલો રસ લેતા તેનો હું સાક્ષી છું. મોહનભાઇએ એ ઉલ્લાસ અને રસના પ્રતીકરૂપે ભારતી. વિદ્યાભવનની સીંધી સિરીઝમાં એક ઐતિહાસિક મહત્ત્વનો ગ્રંથ માનુચન્દ્રગણિચરિત સંપાદિત કરી આપ્યો છે, અને તેની વિસ્તૃત માહિતીપૂર્ણ અંગ્રેજી પ્રસ્તાવના લખી તેમણે પોતાનું કાયમી સ્મરણ રાખ્યું છે. મોહનભાઇ સામાજિક લોકો સાથે રહી સમાજનાં કામો કરતા, કેટલીક સામાજિક રૂઢિઓને અનુસરતા, પણ તેમને તેનું બંધન નહોતું. એમને બંધન હોય તો તે હતું એક માત્ર સદ્‌ગુણઉપાસનાનું. તેથી જ તેઓ ગાંધીજીને એક મહાન્ પેગંબર તરીકે લેખતા અને તેમનાં સત્ય-અહિંસામૂલક લખાણો વાંચ્યા વિના કદી જંપતા નહિ.

વિનમ્ર કર્મઠતા

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના રજતોત્સવ પ્રસંગે એક સભામાં વિદ્યાર્થીઓને સંબોધી મોહનભાઇએ કહેલું કે 'હું તદ્દન ગરીબાઇમાં માસાતી મદદથી અભ્યાસ કરી આગળ વધ્યો છું. મને ગરીબાઇ તથા સાધારણ સ્થિતિનું ભાન છે. એ ભાન જ મને નમ્ર બનાવે છે. મારી સતત કામ કરવાની વૃત્તિ પણ એ સ્થિતિને આભારી છે.' એ સભામાં તેમના મોઢેથી ઉપરની મતલબના ઉદ્‌ગારો મેં સાંભળ્યા અને પરિચય દરમ્યાન જાણેલ તેમના સ્વભાવ અને કાર્ય પ્રવણતા સાથે તુલના કરી તો મને તે વખતે જ તેમનું કથન તદ્દન સાચું લાગેલું. મુંબઇ, અમદાવાદ તેમજ પ્રવાસ વખતે, બીજે ઘણે સ્થળે અમે સાથે રહ્યા છીએ. તે વખતે મેં જોયું છે કે નાના-મોટાનું કશું જ આંતર રાખ્યા વિના પ્રસંગ આવતાં સાધારણમાં સાધારણ ગણાય એવાં કામો પણ જાતે કરવામાં તેમને વકીલની પ્રતિષ્ઠા કે આધુનિક સભ્યતા આડે ન આવતી. સં. ૧૯૮૭ માં અમે અંબાજી અને કુંભારિયાજી તરફ ગયેલા. કુંભારિયાજીનાં સુપ્રસિદ્ધ વિમલ મંત્રીના મંદિરોની કારીગરી જોવાનો અને ઐતિહાસિક માહિતી મેળવવાનો ઉદ્દેશ હતો. મુનિશ્રી જિનવિજયજી ત્યાંના અસ્ત-વ્યસ્ત તેમજ ધુળ કીચડથી દબાયેલા અને ઘવાયેલા શિલાલેખોની કોપી કરવા લાગ્યા કે તે જ વખતે મોહનભાઇએ શિલાલેખોને સાફ કરવાનું કામ એક મજુરની અદાથી હાથમાં લીધું. તે હસતા હસતા અમને કહે કે-"તમે બાકીનાઓ આવાનું તૈયાર રાખજો. હું અને મુનિજી તૈયાર થાળી ઉપર આવી બેસીશું." એમ કહી તેઓ દટાયેલા પત્થરોને ખુલ્લા કરતા, ધુળ-કચરો સાફ કરતા અને નવા નવા લખાણો શોધી કાઢી મુનિજીને કોપી કરવામાં જેમ સાથ આપતા તેમ તેમની પાસેથી એ લખાણો ત્વરિત વાંચી સમજી લેવાની તાલીમ પણ લેતા. આ વખતે મેં જોયું કે મેં કલ્પેલું તે કરતાં પણ મોહનભાઇ વધારે મહેનતુ અને કર્મરસિક છે. ચાલવું હોય ત્યારે માઇલોના માઇલ ચાલે અને સાથીઓથી પાછા ન રહેવામાં ગૌરવ માને. પ્રવાસમાં જાતે કરવાનાં કામ આવી પડે ત્યારે તે ઉલ્લાસ પૂર્વક કરે અને કોઇને એવું ભાન થવા ન દે કે તેમનો સાથ બોજારૂપ છે.

વિદ્યાવૃત્તિ

મોહનભાઇનો વકીલાતનો રસ, માત્ર સ્વાધીન નિર્વાહ પૂરતો હતો. તેમની મુખ્ય રસવૃત્તિ તો કાયદાના ક્ષેત્રની બહાર બીજા વિષયોમાંજ રમમાણ રહેતી અને તૃપ્તિ અનુભવતી. સાહિત્ય, ઇતિહાસ, પુરાતત્ત્વ આદિ અનેક વિષયોમાં તેમને રસ હતો અને એજ એમનું કાર્યક્ષેત્ર હતું. ન છૂટકે સ્વતંત્ર જીવનવ્યવહાર માટે કરવી પડતી વકીલાત કરતા, પણ તેમનો બાકીનો બધો સમય અને બધી શક્તિ તો પોતાના પ્રિય વિષયોમાંજ તેઓ ખરચતા. મુંબઇ ઉપરાંત અમદાવાદ, પાટણ, ભાવનગર, પાલણપુર, બિકાનેર આદિ અનેક સ્થળોના ભંડારો તેમણે જાતે જોયેલા. અનેક ભંડારોના લિસ્ટો મંગાવે, અનેક સ્થળેથી દૂર દૂરથી લિખિત પોથીઓ મંગાવે અને જે જે પોતાને ઉપયોગી દેખાય તેની અને પોતાને ઉપયોગી ન હોય છતાંય અપૂર્વ કોઇ વસ્તુ મળી આવે તો તેની પણ તેઓ જાતે નકલો કર્યા જ કરે. મિત્રો કે

પરિચિતો આવે ત્યારે વચ્ચે વાતો પણ કરે, ગપ્પાં પણ મારે, છતાં તેમનું મુખ્ય લક્ષ્ય તો કોપી કરવામાં કાંઇક લખવામાં કે પ્રુફ જોવામાં જ હોય. દિવસે પ્રવૃત્તિને લીધે અગર બીજાઓની અવરજવરને લીધે જે વિક્ષેપ પડતો તેની પૂરવણી તેઓ રાતે જાગીને જ કરતા અને 'या निशा सर्व भूतानां तस्यां जागर्त्ति संयमी।' એ ગીતાં વાક્યને સાહિત્ય સેવાની દૃષ્ટિએ સાચું સાબીત કરતા. એક વાર તેઓ અમદાવાદ આવ્યા અને શહેરમાં ભંડારો જોવા ગયા. ત્યાં જોતાં જોતાં તેમને એક અપૂર્વ વસ્તુ મળી. તેઓ એના આનંદમાં અને ભંડાર જોવાની મળેલી તકનો ઉપયોગ કરવામાં એટલા બધા નિમગ્ન થયા કે સાંજે જમવા પાછા ન ફર્યા. મોડે સુધી રાતે ઉતારા કરી ઘેર પાછા આવ્યા ત્યારે અમે તો બધા રાહ જોઇ સુઇ ગયેલા. તેમણે બારણું ખખડાવ્યું. 'આટલું બધું મોડું કેમ થયું?' એમ જ્યારે અમારામાંના શ્રી મોતીબહેને પૂછ્યું ત્યારે તેમણે કહ્યું કે 'હું જમીને જ આવ્યો છું, પણ કાંઇક એવી વસ્તુ લાવ્યો છું કે સુખલાલજી જાગે અને જાણે તો મને કદાચ ઇનામ આપે અને આટલી મોડી રાતે પણ જમણ આપે.' મને જગાડવામાં આવ્યો. મોહનભાઇ હસીને કહે–'મોડું થયું છે, પણ કાંઇક તમે શોધતા હતા એવી અલભ્ય વસ્તુ હું આવ્યો છું.' મેં કહ્યું કે 'એવું તે શું લઇ આવ્યા છો.' 'સાંભળો ત્યારે' એમ કહીને તેમણે **સુજસવેલી** સંભળાવી. 'સુજસવેલી'માં ઉપાધ્યાય યશોવિજયજીનું જીવનવૃત્ત તેમનાજ શિષ્યે આલેખેલું હોઇ તે ઐતિહાસિક દૃષ્ટિએ બહુ મહત્વની વસ્તુ હતી. એનો એક ખંડિત ભાગ કેટલાંક વર્ષ અગાઉ મુનિશ્રી જિનવિજયજીને મળેલો. ત્યારથી બાકીના ભાગ માટે ભારે ઉત્કંઠા જાગી હતી. મોહનભાઇએ પૂર્ણ 'સુજસવેલી' સંભળાવેલી, અને અમે બધા કોઇ એક કિમતી રત્ન લાધ્યું હોય તેટલી ખુશીથી તેમને અભિનંદન આપવા લાગ્યા. અને છેવટે ઇનામમાં મોહનથાળ ખવડાવી મોહનભાઇને સત્કાર્યા. મુંબઇમાં તેઓ તવાવાળા બિલ્ડીંગમાં રહેતા. એકવાર તેમને ત્યાંજ સુવાનો પ્રસંગ આવતાં મેં તેમને કહ્યું–'તમારે ત્યાં કયાં જગ્યા છે? વળી તમે તો મોડે સુધી જાગવાના, ધુમાડા કાઢવાના અને કાગળ કે ચોપડીઓનો ખખડાટ કરવાના, એટલે મારે પણ ઉજાગરો કરવો રહ્યો.' તેમણે તરતજ નિખાલસ ભાવે કહ્યું–'અલબત્ત, મારી સાંકડી રૂમને પણ ચોપડીઓએ વધારે સાંકડી કરી છે. છતાં સુવા જેટલી જગ્યા તો કરીશ જ. મને મોડે સુધી જાગી કામ કર્યા વિના ઉંઘ આવવ ની નથી અને બીડીનો ગરમી વિના મારૂં એંજિન ચાલે પણ નહીં. છતાં તમને વિઘ્ન ન નડે એ રીતે હું રૂમ બહાર બેસીને કામ કરીશ.' હું અમદાવાદ કે કાશીથી જ્યારે જ્યારે મુંબઇ આવું ત્યારે તેઓ મને મળેજ. અને સાહિત્ય, ઇતિહાસ, તેમજ તત્ત્વજ્ઞાનના અનેક વિષયોની ચર્ચા કરે. એમની જિજ્ઞાસા અને ચર્ચાવૃત્તિ એટલી પ્રબળ હતી કે તે મને કહેતા કે 'તમે દાદર, ઘાટકોપર, મુલુંદ કે સાંતાક્રુઝ જ્યાં ઉતરો ત્યાં તમને અડચણ ન હોય તો અમે રોજ આવવા તૈયાર છીએ. કોર્ટ હશે ત્યારે પણ હું અને મારા મિત્રો સાંજે તો આવી જ શકીએ છીએ.' મેં જ્યારે જ્યારે હા પાડેલી ત્યારે કહી મોહનભાઇ ગમે તેટલે દૂર અને સાંજે ગમે તેટલું મોડું થાય છતાંય આવ્યા વિના ભાગ્યે જ રહે. કોર્ટ બંધ હોય તો ઘણી વાર બબ્બે ત્રણ ત્રણ દિવસ શેઠ હરગોવિંદદાસ રામજીને ત્યાં સાથે જ રહે. મોહનભાઇ પોતાનું કામ સાથે જ લઇને આવતા. એટલે જ્યારે એકલા પડે ત્યારે પોતાનું કામ કર્યા જ કરે. તેમને જે જે વસ્તુ નવી મળી હોય તેનું વર્ણન કરે, થયેલ અને થતા કામનો ખ્યાલ આપે અને અમે કાંઇ ટીકા કરીએ તો મૃદુ જવાબ આપીને અગર ખડખડ હસીને તેની અસર ભૂંસી નાંખે.

એ પ્રકારની વિદ્યાવૃત્તિ અને સાહિત્ય નિષ્ઠાએ જ તેમની પાસે અનેક પ્રકારનું સાહિત્ય તેમજ ઇતિહાસને લગતુ કાર્ય સર્જાવ્યું. જૈન શ્વેતાંબર કોન્ફરન્સના કાર્યને સ્થાયી કીર્તિ કલશ ચડાવનાર કાંઇ હોય તો તે મોહનભાઇના અનેક કૃતિઓ જ છે. એમની બધી કૃતિઓ એવી છે કે ભાષા, છંદ, સાહિત્ય, ભંડાર, રાજવંશ, જ્ઞાતિઓ, ગચ્છો અને પ્રાચીન નગર–નિગમો આદિ અનેક વિષયો ઉપર ઇતિહાસ લખનાર તે કૃતિઓ જોયા વિના કદી પોતાનું કામ પૂરૂં કરી શકશે નહીં. એ કૃતિઓમાં કોન્ફરન્સના પાક્ષિક અને માસિકમાંના તેમના લેખો, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, જૈન ગૂર્જર કવિઓનાં ત્રણ ભાગોનો સમાવેશ થાય છે. તે ઉપરાંત બીજા ઘણા પ્રકાશકો અને સંપાદકોને મોહનભાઇએ વિવિધ પ્રકારનું સાહિત્ય, પોતાનાં લખાણો, નોટો, ટિપ્પણીઓ આદી પૂરાં પાડયાં છે. તેમની સંશોધન અને સંપાદનની ધગશ એટલી બધી ઉત્કટ હતી કે કોઇ એ વિષે તેમની પાસેથી મદદ માગે તો બીજે ગમે તેટલો બોજો હોવા છતાં આ વધારાનો બોજો લેવાનું તેઓ સ્વીકારે અને તેમને નિભાવે પણ. એ જ વૃત્તિને લીધે તેમણે આત્માનંદ જૈન શતાબ્દિ સ્મારક ગ્રંથનું દલદાર પુસ્તક સંપાદિત કરી આપ્યું. મોહનભાઇ પાસેથી મદદ લેનારમાં એવા બહુ જ ઓછા છે કે જેમણે તેમની મદદની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લીધી હોય. તેથી ઉલટું મોહનભાઇનો સ્વભાવ એવો હતો કે કોઇની પાસેથી તેમને કાંઇ પણ મદદ મળી હોય તો તેનો ઉલ્લેખ કર્યા વિના તેઓ ન રહે.

કોઇ વિદ્વાન કે સદ્‌ગુણી વ્યકિતને મળવાની અને તેમની પાસેથી કાંઇને કાંઇ જાણવાની તક મળતી હોય તો મોહનભાઇ ચૂકે નહીં. એવી વ્યકિત પાસે જતાં તેમને ઉંમર, જાતિ કે પંથનું અંતર નડતું નહિ. વિદ્વાનોનો સત્કાર કરવામાં ગૌરવ લેતા મેં તેમને જોયા છે. એમનો વિદ્યાયોગ અર્થાપેક્ષી નહોતો. તેમણે પોતાની સાધારણ કમાણીનો પણ ઠીક ઠીક ભાગ સાહિત્યકૃતિઓ સરજવામાં અને સાહિત્યવૃત્તિ સંતોષવામાં ખર્ચ્યો છે. અને જ્યાં બદલો મળે તેમ હતું ત્યાં પણ તેમણે બદલો લીધા વિના કેવળ સાહિત્યસેવાની દૃષ્ટિએ જ કામ કર્યું છે. એટલું જ નહીં પણ હું એવા પ્રસંગો જાણું છું કે જેમાં તેમણે વિદ્યા અને સાહિત્યને ઉત્તેજન આપવા આર્થિક મદદ પણ કરેલી. એકવાર પરદેશ અભ્યાસ અર્થે જતા એક મિત્રને તેમણે સંગીન મદદ આપેલી.

બીજો પ્રસંગ પં. દરબારીલાલ સત્યભકતનો છે. મોહનભાઇ દરબારીલાલનાં લખાણો અને વિચારો પ્રત્યે બહુ આદર ધરાવતા. એકવાર તેમને માલમ પડયું કે દરબારીલાલને સાહિત્ય પ્રગટ કરવામાં આર્થિક મુશ્કેલી નડે છે ત્યારે તેમણે વગર માગ્યે જ મદદ મોકલાવી દીધી. અત્રે એ ધ્યાનમાં રાખવા જેવું છે કે મોહનભાઇના શ્રદ્ધાપાત્ર વિદ્વાનો અને લેખકો તદ્દન સુધારક અને ક્રાંતિકારી વિચાર ધરાવનાર હતા, તેથી એ નિઃશંક છે કે મોહનભાઇનો વિદ્યાયોગ સમજ પૂર્વક અને નિષ્કામ હતો.

(અપૂર્ણ) **પંડિત સુખલાલજી.**

(પૃષ્ઠ ૨૬૦ થી ચાલુ)

ખરા ઉપાયો લેવાયા નથી

કાળાબજારવાળાને કે લાંચરૂશ્વત લેનારને પકડવા માટે માત્ર ચલણી નોટોને ખોટી ઠરાવવી તે એક જ માર્ગ નથી. તે પહેલાં ઇન્કમટેક્ષ નહિ ભરનારાઓ સોનું, શેર, મિલ્કત વિગેરે ખરીદી બેઠા હોય તેઓને પકડવાના અનેક માર્ગો સરકાર સમક્ષ ખુલ્લા છે. તેવી ચીજોના લેણ–વેચાણ કરનારા ઉઘાડા પડે તેવા માર્ગો સરકાર ઘણા વહેલાં લઇ શકી હોત. તેમાં કોઇ નવા વટહુકમોની પણ જરૂર નહોતી. સાચી દાનતથી અને પ્રજાને વિશ્વાસ પડે તેવું કામ કરવું હોય તો તે પહેલી કરવાની વસ્તુઓ સરકાર હજુ કરતી નથી અને છેલ્લી કરવાની વસ્તુઓ પહેલી કરે છે તેનું કારણ શું? માત્ર દુનિયામાં સારા દેખાવા માટે? જો તેમ ન હોય તો કાળાબજારીયા અને રૂશ્વતખોરોના હાથે લુંટાયેલી ભોળી હિંદી પ્રજાને વધુ પરેશાન કરવા સિવાયનો બીજો માર્ગ સરકારે અખત્યાર કરવો જોઇતો હતો. દોઢસો વર્ષના બ્રિટિશ તંત્રમાં આર્થિક બાબતો પરત્વે પ્રજાના ભોળપણ સાથે પુરતા નિષ્ઠુર ખેલ ખેલાયા છે. Devils quote scriptures એ રીતે પ્રજાના હિતના નામે આવા વધુ ખેલ ખેલતા હવે સરકારે અટકવું જોઇએ. હવે પ્રજા પણ એવી ભોળી રહી નથી. છતાં સરકાર નહિ સમજે તો પ્રજાએ સરકારને નવા પાઠ સમજાવવા પડે તે વખત આવી લાગ્યો છે. **બાપાલાલ કેશવલાલ.**

કેટલાક સમાચાર અને નોંધ

પાક્ષિક ઘટનાઓ

પ્રબુદ્ધ જૈન માટે નોંધ લખતાં લખતાં કેટલાક પ્રખવાડીઓ એવાં જાય છે કે જે દરમિયાન કોઈ પણ અગત્યનો બનાવ બન્યો હોવાનો ખ્યાલ ઉપર આવતું નથી અને તેથી કંઈ બાબત કે ઘટના ઉપર નોંધ લખવી એ મુંઝવણનો પ્રશ્ન બની જાય છે, જ્યારે કોઈ કોઈ પખવાડીઓ વાં પણ હોય છે કે જે દરમિયાન બનેલી અનેક ઘટનાઓ અને તે સાથે જોડાયલી સમસ્યાઓમાંથી કોના વિષે લખવું અને શું છોડી દેવું એવો પ્રશ્નજ એક મોટી મુંઝવણ ઉભી કરે છે. ગયું પખવાડીયું આખું આવું વ્યતીત થયું. જાન્યુઆરી માસની બારમી તારીખે મોટી રકમની નોટો વિષેનો વટહુકમ આવ્યો અને એણે વ્યાપારી જગતને અત્યન્ત ક્ષુબ્ધ બનાવી દીધું. આ વટહુકમે કાળા બજાર વાળાઓને તો મુંઝવ્યા, પણ અનેક પ્રમાણિક માણસોને પણ પોતાની વત સરકાર માનશે કે નહિ, પોતાની નોટના પૈસા સરકાર ચુકવશે કે નહિ–એવી પારાવાર ચિન્તા કરાવી. કાળા બજારને ડામવાના હેતુથી ઘડાયલા આ વટહુકમે નવેજ અને આબુકલ્પ્યો કાળો બજાર ઉભો કર્યો તે તો ખરી એક જુદુંજ પ્રકરણ સરી ગયું.

જાન્યુઆરી માસની ૧૮ મી થી ૨૧ મી તારીખ સુધી નૂતન બાળાશિક્ષણ સંઘના મરાઠી વિભાગના આશ્રય નીચે બાળાશિક્ષણ પરિષદ ભરાઈ ગઇ. આ પરિષદનું ઉદઘાટન મુંબઇના ભાજી પ્રધાન શ્રી બાળાસાહેબ ખેરના હાથે થયું હતું. આ પરિષદના કાર્યક્રમમાં એક બેહકનું બધુ કામકાજ ગુજરાતી ભાષામાં અને બીજી એક બેહકનું કામકાજ હિંદી ભાષામાં રાખવામાં આવ્યું હતું. પરિષદની બીજા દિવસની બેહકમાં 'બાળશિક્ષણમાં શિક્ષકને સ્થાન છે' એ પ્રસ્તાવ ઉપર ચર્ચા રાખવામાં આવી હતી. પ્રસ્તાવની રજુઆત શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે કરી હતી અને તેનો વિરોધ ન્યુ એરા સ્કુલના પ્રીન્સીપાલ શ્રી મગનલાલ ટી. વ્યાસે કર્યો હતો અને જાણીતા કેળવણીકારોએ અને વિવેચકોએ આ ચર્ચામાં મૂળ પ્રસ્તાવના સમર્થન યા વિરુધ્ધમાં ભાગ લીધો હતો. શ્રી. સરલાદેવી સારાભાઇ પ્રમુખસ્થાને હતા. આ પ્રસ્તાવ ઉપરનાં વિવેચનો માત્ર વિનોદપ્રેરક ચર્ચાનું સ્વરૂપ ન લેતાં શિક્ષણ અને શિક્ષાના સનાતન પ્રશ્નોની ગંભીર સમાલોચનામાં પરિણમ્યા હતાં અને એ પ્રસ્તાવ ઉપર મત લેવાતા સભાજનોએ ઘણી મોટી બહુમતીથી એ પ્રસ્તાવને ઉડાડી મુકયો હતો. પ્રમુખસ્થાનેથી શ્રી સરલાદેવીએ સભામાં થયેલી ચર્ચા વિષે અને શિક્ષાના વિરુધ્ધ પરિપદે દર્શાવેલા પોતાના અભિપ્રાય વિષે આનંદ વ્યકત કર્યો હતો અને હાજર રહેલા ભાઇબહેનો આ રીતે મત આપીને બાળાશિક્ષા વિરુદ્ધ પ્રતિજ્ઞા લે છે એ હકીકત ઉપર ભાર મુકયો હતો. પરિષદના અંગમાં નૂતન બાળશિક્ષણને અંગે મહત્વનું માર્ગદર્શન આપતું એક નાનું સરખું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

જાન્યુઆરીની ૨૩ મી તારીખે મુંબઇએ તેમજ આખા હિંદુસ્થાને રાષ્ટ્રનેતા શ્રી સુભાષચંદ્ર બોઝનો જન્મ દિવસ ઉજવ્યો. મુંબઇનો સમારંભ પોલીસના બીનજરૂરી દમન વડે અને પાછળથી લોકોના ગાંડપણ વડે કલંકિત થયો. ૨૩, ૨૪, ૨૫ તારીખ મુંબઇમાં પોલીસ તેમજ પ્રજાની અરાજકતાના ગયા અને અનેક નિર્દોષ માણસ મરાયા તેમજ ઘાયલ થયા. ૨૩ મી ની સાંજે ચોપાટીના સમુદ્રકીનારે સુભાષબોઝની જન્મ જયંતીને અંગે શ્રી ભુલાભાઇ દેસાઇના પ્રમુખપણા નીચે મુંબઇની જનતાની વિરાટ સભા મળી અને એ પ્રસંગે આઝાદ હિંદ ફોજના એક ઓફીસર શ્રી ધીલન પોતાનાં પત્ની સાથે આવી પહોંચ્યા અને લગભગ એક કલાક સુધી તેમણે રોમાંચપ્રેરક વ્યાખ્યાન આપ્યું. આને લીધે લોકોના આનંદ અને ઉત્સાહનો પાર ન રહ્યો.

૨૪ મી તારીખે દીલ્હીની મધ્યસ્થ ધારાસભાના પ્રમુખસ્થાને શ્રી. ગણેશ વાસુદેવ માવલંકરની ચુંટણી થઇ. તેનો હરીફ તરીકે સર કાવસજી જહાંગીર ઉભા રહ્યા હતા અને તેને સરકાર નિયુકત સભ્યોનો અને મુસ્લીમ લીગનો ટેકો હતો. અને સાધારણ અંદાજ પ્રમાણે શ્રી. માવલંકર ચુંટાય એવો કોઇ સંભવ નહોતો. આમ છતાં અણુધાર્યા સંયોગોને લીધે અને અમુક સભ્યોની તટસ્થતાના પરિણામે શ્રી. માવલંકરને ત્રણ વધારે મત મળ્યા અને પ્રમુખસ્થાને ચુંટાયા. કોંગ્રેસનો આ એક મહાન વિજય થયો. આ પ્રશ્ન ઉપર અને સારપછીની ધારાસભાની કાર્યવાહીમાં મુસ્લીમ લીગ જે આઝાદી અને અસહકારનો કોંગ્રેસ જેટલેજ દાવો કરે છે તે સરકારને પુરો સાથ આપી રહેલ છે તે એક ભારે વિલક્ષણ ઘટના છે અને હિંદના ભાવિ રાજકારણી ભાવીને વધારે અમંગળ આશંકાઓ વડે કલુષિત કરી રહેલ છે.

૨૬ મી તારીખ સ્વાતંત્ર્ય દિનની હતી. આગલા ત્રણ દિવસની અરાજકતા ધ્યાનમાં લેતાં આ દિવસ કેવો જશે એ સૌને મન ભારે ચિન્તાનો વિષય હતો. આમ છતાં આગળના દિવસોમાં જાણે કે કશુ બન્યું જ ન હોય એવી અપૂર્વ શાન્તિ અને શિસ્તપૂર્વક મુંબઇની જનતાએ આ સ્વાતંત્ર્યદિન ઉજવ્યો; તેને લગતા સરઘસમાં પોલીસ, ટીઅરગેસ, લઠીચાર્જ, ગોળી બહાર, અને કેટલક ગુંડાઓની ગુંડાગીરી–આ બધાં જોખમોની શકયતાની સદંતર ઉપેક્ષા કરીને લાખોની સંખ્યામાં ભાઈ બહેનોએ ભાગ લીધો. આવી નિડરતા અને શિસ્તબધ્ધતા દાખવવા બદલ મુંબઇની રાષ્ટ્રવાદી જનતાને જેટલો ધન્યવાદ આપવામાં આવે તેટલો ઓછો છે. સાંજના ચોપાટી ઉપરની સભામાં આજ સુધી કદિપણ જોવામાં નહિ આવેલી એવી માનવ મેદિની એકઠી થઇ હતી. એ દૃષ્ય જેટલું આનંદપ્રદ તેટલું જ ગૌરવપ્રદ હતું.

મુંબઇની ધારાસભામાં ઉમેદવારી કરવા માટે જે વ્યકિતઓની કોંગ્રેસ તરફથી પસંદગી કરવામાં આવી છે તેમાં નીચેનાં નામો જૈન સમાજ સાથે સંબંધ ધરાવતા હોઇને ખાસ ધ્યાન ખેચે છે.

શ્રી.	ભવાનજી અરજણ ખીમજી	મુંબઇ
,,	લીલાવતી કે. મુનશી	મુંબઇ
,,	કુંદનમલ ફીરોદીઆ	અહમદનગર
,,	પોપટલાલ શાહ	પૂના
,,	મગનલાલ શાહ	ખીજાપુર
,,	ધનકુમતી ચીમનલાલ શેઠ	અમદાવાદ

આ કાર્યકર્તાઓની નીમણુક તેઓ જૈન છે એટલા માટે નહિ, પણ આજ સુધીની રાષ્ટ્રીય લડત અને કોંગ્રેસના રચનાત્મક કાર્યક્રમમાં તેમનામાંના દરેકે ખુબ ફાળો અને ભોગ આપ્યો છે એ કારણે કરવામાં આવી છે અને એટલા માટે આ નિમણુકો સંબંધમાં જૈન સમાજે ખુબ ગૌરવ લેવું ઘટે છે. આવા જેટલા કાર્યકર્તાઓ જૈન સમાજ રાષ્ટ્રને ચરણે ધરે તેટલી જૈન સમાજની પ્રતિષ્ટા છે અને તેમાં જ જૈન સમાજની ખરી ઉન્નતિ રહેલી છે. શ્રી ધનકુમતી બહેન મુંબઇ જૈન યુવક સંઘની સર્વ પ્રવૃતિઓમાં ખુબ રસ લઇ રહેલ છે. તેમના સંકોચશીલ સ્વભાવ અને મુંગું કામ કરવાની વૃતિને લીધે તેમની શકિતઓને અનુરૂપ વ્યાપક કાર્યમાં તેઓ હજુ સુધી જોડાયા નથી, તેમજ બહારની દુનિયા તેમને બહુ જાણતી નથી. આ નિમિત્ત તેમને બહાર ધસડી લાવે છે અને તેમની શકિતઓનો ઉપયોગ કરવા માટે વિશાળ કાર્યક્ષેત્ર સરજે છે. આ ખરેખર આનંદપ્રદ છે. શ્રી. ધનકુમતી બહેનને આ પ્રસંગે મુંબઇ જૈન યુવક સંઘના વિશિષ્ટ અભિનંદન છે.

તેરાપંથી ઠેકેદારોની વહારે જોધપુર રાજ્યની નોકરશાહી

આપણી બાજુએ સાધારણ રીતે જૈન સમાજના ત્રણ વિભાગ જાણીતા છે. શ્વેતાંબર મૂર્તિપૂજક, દિગંબર મૂર્તિપૂજક અને સ્થાનકવાસી. પણ આ ઉપરાન્ત તેરાપંથી સંપ્રદાયના એક મોટા અનુયાયીવર્ગનો પણ જૈન સમાજમાંજ સમાવેશ થાય છે. આ સંપ્રદાયના અનુયાયીઓ મોટે ભાગે મેવાડ, મારવાડ અને મારવાડમાં વસે છે. જોધપુર અને બીકાનેર તેમનાં મોટાં મથક છે. આમાંના ઘણાં કુટુંબો વર્ષોથી વ્યાપારઅર્થે કલકત્તા બાજુ જઇને વસેલા છે. તેરાપંથીઓ મૂર્તિપૂજામાં

માનતા નથી; તેમના સાધુઓ મોઢે મુહપત્તિ બાંધે છે. આમ છતાં પણ તેમની કેટલીક માન્યતાઓ બાકીના આખા જૈન સમુદાયથી ચોક્કસ રીતે જુદી પડે છે.

આ તેરાપંથી વિભાગમાં પણ અન્ય વિભાગ માફક સ્થિતિચુસ્ત અને સુધારક એમ બે વર્ગો ઉભા થયેલા છે. સ્થિતિચુસ્ત વર્ગ ધાર્મિક રીત રીવાજ અને પરંપરાઓને ચુસ્તપણે વળગી રહે છે; સુધારક વર્ગ પોતાના સમાજમાં પરિવર્તિત દેશ કાળ અનુસાર ફેરફાર ભાગે છે. ધર્મના નામે ચાલતી અનિષ્ટ રૂઢિઓને નિર્મૂળ કરવા ઇચ્છે છે અને વહેમ, દંભ, અંધશ્રદ્ધાનો સખ્ત વિરોધ કરે છે. અને આજ કારણે ધર્મના ઠેકેદાર બની બેઠેલા ધર્માચાર્યો અને ધનાઢય આગેવાનોની અથડામણમાં આવે છે.

જોધપુર રાજ્યમાં ગયા ડીસેમ્બર માસની ૧૩ મી તારીખે ત્યાંના મુખ્ય દીવાન ડી. એમ. ફીલ્ડની સહીથી એક ફરમાન નીકળ્યું છે. એ ફરમાન ઉપરથી એ રાજ્યમાં તેરાપંથી સ્થિતિચુસ્તો અને સુધારકો વચ્ચેનું ઘર્ષણ વધારે ગંભીર સ્વરૂપ પકડતું હોય એમ લાગે છે. આ ફરમાન નીચે મુજબ છે.

"પ્રજાનો અમુક વર્ગ ચોક્કસ ધાર્મિક સંપ્રદાયની વિરૂદ્ધ ઝેરી પ્રચાર કરી રહેલ છે. આ બાબત રાજ્યના ધ્યાન ઉપર આવી છે. આજ હેતુથી નિન્દાથી ભરેલી ગલીચ પત્રિકાઓ અને તે સંપ્રદાયના મુખ્ય ધર્મગુરૂઓ અને તેમના શિષ્યો વિરૂદ્ધ અયોગ્ય ભાષામાં લખાતા લેખો પ્રગટ થઈ રહ્યા છે. આને લીધે એ સંપ્રદાયના અનુયાયીઓની ધાર્મિક લાગણીઓ દુભાય છે, એટલું જ નહિ પણ નામદાર મહારાજાની પ્રજામાં ભિન્ન ભિન્ન વર્ગોમાં પણ ખેદીલી અને કડવાશ ઉભાં થવાનો પુરો સંભવ છે.

"નામદાર મહારાજાનું રાજ્યતંત્ર કોઇ પણ વ્યકિતના ધાર્મિક સ્વાતંત્ર્યની આડે આવવા ઇચ્છતું નથી, એમ છતાં પણ કોઇ પણ વર્ગની ધાર્મિક લાગણીઓ દુભાય અથવા તો તેમના ધાર્મિક આચાર કે માન્યતાઓનો ઉપહાસ થાય એવો પ્રચાર કોઇને કરવા દેશે નહિ. જુદા જુદા સંપ્રદાયના મુખ્ય મુખ્ય ધર્મગુરૂઓના અને તેમના શિષ્યોના વ્યકિતત્વ અને વર્તન ઉપર કરવામાં આવતા સીધા કે આડકતરા આક્ષેપો અને આક્રમણો આ રાજતંત્ર સહી શકશે નહિ.

"આમ હોવાથી નામદાર મહારાજાની સરકાર લાગતા વળગતા સૌ કોઇને ચેતવણી આપવાનું જરૂરી ધારે છે કે હવે પછીથી જો કોઇ ગમે તેવા હેતુથી પણ આવી અનિષ્ટ પ્રવૃત્તિઓને ચાલુ રાખશે તેની સામે રાજ્ય તરફથી સખ્ત પગલાં લેવામાં આવશે."

આ ફરમાનમાં તેરાપંથી સંપ્રદાયનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, એમ છતાં પણ સાંની અદ્યતન પરિસ્થિતિથી વાકેફગાર મિત્રો જાણે છે કે જેવી રીતે વડોદરાનો દીક્ષાધારો શ્વે. મૂ. સાધુઓનું નિયમન કરવા માટે ઘડાયો હતો, તેવી રીતે આજે જોધપુર રાજ્યમાં જોર કરી રહેલ તેરાપંથી યુવકોને જ લક્ષ્યમાં રાખીને આ આખું ફરમાન બહાર પાડવામાં આવ્યું છે અને એ પાછળ લાગવગ ધરાવતા તેરાપંથી શ્રીમાન આગેવાનો અને ધર્માધિકારીઓનો મોટો હાથ છે. જેને પોતે દબાવી શકવાને અસમર્થ નીવડયા તેને દબાવવા માટે રાજ્યનું શરણું લેવામાં આવ્યું છે. આ ફરમાન સામે ચોતરફથી વિરોધ પ્રગટ થઇ રહ્યો છે. કલકત્તાનો તેરાપંથી યુવક સંઘનો જેમાંના ઘણા ખરા સભ્યો જોધપુર રાજ્યના મૂળ વતની છે તેણે આ ફરમાન સામે વ્યવસ્થિત રીતે જેહાદ શરૂ કરી છે. જૈન યુવક પ્રવૃત્તિના જાણીતા આગેવાન સંચાલક શ્રી ભૈરવમલ સિંઘીએ પણ આ ફરમાન સામે સખ્ત વિરોધ ઉઠાવ્યો છે. જોધપુર રાજ્યનું ઉપર જણાવેલ ફરમાન બેવકુફી અને સંકુચિત દૃષ્ટિનો નમુનો છે. આજના વાતાવરણમાં, અને આજની મનોદશામાં આવાં ફરમાનો જેને રક્ષણ આપવા માટે બહાર પાડવામાં આવ્યા હોય છે તેના સર્વ વર્ચસ્વનો અને પ્રભુત્વનો અન્ત લાવવામાંજ મદદરૂપ નીવડે છે. આ ફરમાન તેરાપંથી યુવકોને હાકલ કરે છે, પડકાર કરે છે. એ હાકલને અને પડકારને તેરાપંથી યુવકો બરોબર ઝીલે અને ધર્માધિકારીઓનાં દંભ અને પાખંડને નિડરપણે ખુલ્લાં પાડે અને અનિષ્ટ ધાર્મિક રૂઢિઓ અને પરંપરાઓનો પુરેપુરો સામનો કરે. જોધપુર રાજ્ય જે ધમકી આપે છે તેનો તે રાજ્ય અમલ કરે તો પણ આવકારદાયક છે અને અમલ ન કરે તો પણ લાભમાં છે. આ બાબતમાં જૈન સમાજના સમસ્ત યુવક વર્ગનો જોધપુરના જૈન યુવકોને ટેકો છે. આવા ગાંડા ફરમાનોથી સ્થિતિ-ચુસ્તતાના પાયા તો હચમચવાના છેજ, પણ સાથે સાથે રાજ્યના પાયા પણ હાલી ઉઠવાના છે.

આવાં ફરમાનો કોઇ વિચારપ્રગતિને રોકી શકેલ નથી કે વ્યાપક બનતી વિચારક્રાન્તિને રૂંધી શકનાર નથી. અલબત્ત પોતાના વિચારો પ્રગટ કરવામાં યોગ્ય ભાષાનો ઉપયોગ થવો જોઇએ અને સત્યની લેશમાત્ર ઉપેક્ષા થવી ન જોઇએ; કોઇપણ વ્યકિત સાથેના અંગત રાગદ્વેષને આવાં લખાણોમાં સ્થાન હોવું ન જોઇએ; કોઇપણ ધર્માધિકારી સામે બીનજરૂરી અંગત આક્ષેપો કે કટાક્ષો કરવાથી પણ દૂર રહેવું જોઇએ. આમ છતાં પણ જ્યાં ધર્મના ઠેકેદારો ધર્મના નામે દંભ ચલાવતા હોય અને પોતાના સ્વાર્થ કે કુચારિત્ર્યને ઢાંકવાનો પ્રયત્ન કરતા હોય ત્યાં કર્મવીર યુવકોએ સામાન્ય લોકોની લાગણી બે ઘડી દુભવવાનું જોખમ ખેડીને પણ તેમનાં ભોપાળાં નિડરપણે ખુલ્લાં પાડવાજ જોઇએ. વળી અમુક પ્રગતિશીલ વિચારો સાંભળીને સમાજનો અમુક વર્ગ દુભાય છે, તેમની ધાર્મિક એટલે કે કાળ પરંપરાથી ધર્મના નામે ચાલી આવતી લાગણીઓ દુભાય છે એ કારણસર એવા વિચારો પ્રગટ કરવા દેવામાં નહિ આવે એવું ફરમાન કાઢનાર રાજ્ય કઇ સદીની મનોદશા સેવે છે એ સમજી શકાતું નથી. વિચાર સ્વાતંત્ર્યનો અવરોધ કરવાની કોઇ પણ રાજ્યને સત્તા છે જ નહિ. સભ્યગ્ ભાષામાં અને કેવળ સમાજશ્રેયને લક્ષ્યમાં રાખીને રજુ કરવામાં આવેલા વિચારો સાંભળીને દુભાનારા માનવીઓને આજની સુધરેલી દુનિયામાં વસવાનો કે ફરવા હરવાનો કોઇ અધિકાર નથી. કુદરતની ઠંડી ગરમ પવન-લહરીઓ માફક આવતા નરમ ગરમ વિચારોને ઝીલવા, કાળબળને પારખવું અને તે મુજબ સમાજરચનાને સંસ્કારતા રહેવું એ જ સામાજિક જીવનની સાચી નીતિ છે. આ જે ન સમજી શકે અને સ્વીકારી શકે તે રાજ્ય અને તેના આધારે ટકી રહેવા માંગતો સમાજ પોતાના અસ્તિત્વની ઉપયોગીતા દિનપ્રતિદિન ગુમાવતો જાય છે અને ભૂતકાળ સાથે મેત્રી દાખવતી આવી સંસ્થાઓએ બહુ જલ્દીથી ભૂત-કાળમાં જ વિલીન થવાનું છે એ વિધાતાનું નિર્માણ સૌ કોઇ સમજી લે. વિચારક્રાન્તિના પ્રચંડ વેગને રોકવાની આજે કોઇની પણ તાકાત નથી. કાં તો જોધપુર રાજ્યે ડહાપણ વાપરીને આ ફરમાન પાછું ખેંચી લેવું રહ્યું, અથવા તો પોતે કરતા હોય તે બમણા વેગથી કરતા રહીને અને માર્ગમાં આવતી આફતો કે સંકટોને આવકારીને જોધ-પુરના જૈન યુવકોએ આ ફરમાનને નિષ્ફળ બનાવવું રહ્યું. કેટલાંક ગર્ભધારણ કસુવાવડમાં પરિણમે છે તેમ આ ફરમાનની પણ કસુવાવડ જ થવી જોઇએ.

પ્રેમી-અભિનન્દન ગ્રંથ

"દિગંબર સમાજના જાણીતા આગેવાન અને વિદ્વાન વિચારક શ્રી. નાથુરામ પ્રેમીની સાહિત્યવિષયક તેમજ અન્ય નિષ્કામ સેવાઓની કદર રૂપે થોડા સમયમાં પ્રગટ થનાર પ્રેમી-અભિનન્દન ગ્રંથ સંબંધમાં 'જૈન' પત્રના તા. ૨૭-૧-૪૯ ના અંકમાં જણાવે છે કે:-

સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારપ્રચાર જેવા લોકકલ્યાણકારી ક્ષેત્રમાં વ્રતધારીની જેમ જીવનભર અધ્યેય મહાપુરૂષોની સ્મૃતિ જાળવી રાખવાના આશયથી એમના નામે અભિનંદન-ગ્રંથ પ્રકટ કરવાની પ્રવૃત્તિ છેલ્લાં કેટલાંક વર્ષોથી શરૂ થઇ છે. દ્વિવેદી-અભિનંદન ગ્રંથ તથા રવીંદ્રનાથ ઠાકુર-અભિનંદન ગ્રંથ એના નમુના છે. આવો જ ગ્રંથ આપણા જૈન સમાજમાં અધ્યેય શ્રી નાથુરામ પ્રેમીજીના અંગે પ્રસિધ્ધ કરવાની કેટ-

લાક ભાઇઓ તૈયારી કરી રહ્યા છે. શ્રીયુત નાથુરામજી પ્રેમીનું નામ આપણા સમાજમાં ઘરગતુ છે. પોતે દિગંબર જૈન સંપ્રદાયમાં હોવા છતાં એમણે કદી પણ કોઇ સમુદાયનો અંધશ્રદ્ધિત પક્ષ નથી લીધો. ઐતિહાસિક તેમજ સાહિત્યક વિવાદોમાં એમણે ન્યાયાધીશ અથવા બ્યાજ સમીક્ષકની અદાથી જ પોતાની લેખિની ચલાવી છે. એમનું ઇતિહાસ દર્શન જેટલું નિર્મળ છે તેટલી જ એમની વિવેચનશૈલી સુશ્લેષ-સરળ છતાં ભવ્ય છે. કોઇ પણ સમાજમાં નાથુરામજી જેવા હરેલ શાંત સમન્વયધારી પુરૂષ હોય તે તેનું સૌભાગ્ય ગણાય. આવા એક સાહિત્ય-ઉપાસક સજ્જનની જીવનભરની નિષ્કામ સેવાના બદલામાં એમના પરિચિતો-અપરિચિતો, અનુરાગીઓ અને અભ્યાસીઓ પોતાની રીતે સ્મૃતિ ઉજવે એ માત્ર વ્યક્તિગત આનંદનો વિષય નહિ, પણ સમાજને માટે એક અભિમાનનો વિષય ગણાય. હાલમાં ભાઇશ્રી પરમેષ્ટીદાસ જૈને આ પ્રેમી-અભિનંદન ગ્રંથની તૈયારી-પ્રકાશન તથા સંપાદન કાર્ય-પ્રત્યક્ષ નિરખ્યા બાદ જે નિવેદન કર્યું છે તે જોતાં જૈન સમાજના આજ-સુધીના પ્રકાશનોમાં એક નવો સીમારંભ ઉમેરાય એવી આશા બંધાય છે. હિંદી ગુજરાતી ભાષના અગ્રગણ્ય મહારથીઓએ, જુદા જુદા વિષયો ઉપર પોતાની લેખપ્રસાદી રજુ કરી છે. પ્રેમીજીના અભિનંદન નિમિત્તે, જૈન-અજૈન સાહિત્ય-ઉપાસકોનાં ચિંતવેચન-નવનીત મેળવવા એ જેવી તેવી સિદ્ધિ નથી. શ્રી પરમેષ્ટિદાસજી કહે છે કે: 'સર રાધાકૃષ્ણન, શ્રી પુરૂષોત્તમદાસ ટંડન, કાકા કાલેલકર, હરિભાઉ ઉપાધ્યાય, મૈથિલીશરણ ગુપ્ત, પં. બેચરદાસજી, પં. સુખલાલજી, પ્રો. માલવણીયા, મુનિશ્રી પુણ્યવિજયજી, હજારીપ્રસાદજી દ્વિવેદિ, મહાત્મા ભગવાનદીનજી જેવાના લેખો આવી ગયા છે. તે ઉપરાંત બીજા ઘણા પ્રસિધ્ધ લેખકો આ અભિનંદન ગ્રંથમાં પોતાનો સહકાર આપ-વાના છે. વિષયો પણ વિવિધ છે. સ્યાદ્વાદ અને સપ્તભંગી, જૈન દર્શનનો ઇતિહાસ અને વિકાસ, જૈન સાહિત્ય, મહાકવિ રત્નનો દુર્યોધન, જૈન ગ્રંથોની ભૌગોલિક સામગ્રી, બૌધ્ધ-જૈન અનુશ્રુતિઓ અને પુરા-તત્વ, વિગેરે. ગ્રંથનું સંપાદન તથા પ્રકાશન પણ કલાત્મક રીતે જ થવાનું છે."

આવા અભિનન્દન ગ્રંથના ઔચિત્ય કે ઉપયોગીતા વિષે આથી વધારે કહેવાની જરૂર નથી. આ અભિનન્દન ગ્રંથને ઉત્તમ પ્રકારના લેખો પુરા પાડીને બને તેટલો સમૃધ્ધ કરવા જૈન. જૈનેતર લેખકોને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે અને એ ગ્રંથની બને તેટલી નકલો ખરીદીને શ્રી નાથુરામ પ્રેમી પ્રત્યેની પોતાની આદરવૃતિ વ્યકત કરવા તેમના અનેક પ્રશંસકોને પણ ખાસ વિનંતિ કરવામાં આવે છે

'વેકાઇ'નો ગંભીર પ્રશ્ન અને સરકારનું ગૂઢ મૌનસેવન

ગયા ડીસેમ્બર માસની આખર તારીખોમાં ભરાયલી અખિલ હિંદ મહિલા પરિષદના પ્રમુખસ્થાનેથી શ્રી હંસાબહેન મહેતાએ એક પ્રતિભાપૂર્ણ અને પ્રેરણાદાયી વ્યાખ્યાન આપ્યું હતું. તેની વિગતવાર સમાલોચના કરવાનો કે તેમાંના ઉપયોગી અવતરણો આપવાનો આ અંકમાં અવકાશ નથી, પણ તાજેતરમાં ખતમ થયેલા વિશ્વવિગ્રહના અનુસંધાનમાં યુદ્ધકાર્યમાં સ્ત્રીઓ જોડાઇ શકે અને યુદ્ધ સાથે જોડા-યેલા અનેક કામોમાં મદદરૂપ થઇ શકે એ હેતુથી અંગ્રેજ સરકારે હિંદુસ્થાનમાં એક 'વીમેન્સ ઓગઝીલીયરી કોર'-સ્ત્રીઓની મદદગાર સેના-નામની એક ટુકડી ઉભી કરી હતી. આ ટુકડીમાં કેટલી બહેનો જોડાયલી, તેની ચોક્કસ સંખ્યા આપણે જાણતા નથી પણ આમાં આશરે ૫૦૦૦૦ બહેનો જોડાઇ હશે એમ કેટલાક લોકો અનુમાન કરે છે. આ ઓસેતાને ટુંકી ભાષામાં 'વેકાઇ'ના નામથી ઓળખવામાં આવે છે. આજે યુદ્ધ ખતમ થયું છે એમ છતાં આ 'વેકાઇ'ને હજુ વિસર્જન કરવામાં આવેલ નથી અને હજુ ઓછામાં ઓછું એક વર્ષ ચાલુ રાખવાનો સરકારનો ઇરાદો છે એમ જણાવવામાં આવે છે. આ વેકાઇ સંબધે શ્રી હંસાબહેન પોતાના વ્યાખ્યાનમાં કેટલાક ચોકાવનારા વિધાનો કરે છે. તેઓ જણાવે છે કે:-"પણ જે પ્રશ્ન આપણને સૌથી વધારે ચિન્તાજ્વર કરે છે તે તો વેકાઇના નામથી ઓળખાતી હિંદુ સ્થાનની વીમેન્સ ઓગઝીલીયરી કોરની બહેનો લગતો છે. તેમના માટે કેવું ભાવી નિર્માણ કરવામાં આવ્યું છે? જેઓ નર્સ તરીકે તૈયાર થઇ છે તેમને ઇસ્પીતાલોમાં સહેલાઇથી કામ મળી શકે તેમ છે અથવા તો તેઓ ખાતરી ધંધો કરી શકે તેમ છે. કારણ કે આજે આખા દેશમાં તાલીમ પામેલી નર્સોની ખુબ માંગ છે. પણ જેમને કલાર્કના કે એવા બીજા કામમાં રોકવામાં આવી હતી તેમનું શું? આ કોરમાં કેટલી બહેનો જોડાઇ છે તેની આપણને ખબર નથી. મારૂં જરૂર માનવું છે કે એ બાતામાં જે પગારો આપવામાં આવતા હતા તેને લીધે સંખ્યાબંધ બહેનો તેમાં જોડાઇ હશે. તેમની પાસે જે કાંઇ કામ કરાવવામાં આવતું હતું તેને લગતી જે વાતો સાંભળવામાં આવે છે તે આપણા મનની સ્વસ્થતાની બહુ પોષક નથી. ખાસ કરીને જ્યારે હિંદી સરકાર આ કોરને હજુ ઓછામાં ઓછું એક વર્ષ ચાલુ રાખવા માંગે છે ત્યારે તેમનાં વિષે માહીતીઓ મેળવવાની આપણી ઇન્તેજારી વધે છે. તેમાંની કેટલીક ગેરકાયદેસરનાં બાળકોને જન્મ આપ્યો છે, દર પાંચ બહેનોમાં એક એક બહેનને ખરાબ દર્દનો ચેપ લાગુ પડેલ છે-આવી વાતો આપણે સાંભળવામાં આવે છે. હું કબુલ કરું છું કે આ વાતો અતિશયતા ભરેલી છે, પણ એમ છતાં પણ આ વાતોમાં સત્યનો કાંઇક અંશ હોવો જોઇએ એમ આપણને લાગે છે. જો એમ હોય તો જે બહેનો જાતીય દર્દોનો ભોગ બની હોય અને જેઓ હાલ પીડાતી હોય એવી આ લડાઇની ભોગ બનેલી કમનસીબ બહેનોને મદદ કરવા માટે શું પગલાં લેવામાં છે એ આપણે જાણવા માંગીએ છીએ. જેઓ દર્દથી પીડાતી હોય તેમની સરકાર સંભાળ લે છે કે નહિ અને તેમને ઉપચાર વગેરેની યોગ્ય સગવડો મળે છે કે નહિ એ પણ આપણે જાણવા માંગીએ છીએ. જો તેમના મનમાં આવે તેમ તેમને ભ્રમણ કરવા દેવામાં આવે તો તેઓ જ્યાં ત્યાં ચેપ ફેલાવશે અને દેશના સામાજિક સ્વાસ્થ્યને જોખમરૂપ નીવડશે. આ પરિષદે આ બાબતોની પુરી તપાસ કરવા માટે એક ખાસ સમિતિ નીમવી જોઇએ અને જે બહેનોને આપણી મદદની જરૂર હોય તેમના માટે મદદની યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ. જો ગામડાના શિક્ષણને લગતા અને સામાજિક કાર્યો માટે વેકાઇમાં જોડાયલી બહેનોના અનુ-ભવનો અને તાલીમનો આપણે ઉપયોગ કરી શકીએ તો દેશને તેઓ બહુ મોટો લાભ કરી શકે. પણ તેમણે જે ખરચાળ ટેવો કેળવી હશે તે જોતાં અને વિચારતાં ગામડાંઓ કે જ્યાં તેમની સેવાની ખુબ જરૂર છે ત્યાં તેઓ સ્થિર થઇ શકે કે કેમ એ શંકા પડતુ છે."

આના અનુસંધાનમાં મહિલા પરિષદે પણ 'વેકાઇ' સંબધે ગંભીર ચિંતા દાખવતો અને તપાસની માંગણી કરતો એક ઠરાવ કર્યો છે. અને જો સરકાર આ માંગણી મંજુર ન કરે તો એ કોરમાં ઉપરી અધિકારીઓનાં સ્થાને કોઇ પણ હિંદી બહેનોને નીમવામાં આવતી નથી અને કેટલાક દાખલાઓમાં અંગત તેમજ રાષ્ટ્રીય સ્વમાનનો પણ ભોગ અપાતો હોય એવી રીતનો આવી કોરમાં સામાન્ય હિંદીઓ પ્રત્યે વર્તાવ હોય છે-આ કારણે વ્યાપક બનતા જતા અસંતોષને ધ્યાનમાં લઇને પ્રસ્તુત વેકાઇના તત્કાળ વિસર્જનની મહિલા પરિષદે માંગણી કરી છે.

આ સંબધમાં ચોક્કસ માહીતીઓના અભાવે કાંઇ પણ વધારે ચર્ચા કરવાનું જોખમ ખેડવું યોગ્ય નથી. પણ શ્રી હંસાબહેનના ભાષણમાં તેમ જ મહિલાપરિષદના ઠરાવમાં સૂચવવામાં આવેલી વિગતો કોઇ પણ હિંદીને ચિન્તાવ્યાકુલ કરે તેવી છે એમ કહ્યા વિના ચાલતું નથી અને તેથી આ બાબતનો અંધકાર સરકારે સત્વર દૂર કરવો જોઇએ અને જો સરકાર આ બાબતમાં મૌન સેવવાનું જારી રાખે તો પ્રત્યેક લોકમતે સરકારને સત્ય હકીકતો બહાર લાવવાની ફરજ પાડવી.

ચાલતે યંત્રઃ-આ નોંધ છપાઈ રહી છે એ દરમિયાન પ્રગટ થયેલી સરકારી યાદી દ્વારા વૈકાઈ સૈનાને ધીમે ધીમે વિખેરી નાખવાના ઇરાદો સરકાર જાહેર કરે છે અને ૧૯૪૭ ની આખરમાં આખી સેના છુટી કરી દેવામાં આવશે એમ સરકાર જણાવે છે.

શ્રીજીવીઓ અને શ્રમજીવીઓ

ગયા ડીસેમ્બર માસની ૨૩મી તારીખે કલકત્તા ખાતે કોંગ્રેસ તેમ જ તેને લગતા અન્ય મંડળોના કાર્યકર્તાઓ સાથે ગાંધીજીનો વાર્તાલાપ ગોઠવાયો હતો. પ્રશ્નોત્તરના ક્રમમાં ગાંધીજીએ અનેક વિષયોની ચર્ચા કરી હતી. આ પ્રસંગ દરમિયાન મુડીવાદીઓ અને મજુરો-શ્રીજીવીઓ અને શ્રમજીવીઓ-વચ્ચે ચાલી રહેલા વર્ગવિગ્રહમાં કોંગ્રેસનું શું વલણ હોવું જોઇએ એ પ્રશ્નના ઉત્તરમાં જે કાંઇ ગાંધીજીએ જણાવ્યું હતું તે માર્ગદર્શક હોઇને તેનું નીચે અવતરણ કરવામાં આવે છેઃ-

"આ બાબતમાં હું જે કાંઇ અભિપ્રાય દર્શાવું તે હું એક વ્યક્તિગત સ્થિતિમાં દર્શાવું છું એમ તમે સમજશો. કારણ કે તમે જાણો છો તેમ હું કોંગ્રેસનો ચાર આના સભ્ય પણ નથી. કેટલાક શ્રીમાન મિત્રો સાથે જે પ્રકારનો મારો સંબંધ છે તે કોંગ્રેસનો મુડી ાર વર્ગ સાથે કેવો સંબંધ જોઇએ તેના પ્રતીક રૂપ છે. ખીરલા જેવા શ્રીમાન મિત્રોના આતિથ્યનો હું પુરેપુરો લાભ લઇ રહ્યો છું અને ગરીબોને મદદ કરવા માટે તેમના ધનનો હું ઉપયોગ કરી રહ્યો છું; પણ એ લોકો એના બદલામાં મારી પાસેથી કશી પણ અપેક્ષા રાખતા નથી. ઉલટું ગરીબોના કલ્યાણમાં હું જે તેમનો લાભ ઉઠાવી રહ્યો છું તે તેમને બહુ ગમે છે. એમની સાથે મારો સંબંધ નૈતિક કોટિનો છે. કોઇ તરફની પણ ભય કે ધમકીનો કારણે તેમની સાથેનો સંબંધ હું કદિ છોડી શકું નહિ. એમ કરવું, તે મારા અભિપ્રાય મુજબ, ગરીબોના હિતનો દ્રોહ કરવા બરાબર છે.

"આવી જ રીતે કોંગ્રેસ આઝાદીની લડતમાં શ્રીમાનોનો સાથ અને આર્થિક મદદ સ્વીકારે છે. એમ છતાં પણ તે કદિ મુડીવાદી સંસ્થા હતી નહિ અને થઇ શકે નહિ. મજુરોના હકોનું તેની ઉપર થતા કોઇના પણ આક્રમણ સામે રક્ષણ કરવા કોંગ્રેસ બંધાયલી છે-કોંગ્રેસની એ પ્રતિજ્ઞા છે. તેના મૂળ પ્રારંભથી કોંગ્રેસ ગરીબોની પડખે જ ઉભી છે અને જાણ્યે અજાણ્યે જનતાની સંસ્થા બનવાનો તે સદા પ્રયત્ન સેવતી આવી છે. આ બાબતમાં 'અંગ્રેજ રાજ્ય નીચેની ગરીબાઇ' એ નામના સદ્‌ગત દાદાભાઇ નવરોજીના સુવિખ્યાત ગ્રંથ અને તેમાં કોંગ્રેસના એ આદ્ય સંચાલક અને રત્નધાર હિંદના દાદાએ વ્યક્ત કરેલી હિંદી પ્રજા માટેની ઉંડી દાઝ તરફ તમારું હું ધ્યાન ખેંચું છું. હું પણ મારી જાતને તમારા જેવો એક મજુર જ ગણું છું. મુડીવાદી અને મજુર વચ્ચે કોઇ મૌલિક વિરોધ હોય એમ હું માનતો નથી. ખરી રીતે હું તો એમ ધારું છું કે મજુર એ જ દેશની ખરી મુડી છે. મુડીવાદીઓ પાસે એકઠા થયેલા સોના-રૂપે રોટલીનો એક ટુકડો પણ પેદા કરી શકશે નહિ. ધનમાંથી કોઇ પણ નીપજાવવા માટે મજુરીનો સહકાર અનિવાર્ય છે. વળી શ્રીમાનોના સોના રૂપાના ચલણને આખરે મર્યાદા છે, જ્યારે મજુરી એ તો સાર્વત્રિક ચલણી નાણું છે. ધનવાનોનું ધન લુંટી શકાય છે, પણ મજુરની દોલત-ઔદ્યોગિક તાકાત-ને કોઇ લુંટી શકે તેમ છે જ નહિ. વળી શ્રીમાનોની સંખ્યા આખરે બહુ નજીવી છે, જ્યારે મજુરોની સંખ્યા ઘણી મોટી છે. પણ મુડીવાદીઓ સારી રીતે સંગઠિત છે અને સંગઠનના કળામાં તેઓ પાવરધા છે. જો મજુર વર્ગ પોતામાં રહેલી તાકાત અને બળને અને સંગઠનના રહસ્યને બરોબર ઓળખી શકે, પીછાણી શકે તો તેઓ મુડીવાદીઓથી દબાયલા રહેવાને બદલે તેમને દબાવી શકે અને તેના ઉપર પોતાનું રાજ્ય જરૂર સ્થાપી શકે.

"હું અમદાવાદના મજુર મહાજનને એક આદર્શ સંસ્થા તરીકે અનુસરવાની તમને સલાહ આપું છું. એનાથી વધારે સારી રીતે સંગઠિત થયેલી સંસ્થા આ દુનિયામાં ન પણ હોય એમ બને. મજુર મહાજન પોતાના ભંડોળમાંથી મફત દવાખનું, નિશાળો અને સસ્તા અનાજની દુકાનો ચલાવે છે. તેણે જરૂર પડયે હડતાળો પણ પાડી છે અને સફળતાપૂર્વક પાર ઉતરી છે. કે.ઇ પણ હડતાળને સફળતાપૂર્વક પાર પાડવાની ખરી ચાવી એ છે કે હડતાળ દરમિયાન જાહેર જનતાની આર્થિક મદદની હડતાળ ઉપર જનારાઓને જરા પણ ગરજ પડવી ન જોઇએ.* આવી કટોકટીના વખતે કોઇ પણ બીજા ઉદ્યોગનું અવલંબન તેમને હસ્તગત હોવું જોઇએ. કેટલાંય વર્ષો પહેલાં અમદાવાદમાં જ્યારે ૨૩ દિવસની મજુર હડતાળ પડી હતી ત્યારે મેં તેમને કામ આપ્યું હતું પણ મફત બાજરીરાકી પુરી પાડવાની સાફ ના પાડી હતી. આ બાબતની તમને હું યાદ આપું છું. જો મેં તેમને નવરા રાખીને બાજરીરાકી આપી હત તો તેમા તેમનું નૈતિક અધઃપતન થાત. તેમના માટે કાંતણ એક આત્યુત્તમ વ્યવસાય નીવડયો હતો. તમને પણ કાંતવાનું શિખી લેવાની અને ઘરમાં નિયમિત કાંતના થવાની હું વિનંતિ કરું છું. માલીકો સામેની વૈર વિરોધની વૃત્તિમાંથી કોઇ પણ હડતાળનો જન્મ થવો એ ઇચ્છવા યોગ્ય નથી. મજુરના વ્યાજબી હકકો સ્વીકારાવવા ગુમાવેલા વ્યાજબી હકકો પાછા મેળવવા-એ એક જ હેતુ આવી કોઇ પણ હડતાળ પાછળ હોવો જોઇએ. હક અને ફરજ પરસ્પરાવલંબી છે અને ફરજના ઉચ્ચ પાલનમાંથી જ હકકોનો અધિકાર અને યોગ્યતા જન્મ પામે છે."

પરમાનંદ

આળાં હૈયાં

અગત્યની જાહેરાત

શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીનો 'આળાં હૈયાંના નામનો વાર્તાસંગ્રહ કેટલાંક અનિવાર્ય કારણોને લઇને હજુ સુધી ગુજરાતી જનતાના હાથમાં અમે મુકી શકયા નથી એ માટે અમે દિલગીરી જાહેર કરીએ છીએ. હવે એક પખવાડીઆમાં તે તૈયાર થઇ જશે અને તેના ગ્રાહકોને બહુ થોડા સમયમાં પહોંચાડી શકાશે એવી અમને પુરી આશા છે. વાર્તાસંગ્રહ ૨૨૫ થી ૨૫૦ પાનાનો થશે એ ગણતરી ઉપર અમે તેની કીંમત રૂ. ૨।। જાહેર કરી હતી. પણ તે પુસ્તક આશરે ૩૦૦ પાનાનું થવા જાય છે તેથી તેની કીંમત વધારીને અમોએ રૂ. ૩ નકકી કરી છે. આમ છતાં પણ મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અને આજ સુધીમાં થયેલા પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક મૂળ જાહેરાત મુજબ રૂ. ૧।। માં જ આપવામાં આવશે. આ માટે ઇલાયદી રાખેલી નકલોની સંખ્યા મર્યાદિત છે અને આજ સુધીમાં ઠીક સંખ્યામાં ગ્રાહકો નોંધાઇ ચુકયા છે. આ તકનો જે સભ્યો કે ગ્રાહકો લાભ લેવા માંગતા હોય તેમણે સંઘના કાર્યાલય ઉપર નકલ દીઠ રૂ. ૧।। મે.કલીને પોતાનું નામ તેમજ ઠેકાણું તુરત જ લખી મોકલવું.

મંત્રીઓ મુંબઇ જૈન યુવક સંઘ

સંઘની રાહતપ્રવૃત્તિમાં મળેલી મદદો

૫૦૧) પાટણના એક જૈન ગૃહસ્થ તરફ.
૧૦૦) એક ગૃહસ્થ તરફથી
૧૦૦) શ્રી મણિલાલ મોકમચંદ શાહ
૧૦૦) શ્રી ડાહ્યાભાઇ ત્રિભોવનદાસ
૫૧) શ્રી પ્રેમચંદ વેલજીભાઇ
૧૫) એક ગૃહસ્થ તરફથી

---

૮૫૩)

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

જઈનાબીની બકરી

અપાર ગરીબી, નિરાધાર જીવન અને વૃદ્ધાવસ્થાએ મમદુ કસાઈની વિધવા જઈનાબીને જીવવામાં કંઈ મીઠાશ તો રાખી નહોતી, પણ અચાનક બનેલા એક બનાવે તેનું રક્ષા જીવન એકાએક પલટી નાખ્યું. તે એમ બન્યું કે બાજુની ખોલીવાળી મરિયમ ત્રણ કલાકમાં કોલેરાનો કોળિયો થઇ ગઇ અને ઘરમાં છ માસનો ધાવણો નબી એકલો રહ્યો. આ બાળકની મૂંગી વાણીએ જઈનાબીને આકર્ષી. જ્યાં સુધી મરિયમે મોત સાથે ઝૂઝ કર્યા ત્યાં સુધી તેણે નબીને કેડમાં તેડીને તેને ખુદાતાલાની યાદ આપ્યા કરી, અને મૃત્યુ પછી જ્યારે ચાલીવાળાઓ મુડદાને અવલમંજલ પહોંચાડવા કબ્રસ્તાનમાં લઇ ગયા ત્યારે જઈનાબીએ જરમિયલશા ફકીરની બકરી દોઈ નબીને દૂધ ટોયું અને રાત્રે પડખામાં લઇને સૂતી. આજ દિવસ સુધી તેને પોતાના પડખામાં કોઈ બાળકને સુવાડવાનો પ્રસંગ આવ્યો નહોતો, તેને કંઈ સંતાન થયેલ નહિ, એટલે આ બાળકનું સાંનિધ્ય તેને મીઠું લાગ્યું અને તેનામાં લાગણી અને જીવનનો રસ જાગ્યો. સવારે વહેલી ઊઠીને તે દૂધ લેવા દોડતી હતી ત્યાં જરમિયલશાનું ધ્યાન ગયું. તેણે કહ્યું કે, 'અમ્મા, આપણી બકરી જ દોહી લ્યોં ને, બઝારે શું કામ જાઓ છો?' અમ્માએ ફરી વખત બકરી દોહી. નબીએ દૂધ પીધું. જરમિયલશાએ આનંદમાં એક વધુ તસબી ફેરવી.

બપોરે ચાલીમાં બે-ચાર માણસો ભેગા થયા ત્યારે એમ ગોઠવણ થઇ કે સમસુ ઝુલેખાએ ડોશીને બહાર કામ માટે જવું ન પડે એટલા માટે પોતાના કારખાનામાંથી સૂતરના દડા કરવાનું કામ આપવું. કરીમાબીએ માલ લાવી દેવો અને તૈયાર દડા પહોંચાડવા. જરમિયલશાએ આરતેથી કહી દીધું કે, 'અમ્મા! આજથી આ બકરી નબીની! હું રોજ દરગાહથી ઝાડપાલો લેતો આવીશ. તમે આવી જઇફ અવસ્થાએ ક્યાં દૂધ કે પાલો લેવા જશો?'

નાના નબીને આમ તો જોે કે પોતાનું કોઈ નહોતું, છતાં પણ મમતાએ અને દયાએ, અને ખરૂં કહીએ તો જઇનાબીના માતૃત્વ-ભૂખ્યા મને, તેને પોતાનો કર્યો હતો. તેનું કોઇ નહોતું એટલે જ તે સ્વેચ્છાએ તેની અમ્મા બની ગઇ હતી. બાકી તો આવી પારકી મમતા પાછળ તો તેના નસીબમાં વૈતરૂં હતું. છતાં તેણે આનંદથી માન્યું કે તેના પણ દિવસની એકલતા હરવા તેના ખાલી ઘરમાં ખુદાએ જ આ બાળ-ફિરસ્તો મોકલ્યો છે. મોતને કાંઠે બેઠેલી 'ડોશી હસતા બાળક' સાથે બોબે મોંએ હસતી અને રડતા સાથે છાનાં આંસુ પાડતી, પોતાના મોંનો કોળિયો તેના મોંમાં આપી દેવામાં તેને આનંદ થતો. આ ભાવ એટલે માતૃત્વ. **આ માતૃત્વને જાણવું અને પ્રમાણવું એટલે માતૃપૂજા.**

ડોશીને પોતાના પેટની ચિંતા અને તેના માટેનું વૈતરૂં કેમ જાણે સિત્તેર વરસની કાયાએ કમતી ન હોય એમ તેમાં પુરવણી કરવા નબીનું નાનકડું ભૂખાળવું પેટ અને ચોવીસે કલાક ચાલે તેવું કામ આવી મળ્યાં. તે બાળકના રંજમાં પોતાનો રંજ ભૂલી નબીને ઉછેરતી હતી. નબીને ઉછેરવો એ તો ઠીક કામ હતું. પણ ખરી મુશ્કેલી એ હતી કે તેને માટે ઘરમાં બકરી રાખવાથી બીજાને ત્રાસ થવાનો સંભવ હતો, અને તે કામ કાયદાની વિરૂદ્ધનું હતું. નાગરિક જીવનમાં વ્યક્તિ અને સમષ્ટિના અનેક પ્રશ્નો એકબીજા સાથે સંકળાયેલા હોય છે. એટલે જ્યાં સુધી આખી કોકડી ન ઉકલે ત્યાં સુધી તેના અમુક અંશનો ઉકેલ યોગ્ય નથી બનતો. વ્યક્તિ અને સમષ્ટિના પ્રશ્નો અને તેનો ઉકેલ જુદા હોય છે. એકનું હિતનું કાર્ય બીજાનું અહિત કરનાર બની જાય છે.

વ્યક્તિએ સમાજની વ્યવસ્થાની સામાન્ય વ્યવસ્થાની જાળવણી માટે સમષ્ટિમાં સમાઇ જવું જોઇએ અને કોઇ વખતે વ્યક્તિગત સગવડ કે દુઃખોને ઉવેખીને પણ સમષ્ટિના સુખને સમાજે કે સત્તાએ સંભાળવું પડે તે વાત જેમ સાચી છે તેમ વ્યક્તિનું વ્યક્તિત્વ મરી ન જાય અને સમષ્ટિના એકમ જેવી વ્યક્તિ દબાઇ ન જાય એટલી કાળજી ચીવટપૂર્વક રાખવી ઘટે તે વાત પણ તેટલા જ પ્રમાણમાં સાચી છે. કાયદાના ઘડતર વખતે તો આ ખ્યાલ જરૂર હોય છે, પણ જ્યારે વ્યક્તિગત જીવનને તેના પોતાના દૃષ્ટિકોણથી જોવાનો પ્રસંગ આવે છે ત્યારે તેના દારૂણ દુઃખની કરૂણા ઉપજે છે, તેનું દૈન્ય મૂંઝવે છે, મનમાં તેના ઉકેલની ગડમથલ મચે છે. વળી બીજી જ ક્ષણે સમષ્ટિનો દૃષ્ટિકોણ કોઇ બીજું જ તત્ત્વ દેખાડે છે અને વ્યક્તિની સમસ્યાનો ઉકેલ જ સમષ્ટિના દુઃખનું કારણ હોય તેમ લાગે છે. આવે વખતે જ ખરી ભૂલો થઇ જાય છે અને તે કાં તો વ્યક્તિના એકમને ભૂલી જવાની અથવા તો ખુદ સમષ્ટિની ઉપેક્ષા કરવાની.

આ વાંક કાયદાનો નથી-કાયદા કરનાર સમાજશાસ્ત્રીની ટૂંકી દૃષ્ટિનો છે. સમાજની પક્ષપાતી વ્યવસ્થા તેમજ વ્યક્તિવાદ જ તેને માટે ઉત્તરદાયી છે.

આ વ્યવહાર સત્યનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે સમજાય છે કે સમષ્ટિને નામે એક વ્યક્તિને ખોટી રીતે મુશ્કેલીમાં મુકાવું પડે એવું કોઇપણ કાર્ય એ ન્યાય નથી. સમષ્ટિના પ્રશ્નનો ઉત્તર એકલ દૃષ્ટિએ નહિ, પણ બીજા અનેક માર્ગોની વિચારણા કર્યા પછી આપવો વધુ, ન્યાયસંપન્ન અને વાસ્તવિક ગણાય. આજના આપણા કાયદામાં જે રીતે વર્તમાન ગુના માટે વિચારણા છે તેટલી ગુનાના ગુનાની અને તેના ભાવિની નથી. એટલે જ સમષ્ટિને નામે વ્યક્તિના વ્યક્તિત્વને કચરાઇ જવું પડે છે અને વર્તમાન સાથે જ તેના ભવિષ્યનું ભવિષ્ય પણ થઇ જાય છે. જીવનની પેઠે જ દરેક ગુનાને તેનું ભૂત અને ભવિ હોય છે. વ્યક્તિગત દુઃખો અને ભૂલોથી સમષ્ટિ આખાની ભૂલો અને દુઃખદ સ્થિતિ થાય છે કે સમષ્ટિનાં દુઃખો કે ભૂલોથી વ્યક્તિગત દુઃખો જન્મે છે, એટલે કે વ્યક્તિ તેમજ સમષ્ટિના દુઃખનું ઉદ્‌ભવસ્થાન કયું છે તે એક અટપટો કોયડો છે. વડ અને બીજના ન્યાય જેવી તે સમસ્યા છે. કોયડાના ઉકેલની દૃષ્ટિએ થયેલ ઉપાય ખરો ઉપાય છે.

અમારી પાસે ઘરઘણી તરફથી ફરિયાદ આવી કે કામાઠીપુરાની પાંચમી ગલીમાં આવેલી એક લાંબી ચાલીમાં છોયતળિયે સંડાસ પાસેની ખોલીમાં જઇનાબી નામની એક બાઇ બકરી રાખે છે, તેથી બીજા ભાડૂતોને ત્રાસ થાય છે. આમાં વ્યક્તિ અને સમષ્ટિ બંને હતાં. ઢોર પાળવાનું કારણ ઘરમાં રાખવું એ મ્યુનિસિપલ કાયદાનો દેખીતો ભંગ હતો. આવો ભંગ ચાલુ રહે તો અન્ય અનેક વ્યક્તિઓને એટલે કે સમષ્ટિને, નુકસાન-તકલીફ-થવાનો સંભવ હતો. બીજી બાજુએ કાયદા પ્રમાણે વર્તવા જતાં એક વ્યક્તિને ભારે નુકસાન થવાનો પણ એટલો જ સંભવ હતો. આ અસંગતતાનો નિકાલ કોણ કરે? આટલા જ માટે **કાયદો ગાંડો ઘોડો છે** (Law is a mad horse) એમ કહેવામાં આવે છે.

ફરિયાદ કરનાર વાજબી હતો, કારણ કે સુધરાઇના કાનૂન પ્રમાણે રહેવાની ખોલીમાં જનાવર ન રખી શકાય. એથી તેમાં રહેનારની તેમજ મકાનના બીજા ભાડૂતોની તંદુરસ્તીને નુકસાન થાય. દરેક વ્યક્તિ રાષ્ટ્રની સંપત્તિ છે એટલે તેને નુકસાન કરનાર હરકોઇ વ્યક્તિ-પછી તે બહારની હોય કે વ્યક્તિ પોતે હોય-કાયદા પ્રમાણે ગુનેગાર છે. જઇનાબી સુધરાઇના કાયદાની દૃષ્ટિએ ભલે ભુલ કરતી હતી, પણ બીજી દૃષ્ટિએ બકરી રાખવામાં તે વ્યાજબી હતી. તે એટલા માટે કે પોતે ગરીબ હતી છતાં પણ મરિયમના બાળકને દયાભાવે તે ઉછેરતી હતી. અને એક દયાળુ ફકીરે તે બાળકના દૂધ માટે પોતાની બકરી તેને મફત આપી હતી. તેનું દૂધ તે નાના નબીને પિવરાવતી. બીમાર અને મા-વગરનો નબી દૂધ વગર જીવી શકે તેમ નહોતું. જઇનાબીને બજાર દૂધ ખરીદવું પરવડે તેમ નહોતું. એટલે નછુટકે તેને બકરી રાખવી પડી હતી, અને બીજાને ત્રાસ ન થાય એટલા માટે તો એને તે પોતાની ઓરડીમાં બાંધતી. જો કે જ્યાં સુધી સુધરાઇના માણસે નહોતું કહ્યું

ત્યાં સુધી તેને ખ્યાલ પણ નહોતો કે બકરી રાંખવી તે ગુનો છે; પણ અમર પડયા પછી પણ તેને એમાંથી એક ગુનો તો કરવાનો હતો જ–કાં તો બકરી રાખીને સુધરાઇનો ગુનો કરવો કે બકરી કાઢીને નાના નથીને દૂધ વગર રાખી તેને ભૂખે મારવાનો ગુનો કરવો !'

આ સ્થિતિનો તોડ કાઢવા કાયદો હતો. તેની આંખમાં તો જયનાથી, ફરિયાદી, નથી અને મકાનના ભાડુતો–બધાં સરખાં હતાં, એટલે સૌને ન્યાય થાય ને જોવાનું તેનું કામ હતું. જયનાથી અને ઘરધણી તો આ નાટકનાં ગૌણ પાત્રો હતાં. મુખ્ય પાત્રો તો નથી અને ભાડુતો હતાં કે જેને ગુનાના પરિણામની સીધી અસર પહોંચતી હતી. પણ કાયદો બહુ ઊંડાં જળ ડહોળવાને બદલે સહેલો માર્ગ જ સામાન્યતઃ અંગીકાર કરે છે, એટલે બકરી રાખવાના કાર્યનો આગલો-પાછલો ઇતિહાસ અને તે સાથેના નથીના જીવનના સંબંધની સૂક્ષ્મ વાતોમાં ઊતરવા કરતાં બકરી કાઢી નાખવાનું કામ વધુ સરળ અને શક્ય હતું. તેથી જયનાથીના આકસ્મિક સ્ફુરેલા માતૃત્વને મૂંઝવી નાખે અને નથીની જિંદગી ટુંકાવી નાખે એવું કાર્ય સુધરાઇએ કાયદાના આધારે કરવાનું હતું, અને એ રીતે વ્યક્તિને ભોગે સમષ્ટિને સંતોષવાની હતી. એટલે જ્યાં માનવતા જિવાડવા માગતી હતી ત્યાં સમષ્ટિને નામે કાયદો નથીને ભૂખે મારવા તૈયારી કરતો હોય તેમ સુધરાઇનો અમલદાર કાગળિયાં તૈયાર કરતો હતો.

'બાઇ, જયનાથી તમારું નામ કે ?'

'હા, બેટા ! હુંજ જયનાથી.'

'તમે તમારી ખોલીમાં બકરી રાખો છો તે ખરી વાત કે ?'

'હા બેટા, જરૂર એક બકરી આ છોકરાના દૂધ માટે રાખી છે. એ બીમાર છે, એની મા મરી ગઈ છે, એટલે બકરીના દૂધ ઉપર જ છે.'

'બકરી શા માટે રાખી તે નથી પૂછતો, પણ આમ બકરી રાખવી તે ગુનો છે તે તો જાણો છો ને ?'

'હશે બેટા, તું કાંઇ બોલું ખોટું કહેતો હઇશ !'

'ઘરમાં બકરી રાખવાથી ધાણ થાય છે તે તો જાણો છો ને ?'

'કેમ ન જાણું, બેટા ! જરૂર ધાણ થાય. એક તો ભોંયતળિયાની ભેજવાળી ખોલી, અને તેમાં બકરી ગંદકી કરે, એટલે ધાણ તો થાય ને ? શું કરું ? લાચાર છું. પણ આ છોકરાની જિંદગી ખાતર બધું સહન કરું છું ?'

'બકરી કાઢી નાખવી પડશે. આવો ધાણ ન ચલાવી શકાય.'

'બકરી કાઢી નાખું તો, બેટા, આ છોકરાનું શું થાય ? તે કેમ જીવે ?'

'તે હું શું જાણું ? દૂધની બીજી વ્યવસ્થા કરો. બકરી નહિ રાખી શકાય. આઠ દિવસમાં કાઢી નાખજો, નહિતર કેસ થશે.'

પછીની કથા તો ટૂંકી છે. આઠ દિવસમાં બકરી ન કાઢી એટલે કેસ થયો. જયનાથી માંદલા નથીને લઇને લાકડીને ટેકે ટેકે સવારના પહોરમાં ભૂખી–તરસી બહાર નીકળી અને દોઢ–બે કલાકે કોર્ટમાં હાજર થઇ. સુધરાઇના અમલદારે અગ્રેજીમાં જયનાથીની બકરી, તેનાથી થતી ગંદકી, માણસોની બગડી જતી તંદુરસ્તી, આવેલ ફરિયાદ અને માતાએ કરેલ કાર્યવાહી વગેરે વાતો ટૂંકાણમાં સમજાવી. એટલે કોર્ટે સીધો પ્રશ્ન પૂછી નાખ્યો કે, 'બાઇ, તમે ઘરમાં બકરી રાખો છો તે કાયદા વિરુધ્ધ છે. બોલો, ગુનો કબૂલ છે કે ?'

જયનાથી થાકી ગઈ હતી અને હાંફતી હતી એટલે કંટાળીને તેણે બેપરવાઇથી કહી નાખ્યું કે, 'હા સાંબ. આ માંદલા છોકરા ખાતર આવા તો ઘણાય ગુના કરવા પડયા છે.'

'હું તો મારા એકલા માર્ગે જતી ત્યાં આ બાળકે મારો દામન પકડ્યો. મેં તેને ખુદાને નામે ગોદમાં લીધો તે મારો પહેલો ગુનો ! આખી જિંદગી કોઇની પાસે માગ્યું નથી પણ મારી મહેનતમાંથી સાધુ-ફકીરને કંઇ આપ્યું છે, તેને બદલે ઊતરતી અવસ્થાએ એક ખુદાના રાંક બંદાની બકરી મફત લીધી તે બીજો ગુનો ! પછી તેને ઘરમાં રાખી તે સરકારનો ત્રીજો ગુનો ! મને માલૂમ નહોતું કે મારે આમ એક પછી એક ગુના કરવા પડશે, સાંબ ! આ બધા ગુના ન કરૂં તો મારા માલિકનો ગુનો થઇ જાય. તેનો મોકલેલો આ બાળક કેમ ઉઝરે ? બીજા ગુના ભલે થાય પણ માલિકનો ગુનો કરવો નહિ પોસાય.'

'બાઇ, સીધો જવાબ આપો. કોર્ટ તમારા બીજા ગુનાનું નથી પૂછતી.'

'કોર્ટ એટલી દયાળુ છે એટલે મારા બીજા ગુનાનું નથી પૂછતી, પણ મારે તે જણાવવું જોઇએ ને ! **ગુનાનાં માવતર અને છોરૂ જાણ્યા વગર ન્યાય કેમ થશે ?** બાકી તો બકરી આ છોકરા માટે રાખી છે.'

'કોર્ટ તમારી ઉમર ધ્યાનમાં લઇ રહેમ બતાવી માત્ર ત્રણ રૂપિયા દંડ કરે છે. હવે તરત બકરી કાઢી નાખજો.'

'સાંબ દંડ કયાંથી ભરીશ ? બકરી કાઢી નાખીશ તો છોકરાને કયાં નાખવા ?.ધશ ?'

કોર્ટે આ વાત સાંભળી જ ન હોય તેમ બીજો કેસ પોકાર્યો. પોલીસ બુઢ્ઢીનું કાંડું પકડી તેને બાજુ પર લઇ ગયો.

બાળપ્રજાનાં તકલાદી શરીર, મોટું મરણપ્રમાણ અને પ્રજાની આયુમર્યાદા રાષ્ટ્રને મૂંઝવતો પ્રશ્ન છે. ચોગમ આ માટે પોકાર ઊઠી રહ્યો છે. એવા સમયમાં ગરીબોના અનેક નથીઓ ભૂખમરાથી મરી રહ્યા છે. ગરીબોને દૂધ મળતું નથી, મળતું હોય તો અનેકને પરવડતું નથી. એવી નાજુક સ્થિતિમાં બાળકના મોંમા સસ્તું દૂધ આપતી એક બકરી પણ રાખવી એ પણ જ્યાં ગુનો ગણાય છે. ત્યાં પછી બાળકો માંદલાં રહે, મરી પણ જાય, કે રાષ્ટ્ર ઉજ્જડ થઇ જાય તો પણ નવાઇ શું ? બાળકોના પોષણનો અને જીવનની જરૂરિયાત પદાર્થ ન મેળવી શકાય તેવી ગરીબીનો પ્રશ્ન ઉકેલ્યા વગર રાષ્ટ્રીય ઉત્થાનની પ્રવૃત્તિઓ કે સુધરાઇખાતાઓ ગોઠવેલ આરોગ્યવિષયક પ્રદર્શનોનો અર્થ શું ? આમ વિચારતો વિચારતો હું કોર્ટમાંથી બહાર જતો હતો ત્યારે મેં જોયું કે મારી આગળ ચાલી જતી જયનાથી કંઇ ગણગણતી હતી. તેનું મન ખાટું થઈ ગયું હતું. આથી તે મનમાં ને મનમાં પોતાની જાત ઉપર, નથી ઉપર, તેની મરનાર મા ઉપર અને સરકાર ઉપર ચિડાતી હતી. માંદલો નથી સવારથી બપોર સુધીમાં કંઇ ખાવાનું પામ્યો નહોતો. એટલે ભૂખે રડતા હતો. ડોશી તેને ધમકાવતી હતી તેમ તેમ તે વધુને વધુ રડતો હતો. એટલે આખરે ખિન્નદિલે ડોશીએ તેને નીચે પછાડયો. 'મર મારા રોયા ! કોણ જાણે કેવાંયે નસીબ લઇને જન્મ્યો છે કે કયાંય સુખ નથી ! જન્મ્યો કે તુરત માબાપ મરી ગયાં, જમિયલશા બાપુએ બકરી આપી તો કાયદો વેરી થયો. કેવાંયે પાપ કર્યાં હશે !' આમ બોલતી બોલતી નથીને છોડીને ઘણે દૂર ચાલી ગઇ. વળી હીબકતી હીબકતી પાછી વળી. છોકરા પાસે ગઇ અને પોતાના સદરાથી આંખનાં આંસુ લૂછતાં લૂછતાં તેણે નથીને ખોળામાં લીધો. અને કાગળના પડીકામાંથી પાંઉનો કટકો કાઢી તેનો ગાભો હાથે મસળી નથીના મોંમાં ધીમે ધીમે મૂકવા માંડી. ફરી વખત સ્મશાનવત્ સંસારમાં ચિત્રકારને ચીતરવાનું અને કવિને ગાવાનું મન થાય તેવું મૂક નેત્ર-સંગીત મચી ગયું.

.....બીજા ધન્યપેકશન પ્રસંગે નથી કે બકરી કોઇ નહોતું. એકને ભૂખમરો ભરખી ગયો હતો અને બીજાને કોઇ ભૂખ્યો ભરખી ગયો હતો. જયનાથી હજી ત્યાં બડાવરી જેવી ફર્યા કરે છે.

પ્રજલાલ ધ. મેઘાણી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાનઃ સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૨૦

મુંબઈ: ૧૫ ફેબ્રુઆરી ૧૯૪૬ શુક્રવાર.

લવાજમ
૩ રૂપિયા

રીઢાં હૈયાં

[ચાલુ સમયમાં પ્રગટ થનાર શ્રી. નગીનદાસ પરમચંદ મેઘાણીના વાર્તાસંગ્રહ 'આળાં હૈયાં' ઉપર શ્રી. કાકા સાહેબ કાલેલકરે લખી આપેલ ઉપોદ્ઘાત.]

ઘણી ખરી સાચી બનેલી, કેટલીક અર્ધ સત્ય, અને કેટલીક કલ્પનિક–એવી કથાઓનો આ સંગ્રહ આપણા કથા સાહિત્યમાં નવી ભાત પાડે છે. કેમકે આ કથાઓ લખ્યા પાછળ સાહિત્ય સર્જનનો હેતુ પ્રધાન નથી. આજના આપણા સમાજમાં હડહડતો અન્યાય પ્રવર્તિ રહ્યો છે, ગરીબોની જે વિટંબણા થાય છે અને સ્વાર્થ કે બેદરકારી તળે જે માનવતા કચડવામાં આવે છે તે તરફ લોકોનું ધ્યાન ખેંચી આળા હૈયાવાળા ગરીબોનું દુઃખ નિવારણ કરવાનો અહીં પ્રયત્ન છે. લેખક માને છે કે સાહિત્ય દ્વારા જો લોકોની લાગણી જાગૃત કરવામાં આવે તો લોકોમાં ધર્મબુધ્ધિ, ન્યાયબુધ્ધિ અને માણસાઇનો ઉદય થશે.

વ્યાસ અને વાલ્મિકીથી માંડીને 'અંકલ ટોમ્સ કેબીન' લખનાર મિસિસ ટો સુધી અસંખ્ય સાહિત્યકારોનો એજ ઉદ્દેશ હતો, એજ શ્રધ્ધા હતી: સાચું જ્ઞાન થયું કે સદાચાર એની મેળે પ્રગટ થવાનો જ– 'Knowledge is virtue'–એમ એ બધા લોકોની શ્રધ્ધા હતી. ઘણે અંશે એ શ્રધ્ધા સાચી હતી. એ લોકોના સાહિત્ય સર્જનનો માણસમાં માણસાઇ ઉત્પન્ન કરવામાં ઓછો ફાળો નથી.

પણ પાપ કરી કરીને, સ્વાર્થ વધારી વધારીને, તેમજ ધર્મનો ઉપદેશ અખંડ સાંભળી સાંભળીને માણસનાં હૈયા રીઢાં થાય છે. એક વખતે દુર્યોધને જે કહ્યું હતું તે આજે લગભગ દરેક મનુષ્ય કહી શકે છે: जानामि धर्मं न च मे प्रवृत्तिः, जानामि अधर्मं न च मे निवृत्तिः। વ્યાસે હાથ ઉંચો કરી, પોકારીને વિલાપ કર્યો છે કે આખો જન્મારો લોકોને સમજાવવાની મેં પરાકાષ્ટા કરી, પોતાની કલ્પનાશક્તિ, ધર્મબુધ્ધિ અને સાહિત્યશક્તિ–બધી લાવરી અને લોકોને સમજાવ્યું કે સદાચારથી ઐહિક અને પારલૌકિક કલ્યાણ થાય છે; પણ કોઇ મારું સાંભળતું નથી. દુર્યોધનનો પિતા આખો ધર્મશ્રવણ કરતો, ધર્મ અધર્મનું રહસ્ય પૂરેપૂરું જાણતો, પણ એનું શારીરિક અને આત્મિક આંધળાપણું દૂર ન થયું તે ન જ થયું.

માણસે હવે એક નવો રસ્તો શોધી કાઢયો છે. ધર્મ અને ધર્મોપદેશ તો અને એમની વાણી જે ન કરી શકયાં તે કાયદાની મદદથી સિધ્ધ કરવાને આજનો માનવી મથે છે. લોકમત જાગૃત કરીશું, લોકોના હૈયાં ખેડીશું, લોટ બાંધાય તેમ લોકોની સદ્‌ભાવના કેળવીશું અને બાંધીશું અને એમના 'વોટ' લઇને કાયદાઓ ઘડી કાઢીશું અને કાયદાને જોરે અન્યાય દૂર કરીશું.

આ યુકિત પાછળ કંઇ રહસ્ય નથી એમ નથી. માણસની અર્થબુધ્ધિ અને ન્યાયબુધ્ધિ જાગૃત કરવાથી સદાચારના અને ન્યાયદાનના કોઇ પણ પ્રસ્તાવને તે હા પાડી શકે છે, પણ એ પ્રમાણે જાતે વર્તવા જેટલી કુવત એનામાં નથી હોતી. માણસનો વોટ 'ઇનર વોટ' હોય છે. માણસની 'હા' ભલે ધર્મથી પ્રેરાઇ હોય, પણ એમાં ધર્મ તેજ હોતું નથી. એ કેવળ જડ હોય છે. કોઇનું ભલું થતું હોય તો થાઓ, અમારા વાંધો નથી, મારા 'હા' કહેવાથી જો દુનિયામાં કાંઇ શકિત પેદા થતી હોય તો એના કરતાં રૂડું શું? એટલું જ નહીં તો વિશેષ તકલીફ વગર કોઇ મારી પાસેથી સદાચારનું પગલું ભરાવે તો એને માટે પણ હું તૈયાર છું.

એ છે આજના માનવીમાનસની સામાન્ય દશા. આજ સર્વોચ્ચ દશા છે એમ પણ કહી શકાય.

હવે આવી નિષ્ક્રિય ભલમનસાઇનો સંગ્રહ કરી, એમાંથી બહુમતિ ઉપજાવી જો અન્યાયનો પ્રતિકાર કરવા માટે સારા કાયદાઓ ઘડવામાં આવે તો સરકારરૂપી એક જડતંત્ર મારફતે કેટલાય અન્યાયો દૂર કરી શકાય. 'ઇનર વોટ' અને મીકેનીકલ ઓર્ગેનીઝેશને–નિષ્ક્રિય હા અને યાંત્રિક રાજતંત્ર–એ બેના સંયોગથી ધર્મસંસ્થાપનાનું કામ કરી શકાય એ જાતની શોધ માણસે કરી અને એમાંથી ઘણી પ્રગતિ સાધી શકાય છે એવો અનુભવ થયો. એ અનુભવના કેફમાંને કેફમાં માણસ જાતે છેલ્લા બસો ત્રણસો વરસો ગાળ્યાં. પણ અંતે જોયું કે આમ કાંઇ માણસની દુર્જનતા ને બેપરવાઇ કાબુમાં આવે નહીં, વ્યાસની પેઠે આજના સાહિત્યકારને પણ કહેવું પડયું–

'Alas! Laviathen is not so tame.'

કાયદા ઘડનારા કંઇ ધર્માત્મા નથી હોતાં. એનો અર્થ કરનારા ન્યાયમૂર્તિઓ પણ પણ ધર્મને વરેલા નથી હોતા. અને એને અમલમાં મૂકનારા અધિકારીઓ તો મોટે ભાગે ધર્મને પી ગયેલ હોય છે. આવી સ્થિતિમાં એક બાજુ સુધારો કરવા જાઓ તો એ સુધારામાંથી જ કેટલાક નવા નવા અન્યાયો ઉત્પન્ન થાય છે.

લોકલાગણી ઉશ્કેરવી, અને કેળવવી, એને સાચે રસ્તે દોરવી એ પવિત્રમાં પવિત્ર કાર્ય છે. જેની પાસે કાંઇ પણ સાહિત્યશક્તિ છે એણે એ શક્તિ સમાજ સેવામાં અને અન્યાયનિવારણમાં વાપરવી જોઇએ.

પણ ત્યાં પણ માણસ જાતને નવો અનુભવ થયો છે. લાગણીઓ જો વધારેમાં વધારે ઉશ્કેરવી હોય તો આકારાંમાં આકરા વેણ કાઢયે ચાલે નહીં. કોઇ બાળકને દિવસ રાત વઢવાથી જેમ તેની લાગણી રીઢી થઇ જાય છે, એ બાળક વંઠી જાય છે તેવી રીતે સમાજનું પણ છે. સમાજ જેવો છે એવો જાણી લઇએ, એને કઇ દિશાએ કયે ક્રમે અને કેટલે સુધી જાગૃત કરી શકાય એનો મનમાં નકશો દોરીએ અને પછી પોતાની કલમ એ દિશાએ ચલાવતાં પહેલા ભાષાના શબ્દોની શકિત કેટલી છે એનો બરાબર તાગ કાઢીએ અને પછી જ કલમ ચલાવીએ. શબ્દો જો તોળી તોળીને વાપર્યા હોય તો વધારેમાં વધારે અસર કરે છે અને ઉત્તમમાં ઉત્તમ સેવા આપે છે, પણ એ શબ્દો જો પ્રમાણ બહાર વાપર્યા, હદ કરતાં વધારે વાર વાપર્યા તો એ શબ્દો રીઢા થઇ જાય છે, એમની શકિત મારી જાય છે. શબ્દો તો શું, ઉદ્‌ગાર ચિહ્નો પણ જો પ્રમાણ કરતાં વધારે વાપર્યાં તો સારા વચનો પણ જાહેર ખબરની સપાટી સુધી પહોંચી જાય છે.

મનોવ્યાપારની આ ખૂબી જાણતા હોવાથી સાહિત્યકારોએ અને નાટકકારોએ નિયમો બાંધ્યા છે કે રંગભૂમિ ઉપર મોં વકાસીને રોવાય નહીં, પ્રત્યક્ષ મારામારી કરાય નહીં. ઘણું ખરું તો સૂચનથી જ

બોરડીમાં બે દિવસ

મુંબઇથી સુરત સુધી બી. બી. એન્ડ સી. આઇની રેલ્વે લાઇન અને અરબ્બી સમુદ્રનો કીનારો ઓછા વધતા અન્તરે લગભગ એક સાથે ચાલે છે. પૃથ્વીતળનો આ આખા સમુદ્રતટને સ્પર્શતો પ્રદેશ અત્યન્ત ફળદ્રૂપ છે અને સૃષ્ટિ સૌન્દર્યથી ભરેલો છે. એક બાજુએ પશ્ચિમઘાટની લાંબી શિખરમાળ આ પ્રદેશની ભવ્યતામાં વધારો કરે છે તો બીજી બાજુએ વિશાળ સમુદ્રપટ આ પ્રદેશની રમ્યતામાં કોઇ અવનવી સુન્દરતાની પુરવણી કરે છે. એક છેડે સુરતનું એક વખતનું જગવિખ્યાત જુનું બંદર આવેલું છે; બીજે છેડે આજના જગતની એક અલબેલી નગરી તરીકે જગ મશહુર બનેલ મુંબઇનું બંદર શોભી રહ્યું છે.

આ આખા કીનારા ઉપર જુહુ, વરસોવા, મરવા, વસઇ, અગાસી, વાપી, બોરડી, તીથળ, ડાંડી, ડુમસ, હજીરા—આવાં અનેક નામના મોટાં વસતીસ્થાનો પુષ્પગુચ્છ સમાં શોભી રહ્યાં છે, જ્યાં બહારના અનેક લોકો હવાફેરે જાય છે અને ગ્રીષ્મની પ્રચંડ ગરમીમાંથી અને શહેરી જીવનના બંધીયાર જીવનમાંથી રાહત, છુટકારો અને શાન્તિ પ્રાપ્ત કરે છે. કુદરતની કૃપાના એક વિશિષ્ટ કેન્દ્ર સમો આ આખો પ્રદેશ ભાતભાતનાં ફળો તેમ જ રંગબેરંગી પુષ્પોની સંખ્યાબંધ કુંજ નિકુંજોથી ભરેલો છે. ગુજરાતની આ એક 'લીલી નાયેર' છે. દેવચામરો સમ શોભતા, પવનલહરિઓ સાથે આમ તેમ ડોલતા અને સમસ્ત દૃષ્યને ડોલાવતા નાળીયેરી, તાડી, ખજુરીનાં વૃક્ષોની હારમાળા આ પ્રદેશને કોઇ જુદી જ મનોહરતા આપી રહેલ છે.

આ પ્રદેશમાં આવેલાં નાનાં મોટાં ગામડાઓમાં કોઇ જુદી જ વિશેષતા છે. બોરડી કેવળ હવા ખાવાનું ઠેકાણું નથી કે માછીમારોનું કોઇ એક મથક નથી. બોરડી કેળવણીનું વર્ષોથી વિકસી રહેલ મોટું કેન્દ્ર છે. બોરડી વિષે ઘણું સાંભળ્યું હતું અને બોરડી જોવાની ઘણા વખતથી ઇચ્છા હતી. આ ઇચ્છા ગયા ડીસેંબર માસના આખર ભાગમાં અણધારી રીતે પાર પડી. નૂતન બાલ શિક્ષણ સંઘના આશ્રય નીચે બોરડીમાં એક વર્ષ માટે એક બાલવાડી ચલાવવાનો એ સંઘના પ્રમુખ શ્રીમતી સરલાદેવી અંબાલાલ સારાભાઇ તરફથી પ્રબંધ કરવામાં આવ્યો હતો. આ બાલવાડીનું બાળાસાહેબ ખેરના હાથે ગયા ડીસેંબરની ૨૪ મી તારીખે ઉદ્‌ઘાટન થવાનું હતું. આ પ્રસંગ ઉપર કેટલાક મિત્રો સાથે બોરડી જવાનું નિમિત્ત મારા માટે ઉપસ્થિત થયું.

મુંબઇથી ત્રણેક કલાકના રેલ્વે પ્રવાસના અન્તે ગોલવડ આવે છે. બોરડી અઢીથી અઢી ત્રણ માઇલના અન્તરે અરબ્બી સમુદ્રના વિશાળ કીનારા ઉપર પાથરી—પને વસેલું ઠીક ઠીક વસ્તીવાળું એક ગામ છે. ગોલવડ પોતે જ આગ અગીયાઓનું એક મોટું મથક છે. ઝાડપાન અને નાળીયેરીથી ભરેલો બોરડીનો લાંબો સપાટ સમુદ્ર કીનારો જુહુના સમુદ્રતટની જ જાણે કે પુનરાવૃત્તિ હોય એમ લાગે છે. જમીનનો ભાગ સમવિષમ હોઇને અને પાછળનો ભાગ ટેકરા ટેકરીઓથી ભરેલો હોઇને બોરડી જુહુ કરતાં વધારે ભવ્ય અને રમણીય દિસે છે.

અમે ત્યાં ૨૩ મી તારીખની બપોરે બાર વાગ્યા લગભગ પહોંચ્યા. શ્રી. સરલાદેવી આગલા દિવસે ત્યાં આવી પહોંચ્યાં હતાં. બપોરના ભાગમાં નૂતન બાલશિક્ષણ સંઘની કાર્યવાહક સમિતિની સભા હતી. આ સમિતિનો હું કોઇ સભ્ય નહોતો. એમ છતાં પણ શ્રી સરલા દેવીએ એ સભાના કામકાજમાં ભાગ લેવાનું મને નિમંત્રણ આપ્યું અને એ રીતે એ સમિતિની કાર્યવાહીથી પરિચિત થવાની મને તક મળી. શ્રી. સરલાદેવીને હું ઘણાં વર્ષોથી જાણું છું એમ છતાં પણ આ બે દિવસના તેમની સાથેના સહવાસના પરિણામે તેમને હું વધારે નિકટપણે ઓળખતો થયો. નૂતન બાળશિક્ષણ સંઘના તેઓ વર્ષોથી પ્રમુખ છે અને ગુજરાત કાઠિયાવાડની બાળશિક્ષણની અનેક પ્રવૃત્તિઓ સાથે તેઓ ગાઢપણે સંકળાયલાં છે. સરલાદેવી ગુજરાતના એક અસાધારણ ધનાઢ્ય ઉદ્યોગપતિનાં સહધર્મચારિણી છે, અને અનેક તેજસ્વી બાળકોનાં માતા છે. તેમનામાં જે સાદાઇ, નમ્રતા, વત્સલતા, મીલનસારપણું જોવામાં આવે છે તે તેમની કોટિની અન્ય સન્નારીઓમાં ભાગ્યેજ અનુભવવા મળે છે. સદા પ્રસન્ન, પોતાના કાર્યમાં સદા નિમગ્ન અને એમ છતાં વિનયવ્યવહારમાં અત્યન્ત જાગૃત. તેમની કક્ષાની બીજી બહેન બોલે ઓછું, સાંભળે વધારે. સરલાબહેન બોલતાને તો બોલવે, પણ ન બોલતાને પણ બોલતા કરે. તેમનામાં બાળશિક્ષણ પરત્વે મેં અસાધારણ ઉત્સાહ અને ઉલ્લાસ જોયો. "હવે તો આપણા માટે ખુબ કામ કરવાનું આવી પડ્યું છે; હિંદુસ્તાની તાલીમી સંઘે આપણા સંઘનો સ્વીકાર કર્યો છે, અને આપણા માથે મોટી જવાબદારી નાંખી છે; આખા હિંદુસ્થાનની બાળ પ્રજાના ૩॥

(અનુસંધાન પૃષ્ટ ૧૭૩ જુઓ)

પતાવવું જોઇએ. સૂચનમાં જે શક્તિ છે તે પ્રત્યક્ષમાં નથી. કવિઓ કહે છે કે રામ નામમાં જે શક્તિ છે તે રામમાં નથી એના જેવો જ આ ઘાટ છે. માણસ પ્રત્યક્ષ રોવા બેસે તો એની જે અસર થાય એનાં કરતાં જો એ વિલાપ યોગ્ય રાગમાં ગાઇ કાઢે તો એની વધારે અસર થાય છે.

આ વાર્તાસંગ્રહમાંની એક એક વાર્તા કારૂણ્યવૃત્તિથી લખેલી છે. એની પારમાર્થિકતા વાકયે વાકયે તરી આવે છે. એક જ વાંચતાં મન ઉપર ઉંડી અસર થાય છે. પણ એક જ સુરવાળી આ વિવિધ વાર્તાઓ એકત્ર આણવાથી સરવાળે એની અસર ધૃષ્ટ થશે કે કેમ એ વિષે શંકા છે.

વાંચકે આ સંગ્રહ તરફ કેવળ સાહિત્યરસની દૃષ્ટિએ જોવું ન ઘટે. આ તો સેવાભાવી કારૂણ્યવૃત્તિમાંથી ઉત્પન્ન થયેલું પારમાર્થિક સાહિત્ય છે. સાહિત્યની કસોટી પર આને કસવાને બદલે સમાજસેવાની અને અન્યાય નિવારણની લાગણીથી એનું સેવન કરવું ઘટે અને તેટલા માટે આ આખો સંગ્રહ એક સામટો ન વાંચતાં સમય સમય પર વખત મળે ત્યારે એકાદ વાર્તા વાંચી તેના ઉપર ચિંતન કરવું ઘટે છે. આજથી બારેક વર્ષ પહેલાં પ્રગટ થએલ 'દુઃખીની દુનિયા' બાદ આજે પ્રગટ થતો—ભાઇશ્રી વ્રજલાલ મેઘાણીનો—આ બીજો વાર્તાસંગ્રહ છે. એનામાં સાહિત્યશક્તિ ઘણી છે. સંયમની કળા સમય જતાં વધુને વધુ ખીલશે. સામાન્ય સાહિત્યકારોમાં જે થોડા પ્રમાણમાં મળે છે તે પારમાર્થિકતા અને ગરીબોની દાઝ લેખકમાં પૂરતા પ્રમાણમાં છે. સાહિત્યમાં સાચી સુવાસ એ કારૂણ્યવૃત્તિમાંથી જ પ્રગટે છે. સૌંદર્ય તો કેળવતાં કેળવાય છે.

લેખક કેવળ સાહિત્ય લખીને સંતોષ માનનારો જીવ નથી. આજીવિકાને અર્થે નોકરી કરતા એનામાં સેવાભાવ જાગ્યો છે. એ સેવાભાવમાં જે સમાજદર્શન થયું તે તેણે અહિં આલેખ્યું છે. હું આશા રાખું છું કે સમાજમાં એમણે જોયેલો અન્યાય દૂર કરવા માટે તેઓ કમર કસશે અને એમના એ પ્રત્યક્ષ કાર્યમાં મદદ કરવા માટે આ ચોપડીના વાચકોમાંથી કેટલાક એમને સહાયભૂત થશે.

પ્રસ્તાવક તરીકે મારે આ વાર્તામાંની કેટલીક વાર્તાઓનું ગુણદોષ વિવેચન કરવું જોઇતું હતું. આ વાર્તાઓ વાંચતી વખતે તેવો ખ્યાલ પણ રાખેલો. પણ વખતને અભાવે તેમ કરી શકતો નથી એનું મને દુઃખ છે. તૈયાર થયેલી ચોપડી પ્રસ્તાવનાની રાહ જોતી પડી રહે એ સામાજીક અન્યાય છે એમ હું હંમેશ માનતો હોવાથી આટલા સામાન્ય વિવેચનથી જ અહીં પતાવું છું. વાચકો જોશે કે આમાંની કેટલીક વાર્તાઓમાં ઉચ્ચ કોટિનું કળાવિધાન સધાયું છે. પણ એ બધું સાહીત્યરસમાંથી નથી પેદા થયું, પણ સેવાવૃત્તિની ઉત્કટતાથી પેદા થયું છે. લોકકલ્યાણની શુદ્ધ ભાવનામાંથી કલાના જે આદર્શો ઉત્પન્ન થાય છે તેજ ખરા આદર્શો છે અને તેમાંથીજ સર્વોત્કૃષ્ટ સૌંદર્ય એની મેળેજ પ્રગટે છે.

કાકા કાલેલકર

તળાજા મૂર્તિખંડન પ્રકરણ

ગયા જાન્યુઆરી માસના પ્રારંભમાં ભાવનગરના દીવાનસાહેબ મુંબઇ ખાતે પધાર્યા ત્યારે જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખ અને મુંબઇની પ્રાન્તિક મહાસભા સમિતિના સભ્ય શ્રી. મણિલાલ જેમલ શેઠની આગેવાની નીચે ભાવનગરના દીવાન સાહેબનું સેન્ટ્રલ સ્ટેશને કાળા વાવટાથી 'સન્માન' કરવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. દીવાન સાહેબને આ બાબતની દાદર સ્ટેશને ખબર પડી, સ્ટેશનથી સીધા તાજ મહાલ હોટેલમાં તેઓ ચાલી ગયા અને કાળા વાવટાના 'સન્માન'થી બચી ગયા. બીજે દિવસે સવારે શ્રી મણિલાલ જેમલ શેઠની જ આગેવાની નીચે પાયધુની ઉપરના ગોડીજીના મંદિરેથી તાજ મહાલ હોટલ સુધી જૈનોનું કાળા વાવટાનું સરઘસ લઇ જવાની ગોઠવણ કરવામાં આવી હતી, પણ તેના આગલા દિવસે શ્રી મણિલાલ જેમલ શેઠને દીવાનસાહેબને મળવા તાજમહાલ હોટલમાં બોલાવવામાં આવ્યા હતા, જે પ્રસંગે તળાજા મૂર્તિખંડનની બાબતમાં ભાવનગર રાજ્યે આજ સુધી દાખવેલી શિથિલતાના કારણે તેમજ આ સંબંધમાં રાજ્ય તરફથી સેવાતા મૌનના કારણે તેમ જ જૈન સમાજના આગેવાનોની ચાલુ માગણીઓ હોવા છતાં તેમને મળવાની રાજ્યના દીવાનની કે મહારાજા સાહેબની આનાકાનીના કારણે જૈન સમાજમાં વ્યાપી રહેલા તીવ્ર રોષની અને દુઃખની લાગણીઓ શ્રી મણિલાલ જેમલ શેઠે રજુ કરી હતી, જેના પરિણામે જાન્યુઆરી માસની આખરમાં તેમને ભાવનગર આવવાનું અને તળાજા પ્રકરણને લગતી બધી બાબતો વિગતવાર તેમની સાથે ચર્ચવાનું નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સમજુતીના અન્વયે શ્રી. મણિલાલ જેમલ શેઠ અને શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી જાન્યુઆરી માસની ૨૬ મી તારીખે મુંબઇથી ભાવનગર જવા ઉપડ્યા. રસ્તામાં નિંગળા સ્ટેશને તેમને ખબર મળી કે દીવાન સાહેબ નાદુરસ્ત તબિયતના કારણે ગઢડા જઇને રહ્યા છે અને તુરતમાં ભાવનગર પાછા ફરનાર નથી. એમ છતાં પણ શ્રી. મણિલાલ જેમલ શેઠ અને મોહનલાલ દીપચંદ ચોકસી ભાવનગર પહોંચ્યા અને તળાજા તીર્થરક્ષક સમિતિના કેટલાક સભ્યો સાથે તેઓ ભાવનગરના નાયબ દીવાનને મળ્યા, જેનું પરિણામ શ્રી મણિલાલ જેમલ શેઠ જણાવે છે તે મુજબ નીચે પ્રમાણે આવ્યું છે.

"ભાવનગર નાયબ દીવાન સાહેબના બંગલે તા. ૨૯ મી જાન્યુઆરીએ તળાજા તીર્થ અંગે નીચે મુજબ સમાધાન થયું છે.

"મહેરબાન દીવાન સાહેબની નાદુરસ્ત તબિયત હોવાને લીધે તેઓશ્રી ગઢડા હોવાથી મહેરબાન નાયબ દીવાન સાહેબ તથા અન્ય અધિકારીઓ અને તળાજા તીર્થરક્ષક કમીટીના પ્રમુખ શ્રી ભોગીલાલ મગનલાલ તથા શ્રી ભાતીભાઈ અમરચંદ વોરા તથા ભાવનગર સંઘના સેક્રેટરી શ્રી જૂઠાભાઇ સાકરચંદ તથા તળાજાના આગેવાન શ્રી વલ્લભદાસ ગુલાબચંદ તેમજ મુંબઇથી પધારેલા શ્રી મણિલાલ જેમલભાઇ શેઠ તથા શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી મળ્યા હતા.

"બનાવ અંગે જૈન કોમની દુભાયલી લાગણી પ્રત્યે રાજ્યે પ્રથમથી જ હમદર્દી તથા સહાનુભૂતિ દર્શાવી છે અને તેને અંગે પોલીસ તરફથી ચાંપતી તપાસ ચાલુ છે અને રૂા. ૫૦૦૦ નું ઇનામ પણ જાહેર કરેલ છે. આ વાતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

"તીર્થના ભવિષ્યના સંરક્ષણ અને સલામતી માટે તળાજા તીર્થ કમીટીની અરજ તથા પ્લાન મુજબ માગણી રજુ થયેથી તે પ્રત્યે નામદાર દરબારશ્રી સહાનુભૂતિથી વિચાર કરશે એવી ખાત્રી આપવામાં આવી છે."

આ બનાવને મુંબઇ સમાચાર તરફથી "જૈનોનો વાગેલો વિજય ડંકો" 'ભાવનગરના કર્મચારીઓ અને મુંબઇના બે જૈન કાર્યકરો વચ્ચે સુખદ સમાધાન' એવા મથાળાથી વર્ણવવામાં તેમજ વધાવવામાં આવેલ છે. આ પ્રશ્નમાં-શ્રી મણિલાલ જેમલ શેઠ જણાવે છે કે-"સરદાર વલ્લભભાઇ પટેલ, ડો. પટ્ટાભિ સીતારામૈયા, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી વગેરે આગેવાનોએ રસ લઇ સમાધાનીની સરતો પાછળ પ્રેરણા અને દોરવણી આપી હતી." ભાવનગરના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી છેલભાઇએ તળાજા તીર્થ ખંડન પ્રકરણમાં બતાવેલી ઉલટ (જેનું પરિણામ આજ સુધી શુન્યમાં આવ્યું છે) તેની મુંબઇમાં મળેલી શ્રી ગોડીજીના ઉપાશ્રયની સભામાં શ્રી. મણિલાલ જેમલ શેઠે પ્રશંસા કરી હતી.

એક બાજુએ મુંબઇમાં મળેલી સભાના છાપામાં વિગતવાર અહેવાલ આવ્યા અને શ્રી મણિલાલ જેમલ શેઠનાં નિવેદનો પ્રગટ થયાં; તથા નાયબ દિવાન સાથે વાટાઘાટોની કેટલીક પ્રમાણભૂત-અપ્રમાણભૂત વિગતો બહાર આવી. બીજી બાજુએ ઉપરની વાટાઘાટને પુરા બે દિવસ થયા નહોતા એવામાં ભાવનગરના દીવાનસાહેબ સાજા થઇને ભાવનગર પાછા પધાર્યા; છાપાઓમાં પ્રગટ થઈ રહેલા સમાચારોથી ચમકયા અને ભાવનગરના જૈન આગેવાનો-તળાજા તીર્થરક્ષક કમીટીના સભ્યોને બોલાવવામાં આવ્યા. તેમની સાથે થયેલી ચર્ચાના પરિણામે એ સભ્યો તરફથી નીચે મુજબનું નિવેદન બહાર પાડવામાં આવ્યું છે.

"તળાજાનાં જૈન મંદીરો સંબંધી વર્તમાન પત્રોમાં કેટલીક હકીકત આવી છે, તેને અંગે નીચે પ્રમાણેની હકીકત જાહેર કરવાની અમને જરૂર જણાય છે.

"(૧) ભાવનગર રાજ્યમાં રહેતા જૈન આગેવાન ભાઇઓની એક કમિટિ રાજ્યના મે. નાયબ દિવાન સાહેબ અને બીજા અધિકારીઓને તા. ૨૯-૧-૪૬ ના રોજ સવારે મળી હતી. અને તેમના પાસે કેટલીએક માગણીઓ રજુ કરી હતી. આના જવાબમાં અમોને કહેવામાં આવ્યું હતું કે અમારા તરફથી લેખીત માગણીઓ રજુ થયેથી તેની ઘટતી તપાસ કરી ના. દરબારશ્રી તેનો સહાનુભૂતિથી વિચાર કરશે.

"(૨) અમારી કમીટી સાથે ઉપર પ્રમાણે વાત થયા પછી અમારી માગણી ઉપરથી મુંબઇથી આવેલ શેઠ મણીલાલ જેમલ શેઠ તથા મોહનલાલ દીપચંદ ચોકશીને અમો સ્થાનિક કમીટીના સભ્યો સાથે મળવા લાવવા કહેવામાં આવેલું અને તે રીતે સાંજે મળ્યા. તે વખતે પણ ઉપર કહ્યા પ્રમાણે તળાજા અંગે વાત થયેલ હતી.

ઉપરાંત અમો બધાએ મે. નાયબ દિવાનસાહેબને ખાત્રી આપેલ કે ઉપર જણાવેલ મુળ મુદ્દાની હકીકત જાહેર કર્યા ઉપરાંત બીજો કાંઇ ઉહાપોહ કરવાનો નથી.

"મે. મુખ્ય દિવાન સાહેબ ગઢડાથી પાછા પધાર્યા ત્યારે અમો કમીટીના સભ્યો તેઓ સાહેબને મળેલા ત્યારે પણ અમોને કહેવામાં આવેલું કે રૂબરૂ વાત કરી છે તેની રીતસર લેખીત માગણી રજુ થવી જોઇએ, તે અમો રાજ્યને પેશ કરીએ એટલે તેની તપાસ કરી રાજ્ય હંમેશાં કરતું આવ્યું છે તે પ્રમાણે વ્યાજબી મદદ આપશે."

આ સબંધમાં તા. ૮-૨-૪૬ ના પ્રુલછાબમાં નીચે મુજબની ટીકા પ્રસિધ્ધ થઇ છે.

"તળાજાનો જૈન પ્રશ્ન પતાવવા માટે મુંબઇથી આવેલા શ્રી મણિલાલ જેમલ શેઠ અને તેમના જોડીદાર શ્રી મોહનલાલ ચોકસીને દીવાન પટ્ટણીની મુલાકાત થઇ નહોતી, પરંતુ એને બદલે નાયબ દીવાન શ્રી નટવરલાલ સુરતીને તા. ૨૯ મીએ સ્થાનિક જૈન કાર્યકરો સાથે લઇને તેઓ મળ્યા હતા. એ પછી જૈન પ્રતિનિધિ મંડળ મુંબઇ પહોંચ્યુ છે. અને ભાવનગરમાં આવેલા નિરાકરણથી મુંબઇના જૈનોને સંતોષ થયો છે એવી જાહેરાતો થઇ છે. કહેવાય છે કે તળાજામાં દેરાસરો છે તેની આસપાસ ગઢ બાંધી લેવાનું તેમજ એ મંદીરો પાસે રસ્તો જાય છે તે જૈનો માટે જ રહેવા દઇને ઇતર રાહદારીઓ માટે જુદી વ્યવસ્થા કરી આપવાનું રાજ્યે સ્વીકાર્યું છે. એ હકીકત સાચી હોય તો હજી ત્યાં બેસાર્યું છે તેમાં જૈનોનું ધન વધારે નાખવાનું રહેશે. અને આ લક્ષ્મી પણ એજ જૈનોને ભાવનગરની હદમાં નાખવાની રહેશે કે જેમના પ્રતિનિધિઓને તેઓ બીનભાવનગરી છે તે માટે દીવાન મળી શકતા નથી.

"મુંબઇમાં ચુલાબી ચિત્ર ઉભું કરાઇ રહ્યું છે તેની બીજી બાજુ પણ સાંભળવામાં આવે છે કે શ્રી મણિલાલ દીવાનને ન મળી શકયા

(અનુસંધાન પૃષ્ઠ ૧૬૨ જુઓ)

આજની સાધુસંસ્થા.

"સાધુસંસ્થા સંસારીઓની એક મોટી મીરાંત છે, અને સાધુઓ સંસારીઓનું વિકસિત સ્વરૂપ છે," આવી હજારો વર્ષની જનતાની સહજ શ્રદ્ધા અને એકધારી ભક્તિને લીધે સાધુઓએ અબાધિતપણે નિજ વિકાસ, આધ્યાત્મિક બળ, અને જનસેવાની નક્કર ભૂમિકા ઉપર સમાજમાં પોતાનું સ્થાન ટકાવ્યું, પણ જ્યારે આ તત્ત્વો જીવનમાંથી ખૂટતાં ગયા અને જનસેવા કરવાને બદલે તેની સેવા લેવાનું બનવા માંડયું ત્યારે ભોળી પ્રજાની શ્રદ્ધા અને ભક્તિ લાવવા તેઓએ ચમત્કાર કે કોઇ સિદ્ધિની ભ્રમજાળનો આશરો લેવા માંડયો. પણ જ્યારે આ કીમીયો પણ અસરકારક ન રહ્યો ત્યારે સંપ્રદાયનાં વાડા અને તેના અંધ ભક્તોની જમાવટ ઉપર તેમણે પરાણે પ્રીતિ ટકાવવા ધર્મને નામે, ભેખને નામે, ત્યાગને નામે અને કોઇ થઇ ગયેલા પ્રતિભાશાળી પૂર્વજના નામે સમાજ ઉપર એક જાતનું આત્મલાઘવ (લઘુતાગ્રંથી–Inferiority Complex) નું વાતાવરણ કાયમ માટે ઉભું કરી દીધું કે જેથી સંસારી હમેશાં વગર કારણે સાધુ કરતાં પોતાને નીચો, ઉતરતો (Inferior, Backward) પછાત કે પામર માન્યા જ કરે, એટલે તે તેનો વિરોધ ન કરે, તેની સામે તર્ક વિતર્ક, દલીલ કે તેના કાર્યની ટીકા પણ ન કરે પણ 'બાબા–વાક્યમ્ પ્રમાણમ્' માને. આમાંથી જન્મેલી રાંકડી મનોદશાએ તેની આંતર પ્રેરણાને મારી નાખી અને તેને પારકાના અભિપ્રાય ઉપર જ અવલંબતો અને જીવતો ગુલામ બનાવી દીધો. અને સાધુઓમાં સંપૂર્ણતાનો ખોટો ખ્યાલ જન્માવી તેની પ્રગતિ રોકી દીધી. આમ વગર વિચારી લઘુતા કે વગર વિચારી ગુરૂતાએ બંનેને પારાવાર નુકશાન કર્યું. આજે સાધુની દુનિયા પાખંડી અને છીછરી અને સંસારીઓની દુનિયા મનોબળ વગરની દુર્બળ બની ગઇ છે.

માનવીની સુક્ષ્મ લાગણીઓનો અભ્યાસ કરતાં માનવશાસ્ત્રીઓને લાગ્યું છે કે તેને દોરનાર તત્ત્વોમાં ભય, લાલચ અને ઉર્મિ મુખ્ય છે. એટલે સમાજશાસ્ત્રીઓએ માનવજાતના નિયમન, સંગઠ્ઠન અને વિકાસ માટે આ કુદરતી તત્ત્વોનો છુટથી ઉપયોગ કર્યો છે. અને તેને એવી રીતે ગોઠવ્યા છે કે તેના પ્રત્યેક ચિંતન, વાણી અને વર્તન સમયે તેની આંખ સામે કાલ્પનિક ભય, અને મૃગજળ જેવી લાલચ કાયમ રહ્યા જ કરે. આવાજ કારણે માણસ ઘણીવાર આ લોકથી નથી બીતો પણ પરલોકથી બીવે છે, અને તે રીતે પણ પોતાનો જીવન માર્ગ ઠીક રાખવા પ્રયત્ન કરે છે. પણ સાધુઓની બાબતમાં આ સામાન્ય નિયમ લાગુ પડતો ન હોય તેમ તેમના વર્તન ઉપરથી દેખાય છે. તેમને એકવાત તેના પૂરોગામીઓએ ગમે તે કારણે લગભગ ઠસાવી દીધી છે કે "ભેખનો ખેડો પાર છે. તેનો ભેખ મિથ્યા જાય નહિ. એક વખત સંસાર ત્યાગી સન્યાસ લીધો એટલે તેના વૈકુંઠધામનાં મોક્ષનાં દ્વાર ખુલ્લાં જ સમજવાના." આ એક અનર્થકારી અભય વચન જેવું ચિર આશ્વાસન અને તેનાં બહુમાનની ન જીરવાયેલી માત્રા સાધુ સંસ્થાની શિથિલતાના મોટાં કારણો છે, જ્યારે સંસારીઓના આ લોક અને પરલોક એટલે બન્ને લોકની ચાવી ધર્મગુરૂના હાથમાં હોય તેમજ તેને આજદિન તક ઠસાવવામાં આવ્યું છે. તેથી જ શાસ્ત્રો અને સાધુઓ તેને ડગલે ને પગલે ડરાવતાં અને ચેતવણી આપતાં જ દેખાય છે. સંસારીઓને કહેવામાં આવે છે કે "સંસાર તો કાળો કેકોલસો છે. એટલે પ્રતિક્ષણે સાંસારિક કાર્યથી તેને વધુને વધુ કાળપ લાગવાની જ. આ કાળા થરમાંથી બચવાનો એક જ ઉપાય અને તે સંસારમાંથી વિરકિત અને ધર્મપ્રીતિ. સંસારમાંથી વિરકિત એટલે સંસારની જવાબદારી અને ચિંતામાંથી છુટી પોતાનો બોજો બીજા ઉપર નાંખી સાધુ થવું તે! અને ધર્મપ્રીતિ એટલે સાધુપ્રીતિ અને તેના દેખાડેલા વિધિવિધાનો, ક્રિયાકાંડો અને સાધુસેવા. આ રીતે સંસાર અને ધર્મ, તેમજ સંસારી અને સાધુને ભિન્ન પાડી નાખી સંસારજીવનમાં મહા અનર્થ ઉભો કરી સંસારની સળંગ એકરૂપતા અને પ્રગતિ ટાળી નાખવામાં આવી છે. અને તેમાંથી આ સાચું કે તે સાચું એવો ભ્રમ ઉભો થયો છે. એટલે સામાન્ય માનવજીવન અશકય, બોજારૂપ, શુષ્ક અને શંકાશીલીયું બની ગયું છે. ધર્મનો આ અધર્મ સદીઓ થયાં માનવજાતને દોરી રહ્યો છે, કચરી રહ્યો છે. સંસારને કાળો કેકોલસો ગણવો તે તેની ચોકખી અવહેલના છે અને તે પણ કોઇ કાલ્પનિક ભોમકા માટે! મૃગજળ જેવાં વૈકુંઠધામ કે સ્વર્ગ માટે! જીવવું આ સંસારમાં, પમરવું આ સંસારના અન્નજળથી, જ્ઞાન મેળવવું આ સંસારના વ્યવહારોમાંથી, મરીને કલ્પેલો મોક્ષ મેળવવાની યોગ્ય ભૂમિકા પણ આ સંસારને માનવી અને તેમાં કરેલા કાર્ય, કર્મ ઉપરથીજ ભાવિ ગતિનો નિર્ણય થવાનો છે એમ સમજવું, છતાં પણ કર્મ ધર્મના અખાડાસમ આ સંસારની આવી બેઅકતી શા માટે? તેના તરફ ઉદાસીનતા શા માટે? કલ્પનાના કોઇ લોક કરતાં આ લોક તેમને કેમ ખોટો લાગે છે એ પ્રશ્ન પરત્વે શાસ્ત્ર અને તેના પરિપાઠીઓ લગભગ મૌન છે.

સાધુઓએ સંસારીઓ પાસે સ્વર્ગ, વૈકુંઠધામ, બેહિસ્ત, Heaven, દેવલોક, સિદ્ધશિલા, મોક્ષ અને નારકી–Hell કે દોઝખના વિધવિધ ચિત્રો રજુ કરી સંસારમાં લાલચ અને ભયનું વાતાવરણ ઉભું કર્યું છે. અને તે બંને સ્થિતિ માટેના યોગ્ય વિધાનો સાધુ પાસે જ છે. આવીરૂઢ માન્યતાને કારણે ભય, પ્રીતિ કે લાલચોથી સંસારીઓ સાધુઓને નારાજ ન કરે તેવી સ્થિતિ આપોઆપ ઉભી થઇ ગઇ છે. આનું પરિણામ વિકાસની દૃષ્ટિએ જોતાં બંને માટે સારું તો નથી આવ્યું. સંસારીઓ વેવલા, અંધશ્રદ્ધાળુ, લાલચુ અને ભીરૂ થઇ આત્મભાન ભૂલી બેઠા અને સાધુઓ પોકળ અને પાખંડી બન્યા, અને વેષપૂજ્ય પ્રબળ થઇ. આ રીતે સંસારની સાચી લગામ સાધુઓના હાથમાં આવી ગઇ એટલે તેઓએ મનસ્વીપણે સંસારના માનવ ઘેટાંઓને ધર્મને ભરોસે લઇ અફળાવ્યા અને તેને તેનું અસલી માનવ સ્વરૂપ ભૂલાવી દઇ ધર્મસંપ્રદાય, ધર્મપુસ્તક અને ધર્માચાર્યો ઉપર જ અવલંબતા કરી મૂકયા. આમાંથી માથું ઉંચું કરવું તે ધર્મદ્રોહ અને વિરૂદ્ધ દલીલ કરવી તે નાસ્તિકતા મનાણી. માત્ર નીચી મુંડીએ અનુકરણ કે અનુસરણ કરવું તેમાંજ ખરી ધાર્મિકતા ગણાણી. ધર્મના ફળ તરીકે વૈકુંઠધામ, સ્વર્ગ, કે દેવલોક અને નાસ્તિકતાના પરિણામે નર્ક છે એમ ઠસાવી દીધું કે જેથી બિચારો સંસારી ભય અને લાલચની વચ્ચે બીંસાઇ બીજું કંઇ સ્વતંત્રપણે વિચારી શકે નહિ. સાધુસંસ્થાની આ વિકૃતિ અને સંસારીઓની કરી મુકેલી ગાડરવત્ મનોદશા આપણા પતન અને ધર્મનાશનું કારણ બન્યા. અને સાથોસાથ માનવતાનું વિસર્જન ઉતરોત્તર થતું ચાલ્યું. સદીઓ થયાં રેડાતાં સંસ્કાર, મેળવાતું જ્ઞાન અને આચરાતાં ધર્મનું ફળ કોઇ સુંદર જીવનદશા, પ્રેમાળ સંસાર અને જીવવાનું મન થાય તેવું સુંદર અને અલૌકિક વિશ્વ બનવામાં આવવું જોઇએ તેને બદલે તદ્દન ઉલટું જ આવ્યું. પુરાણા ધર્મની હજારો વર્ષની આયુ છતાં પણ ધર્મે બતાવેલા ધર્મભાવ માનવજીવનમાંથી દિન પ્રતિદિન ઓસરતો જાય છે, જીવનના સુક્ષ્મતમ ગુઢ તત્ત્વોની વાળ ચીરી ન્યાય કરવા જેવી ચર્ચા કરવા છતાં પણ જીવનમાં કંઇ અજવાળું દેખાતું નથી. જ્યારે સંસારમાં ધર્મની જોગ્યના નહોતી ત્યારે માનવજીવનમાં દેખાતી હતી તેવી શાન્તિ, અને સ્થિરતા આજે ધર્મયુગમાં કે પછી પણ કેમ નથી દેખાતી? પંચમ આરો વિષમ છે અને તેમાં ધર્મ નહિ ટકે, માનવજીવન દુઃખી થઇ જશે એવા નમાલા વિચાર પાછળ શા સંગીન કારણો પડયાં છે? દુઃખદ સ્થિતિ મીટાવવા માટે તો ધર્મની વ્યવસ્થા યોજાણી. તો ધર્મની જાગ્રતિ પછી અગાઉ કરતાંય બુરી સ્થિતિ થવાનું કારણ શું? શું ધર્મ ખોટો? ધર્મના વિધાનો અને ચર્ચાઓ ખોટી કે જેના હાથમાં ધર્મની દોરી છે તે મહાનુભાવો ખોટા? જગતે એક વખતે આ આંધળી અથડામણમાંથી બચવા આ વાતનો તાગ કાઢયે જ છુટકો છે.

ધર્મહ્રાસ વર્ષો થયાં ધીમે ધીમે થઇ રહ્યો છે, માનવતા ભૂલાતી જાય છે. સ્વાર્થ અને પાશવતાના તુમ્બડાં જામતા જાય છે. તે વાત

સાધુઓ સમજે છે. સંસારીઓને તો તેમાં સમજવાનું રહેવાજ કયાં દીધું છે? તે તો સાધુઓમાં આખા ધર્મને ભાળે છે. એટલે જ્યાં સુધી મંદિરના ગભારામાં કે સ્થાનકના આસન ઉપર કે મરજીદને ઓટલે તેને બેઠેલા જુએ છે ત્યાં સુધી ધર્મને જીવતો જાગતો માને છે. તેની પાસે દીનતા દાખવી; સેવા-પૂજા કરી તેના ઉદરપોષણના ભોજનનો અમુક અંશ પોતે ઉપાડી કૃતકૃત્ય થાય છે. તે બતાવે તેવા થોડાં ક્રિયાકાંડો આચરે છે. તેથી વધુ તેને કરવા જેવું આજે છે શું? તેઓ પોતાના ઉદ્ધાર માટે કે સ્વર્ગધામ માટે સાધુ ઉપરજ મીટ માંડીને બેઠા છે.

આજે સાધુની દુનિયા અને સંસારીની દુનિયા, ભેખના મારગ, અને સંસારીના મારગ, ધર્મ પાળવાના અને જીવન જીવવાનાં ક્ષેત્રો ભિન્ન છે. તે બન્ને વચ્ચે ઘણું અંતર છે. સાધુ સંસારીની દુનિયાને, તેના જીવનમાર્ગને ચુથી શકે, તેના અંગેઅંગનું નિરીક્ષણ કે તેનું ગમે તેવું વિચ્છેદન પણ કરી શકે, પણ તેની પોતાની દુનિયામાં સંસારીઓથી ડોકીયું ન થઇ શકે, તેની બગડેલી બદબો મારતી સાધુસૃષ્ટી માટે કંઈ ન કહી શકાય કે તેમાં સુવાસ દાખલ કરવાના પ્રયત્ન પણ ન કરી શકાય, તેના ગમે તેવા જીવન આડે આંખ આડા કાન કરી નીભાવી લેવા ઘટે, અને તેની પોતાની દુનિયાને સ્પર્શતી સંસારીની દુનિયામાં પણ કંઇ પરિવર્તન કે દિશાફેરફાર ન કરી શકાય તેવી પામર દશા આપણી કરી મુકી છે. જ્યાં સુધી નવી સમજ ઉભી ન થઇ, જીવનમાં નવા પ્રશ્નો ન જાગ્યા ત્યાં સુધી તેઢ વગર વાંધે બધું ચાલ્યા કર્યું. સંસારીએ ગાડરની માફક પૂર્ણ શ્રદ્ધાથી આંખ મીંચીને અનુસર્યા કર્યું. આ દશા ચાલુ રાખવા બને તેટલા અને તેવા બધા શકય પ્રયાસો સાધુઓએ, આચાર્યોએ કર્યા. સમજ આપે, સ્પષ્ટ દૃષ્ટિ આપે તેવા પુસ્તકોને લોકવાણીમાં ઉતારવાની વાત તો દૂર રહી પણ તેના વાંચન ઉપર પણ ચોકકસ પ્રકારનો પ્રતિબંધ મૂકયો. આથી જેમ તેની શકિત દબાઇ ગઇ અને વિકાસ રૂંધાઇ આત્મા સીઝી ગયો તેમ તેનો પ્રત્યાઘાત સાધુઓને પણ તેટલો જ ભારે પડયો. તેઓમાં Superiority Complex ઉચ્ચતાનો ખોટો ઘમંડ આવ્યો અને તેઓ માથાભારે થયા, સ્વચ્છંદી થયા, ધર્મઝનુની થયા, આત્મવંચના વધી એટલે આપસઆપસમાં પોતપોતાની માન્યતા, મત, ચેલાઓ અને ભકતો માટે દુરાગ્રહથી લડતા થયા. સીકૃતથી સંસારીઓના શાંત, શ્રદ્ધાળુ જગતમાં પોતાના ઝઘડા પેસાડયા, અંગત માન્યતા અને મહત્તાને વિકસાવી, વિરતીર્ણ બનાવી, સામસામા ભીષણ મોરચા માંડયા, અને એક સળંગ સમુહના ટુકડા કરી નાંખ્યા. આ રીતે વાડાઓ, ગચ્છો, તડાઓ કે સંપ્રદાયો રચાયા. તે સૌને શાસ્ત્રોકત, શૌલિક અને સાચા બનાવવા દુષ્ટતાથી મૂળ શાસ્ત્રોમાં મનસ્વીપણે ચોરીથી ફાવતા ફેરફારો કરાવ્યા, તેના ફાવતા અર્થો કર્યા અને પુરાણા શાસ્ત્રને, ઇતિહાસને અને કલ્યાણક પંડિતાઇને અંગત સ્વાર્થ માટે વટલાવી. આંધ ભકતોએ પક્ષપોષ અને આચાર્યોને રાજી રાખવા વગર વિચાર્યે તેને સ્વીકારી લીધા અને સાચા બનાવી તેની ડુગડુગી બજાવવા માંડી. શાસ્ત્રવટાળતી પાછળ બનેલો ઇતિહાસ ઘણો કરૂણ અને ઘૃણાસ્પદ છે. આજે આનું પરિણામ ભિન્ન ભિન્ન વાડાઓ, અને તેના ચિરંતન કેલહોના સ્વરૂપમાં જોઇ શકાય છે. આજે આપણા મૂળ ગ્રંથો અને ખરો ઇતિહાસ કયો એ નકકી કરવું એ એક વિવાદગ્રસ્ત જટિલ સમસ્યા બની ગઇ છે.

સાધુઓએ ધર્મશાસ્ત્ર અને ઇતિહાસની મૌલિકતામાં મનસ્વી ફેરફારો કર્યા, કડક ધર્મોના બાહ્ય દેખાવ પુરતીજ કડક રહી, પણ ભિતરમાં વિકાર અને શિથિલતા આવી, છતાં પણ જ્યારે સંજોગ, સમય અને સમાજજીવનમાં થએલા ફેરફાર પ્રમાણે કેટલાક ક્રિયાકાંડો, નિયમો, બંધનો આદિ પલટવાની દેશકાળ અનુસાર જરૂર ઉભી થઇ ત્યારે તેનો વિરોધ પણ તેઓએ કર્યો અને ધર્મને નામે, શાસ્ત્રને નામે, નીતિને નામે, મોક્ષને નામે અને છેવટે સંગઠનને નામે પોતાના ભકતોના ટકાયા જોરશોરથી ઘૂમરાણ મચાવ્યું. કમકે તેઓને સંસારીઓના માર્ગ-પરિવર્તનમાં પોતાની એકચક્રી સત્તાનો નાશ દેખાયો. તેઓનું અચળ ગુરૂ આસન ભયમાં લાગ્યું! આમ છતાંય યુગ આગળ વધતો હતો. લોકોની દૃષ્ટિ ખૂલ્લી થતી જતી હતી. વિજ્ઞાને ઘણી શંકાઓ અને વહેમોના પડદાં ચીરી નાંખ્યા હતાં અને ભૌગોલિક મર્યાદા લંબાઇ, તે સાથે સંકુચિત માનસ પણ પલટાતું હતું, વાંચન વધતુ હતું અને નવા નવા સંસર્ગોએ નવા નવા અનુભવો આપ્યા હતા એટલે જુનવાણી માનસ સાથે ધીમે ધીમે ઘર્ષણ વધતું ચાલ્યું. એક બીજા ઉપર આક્રમણો કરતાં સાધુઓએ કે સંસારીઓએ ન જોઇ વિવેકની સામાન્ય મર્યાદા, ન જોયું પોતાનું સ્થાન, ન જોયું સત્ય કે અસત્ય, કે ન કરી દૃષ્ટિ આગળ વધતા યુગ તરફ, ન કર્યું ધ્યાન પોતાની પતિત દશા તરફ. પરિણામનો ખ્યાલ કર્યા વિના સાધુઓ અને ઉદામવાદી વર્ગ સામ સામે થયા. યુગની ગતાગમ વગરના મોક્ષના લલચુ થોડા અજાણ (?) ભકતો સાધુ સંસ્થાની વહારે ધાયા. પરિણામે અંધ શ્રદ્ધા, કદાગ્રહ, પક્ષાપક્ષી અને ધર્માન્ધતા કે નાસ્તિકતા વધતી ગઇ, કલ્યાણકારી પ્રેમળ સમાજમાં ધર્મને નામે અનેકવિધ માનસિક હિંસા અને વેર પ્રવેશતા ગયા. આ રીતે માનવીની આત્મશાન્તિ અને ભદ્રિકતાના નાશના શ્રી ગણેશ મંડાયા. અને જે સાધુઓએ એક વખત માનવજાતને ઘડી તેના સંસ્કૃતિના પાયા નાખ્યા હતા અને વિશ્વની શિકલ બદલાવી તેની સુંદરતા વધારી જગત જીવવા જેવું સુખદ બનાવ્યું હતું. તેના જ વારસદારોએ તેજ સંસારને ફરી વખત વિરૂપ કરી નાંખ્યો.

છેલ્લા કેટલાયે વર્ષો થયાં સમાજમાં મુખ્યત્વે આ જાતનું વાતાવરણ દેખાય છે. આધ્યાત્મિકતા ગઇ કાલની વાત બનતી જાય છે. ધર્મનો આશય લગભગ વિસરાતો જાય છે. અને ધર્મના વેષધારી ટોળાબંધ સાધુઓમાંથી પાંચ પંદરના મામુલી અપવાદ સિવાય પ્રતિભાશાળી વ્યકિતઓ દેખાતી નથી. જ્ઞાનમાં કંઇ વૃદ્ધિ થઇ હોય, ઉચ્ચ આદર્શ મૂર્તીમંત થયો હોય, જીવનમાં જીવવા જેવું વધુ આવ્યું હોય, અને માનવ જાતને વધુ નજદીક આણી હોય તેમ પણ દેખાતું નથી. સહધર્મીભાવના સાધુઓ વચ્ચે લગભગ ભૂલાણી છે. આની બહુજ બૂરી અસર સંસારીઓ ઉપર પણ થઈ છે. જગતમાં ધર્મના નામે થયેલા કલહો, વૈમનસ્યો અને યુદ્ધોનો ઇતિહાસ વાંચતા જણાય છે કે મંદિર, મસ્જીદ, ગિરજાઘર અને મઠોમાંથી નીકળેલા કાતિલ ઝેરે માનવ સમાજની જેટલી નુકશાની કરી છે તેટલી બીજા કોઇ વિનાશક તત્વે નથી કરી. આજે કોઇ એક બીજાનું પ્રેરક કે પૂરક રહ્યું નથી. એટલે સાધુ અને સંસારી બન્ને કયાં જઇને પછડાશે તે કહેવું મુશ્કેલ છે! આવી નાજુક સ્થિતિ માટે અલબત્ત સંસારીઓ અને સાધુઓ બન્ને જવાબદાર છે. પણ વિશેષ જવાબદારી સાધુ ઉપર એટલા માટે છે કે આપણું આખા સંસાર ઉપર તેનું વર્ચસ્વ ઘણું છે. અને સમાજ તેને અનુસરે છે તેથી તેને યોગ્ય દોરવણી આપવાનું અને યુગને ઘડવાનું કાર્ય તેમનું જ છે. યુગ ઘડે તે યોગી. બીજાની પેઠે ગાડરવત ચાલે તે યોગી–સાધુ નહિ. પણ ત્યાં તો યુગને દોરવાની તો તાકાત નથી પણ યુગ સાથે ચાલવાની પણ નથી. ત્યાં નરી નિષ્ક્રિયતા પડી છે–થોડીક જીવનમાં પેઠેલી સુસ્તીને કારણે, થોડીક શકિતના અભાવે અને થોડીક શાસ્ત્રની માની લીધેલી ખોટી મર્યાદાને કારણે. સંસારીઓને પોતાની તેમજ ધર્મધુરંધરોની ભાખરી, વ્યવહાર અને પ્રજાના મોટા પ્રશ્નો ઉકેલવાના હોય છે. તેની પાસે રાષ્ટ્રની સમસ્યા પણ પડી છે જેમાં તેને કેમને કે તમને પણ ફાળો આપવાનો હોય છે. એટલે સહજ તે સૌ તેનો મોટા સમય અને શકિત માગી લે છે, જ્યારે સાધુઓનું કાર્ય આજે તો ઘણું મર્યાદિત અને નહિવત હોય છે. તેઓ બહારની રોકાણોમાંથી કે ઉદરપોષણની ચિંતામાંથી કે અટપટા વ્યવહારથી મુકત હોય છે, તેમનો વ્યવહાર પોતાના પંડ અને ધ્યેય પૂરતો જ હોય છે, છતાં પણ થોડીક મામુલી ક્રિયાકાંડની પ્રવૃત્તિ સિવાય તેઓ બીજું કરે છે શું? સવારથી સાંજ સુધી તેની દિનચર્યાની નોંધ રાખીયે તો જરૂર જણાશે કે સાધુઓનો મોટો ભાગ કશું પણ ઉપયોગી કાર્ય કરતો નથી. તે લાગી ગણાવા છતાં પણ સંસારીઓ કરતાંય વધુ સગવડતા, સાધનો અને આરામ પ્રતિદાન કર્યા વગર, વગર શ્રમે ભોગવે છે. જેમ રાજાઓ કે મોટા માણસો પોતે બીસામા

પૈસા રાખતા નથી પણ તેના મંત્રીઓ રાખે છે તેમ સાધુઓ પૈસાને અડતા નથી (આમ કહેવું સૌ સાધુ માટે બરાબર નથી. અમુક જાતના સાધુઓ જ પૈસા નથી રાખતા બાકીના બધા રાખે છે પણ એક વાત તો પૈસા રાખનાર અને ન રાખનાર બન્ને માટે સામાન્ય છે કે કોઇ પોતાના શ્રમમાંથી રોટી મેળવતા નથી, ભીખ, ભેટ કે ભીખની વારસાગાદીની આવકમાંથી મેળવે છે) પણ સંસારીઓના પૈસાથી જે જોઇએ તે બધુ મેળવી શકે છે (આ માટે ડહાપણપૂર્વક શાસ્ત્રોમાં જોગવાઇ કરવામાં આવી છે) એટલે પૈસા ન રાખવા છતાં પણ જેમ રાજાએ, મોટા માણસો ત્યાગી નથી, તેવી જ સ્થિતિ આજ સાધુઓ અને આચાર્યોની છે. તે ભૂત કાળના ચીલા ઉપર, આબરૂ ઉપર અને પૂરોગામીના નામ ઉપર વર્તમાન વિતાવે છે. ભવિષ્યની તેને કંઇ પડી નથી. તેની શક્તિમાં છે માત્ર સાધુનો ગણવેષ, સંસારીઓની અંધશ્રદ્ધા અને શાસ્ત્રની લાકડી! આની ઉપર તે પોતાના મોક્ષની, વૈકુંઠધામની, કે એક્રિસ્તની ઇમારત કલ્પી બેઠો છે. તેની પાસે સમય ઘણો છે પણ તેનો તેને કંઇ ઉપયોગ નથી. જગતમાં ઘણું કામ પડયું છે પણ તેની તરફ તેની દૃષ્ટિ કરવાની વૃત્તિ નથી. સમાજ ઉપર તેની ઘણી લાગવગ છે પણ તેના ઉપયોગ માટે તેની પાસે કોઇ દૃષ્ટિ કે હિંમત નથી એટલે નવરો બેઠો સંસારીઓની ખુશામદમાં, તેની તેમજ પોતાની સાધુ દુનિયામાં એક બીજાના છિદ્રો જોવામાં, મામુલી વાતો, રૂઢિગત ક્રિયાકાંડો અને નિર્જીવ કથા વાર્તાના ટાંયલાઓ પાછળ સમય અને શક્તિ વેડફી જીવન પુરું કરે છે. આ રીતે ભવ્ય સાધુસૃષ્ટિમાં આજનો સાધુ આવે છે અને જાય છે અને જગત ઊંચે આવવાને બદલે ઉતરતું જાય છે છતાં કયાં કોઇની આંખ ઉઘડે છે!

સાધુઓની નિષ્ક્રિયતા ધર્મનાશને નોતરનાર છે. છેલ્લા કેટલાયે વર્ષો થયા સાધુઓએ ન તો ધાર્મિક જીવનમાં કંઇ આશ્ચર્યકારક વિશેષતા બતાવી તેને નગદ ધર્મ બનાવ્યો, ન તો ભૂલાતા ધર્મને, વિસરાતા ઇતિહાસને, નાશ પામતા ધર્મગ્રન્થોને કે ભુંસાઇ જતા સંસ્કારને બચાવવા ખરો પ્રયત્ન કર્યો, ન તો જગતના સામાન્ય સાહિત્યમાં કે લેખોમાં પોતાનો ફાળો નોંધાવ્યો અને ન જ્ઞાનદાતા ગુરૂ બન્યા. એટલે સાધુવર્ગ માત્ર સંસારીઓની કાંધે ચડી વગર શ્રમે ભેખના આધારે બીજા ઉપર પેટ ભરતો પામર જીવન જીવી રહ્યો છે ત્યાં તેને સંસારીઓની મોટી મીરાંત–મુડી પણ કેમ ગણાય કે સંસારીઓનું વિકસીત વરૂપ પણ કેમ મનાય?

વ્રજલાલ ધ. મેઘાણી

ળાજા મૂર્તિખંડન પ્રકરણ

(પૃષ્ઠ ૧૬૯ થી ચાલુ)

રણ કે તેઓ નાદુરસ્ત તબિયતને કારણે ગઢડે હતા. ગઢડા અને ાવનગર વચ્ચે પૂરા ૬૦ માઇલનું પણ અંતર નથી એટલે ત્યાં ળવા જવાનું કામ અગવડભર્યું નહોતું. વળી શ્રી સુરતી અને જૈનો ચેની પાટાધાટને પૂરા ૪૮ કલાક પણ નહોતા વીત્યા તે પહેલાં ઘરકૂપાથી તંદુરસ્તી હાંસલ કરીને દીવાન શ્રી પટ્ટણી તળ ભાવનગરમાં હોંચી જઇ શકયા છે. ઉપરાંત ભાવનગરમાં વસતું કોઇ પણ જાણે કે દીવાનની કાર્યપદ્ધતિ એટલી બધી એકહથ્થુ છે કે બિચારા યજ દીવાન સારૂં કે માઠું, સાચું કે ખોટું સમાધાન કરી શકે ગર તો એનો જશ અપજશ વહોરી શકે એવો અવકાશ જ નથી. ટલે જૈનોને સંતોષ થયો છે એવી હવા ફેલાવીને કોણ કોને મૂર્ખ નાવી રહ્યું છે એ સમજાતું નથી અને મૂર્તિખંડનના ગંભીર ધાર્મિક રણમાં આવી રમત રમનારાઓનો હેતુ પણ સ્પષ્ટ થતો નથી. કી શ્રી મણિલાલ શેઠે તાજમહાલમાં શ્રી પટ્ટણીને કહ્યું હોય કે લીસ ખાતાની ગુન્હાની તપાસ પૂરતું કશું કહેવાય તેવું નથી તો ી સમગ્ર સમાજની દૃષ્ટિએ એ પ્રકરણમાં જૈનોએ પછવાડેથી નહિ વો ઘટે તેવો પ્રચાર કર્યો તેમ માનવું રહ્યું એટલે જૈનો અગર ય તરફથી વધુ માહિતી ન મળે ત્યાં સુધી આ પ્રકરણ ભીનું લાતું દેખાય છે.''

પ્રુલછાબની આ ટીકા કેટલીક રીતે માર્ગદર્શક છે. જૈનો અને મુસલમાનો ભવિષ્યમાં કોઇ પણ અથડામણમાં ન આવે એ હેતુથી ભાવનગરના નાયબ દિવાન સાથે જે કાંઇ ઘાટઘાટ થયા હોય અને સમજુતી ઉપર આવાયું હોય તેની પ્રમાણભૂત વિગતો બહાર ન આવે ત્યાં સુધી તે વિષે અહિં વધારે ચર્ચા કરવાની જરૂર નથી. પણ આવી કોઇ વાટાઘાટ કે સમજુતીને સંતોષકારક સમાધાન તરીકે વર્ણવવી એ વાસ્તવિકતાની સામે આંખ આડા કાન કરવા બરોબર છે. ભાવનગરના પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ શ્રી છેલભાઇની તળાજા મૂર્તિખંડન વિષેની ઉલટ સંબંધે શ્રી. મણિલાલ જેમલ શેઠ ગમે તેટલી પ્રશંસા કરે, પણ બહારની દુનિયા તો એમ જ માની રહી છે કે કાંતો આ બાબતમાં પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટમાં જોઇએ તેટલી ઉલટ અને આતુરતા નથી અથવા તો પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટની ઉલટને ઉપરથી જોઇએ તેટલું ઉતેજન કે અનુમોદન નથી. નહિ તો આજ સુધીમાં આવા ગંભીર ગુન્હાની ચોંકતી તપાસ હોવા છતાં એક પણ માણસ હાથમાં ન આવે એ સંભવિત નથી. કોઇ સાધારણ ખુનનો કીસ્સો હોત તો પણ આજ સુધીમાં કોઇને કોઇ શકદાર માણસો ફોજદારી અદાલત સામે પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ તરફથી તપાસ માટે રજુ થયા વિના રહ્યા ન હોત. આવા કીસ્સાઓ, મૂર્તિખંડનની ઘટનાઓ કે હિંદુ મુસલમાનના ધર્ષણોના પ્રસંગે ચાંપતા હાથે કામ લેવાની શ્રી છેલભાઇની તકેદારી, કુશળતા તેમ જ નિડરતા વિષે બે મત છે જ નહિ. આમ છતાં પણ તળાજા મૂર્તિખંડનના કોઇ ગુનેહગારો શ્રી છેલભાઇને શોધ્યા જડતા નથી એ ભારે વિસ્મયજનક છે. આની પાછળ રાજ્યના વહીવટકર્તાઓનું જ ઢીલાપણું હોય એવો અંદેશો વધારે ને વધારે મજબુત થતો જાય છે. રાજ્યની આવી શિથિલતા તરફ ધ્યાન ખેંચવાને બદલે શ્રી મણિલાલ જેમલ શેઠનું નિવેદન પોલીસ તરફથી ચાંપતી તપાસ ચાલુ છે એ બાબતનો સ્વીકાર કરે છે એ એક કમનસીબી છે. અને બીજું તો ભાવનગરના દીવાનસાહેબ આ પ્રશ્ન સંબંધે ઉકળી રહેલા જૈન સમાજના આગેવાનોને મળવાની બેધડક ના કહે છે એ તેમની તુમાખી પણ અસહ્ય છે. જો કે શ્રી મણિલાલ શેઠ નિંગાળાવાસી છે એટલે કે ભાવનગર રાજ્યના પ્રજાજન છે, એમ છતાં પણ ભાવનગર રાજ્યના એક પ્રજાજન તરીકે નહિ પણ વિશાળ જૈન સમાજના એક પ્રતિનિધિ તરીકે શ્રી મણિલાલ જેમલ શેઠ દીવાનસાહેબ સાથે આગળ ઉપર થયેલી ગોઠવણ મુજબ જ્યારે ભાવનગર આવવા નીકળે છે ત્યારે દીવાનસાહેબ નાદુરસ્ત તબિયતના કારણે ગઢડા જઇને રહે છે અને શ્રી મણિલાલ શેઠ જ્યારે મુંબઇ જવા વિદાય થાય છે કે તુરત જ દીવાનસાહેબ ભાવનગર પધારે છે–આ પણ એ જ તુમાખી અને બેપરવાઇનો એક વધારે પુરાવો છે. આ બાબતની ઉપર જણાવેલી કહેવાતી સમાધાની કે સમજુતીમાં કોઇ રાહત શોધી જડતી નથી. આ બધું વિચારતાં શ્રી. મણિલાલ જેમલ શેઠ ઉદાત ભાવનાથી જે કાંઇ કર્યું હોય તેની બીજી ગમે તે કીંમત આંકવામાં આવે, પણ આમાં કોઇ 'જૈનોનો વાગેલો વિજય ડંકો' નથી તેમજ એમાં જૈન સમાજે જરા પણ આશ્વાસન લેવા જેવું કોઇ સુખદ સમાધાન નથી એમ આપણે સ્પષ્ટપણે જાહેર કરવું જ રહ્યું. આજે પણ તળાજા મૂર્તિખંડનનું શલ્ય જૈનોને એટલું ને એટલું જ સાલે છે અને એ પ્રકરણ ભાવનગર રાજ્ય પુરતું હતું ત્યાં ને ત્યાં જ ઉભું છે.

પરમાનંદ.

ભ્રમનિરાસ

અગમ્યને ગમ્ય બનાવવાની ઝંખનાએ
ગાઢ જંગલમાં હું ચાલ્યો જતો હતો અને દૂર દૂર કંઇક દેખાયું;
એ કોઈ ઈશ્વરનો અવતાર હોય એવો ભાસ થયો.
ત્વરિત પગલે હું તેની નજદીક જઇ રહ્યો;
એ તો આજનો કેવળ વેશધારી સાધુ હતો એમ ભાન થયું.
અને મારી આશા, ઉત્સાહ અને ઉલ્લાસ ભાંગીને ભુક્કો થઈ ગયાં.

બોરડીમાં બે દિવસ (પૃષ્ઠ ૧૭૩ થી ચાલુ)

થી ૭ વર્ષ સુધીના શિક્ષણની આપણે યોજના કરવાની છે" આ ધગશ અને ધુન મેં તેમનામાં નિહાળી અને મારું દિલ આનંદ અને આદરથી પુલકિત બન્યું. વિશેષમાં તેમનામાં માત્ર ઉત્સાહ જ છે એમ નથી. વ્યવહાર કાર્યશક્તિ પણ તેમનામાં એટલી જ ભરી છે. દરેક પ્રશ્નને ઝીણવટથી છણવાની વૃત્તિ અને શક્તિ, નાની નાની બાબતો પણ ખુબ ચોકસાઇથી નક્કી કરવાની ટેવ, બધી બાબતમાં અન્ય સભ્યોનો –સહકાર્યકર્તાઓનો–મત મેળવીને કામ કરવાની ચીવટ, જ્યાં અન્ય સાથે પોતાનો મત ન મળે ત્યાં પણ તેમના વિચાર અને દૃષ્ટિબિન્દુને બને તેટલો અપનાવવાનો સાચા દિલનો પ્રયત્ન–તેમનામાં રહેલાં આ બધા ગુણોનો નૂતન બાલશિક્ષણ સંઘની કાર્યવાહક સમિતિની આ બેઠકની સભામાં મને પહેલી જ વાર પરિચય થયો. બપોરે જમી પરવાર્યા કે તરત જ સંઘની કા. વા. સમિતિનું કામકાજ શરૂ થયું. એક પછી એક પ્રશ્નો આવતા ગયા અને ચર્ચા લંબાતી ચાલી. સાંજ પડી. અમને જરા બહાર ફરવા જવાનું, સાંજના સમુદ્ર પટ ઉપર નિર્માણ થઇ રહેલા ભવ્ય સૂર્યાસ્તને માણવાનું મન થયું, પણ સરલાદેવી તો ઉઠ્યાં જ નહિ. તેમનું કામ તો ચાલું રહ્યું. ગોરજ સમયે ગામના આગેવાન લોકો તેમને મળવા આવ્યા; ગામના પ્રશ્નોની–લોકોનો સુખ દુઃખની–તેમની સાથે તેમણે ચર્ચા કરી. રાત પડી, ભોજન કર્યું અને પાછા સંઘના અધુરા રહેલા કામ ઉપર બધાં બેઠાં. કડકડતી ઠંડીમાં રાત્રીના સાડા અગિયાર બાર વાગ્યા સુધી આ કામ ચાલ્યા કર્યું. આ ધગશ, આ ખંત, આ તમન્ના આજે આપણને કેટલા ઓછા કાર્યકર્તાઓમાં જોવા મળે છે? ગુજરાત કાઠિયાવાડના આજે આ દૃષ્ટિએ જોતાં ખાસ કરીને સ્ત્રીકાર્યકર્તાઓમાં સરલાદેવીની જોડ જલ્દિ મળે તેમ નથી અને એ રીતે તેમના વિષે આપણે જેટલું ગૌરવ ચિંતવીએ તેટલું ઓછું છે એવો મારો અભિપ્રાય સુદૃઢ થયો.

બીજે દિવસે સવારે ત્યાં એક જૈન બોર્ડિંગ છે જ્યાં ૪૦ વિદ્યાર્થીઓ રહે છે. ત્યાં અમને બોલાવવામાં આવેલા. એ પ્રસંગે પણ સરલાદેવીએ એક નાનું સરખું સુંદર પ્રવચન કર્યું હતું અને સર્વ ધર્મસમભાવ, કર્મનો સિદ્ધાંત, સર્વ વર્ગો સાથે આત્મીયતા અને સમાનતાની બુદ્ધિ કેળવવાની આવશ્યકતા વગેરે બાબતો વિદ્યાર્થીઓ સમક્ષ તેમણે રજુ કરી હતી.

ત્યાર બાદ ત્યાંની બાળશિક્ષણ સંસ્થા જેમાં ગુજરાતી અંગ્રેજી મરાઠી ચાર ધોરણ પ્રસાર કરેલા વિદ્યાર્થીઓને યુનીવર્સીટી મેટ્રીક સુધી ભણાવવામાં આવે છે તે અમે જોવા ગયા. આ શિક્ષણ સંસ્થા આચાર્ય ભીસેનું સર્જન છે. આજથી પચ્ચીસેક વર્ષ પહેલાં શ્રી. ભીસે અને તેમના કેટલાક સાથીઓએ મળીને ગોખલે એજ્યુકેશન સોસાયટી સ્થાપી હતી. તે સોસાયટીના આશ્રય નીચે આ શાળા એજ અરસામાં ઉભી કરવામાં આવી હતી. આ શાળામાં ગુજરાતી તેમજ દક્ષિણી, હિંદુ મુસલમાન તેમજ પારસી વિદ્યાર્થીઓ ભણે છે અને કોમી એકતા અને રાષ્ટ્રીયતાને પોતાના જીવનમાં વણે છે. શાળા સાથે શારદાશ્રમ નામનું એક છાત્રાલય જોડાયેલું છે, જ્યાં ૧૦૦ હિંદુ વિદ્યાર્થીઓ રહે છે. આ ઉપરાંત અહિં એક મુસ્લીમ છાત્રાલય છે. જેમાં ૮૦ વિદ્યાર્થીઓ રહે છે અને આ સંસ્થામાં ભણે છે. ઉપર જણાવેલ જૈન બોર્ડીંગના વિદ્યાર્થીઓ પણ અહિં જ અભ્યાસ કરે છે. આ ઉપરાન્ત બોરડી તળમાં તેમજ ગોળવડમાં રહેતા આશરે ૨૦૦ વિદ્યાર્થીઓ અહિં ભણવા આવે છે. શાળામાં બૌદ્ધિક શિક્ષણ સાથે ખેતીવાડી, વણાટ, સુતરકામ વગેરે ઉદ્યોગોની તાલીમ પણ ફરજિયાત આપવામાં આવે છે. શાળાના બૌધિક શિક્ષણ વિભાગ અને ઔદ્યોગિક શિક્ષણ વિભાગના મકાનોમાંથી એક મકાન એક મુસલમાન ગૃહસ્થે અને બીજું મકાન એક પારસી ગૃહસ્થે બંધાવી આપેલ છે. સંસ્થાના મુખ્ય સંચાલકો આચાર્ય ભીસેજી, ચિત્રેજી વગેરે રાષ્ટ્ર ભાવથી ખુબ રંગાયેલા છે, અને ઉચ્ચ કોટીનું ચારિત્ર્ય ધરાવે છે. આની છાપ અને છાયા તેમના વિદ્યાર્થીઓ ઉપર તો પડે છે જ, પણ જ્યાં એક પેઢીથી તેઓ કામ કરી રહ્યા છે તે બોરડી અને ગોલવડનો યુવાન વર્ગ પણ ચુસ્ત મહાસભાવાદી બન્યો છે, અને ઘણા જીલ્લામાં બોરડી–ગોલવડ એ મહાસભાનો એક અભેદ્ય ગઢ લેખાતો આવ્યો છે. શ્રી. બાળાસાહેબ ખેરે આચાર્ય ભીસે સંબંધે જણાવ્યું હતું કે "કોઇ શિલ્પી ચારિત્ર્યની મૂર્તિ ઘડે અને તેની નીચે એક જ શબ્દ લખવા મને કહે તો હું લખું "ભીસે." આ અલ્પાક્ષરી પ્રશસ્તિ આ શાળાના પ્રણેતા આચાર્ય ભીસે કેવી ઓજસ્વી અને ઉચ્ચ કક્ષાની વ્યક્તિ હશે તેની કલ્પના આપવા માટે પુરતી છે.

શાળાઓ અને છાત્રાલયોમાં ભણીને ઘેર ગયેલા અને કામે ધંધે લાગેલા વિદ્યાર્થીઓ પોતાના શિક્ષકને, ગૃહપતિને અને પોતાની શિક્ષણ સંસ્થાને થોડા દિવસ યાદ કરે છે, પણ પછી ધંધા રોજગારમાં અને સંસારમાં એ બધાને વિસરી જાય છે. પણ જ્યાં પ્રેમ છે, જ્યાં વત્સલતા છે, ત્યાં ગુરૂશિષ્યનો સંબંધ અખંડ બને છે. આ વિધાન અમારું બોરડી જવાનું બન્યું તે આરસામાં જ મૂર્તિમન્ત બન્યું હતું. બાળાસાહેબ ખેરનું બોરડી પ્રતિનું આગમન બે કારણે થયું હતું. એક તો ૨૪ મી તારીખે બોરડીમાં ઉભી કરવામાં આવેલ બાલવાડીનું વિધિસર ઉદ્ઘાટન કરવા માટે અને બીજું એ સંસ્થામાંથી પ્રસાર થયેલા અને તેમાંના કેટલાંક ધંધાર્થે અને બાલ બચ્ચાંએ સંસારમાં ઠરી ઠામ થયેલા વિદ્યાર્થીઓએ સંસ્થાના તેમ જ ગામના સાર્વજનિક ઉપયોગ માટે એક ભવન બંધાવવા માટે રૂ. ૬૨૦૦૦ એકઠા કર્યા હતા. એ ભવનનું પ્રાત મુહુર્ત કરવા માટે ખેર સાહેબને બોલાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે કોઇ ડાક્ટર, કોઇ વકીલ, કોઇ અધિકારી, કોઇ વ્યાપારી –એમ સમાજમાં પ્રતિષ્ઠા પાત્ર બનેલા કેટલાયે વિદ્યાર્થીઓ પોતપોતાના કુટુંબકબીલા સાથે બોરડી આવી ચઢ્યા હતા. એક કાળના આ વિદ્યાર્થીઓ આચાર્ય ભીસેજી સમીપ લાંબા વર્ષોના ગાળે આવી ઉભા રહે, તેમના પગે પડે, પોતાનાં બાળબચ્ચાંઓની ઓળખાણ કરાવે, ભીસેજી તેમને સર્વને પ્રેમપૂર્વક આવકારે અને આશીર્વાદ આપે–એ દૃષ્ય કેટલું મનોહર અને આત્મસ્પર્શી હશે એ આ લેખના વાંચકો જ કલ્પી લેશે.

ભીસેજીની આ શાળાએ બોરડીના ગૌરવમાં ખુબ વધારો કર્યો છે. આ સંસ્થામાં દેશદેશાવરથી વિદ્યાર્થીઓ આવે છે અને અવકાશના અભાવે કેટલાકને પ્રવેશ પણ મળી શકતો નથી. આ સંસ્થાના આશ્રય નીચે ઉનાળામાં અવારનવાર 'રીફ્રેશર્સ કોર્સ' યોજાય છે અને શિક્ષણ સંમેલનો અને શિક્ષક સંમેલનો પણ ભરાય છે. બોરડી આ રીતે ગુજરાત મહારાષ્ટ્રનું એક નાનું સરખું એકસફર્ડ કે કેંબ્રીજ બનવાની શકયતા ધરાવે છે. આચાર્ય ભીસેની શાળા ભૂતકાળના દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવની યાદ આપે છે.

અપૂર્ણ

પરમાનંદ

આળાં હૈયાં

શ્રી. વ્રજલાલ ધરમચંદ ઝેઘાણીનો 'આળાં હૈયાં' નો જૈન વાર્તાસંગ્રહ કેટલાંક અનિવાર્ય કારણોને લઇને હજુ સુધી ગુજરાતી જનતાના હાથમાં અમે મુકી શકયા નથી એ માટે અમે દિલગીરી જાહેર કરીએ છીએ. હવે એક પખવાડીઆમાં તે તૈયાર થઇ જશે અને તેના ગ્રાહકોને બહુ થોડા સમયમાં પહોંચાડી શકાશે એવી અમને પુરી આશા છે. વાર્તાસંગ્રહ ૨૨૫ થી ૨૫૦ પાનાનો થશે એ ગણતરી ઉપર અમે તેની કીમત રૂ. ૨॥ જાહેર કરી હતી. પણ તે પુસ્તક આશરે ૩૦૦ પાનાનું થવા જાય છે તેથી તેની કીમત વધારીને અમોએ રૂ. ૩ નક્કી કરી છે. આમ છતાં પણ મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અને આજ સુધીમાં થયેલા પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક મૂળ જાહેરાત મુજબ રૂ. ૨॥ માં જ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સદ્‌ગત સાહિત્યોપાસક શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ—કેટલાંક સંસ્મરણો

(ગતાંકથી ચાલુ)

સામાજિકતા અને રાષ્ટ્રીયતા

મોહનભાઇ જૈન શ્વેતાંબર કોન્ફરન્સના મુખપત્ર જૈન હેરલ્ડના લાંબા વખત લગી મંત્રી રહેલા. કોન્ફરન્સની એવી કોઇ પ્રવૃત્તિ નથી કે જેમાં તેમણે છેવટ લગી સાથ આપ્યો ન હોય. કોન્ફરન્સનું વાર્ષિક અધિવેશન જ્યાં જ્યાં થાય ત્યાં સર્વત્ર તેમની હાજરી હોય જ. આ ઉપરાંત શ્વેતાંબર સમાજને લગતી કે સમગ્ર જૈન સમાજને લગતી કોઇ પણ બાબત હોય તો તેમાં મોહનભાઇ ભાગ લીધા વિના ન રહે. દેખીતી રીતે તેઓ સામાજિક વ્યક્તિ દેખાય, છતાં તેમના મન ઉપર રાષ્ટ્રીયતાની ઉંડી છાપ હતી. મેં સ. ૧૯૧૯ ની કડકડતી ટાઢમાં મારવાડના એક સ્ટેશનથી પંજાબ–અમૃતસર જતાં તેમને પૂછ્યું કે–'કોંગ્રેસમાં તમને રસ પડે છે?' તેમણે કહ્યું–'અવશ્ય. જો કોંગ્રેસના ધ્યેયમાં રસ ન હોત તો આટલી ટાઢમાં પંજાબ ન જાત.' તેમણે ઉમેર્યું કે, 'જ્યારથી ગાંધીજીએ કોંગ્રેસનાં સૂત્રો હાથમાં લીધાં છે ત્યારથી તો કોંગ્રેસ જ તીર્થધામ બની છે. સીધી રીતે કોંગ્રેસનું કામ કરવાની મારી પરિસ્થિતિ નથી તો શું થયું? પણ એના અધિવેશનમાં જવાથી મને ઘણું બળ મળે છે!' સન ૧૯૩૧ ની કરાંચી કોંગ્રેસ ઉપર જતી વખતે હું તેમની સાથે સ્ટીમરમાં હતો. તે વખતે જોઇ શકેલો કે મોહનભાઇને રાષ્ટ્રીયતાનો કેટલો રંગ છે.

સુધારક વૃત્તિ

સમાજની ઘણી પ્રવૃત્તિઓમાં તેઓ રૂઢિચુસ્ત અને મધ્યમસરના વિચાર ધરાવનાર સાથે બેસતા અને કામ કરતા. તેથી એવો ભાસ થાય એ સ્વભાવિક છે કે તેઓ રૂઢ પ્રથાના અનુગામી છે. પરંતુ જેઓ તેમને નજીકથી જાણતા હશે તેઓ કહી શકશે કે સામાજિક પ્રવૃત્તિને આગળ ધપાવવા જો કે તેઓ રૂઢિગામી મિત્રો સાથે કામ કરતા, પણ તેમનામાં તેમના બીજા મિત્રો કરતાં સુધારકપણાની વૃત્તિ પ્રબળ હતી. સં. ૧૯૨૯ ના પજુસણમાં પજુસણ વ્યાખ્યાનમાળા પ્રસંગે અચાનક તેમનું આગમન અમદાવાદ થયેલું. એકાદ દિવસ એ વ્યાખ્યાન માળામાં રજુ કરવામાં આવતા વિચારો સાંભળવાની એમને તક મળી ત્યારે એમણે મને કહ્યું કે, 'આવી વ્યાખ્યાનમાળા મુંબઇમાં પણ ચાલે એ જરૂરી છે.' તે ઉપરથી સં. ૧૯૩૨ માં મુંબઇમાં પણ વ્યાખ્યાનમાળા ચલાવવાનો વિચાર પોષાયો. અને ત્યારથી આજસુધી મુંબઇમાં વ્યાખ્યાનમાળા ચાલુ છે. સં. ૧૯૪૪ ના પજુસણમાં જ્યારે મોહનભાઇ છઠ્ઠ નંખાઇ ગયેલા ત્યારે પણ તેઓ વ્યાખ્યાનમાળામાં આવેલા. મુંબઇની વ્યાખ્યાનમાળામાં દર વર્ષે તેમનું એકાદ પ્રવચન તો હોય જ. અને બધાજ વ્યાખ્યાનોમાં તેમની હાજરી પણ હોય. ઉત્કટ સુધારકની પેઠે તેઓ દરેક નિરર્થક રૂઢિનો ખુલ્લેખુલ્લા વિરોધ ન કરતા, પણ તેમનું વલણ સુધારક વૃત્તિનું જ હતું. તેઓ ઘણીવાર કહેતા કે માત્ર વેષધારીને સાધુ માની પૂજવા અને નભાવ્યે જવા એ વિચારનું અપમાન છે. ક્રાંતિકારી વિચારને કારણે પં. દરબારીલાલજીને શ્રી મહાવીર જૈન વિદ્યાલયે મુકત કર્યા તો પણ મોહનભાઇ ઠેઠ સુધી દરબારીલાલજીને ખૂબ સત્કારતા અને તેમના કાર્યમાં યથાશક્તિ મદદ પણ આપતા.

વિનોદપ્રિયતા અને મીલનસારપણું

મોહનભાઇને જેમ મિત્રો અને પરિચિતોનો વિનોદ કરવો ગમતો તેમ તેમનો બીજા કોઇ ગમે તે રીતે વિનોદ કરે તે પણ એમને ગમતું. વિનોદ કરવા કે સાંભળવામાં તેમની પ્રકૃતિનું મુખ્ય તત્ત્વ ખડખડ હાસ્ય હતું. એમનો સ્વર જેટલો ઉંચો તેટલું જ તેમનું હાસ્ય મુક્ત. વિનોદી અને આનંદી સ્વભાવનો એક દાખલો અત્રે બસ થશે. બેલગામના પ્રવાસ વખતે મોહનભાઇએ એક સ્થળે પોતાના પ્રિય મિત્ર શેઠ હરગોવિંદદાસ સાથે દોડવાની સરત મારી કે કોણ આગળ જાય છે. એ કાઠિયાવાડી ફ્રેટો, પ્રૌઢ ઉંમર અને સભળભભળ થોતીયું છતાં હિંમતથી તેઓ દોડયા અને આગળ જવાના ઉત્સાહમાં ખ્યાલ ન રહેવાથી પડી પણ ગયા. કાંઇક વાગ્યું છતાં એટલી જ તાજગીથી પાછા પોતાના પક્ષનો બચાવ કરવા લાગ્યા.

એમના સ્વભાવનો એક ખાસ ગુણ મીલનસારપણું હતો. ગમે તેની સાથે એકરસ થઇ જતાં તેમને વાર ન લાગે. વિચારો કે ચર્ચામાં ઘણે પ્રસંગે બીજાથી જુદા પડે ત્યારે ઉંચે અવાજે પોતાનો વિરોધ પ્રગટ કરે. પણ પાછા વિરોધી સાથે મળી જવામાં તેમને કોઇ તત્ત્વ રોકે નહિ. એટલી નિખાલસતા તેમના જોવામાં આવતી.

અમે ઘણીવાર કહીએ કે, 'મોહનભાઇ! તમે બહુ મોટા પોથાં પ્રગટ કરો છો અને ખૂબ લાંબુ લખો છો.' ત્યારે તદ્દન નિખાલસ ભાવે પણ ખડખડાટ હસીને નિશાળના માસ્તરોની પેઠે ચાવીને બોલતા હોય તેમ સામાને ઉડાવતા તેઓ કહે કે 'તમારા જેવા કાંઇ અમે મૌલિક લેખક નથી' ઇત્યાદિ.

'મોહનભાઇને જમવું–જમાડવું ખૂબ ગમતું. તેઓ કહે કે 'હું મિત્રો જેટલો સફળ સમારંભ કરી શકતો નથી, પણ મને લોભ નથી, એ વાત સાચી હતી. તેમની પાચનક્રિયા એટલી બધી સારી હતી કે ગમે તેવું ગરિષ્ટ ભોજન તેમને પચી જતું. જમ્યાપછી પણ કાંઇક સારૂં આવે તો ના ન પાડે. અને જુદે જુદે ખાસ નિમિત્તે ગમે તેટલીવાર પ્રસાદ લેવાનો પ્રસંગ આવે તો તેનો ઇન્કાર ન કરે. 'હું ઘણીવાર પરિહાસમાં કહેતો કે, 'મોહનભાઇ! તમે પાચનાન્તરાય કર્મનો ક્ષયોપશમ ઉપાર્જિત કર્યો છે' ત્યારે તેઓ કહેતા કે, 'તમારે એવો ક્ષયોપશમ નથી એ દુઃખની વાત છે.'

છેલ્લો પ્રસંગ

સને ૧૯૪૪ ના જાન્યુઆરીમાં હું કાશીથી મુંબઇ આવ્યો ત્યાર બાદ એકવાર મોહનભાઇ મળવા આવ્યા. તેમણે વાતચીતમાં કહ્યું કે, **'જૈન ગૂર્જર કવિઓ–ત્રીજો ભાગ'** તદ્દન તૈયાર છે. મારે એની અતિ–વિસ્તૃત પ્રસ્તાવના લખવી છે' ઇત્યાદિ. મેં કહ્યું, 'તમારી રૂચિ, શક્તિ, અને પ્રવૃત્તિ જોતાં મને લાગે છે કે હવે તો તમારે નિવૃત્ત થઇ તમારા પ્રિય કામ પાછળ જ જીવન વ્યતીત કરવું ઘટે.' તેમણે જવાબમાં કહ્યું કે, 'મારી ઇચ્છા પણ એવી જ છે. હું એ જ દૃષ્ટિથી કેટલીક કૌટુંબિક ગોઠવણ એવી કરવા વિચારૂં છું કે મુંબઇનું ખરચાળપણું ઓછું થાય. કોઇ સંસ્થા પાસેથી કાંઇ લીધા સિવાય આજલગી કર્યું છે તેમ કામ કરૂં અને છેલ્લા જીવનનો શાન્ત ઉપયોગ કરી લઉં.' આવી ભાવના સેવનાર એ કર્મયોગીની સ્થિતિ જ્યારે સન ૧૯૪૪ ના પજુસણ પ્રસંગે અમે જોઇ ત્યારે અમને બધાને એમના જીવન વિષે ઉંડી ચિંતા વ્યાપી.

ઉપસંહાર

શ્રીયુત મોહનભાઇની પ્રવૃત્તિ વિવિધ હતી. છતાં જૈન શ્વે. કોન્ફરન્સના અને મહાવીર જૈન વિદ્યાલય–એ બે સંસ્થાઓ સાથે એમનું તાદાત્મ્ય સૌથી વધારે હતું. એના વિકાસમાં તે વધારે ને વધારે રસ લેતા. કોન્ફરન્સના સંચાલકોએ મોહનભાઇની સેવાનું ઘટતું સન્માન કરવા તેમની યાદગાર માટે એક ફંડ ઉભું કર્યું છે. જેમાં તત્કાલ જ કેટલીક રકમ એકઠી થઇ ગઇ છે. પણ એ સંચાલકોએ અને મોહનભાઇના બીજા મિત્રોએ તેમજ પરિચિતોએ એ ફંડ વધારવા વિશેષ વ્યવસ્થિતપણે ત્વરિત પ્રયત્ન કરવો ઘટે છે. સારૂં સરખું ફંડ મેળવી મોહનભાઇના સ્મારક તરીકે કોન્ફરન્સ કાંઇ પણ એક આવશ્યક અને ઉપયોગી એવી સાહિત્ય પ્રકાશન–સંપાદનની પ્રવૃત્તિ શરૂ કરે તો તે બધી રીતે વ્યાજબી ગણાય. આપણે ઇચ્છીએ કે કોન્ફરન્સના મંત્રીઓ અને બીજા સદ્‌ભાવશીલ ગૃહસ્થો આ વસ્તુ તરત ધ્યાનમાં લે.

સમાપ્ત

પંડિત સુખલાલજી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૫
અંક : ૨

મુંબઈ: ૧ માર્ચ ૧૯૪૬ શુક્રવાર. લવાજમ રૂપિયા ૩

આગામી પ્રાન્તિક ચુંટણી: રાષ્ટ્રીય મહાસભાની ઉદ્‌ઘોષણા

ગયા સપ્ટેમ્બર માસમાં મુંબઇ ખાતે મળેલી મહાસમિતિની બેઠકમાં થયેલા ઠરાવ અનુસાર આગામી ચુંટણી માટે કોંગ્રેસ કારોબારી તરફથી નીચે મુજબનો એક ઢંઢેરો ગઇ તા. ૨૨ મી એ બહાર પાડવામાં આવ્યો છે:

લોકોના સુખદુઃખની સાથી કોંગ્રેસ

પૂરાં ૬૦ વર્ષ સુધી રાષ્ટ્રીય મહાસભાએ હિંદની મુક્તિ અર્થે જહેમત ઉઠાવી છે. આ સાઠ વર્ષના સળંગ વિસ્તારનો એનો ઇતિહાસ ગોટલે ગુલામીમાં જકડી રહેલી બેડીને તોડવાનો હિંદીઓએ કરેલા સતત મંથનનો ઇતિહાસ છે. કોંગ્રેસની કારકીર્દી દ્વિમુખી રહી છે, એક તો લોકોના ભલા માટે રચનાત્મક પ્રયાસ અને બીજું મુક્તિ માટે ચાલુ લડત. આ લડતમાં એને ઘણી કટોકટીઓનો સામનો કરવો પડયો છે. છેલ્લા ત્રણ વર્ષના ક્રૂર અને નિર્દય દમન અને અપૂર્વ લોકક્રાંતિના આંદોલન પછી રાષ્ટ્રીય મહાસભા અજય મજબુત બની છે અને જેનાં સુખદુઃખની એ સદા સાથી રહી છે એ લોકોની અતિપ્રિય બની પડી છે. સ્ત્રી કે પુરુષ પ્રત્યેક હિંદી નાગરિકના એક સરખાં હક અને એકસરખી તક માટે કોંગ્રેસ ખડી રહી છે. સર્વ ધર્મની અને સર્વ કોમની એકતા, ક્ષમતા અને પ્રીતિના પક્ષે એ ઉભી છે. લોક સમસ્ત પોતપોતાની ઇચ્છાશક્તિ અને બુદ્ધિ અનુસાર પોતાનો વિકાસ સાધે અને એકરૂપ રહે એવો અવકાશ આપવા મહાસભા હંમેશ તયાર રહી છે.

સ્વાયત્ત એકમોનું સમવાયતંત્ર

નવા બંધારણમાં તેના તમામ નાગરિકોના તમામ મૂળભૂત અધિકારો અને સ્વાતંત્ર્યોની બાંહેધરી અપાયેલી હોય એવું આઝાદ અને લોકશાહી રાજ્ય કોંગ્રેસે કલ્પ્યું છે. આ બંધારણ એના અંગભૂત એકમોની સંપૂર્ણ સ્વાયત્તતા સાચવતાં છતાં એના સ્વરૂપમાં સમવાયી હોવું જોઇએ અને એના ધારાસભાકીય મંડળો સાર્વત્રિક પુખ્ત મતાધિકારના ધોરણે જ રચાયેલા હોવાં જોઇએ. હિંદનું સમવાય તંત્ર એના જૂદાં જૂદાં અંગોની સંમતિપૂર્વક રચાવું જોઇએ. અંગભૂત એકમોને વધુમાં વધુ શક્ય સ્વતંત્રતા આપવાનો ઉદ્દેશ સાધવા એ માટે સમવાયી બાબતોની એક ઓછામાં ઓછી અનિવાર્ય સામાન્ય બાબતોની યાદી કરવી જે બધા જ એકમોને બંધનકારક હોય અને બીજી યાદી સામાન્ય બાબતોની એવી રાખવી કે જે અંગભૂત એકમોમાંથી જેને સ્વીકારવી હોય તેને માટે વિકલ્પ રહે.

મૂળભૂત અધિકારો

બંધારણમાં મૂળભૂત અધિકારોની જોગવાઇ કરવામાં આવશે. જેમાંના કેટલાક નીચે પ્રમાણે હશે: (૧) હિંદના દરેક નાગરિકને વિચાર સ્વાતંત્ર્ય, મિલન અને સંયોજનનું સ્વાતંત્ર્ય તથા કાયદા અથવા નીતિની વિરુધ્ધ ન હોય એવા હેતુ માટે સભાઓમાં એકત્ર થવાનો અધિકાર રહેશે. (૨) દરેક નાગરિક માનસિક સ્વાતંત્ર્ય ભોગવી શકશે અને જાહેર વ્યવસ્થા અને નીતિધોરણોની મર્યાદામાં રહીને પોતાનો ધર્મ પાળવા તેમજ છૂટથી ઉપદેશવાનો તેને અધિકાર રહેશે. (૩) લઘુમતીઓ અને બીજી જુદી જુદી ભાષાવાર વિભાગોની સંસ્કૃતિ, ભાષા અને લિપિનું રક્ષણ કરવામાં આવશે. (૪) તમામ નાગરિકો ગમે તે ધર્મ, જ્ઞાતિ, નીતિ કે જાતિના હોય તો પણ કાયદાની દૃષ્ટિએ તો સર્વ સમાન જ ગણાશે. (૫) જાહેર નોકરી, સત્તા સ્થાન કે માનભર્યા ઓધ્દા માટે, કોઇ પણ ધંધા કે વેપાર માટે કોઇ પણ નાગરિકના ધર્મ, જ્ઞાતિ, નીતિ કે જાતિનો બાધ નહિ ગણાય. (૬) રાજ્યનાં અથવા સ્થાનિક સંસ્થાઓનાં ફંડોમાંથી નભાવાતા અથવા ખાનગી વ્યક્તિઓએ જાહેર ઉપયોગ માટે સોંપેલા કુવા, તળાવો, રસ્તાઓ, શાળાઓ અને જાહેર સ્થાનો અંગે તમામ નાગરિકોને સરખા જ અધિકાર રહેશે. (૭) દરેક નાગરિકને તે સંબંધમાં જે કોઇ નિયમો કે મર્યાદાઓ બાંધવામાં આવેલ હોય તેને અનુસરીને હથિયારો રાખવા કે ધારણ કરવાનો અધિકાર રહેશે. (૮) કાયદા અનુસાર તેમ થાય તે સિવાય કોઇપણ માણસની સ્વતંત્રતા છીનવી નહિ લેવાય અને તેનું રહેઠાણ તથા મિલકત રાજ્યદખલ, હરાજ કે જપ્ત નહિ કરી શકાય. (૯) તમામ ધર્મો સંબંધમાં રાજ્ય તટસ્થ વલણ રાખશે. (૧૦) સાર્વત્રિક પુખ્ત મતાધિકારને ધોરણે જ મતાધિકાર રહેશે. (૧૧) રાજ્ય મફત અને ફરજિયાત પાયાની કેળવણીની જોગવાઇ કરશે. (૧૨) દરેક નાગરિકને હિંદના કોઇપણ ભાગમાં ફરવાની અને ગમે ત્યાં રહેવા કે સ્થિર થવાની, ગમે તે વેપાર ધંધો કરવાની છૂટ રહેશે અને હિંદના દરેક ભાગમાં તે કાયદેસર પગલાં કે સંરક્ષણની બાબતમાં સમાન વર્તના પામશે.

વધુમાં પ્રજાના પછાત અને દલિત વર્ગોના સંરક્ષણ અને વિકાસ માટે, જરૂરી તમામ સલાહમતીઓ માટે રાજ્ય જોગવાઇ કરશે, જેથી તેઓ ઝડપી પ્રગતિ સાધીને રાષ્ટ્રીય જીવનમાં પૂરેપૂરો અને સમાન ભાગ લઇ શકે.

પરદેશી શાસનને પરિણામે

દોઢસો અથવા તથી વધુ વર્ષોના પરદેશી શાસને રાષ્ટ્રના વિકાસને રૂંધ્યો છે અને તાત્કાલિક ઉકેલ માગતા સખ્યાબંધ પ્રશ્નો પેદા જગાડયા છે. આ અમલ દરમ્યાન પ્રજાના મૂળગામી શોષણને લીધે આમજનતા કંગાલિયત અને ભૂખમરાની ગર્તામાં ધકેલાઇ ગઇ છે. યુદ્ધનાં વર્ષો દરમ્યાન બીનજવાબદાર સત્તા તરફથી હિંદનાં હિતો કે અભિપ્રાયની સદંતર ઉપેક્ષા કરીને આ શોષણની પદ્ધતિ અને વહીવટમાંની શિથિલતા એવી કક્ષાએ પહોંચ્યાં છે કે એણે ભયાનક દુકાળ અને વિસ્તૃત દુઃખ સર્જ્યાં છે. આઝાદી અને મુક્તિ વિના આ તાકીદના કૂટ પ્રશ્નોનો ઉકેલ લાવવાનો બીજો કોઇ જ માર્ગ નથી.

આમજનતાનું કલ્યાણ

હિંદના મહાન પ્રશ્નોમાંનો સહુથી મહત્ત્વનો અને તાકીદનો પ્રશ્ન તો હિંદની કંગાલિયતનો શાપ કેવી રીતે દૂર કરવો અને આમજનતાનું જીવન-ધોરણ કેમ સુધારવું એ છે. દરેક દરખાસ્ત અને પ્રત્યેક ફેરફારને કોંગ્રેસે તેમના કલ્યાણ અને પ્રગતિની કસોટીએ ચઢાવીને તેની તુલના

કરી છે અને આમ જનતાના માર્ગમાં અંતરાયરૂપ થતી કોઇપણ બાબતને દૂર કરવી જ ઘટે એમ જાહેર કર્યું છે.

સમાજનો અંકુશ

આ હેતુસર ઘણાં ક્ષેત્રોમાં સામાજિક વિકાસ યોજવાનું અને સંગઠન કરવાનું, વ્યક્તિઓ કે જુથોના હાથમાં સમૃદ્ધિ અને સત્તા કેન્દ્રિત થતાં અટકાવવાનું, સમાજવિરોધી સ્થાપિત હિતો વધતાં અટકાવવાનું, ખનિજ દ્રવ્યો, વાહનવ્યવહારો અને દેશમાંના ઉત્પાદન અને વહેંચણીની મુખ્ય પદ્ધતિઓ, ઉદ્યોગો અને રાષ્ટ્રીય પ્રવૃત્તિની બીજી શાખાઓ પર સામાજિક અંકુશ સ્થાપવાનું જરૂરી બને છે, જેથી આઝાદ હિંદ એક સહકારી પ્રજાસંઘમાં વિકાસ પામે. આથી કરીને ચાવીરૂપ અને પાયાના ઉદ્યોગો પર રાજ્યની માલીકી કે અંકુશ હોવો જોઇએ અને જાહેર સેવાઓ, ખનિજ દ્રવ્યોના સાધનો, રેલ્વેઓ, જળમાર્ગો, વહાણવટુ વગેરે જાહેર વાહન વ્યવહારો, ચલણી નાણું, અને હુંડિયામણ, બેન્કો અને વીમા કંપનીઓ વગેરેનું નિયમન રાષ્ટ્રના હિતની દૃષ્ટિએ થવું જોઇએ.

ખેતી સુધારણા અને જમીનનો પ્રશ્ન

બ્રિટિશ અમલ હેઠળ હિંદ વધુ ને વધુ ઉજ્જડ થતો ગયો છે; એટલે જમીનના પ્રશ્નને હાથ પર લઇ બધી રીતે છણવાની પૂરી જરૂર છે: ખેતીને અદ્યતન વૈજ્ઞાનિક ઢબે સુધારવાની અને ઉદ્યોગને મોટા, નાના અને મધ્યમ એમ જુદાં જુદાં ક્ષેત્રોમાં ખીલવવાની આવશ્યકતા છે. એ ખીલવણીનો હેતુ ફકત દ્રવ્યોપાર્જન કરવાનો નહીં પણ દેશમાં વધુ ને વધુ લોકોને નિભાવવાનો હોય. ખાસ કરીને ગ્રામ્યઉદ્યોગને આખા દિવસનું કામ આપે અથવા દિવસના મુકરર ભાગનું કામ આપે એ રીતે તેમને ઉત્તેજવાની વધુ જરૂર છે. આયોજન એવું હોવું જોઇએ કે તેનાથી વધુમાં વધુ માણસોને કામ મળી રહે; કંઈ નહીં તો દરેક સશકત માણસોને તો મળી રહેવું જોઇએ. ખેતીની જમીન વગરના ઉભડ માણસોને કામ મળવાને પૂરો આવકાશ રહેવો જોઇએ અને ખેતીકામમાં કે બીજા કામધંધામાં તેઓ લાગી જવા જોઇએ.

એ ધ્યાનમાં લેવા જેવું છે કે સહકારી ધોરણે ચાલે એવા 'ફાર્મ' રાજ્યની મદદથી હિંદના જુદા જુદા ભાગોમાં ચલાવવાની અજમાયશ કરવી જોઇએ. આ ઉપરાંત આદર્શ પ્રયોગાત્મક મોટા પાયા પરનાં 'ફાર્મ' રાજ્ય તરફથી હોવાં જોઇએ કે જેના નવા નવા પ્રયોગોનો લાભ અને ઘડો બીજા ખેડુતોને મળતો રહે.

વિકેન્દ્રીકરણ

ખેતી અને ઉદ્યોગની ખીલવણીમાં પણ ગામડાંની અને શહેરોની આર્થિક સ્થિતિનું ઉચિત એકીકરણ અને સમતોલપણું થવું જોઇશે. ભૂતકાળમાં ગામડાંની આર્થિક સ્થિતિ લથડી છે અને શહેરો અને નગરો ગામડાંને ભોગે માલેતુજાર બન્યાં છે. આ બાબત સુધારી લેવાની રહેશે અને તે સાથે શહેરોમાં અને ગામડાંમાં રહેનારાઓનાં જીવનનાં ધોરણોને યથાશકિત સમાન દરજ્જે મુકવાનો પ્રયાસ કરવાનો રહેશે. અમુક પ્રાંતોમાં જ ઉદ્યોગોનું કેંદ્રીકરણ થવું ન જોઇએ. ખેતી ઉદ્યોગની ખીલવણી તેમજ જનહિત અને જનઆરોગ્ય માટે જરૂરી છે કે હિંદની મોટી નદીઓમાં શકિતનો જે મહાધોધ વહી રહ્યો છે તેને કામમાં લઇ ઘટતા ઉપયોગમાં વાળવો પડશે.

કેળવણીની યોજના

વિશાળ આમ જનતા આર્થિક, સાંસ્કારિક અને નૈતિક રીતે ઉંચી આવે તેમજ એને મળનારાં જુદાં જુદાં કામકાજ માટે કામયાબ બને એ હેતુને લક્ષમાં રાખી એની કેળવણી માટે યોગ્ય અને પૂરતી ગોઠવણ થવી જોઇશે. પ્રજાના ઉત્થાન માટે અનિવાર્ય ગણાય એ જાહેર જનતાના આરોગ્ય ખાતાની સેવા વ્યાપક વિસ્તારમાં મળતી કરવી જોઇશે, અને બીજી બાબતો જેમ આમાં પણ ગ્રામવિસ્તારની જરૂરતોને અગ્રસ્થાન મળવું જોઇએ. આ જરૂરતોમાં સુવાવડ ખાતાની અને બાળઉછેર ખાતાની ખાસ સંગઠન થવી જોઇએ. આ રીતે એક એવી પરિસ્થિતિ ઊભી કરવાની છે કે, જેમાં દરેક વ્યક્તિને રાષ્ટ્રીય પ્રવૃત્તિના એકેએક ક્ષેત્રમાં આત્મવિકાસની એકસરખી તક સાંપડે અને સૌને માટે સામાજિક સંરક્ષણ અને સલામતી હોય. વૈજ્ઞાનિક શોધખોળ એ રાજ્યની આવશ્યક મૂળભૂત બાબત છે એટલે તેની વ્યવસ્થા અને ઉત્તેજન વિસ્તૃત પાયા પર થવું જોઇએ.

મજુરો માટે

મજુરીની બાબતમાં રાજ્ય ઔદ્યોગિક કામદારોના હિતોનું રક્ષણ કરશે અને તેમને માટે ઓછામાં ઓછું મહેનતાણું, સારૂં જીવનધોરણ, યોગ્ય વસવાટ, કામકાજના કલાકો, મજુરીને લગતી શરતો દેશમાંની આર્થિક સ્થિતિ અનુસાર આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રમાણે હશે. માલીક અને મજુરો વચ્ચેના ઝઘડાના સમાધાન માટે યોગ્ય તંત્ર પણ ઉભું કરવામાં આવશે અને વૃદ્ધાવસ્થા, માંદગી, બેકારી સામે રક્ષણ આપવાની પણ વ્યવસ્થા થશે. પોતાના હિતોના રક્ષણ માટે મજુરોને યુનિયનો ઉભા કરવાનો હક્ક રહેશે.

ખેડુતની સ્થિતિ

હાલમાં કેટલાંક કારણોને લીધે ગામડાની ખેડુત પ્રજાને દેવામાંથી રહેજ રાહત મળી છે, છતાં ભૂતકાળમાં તો ખેડુત પ્રજા આવા દેવાના ભાર નીચે કચડાઇ હતી. આ ભાર હજી પણ ચાલુ છે એટલે તેનો કાંટો કાઢવાનો રહ્યો છે. આને દૂર કરવા માટે સહકારી મંડળીઓ દ્વારા ખેડુતોને સસ્તા વ્યાજના દરે નાણાં મળી શકે એવી વ્યવસ્થા કરવી જોઇએ.

સરકારી બીનઆવડત

હિંદના તાકીદના આ પ્રશ્નોનો ઉકેલ તમામ મોરચાઓ પર એટલે કે રાજકીય, આર્થિક, ખેતીવાડી, ઔદ્યોગિક, અને સામાજીક મોરચાઓ પર સંયુકત અને વ્યવસ્થિત હુમલો કરીને જ લાવી શકાય. કેટલીક જરૂરીઆતો અત્યારે ભારે મહત્વની છે. સરકારની બીનઆવડત અને ગેરવ્યવસ્થાને કારણે હિંદની પ્રજાને ઘણું સહન કરવું પડયું છે. લાખ્ખો માણસો ભૂખમરાને લીધે મરણ પામ્યા છે. અને હજી પણ અનાજ તથા કાપડની તંગી ચાલુ છે. જીવનની જરૂરીયાતોની ચીજોના અંકુશ જેમનાં હાથમાં છે એવાં ખાતાઓમાં પણ લાંચરૂશ્વતનો ભારે સડો પેઠો છે અને તે અસહ્ય થઇ પડયો છે. આ તાકીદના પ્રશ્ન પ્રત્યે તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે.

આંતરરાષ્ટ્રીય પ્રશ્નો

આંતરરાષ્ટ્રીય પ્રશ્નોમાં કોંગ્રેસ સ્વતંત્ર રાષ્ટ્રોના બનેલા 'વિશ્વ સમવાય તંત્ર' ની રચનાની તરફેણ કરે છે. અને આવું તંત્ર ઉભું થાય ત્યાં સુધી હિંદે તમામ રાષ્ટ્રો સાથે મિત્રાચારીના સંબંધો વિકસાવવા જોઇએ. અને તેમાં પણ ખાસ કરીને પાડોશી રાષ્ટ્રો સાથે. દૂરપૂર્વ, અગ્નિ–એશિયા, અને પશ્ચિમ એશિયામાં હજારો વર્ષથી હિંદને વ્યાપારીક અને સાંસ્કૃતિક સંબંધ હતો. એથી એ અનિવાર્ય છે કે આઝાદી સહિત હિંદે એ સંબંધો ફરી તાજા કરવા અને વિકસાવવા. સલામતીના કારણો અને વેપારને લગતા ભાવિ પ્રવાહો પણ આ પ્રદેશો સાથે સંપર્ક સાધવાની જરૂરીઆત ઉભી કરે છે. ગુલામ રાષ્ટ્રોની આઝાદી માટે પણ હિંદ હિમાયત કરશે, કારણ કે આ આઝાદી અને શાહીવાદની નાબુદીથી જ વિશ્વશાંતિ સ્થાપી શકાય તેમ છે.

આઠમીનો ઠરાવ

૧૯૪૨ ની આઠમી ઓગસ્ટે મહાસમિતિની બેઠકે ઠરાવ પસાર કર્યા ત્યારથી તે હિંદના ઇતિહાસમાં પ્રખ્યાત થઈ ગયા છે પરંતુ તેમાં રહેલી માગણીઓ અને પડકારને કોંગ્રેસ હજુ પણ વળગી રહે છે. આ ઠરાવને ધોરણે અને તેની જ રણહાક સહિત કોંગ્રેસ ચુંટણીઓનો સામનો કરશે.

મતદારોને વિનંતિ

આથી કોંગ્રેસ દેશભરના મતદારોને આગામી ચુંટણીઓમાં કોંગ્રેસ

ગાંધીજીની આર્ષવાણી અને જનતાને સ્પષ્ટ માર્ગદર્શન

વિશ્વયુદ્ધ પુરું થયું અને આઝાદ હિંદ ફૌજનું પ્રકરણ ઉભું થયું અને યુદ્ધ દરમ્યાન શ્રી સુભાષ બોઝે બર્મામાં રહીને જે અદ્‌ભુત કર્મયોગ દાખવ્યો તેની વિગતો હિંદી જનતાની જાણમાં આવી. આને લીધે એક લાભ થયો; એક ગેરલાભ થયો. લાભ એ થયો કે પ્રજાના દિલમાં રહેલી આઝાદીની તમન્નાને અસાધારણ વેગ મળ્યો અને અંગ્રેજ સરકારને આ દેશમાંથી કાઢી મૂકવાના તનમનાટે સ્ત્રી પુરૂષ અને બાળકો સર્વ કોઈનાં મગજને ક્ષુબ્ધ બનાવી દીધાં. ગેરલાભ એ થયો કે યુદ્ધના વર્તમાન સંયોગો વચ્ચે, અંગ્રેજવિરોધી જાપાનીઝ હકુમત તેમજ પ્રેરણા અને અનુમોદન નીચે અને શસ્ત્રસામગ્રી પ્રાપ્ત કરવાની સરળતાને અંગે જે શક્ય હતું એ યુદ્ધોત્તર પરિસ્થિતિમાં જે શક્ય હતું તે અંગ્રેજોની સાર્વભૌમ સત્તા નીચે અને સમગ્ર પ્રજાની નિઃશસ્ત્ર દશા વચ્ચે શક્ય નથી–એ વાસ્તવિકતા આપણે ભુલવા લાગ્યા. કોઇ પણ સંયોગોમાં અહિંસાને બને ત્યાં સુધી વળગી રહીને અંગ્રેજ સરકારનો સામનો કરવો–એ રીતની આજ સુધી કોંગ્રેસે અંગીકાર કરેલી અહિંસાનીતિ વિષેનો આગ્રહ શિથિલ થવા લાગ્યો અને યેન કેન પ્રકારેણ એટલે કે હિંસાત્મક માર્ગે સુઝે તેવા અવરોધો ઉભા કરીને સરકારને તોબાહ પોકરાવવી–આવી મનોદશા આપણા સર્વની બનવા લાગી. આઝાદ હિંદ ફૌજના ચાર દિવસના ચાંદરડે આપણું મગજ ભમાવી દીધું. આજે દેશમાં ઠેર ઠેર જે કાંઇ બની રહ્યું છે તેની પાછળ આ વિચિત્ર પરિસ્થિતિની જ પ્રેરણા નજરે પડે છે. થોડા દિવસમાં પહેલાં હિંદી સાગર સૈનિકોની હડતાળ અથવા તો બળવાએ અને તેના અનુસંધાનમાં આખા શહેરમાં વ્યાપેલી અરાજકતાએ મુંબઇ શહેરને હચમચાવી નાંખ્યું. કદિ નહિ જોયેલી અને સાંભળેલી લુંટફાટ અને જાનરંજડની ઘટનાઓએ લોકોને સ્તબ્ધ બનાવી દીધા. એક બાજુએ સાગર સૈનિકોના સમુહગત સલામહે આપણા દિલને કોઇ અવનવી ઉત્તેજના આપી; બીજી બાજુએ શહેરનાં રમખાણો અને તે પાછળ સરકારે ઉભી કરેલી લશ્કરી અરાજકતાએ આપણા દિલમાં કમકમાટી ઉપજાવી. આવી વિચિત્ર પરિસ્થિતિમાં શું યોગ્ય અને શું અયોગ્ય–એ વિષે સત્ય અને સ્પષ્ટ માર્ગદર્શન આપવું એ હિંસા અને અહિંસા વચ્ચે આમ તેમ ઝોલાં ખાતાં અને ઘડી પહેલાં એક બાબત યોગ્ય લાગતી હોય તે વિશેષ વિચાર કરતાં અયોગ્ય લાગે આવી ચિત્તની ડામાડોળ સ્થિતિ અનુભવતા મારી જેવા એક સામાન્ય માનવી માટે અત્યન્ત મુશ્કેલ કાર્ય બને છે. સદ્‌ભાગ્યે ગાંધીજીએ પાછી કલમ હાથમાં પકડી છે, અને દેશમાં બનતી જતી ઘટનાઓ ઉપર તેઓ અદ્‌ભુત સ્પષ્ટતાભર્યું માર્ગદર્શન કરાવી રહ્યા છે. અહિંસા વિષેની તેમની નિષ્ઠા આજે પણ એટલી જ અબાધિત અને અખંડ છે. અહિંસા આપણને પણ ગમે છે પણ હિંસાદ્વારા આપણી ટુંકી નજરે સધાતા દેખીતા કેટલાંક ઇષ્ટ પરિણામો આપણી અહિંસા વિષેની શ્રધ્ધાને ચળાયમાન કરી નાંખે છે અને હિંસા તરફ આપણને ધસડી જાય છે. અહિંસાને ફુંકારક રાખીને સર્વ કોઇ બનાવોનો વિચાર કરતા અને એજ ધોરણે હરકોઇ પ્રશ્ન ઉપર આપણને સ્પષ્ટ માર્ગદર્શન આપતા ગાંધીજીને આજની સમગ્ર પરિસ્થિતિ અને વિવિધ ઘટનાઓ સંબંધમાં શું કહેવાનું છે તે પ્રબુધ્ધ જૈનના વાંચકોના ધ્યાન ઉપર ફરી ફરી આવે તે હેતુથી તત્કાલીન ઘટનાઓ વિષે ગાંધીજી અને શ્રીમતી અરૂણા અસફઅલી વચ્ચે ચાલેલાં નિવેદનો અને પ્રતિનિવેદનોને અનુવાદ અહિં આપવામાં આવે છે અને તા. ૨૪–૨–૪૬ ના હરિજન બંધુમાં ગાંધીજીએ લખેલો અગ્રલેખ અહિં ઉધ્ધૃત કરવામાં આવે છે. ગાંધીજી આજના યુગના એક અનન્ય દૃષ્ટા છે. તેમની આર્ષવાણી પદે પદે સક્રિય અહિંસાનું આચારશાસ્ત્ર સરજે છે અને નવાં નવા જીવનસૂત્રો નિર્માણ કરે છે. તેઓ વર્તમાનમાં વિચરે છે અને ભાવીનું ઘડતર કરે છે. આપણે તેઓ જે કાંઇ કહી રહ્યા છે તે પુરા ધ્યાનથી વિચારીએ, મનન કરીએ અને આચારમાં ઉતારીએ. **પરમાનંદ**

મુંબઇમાં તા. ૧૮–૨–૪૬ સોમવારથી મુંબઇના હિંદી સાગર-સૈનિકોમાં હડતાળની શરૂઆત થઇ; તા. ૨૧–૨–૪૬ ગુરૂવારની સાંજથી પરિસ્થિતિ ગંભીર થવા લાગી; તા. ૨૨–૨–૪૬ શુક્રવારના રોજ મુંબઇમાં રમખાણો ફાટી નીકળ્યા અને શહેર આખામાં ગુંડાઓ અને મવાલીઓનું રાજ્ય ફેલાઇ ગયું. આ અરાજકતા બીજે દીવસે પણ ચાલુ રહી. આ બધી બની રહેલી ઘટનાઓ ધ્યાનમાં લઇને તા. ૨૩–૨–૪૬ શનિવારના રોજ ગાંધીજીએ નીચે મુજબનું એક છાપાજોગું નિવેદન બહાર પાડ્યું.

"હિંદમા આજકાલ બનતી ઘટનાઓ હું બહુ દુઃખ સાથે નિહાળી રહ્યો છું. નૌકાસૈન્યમાં ચાલી રહેલા બળવાને અને તેના અનુસંધાનમાં બનતી ઘટનાઓને કોઇપણ અર્થમાં અહિંસક પ્રવૃત્તિ કહી શકાય નહિ. એક પણ માણસને જ્યારે જ્યારે 'જય હિંદ' પોકારવાની કે એવું જ કોઇ અન્ય લોકસૂત્ર ઉચ્ચારવાની ફરજ પાડવામાં આવે છે ત્યારે ત્યારે હિંદની લાખો મૂક નરનારીઓના દૃષ્ટિબિન્દુથી વિચારતાં સ્વરાજ્યના ટેકામાં જ એક એક ખીશો ઠોકાય છે. ખ્રીસ્તી મંદિરોનો નાશ કે એવી જ કોઇ અન્ય નાશજનક પ્રક્રિયા જે અર્થમાં કોંગ્રેસ સ્વરાજ્યને સમજે છે તે અર્થવાળા સ્વરાજ્ય તરફ જવાનો માર્ગ છે જ નહિ. લુંટફાટ કરવી, ટ્રામો અને એવી બીજી મીલ્કતોનો નાશ કરવો, યુરોપીઅનોનું અપમાન કરવું અને તેમને ધક્કા કરવી, એ કોંગ્રેસી અહિંસા નથી અને કોંગ્રેસી અહિંસામાં જો અને જેટલા પ્રમાણમાં કદાચ કાંઇ ફેરફાર હોય તો હું જે અહિંસાનું પ્રતિપાદન કરૂં છું તે અહિંસામાં તો ઉપર જણાવેલ કોઇ પણ પ્રક્રિયાને હરગીજ સમાવેશ થઇ શકતો જ નથી.

આ અવિચારી હત્યાકાંડને રસ્તે લઇ જનારા જાણીતા અને નહી જાણીતા–એવા સર્વ આગેવાનો પોતે શું કરી રહ્યા છે તે બરોબર સમજી લે અને તેના સ્વરૂપનો અને પરિણામોનો વિચાર કરી લે. એમ કહેવાપણું ન રહી જાય કે કોંગ્રેસી હિંદ અહિંસક કાર્યક્રમ દ્વારા સ્વરાજ્ય મેળવવાનું આખી દુનિયાને કહી રહ્યું હતું અને તેના વર્તનમાં તે જુદું નિવડ્યું હતું અને તે પણ તેના જીવનની એક કટોકટીના સમયે. ઉપર 'અવિચારી' શબ્દ મેં વિચારપૂર્વક વાપર્યો છે. કારણ કે વિચારપૂર્વકના હિંસક કાર્યક્રમ જેવી પણ એક વસ્તુ હોઇ શકે છે. આજે બની રહેલું જે કાંઇ હું જોઇ રહ્યો છું એ જરા પણ વિચારપૂર્વકનું નથી. જો નૌકા સૈન્યના હિંદી સૈનિકો અહિંસાનો જાણતા હોય અને સમજતા હોય તો સમુહમાં જેનું અવલંબન લેવામાં આવ્યું હોય તેવા અહિંસક સામનાનો માર્ગ ગૌરવપૂર્ણ બની શકે છે અને મુખ્યત્વે કરીને અને સર્વ પ્રકારે અસરકારક નિવડી શકે છે. વ્યક્તિને માટે તો તે હંમેશા અસરકારક હોય જ છે. જો નૌકા સૈન્યની નોકરી તેમના પોતાના માટે કે હિંદના માટે અપમાન ભરી હોય તો એવી નોકરીમાં તેમણે શા માટે ચ્હાલું રહેવું જોઇએ? આનું નામ હું અહિંસક અસહકાર કહું છું. જે ચાલી રહ્યું છે તે જોતાં તેઓ હિંદ માટે એક બોટો અને અણઘડતો દાખલો બેસાડી રહ્યા છે.

હિંદુ અને મુસલમાનોનું કોઇ હિંસક પ્રવૃત્તિ માટે યોજાતું ઐક્ય અપવિત્ર છે અને તેમાંથી અંદર અંદર સામસામી હિંસા જન્મશે અને સંભવિત છે કે આવું ઐક્ય એવી હિંસાની પૂર્વ તૈયારી

ઉમેદવારોને દરેક રીતે ટેકા આપવા અને ભાવિ શક્યતાઓથી ભરપૂર એવી આજની કટોકટીની પળે કોંગ્રેસને પડખે ઉભા રહેવા વિનંતિ કરે છે. આ ચૂંટણીઓમાં નાના નાના પ્રશ્નો, વ્યક્તિઓ કે ધાર્મિક પોકારો કાંઇ બહુ મહત્વના નથી. ભવિષ્યમાં આવનાર મહાન પ્રશ્નો માટે આપણને તૈયાર કરવા આ ચૂંટણી આપણે માટે એક નાની કસોટી-રૂપ છે. હિંદની આઝાદી માટે ઝંખતા આપણે આ કસોટીનો શક્તિ અને શ્રદ્ધાથી સામનો કરીએ અને આપણી સ્વપ્નસૃષ્ટિના આઝાદ હિંદ તરફ એક સાથે કૂચ કરીએ.

રૂપ બને જે હિંદ માટે તેમજ આખી દુનિયા માટે અત્યન્ત અનિચ્છનીય છે.

આપણા રાજ્યકર્તાઓએ હિંદીઓને રાજ્યકારભાર સુપ્રત કરીને હિંદ છોડી જવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે. જે અશાન્તિભરી બેચેની લોકોના દિલમાં છુપાયલી બેઠી છે તેના પ્રદર્શનના કારણે રાજ્યકર્તાઓની આ દેશમાંથી થનાર વિદાયગીરી એક ક્ષણ પણ રખેને વધારે લંબાય ? તેમની તાકાત અને સામર્થ્ય વિષે બેમત છે જ નહિ. આ તાકાતનો જરૂરિયાતથી અંશ માત્ર પણ વધારે ઉપયોગ જે લોકોને કે લોકોમાંના કોઇ પણ વિભાગને દબાવવા માટે કરવામાં આવશે તો તે અયોગ્ય અને અધમ લેખાશે. દેશની પ્રજા પરદેશીઓના પંજા નીચે અસાધારણ લાંબા કાળથી કચરાઇ રહી છે."

શ્રીમતી અરૂણા અસફઅલીનું પ્રતિનિવેદન

ગાંધીના આ નિવેદનના ઉત્તરમાં શ્રીમતી અરૂણા અસફઅલીએ તા. ૨૬-૨-૪૬ સોમવારના રોજ બહાર પાડેલા નિવેદન દ્વારા જણાવ્યું હતું કે ગાંધીજીએ હિંસાના હેતુ ઉપર હિંદુ અને મુસલમાનોના યોજાતા ઐક્યને અપવિત્ર જાહેર કર્યું છે તે જાણીને મને બહુ દુઃખ થયું છે. હિંદુ અને મુસલમાનો રાજ્યબંધારણી મોરચા ઉપર એકત્ર થાય તેને બદલે આવા યુદ્ધ મોરચા ઉપર એકત્ર થાય એ હું વધારે પસંદ કરું છું. રાજકારણની તેમ જ અન્ય પ્રકારની છુટછાટો ઉપર રચાયલી એકતા રાજકારણની દૃષ્ટિએ વધારે સંગીન હોય છે. હિંદુ મુસલમાન એકતા જો પાયાદાર અને સંગીન બનવાની હોય અને ઉપરછલી અને થાગડથીગડ ન બને એમ સૌ કોઇ ઇચ્છતું હોય તો બ્રીટીશ-વિરોધી મોરચો જ એક એવો મોરચો છે કે જેની ઉપર આવી એકતાનું નિર્માણ થઇ શકે "તેમ છે." વિશેષમાં તેમણે જણાવ્યું કે જો પોતાની નોકરીમાં ચાલુ રહેવું અપમાન ભર્યું લાગતું હોય તો એ નોકરી ફગાવી દેવાની ગાંધીજીએ હિંદી સાગરસૈનિકોને આપેલી સલાહ મારા તો ગળે જ ઉતરતી નથી. જો તેઓ એમ કરે તો તેમના નિર્વાહનું એકનું એક સાધન તેમને જતું કરવું પડે. વિશેષમાં તેઓ ચોકકસ સિદ્ધાન્તો માટે લડી રહ્યા છે. જો તેઓ આજે રાજીનામા આપે તો તેમની ખાલી જગ્યાઓ પુરી દેવા માટે આજના બેકારીના દિવસોમાં હજારો માણસો નીકળી આવે અને તેમની સામે પણ એની એજ ભેદનીતિ દાખવવામાં આવે અને એનું એજ વર્તન ચાલુ રહે અને સાગર સૈનિકોના હાથે કોઇ પણ બાબત સિદ્ધ થઇ શકે નહિ. જે કોંગ્રેસવાદીઓ આજે ધારાસભામાં જઇ રહ્યા છે તેમના મોઢામાં સાગર સૈનિકોને પોતાની નોકરી છોડી દેવાનું કહેવું શોભતું નથી. દેશના પ્રશ્નને આથી લેશ માત્ર ફાયદો થાય નહિ.

"ગાંધીજી આગળ ચાલતાં જણાવે છે કે રાજ્યકર્તાઓએ હિંદીઓને સત્તા સુપ્રત કરીને ચાલી જવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે. આજે બની રહેલી બીનાઓનો આ વિધાન સાથે કોઇ મેળ દેખાતો નથી. જો આઝાદ હિંદ ફોજનો કીસ્સો 'નેતાજી દિન'ના પ્રસંગે બનેલા અશાન્તિપૂર્ણ બટનાઓ અને આજના સાગર સૈનિકો સંબંધમાં બની રહેલી એવી જ અશાન્તિભરી બીનાઓ—આ બધી તેમની વિદાયગીરીની પ્રસ્તાવના હોય તો રાજ્યસત્તા છોડી દેવાની આ ખરેખર કોઇ એક અજબ રીત છે. સંન્યાસીનો માર્ગ ત્યાગનો માર્ગ હોઇ શકે, પણ લાંચી અને બંદુક ગોળીઓનો વરસાદ કદિ ત્યાગનો માર્ગ હોઇ ન શકે. તેથી ગાંધીજીની ઉપર જણાવેલી માન્યતાને કોઇ આધાર હોય એમ મને નથી લાગતું. હિંસા-અહિંસાના નીતિશાસ્ત્રમાં લોકોને હવે કોઇ રસ રહ્યો નથી. તેઓ તો દમનનો કોઇ પણ રીતે સામનો કરવા માંગે છે. હવે તેઓ બીકણ બાયલા રહ્યા નથી. જે હિંમતથી પહેલાં તેઓ લાઠીઓના મારને પણ ઝીલી નહોતા શકતા તે હિંમતથી આજે તેઓ ગોળીઓને ઝીલતા થયા છે. તેમના સામનામાં આજે એક પ્રકારની બેપરવાઇ—ઝીન્દાદીલી—આવી છે. તેઓ ટપટપ મરે છે છતાં ફરીયાદ સરખી કરતા નથી. ૧૯૪૨ ની લડતે લોકોને નવું જીવન આપ્યું છે."

આ પ્રતિનિવેદનના પ્રત્યુત્તર રૂપે તા. ૨૭-૨-૪૬ બુધવારના રોજ ગાંધીજીએ નીચે મુજબનું નિવેદન બહાર પાડયું.

ગાંધીજીનો પ્રત્યુત્તર.

મુંબઇના બનાવો ઉપરના ભાગ નિવેદનનો શ્રીમતી અરૂણા અસફઅલીએ હિંમતપૂર્વક વિરોધ કર્યો તે માટે મારા તેને અનેક અભિનંદન છે. જો એ પોતાની જાત ઉપરાંત ઠીક ઠીક સંખ્યામાં ભોમભીતર કાર્યકરોનું પ્રતિનિધિત્વ ધરાવતી ન હોત તો મેં તેના વિરોધને ધ્યાન ઉપર લીધો જ ન હોત. કારણ કે એ મારી પુત્રી છે. એ મારે પેટ જન્મી નથી અથવા તો એ બળવાખોર છે એથી એની ઉપરનો મારો એક પિતા તરીકેનો કે તેનો મારી ઉપર એક પુત્રી તરીકેનો હક્ક લેશ માત્ર ઓછો થતો નથી.

જ્યારે એ ભોમભીતર હતી ત્યારે એને મળવાના મને ઘણા પ્રસંગો સાંપડયા હતા. મેં એની બહાદુરી, બુધ્ધિકૌશલ્ય અને રાષ્ટ્ર માટેના જવલન્ત પ્રેમની પ્રશંસા કરી છે. પણ મારી પ્રશંસા ત્યાં જ અટકી હતી. એ ભોમભીતર રહે એ મને કદી ગમ્યું નહોતું. ભોમભીતર પ્રવૃત્તિઓની હું કદી પ્રશંસા કે કદર કરી શકતો નથી. હું જાણું છું કે લાખો કરોડો માણસો ભોમભીતર જઇ શકે નહિ. એમ કરવાની જરૂર પણ નથી. આંગળીના વેઢે ગણાય એટલા માણસો ભલે પોતાના મનમાં માને કે પોતે લોકોની હીલચાલનું છુપી રીતે સંચાલન કરીને લાખો કરોડો માણસો માટે સ્વરાજ્ય લાવી આપશે. પણ આ બાલીશતા નહિ તો બીજું શું છે ? સમગ્ર પ્રજા તો ખુલ્લા પડકાર અને ખુલ્લી પ્રવૃત્તિમાં જ ભાગ લઇ શકે. સ્વરાજ્યની ઝાંખી સ્ત્રી પુરૂષ અને બાળક—સર્વને થવી જોઇએ. એની પ્રાપ્તિ માટે ખુલ્લં ખુલ્લાં પ્રયાસ કરવો એજ સાચી ક્રાન્તિ છે.

પૃથ્વીપરની સર્વ પ્રજા અને જાતિઓ માટે હિંદ એક દૃષ્ટાન્ત રૂપ બન્યું છે. કારણ કે હિંદનો સ્વરાજ્ય પ્રાપ્તિનો પ્રયાસ ખુલ્લો છે, નિઃશસ્ત્ર છે અને સત્તાધીશોને જરા પણ ઇજા પહોંચાડયા સિવાય સૌ કોઇ પાસેથી બલિદાનની—આત્મભોગની—અપેક્ષા રાખે છે. આપણો સંગ્રામ ખુલ્લો અને નિઃશસ્ત્ર ન હોત તો હિંદ કદિ જાગૃત થયું ન હોત. એ સીધા માર્ગેથી જ્યારે જ્યારે પ્રજા ચ્યુત થઇ છે ત્યારે ત્યારે અને તેટલા પુરતી દેશની ઉત્તરોત્તર વિકસતી ક્રાન્તિનો અવરોધ થયો છે.

૧૯૪૨ ની ઘટનાને એ બહાદુર સ્ત્રી જે રીતે ઘટાવે છે તે રીતે હું ઘટાવતો નથી. પ્રજા આપોઆપ જાગૃત થઇ ઉઠી એ સારૂં હતું; થોડા કે ઘણાએ હિંસાનો આશ્રય લીધો એ બરોબર નહોતું. શ્રી કિશોરલાલ મશરૂવાળાએ, કાકા સાહેબ કાલેલકરે, અને અન્ય કાર્યકર્તાઓએ તત્કાલીન ઉત્સાહ કે અધીરાઇમાં અહિંસાનો અવળો અર્થ ઘટાવ્યો એનાથી કાંઇ એ વખતની પરિસ્થિતિના સ્વરૂપમાં કશો ફેર પડતો નથી. તેમના જેવાએ પણ આમ કર્યું એ આ અહિંસાનું શસ્ત્ર કેટલું નાજુક છે તે પુરવાર કરે છે. હું આમ કહીને કોઇના ઉપર વ્યકિતગત આક્ષેપ કરવા માંગતો નથી. એ વખતે જેને જે યોગ્ય લાગ્યું તે પ્રમાણે તેણે વર્તન કર્યું. જે વખતે વ્યવસ્થિત હિંસાની ઝડીઓ વરસવા લાગી હતી ત્યારે જો નિષ્ક્રિયતા દાખવવામાં આવી હત તો તે કેવળ હીચકારાપણું જ લેખાત. ૧૯૪૨ માં જે કાંઇ કરવામાં આવેલું તે વિષેનું મારૂં મૂલ્યાંકન યથાસ્વરૂપે હું રજુ ન કરૂં તો હું નમળો અને અસત્યવાદી ગણાઉં.

શ્રીમતી અરૂણા બંધારણી મોરચાને બદલે લડાઇના મોરચા પર હિંદુ અને મુસલમાનોને સંગઠિત કરવાનું ભલે પસંદ કરે, પણ હિંસાની દૃષ્ટિએ જોતાં પણ આ ખોટે માર્ગે દોરનારો વિચાર છે. જો લડાઇના મોરચા ઉપરનું સંગઠન પ્રમાણિક હોય તો બંધારણી મોરચે પણ સંગઠન સધાવું જોઇએ. લડવૈયા હંમેશા યુદ્ધના મોરચા ઉપર જ રહેતા નથી. આપઘાત ન કરી બેસવા જેટલું તેમનામાં પણ ડહાપણ હોય છે. યુધ્ધ મોરચાવાળા જીવનની પાછળ બંધારણી જીવન આવવું જ જોઇએ. બંધારણી જીવન કાંઇ હંમેશાને માટે ત્યાજ્ય બનતું નથી.

બ્રીટીશ જાહેરાતોમાં અશ્રદ્ધા રાખવી અને તેનું કાંઇ પરિણામ આવે તે પહેલાં જ લડતની પરિસ્થિતિ એકાએક ઉભી કરી દેવી તે ખરેખર દીર્ઘદૃષ્ટિનો અભાવ સૂચવે છે. બ્રીટીશ પ્રધાનમંડળનું સત્તાવાર પ્રતિનિધિ મંડળ શું એક મહાન પ્રજા સાથે છેતરપીંડી રમવા આવે છે ? આમ વિચારવું એ એક પુરૂષને તેમજ એક સ્ત્રીને છાજે તેવું નથી. રાહ જોવામાં આપણું જય છે શું ? સત્તાવાર રીતે આવતા પ્રતિનિધિ મંડળના હાથે જ છેલ્લી વાર સાબીત થવા દો કે બ્રીટીશ જાહેરાતો બીલકુલ વિશ્વસનીય રહી નથી. વિશ્વાસ રાખવાથી પ્રજાને ફાયદો થયાનો છે. છેતરનાર યોગ્ય વળણ ધારણ કરી રાખે છે તો આખરે છેતરનાર જ ખત્તામાં પડે છે. હકીકત શું છે તે આપણે જોઇએ, સમજીએ. જે પ્રતિનિધિ મંડળ આવી રહ્યું છે તે મિત્રાચારીનો દાવો કરતું આવે છે અને તેઓ આપણી રાજકારણી આઝાદીને લગતી સમસ્યાનો બંધારણી ઉકેલ લાવી શકશે એવી આશા ધરાવે છે. આ સમસ્યા પણ વિકટ છે. રાજકારણી પુરૂષોને આજ સુધી ઉકેલવી પડી હોય એવી સર્વ સમસ્યાઓ કરતાં પણ સંભવ છે કે આ સમસ્યા વધારે વિકટ હોય. આ પ્રતિનિધિ મંડળ વળી બીજે જ કોઇ ઓઠીઓ ટંટો ઉભો કરે એ પણ શકય છે. એમ બને તો એની કાલી લીટી એના માથે. જે ધુંચો તેમણે ઉભી કરી છે તેમાંથી પ્રમાણિક માર્ગ કાઢવાને તેઓ ખરેખર આતુર હશે તો તેવો માર્ગ નીકળી આવશે એ વિષે મને જરા પણ શંકા નથી. પણ પ્રજાએ પણ પોતાનો પાઠ બરોબર ભજવવો જોઇએ. જો એમ કરવું હોય તો યુદ્ધ મોરચાની વાતો થોડા વખત માટે તો ખાસ કરીને બાજુએ રાખવી જોઇએ. બહાદુરી અને આત્મભોગ વડે જે વર્ચસ્વ તેમણે પ્રાપ્ત કર્યું છે તેનો શાણપણભર્યો ઉપયોગ કરવાની અરૂણાને અને તેના મિત્રોને હું વિનંતિ કરું છું.

સાગર સૈનિકોએ શરણાગતી સ્વીકારવાની સરદાર વલ્લભભાઇ પટેલની સલાહ સ્વીકારી એ અત્યન્ત રાહત નિપજાવનારી ઘટના છે. એથી સાગર સૈનિકોએ પોતાનું સ્વમાન ગુમાવ્યું નથી. જે કાંઇ મારા જોવા જાણવામાં આવ્યું છે તે જોતાં વિચારતાં મને લાગે છે કે બળવાનો આશ્રય લેવાની બાબતમાં તેમને ખોટી દોરવણી આપવામાં આવી છે. કાલ્પનિક કે વાસ્તવિક–તેમની જે કાંઇ અગવડો હતી તેનો ઉકેલ લાવવા માટે તેમનો જેમના ઉપર વિશ્વાસ હોય એવા રાજકારણી આગેવાનોની દોરવણી અને દરમિયાનગીરી માટે તેમણે સબુરી પકડવી જોઇતી હતી. જો તેમણે હિંદની આઝાદી માટે બળવો કર્યો હતો તો તેમની બબણી ભુલ હતી. સુસજ્જિત ક્રાન્તિકારી પક્ષની હાકલ સિવાય તેમનાથી આ માર્ગે જઇ શકાય જ નહિ. જો પોતાના બળથી તેઓ હિંદને પરદેશીઓની ધુંસરીથી મુક્ત કરી શકશે એમ તેમણે માન્યું હોય તો તેઓ કેવળ અવિચારી અને અજ્ઞાન જ હતા એમ કહેવું પડે. પહેલાં કદિ નહિ દાખવેલી એવી તાકાત આ વખતે આ સાગર સૈનિકોએ દાખવી હતી એમ કહેવામાં અરૂણા સાચી છે, પણ જેવું આ વખતે બન્યું તેવું તાકાતનું ક્વચિતનું પ્રદર્શન મુર્ખાઇભરેલું બને છે અને આપઘાત સમાન નિવડે છે.

પ્રજાને હિંસા–અહિંસાની નૈતિક ચર્ચામાં રસ રહ્યો નથી એમ કહેવાનો અરૂણાને સંપૂર્ણ અધિકાર છે, પણ હિંસાથી કે અહિંસાથી–કયા માર્ગે આઝાદી સિદ્ધ થશે એ જાણવામાં–સમજવામાં પ્રજાને ખુબ રસ છે. પ્રજા આજ સુધી જો કે અપૂર્ણ રીતે પણ અહિંસાના માર્ગે ચાલતી આવી છે. આ અહિંસાના માર્ગે ચાલવાથી હિંદ કંઇક કાળની નિદ્રામાંથી જાગૃત થયું છે કે નહિ અને સ્વરાજ્ય માટે કદાચ અતિ અસ્પષ્ટ એમ છતાં પણ ખરા દિલની ઉંડી ઝંખના અનુભવતું થયું છે કે નહિ આ પ્રશ્ન અરૂણા અને તેના સાથીઓએ હરહંમેશ પોતાની જાતને પૂછતા રહેવાનું છે. મારા અભિપ્રાય પ્રમાણે આ પ્રશ્નનો એક જ જવાબ હોઇ શકે છે.

* * *

દ્વેષને કેવી રીતે વાળી લેવો ?

(તા. ૨૪–૨–૪૬ ના હરિજનનો અગ્રલેખ)

દ્વેષ વાતાવરણમાં વ્યાપ્યો છે અને અધીરા બનેલા દેશપ્રેમીઓ, હિંસા દ્વારા સ્વાતંત્ર્યનું ધ્યેય આગળ ધપાવી શકે તો, એનો સંભવ લાભ લેશે. હું કહું છું કે, એમ કરવું એ કોઈ પણ કાળે અને કોઇ પણ સ્થળે ખોટું છે. પરંતુ, જે દેશમાં આઝાદીના લડવૈયાઓએ જગત આગળ જાહેર કર્યું છે કે, અમારી નીતિ સત્ય અને અહિંસાની છે એવે ઠેકાણે તો એમ કરવું એ વધારે ખોટું અક્ષમ્ય છે. તેમની દલીલ એ છે કે દ્વેષને પ્રેમમાં ફેરવી શકાય નહીં. જેઓ હિંસામાં માનનારાઓ છે તેવો સ્વાભાવિક રીતે જ એમ કહીને તેનો ઉપયોગ કરશે કે, તમારા દુશ્મનને મારી નાખો, જ્યાં બની શકે ત્યાં, છડેચોક કે છુપી રીતે, જરૂર પ્રમાણે તેને તથા તેની માલમિલકતને નુકસાન પહોંચાડો.' પરિણામે દ્વેષ અને પ્રતિદ્વેષ વધારે ઘેરા બનશે, અને વેરનો દાવાનળ સર્વત્ર વ્યાપી જશે. તાજેતરનું યુદ્ધ દ્વેષના આવા ઉપયોગનું દેવાળું જગત આગળ ઉંચે સાદે પોકારે છે. તેનો અગ્નિ હજી ભાગ્યે જ શમ્યો છે. અને કહેવાતા વિજેતાઓને ખરેખર જીત મળી છે કે કેમ અથવા તેમના દુશ્મનોને નીચે પાડવા જતાં તેઓ પોતે નીચે પડયા છે કે નહીં, એ જોવાનું બાકી રહે છે. બહુ બહુ તો, તે એક ખોટો ખેલ છે. કાર્યનીતિના કેટલાક વિચારકો આ દેશમાં એમાં સુધારો સૂચવે છે. તેઓ કહે છે કે, 'અમે અમારા દુશ્મનનો કદીયે જાન નહીં લઇએ પણ અમે તેની માલમિલકતનો નાશ કરીશું.' એને 'તેની મિલકત' કહેવામાં કદાચ હું તેમને અન્યાય કરી રહ્યો હોઉં એમ બને. કેમ કે, તાજી બીની વાત તો એ છે કે, કહેવાતો દુશ્મન પોતાની કશી મિલકત અહીં લાવ્યો નથી અને જે થોડું કંઇક તે લાવ્યો છે એને માટે તે આપણી પાસેથી દામ પડાવે છે. એટલે, આપણે જેનો નાશ કરીએ છીએ તે સાચુ જોતાં આપણું પોતાનું છે. એમાંનું ઘણું ખરું તો—માણસો કે વસ્તુઓ—તે અહીં તૈયાર કરે છે. એટલે વસ્તુતાએ તેની પાસે જે છે તે એનો હવાલો છે. મિલકતના નાશને માટે પણ આપણને ભારે કિંમત ચૂકવવી પડે છે અને નિર્દોષ લોકો પાસે એ પરાણે ભરપાઇ કરાવવામાં આવે છે. શિક્ષા તરીકે નાખવામાં આવેલા સામુદાયિક કર તથા તેની સાથે સંકળાયેલી બીજી બધી વસ્તુઓનો મર્મ આ છે. એથી કરીને, કેવળ જાન ન લેવાના અર્થમાં અહિંસા એ હિંસક કાર્યનીતિમાં કશો સુધારો કરતી મને નથી લાગતી. એનો અર્થ છે ધીમી રિબામણ, અને ધીમાશ જ્યારે અસરકારક ન નીવડે ત્યારે તરત જ આપણે જાન લેવા ઉપર અને અણુબોમ્બ ઉપર આવીશું, કે જે હિંસક કાર્યપદ્ધતિમાં આજે છેવટનું હથિયાર છે. એથી કરીને દ્વેષને યોગ્ય માર્ગે વાળવા માટે ૧૯૨૦ની સાલમાં મેં અહિંસા અને તેના અનિવાર્ય જોડિયા એવા સત્યનો ઉપયોગ સૂચવ્યો હતો. દ્વેષીનો દ્વેષને ખાતર દ્વેષ કરતો નથી, પણ પોતાના દેશમાંથી દ્વેષપાત્ર માણસ અથવા માણસોને હાંકી કાઢવા માગે છે એથી દ્વેષ કરે છે. એટલે અહિંસક સાધનો દ્વારા હિંસક સાધનો જેટલી જ સહેલાઇથી તે પોતાનો હેતુ પાર પાડી શકે. આપણે ગુમાવેલી સ્વતંત્રતા ફરીથી પ્રાપ્ત કરવા માટે મહાસભા છેલ્લાં ૨૫ વરસથી મને કે કમને જનતા આગળ હિંસાને બદલે અહિંસાની હિમાયત કરતી આવી છે. આપણે કરેલી પ્રગતિ દ્વારા આપણને એ પણ માલૂમ પડયું છે કે અહિંસાનો અમલ કરીને આપણે પહેલાંના કરતાં વધારે ત્વરાથી અને વિશાળ પાયા ઉપર જનતાના માનસ સુધી પહોંચી શકયા છીએ. અને સાચું કહીએ તો,—અને તે કહેવું જ જોઇએ—આપણું અહિંસક કાર્ય પૂરેપૂરી નિષ્ઠાપૂર્વકનું નહોતું. હૈયામાં હિંસા સેવીને ઘણાઓએ તો માત્ર હોઠથી અહિંસાનો ઉપદેશ કર્યો છે. પરંતુ આપણા હૈયામાં છુપાઇ રહેલો ગુપ્ત અર્થ સીધું સાદું પ્રજામાનસ કળી ગયું છે. અને તેની સહજ પ્રતિક્રિયા થઇ શકતી હતી એટલી હદે થઇ નથી. દંભે સદ્‌ગુણનો મુખવટો ઓઢીને તેની પ્રશસ્તિ કરી ખરી, પણ તે કદીયે સદ્‌ગુણોનું સ્થાન ન લઇ શકે. અને તેથી હું વધુ ને વધુ

અહિંસાની જ હિમાયત કર્યા કરું છું. સમજ્યા વિના હું એમ નથી કરતો. એની પાછળ મારો સાઠ વરસનો અનુભવ રહેલો છે. આ કટોકટીની ઘડી છે, કેમ કે મૂક આમજનતા આજે ભૂખમરો વેઠી રહી છે. દેશની આજની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અહિંસક પદ્ધતિનો અમલ કેવી રીતે કરવો એના ઘણા માર્ગો સમજુ વાચકને સૂઝશે. આઝાદ હિંદ ફૌજની ભૂરકીએ આપણને મંત્રમુગ્ધ કર્યા છે. નેતાજીનું નામ જાદુઈ અસરવાળું બન્યું છે. એમની દેશદાઝ બીજા કોઇથીયે ઉતરે એમ નથી. (વર્તમાનકાળનો ઉપયોગ હું ધરાદાપૂર્વક કરું છું.) એમનાં બધાંયે કાર્યોમાં એમની વીરતા ઝળહળી રહી છે. એમણે તાકયું હતું તો ઉચું, પણ તે નિષ્ફળ નીવડયા. નિષ્ફળ કોણ નથી નીવડયું? ઉચું તાકવાના અને સચોટ તાંકવાના આપણે અધિકારી છીએ. સફળતા બધાંના નસીબમાં લખેલી નથી હોતી. મારી તારીફ આથી આગળ ન જઈ શકે. કેમ કે, એમની કાર્યપદ્ધતિ નિષ્ફળ નીવડવાને નિર્માયેલી હતી એ હું જાણતો જ હતો. અને પોતાની આઝાદ હિંદ ફૌજને વિજયવંત બનાવીને તેવો હિંદમાં આવત તોયે મેં એમ જ કહ્યું હોત. એનું કારણ એ છે કે, એ રીતે જનતાનો ઉધ્ધાર થવાનો નહોતો. નેતાજી તથા તેમની ફૌજ આપણને આપ-ભોગ, વર્ગ કે ન્યાતજાતના ભેદભાવ વિના પરસ્પર એકતા, અને શિસ્તનો બોધપાઠ આપે છે. જો આપણે ભકિતભાવ સમજપૂર્વકનો અને વિવેક-પુરઃસરનો હશે તો આપણે આ ત્રણે સદ્‌ગુણોનું સંપૂર્ણપણે અનુકરણ કરીશું; પરંતુ હિંસાનો આપણે સર્વથા ત્યાગ કરીશું. આઝાદ હિંદ ફૌજ તથા તેનો કાર્યક્રમ હથિયારના બળથી હિંદની આમજનતાને કદીયે ગુલામીમાંથી મુકત કરી શકે એમ તેનો સિપાઇ ધારે અથવા કહે એમ હું ન ધરાવું. પરંતુ તે નેતાજીને વફાદાર હોય, અને એથીયે વિશેષ તો પોતાના દેશને વફાદાર હોય તો હિંદની જનતાને–સ્ત્રી, પુરૂષ, બાળક સૌને–બહાદુરીના, આપભોગના અને એકયના પાઠો શીખવવામાં પોતાનો સમય ગાળશે. ત્યારે આપણે દુનિયા સમક્ષ ટટાર ઉભી શકીશું. પણ જો તે કેવળ સંશસ્ત્ર સૈનિકની જેમ વર્તશે તો જનતાનો તે શેહ બની બેસશે અને તે સ્વયંસેવક છે એથી ફરો ફેર નહીં પડે. એથી કરીને, હિંદની ભૂમિમાં આવ્યા પછી, નેતાજીના લાયક અનુયાયી બનવા માટે પોતે કોંગ્રેસના દળમાં અહિંસાના એક અદના સૈનિક તરીકે કામ કરશે, એવી કેપ્ટન શાહનવાઝની જાહેરાતને હું આવકારૂં છું.

મોહનદાસ કરમચંદ ગાંધી.

મુંબઇની આરાજકતાઃ પ્રજાસંરક્ષણનો સવાલ

મુંબઇમાં હિંદી સાગર–સૈનિકોની હડતાળના અનુસંધાનમાં જે રમખાણો થયાં; માલમીલ્કતની લુંટફાટ અને ખુવારી થઇ; ગુંડાઓ અને મવાલીઓનું રાજ્ય પ્રવર્તયું અને એથી ત્રણ દિવસ કેવળ અરાજકતા ફેલાઇ રહી અને આ બધું અટકાવવામાં સરકારી પોલીસ કેવળ અસમર્થ નીવડી એ તાજેતરમાં વિરામ પામેલી વિશ્વયુધ્ધે આમ જનતાના માનસને કેટલું વિકૃત અને વિવેકભ્રષ્ટ કરી નાખ્યું છે એનું એક ભારે સૂચક ચિહ્ન છે. ૧૯૪૨ ના ઓગસ્ટ માસમાં પણ તોફાનો અને રમખાણો થયાં હતાં; ટ્રામ, બસ, તાર અને ટપાલ ઓફીસો ઉપર આક્રમણ થયાં હતાં; પણ એની પાછળ સરકારી હકુમતનાં સૂચક સ્થાનો ઉપર હલ્લો કરવાની એક કલ્પના હતી અને એ સેબોટેજ-ભાંગફોડ–નું એક સ્વરૂપ હતું. શ્રી. સુભાષચંદ્ર બોઝની જન્મ જયન્તી તા. ૨૨ જાન્યુઆરીના રોજ ઉજવાણી તે વખતે પણ શહેરમાં એવી જ રીતે અશાન્તિ ફેલાઇ હતી. પણ આ વખતે એનું સ્વરૂપ થોડુંક બદલાયું હતું. નિર્દોષ વ્યાપારીઓની દુકાનો ભાંગવાની અને લુંટી લેવાની એ વખતે થોડી શરૂઆત જોવામાં આવી હતી. ગયા પખવાડીઆનાં તોફાનોએ બધી માઝા મુકી દીધી હતી. સાગરસૈનિકોની હડતાળને અંગે સામાન્ય જનતામાં વ્યાપી રહેલી અશાન્તિ–બેચેનીનો પુરો લાભ લેવા શહેરના ગુંડાઓ અને મવાલીઓ નીકળી પડયા હતા. તેમણે ઓફીસો તોડી, બેંકો ભાંગી, અનાજની અને સોના ચાંદીના વ્યાપારીઓની દુકાનો ધોળે દહાડે લુંટી, રસ્તે જતા રાહદારીઓનાં ખીસ્સાં ખાલી કરાવ્યાં અને કેટલીક ચાલોમાં જઇને પણ ઓરડીએ ઓરડીએથી નાની મોટી રકમો પડાવી. આ વિષમ ઘટનાઓ દરમિયાન પોલીસ જેટલી નિષ્ક્રિય અનુભવવામાં આવી તેવી કોઇ કાળે પોલીસ–નિષ્ક્રિયતા જોવામાં આવી નહોતી. વસ્તુસ્થિતિ પણ એવી હતી કે પોલીસ ધારત તો પણ આવી વ્યાપક અરાજકતામાં બહુ ઉપયોગી થઇ શકે તેમ હતું જ નહિ. પોલીસદળ બંબાખાના જેવું છે. મોટા શહેરમાં એક બે જગ્યાએ આગો લાગે તો બંબાઓ તુરત દોડી જાય અને આગો ઓલવી નાંખે. પણ એક સાથે પચ્ચાસ ઠેકાણે આગ ફાટી નીકળે તો બંબાઓ નકામા પડે અને એ આગો તો કુદરત ઓલવે ત્યારે જ ઓલવાય.

આવી વિકટ પરિસ્થિતિમાં પ્રજાએ કરવું શું? પોલીસ કામ લાગતી નથી અને પછી રમખાણો દબાવી દેવા માટે સરકાર લશ્કરી માણસોને બોલાવે છે. તે માણસોમાં કાંઇ જ્ઞાન કે સમજણ હોતી નથી. તેમનું કામ તો જ્યાં તોફાનની ગંધ આવે ત્યાં ચોતરફ ગોળીઓ વરસાવવાનું રહે છે પરિણામે એક બાજુ ગુંડાઓ અને બીજી બાજુ મીલીટરી વચ્ચે પ્રજા રંજાડનો પાર રહેતો નથી. હજારોની મીલ્કતો લુંટાઇ જાય છે અને સેંકડો નિર્દોષ માનવીઓ સ્ત્રીઓ અને બાળકો, વિના મોતે મૃત્યુ શરણ થાય છે. અને આ ઘટના કાંઇ પહેલવહેલી અને છેલ્લી નથી. દેશભરમાં અશાન્તિ પેદા કરનાર સંયોગો વધતા જાય છે; પરાધીનતાની ઘૂંસરી લોકોને અસહ્ય લાગતી જાય છે; રાજકારણી ક્રાન્તિનો દાવાનળ ફેલાતો જાય છે. કાંઇ બને છે અને 'પાડો હડતાળ, કાઢો વિરોધી સરઘસ, ભરો જાહેર સભા' આવી જનતાને અશાન્ત બનાવી દેતી પરિસ્થિતિ જેતજોતામાં આવીને ઉભી રહે છે. આની પાછળ મવાલીઓ અને ગુંડાઓ શહેરમાં ફરી વળે છે અને લુંટફાટ અને ત્રાસનું તાંડવ ચાલવા લાગે છે. પોલીસ મોટું વકાસીને જોયા કરે છે અને નિર્દોષ ધંધાદારીઓ અને કુટુંબીજનો અણધારી આફતમાં સપડાઇ જાય છે. આવા સંયોગોમાં પ્રજાએ પોતાના રક્ષણ શું કરવું એ એક મોટો પ્રશ્ન ઉભો થાય છે. મારા અભિપ્રાય પ્રમાણે પોતાના જાન અને માલમત્તાના રક્ષણ માટે પોલીસ ઉપર આધાર અને વિશ્વાસ રાખવાનું આપણે છોડવું જોઇએ અને સ્વાવલંબી બનતા શિખવાની પુરી તૈયારી કરવી જોઇએ. દરેક લતાવાળાઓએ અને મોહલ્લાવાળાઓએ આવી કોઇ અશાન્ત પરિસ્થિતિ ઉભી થતાં મવાલીઓ અને ગુંડાઓનો એકત્ર થઇને સામનો કરવા તૈયાર રહેવું જોઇએ અને એ માટે શાંતિના દિવસોમાં બધાએ મળીને વ્યવસ્થિત યોજના વિચારી લેવી જોઇએ. અશાન્તિની વિષમતાને પહોંચી વળવા માટે શાન્તિના સમય દરમિયાન બધી ગોઠવણ થવી જોઇએ. સાધારણ રીતે મવાલીઓની સંખ્યા બહુ મોટી નથી હોતી. તેઓ પ્રજાની બબલીન મનોદશા અને દરેક પોતપોતાનું સંભાળે એવી સંકુચિત ભાવના ઉપર જ પોતાનો વ્યાપાર નિર્ભયપણે ખેડી શકે છે. એક પાંચ માળનું મકાન છે. તેમાં આશરે પાંચસોથી સાતસો માણસો રહે છે. શહેરમાં તોફાન શરૂ થાય છે. એક પચ્ચીસ પચ્ચાસ મવાલીઓનું ટોળું એ મકાન પાસે આવી ચઢે છે અને ભોંયતળીયાની એક દુકાન તોડે છે. આ વખતે માળામાં રહેતાં સંખ્યાબંધ માણસો પોતપોતાની ઓરડીમાં ભયથી ધ્રુજતા ભરાઇ બેસે છે. મવાલીની ટોળી પોતાનું કામ પતાવીને આગળ વધે છે અને તેની સાથે વળી એવી જ બીજી ટોળી મળે છે અને એ બંને ટોળી સાથે મળીને પોતાનો લુંટ-ફાટનો વ્યાપાર વધારે ને વધારે બેડયે જાય છે. આવે વખતે તે માળામાં અને બાજુના માળામાં રહેતાં સંખ્યાબંધ માણસો જે કાંઇ ઘરમાં સાધન હોય તે લઇને સૌ એકત્ર મળીને જો ઉપર જણાવેલ ટોળી ઉપર ધસારો કરે તો તે મવાલીઓને નાસી છુટવા સિવાય બીજો કોઇ વિકલ્પ રહેતો નથી. શહેરમાં વસતા ભિન્ન ભિન્ન વર્ગોના આવા લતાવાર સ્વેચ્છાપ્રેરિત સંગઠન સિવાય ઉપર જણાવી તેવી લુંટફાટ અને ખુનામરકીથી બચવાનો બીજો કોઇ ઉપાય નથી. આજની આંધા-ધુંધીમાં સહીસલામત રહેલો કોઇ પણ માનવી મલકાય નહિ કે મને

બોરડીમાં બે દિવસ

(ગતાંકથી અનુસંધાન)

જે બાલવાડીના ઉદ્‌ઘાટન કારણે અમારૂં બોરડી ખાતે આગમન થયું હતું તે પાછળ શું કલ્પના રહેલી છે તેનો અહિં જરા વિગતથી ખ્યાલ આપવામાં આવે તો અસ્થાને નહિ ગણાય. આજે પ્રજાની સમગ્ર કેળવણીનો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે, અને આજની શિક્ષણ પધ્ધતિના સ્થાને કયા પ્રકારની શિક્ષણ પધ્ધતિનું નિર્માણ કરવું એ રાષ્ટ્રના કેળવણીકારો માટે ચિન્તા અને સંશોધનનો વિષય બન્યો છે. ગાંધીજી દ્વારા નિરૂપિત થઈ રહેલી વર્ધા શિક્ષણ પધ્ધતિ જેને Basic Education–બુનિયાદી કેળવણી–ના નામથી ઓળખવામાં આવે છે તે આ દિશામાં રાષ્ટ્ર માટે ઘડાઈ રહેલી એક ભગીરથ યોજના છે. આ શિક્ષણ પધ્ધતિ ત્રણ સિધ્ધાન્તો ઉપર રચાયેલી છે. (૧) કોઈ પણ ચોકકસ પ્રવૃતિ (Activity) દ્વારા સમગ્ર શિક્ષણનું આયોજન કરવું. (૨) માતૃભાષાને જ સમગ્ર શિક્ષણનું વાહન બનાવવું (૩) શિક્ષણ-પ્રદાનને સ્વાશ્રયી બનાવવું. આ બુનિયાદી કેળવણી ૭ થી ૧૪ વર્ષની ઉમર સુધીના કન્યા અને કુમારોની કેળવણીનો પ્રબંધ કરે છે. પણ આટલાથી આપણી કેળવણીની સમસ્યાનો ઉકેલ આવે તેમ નથી. ૭ વર્ષ પહેલાંની પૂર્વબુનિયાદી કેળવણીના પ્રબંધનું શું ? ૧૪ વર્ષ પછીના ચારથી પાંચ વર્ષની ઉચ્ચ કેળવણી માટે પણ શું પ્રબંધ કરવો ? અને એ ઉપરની ઉમ્મરની પ્રજા જેનો મોટો ભાગ કેવળ નિરક્ષરતા અને અજ્ઞાનમાં સબડે છે તેની કેળવણીનો એટલે કે પ્રૌઢ શિક્ષણનો પ્રબંધ કર્યા વિના પણ કેમ ચાલે ? ગાંધીજીની પ્રેરણાથી ઉભા થયેલા હિંદુસ્થાની તાલીમી સંઘે આ સમગ્ર અને સર્વાંગીણ કેળવણીનો પ્રબંધ કરવાની–તેને લગતી યોજનાઓ નક્કી કરીને અમલમાં મુકવાની–જવાબદારી સ્વીકારી છે.

આપણા દેશની વિરાટ વસ્તીનો મોટો ભાગ ગામડાંમાં વસે છે અને તેથી રાષ્ટ્રીય શિક્ષણ એ મોટે ભાગે ગામડાંની પ્રજાની કેળવણીનો પ્રશ્ન બને છે. આ ગામડાની પ્રજાની ૭ થી ૧૪ વર્ષની કેળવણીનો ઉકેલ વર્ધા શિક્ષણ પદ્ધતિદ્વારા થઈ રહેલ છે. પણ તેથી નીચેની ઉમ્મરના સંખ્યાબંધ બાળકોને કેવી રીતે કેળવવાં એ પ્રશ્ન હજુ અણઉકેલ પડયો છે. આ દિશાએ થોડાં વર્ષો પહેલાં શ્રી. જુગતરામ દવેએ વેડછીમાં એક પ્રયોગ કર્યો હતો, જેની કેટલીક વિગતો પ્રબુદ્ધ જૈનમાં કેટલાક સમય પહેલા પ્રગટ કરવામાં આવી હતી. આજે આપણી સમક્ષ બાળશિક્ષણને લગતી કેટલીક પદ્ધતિઓ પડેલી છે, જેમાં મોન્ટીસરી શિક્ષણ પદ્ધતિ સૌથી વધારે જાણીતી અને લોકપ્રિય બની છે. આ શિક્ષણ પદ્ધતિના મૂળ સિદ્ધાંતો આજે લગભગ સર્વ માન્ય બન્યા છે અને કોઈ પણ બાળશિક્ષણની યોજના તે સિધ્ધાંતોને અવગણીને થઈ શકે તેમ છે જ નહિ. એ શિક્ષણ પધ્ધતિના સિધ્ધાંતોને ધ્યાનમાં રાખીને ગામડાંના બાળકોની કેળવણી કેવી રીતે ગોઠવવી કે જેથી તેનો સહેલાઈથી અમલ થઈ શકે એ જ વિચારવાનું અને નિર્ણય કરવાનું રહે છે. સૌથી પ્રથમ તો આ શિક્ષણ યોજના બાળકોને લગતી હોઈને સ્વાશ્રયી બની શકે એ સંભવિત નથી. એમ છતાં પણ આવી કોઈ પણ યોજના બને તેટલી ઓછી ખરચાળ અને સ્વાશ્રયને માર્ગે લઈ જનારી અવશ્ય હોવી જોઈએ. બીજું શિક્ષણનાં સાધનો પણ ગામડામાં જે વસ્તુઓ સુલભ હોય તેમાંથી જ બનાવી લેવાની–ઉપજાવી કાઢવાની–ગોઠવણ હોવી જોઈએ. આ કેળવણીનો આસપાસના વાતાવરણ સાથે પુરો મેળ હોવો જોઈએ અને એ વાતાવરણમાંથી જ આખી રચના ઉભી થવી જોઈએ. સાથે સાથે બાળકોનું શરીર સંવર્ધન, આરોગ્ય રક્ષણ, અંગત તેમ જ સામાજિક સ્વચ્છતા, વૈદ્યકીય સંભાળ, ગામડાની કળા કારીગીરી, લોક સંગીત–આવી પણ અનેક બાબતો બાળશિક્ષણના યોજકોએ વિચારવાની રહે છે. બોરડીમાં જે બાળવાડીનું ઉદ્‌ઘાટન કરવામાં આવનાર હતું તે બાળવાડી પાછળ આવા લોકવ્યાપી બાળશિક્ષણની ચોકકસ યોજના નિર્ણીત કરવાની કલ્પના અને ભાવના રહેલી છે.

આ બાલવાડીની પ્રવૃત્તિ સાથે 'વીમેન્સ કાઉન્સીલ ઓફ ઇન્ડીઆ' તરફથી બોરડીની પ્રજાના પ્રૌઢ શિક્ષણનો–ખાસ કરીને મોટી ઉમ્મરની બહેનોની કેળવણીનો–પ્રશ્ન હાથ ધરવાનું નકકી કરવામાં આવ્યું છે. માધ્યમિક કેળવણીનું કામ આચાર્ય ભીસેની શાળા વર્ધા શિક્ષણ પધ્ધતિના મૂળભૂત સિધ્ધાન્તો લક્ષ્યમાં રાખીને અમુક અંશે કરી રહેલ છે. પ્રૌઢ શિક્ષણની વ્યવસ્થા સિવાય–મોટી ઉમ્મરના માબાપોને જરૂરી તાલીમ આપ્યા સિવાય–બાલશિક્ષણનો કોઈપણ પ્રયત્ન સારી રીતે સફળ બનવો શકય નથી. ઉપર જણાવેલ પ્રૌઢ શિક્ષણની વ્યવસ્થાની બાલવાડીના પૂરક કામ તરીકે બહુજ મોટી ઉપયોગીતા અને આવશ્યકતા છે એ સહજ સમજી શકાય તેવું છે.

બોરડીની બાલવાડીની આખી કલ્પનાના પ્રયોજક શ્રી. તારાબહેન મોદક છે. ગિજુભાઇના વારસદાર તરીકે શ્રી. તારાબહેન મોદકને આજે કોણ નથી જાણતું ? બોરડીની આ પ્રવૃત્તિના સંચાલનની સર્વ જવાબદારી તારાબહેન મોદકે સ્વીકારી છે. આ બાલવાડીમાં ગામના જુદા જુદા વર્ગના બ્રાહ્મણોથી માંડીને કસાઇ કુટુંબ સુધીનાં હિંદુ, મુસલમાન તેમજ પારસી બાળકોને એકઠા કરવામાં આવ્યા છે અને ચોકકસ સિધ્ધાન્તો અને યોજના પૂર્વક તેમને કેળવવામાં આવે છે. આ બાલવાડીનો બીજો હેતુ બાળશિક્ષણના અધ્યાપકો તૈયાર કરવાનો છે અને આને માટે આ બાલવાડીના અનુસંધાનમાં અધ્યાપન વર્ગો પણ ચલાવવામાં આવનાર છે. આ રીતે આ બાલવાડીની પ્રવૃત્તિમાં બાલ શિક્ષણ સાથે સંશોધન તેમ જ અધ્યાપનની પ્રવૃત્તિ સંલગ્ન કરવામાં આવનાર છે.

કશી ખબર નથી થઈ કે મારૂં કશું લુંટાયું નથી. આજે અન્યનું લુંટાયું છે; આવતી કાલે આપણો વારો આવવાનો છે. કોઈ પણ શ્રીમાન કે ગરીબ–પુરૂષ કે સ્ત્રી–આજે વધતી જતી અને વ્યાપક બનતી અંધાધુંધીમાં સહીસલામત છે જ નહિ. માટે જ સૌએ સાથે મળીને પરસ્પરના સંરક્ષણની યોજનાઓ વિચારી લેવાની અને જરૂર પડયે તુરત જ અમલમાં મૂકવાની જરૂર છે. આ માત્ર મુંબઇ કે કલકત્તાનો જ સવાલ નથી. દરેક મોટું શહેર આ અંધાધુંધીના–અરાજકતાના જોખમમાં ઉભું છે. આજે અહિં તો આવતી કાલે ત્યાં કેટલાક લોકો આવી અરાજકતાને આવતી આઝાદીના મંગળચિહ્ન તરીકે આવકારે છે. પણ આઝાદીના અંગની અરાજકતા સ્થાપિત સત્તા પરત્વે કલ્પી શકાય છે, પણ અંદર અંદર લુંટફાટ ચલાવવાથી આઝાદી કોઇ અંશમાં નજીક આવવાની નથી. બહારની સત્તાનો સામનો અને અંદર અંદર એકમેકને સંભાળીને ચાલવાની પુરી જવાબદારીભરી વ્યવસ્થા–આજ સાચી અને વ્યવસ્થિત રાજ્યક્રાન્તિની ખરી ચાવી છે. ખોટા ખ્યાલોમાં દોરવાઇને કોઈ આન્તર્ગત અરાજકતાને ઉત્તેજના ન આપે. આવી અરાજકતા આવતી આઝાદીને સમીપ લાવવાને બદલે ઢીલમાં નાંખશે અને પરિણામે પરદેશી સત્તાધારીઓને પોતાની હકુમતનો દોર લંબાવવાની નવી નવી તકો મળ્યા કરશે. આ બાબત આપણે બરોબર સમજીએ અને બીજાને સમજાવીએ.

ઉપર જણાવી તેવી શહેરી સંરક્ષણની યોજના કરવામાં દોરવણી આપવાનું કામ કોંગ્રેસનું છે. શહેરી સંરક્ષણ એ કોંગ્રેસની જવાબદારી છે. તો આ બાબતમાં વેળાસર જાગીને કોંગ્રેસના આગેવાન કાર્યકર્તાઓ લતાવાર સંગઠનની કલ્પનાને વિકસાવે અને તેને જેમ બને તેમ જલ્દિથી મૂર્ત સ્વરૂપ આપે. આજ રીતે આપણે આપણો અને આપણા ભાઇબાંધુઓનો બચાવ કરી શકીએ તેમ છે. જવાબદાર શહેરીઓ પણ આ બાબતનો ગંભીરપણે વિચાર કરતા થાય એ અતિ આવશ્યક છે. આમાં કોઇ હિંદુ મુસલમાનના પ્રશ્નની દખલ ન કરે. મુંબઇમાં જે હુલ્લડો થયા અને લુંટફાટ ચાલી તેમાં કોઇ હિંદુ મુસલમાનનો ભેદ નહોતો. આવે પ્રસંગે શહેરના ગુંડાઓ અને મવાલીઓ એક થઇ શકે છે તો શું આપણે વિનીત ગણાતા ભાઇઓ અને બહેનો નાત જાત અને કોમના ભેદભાવ ભુલીને એક બની ન શકીએ ? **પરમાનંદ**

આ બાલવાડીનો બપોરના ભાગમાં ઉદ્ઘાટન-સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. શરૂઆતમાં આ બાલવાડીમાં થનાર શિક્ષણ પ્રદાનની જવાબદારી જે ભાઇને સોંપવામાં આવી છે તે ભાઇ સેલતે બાલવાડીમાં જોડાયલાં બાળકોને આ પ્રસંગને અંગે એકઠાં કરીને તેમને કેવી રીતે શિક્ષણ આપવામાં આવશે તેનો પ્રત્યક્ષ પરિચય-demonstration-દ્વારા કેટલોક ખ્યાલ આપ્યો. બાળશિક્ષણની નૂતન પદ્ધતિમાં શિક્ષા અને ધમકીને જરા પણ સ્થાન હોઇ ન શકે એટલું જ નહિ પણ 'ઉભા થાઓ, બેસી જાઓ, ચુપ રહો' એવી આજ્ઞાઓ અને હુકમોને પણ અવકાશ હોય નહિ. વળી આ પદ્ધતિ અનુસાર ભણવું એટલે બાળકો માટે તો જાણે કે એક રમતમાંથી બીજી અને તેમાંથી ત્રીજી રમતમાં પ્રવેશ કરવા બરોબર હોવું જોઇએ. બાળશિક્ષણની નવી રચનામાં શિક્ષણ અને રમત ગમત એકમેકમાં ઓતપ્રોત બનેલા હોઇને જાણે કે પર્યાયવાચી શબ્દો બની જાય છે અને તેથી જ આ પ્રવૃત્તિને બાળશાળા કહેવાને બદલે બાલવાડી કહેવામાં આવે છે કે જ્યાં બાળકો એકઠાં થાય છે, કલ્લોલ કરે છે, અને પોતે ભણે છે એવા કશા પણ ભાન સિવાય રમતગમતમાં જ પોતાનો વિકાસ સાધતા આગળ ચાલે છે. આ શિક્ષણ રહસ્યનો ભાઇ સેલતે પોતાની વિશિષ્ટ શૈલિદ્વારા સભાજનોને સીધો પરિચય કરાવ્યો. ત્યારબાદ સરલાદેવીએ પ્રસ્તુત બાલકેન્દ્રનો હેતુ સ્પષ્ટ કરતાં જણાવ્યું કે "આજે હિંદુસ્તાનમાં પૂર્વબુનિયાદી તાલીમ માટે કેળવણીકારો અને દેશના આગેવાનો વિચાર કરી રહ્યા છે. દેશના જુદા જુદા ભાગમાં નાનાં બાળકો માટે બાલવાડીઓ શરૂ થવા લાગી છે. તે વખતે અહીં પણ આપણે બાલકેંદ્ર શરૂ કરીએ છીએ. અહીં આપણે પૂર્વબુનિયાદી તાલીમ માટે પ્રયોગો કરવાના છે. તેના સાધનોનું સંશોધન કરવાનું છે. એ દૃષ્ટિએ વિચારતાં આ કાર્ય કેટલું મહત્ત્વનું છે અને અમારી જવાબદારી કેટલી મોટી છે તેનો આપને ખ્યાલ આવશે." આમ જણાવીને તેમણે શ્રી. બાળાસાહેબ ખેરને બાલવાડીનું ઉદ્ઘાટન કરવા વિનંતિ કરી. શ્રી બાળાસાહેબ ખેરે આ બાલવાડીને ઉઘાડી મુકાયલી જાહેર કરતાં એક કલાક સુધી અખંડ ધારાએ અને અત્યંત મધુર વાણીમાં એક સુંદર પ્રવચન કર્યું. તેમણે પ્રવચન દરમિયાન જણાવ્યું કેઃ-

"આપણે આજ સુધી પરદેશી ઢબની વિદ્યા લઇને પરવશ બન્યા; હવે આપણે આપણી રીતે વિદ્યા મેળવવી છે. 'સા વિદ્યા યા વિમુક્તયે' એ આપણો મૂળ આદર્શ છે. તે પ્રમાણે આ વિદ્યા આપણને મુક્તિનો માર્ગ બતાવશે. કોઇ પૂછશે કે શું આટલા મોટા દાક્તરો પીએચ. ડી. વગેરે ભણ્યા તે ભણતર ખોટું ? તો હું કહીશ, હા એમ જ છે. આટલા લોકો આટલું બધું ભણ્યા છતાં આપણો દેશ એવો ને એવો રહ્યો. કારણ કે મેટ્રિક પછી પરીક્ષાઓની હારમાળામાં જ એ અટવાઇ જાય છે. આગળ શું કરવાનું છે એ તેમને સૂઝતું જ નથી.

"ખરી રીતે ગર્ભમાંથી જ બાળકનું શિક્ષણ શરૂ થવું જોઇએ. સૂર્યનું અજવાળું જુએ ત્યારથી જ બાળકને દરેક વસ્તુ શીખવી પડે છે. હાથપગનું હલનચલન, કાન, આંખ જીભની ક્રિયાઓ ધીમે ધીમે કેવી રીતે વિકસે છે તે જોવું અને તેને યોગ્ય રીતે કેળવવી એ સૌથી મહત્ત્વનું શિક્ષણકાર્ય છે. ગર્ભાધાનથી સાત વર્ષ સુધીની ઉમર એ મનુષ્ય જીવનની સૌથી મહત્ત્વની ઉમર છે.

"આ દુનિયા ઓળખવી, જેમણે આપણને બનાવ્યા તે ભગવાનને ઓળખવો, એ શિક્ષણનો હેતુ છે. એવું શિક્ષણ મોટો પી એચ. ડી. થયો હોય તે પણ આપી શકતો નથી. એને માટે જીવન વિષેની દૃષ્ટિ સ્પષ્ટ થવાની જરૂર છે. ખરૂં કહીએ તો એ વિકાસ કરવાનું કામ પ્રભુનું છે. એવું વિશાળ હૃદય એટલે કે એવો પ્રેમ જેમનામાં હશે તે જ એ શીખવી શકશે. પદ્ધતિ તો સારી હોવી જોઇએ; પરંતુ મુખ્ય વસ્તુ બાલપ્રેમ છે. એ દૃષ્ટિએ જોતાં, કોલેજમાં ગણિત વગેરે શીખીએ છીએ તે નકામું છે. ઇંદ્રિયોમાં, મનમાં, બુદ્ધિમાં, હૃદયમાં જે શક્તિ પડેલી છે તેને વિકસાવવી જોઇએ. ઇંદ્રિયો પોતાનું કામ સફળતાથી કુશળપણે કરી શકે તે જ શિક્ષણ સાચું છે. તેને માટે સ્વતંત્ર વાતાવરણ જોઇએ.

"અહીં અછૂત, મુસલમાન, વગેરે કોમનાં બાળકો છે. તેથી જેઓ પોતાનાં બાળકને મોકલતાં અચકાય છે તેમને હું કહું છું કે બાળકને જાતિ નથી. અછૂત, મુસલમાન, પારસી, હિંદુ એવા ભેદ આપણે મોટાઓએ કરેલા છે. બાળક એ બાળક છે. એ જગતનું મોટામાં મોટું પ્રાણી છે. ઇંગ્લંડનો વડો પ્રધાન લોઇડ જ્યોર્જ ચમારનો છોકરો હતો; એનો બાપ જોડા બનાવતો તેથી શું ? દરેક ધંધો પ્રામાણિકપણે થાય તો તે પવિત્ર છે. બાળક તો નિષ્પાપ છે. એની શક્તિઓ ખીલવવી એ પવિત્ર કાર્ય છે. અહિં એ પવિત્ર કાર્ય શરૂ થયું છે. આ બાલવાડીને હું ખુલ્લી મુકું છું. એક દીવામાંથી અનેક દીવા પ્રગટે અને સમગ્ર જગતમાં પ્રકાશ ફેલાય તેમ આ બાલકેંદ્રમાંથી અનેક શિક્ષકો તાલીમ મેળવી આખા દેશભરમાં બાલકેંદ્રો ફેલાવો અને દેશને અજવાળો એવી મારી શુભેચ્છા અને પ્રભુપ્રાર્થના છે."

ત્યારબાદ આ પ્રસંગે સભામાં હાજર રહેલા ખોરડીના ગ્રામવાસીજનો તરફથી આગેવાન હિંદુ, મુસલમાન તથા પારસી ભાઇઓએ આ બાલવાડીની શરૂઆતને બહુ ભાવભીના શબ્દોમાં આવકારી અને અન્તર્ગત કૃતજ્ઞતા પ્રગટ કરી. ગામને મન આ અવસર અત્યંત આનંદ અને ગૌરવનો વિષય બની રહ્યો.

આ ઉદ્ઘાટન સમારંભ પુરો થયો ન થયો અને ટ્રેનનો સમય થઈ જવાથી અમે સ્ટેશને જવા ઉપડયા અને અનેક રમ્ય સ્મરણો સાથે મુંબઈ તરફ રવાના થયા, અને મુંબઇના જીવનની રેંટમાળમાં પાછા હતા તેવા જોતરાઇ ગયા. **પરમાનંદ.**

હરિલાલ પાનાચંદ શાહનું દુઃખદ અવસાન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય અને મુંબઇની સ્મોલ કોઝીઝ કોર્ટના એડવોકેટ શ્રી. હરિલાલ પાનાચંદ શાહના તા. ૨૩-૨-૪૬ ના રોજ નિપજેલ અકાલ અવસાન બદલ દિલગીરી જાહેર કરવામાં આવે છે ભાઇ હરિલાલ વઢવાણ શહેરના વતની હતા અને બી. એ. એલએલ. બી. ની પરીક્ષા પસાર કર્યા બાદ મુંબઇ કેટલાંય વર્ષોથી વકીલાત કરતા હતા. તેઓ સદ્‌ગત સંસ્કારમૂર્તિ શિવલાલ પાનાચંદ શાહના લઘુબંધુ થાય. ભાઇ હરિલાલ અત્યન્ત સરળ સ્વભાવના સજ્જન હતા અને સ્નેહનિષ્ટ મિત્ર હતા. તેમનું ચારિત્ર્ય નિર્મળ હતું, તેમની પ્રકૃતિ બહુ મીલનસાર હતી. તેમનું જીવન કશા પણ આડંબર વિનાનું સંરળ અને સીધું હતું. તેમની મુંબઇ જૈન યુવકસંઘ પ્રત્યે ખુબ મમતા હતી અને સંઘની વિવિધ પ્રવૃત્તિઓમાં તેમને ખુબ રસ હતો. તેમના વિદેહ થવાથી માત્ર તેમના કુટુંબીઓને જ નહિં પણ તેમના વિશાળ મિત્રમંડળને એક મોટી ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને પરમ શાન્તિ પ્રાપ્ત થાઓ એવી આપણે પ્રાર્થના કરીએ.

શ્રી. વાડીલાલ મનસુખરામ પારેખને અભિનન્દન

યુદ્ધ પરિસ્થિતિએ જેમ કેટલાકને અઢળક ધન આપ્યું છે તેમ પહેલાં કદિ નહિ જાણેલો કે સાંભળેલો એવો ઉદાર સખાવતોનો પ્રવાહ પણ વહેતો કર્યો છે. તાજેતરમાં કપડવંજના નિવાસી શ્રી. વાડીલાલ મનસુખરામ પારેખે કપડવંજમાં એક સાર્વજનિક મહિલા વિદ્યાલય શરૂ કરવા માટે રૂ. ૫૦૦૦૦ નું દાન જાહેર કર્યું છે. આ ઉપરાંત આ સંસ્થાની શરૂઆતના ચાર વર્ષના ખર્ચને પહોંચી વળવા માટે તેમની પત્ની શ્રી મેના બ્હેને બીજી રૂ. ૧૫૦૦૦ ની રકમ અર્પણ કરી છે. આ ઉપરાંત કપડવંજમાં પાઠશાળા, જ્ઞાનમંદિર, પુસ્તકાલય વગેરે પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે અને કેળવણી પ્રચારને બને તેટલો વેગ આપવાના હેતુથી શ્રી વાડીલાલભાઇએ બીજી એક લાખ રૂપિયાની રકમ જુદી કાઢી છે. આવી જ રીતે કપડવંજના શ્રી ચીમનલાલ ડાહ્યાભાઇએ કપડવંજમાં એક સાર્વજનિક દવાખાનું શરૂ કરવા માટે રૂ. ૬૦૦૦૦ ની રકમનું એક ટ્રસ્ટ કર્યું છે. શ્રી. વાડીલાલ મનસુખરામ પારેખને તેમ જ અન્ય ઉદાર દાતાઓને આવી ઉદાર સખાવતો માટે જનતાના અભિનન્દન અને ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ.**

કવિ ફિરદૌસી અને સ્વ. મોહનભાઈ

પૂર્વાર્ધ

આજથી લગભગ એક હજારવર્ષ પહેલાં ઇ. સ. ૯૩૪ માં 'શાહનામા'ના રચયિતા કવિ ફિરદૌસીનો જન્મ થયો અને ૮૫ વર્ષની ઉમ્મરે ઇ. સ. ૧૦૨૦ માં તેનું અવસાન થયું. તેની કવિત્વશક્તિએ ગીઝનીના સુલતાન મહમદશાહના દરબાર તરફ તેને આકર્ષ્યો અને કેટલાંયે વર્ષો સુલતાન મહમદશાહના રાજકવિ તરીકે તેણે ગાળ્યાં. એ અરસામાં કવિ ફિરદૌસીએ શાહનામું રચ્યું અને એ ગ્રંથે કવિ ફિરદૌસીના નામને જગવિખ્યાત બનાવ્યું. આવા અણમોલ મહાકાવ્યની કદર તરીકે સુલતાન મહમદશાહે ૬૦૦૦૦ સોના મહોર ભેટ આપવાની પોતાની ઇચ્છા જાહેર કરી, પણ તેના વઝીર મૅમંડીને બાદશાહની આ ઉડાઉગીરી ખુંચી, આવી મોટી રકમ આપતાં તેને વાર્યો અને તેની સમજાવટના પરિણામે ૬૦૦૦૦ સોના મહોરને બદલે ૬૦૦૦૦ રૂપાના સીક્કા બાદશાહ તરફથી કવિ ફિરદૌસીને મોકલવામાં આવ્યા. ફિરદૌસીને સુલતાનની આવી કૃપણતા અને વચનભંગ પ્રત્યે નફરત આવી, ૬૦૦૦૦ રૂપાના સીક્કા પોતે ન રાખતાં આસપાસના લોકોને તે તેણે વહેંચી આપ્યા અને આવા બેકદર સુલતાનના દરબારમાં સ્વમાનભંગ થઇને રહેવું યોગ્ય નથી એમ સમજીને ૬૫ વર્ષની ઉમ્મરે તેણે ગીઝનીનો સદાને માટે ત્યાગ કર્યો.

કાળાન્તરે આસપાસના સરદારો સાથે યુધ્ધ ખેડતાં ખેડતાં અને દેશ ઉપર દેશ સર કરતાં કરતાં સુલતાન મહમદશાહ કોઇ એક અસાધારણ પરાક્રમી સરદારની અથડામણમાં આવ્યો. 'કાં તો શરણે આવો અગર લડાઇ માટે તૈયાર થઇ જાઓ' એવું યુદ્ધ કહેણ મોકલવાનો સુલતાન તરફથી હુકમ આપવામાં આવતો હતો એના અનુસંધાનમાં એક દરબારીએ કે એ હુકમની પુરવણીરૂપે ફિરદૌસી કવિના સુવિખ્યાત શાહનામાની નીચેની કડિ સંદેશારૂપે મોકલવા નમ્ર વિજ્ઞાપના કરી. એ કડી આ મુજબ હતી.

'અગર જુઝ બ કામ–એ મન આયદ જવાબ,
મ.ા ઓ ગુર્ઝ ઓ મયદાન ઓ અફ્રાસિયાબ.'

(જો મારી ઇચ્છા વિરૂદ્ધ જવાબ આવ્યો છે, તો પછી હું છું, મારી ગદા છે અને અફ્રાસિયાબનું મેદાન છે!) સુલતાન આ પંક્તિથી એટલો બધો ખુશ થઇ ગયો કે એ પંક્તિઓનો રચનાર કોણ છે તે પૂછ્યું અને તે ફિરદૌસી હોવાનું જણાતાં તરત જ તેને ભૂતકાળ યાદ આવ્યો, આવા કવિને નવાજવામાં પોતે કરેલા વચનભંગ માટે પશ્ચાત્તાપ થયો અને તેના પ્રાયશ્ચિત તરીકે તેણે ૬૦૦૦૦ સોના મહોરો ફિરદૌસીને તુરત જ મોકલી આપવા હુકમ કર્યો. પણ કિસ્મતનો ખેલ કેવો અજબ કે જે વખતે એ મહોરો લઇને સુલતાનનો રસાલો જ્યાં ફિરદૌસી રહેતો હતો તે 'તુસ' ગામને એક દરવાજેથી શહેરમાં દાખલ થતો હતો તે જ વખતે ફિરદૌસીનો જનાજો (સ્મશાન–સરઘસ) બીજે દરવાજેથી બહાર નીકળતો હતો! એ ભેટ કવિની દીકરી આગળ નજર કરવામાં આવી, પણ તેણે હાથ ન અડકાડતાં એવી અદાથી ઉત્તર આપ્યો કે 'મારી પાસે મને જોઇતું છે, અને વધુની મને જરૂર નથી.' કવિને એક બહેન હતી. તેને ખ્યાલ આવ્યો કે કવિની જીવનભરની મહત્ત્વાકાંક્ષા પોતાના ગામની નહેરને સમરાવવાની હતી. એટલે તેણે સુલતાનની સોગાદનો સ્વીકાર કર્યો અને એ આખી રકમ નહેરના બાંધકામ પાછળ ખરચી એના જીવનની મોટી મુરાદ પાર પાડવા સાથે ગામમાં તેનું ચિરંજીવ સ્મારક કર્યું.

ઉત્તરાર્ધ

પોતાની તબિયત વધારે ને વધારે નાદુરસ્ત થતી જવાથી મોહનભાઇ મુંબઇનો કંઇ વર્ષોનો ઘરવાસ સંકેલે છે અને પોતાને વતન રાજકોટ જઇને રહે છે. સ્થળફેરથી, હવાફેરથી પણ પણ તેમની તબિયતમાં કશો સુધારો થતો નથી; શરીર શિથિલ બનતું જાય છે; મન ઢીલું પડતું જાય છે; મગજ ઉપરનો કાબુ ઘટતો જાય છે. તેમની આ બીમારી એક ચિન્તાનો વિષય બને છે.

મુંબઇ તેમની કર્મભૂમિ. જૈન સાહિત્ય તેમની જીવનભરની ઉપાસનાનો વિષય. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સ, અને મહાવીર જૈન વિદ્યાલય તેમની જાહેર સેવાનાં વિશિષ્ટ ક્ષેત્રો. તેમની સાથે કંઇ વર્ષોથી જાહેરજીવનમાં, સાહિત્ય ઉપાસનામાં જોડાયલા કેટલાક આગેવાન જૈન બંધુઓના દિલમાં વિચાર આવે છે કે મોહનભાઇની અનેકવિધ સેવાની કદરરૂપે આપણે કાંઇક કરવું જોઇએ. શ્વે. મૂ. કૉન્ફરન્સની સ્થાયી સમિતિમાં એ બાબત ચર્ચાય છે; એક સન્માન સમિતિ નિમાય છે, મોહનભાઇને એક થેલી આપવાનો નિર્ણય કરવામાં આવે છે; થેલી માટે ફંડ એકઠું કરવાની તજવીજ શરૂ થાય છે; કોઇ સો, કોઇ બસો, કોઇ પાંચસો ભરે છે અને એમ રૂા. ૬૦૦૦ ઉપર ભરણું થાય છે બીજી બાજુએ મોહનભાઇની તબિયત વધારે ને વધારે લથડતી જાય છે. ભાનસાન ગુમાવતા જાય છે. કોઇને સાંભળે, સમજે કે જવાબ આપે એવી સ્થિતિ રહેતી નથી. 'સન્માનકાર્ય' મોડું થાય છે, જરા પણ ઢીલ કરવામાં જોખમ છે, મોહનભાઇનો દેહ લાંબો વખત ટકે એમ નથી' એવા સમાચાર ઉપરાઉપરી આવ્યા કરે છે. ઝટપટ માનપત્ર લખાય છે; ચાંદીનું ભુંગળું ખરીદાય છે; રૂા. ૬૦૦૦ એકઠા કરવામાં આવે છે. માનપત્ર, ચાંદીનું ભુંગળું અને રૂા. ૬૦૦૦ ની રોકડ રકમ લઇને શ્રી જૈન શ્વે. મૂ. કૉન્ફરંસ તરફથી નીમાયલી 'શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇ સન્માન સમિતિ'ના પ્રતિનિધિ તરીકે શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી રાજકોટ તરફ રવાના થાય છે. તા. ૨ ડીસેંબર અને રવિવાર જ્યારે મોહનલાલ દીપચંદ ચોકસી આ બધી સન્માન સામગ્રી લઇને રાજકોટ શહેરમાં પ્રવેશ કરે છે ત્યારે અને તે જ દિવસે મોહનભાઇનો સાક્ષર આત્મા અક્ષરધામમાં પહોંચી ગયો હોય છે અને તેમનો ક્ષરદેહ ભસ્મીભૂત થઇ ચુકયો હોય છે. કેવી અજબ ઘટના! કાળની કેવી ક્રૂર મશ્કરી! શ્રી. ચોકસી રૂા. ૬૦૦૦ ની રકમ શ્રી. મોહનભાઇના સંતાનોને સ્વીકારવા વિનંતિ કરે છે. તેમનાં સંતાનો 'અમારી પાસે જોઇતું છે. અને વધુની જરૂર નથી' એમ કહીને એ રકમ પાછી વાળે છે. એમના મામા જેમની પાસે મોહનભાઇ ઉછર્યા હતા તેઓ આ રકમ જે કાંઇ કાર્યમાં વપરાય તેમાં વાપરવા માટે પોતા તરફથી રૂા. ૫૦૦ ઉમેરી આપે છે.

ઉપસંહાર

ક્યાં કવિ ફિરદૌસી અને ક્યાં મોહનભાઇ? કોઇને આ સરખામણી ભારે કઠંગી લાગશે. એમ છતાં પણ અક્ષર ઉપાસના એ બંનેમાં રહેલો અસાધારણ સમાનગુણ હતો. કાવ્યો પણ મોહનભાઇ કરતા પોતાની સેવાની કદર વિષે બંને બેપરવા હતા. સન્માન સમિતિ મોહનભાઇને જીવતાં સન્માની ન શકી એ બીના ખેદજનક છે એમ છતાં પણ અભાન અવસ્થામાં પણ પોતાની સેવાઓના બદલામાં મોહનભાઇએ માનપત્ર અને થેલી સ્વીકારી એમ નોંધાવાને બદલે એમ માનપત્ર અને થેલી વણઅર્પાયા અદ્ધર રહી ગયાં એ ઘટના મોહનભાઇની આજીવન નિષ્કામ સેવાભાવનાને વધારે ઉજ્જવળ અને યશસ્વી બનાવે છે. પોતાની સેવાના બદલામાં આટલું પણ મોહનભાઇએ સ્વીકાર્યું હતું એમ કહેવાપણું ન રહ્યું એ મોહનભાઇના નામને વધારે ગૌરવ આપે છે. આજે એ સન્માન ફંડ સ્મારક ફંડમાં ફેરવાયલું ઉભું છે. મોહનભાઇ પ્રત્યે, તેમની સાહિત્ય ભક્તિ અને સમાજસેવા પ્રત્યે આદર ધરાવનાર સૌ કોઇ બંધુ આ ફંડમાં યથાશક્તિ નાની મોટી રકમ આપે, મોહનભાઇ સાથે ખભેખભો મેળવીને, અથડાઇને તેમજ ભેટીને તેમના જે સાથીદારોએ વર્ષો સુધી કામ કર્યું છે તેઓ પોતાના સાથી પ્રત્યેની વફાદારી અને સ્નેહધર્મ તરીકે આ ફંડને વિસ્તારવાની ચિંતા અને જવાબદારી સ્વીકારે અને મોહનભાઇની અનેકવિધ સેવાઓ અને અનન્ય સાહિત્ય ઉપાસનાને અનુરૂપ તેમનું સ્મારક ઉભું કરવામાં આવે આવી નમ્ર ભાવે પ્રાર્થના છે.

પરમાનંદ

નિષ્ઠુરતાની પરાકાષ્ટા

(તા. ૭-૧૨-૪૬ ના જ્યોતિર્ધરમાં 'ઠંડી નિષ્ઠુરતા'ના મથાળા નીચે પ્રગટ થયેલ લેખમાંથી ઉપયોગી ભાગ નીચે સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. તંત્રી)

દશેક દિવસ ઉપર ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં Preparing for Winter in Berlin એ મથાળા નીચે એક લેખ જોવામાં આવ્યો. બર્લિનમાં શિયાળા માટે શી ખાસ તૈયારી કરવા માંડી હશે એના કુતુહલથી એ લેખ વાંચ્યો. લેખ વાંચતાં અમને જણાયું કે મહાયુદ્ધ દરમિયાન સૈનિકો અને સેનાપતિઓ અત્યંત ક્રૂર અને લાગણીહીન થઇ જાય છે એટલું જ નહિ પણ એ સમયમાં સામાન્ય નાગરિકોનાં હૃદય પણ દયાહીન થઈ જાય છે એ તો જાણીતી વાત છે, પરન્તુ યુદ્ધની સમાપ્તિ પછી પણ એ જાતની નિષ્ઠુરતા કાયમ રહે છે એ આ લેખ ઉપરથી જણાયું. બર્લિનમાં શિયાળા માટે શી તૈયારી થાય છે? લાખો નિરાધાર સ્ત્રીપુરૂષને ઠંડીથી બચવા વસ્ત્રદાન કરવાની? શિયાળાની ઠંડીને લીધે થનાં અનેક રોગો અટકાવવાની કે તેની સારવાર કરવા માટે દવા અને દવાખાનાની? અર્ધાં, ભૂખ્યાં અને ભૂખમરો વેઠતાં લાખો સ્ત્રીપુરૂષોને પુષ્ટિકારક ખોરાક પૂરો પાડવાની? ના, આ શિયાળા દરમિયાન ત્રીસથી ચાલીસ લાખ માણસો મરણશરણ થવાનો મોટો સંભવ છે, તેમની અત્યારથી કબરો ખોદાવવાની તૈયારી થાય છે! આ લાખો માણસોને દફનવવાનું સરળ થઇ પડે તે માટે સ્થાનિક મુખીઓને કબરો ખોદવાના હુકમો અપાઇ ચૂક્યા છે. કબરો અત્યારે ખોદાઇ રહી છે! પરંતુ કબર ખોદનારને પૂરતું પોષણ નહિ મળેલું હોવાથી એટલા ટૂંક સમયમાં એટલી બધી કબરો એ લોકો ખોદી શકશે કે કેમ તે સવાલ છે!

આ જાતનું વર્ણન હદની નિષ્ઠુરતાથી છાપામાં થયેલું વાંચીને આપણને જણાય છે કે જર્મની પ્રત્યેની દ્વેષની લાગણી સાથી રાજ્યોની પ્રજામાં કેટલી ઊંડી પ્રવેશ કરી ગઇ છે. યુદ્ધ દરમિયાન બર્લિન અને જર્મનીનાં બીજાં શહેરોનો જે સર્વનાશ થઇ ગયો છે તે આપણી કલ્પનામા પણ ન આવે એટલો ભયંકર છે. સંસ્થાઓનાં મકાનો, શાળાપાઠશાળાઓ, ઉદ્યોગનાં કારખાનાં, કલાધામો અને સંગ્રહસ્થાનો, ઇસ્પીતાલો અને આરોગ્યગૃહો હજારોની સંખ્યામાં ખંડેર થઇ પડયાં છે. જર્મનોનાં લાખો માણસોનો વિનાશ થઇ ગયો છે, એટલું જ નહિ પણ તેમની સંસ્કૃતિનો સર્વથા વિનાશ કરવામાં આવ્યો છે. "જર્મનીમાંથી અનિષ્ટ તત્ત્વોને નિર્મૂળ કરવા જતાં જર્મનોમાં જે સારાં તત્ત્વો હતાં તેનો પણ વિનાશ કરવામાં આવ્યો છે." જર્મનીના વિસ્તારમાં માણસોના માથાં સુધી જેટલાં ખંડેરો જોવામાં આવે છે એટલાં યુરોપના કોઇ ભાગમાં જોવામાં આવતાં નથી. યુદ્ધની ત્રિનાખોરીને પરિણામે જર્મનોએ પોતાનું સ્વાતંત્ર્ય, પોતાનું વ્યક્તિત્વ, પોતાનો ઇતિહાસ, સંસ્કૃતિનાં સાધનો, હુન્નરઉદ્યોગનાં સાધનો, ધનદોલત ઘરબાર બધું જ ગુમાવ્યું છે—"જીવનમાં કિમતી કહી શકાય એવી એકેએક વસ્તુ જર્મનોએ ગુમાવી છે."

જર્મનીમાં-પોતાના દેશમાં-જ ભૂખમરો અને સર્વરીતની નિરાધારતા ઓછી હોય તેમ પોલેન્ડ અને ચેકોસ્લોવેકીઆમાંથી સેંકડો અને હજારો જર્મનોને કોઇ પણ સાધન પૂરાં પાડયા સિવાય હાંકી કાઢવામાં આવે છે અને આ બધાં હતભાગી નિરાધાર નિરાશ્રિત સ્ત્રીપુરૂષો અને બાળકોનાં ટોળાં ને ટોળાં જર્મનીમાં ભરાતાં જાય છે. આ બધા નિરાધારોના પ્રવાહ માટે જર્મનીમાં ખોરાક, વસ્ત્રો કે રહેઠાણની કોઇ પણ જાતની સગવડ નથી. આ બધો હેવાલ બ્લીટઝના બાતમીદાર મિ. ઝકરીઆએ એ પ્રદેશમાં જાતે ફરીને મેળવેલો પ્રગટ થયો છે. શું માનવતાના સર્વ અંશો પશ્ચિમની વિજેતા પ્રજાઓમાંથી સર્વથા નાબૂદ થયા છે? છેલ્લાં ચાળીસ પચાસ વર્ષ દરમિયાન માનવજાતિએ અનેક દિશામાં કરેલી પ્રગતિનો વિચાર કરીએ છીએ અને તેની જ સાથે હૃદયની પાશવતાની અવધિનાં કાર્યો અનુભવીએ છીએ, ત્યારે આપણને અસાધારણ વિસ્મય તેમજ ખેદ થાય છે.

આપણી ભાષા

મારા એક મિત્ર (મુસ્લીમ ગિરાદર) હાલમાં 'શમ્શી' ઉપનામથી Blitz (બ્લીટ્ઝ) નામના અંગ્રેજી સાપ્તાહિકમાં "હમારા હિંદુસ્તાન" શિર્ષક નીચે રોમન હિંદુસ્તાનીમાં નિયમિત લેખ લખે છે. તેમની જોડે કેટલાક સમય પહેલાં લોકલ ટ્રેઇનમાં અચાનક પરિચય થયેલો ત્યારથી તેઓએ હિંદુસ્તાની ભાષા માટે મારો રસ તીવ્ર બનાવ્યો છે.

મને પણ ઘણા વખતથી લાગ્યાં કરે છે કે આપણે અંગ્રેજી ભાષાનો મોહ ઓછો કરી આપણી રાષ્ટ્રભાષા હિંદુસ્તાની અપનાવવી જોઇએ અને તેનો પ્રચાર ખૂબ વિસ્તૃત કરવા જોઇએ. કદાચ હિંદુસ્તાની જરા મુશ્કેલ લાગે તો હિંદી પર તો આપણે જરૂર કાબુ મેળવવો જોઇએ. આધુનીક કેળવણી અંગ્રેજી ભાષાને સૌથી વિશેષ મહત્વ આપે છે—તે બહુજ ખતરનાક છે. અંગ્રેજી ને બીજી પરદેશી ભાષાઓનું જ્ઞાન મેળવવું બહુ સારૂં છે, પરંતુ પછી અંગ્રેજીમાં જ "ટોમ ટોમ" કર્યાં કરવું અને આપણી રાષ્ટ્રભાવનાથી વિમુખ રહેવું—અરે, આપણી માતૃભાષા પરત્વે પણ બેદીલી સેવવી—એ ખરેજ કમનસીબ છે. અત્યારે તો જ્યાં જોઇએ ત્યાં અંગ્રેજી અંગ્રેજી જ થઇ રહ્યું છે. અંગ્રેજીનો ઉપયોગ ધંધાદારી વ્યવહારમાં, ઓફીસોના કામકાજ પુરતો અને પરદેશો—પરદેશીઓની જોડેના સંબંધો પુરતા જ મર્યાદિત કરવો ખાસ જરૂરી છે. પશ્ચિમી દેશોના પવન આપણા હિંદુસ્તાન માટે ઘણે અંશે ઝેરી છે અને તેમાંથી આપણે બચવું જ જોઇએ. ક્લબોમાં ને સોસાયટીઓમાં હળવા મળવાથી અને મંડળો-સમાજોમા કામ કરવાથી "સોશિયલ" (Social) થવાય છે એ ભ્રમ તળે અંગ્રેજીનો છુટથી વપરાશ વધે છે અને તે ખૂબ જ સસ્તો ને બેહુદો બની રહે છે.

આપણા રોજીંદા વ્યવહારોમાં અમુક અંગ્રેજી-પરદેશી શબ્દો સહજ બન્યા છે તે સ્વીકારી લેવું જોઇએ; પરંતુ કેટલાંક લોકો આપણી ગુજરાતી ભાષામાં છૂટાછવાયાં અંગ્રેજી શબ્દો એવા તો કઢંગી રીતે ભેળવી દે છે ને પોતે કંઇક જાણે છે એવો દંભ સેવે છે કે એ સ્થિતિ જોતાં હસવું જ આવે! અરે આપણાં ઘરની અંદર પણ આંતરિક વ્યવહારમાં અંગ્રેજીમાં વાતચીતો થાય છે, નાના બાળકોને અત્યારથી અંગ્રેજી ઢબે કેળવવામાં મગરૂબી મનાય છે, અંગ્રેજી શબ્દો પહેલાં શીખવવામાં આવે છે-એટલી હદે વાત ગઇ છે. એટલે હવે તો એને માટે કંઇક કરવું જ ઘટે. આપણા સમસ્ત દેશના ગૌરવને અનુરૂપ શું છે તે આપણે સમજવું જ જોઇએ. પહેલાં આપણી માતૃભાષા, રાષ્ટ્રભાષા અને પછી જ અંગ્રેજી ને બીજી પરદેશી ભાષા, એ જ કુદરતી છે; કૃત્રિમતાને ટાળવી જ જોઇએ. આશા રાખીએ કે હવે સાચી દિશામાં પ્રગતિ થશે જ!

ધીરૂભાઈ કાપડીઆ.

આળાં હૈયાં

શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણીનો 'આળાં હૈયાં'ના નામનો વાર્તાસંગ્રહ કેટલાંક અનિવાર્ય કારણોને લઇને હજુ સુધી ગુજરાતી જનતાના હાથમાં અમે મુકી શકયા નથી એ માટે અમે દિલગીરી જાહેર કરીએ છીએ. હવે એક પખવાડીઆમાં તે તૈયાર થઇ જશે અને તેના ગ્રાહકોને બહુ થોડા સમયમાં પહોંચાડી શકાશે એવી અમને પુરી આશા છે. વાર્તાસંગ્રહ ૨૨૫ થી ૨૫૦ પાનાનો થશે એ ગણતરી ઉપર અમે તેની કીંમત રૂ. ૨।। જાહેર કરી હતી. પણ તે પુસ્તક આશરે ૩૦૦ પાનાનું થવા જાય છે તેથી તેની કીંમત વધારીને અમોએ રૂ. ૩ નક્કી કરી છે. આમ છતાં પણ મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અને આજ સુધીમાં થયેલા પ્રબુદ્ધ જૈનના ગ્રાહકોને આ પુસ્તક મૂળ જાહેરાત મુજબ રૂ. ૨।। માં જ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૨૨

મુંબઈ: ૧૫ માર્ચ ૧૯૪૬ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૩

મારો ભાઈ! મારો બિરાદર!!

(આજથી દોઢેક વર્ષ પહેલાં 'એશીઆ એન્ડ ધી અમેરિકાઝ' નામના સુપ્રસિદ્ધ અંગ્રેજી માસિકમાં શ્રી મહમદઅલી આઝમ નામના કોઇ એક મુસલીમ લેખકનો લેખ 'My Brother's Face' એ મથાળા નીચે પ્રગટ થયો હતો. એ સુંદર લખાણનો શ્રી મોહનલાલ રૂપાણીએ તે લેખનો અનુવાદ કરી આપ્યો છે, જે અહિં નીચે પ્રગટ કરવામાં આવે છે. આજના પાકીસ્તાનના પ્રચારોથી દુષિત વાતાવરણ વચ્ચે નજીવું નિરૂપણ કોઇ એક પરીકથા જેવું અવાસ્તવિક લાગવા સંભવ છે, પણ જેણે આજના પાકીસ્તાનના પ્રચારથી પર રહીને દેશનું-ગામડાંઓનું-હરહંમેશનું જીવન જોયું છે અને જાણ્યું છે અને હિંદુ અને મુસલમાનો કેવાં ભાઇબાંધુની માફક હળીમળીને રહે છે અને મહોલ્લાતમર્યું જીવન જીવે છે એ જેમના સીધા અનુભવનો વિષય છે તેઓ આ લેખમાં રજુ કરવામાં આવેલ હિંદુ મુસ્લીમ એકતાના ખ્યાલની ચારિત્રિકતાને જરૂર સ્વીકારશે. અને હિંદુઓ અને મુસલમાનો ૨૪ કાલ સુધી એક હતા અને આજની પડતી ચલતે ભુલી જઇને ભવી કાલે પાછા એકતા એક થઇને રહેવાના છે એ સત્યની પ્રતીતિ જરૂર અનુભવગોચર કરશે. પરમાનંદ)

'ડુંગરાઓમાં રહેતાં એક દહાડો, કેટલેક દૂર મેં એક પ્રાણી જેવું કંઈક જોયું. હું જેમ જેમ નજીકમાં ગયો તેમ મને લાગ્યું કે એ પ્રાણી નહોતું પણ મનુષ્ય હતું. છેક પાસે જતાં મને ખાત્રી થઈ કે એ તો મારો બિરાદર હતો.'

હિંદના એક અતિ ઉંડા ખુણામાં આવેલ ગામડાના એક મુલ્લાને ત્યાં મારો જન્મ થયો હતો. મારા પ્રપિતામહ તેમજ મારા પિતામહ અરબી ભાષાના નિષ્ણાત ગણાતા અને અમારી કોમના ધર્મનેતાઓ તરીકે ખુબ ખ્યાતિ પામ્યા હતા. મારા પ્રપિતામહે તો મક્કાની પુણ્યભૂમિની યાત્રા પણ કરેલી.

મારા ગામડામાં કેવળ મુસ્લીમ વસ્તીજ હતી. અમારા જીલ્લામાં પણ મુખ્યત્વે મુસ્લીમ વસ્તીજ હતી. નજીકમાં નજીક હિંદુ કુટુંબ અમારા ઘરથી એક માઇલ ઉપર વસતું હતું. મારા કુળની પ્રણાલિકાઓ તેમજ સામાજિક વાતાવરણ અને બાળપણના શિક્ષણને પ્રતાપે પ્રત્યેક રીતે હું એક ચુસ્ત મુસ્લીમ તરીકેજ ઉછર્યો હતો. હું દિવસમાં પાંચ વખત નમાજ પઢતો. રોજ સવારના પહોરમાં કુરાનના કલમાઓ ગાતો અને રમજાન મહિનામાં ઉપવાસ કરતો. કુંકામાં સઘળી ક્રિયાઓ અને પ્રક્રિયાઓ એક મુસ્લીમ તરીકે હું ભક્તિભાવથી અને સતર્કતાથી આચરતો.

વર્ષમાં બે ચાર ઇદના ઉત્સવો જોવા માટે દૂર દૂર આવેલા ગામડાઓમાંથી હિંદુ બાળકોમાંથી એક પ્રત્યે મને બારે હેત હતું. કેમકે પ્રાથમિક શાળામાં અમે એક બીજાને ભણતા હતા. અમે ઉમ્મરમાં સરખા હતા પણ વર્ગને હિસાબે એ મારા કરતાં એક વર્ષ પાછળ હતો. કોઇને નવાઇ લાગે કે અચંબો ઉપજે પણ અમારો એક બીજા પ્રત્યે ભવ્ય અનુરાગ હતો. અમારા બન્નેના માતા પિતા જાણતા હતા કે અમે ભાઇબંધો હતા અને અમારી બાઇબંધી તેમને ગમતી. ધર્મભેદને અંગે કોઇ પણ સંકટ ઉપસ્થિત થવા પામતું નહોતું. મારા બચપણના આ દૈવતનો હું એકદમ અહેસાનમંદ છું,-કારણ કે હર્ષ કે શોકના દરેક અવસરમાં એ હમેશાં મારો ભાગી બનતો. મારા આ મિત્રને મારા પ્રત્યે મન અને પ્રીતિ પ્રધે એ દૃષ્ટિએ હું મારા અભ્યાસમાં સર્વ રીતે પરિશ્રમ સેવતો. જ્યારે મારી પરીક્ષાનાં પરિણામો પ્રસિદ્ધ થતા ત્યારે મારા ભાઇનું મુખડું અપૂર્વ ગૌરવથી મલકાતું એમ હું જોઈ શકતો. અમે અનેકવાર છાના છાના સાથે બેસીને ખાતા. એમાં કોઇ ધર્મ ભંગ અમે કરતા એવું અમને ભાન સુધ્ધાં ન થતું. ઉમ્મર જેમ જેમ મોટી થતી જતી હતી તેમ તેમ ઇસ્લામનું રહસ્ય મને વધારે ને વધારે સ્પષ્ટ થતું જતું હતું એમ મને લાગ્યા કરતું હતું. મારાં ધર્મનાં પુસ્તકો વાંચવા મેં શરૂ કર્યાં હતાં અને મનોસંયમ કેળવવા સારૂ મેં સખ્ત તપશ્ચર્યા આદરી હતી. મારી ઇચ્છા ત્યાગી અને પ્રેમમય જીવન અર્થે મારી જાતને તૈયાર કરવાની હતી મારી ચાલુ જીંદગીમાં આ તૈયારીથી ખાસ ભંગાણ પડયું નહોતું અને બીજાઓને પણ મારામાં કાંઇ ખાસ ફેરફાર દેખાતો નહોતો.

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ છોડયા પછી મહાશાળા અને વિદ્યાપીઠમાં હું અનેક હિંદુ યુવકોના સહવાસમાં આવ્યો. કોઇ હિંદુ વિદ્યાર્થી સાથે મારે તકરાર થઇ હોય એવું મને યાદ નથી. હિંદુ વિદ્યાર્થીઓ અને હિંદુ અધ્યાપકો વિષેનાં મારા સંસ્મરણો અત્યંત આનંદપ્રદ છે. કોઇ કોઇ હિંદુ આચાર્યો તો મારા તરફ પક્ષપાત રાખતા એમ મારે કબુલ કરવું રહ્યું. ફકત એક જ કિસ્સો એવો ગણી શકાય કે જેમાં હું અમુક એક હિંદુ શિક્ષકને દોષ દઇ શકું. વાત એમ હતી કે એ બ્રહ્મચર્ય શિક્ષકે મને ભૂલ ભૂલમાં કહી નાખેલું કે "તારો પ્રશ્નપત્ર મેં ખાસ બારીકાઇથી તપાસ્યો હતો. એમ ન કર્યું હોત તો જે હિંદુ વિદ્યાર્થી પ્રથમ પંક્તિમાં આવ્યો છે તેને તારા કરતાં અરધા દોકડાય ન મળ્યા હોત!" એક મુસ્લીમ શિષ્યને એક પુરેપુરા હિંદુ ગુરૂ તરફથી આનાથી વિશેષ શું પ્રમાણપત્ર મળી શકે? ઉપરોકત શિક્ષક વર્ગ પુરો કરીને ચાલ્યા ત્યારે તેમની મારી ઉપર કોઇ ખાસ નજર ન હોતી, પણ મને બરોબર યાદ છે કે તેનું મેં હું કોઇ દિવ્ય સ્મિત વડે શોભી રહ્યું હતું. એ મારા ભાઇના મુખડા ઉપર ઝળકી રહેલું દિવ્ય સ્મિત હું કેમ ભુલી શકું?

આપણા દેશની શાળાઓમાં, બૃહત્ શાળાઓમાં અને મહાવિદ્યાલયોમાં હિંદુ વિદ્યાર્થીઓ મુસલીમ વિદ્યાર્થીઓ કરતાં વધારે સારાં કપડા પહેરે છે, વધારે તંદુરસ્ત જોવામાં આવે છે અને વધારે દેખાવડા લાગે છે. હિંદી કોમનો હિંદુ વિભાગ વધારે પૈસાદાર જણાય છે અને વધારે સગવડો રહે છે. અક્ષરજ્ઞાનની તુલનામાં હિંદુ અને મુસ્લીમમાં શિખવાની શકિત સરખી હોય છે, પણ મોટે ભાગે હિંદુ વિદ્યાર્થી કેળવણીમાં આગળ વધતો જાય છે. એવા અનેક ઉદાહરણો મળી આવશે કે જેમાં હાઇસ્કુલના અભ્યાસમાં ઉતરતી શકિતવાળો હિંદુ વિદ્યાર્થી પાછળથી પુષ્કળ પ્રકાશમાં આવી જાય છે, જ્યારે એની જ સાથે ભણનારો મુસ્લિમ

વિદ્યાર્થી એના કરતાં વિશેષ બુદ્ધિશાળી હોવાં છતાં ખંતની ખામીને લીધે આગળ જતાં પાછો પડી જાય છે. સાહિત્ય, કળા, સંગીત વિજ્ઞાન વગેરેમાં હિંદુઓનો ફાળો વધારે હોય છે. આમાં ભલે કોઇ અપવાદો હોય.

હું કોઈ કોમી મુસ્લીમ શાળામાં કદી ભણ્યો નથી. જે જે શાળાઓમાં હું ભણ્યો છું ત્યાં કોઇ કોઇમાં મુસ્લીમોની સંખ્યા વિશેષ હતી તો કોઇ કોઇમાં હિંદુઓની સંખ્યા મુસ્લીમોથી વધારે હશે. વળી જે શિક્ષકો પાસે હું શિખ્યો છું તેમાં હિંદુઓ અને મુસ્લીમો ઉપરાંત યુરોપીયન શિક્ષકોનો પણ સમાવેશ થાય છે. હું ભણતો ત્યારે મારા વર્ગોમાં હિંદુ–મુસ્લીમ પ્રશ્ન ચર્ચાતો ખરો, પણ મને સાંભરે છે ત્યાં સુધી તેમાં કડવાશનો અંશ જોવામાં ન આવતો.

હિંદુ અને મુસ્લીમ પોશાકમાં અલબત તફાવત છે. હું જ્યારે સ્કુલમાં અને કોલેજમાં અભ્યાસ કરતો ત્યારે હું ખાસ કરીને મુસ્લીમ પોશાક જ પહેરતો. હું ભાગ્યે જોઇને હિંદુ પોશાક ન પહેરતો. પરચુરણ બાબતોમાં પણ હું એક ખરા મુસ્લીમ તરીકે રહેતો. દાખલા તરીકે સ્નાન કરતી વખતે મુખ કઇ દિશાએ રાખવું અને સુતી વેળાએ માથું કઈ તરફ હોવું જોઇએ એવી વિગતો પણ પાળતો. કોઇ હિંદુએ મને આમ ન કરવા આગ્રહ કર્યો હોય એમ મને સ્મરણમાં નથી. મારા હિંદુ મિત્રોમાં મારા પ્રત્યે જે ભાવ હતો તેમાં મારો મુસ્લીમ પોશાક અંતરાયરૂપ હતો એવું મને કોઇ દિવસ નથી લાગ્યું. માત્ર એક પ્રસંગની નોંધ લેવાનું મને મન થાય છે: મારા એક હિંદુ સ્નેહી પોતાના એક માનીતા ભોજનાલયમાં મને સાથે લઇ જવા આતુર હતા. પણ મારો પોશાક તેમાં આડખીલી હતો. હું ફેઝ ટોપી પહેરતો. મારા મિત્રે મારા પોશાકની બાબતમાં ઇસારો કર્યો વગર વિનોદમાં મારી ફેઝ પોતાના હસ્તમાં લઇ લીધી અને પોતાને માથે મૂકી દીધી. પછી પોતાને માથેથી લઇને પોતાના ખીસામાં તે મૂકવા જતા હતા. પણ મેં તો મારી ફેઝની માંગણી કરી. તેણે ના પાડવાની હિંમત ન કરી. મારા માથા ઉપર મારી ફેઝ મૂકતાં મેં તેને કહ્યું "ભાઇ, હું જાણું છું કે ત્યાં સર્વે હિંદુઓ હશે, પણ મારે પોશાકમાં ફેરફાર નથી કરવો. છુપી રીતે તેમનું સ્વાગત મળે તેના કરતાં ખુલ્લી રીતે તેમનો તિરસ્કાર મને વધારે પસંદ છે. આમ કહીને મેં ફેઝ પહેરી રાખી છતાં એ ભોજનાલયમાં અમે નિરાંતે જમી શકયા હતા."

વખતના વહેવા સાથે ઇસ્લામનું મારું જ્ઞાન વૃદ્ધિ પામતું ગયું અને હું વિશેષ ને વિશેષ દૃઢ રીતે મુસલમાન થતો ગયો. કુરાનમાં આ શબ્દો એક સ્થળે આવે છે. **"ધર્મના વિષયમાં બળાત્કાર ન હોય."** એટલે હું ધર્મને નામે આક્રમણ થાય તેને ધિક્કારું છું. એક અન્ય સ્થળે કુરાનમાં કહેલું છે કે **પ્રત્યેક પ્રજાને અને રાષ્ટ્રને પૈગમ્બર મોકલવામાં આવે છે.** એટલે હું માનું છું કે કૃષ્ણ અને બુદ્ધ જેવાઓ પ્રભુના જ પૈગંબરો હતા. મેં હિંદુ શાસ્ત્રો વાંચ્યાં છે. ભગવદ્‌ગીતા તથા ઉપનિષદો અને તે ઉપરાંત રામાયણ અને મહાભારત પણ મેં વાંચ્યાં છે. મનુસ્મૃતિ તેમ જ વેદાંતનું તત્વજ્ઞાન સમજવા મેં પુરતો પ્રયત્ન કર્યો છે. શ્રી રામકૃષ્ણ પરમહંસના ઉપદેશથી હું પરિચિત છું એ સર્વમાંથી મને આનંદ અને બોધ પ્રાપ્ત થયેલ છે. પણ ઇસ્લામમાંથી મને બૌધિક તેમ જ આધ્યાત્મિક તૃપ્તિ થતી રહેતી હોવાથી ધર્માંતર કરવાનો મને કદિ વિચાર સરખો પણ આવ્યો નથી. મારી માતા પ્રત્યે મને જેટલું માન છે તેટલું મને મારા ધર્મ પ્રત્યે છે અને મારી જન્મભૂમિ તરફ મારી જે ભાવના છે તે જ ભાવ મને મારા ધર્મ તરફ છે. મારા ધર્મ કે મારી જન્મભૂમિનો ત્યાગ કરવાનું મારાથી કદિયે ન બને–સ્વપ્નમાં પણ તે ન સંભવે. જેમ જેમ મારા ધર્મનું પાલન હું પ્રેમથી કરી રહ્યો છું તેમ તેમ અન્ય ધર્મો તરફ મને માન ઉત્પન્ન થતું રહ્યું છે અને તેના તરફ હું હંમેશા આદરભાવ અનુભવતો આવ્યો છું. પોતાના પિતા વિષે જે પુત્ર ભક્તિપ્રણત અને સત્યનિષ્ટ છે તેજ પુત્ર અન્યના માતાપિતા પ્રતિ આદરબુદ્ધિ દાખવી શકે છે.

ગંગા નદી પાર ઉતરવા માટે ચાલતી એક સ્ટીમરમાં હું એકવાર મુસાફરી કરી રહ્યો હતો. હું ડેક ઉપર બેઠો હતો અને એક પ્રાચીન હિંદુ ઋષિનો ગ્રંથ વાંચી રહ્યો હતો. એ ગ્રંથમાં એક સ્થળે આ શબ્દો મારા વાંચવામાં આવ્યા.

"સ્ત્રીમાં આત્મા નથી હોતો અને ઈશ્વરે તેને અબળા સર્જાવી છે." આ મને જરાય ન ગમ્યું. સ્ટીમર પર અમારી સાથે એક હિંદુ સાધ્વી પણ પ્રવાસ કરી રહેલ હતા. મેં મુસ્લીમ પોશાક જ પહેર્યો હતો તો પણ હું તેની પાસે પહોંચ્યો અને માનપૂર્વક પણ સ્પષ્ટ રીતે મારા મનમાં જે પ્રશ્ન ઘોળાઇ રહ્યો હતો તે મેં તેમને પૂછ્યો.

"તમે સ્ત્રી નથી? તમે અબળા નથી? આત્મદર્શનમાં તમને અંતરાય નથી?" એ સાધ્વીએ હાસ્ય સાથે ક્ષણભર વિચાર કર્યા વિના મને પ્રત્યુત્તર આપ્યો.

"આત્માના ક્ષેત્રમાં પુરૂષ અને સ્ત્રી એવા ભેદોનું અસ્તિત્વ જ ક્યાં છે? તમે એક પુરૂષ હોવા છતાં જો મારાથી આત્મસ્વરૂપમાં નિર્બળ હો તો તમે સ્ત્રી છો. સ્ત્રી અબળા છે એવું કશું ન માનશો. હા, જે નિર્બળ છે તે સ્ત્રી છે. પછી તેની જાતિ ગમે તે હોય. આત્માને જાતિ સાથે સંબંધ ન હોઇ શકે."

મારી આટલી જીંદગીમાં કોઇએ મને આવો ચોખ્ખો જવાબ નથી આપ્યો. આટલા થોડા શબ્દોમાં આવો મહાન પ્રત્યુત્તર મને કોણ આપી શકે? મને આજ લગીમાં જે સાધુસાધ્વીઓનાં દર્શન થયાં છે તેમાં હું આ સાધ્વીને એક યોગીની જ માનું છું અથવા 'યોગી' જ કહું છું. આ કથન માટે શું પુરાવો જોઇએ છે? એ યોગિનીનું મુખારવિંદ, એનાં નયન, એનું સ્મિત જાણે કે દેવાંશી હોય એમજ તમને ભાસ્યા વિના ન રહે.

એક અન્ય જીવન–પ્રસંગનું હું વર્ણન કરું? એકવાર એક એક હિંદુ વયોવૃદ્ધ નારીએ અમને ચાર સમવયસ્ક યુવાનોને પોતાને ત્યાં નિમંત્રણ હતા. આમાંથી ત્રણ યુવાનો તો હિંદુ હતા અને હું એકલો જ મુસ્લીમ હતો. એમનાં સ્વામી પણ ઘરમાં એ વખતે હાજર હતા. મારા ત્રણ સાથીઓએ રજા માગ્યા પછી પણ મને એમણે રોકાવા કહેલું એ ઉપરથી મને લાગ્યું કે એમને મારા તરફ વધુ લાગણી ઉપજી હશે. મારા ધારવામાં પણ નહિ તે મુજબ તેમણે તો મને પોતાના ઘરની અંદરના ભાગમાં સઘળું બતાવ્યું. લઇ જઇને જે સ્થળે તેમનું દેવઘર હતું ત્યાં પણ તેઓ મને લઇ ગયાં. આમ જે જગ્યાએ મુસ્લીમને પ્રવેશ ન મળે ત્યાં પણ મને તેમણે ખેંચી ગયા હતા. દેવપૂજનને સ્થળે જતાં મેં મારા પગરખાં કઢી નાખ્યાં હતાં. ઘરનાં બાળકો પણ મારી સાથે વાતચીતમાં ભળી ગયાં હતાં. એકવાર એજ સન્નારીએ મને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપેલું ત્યારે મને મિષ્ટાન્નો વગેરે ધરતાં તેમણે કહેલું કે 'મને તમારા પર મારા દીકરા જેટલું વ્હાલ આવે છે. તમે જાણે કે મારા પોતાના સંતાન હો એવો ભાવ મને ઉપજે છે. તમે (મુસ્લીમો) પુનર્જન્મમાં નથી માનતા તો પછી મને તમારા પ્રતિ આવો સ્નેહ કેમ ઉદ્‌ભવે? તમે પૂર્વ જન્મમાં જરૂર મારા પુત્ર હશો. આ સાંભળીને કોઇનું પણ દિલ હલી ઉઠયા વિના કેમ રહે!' આ સન્નારીને હું તો માતા તરીકે જ નિહાળું છું. જે એક વખત મારા માટે કેવળ અજાણી વ્યક્તિ હતી તે આજે પોતાના કેવળ નિઃસ્વાર્થ પ્રેમ અને વાત્સલ્યને લીધે ખરેખર જ મારી માતા બની રહી છે.

અપૂર્ણ

અનુવાદક–મોહનલાલ રૂપાણી

કેટલાક સમાચાર અને નોંધ

જૈન કથાઓ અને સીનેમા ચિત્રપટ.

શાહ મહેતા પ્રોડક્શન નામની એક સીનેમા ફીલ્મ કંપની તરફથી 'શ્રીપાળકુમાર અને મયણા સુંદરી' તથા 'ભરત ચક્રવર્તી' એમ બે ચિત્રપટો તૈયાર થઈ રહ્યાં છે એવી થોડા દિવસ પહેલાં મુંબઇ સમાચારમાં તેમ જ અન્ય દૈનિકોમાં જાહેરાત પ્રગટ થવાથી જૈન સમાજમાં આ સામે ચર્ચાક્ષોભ શરૂ થયો છે અને કેટલાક સ્થળેથી જૈન કથાઓ અને જૈન મહાપુરૂષોનાં ચરિત્રો સીનેમા-ચિત્રપટમાં ઉતરે એ સામે વિરોધ પ્રગટ થઇ રહ્યો છે. આ પ્રસંગે આ પ્રશ્નની જરા વિગતથી ચર્ચા કરવામાં આવે તો અસ્થાને નહિ ગણાય.

દરેક ધર્મના અનુયાયીઓને પોતપોતાના ધર્મના પ્રચારની સ્વાભાવિક આકાંક્ષા હોય છે અને જે વખતે જે સાધનો સુલભ હોય તે સાધનો વડે પોતાના ધર્મનો પ્રચાર કરવામાં દરેક ધર્મશ્રદ્ધાળુ માનવીએ પોતાના જીવનની કૃતાર્થતા માની છે. જ્યારે મુદ્રણકળા અસ્તિત્વમાં નહોતી આવી ત્યારે ધર્મોપદેશકો, હસ્તલિખિત ગ્રંથો અને ભીંતપરના કે ધર્મગ્રંથોના પાનાંઓ ઉપર આલેખાયલાં ચિત્રોદ્વારા ધર્મનો પ્રચાર અને ફેલાવો કરવામાં આવતો. મંદિરો તેમજ મૂર્તિઓ પાછળ પણ ધર્મ પ્રચારનો જ આશય રહેતો. કાળાન્તરે મુદ્રણકળા આવી, અને ધર્મપ્રચાર અર્થે આ શોધનો પણ પુરેપુરો લાભ ધર્મપ્રચારકોએ લેવા માંડ્યો. શરૂઆતમાં વેદ કે આગમો છાપખાનામાં છપાય તે સામે બે કારણે વિરોધ કરવામાં આવ્યો. (૧) પુસ્તક પાનાની આશાતના થાય (૨) છપાયલાં વેદો કે આગમો જેના તેના હાથમાં જાય. આવો વિરોધ જેણે એક કાળે ખુબ દૃઢતા-પૂર્વક રજુ કર્યો હતો તેવા આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરિએ પોતે જ આગમો છપાવ્યા અને તેનો ચોતરફ ફેલાવો કર્યો. આવી જ રીતે આજના વખતમાં ધર્મપ્રચાર માટે બીજાં અનેક સાધનો–કેટલાક કંઇ કંઇ યુગથી ચાલી આવતાં અને કેટલાંક નવાં શોધાયલાં–સર્વ પ્રચારસાધનોનો સૌ ધર્મપ્રિય બંધુઓએ વિચાર કરવો ઘટે છે. આવાં સાધનોમાં ચિત્રો, નાટકો અને આજના બોલતાં ચિત્રપટોનો સમાવેશ થઇ શકે છે. આજે પણ જૈન સમાજના રૂઢિચુસ્ત વર્ગનો જૈન તીર્થંકરના ચિત્રો તેમજ તેમનાં તેમજ અન્ય જૈન મહાપુરૂષોનાં નાટકો સામેનો વિરોધ ચાલુ છે. કેટલાક સમય પહેલાં એક નાટક કંપનીએ 'નેમ રાજુલનું' નાટક તૈયાર કર્યું હતું, જે જૈનસમાજના સ્થિતિચુસ્ત વિભાગના વિરોધના કારણે ભજવી શકાયું નહોતું. સદ્‌ગત નાટ્યકાર ડાહ્યાભાઇ શાણધોળને જૈનોનો વિરોધ ટાળવા ખાતર શ્રીપાળ-રાજાના ચરિત્રનું વીણાંવેલીના નાટકમાં રૂપાન્તર કરવું પડ્યું હતું. આવો જ વિરોધ આજે તૈયાર થઇ રહેલ 'મયણા સુંદરી અને શ્રીપાળ'ની તેમજ 'ભરત ચક્રવર્તી'ની ફીલ્મો સામે થઇ રહ્યો છે.

જે ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મના પ્રચારને ચાહતા ન હોય, પોતાના ધર્મની ભાવનાઓનો ફેલાવો થાય અને પોતાના ધાર્મિક પુરૂષોની મહત્તાને વિશાળ જનતા સમજે એવી અપેક્ષા ધરાવતા ન હોય એવા લોકોનો વિરોધ સમજી શકાય તેમ છે. વળી જે ધર્મનો બહુ જ બહોળો ફેલાવો હોય તેવા ધર્મના અનુયાયીઓ આવાં પ્રચારસાધનો પ્રત્યે ઉદાસીન હોય એ પણ સમજી શકાય એમ છે. પણ જે ધર્મ વિશ્વધર્મ બનવાની યોગ્યતા ધરાવે છે એમ દાવો કરવામાં આવે છે એમ છતાં પણ જે ધર્મના અનુયાયીની સમગ્ર સંખ્યા આજે બારથી પંદર લાખ જેટલી મર્યાદિત છે, તે ધર્મના અનુયાયીઓ આ રીતના પ્રચારનો ક્રમ વિરોધ કરતા હશે એ સમજી શકાતું નથી. આજે કોઇ પણ બાબતના વિશ્વવ્યાપી પ્રચારનું કોઇ સહજ સુલભ સાધન હોય તો તે સીનેમા ફીલ્મ છે. આનો ઉપયોગ ઝડપી લેવા માટે જૈન સમાજે તો સૌથી આગળ પડીને પહેલ કરવી જોઇએ. આજે આ વિશાળ જગતમાં ભગવાન મહાવીર કે પાર્શ્વનાથને કેટલા લોકો જાણે છે? જૈન સાધુ કેવા હોય, સાધ્વીઓ કેવી હોય, જૈનોનાં મંદિર કેવાં હોય, જૈન મૂર્તિઓ કેવી હોય, આ વિષે આજની દુનિયા કેટલી અલ્પ માહીતી ધરાવે છે? જૈન મહાપુરૂષોથી તો દુનિયાનો મોટો ભાગ કેવળ અજાણ અને અજ્ઞાત છે. જૈન ધર્મ વિષેનું, જૈન ધર્મના મહાપુરૂષો વિષેનું અજ્ઞાન ટાળવાનું એક અતિ મહત્વનું સાધન સીનેમા અને સીનેમા ફીલ્મ જ છે. આમ કરવાથી ધર્મની આશાતના થાય, તીર્થંકર દેવની અવજ્ઞા થાય–આ કલ્પના ખાલી વહેમ અને અજ્ઞાન છે. પહેલાના વખતમાં જૈન નાટકો ભજવાતાં–એવા અનેક ઉલ્લેખો પૂર્વકાળની જૈન કથાઓમાંથી મળી આવે છે. આ નાટકો ભજવાતાં હશે ત્યારે કોઇ તીર્થંકરનો તેમજ કોઇ જૈન સાધુ કે સાધ્વીનો વેશ જરૂર ભજવતું હશે અને આ વેશ ભજવનારા સર્વ કોઇ પવિત્ર સ્ત્રી પુરૂષો હશે એમ માનવાને કશું જ કારણ નથી. એ નાટકનું સ્થાન આજે બોલતું ચિત્રપટ લે છે. એવાં ધાર્મિક ચિત્રપટોને ઉત્તેજન આપવું, વિકસાવવાં –એ આજે આપણું એક વિશિષ્ટ કર્તવ્ય છે. આજે હિંદુધર્મની અનેક કથાઓ સીનેમા ફીલ્મમાં ઉતરી છે અને તેથી હિંદુધર્મને જરા પણ નુકસાન થયું નથી–બલ્કે તેના પ્રચારને –તેને લગતી સમજણને–ભારે વેગ મળ્યો છે. સીનેમાની ફીલ્મમાં ઉતરેલ રામે અને કૃષ્ણે રામભક્તિ અને કૃષ્ણભક્તિનો ખુબ પ્રચાર કર્યો છે. સંત તુકારામની ફીલ્મ જોઇને કોણ મુગ્ધ થયું નથી? હમણાં તાજેતરમાં જ પ્રગટ થયેલી આમ્રપાલીની ફીલ્મમાં બૌદ્ધ સાધુઓનાં દર્શન કરીને બૌદ્ધ ધર્મ વિષે કોણે આદર નથી અનુભવ્યો? દરેક ધ્રસ્ટરના તહેવારોમાં મુંબઇમાં ધ્રુવ ખ્રીસ્તની ફીલ્મ જાહેર જનતાને નિયમિત રીતે દેખાડવામાં આવે છે. ભગવાન બુદ્ધ અને ધ્રુવખ્રીસ્ત કરતાં શું ભગવાન મહાવીરનું ચરિત્ર જરા પણ ઉતરતું કે ઓછું ભક્તિ-પ્રેરક છે? એમ છતાં પણ ભગવાન

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ
વાર્ષિક સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૪-૩-૪૬ રવિવારના રોજ બપોરના ત્રણ વાગે નીચે જણાવેલ સ્થળે મળશે, જે વખતે નીચે મુજબ કામકાજ હાથ ધરવામાં આવશે.

(૧) ગત વર્ષનો વૃત્તાન્ત તથા તપાસાયલો હિસાબ મંજુર કરવો.

(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજુર કરવું.

(૩) બંધારણ અનુસાર નવા વર્ષ માટે પ્રમુખ, ઉપપ્રમુખ, બે મંત્રીઓ તથા કોષાધ્યક્ષ તેમજ કાર્યવાહક સમિતિની ચુંટણી કરવી.

(૪) હિસાબ નિરીક્ષકની નિમણુંક કરવી.

આ સભામાં સંઘના સર્વ સભ્યોને વખતસર હાજર થવા વિનંતિ કરવામાં આવે છે.

મણિલાલ મોકમચંદ શાહ
વ્રજલાલ ધરમચંદ મેઘાણી
રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સ્થળ: શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સ કાર્યાલય, ગોડીજીની ચાલ, બીજે માળ, પાયધુની.

સમય: તા. ૨૪-૩-૪૬, રવિવાર, બપોરના ૩.

તા. ક.:–સંઘના ચઢેલાં વાર્ષિક લવાજમો સાથે લેતા આવવા સર્વ સભ્યોને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

મહાવીર કોણ હતા અને ક્યારે થઇ ગયા એ આજે એક લાખમાં એકસો માણસ પણ જાણતા નહિ હોય. વળી કોનો પાઠ કોણ ભજવે છે એ પ્રશ્નના ઉંડાણમાં પણ કોઇએ ઉતરવાની શી જરૂર છે? થોડા વખત પહેલાં જેના ઉપર મુંબઇની જનતા આફરીન થઈ હતી તે ભરત મિલાપ અને રામરાજ્યમાં રામનો પાઠ ભજવનાર વ્યક્તિ મુસ્લીમ હતી. તે ભાઇ મુસ્લીમ હોવા છતાં રામના પાત્રને તેણે અપૂર્વ રીતે શોભાવ્યું હતું. આવી ફીલ્મો સંબધે ચિન્તાનો વિષય તો એક જ માત્ર હોઇ શકે છે અને તે એ કે જૈન કથાઓ જો ફીલ્મમાં ઉતરવાની હોય તો તે યોગ્ય રીતે ઉતરવી જોઇએ. આવી પવિત્ર વસ્તુઓ જરા પણ વિકૃત આકારમાં રજુ થવી ન જોઇએ. જૈન ધર્મ વિષે કે જૈન ધર્મના મહાપુરૂષો વિષે જરા પણ ખોટો ખ્યાલ ફેલાવે એવું કશું આવી ફીલ્મમાં આવવું ન જોઇએ. આ વાંધો અને આવો આગ્રહ જૈન સમાજનો વ્યાજબી છે અને એ બાબત તરફ ઉપર જણાવેલું સાહસ ખેડવા ધારતી ફીલ્મ કંપનીના સંચાલકોનું આપણે પુરેપુરૂં ધ્યાન ખેંચવું જોઇએ. આ સિવાય બીજો કોઇ પણ વાંધો કે વિરોધ વ્યાજબી નથી. આવો વિરોધ કરીને એક પ્રાગતિક સાધનનો લાભ લેવાથી વંચિત રહેવું એમા જરા પણ શાણપણ નથી. એમ કરવાથી આપણે હતા ત્યાંના ત્યાં રહીશું અને વેગથી આગળ વધી રહેલી દુનિયાના કેવળ હાંસીપાત્ર બનીશું.

આવાં ચિત્રપટોમાં જૈન મંદિરો ન આવે, જૈન મૂર્તિઓ ન આવે એવો આગ્રહ પણ અર્થ વિનાનો છે. જૈન સંસ્કૃતિના વિકાસમાં જૈન મંદિરો અને જૈન મૂર્તિઓએ ઘણો મોટો ભાગ ભજવ્યો છે. જૈન મંદિરો અને જૈન મૂર્તિઓ જૈન સંસ્કૃતિના અપૂર્વ પ્રતીક છે. જો જૈન ફીલ્મમાં જૈન મંદિર ન આવે અને જો જૈન મંદિરમાં જૈન મૂર્તિનુ દર્શન ન થાય તે ફીલ્મ અને તેમાં ઉતરેલ જૈન મંદિર અત્યન્ત ઉણાં લાગવાનાં. વસ્તુતઃ દેવગુરૂની આશાતનાને લગતાં આપણા કેટલાક ખ્યાલો બહુ જ આળાં અને અનિશ્ચયતાભરેલા છે. જો આજની દુનિયા સાથે આપણે ચાલવું હોય અને આપણા ધર્મ અને આપણી એક વિશિષ્ટ સંસ્કૃતિનું વર્ચસ્વ આજની બેચેન દુનિયા ઉપર સ્થાપવું હોય તો ધર્મઅવજ્ઞા અને આશાતનાને લગતા કેટલાક રૂઢ ખ્યાલોને બાજુએ રાખીને ચિત્રો, નાટકો તેમ જ ચિત્રપટો દ્વારા જૈન ધર્મની વિવિધ બાજુઓને, જૈન મહાપુરૂષોના લોકોત્તર ચરિત્રોને, જૈન શિલ્પ અને સ્થાપત્યની ભવ્યતાને બને તેટલી સુન્દર અને સચોટ રીતે રજુ કરવા માટે આપણે સૌએ ઉદ્યુકત થવું જોઇએ અને આ માટે આપણા સારા નસીબે આજનો ફીલ્મ ઉદ્યોગ કેટલાક જૈન બંધુઓના હાથમાં આવી પડયો છે તે ખુશનસીબ પરિસ્થિતિનો આપણે બને તેટલો લાભ ઉઠાવવો જોઇએ. જો તેઓ, સંત તુકારામ, તુલસીદાસ, સુરદાસ, નરસિંહ મહેતા જેવા સન્તો અને મહાપુરૂષોના ચારિત્રને ફીલ્મોમાં ઉતારી તેમને જગવિખ્યાત બનાવતા હોય તો હેમચંદ્રાચાર્ય, અને આનંદઘન, શ્રેણીક અને કુમારપાળ, સિદ્ધસેન દિવાકર અને હરિભદ્ર સૂરિ જેવા મહાનુભાવોના ચરિત્રોને શા માટે ફીલ્મમાં ન ઉતારે? એવી જ રીતે ભગવાન મહાવીર, ગણધર ગૌતમ અને મહાસતી ચંદનબાળાનું આજના જગતને ફીલ્મદ્વારા દર્શન કેમ ન કરાવે?

કેટલીક બાજુઓથી એવો વાંધો ઉઠાવવામાં આવે છે કે આવી ફીલ્મો તૈયાર કરવામાં આવશે તો લોકો જૈન ધર્મની હાંસી થશે. અને જૈન મહાપુરૂષો લોકોનો ઉપહાસ કરશે. આ ભીતિ પાયા વિનાની છે. આનો અર્થ તો એમ થાય કે આપણા ધર્મમાં અને મહાપુરૂષોના ચરિત્રમાં એવું કાંઇક છે કે જે બહારની દુનિયાને બતાવવામાં આવે તો તેને ઉપહાસયોગ્ય લાગે. વસ્તુતઃ જો અન્ય ધર્મની કથાઓ અને ચરિત્રનાં ફીલ્મ-નિરૂપણો તે તે ધર્મને ગૌરવપ્રદ બન્યા હોય તો જૈન કથાનાયકો કે ઐતિહાસિક વ્યક્તિઓ સંબંધમાં આવી ભીતિ ધરાવવાને કશું જ કારણ નથી. કોઇ ફીલ્મમાં શ્રીકૃષ્ણ અને ગોપીઓના ચરિત્રનું અમુક રીતે કરાયલું નિરૂપણ શ્રીકૃષ્ણની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે એવું થયું હોય એ ઉપરથી આવું સાર્વત્રિક અનુમાન કરવું અને ધર્મજોખમની ભીતિ અનુભવવી એ યોગ્ય નથી. વસ્તુતઃ કૃષ્ણ-ગોપીને લગતાં મૂળ ધર્મશાસ્ત્રોનાં વર્ણનો પણ એવાં છે કે જે આપણી નૈતિક ભાવનાને આઘાતક લાગે. મૂળ જેનું વિકૃત તેનું પ્રતિબિંબ વિકૃત બને એ સ્વાભાવિક છે. પણ જૈન સાહિત્ય અને કથાઓમાં આવી ભીતિ ધરાવવાને કશું પણ કારણ હોય એવી કોઇ વસ્તુ કે વિચાર છે જ નહિ.

આ ઉપરાન્ત આ માટે ફીલ્મ સેન્સર તો હોય જ છે કે જેનું કામ કોઇ પણ ધર્મના અનુયાયીઓની લાગણી દુભાય એવી ફીલ્મો જાહેર જનતા સમક્ષ રજુ થતી અટકાવવાનું છે. વળી જૈન સમાજ પણ જીવતો અને જાગતો બેઠો છે. તે પણ આવી કોઇ અનિષ્ટ ફીલ્મને કેમ ચાલવા દેશે? પણ રખેને આપણો ધર્મ ખોટા આકારમાં રજુ થાય, આપણા મહાપુરૂષો વિકૃત આકારમાં નિરૂપિત થાય, આવા ભયને વશ થઇને ધર્મપ્રચાર માટેના આજના યુગના એક અમોઘ સાધનના ઉપયોગથી દૂર રહેવું અને જૈન ધાર્મિક ચિત્રપટોનો મૂળમાંથી વિરોધ કરવો એ તો કોઇ પોતાને મળેલા જ્ઞાનનો દુરૂપયોગ કરે એવા ખ્યાલથી ભરમાઇને જ્ઞાનપ્રચારની સદન્તર અટકાયત કરવા નીકળવા બરાબર છે. આ બધી બાજુનો ધ્યાનમાં લેતાં આજે જન્મ પામી રહેલાં 'મયણા સુન્દરી' અને શ્રીપાળ' કે 'ભરત ચક્રવર્તી'નો ચિત્રપટોની અટકાયત કરવાનો વિચાર કરવાને બદલે આવાં ચિત્રપટો સારામાં સારી કંપનીઓના હાથે સંસ્કારી અને જૈન ધર્મના ખાસ જાણકારોની મદદ વડે ઉત્તમ પ્રતિનાં કેમ નિર્માણ થાય-એ દિશાએ જૈન આગેવાનોએ પ્રવૃત્ત થવાની ખાસ જરૂર છે. આમ કરવાથી જે અનર્થની ભીતિ છે તે દૂર થશે અને અહિંસા અને અનેકાન્ત માર્ગના જન્મદાતા ભગવાન મહાવીરના ઉજ્જવળ ધર્મનો એક નવી દિશાએ ઉદ્યોત થશે અને જૈન ધર્મથી અજાણ એવી મોટા ભાગની દુનિયાને જૈન ધર્મ અને જૈન દર્શનની ભવ્યતાને ભિન્ન ભિન્ન આકારમાં નજરે નિહાળવાની તક સાંપડશે.

કુસુમથી પણ મૃદુ અને વજ્રથી પણ કઠોર!

જેમણે સંસારના પ્રપંચથી છુટા થઇને નિવૃત્તિ માર્ગ ગ્રહણ કર્યો છે અને સત્ય અને અહિંસાને અંગીકાર કરીને આત્મસાધનાને માર્ગે જેઓ વળ્યા છે તેમને માટે સાધારણ રીતે સામાજિક અથડામણનો કોઇ પ્રસંગ ઉભો થતો નથી અને ભિન્ન ભિન્ન વ્યક્તિઓ સાથેના ભિન્નભિન્ન વ્યવહારધર્મની મુંઝવણ પણ ઉભી થતી નથી. પણ જે સંસારમાં રહે છે, સમાજની આગેવાની કરે છે, દેશના ઉધ્ધારની જવાબદારી સ્વીકારે છે, જનકલ્યાણ-સાધના અને જનસેવા એ જેના જીવનનો નિત્યવ્યવસાય છે, તેના માટે સત્ય અને અહિંસાના માર્ગે ચાલતાં અનેક અથડામણના પ્રસંગો આવે છે અને તેવા પ્રસંગે તેને કદિ કદિ અત્યંત કઠોર બનવાની ફરજ પડે છે. આવી એક ઘટના તાજેતરમાં ગાંધીજી સંબંધમાં બની ગઇ. નાગપુરના જાણીતા આગેવાન અને ત્યાંની પ્રાંતિક કોંગ્રેસ કમીટીના પ્રમુખ જનરલ અવારીને અને તેમના કેટલાક સાથીઓને મધ્ય પ્રાંતની ધારાસભા માટે કોંગ્રેસનું પાર્લામેંટરી બોર્ડ જેના પ્રમુખ સરદાર વલ્લભભાઇ પટેલ છે તે બોર્ડે પસંદ ન કર્યા. આમ કરવામાં સરદાર વલ્લભભાઇ પટેલે અને પાર્લામેન્ટરી બોર્ડે એક ભારેમાં ભારે અન્યાય અને અધર્મ કર્યો છે એમ સમજીને તે સામે વિરોધ દર્શાવવા માટે જનરલ અવારી ઉપવાસ ઉપર ઉતર્યા. આમ કરતાં ગાંધીજીએ તેમજ સરદાર વલ્લભભાઇએ તેમને બને તેટલા વાર્યા, પણ જનરલ અવારી એકના બે ન થયા અને તેમના ઉપવાસ ચાલુ રહ્યા. સદ્‌ભાગ્યે આજે તો તેમણે ઉપવાસ છોડયા છે પણ જ્યારે તેમના ઉપવાસ ચાલતા હતા, દિવસ ઉપર

દિવસ ચઢતા જતા હતા, તેઓ ક્ષીણ થતા જતા હતા અને ગાંધીજી ઉપર જનરલ અવારીની માંગણીઓ મંજુર કરીને તેમને બચાવવા માટે ચોતરફથી અત્યન્ત દબાણ થઇ રહ્યું હતું તે વખતે ગાંધીજીએ એક ભારે લાક્ષણિક નિવેદન પ્રગટ કર્યું હતું. આ નિવેદન નીચે મુજબ હતું.

"જનરલ અવારીની જીંદગી જે આજે કુમતી સ્થિતિમાં છે તેને બચાવવા માટે મારી મદદની માંગણી કરતાં તારો અને કાગળોનો મારી ઉપર વરસાદ વરસી રહ્યો છે. હું જનરલ અવારીને જાણું છું. તેમના ઉપર આપણને સહેજે ભાવ આવે એવા તેઓ એક કાર્યકર્તા છે. પણ હું એ પણ જાણું છું કે તેઓ કેટલીક વાર અયોગ્ય રીતે હઠ પકડી બેસે છે. આજનો અવસર આવો જ એક પ્રસંગ છે. કોઇ પણ માણસ પછી તે ગમે તેટલો મોટો અને લોકપ્રિય હોય તો પણ જો તે કોઇ ખોટી બાબતની હઠ પકડી બેસે અને એવી ખોટી બાબત સિદ્ધ કરવા માટે ઉપવાસ ઉપર જાય તો તેના મિત્રો (જેમાં હું પણ મારી જાતનો સમાવેશ કરું છું), સહકાર્યકર્તાઓ અને સગાં સંબંધીઓનો તે જીવે અને કોઇ પણ ખોટું કાર્ય સધાય તેને બદલે તેને મરવા દેવાનો ધર્મ થઇ પડે છે. જો સાધ્ય અયોગ્ય હોય તો સાધનો ગમે તેટલાં યોગ્ય હોય તો પણ પોતાની યોગ્યતા ગુમાવે છે. જનરલ અવારીનો હેતુ અયોગ્ય છે, અણઘટતો છે. એ બાબત એકે વાર ફરીને મારે જણાવવી જોઇએ. કોંગ્રેસના પાર્લામેન્ટરી બોર્ડે એક મહા અન્યાય કર્યો છે એમ કહેવામાં તેઓ તદ્દન સાચા હોઇ શકે છે, પણ આ અન્યાય કોણ સુધારી શકે? જનરલ અવારી કહે છે તેમ સરદાર વલ્લભભાઇના હાથની આ વાત નથી. જો કે તેઓ સરદાર છે એમ છતાં પણ તેઓ આખરે એક વ્યકિત છે. એમણે બોર્ડનો ચુકાદો જાહેર કર્યો છે. ન્યાયાધીશ પોતાના ચુકાદા ઉપર ફરી તપાસ ચલાવી ન શકે. મધ્યવર્તી બોર્ડ પણ આ કરી ન શકે તેમજ આવી પુનઃ તપાસ તેણે કરવી પણ ન જોઇએ. તેને કોઇ આવી સત્તા નથી. વ્યવસ્થિત લોકશાસિત તંત્રમાં કોઇ પણ સંસ્થા પોતાને ફાવે તેમ વર્તી શકતી નથી. જનરલ અવારી આ બાબતમાં પુનઃ તપાસ માટે કોંગ્રેસની કારોબારીને અપીલ કરી શકે છે. તેથી સંતોષ ન થાય તો અખિલ હિંદ મહાસભા સમિતિને અને છેવટે કોંગ્રેસ સુધી પણ તેઓ જઇ શકે છે. આ ક્રમ તેમને બહુ લાંબો લાગવા સંભવ છે. પણ જો તેઓ કોઇ અમુક વ્યકિત કે વ્યકિતઓ માટે નહિ પણ કોઇ એક સિધ્ધાંતની ખાતર લડતા હોય તો આ ક્રમ લાંબો નથી. સિધ્ધાન્ત ખાતર લડતા માણસ માટે તો સમયનો વિલંબ લાભની વસ્તુ છે. ન્યાય મેળવવા માટે જે સૌથી મોટી અદાલત ગણાય તે કોંગ્રેસનું અધિવેશન જો જનરલ અવારીની વિરૂદ્ધ ચુકાદો આપે તો તે ચુકાદાને જનરલ અવારીએ આધીન થવું રહ્યું. કોંગ્રેસ એ આપણી પંચાયત છે. રાજા માફક તેના હાથે કદિ અન્યાય થવાનું સંભવિત નથી. આપણા કર્તવ્યપાલનના માર્ગદર્શન માટે આ એક જરૂરી અને બ્યાજબી કલ્પના છે. ખરી રીતે તો સર્વ ગુન્હાઓની તપાસમાં માનવનિર્મિત સંસ્થાઓના નિર્ણયો કેટલીક વખત ભુલભરેલા માલુમ પડયા છે, તેમ પ્રસ્તુત ચર્ચાસ્પદ બાબતમાં પણ બને. ત્યારે અને ત્યાં સુધી તો નહિ જ, જો જનરલ અવારીને ઠીક લાગે તો જાહેર જનતાની ચેતના જાગૃત કરવા માટે છેવટના ઉપવાસ ઉપર તેઓ જઇ શકે છે એમ તાત્વિક દૃષ્ટિએ કહી શકાય. પણ વ્યવહારમાં તો એ હાસ્યપાત્ર બનવાનું છે. કારણ કે આવી બાબતમાં સિધ્ધાંતને માત્ર નામ ખાતર જ આગળ ધરી શકાય છે. તેથી વિશેષ કોઇ અર્થ સરતો નથી.

લોકશાસિત તંત્રમાં પવિત્ર અને પ્રમાણિક માણસો પણ અજાણપણે કદિ ખોટા નિર્ણયો આપે એમ બને. આનો ઉપાય એ છે કે લોકોને વધારે ને વધારે પવિત્ર અને નિર્દોષ કેળવણી અપાવી જોઇએ, જાહેર જનતા વધારે જાગૃત થવી જોઇએ અને આવા ચેતનામય વાતાવરણ નીચે એવા જાહેર કાર્યકર્તાઓ પ્રેરા થવા જોઇએ કે જેઓ જાહેર જનતામાં આદર્શ દૃષ્ટાંતો પુરાં પાડે એવી રીતે બોલવું, લખવું અને વર્તવું એને જ પોતાનો મુખ્ય ધર્મ સમજે.

આ બધું ધ્યાનમાં લઇને જનરલ અવારીના મિત્રો માટે આ કહેવું બરોબર સમજશે કે જેઓ ભુલાવામાં પડેલા પોતાના મિત્રની જીંદગી બચાવવા ખાતર પણ ન્યાયને સારી રીતે સ્વીકૃત થયેલા સિધ્ધાંતો ઉપરથી ચલાયમાન નહિ થાય તેઓ નહિ, પણ જેઓ જનરલ અવારીને અને તેમના ઉપવાસને ખોટી રીતે અનુમોદન આપશે તેઓ જ જનરલ અવારીના મૃત્યુને વધારે નજીક લાવશે. આસમાન તુટી પડે તો પણ સત્યનો જ સદા જય થાઓ!"

આવું કડવું ઓસડ ગાંધીજી સિવાય બીજું કોણ પાઇ શકે? આવી કઠોર વાણી ગાંધીજી સિવાય બીજું કોણ ઉચ્ચારી શકે? કુસુમથી પણ મૃદુ દિલના ગાંધીજી પ્રસંગ આવ્યે વજ્રથી પણ કઠોર થઇ શકે છે. કવિ ભવભૂતિએ યથાર્થ કહ્યું છે કે

वज्रादपि कठोराणि, मृदूनि कुसुमादपि।
लोकोत्तराणां हि चेतांसि, को नु विज्ञातुमर्हति॥

આવા લોકોત્તર પુરૂષ પૂર્વકાળમાં એક રામચંદ્રજી થઇ ગયા. અર્વાચીન કાળમાં એ જ લોકોત્તર પુરૂષનું પદ ગાંધીજી શોભાવી રહ્યા છે. એવા યુગમાં જન્મવું અને જીવવું એ ખરેખર આપણું અહોભાગ્ય છે!

નામદાર આગાખાન હીરે તોળાયા!

તા. ૧૦-૩-૪૬ રવિવારના રોજ મુંબઇ ખાતે ક્રીકેટ કલબ ઓફ ઇન્ડીઆના મેદાનમાં આશરે ૩૫ થી ૪૦ હજારના ખર્ચે તૈયાર કરવામાં આવેલ ભવ્ય તુલા ઉપર ધરમાઇલી ખોજા કોમના ધર્મગુરૂ નામદાર આગાખાન પોતાની સીત્તેરમી જન્મજયન્તી પ્રસંગે હીરે તોળાયા. તેમનું વજન ૨૪૩½ રતલ થયું. અને આ સામે જે હીરા મૂકાયા તેની કીંમત ૬,૪૦,૦૦૦ પાઉન્ડ એટલે કે આશરે ૮૫,૦૦,૦૦૦ રૂપીઆની થઇ. આ બનાવ એક ઘટના તરીકે દુનિયાની તવારીખમાં અદ્વિતીય બની ગયો, કારણ કે આજ સુધી સોને રૂપે રાજા મહારાજા તોળાયાના કોઇ કોઇ બનાવો બન્યા સાંભળ્યા છે, પણ કોઇ હીરે તોળાયું હજુ સુધી જોયું કે જાણ્યું કે સાંભળ્યું નથી. આ અસાધારણ અવસર ઉપર દેશદેશાવરથી અને ખાસ કરીને ગુજરાત કાઠિયાવાડમાંથી ૫૦ થી ૬૦ હજાર આગાખાની સ્ત્રી પુરૂષો મુંબઇ ઉતરી આવ્યા હતા. આ માટે સરકારે ખાસ ટ્રેનો તેમજ મુંબઇમાં ખોરાક વગેરેની ખાસ સગવડ આપી હતી. ગોવાળીયા ટેંક ઉપર એક વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો અને ત્યાં આ ઉત્સવ સમારંભ આઠવાડીઆ સુધી ચાલ્યો હતો. આગાખાની અનુયાયીઓના ઘેર ઘેર વીજળીની રોશની કરવામાં આવી હતી અને નવમી માર્ચના રોજ ચોપાટી ઉપર મોટા પાયા ઉપર દારૂખાનું ફોડવામાં આવ્યું હતું.

એક બાજુએ હિંદમાં ભુખમરો ફેલાઇ રહ્યો છે અને લોકો માટે અનાજ મેળવવા માટે હિંદી સરકારનું એક પ્રતિનિધિ મંડળ અમેરિકાના સત્તાધીશોની કદમબોશી કરી રહ્યું છે. હિંદની પાયમાલી અને દરિદ્રતાની ચારે તરફથી ચીસરાણ ચાલી રહી છે. બીજી બાજુ–એ એક સંપ્રદાયનો મુખ્ય માણસ હીરે તોળાવામાં અને તેના અનુયાયીઓ તેને હીરાવડે તોળવામાં કોઇ ન સમજી શકાય એવું ગૌરવ માની રહેલ છે. જે પ્રજાનો કોઇ એક નાનો સરખો વિભાગ પોતાના એક ધર્મવડાને હીરે તોળી શકે છે અને એ માટે એક જ સ્થળમાં અરધાથી પોણો લાખ આદમી એકઠા થઇ શકે છે અને આઠવાડીઆ સુધી મીજબાની માણી શકે છે એ પ્રજામાં–એ દેશમાં–ભુખમરો છે એવી વાત કોણ આગ્રહપૂર્વક સ્વીકારશે? હીરે તોળાયા એવી અશ્રુતપૂર્વ ઘટના ઉભી કરવા માટે કેવી રીતે આકાશપાતાળ

એકઠા કરીને એરોપ્લેનમાં ઉદ્યોગધંધામાં કામ લાગે તેવા હલકા હીરાનાં પાર્સલો ભાડે લાવવામાં આવ્યા એ સૌ કોઇ જાણે છે. આ બધું કરવા પાછળ લોકોની અંધશ્રદ્ધાને ઉદ્દીપિત કરવી અને ભોળી દુનિયાને આશ્ચર્યચકિત કરવી એ સિવાય બીજો કશો પણ અર્થ હોઇ શકે ખરો? કહેવાતા ગુરૂની આવી આંધળી પૂજા આપણા દિલમાં એક પ્રકારની ઘૃણા ઉપજાવે છે. પોતાના ધર્મગુરૂની જન્મ-જયન્તી પ્રસંગે અનુયાયીઓ એક મોટી રકમ એકઠી કરીને ધર્મગુરૂને અર્પણ કરે અને એ રકમ એ કોમના ભલા માટે કોમના આગેવાનોને પાછી સુપ્રત કરવામાં આવે અને એમાંથી કોમનું કલ્યાણ કરનારી અનેક સંસ્થાઓ જન્મ પામે–આમાં કશું અણજુગતું કે અણઘટતું નથી. સદ્‌ગત કસ્તુરબાના સ્મરણમાં હિંદી પ્રજાએ સવા કરોડ રૂપીઆ ગાંધીજીને આપ્યા અને ગાંધીજીએ સ્ત્રી જાતિના ઉદ્ધાર માટે એક ટ્રસ્ટ ઉભું કર્યું એ જ રીતે લડાઇમાં પુષ્કળ કમાઇ પડેલ ધનાઢય અનુયાયીઓએ પોતાની જેના ઉપર શ્રદ્ધા હોય એવા ધર્મગુરૂને એવા જ હેતુ અને ઉદ્દેશથી સીત્તેરથી એંશી લાખ રૂપીઆ એકઠા કરીને અર્પણ કર્યા તો ભલે કર્યા. આવી શ્રદ્ધા અને ભક્તિ બહુ ઉપયોગી વસ્તુ છે એમ સમજીને આવી પ્રવૃત્તિને આપણે આવકારીએ. પણ આવી સાદી લેવડદેવડની રીતને અવગણીને આવડો મોટો હોહારો, ઇલેકટ્રીસીટી અને ખાધખોરાકીનો ભયંકર અપવ્યય, ભાડે હીરા લાવવા અને તોળાવું, અને આ બધું એવા વખતે કે જ્યારે આખી દુનિયા અને ખાસ કરીને આપણો દેશ અનેક વિગ્રહપરિણામી આફતો, ભુખમરો, આધિ વ્યાધિ અને ઉપાધિઓ વચ્ચે ગુંગળાઇ રહ્યો છે–ગળાબુડ ડુબી રહ્યો છે–આ એક પાખંડ અને બેવકુફીની પરાકાષ્ટા નહિ તો બીજું શું છે? જો હીરે તોળાવું એક અજોડ ઘટના હોય તો અંધશ્રદ્ધા અને બેવકુફીનું આવું વિરાટ પ્રદર્શન પણ ઇતિહાસે નહિ જોયેલું કે જાણેલું એવું એક અજોડ ઘૃણાજનક પ્રકરણ હતું એમ કહેવામાં જરાપણ અતિશયતા નથી. કોઇ એમ ન સમજે કે નામદાર આગાખાન અને તેમના અનુયાયીઓ મુસલમાન છે એ કારણે આવી સખ્ત ટીકા કરવામાં આવે છે.

હિંદુ કે મુસલમાન તો બાહ્ય ભેદ છે. આપણુ સર્વમાં રહેલી માનવતા આ બધું નાટક અને તુત જોઇને ઉકળી ઉઠે છે. આટઆટલા ધર્મ સુધારકો અને સ્વતંત્ર વિચારકો થઇ જવા પછી પણ અને બુદ્ધિપ્રધાન અંગ્રેજી શિક્ષણ નીચે આખી પ્રજાએ આટલાં વર્ષો તાલીમ લીધા બાદ પણ આપણી હજુ શું આવીજ દશા ચાલી રહી છે? આજે પણ શું મધ્યકાલીન યુગમાં જોવામાં આવતી હતી એવી આંધળી મૂર્તિપૂજા અને મૂઢતા જનસમાજના એક યા બીજા વર્ગને આવરી રહી છે? નામદાર આગાખાનની હીરક તુલાએ દેશના વિચારક વર્ગમાં જે વેદનાભર્યો પ્રત્યાઘાત ઉત્પન્ન કર્યો છે તેનો આ આલેખ છે. આપણે આપણી જડતામાંથી, આંધળી ભક્તિ-માંથી, વિચાર મૂઢતામાંથી બેવકુફી ભરી મૂર્તિપૂજામાંથી કયારે ઉંચા આવીશું એમ આપણું દિલ પોકારી ઉઠે છે. આપણે બેવકુફ બનીએ છીએ; દુનિયા આપણને હસે છે, આપણી શરમનો–હીણપતનો–કોઇ પાર નથી!

નામદાર આગાખાન મહાત્મા ગાંધીની પરિભાષા વાપરે છે.

તે નામદાર આગાખાન જ્યારે કરાંચીની મ્યુનીસીપાલીટીએ તેમને માનપત્ર આપવા પાછળ રૂ. ૩૦૦૦ મંજુર કર્યા છે એમ જાણે છે ત્યારે જાહેર જનતાનાં નાણાના આવા અક્ષમ્ય અપવ્યયથી પોતાને અસાધારણ આઘાત લાગ્યો છે એમ જણાવે છે અને વિશેષમાં જાહેર કરે છે કે જો મને માનપત્ર આપવું છે તો એક સાદા કાગળ ઉપર લખીને સાદામાં સાદી રીતે આપી શકાય તેમ છે અને એમ કરતાં બચતાં નાણાં ગરીબોના ભલા માટે વાપરી શકાય છે. કેવી સુંદર વાત? કેવો સુંદર વિચાર? જાણે બીજા મહાત્મા ગાંધી! પણ ખેદની વાત એટલી જ છે કે જે આગાખાને પોતાના સન્માન સમારંભ પાછળ મુંબઇ ખાતે હજારો બલકે લાખો રૂપીઆનું, સમજણપૂર્વક પાણી થવા દીધું અને પુરા હોહમાહ વચ્ચે અને રાજદરબારી પોશાક અને ઝરઝવેગતથી અલંકૃત થઇને હીરે તોળાવામાં આનંદ અને ગૌરવ માન્યું તેમના શ્રીમુખે આવી વાણી શોભતી નથી. **પરમાનંદ.**

તળાજા તીર્થ પ્રકરણ

તળાજા તીર્થ પ્રકરણ સંબંધમાં શ્રી. જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની સ્થાયી સમિતિ તરફથી નીચેનું નિવેદન પ્રકાશનાર્થ મળ્યું છે :—

"શ્રી તળાજા મૂર્તિખંડનના બનાવને લગભગ સાત માસ વીતી ગયા છતાં તે અંગે ભાવનગર રાજ્યે ન્યાય આપેલ નથી એટલું જ નહિ પણ સમાધાન માટે થયેલ પ્રયત્નો તરફ ખુબ બેદરકારીભર્યું વલણ ગ્રહણ કરેલ છે. તે સર્વ પરિસ્થિતિ શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સની તા. ૯–૩–૪૬ ની સ્થાયી સમિતિ સમક્ષ વિચારણાર્થે ઉપસ્થિત થતાં સર્વાનુમતે નીચે પ્રમાણેનો ઠરાવ પસાર કરવામાં આવેલ છે.

'તળાજા મૂર્તિખંડન પ્રકરણના અત્યાર સુધી બનેલા સર્વ બનાવો જોતાં ભાવનગર રાજ્યે ન્યાય આપવા અંગે થયેલ સમાધાન આદિ રવીકારેલ નથી એમ સ્વીકારી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સામેની લડત ઉભી છે અને તેથી સર્વ પરિસ્થિતિનો સંપૂર્ણ અભ્યાસ કરી ભવિષ્યમાં કઇ રીતે કાર્ય લેવું તે વિષે રીપોર્ટ કરવા કોન્ફરન્સની તળાજા તીર્થ સમિતિને સૂચવવામાં આવે છે.

શ્રી જૈન ગુરૂકુળ શિક્ષણ સંઘ, ધ્યાવર ૧૮ મો વાર્ષિકોત્સવ

ઉપર જણાવેલ સંસ્થાનો ૧૮ મો વાર્ષિકોત્સવ શ્રીમાન શેઠ રામજી હંસરાજના પ્રમુખપણા નીચે એપ્રીલની તા. ૬, ૭, ૮ (શનિ, રવિ તથા સોમવાર)ના રોજ ઉજવવામાં આવનાર છે. આ સમારંભના સ્વાગત સમિતિના પ્રમુખ તરીકે શેઠ ન્યાલચંદ મૂળચંદની નીમણુંક કરવામાં આવી છે. એ પ્રસંગે ભરવામાં આવનાર સ્નાતક સંમેલનનું પ્રમુખસ્થાન રાષ્ટ્રીય મહાસભાના આગેવાન કાર્યકર્તા અને મધ્યવર્તી ધારાસભાના સભ્ય શ્રી પ્રકાશજી શોભાવનાર છે. આ ઉપરાંત આ પ્રસંગને અંગે બીજા પણ સંમેલનો અને પ્રચુર કાર્યક્રમ ગોઠવવામાં આવેલ છે. આ ભવ્ય સમારંભ પ્રસંગે એ સંસ્થાના કાર્યવાહકો સૌ શિક્ષાપ્રેમી ભાઇ બહેનોને પધારવા આગ્રહ પૂર્વક વિનંતિ છે અને જેઓ આ પ્રસંગે હાજર રહેવા માંગતા હોય તેમને અગાઉથી લખી જણા-વવા સૂચવવામાં આવે છે.

સંઘસંચાલિત રાહત પ્રવૃત્તિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘદ્વારા ચાલતી રાહત પ્રવૃત્તિમાં તા. ૧–૨–૪૬ થી આજ સુધીમાં નીચે મુજબ મદદ મળી છે.

૪૦૦) શ્રી કચરાચંદ હકમચંદ હ: શ્રી. કાન્તિલાલ વરધીલાલ
૧૦૦) શ્રી. કાન્તિલાલ ભોગીલાલની કું.

આ રાહત પ્રવૃત્તિ આગામી ચૈત્ર માસની આખર સુધી ચલાવવાનું નકકી કરવામાં આવ્યું હતું તે મુજબ ચૈત્ર માસ આવતાં આ પ્રવૃત્તિ હવે આગળ ચલાવવી કે કેમ તેનો સંઘની કાર્યવાહક સમિતિએ નિર્ણય કરવાનો રહેશે. આજની પરિસ્થિતિ મુજબ ચૈત્ર માસની આખરે આજ સુધીની રાહત પ્રવૃત્તિની જવાબદારીને પહોંચી વળતાં આ ખાતામાં બહુ જ નજીવી રકમ સીલક રહેશે અને જો એ દરમિયાન સંઘને આ પ્રવૃત્તિ ચલાવવા માટે સારા પ્રમાણમાં બહારની મદદો નહિ મળે તો આ પ્રવૃત્તિ બંધ કરવાની સંઘને ફરજ પડશે. આ બાબત ધ્યાનમાં લઇને ઉદાર જૈનબંધુઓને આ શુદ્ધ સેવાની પવિત્ર પ્રવૃત્તિને બને તેટલું આર્થિક અનુમોદન આપીને ટેકવવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

રતિલાલ ચીમનલાલ કોઠારી
મંત્રી, રાહત સમિતિ

વફાદારી કોના પ્રત્યે? રાજ્ય પ્રત્યે કે રાષ્ટ્ર પ્રત્યે?

જે દેશમાં સ્વાધીન સરકાર હોય અને એ સરકારના પ્રતીક રૂપે કોઇ રાજા રાજ્ય કરતો હોય ત્યાં રાષ્ટ્ર, રાજ્ય અને રાજા એકમેકનાં સૂચક હોઇને એક પ્રત્યેની વફાદારી અન્ય પ્રત્યેની વફાદારીમાં અન્તર્ગત થાય છે. પણ જ્યાં રાષ્ટ્ર ઉપર કોઇ પારકી સત્તાનું રાજ્ય સ્થપાયલું હોય ત્યાં તે પારકી હકુમત અને તેનો અધિષ્ટાતા જે કોઇ હોય તે રાજા કે શહેનશાહ પ્રત્યેની વફાદારી અને રાષ્ટ્રપ્રત્યેની વફાદારી એકાર્થવાચી કે અન્યોન્યમાં અન્તર્ગત બની શકતા નથી. આજે હિંદી સૈનિકોના દિલમાં આ પ્રશ્ન મૂર્ત સ્વરૂપ લઇ રહ્યો હોય અને દરેક સૈનિક જાણે કે પોતાની જાતને પુછી રહ્યો હોય કે હું વફાદાર કોને? મારા દેશને અને મારા દેશવાસીઓને કે આ દેશમાં વર્ષોથી જે અંગ્રેજી હકુમત સ્થપાયલી છે તે અંગ્રેજી હકુમતને અને તેના અધિષ્ટાતા છઠ્ઠા જ્યોર્જને? આઝાદ હિંદ ફોજના પ્રકરણે આ પ્રશ્નને સર્વ હિંદી સૈનિકો માટે એક જીવતો જાગતો પ્રશ્ન બનાવી દીધો છે. આજ સુધી સુતેલું તેમનું માનસ સચેત થયું છે અને વફાદારીના ચોકકસ ખ્યાલમાં જકડાયલું તેમનું દિલ હલવા લાગ્યું છે. સાગર સૈનિકો તેમજ હવાઇ સૈનિકોમાં ચાલી રહેલા સંક્ષોભ પાછળ પણ આજ સમસ્યા ઉભી થઇ રહેલી નજરે પડે છે. આઝાદ હિંદ ફોજના એક અમલદાર ખુર્શાનુદ્દીન જેને થોડા દિવસ પહેલાં સાત વર્ષની સખ્ત કેદની શિક્ષા કરવામાં આવી છે, તેમણે કોર્ટ માર્શલ સમક્ષ ચાલેલા પોતાની ઉપરના મુકદ્દમામાં તેમની ઉપર મુકાયલા આરોપો સંબંધમાં કરેલા નિવેદનમાં આ મુદ્દાને બહુ સ્પષ્ટપણે આગળ ધર્યો હતો. એ નિવેદનમાં તેમણે જણાવ્યું હતું કે:-

"મને શરૂઆતમાં મારો કશો બચાવ રજુ કરવાની ઇચ્છા નહોતી. આનું કારણ મારા ઉપર મુકાયલા આરોપો હું કબુલ કરું છું એમ નહોતું, પણ એનું કારણ તો એ હતું કે બધી રીતે વિચાર કરતાં મારું વર્તન એકસરખું ગૌરવભર્યું અને કશા પણ દોષ વિનાનું હતું એમ હું દૃઢતાપૂર્વક માનતો હતો. પણ વિશેષ વિચાર કરતાં મને લાગ્યું કે મારી ઉપર મુકાયલા આરોપો પાયા વિનાના છે અને જે આઝાદ હિંદ ફોજનો એક સૈનિક હોવાનો હું દાવો કરું છું એ ફોજના ઉદ્દેશો અને હેતુઓ સાથે મારું વર્તન હંમેશા સંપૂર્ણપણે સંગત રહ્યું છે એ યથાપ્રકારે સ્પષ્ટ કરવું એ મારા દેશ અને મારા સાથીઓ પ્રત્યેની મારી ખાસ ફરજ છે.

"હું નાનો હતો અને નિશાળમાં ભણતો હતો, ત્યારથી ખુદા તાલાની ખીદમત એ મારો મુદ્રાલેખ રહ્યો છે અને એ ખુદાતાલાની ખીદમત એટલે માનવજાતની ખીદમત એવી હું સમજણ ધરાવતો આવ્યો છું. માનવજાતની ખીદમતમાં રાષ્ટ્રની ખીદમતનો હું સમાવેશ કરું છું. કોઇ પણ સત્તારૂઢ આદમીએ બને તેટલી મોટી જનસંખ્યાની શકય તેટલી સેવા કરવાના ધ્યેયને સૌથી વધારે મહત્ત્વ આપવું જોઇએ એમ હું માનું છું. આ સિધ્ધાન્તને મારા વર્તન ઉપરે લાગુ પાડતાં મારા દેશ અને દેશબંધુઓ પ્રત્યેની વફાદારીને સત્તાધારીઓ અને શહેનશાહો પ્રત્યેની વફાદારીના મુકાબલે મેં હંમેશા પ્રાધાન્ય આપ્યું છે. હું એમ કહેવા માંગુ છું કે મારા દેશ પ્રત્યેની વફાદારી સાથે શહેનશાહ પ્રત્યેની વફાદારી સંગત રહેતી હોય ત્યાં સુધી શહેનશાહ પ્રત્યેની મારી વફાદારી અબાધિત અને અખંડિત જરૂર રહી શકે છે, પણ જો એવી પરિસ્થિતિ ઉભી થાય કે જ્યારે વતન પ્રત્યેની વફાદારી એ જ વધારે મહત્વની વસ્તુ છે એમ મને ભાસે તો અને ત્યારે રાષ્ટ્ર નિષ્ઠા આગળ રાજનિષ્ઠાએ ગૌણ બનવું જ રહ્યું. આ ખરી રીતે મારી હંમેશની એક સુદૃઢ માન્યતા રહી છે અને હિંદી લશ્કરમાં જે પ્રકારનો અધિકાર હું ધરાવતો હતો તેમાં પણ મારા માટે બીજી કોઇ વફાદારીને અવકાશ રહેતો નહોતો. અંગત સલામતી કે ઐહિક લાભની કશી પણ દરકાર રાખ્યા સિવાય હિંદી પ્રજાની સેવા કરવી એજ માત્ર હિંદી લશ્કરના એક 'કમીશન્ડ ઓફીસર' તરીકે મેં મારો ધર્મ લેખ્યો હતો. હિંદી મીલટરી એકેડેમી (લશ્કરી શિક્ષણ સંસ્થા) માં નીચે જણાવેલ અમારો મુદ્રાલેખ હતો જે ચેટવુડ હોલમાં સોનેરી અક્ષરે કોરવામાં આલેખવામાં આવ્યો છે, 'તમારા દેશનું ગૌરવ અને કલ્યાણ એજ હંમેશા અને હરપળે સૌથી વધારે અગત્યની વસ્તુ છે. તમારા સાથીઓ અને સંબંધીઓનું ગૌરવ અને કલ્યાણ એ પછી આવે છે. તમારું પોતાનું સુખ અને સગવડ હંમેશા અને હરપળે સૌથી છેલ્લાં વિચારવાના રહે છે."

કેપ્ટન ખુર્શાનુદ્દીને આગળ વધતાં જણાવ્યું કે "૧૯૪૨ ના ઓગસ્ટ માસમાં મને માઉન્ટ પ્લેઝન્ટ (સીંગાપુરમાંનું એક સ્થળ) ખાતે સરદાર મોહનસિંહના લશ્કરી મથક ઉપર લઇ જવામાં આવ્યો હતો. હિંદની આઝાદી માટે ઉભી કરવામાં આવતી આઝાદ હિંદ ફોજની મને ત્યાં જ સૌથી પહેલી ખબર પડી હતી. સીંગાપુર પડયા પછી મારા વતન બીરાદરોનું શું થશે એ બાબતની ચિન્તાએ મને આકુળવ્યાકુળ બનાવી દીધો હતો. જાપાનીઝો જેતજેતામાં જેમ જેમ એક પછી એક વિજય પ્રાપ્ત કરતા ગયા તેમ તેમ મારી ચિન્તાવ્યાકુળતા વધ્યે જતી હતી. કેટલીયે રાત મેં ઉંઘ્યા વિના કાઢી હતી અને જેમ જેમ હું મારા દેશના ભાવીનો વિચાર કરતો હતો તેમ તેમ તે ભાવી મને વધારે અંધકારમયું લાગવા માંડયું હતું અને હું વધારે ને વધારે હતાશ બનવા લાગ્યો હતો. આ રીતે જોતાં મારી સામે કોઇ પરસ્પર વિરોધી વફાદારીઓની અથડામણનો પ્રશ્ન નહોતો, પણ એક લશ્કરી અમલદાર તરીકે મારા દેશ અને દેશબંધુઓ પ્રત્યેની મારી ફરજ મારે કઇ રીતે અદા કરવી જોઇએ એ જ પ્રશ્ન મારી સામે આવીને ઉભો રહ્યો હતો. મારા માટે ખરી રીતે રાજા અને રાષ્ટ્ર વચ્ચે પસંદગી કરવાનો પ્રશ્ન નહોતો, પણ મારું અસ્તિત્વ ટકાવવું કે મીટાવવું એ બે વચ્ચે જ મારે પસંદગી કરવાની હતી."

આ સંબંધમાં તેમણે છેવટે જણાવ્યું કે "હું આદરપૂર્વક રજુ કરું છું કે કાયદાના ધોરણે મને એવી સલાહ મળી છે કે જાપાનીઝોને શરણે જવા બાદ આઝાદ હિંદ ફોજમાં જોડાવું એ મારા હક અને અધિકારની મર્યાદાની તદન અંદરની જ બાબત હતી. અને તેથી એમ કરવામાં કે આઝાદ હિંદની કામચલાઉ સરકાર પ્રત્યે વફાદારી ધરાવવામાં મેં કોઇ પણ ગુન્હો કર્યો નથી."

લશ્કરી ક્ષેત્રમાં થઇ રહેલો આ માનસ પલટો આવી રહેલી આઝાદીની દૃષ્ટિએ ભારે આવકારદાયક છે. આ લશ્કરી માનસપલટાને હિંદના સર સેનાધિપતિ અને અન્ય લશ્કરી અમલદારો તેમજ અંગ્રેજ રાજ્યકર્તા સમજી શકતા નથી અને તેને દબાવવા માટે શિસ્તના નામે તરેહ તરેહનાં પગલાંઓ લઇ રહ્યા છે–પણ આ પ્રયત્ન ફાટતા જતા આમને થીગડાં દેવા જેવો છે. આ માનસપલટાને સમજવો, સ્વીકારવો અને જ્યાં આજ સુધી પરદેશી દેવતાની પ્રતિષ્ઠા હતી ત્યાં રાષ્ટ્રદેવતાની પ્રતિષ્ઠા કરવી, પરદેશી હકુમતનો વાવટો ફરકતો હતો ત્યાં રાષ્ટ્રધ્વજને ફરકતો કરવો અને અંગ્રેજ શહેનશાહ અને શહેનશાહત પ્રત્યેની વફાદારીના સ્થાને હિંદ અને હિંદી પ્રજા પ્રત્યેની વફાદારીને કેન્દ્રસ્થ કરવી એ જ સૈનિકોને સ્થિર કરવાનો અને શિસ્તબદ્ધ બનાવવાનો સાચો માર્ગ છે. **પરમાનંદ.**

કાકાસાહેબનો ષષ્ટીપૂર્તિ સમારંભ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ શ્રી કાકાસાહેબ કાલેલકરની ષષ્ટીપૂર્તિને અંગે મુંબઇ ખાતે સન્માન સમારંભ યોજવાનું નક્કી કર્યું છે અને તે માટે એક પેટા સમિતિ નીમી છે. પ્રસ્તુત સમારંભ શ્રી કાકાસાહેબને અનુકુળ દિવસે ગોઠવવામાં આવશે જેને લગતી જાહેરાત હવે પછી કરવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

સ્વરૂપને જુઓ

કોઈ એક પૈસાદારનો છોકરો સરેજ એક વખત રમવા ઘરની બહાર નીકળ્યો હતો. આ તરફ સૂર્યનારાયણની શાંત તપશ્ચર્યા આકાશમાં ચાલુ જ હતી. બાબો હતો બહુ નાજુક અને સુંવાળો. પગ દાઝવા માંડયા. તેથી દુનિયાનો દોરત (મિત્ર=સૂર્ય) પણ તેને દુશ્મન જેવો લાગ્યો. પૈસાદારનો જ છોકરો રહ્યો આખરે. ભેજું વાપરવામાં બાબો એકડો હતો. તેણે એક તુકકો શોધી કાઢયો કે, બધી જમીન ઉપર ચામડું પથરી દીધું હોય તો પગ ન દાઝે. તરત ઘેર આવી પોતાની કલ્પના બાપને કહી. બાપને બાબાની કલ્પના સાંભળીને સાભિમાન આનંદ તો થયો, પણ તે રોકીને તેણે કહ્યું. 'અરે ગાંડા, આખી પૃથ્વીને ચામડું પહેરાવવા કરતાં તું જ તારા પગમાં જોડા પહેર એટલે થયું'!

આપણી સ્થિતિ આ પૈસાદારના સૂરમ છોકરા જેવી છે, તેથી આકાશને પગ બાથમાં લેનારી મોટી મોટી કલ્પનાઓ આપણને સૂઝે છે, પણ સાદા, સરળ અને સહેલા ઉપાયો સૂઝતા નથી. કોઈ પણ સવાલનો અંદરથી વિચાર ન કરતાં બહારથી વિચાર કરવાની આપણને ટેવજ પડી જાય છે. ગાંઠ છોડવી હોય ત્યારે તે અંદરથી ઉકેલવી પડે છે; બહારથી ખેંચતાણ કરવાથી છૂટી થવાને બદલે તે વધારે મજબૂત થઇ બેસે છે, એ આપણને સમજાતું નથી. એશિયા ખંડનું એકય કરવાની કલ્પના આપણે શોધી કાઢીએ છીએ, પણ આપણા મનમાં રહેલા ક્રોધને જીતવા પૂરતો આપણને વખત મળતો નથી. કોઈ પણ વાત આખા જગતને કેમ કરીને લાગુ પાડી શકાય તેની સ્કીમ (યોજના) ઘડવામાં આપણે ભેજું ખરચીએ છીએ, પણ આપણને પોતાને તે લાગુ કરવાનું અચૂક ભૂલી જઇએ છીએ. થવું જોઇએ વાસ્તવિક આથી ઊલટું. જે વસ્તુ આખા જગતને લાગુ કરવી જોઇએ એમ આપણને લાગે છે તેનો અમલ આપણે પોતે તરત શરૂ કરી દેવો જોઇએ. આચાર એજ પ્રચારનું એકમાત્ર સાધન છે.

પૃથ્વીની પ્રદક્ષિણા કોણે કરી છે એ બાબત દેવોની સભામાં એક વાર ચર્ચા નીકળી. દરેક જણે લાંબો ચોડો હિસાબ ગણીને 'હું અમુક વખતમાં પ્રદક્ષિણા કરી આવીશ' એવો જવાબ ગણી કાઢયો. તે મુજબ બધાએ પ્રદક્ષિણા કરી આવીને વિષ્ણુને નમસ્કાર કરવા એમ નકકી થયું. જે જુઓ તે દોડવા માંડયો. નારદ એકલા જ સ્વસ્થ બેઠા હતા. તેમણે ચર્ચામાં ભાગ લીધો નહિ. તેમ દોડધામમાંય ભાગ લીધો નહિ. બ્રહ્મ-વીણાની ધૂનમાં તેઓ તલ્લીન થઇ ગયા હતા. પણ પહેલ હેલો દેવ હાંફતો હાંફતો પાછો આવી રહ્યો છે એ જોતાં જ તેમણે પોતાની આસપાસ ચક્કર લગાવીને વિષ્ણુને નમસ્કાર કર્યા. બધા દેવો પાછા આવ્યા પછી વિષ્ણુએ હરીફાઇનું પરિણામ જાહેર કર્યું અને નારદને પહેલો નંબર આપ્યો. વિષ્ણુ બોલ્યા, " પિંડે તે બ્રહ્માંડે" એ સૂત્ર મુજબ નારદે પૃથ્વીપ્રદક્ષિણા પૂરી કરી છે એવો મારો અભિપ્રાય છે."

આપણે તો આખી દુનિયા સુધારવાનો ઇજારો લઇ બેસીએ છીએ, અને દુનિયામાં આપણો પણ સમાવેશ થાય છે એટલી મુદ્દાની વાત પણ ધ્યાનમાં લેતા નથી, તેથી આપણું આખું ચિત્ર એક 'વિરોધાલંકાર'નું ઉદાહરણ થઇ બેઠું છે. મૌનના પ્રચાર માટે આપણે વ્યાખ્યાનો આપીએ છીએ! અને પ્રચાર ન થાય એટલે વિચારમાં પડીએ છીએ. પણ ઉકેલ આવતો નથી. પણ તેનો ઉકેલ આવે પણ શી રીતે?

વેદાન્તમાં એક વાત પ્રસિદ્ધ છે. દસ માણસો યાત્રા કરવા નીકળેલા. રસ્તો જરા જોખમવાળો હતો તેથી બધા માણસોએ એકત્ર મળીને ચાલવું એમ નકકી થયું. રસ્તામાં એક જંગલ વટાવવાનું આવ્યું. એક જણે માણસો ગણી જોયા તો નવ જ થયા. બીજાએ ગણી જોયા તોય નવ જ. આમ કેમ થયું? દશમો માણસ કયાં ગયો? કંઇ પત્તો જ લાગે નહિ. કેવટે દશમો માણસ ખોવાઇ ગયો એવો બધાએ મળીને કરાવ પસાર કર્યો!

અત્યારે આપણો પણ એવો જ ગોટાળો થયો છે. 'કામ કરવા માટે માણસો નથી' એમ કહેનારા "માણસો" ઠેકઠેકાણે નજરે પડે છે. દરેક જણ પોતાને ગણતરીમાં લેવાનું ભૂલી જાય છે અને હિસાબ કરવા બેસે છે, તેને લીધે કામનો કશો મેળ બાતો નથી. પોતાને બાદ કરીને વિશ્વનો કોયડો ઉકેલવાનો પ્રયત્ન વૃથા છે. તેથી કરીને હાથમાં કશું જ આવતું નથી અને માણસ નકામો ઝંઝાઇ જાય છે. અર્જુનને વિશ્વરૂપદર્શનની હોંશ થઇ આવેલી. ભગવાને એ હોંશ સરી પેઠે પૂરી કરી! બિચારાએ વિશ્વરૂપ-દર્શનનું ફરી નામ દીધું નહિ! સ્વરૂપ જુઓ; વિશ્વરૂપ જોવાની ભાંજગડમાં પડો.

'ત્રીસ કરોડ માણસોનાં શરીર ખાદીમય થવાં જોઇએ. છ કરોડ કુટુંબોમાં રેંટિયો દાખલ થવો જોઇએ.' એ થયું ખાદીનું વિશ્વરૂપ. 'માત્ર શરીર ઉપર નખશિખાન્ત ખાદી હોવી જોઇએ. મારે રોજ એક કલાક તો ઓછામાં ઓછું કાંતવું જ જોઇએ.' એ ખાદીનું સ્વરૂપ કહેવાય, 'હિન્દુ મુસલમાન, પારસી, ખ્રિસ્તી, શીખ વગેરે બધા સમાજોમાં અહિંસક વૃત્તિ પેદા થવી જોઇએ,' એ અહિંસાનું વિશ્વરૂપ છે, જ્યારે 'મારૂં અંતઃકરણ પ્રેમથી ભરેલું હોવું જોઇએ, મારી વાણી ઉપર મારો કાબૂ હોવો જોઇએ,' એ અહિંસાનું સ્વરૂપ ગણાય. 'સરકારે શરૂ કરેલા તમામ દારૂખાનાંઓએ બંધ થવાં જોઇએ. બધા શિક્ષકોએ અને વિદ્યાર્થીઓએ સરકારી શાળાઓનો ત્યાગ કરવો જોઇએ.' એ રાષ્ટ્રીય શિક્ષણનું વિશ્વરૂપ તો 'મારે અથવા મારા છોકરાએ સરકારી નિશાળમાં ન જવું જોઇએ. મારૂં અધ્યયન અને ચિંતન સતત ચાલુ રહેવું જોઇએ,' એ રાષ્ટ્રીય શિક્ષણનું 'સ્વરૂપ' કહેવાય.

દરેકાદ સવાલને સ્વરૂપ-દર્શન અને વિશ્વરૂપ-દર્શન એમ બે બાજુઓ હોય છે. તેમાં પહેલી તો માણસના હાથની વાત છે. બીજી પરમેશ્વરના હાથની છે. મોટો 'ઑલ ઇન્ડિયા-મૅન' ઉર્ફે ભારતી-માણસ થવો તોય 'ઔટ હાત તુઝી જાગા' (તારી જગ્યા સાડાત્રણ હાથ છે) એ તુકારામના વચનમાંથી તે છૂટી શકતો નથી. અર્જુન શું કંઈ નાનોસૂનો પુરૂષ હતો? તેના વખતમાં તે જ એકમાત્ર 'નર' કહેવાતો. પણ વિશ્વરૂપદર્શન તે છતવી શકયા નહિ, જો કે ભગવાને તેને દિવ્યદૃષ્ટિ આપેલી હતી. આટલી બધી અનુકૂળતા હોવા છતાં અર્જુનની આવી દશા, તો પછી સામાન્ય માણસનું પૂછવું જ શું? એટલા માટે આપણે સ્વરૂપની કાળજી લઇ, વિશ્વરૂપના ચિન્તા કરવા માટે બિલ્કુલ સમર્થ છે.

બીજું, સ્વરૂપદર્શન એ જ વિશ્વરૂપદર્શનનું સાચામાં સાચું સાધન છે. સ્વરૂપદર્શનને વર્તુળના મધ્યબિંદુ સાથે સરખાવીએ તો વિશ્વરૂપદર્શન તેનો પરિધિ કહેવાય. મધ્યબિંદુ પકડી રાખ્યા વિના પરિધિ હાથમાં ન આવે. જ્યાં સુધી હું અહિંસક બન્યો નથી ત્યાં સુધી હું દુનિયાને કેવી રીતે અહિંસક બનાવી શકવાનો હતો? પરશુરામે આવો પ્રયોગ એકવીસ વખત કરી જોયો. પરશુરામ જાતે ક્ષત્રિય બનીને પૃથ્વીને નિક્ષત્રિય કરવા માગતો હતો! મોન્ટરેક નામના ફ્રેંચ ગ્રંથકારે ફ્રેંચ લોકોના પ્રચારક વૃત્તિ વિષે એક ઠેકાણે લખ્યું છે કે, બીજા ઠેકાણાના લોકો પોતાને આવડતા હોય તેવા વિષયો શીખવે છે, એમાં કંઇ નવાઇ જેવું નથી. પણ ફ્રેંચ લોકો પોતાને ન આવડતા હોય એવા વિષયો શીખવવામાં કુશળ છે!' એનો જ આ નમૂનો થયો. પરશુરામના એકવીસ પ્રયોગોના અનુભવ શું કહે છે? એ જ કે સ્વરૂપ સાચવ્યા વિના વિશ્વરૂપ સાચવવું અશકય છે.

तुझें आहे तुज पाशीं । परि तू जागा चूकलासी ॥

(તારી વસ્તુ તો તારી પાસે જ છે પણ તું સ્થાન ભૂલ્યો છે.)

બાદી પત્રિકામાંથી સાભાર ઉધ્ધૃત મૂળ લેખક-વિનોબા ભાવે

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૧૫૬, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૨૩

મુંબઈ : ૧ એપ્રીલ ૧૯૪૬ સોમવાર.

લવાજમ
૩ રૂપિયા ૪

મારો ભાઈ ! મારો બિરાદર !!

(ગતાંકથી ચાલુ.)

હિંદનો સૌથી જ્વલંત સવાલ તો બેકારીનો છે. હજારો હિંદી યુવકોના જીવનમાં લખેલ એ ભયાનક તબકકામાંથી મારે પણ પસાર થવું પડયું છે. મારી અલ્પ સંપત્તિ ખૂટી ગઇ હતી. હું ભૂખમરાને કાંઠે આવી પહોંચ્યો હતો. મિત્રોની પાસે હું આનંદી રહેવા મથી રહ્યો હતો, પણ મારી મુંઝવણનો આરો નહોતો, કેમકે મારા ખીસામાં ખરચી ખલાસ થઇ ગઇ હતી. છાપામાં આવતી જાહેર ખબરો હું વાંચતો હતો. તેમાં જણાવેલ ઠેકાણે પહોંચાડવા માટે મારી પાસે પોસ્ટના પૈસા નહોતા રહ્યા. આવી ભયંકર સ્થિતિમાં મારા ધર્મનો મેં દુરપયોગ કરવાની હીનતા આચરી. સરકારના અમલદારોને મારા તરફ લાગણી થાય એટલા માટે કેટલીક વાર અરજીઓમાં હું લખતો કે હું એક ખાનદાન મુસ્લીમ કબીલાનો નબીરો છું. આનાથી પણ હું આગળ વધતો. અમુક ખાતાઓમાં હિંદુઓની સંખ્યા મુસ્લીમો કરતાં વધારે છે. આવા અન્યાયો દર્શાવાને મારી અંગત લાયકાત ઉપર નહિ પણ કોમવાર સંખ્યાબળના સિદ્ધાંત પર મને ફલાણી જગ્યા મળવી ઘટે એમ પણ જણાવતો. અલબત્ત, આ બધા જીવનનો ખર્ચ કાઢવાનાં ફાંફાં હતાં. કંગાલીયત અને ભુખમરામા આવી મનોદશાને ઉત્તેજન મળે છે અને એ અધઃપતન જ કહેવાય. હું જાણતો હતો કે હું કોમી વળણ દાખવતો હતો તે મારી પોતાની હારની કબુલાત જ હતી. તેમજ તેની પાછળ આત્મવિશ્વાસની ઉણપ હતી. પણ હું એક સામાન્ય માનવી હતો અને એથી વિશેષ કશું નહોતો. મારી આ 'નુટિનું' મને જ્ઞાન હતું એટલો મને સંતોષ હતો; કારણ કે હું આ રીતે પણ એક માનવી જ હતો અને એથી વધારે ખરાબ નહોતો. લાખો હિંદુઓ અને મુસ્લીમો આ કોમીવાદના રોગથી પીડા પામી રહ્યા છે તેનું નિદાન હવે હું સારી પેઠે કરી શકું છું. ગરીબીનો પંજો તેમને પરેશાન કરે છે અને નિરાશામાં ડુબી જતાં તેઓ આ રીતે રાહત મેળવવા લલચાય છે. આમ જેને ધર્મ સાથે કશો સંબંધ નથી તે માટે ધર્મને ખોટી રીતે દોષપાત્ર લેખવામાં આવે છે. કોમી પ્રેટીલીના મૂળ તત્વોનું કોઇ નિદાન કરતું નથી અને ઉપરછલ્લા ઉપાયોનું અવલંબન લેવામાં આવે છે.

હવે મારી કથની આગળ ચલાવું. આવી રીતે નોકરી મેળવતાં મને કંટાળો લાગ્યો. એક રાત્રે વાળુ કર્યા વિના હું પાણી પીને સુઇ રહ્યો. મને ઉંઘ ભૂખ્યા પેટે શી રીતે આવે ? મારી કોડીબંધ અરજીઓનો કોઇ જવાબ જ નહોતો. બીજે દિવસે સવારે આઠ વાગ્યામાં મારા ખીસામાં ચાર આના બાકી હતા. એવા ટાણે નાસ્તાને માટે શું કરવું એવી ભાંજગડમાં હું પડયો હતો તેવામાં કોઇ એક ઉદ્યોગશાળાના એક હિંદુ શિક્ષક મારે ત્યાં આવી ચઢયા. એમની શાળામાં ભાગ્યેજ કોઇ મુસ્લીમ વિદ્યાર્થી હતો. તેમજ ત્યાં કોઇ મુસ્લીમ શિક્ષક તો હતો જ નહિ. આ શાળામાં મને આજીવિકા મળી. ત્યાંના શિક્ષકો તેમજ વિદ્યાર્થીસમુદાય સાથેનો મારો સંબંધ નિરપવાદ સ્નેહપૂર્ણ હતો.

પછી તો મારે જીંદગીમાં કેટલાક હિંદુ માલીકો નીચે કામ કરવાનું આવેલું. મારે એકરાર કરવો જોઇએ કે એમાંનાં ઘણા ખરા માયાળુ અને લાગણીવાળા હતા. ફકત એક માલીક એવો મળેલો કે જેના વિષે મેં અણગમો અનુભવ્યો હતો. તે નિષ્ઠુર અને દ્વેષીલો હતો, પણ તે ધરડો હતો અને નિઃસંતાન હતો અને નિઃસંતાન હતો, એટલે એમાં એનો બહુ વાંક કાઢવાપણું નહોતું.

એકવાર શરતચૂકથી મારા અંગત પત્રવ્યવહારમાં મેં સરકારી સ્ટેમ્પો વાપરી હતી. મારા કાગળો મેં ટપાલમાં નાખ્યા કે તરત જ મેં પોસ્ટખાતાને પત્ર લખી નાખ્યો, પણ આ બાબત મને ખુબ ડંખવા લાગી અને તરત જ મારા હિંદુ ઉપરીને હું મળ્યો અને તેને મેં આ મારી ભૂલ જણાવી. તેણે કહ્યું, "ભૂલો તો થાય જ, પણ ભૂલ કરનાર સચ્ચાઇથી કબુલાત કરે તેમ જ ભૂલ સુધારવાની જાગરૂથી મહેનત કરે એની કિંમત ઘણી મોટી છે. તમે ભૂલની જાહેરાત કરી તે ઠીક કર્યું. યાદ રાખજો કે જેણે ભૂલ નથી કરી તેણે કદી જીંદગીમાં કશી ઘોડ પણ નથી મારી."

આ શબ્દોમાં કોઇને હિંદુવાદની બૂ આવશે ખરી ?

એકવાર મારા હિંદુ ઉપરી તરફથી મારી જોખમદારી પુરતી રીતે અદા નહિ કરવા બદલ મને સત્તાવાર ઠપકો મળેલ. હકીકત ગુંચવણ ભરેલી હતી. મારા કથન ઉપર મારા તાબાના હિંદુ નોકરની રોટીનો સવાલ હતો. જો હું પોતે મારા પર વાંક ઓઢી ન લઉં તો તે નિર્દોષ ગણાય એમ નહોતું. હું પોતે જવાબદારી લઉં તો તેની નોકરી બચે પણ બીજા સજા તો થાય એમ હતું. એટલે બોહું બોલ્યા સિવાય નવી દૃષ્ટિથી મેં તેની હકીકત રજુ કરવાની હામ ધરી. એ રીતે મારા તાબાનો માણસ તો છુટયો પણ મને થોડો ઠપકો તો મળ્યો જ. હું જાણું છું કે મારા ઉપરીને બધી સમજ પડી હશ હતી એટલે જેટલી શાંતિથી મને આપવામાં આવેલ તાકીદ મેં સાંભળી લીધી તેટલી જ નિરાંતથી તેણે મને તાકીદ આપી અને તેમાં તેણે મગરૂબી અનુભવી.

હિંદુઓ માત્ર ફિરસ્તાઓ છે એમ શું હું કહેવા માંગુ છું ? હરગીજ નહિ. સઘળા હિંદુઓ ફિરસ્તા હોઇ ન શકે તેમજ સઘળા મુસ્લીમો પણ ખુદાના ફિરસ્તા નૂર હોઇ શકે. હિંદુઓ અને મુસ્લીમો ઉભયમાં માનવતા ભરેલ હોય છે. એટલે બેઉની વચ્ચે ભાઇચારો અને એખલાસ હોવા ઘટે છે. આપણી જન્મભૂમિ એકજ છે. આપણા વડવાઓ પણ એકજ હતા અને આપણને મળેલ વારસો પણ એકજ છે. છતાં કેમ આપણે જબડીએ છીએ ?

એકવાર કોમી હુલ્લડ દરમ્યાન એક હિંદુએ એક મુસ્લીમને ખંજર ભોંકયું હતું. એ મુસ્લીમને હું અંગત રીતે ઓળખતો હતો. પણ એ બે એકબીજાને ઓડાજ જાણતા હતા ? અમુક વખત ઉપર એક મુસ્લીમ યુવાને એક હિંદુ ક્રુકસેલરની દુકાનમાં ઘુસી જઇને કલકત્તામાં તેનું ખૂન કર્યું હતું. તપાસ કરતાં માલુમ પડેલું

કે એ બુકસેલરે બહાર પાડેલ એક ચોપડીમાં પયગમ્બર સાહેબ હઝરત મહમદનું ચિત્ર હતું ! આ રીતે જે હિંદુઓ અને જે મુસ્લીમો શહીદો બને છે તેમના રહેા હિંદની કમનસીબ ધરતી ઉપર ભમ્યા કરે છે અને એ રહેા હિંદુ હોય કે મુસ્લીમ હોય પણ એક સરખી ઘા નાખે છે અને માનવ સમાજને કલંક લગાડનારા હરામખોરોને તેઓ શાપ દે છે. પોતાનાજ દેશબાંધવ પ્રત્યે વૈરવૃત્તિ જગાડવા માટે માણસે અમુક જાતિમાં જન્મ લેવાની થોડી જરૂર છે? એક ભાઇએ પોતાના સગા ભાઇનો જીવ લીધાના અનેક દાખલાઓ બન્યા છે. કોઇ કોઇ કીસ્સામાં ક્રોમી:અંટસ ભલે નિમિત્ત હોય, પણ આવી હત્યા અને દ્વેષમત્સરનાં મૂળ તો બીજાં જ હોય છે. જર્મની પેઠે હિંદની આજની પરિસ્થિતિ એજ આજની અવનતિનું ખરૂં કારણ છે. આપણા મુલકની કંગાલીયત એક અગત્યનું કારણ છે. તે ઉપરાંત અન્ય કારણોમાં સરકારની નિરંકુશ સત્તા પણ ગણાવી શકાય. હિંદુઓ જે માગણીઓ કરી રહ્યા છે તે મને જેમ પસંદ નથી તેમ મુસ્લીમો જે કાંઇ હિંદુઓ પાસેથી માંગે છે તે પણ એક મુસ્લીમ તરીકે હું ઇચ્છનીય નથી ગણતો. મુસ્લીમો ગાયનું માંસ ખાય તેની સામે હિંદુઓ રોષ કરે તેની સામે મારો સખ્ત વાંધો છે તેમજ નિમાજ પઢવાને વખતે મસ્જીદ આગળથી ગાજતે વાજતે નિકળવાનો હક હિંદુઓ માગે તે પણ નાપસંદ કરૂં છું. આવી ભિન્નતા આપણી વચ્ચે હોય તો પણ માનવતાના મૂળ હકકોનો ભોગ આપ્યા સિવાય આપણે એક બીજાનો આદર કરી શકીએ. અમે મુસ્લીમો શું હિંદુઓના ઉપકાર નીચે નથી? તેમણે અમારા ઇસ્લામને પોષણ આપેલ છે. કુરાનનો તરજુમો સૌથી પહેલાં હિંદની ભાષામાં એક હિંદુએ કરીને ૯૯ ટકા મુસ્લીમો જેઓ અરબી ભાષા નથી જાણતા તેમની સેવા કરી છે. એજ ગ્રંથકારે "મુસ્લીમ ઔલીયાઓની જીવનગાથાઓ" નું ભાષાંતર ઉર્દુમાં કરી આપેલ છે. આ ઉભય કાર્યો પાછળ વર્ષો સુધી એ ગ્રંથકારને જહેમત ઉઠાવવી પડી હતી. એ હિંદુ તો આજે હયાત નથી, પણ તેણે જે જ્ઞાનદીપ ચેતાવ્યો છે તેના વડે ઇસ્લામનું દર્શન શુદ્ધ સ્વરૂપમાં થઇ રહ્યું છે. હિંદની તવારીખમાં થઇ ગયેલા મોગલ શહેનશાહો પૈકીના છેલ્લા શક્તિશાળી સમ્રાટ ઔરંગઝેબ જેવી મુસ્લીમ વ્યક્તિઓ તેમજ બંગદેશના છેલ્લા સ્વતંત્ર રાજાધિરાજ સુરાજ-ઉદ્-દૌલા વગેરેના સંબંધમાં યુરોપીયન લેખકોએ અત્યંત અનુદાર રીતે શત્રુભાવથી લખેલું છે. પણ તેજસ્વી હિંદુ ઇતિહાસકારો અક્ષયકુમાર મૈત્રેય તથા જદુનાથ સરકાર જેવાએ આધારભૂત ગ્રંથોનો તાગ લઇને એ મુસ્લીમ શાસકોને અંગે જે કાંઇ અન્યાયી પાડયું છે તેની સામે કોઇથી વાંધો લઇ શકાયો નથી. ભરતખંડના કવિસમ્રાટ ગણાતા રવીંદ્રનાથને ઇરાનના મુસ્લીમ શાયર હાફીઝની કવિતામાંથી પ્રેરણા મળી કહેવાય છે. હાફીઝનાં કાવ્યોનો બંગાળીમાં અનુવાદ કરનાર પણ એક હિંદુ હતા-એમનું નામ કૃષ્ણચંદ્ર મઝમુદાર.

હવે એવા જ અન્ય પક્ષનાં ઉદાહરણ લ્યો. હિંદુ ધર્મ સાહિત્યના ભંડારો જે મુઠ્ઠીભર બ્રાહ્મણોના હાથમાં હતા તેનું હિંદુસ્તાનીમાં પ્રથમ ભાષાંતર કરનાર કોણ હતું? મુસ્લીમ વિદ્વાનોએ એ કાર્ય ભક્તિ અને પરિશ્રમથી ઉઠાવ્યું હતું. અબ્રાહ્મણોને તો ભગવદ્ ગીતા તથા ઉપનિષદોનો એ જ્ઞાનભંડાર અભ્યાસ માટે અપ્રાપ્ય હતો. હિંદમાં મુસ્લીમ સભ્યતાએ જે કળા વિકસાવી છે તેનો કૃતજ્ઞતાપૂર્વક ઉચ્ચાર ન કરે એવો કયો હિંદુ છે? આગ્રાનો તાજમહાલ અને દિલ્હીનો કુતુબ મિનાર મુસ્લીમ સંસ્કૃતિનાં સ્મરણસ્તંભો છે. મુસ્લીમોએ જ સંગીત વિદ્યાનું વ્યસન કેળવ્યું હતું. અકબરના દરબારમાં થઇ ગયેલ તાનસેન જેવા સંગીતના મહાવિશારદની સિધ્ધિઓ આગળ પોતાનું મસ્તક આજે પણ પ્રત્યેક સંગીતપ્રેમી હિંદુ માનથી નમાવે છે. મુસ્લીમોને લડાયક કોમ તરીકે કેટલીક વાર ઓળખાવવામાં આવે છે. રાજપુત ક્ષત્રિયો પણ દુનિયાની કોઇપણ યુધ્ધનિપુણ પ્રજા કરતાં ઉતરતી પંકિતમાં નથી એમ હિંદના ઇતિહાસ સાક્ષી પુરે છે.

હિંદુઓમાં પ્રચલિત વર્ણાશ્રમનું મૂળ તો શ્રમનાં સિધ્ધાંત પ્રમાણે સમાજના વિભાગોની રચના કરવામાં રહેલું હતું. એ સિધ્ધાંત આરોગ્યપ્રદ હતો, પણ અત્યારે જુદા જુદા વાડાઓ તરીકે વર્ણાશ્રમની પધ્ધતિમાં સડો પેઠો છે. કોઇ શાણો હિંદુ અસ્પૃશ્યતામાં માની શકે એમ જ નથી, કારણ કે અનેક સંતોએ તેનો અનાદર કરેલ છે અને એમા પાપ ગણેલ છે. કોઇ કોઇ લોકો એમ કહે છે કે હિંદુ અને મુસ્લીમ ધર્મો વચ્ચે વૈમનસ્ય રહેલું છે. પણ ખ્રીસ્તી સંપ્રદાયમાં જેમ ત્રિપુટી છે તેમ હિંદુઓની બ્રહ્મા-વિષ્ણુ-મહેશની ત્રિપુટીનું રહસ્ય અંતે તો અદ્વૈતવાદનું પ્રતિપાદન કરે છે. ઇસ્લામમાં પણ અદ્વૈતવાદનું જ નિરૂપણ કરેલું છે. એક મુસ્લીમ સંતને અદ્વૈતના સિધ્ધાંતથી હર્ષ થયો ત્યારે તેનાથી બોલી જવાયું કે **અનલ હક !** અર્થાત્ હું સત્ય સ્વરૂપ છું !! હિંદુ વેદાંતમાં પણ એ જ રહસ્ય છે. વેદાંત કહે છે કે **અહં બ્રહ્માસ્મિ** એટલે કે બ્રહ્મ હું પોતે જ છું !!! આ સિધ્ધાંતો ઉચ્ચારનારા હિંદુ અને મુસ્લીમ સંતો એક બીજાને કયાં ઓળખતા હતા? તેઓ જુદા જુદા યુગોમાં જન્મ પામ્યા હતા. છતાં તેઓનું તત્વજ્ઞાન તો એક જ હતું-ઉભયમાં માનવતાનું સ્વરૂપ તો એકનું એક જ હતું. ઉભય આખરે એક જ પિતાનાં સન્તાનો, એક જ સંસ્કૃતિના વારસદારો, અને એક જ લોહીના ધબકારા અનુભવતા બંધુઓ હતા. હિંદુ અને મુસ્લીમ વચ્ચેની દિવાલ બીલકુલ બોદી છે-બનાવટી છે. તે કેવળ ઉપરછલી છે અને જો તેનું પૃથક્કરણ કરવામાં આવે તો તરત જ જણાશે કે આવી ગેરસમજુતી અને આવું અજ્ઞાન તો એક જ માતાના બે દિકરાઓ વચ્ચે પણ જોવામાં આવે છે.

આનો અર્થ એમ નથી કે હિંદુ અને મુસ્લીમને એક બીજા સાથે મતભેદ જેવું કશું નથી. આપણા વચ્ચે અત્યારે જરૂર મતભેદો વર્તે છે અને આપણ એકમેક સાથે ઝગડી રહ્યા છીએ. પણ તેનાથી આપણે શરમાવવાનું છે-કૂલાવાની જરૂર નથી. આપણે ધારીએ તો હિંદની વિરાટ જીવનશક્તિ જે આજે ભયંકર રીતે વેડફાઇ રહી છે તેને સદુપયોગના અને લોકસંગ્રહના માર્ગે વાળી શકીએ અને આપણે પરસ્પર પુરા પ્રેમથી જીવી શકીએ. આપણે એક અત્યંત પુરાણી સંસ્કૃતિના વારસદારો છીએ એમ આપણે બંને કોમો ગર્વ અનુભવીએ છીએ, પણ આપણે તેમાંથી કોઇ ઉજળું વર્તમાન નિર્માણ કરી શકયા નથી. હિંદુઓ તો જાગ્યા છે પણ મુસ્લીમો હજી નિદ્રામાં છે.

તેમ છતાં આજનું હિંદ એ હિંદુ હિંદ નથી તેમજ તે મુસ્લીમ હિંદ પણ નથી. પણ આજનું હિંદ એટલે હિંદુઓ અને મુસ્લીમો બન્નેનું બનેલું એકજ હિંદ છે - બીજી નાની કોમો સુદ્ધાંનું હિંદ છે. હિંદ એટલે હિંદુ તત્વજ્ઞાનની અને મુસ્લીમ લોકશાસનની ભૂમિ, મુસ્લીમ કળા અને હિંદુ વિજ્ઞાનનો એક મહાન દેશ. હિંદુઓએ ખગોળ રચ્યું છે તો મુસ્લીમોએ બીજગણીત શોધ્યું છે. મુસ્લીમોના કુરાનનું ભાષાંતર હિંદમાં હિંદુએ કરેલ છે અને હિંદુ રામાયણ ઉર્દુમાં ઉતારનારા મુસ્લીમ શાયરો પણ આ હિંદમાંજ પાકયા છે.મુસ્લીમ શાસકોના સેનાપતિઓ હિંદુ હતા અને હિંદુ રાજા મહારાજાઓના અમાત્યો મુસ્લીમો હતા. એજ આ હિંદની ભૂમિ છે. વળી આ એજ હિંદ દેશ છે કે જ્યાં હિંદુઓ લુહાર હોય તો મુસ્લીમો વણકર છે; જ્યાં હિંદુ શાહુકાર હોય તો મુસ્લીમો ખેડુત છે; જ્યાં હિંદુ કોઇ એક કારખાનાનો માલીક હોય છે. તો કારખાનામાં કામ કરતા કારીગરો મુસ્લીમ છે,-આમ આ હિંદમાં હિંદુઓ અને મુસલમાનો વાણા તાણા માફક એકમેકમાં ઓતપ્રોત થઇને રહ્યા છે અને રહેવાના છે. તેઓ સૌ સાથે જીવે છે અને સાથે મરે છે. તેઓ એક છે-અવિભકત છે.

સમાપ્ત

અનુવાદક મોહનલાલ રૂપાણી

સંવત ૨૦૦૧ ની સાલનો આવક જાવકનો હીસાબ.

આવક

પ્રબુદ્ધ જૈન		
પગાર, ભાડું, લાઈટ	૫૮૮ ૮ ૦	
કાગળ ખર્ચ	૫૧૪ ૧૨ ૩	
છપામણી ખર્ચ	૧૦૭૯ ૦ ૯	
પોસ્ટેજ	૪૫૯ ૧૦ ૩	
પરચુરણ ખર્ચના	૧૬૫ ૧૩ ૬	
	૨૮૦૭ ૧૨ ૦	
બાદ આવક		
લવાજમ ૧૮૩૪ ૧ ૦		
ભેટના ૫૦૫ ૦ ૦		
યુવક સંઘ તરફથી ૪૦૨ ૮ ૦		
	૨૭૪૧ ૯ ૦	
	૬૬ ૩ ૦	
મણીલાલ મોકમચંદ શાહ વાંચનાલય પુસ્તકાલયના ભેટના	૧૭૦૭ ૧૨ ૦	
	૧૭૭૩ ૧૫ ૦	

પરમાનંદ કુંવરજી કાપડીયા—પ્રમુખ.
રતીલાલ ચીમનલાલ કોઠારી—મા. મંત્રી.
મણિલાલ મોકમચંદ શાહ ,,
વ્રજલાલ ધરમચંદ મેઘાણી ,,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

જાવક

યુવક સંઘ		
લવાજમ	૧૦૭૦ ૦ ૯	
ભેટ....	૧૩૩ ૦ ૦	
વ્યાજ	૩૩૯ ૨ ૯	
	૧૫૪૨ ૨ ૯	
બાદ :—		
પરચુરણ ખર્ચ ૩૦૦ ૯ ૯		
સ્ટેશનરી ૧૯ ૬ ૦		
પોસ્ટેજ ૨૯ ૩ ૬		
છપામણી ૭ ૮ ૦		
પગાર, ભાડું અને લાઈટ ... ૫૮૮ ૮ ૩		
લવાજમ પ્રબુધ્ધ જૈનના ૪૦૨ ૮ ૦		
	૧૩૪૭ ૧૦ ૯	
	૧૯૪ ૭ ૩	
વરસ આખરની ભેટ જનરલ ફંડમાં લઇ ગયા..	૧૫૭૯ ૭ ૯	
	૧૭૭૩ ૧૫ ૦	

તપાસ્યું છે અને બરાબર માલુમ પડ્યું છે.

ખીમજી કુંવરજીની કું.
રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ.

તા. ૭-૩-૪૬.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંવત ૨૦૦૧ ની સાલનું સરવૈયું

ફંડો

રીઝર્વ ફંડ	૧૧૦૦ ૦ ૦	
જનરલ ફંડ		
ગયા વરસની બાકી ... ૮૯૬૦ ૦ ૦		
બાદ ગયા વરસનો ઘટાડો માંડીવાળ્યો ૧૬૦૦ ૦ ૧		
ચાલુ સાલમાં ઘટાડો ૧૫૭૯ ૭ ૯		
	૩૧૭૯ ૭ ૧૦	
	૫૭૮૦ ૮ ૨	
શ્રી ભાવજત ખાતું	૧૬૫ ૭ ૦	
વ્યાખ્યાનમાળા ખાતું	૨૧૪૩ ૫ ૩	
પુસ્તક પ્રકાશન ખાતું	૨૦૦૦ ૦ ૦	
નર્સિંગ શિષ્યવૃત્તિ ખાતું	૧૦૦૦ ૦ ૯	
લવાજમ એડવાન્સ ખાતું	૧૯૦ ૦ ૦	
પરચુરણ ખાતાઓ	૩૦૯ ૧૧ ૬	
શ્રી મણિલાલ મોકમચંદ શાહ વાંચનાલય પુસ્તકાલય ખાતું	૧૧૭૭ ૧૨ ૩	
	૧૩૯૩૯ ૨ ૧૧	

પરમાનંદ કુંવરજી કાપડીયા, પ્રમુખ,
રતીલાલ ચીમનલાલ કોઠારી મા. મંત્રી.
મણિલાલ મોકમચંદ શાહ ,,
વ્રજલાલ ધરમચંદ મેઘાણી ,,
શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

મીલ્કત

રોકાણ		
૫ ટકાના બોમ્બે મ્યુનીસીપાલીટી ડીબેન્ચર રૂા. ૫૦૦૦ ની ફેઇસ વેલ્યુના રૂા. ૬૦૭૦ ૫ ૭		
૫॥ ટકાના ધી ઇન્ડીયન હ્યુમપાઇપ કું. ના ડીબેન્ચર રૂા. ૪૦૦૦ ની ફેઇસ વેલ્યુના રૂા. ૪૨૩૬ ૬ ૨		
	૧૦૩૦૬ ૧૧ ૯	
કાન્તીલાલ અમૃતલાલને ખાતે	૧૩ ૫ ૬	
બેન્કમાં તેમજ હાથ ઉપર		
હાથ ઉપર રોકડ ... ૧૪ ૧૩ ૯		
ધી બેન્ક ઓફ ઇન્ડીયા લીમીટેડના ખાતામાં ... ૩૬૦૪ ૩ ૧૧		
	૩૬૧૯ ૧ ૮	
	૧૩૯૩૯ ૨ ૧૧	

અમોએ ઉપલું સરવૈયું, ચોપડાઓ, વાઉચરો, રસીદો અને બેંકપાસ સાથે તપાસ્યું છે અને આથી રીપોર્ટ આપીએ છીએ કે અમારી માન્યતા મુજબ અને અમોને આપવામાં આવેલ ખબર અને ખુલાસા પ્રમાણે અને ચોપડાઓમાં બતાવેલ છે તે પ્રમાણે અમોને બરાબર માલુમ પડ્યું છે.

ખીમજી કુંવરજીની કું.
રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટસ એન્ડ ઓડીટર્સ.

તા. ૭-૩-૪૬.

સંઘનો વાર્ષિક વૃતાંત

વિ. સં. ૨૦૦૧. ઈ. સ. ૧૯૪૫

વિક્રમ સંવત ૨૦૦૧ નો વાર્ષિક વૃત્તાન્ત સંઘના નિમાયલા ઓડીટર્સની કેટલીક અનિવાર્ય મુશ્કેલીઓને લીધે આટલો બધો મોડો રજુ કરવા માટે અને એ જ કારણે સંઘના અધિકારીઓ અને કાર્યવાહક સમિતિની ચુંટણી માટે વાર્ષિક સામાન્ય સભા પણ આટલી બધી મોડી બોલાવવા માટે અમો આપની ક્ષમા યાચીએ છીએ.

સંઘનો પૂર્વ ઈતિહાસ

વૃત્તાન્તનું વર્ષ પુરૂં થયા સાથે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ સત્તરવર્ષ પુરાં કરીને અઢારમાં વર્ષમાં પ્રવેશ કરે છે. એ કાળ કે જ્યારે જૈન સમાજનો શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ અયોગ્ય દીક્ષા સામેના પ્રચંડ આંદોલનને લીધે અત્યન્ત ક્ષુબ્ધ બની રહ્યો હતો, ત્યારે ઇ. સ. ૧૯૨૯ (વિ. સં. ૧૯૮૫) ની સાલમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સ્થાપના કરવામાં આવી હતી. એ વખતના અયોગ્ય દીક્ષા તેમ જ બાળ દીક્ષા સામેના આંદોલનને મુંબઇ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓએ ખુબ વેગ આપ્યો હતો, દીક્ષા-ઘેલા આચાર્યોનો સંપ્ત સામનો કર્યો હતો, ધર્મના નામે ચાલતા પાખંડો ખુલ્લાં પાડયાં હતાં અને જૈન સમાજની વિચાર ક્રાન્તિમાં બહુ મોટો ફાળો આપ્યો હતો અને સાથે બીજી પણ અનેક સેવાઓ બજાવી હતી. સંઘનાં એ વખતના પ્રચાર કાર્યને પહોંચી વળવા માટે 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા' નામનું સાપ્તાહિક શરૂ કરવામાં આવ્યું હતું જે બે વર્ષ ચાલ્યા બાદ તે પત્રિકાનું 'પ્રબુદ્ધ જૈન' એ મુજબ નામ રાખવામાં આવ્યું હતું. એ પ્રબુદ્ધ જૈનના તા. ૩-૬-૩૩ ના અંકમાં પ્રગટ કરવામાં આવેલી એક વાર્તામાં સરકારને રાજદ્રોહની ગંધ આવતાં રૂા. ૩૦૦૦) ની જામીન-ગીરી સરકારે માંગી હતી અને પરિણામે તા. ૯-૯-૩૩ ના રોજ પ્રબુદ્ધ જૈન બંધ કરવું પડયું હતું. ત્યારબાદ પોણા બે વર્ષ પછી વળી 'તરણ જૈન' નામનું પાક્ષિકપત્ર શરૂ કરવામાં આવ્યું જે બે વર્ષ બાદ આર્થિક મુશ્કેલી અને તત્કાલીન મંદતાના કારણે પાછું બંધ કરવામાં આવ્યું હતું.

પહેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા પંડિત સુખલાલજીની પ્રેરણા, અધિષ્ઠાન અને દોરવણી નીચે ૧૯૩૨ ની સાલમાં ગોઠવવામાં આવી હતી, પણ ત્યારબાદ ત્રણ વર્ષ સુધી એ વ્યાખ્યાનમાળા ગોઠવી શકાઇ ન હોતી. પાછી ૧૯૩૬ થી તે શરૂ કરવામાં આવી હતી જે આજ સુધી એક સરખી ચાલ્યા કરે છે અને વધારે ને વધારે રસપ્રદ, બોધક અને લોકપ્રિય બની રહી છે.

આ ૧૯૨૯ થી ૧૯૩૮ સુધીના ગાળામાં મુંબઇ ખાતે સંઘ મારફત બે જૈન યુવક પરિષદો ભરવામાં આવી હતી. પ્રથમ ૧૯૩૧ ના ડીસેમ્બર માસની આખરમાં સદ્‌ગત શ્રી મણિલાલ કોઠારીના પ્રમુખપણા નીચે ત્રણે ફીરકાની જૈન યુવક પરિષદ ભરવામાં આવી હતી અને એવીજ રીતે ૧૯૩૪ ના માર્ચ માસના પ્રારંભમાં રા. અમીચંદ છગનલાલ શાહના પ્રમુખ પણા નીચે મુંબઇ ખાતે શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના યુવકોની પહેલી જૈન યુવક પરિષદ ભરવામાં આવી હતી. આ બન્ને પરિષદોએ જૈન સમાજમાં ભારે ચેતના પેદા કરી હતી અને સમાજના ૩૬ બલણોમાં મોટું પરિવર્તન નીપજાવ્યું હતું.

૧૯૩૮ ની સાલમાં તે વખતનાં મુંબઇ ઇલાકાના અર્થસચિવ માન્યવર એ. વી. લઠ્ઠેના પ્રમુખપણા નીચે શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો દશવર્ષીય સમારંભ ઉજવવામાં આવ્યો હતો અને એ પ્રસંગે એક ભવ્ય કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

સંઘની નવરચના

આજ સુધી સંઘની કાર્યવાહી મુખ્યત્વે કરીને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગને બંધબેસતી બંધારણ થઇ રહી હતી અને સંઘના સભ્યોની ભરતી પણ ઘણા મોટા ભાગે શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગમાંથી જ થતી હતી. ૧૯૩૮ ના મધ્યભાગમાં સંઘના બંધારણમાં કેટલાક મૌલિક ફેરફારો કરવામાં આવ્યા. ચોક્કસ પ્રગતિશીલ ભાવનાઓ અને માન્યતાઓ સ્વીકારતા અને ક્રાન્તિકારી વલણ ધરાવતા જૈન યુવકો જ આ સંઘમાં જોડાઇ શકે એવો નવા બંધારણમાં પ્રબંધ કરવામાં આવ્યો અને સભ્યો માટે કેટલાક શિસ્ત નિયમો પણ મુકરર કરવામાં આવ્યા. સંઘમાં બધાં ફીરકાઓના ભાઇબ્હેનોને જોડાવાનું નિમંત્રણ આપવામાં આવ્યું અને ફીરકા ભેદને ટાળીને જૈન સમાજની એકતા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. સંઘનું કાર્યક્ષેત્ર વધારે વિશાળ બનાવવામાં આવ્યું અને જૈન સમાજના ત્રણે વિભાગના ભાઇબ્હેનો સંઘમાં સારી સંખ્યામાં જોડાયા. આ રીતે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મુંબઇમાં વસતા જૈન સમાજના ક્રાન્તિકારી યુવકોનું પ્રતિનિધિત્વ ધરાવતી એક અને અજોડ સંસ્થા બની.

૧૯૩૯ ના મે માસમાં પ્રબુદ્ધ જૈનની શરૂઆત કરવામાં આવી જે આજ સુધી એક સરખી રીતે પ્રગટ થઇ રહેલ છે અને ઉત્તરોત્તર વિકાસ પામતું રહ્યું છે.

૧૯૪૦ ના મે માસમાં સંઘે સાર્વજનિક વાંચનાલયની શરૂઆત કરી અને એ જ સાલના ઓગસ્ટ માસની ૧૭ મી તારીખે મુંબઇ પ્રાન્તના માજી પ્રધાન શ્રી બાળાસાહેબ ખેરના હાથે સંઘના પુસ્તકાલયનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રવૃત્તિનો પણ ઉત્તરોત્તર વિકાસ થઇ રહ્યો છે અને સંખ્યાબંધ લોકો આ વાંચનાલય અને પુસ્તકાલયનો લાભ લઇ રહ્યા છે. ૧૯૪૫ ની સાલમાં સંઘના એક આદ્ય સંચાલક અને વર્ષો જુના કાર્યકર્તા તેમજ મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી રૂા. ૧૦૦૦) અને તેમના મિત્રો અને પ્રસંશકો તરફથી મળેલ રકમ રૂા. ૧૪૦૦૦ એ રીતે કુલ રકમ રૂા. ૨૪૦૦૦) નું ટ્રસ્ટ કરીને સંઘના વાચનાલય પુસ્તકાલયને એક સાર્વજનિક અને સ્વતંત્ર સંસ્થામાં ફેરવી નાંખવામાં આવ્યું, અને તા. ૩૧-૩-૪૫ થી આ વાચનાલય પુસ્તકાલય સાથે શ્રી મણિલાલ મોકમચંદ શાહનું નામ જોડવામાં આવ્યું. આ પ્રવૃત્તિ પુરતી જગ્યાના અભાવે હાલ ધાર્યા પ્રમાણમાં વિકસાવી શકાતી નથી. વાંચનાલયમાં વાંચનારા સમાતા નથી. પુસ્તકો ભરવા માટે નવા કબાટો લાવીને મૂકવાની જગ્યા નથી. અનુકુળ સંયોગો મળતાં વધારે વિશાળ જગ્યામાં આ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલયને લઇ જવા સિવાય છુટકો નથી.

સંઘની બીજી એક અગત્યની પ્રવૃત્તિ જૈન સમાજના જરૂરિઆતવાળા કુટુંબોને અપાતી આર્થિક રાહતને લગતી છે. આ પ્રવૃત્તિની શરૂઆત ૧૯૪૩ ના ઓકટોબર માસમાં કરવામાં આવી હતી. શરૂઆતમાં બે ત્રણ માસ સુધી આ યોજનાનો લાભ બહુ કુટુંબોએ લીધો નહિ, પણ પછી તો આ યોજનાનો લાભ લેનારની સંખ્યા વધીને ૧૧૫ કુટુંબો સુધી પહોંચી હતી. આજે પણ આ રાહતનો ૫૪ કુટુંબો લાભ લઇ રહ્યા છે. રાહત પ્રવૃત્તિની શરૂઆતથી ગત વર્ષના આસોવદ ૦)) સુધીમાં સંઘને આ કાર્ય ચલાવવા માટે રૂા. ૧૬૭૦૬-૧૦-૦ મળ્યા છે અને તેમાંથી રૂા. ૧૪૫૬૩-૪-૯ વહેંચાયા છે.

આ ઉપરાંત માંદાની માવજતનાં સાધનો પુરા પાડવાની એક યોજનાનો અમલ તા. ૧૫-૫-૪૧ થી શરૂ કરવામાં આવ્યો હતો જે આજ સુધી એકસરખી રીતે ચાલુ છે. આ સાધનો કાયમ પણ ભેદભાવ સિવાય જેને જરૂર હોય તેને આપવામાં આવે છે. સંઘની અન્ય પ્રવૃત્તિઓની અપેક્ષાએ આ પ્રવૃત્તિ ગૌણસ્થાન ધરાવે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની આજ સુધીની કારકીર્દીનું આ એક નાનું સરખું સિંહાવલોકન છે આ ઉપરથી માલુમ પડશે કે સંઘ આજ સુધીમાં ઉત્તરોત્તર સંગીન વિકાસ પામતો રહ્યો છે અને સંઘે જૈન સમાજને અનેકવિધ સેવાઓ આપી છે અને સાથે સાથે સામાન્ય જનસેવાની પણ તેણે ઉપેક્ષા કરી નથી. સંઘ એક કોમી સંસ્થા હોવા છતાં રાષ્ટ્રની આઝાદીની સાધનાને કેન્દ્રસ્થાને રાખીને સંઘે પોતાની સર્વ પ્રવૃત્તિઓનું સંયોજન અને સંચાલન કર્યું છે. અન્ય કોમી સંસ્થાઓ સાથે સરખાવતાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની આ એક અત્યન્ત ગૌરવપ્રદ વિશેષતા છે.

આજે સંઘના સભ્યોની સંખ્યા ૩૩૪ ની છે જેમાં ૨૮૫ ભાઇઓ છે અને ૪૯ બહેનો છે. પ્રબુદ્ધ જૈન સંઘના સભ્યોને તો હકકથી મળે છે પણ તે ઉપરાંત ૫૮૫ ગ્રાહક સંખ્યા છે. આ સંખ્યા પણ પ્રબુદ્ધ જૈનની વધતી જતી લોકપ્રિયતા સૂચવે છે.

બે સ્નેહ સંમેલનો

ગતવર્ષમાં બે સ્નેહ સંમેલનો યોજવામાં આવ્યા હતા. એક તા. ૨૮-૧-૪૫ ના રોજ શ્રી મણિલાલ મોકમચંદ શાહના નિમંત્રણથી ઘાટકોપર ખાતે શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણીના નિવાસ સ્થાન ઉપર યોજવામાં આવ્યું હતું. જે વખતે સંઘના સભ્યો ઉપરાંત અન્ય ભાઇ બહેનોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંઘની પાસેથી જૈન સમાજ શી શી આશા રાખે છે અને સંઘની કેટલી કાર્ય શકયતા છે તે ઉપર બહુ સારી ચર્ચા થઇ હતી.

બીજું સ્નેહ સંમેલન જ્યારે મુંબઇ ખાતે અખિલ હિંદ મહાસભા સમિતિની સપ્ટેમ્બર માસની ૨૧, ૨૨, ૨૩ તારીખના રોજ બેઠક ભરવામાં આવેલી ત્યારે મુંબઇ બહારથી આવેલા કેટલાક જૈન આગેવાન કાર્યકર્તાઓનો લાભ મળે અને પરસ્પર સંપર્કો સધાય તે હેતુથી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી શ્રી. મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં ભરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુંબઇ શહેરનાં કેટલાક જૈન આગેવાનો ઉપરાંત શ્રેષ્ટીવર્ય શ્રેયાંસ-પ્રસાદજી, આગ્રાવાળા શ્રી અચલસિંહજી, પુનાવાળા શ્રી પોપટલાલ રામચંદ શાહ, અમદાવાદવાળા શ્રી છોટાલાલ ત્રીકમલાલ પારેખ, બ્યાવર ગુરૂકુળના નિયામક શ્રી ધીરજલાલ તુરખીઆ, દીલ્હીના જૈનેન્દ્રકુમાર જૈન, લાહોરવાળા બહેન શ્રી લેખવતી જૈન વગેરે ભાઇ બહેનોએ હાજરી આપી હતી. અને આ પ્રસંગે જૈન સમાજમાં એકતા કેમ સ્થપાય અને ફીરકા ભેદ કેમ ઘટે તે વિષે બહુ સુંદર વિવેચનો થયા હતા.

બે સન્માન સમારંભો

શ્રી કાકાસાહેબ કાલેલકર તાજેતરમાં જેલમાંથી છુટી આવેલા તેમને જાહેર આવકાર આપવાના હેતુથી એક સામાન્ય સભા તા. ૨૧-૭-૪૫ ના રોજ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં બોલાવવામાં આવી હતી. કાકાસાહેબ સાથે મુંબઇ જૈન યુવક સંઘનો ઘણા વર્ષોનો સંબંધ છે અને પ્રબુદ્ધ જૈનને તેમણે પોતાના સુંદર લેખો વડે અનેકવાર સન્માનિત કર્યું છે. ઉપર જણાવેલ સન્માન પ્રસંગે કાકાસાહેબે પોતાના લાંબા જેલવાસના વિવિધ અનુભવો અને તે દરમિયાનની તેમની જ્ઞાનોપાસનાની અનેક વિગતો સંભળાવી સભાજનોને મુગ્ધ કર્યા હતા.

એવી જ રીતે સંઘના એક અગ્રગણ્ય સભ્ય શ્રી શાન્તિલાલ હરજીવન શાહ પણ લાંબો જેલનિવાસ ભોગવીને તાજેતરમાં છુટેલા. તેમને આવકારવા તેમજ તેમનું અભિનંદન કરવા માટે તા. ૨૮-૭-૪૫ ના રોજ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલા આનંદ ભુવનના હોલમાં શ્રી મોતીચંદ ગીરધર કાપડીઆના પ્રમુખપણા નીચે એક જાહેર સન્માન સંમેલન યોજવામાં આવ્યું હતું, જે વખતે ભાઇ શાન્તિલાલના અનેક પ્રસંશકોએ તેમને હાર્દિક પ્રશસ્તિઓ વડે નવાજ્યા હતા અને ભાઇ શાન્તિલાલે ઉત્તરમાં એક આત્મલક્ષી અને હૃદય સ્પર્શી નિવેદન કર્યું હતું.

સંપર્ક સભાઓ

આ ઉપરાન્ત જ્યારે જ્યારે મુંબઇ શહેરની કે બહારની કોઇ પણ વિશિષ્ટ વ્યક્તિના સંપર્કનો લાભ મળવા સંભવ હોય ત્યારે ત્યારે તેમને સંઘના કાર્યાલયમાં બોલાવવાની અને કાર્યવાહક સમિતિના સભ્યો તેમજ અન્યમિત્રોને તેમની સાથે વિચાર વિનિમય થાય એવા પ્રસંગો ગોઠવવાની પરંપરા ગતવર્ષમાં પણ સારા પ્રમાણમાં ચાલુ રહી છે. ગતવર્ષના પ્રારંભમાં શ્રી હંસાબહેન મહેતાને આજ હેતુથી તા. ૪-૧૧-૪૪ના રોજ નિમંત્રણ આપવામાં આવ્યું હતું અને તેમની સાથે બીજા અનેક પ્રશ્નો સાથે આપણી બહેનો સ્વાશ્રયી અને સ્વાધીન કેમ બને, દરેક વ્યવસાયનાં દ્વાર તેમના માટે પણ કેમ ખુલે, તથા સ્ત્રી પુરૂષ વચ્ચે વાસ્તવિક સમાનતાની શી રીતે સ્થાપના થાય એ પ્રશ્ન ઉપર બહુ રસભરી ચર્ચા થઇ હતી.

તા. ૧૫-૧૧-૪૪ ના રોજ બહુ થોડા સમય પહેલાં કારાવાસ મુકત થયેલા શ્રી નાનાભાઇ ભટ્ટ પણ સંઘના નિમંત્રણને માન આપીને સંઘના કાર્યાલયમાં આવ્યા હતા અને પોતાના જેલવાસના કેટલાક અનુભવો સાથે કાઠિયાવાડની કેટલીક સમસ્યાઓ અને તેના અનુસંધાનમાં ગામડાઓના પ્રશ્નો વિષે તેમણે બહુ વિગતવાર ચર્ચા કરી હતી.

તારીખ ૨૪-૪-૪૫ ના રોજ દિગંબર સમાજના કેટલાક આગેવાન કાર્યકર્તાઓ અને વિદ્વાન પંડિતોના સંપર્કનો અણમોલો લાભ સાંપડયો હતો. દિગંબર સમાજના અગ્રગણ્ય આગેવાન શ્રી શ્રેયાંસ પ્રસાદજી, ડો. હીરાલાલ, શ્રી નાથુરામ પ્રેમી, ડો. જગદીશચંદ્ર જૈન, ડો. એ એન. ઉપાધ્યાય, શ્રી. નારાયણ પ્રસાદ જૈન વગેરે ગ્રહસ્થો સંઘના નિમંત્રણને માન આપીને પધાર્યા હતા. અને તેમનું પંડિત સુખલાલજીના પ્રમુખસ્થાને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જૈન સમાજના વિવિધ પ્રશ્નો બહુજ વિસ્તારથી ચર્ચાયા હતા અને જૈન સમાજનું એકીકરણ શી રીતે થાય તે વિષે બહુ ઉપયોગી અને માર્ગદર્શક વિચાર વિનિમય થયો હતો.

ગયા મે માસમાં કપોળ જ્ઞાતિનાં બહુ જાણીતા કાર્યકર્તા શ્રી ખુશાલદાસ કુરજી પારેખ સંઘના કાર્યાલયમાં આવ્યા હતા. અને પોતાની કાર્યપધ્ધતિની અને સાથે સાથે પોતાના આજ સુધીના જીવનની ટુંકી રૂપરેખા તેમણે રજુ કરી હતી. માત્ર સેવાભાવથી અને નિઃસ્વાર્થ વૃત્તિથી કામ કરનાર સંમાજ સેવક શ્રીમાન વર્ગ ઉપર કેટલું મોટું વર્ચસ્વ જમાવી શકે છે અને અનેક કોમી તેમજ સાર્વજનિક કાર્યો માટે કેવી ગંજાવર સખાવતો તેમની પાસે કરાવી શકે છે અને કેટકેટલી યોજનાઓ અમલમાં મુકી શકે છે તેનો તેમની રજુઆતદ્વારા સહુ કોઇ હાજર રહેલા સભ્યોને તેમણે બહુ સુન્દર અને સચોટ ખ્યાલ આપ્યો હતો. આ પ્રસંગે બનારસ હિંદુ યુનીવર્સીટીના અધ્યાપક ડો. ખુલચંદજી પણ અણધાર્યા એકાએક આવી ચઢયા હતા અને તેમના પરિચયનો સુયોગ પ્રાપ્ત થતાં સૌને ખુબ આનંદ થયો હતો.

તા. ૨૬-૬-૪૫ ના રોજ સંઘના બહુ લાંબા સમયના નિમંત્રણને માન આપીને રાષ્ટ્રીય મહાસભાની કારોબારી સમિતિના સભ્ય શ્રી શંકરરાવ દેવે સંઘના કાર્યાલયમાં આવવાની કૃપા કરી હતી. આ પ્રસંગ સંઘને માટે અત્યન્ત ગૌરવપ્રદ હતો. શંકરરાવ દેવે ૧૯૪૨ ની લડતનું રહસ્ય સમજાવ્યું હતું અને વર્તમાન પરિસ્થિતિ અંગે ઉભી થતી હીંસાની કેટલીક ધુંચોનું નિરાકરણ કર્યું હતું તેમજ વેવલ યોજના તથા સીમલા પરિષદ વિષે કેટલાક ખુલાસા કર્યા હતા. તેમનું આખું પ્રવચન તા. ૧-૭-૪૫ ના "પ્રબુદ્ધ જૈનમાં" પ્રગટ કરવામાં આવ્યું છે.

જન્મભૂમિના તંત્રી શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠ સાન્ફ્રાન્સીસ્કો પરિષદમાં ગયેલા તેને લગતા અનુભવો સંભળાવવા માટે તેમને નિમંત્રણ આપવામાં આવ્યું હતું; જે નિમંત્રણને માન આપીને તેઓ ૨-૭-૪૫ ના રોજ સંઘના કાર્યાલયમાં આવ્યા હતા અને

સાન્ફ્રાન્સીસ્કો પરિષદ વિષે કેટલીક વાતો જણાવ્યા બાદ ખેતીવાડી અને પત્રકારિત્વ એ બે વિષયો તેમના ખાસ રસના હોઇને તે વિષે અમેરીકા કેટલું આગળ વધી રહ્યું છે અને આપણે તેમાંથી શું શીખી શકીએ તેમ છીએ એ વિષે ઘણી ઉપયોગી માહીતીઓ રજુ કરી હતી.

તા. ૧૧-૮-૪૫ ના રોજ શ્રી. વિઠ્ઠલદાસ જેરાજણી સંઘના કાર્યાલયમાં આવ્યા હતા અને વજરેશ્વરી-અકલોલી ખાતે તેમણે ખોલેલા ગ્રામોદ્યોગ કેન્દ્રમાં રહીને તેઓ શું કાર્ય કરી રહ્યા છે તેનો તેમણે બહુ વિગતવાર ખ્યાલ આપ્યો હતો સાથે સાથે તેઓ તો સ્વદેશી અને ખાદીના કાર્યક્ષેત્રમાં એક બહુ જુના અને જાણીતા કાર્યકર્તા હોઇને સ્વદેશીમાંથી ખાદી અને ખાદીમાંથી ગ્રામોદ્યોગનો વિકાસ કેમ થયો એને લગતો એક સળંગ ઇતિહાસ પણ તેમણે પોતાના બે કલાકના અખંડ પ્રવચન દરમિયાન રજુ કર્યો હતો.

હિંદી સાહિત્યના સુપ્રસિધ્ધ લેખક અને દિગંબર સમાજના એક આગેવાન કાર્યકર્તા શ્રી જૈનેન્દ્રકુમારજી સંઘ નિયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા નિમિત્તે મુંબઇ આવ્યા હતા. તેમના સમાગમનો લાભ લેવા માટે અને તેમની સાથે વિચાર વિનિમય સાધવા માટે સંઘના કાર્યાલયમાં તા. ૧૨-૯-૪૫ ના રોજ એક સભા ગોઠવવામાં આવી હતી. જે પ્રસંગે જૈનેન્દ્રકુમારજીએ જૈન સમાજના સંગઠ્ઠન ઉપર એક ભાવનાપ્રચુર અને હૃદયસ્પર્શી પ્રવચન કર્યું હતું અને ત્યારબાદ હાજર રહેલા સભ્યો અને તેમની વચ્ચે રસપ્રદ ચર્ચા થઇ હતી.

'શબ્દોના સાથીઓ'

તા. ૨-૯-૪૫ ના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં સંઘના આશ્રય નીચે બોલાવવામાં આવેલ જાહેર સભા સમક્ષ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ શબ્દોના સાથીઓ નામનું નાટક ભજવી બતાવ્યું હતું. આ પ્રસંગે આખી વ્યાખ્યાનશાળા ખીચોખીચ ભરાઇ ગઇ હતી અને પ્રસ્તુત નાટક ૧૯૪૨ ની ભાંગફોડની હીલચાલને સ્પર્શીને રચવામાં આવેલું હોઇને સૌ કોઇને અત્યંત આનંદપ્રદ અને રોમાંચપ્રેરક બન્યું હતું.

પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા માટે સુન્દર વ્યાખ્યાનક્રમ ગોઠવવામાં આવ્યો હતો અને તે સફળતાપૂર્વક પાર પડયો હતો. આ વખતે શ્રી બળવંતરાય ઠાકોર, જૈનેન્દ્રકુમાર, કાકુભાઇ, નાગરદાસ ગાંધી તથા અશોક મહેતાનો પહેલી જ વાર લાભ મળ્યો હતો. વર્ધાથી કાકાસાહેબ કાલેલકર અને અમદાવાદથી મગનભાઇ દેસાઇ વ્યાખ્યાન આપવા માટે પધાર્યા હતા. મહાસતી ઉજ્જવલકુમારીજીએ આજ વ્યાખ્યાનવાળાનાં ક્રમમાં 'ભગવાન મહાવીરનો સંદેશ' એ વિષય ઉપર બહુ સુન્દર અને અત્યન્ત અસાંપ્રદાયિક નિરૂપણ કર્યું હતું. આ વ્યાખ્યાનસભા મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન શાળામાં ગોઠવવામાં આવી હતી જેમાં થયેલી શ્રોતાજનોની ભીડને શમાવવી મુશ્કેલ થઇ પડી હતી. આ આખી વ્યાખ્યાન માળાનું પ્રમુખસ્થાન પંડિત સુખલાલજીએ શોભાવ્યું હતું અને તેમણે બે વિદ્વતાપૂર્ણ વ્યાખ્યાનો પણ આપ્યા હતા.

જૈન. શ્વે. મૂ. કોન્ફરન્સ અને યુવક પક્ષનો વિજય.

ગતવર્ષ દરમિયાન એપ્રીલ માસની ૭, ૮, ૯ તારીખોએ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સનું શ્રીનાથ મેઘજી સોજપાળના પ્રમુખસ્થાને અધિવેશન મળ્યું હતું. અમુક બે પ્રત્યાઘાતી ઠરાવો પસાર કરીને કોન્ફરન્સની કાર્યવાહીથી અલગ રહેતા અમુક સ્થિતિચુસ્ત વર્ગને સામેલ થવાની અનુકુળતા કરી આપવી એવો આ અધિવેશન ભરવાનો વિશિષ્ટ હેતુ હતો. આ બે ઠરાવોની વિગતવાર ચર્ચા તે દિવસોના પ્રબુધ્ધ જૈનમાં પ્રગટ થઈ ચુકી છે તેથી તેનો અહીં સવિસ્તર ઉલ્લેખ કરવાની જરૂર નથી. આ બે ઠરાવોનો વિરોધ કરવાનો શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ ઠરાવ કર્યો અને આ ઠરાવો અને તેને લગતું અધિવેશન જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગને લગતું હોઇને સંઘના શ્વે. મૂ. સભ્યોને આ વિરોધ પ્રવૃત્તિ જોસભેર ઉપાડી લેવાનું સૂચવવામાં આવ્યું. આ સંબંધમાં જોસભેર પ્રચાર શરૂ કરવામાં આવ્યો. પ્રારંભમાં તો એમ લાગતું હતું કે કોન્ફરન્સમાં હાજર રહેલા ભાઇ બહેનોમાંથી આ બે પ્રત્યાઘાતી ઠરાવોનો વિરોધ કરનારની સંખ્યા બહુ મોટી નહિ નીકળે, પણ અધિવેશન દરમિયાન બનેલી એક પછી એક ઘટનાઓએ પ્રસ્તુત ઠરાવો સામે પ્રતિકુળ લોકમત ઉભો કરવામાં બહુ અનુકુળતા કરી આપી અને એ ઠરાવ ઉપર મત લેવાની ઘડીએ સૌ કોઇના આશ્ચર્ય અને આનંદ વચ્ચે એ બન્ને ઠરાવો ૧૨૧૫ મત પક્ષમાં અને ૧૨૪૦ મત વિરૂધ્ધમાં પડતાં ૨૫ પ્રતિકુળ મતના કારણે ઉડી ગયા અને રૂઢીચુસ્તોની ગમે તેવી કીલેજાંધી હોવા છતાં લોકમત આજે કઇ બાજુએ વહી રહ્યો છે તેનું લોકશાસનના ધોરણે થયેલા પ્રસ્તુત મતપ્રદાને આબાદ દર્શન કરાવ્યું. આ લડતમાં મળેલા વિજયે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની પ્રતિષ્ઠામાં અને ગૌરવમાં વધારો કર્યો છે, અને સંઘની નિષ્ઠા અને કાર્યદક્ષતા વિષે લોકોનાં દીલમાં ભારે વિશ્વાસ પેદા કર્યો છે.

ચંદ્રોદય સાગર પ્રકરણ

ગયા વર્ષનાં આખર ભાગમાં પર્યુષણ બાદ ચંદ્રોદય સાગર પ્રકરણ ઉભું થયું હતું. આ પ્રકરણે આખા જૈન સમાજમાં અને ખાસ કરીને શ્વે. મૂ. વિભાગમાં ભારે ક્ષોભ ઉપસ્થિત કર્યો હતો. આ સંબંધમાં સંઘની કાર્યવાહક સમિતિએ એક માર્ગદર્શક નિવેદન બહાર પાડયું હતું જે પ્રબુધ્ધ જૈનના તા. ૧-૧૦-૪૫ નાં અંકમાં પ્રગટ કરવામાં આવ્યું છે. આ પ્રકરણ આજે કોર્ટના દરવાજે ચઢયું છે અને તેનું શું પરિણામ આવે છે તે જોવાનું રહે છે.

સંઘની ગતવર્ષની કાર્યવાહીનો આ ઇતિહાસ છે. ગતવર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૪ સભાઓ મળી હતી અને તે ઉપરાન્ત કેટલીક સંપર્ક સાધક સભાઓ મળી હતી જેનો ઉપર વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંઘના મુખપત્ર પ્રબુધ્ધ જૈનની ગ્રાહક સંખ્યા આગલા વર્ષ દરમિયાન ઠીક ઠીક કમી થઇ હતી જેમાં ગતવર્ષ દરમિયાન સારી ભરતી થઇ છે. આ રીતે સંઘનું પ્રચારકાર્ય પણ સંતોષકારક રીતે ચાલે છે એમ કહી શકાય.

સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને આર્થિક જવાબદારીઓ

આ વખતના આવક જાવકના હીસાબ અને સરવૈયા ઉપરથી તેમજ આગામી વર્ષને લગતા અંદાજપત્ર ઉપરથી માલુમ પડશે કે સંઘની સૌથી મોટી જવાબદારી શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયને લગતી છે. ગયા વર્ષ દરમિઆન તે ખાતામાં સંઘને રૂા. ૧૭૦૭-૧૨-૦ ની પુરવણી કરવી પડી છે. આ ખર્ચમાં ટ્રસ્ટડીટ, સ્ટેંપ વગેરે ખર્ચનો સમાવેશ થાય છે. આ વર્ષમાં આ પ્રવૃત્તિને ચલાવવા માટે આશરે રૂા. ૧૨૦૦) ની અપેક્ષા રહેશે એમ અંદાજ કાઢવામાં આવ્યો છે. પ્રબુધ્ધ જૈનમાં ગતવર્ષમા આવક જાવક લગભગ સરખા થયા છે પણ આવતા વર્ષમાં આગળના વર્ષ કરતાં છપાઇ, કાગળ વગેરે ખર્ચ વધારે આવવા સંભવ છે તેમ જ મોંઘવારીને અંગે પણ પરચુરણ ખર્ચ વધવા સંભવ છે. આ રીતે પ્રબુધ્ધ જૈનને આવતા વર્ષમાં આશરે રૂા. ૧૩૦૦) ની અપેક્ષા રહેશે. પર્યુષણ વ્યાખ્યાન માળા પાછળ રૂા. ૫૦૦) નો ખર્ચ થવા સંભવ છે પણ તેટલી રકમ તે નિમિત્તે દર વખતની માફક પર્યુષણ દરમિયાન સંઘને મળી રહેશે એવી આશા રાખવામાં આવે છે. આ રીતે જોતા સંઘની નવા વર્ષની જરૂરિઆતોને પહોંચી વળવા માટે ઓછામાંઓછા રૂા. ૨૫૦૦) ની જરૂરત પડશે. આ ઉપરાંત નાના મોટા પ્રસંગે

આણ્યાર્યા ખર્ચો થાય તે જુદા. ગયા વર્ષના પ્રારંભમાં સંઘના જનરલ ફંડમાં રૂા. ૮૪૬૦–૦–૦ જમે હતા તેની સામે આગલા વર્ષનો રૂા. ૫૬૦૦–૦–૦ નો હવાલો નાખતા અને ગતવર્ષના ખર્ચનો રૂા. ૧૫૭૫–૭–૮ નો હવાલો નાંખતા આજે સંઘ પાસે જનરલ માત્ર રૂા. ૫૭૮૦–૮–૨ સીલક રહે છે. તેથી ઉપર જણાવેલ જરૂરિઆતોને પહોંચી વળવા માટે આપણે સર્વેએ બનતો પ્રયત્ન કરી છૂટવાની ખાસ જરૂર ઉભી થાય છે. આજે આગળની માફક સરળતાથી આર્થિક મદદો આવતી નથી અને દિનપ્રતિદિન ખર્ચનું પ્રમાણ વધતું જાય છે. આ બાબત તરફ સંઘના સર્વ સભ્યોનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

સંઘની પેટા સમિતિઓ

સંઘની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવા માટે જુદી જુદી સમિતિઓ હંમેશ માફક ગત વર્ષમાં પણ નીમવામાં આવી હતી. રાહત સમિતિના મંત્રી તરીકે શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીની નીમણુંક કરવામાં આવી હતી. મ. મો. વાચનાલય પુસ્તકાલય સમિતિના મંત્રી તરીકે શ્રી મનસુખલાલ લાલનની નીમણુંક કરવામાં આવી હતી અને તેઓ ગયા માર્ચ માસની આખરમાં સંઘથી છુટા થયા બાદ તેમના સ્થાને શ્રી તારાચંદ કોઠારીની નીમણુંક કરવામાં આવી હતી. માવજત સાધન સમિતિના મંત્રી તરીકે શ્રી દીપચંદ ત્રીભોવનદાસ શાહની નીમણુંક કરી હતી. આ ત્રણે સમિતિઓએ અને તેના મંત્રીઓએ પોતાનું કાર્ય સંતોષકારક રીતે બજાવ્યું છે તેની અહિં નોંધ લેવામાં આવે છે. પ્રબુદ્ધ જૈનનું કાર્ય શ્રી મણિલાલ મોકમચંદ શાહ અને શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાએ સંભાળ્યું છે તેની પણ અહીં નોંધ લેવામાં આવે છે.

અર્થ સીંચન કરો અને સંઘની વિવિધ પ્રવૃત્તિઓને ટકાવો.

ઉપર જણાવ્યુ તેમ સંઘના મ. મો. વાચનાલય-પુસ્તકાલયને હજુ ખુબ આર્થિક સીંચનની જરૂર છે. આ કેવળ સાર્વજનિક જ્ઞાનસેવાનું કાર્ય છે. તો ઉદારબાધઓ અને ખાસ કરીને આ વાચનાલય અને પુસ્તકાલયનો લાભ લેનારાઓ આ પ્રવૃત્તિને ચરણે ફુલ નહિ તો ફુલની પાંખડી ધરે એવી અમારી વિજ્ઞપ્તિ છે. સંસ્થા તરફથી ચાલતી રાહત પ્રવૃત્તિમાં ગયા વર્ષે રૂા. ૭૪૩૨) મળ્યા હતા અને રૂા. ૭૬૭૭) ખર્ચાયા હતા. આજ સુધી આ કાર્યમાં અતુટ દ્રવ્યપ્રવાહ વહેતો હતો અને ઉત્તરોત્તર છ છ મહીનાનાં દુકાળે એ પ્રવૃત્તિ આપણે નભાવ્યે જતા હતા. એ વહેતો દ્રવ્યપ્રવાહ હાલ ખુબ સંકોચાવા લાગ્યો છે અને તેથી આવતા ચૈત્ર માસની મર્યાદા પુરી થયા સાથે આ પ્રવૃત્તિ કદાચ બંધ કરવી પડે એવો ભય રહે છે. આજની અસાધારણ તંગીમાં જૈન કુટુંબોને બહુ જ ઉપયોગી રાહત પુરી પાડતી આ પ્રવૃત્તિને ટકાવવા અને તે માટે બને તેટલી નાની મોટી રકમો મોકલતા રહેવા અને એ રીતે અમારા ઉપર જણાવેલ ભય ખોટો પાડવા જૈન સમાજના સુસ્થિત વર્ગને આગ્રહભરી પ્રાર્થના છે. પ્રબુદ્ધ જૈન પણ આ વર્ષે સંગીન આર્થિક મદદની અપેક્ષા ધરાવે છે તો તેને પણ બને તેટલો આર્થિક ટેકો આપતા પ્રબુદ્ધ જૈનના પ્રસંશકોને અને સંઘના સભ્યોને અમારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

ઉપસંહાર

ગતવર્ષ દરમિયાન થયેલ સંઘની કાર્યવારીની આ સમાલોચના છે. ગતવર્ષની વિવિધ ઘટનાઓએ સંઘની પ્રતિષ્ઠામાં સારો વધારો કર્યો છે અને સંઘે ઘણા ઉપયોગી સંપર્કો સાધ્યા છે. જૈન તેમજ જૈનેતર સમાજમાં સંઘ સારો આદર સદ્ભાવ ધરાવતો થયો છે. સંઘની સભ્ય સંખ્યા પણ વધતી ચાલી છે અને પ્રબુદ્ધ જૈનનો પણ ઠીક ફેલાવો રહ્યો છે. આમ છતા પણ સંઘ હસ્તક ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ ખુબ વિકાસની અપેક્ષા ધરાવે છે. સંઘનું વાચનાલય અને પુસ્તકાલય આજની જરૂરિઆતોને અને લોકોમાં ઉભરેલી જ્ઞાન પિપાસાને પહોંચી વળવાની દિશાએ બહુ જ અલ્પ સેવા આપી રહ્યું છે. આ માટે બહુ જ વિશાળ જગ્યા જોઇએ અને વિપુલ પુસ્તક સંગ્રહ જોઇએ. અને તે માટે ઘણું મોટું ફંડ જોઇએ. સંઘે જે પ્રવૃત્તિ હાથમાં ધરી છે તેને તો આગળને આગળ વધારવી જ રહી. આ વાચનાલય અને પુસ્તકાલય સાર્વજનિક છે અને તેનો લાભ આપવા બદલ કોઈ પાસેથી કશું પણ લવાજમ લેવામાં આવતું નથી. જૈનધર્મ અને ગુજરાતી સાહિત્યનું એક પણ ઉપયોગી પુસ્તક આ પુસ્તકાલયમાં ન હોય એ બને જ નહિ તેમજ એક પણ ઉપયોગી સામયિક પત્ર બાકી રાખીને ગુજરાતી પત્ર આ વાચનાલયમાં ન મળે એમ પણ કદિ બને જ નહિ–આ તદ્દાલીન ધ્યેયને લક્ષમાં રાખીને સંઘના વાચનાલય તથા પુસ્તકાલયનો સર્વ તોમુખી વિકાસ સાધવો જોઇએ. અને તે માટે જોઇતા નાણાં મેળવવા આપણે સૌએ કટિબધ્ધ થવું જોઇએ.

આવીજ રીતે આજે છેલ્લાં બે વર્ષથી ચાલતી રાહત પ્રવૃત્તિમાં અનેકવિધ વિકાસની શક્યતા રહેલી છે. જૈન સમાજનો મધ્યમ વર્ગ આજે અનેક પ્રકારની ભીંસમાંથી પસાર થઇ રહ્યો છે. તેમાં જેટલી રાહત આપી શકાય તેટલી ઓછી છે. વળી સંઘની આજની રાહતપ્રવૃત્તિ કેવળ જૈન સમાજ પુરતી કાર્યાંદિત છે. આ રાહત પ્રવૃત્તિનો સાર્વજનિક ક્ષેત્રમાં ઓછો વધતો પણ કાંઇ ને કાંઇ વિસ્તાર થયો ઘટે છે. આજે નિશાળો અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને મદદ આપવાની દિશામાં સંઘથી હજુ કશું અમલી કાર્ય થઇ શકયું નથી. આ બધી દિશાએ સંઘે પોતાનું કાર્ય વધારવાની જરૂર છે.

પ્રબુદ્ધ જૈન પણ અનેકરીતે વિકાસક્ષમતા ધરાવે છે. અમુક એક બે લેખકો સિવાય બહારના લેખકો તરફથી પ્રબુદ્ધ જૈનને ભાગ્યેજ લેખો મળે છે. વાંચન સામગ્રીની વિવિધતા તેમજ વિપુલતા અને અનેક વિદ્વાન લેખકો અને વિચારકોનો સહકાર અત્યંત અપેક્ષિત છે. જૈન સમાજને તેમજ રાષ્ટ્રને સ્પર્શતા સર્વ ઉપયોગી વિષયો પર તે પ્રબુધ્ધ જૈનમાંથી સ્પષ્ટ માર્ગદર્શન મળવું જોઇએ, અને નવા વિચારો અને પલટાતા જીવન આદર્શોનો પ્રબુધ્ધ જૈનદ્વારા વાંચકોને હરહંમેશ પરિચય થતો રહેવો જોઇએ. આ હેતુ જેટલા અંશે સિધ્ધ કરી શકાય તેટલાં અંશે પ્રબુધ્ધ જૈનનું પ્રકાશન સફળ થયું લેખાય.

આમ અનેક દિશાએ સુંદર જૈન યુવક સંઘે પ્રગતિ સાધવાની રહે છે. એક બાજુ રચનાત્મક કાર્ય અને બીજી બાજુએ વિચાર ક્રાંતિ અને સામાજિક ક્રાંતિ નીપજાવે તેવી ઉદ્દામ પ્રવૃત્તિ–આ બન્ને એકમેકના પુરક છે. એકથી સંઘની શકિત અને તાકાત વધે છે, અન્યથી સંઘના ઉદ્દેશો અને હેતુઓ સફળ અને ચરિતાર્થ બને છે. આ બન્ને દિશાએ સંઘ શકય તેટલી પ્રગતિ સાધતો રહે અને સંઘનું કાર્યક્ષેત્ર ઉત્તરોત્તર વૃધ્ધિંગત થતું રહે એ પ્રાર્થના અને એ માટે સંઘના સભ્ય બને તેટલો સાથ, સહકાર અને આત્મભોગ આપે એવી નમ્ર યાચના પૂર્વક આ વાર્ષિક નિવેદન રજુ કરવામાં આવે છે.

શ્રી ઝીણાભાઈ દેશાઈ (રનેહરશ્મિ) સંઘના કાર્યાલયમાં

સંઘના નિમંત્રણને માન આપીને તા. ૨૮–૩–૪૬ ને ગુરૂવારના રોજ ગુજરાતના જાણીતા કવિ અને શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના પ્રીન્સીપાલ શ્રી ઝીણાભાઇ રતનજી દેશાઇ સંઘના કાર્યાલયમાં આવ્યા હતા. તેમની સાથે સંઘની પ્રવૃત્તિઓ, ચી. ન. વિદ્યાવિહારની કેટલીક વિશેષતાઓ તેમજ બીજા પ્રાસંગિક વિષયો ઉપર ચર્ચા થઇ હતી અને તેમણે પોતાના રચેલા કેટલાક કાવ્યો અને ગીતો સંભળાવ્યા હતા. તે સાંભળીને સૌ કોઇને ખુબ આનંદ થયો હતો. પ્રબુધ્ધ જૈન માટે અવારનવાર કંઇને કંઇ મોકલતા રહોવા એમને ખાસ વિનંતિ કરવામાં આવી હતી અને તેમનો આભાર માની સભા વિસર્જન કરવામાં આવી હતી.

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ.

વાર્ષિક સામાન્ય સભા અને ચુંટણી

તા. ૨૪-૩-૪૬ રવિવારના રોજ શ્રી જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા શ્રી પરમાનંદ કુંવરજી કાપડીયાના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. શરૂઆતમાં ગઇ વાર્ષિક સામાન્ય સભાનો વૃત્તાન્ત મંજુર થયા બાદ સંઘના મંત્રી શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી તરફથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાન્ત રજુ કરવામાં આવ્યો હતો. આ વૃત્તાન્ત સંબંધે ચર્ચા કરવા તેમજ ભવિષ્યની કાર્યવાહી માટે યોગ્ય લાગે તે સૂચનો કરવા પ્રમુખશ્રી તરફથી કહેવામાં આવતાં કેટલીક ચર્ચા થઈ હતી અને સંઘના સભ્યો તરફથી કરાયલાં સૂચનોનો સાર નીચે મુજબ હતો:—

(૧) મુંબઇ જૈન યુવક સંઘની મુંબઇ શહેરના જુદા જુદા લતાઓમાં તેમજ પરાંઓમાં શાખાઓ ખોલવી અને એ રીતે સંઘનું પ્રચારકાર્ય ખુબ આગળ વધારવું.

(૨) વિશિષ્ટ વ્યક્તિઓને નિમંત્રણ આપીને જે સંપર્કસભાઓ ગોઠવવામાં આવે છે તેનો લાભ સંઘના સર્વ સભ્યોને આપવો.

(૩) જૈન સમાજના જુદા જુદા વિભાગોને એકત્ર કરવાની હીલચાલ વધારે જોસથી સંઘે ઉપાડી લેવી અને જો બની શકે તો આવતા વર્ષમાં એકતાસંમેલન ભરવાની ગોઠવણી કરવી.

(૪) સાધુઓના વધતા જતા સડાને ખુલ્લા પાડવા સંબંધે સંઘે વધારે તકેદારી રાખવી.

(૫) એક ઉપર બીજી સ્ત્રી કરવાના દાખલાઓ વધારે પ્રમાણમાં બનતા જાય છે. આવા બનાવોની ઉપેક્ષા કરવાને બદલે તેવા બનાવો જ્યારે જ્યારે બને ત્યારે ત્યારે તે સામે સંઘે પોતાનો સખ્ત વિરોધ જાહેર કરવો અને એ રીતે આવા લગ્નો સામેના લોકમતને ખુબ વેગ આપવો.

આ પ્રમાણેની ચર્ચા બાદ વાર્ષિક વૃત્તાન્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો. ત્યારબાદ સંઘનો ઓડીટ થયેલો હીસાબ રજુ થતાં તે પણ સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો; (આ બન્ને આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યા છે.) આગામી વર્ષનું આવક જાવકનું અંદાજપત્ર રજુ કરવામાં આવ્યું જે પણ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું.

ત્યારબાદ ચુંટણીનું કાર્ય હાથ ધરતા સંઘના પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ જે મુંબઇ જૈન યુવક સંઘનું છેલ્લાં આઠ વર્ષથી આજ સુધી સંઘના પ્રમુખ તરીકે સંચાલન અને ઘડતર કર્યું છે તે સંઘની વિચારભૂમિકા અને કાર્યપ્રદેશ વિષે પોતાની કલ્પના રજુ કરી હતી (જે રજુઆત આ જ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે) અને સંઘના પ્રમુખ તરીકે નવા વર્ષથી તેમની બદલે અન્ય કોઈ સભ્યની ચુંટણી કરવા વિનંતિ કરી હતી. પ્રમુખ તરીકે ચાલુ નહિ રહેવાનો તેમનો આગ્રહ ધ્યાનમાં લઇને શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી અને ઉપપ્રમુખ તરીકે શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆની ચુંટણી કરવામાં આવી હતી. ગયા વર્ષના મંત્રીઓ શ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણી અને શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીને આ વર્ષે પણ એ જ સ્થાન ઉપર ચાલુ રહેવાનો આગ્રહ કરવા છતાં તેમ કરવાની તેમણે અનિચ્છા દર્શાવી અને તેમના સ્થાને શ્રી. દીપચંદ ટી. શાહ અને શ્રી. વેણીબહેન કાપડીઆની પસંદગી કરવામાં આવી. કોષાધ્યક્ષ તરીકે શ્રી. પ્રવીણચંદ હેમચંદને ચાલુ રાખવામાં આવ્યા અને ત્યાર બાદ કાર્યવાહક સમિતિના પંદર સભ્યોની સંઘના બંધારણ અનુસાર ચુંટણી કરવામાં આવી. ગયા વર્ષ માટે સંઘના ઓડીટર તરીકે કશું પણ વેતન લીધા સિવાય કામ કરવા માટે મેસર્સ ખીમજી કુંવરજીનો ઉપકાર માનવામાં આવ્યો હતો અને આગામી વર્ષ માટે મેસર્સ એચ. પી. કુંભાણી કું. ની ઓડીટર તરીકે નીમણુંક કરવામાં આવી હતી. સંઘના નિવૃત્ત થતા અધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોનો ઉપકાર માનવામાં આવ્યો હતો. આપણી સાથે સંઘની વાર્ષિક સભા વિસર્જન કરવામાં આવી હતી.

સંઘના નવા અધિકારીઓ અને કાર્યવાહક સમિતિ

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહ	પ્રમુખ
,, પરમાનંદ કુંવરજી કાપડીઆ	ઉપપ્રમુખ
,, મણિલાલ મોકમચંદ શાહ ,, દીપચંદ ટી. શાહ ,, વેણીબહેન વિનયચંદ કાપડીઆ	મંત્રીઓ
,, પ્રવીણચંદ હેમચંદ અમરચંદ	કોષાધ્યક્ષ

કાર્યવાહક સમિતિના ચુંટાયલા સભ્યો

શ્રી. લીલાવતીબહેન દેવીદાસ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી
,, ચુનીલાલ કલ્યાણજી કામદાર
,, જસુમતીબહેન મતુભાઇ કાપડીઆ
,, વિજયાબહેન પરમાનંદ કાપડીઆ
,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી
,, તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી
,, લખમશી ઘેલાભાઇ
,, દુલભજી કેશવજી ખેતાણી
,, મૈનાબહેન નરોત્તમદાસ શેઠ
,, શાન્તિલાલ હરજીવન શાહ
,, નાનચંદ શામજી
,, ખીમચંદ મગનલાલ વોરા
,, હર્ષચંદ કપુરચંદ દોશી
,, બાબુભાઇ ચોકશી

(સંઘની કાર્યવાહક સમિતિએ ઉમેરેલાં સભ્યો)

શ્રી ભાનુકુમાર જૈન
,, વલ્લભદાસ પ્રેમચંદ મહેતા
,, રમણલાલ સી. શાહ

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય સમિતિ

(પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂઇએ)

શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆ
,, અમીચંદ ખેમચંદ શાહ
,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી
,, રતિલાલ ચીમનલાલ કોઠારી
,, રમણિકલાલ મણિલાલ શાહ

(નવા ચુંટાયલા સભ્યો)

,, ચીમનલાલ ચકુભાઇ શાહ
,, ચુનીલાલ કલ્યાણજી કામદાર
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ
,, તારાચંદ લક્ષ્મીચંદ કોઠારી—મંત્રી

રાહત સમિતિ

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ
,, પરમાનંદ કુંવરજી કાપડીઆ
,, લખમશી ઘેલાભાઇ
,, રતિલાલ ચીમનલાલ કોઠારી
,, જસુમતીબહેન કાપડીઆ
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ—મંત્રી

સંઘ અને પ્રબુદ્ધ જૈન વિષે મારી કલ્પના અને કેટલીક પ્રસ્તાવિક બાબતો

(સંઘની વાર્ષિક સામાન્ય સભામાં નવા અધિકારીઓ અને કાર્યવાહક સમિતિની ચુંટણીનું કાર્ય હાથ ધરતાં પહેલાં શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ પ્રમુખસ્થાનેથી કરેલી મૌખિક રજુઆતની સ્મરણનોંધ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ તરીકેની જવાબદારીનું છેલ્લાં આઠ વર્ષથી આજ સુધી એકસરખું વહન કરતાં આજ હવે મને થાક લાગ્યો છે અને મારું મન એ જવાબદારીના ભારથી હળવું થવા ઇચ્છે છે અને હું થાક્યો છું એમ કહું છું એ હકીકત જ હવે પ્રમુખ તરીકે ચાલુ રહેવાની મારી યોગ્યતા કમી કરે છે એ આપ કબુલ કરશો; કારણ કે ચાલુ પરિભાષા મુજબ 'યુવક થાકને કદિ જાણતો જ નથી.' આ ઉપરાંત જૈન કોમના ક્ષેત્રથી છુટા થઇને વિશાળ ક્ષેત્રમાં પ્રવેશ કરવા અને શકય હોય તેટલી થોડી સરખી સેવા કરવા મારું મન ઝંખે છે. આ કારણે આ વર્ષે પ્રમુખ તરીકે ચાલુ નહિ રહેવા મેં નિર્ણય કર્યો છે. આ તો અંગત કારણો છે, પણ આ ઉપરાંત કોઈ પણ એક જ વ્યકિત યુવક સંઘ જેવી સદા પ્રગતિશીલ સંસ્થામાં વર્ષો સુધી અમુક અધિકાર ઉપર ચાલુ રહે એ સંઘના માટે પણ હિતકારક નથી. અધિકારીઓની ફેરબદલી થાય તો જ નવા કાર્યકરો તૈયાર થાય અને સંઘની કાર્યવાહીમાં નવા પ્રાણ અને ચેતનાની પુરવણી થયા કરે. આ કારણે પણ આ વખતે સંઘના પ્રમુખ તરીકેની જવાબદારી અન્ય કોઇ યોગ્ય સભ્યને સોંપવા મારી આપ ભાઇ બહેનોને આગ્રહપૂર્વક વિનંતિ છે.

આમ પ્રમુખ તરીકેની જવાબદારીથી છુટા થતાં આજ સુધી સંઘનું સંચાલન અને ઘડતર મેં કેવી કલ્પના અને વિચારથી કર્યું છે તે વિષે બે શબ્દો કહું તો તે અસ્થાને નહિ ગણાય–સંભવ છે કે સંઘની ભાવી કાર્યવાહીમાં એ કાંઇક માર્ગદર્શક બને. આજે દરેક સમાજમાં તેમજ નાતજાતના તથા ધાર્મિક સંપ્રદાયોના વર્તુલમાં એવા યુવકો છે કે જેમણે હજુ પોતાના સંબંધો પોત પોતાના સાંપ્રદાયિક કે સામાજિક વાડાઓ સાથે વિધિપુરઃસર તોડી નાંખ્યા નથી, જેને એ નાનાં નાનાં વર્તુલો હજુ પોતાનાં ગણે છે અને આમ છતાં પણ જેમનાં દિલ આવા નાનાં વર્તુલોની દિવાલો તોડીને વિશાળ રાષ્ટ્ર અને વિશાળ સમાજ સાથે ઓતપ્રોત બનેલાં છે અને રાષ્ટ્રની આઝાદી અને વ્યાપક સામાજિક ક્રાન્તિ એ જ જેમની ચાલુ ચિન્તાનો વિષય બન્યો છે; આવા યુવકોએ આજની કક્ષાએ શું કરવું ઘટે છે? મારી દૃષ્ટિએ જે સમાજ અને સંપ્રદાય સાથે પોતાનો પરંપરાગત સંબંધ ચાલુ છે તે સમાજમાં અને સંપ્રદાયમાં રહેલી સંકીર્ણતાની જડને ઉખેડી નાંખીને તે સમાજના લોકોને સાચા રાષ્ટ્રપ્રેમી બનાવવા, તેમને અંધશ્રધ્ધા અને ધાર્મિક વહેમોથી મુકત કરવા, સાધુ સંન્યાસીઓની પકડથી છુટા કરવા, તેમના જીવન–વિકાસને રૂંધતી અનેક ધાર્મિક તેમજ સામાજિક અનિષ્ટ રૂઢિઓ નાબુદ કરવી, વાણી અને વર્તનના સ્વાતંત્ર્યને અયોગ્ય રીતે નિયંત્રણ કરતાં બંધનોનો છેદ કરવો, રાષ્ટ્ર, ઉધ્ધારની દૃષ્ટિએ આજે જે સર્વતોમુખી સામાજિક પરિવર્તનની અપેક્ષા રહેલી છે તે પ્રત્યે તેમને અભિમુખ કરવા–આ દરેક કોમના અને સંપ્રદાયના રાષ્ટ્રવાદી અને ક્રાન્તિપ્રેમી યુવકોનું વિશિષ્ટ કર્તવ્ય છે. આજે આપણે ત્યાં સાંપ્રદાયિક સમાજો છે, નાતજાતના ઘોળો છે, નાતા મોટા સામાજિક વાડાઓ અને વર્તળો પણ છે. આ હકીકતનો કોઇ ઇનકાર કરી શકે તેમ છે? પણ આ હકીકતનો સ્વીકાર કરનાર કોમી માનસમાં અને ક્રાન્તિકારી યુવક માનસમાં ઉત્તર દક્ષિણ જેટલું અંતર હોય છે. એક પોતાના જ સંપ્રદાય અને સમાજને વધારે ને વધારે મજબુત કરવા ચાહે છે; અન્ય પોતાના સંપ્રદાયની અને સમાજના વાડાની દીવાલ જમીનદોસ્ત કરવી માંગે છે. એકની દુનિયા પોતાનો ધર્મ, સંપ્રદાય અને પોતાની કોમમાં જ પર્યાપ્ત થાય છે, 'મારો ધર્મ' અને મારી કોમ'–એ ક્રમ આગળ વધે અને એનું ક્રમ શ્રેય થાય એ જ માત્ર એનું રટણ હોય છે. અન્યની કલ્પના સમગ્ર રાષ્ટ્ર અને એથી આગળ વધીને સમગ્ર માનવતાને સ્પર્શતી હોય છે. પોતાના રાષ્ટ્રના હિતાહિત પાસે અન્ય સર્વ બાબતો તેને મન ગૌણ હોય છે. આજે આપણા દેશનેતાઓ અને વ્યાપક ક્ષેત્રમાં કાર્ય કરી રહેલા મહાન સમાજસેવકો જે કાર્ય કરી રહ્યા છે, અને જે વિચાર તેમજ આચારની ક્રાન્તિ નિર્માણ કરી રહ્યા છે. તેની પુરવણીનું કામ–અંદર જમીન–ખોદકામનું કાર્ય–underground work–પોતપોતાના સમાજ સાથેનો સંબંધ હજુ જેનો લય પામ્યો નથી એવા ક્રાન્તિવાદી યુવકોનું છે. આ કલ્પના અને વિચારભૂમિકા ઉપર શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનું મેં નવું બંધારણ કર્યું છે અને આજ ધોરણે મેં તેનું આજ સુધી સંચાલન કર્યું છે. આ ધોરણ અને ધ્યેય આગળ રાખીને જ્યાં સુધી શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પોતાનું કાર્ય કરશે ત્યાં સુધી સંઘની સાચી ઉપયોગીતા રહેશે અને ત્યાં સુધી સંઘ રાષ્ટ્ર અને પોતાના સમાજની–એકમેકનો વિરોધ ન આવે તેવી રીતે–સેવા કરી શકશે. એ ધ્યેય સંઘ જ્યારે ચુકશે ત્યારે આ સંસ્થા કેવળ કોમીવાદી બની જશે અને આજના અનેક પ્રત્યાઘાતી બળોમાં તેની એક વધારાની ઉમેરણી થશે.

આજ ધોરણે છેલ્લાં સાત વર્ષથી હું પ્રબુધ્ધ જૈનનું સંચાલન કરી રહ્યો છું. પ્રબુધ્ધ જૈને કોમના કે ધર્મ યા સંપ્રદાયના સાંકડા વર્તુલને કદિ પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું નથી. તેનો પાયો શુધ્ધ રાષ્ટ્રવાદ અને વિશાળ સમાજની ધરમૂળની ક્રાન્તિની કલ્પના ઉપર રચાયો છે. કોમી એકતા, અસ્પૃશ્યતા નિવારણ, રાષ્ટ્રીય શિક્ષણ, બાળકેળવણી, આર્થિક પુનર્રચના, સામાજિક પુનર્ઘટના અને આવા સમસ્ત જનતાને સ્પર્શતા પ્રશ્નો અને વિષયોની પ્રબુધ્ધ જૈને મર્મગ્રાહી ચર્ચા કરી છે; હિંદી રાજકારણના મર્મની તેમાં મીમાંસા કરવામાં આવેલ છે; રાષ્ટ્રીય મહાસભાની પ્રવૃત્તિઓને બને તેટલું અનુમોદન આપવામાં આવ્યું છે; ગાંધીજીનાં વિચારોનો પ્રબુધ્ધ જૈને શકય તેટલો પ્રચાર કર્યો છે; અહિંસાની સમસ્યાની અવારનવાર મૌલિક ચર્ચા અને વિવરણને પુરુષ અવકાશ આપ્યો છે અને સાથે સાથે જ્યારે જ્યારે જૈન સમાજમાં જે કોઇ વિવાદાસ્પદ પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે ત્યારે ત્યારે તે વિષે પણ સ્પષ્ટ તેમજ નિડર ભાગ–દર્શન પ્રબુધ્ધ જૈને પોતાની લાક્ષાલિક વિશાળ દૃષ્ટિથી કરાવેલ છે. કોમીવાદ કે કોમી સંકીર્ણતાને પ્રબુદ્ધ જૈનમાં લેશ માત્ર અવકાશ આપવામાં આવ્યો નથી. આજે આપણામાંના કેટલાક ભાઇઓનો અભિપ્રાય છે કે પ્રબુદ્ધ જૈનમાં કેવળ જૈન સમાજને સ્પર્શતા વિષયોની ચર્ચા આવવી જોઇએ. આ અભિપ્રાયનો મેં હંમેશા વિરોધ કર્યો છે અને આજે પણ હું વિરોધ કરું છું. પ્રબુદ્ધ જૈનના સંચાલન પાછળ મારું લક્ષ્ય જૈન સમાજને વિશાળ દર્શન આપવાનું અને રાષ્ટ્રાભિમુખ કરવાનું તો છે જ પણ સાથે સાથે ગુજરાતી–ભાષી જનતાની આ પ્રવૃત્તિ દ્વારા બને તેટલી સેવા કરવાનું રહ્યું છે. જૈન સમાજનો અવશ્ય એવો એક પણ ઉગ્ર પ્રશ્ન હોવો ન જોઇએ કે જે વિષે પ્રબુદ્ધ જૈને પોતાનું વકતવ્ય રજુ કર્યું ન હોય. આમ છતાં પણ સાથે સાથે રાષ્ટ્ર અને સમાજને સ્પર્શતો પણ એવો એક પણ પ્રશ્ન હોવો ન જોઇએ કે જે વિષે પ્રબુધ્ધ જૈને વિશાળ જનતાને સાચી સમજણ આપવા પ્રયત્ન સેવ્યો ન હોય. આજે પ્રબુધ્ધ જૈન આ કોટિએ પહોંચી ચુકયું છે એમ કહું તો એ કેવળ અભિમાનનો પરાકાષ્ટા કહેવાય; પણ પ્રબુધ્ધ જૈન વિષે આ મારું લક્ષ્ય અને ધ્યેય રહ્યું છે એમ કહેવામાં હું જરા પણ અત્યુકિત કરતો નથી. એક કાળે હું નહિ હોઉં, આપ સર્વ પણ નહિ હો, મુંબઇ જૈન યુવક સંઘ નહિ હોય અને પ્રબુધ્ધ જૈન અથવા તો મુંબઇ જૈન યુવક સંઘનું કોઇ મુખપત્ર નહિ હોય. એ કાળે, એ સમયે, "મુંબઇ

જૈન યુવક સંઘ નામની એક સંસ્થા હતી. તે હતી નામથી તો એક કોમી સંસ્થા, પણ તેના સંચાલકોએ પોતાના મુખપત્રદ્વારા માત્ર જૈન સમાજનીજ નહિ, પણ આખા ગુજરાતની, બૃહત ગુજરાતની અને સમસ્ત ભારતવર્ષની ભારે સેવા કરી હતી અને રાષ્ટ્રવાદને વેગ આપ્યો હતો તેમજ રાષ્ટ્રવ્યાપી વિચારક્રાન્તિ નીપજાવવામાં અતિ મહત્વભર્યો ફાળો આપ્યો હતો" આવી નોંધ તત્કાલીન ઇતિહાસ-લેખકને કરવાની ફરજ પડે, આવું પ્રમાણપત્ર તત્કાલીન નવરચના પામેલી સમાજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘને અને તેના મુખપત્રને આપે—આવી મારી કલ્પના છે, આવું મારું સ્વપ્ન છે.

અને આજ ઘોરણે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાનમાળા ચલાવવામાં આવે છે. જે ઉદાર દૃષ્ટિ અને સર્વધર્મ સમભાવના વિશાળ ધોરણે આ વ્યાખ્યાનમાળા યોજવામાં આવે છે એવી દ્રષ્ટિ અને ભાવના પૂર્વકની વ્યાખ્યાનમાળા કોઇ અન્ય સાંપ્રદાયિક સંસ્થા તરફથી આજ સુધી યોજાતી હોય એવું મારા જાણવા કે સાંભળવામાં આવ્યું નથી. આજ ઘોરણે સંઘ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય ચલાવી રહેલ છે અને આજ કારણે આપણી રાહત પ્રવૃત્તિ પણ કોઇને કોઇ રીતે સાર્વજનિક સ્વરૂપ ધારણ કરે એવી ચિન્તા હું સેવી રહ્યો છે. આ કલ્પના અને વિચાર સરણી ઉપર હું મુંબઈ જૈન યુવક સંઘનું સંચાલન કરી રહ્યો છું. તેમાં આજ સુધીમાં જે કાંઇ સફળતા મળી છે તે આપ સર્વના પ્રેમ ભર્યા સહકારને આભારી છે. હું તો કેવળ નિમિત્ત માત્ર છું.

આ પ્રસંગે બીજી બે ત્રણ બાબતો સ્પષ્ટ કરી લેવા મને મન થાય છે. એક તો આપણામાં કેટલાકને એમ વિચારવાની ટેવ પડી છે કે 'આપણા સંઘનો ભૂતકાળ કેટલો ઉજ્જવલ હતો ? તે વખતે સંઘ કેટલું બધું કામ કરતો હતો અને જૈન સમાજમાં કેટલી બધી જાગૃતિ ફેલાવતો હતો ? આજે આપણે બધા બહુ ઠંડા પડી ગયા છીએ, આપણી પહેલાની વાતો આપણે ભુલી ગયા છીએ, અને અયોગ્ય દીક્ષા, સાધુઓનો સડો વિગેરે બાબતોની આપણે હવે ઉપેક્ષા કરતા થઇ ગયા છીએ' આ વિચાર અને દૃષ્ટિ સાથે હું મળતો થતો નથી. વાસ્તવિક કક્કીકત એમ છે કે કાળ બદલાતો જાય છે અને સાથે સાથે સમાજના પ્રશ્નોના સ્વરૂપમાં પણ ફેરફાર થતો જાય છે. એક કાળે જે પ્રશ્ન વિષે આપણે બહુ ઉગ્રતા સેવતા હોઇએ છીએ તે જ પ્રશ્ન વિષે કાળાન્તરે આપણું મન એટલી ઉગ્રતા અનુભવતું નથી. આનો અર્થ એમ નથી કે અમુક અમુક બાબતો વિષેના આપણા અભિપ્રાયમાં કોઇ મહત્વનો ફેરફાર થયો છે. દાખલા તરીકે ૧૯૩૦-૩૨ ની સાલના આપણી રાજકીય લડત મીઠાના કર સામેના વિરોધ ઉપર નિર્ભાણ થઇ હતી. આજે એ અસહ્ય લેખાતા મીઠાના કરને કોઇ યાદ કરતું નથી. આ ઉપરથી શું કોઇ એમ કહેશે કે એ મીઠાના કરમાં રહેલો અન્યાય આજે અન્યાય નથી રહ્યો એમ આપણે માનતા થયા છીએ ? હરગીજ નહિ. પણ કાળે કાળે અમુક પ્રશ્નો ગૌણ બને છે; બીજા પ્રશ્નો આગળ આવતાં તેના પેટાળમાં સમાયલા નાના પ્રશ્નને પહેલાં જેટલી અગત્ય આપવાની જરૂર રહેતી નથી વળી સંઘના સ્વરૂપમાં પણ નવી બંધારણ રચનાથી કેટલોક ફેરફાર થયો છે; સંઘ એક ફીરકાનો મટીને ત્રણ ફીરકાનો બન્યો છે. આનો અસર પણ સંઘની કાર્ય પધ્ધતિ ઉપર અમુક અંશે પડ્યા વિના ન જ રહે. મુંબઈ જૈન યુવક સંઘના વિકાસનું અને તેણે આજ સુધી હાથ ધરેલી જુદી જુદી પ્રવૃત્તિઓના ઇતિહાસનું સ્વરૂપ આવું છે. અલબત્ત જ્યારે કોઇ એમ પુરવાર કરે કે અમુક વિચારો વિષે આજે આપણે માંડવાળ કરી છે, બાંધછોડ કરી છે, અમુક બાબતોમાં આપણે ચોખ્ખી પીછેહઠ કરી છે ત્યારે જરૂર આપણે આપણી જાતને અને આપણી પ્રવૃત્તિને દોષ આપવાનો રહે. પણ આવો કોઇ આક્ષેપ મુંબઈ જૈન યુવક સંઘ ઉપર કોઇ પણ કરી શકે તેમ છે જ નહિ એમ હું ભારપૂર્વક જણાવવાની રજા લઉં છું.

એક બીજી વાત. સંઘની આજની કેટલીક પ્રવૃત્તિઓ સમાજ સેવાની છે. દાખલા તરીકે રાહત પ્રવૃત્તિ, વાચનાલય-પુસ્તકાલય પ્રવૃત્તિ. આ પાછળ જૈન સમાજની તેમજ વિશાળ જનસમાજની યત્કિંચિત સેવા કરવાનો હેતુ રહેલો છે. આ ઉપરથી કોઇ કોઇ સભ્યના મનમાં એવો વિચાર ઉદ્ભવતો મેં જાણ્યો છે કે સંઘનું વિચાર ક્રાન્તિનું જે મુખ્ય કાર્ય હતું તે સંઘે છોડી દીધું છે અને સેવા અને રચનાત્મક કાર્યમાં સંઘ લપસી પડ્યો છે. આ વિચાર બરોબર નથી. પ્રબુધ્ધ જૈન અને પર્યુષણ વ્યાખ્યાનમાળા એ કેવળ વિચારક્રન્તિ પોષક પ્રવૃત્તિઓ જ છે. વળી જ્યારે જ્યારે કોઇ પણ અગત્યનો પ્રશ્ન ઉભો થયો છે ત્યારે ત્યારે સંઘ શિથિલતાની સોડ તાણીને સુઇ રહેલ નથી. સામાજિક સંઘર્ષણની કશી પણ પરવા કર્યા સિવાય સંઘે તે તે પ્રસંગે જે કાંઇ કાર્ય થઇ શકયું તે કર્યું છે. વળી આપણે વિચારક્રાન્તિ વિચારક્રાન્તિ કહીએ છીએ પણ ક્રાન્તિ શબ્દથી આપણે શું કહેવા માંગીએ છીએ એ બાબત પણ સ્પષ્ટતા માંગે છે. એક કાળે બાળદીક્ષાનો સામનો, સાધુઓની અને શેઠીઆઓની આપખુદ સત્તાનો સામનો, વિધવાવિવાહનું સમર્થન, દેવદ્રવ્યનો સામાજિક ઉપયોગ—આવી કેટલીક બાબતોમાં આપણી ક્રાન્તિની બધી કલ્પનાઓનો સમાવેશ થતો હતો. આજે ક્રાન્તિની કલ્પના વધારે વ્યાપક અને વધારે મૂલસ્પર્શી બની છે. આ ઉપરાંત ક્રાન્તિ એટલે ટુંકમાં સમાજ સંઘર્ષણ એટલો જ અર્થ લઇએ તો પણ સમાજ સંઘર્ષણના પ્રસંગો બારે માસ ચાલતા નથી. એ પ્રસંગો અમુક સામાજિક સંયોગોના કારણે ઉભા થાય છે; અમુક સંયોગોમાં એવા પ્રસંગો જરા પણ વેગ પકડતા નથી. વળી સમાજમાં આપણે જે ક્રાન્તિ નીપજાવવા માંગતા હોઇએ એ ક્રાન્તિ નીપજાવવાનું મોટામાં મોટું સાધન સમાજ સેવા છે. જેટલી આપણે સમાજની વધારે સેવા કરીએ છીએ તેટલું સમાજ ઉપરનું આપણું પ્રભુત્વ વધે છે. આપણે કેવળ ક્રાન્તિની વાતો કરનારા નથી પણ સમાજનું આત્યન્તિક કલ્યાણ અને ઉત્કર્ષ એજ આપણું ધ્યેય અને દિલની ઝળાતરા છે—એવી આપણી ક્રાન્તિનિષ્ઠા વિષે સમાજમાં પ્રતીતિ ઉત્પન્ન કરવાનો ખરો માર્ગ સમાજની આપણી હરહમેશની વિપુલ સેવા જ છે. આ રીતે આપણી ક્રાન્તિની કોઇપણ કલ્પનાની અપેક્ષાએ સેવાના કાર્યને જરાપણ ગૌણ લેખવું એ યોગ્ય નથી. આવી મારી આપ ભાઇઓને નમ્ર વિજ્ઞાપના છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓ અને ખાસ કરીને પ્રબુધ્ધ જૈનના સંચાલન પાછળ મારી આ કલ્પના અને વિચાર ભૂમિકા રહેલી છે. આજે આ સંઘના પ્રમુખ તરીકેના સૂત્ર-ધારિત્વથી હું છુટો થાઉં છું. ઉપર જણાવેલ મારી કલ્પના અને વિચારભૂમિકાને વળગી રહીને સંઘના કાર્યને આગળ વધારવું કે તેમાં દિશાપલટો કરવો એ આપના અધિકારની વાત છે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ એક કોમી સંસ્થા હોવા છતાં જે અર્થમાં અન્ય સંસ્થાઓ કોમી લેખાય છે એ અર્થમાં આપણો સંઘ કોમી સંસ્થા નથી—એમ કહેવામાં મેં હંમેશાં ગૌરવ માન્યું છે અને એવી રીતે મારી જાતને મનાવવામાં મેં આત્મસંતોષ અનુભવ્યો છે. પણ સાથે સાથે આવી સંસ્થાની સમગ્ર કાર્યવાહી ઉપર પુરી તકેદારી રાખવામાં ન આવે તો કોઇ પણ વખતે આ સંસ્થાનું આજનું સ્વરૂપ પલટી જવાનું પણ પુરું જોખમ રહેલું છે આવો ભય પણ હું અનુભવતો આવ્યો છું. આ તરફ આજની કાર્યવાહી જેમના હાથમાં સોંપવામાં આવનાર છે તેમનું ખાસ ધ્યાન ખેંચવું એ હું મારી ફરજ સમજુ છું. આખરી રજુઆત સાથે આપ ભાઇઓએ અને બહેનોએ મને આજ સુધી જે પ્રેમભર્યો સહકાર આપ્યો છે તે માટે આપનો હું અન્તઃકરણપૂર્વક ઉપકાર માનું છું અને શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો ઉત્તરોત્તર વિકાસ થતો રહે અને માત્ર જૈન સમાજના જ નહિ પણ સમસ્ત રાષ્ટ્રના ઘડતરમાં સંઘ મહત્ત્વનો ફાળો આપતો રહે એવી અન્તરની પ્રાર્થના સાથે આપની હું રજા માંગું છું.

પરમાનંદ

મુંબઈ ધારાસભાના જૈન સભ્યોનો સત્કાર સમારંભ

તા. ૩૦-૩-૪૬ ને શનિવારના રોજ મુંબઇ ધારાસભાના સભ્યોનો સત્કાર સમારંભ શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાન-શાળામાં ગોઠવવામાં આવ્યો હતો, જેનો વિગતવાર વૃત્તાંત આવતા અંકમાં આપત્રામાં આવશે.

જૈન ધર્મના ઉચ્ચ શિક્ષણનો પ્રશ્ન

કેળવણીનું ધ્યેય બહુ ઉચ્ચ બતાવવામાં આવે છે. મનુષ્યની આધ્યાત્મિક, માનસિક, શારીરિક અને આર્થિક આદિ જેટલા પ્રકારે ઉન્નતિ સંભવે છે તે બધા પ્રકારની ઉન્નતિનું સાધન કેળણીને માનવામાં આવે છે. પરંતુ વસ્તુતઃ સ્થિતિ એ છે કે આજે શિક્ષણનું કેન્દ્રસ્થ ધ્યેય મનુષ્યની આર્થિક સ્થિતિને ઉન્નત બનાવવાનું જ હોય તેમ સૌ કોઇ માનતું જણાય છે. આ માન્યતા ડગલે ને પગલે આપણા આચરણ દ્વારા સિદ્ધ થાય છે. મનુષ્યને સંસ્કૃત બનાવે, ઉચ્ચ આદર્શો પ્રતિ શ્રદ્ધાવાન બનાવે એવી કેળવણી પ્રતિ રુચિને બદલે અરુચિ વધતી જતી દેખાય છે. કેળવણીની સફળતા પૈસાથી માપવામાં આવે છે. મનુષ્ય શિક્ષણ પામીને આધ્યાત્મિક અથવા માનસિક ભૂમિકાએ ચડયો કે નહિં એ જોવાને બદલે તે ભણીને કેટલું કમાતો થયો એ તરફ પ્રથમ લક્ષ જાય છે. એટલે ભણનાર અને ભણાવનાર બન્નેની દ્રષ્ટિ મનુષ્યને આર્થિક દ્રષ્ટિએ ઉન્નત કરવો એજ હોય તેમ જણાય છે. ખરી રીતે મનુષ્ય હવે એમજ માનતો થયો લાગે છે કે મનુષ્યની આર્થિક ઉન્નતિ તેજ તેની સંસ્કૃતિ છે. અર્થહીનની કોઇ સંસ્કૃતિ સંભવેજ નહિં. પરિણામે મુંબઇ યુનિવર્સિટી જેવી કેળવણીની સંસ્થાઓમાં જીવનસ્પર્શી વિષયોને ગૌણ બનાવવામાં આવે તો એમાં આશ્ચર્ય શુ?

જ્ઞાતિ સંસ્થાઓ પોતાની ઉન્નતિ માટે કેળવણીના કેન્દ્રમાં એવી અર્થપ્રદ શિક્ષણપ્રથાને પ્રાધાન્ય આપે તે તો સમજી શકાય છે, કારણ કે તેમનું ધ્યેય જ્ઞાતિજનોને અર્થદૃષ્ટિએ ઉન્નત કરવાનું છે. જે જ્ઞાતિ અર્થદૃષ્ટિએ પછાત હોય છે અથવા જે જ્ઞાતિજન અર્થદૃષ્ટિએ પછાત હોય છે સમાજમાં તેનું સ્થાન નગણ્ય બની જાય છે—એટલે જ્ઞાતિ સંસ્થાઓ સ્વયં ઉન્નત બનવા માટે અર્થપ્રદ શિક્ષણપ્રથાને અપનાવે તે તો સમજી શકાય તેવું છે. પરંતુ ધર્મના પાયા ઉપર જે સંસ્થાઓ ઉભી થાય છે અને જે જૈન ગુરુકુલ, જૈન વિદ્યાલય, જૈન બોર્ડિંગ, જૈન પાઠશાળા એવા વિવિધ નામોના ઓઠા નીચે કામ કરે તે સંસ્થાઓ પણ હવે માત્ર શિક્ષણનું કેન્દ્ર અર્થ જ હોય એમ માનીને ચાલતી જણાય છે. પરિણામે જૈનધર્મ કે સંસ્કૃતિના રસિયા છાત્રો દુર્લભ થઇ ગયા છે. 'જૈન ધર્મ રસાતળ જઇ રહ્યો છે,' 'વિદ્યાર્થી વર્ગમાં ધર્મના સંસ્કારો છે જ નહિ.' એવા એવા સૂત્રો પોકારીને જૈન સંસ્થાઓ શરૂ કરવામાં આવે છે. પરંતુ એ સંસ્થાઓ દ્વારા જૈનધર્મની શી સેવા થઇ એનો હિસાબ કાઢવા બેસીએ તો નિરાશ જ થવું પડે છે.

બનારસમાં પાર્શ્વનાથ વિદ્યાશ્રમ આજ લગભગ છ વર્ષથી શરૂ થયું છે, 'જૈન ચેર' તો લગભગ ૧૫ વર્ષથી છે પરંતુ શ્વેતામ્બર સમાજમાંથી કેટલા વિદ્યાર્થિઓએ એનો લાભ લીધો? છાત્રવૃત્તિની પૂરી સગવડ છતાં એનો લાભ લેનારની સંખ્યા મામૂલી કેમ છે? એનો વિચાર ધાર્મિક દૃષ્ટિને આધારે સ્થાપિત થયેલ અખિલ ભારતવર્ષિય સંસ્થાઓના નાયકોએ કદી કર્યો હોય એમ લાગતું નથી, અર્થપ્રધાન દૃષ્ટિવાળી વ્યક્તિઓ તુરત કહી બેસે છે કે એવી સાંસ્કૃતિક સંસ્થાઓ નકામી છે, એનો લાભ કોઇ લેતું નથી એટલે તે નિષ્ફળ છે, નકામો અર્થવ્યય શા માટે કરવો? તેમની એ દૃષ્ટિ તેમના ધ્યેય પ્રમાણે બરાબર છે. પરંતુ જે લોકો જૈન સંસ્કૃતિ અને તેની મહત્તા સમજે છે, એ સંસ્કૃતિમાં મનુષ્યને ઉન્નત બનાવવાની શક્તિના દર્શન કરે છે અને માત્ર અર્થ એજ સર્વસ્વ નથી એમ સમજે છે તે લોકોએ આ પ્રશ્નનો ગંભીર વિચાર કર્યો હોય તેમ જણાતું નથી.

બનારસ બહારની એવી કોઇ પણ જૈન સંસ્થા શિવપુરીને બાદ કરતા મારી જાણમાં નથી જેમાં સંસ્કૃતની ઉચ્ચ તો શું પણ માધ્યમિક શિક્ષાનો પણ પ્રબંધ હોય. શિવપુરીમાં ન્યાયતીર્થ અગર વ્યાકરણતીર્થની પરીક્ષા અપાવવામાં આવે છે. બનારસના શિક્ષણના હિસાબે તે માધ્યમિક શિક્ષણ ગણાય અને છાત્ર એટલાથી જ સંતુષ્ટ થઈ સમાજમાં પંડિતની પદવી પામી કાર્ય કરવા લાગી જાય છે. પરિણામે જ્યાં ઉચ્ચ શિક્ષણનો પ્રબંધ છે ત્યાં છાત્રાભાવ જ શેષ રહે છે. બનારસમાં જૈનધર્મ અને દર્શનનો જે પાઠ્યક્રમ છે તેના પ્રથમ વર્ષમાં પ્રવેશ પામી શકે તેવી યોગ્યતાવાળા છાત્રો માત્ર શિવપુરીની સંસ્થા જ તૈયાર કરે છે અને તેના છાત્રો પણ સમાજમાં જો પંડિત મનાતા હોય તો ઉચ્ચ શિક્ષણની તમન્નાવાળા છાત્રો બીજા કયાંથી મળે? જૈન ગુરુકુલો સમાજમાં અનેક છે, પરંતુ એ બધામાં મેટ્રીકના પાઠ્યક્રમને પ્રધાનતા છે એ સ્થિતિમાં એ સ્વાભાવિક છે કે ત્યાં ભણેલ છાત્ર આગળ કોલેજમાં B. A, M. A; અગર B. Sc. થવા જાય પરંતુ જૈન ધર્મ કે દર્શનનો પાઠ્યક્રમ તેના માટે તે ઇચ્છે તો પણ અશક્ય બની જાય. કારણ ગુરુકુલમાં પૂર્વભૂમિકા B. A. આદિની જ રચવામાં આવી હોય છે. 'જૈન દર્શન શાસ્ત્રી' અગર "આચાર્ય"ની નહિં.

મહાવીર વિદ્યાલય જેવી સમૃદ્ધ સંસ્થાઓમાં પણ શુદ્ધ સંસ્કૃત ભણનારને નિયમ પ્રમાણે શું સ્થાન છે તે તો તેના અધિકારીઓ જાણે, પરંતુ ત્યાં વર્તમાનમાં એક પણ છાત્ર શુદ્ધ જૈન ધર્મ અગર દર્શન જાણનાર નથી એ વસ્તુસ્થિતિ છે, નિયમ પ્રમાણે બહાર રહીને, બહાર ભણીને પણ બનારસની સરકારી સંસ્કૃત કોલેજની જૈન દર્શનની પરીક્ષાઓ આપી શકાય છે, પરંતુ એવી કોઇ પણ જૈન સંસ્થા ખાસ કરીને શ્વેતામ્બર સમાજની નથી, જે એવા પાઠ્યક્રમને પ્રાધાન્ય આપી અગર ગૌણ ભાવે પણ છાત્રો માટે એ અભ્યાસક્રમ ભણવાની સગવડ કરતી હોય. આવી સ્થિતિમાં જૈન ધર્મના ઉચ્ચ શિક્ષણના મરુસ્થલમાં એકાદ નાનુ વૃક્ષ સૂકાતું જ જાય તો કાંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. પાર્શ્વનાથ વિદ્યાશ્રમ બનારસમાં પ્રથમ માત્ર સ્થાનકવાસીને પ્રવેશ મળતો. તેના સંચાલકોને આશા હતી કે સ્થાનકવાસી છાત્રો મળી રહેશે. આજે અનુભવે તેમને શિખવ્યું છે કે પૂરી સગવડતા આપવા છતાં છાત્રો મળતા નથી. એટલે તેમણે કોઈ પણ જૈનને દાખલ કરવાનો નિર્ણય કર્યો છે. એટલુંજ નહિ પણ યોગ્ય અજૈન છાત્રને પણ પ્રવેશ આપવો એવું ઠરાવ્યું છે—અરજીઓ મંગાવવામાં આવી છે. પરંતુ માત્ર શુદ્ધ સંસ્કૃત વિદ્યાના આકર્ષણ ખાતર આવનાર છાત્ર મળતા નથી એ વસ્તુસ્થિતિ છે. બનારસમાં બીજી કોલેજોની—વ્યાવહારિક શિક્ષણની—ઉત્તમ સગવડ હોવાથી એ આકર્ષણને કારણે તો છાત્રો આવવા તૈયાર છે, પરંતુ માત્ર જૈનધર્મ અગર દર્શનના અભ્યાસનું આકર્ષણ હોય એવા કોઈ પણ શ્વેતાંબર છાત્રની અરજી હજી આવી નથી. આવી સ્થિતિમાં સંચાલકોની ધીરજની પરીક્ષા થાય છે અને છાત્રોનો અભાવ એ તેમના સંચાલનની જ ખામી હોય એમ બહારની સમાજને લાગે એ સ્વાભાવિક છે. પરંતુ સ્થિતિનું નિરીક્ષણ કરીએ તો જણાય છે કે સમાજમાં એ સંસ્કૃતિના શિક્ષણના પ્રેમનો ઝરો જ સુકાઇ ગયો છે, તે જ આવી સંસ્થાના સફળ સંચાલનમાં બાધક નીવડે છે.

જીવનમાં અર્થ એ પ્રધાન નહિ તો પણ ઠીક ઠીક જરૂરી તત્ત્વ તો છે જ. પરંતુ જૈન શિક્ષણ સંસ્થાઓએ અર્થની સાથે સાથે છાત્રોમાં સંસ્કૃતિપ્રેમ પણ કેળવવો જ જોઇએ. અન્યથા સરકારી સંસ્થાઓ કરતા જુદા પડી પોતાના અર્થબળે એ શૈક્ષણિક કેન્દ્રો કરવાનો શો અર્થ છે? જૈન સંસ્થાઓએ વ્યાવહારિક શિક્ષણ ઉપરાંત કરજીયાત નહિ તો મરજીયાત પણ સાંસ્કૃતિક શિક્ષણનો પ્રબંધ કરવો જ જોઇએ. શરૂ શરૂમાં એ ખર્ચ નકામો લાગશે, પરંતુ એક વાર વાતાવરણ જામતાં કોઇ ને કોઇ સંસ્કૃતિના રસિયા અવશ્ય નીકળી આવશે, જેમને સ્વતઃ ઉચ્ચ સાંસ્કૃતિક શિક્ષણની જિજ્ઞાસા જાગશે. જો આમ નહિં થાય તે જૈનધર્મના ઉચ્ચ શિક્ષણનો પ્રચાર જે અત્યારે અતીવ અલ્પ છે તે નિઃશેષ થઇ જશે.

ઇલમુખ માલવણિયા

મધ્યમ વર્ગનાં સ્ત્રી-પુરૂષોને

કેટલીક બાબતો એવી હોય છે કે જેમાં પાંચ ડગલાં આગળ વધ્યા પછી, એકાદ ડગલું પણ પાછળ હઠવું બહુ મુશ્કેલ પડે છે. આવી બાબતોમાં મોજ-શોખ અને તેની પાછળ થતો ખર્ચ એ એક મુખ્ય બાબત છે.

ગાંધી-યુગે જન્માવેલા અનેક પરિવર્તનોમાં મુખ્ય પરિવર્તન એ કહી શકાય કે હિંદમાં યુરોપીય પોશાક અને પદ્ધતિનું જે અનુકરણ ૧૯૩૦ પહેલાં થઈ રહ્યું હતું, તેમાં મોટી ઓટ આવી અને હિંદીઓએ ખાદી સાથે સાદાઈ અને નિર્દંભતા અપનાવી.

બીજા પ્રાંતોમાં ગુજરાત, બંગાળ અને મુંબઈ-એ પહેલાં સૌથી વધુ ફેશનને હિલોળે ચડ્યાં હતાં. અંગ્રેજી કે ફ્રેંચ પદ્ધતિએ માથાના વાળ કતરાવવા, ઉનાળાની સખ્ત ગરમીમાં પણ બૂટ, મોજાં, સૂટ અને ટાઈ પહેરવાં, ટેબલ પર છરી-કાંટાથી જમવું અને શુદ્ધ અંગ્રેજી અથવા અંગ્રેજી-મિશ્રિત દેશી ભાષામાં વાત કરવી અને જૂની ઢબે રહેનાર વર્ગ પ્રત્યે તિરસ્કાર કે સૂગ કેળવવી એ સામાન્ય થઈ પડ્યું હતું. સ્ત્રીઓમાં રેશમ અને જોર્જેટની સાડી પહેરવી, અને તેમાં પિન ખોસવી, ઉંચી એડીના બૂટ પહેરવા, કાપેલ વાળ રાખવા, સ્નો-પાઉડર અને લિપસ્ટીકના લપેડા કરવા, ઝીણાં વસ્ત્રો અને હળવા દાગીના પહેરવા અને ઘંટી, પાણી અને રસોઈ ત્યજી છબીઘરો અને કલબો-મેળાવડાઓમાં જવું આવવું એ અભિમાનનો વિષય, સંસ્કાર અને સુધારાની નિશાની ગણાવા લાગ્યાં હતાં.

પશ્ચિમનાં આ અનુકરણ અને અતિ ખર્ચાળ આચારોએ આપણને પતનને આરે મૂકી દીધાં, અને ગાંધીજીના વિચારો અને પ્રયત્નોએ આપણો નિશો ન ઉતાર્યો હોત તો આપણે કયાં જઈ પહોંચ્યા હોત, એ કલ્પવું અત્યારે તો મુશ્કેલ છે. છતાં એવું અનુમાન થઈ શકે કે મોજશોખમાં મસ્ત બનેલા ફ્રાન્સે જેમ હિટલરની સામે હથિયાર હેઠાં મૂકી દઈને ગુલામી સ્વીકારી લીધી, તેમ આપણે બ્રિટીશ રાજ્ય તળે માથું ઝુકાવીને આપણી ગુલામીને વધુ ગાઢ બનાવી હોત.

પરંતુ ગાંધીવાદની સાદાઈના વિચારો, વિદેશી બહિષ્કારની ચળવળ અને કોંગ્રેસની સ્વદેશીની હિલચાલે આપણને આ પતનમાંથી ઉગારી લીધા. રાજસત્તાની ગણત્રીએ આપણે ગુલામ હોવા છતાં, આપણા મિજાજમાં આઝાદી પુંકાઈ ગઈ છે. ૧૯૩૦ ની મીઠા-સત્યાગ્રહની લડતે દેશનો સીનો ફેરવી નાખ્યો છે. ચંપલ, ધોતી કે પાયજામો, ઝબ્બો અને હળવી સફેદ ટોપી કે ખુલ્લું માથું આપણા દિમાગમાં સ્વમાન અને ગર્વને ભરી દે છે. સાડી, ચંપલ અને ખુલ્લા માથાની વેણીમાં સ્વદેશાભિમાનના ભાવો ગુંથાઈ ગયા છે. કોણ શ્રીમંત અને કોણ ગરીબ એ કપડાં પરથી પારખવું મુશ્કેલ બની ગયું છે.

વિદેશીનું અનુકરણ અને ઉછૃંખલ ઢબ-છબ આજે તો દેશવટો પામી ગયાં છે, અને છતાં છેલ્લા દશકામાં ફરી આપણને મુંઝવણભરી હાલતમાં ધકેલી દે એવા મોજશોખ અને અતિ ખર્ચાળપણું વધવા માંડ્યું છે. યુદ્ધના કારણે રચાયેલાં કાળા બજારોનો લાભ લઈને જે મધ્યમ વર્ગના માણસો-જેમાં મુખ્યત્વે વેપારીઓ તેમ જ અમલદારોનો સમાવેશ થાય છે-ખૂબ ધનવાન બની ગયા છે. તેમણે હવે તેમના ધનનું પ્રદર્શન માંડ્યું છે. પોતાની પલટાયેલી પરિસ્થિતિની સમાજને તરત જ જાણ કરી દેવાની આકાંક્ષા તેઓ રોકી શકયા નથી અને તેથી તેમની રહેણી કરણી અને હલન ચલન જૂદા માર્ગે જ વળ્યાં છે. તેમનાં શરીર હવે સુંવાળાં બન્યાં હોય એમ જણાય છે, કારણ કે શ્રમ કરવાનું હવે તેમને ગમતું નથી. હવે તેમના ઘરમાં સોફાસેટ, પલંગો, પંખા, બત્તીનો ઝાઝ અને રેડિયો સેટ વસી ગયાં છે. મોટરો ખરીદાઈ ગઈ છે, અને વિવિધ હરિફાઈ મંડાઈ ગઈ છે. પાંચ માણસના ઘરમાં ઘાટી, રસોઈઆ, ડ્રાઈવરો અને નોકરોનો દસ પંદરનો કાફલો ઓછો ગણાય છે.

પુરૂષ કરતાં સ્ત્રીમાં દેખાદેખીનું તત્ત્વ વધુ જોરદાર હોય છે, એટલે નાના વેપારી કે નોકરીયાતની સ્ત્રીઓ ધનાઢ્ય વેપારીઓ અને અમલદારોની સ્ત્રીઓનું અનુકરણ કરવા લાગી ગઈ છે. પોતાના પતિની કમાણી પોતાના ખર્ચને પહોંચી શકે એમ છે કે કેમ તેનો ખ્યાલ કરવાનું તેણે છોડી દીધું છે. પોતાના શ્રીમંત બની ગયેલા સગાં કે મિત્રો હવે જે રીતે રહેવા લાગ્યા છે, એ રીતે રહેવાનું એને મન થઈ જાય છે, અને એની વૃત્તિને રોકવાનું એના પતિ માટે પણ મુશ્કેલ બની જાય છે. આ સ્થિતિ ખાસ કરીને શહેરોમાં મધ્યમ વર્ગના સમાજમાં નજરે પડવા માંડી છે.

જેની દોલતમાં બે-ત્રણ મીંડાં ઉમેરાઈ ગયાં છે, તેમને કશી મુંઝવણ નથી. પરંતુ જે મધ્યમ સ્થિતિ ભોગવે છે, અને જેને માંડ બે છેડા ભેગા થઈ શકે છે તે વર્ગ માટે આ માર્ગ કેટલો ભયંકર છે એ સૌએ વિચારવું ઘટે છે.

જીવનધોરણ એકવાર ઉંચે ચડયા પછી, ફરી સંજોગો બદલાતાં નીચે ઉતારવું મુશ્કેલ બને છે. પછી Depression-તંગી-ના આવનારા દિવસોમાં ફરી પોતાની અસલ રહેણી કરણીને અપનાવવાનું બહુ અઘરૂં બનશે. આ સ્થિતિનો ખ્યાલ મધ્યમ વર્ગનાં સ્ત્રી-પુરૂષોએ અત્યારથી જ કરી લેવો જરૂરી છે.

આપણી આઝાદી માટેની રાજકીય લડતો ઉપર આપણી સામાજિક સ્થિતિની બહુ મોટી અસર છે. જ્યાં સુધી આપણે સાદાઈ, કરકસર, નિર્દંભતા અને શ્રમજીવનને અપનાવી શકશું નહિ, ત્યાં સુધી આઝાદી દૂર જ રહેવાની છે; કારણ કે આપણું સુખશીળિયાપણું આને કોમળતા દેશની રાષ્ટ્રીય લડતોથી આપણને વિમુખ જ રાખશે. આ બન્ને ખ્યાલોને જનતાએ વિચારી લઈને, પરિસ્થિતિને એક ક્રાન્તિકારી પલટો તત્કાળ આપવાની જરૂર છે.

જટુભાઈ મહેતા.

'પ્રબુદ્ધ જૈન' ના ગ્રાહકોને સૂચના

જ્યારે પણ જે કોઈ ગ્રાહકને પોતાના સરનામામાં ફેરફાર કરાવવો હોય અથવા બીજી કોઈ સૂચના કરવાની હોય ત્યારે તેમણે પોતાનાં નામ સાથે ગ્રાહક નંબર લખવા વિનંતિ કરવામાં આવે છે. આમ કરવાથી તેમની સૂચનાને પહોંચી વળવામાં અમને સરળતા થશે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન

સંઘની વિવિધ પ્રવૃત્તિઓ

આ અંકમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સંવત ૨૦૦૧ નો વાર્ષિક વૃત્તાન્ત પ્રગટ કરવામાં આવ્યો છે તે આન્વત વાંચી જવા વિજ્ઞાપ્તિ કરવામાં આવે છે. તેમાં સંઘના આજ સુધીના વિકાસની ટુંકી રૂપરેખા અને આજે ચાલતી સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપવામાં આવ્યો છે. સંઘની નીચેની પ્રવૃત્તિઓ આર્થિક સીંચનની ખાસ અપેક્ષા ધરાવે છે.

(૧) મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય.

(૨) રાહત પ્રવૃત્તિ.

(૩) પ્રબુદ્ધ જૈન.

જેના દિલમાં જે પ્રવૃત્તિને મદદરૂપ થવાનું વસે તે ભાઈ તે પ્રવૃત્તિને આર્થિક મદદ મોકલી આપવામાં વિલંબ ન કરે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી : મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૭
અંક : ૨૪

મુંબઈ : ૧૫ એપ્રીલ ૧૯૪૬ સોમવાર.

લવાજમ
રૂપિયા ૩

ધારાસભાના જૈન સભ્યોનો સત્કાર–સમારંભ

તા. ૩૦–૩–૪૬ શનિવાર સાંજના શ્રી. મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી મુંબઈની બન્ને ધારાસભાઓના જૈન સભ્યોનો સત્કાર–સમારંભ ગોઠવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સંઘના સભ્યોને તેમજ જૈન સમાજના કેટલાક આગેવાન ગૃહસ્થોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. આ સંમેલનમાં નીચે જણાવેલ ધારાસભા સભ્યોએ સંઘના નિમંત્રણને માન આપીને પધારવા કૃપા કરી હતી.

શ્રી. કુંદનમલજી ફીરોદીઆ, અહમદનગર સભ્ય લેજીસ્લેટીવ એસેંબલી
,, **એ. વી. લઠ્ઠે** બેલગામ ,, ,,
,, **લીલાવતી મુનશી** મુંબઇ ,, ,,
,, **ઈન્દુમતી ચીમનલાલ** અમદાવાદ ,, ,,
,, **પોપટલાલ રામચંદ શાહ** પુના ,, ,,
,, **મગનલાલ શાહ** બીજાપુર ,, ,,
,, **ચંદુલાલ ભીખાભાઈ સતીઆ** અમદાવાદ લેજીસ્લેટીવ કાઉન્સીલ

લેજીસ્લેટીવ એસેંબલીના સભ્ય શ્રી ભગવાનજી અરજણ ખીમજી અને લેજીસ્લેટીવ કાઉન્સીલના સભ્ય શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ અનિવાર્ય કારણોને અંગે આવી શકયા નહોતા. પ્રારંભમાં સંઘના પ્રમુખ **શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહે** આગન્તુક અતિથિઓને આવકાર આપતા જણાવ્યું કે:—

"મુંબઇની ધારાસભામાં જે જૈન ભાઇઓ અને બ્હેનો ચુંટાઇને આવ્યા છે તેમનો પરિચય કરવા અને તેમને અભિનંદન આપવા આપણે એકત્ર થયા છીએ. તેવા સાત ભાઇઓ અને બે બ્હેનો ચુંટાયા છે. તેઓ સૌ મહાસભાના સભ્ય તરીકે ચુંટાયા છે. તેમને સૌને આપણા સંઘ તરફથી અને જૈન સમાજ તરફથી હું હાર્દિક અભિનંદન આપુ છું. તેમાંના કોઇ જૈન તરીકે–જૈન છે માટે–ચુંટાયા નથી. આપણે તેમને જૈન તરીકે ચુંટાયા તે માટે અભિનંદન આપતા પણ નથી. જૈનોએ અલગ પ્રતિનિધિત્વ કોઇ દિવસ માગ્યું નથી. તેમને માગવાની જરૂર પણ નથી. રાષ્ટ્રની આઝાદીની લડતમાં જૈનોએ પોતાનો ફાળો આપી પોતાની લાયકાત પુરવાર કરી હોય તો તેઓ ચુંટાય, નહિ તો નહિ. માત્ર સંખ્યાને કારણે પ્રતિનિધિત્વનો કોઇને અધિકાર નથી. આ ધારાસભામાં જૈન ભાઇ-બ્હેનો ચુંટાયા છે તે તો એક અકસ્માત છે. તેથી વધારે પણ હોય, તેથી ઓછા પણ હોય. તેમને પસંદ કરનાર અને ચુંટનાર કોઇને તેઓ જૈન છે તેવો ખ્યાલ પણ નહિ હોય. આટલી સંખ્યામાં જૈન ભાઇબ્હેનો ચુંટાયા છે તે તો જૈનોએ રાષ્ટ્રની લડતમાં પોતાનો ફાળો કેટલો આપ્યો છે તેનું કોઇક માપ આપે છે. જે ભાઇબ્હેનો ચુંટાયા છે તે તો પોતાની લાયકાતથી ચુંટાયા છે, જૈન છે તે કારણે નહિ. તેમણે પોતાના ત્યાગથી અને આત્મભોગથી એ લાયકાત મેળવી છે. આપણને એ વાતનું ગૌરવ છે કે જૈન સમાજમાં આવા ભાઇ-બ્હેનો છે તેથી તેમને અભિનંદન આપીએ છીએ. આપણે ઇચ્છીએ છીએ કે જૈનોનો ફાળો હજી પણ આથી વિશેષ હોય.

"જૈન યુવક સંઘ વિષે બે શબ્દો કહીશ. તેનું નામ કોમી છે પણ તેનો ભાવ અને કાર્ય કોમી નથી. એક દ્રષ્ટાંતથી સમજાવું. શહેર સ્વચ્છ રાખવા જેમ મ્યુનીસીપાલીટી હોય છે છતાં દરેક પોતાનું ઘર બરાબર સ્વચ્છ રાખવું જોઇએ અને તેનો કચરો મ્યુનીસીપાલીટીએ નક્કી કરેલ સ્થળે નાખવો જોઇએ–કોઇના ઘરમાં નહિ–તો જ મ્યુનીસીપાલીટીનું કાર્ય બરાબર સફળ થાય, તેમ રાષ્ટ્રીય ઉત્થાનના કાર્યમાં દરેક કોમે કે વર્ગે પોતાનું ઘર સાફ રાખવું જોઇએ અને તેમાં પોતાનો ફાળો આપવો જોઇએ. રાષ્ટ્રીય મહાસભા એ ભગીરથ કાર્ય કરી રહેલ છે. જૈનો તેમાં પોતાનો પુરતો ફાળો આપે તે જોવાની આપણી ફરજ છે. સમગ્ર પ્રજાના સામુદાયિક કાર્યની સફળતા માટે જુદી જુદી સંસ્થાઓએ એ કાર્ય ઉપાડી લેવું જોઇએ. હિંદુસ્તાનની અત્યારની સામાજિક રચના જોતાં અત્યારે જે તેનું બંધારણ છે તેમાં નવરચના ન થાય ત્યાં સુધી, દરેક કોમે આ કાર્ય કરવું રહ્યું. તે ઉપરાંત જૈન સમાજને પોતાના ધાર્મિક અને સામાજીક વિશિષ્ટ પ્રશ્નો છે જેમાં શાસ્ત્ર અને રૂઢિને નામે કાંઇક અનિષ્ટો પેસી ગયા છે તેવા પ્રશ્નોને પણ જૈન સમાજે ઉકેલવા પડશે. અને પરંપરાગત આચારવિચાર અને ક્રિયાકાંડો કે પ્રણાલિકાઓમાં યુગધર્મ ઓળખી ફેરફારો કરવા પડશે. એ કાર્ય જૈન સંમાજ જ કરી શકે અને તે જૈન યુવક સંઘ કરે છે.

"આ સંબંધમાં કોઇ જૈન માત્ર વાર્ષિક લવાજમ આપીને તેનો સભ્ય થઇ શકતો નથી. સંઘના બંધારણના પાયામાં વિશિષ્ટ માન્યતાઓ અને શિસ્તના નિયમો છે. જેને તે સ્વીકાર્ય હોય તેવાઓજ આ સંઘના સભ્ય થઇ શકે છે. માત્ર સભ્ય સંખ્યા વધારવાની દૃષ્ટિ નથી, પણ અમુક પ્રાગતિક વિચારો અને માન્યતાઓ ધરાવતા ભાઇઓનો આ સંઘ છે. સંઘની વિવિધ પ્રવૃત્તિઓ વિષે શ્રી. પરમાનંદભાઇ વિશેષ પરિચય આપશે.

"ફરીથી આપણા માનવંતા મહેમાનોને સંઘ તરફથી અને આપણા સૌ તરફથી હું અભિનંદન આપું છું અને જે મહાન સંસ્થાના તેઓ પ્રતિનિધિ છે તેના કાર્યમાં તેઓ પુરતો ફાળો આપશે અને તેમાં આપણે સૌ અને સમસ્ત જૈન સમાજ તેમને પુરતો સાથ અને સહકાર આપશે એવી મારી પ્રાર્થના છે."

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ **શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ** શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો પરિચય આપ્યો અને સંઘની રચના કેવી વિશાળ, રાષ્ટ્રીય અને ક્રાન્તિપ્રેરક ભાવના ઉપર કરવામાં આવી છે તેનો સંઘના બંધારણની કેટલીક કલમો વાંચી સંભળાવીને ખ્યાલ આપ્યો અને નિમંત્રિત મહેમાનોને ઉદ્દેશીને આગળ વધતાં જણાવ્યું કે "આવા ઉદાત્ત આદર્શ ઉપર રચાયેલ અને કોમી છતાં કોઇ પણ અંશમાં કોમી નહિ એવો મુંબઇ જૈન યુવક સંઘ આપ જેવા કશા પણ જાત જાતના ભેદ મિટાવતી

શુધ્ધ રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં સંલગ્ન થયેલા અને એ જ ગુણવિશેષ ઉપર મુંબઈની ધારાસભામાં ચુંટાયલા સભ્યોને નોતરવાની વિશેષ યોગ્યતા ધરાવે છે એ આપ જરૂર કબુલ કરશો એવી હું આશા રાખું છું. આપ અમારા સંઘના નિમંત્રણને માન આપીને અહિં પધાર્યા એ અમારા સંઘ માટે અત્યન્ત ગૌરવનો વિષય છે. અમારી કોમનું આ કામ કરજો અને પેલું હિત સંભાળજો એવું કહેવા અમે આપને અહિં નથી બોલાવ્યા. મુંબઇ જૈન યુવક સંઘ એ એક નાની સરખી સંસ્થા છે; અમે નાના માણસો છીએ; અમારૂં ગજું પણ નાનું છે; એમ છતાં પણ, જે ભાવનાથી પ્રેરાઇને આજ સુધીમાં આપે અનેક કાર્યો કર્યા છે અને જેના પુણ્યફળ રૂપે આજે આપ આ પદ પામ્યા છો તે જ ભાવના આમારી છે અને તે જ ધ્યેય આમારા સંઘનું છે એમ જણાવું તો આટલી આત્મશ્લાઘાને આપ ક્ષમ્ય ગણશો. ધારાસભામાં રહીને આપ જે કાંઇ કરો તેને અમારાં સંઘનો અને અમારો પોતાનો સંપૂર્ણ ટેકો હશે એ બાબતની હું આપને ખાત્રી આપું છું. આગળ વધીને હું એમ પણ કહી શકું છું કે આપને એવા કોઇ કાયદાઓ ઘડવાનો પ્રસંગ આવે કે જે કાયદાઓ આખા દેશને, આપણી ગરીબ અને દલિત પ્રજાને અત્યન્ત લાભદાયી હોય પણ જેનું આડકતરૂં પરિણામ વ્યાપાર પ્રધાન જૈન સામાજને અમુક રીતે નુકસાન કરનારૂં હોય તો વિશાળ હિતની ખાતર જૈન સમાજે એટલો ઘસારો ખમવા સદા તૈયાર રહેવું જ જોઇએ એમ સમજીને એવા પ્રસંગે આપને અમારો પુરો સાથ હશે એવી આપ ખાત્રી રાખશો."

ત્યાર-બાદ **શ્રી શ્રેયાંસપ્રસાદજીએ** સમયોચિત બે આવકાર વચનો કહ્યાં અને તે પછી સંઘના મંત્રી **શ્રી. વેણીબહેન કાપડીઆએ** જણાવ્યું કે :—

"આજના સન્માન સમારંભમાં મારો સુર પુરાવતાં મને બહુ આનંદ થાય છે. એમનું સન્માન આપણે કોમી દ્રષ્ટિની સંકુચિત ભાવનાથી કરતા નથી. જૈન ધર્મની ભીતરમાં સંકુચિત ભાવનાને કોઇ સ્થાન જ નથી. ખરૂં કહીએ તો તાત્વિક દૃષ્ટિએ આપણા બહેનોનો આજેજ સાચા જૈન બન્યા ગણાય. હવે તેઓ માત્ર જન્મે જૈન નથી, પણ કર્મે પણ જૈન બન્યા છે. જૈન ધર્મના સિદ્ધાન્ત અનુસાર વ્યષ્ટિજીવનનો સાંકડો માર્ગ છોડીને તેમણે સમષ્ટિ જીવનના વિશાળ પંથ ઉપર પગરણ માંડયા છે. જૈન ધર્મનો વિશાળ અર્થ આને જ સાચું સાધુ જીવન કહે છે.

આજના આપણા બહેમાનોને ચુંટનાર માત્ર જૈનોજ નથી પણ દરેક ધર્મના ભાઇ બહેનોએ તેમની શંકિત અને સેવાવૃત્તિ ધ્યાનમાં લઇને તેમને ચુંટયા છે. આ તેમનો વિજય જૈન ધર્મના ગૌરવને વધારે છે. રાજકીય ક્ષેત્રમાં જૈનો હંમેશા મોખરે રહ્યા છે. ભૂતકાળનો ઇતિહાસ આ બાબતની અનેક રીતે સાક્ષી પુરે છે. રૂઢિચુસ્ત જૈનો જૈન ધર્મને હિંદુ ધર્મથી અને જૈન સમાજને હિંદુ સમાજથી અલગ ગણાવે છે અને પોતાની કોમ માટે વિશિષ્ટ હકકો માંગવાની મનોદશા સેવતા સંભળાય છે. રાજકીય ક્ષેત્રમાં જૈન જેવી એક નાની કોમ આવી રીતે અલગ પડે તે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. બધી કોમોનું પ્રતિનિધિત્વ કરવામાંજ વિશ્વબંધુત્વની ભાવનાની સાચી સાધના રહેલી છે. આજના આપણા બહેમાનો આ રીતે આખા જૈન સમાજને દ્રષ્ટાન્તરૂપ બને છે. આ રીતે વિચારતાં આજે આપણે તેમને સન્માનવામાં કોઇ કોમી સંકુચિતતા દાખવતા નથી. કુટુંબની કોઇ વ્યક્તિ પરમાર્થસાધક જીવનમાં પગલાં માંડે અને કુટુંબીઓ રાજી રાજી થઇને તેમને આવકારે એવા જ ભાવથી આજે આપણા બહેનોને આપણે આવકારીએ છીએ. અભિનંદન કરવા કરતાંયે બહેન તો આશીર્વાદ આપવાની વિશેષ અધિકારિણી છે. આજ સુધીની જેમની કારકીર્દી અનેકવિધ સેવાઓથી ઉજ્જવળ બનતી આવી છે તેઓ આ વિશિષ્ટ સ્થાનમાં રહીને વિશેષ યશ અને સફળતાને પ્રાપ્ત કરે અને એમનું કાર્ય અને સેવા સૌ કોઇને અનુકરણ કરવા યોગ્ય બને એવા મારા આશીર્વાદ છે."

ત્યારબાદ માલેગાંવવાળા **શ્રી. મોતીલાલ વીરચંદ** મહારાષ્ટ્રમાં કશા પણ વીરકાભેદ સિવાય એકમેક સાથે મળીને બધા જૈન ભાઇઓ કેવી કેવી પ્રવૃત્તિઓ ચલાવે છે, દિગંબરો અને શ્વેતાંબર મૂર્તિપૂજકો વચ્ચે કેવો ભાઇચારો છે, આખો જૈન સમાજ રાષ્ટ્રીય પ્રવૃત્તિ તરફ કેટલો બધો વળેલો છે અને રાષ્ટ્રીય મહાસભાને લાંબા જૈન સમાજે કેટલા કાર્યકર્તા પુરા પાડયા છે તેનો ખ્યાલ આપીને નિમંત્રિત ધારાસભાના સભ્યોને, ઉદ્દેશીને જણાવ્યું કે "આપ ધારાસભામાં રહીને રાષ્ટ્રની તો ખુબ સેવા જરૂર બજાવશો જ, પણ સાથે સાથે જૈનધર્મને અને જૈન સમાજને ન ભુલશો એટલી મારી વિનંતિ છે."

"શ્રી મોતીલાલ વીરચંદની આ સૂચનાને અનુલક્ષીને પ્રજ્ઞાચક્ષુ **પંડિત સુખલાલજીએ** જણાવ્યું કે:—

શ્રીયુત મોતીલાલ વીરચંદે પોતાના પ્રવચનમાં રાષ્ટ્ર સેવાની સાથે સાથે જૈન ધર્મ અને જૈન સમાજની સેવાનો ઉલ્લેખ કર્યો છે. આ મુદ્દો વધુ સ્પષ્ટીકરણ માગે છે. આ મેળાવડો જૈન યુવક સંઘે યોજેલો છે અને તેનો ઉદ્દેશ મુંબઇ ધારાસભામાં ચૂંટાયેલા જૈન ભાઇબહેનોને અભિનંદન આપવાનો અને તેમની રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં બને તેટલો સહકાર કરવાનું આશ્વાસન આપવાનો પણ છે. આ વસ્તુસ્થિતિને ધ્યાનમાં રાખીનેજ હું થોડા વિચારો રજુ કરવા ધારૂં છું.

'જૈન યુવક સંઘ એ જૈન સમાજના અમુક સભ્યોનો સંઘ છે એ ખરૂં, પણ તેની વિચાર અને પ્રવૃત્તિની ભૂમિકાએ મુખ્યપણે રાષ્ટ્રીય છે. અત્યારની આપણી રાષ્ટ્રીયતા એ પ્રવૃત્તિની દ્રષ્ટિએ ભલે રાષ્ટ્રમાંજ સીમિત હોય; પણ તે સિધ્ધાંતની દ્રષ્ટિએ સમગ્ર માનવજાતિને સ્પર્શે છે. જ્યારથી આપણી રાષ્ટ્રીયતાનો પાયો અહિંસા ઉપર રચાયો છે, ત્યારથી તો રાષ્ટ્રીયતા સમગ્ર માનવતાનો પર્યાય માત્ર બની રહી છે. જે ભાઇઓ અને બહેનો ધારાસભા કે કે બીજી કોઇ ચુંટણીમાં મહાસભાની ટિકીટ ઉપર વિજયી થયા છે તેનો યશ તેમણે રાષ્ટ્રીય દ્રષ્ટિથી બજાવેલી સેવાને ફાળે જાય છે, નહીં કે તેઓ અમુક ધર્મને માને છે અગર અમુક સમાજમાં જન્મ્યા છે એ વસ્તુને ફાળે. બેશક, મૂળમાં જૈન સમાજની રચના જાતિમૂલક કે વર્ણભેદમૂલક નથી. એ રચના માત્ર ધર્મ મૂલક છે અને જૈનધર્મનું કેંદ્ર માત્ર અહિંસા છે. મહાસભાની આજની નીતિનું કેંદ્ર પણ મુખ્યપણે અહિંસાજ છે. એ રીતે સિધ્ધાંતની દ્રષ્ટિએ જૈનધર્મ અને રાષ્ટ્રીયતા વચ્ચે કોઇ ખાસ અંતર નથી. આ દ્રષ્ટિએ એમ પણ કહી શકાય કે જે જે રાષ્ટ્રીય પ્રવૃત્તિ ચાલે છે તે જૈન ધર્મને અનુકુળજ છે. બીજી રીતે એમ પણ ફલિત થાય કે જૈન ધર્મની પ્રવૃત્તિ રાષ્ટ્રીયતાવિરોધી હોઇ ન શકે. તેથી રાષ્ટ્રીયતાની પ્રવૃત્તિમાં રચ્યો પચ્યો રહેનાર કોઇ જૈન કહે કે તે જૈન ધર્મ અને જૈનસમાજની સેવાને વરેલો છે તો તેમાં સુવિચારકને કાંઇ વાંધા જેવું નહીં દેખાય, પણ આ પ્રશ્ન માત્ર વિચારક કે સમજદાર પૂરતો નથી તે તો પરંપરાગત સાંપ્રદાયિક સંસ્કાર ધરાવનાર રૂઢીચૂસ્તોને પણ સ્પર્શ કરે છે.

"મૂળ સિદ્ધાંતની દૃષ્ટિએ વિચાર કરીએ ત્યારે ભિન્ન ભિન્ન ધર્મોનો વિરોધ અને પારસ્પારિક અંતર લગભગ ભૂંસાઇ જાય છે. સાચો વૈષ્ણવ એ સાચા જૈનથી જુદો નથી રહેતો અને સાચો જૈન સાચા વૈષ્ણવ કે સાચા મુસલમાનથી જુદો ન પડી શકે. આમ છતાં વ્યવહારમાં એમ નથી બનતું. ધર્મ સામાજિક રૂપ ધારણ કરે ત્યારથી તે પ્રથા અને પ્રણાલિકાજીવી તેમજ આચાર અને ક્રિયાકાંડ-લક્ષી બની જાય છે. આથી તે તે સમાજનો અનુયાયી સામાન્ય વર્ગ પોતાની એ પ્રથા અને પ્રણાલિકાઓની પુષ્ટિ તેમજ તેની રક્ષામાંજ ધર્મની પુષ્ટિ અને રક્ષા માને છે. પછી ભલે તે

(અનુસંધાન પૃષ્ટ ૨૦૮ જુઓ)

સંવત ૨૦૦૧ ની સાલનો આવક જાવકનો હિસાબ

(પ્રબુદ્ધ જૈનના ગતાંકમાં આ મથાળા નીચે જે વિગતો આપી છે તે સામાન્ય વાંચકો સહેલાઇથી સમજી શકે તેમ નથી એમ લાગવાથી તેમજ આવક જાવક શબ્દો ઉલટા સુલટી મુકાઈ ગયા છે તેથી તે હીસાબ વધારે વ્યવસ્થિત રીતે ગોઠવીને નીચે આપવામાં આવે છે. અને ગયા અંકમા જગ્યાના અભાવે રહી ગયેલ રાહત પ્રવૃત્તિને લગતો તેમજ મ. મો. વાંચનાલય અને પુસ્તકાલયને લગતો હિસાબ પણ સાથે સાથે અહિં પ્રગટ કરવામા આવે છે.)

પ્રબુદ્ધ જૈન

જ				ઉ			
૧૮૩૪	૧	૦	લવાજમનાં	૫૮૮	૮	૦	પગાર, ભાડું, લાઇટ
૫૦૫	૦	૦	ભેટનાં	૫૧૪	૧૨	૩	કાગળ ખર્ચ
૪૦૨	૮	૦	સભ્યોનાં લવાજમમાંથી દરેક સભ્ય દીઠ ૩।.. ૧।। લેખે જૈન યુવક સંઘ તરફથી.	૧૦૭૯	૦	૦	છપામણી
				૪૫૯	૧૦	૩	પોસ્ટેજ
				૧૬૫	૧૩	૬	પરચુરણ ખર્ચ
૨૭૪૧	૯	૦		૨૮૦૭	૧૨	૦	
૬૬	૩	૦	ખોટના.				
૨૮૦૭	૧૨	૦					

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય

સંવત ૨૦૦૨ ના શ્રાવણ સુદ ૧ થી સંવત ૨૦૦૧ ના આસો વદી ૦)) સુધીનો આવક જાવકનો હીસાબ.

જ				ઉ			
૯૩૩	૨	૦	ભેટનાં	૧૪૭૯	૩	૩	પગાર ખર્ચ
૪૧૯	૧૨	૦	વ્યાજનાં	૫૧૬	૦	૦	ભાડા ખર્ચ
૪૧૧	૨	૦	દંડનાં	૯૦	૦	૦	લાઇટ ખર્ચ
૮૪	૬	૦	પાસ બુકનાં	૬૨	૧૪	૦	સ્ટેશનરી ખર્ચ
				૨૪૮	૦	૦	છપામણી ખર્ચ
૧૮૪૮	૬	૦		૧૬૨	૮	૦	પુસ્તક બાઈન્ડીંગ ખર્ચ
૧૭૦૭	૧૨	૦	ખોટના–શ્રી જૈન યુવક સંઘે આપ્યા તે	૪	૧૩	૩	પોસ્ટેજ ખર્ચ
				૩૧૧	૧	૬	છાપાઓના લવાજમનાં
૩૫૫૬	૨	૦		૪૩	૧૨	૦	વીમા ખર્ચ
				૧૦	૦	૦	સેઈફ કસ્ટડીના ભાડાનાં
				૧૧	૬	૦	બેંક કમીશનના
				૪૦૨	૨	૬	ટ્રસ્ટ રજીસ્ટ્રેશન ખર્ચના
				૩૫૫૬	૨	૦	

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

જ				ઉ			
૧૦૭૦	૦	૦	લવાજમ	૩૦૦	૯	૦	શ્રી પરચુરણ ખર્ચ
૧૩૩	૦	૦	ભેટ	૧૯	૬	૦	સ્ટેશનરી
૩૩૯	૨	૦	વ્યાજના	૨૯	૩	૬	પોસ્ટેજ
				૭	૮	૦	છપામણી
૧૫૪૨	૨	૦		૫૮૮	૮	૩	પગાર, ભાડું, લાઇટ
૧૫૭૯	૭	૯	ચાલુ વર્ષનો ઘટાડો	૪૦૨	૮	૦	પ્રબુદ્ધ જૈનને સભ્યોના લવાજમમાંથી રૂપીઆ ૧૧। લેખે સંઘનો ફાળો.
૩૧૨૧	૯	૯		૧૩૪૭	૧૦	૯	
				૬૬	૩	૦	પ્રબુદ્ધ જૈનની ખોટ
				૧૭૦૭	૧૨	૦	મ. મો. વાંચનાલય પુસ્તકાલયની ખોટ.
				૩૧૨૧	૯	૯	

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ રાહત ખાતાનો સંવત્ ૨૦૦૧ નો આવક જાવકનો હીસાબ.

જ				ઉ			
૭૪૩૨	૦	૦	વર્ષ દરમિયાન જુદા જુદા ગ્રહસ્થો તરફથી મળેલા ભેટનાં	૬૯૨૫	૩	૯	શ્રી રાહત ખર્ચ
				૨૦૩	૧૩	૩	શ્રી તાત્કાલીક રાહત ખર્ચ
				૪૦	૧૫	૯	પરચુરણ ખર્ચ
૭૪૩૨	૦	૦		૭૧૭૦	૦	૯	
				૨૬૧	૧૫	૩	ખર્ચ કરતા આવકનો વધારો
				૭૪૩૨	૦	૦	

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ રાહત ખાતાનું સંવત્ ૨૦૦૧ નાં આસો વદી ૦)) સુધી સરવૈયું.

જ				ઉ			
૧૮૮૧	૬	૦	ગયા વર્ષની બાકી	૨૧૪૩	૫	૩	શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ખાતે
૨૬૧	૧૫	૩	ખર્ચ કરતાં આવકનો વધારો.				
૨૧૪૩	૫	૩		૨૧૪૩	૫	૩	

સુધારો:—શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના સંવત ૨૦૦૧ ની સાલના તા. ૧-૪-૪૬ ના પ્રબુદ્ધ જૈનના અંકમાં પ્રગટ થયેલ સરવૈયામાં જમે બાજુએ વ્યાખ્યાનમાળા ખાતે રૂા. ૨૧૪૩-૫-૩ છાપેલ છે તેના બદલે નીચે મુજબ સુધારીને વાંચવું.

રાહત ખાતું:—૨૧૪૩-૫-૩

શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા ખાતું:—૭૨-૬-૯.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય સંવત ૨૦૦૧ ના આસો વદ ૦)) ના દીવસનું સરવૈયું.

જ				ઉ			
૨૪૦૦૧	૦	૦	શ્રી. મણિલાલ મોકમચંદ શાહ વાચનાલય અને પુસ્તકાલય ખાતે જમા	૧૦૦૦૦	૦	૦	૪ ટકાના ધી રાવલગામ સ્યુગર ફાર્મ લી. ના ડીબેન્ચર રૂા. ૧૦૦૦૦ ની ફેઇસ વેલ્યુના
૩૦૫૯	૦	૦	શ્રી. ડીપોઝીટ ખાતે જમા	૧૦૦૦૦	૦	૦	૪½ ટકાના ધી બોમ્બે સ્ટીમ નેવીગેશન કું. લી. ના ડીબેન્ચર રૂા. ૧૦૦૦૦ ની ફેઇસ વેલ્યુના
૩૦૦	૦	૦	શ્રી. ફરતી લાયબ્રેરી ડીપોઝીટ ખાતે જમા	૩૬૧૫	૦	૦	૫ ટકાની ધી બોમ્બે ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ લોન રૂા. ૩૦૦૦ ની ફેઇસ વેલ્યુના
૪૨	૮	૦	એકસ્ટ્રા ડીપોઝીટ ખાતે જમા	૬૩૧	૨	૦	પુસ્તક ખરીદ ખાતું
૮	૦	૦	ફરતી લાયબ્રેરી પુસ્તક ખાતે જમા.	૧૧૭૭	૧૨	૩	શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ ખાતે
				૪	૦	૦	રવચંદ ફોજલાલને ખાતે
				૧૯	૨	૩	હાથ ઉપર રોકડ
				૧૫૯૨	૧૫	૬	ધી બેંક ઓફ ઇન્ડીયાના ચાલુ ખાતામાં
				૩૭૦	૮	૦	ધી સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડીયા લી. ના ચાલુ ખાતામાં.
૨૭૪૧૦	૮	૦		૨૭૪૧૦	૮	૦	

ઉપરનાં બંધા સરવૈયા અને આવક જાવકના હીસાબો શ્રી. ખીમજી કુંવરજીની કું. એ તપાસ્યા છે અને બધા નીચે સહી કરી આપેલ છે.

મંત્રીઓ, મુંબઈ જૈનયુવક સંઘ.

કેટલાક સમાચાર અને નોંધ

મહાવીર જયન્તી

ગઇ ચૈત્ર શુદ તેરસે ભગવાન મહાવીરની જન્મ જયન્તી હિંદુસ્તાનમાં જ્યાં જ્યાં જૈનો વસે છે તેમાંના ઘણા ખરા સ્થળોએ એક યા બીજા પ્રકારે ઉજવવામાં આવી હતી. મુંબઇમાં જૈનોની ત્રણ પ્રમુખ સંસ્થાઓ તરફથી માન્યવર શ્રી. મંગળદાસ પકવાસાના પ્રમુખપણા નીચે સુખાનંદજીની ધર્મશાળાની વ્યાખ્યાન શાળામાં મહાવીર જયન્તી ઉજવવામાં આવી હતી, જે વખતે જૈન ભાઇ બ્હેનો સારી સંખ્યામાં હાજર થયા હતા. પ્રારંભમાં શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ ભગવાન મહાવીર સંબંધે બોલતાં ભગવાન મહાવીરે સંસ્કૃત ભાષાના મહત્વને હળવું કરીને તે વખતની લોકભાષા–પ્રાકૃત ભાષા–ને મહત્વ આપ્યું અને તે દ્વારા જ તેમણે પોતાના સિદ્ધાન્તોનો પ્રચાર કર્યો હતો એ મુદ્દા ઉપર વિગતવાર વિવેચન કર્યું હતું. ત્યારબાદ શ્રી પરમાનંદ કુવરજી કાપડીઆએ ભગવાન મહાવીરની અહિંસા અને ગાંધીજીની અહિંસા, ભગવાન મહાવીરનો અનેકાન્તવાદ અને ગાંધીજીનો સર્વ-ધર્મ-સમભાવ અને ભગવાન મહાવીરે પ્રરૂપેલ ગૃહસ્થ જીવન માટે ન્યાય-સંપન્ન-વૈભવનો આદર્શ અને આજના કાળા બજારનું માનસ–આ મુદ્દાઓ કેટલુંક વિવરણ કર્યું હતું. ત્યાર બાદ શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે

મહાવીર જયન્તી શા માટે એ મુદ્દા ઉપર અને અહિંસાનો વ્યાપક સામાજિક જીવનમાં અમલ કરવા જતા અહિંસાના પ્રરૂપકને કેવી કેવી મુંઝવણોનો નીકાલ કરવાના પ્રસંગો પ્રાપ્ત થાય છે એ સંબંધમાં ગાંધીજી વિષે કેટલોક ઉલ્લેખ કરીને કેટલુંક વિવેચન કર્યું હતું. ત્યાર બાદ ચંદુલાલ વર્ધમાન શાહે કોઇ પણ જનને સાચા જૈન થવા માટે સાચા માનવ થવાની ખરી જરૂર છે એ મુદ્દા ઉપર ખાસ ભાર મૂકીને કેટલાક વિચારો રજુ કર્યા હતા. તેમને અનુસરતાં શ્રી. ખીમચંદ મગનલાલ વોરાએ તેમ જ શ્રી. ચીમનલાલ પોપટલાલ શાહે ભગવાન મહાવીરના પગલે ચાલીને વીર બનવાનો અને જનતાને સાચી દોરવણી આપવાનો ઉપદેશ કર્યો હતો. પ્રમુખ સાહેબે આગળના સર્વ વિવેચનોનો ઉપસંહાર કરતાં આજે માત્ર જૈન ધર્મનો જ નહી પણ સર્વ ધર્મોનો હ્રાસ થઇ ગયો છે અને આજનો જૈન જેમ સાચો જૈન રહ્યો નથી તેમ આજનો વૈષ્ણવ, બ્રાહ્મણ, મુસલમાન કે ખ્રીસ્તી પોતપોતાના ધાર્મિક આદર્શોથી પણ અત્યન્ત પતિત થઇ ગયેલ છે. અને માનવ જીવનમાંથી ધાર્મિકતા સરી ગઇ છે અને એના પરિણામે આજનું આપણું આખું જીવન વિસંવાદી બની ગયું છે એમ જણાવીને પોતપોતાના ધર્મની ભાવનાને જીવનમાં ઉતારવાનો આગ્રહ કર્યો હતો. અને આજે આપણી સામે પડેલા બે માર્ગ ગાંધીજીનો માર્ગ અને એટમબોમ્બનો માર્ગ–એમાંથી ગાંધીજીનો માર્ગ પસંદ કરીને જીવન ઘડવાનો અનુરોધ કર્યો હતો. અને ત્યાર બાદ પ્રમુખ સાહેબનો ઉપકાર માનીને સભા વિસર્જન કરવામાં આવી હતી.

શ્રી મણિબ્હેન નાણાવટી અખિલ ભારત ચરખા સંઘની મુંબઈ શાખાના મંત્રીપદે

વીસે પારસેમાં વર્ષોથી વસતા અને ત્યાંની ખાદી પ્રવૃત્તિના મુખ્ય સંચાલક અને રાષ્ટ્રીય મહાસભાના કાર્યકર્તા શ્રી. મણિબ્હેન નાણાવટી તા. ૨૩–૩–૪૬ થી અખિલ ભારત ચરખા સંઘની મુંબઇની શાખાના મંત્રીપદે નીમાયા છે. જે સ્થાન કેટલાંક વર્ષો સુધી શ્રી વીઠ્ઠલદાસ જેરાજાણીએ અને તેમની પછી શ્રી પુરૂષોત્તમ કાનજી (કાકુભાઇ) એ ૧૧ વર્ષ સુધી શોભાવ્યું હતું એ સ્થાન ઉપર શ્રી મણિબ્હેન નિયુક્ત થયા છે અને એ રીતે નવી ખાદીની-તિના ધોરણે વિકસી રહેલો કાલબાદેવી ખાદી ભંડારનો આખો વહીવટ તેમને સોંપાયો છે. શ્રી મણિબ્હેન નાણાવટી શ્રી મુંબઇ જૈન યુવક સંઘના એક સભ્ય હોઇને તેમનું આ વિશિષ્ટ–પદારોહણ અને એ દ્વારા રાષ્ટ્રસેવા સાધવાની તેમની મળેલી આ વિશિષ્ટ તક વિષે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ ગૌરવ અનુભવે છે અને શ્રી મણિબ્હેનનું અભિનંદન કરે છે. શ્રી મણિબ્હેનની આ મહત્વના સ્થાન માટેની યોગ્યતા સંબંધમાં તા. ૫–૪–૪૬ ની ખાદી પત્રિકાના અગ્રલેખમાં જણાવવામાં આવ્યું છે કે "શ્રી મણિબ્હેન નાણાવટીમાં અનન્ય ખાદીનિષ્ઠા ઉપરાંત વ્યાવહારિક કુશળતા, સત્વર નિર્ણયો કરી લેવાની શક્તિ તથા તેની સાથે સાથે સંગઠન શક્તિ રહેલી છે. એ શક્તિઓનાં દર્શન તેમણે વખતોવખત જે મોટાં નાનાં કામો એમના હાથમાં લીધા તે વખતે કરાવ્યાં છે. એ બધા ગુણો સાથે નમ્રતા, સાદાઇ અને સાધુતા એમની સાથે સહવાસમાં આવનાર ભાઇબહેનોને સુવિદિત છે, મુંબઇ શાખાનું મંત્રીપદ એક પ્રતિભાશાળી વ્યક્તિના હાથમાં સોંપાય છે એથી મને બહુ આનંદ થાય છે." શ્રી મણિબ્હેન વિષે આથી વિશેષ કહેવાનું રહેતું નથી. તેઓ હાથમાં લીધેલી આ નવી જવાબદારીને પુરેપુરી દીપાવે અને ઉત્તરોત્તર વધારે મોટી જવાબ-દારીઓ અને સેવાની તકો તેમને સાંપડે એવી શુભેચ્છા અને પ્રાર્થના છે.

શ્રી. ઇન્દુમતી બહેન પાર્લામેન્ટરી સેક્રેટરીપદે

મુંબઇની ધારાસભામાં તાજેતરમાં ચુંટાયલા શ્રી. ઇન્દુમતી બહેન પાર્લામેન્ટરી સેક્રેટરીની જગ્યાએ નીમાયા છે અને મુખ્ય પ્રધાન શ્રી. બાળાસાહેબ ખેરની નીચે કેળવણીખાતાને લગતું કામ તેમને સોંપાયું છે–આ સમાચાર જેટલા આનંદજનક છે એટલા જ જૈન સમાજને માટે ગૌરવપ્રદ છે. આપણામાંની એક બ્હેન આવા વિશિષ્ટ સ્થાન ઉપર તિયોજાય એ માટે જૈન સમાજ જેટલું અભિમાન ચિન્તવે તેટલું ઓછું છે.

શ્રી. ઇન્દુમતી બ્હેન અમદાવાદના એક બહુ જાણીતા કાર્ય-કર્તા છે. છેલ્લા કોમી હુલ્લડ વખતે તેમણે દાખવેલી વીરતાથી તેઓ બહુજ જાણીતા છે. અમદાવાદની મ્યુનીસીપાલીટીના અને સ્કુલ બોર્ડના સભ્ય છે. તેમના સ્વર્ગસ્થ પિતાના સ્મરણમાં ઉભું કરવામાં આવેલ શ્રી. ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારની કાર્યવાહી સાથે વર્ષોથી તેઓ અત્યંત નિકટપણે જોડાયલા છે. અમદાવાદ ખાતેની ખાદીની વિવિધ પ્રવૃત્તિઓના તેઓ એક મુખ્ય સંચાલક છે. છેલ્લી લડત દરમિયાન લાંબા સમય સુધી તેમણે જેલવાસ પણ ભોગવ્યો હતો. તેઓ સમાજના અને રાષ્ટ્રીય મહાસભાના એક સૂક્ષ્મ શક્તિ-શાળી સેવક અને કાર્યકર્તા છે. તેમણે પ્રસિધ્ધિ કદિ શોધી નથી એટલું જ નહિ પણ પ્રસિધ્ધિથી તેઓ હમેશા દુર રહ્યા છે. તેમની સેવાનિષ્ઠા જેટલી ઉંડી છે, તેટલી તેમની નમ્રતા–નિરભિમાન પ્રકૃતિ–હૃદયસ્પર્શી છે. નવી નિમણુંક તેમના માટે એક વિશાળ સેવાનું દ્વાર ખુલ્લું કરે છે, તેમજ પોતાની શક્તિઓ વિકસાવવાની તક આપે છે. તેમના કાર્યમાં તેમને પુરી સફળતા મળે અને ઉત્તરોત્તર વધારે ને વધારે ઉજ્જ્વળ ભાવી તરફ તેઓ પ્રગતિ સાધતા રહે એવી સૌ કોઇની સદિચ્છા છે.

શ્રી બગવાડા પરગણા જૈન એજ્યુકેશન સોસાયટી હાઇસ્કુલના મકાનનું ખાત મુહૂર્ત

તા. ૧૪–૩–૪૬ ના રોજ ઉપર જણાવેલ સોસાયટી તરફથી હાઇસ્કુલના મકાનના ખાત મુહુર્તનો સમારંભ જૈન સમાજના જાણીતા ધર્મપ્રેમી શ્રી. સુરચંદ પી. બદામીના અધિષ્ઠાન નીચે ઉજવવામાં આવ્યો હતો. આ. સોસાયટી તેર વર્ષથી બગવાડા પરગણામાં કેળવણી પ્રચારની પ્રવૃત્તિ ચલાવે છે અને તેનો લાભ જૈન તેમજ જૈનેતર વર્ગોને બહુ સારા પ્રમાણમાં આપવામાં આવે છે. આ સંસ્થાના મુખ્ય કાર્યકર્તા અને મંત્રી શ્રી. હીરાલાલ રાયચંદ મહેતા આ આખી પ્રવૃત્તિના આત્મા છે અને તેમણે આ સંસ્થા વિકસાવવા પાછળ પોરવિતાનો ભોગ આપ્યો છે. આ સંસ્થા તરફથી આજે જૈન આશ્રમ, હિંદુ હોસ્ટેલ અને હાઇસ્કુલ ચલાવવામાં આવે છે. હાઇસ્કુલમાં ચાલુ શિક્ષણ ઉપરાન્ત સંગીત, ડ્રોઇંગ, રાષ્ટ્રભાષા તેમજ વ્યાયામ શિખવવામાં આવે છે. આ સંસ્થાનો માત્ર બગવાડા પરગણાનાજ નહિ પણ તેની આસપાસ આવેલા બીજા પરગણાઓના પણ અનેક વિદ્યાર્થીઓ લાભ લે છે. સંસ્થા તરફથી ચાલતી હાઇસ્કુલના નિભાવ માટે તેમજ પુસ્તકાલય માટે ઝાંઝારાના શેઠ શ્રી ગુલાબચંદ હરખચંદે હજુ થોડા સમય પરેલાં રૂા. ૨૮૧૨મું દાન કર્યું હતું અને જૈન આશ્રમના મકાન માટે શ્રી. ચુનીલાલ તારાચંદ્જી એ રૂા. ૧૫૦૦૦ અને શ્રી. ઉમેદચંદ હરખચંદે રૂા. ૧૦૦૦૦ ની રકમ અર્પણ કરી હતી. આ સંસ્થા પ્રસ્તુત સમારંભના પરિણામે થોડા સમયમાં પોતા હસ્તક ચાલતી હાઇ-સ્કુલ માટે પોતાનું મકાન ઉભું કરવા ભાગ્યશાળી નીવડશે એ સંસ્થાના કાર્યવાહકોને માટે અત્યંત પ્રેરણાદાયક ઘટના ગણાય. પ્રસ્તુત સમારંભના પ્રમુખશ્રી સુરચંદભાઇએ સંસ્થાને પોતાના આશીર્વાદ આપ્યા અને પ્રસંગોચિત કેટલીક સુચનાઓ કરી. કોઇ પણ જૈન સંસ્થા કોમી ભાવના અને કોમી સાંકડાપણું છોડીને વિશાળ જન-સમાજની આવી ઉત્તમ પ્રકારની સેવા કરતી સાંભળવામાં આવે છે, ત્યારે જૈન સંસ્કારમાં કેટલી વિશાળતા અને ઉદારતા રહેલી છે તેનો સાચો ખ્યાલ આવે છે. આ રીતે બીજી અનેક કોમી સંસ્થાઓને આદર યોગ્ય અને અનુકરણ યોગ્ય દૃષ્ટાંત પુરૂં પાડે છે. આ પ્રસંગે આ શિક્ષણ સંસ્થાના મુખ્ય સંચાલક શ્રી હીરાલાલ રાયચંદ શાહને જૈન સમાજના ધન્યવાદ ઘટે છે. **પરમાનંદ.**

(ધારાસભાના જૈન સભ્યોનો સત્કાર-સમારંભ)

(પૃષ્ટ ૨૦૪ થી ચાલુ)

પ્રથા અને તે આચાર તેના મૂળગત સિધ્ધાંતોથી વિરૂદ્ધ દિશામાં જ કેમ જતા ન હોય. સાંપ્રદાયિક માનસ તેની ચાલુ પ્રણાલિકા અને પ્રથા ઉપર આઘાત થતાં ચમકી જાય છે અને વિચાર કરવા પણ નથી થોભતું કે એ આઘાત તેના વાસ્તવિક ધર્મનો પોષક છે કે નહિં. ખરી રીતે સાંપ્રદાયિક ધર્મ દેશકાળની પરિસ્થિતિને બંધ બેસે એવી સમજપૂર્વકના ફેરફારની શક્તિ પણ ગુમાવી દે છે. જ્યારે રાષ્ટ્રીયતા એ સાવ જુદી વસ્તુ છે. તે માત્ર સિધ્ધાંતની વાતોમાં જ કૃતકૃત્યતા માની બેસી રહી ન શકે, તેને તો સિધ્ધાંત પ્રમાણે પ્રવૃત્તિ વિચારવાની અને આચરવાની હોય છે. એટલે એવા અનેક પ્રસંગો આવે છે કે જ્યારે રાષ્ટ્રીયતા અમુક પ્રવૃત્તિ કરવાનું કહે ત્યારે સાંપ્રદાયિક લોકોને તેમાં પોતાના ધર્મનો નાશ દેખાય. આવી કટોકટીના વખતે રાષ્ટ્રીય દૃષ્ટિને વરેલા કોઇ પણ સભ્ય જો ચોખ્ખે ચોખ્ખી સમજ, વિવેક શક્તિ અને નિર્ભયતા ધરાવતો નહીં હોય તો તેણે ધર્મ અને સમાજની સેવાના સેવેલ સ્વપ્નનો ભાંગીને ભૂકકો થઇ જશે.

આપણે કેટલાક દાખલા લઇ વિચારીએ. રાષ્ટ્રીયતા ધરમૂળથી અસ્પૃશ્યતાનું નિવારણ કરવા ઇચ્છે છે અને તે માટે રાત દિવસ મથે છે. ધારો કે આવતી કાલે, કોઇપણ ગામ કે શહેરનો જૈન યુવક વર્ગ બહુમતિથી ત્યાંના સંઘની માલેકીનું ધર્મસ્થાન કે મંદિર હરિજનો માટે ખુલ્લું મૂકવાનો ઠરાવ કરે અગર એક એવો વ્યાપક ઠરાવ ધારાસભામાં આવવાનો હોય કે કોઇ પણ પંથનું વ્યક્તિગત ન હોય તેવું મંદિર હરિજનો માટે પણ ખુલ્લુ રહે, તો આવે વખતે રાષ્ટ્રીય સેવાદ્વારા આગળ વધેલ અને ધારાસભાના સભ્યપદે પહોંચેલ જૈન ભાઇ-બહેન કેવું વલણ અખત્યાર કરશે? શું તેઓ સાંપ્રદાયિક ધર્મપ્રણાલિને અનુલક્ષી ઉક્ત ઠરાવમાં સાથ નહીં આપે કે રાષ્ટ્રીયતાની દૃષ્ટિએ તેમાં સાથ આપશે? રાષ્ટ્રીયતા તેમની પાસે એક માંગણી કરે છે અને રૂઢ સમાજ બીજી માંગણી કરે છે; તેવી સ્થિતિમાં તેઓ શું કરે તો ધર્મ અને સમાજની સેવા કરી ગણાય? જૈન યુવકસંઘ જે અર્થમાં જૈન ધર્મની સેવા સમજે છે તેજ અર્થને રૂઢિચૂસ્તો ધર્મનાશક લેખશે. તેથી હું એમ માનું છું કે ધર્મ અને સમાજની સેવાની વાત અતિ ઉત્તમ છે, પણ તે વિષેની ચોખ્ખી સમજ તેથીયે વધારે અગત્યની છે.

"કયારેક એવો પણ વિચાર ઉપસ્થિત થશે જ કે ધર્મસ્થાનોનો સાર્વજનિક હિતમાં ઉપયોગ કરવો, જેમાં હરિજનોનો પણ સમાવેશ થાય છે. આવે વખતે જૈન રાષ્ટ્રીય સેવક કેવું વલણ રાખીને ધર્મ અને સમાજની સેવા કરશે એ પણ વિચારી લેવું ઘટે છે.

"શ્રીમતી વેણીબહેન કાપડીઆએ ઠીક જ કહ્યું કે દેશ સેવામાં કુટુંબ સેવા પણ આવી જાય છે; પણ આની પાછળ વિચારવા લાયક અગત્યનો મુદ્દો એ છે કે કૌટુંબિક જીવન જીવતી વખતે જે સ્વલક્ષી અને કુટુંબલક્ષી સંકીર્ણ વિચારો સેવેલા હોય છે તેને દેશસેવામાં ઝુકાવનારે સેવાના ક્ષેત્ર જેટલા જ ઉદાર બનાવવા પડે છે. એમ થાય તો જ સંવાદીપણે કુટુંબ અને જનસેવા થાય. આજે જીવન માટે અનિવાર્ય એવી પ્રવૃત્તિઓ માટે રાષ્ટ્રીય મહાપુરૂષોની મથામણ ચાલી રહી છે. ખાનપાન અને બીજી જરૂરીયાતની ચીજો કેમ કયાં અને કઇ રીતે વધારે પ્રમાણમાં પેદા કરવી અને ભેદભાવ વિના સૌને સુલભ કરવી. આ એક પ્રવૃત્તિ અને બીજી સમગ્ર રાષ્ટ્રની સુખાકારી તેમજ ગંદકી નિવારણદ્વારા સંપૂર્ણ સ્વચ્છતાનો આદર્શ સ્થાપવાની. આ બંને પ્રવૃત્તિઓને જૈન પરિભાષા પ્રમાણે **એષણા સમિતિ** અને **આચાર પાસવણ પારિષ્ટાપન સમિતિ** છે. અલબત એનું સ્વરૂપ વિશાળ રાષ્ટ્રસ્પર્શી હોઇ સ્વાભાવિક રીતે જ સંકીર્ણ સામ્પ્રદાયિક વર્તુલ કરતા બદલાય છે. પણ તેથી કાંઇ તત્વમાં ફેર પડતો નથી. એથી સ્પષ્ટ છે કે જ્યારે આવી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ કરવી હોય ત્યારે ઘણી બાબતમાં રૂઢ ધર્મની પ્રથા વિરૂદ્ધ વિચારવું અને આચરવું પડે. જેઓ ધર્મ અને સમાજની સેવાનો અતિ ઉદાર અર્થ નહિ કરે તેઓને સેવાનું આપેલ વચન ભારે પડશે અને એ વચનને વળગી રહેનાર રૂઢીચુસ્તો નિરાશ થશે. જૈન યુવક સંઘનો રાહ તો તદ્દન ચોખ્ખો જ છે એટલે તે જ્યારે તે સહકાર કરવાનું આશ્વાસન આપે છે ત્યારે તે કશા ભ્રમમાં નથી."

આ આવકાર-વ્યાખ્યાનોનો ઉત્તર આપતાં શ્રી. અને મુંબઇ જૈન સંઘનો આભાર માનતાં **શ્રી. લીલાવતી બહેન મુનશીએ** જણાવ્યું કે " આજે મને તમોએ જૈન તરીકે બોલાવી છે તેથી મને વિશેષ આનંદ થયો છે. એક વખત એવો હતો કે મેં જૈનેતર સાથે લગ્ન કર્યું એટલે હું જૈન ના ગણાઉં એમ કેટલાક લોકો માનતા હતા. એ માન્યતાને ટાળીને તમે મને તમારામાંની એક તરીકે અપનાવો છે એ મારા માટે ખરેખર આનંદ જનક છે.

"હું પોતે જૈન સંસ્કારમાં ઉછરી છું અને જૈન ધર્મ વિષે મારામાં હંમેશા ખુબ આદર રહ્યો છે. જૈન ધર્મમાં સર્વ સમાનતા ઉપર જે ભાર મૂકવામાં આવ્યો છે તે આપણે આપણા જીવનમાં ઉતારવા જેવો છે. જૈન ધર્મનું સ્વરૂપ વિચારતાં અસ્પૃશ્યતાને જૈન સમાજમાં લેશમાત્ર સ્થાન હોઇ ન શકે. જૈન ધર્મે સ્ત્રીઓને હંમેશાં પુરૂષ સરખું સ્થાન આપ્યું છે તે જૈન ધર્મની અનેક કથાઓ તેમજ શિષ્ટ સ્ત્રી પુરૂષોના ચરિત્ર ઉપરથી આપણને સહજ માલુમ પડે તેમ છે.

"આજે કેટલાક જૈનોમાં અમે જૈન-હિંદુઓથી જુદા-આવી ભાવના અને વળણ કદિ કદિ પ્રગટ થતું જોવામાં આવે છે. આવું વળણ યોગ્ય નથી; વાસ્તવિક નથી. જૈન ધર્મ હિંદુ ધર્મનું અને જૈન સમાજ હિંદુ સમાજનું એક અગત્યનું અંગ છે. વિશાળ સમાજથી પાકીસ્તાનીની માફક પોતાને અલગ કલ્પવામાં લેશ માત્ર ડહાપણ નથી તેમજ આવું વળણ રાખવાથી જૈન સમાજને જરા પણ લાભ થવાનો નથી. આ બાબત તરફ આજના પ્રસંગનો લાભ લઇને જૈન સમાજનું હું ખાસ ધ્યાન ખેંચવા માગું છું.

"મુંબઇ જૈન યુવક સંઘની અયોગ્ય દિક્ષાનો સામનો અને એવી બીજી અનેક પ્રવૃત્તિઓ વિષે વર્ષોથી હું સાંભળતી આવી છું. આ સંઘ આવા ઉદ્દાર ખ્યાલો ઉપર રચાયલો છે અને રાષ્ટ્રવાદને કેન્દ્રમાં રાખીને પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓ ચલાવી રહેલ છે એ જાણીને મને ખુબ સંતોષ થાય છે"

ત્યાર બાદ શ્રી. **ઈન્દુમતી બહેને** જણાવ્યું કે:-

આપ સૌના અભિનંદન અને શુભેચ્છાઓ માટે આપનો આભાર માનું છું. જે આપની શુભ લાગણી અને આનંદ છે તે વ્યકિત પરત્વે નથી પણ રાષ્ટ્રીય મહાસભાના આદર્શ, નીતિ અને ધ્યેયની પ્રત્યે એ શુભ લાગણીદ્વારા પોતાની નિષ્ટાની જાહેરાત છે એમ અમે સમજીએ છીએ.

"આજે હિન્દની સમગ્ર શકિત, બુધ્ધિ અને ભાવના સંપૂર્ણ સ્વાતંત્ર્ય મેળવવા પાછળ કેન્દ્રિત થયેલી છે અને એ ધ્યેયને પહોંચવા પૂ. ગાંધીજીની દોરવણી નીચે રાષ્ટ્રીય મહાસભા પ્રજા સમસ્તને ખેંચી રહી છે. છેલ્લા પચાસ સાઠ વર્ષથી અને ખાસ કરીને છેલ્લા ત્રીસ વર્ષથી રાષ્ટ્રીય મહાસભાએ જાણે એરણ ઉપર ટીપી ટીપીને આપણને એક રાષ્ટ્ર બનાવેલ છે અને આજનો આ જે સમારંભ છે તે એ રાષ્ટ્રીય ભાવનાનો વિજય છે, મહાસભાની સફળતાનું એક પ્રતીક અથવા ચિન્હ છે એમ મને દેખાય છે.

"આજે કોમી માનસ રાષ્ટ્રના હિતની વિરૂધ્ધ છે અને તેથી કોમ શબ્દ આવે છે ત્યારે આપણા સૌના મનની અંદર એક પ્રત્યાઘાત કાંઇક સંકોચનો-કાંઇક વિરોધનો-ઊભો થાય છે. કોમ નામથી આપણે તે પ્રત્યે કાંઇક સંદેહની દ્રષ્ટિથી જોઇએ છીએ અને તે ઇષ્ટ પણ છે. કારણ કે કોમી દ્રષ્ટિનો અર્થજ એ છે કે રાષ્ટ્રના હિતને પાછળ મૂકી કોમનું સાંકડુ હિત આગળ ધરવું. આ વ્યકિત

કે સમષ્ટિ કોઇના કલ્યાણને અર્થે નથી જ. એટલે કે કોમ અને કોમી દૃષ્ટિએ આજના યુગમાં સ્થાન નથી. પણ મનુષ્ય માત્ર સ્વભાવથી સમાજપ્રિય છે, અને દરેકને સમાનહિત, સમાન રસ અને સમાન પ્રેમના કોઇક જૂથ જોઇએ છે. એ સમુહમાં અને એ સમુહ દ્વારા જ તે પોતાની અમુક લાગણીઓ સંતોષી શકે છે. સમગ્ર માનવતા, સમગ્ર રાષ્ટ્ર એ સામાન્ય માણસને માટે એક વિરાટ અમૂર્ત સ્વરૂપ અને ભાવનારૂપ રહે છે અને તેનું મૂર્ત દર્શન અને અનુભવ તે પોતાના કુટુંબ, જૂથ, સમાજદ્વારા જ કરી શકે છે, અને એ દૃષ્ટિએ જૂથ અનિવાર્ય છે અને વિકાસ માટે ઇષ્ટ પણ છે. ફકત એમાં એક જ સાવચેતી રાખવાની રહે છે કે માણસ નાના સ્વાર્થને પહેલું સ્થાન ન આપતા મોટા જુથના હિતમાં જ પોતાનું હિત છે એમ સમજીને મોટા જુથના હિતને પહેલું અગ્ર સ્થાન આપે અને એ વિષે સતત જાગ્રત રહે. આપણે જોઇએ જાણીએ છીએ કે જૈન યુવક સંઘનું નામ ગમે તે હોય પણ તેમાં જે બંધુભાવ રહેલો છે તે રાષ્ટ્રના હિતની વિશાળ દૃષ્ટિ અને જીવન પ્રત્યેની કોઇક ચોકકસ દૃષ્ટિના સમાન રસ ઉપર ટકેલો છે અને પોષાયેલો છે તેમજ સાધનારો છે. આ વિષેની તેમની સતત જાગૃતિ આપણે શ્રી. ચીમનભાઇ, શ્રી. પરમાનંદભાઇના ભાષણોમાં જોઇએ છીએ. આવા જુથની આપણને ઘણી જરૂર છે.

"આજે આપણે સંક્રાંતિકાળમાં છીએ અને આપણી સામે કપરો સમય આવી રહેલો છે એ આપણે નજરે જોઇ શકીએ છીએ. દિલ્હીમાં જે મંત્રણા ચાલી રહી છે તે જો નિષ્ફળ જાય તો તો આપણી સામે જે પરિસ્થિતિ હશે એ અત્યન્ત ખરાબ હશે એ તો સૌ કોઇ સહેલાઇથી સમજી શકે તેવી વસ્તુ છે. પણ એ મન્ત્રણાનું સુફળ આવે અને સ્વરાજ મળે તો પણ આપણી સામે મુશ્કેલીઓ ઘણી ઉભીજ છે તેમાં શંકા નથી. અલાદીનના જાદુઇ ફાનસની જેમ ક્ષણમાત્રમાં 'સ્વરાજ' ના નામથી આપણી સર્વ મુશ્કેલીઓ ટળી જવાની નથી. સ્વાભાવિક રીતે સૌની એ આશા અને અપેક્ષા હોય કે સ્વરાજ આવશે એટલે લીલાલહેર થઇ જશે. પણ આ પરદેશી રાજ્યે આપણા દેશને સર્વ પ્રકારે કેટલી અવદશાના ખાડામાં નાખ્યો છે, આપણું ઘર કેવું વેરણ છેરણ કર્યું છે, એનો પ્રજાને ખ્યાલ કેવી રીતે આવે? 'સ્વરાજ' નામથી આપણે ખાડામાં ઉંડા ઉતરવાને બદલે ઉપર ચઢવા માંડીશું એ સાચું, પણ રાષ્ટ્ર સમરતના ઉત્થાનમાં સમુદ્ર મન્થનની જેમ અનેક રત્નો તો નિકળશે પણ પહેલાં ઝેર જેવી અનેક મુશ્કેલીઓ અને કસોટીમાંથી પ્રજાએ પાર ઉતરવું પડશે. પરદેશની અન્દર આપણે જોયું છે કે એક ક્રાન્તિ પછી counter-revolution-બીજી ક્રાન્તિ; થયા વિના રહેતી નથી. એક ક્રાન્તિ વિનાશ કરે છે-બીજી નવરચનાની શરૂઆત કરે છે. આપણે ત્યાં પૂ. ગાંધીજીના પ્રતાપે નવરચનાનું કામ સાથે સાથે શરૂ પણ થઇ ગયું છે અને લોહીની નદીઓ રેડાવાનો સંભવ પણ ઓછા છે. પણ આપત્તિઓ તો આવશે જ અને ધીરજ, શિસ્ત, કુનેહ અને શ્રદ્ધાથી આપણે તે વટાવવાની છે એમ દૃઢ સંકલ્પપૂર્વક આપણે આગળ ધપીશું તો પ્રજામાં સત્ત્વ અને નિર્ભયતા આવશે. કવિવરે ગાયું છે:-

વિપદે મોરે રક્ષા કર, એ નહે મોર પ્રાર્થના,
વિપદે આમિ ના જેનો કરિ ભય.

અને એ દૃષ્ટિએ યુવકસંઘના કાર્યકર્તાઓ તરફથી મહાસભા પ્રત્યેની નિષ્ઠા વ્યકત કરતા જે ખાત્રી આપવામાં આવી છે કે યુવકસંઘ મહાસભાની પડખે જ છે તે ઘણું આશા, ઉત્સાહ અને આશ્વાસનજનક છે. દરેક પ્રશ્ન ઉપર રાષ્ટ્ર સમરતની દૃષ્ટિથી સૌ વિચાર કરતા થાય એ લોકશાસનનું એક અનિવાર્ય અંગ છે અને પ્રજાને વિચાર કરવાની તાલીમ આપવી, વિચારપૂર્વક મુશ્કેલીનો સામનો કરવો, પ્રજાના ઉત્થાનમાં મદદ કરવા તૈયાર રહેવું અને સાથ આપવો અને દોરવણી આપવી એ અત્યન્ત જરૂરી છે. એક એક વ્યક્તિ એમ સમજે કે રાષ્ટ્રના પ્રશ્નો અમારા છે અને તે ઉપર વિશાળ દૃષ્ટિથી વિચાર કરીને જે પગલા લેવા પડે તે લેતાં ભવિષ્યને માટે કાંઇ ધસારો ખમવો પડે તે ખમીશું એમ દરેક તૈયાર થાય તો સાચું સ્વરાજ આપણે મેળવીએ. સાચી દિશામાં વિચાર કરતા કરવામાં આવી મંડળીઓ રાષ્ટ્રની ભારે સેવા કરી શકે છે અને કરે છે એ ઘણું પ્રેરણાજનક છે. દિનપ્રતિદિન એ સેવા વધે અને બીજી સંસ્થાઓને તે દાખલારૂપ બને તેમ મારી શુભેચ્છાઓ છે.

વધુ સમય નહિ લેતા ફરી આપનો સૌનો ઘણો આભાર માનું છું."

ત્યારબાદ મુંબઇના માજી અર્થસચિવ **શ્રી. એ. વી. લઠ્ઠે** પોતા તરફથી તેમજ બાકી રહેલા સભ્યો તરફથી બોલતાં આવો સત્કાર સમારંભ ગોઠવવા માટે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘનો ઉપકાર માન્યો અને પોતે આગળ ચાલતાં જણાવ્યું કે 'જ્યારે આ વખતે ચુંટણીનું પ્રચારકાર્ય ચાલતું હતું ત્યારે કોઇ કોઇ જગ્યાએ મને પ્રશ્ન કરવામાં આવતો હતો કે તમે જૈનો માટે શું કર્યું છે? હું તેનો જવાબ આપતો કે મેં જૈનો માટે ખાસ કાંઇ કર્યું નથી અને એજ હકીકત ધારાસભાના સભ્ય થવાની મારી યોગ્યતા વિશેષતઃ પુરવાર કરે છે. હું જ્યારે પ્રધાનમંડળમાં અધિકાર ઉપર હતો ત્યારે મહાવીર જયન્તીનો દિવસ જાહેર તહેવાર તરીકે સરકારે જાહેર કરવો જોઇએ એવી માંગણી એ વખતના પ્રધાનમંડળ સમક્ષ જૈનો તરફથી મૂકવામાં આવેલી. આ બાબતમાં હું તદ્દન મૌન સેવતો હતો. આથી આશ્ચર્ય પામીને શ્રી વામન મુકાદમ મારી પાસે આવ્યા અને મને કહેવા લાગ્યા કે 'આ બાબતમાં જૈનોનો ખુબ આગ્રહ છે અને આ આગ્રહ વ્યાજબી છે અને આ માંગણી મંજુર કરવા માટે તમારે ખેરસાહેબને કહેવું જોઇએ.' મેં જણાવ્યું કે "એ મારાથી નહિ બને" તેમણે કહ્યું કે 'તમે જૈન છો અને તેથી આ તો તમારી ફરજ છે?" મેં જવાબ આપ્યો કે "હું જૈન છું એટલે જ આ બાબતમાં મૌન રહેવાનું પસંદ કરું છું. કોઇ પણ જૈનેતર હિંદુઓ, મુસલમાનો કે પારસીનું કામ હત તો હું મારાથી શકય તેટલું કરી છુટત. પણ આ બાબત જૈનોની હોવાથી આ બાબતમાં યોગ્ય કરવાની ફરજ જૈનેતરોને પ્રાપ્ત થાય છે. મારા માટે તો આવા પ્રસંગે મૌન જ શોભે." એજ દિવસોમાં એક વખત હું એક સ્થળે ગયો; ત્યાં મારા માટે ઠીક ઠીક કાર્યક્રમ ગોઠવાયો હતો. બે સભાઓમાં મારે હાજરી આપવાની હતી અને બોલવાનું પણ હતું. તે ગામમાં મારા એક સાધર્મી બંધુ મને મળ્યા અને તેમણે મને જણાવ્યું કે આ ગામમાં એક બહુ જાણીતા દિગંબર સાધુ આવ્યા છે અને મારે તેમના દર્શને ખાસ જવું જોઇએ. મેં કહ્યું કે "આજે એવી રીતે હું રોકાયલો છું કે તેમના દર્શને જવાનો અવકાશ મેળવવો મુશ્કેલ છે અને ખરૂં કહું તો આ બાબતમાં મને બહુ આતુરતા નથી." તે ભાઇને મારો આ જવાબ ન ગમ્યો. તેમણે મને પૂછ્યું કે "આમ કેમ બોલો છો?" મેં જવાબ આપ્યો કે 'આજે હિંદુસ્તાનમાં હું મોટામાં મોટા બે જૈનને હું ઓળખું છું કે જેઓ અહિંસાનો ખરો પ્રચાર કરી રહ્યા છે. તેમાંના એક છે મહાત્મા ગાંધી અને બીજા છે વાયવ્ય પ્રાન્તના અબદુલ ગફારખાન. આ બે ને જોયા પછી બીજા કોઇ જૈન સાધુને મળવાની મનમાં બહુ ખન્તે જરી રહેતી નથી.

"જૈનોની અલ્પ વસ્તીનો વિચાર કરતાં આજે ધારાસભામાં ચુંટાયલા સભ્યોની સંખ્યા કોઇને વધારે પડતી લાગે પણ આનું કારણ તો એ છે કે અમે જૈન હોવાના કારણે ધારાસભામાં ચુંટાયા જ નથી પણ એથી પણ વિશેષ બીજું કારણ એ છે કે જૈન ધર્મના સંસ્કારોમાંજ એવી કોઇ ઉદારતા રહેલી છે કે તે ધર્મનો અનુયાયી જલ્દિથી પોતાની નાત જાતનો અને ધર્મનો ભેદ ભુલી જઇ શકે છે અને અન્ય વર્ગો અને તેમના

હિતાહિત સાથે બહુ સહેલાઈથી ઓતપ્રોત બની જાય છે. જૈન ધર્મમાં મેં આ સ્વાભાવિક ઉદારતા જોઈ છે અને એ કારણેજ જૈન ધર્મ પ્રત્યે હું ખુબ આદર અનુભવતો આવ્યો છું.

"આજે તમો ભાઈઓએ અમારા કાર્ય વિષે જે જે સુચનાઓ કરી છે તે અમો ધ્યાનમાં રાખીશું અને તેને પહોંચી વળવા અમો યથાશક્તિ પ્રયત્ન કરશું."

ત્યારબાદ સંઘના મંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે બહેનોનો ઉપકાર માન્યો હતો અને એ સાથે અમદાવાદની મરકતી માર્કેટના મંત્રી અને લેજીસ્લેટીવ એસેંબલીના સભ્ય શ્રી. ચંદુલાલ ભીખાભાઇ સતીઆનો વિશેષ પરિચય કરાવ્યો હતો અને સંઘના અન્ય મંત્રી શ્રી. દીપચંદ ત્રી. શાહે ઉપકારના પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું અને ધારાસભાના સભ્યોનું હારતોરાથી સન્માન કરવામાં આવ્યું હતું અને આ પ્રસંગ સોપારી સાથે સભા વિસર્જન થઇ હતી.

સંઘ સમાચાર

આળાં હૈયાં : ભાઇશ્રી વ્રજલાલ ધરમચંદ મેઘાણીનો વાર્તા સંગ્રહ "આળાં હૈયાં" જાહેર જનતા સમક્ષ રજુ કરવામાં કેટલાક અણધાર્યા અનિવાર્ય સંયોગો અને કારણોને લક્ષને આટલો બધો વિલંબ થઇ ગયો છે તે માટે અમો અત્યન્ત દિલગીર છીએ: હવે આ પુસ્તકની નકલો આવી પહોંચી છે. જેણે જેણે આગળથી નામ નોંધાવ્યા હોય અને પુસ્તકના રકમ ભરી દીધી હોય તેમણે સંઘના કાર્યાલયમાંથી મંગાવી લેવા કૃપા કરવી. સંઘનાં જે સભ્યોએ વાર્ષિક લવાજમ હજુ સુધી ન ભર્યું હોય તેમણે વાર્ષિક લવાજમ તેમજ આ પુસ્તકની કીંમતના રૂા. ૧॥ આ પુસ્તક મંગાવી લેવું. પ્રબુદ્ધ જૈનના જાન્યુઆરી બાદ થયેલા ગ્રાહકોને આળાં હૈયાં સીલકમાં હશે. તોજ મળી શકશે. હવે પછી ગ્રાહક થનારને 'આળાં હૈયાં' મળી શકશે નહિ.

નર્સીંગ શિષ્યવૃત્તિ માટે મળેલ રૂા. ૧૦૦૦ વિષે નવો નિર્ણય : આજથી લગભગ બે વર્ષ પહેલાં પ્રમાણભૂત નર્સ થવા ઇચ્છતી કોઇપણ જૈન બહેનને શિષ્યવૃત્ત તરીકે આપવા માટે શ્રી. મણિલાલ મોકમચંદ શાહ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘને રૂા. ૧૦૦૦ ની રકમ મળી હતી. આ સંબંધમાં પ્રબુધ્ધ જૈનમાં તેમજ અન્યત્ર ચાલુ જાહેરાત આપવા છતાં હજુસુધી આ શિષ્યવૃત્તિનો લાભ લેવા માટે કોઇ પણ જૈન બહેનની અરજી નહિ આવવાથી અને આ રીતે ઉપયોગ વિના પડી રહેલી રકમનો નર્સીંગ શિષ્યવૃત્તિને બદલે જૈન સમાજને વૈદ્યકીય રાહતના કાર્યમાં ઉપયોગ કરવામાં આવે એવી ઇચ્છા વ્યકત કરતો શ્રી મણિલાલ મોકમચંદ શાહ તરફથી પત્ર આવતાં તા. ૧૦-૪-૪૬ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ ઉપરની રકમ જૈન સમાજને વૈદ્યકીય રાહત આપવાની પાછળ ખરચવાનો અને એ રીતે આજ સુધી રેશન તેમજ આર્થિક રાહતનું કાર્ય ચાલતું હતું તેમા વૈદ્યકીય રાહતનું કાર્ય ઉમેરવાનો નિર્ણય કર્યો છે અને એ રકમ સંઘની રાહત સમિતિને સુપ્રત કરવામાં આવી છે. વૈદ્યકીય રાહતને લગતી વિગતવાર યોજના હવે પછી રાહતસમિતિ તરફથી બહાર પાડવામાં આવશે.

સંઘની રાહત પ્રવૃત્તિ: આ વિષેની આગળ ઉપર કરવામાં આવેલી જાહેરાત મુજબ આજે ચાલતી રાહત પ્રવૃત્તિ ચૈત્ર માસ સુધી ચલાવવાની હતી. ત્યાર બાદ તા. ૧૦-૪-૪૬ ના રોજ મળેલી રાહત સમિતિએ આજની રાહત પ્રવૃત્તિ દીવાળી સુધી ચલાવવાનો નિર્ણય કર્યો છે. આ સંબંધમાં વિગતવાર જાહેરાત આવતા અંકમાં કરવામાં આવશે.

સંઘની રાહત પ્રવૃત્તિને થયેલું અર્થસીંચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘદ્વારા ચાલતી રાહત પ્રવૃત્તિમાં તા. ૧૫-૩-૪૬ થી આજ સુધીમાં નીચે મુજબ મદદ મળી છે

૫૦૧) પાટણના એક ગ્રહસ્થ તરફથી

૨૦૦) શ્રી જગજીવનદાસ ઉજમશી મુળજી સદ્‌ગત સૌ. બાઇ બહેનના સ્મરણમાં

૧૦૦) શ્રી. મણિલાલ મોકમચંદ શાહ

૧૦૦) ,, પ્રેમચંદ લેલજી મહેતા

૧૦૦) ,, ડાહ્યાભાઇ ત્રીભોવનદાસ

૭૦) ,, શાન્તિલાલ પ્રેમચંદ મહેતા દર માસે રૂા. ૧૦) પ્રમાણે દીવાળી સુધીના

૩૫) શ્રીમતી વસંતબહેન શાન્તિલાલ મહેતા

૫૦) શ્રી મંગળદાસ નાગરદાસ તલેસાણીયા

૧૧૫૭

શ્રી ઝવેરચંદ મેઘાણીનું લોકસાહિત્ય પર પ્રવચન

તા. ૫-૪-૪૬ શુક્રવારના રોજ શ્રી. ઝવેરચંદ મેઘાણીએ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યો તેમજ અન્ય નિમંત્રિત ભાઇ બહેનોની મંડળી સમક્ષ લોકસાહિત્ય ઉપર એક સુંદર પ્રવચન કર્યું હતું અને કેટલાંક લોકગીતો સંભળાવ્યા હતા. આને લગતી વિગતવાર નોંધ આવતા અંકમાં આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સ્નેહ સંમેલન

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી. લખમશી ઘેલાભાઇ તરફથી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ અને શ્રી કચ્છી વીસા ઓશવાળ જૈન એજ્યુકેશન સોસાયટીનું તા. ૨૧-૪-૪૬ રવિવારના રોજ ઘાટકોપર ખાતે સ્નેહ-સંમેલન ગોઠવવામાં આવ્યું છે જે વખતે પ્રન્તેસ સ્થાના સભ્યોને સમયસર હાજર થવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

સ્થળ: ખેતશી ચત્રભુજ નો બંગલો નવરોજ લેઇન, ઘાટકોપર

સમય: તા. ૨૧-૪-૪૬, રવિવાર સાંજના ૪.

મંત્રીઓ,
મુંબઈ જૈન યુવક સંઘ
કચ્છી વીરા ઓશવાળ
જૈન એજ્યુકેશન સોસાયટી

આપાની જાત્રા

આપા ! દરશન કરી નાથ પરસન કરવા
મોહે નઝકી દ્વારકા જાવો
કાવડિયાં જે ગાંઠે ન હોય તો ભા,
કોકના ખેંચી લાવો—
પણ મોહે નઝકી દ્વારકા જાવો.
ગંગા ! લુખું સુકું મોહે ભાવે નહિ
નિત્ લચપચતો ચૂરમો ખાવો
ઈ કોઠીમાં જો જર ન હોય તો
ગામડાં ધમરોળી લાવો
પણ મોહે નઝકી દ્વારકા જાવો.
ડગલું એક પણ હાલી શકું ના
પગ પાળા અરે ! ફોમ જાવો
પાદર ચરંતુ કોઇ ન ધણીયાતું
ભુંડું ટાયરું ટચકાવી લાવો.
પણ મોહે નઝકી દ્વારકા જાવો.

(વર્ષો પહેલાં મારા મામા પાસેથી સાંભળેલું) **વ્રજલાલ મેઘાણી**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પ્રાંતિક મુખપત્ર Regd No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧

મુંબઈ: ૧ મે ૧૯૪૬ બુધવાર.

નવજીવન
૩(ત્રણ)પૈસા

કેટલાક સમાચાર અને નોંધ

અન્નસંકટ અને અહિંસા

આજના હિંદવ્યાપી અન્નસંકટને પહોંચી વળવા માટે ગાંધીજીએ કેટલીક સૂચનાઓ કરી છે તેમાં એક નીચે મુજબ છે.

"ખોરાક માટેની વધારાની વસ્તુઓ મેળવવાને અંગે મચ્છીની વાત આવી છે. હિંદના કિનારાની આસપાસ આવેલા દરિયામાં બેસુમાર મચ્છી થાય છે. યુદ્ધ હવે પુરું થયું છે. અને પાછલાં પાંચ વરસ આપણા કિનારાને લાગેલાં દરિયામાં રક્ષણ તેમ જ ચોકીને માટે વપરાયલાં નાનાં અને મધ્યમ કદનાં કેટલાયે વહાણો મોજૂદ છે. શાહી હિંદી નૌકાદળ એ વહાણોને માટે માણસો મૂકવાની વ્યવસ્થા કરી શકે અને તેમાં ફિશરીઝ (એટલે કે દરિયામાં જ્યાં જ્યાં માછલીઓ નીપજે તે જગ્યાઓ) નું સરકારી ખાતું તે કામમાં મદદ કરે. લડાઈના વખતમાં બધું થઇ શકે અને ગમે તે થઇ શકે તો સુલેહના વખતનો યુદ્ધપ્રયાસ કાં ન હોય? અત્યન્ત ગરીબ એવા આપણા ભારતના લોકોના ખોરાકનો એક ભાગ જ્યારે જ્યારે મળે અને તે લોકો ખરીદી શકે ત્યારે ત્યારે સુકી માછલીનો હોય છે."

ગાંધીજીની આ સૂચના વાઇસરાયે સ્વીકારી છે અને તેને અમલમાં મૂકવા ઘટતા પગલાં લેવાઈ રહ્યા છે તેમ તેમણે જણાવ્યું છે. આ ઉપરથી કોઇએ ગાંધીજીને પ્રશ્ન પૂછેલો કે "તમે તો માછલી ખાનારને માછલી ખવરાવવાનું લખો છો. ખાનાર હિંસા નથી કરતો? ખવરાવનાર તેમાં ભાગ નથી લેતો?" આ પ્રશ્નના ઉત્તરમાં ગાંધીજી જણાવે છે કે:—

"બંનેમાં હિંસા ભરી છે. ભાજી ખાનાર પણ હિંસા કરે છે. જગત હિંસામય છે. દેહ ધારણ કરવો એટલે હિંસામાં ભાગ લેવો. આ સ્થિતિમાં અહિંસા ધર્મ પાળવાનો છે. એ કેવો તે હું ઘણી વાર બતાવી ચૂક્યો છું. માછલી ખાનારને બળાત્કારે ખાતાં રોકવામાં ઘણી વધારે હિંસા છે. માછલી મારનાર, તેને ખાનાર અને ખવરાવનાર જાણતા પણ નથી કે તે હિંસા કરે છે. જાણતા હોય તો અનિવાર્ય સમજી તેમાં ભાગ લે છે. પણ બળાત્કાર કરનાર ઘોર હિંસા કરે છે. બળાત્કાર અમાનુષી કર્મ છે. જે માણસો માંહોમાંહે લડે છે, જે પૈસા પેદા કરતાં પાછું જોતા નથી, જે માણસો પાસે વેઠ કરાવે છે, જે પશુઓ ઉપર ન છાજતો જબર ભાર લાદે છે, તેને લોખંડની કે બીજી અણી વતી ભોંકે છે, તે જાણતા છતાં સહેજે રોકી શકાય તેવી હિંસા કરે છે. માંસ મચ્છી ખાનારને તે ખાવા દેવામાં રહેલી હિંસાને હું હિંસા નથી માનતો, મારો ધર્મ માનું છું. અહિંસા પરમ ધર્મ છે જ. આપણે તેનું પૂરું પાલન ન કરીએ તોયે તેનું સ્વરૂપ સમજી જેટલા બચી શકાય લેટલા બચીએ."

આ જવાબથી બહુ સંતોષ થતો નથી. દેહધારી માટે કેટલીક હિંસા અનિવાર્ય છે અથવા ઘણા માણસો સહેજે રોકી શકાય એવી ઘણા પ્રકારની હિંસા કરે છે. તેથી કોઈ બીજા પ્રકારની અને દેખીતી રીતે સહેજે રોકી શકાય તેવી હિંસાનો બચાવ થતો નથી મચ્છી ખાનારને બળાત્કારે અટકાવવામાં તો હિંસા છે જ. મચ્છી ખાનારને તે ખાવા દેવામાં રહેલી હિંસા કદાચ હિંસા ન હોય—જો કે તેને સમજાવીને તેમ કરતા અટકાવવાનો ધર્મ તો છે જ. પણ મચ્છી ખાનારને ઉત્તેજન આપવું અને તેમ કરવાની અનુકુળતા કરી આપવી એવો ધર્મ હોય?

અનિવાર્ય હિંસાની મર્યાદા દરેક વ્યક્તિએ પોતાને માટે નક્કી કરવી રહે છે અને તેમાં સમયાનુકુળ ફેરફાર કરવાના હોય. સંભવ છે કે સમાજની વ્યવસ્થા કરવાની જવાબદારી માથે લીધી હોય તેવાઓએ અનિવાર્ય હિંસાની મર્યાદા કાંઇક વિસ્તૃત રાખવી પડતી હશે. તેમ કરનારને કાંઇ દોષ લાગતો હશે? ખરી રીતે ધ્યેય તો અનિવાર્ય હિંસાનું ક્ષેત્ર પણ બને તેટલું ઘટાડી તેને ઓછામાં ઓછું કરવું એજ હોય. આ ક્ષેત્ર વધારવાનો ધર્મ કોઇ વખત ચાલતો હશે? સંભવ છે કે લાખો માણસોનો જીવ બચાવવા મચ્છીની હિંસા અનિવાર્ય ગણાતી હશે. હિંસા-અહિંસામાં આવી ગુણતરીને સ્થાન હોય?

ગાંધીજીના લખાણથી જૈનોએ ઉકળી જવાની જરૂર નથી. અહિંસાનો ઇજારો જૈનોનો નથી. ગાંધીજીની અહિંસા જીવંત અને વિકસતી છે. નિડરપણે નવા અને ચોંકાવનારા પ્રયોગો તેઓ કરે છે. આ તો પ્રવૃત્તિ-નિવૃત્તિનો જુનો ઝઘડો છે. અહિંસાનું રહસ્ય ગાંધીજી જેટલું જગતમાં આજે ભાગ્યે જ કોઇ સમજતું હશે. અહિંસા વિષે ગાંધીજી કાંઇ કહે તેમાં શંકા કરવી તે ધૃષ્ટતા કહેવાય, છતાં નાનામાં નાનો માણસ પણ નમ્રતાથી પોતાનો વિચારો રજુ કરી શકે છે. કે જેથી શંકાનું નિવારણ થાય. સંભવ છે કે ગાંધીજી આ વિષયે વધારે ખુલાસો કરશે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

શ્રી. ઝવેરચંદ મેઘાણીએ કરાવેલો લોકસાહિત્યનો પરિચય

તા. ૫-૪-૪૬ શુક્રવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યાખ્યાનશાળામાં એક સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. જે વખતે સંઘના નિમંત્રણને માન આપીને જાણીતા સાહિત્યકાર અને લોક સાહિત્યના પ્રચારક, સર્જક, કવિ, લેખક અને વિવેચક શ્રી ઝવેરચંદ મેઘાણી પધાર્યા હતા અને સંઘના સભ્યો અને કેટલાક નિમંત્રિત ભાઇ બહેનો સમક્ષ તેમણે લોકસાહિત્યનું સ્વરૂપ શું છે અને લોકસાહિત્યને આપણા જીવનમાં શું સ્થાન છે એ વિષય ઉપર તલસ્પર્શી વિવેચન કર્યું હતું અને એ વિવેચનને અનેક લોકગીતો સંભળાવીને અત્યન્ત રસપૂર્ણ બનાવ્યું હતું. પ્રારંભમાં સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે ભાઇશ્રી મેઘાણીનો પરિચય કરાવ્યો હતો અને પછી ભાઇશ્રી મેઘાણીએ પોતાના વિષય ઉપર આવતાં પહેલાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘને અનુલક્ષીને જણાવ્યું હતું કે "સાધારણ રીતે મને સાંપ્રદાયિકતાની ખુબ ભડક રહે છે અને જ્યાં હું સાંપ્રદાયિકતા જોઉં છું ત્યાંથી

હું દૂર નાસું છું, પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આમાં અપવાદ રૂપ છે. આ સંઘ જૈન સમાજની એક સંસ્થા હોવા છતાં તેની કોઇ પણ પ્રવૃત્તિમાં કે તેના મુખપત્રમાં સાંપ્રદાયિકતાની કે સાંકડા કોમી ભાવની ગંધ સરખી જોવામાં આવતી નથી અને તેથી આ સંઘના લાંબા વખતથી ઉભેલા આમંત્રણને કયારે પહોંચી વળું અને સંઘ પ્રત્યેનું લાંબા વખતનું લેણું કયારે ચૂકવું એ ચિંતા મનમાં ખટકયા જ કરતી હતી. બે વર્ષ પહેલાંની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આવવા માટે હું નીકળ્યો અને રેલ્વે વ્યવહાર ભાંગી પડતાં મારે અમદાવાદથી જ પાછા જવું પડેલું. આ વખતે આ અણધાર્યો યોગ ઉપસ્થિત થતાં હું ઋણનિવૃત્તિનો આનંદ અનુભવું છું. આ ઉપરાંત હું સાંપ્રદાયિકતાથી દૂર રહેવા ઇચ્છું, પણ હું જૈન છું એ હકીકત મારાથી કેમ ભુલાય? જૈનધર્મના સંસ્કારમાં હું બાળપણથી ઉછર્યો છું. જૈનધર્મ સાથે મારાં બાળપણનાં અનેક સ્મરણો જોડાયલાં છે, મને ગાવાની પ્રેરણા જૈન ઉપાશ્રયમાંથી મળી છે. જૈન સાધુઓ રાસ, સજ્ઝાય અને સ્તવનો ગાય અને અમને પણ ગવરાવે જૈન વરઘોડાઓમાં પણ અમે શણગારાઇને નીકળતા અને ગાતા. આમ અનેક જૈન સંસ્કારો મારા આજ સુધીના ઉછેરમાં વાણાતાણા માફક વણાયલા છે. આ રીતે પણ મુંબઇ જૈન યુવક સંઘ સાથે હું એક પ્રકારનું તાદાત્મ્ય અનુભવું છું."

સાહિત્ય અને ખાસ કરીને લોક સાહિત્યના વિષય ઉપર આવતાં તેમણે જણાવ્યું કે "સાહિત્યને કેટલાક ક્રાન્તિનું વાહન ગણે છે, કેટલાક શીલનું સાધન લેખે છે. હું સાહિત્ય વિષે આવી કોઇ ચોક્કસ કલ્પના ધરાવતો નથી કે આવી કોઇ ચોક્કસ મર્યાદા બાંધતો નથી. ક્રાન્તિ નિર્માણમાં સાહિત્ય જે કાંઇ ફાળો આપી શકતું હોય તે ભલે આપે અને જરૂર આપે; શીલસંવર્ધક સાધન તરીકે સાહિત્યનો જે કોઈ ઉપયોગ થઇ શકે તેમ હોય તે ભલે થાઓ. તે સામે પણ મને જરાય વાંધો નથી. પણ સાહિત્ય પ્રત્યે મારી દૃષ્ટિ તો આપણા શુષ્ક જીવનને રસપૂર્ણ બનાવવાની તેમાં જે અસાધારણ શક્તિ રહેલી છે તે ઉપર જ રહેલી છે. આજની નરી કારમી વાસ્તવિકતા તેમાં સાહિત્ય મધુરતાનો સંચાર કરે છે, તેમાં રહેલા મુલાયમ તત્વોને આગળ લાવીને આજના કઠોર જીવનને જીવવા જેવું બનાવે છે. સાહિત્ય અને ખાસ કરીને લોક સાહિત્યમાં આજે અપૂર્વ શક્તિ રહેલી છે તે ઉપર જ હું તમારું ધ્યાન કેન્દ્રિત કરવા માંગુ છું. ગર્ભાધાનથી માંડીને, જન્મ, લગ્ન અને મરણ સુધીની જુદી જુદી અવસ્થાઓને સાહિત્ય પોતાની કલ્પના અને નિરૂપણ વડે કેવી રીતે પલ્લવિત કરે છે અને જીવનનાં દુઃખો, હાડમારીઓ અને મુંઝવણોને કેટલી હળવી બનાવે છે? સાહિત્યની આ સેવા જોતાં અને ધ્યાનમાં લેતાં સાહિત્યનું આપણા જીવનમાં કેટલું મહત્વનું સ્થાન છે એનો આપણને કાંઇક ખ્યાલ આવી શકે છે. સાહિત્ય મુખ્યત્વે કરીને હૃદયની પરિભાષા છે. પોતાનાં વિશિષ્ટ સંવેદનોને સમષ્ટિલભ્ય બનાવવાનું સાધન સાહિત્ય છે અને એવીજ રીતે સમુહગત સંવેદનોને ઝીલવાનું અને લોકગમ્ય ભાષામાં ઉતારવાનું કામ પણ સાહિત્યનું છે."

આ મુદ્દાઓના સમર્થન રૂપે શ્રી મેઘાણીએ કેટલાંક ગીતો સંભળાવ્યાં અને તેમાં રહેલ સંગીત, તાલબધ્ધતા, કવિતા, તેમજ ધાર્મિકતા તેમણે સમજાવી. તેમનું સાહિત્ય પ્રવચન લગભગ અઢી કલાક સુધી અસ્ખલિતપણે ચાલ્યું અને સૌ કોઇએ અપૂર્વ આનંદ-મુગ્ધતા અનુભવી. ભાઇ મેઘાણીને સાંભળવા એટલે કાદંબરીનું વાંચન કરવું. કોઇ પણ વિષય કે પ્રસંગનું વર્ણન કાદંબરીકાર કરવા બેસે એટલે ઉપમાઓ, રૂપકો અને દ્રષ્ટાન્તો તેમજ સરળ તેમજ જટિલ કલ્પનાઓનો ધોધ વહેવા લાગે. મેઘાણીનો ભાગ્યેજ યોગ થાય, પણ જ્યારે પણ એ યોગ થાય ત્યારે આપણે પુરેપુરા ધરાઇએ એવો અનેક પ્રકારની વાનીઓથી ભરેલો થાળ તેઓ પીરસે. આપણે ખાતા થાકીએ, તેઓ ખવરાવતા ન થાકે. પીરસવા બેઠા પછી કરકસર તેઓ કદિ જાણે જ નહિ. તેમની મહેમાનગતી એટલે કાઠિયાવાડી મહેમાનગતી. ખાઓ, ધરાઇને ખાઓ. સાંભળો, ધરાઇને સાંભળો. ઉપરછલ્લી બે વાતો સંભળાવી, બે ગીતો ગાયાં ન ગાયાં, 'આજે તો મારૂં ગળું બરોબર નથી,' 'આજે મને બહુ થાક લાગ્યો છે' 'અહિંથી અડધી કલાકમાં મારે બીજે એપોઇન્ટમેન્ટ છે', એમ કહે કે વર્તે તે મેઘાણી નહિ. મેઘાણીને સાંભળવા એટલે બાદશાહી મીજબાની માણવી. તેમનો ઉલ્લાસ, સાહિત્ય વિષેનો તેમનો ઉમળકો, તમન્ના, લોકોને સાહિત્યપરાયણ બનાવવાની તેમની ધગશ-આ બાબતમાં મેઘાણીની જોડ ગુજરાત કાઠિયાવાડમાં તો શોધી મળે તેમ નથી. તેમણે ખરેખર જ સાહિત્યનો-સાહિત્યના વિશિષ્ટ અંગ લોકસાહિત્યનો-ભેખ લીધો છે. તેમની સાહિત્યસેવાથી ગુજરાતી સાહિત્ય સમૃધ્ધ બન્યું છે; ગુજરાત ગૌરવાન્વિત થયું છે. તેઓ શ્રોતાજનોને એક પ્રદેશમાં બીજા પ્રદેશમાં-એક ખંડમાંથી બીજા ખંડમાં-લઇ જાય છે અને દિગન્તવ્યાપી પરિક્રમા કરાવે છે. ગીતે ગીતે તેમનું જોમ વધતું જાય છે, તેમનો કંઠ ખીલતો જાય છે, તેમનો અવાજ વધારે પહાડી બનતો જાય છે અને તેમના બુલંદ અવાજથી આખી વ્યાખ્યાન-સભા ગાજી ઉઠે છે. આવો રસાનુભવ શ્રી. મેઘાણીએ ઉપર જણાવેલ સંમેલન પ્રસંગે સભાજનોને કરાવ્યો અને સૌ કોઇનાં દિલ ન વર્ણવી શકાય એવી કૃતજ્ઞતાની લાગણીઓથી હલી ઉઠયા. સંઘના મંત્રી શ્રી વેણીભાઇ કાપડીઆએ ભાઇ મેઘાણીનો ઉચિત શબ્દોમાં આભાર માન્યો અને આનંદ અને વિસ્મયના ઉંડા અનુભવ સાથે સૌ કોઇ છુટા પડયા.

જૈન કથાઓ અને સીનેમા ચિત્રપટ

આ વિષયને લગતી તા. ૧૫-૩-૪૬ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલી નોંધમાં 'ભરત મીલાપ' અને 'રામરાજ્ય'માં રામનો પાઠ ભજવનાર વ્યક્તિ મુસલમાન છે એવું મેં વિધાન કરેલું-એ ભુલ-ભરેલું છે અને એ રામનો પાઠ ભજવનાર જાણીતો સીનેમાનટ પ્રેમઅદીબ છે અને તે હિંદુ છે એમ મારા એક મિત્ર જણાવે છે. એ માટે હું તેમનો ઉપકાર માનું છું. ઉપરની ભુલથી એ લેખમાં રજુ કરાયલા મન્તવ્યમાં કશો પણ ફેરફાર કરવાનું કારણ ઉભું થતું નથી.

આ વિષયને લગતી મારી નોંધ વાંચીને જૈન સમાજના વયોવૃધ્ધ, વિદ્વાન ચિન્તક પંડિત કૃતેચંદ કપુરચંદ ઝાલન મારી ઉપરના એક પત્રમાં જણાવે છે કે "ધર્મપ્રચારનાં સાધનો જો કે સીનેમા જેવા વિનોદના સ્થાનમાંથી પણ કેળવી શકાય છે એ કદાચ ખોટું નથી પરંતુ સીનેમાનું સાધન જ્યાં સુધી શુધ્ધ નથી ત્યાં સુધી તે ધર્મની માહીતી આપે, પરંતુ તેની અસર ધર્મના આચાર સુધી પહોંચે નહિ, કારણ કે ચિત્રપટ એ અશુધ્ધ ધર્મપ્રચારનું કાર્ય હાલ કરી રહ્યું છે."

આ સંબંધમાં પોતાના કંઇ કાળ પહેલાના એક અનુભવ સ્મરણનો ઉલ્લેખ કરતાં તેઓ જણાવે છે કે "વર્ષો પહેલાં હિંદમાં દુકાળનો સમય હતો. એ વખતે નૃત્યવિદ્યામાં અને ગાવામાં કુશળતા ધરાવનાર ગોહરજાનનો જલસો મુંબઇના ટાઉન હોલમાં થયો હતો. આ જલસાની આવકનો ઉપયોગ દુષ્કાળ રાહતના કાર્યમાં થવાનો હતો. આમ છતાં પણ સર નારાયણ ચંદાવરકર તેમાં હાજર થયા નહોતા. કારણ કે લોકોના મન ઉપર અનીતિની છાપ પાડી તેના પૈસાથી દુકાળીયાઓને નીભાવવા એ તેઓશ્રીને યોગ્ય લાગ્યું નહોતું. માટે સીનેમાનો ઉપયોગ ધર્મનું જ્ઞાન આપવા જતાં અનીતિનું પાલન તો નહિ થાય? શોખીન પ્રજા શોખને માટે પૈસા ખરચશે, નીતિને માટે નહિ અને નીતિને નામે અનીતિ શિખશે. શોખીનો તો પોતાની દુર્વૃત્તિને સંતોષવા આપની દલીલોનો દુરૂપયોગ પણ કરે."

માનવીના દિલમાં રહેલી ધાર્મિક ભાવનાઓ વ્યકત કરવા માટે, ભકિતના વળણને તૃપ્ત કરવા માટે, તેમજ વિશાળ જગતમાં પોતાની

ધાર્મિક માન્યતાઓ, ભાવનાઓ તેમજ આદર્શો ફેલાવવા માટે ભિન્ન ભિન્ન ધર્મના અનુયાયીઓ હંમેશાં જુદી જુદી લલિતકળાનો આશ્રય લેતા આવ્યા છે. દેવમંદિર તેમજ મૂર્તિઓ નિર્માણ કરવા માટે શિલ્પીઓનો, મંદિર તેમજ મૂર્તિઓના શોભા શણગાર માટે ચિત્રકારોનો, અને તેવી જ રીતે ભક્તિભાવને તૃપ્ત કરવા માટે સારા ગાયકો, ભજનિકો તેમ જ નૃત્યકારોનો અને એ રીતે સંગીતનો ઉપયોગ કંઈ કાળથી થતો જ આવ્યો છે. વિવિધ કળાકારોનો ઉપયોગ કરવા જતાં પ્રત્યેક કળાકારના વ્યક્તિગત જીવનના ઉંડાણમાં જવાનો કદિ કોઈને ખ્યાલ આવ્યો નથી. અલબત્ત કળાકારોના અંગત જીવનની કક્ષા જેટલી વિશદ અને ઉન્નત હોય તેટલું તેમનું કળાનિરૂપણ ઉન્નત કોટિનું બને એ મને કબુલ છે; પણ કળાકારોના અંગત જીવનની વિશુદ્ધિ એ એક અલગ જ પ્રશ્ન છે. તે સાથે તેમની કળાના સામાજિક કે ધાર્મિક ઉપયોગને એટલો નિકટનો સંબંધ કલ્પવાની જરા પણ જરૂર નથી. આવી જ રીતે ધાર્મિક ભાવનાઓ વ્યક્ત કરવા માટે કાવ્યોનો તેમ જ નાટકોનો ઉપયોગ પણ કંઈ કાળથી થતો આવ્યો છે. સીનેમા ચિત્રપટ એ ભૂતકાળનાં નાટકોનું જ વર્તમાન વિકસિત સ્વરૂપ છે. અને તેથી ધાર્મિક ભાવનાના ફેલાવા માટે સીનેમા ચિત્રપટનો એટલોજ ઉપયોગ થઈ શકે તેમ છે. કોઈ પણ કળા માનવી દ્વારાજ વ્યક્ત થઈ શકવાની છે અને માનવી તો હંમેશા અપૂર્ણ હોવાનો જ અને તેથી ધર્મપ્રચારનું માનવનિર્મિત સાધન હંમેશાં અપૂર્ણ અને અમુક અંશે અશુદ્ધ રહેવાનું. એ ખાતર ધાર્મિક હેતુઓ માટે કંઈ કાળથી ચાલી રહેલા કળાના ઉપયોગનો બહિષ્કાર કરવાનું કોઈ કહી શકે તેમ નથી તેવી જ રીતે એ હેતુ માટે સીનેમા ચિત્રપટનો ઉપયોગ પણ કોઈ રીતે અયોગ્ય ઠરી શકે તેમ નથી. આપણો આગ્રહ તો એટલો જ રહેવો જોઈએ કે કોઈ પણ ધાર્મિક વસ્તુનું કોઈ ચિત્રપટ દ્વારા થનારું નિરૂપણ મૂળ વસ્તુને બને તેટલું વફાદાર હોવું જોઈએ. આ સરત પુરી પડે તો બીજી કોઈ બાબતોનો વિચાર કરવાપણું રહેતું નથી.

આ આખો પ્રશ્ન એક બીજી જ બાજુએથી પણ વિચારવો ઘટે છે. માણસ માત્રને પોતાના ચાલુ શુષ્ક અને અનેક હાડમારીઓથી ભરેલા જીવનમાં એ ભયંકર શુષ્કતાને ભુલાવે એવા વિનોદનાં સાધનોની હંમેશા અપેક્ષા રહે છે. માનવીની આ ગરજ પુરી પાડવાનું કામ લલિત કળાઓનું છે. આ લલિત કળાઓનો જેમ લાભ છે તેમજ માણસને લપસવાનાં અને સ્ખલનનાં નિમિતો ઉભા થવાનું જોખમ પણ લલિત કળાના અવલંબનમાં રહેલું છે. આજ કારણે સમાજ સુધારકો અને ધર્મ પ્રવર્તકો લલિત કળાને ધાર્મિકતા સાથે, ઉન્નત જીવનના આદર્શો સાથે સંલગ્ન રાખવાની ચિન્તા સેવતા આવ્યા છે. આર્ય સંસ્કૃતિનું ખરૂં રહસ્ય પણ આજ છે. ગાવાનું મન થાય થાય છે? ગાઓ! જરૂર ગાઓ! પણ ભગવાનનાં ભજન ગાઓ! નૃત્ય જોવાં ગમે છે? જરૂર નૃત્ય ગોઠવો! જરૂર નૃત્ય ગોઠવો! પણ એને ત્યાંને દેવચરિત્રો સાથે જોડી દો! અને આજ ભાવનાથી સુન્દર કળાકારીગીરીથી યુક્ત દેવમંદિરો ઉભા કરવામાં આવે છે, ભક્તિપ્રધાન નાટકો ભજવવામાં આવે છે. સીનેમા વિષે શિષ્ટ પુરૂષોનું આવું જ વલણ વિકસી રહ્યું છે. આજના જમાનામાં સીનેમા એક સાધારણ જનતાને માટે એક મોટામાં મોટું વિનોદસાધન ઉભું થયું છે. આ સીનેમાએ લોકોને આનંદ આપ્યો છે તેમ નુકસાન પણ ઘણી રીતે કર્યું છે. સીનેમાની અનિષ્ટ બાજુ ધ્યાનમાં લઈને તેના બહિષ્કાર કરવાનો ગમે તેટલો ઉપદેશ કરવામાં આવે તો પણ તે આજના સંયોગોમાં કદિ ટાળ્યું ટળે તેમ નથી, અને આવો બહિષ્કાર નિભાવવાની જરૂર પણ નથી. હલકી કોટિની ગાનારીઓએ લોકોની વિષયલાલસાને પોષનારાં ગાયન ગાયાં એટલે કોઈએ સંગીતનો બહિષ્કાર કરવાનું કહ્યું સાંભળ્યું નથી. પ્રત્યેક લલિત કળાનો જેટલો દુરૂપયોગ તેટલો જ માનવ જાતના ઉન્નતીકરણ અર્થે સદુપયોગ સંભવે છે. સીનેમા વિષે પણ સમાજ-સુધારકોએ તેમ જ ધર્મ પ્રવર્તકોએ આવી જ દૃષ્ટિ ધારણ કરવી જરૂરી છે. સીનેમા વિનોદનું એક અત્યન્ત મહત્વનું સાધન છે તો વિચારો ફેલાવવા માટે પણ એક અસાધારણ શક્તિ છે. કેળવણી અને શિક્ષણના ક્ષેત્રમાં સીનેમાનો આજે પણ બહુવિધ ઉપયોગ થઈ રહ્યો છે. માનવ પ્રકૃતિમાં રહેલાં ભિન્ન ભિન્ન વળણો અને રસવૃત્તિ ધ્યાનમાં લઈને ધર્મ પ્રવર્તકોએ લલિત કળાઓનો બહિષ્કાર કરવાને બદલે તે તે કળાઓને ધાર્મિકતાનો ઓપ આપવાનો જ હંમેશા પ્રયત્ન સેવ્યો છે અને એ કળાઓ દ્વારા માણસ જાતને ધર્મ તરફ જ વાળવાનું કાર્ય કર્યું છે. આવી જ દીર્ઘદૃષ્ટિપૂર્વક પોત-પોતાના ધર્મનો પ્રચાર અને ધાર્મિક ભાવનાનો ફેલાવો ઈચ્છનાર ભિન્ન ભિન્ન વર્ગોએ સીનેમા ચિત્રપટ તરફ જોતાં શિખવું જોઈએ અને સમાજમાં અમુક રીતે ભયસ્થાન બનતી જતી સીનેમા પ્રવૃત્તિને જનતાનાં કલ્યાણ તેમ ઉન્નતીકરણ તરફ વાળવા કટિબધ્ધ થવું જોઈએ. જૈન કથાઓ આ રીતે ચિત્રપટ-સંસ્કરણમાં ઘણો મોટો ફાળો આપવાની શક્યતા ધરાવે છે. આવાં ચિત્રપટો વિશાળ જનતાને જૈન ધર્મની માહીતી તો જરૂર આપશે અને એ રીતે જૈન ધર્મ વિષે આજે વ્યાપી રહેલું ગાઢ અજ્ઞાન ટાળવામાં મદદ રૂપ થશે એમાં તો શંકા છે જ નહિ, પણ આ ઉપરાન્ત જો ખરાબ જોઈએ તો ખરાબ અસર થાય તો સારૂં જોવાની કાંઈ ને કાંઈ સારી અસર પડવી જ જોઈએ એ ન્યાયે જૈન ધર્મના આચારની પણ છાપ જોનારા ઉપર પડયા વિના નહિ જ રહે. આ કારણે જૈન કથાઓ યોગ્ય આકારમાં સીનેમા ચિત્રપટ ઉપર ઉતારવાની ખાસ જરૂર છે. અને તેથી કશું નુકસાન તો થવાનું જ નથી એમ હું માનું છું.

માન્યવર પંડિત લાલનના પત્રના ઉત્તરાર્ધમાં તે કાળની સુપ્રસિધ્ધ ગાનારી ગોહર જાનનો ઉલ્લેખ છે તેના જવાબમાં જણાવવાનું કે જે કાળની તેઓ વાત કરે છે તે કાળમાં અને આજના કાળમાં આ બાબત પરત્વે ઘણો ફરક પડયો છે. આજે સંગીતને જીવન-વ્યવસાય તરીકે સ્વીકારનાર બાઈઓ પ્રત્યેના સામાજિક વળણમાં ઘણો ફેરફાર થયો છે. આવી બાઈઓને આજે સારી એવી સામાજિક પ્રતિષ્ઠા મળી છે અને તેમના જાહેર જલસામાં જવામાં કાંઈ અઘટિત કરવામાં આવે છે અથવા તો કોઈ અનીતિને ઉત્તેજન આપવામાં આવે છે એવો ખ્યાલ તદ્દન નાબુદ થઈ ગયો છે. હીરાબાઈ બડોદેકરને કે જુથિકારોયને આજે કોણ સાંભળવા જતું નથી? ગયે વર્ષે કે આગલે વર્ષે દક્ષિણ હિંદુસ્તાનની જાણીતી સંગીતકાર શ્રીમતી સુબુલક્ષ્મીએ સદ્‌ગત કસ્તુરબા ફંડના લાભાર્થે કેટલાયે જલસા કર્યા હતા અને એ દ્વારા લગભગ લાખેક રૂપીઆ તેણે એ ફંડને અર્પણ કર્યા હતા અને એ જલસાઓમાં અનેક પ્રતિષ્ઠિત અને સુચરિત વ્યક્તિઓ વિના સંકોચે જતી હતી. આપણે ન બદલાઈએ, પણ કાળ તો બદલાતો જ ચાલે છે અને જનસમાજ પણ એ જ વેગમાં આગળ ચાલ્યો જાય છે. એક કાળે જે દલીલ અત્યન્ત મહત્વની લાગતી હોય તે દલીલમાં રહેલા મહત્વને સમાજનું ઉત્તરોત્તર બદલાતું વળણ કાળાન્તરે અર્થશુન્ય બનાવી દે છે.

'હિંદુ ચા' 'મુસલમાન ચા'

ગાંધીજી આપણા માનસમાં રૂઢ બની બેઠેલા અનેક વિચારો કે જેની અસ્વાભાવિકતા વિષે આપણને કદિ શંકા પણ ફરકી હોતી નથી—આ વિચારોને અવારનવાર સખ્ત આઘાત આપી રહ્યા છે અને નવા વિચાર—નવી દૃષ્ટિ—તરફ આપણને લઈ જઈ રહ્યા છે. આપણે વર્ષોથી 'હિંદુ ચા—મુસલમાની ચા' એમ મોટા મોટા રેલ્વે સ્ટેશનો ઉપર સાંભળતા આવ્યા છીએ, એમ છતાં એમાં કાંઈ કઢંગુ, બેસુરૂ, કોમી ભાવનાને ઉત્તેજન આપનારૂં છે એવો આપણને ભાગ્યે જ ભાસ થયો હશે. આજે ગાંધીજી આ બાબત તરફ આપણું

(અનુસંધાન પૃષ્ટ ૪ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

મે ૧ ૧૯૪૬

આઠમું વર્ષ શરૂ કરે છે

આ અંક સાથે પ્રબુદ્ધ જૈન સાત વર્ષ પુરાં કરીને આઠમાં વર્ષમાં પ્રવેશ કરે છે. વચગાળે સરકારી નિયમનને લીધે પ્રબુદ્ધ જૈનને કેટલાક મહીના સુધી ચાર પાનાં આપી સંતોષ પકડવો પડતો હતો અને એની અસર અમુક અંશે ગ્રાહક સંખ્યા ઉપર પણ પડી હતી, પણ સમયાન્તરે એ નિયમનમાં છુટછાટ મળી અને આજે પ્રબુદ્ધ જૈન આઠ, દશ અને કદિ કદિ બાર પાનાં જેટલી વાંચનસામગ્રી પુરી પાડી રહેલ છે અને તે જ પ્રમાણે ગ્રાહક સંખ્યા પણ ઉત્તરોત્તર વધતી રહી છે. જે નીતિની કલ્પના પૂર્વક પ્રબુદ્ધ જૈન શરૂ કરવામાં આવ્યું હતું તે જ નીતિને આજ સુધી એક સરખી રીતે વળગી રહીને પ્રબુદ્ધ જૈનનું સંચાલન કરવામાં આવ્યું છે અને તેના પરિણામે જૈન સમાજના અગત્યના સર્વ પ્રશ્નોની ચાલુ ચર્ચા કરવા છતાં પ્રબુદ્ધ જૈન એક કોમી પત્ર નથી એટલું જ નહિ પણ ધરમૂળની સામાજિક ક્રાન્તિને પોષતું એક શુદ્ધ રાષ્ટ્રવાદી પત્ર છે એવી પ્રતિષ્ઠા ગુજરાતી જનતામાં પ્રબુદ્ધ જૈને પ્રાપ્ત કરી છે.

આમ છતાં પણ પ્રબુદ્ધ જૈન મનોરથ મુજબ હજુ સુધી વિકસાવી શકાયું નથી. સમાજ અને રાષ્ટ્રને સ્પર્શતા અનેક વિષયો હજુ અણસ્પર્શ્યા જ રહી જાય છે. વાંચન સામગ્રી વિવિધતાના દૃષ્ટિએ હજુ અત્યન્ત પરિમિત છે. જૈન સમાજના પણ અનેક પ્રશ્નોની વિગતવાર ચર્ચા આપી શકાતી નથી. આનું એક કારણ પ્રબુદ્ધ જૈનનું જેમના હાથમાં સંચાલન છે તેમની શક્તિ અને અંગત સંયોગોની પરિમિતતા છે. બીજું કારણ વિશાળ દૃષ્ટિ ધરાવતા વિદ્વાન અને વિચારક લેખકોનો પ્રબુદ્ધ જૈનને બહુ ઓછો સહકાર છે. આ સહકાર ન મળે ત્યાંસુધી પ્રબુદ્ધ જૈન વિષેનું સ્વપ્ન અને મનોરથ કલ્પનાગત જ રહેવાનાં. આ કારણે જેઓ પ્રબુદ્ધ જૈનની દૃષ્ટિ સ્વીકારતા હોય તેવા વિદ્વાન વિચારકો, લેખકો અને કાર્યકર્તાઓને પ્રબુદ્ધ જૈનને પોતા તરફથી બને તેટલો સહકાર આપવા પ્રાર્થના કરવામાં આવે છે.

પ્રબુદ્ધ જૈન આઠને બદલે બાર પાના આપી શકતું હોય તો કેવું સારૂં? આવા હલકા કાગળને બદલે સારા કાગળ ઉપર પ્રબુદ્ધ જૈન છપાતું હોય તો કેવું સારૂં? છાપણીની પણ કેટલી ભુલો રહી જાય છે? ટાઈપ પણ કેટલા ઉતરતી કોટિના છે? આ બાબતો પણ ખુબ સુધારણા માંગે છે. પણ આ સંબંધમાં આજના વાસ્તવિક સંયોગો ભારે અન્તરાયરૂપ બની રહ્યા છે. પાનાં વધારવામાં સરકારી નિયમન જે હમણાં પાછું વધારે સખત બન્યું છે તે આડે આવે છે. કાગળ સુધારવામાં આર્થિક પરિસ્થિતિની મુશ્કેલી મન ઉપર આવે છે. છાપવાના દર ખુબ જ વધી ગયેલા છે અને તેથી આને આ રીતે પ્રબુદ્ધ જૈન કાઢતાં અને તેનું ગ્રાહક સંખ્યાપ્રમાણ ઠીક ઠીક હોવા છતાં વર્ષ આખરે પ્રબુદ્ધ જૈનને બારસોથી પંદરસોની ખોટનો સામનો કરવો પડે તેમ છે. છાપખાનાની અને છાપખાનાવાળાઓની મુશ્કેલીઓ પણ પાર વિનાની છે. આ બધું જોતાં હજુ એકાદ વર્ષ પ્રબુદ્ધ જૈને આમને આમ નિભાવવું પડશે એમ લાગે છે, એટલું જ નહિ પણ એ નિભાવ માટે પ્રબુદ્ધ જૈનના પ્રશંસકોના સંગીન આર્થિક ટેકાની અમને જરૂર રહેશે. આશા રાખવામાં આવે છે કે માત્ર જૈન સમાજની જ નહિ પણ સમસ્ત જનતાની સેવા એ જેનું ધ્યેય છે એવા પ્રબુદ્ધ જૈનને ટકાવી રાખવા પુરતો જ નહિ પણ પોતાના નિયત ધ્યેય મુજબ વિકસાવવા માટે જોઇતો સહકાર ચોતરફથી મળી રહેશે.

તંત્રી, પ્રબુદ્ધ જૈન.

કેટલાક સમાચાર અને નોંધ (પૃષ્ટ ૪ થી ચાલુ)

ખાસ ધ્યાન ખેંચે છે અને આવી ભેદક પ્રથા નાબુદ કરવા રેલ્વે અમલદારોને આગ્રહ કરે છે. તેઓ જણાવે છે કે :-

"રેલ્વે સ્ટેશનો પર હિંદુ ચા અને મુસલમાની ચા અલગ અલગ વેચાય છે. કેટલીક વાર ખાવાની જગ્યાઓ પણ અલગ અલગ હોય છે. હરિજનોને તો ઘણી વાર જગ્યા જ મળતી નથી. આ બધી આપણી અવદશાની નિશાની છે, અને અંગ્રેજી રાજ્યને માથે કલંક છે. ધર્મની બાબતમાં રાજ્ય કશી દખલ ન કરે એ હું સમજી શકું. પણ સ્ટેશન ઉપર જુદા જુદા ધર્મવાળાઓને અલગ અલગ ચા અને પાણી વગેરેની જોગવાઇ કરવી એ જુદાઇ પર મહોર મારવા જેવું થયું. રેલવે અને રેલવે સ્ટેશન લોકોની ખામી દૂર કરવા માટેનાં તથા કોમી એકતા, વિવેક અને સ્વચ્છતા ઈત્યાદિ શિખવવા માટેનાં સુંદર સાધનો બની શકે. તેને બદલે ત્યાં આવી બાબતોમાં બેપરવાઇ રાખવામાં આવે છે, અને ઉલટું રેલ ગાડી જૂની આદતોને દૃઢ કરવાનું સાધન બને છે. રેલવેનો આધાર ત્રીજા વર્ગના ઉતારૂઓ પર છે, છતાં તેમને સગવડ તો શું, વિટંબણા જ ભોગવવાની રહે છે. આ ઉપરાંત જ્યારે હિંદુ મુસલમાન તથા અસ્પૃશ્યતાના ભેદ રાખવામાં આવે છે ત્યારે રેલવે અમલદારો નાલાયકીની હદ વટાવી જાય છે. કોઇ ઉતારૂ આવો ભેદ રાખવા માંગતો હોય તો ભલે ભૂખતરસ વેઠીને રાખે. એવો ભેદ ટકાવી રાખવાના બંદોબસ્તની રેલ્વેવાળાઓ પાસેથી આશા ન રાખે. શાકાહારી અને માંસાહારી લોકોને માટે જમવાની વ્યવસ્થા અલગ હોવી એ જુદી વાત. એવી વ્યવસ્થા તો આજે પણ છેજ.'

ખાનપાનની બાબતમાં નાત જાતના ભેદો ઢીલા થતા જાય છે એમ છતાં આવી બાબતમાં 'હિંદુ-મુસલમાન'ની સુગ હજુ ઓછી થઇ નથી. કોણે શું ખાવું અને શું ન ખાવું એ જુદોજ પ્રશ્ન છે. આહાર તેમજ પાણી વિષે સ્વચ્છતાનો ચોકકસ પ્રકારનો આગ્રહ રાખવો એ પણ એક જુદીજ બાબત છે. પણ પોતાને ખપતી વસ્તુ યોગ્ય રીતે અને સ્વચ્છતા પૂર્વક તૈયાર થઇ હોય તો તેના તેમજ દુધ, ચા, પાણી જેવી સર્વ સામાન્ય વસ્તુઓનાં ઉપયોગ પરત્વે આવા ભેદભાવનો વિચાર તેમજ આચારથી ત્યાગ કરવો ઘટે છે. આજ પ્રશ્ન પરત્વે 'નિરામિષાહારી સવર્ણ હિંદુ માંસાહારી હરિજનને ઘેર કેમ ખાઇ શકે?' એ સવાલના જવાબમાં ગાંધીજી વિશેષ માર્ગદર્શન કરાવે છે. તેઓ ઉત્તરમાં જણાવે છે કે "નિરામિષાહારી સવર્ણ હિંદુ હરિજનને ઘેર નિરામિષ આહાર જરૂર લઇ શકે. રોટી-વહેવારનો અર્થ એ નથી કે જે મળે તે ખાઇ લેવું. વાસણ અને ભોજન સાફ હોવાં જોઇએ. સાફ હાથે રાંધેલું હોવું જોઇએ. પાણીને સાફ પણ એજ નિયમ હોવો જોઇએ. એકજ ભાણામાં ખાવું અને પ્યાલો સાફ કર્યા વિના તેમાંથી બધાંએ પાણી પીવું એ સહભોજનનો અર્થ નથી."

ગાંધીમંદિર અને આજનાં ગુરૂમંદિરો

જૈન શ્વે. મૂ. વિભાગમાં આજ કાલ ગુરૂમંદિરો ઉભા કરવાની પ્રથા ખુબ ચાલી છે. જીવતા તેમ જ થોડાં વર્ષો પર વિદેહ થયેલા ધર્મગુરૂઓની મૂર્તિઓ બનાવવી અને તેવી મૂર્તિઓની સ્થાપના કરીને મંદિરો ચણાવવા-એ ઘેલછા આજના જૈન શ્વે. મૂ. સાધુઓમાં અને તેમના અંધ અનુયાયીઓમાં ખુબ જોવામાં આવે છે. આ જ ઘોરણે ઓરીસ્સામાં બેગુસરાઇ વિસ્તારમાં શ્રીપુર ખાતે ગાંધીજીના

પોતાને અનુયાયી લેખાવતા ત્યાંના પ્રજાજનોએ એક ગાંધી મંદિરની સ્થાપના કરી છે, હિંદુવિધિ પ્રમાણે એ મંદિરમાં ગાંધીજીની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે અને વિધિપુરઃસર ગાંધીજીની પુજા શરૂ થઇ છે. કાંતણ અને ગાંધીજીએ લખેલી ગીતાના હિંદી અનુવાદમાંના શ્લોકોનું પારાયણ એ ત્યાંનો દૈનિક વિધિ છે. આ સમાચાર સાંભળતાં ગાંધીજીના મન ઉપર થયેલો પ્રત્યાઘાત ગાંધીજી નીચેની નોંધમાં રજુ કરે છે.

"એક ભાઇએ મને છાપાનું કર્તન મોકલ્યું છે. તેમાં ખબર છે કે મારા નામનું મંદિર ચણાવી તેમાં મારી મૂર્તિની પૂજા થાય છે. આને હું મૂર્તિપૂજાનું કદંચુ સ્વરૂપ માનું છું. જેણે આવું મંદિર ચણાવ્યું તેણે પોતાનાં પૈસા બગાડયા, ગામડાના ભોળા લોકોને ઉંધે રસ્તે દોર્યા અને મારા જીવનને અવળું ચીતરી મારું અપમાન કર્યું છે. આથી પૂજાનો અર્થ સરતો નથી, ઉલટો અનર્થ થાય છે. નિર્વાહને સારૂ અથવા સ્વરાજ્ય સારૂ યજ્ઞ રૂપે કાંતવું એજ મારે મન ખરૂં ચરખા પૂજન. પોપટિયા નહિ પણ ગીતાના ઉપદેશનું પાલન એજ ખરૂં ગીતા પૂજન. ગીતાના ઉપદેશ પ્રમાણે આચરણ કરવામાં મદદરૂપ થાય એટલી હદ સુધી ગીતા પાઠ થાય તો યોગ્ય ગણાય. મનુષ્યની નબળાઇનું નહિ પણ તેના ગુણોનું અનુકરણ એજ એની સાચી પૂજા છે. જીવતા માણસની મૂર્તિ બનાવી તેની પૂજા કરવાથી હિંદુ ધર્મને કેટલે પગથીએ ઉતારીએ છીએ. મૃત્યુ પહેલાં કોઇ માણસને પૂર્ણપણે સારો ન કહી શકાય અને મૃત્યુ પછી પણ જેને એનામાં આરોપેલા ગુણોમાં વિશ્વાસ હશે એજ તેને સારો કહેશે. સાચી વાત એ છે કે ઇશ્વરજ માણસના હૃદયને જાણે છે. માટે કોઇ જીવંત અથવા મૃત માણસને પૂજવાને બદલે જે પૂર્ણ છે અને સત્યનું રૂપ છે એવા ઇશ્વરને પૂજવામાં ને ભજવામાંજ સુરક્ષિતપણું છે. હવે એ પ્રશ્ન જરૂર ઉઠી શકે કે ફોટા રાખવા એ પણ પૂજનો પ્રકાર છે કે નહિ? હું એ વિષે અગાઉ લખી ચુકયો છું. એ પ્રથા ખર્ચાળ તો છે. છતાં નિર્દોષ ગણી આજ લગી મેં તે સહન કરી છે. એથી મૂર્તિપૂજાને પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે પણ હું ઉત્તેજન આપતો હોઉં તો એ પણ હાસ્યાસ્પદ અને હાનીકારક ગણું. મંદિરનો માલિક જો મૂર્તિને બદલે એ મકાનમાંજ ખાદીનું કેન્દ્ર ખોલે તો એ આવકારદાયક થશે, ને હાલ પાપ કરે છે તેમાંથી બચશે. ત્યાં ગરીબો મજુરીને સારૂ પીંજે ને કાંતે, બધાય ખાદી પહેરતા થાય આજ ગીતાનો કર્મયોગ છે. તે જીવનમાં ઉતારવાથી તેની અને મારી સાચી પૂજા કરી ગણાય. બીજી પૂજા હાનિકારક ને તજવા યોગ્ય છે."

આ નોંધના શબ્દે શબ્દ જૈન સમાજે ખાસ ધ્યાનમાં ઉતારવા જેવા છે. આંધળી ગુરૂપૂજા અને અનેક અતિશયતાઓથી ભરેલી મૂર્તિપૂજા–એ આજના જૈનોની એક મોટામાં મોટી ત્રુટિ છે. આ બન્નેમાંથી જ્યાં સુધી જૈન સમાજ ઉંચો નહિ આવે અને એ બન્ને બાબતોમાં જ્યાં સુધી ઉચિત વિવેક દાખવતો નહિ થાય ત્યાં સુધી જૈન સમાજ આજના યુગ સાથે અને આજની વિચાર ક્રાન્તિ સાથે કદિ પણ પગલાં માંડી શકવાનો નથી.

શ્રી મણિલાલ સુંદરજી દોશીનો પરિચય.

આઝાદ હિંદ ફોજના અમલદાર શ્રી મણિલાલ સુંદરજી દોશી જેઓ આજે બર્માની એક જેલમાં કારાવાસ ભોગવી રહ્યા છે અને જેના ઉપર આજે અનેક રાજદ્વારી ગુન્હાઓના આરોપસર બર્માની સરકાર કેસ ચલાવી રહી છે અને જેમના વિષે હિંદની વડી ધારાસભામાં અવારનવાર સવાલો પુછાઇ રહ્યા છે તેમનો અહિં પરિચય આપવામાં આવે તો અસ્થાને નહિ ગણાય. તેઓ જૈન છે; તેમના મોટા ભાઇ ચત્રભુજ સુન્દરજી દોશી ઘાટકોપરમાં રહે છે અને મુંબઇના એક મોટા વેપારી છે. આજે ભાઇશ્રી મણીલાલની ઉમ્મર ૨૯ વર્ષની છે. આજથી ૭ એક વર્ષ પહેલાં તેઓ ટોકીઓ અને સેંધાઇ ખાતેની પોતાની પેઢીનો વહીવટ સંભાળવા ગયા હતા. લડાઇ દરમિયાન તેઓ જાપાનમાં હતા અને જ્યારે રાષ્ટ્રનેતા શ્રી સુભાષચંદ્ર બોઝ જર્મનીથી જાપાન આવ્યા ત્યારે તેમને તેઓ મળેલા અને તેમની સાથે તેઓ સીંગાપુર અને ત્યાંથી રંગુન આવેલા અને આઝાદ હિંદ ફોજમાં જોડાયલા. શરૂઆતમાં તેમની મીનીસ્ટર ઓફ મેનપાવર–લશ્કરી ભરતી–કાર્યને લગતા પ્રધાન નિમાયલા અને પાછળથી સામગ્રી ખાતાનું કામ તેમને સોંપવામાં આવેલું. બર્મા અંગ્રેજોના હાથ પાછું આવ્યું ત્યાર બાદ તેમણે રંગુનમાં બર્મા ટાઇમ્સ નામનું છાપું શરૂ કર્યું હતું. આ પત્રમાં આઝાદ હિંદ ફોજની નીતિનો બચાવ કરવામાં આવતો હતો, આઝાદ હિંદ ફોજના અમલદારો ઉપર ચલાવવામાં આવતા કેસોનો વિરોધ કરવામાં આવતો હતો અને હિંદની આઝાદીની જોરશોરથી હિમાયત કરવામાં આવતી હતી. આ બધું બર્માના સાથી સત્તાધિકારીઓથી સહન થઇ ન શકયું. પરિણામે ભાઇશ્રી મણિલાલને અટકમાં લેવામાં આવ્યા અને તેમનું પત્ર અને પ્રેસ જપ્ત કરવામાં આવ્યું. ત્યાર બાદ બર્મામાં સીવીલ ગવર્મેન્ટ સ્થપાઇ અને બર્માનો જુનો ગવર્નર પોતાના સ્થાન ઉપર આવ્યો. આ નવી સરકાર તરફથી બર્મા સંરક્ષણ ધારા નીચે ભાઇશ્રી મણિલાલ દોશી ઉપર કામ ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું. તેમના ઉપર લુંટના, સશસ્ત્ર ધાડ પાડવાના અને બીજા અનેક આરોપો મૂકવામાં આવ્યા છે અને મે માસની બીજી તારીખથી રંગુનથી સો માઇલ દૂર આવેલ પેપોનની ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં તેમના ઉપરનો મુકદ્દમો શરૂ થવાનો છે. તેમને અટકમાં લીધા બાદ તેમની ઉપર અનેક પ્રકારના જુલ્મો કરવામાં આવ્યા છે અને તેમની તબિયત લથડી જવાથી તેમને કેટલાક દિવસથી હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા છે અને અહિં પણ તેમને હાથકડીઓથી જકડાયલા રાખવામાં આવે છે. જ્યારે આઝાદ હિંદ ફોજના બીજા અમલદારોને અહિં લાવીને તેમના ઉપર મુકદ્દમાઓ ચલાવવામાં આવે છે ત્યારે ભાઈ મણિલાલ દોશી ઉપરનો મુકદ્દમો હિંદમાં નહિ, રંગુનમાં નહિ પણ ત્યાંથી પણ સો માઇલ દૂર બર્માના અન્તર્ભાગમાં ચલાવવામાં આવે છે–આ પાછળ બર્મા સરકાર અને સરકારી પોલીસની કેવળ ક્રીનાખોરીજ રહેલી છે. આટલે દૂર ચાલતા મુકદ્દમોમાં તેમને કાયદાની મદદ પહોંચાડવાનું કામ અત્યન્ત વિકટ બન્યુ છે એમ છતાં તેમનો બચાવ કરવા માટે જાણીતા બેરીસ્ટર શ્રી કે. એફ. નરીમાન તેમજ રંગુનના એક એક વખતના મેયર અને બેરીસ્ટર જે. કે. સુનશી તેમજ અન્ય ધારાશાસ્ત્રીઓ પેપોન પહોંચી ગયા છે અને તેમનો બચાવ કરવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે. આટલે દુર ચાલતો આ મુકદ્દમો પણ આજે આખા હિંદનું ધ્યાન ખેંચી રહ્યો છે અને એમના કેસમાં પંડિત જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઇ પટેલ તથા શ્રી. શરતચંદ્ર બોઝ ખુબ રસ લઇ રહ્યા છે., ભાઇ શ્રી. મણિલાલ એક અત્યન્ત આશાસ્પદ યુવાન છે, તેઓ જાપાનીઝ, બર્મીઝ તેમજ બીજી અનેક ભાષાઓ જાણે છે. આઝાદ હિંદ સરકારે જેના ઉપર અનેક પહેલો પાડી છે એવું આપણા દેશનું આ એક અણમોલું રત્ન છે. તેઓ આજે તેમની ઉપર ચાલતા મુકદ્દમામાંથી જલ્દિ છુટા થાય અને આપણી વચ્ચે આવીને વસે અને સ્વરાજ્ય સાધનાના કાર્યમાં જોડાઇ જાય એમ આપણે સૌ ઇચ્છીએ અને અંતરથી પરમાત્માને પ્રાર્થના કરીએ.

ભાઈ ભંવરમલ સિંધીને શુભેચ્છા અને અભિનંદન

શ્રી. ભંવરમલ સિંધી કલકત્તાની જૈન સમાજના એક બહુ જાણીતા આગેવાન છે અને કોંગ્રેસના કાર્યકર્તા છે. પ્રબુદ્ધ જૈનના ધોરણે ચલાવવામાં આવતું 'તરૂણ જૈન' નામનું હિંદી માસિક જે ૧૯૪૨ ની લડત બાદ સંપાદકોના કારાવાસના કારણે બંધ થયું હતું અને જે પાછું બહુ થોડાં સમયમાં શરૂ થનાર છે તેના ભાઇ ભંવરમલ એક સંપાદક હતા. ૧૯૪૨ ની લડતમાં લગભગ બે વર્ષ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની રાહત પ્રવૃત્તિ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમજ પરાંઓમાં વસતા અને રાહતની અપેક્ષા ધરાવતા કોઇ પણ જૈન કુટુંબને નીચે મુજબની મદદ આપવાની ગોઠવણ કરવામાં આવી છે.

(૧) રેશનના માસિક બીલોની જે રકમ થાય તેના સાધારણ રીતે ૫૦ ટકા અને અસાધારણ સંયોગોમાં ૭૫ ટકા સુધીની માસિક મદદ આપવી,

(૨) ઉપર જણાવેલ રેશન રાહત આપવાનું એક યા બીજા કારણે શકય ન હોય ત્યાં માસિક રૂ. ૧૫ સુધી રોકડ રાહત આપવી.

(૩) કોઇ પણ કુટુંબની ખાસ અગવડ કે મુંઝવણના પ્રસંગે રૂ. ૨૫ સુધી તાત્કાલિક આર્થિક મદદ કરવી.

(૪) કુટુંબની કોઇ માંદગીના પ્રસંગે દવાદારૂ વગેરેને પરચુરણ ખર્ચને પહોંચી વળવા માટે રૂ. ૨૫ સુધીની રોકડરકમ વૈદ્યકીય રાહત તરીકે આપવી. આ ઉપરાંત જાણીતા દવાવાળાઓ અને ડાકટરો પાસેથી મફત દવા અને ડાકટરી ઉપચાર મળી શકે એવી ગોઠવણ કરવી. (કેટલાક દવાવાળાઓ તેમજ ડાકટરો સાથે આ ગોઠવણ વિચારાઇ રહી છે, જેનો અમલ બહુ થોડા સમયમાં શરૂ કરવામાં આવશે.)

આ ઉપરાંત કોઇ પણ અસાધારણ સંયોગોમાં તાત્કાલિક આર્થિક તેમજ વૈદ્યકીય રાહત માટે જૈન તેમજ જૈનેતર કુટુંબને રૂ. ૫૦) સુધીની મદદ આપવાની રાહતસમિતિના મંત્રીને સત્તા આપવામાં આવી છે.

આ રાહત નીચે જણાવેલ યાદીમાંથી કોઇ પણ વ્યકિતને મળવાથી મેળવી શકાશે.

શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ, સોલીસીટર, મલબાર વ્યુ નં. ૨, ચોપાટી પાછળ, મુંબઇ ૭.

,, **પરમાનંદ કુંવરજી કાપડીઆ,** ગંગાદાસ વાડી, બાબુલનાથ રોડ, મુંબઈ ૭.

,, **વેણીબહેન વિનયચંદ કાપડીઆ,** મલબાર વ્યુ નં. ૧, ચોપાટી મુંબઇ ૭

,, **મેનાબહેન નરોત્તમદાસ,** ૨૬૬/૨૭૦, ત્રીભોવન કેશવજીનો ખાળો, ફીયર રોડ, મુંબઇ ૧.

,, **જસુમતીબહેન મનુભાઈ કાપડીઆ,** બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ બી બ્લોક ગીરગામ ટ્રામ ટરમીનસ પાસે, મુંબઇ ૪.

,, **વ્રજલાલ ધરમચંદ મેઘાણી,** રામનિવાસ, નવરોજ લેન, ઘાટકોપર.

,, **ચુનીલાલ કલ્યાણજી કામદાર,** સોનાવાળા બીલ્ડીંગ નં. ૭ તારદેવ, મુંબઇ. ૭

,, **રતિલાલ ચીમનલાલ કોઠારી,** ડયમન્ડ મરચંટ્સ એસોસીએસન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

,, **પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ,** સોનાવાળા બીલ્ડીંગ, ૬૭, મરીન ડ્રાઇવ મુંબઇ ૧.

,, **કાળીદાસ હરજીવનદાસ,** ઘોઘારી વીશા શ્રીમાળી જૈન દવાખાનું, મસજીદ બંદર રોડ, મુંબઇ ૩.

,, **હરિલાલ શંભુલાલ શાહ,** ૪૩, નાગદેવી ક્રોસ લેન, મુંબઇ ૩.

,, **લખમશી ખેલાભાઈ,** દેરાસર લેઇન, ઘાટકોપર.

,, **દીપચંદ ત્રીભોવનદાસ શાહ,** ઠે. મેટ્રો ટ્રેડીંગ કંપની, નાગદેવી ક્રોસ લેઇન, મુંબઇ ૩.

આ રાહત આપવાની પ્રવૃત્તિ અને ખાસ કરીને માસિક રાહત આપવાની યોજના હાલ તુરત આવતી દીવાળી સુધી ચલાવવાનું નકકી કરવામાં આવ્યું છે. ત્યારબાદ સંઘને જૈન સમાજના સુસ્થિત વર્ગનો આ પ્રવૃત્તિમાં જેવો આર્થિક સહકાર મળશે તે મુજબ આ પ્રવૃત્તિ અથવા તો એમાંના ચોકકસ અંગોને આગળ લંબાવવામાં આવશે.

ઉપરની જાહેરાત ધ્યાનમાં લઇને મુંબઇ અને પરાંઓમાં વસતા જે કોઇ જૈન કુટુંબને મદદની અપેક્ષા હોય તે કુટુંબના મુખ્ય માણસે ઉપર જણાવેલ વ્યકિતઓમાંથી કોઇને પણ મળવું અને પોતાની જરૂરિયાતની પ્રતીતિ કરાવવી–આવી પ્રતીતિ થયે તે વ્યકિત તરફથી તેને જરૂરી મદદ આપવામાં આવશે. આવી મદદ લેનારાઓને લગતી સર્વ માહીતી તદ્દન ગુપ્ત રાખવામાં આવશે. મોટે કોઇ પણ માણસે આવી મદદ લેતાં જરા પણ સંકોચ કરવો નહિ. જે કોઇ ભાઇ આવી મદદની અપેક્ષા ધરાવતા જૈન કુટુંબને જાણતા હોય તેણે તે કુટુંબના મુખ્ય માણસને આ રાહત યોજનાની જાણ કરવી અને તેના સંકોચને દૂર કરવો એવી અમારી વિનંતિ છે. આજના વિષમ સમયમાં એક ઠેકાણે ધનનો પ્રવાહ વહે છે જ્યારે બીજે ઠેકાણે તંગી અને મુંઝવણનો પાર નથી. આજે ભુખમરાના અને આપઘાતના અનેક કીસ્સાઓ બને છે. આજની હાડમારીઓ અને મુંઝવણોને પહોંચી વળવાનું કાર્ય અમારી શકિત બહારનું છે એમ છતાં નાની સરખી પણ રાહત જનતાના નાના સરખા વિભાગને પહોંચાડવાનો આ અમારો નમ્ર પ્રયાસ છે. આ પ્રયાસને બને તેટલો સહકાર આપવા અને આ ઘોરણે સ્થળે સ્થળે રાહતયોજના શરૂ કરવા જનસમાજને તેમજ બહુ જન સમાજના અગ્રણીઓને અમારી આગ્રહ ભરી વિનંતિ છે.

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ કાર્યાલય
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ **મુંબઈ ૩**

દીપચંદ ત્રીભોવનદાસ શાહ
મંત્રી, રાહત સમિતિ

તેમણે જેલવાસ ભોગવ્યો હતો. તેમના પહેલાનાં પત્ની આજથી ૭ વર્ષ પહેલાં સ્વર્ગવાસી થયા બાદ આજ સુધી તેઓ અવિવાહિત જીવન ગાળી રહ્યા હતા. કોઇ સમાન વિચાર અને આદર્શવાળી વિધવાનો સુયોગ થાય તો જ લગ્ન કરવું એવી તેમની દૃઢ પ્રતિજ્ઞા હતી. સદ્‌ભાગ્યે તેવો સુયોગ તેમને પ્રાપ્ત થઇ ગયો અને ઇસ્ટ ઇન્ડીઆ રેલ્વેના એક આધિકારી શ્રી. અશરફીલાલજીનાં પુત્રી શ્રી. સુશીલાદેવી જે બ્હેન પણ પાંચ વર્ષથી વૈધવ્ય ભોગવી રહ્યા હતાં અને ત્યારબાદ અભ્યાસ કરતાં કરતાં ઇન્ટર મીડીએટ આર્ટસ સુધી પહોંચ્યા હતા તેમની સાથે ભાઇશ્રી ભંવરમલે બન્ને પક્ષના માતપિતા તેમજ વડિલોની સંમતિ તથા આશીર્વાદપૂર્વક ગયા એપ્રીલ માસની ૧૬ મી તારીખે લગ્ન કર્યું છે. સાધારણ રીતે આપણા યુવકો ગમે તેટલા ક્રાન્તિકારી વિચારો ધરાવતા હોય છતાં ખરે વખતે ટકી શકતા નથી અને ગમે તેવા બાંધછોડ કરીને પોતાના સુખસગવડનો માર્ગ શોધે છે–આવું આપણું વ્યાપક આચારદારિદ્રય ધ્યાનમાં લેતાં ભાઇ ભંવરમલે જે કરવું જોઇતું હતું તે જ કર્યું છે એમ છતાં પણ તેમનું આ કાર્ય અભિનન્દન યોગ્યઅને ધન્યવાદ પાત્ર બને છે અને વિશેષ ધન્યવાદ તો બન્નેના માતપિતાને ઘટે છે કે તેમણે આવા હજુ સમાજ-સન્માનિત નહિ બનેલા વિવાહને સંમત કર્યો છે અને પોતાના આશીર્વાદથી સુભગ બનાવ્યો છે. ભાઇ ભંવરમલ શ્વેતાંબર મૂર્તિ-પૂજક જૈન છે; બ્હેન સુશીલા દિગંબર જૈન છે. આ રીતે પણ આ લગ્નયોગ વિશેષ આવકારદાયક બને છે. આ લગ્નથી ભાઇ ભંવરમલની કાર્યશકિત વૃધ્ધિ પામે અને એમનું લગ્નજીવન અનેક સેવાકાર્યોથી સુઅંકિત બને એવી મારા જેવા ભંવરમલના અનેક મિત્રોની શુભેચ્છા છે. **પરમાનંદ**

સંવેદનાનું રસાયણ

(શ્રી. વજલાલ ધ. મેઘાણી રચિત "આળાં હૈયાં"ની એક નકલ સ્વામી આનંદને કેટલાક સમય ઉપર મોકલવામાં આવેલી અને તે ઉપર અવલોકન જેવું કાંઇક લખી મોકલવા અમોએ તેમને વિનંતિ કરેલી; જેના પરિણામે અમને જે મળ્યું તે નીચે પ્રગટ કરતાં અમને બહુ આનંદ થાય છે. તંત્રી)

ડાકતર મેઘાણીની ટૂંકી વાર્તાઓ "પ્રબુદ્ધ જૈન"ની કટારોમાં આવતી તે હું ઘણા રસપૂર્વક લગભગ હંમેશાં વાંચતો. હવે એ વાર્તાઓનો સંગ્રહ પુસ્તકાકારે ગુજરાતી વાચકવર્ગ સમક્ષ મૂકીને "પ્રબુદ્ધ જૈન"ના સંચાલકો વધુ વિશાળ એવા ગુજરાતી જનસમાજની સંગીન સેવા કરે છે એવું મારું માનવું છે.

* * *

વરસે દહાડે ત્રણચાર કરોડનું કારભાર કરનાર મુંબઇનું શહેરસુધરાઇ તંત્ર હિંદુસ્તાનનાં મોટામાં મોટાં રજવાડાંઓની હરોળમાં કરે એવડું મોટું ગણાય. આવડા વિશાળ તંત્રમાં એક અદના ડાકતરનો દરજ્જો એ તાતા ગજવેલના અગડબંબ કારખાનામાં એક ટપકા જેવડા રકુ કે ચક્કરદાંતા કરતાં મોટો ન ગણાય. અને છતાં એવા એક અદૃષ્ટ તંત્રના નિયમન તળે હાલતા ચાલતા ને માલેકે નીમેલું કામ બજાવી આપતા કણાગરા દાંતા વચ્ચે અને ધબકતું હૈયું લઇને ખાતાની નોકરી બજાવવા નીકળનાર માનવી વચ્ચેનો તફાવત દેખીતો છે. વિવેકાનંદ કહેતા કે લોખંડી સલેપાટ પર દોડયે જતા એન્જિન કરતાં તે પાટા પર ચાલી જતી નાનીશી ધબળ કે ગોકળગાય વધુ મોટી છે. કારણ, એને પોતાની એવી સ્વયંભૂ પ્રેરણા આને ઇચ્છાશક્તિ છે. તેની મદદથી આ આવડું શું જંતુ એન્જિનનો અવાજ સાંભળતાં વેંત પાટા પરથી ખસી ઉતરી જઇને પોતાની જાતને બચાવી લે છે; જ્યારે હજ્જાર ઘોડાબળને જોરે દોડયું જતું એન્જિન એ જ પાટે સામેથી આવતી બીજી ટ્રેન જોયા પછી પણ પોતાને કે પોતાને આશરે રહેલાં બીજાઓને ભયાનક અકસ્માતથી બચાવી શકશે નહિ. માનવીનો દરજ્જો ધબળથી જેટલો ઉંચો તેટલી તેની ઇચ્છાશક્તિ વધુ સામર્થ્યભરી, વધુ ફળદાયી અને પોતાને માટે તેમજ પોતાની આસપાસનાં સૌને માટે વધુ કલ્યાણકારી કે અકલ્યાણકારી.

સાધન્સે સાંકડી કરી મૂકેલ આજની દુનિયામાં સુજ્જન તેમજ શિરજોર પ્રજાઓ અને વર્ગો વચ્ચેનો કલહ તીવ્રતમ થઇ ઉઠયો છે. મૂઠીભર શસ્ત્રસજ્જ ભક્ષકોનાં મતલબી સંગઠનો હેઠળ લાખો–કરોડો લાચારો દિવસગત પરસેવા પાડી પોતાનાં લોહી સૂકવે છે. સંસ્કૃતિ, કાયદો, સુલેહશાંતિ અને વ્યવસ્થાની વ્યાખ્યાઓ ભક્ષ્ય–ભક્ષક માટે જુદી જુદી છે. સબળાં નબળાંની ઠેલમઠેલ વચ્ચે સંસાર આખો એક વિશાળ યુદ્ધ-છાવણી બની ગયો છે.

આવા આ કારમા ક્રાંતિકાળ વચ્ચે ગણ્યાગાંઠયા ત્યાગી તપસ્વી દૃષ્ટાઓનાં તપોબળને પ્રતાપે આપણા જમાનાની નવી સ્લોગન (મુક્તિમંત્ર)નો જન્મ થયો. એ મંત્ર છે શૂદ્રપૂજ્ય શ્રમજીવીઓની પૂજ્યપ્રતિષ્ઠા. આજના ઋષિઓએ સમસ્ત સંસારની મંગલ અને કલ્યાણકારી શક્તિનો ઉગમ આ એક જ સ્થાને જોયો અને આ કાળના તમામ વિસંવાદોના એકમાત્ર તરણોપાય રૂપે સમાજવ્યવસ્થામાં સૌથી નીચા ને ઢળવા લોહીના ગણાએલા એ તિરસ્કૃત અને હડધૂત વર્ગોની નવેસર પ્રાણપ્રતિષ્ઠા કરવા સંસારને હાકલ કરી. આ મંત્રની સંચારશક્તિએ આજે દુનિયાની તમામ દલિત પીડિત પ્રજાઓને તેમજ જનસમુદાયોને સંગઠિત કરવાનું બીડું ઝડપ્યું છે. એ મંત્રની અસર તળે સંસારના સાહિત્યોમાં એક નવો જ સૂર સંભળાવા લાગ્યો છે. એ સૂરની ધુને મોટામોટા માનવસમાજોને અસ્વસ્થ કરી મૂકયા છે. કળાનો પ્રાણ એ જ સૂરમાં પોતાનું દર્દ આજે વ્યક્ત કરી રહ્યો છે. એ સૂર છે સંસારને અંધારખૂણે જહેમતો ખેડતાં અને મૂગાં આંસુ સારતાં અસંખ્ય દીનદુખિયાં શોષિત–વંચિતોનાં દુઃખો પ્રત્યેની સંવેદના અને એમની બંધનમુક્તિની, એમની આઝાદી અને પ્રતિષ્ઠાની ઝંખના. આ ઝંખનાએ દેશ, કોમ, ધર્મ, જ્ઞાતજાત તમામ ભેદો અને રાષ્ટ્રો તેમજ પ્રજાઓના સરહદસીમાડા ભૂંસી નાખ્યા છે. એકેએક સંવેદનશીલ માનવના આતમતાર એણે આજે ઝણઝણાવી મૂકયા છે. એ વેદના અને એ ઝંખનાવિહોણી કવિતા પર આજે સમાજ ડોલતો નથી. એના વિનાનું સાહિત્ય આજે અલૂણું, પછાતકોટિનું અને પ્રગતિવિહોણું ગણાવા લાગ્યું છે.

આવી સંવેદનાથી છલોછલ હૈયું લઇને ડા. મેઘાણી અલબેલી મુંબઇ નગરીના રસ્તાપર ને ગલીકુંચીઓને નાકે, કયાંક કચરાપટ્ટીનાં પીપેા કે ગટરમૂતરડીઓને ખૂણે તો કયાંક લગભગ એ જ બેઅદબ સ્થાનોની ગંદકીને શરમાવે એવી બદબો અને સડામાં સબડતા ઉજળિયાત સમાજ વચ્ચે કર્યા છે અને શહેર આખાની ગટર, ગંદકી ને મેલકચરા સાફ કરનારાં મેલનાં જંતુઓની જોડે જંતુ જેવું જીવન ગાળનારાં દીન માનવીઓનાં જીવનના જે સાર અંશોને સેંકડો હજારો વટેમાર્યુઓ–સાક્ષીઓ કે સાથીઓએ રોજ રોજ આંખ સામે બજવાતા છતાં છતી આંખે જોયા ન જોયા કર્યા એને ડા. મેઘાણીએ અંતરની આહ સાથે ઉપાડી લીધા છે અને તેમાંથી હરકોઇના હૈયાને હલાવનારું રસાયણ નીપજાવ્યું છે.

કયાંક કોઇ તાલેવંતે કોથળીને જોરે સુધરાઇ અમલદારો પાસે ધરાર તોડાવેલ ઝૂંપડાઓમાંથી નિરાધાર નીકળીને ઝાડ તળે પડેલાં શ્રમજીવીઓ વચ્ચે તો કયાંક અનાથ પરાયા બાળકને ઉછેરવા ખાતર બકરી પાળીને સુધરાઇ કાનૂનનું ઉલ્લંઘન કરનાર જર્ઇફ જબનાબીની ગેરકાનૂની દલીલ કટાણે મોંએ સાંભળનારી અને તે પાછળ રહેલી નૈતિક અપીલ તરફ સદંતર દુર્લક્ષ કરવાની પોતાની ફરજ સભજનારી અદાલત આગળ, કયાંક કોઇ નિરાધાર અબળા ઉપર સમાજને નિષ્ઠુર હાથે ગુજરતા કરપીણ જુલમોના સાક્ષી થવા તો કયાંક જ્ઞાતજાતના ભેદોને મેલની જેમ ખંખેરીને ધંધાના સાથીની શોકાતુર માનો સગો દીકરો બની મરનારનું તર્પણ કરનાર અને શ્રાધ્ધના પિંડ દઇ તે પહોંચ્યાની ખાત્રી માતાની પાસેથી મેળવનાર અદના શ્રમજીવીનું ઓળખાણ કરાવવા ડા. મેઘાણી વાચકને લઇ જાય છે.

મરહુમ ભગિની નિવેદિતાએ બરમી પ્રજાના જીવન અને ભાવનાઓનો ઉંડો અભ્યાસ કરનાર એક નામાંકિત સંવેદનશીલ અંગ્રેજ લેખકની સાહિત્ય કૃતિને ગૌરવપૂર્વક ઉદ્દેશીને એકવાર લખેલું કે એક પરાયી પ્રજાના જીવનની ભાવનાઓ અને સુખ દુઃખની લાગણીઓ જોડે આવડી આત્મીયતાથી ઓતપ્રોત થઇ જનાર હૈયાનો માણસ પેદા કરવો એ એક પ્રજાને માટે મોટા મહાયુદ્ધમાં મળનારી લશ્કરી જીત કરતાં વધુ મોટો વિજય અને ભગરૂશ્રીનો વિષય છે. પણ એ લખાયા પછી વીતેલા છેલ્લા ત્રણ ચાર દાયકાઓ દરમિયાન સંસારમાં પ્રજાકીય દ્વેષ હરીફાઇ અને વેરઝેરનો પારો ઉલટો એટલો તો ઉંચો ચડયો છે, અને તેમાંયે આપણે ત્યાં તો ધરગથ્થુ કોમી કલહો અને સામાજીક અન્યાયોથી પ્રજા એટલી તો ત્રાસી ઉઠી છે કે સંવેદનશીલ કલમથી લખાયેલું જેવું તેવું સાહિત્ય પણ અત્યારે અનેક બળબાઝયાં હૈયાંને ચંદનલેપની ગરજ સારે છે.

અસંખ્ય આળાં હૈયાંની અને તેવાં હૈયાંવાળા માનવીઓના બનેલા સમાજની ભીતર દિવસરાત ધૂંધવાતી કારમી વેદનાઓને આટલી સંવેદનાપૂર્વક રજૂ કરવી એ કોરા ફિલસૂફ (stoic) કે વહેવારપટુની વૃત્તિને અસાધ્ય વસ્તુ છે. તટસ્થવૃત્તિનું સમતોલન સાચવીને કે સમાજના દર્પણ બનીને સમાજના નાના મોટા ગુણદોષોનું ચિત્ર રજૂ કરનાર સિદ્ધહસ્ત સાહિત્યકારનો કાર્યપ્રદેશ પણ જુદો છે. નર્યો નરદમ વાસ્તવવાદ પણ અહીં નિષ્ફળ નીવડે છે. એ રજૂઆત તો માગી લે છે 'સો લાખન મેં એક' એવા કોઇ

પ્રેષિત કે દીક્ષિતની ધગશ, ધાલાવેલી ને અજંપો. અંગ્રેજ ગ્રંથકાર સીલીએ એના ઇશુચરિતની રજૂઆતમાં એક સ્થળે એવા કેરા ફિલસૂફ અને પેગમ્બર વચ્ચેનો ભેદ બહુ માર્મિક રીતે સમજાવ્યો છે.

'જડ ભરતની જાતના જોગી જે જગ માંયજી
ઈંદ્રિય મનની ઉપરે રહે શત્રુ સદાયજી'

એવા નર્યા જતિ જોગી કે સાંખ્યવાદીઓ સંસારની વેદનાઓને સૃષ્ટિનિયંતા ઇશ્વરના અધિકારપ્રદેશનો વિષય ગણીને તે પ્રત્યે જ્ઞાનપૂર્વકની ઉદાસીનતા સેવે છે, જ્યારે પ્રેષિત પેગમ્બર પોતાને થયેલ સત્ય દર્શનની સંસારને લહાણી કરવા ઉમ્મર આખી અજંપો સેવે છે, 'બહુજન હિતાય, બહુજન સુખાય' પ્રજાઓનાં હિત અને સુખને અર્થે વસમી જહેમતો ખેડે છે અને દેશ દુનિયા તેમજ પોતાના તમામ સમકાલીનોને વાવંટોળ કે વાવાઝોડાની થપાટો સાથે દુર્ગતિએ પોતાની સાથે ઘસડી જાય છે. દા. ત. સોક્રેટીસ, પ્લેટો જેવા જ્ઞાનીઓ પોતપોતાના કાળની દુનિયાના નભોમંડળમાં પોતાના જ્ઞાનભંડાર તથા ડહાપણનો સૌમ્ય પ્રકાશ પાડી સ્વાર્થમ્યા કે અમર થયા, ત્યારે બુધ્ધ, ઇશુ, મહંમદે અને તેમનામાં પોતાનાં ઇમાન મૂકનાર મરજીવા પ્રેષિતો અને અને વિશ્વાસીઓએ સમકાલીન દુનિયાને એકથી બીજા ઝેડા લગી ઢંઢોળી, વલોવી, ઉથલાવી પાડી લાખોના સમુદાયને બેચેન કરી મૂકયા અને અસંખ્ય સ્ત્રી પુરૂષોની જીંદગીઓનાં લક્ષ્ય ને સુકાન ફેરવી નાંખી સંસારના જીવનવહેવારમાં મહાન ક્રાંતિઓના જ્વાળ આણ્યા. આ વસમી માળાના છેલ્લા મેરૂમણિ ગાંધીજીએ પણ આપણી આજની દુનિયાં જોડે એવીજ વર્તણુક ચલાવી એના આપણે સૌ સાહેદી છીએ. આવો પેગમ્બર કે પ્રેષિત પાપભારે લદાએલી પૃથ્વી ઉપર ઇશ્વરી સ્વર્ગરાજ્ય ઉતારવાનું પોતાનું સ્વપ્ન સિધ્ધ કરવાની લગનમાં દિવસરાત જંપતો નથી, ને કોઇને જંપવા દેતો નથી. આ અજંપાને સીલીએ Enthusiasm of Humanity (માનવતાની ધાલાવેલી) એવું નામ આપ્યું છે. × ગીતાકારે એજ વસ્તુને 'લોકસંગ્રહ' કહી છે

આવી ધગશની ચિનગારીથી દાઝીને તેનો અજંપો વેદના ભાણસ પાસેથી તટસ્થ દર્શન કે રજૂઆતની અપેક્ષા રાખવી નકામી હોય છે. એ કંઈ ડાબું જમણું કશું ન જોતાં આંખે પાટો બાંધીને ન્યાય તોળવા બેસનારો ન્યાયાધીશ કે કેસ સાંભળવા અદાલતમાં આવેલો પ્રેક્ષક નથી. એ તો ખુલ્લો પક્ષકાર છે. ફરિયાદી છે. પોતાનો કેસ અગવડભર્યો અને ચોંકાવનારા સાક્ષીપુરાવા ને દાખલાદલીલો સાથે રજૂ કરે છે. થયેલ અન્યાય સામે જીવ તોડી તોડીને ન્યાય માગે છે. અદાલતના અમલદારોથી માંડીને સાક્ષી અપરાધી ને પ્રેક્ષક વર્ગ સૂધી સૌ કોઇને તે અરવસ્થ કરી મૂકે છે. ખુદ ન્યાયાધીશને પણ વેળાઅવેળા 'ઉપલી અદાલત'ની યાદ અપાવી સંકડામણમાં મૂકે છે. ભલા ભૂપની પતરાજ રાખ્યા વગર વલોવાતે હૈયે કડવું સત્ય સંભળાવે છે. બુધ્ધ ઉપદેશનાં અનેક વસમાં ધગધગતા તેજાબ-સમાં વચનો તેની આ ધાલાવેલીને આભારી છે. કબીર તુકારામ આદિ આપણે ત્યાંના સંતોએ પણ એવી જ નિર્ભીક વાણીમાં સમ-કાલીન સમાજને પોતાના સંદેશ સંભળાવ્યા છે.

આવો પ્રેષિત પેગમ્બરની અદાથી પોતાનું કામ ઉપાડે છે. ને એવીજ ધગશ ધાલાવેલીથી એનો અમલ કરવા પાછળ અંત લગી તે ઝૂટી મરે છે. એ જ રીતે આજના જમાનાનું સાચું સાહિત્યસર્જન કરનારો સાહિત્યપ્રણેતા કે કવિ દુનિયાકોઇ દેશમાં કે સમાજમાં આજે આવીજ ધગશથી પ્રેરાએલો ને દીક્ષિત માનસવાળો જોવામાં આવશે.

"આંળા હૈયાં" ને રજૂ કરનાર પ્રસ્તુત કથાઓના પ્રણેતા દા. મેઘાણી નર્યા પ્રેક્ષક, તટસ્થ વિવેચક અગર તો કેવળ 'કળાને ખાતર કળા' ની ઉપાસના કરનારા નિર્લેપ સાહિત્યકાર નથી, પણ અવ્વલથી આખર લગીના પક્ષકાર છે. પોતે સાહિત્યક્ષેત્રના વ્યવસાયી નથી, પણ ભાવના અને ભાષાવૈભવ તો આખા મેઘાણી-કુળનો જન્મગત વારસો છે એ બીનાની એક વધુ સાબિતી પ્રસ્તુત કથાકૃતિઓ દ્વારા તેમણે પૂરી પાડી છે. આ વારસાગત પૂંજીમાં પોતાના સ્વાધ્યાય કે વ્યાસંગથી તેમણે કેટલો ઉમેરો કર્યો છે એ તો હું નથી જાણતો, પણ જીવન્ત માનવ સંપર્કથી અનેક આળાં હૈયાંની મૂંગી વેદનાઓને વાચા આપીને તેમણે એ વારસાને દીપાવ્યો છે અને અનેકગણો સમૃદ્ધ કર્યો છે એમાં શક નથી. વાર્તા, સંવાદ, કટાક્ષ એમ પેરે પેરે કરીને તેમની તમામ વસ્તુસંકલના એક જ ધ્રુવબિન્દુની દિશા પકડે છે. કારમી છતાં આજના આપણા સમાજજીવનમાં સામાન્ય થઇ પડેલી હોવાથી નાની-નજીવી લાગતી બીનાઓ અને ઘટનાઓને એક સૂક્ષ્મ અવ-લોકનકારની અદાથી પકડી લઇને તેમાંથી કથાકાર ખાસા કૌશલ્યપૂર્વક કરુણ તેટલાં જ રોમાંચકારી કથાનકો ઉભાં કરે છે ને અનેક આળાં હૈયાંના ઉના આહ-નિઃશ્વાસથી વાંચનારના અંતરને હલાવી મૂકે છે.

આવી જ કોઇને કોઇ ઘટનાઓ અને વેદનાઓને સરવાળે સંસારની ક્રાંતિઓ જન્મી છે એમ આપણે જાણીએ છીએ. મીસીસ સ્ટોના 'અંકલ ટોમની કુટિરે' અમેરિકન ક્રાંતિ નજીક આણી ને નિગ્રો જાતિની ગુલામીની બેડીઓ તોડવામાં સંગીન ફાળો આપ્યો એ જાણીતી બીના છે. એ જ રીતે પોતાની કલાકૃતિ દ્વારા જર્મન ક્રાંતિમાં ફાળો આપનાર એક બાઇનું દોરેલ ચિત્ર વર્ષોની વાત પર કોઇ અંગ્રેજી માસિકમાં ઉધ્ધૃત થયેલ મેં જોયેલું. ખગ્રાસ સૂર્યગ્રહણની વેળા જેવી વિષાદમય અભદ્ર અંધાર પાર્શ્વભૂમિ વચ્ચે એક હળ ખેતરમાં ચાસ કાઢી રહ્યું છે; ઘોડાની જગાએ બે માનવી જૂતયાં છે, એક પુરૂષ અને બીજી સ્ત્રી. ચિત્રમાં પુરુષ પશ્ચાદ્ ભાગે ને સ્ત્રી સન્મુખે દેખાડયાં છે. પશુ સ્થાને જુતેલ બે માનવી—અને પાછળ હાંકનાર ત્રીજુ માનવી એમ ત્રણે પર કોઇ ભયાનક ઓથારના ઓળા સમો અંધારમય વિષાદ છવાયેલ છે. પણ ચિત્ર જોતાંવેંત સૌથી પ્રમુખપણે તો દેખાય છે ઢોરની ઢબે ઝૂંસરે જૂતેલ અને કષ્ટભારે એવડ વળી ગયેલ સ્ત્રીની લગભગ ફાટીને લોહીના ટશિયા આવી ગયેલ ડાબી આંખ. એક બે દાયકા એ ચિત્ર જોયાને વીત્યા હશે, પણ વિષવેદનાના ઓળા નીંગળતા એ ચિત્રમાં આખી પ્રજાની—એક આખા જમાનાની—વેદનાને સામટી ઠાલવતી પેલી આંખ હું કદી ભૂલી શકયો નથી. ચિત્ર તળે કે બીજે કયાંક એવું પણ વાંચ્યાનું મને સ્મરણ છે કે જર્મનક્રાંતિમાં આ ચિત્રે પૂરેલ દ્વિસ્સો મિસીસ સ્ટોના 'અંકલ ટોમ્સ કબીન' જેવો જ કંપક હતો. એ એક જ આંખમાંથી જર્મન ક્રાંતિ ઝરી હતી. આપણે ત્યાંના આજના ક્રાંતિકાળને જુદે જુદે તબકકે રચાએલા 'ધણ રે બોલે ને ઐરણ સાંભળે' 'દિલડાના ડુંગરામાં દાવાનળ લાગિયા' 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ' વગેરે કાવ્યો અંગર તો આઝાદ હિંદ ફૌજનું 'કદમ કદમ બઢાયે જા' વાળું આપણું છેલ્લામાં છેલ્લું રાષ્ટ્રગીત આપણે ત્યાંની ક્રાંતિની લડતોમા સમયે સમયે તેવોજ ફાળો પૂરનાર પ્રતિભાની પ્રસાદી છે.

દા મેઘાણીને તેમજ પ્રકાશક સંસ્થાને આ વાર્તાસંગ્રહ પુસ્તક રૂપે ગુજરાતી વાચકવર્ગને આપવા બદલ હું ઝગરનાં અભિ-નંદન આપું છું. વાર્તારૂપે રજૂ થતાં આવાં ચિત્રો હંમેશાં સાંગો-પાંગ વાસ્તવદર્શી હોય છે એમ કોઇ ન માને. માનવી ભાવનાઓની ભીતર વલોવાતા અને ધૂંધવાતા જ્વાળામુખીના ઉદ્રેક અને ઝંઝાવાતોની વેદનાઓના એ સૂચક માત્ર હોય છે. એ વેદનાનાં તોલમાપ ન તો કાછિયાને ત્રાજવે નીકળે, ન મારવાડી બજારને કાંટે. એનાં મૂલ તો જેને વીતી હોય તે જાણે, કાં જાણે જેનાં અંતરકપાટ આ વાર્તા-ઓના લેખકની જેમ સહાનુભૂતિનાં બાષ્પબિન્દુથી ભીંજાઇને ભીનાં થયાં હોય ને સંવેદનાના રસાયણથી રસાયાં હોય.

વાપી, ૩૦-૧-૪૫ **સ્વામી આનંદ**

× જુઓ પ્રો. સીલી પ્રણીત Elece Homo માંનું Enthusiasm of Humanity શીર્ષક પ્રકરણ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૨

મુંબઈ: ૧૫ મે ૧૯૪૬ બુધવાર.

લવાજમ
૩પૈસા ૩

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની રાહત પ્રવૃત્તિ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી મુંબઇ તેમજ પરાંઓમાં વસતા અને રાહતની અપેક્ષા ધરાવતા કોઇ પણ જૈન કુટુંબને નીચે મુજબની મદદ આપવાની ગોઠવણ કરવામાં આવી છે.

(૧) રેશનના માસિક બીલોની જે રકમ થાય તેના સાધારણ રીતે ૫૦ ટકા અને અસાધારણ સંયોગોમાં ૭૫ ટકા સુધીની માસિક મદદ આપવી.

(૨) ઉપર જણાવેલ રેશન રાહત આપવાનું એક યા બીજા કારણે શકય ન હોય ત્યાં માસિક રૂ. ૧૫ સુધી રોકડ રાહત આપવી.

(૩) કોઇ પણ કુટુંબની ખાસ અગવડ કે મુંઝવણના પ્રસંગે રૂ. ૨૫ સુધી તાત્કાલિક આર્થિક મદદ કરવી.

(૪) કુટુંબની કોઇ માંદગીના પ્રસંગે દવાદારૂ વગેરેને પરચુરણ ખર્ચને પહોંચી વળવા માટે રૂ. ૨૫) સુધીની રોકડરકમ વૈદ્યકીય રાહત તરીકે આપવી. આ ઉપરાંત જાણીતા દવાવાળાઓ અને ડાકટરો પાસેથી મફત દવા અને ડાકટરી ઉપચાર મળી શકે એવી ગોઠવણ કરવી. (કેટલાક દવાવાળાઓ તેમજ ડાકટરો સાથે આ ગોઠવણ વિચારાઇ રહી છે, જેનો અમલ બહુ થોડા સમયમાં શરૂ કરવામાં આવશે.)

આ ઉપરાંત કોઇ પણ અસાધારણ સંયોગોમાં તાત્કાલિક આર્થિક તેમજ વૈદ્યકીય રાહત માટે જૈનં તેમજ જૈનેતર કુટુંબને રૂ. ૫૦) સુધીની મદદ આપવાની રાહતસમિતિના મંત્રીને સત્તા આપવામાં આવી છે.

આ રાહત નીચે જણાવેલ યાદીમાંથી કોઇ પણ વ્યક્તિને મળવાથી મેળવી શકાશે.

શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ, સોલીસીટર, મલબાર વ્યુ નં. ૨, ચોપાટી પાછળ, મુંબઇ ૭.
,, પરમાનંદ કુંવરજી કાપડીઆ, ગંગારામ વાડી, બાબુલનાથ રોડ, મુંબઇ ૭.
,, વેણીબહેન વિનયચંદ કાપડીઆ, મલબાર વ્યુ નં. ૧, ચોપાટી મુંબઇ ૭.
,, મેનાબહેન નરોત્તમદાસ, ૨૬૬/૨૭૦ ત્રીભોવન કેશવજીનો માળો, ફ્રીયર રોડ, રોડ, મુંબઇ ૧.
,, જસુમતીબહેન મનુભાઈ કાપડીઆ, બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ બી બ્લોક ગીરગામ ટ્રામ ટરમીનસ પાસે, મુંબઇ ૪.
,, બ્રજલાલ ધરમચંદ મેઘાણી, રામનિવાસ, નવરોજ લેન, ઘાટકોપર.
,, ચુનીલાલ કલ્યાણજી કામદાર, સોનાવાળા બીલ્ડીંગ નં. ૭ બી, તારદેવ, મુંબઇ ૭.
,, રતીલાલ ચીમનલાલ કોઠારી, ડાયમન્ડ મરચંટ્સ એસોસીએશન, ધનજી સ્ટ્રીટ, મુંબઈ ૩.
,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ, સોનાવાળા બીલ્ડીંગ, ૬૭, મરીન ડ્રાઇવ મુંબઇ ૧.
,, કાળીદાસ હરજીવનદાસ, ઘોઘારી વીશા શ્રીમાળી જૈન દવાખાનું, મસજીદ બંદર રોડ, મુંબઇ ૩.
,, હરિલાલ શંભુલાલ શાહ, ૪૩, નાગદેવી ક્રેસ લેન, મુંબઇ ૩.
,, લખમશી ઘેલાભાઈ, દેરાસર લેઇન, ઘાટકોપર.
,, દીપચંદ ત્રીભોવનદાસ શાહ, ડે. મેટ્રો ટ્રેડીંગ કંપની, નાગદેવી ક્રોસ લેઇન, મુંબઇ ૩.

આ રાહત આપવાની પ્રવૃત્તિ અને ખાસ કરીને માસિક રાહત આપવાની યોજના હાલ પુરત આવતી દીવાળી સુધી ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. ત્યારબાદ સંઘને જે। સમાજના સુસ્થિત વર્ગનો આ પ્રવૃત્તિમાં જેવો આર્થિક સહકાર મળશે તે મુજબ આ પ્રવૃત્તિ અથવા તો એમાંના ચોકકસ અંગોને આગળ લંબાવવામાં આવશે.

ઉપરની જાહેરાત ધ્યાનમાં લઇને મુંબઇ અને પરાંઓમાં વસતા જે કોઇ જૈન કુટુંબને મદદની અપેક્ષા હોય તે કુટુંબના મુખ્ય માણસે ઉપર જણાવેલ વ્યક્તિઓમાંથી કોઇને પણ મળવું અને પોતાની જરૂરિયાતની પ્રતીતિ કરાવવી—આવી પ્રતીતિ થયે તે વ્યક્તિ તરફથી તેને જરૂરી મદદ આપવામાં આવશે. આવી મદદ લેનારાઓને લગતી સર્વ માહીતી તદ્દન ગુપ્ત રાખવામાં આવશે. માટે કોઇ પણ માણસે આવી મદદ લેતાં જરા પણ સંકોચ કરવો નહિ. જે કોઇ ભાઇ આવી મદદની અપેક્ષા ધરાવતા જૈન કુટુંબને જાણતા હોય તેણે તે કુટુંબના મુખ્ય માણસને આ રાહત યોજનાની જાણ કરવી અને તેના સંકોચને દૂર કરવો એવી અમારી વિનંતિ છે. આજના વિષમ સમયમાં એક ઠેકાણે ધનનો પ્રવાહ વહે છે જ્યારે બીજે ઠેકાણે તંગી અને મુંઝવણનો પાર નથી. આજે ભુખમરાના અને આપઘાતના અનેક કીસ્સાઓ બને છે. આજની હાડમારીઓ અને મુંઝવણને પહોંચી વળવાનું કાર્ય અમારી શકિત બહારનું છે એમ છતાં નાની સરખી પણ રાહત જનતાના નાના સરખા વિભાગને પહોંચાડવાનો અમારો આ નમ્ર પ્રયાસ છે. આ પ્રયાસને બને તેટલો સહકાર આપવા અને આ ઘેરણે સ્થળે સ્થળે રાહતયોજના શરૂ કરવા જૈનસમાજને તેમ જ બહુ જનસમાજના અગ્રણીઓને અમારી આગ્રહ ભરી વિનંતિ છે.

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ કાર્યાલય
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

દીપચંદ ત્રીભોવનદાસ શાહ
મંત્રી, રાહત સમિતિ.

સાધુ

છે જહાંમાં લાખ, ઈશ્વર માનનારાઓ,
ક્યાં છે, મગર ક્યાં છે હકીકત જાણનારાઓ ?

'સાગર.'

બે ભાઇઓ બેલ્જીયમની એક જ વિદ્યાપીઠમાં અભ્યાસ કરતા હતા. મોટાની ઇચ્છા પાદરી બની જગતમાં ભગવાન ઇસુના નામે કાર્ય કરવાની અને નાનાની સાહિત્યના પ્રોફેસર બનવાની હતી. મોટો ભાઇ તો તુરતમાં પાદરી બની દક્ષિણ મહાસાગરના કોઇ એકાન્તિક ટાપુમાં મીશનરી તરીકે જવાનો હતો. દિવસ અને રાત તેને તે ટાપુમાં રહી તદ્દન જંગલી અને મનુષ્યાહારી સમાજની સેવા કરવાના અને ત્યાંના ભૌગોલિક વિષયોનો અભ્યાસ કરવાના સ્વપ્ના આવતા. જ્યારે જ્યારે તે પોતાની ધારેલી કાર્ય પધ્ધતિ અને યોજનાની વાતો તેના નાના ભાઇને કહેતો ત્યારે તે હર્ષાતુર થઇ જતો અને કોઇ અદ્‌ભુત આનંદ અનુભવતો હોય તેમ લાગતું. કોઇ કોઇ વખતે તો તે આવેશમાં આવી ગદ્‌ગદિત કંઠે બોલી ઉઠતો કે "પ્રભુ ? તું ત્યાં દૂર દૂર ટાપુમાં મારી રાહ જોઇ રહેલો છે તો હું આવું છું. તુરત આવું છું."

તેના પ્રયાણની તૈયારી પૂર્ણ થાય તે પહેલાં તો એક દિવસે અચાનક તે ગંભીર માંદગીનો ભોગ થઇ મૃત્યુને બીછાને પડયો. માંદગી કે મૃત્યુના ભય કરતાં પણ તેના ધારેલા સ્વપ્નાઓ સ્વપ્ના જ થઇ જશે અને દુઃખી જગતને પોતાની રંક સેવા અર્પણ કરતાં પહેલાં તેનું જીવન ખતમ થઇ જશે—એવું માનસિક દુઃખ તેને વધુ બેચેન બનાવતું હતું. જ્યારે દૂરના ટાપુમાં અનેક દુઃખી આત્માઓ, અને અનેક ગુમરાહ જીવાત્માઓ તેની રાહ જોઇ બેઠા છે ત્યારે તેને બીજી દુનિયામાં જવું પડે છે." એ વિચારો તેના આત્માને વલોવી રહ્યા હતા અને મૃત્યુવખતની શાન્તિ હરી લેતા હતા. તેટલામાં તેનો નાનો ભાઇ તેની અંત પથારી પાસે આવી શાન્તિથી બોલ્યો કે "ભાઇ જો તારૂં ધારેલું કામ હું ઉપાડી લઉં તો તને શાન્તિ મળશે ? હું તારૂં કાર્ય કરવા અને તે દૂરના ટાપુમાં જઇ સેવા આપવા તૈયાર છું." આ શબ્દામૃતથી તે બિમારમાં નવું ચેતન આવ્યું. પુનઃ તેની ફીકકી આંખમાં તેજ ઉભરાયું અને શાન્તિનો શ્વાસ લેતા લેતાં તેણે નાના ભાઇનો હાથ દાબ્યો અને હસતા હસતા આંખથી સમંતિ આપતો હોય તેમ કાયમ માટે આંખ ઢાળી ગયો.

આજ ક્ષણથી તે નાનકડા યુવકના જીવનનો રાહ બદલાયો અને જીંદગીની આશા પલટાઇ ગઇ. વર્ષો સુધી લીધેલી તાલીમ અને પ્રોફેસર થઇ પ્રખર સાહિત્યકાર થવાની ભાવના ભાઇ માટેના આત્મવિલોપનમાં પર્યાપ્ત થઇ ગઇ. તેણે સત્તાવાળાને લખી નાંખ્યું કે તેના મોટા ભાઇને બદલે પોતે દક્ષિણ મહાસાગરના ટાપુમાં મીશનરી તરીકે જશે.

આ વાતને અમુક સમય વીતી ગયો. એકદા તે વિદ્યાપીઠના છાત્રાલયમાં વાંચતો બેઠો હતો તેટલામાં એક અધ્યાપક આવીને કહ્યું કે "જોસફ ડેમીયન ! તારે દક્ષિણ તરફના ટાપુમાં જવાનું છે. માટે તૈયારી કર. આઠેક દિવસમાં વહાણ ઉપડશે." આમ કહી સત્તાવાળાનો કાગળ તેને આપ્યો. ડેમીયન આ સાંભળી કૂદયો અને આનંદમાં આવી લગભગ નાચવાં લાગ્યો. આ જોઇને બીજા વિદ્યાર્થીઓને નવાઇ લાગી અને તેને પુછ્યું કે " આમ દેશનિકાલ જેવી સ્થિતિમાં મુકાતા તને કેમ આનંદ થાય છે ? તારી માતૃભૂમિ કે જ્યાં તારા ભાઇઓ વસે છે, જ્યાં તારી પોતાની ભાષા બોલાય છે, તેવું વહાલું વતન છોડવાની વાતથી તું કેમ આટલો બધો રીઝે છે ? તારા માયાળુ મિત્રો અને અનેક સ્નેહિઓનાં પ્યાર મૂકી શા માટે પેલા દૂર દૂર પડેલા એકાન્તિક, મિત્ર કે સંગાથી વિનાના, તોફાની સાગરને પેલે પાર આવેલા ટાપુમાં અનાડીઓની વચમાં વસવું અને કામ કરવું ? તને ગમે છે ?" આના જવાબમાં તેણે ઉંચે આકાશ સામું જોઇને મુંગી વાણીમાં સુચવ્યું કે "મારા માલિકની ઇચ્છાથી ! તેના આદેશથી !"

જ્યારથી તેણે પોતાના માંદગીની પથારીયે પડેલા મોટાભાઇને વચન આપ્યું હતું, ત્યારથી જ તેણે માયાવી દુનિયા સાથેનો વ્યવહાર છોડયો હતો. અને પ્રભુના આદેશની રાહ જોઇને બેઠો હતો. એટલે જ્યારે જવાનો સમય આવ્યો ત્યારે ખુશાલી થાય તેમાં નવાઇ નહોતી. દુનિયાદારીના વૈભવો કરતાં, સ્નેહિઓના સ્નેહ-બંધન કરતાં અને આપ્તજનોના મૃદુપ્યાર કરતાં પણ વિશેષ કિમત અને લાગણી તેને પોતાના વચન માટે, પ્રભુ અને તેના દુઃખી બાળકો માટે હતી, તેને થોડાના બંધનમાં બંધાયા કરતાં વિશ્વ-પ્રેમમાં સમાવું હતું. "સ્વજનને સૌ કોઇ સંભાળે પણ પતિતને કોઇ ન પાળે." તે વાત તેને આંતર વેદના કરતી હતી. દુનિયાના સામાન્ય માણસોને આ તિતિક્ષા હોતી નથી. એટલે તે સૌ ડેમીયનને પાગલ માને તેમાં જરાય નવાઇ નથી. પણ વારસવિત રીતે તો તે પ્રભુના માર્ગમાં હતો...

એક બાળક જેટલા નિર્દોષ અને મસ્તાન હૃદયે તેણે પાદરી ધર્મની દીક્ષા લીધી અને તે દક્ષિણના ટાપુમાં પ્રભુના નામે તેના બાળકોની વચમાં કામ કરવા ગયો. ત્યાં તેણે પોતાની તેત્રીશ વર્ષની જીંદગી સુધી સનત્ કામ કર્યું. એક વખતે પ્રસંગોપાત ત્યાંના વૃદ્ધ ધર્માધિકારીઓએ અફસોસ દર્શાવ્યો કે મોલોકી ટાપુમાં સખ્યાબંધ રકતપિત્તિયાંઓ દુઃખ અને દર્દથી હેરાન પરેશાન થઇ રહેલા છે. તેઓની સંભાળ લેવાને કે આખરનું પ્રભુ નામ લેવરાવવાને મારે ત્યાં કોઇ વ્યકિત નથી. પોતે અતિ વૃદ્ધ હોવાથી વધુ સેવા આપી શકે તેવી તેનામાં શારીરિક શકિત નથી અને ત્યાં મોકલી શકાય તેવી સ્વાર્થત્યાગી કોઇ વ્યકિત પણ પોતાના પાસે નથી. ડેમીયને આ રકતપિત્તિયાંઓનાં દુઃખની ઘણી વાતો સાંભળી હતી. અને દરેક વખતે તેનું હૃદય કોઇ અકથ્ય દુઃખે રડયું હતું તેથી આ વાત સાંભળી તેનું હૃદય એકદમ ભરાઇ આવ્યું. તેણે તુરત મોલોકી ટાપુમાં રકતપિત્તિયાઓની સેવા માટે જવાનું નકકી કર્યું. તેના જીવનનો આ બીજો આત્મ-ભોગ હતો. પહેલો ભાઇ માટે—વચન માટે, બીજો દુઃખી માટે, દર્દી માટે, પ્રભુના તજાયેલાં તે સૌ સંતાનો માટે ! પહેલામાં તો માતૃ-ભૂમિ બેલ્જીયમ છોડી જંગલીઓમાં વસવાનું હતું, જ્યારે બીજામાં તે કરતાં હજારોગણાં ભયંકર રકતપિત્તિયાના ઘૃણિત સમાજમાં જઇ વસવાનું અને જગતથી બહિષ્કૃત થવાનું હતું. આ દર્દ અને દર્દી કેવાં ચેપી હોય છે, જગતના પ્રભુવિહોણા માનવીઓને તે તરફ નજર કરતાં પણ કેટલો ત્રાસ અને તિરસ્કાર છૂટે છે તે ડેમીયન જાણતો હતો. ખૂદ દર્દીઓના માબાપ કે નજદિકના આપ્તજનો પણ તેના સંસર્ગમાં આવવાને રાજી હોતા નથી તે વાત તેનાથી અજાણી નહોતી. એક વખતે ભાનભૂલેલી દુનિયા આવા લોકોને જીવતા દાટી દેતી કે બાળી નાખતી તે તેણે વાંચેલું તે ઉપરથી તેણે પોતાની આખ-રની ભયંકર સ્થિતિની પણ કલ્પના કરી લીધી કે કદાચ એક દિવસે પોતે પણ તેજ રકતપિત્તિયાની પંકિતમાં રકતપિત્તિયો થઇ બેસશે, તેની શારીરિક સુખાકારી અને માનસિક શાન્તિ લૂટાઇ જશે અને જગત તેને મૂર્ખ માની હસશે અને તજશે ! પણ જગતના સ્વાર્થી પ્યાર અને વ્યાપારી વૃત્તિથી પર પહોંચેલો ફાધર ડેમીયન, તો એટલું જ જાણતો હતો કે "ખૂદ પિતા જીસસે આવા દર્દીઓની સુશ્રુષા કરી છે તો હું'ય તેનો પુત્ર છું, પિતાના ગુણનો વારસદાર છું. તેના માર્ગનો દિક્ષિત સાધુ છું. ધર્મદાશાસ્ત્રોમાં પ્રભુનો કોલ છે કે—તે હંમેશાં ગરીબોના, દુઃખીના, દર્દીના કે પતિતના સ્વરૂપેજ જગતને આંગણે ખડો છે. એટલે આ સિવાય હું તેને કયાં ઢુંઢીશ—કયાં પામીશ ?" આવી ભવ્ય ભાવનાથી ફાધર ડેમીયન એક સાધુને—મર્દને છાજતો માર્ગ લઇ પોતાનો અભ્યાસ અને સાધુતા દીપાવવા મોલોકી ટાપુમાં ગયો. ત્યાં રકતપિત્તિયાઓને તેણે એકજ સંદેશો સુણાવ્યો કે " બલે બીજાઓ

(અનુસંધાન પૃષ્ટ ૧૪ જુઓ)

'ઝાંસીની રાણીની ટુકડી'માંની બે બહેનોનું સન્માન

તા. ૨૯-૪-૪૬ સોમવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પાયધુની ઉપર આવેલા જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના કાર્યાલયમાં આઝાદ હિંદ ફૌજની 'ઝાંસીની રાણીની ટુકડી'માંની બે જૈન સ્ત્રી સૈનિકાઓ–શ્રી લીલાવતી બહેન તથા તેમનાં પુત્રી શ્રી રમા બહેનનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. સંઘના પ્રમુખશ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે બે બન્ને બહેનોનું અભિનન્દન કરતાં હિંદની આજ સુધીની રાષ્ટ્રીય લડતમાં બહેનોએ આપેલો ફાળો, ૧૯૪૨ ની લડત, આઝાદ હિંદ ફૌજની રચના, ઝાંસીની રાણીની ટુકડીની વિશેષતા વગેરે બાબતો ઉપર વિવેચન કર્યું હતું. અને બે બન્ને બહેનોને સંઘ તરફથી આવકાર આપ્યો હતો. આ સન્માનના ઉત્તરમાં શ્રી લીલાવતી બહેને તેમ જ શ્રી રમા બહેને પોતાના કેટલાક અનુભવો રજુ કર્યાં હતાં. તે બન્ને વ્યાખ્યાનો અહીં પ્રગટ કરેલ છે. ત્યારબાદ કેટલીક ચર્ચા અને વિચારવિનિમય થયો હતો. સંઘના મંત્રી શ્રી વેણીબ્હેન કાપડીયાએ સ્ત્રી શક્તિના પ્રતીકસમા શ્રી. લીલાવતી બ્હેન તથા રમાબ્હેનનો આભાર માન્યો હતો અને તેમને પુલહાર સમર્પણ કરવામાં આવ્યા હતા. આઝાદ હિંદ ફૌજના સમુહ ગીતથી સભાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને વન્દેમાતરમ્ બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી. —તંત્રી]

શ્રી લીલાવતી બહેનનું પ્રવચન.

માનવંતા પ્રમુખશ્રી, ભાઇઓ તથા બહેનો !

તમને બધાંને અહીં ભેગા થયેલાં જોઇ મને ખૂબ આનંદ થાય છે. નેતાજી સુભાષચંદ્ર બોઝ પણ આવીજ રીતે હિન્દીઓને ભેગાં કરી આઝાદીની ધૂન લગાવતા. તમે સૌએ આઝાદ હિન્દ ફૌજ માટે ઘણું વાંચ્યું અને સાંભળ્યું તો છે. પરન્તુ આજે હું આપ-સમક્ષ 'ઝાંસીની રાણી રેજીમેન્ટના' મારા થોડાક અનુભવો કહીશ.

જ્યારે બ્રીટીશરો રંગુન છોડી ચાલ્યા ગયા અને જાપાનીસોએ રંગુનનો કબજો લીધો ત્યારે થોડા વખત માટે તો ખૂબજ અંધાધુંધી ને ત્રાસ ફેલાઇ રહ્યો હતો. કેટલાય હિન્દી સ્ત્રીઓ મહીનાઓ સુધી ઘરબહાર નીકળી શકતી નહોતી. અમે અમારા ઘર પર એક પાટિયું લગાવેલ હતું કે 'આ ઘરમાં પૂજ્ય મહાત્મા ગાંધીજી, પંડિત જવાહરલાલ નેહરૂ તથા હિન્દના અન્ય નેતાઓ આવીને ઉતર્યા હતા; આ ઘરમાં નેશનાલીસ્ટ હિન્દીઓ રહે છે.' આ વાંચી જાપાનીસ સોલજરો અમને કોઇપણ બાબત માટે હેરાન કરતા નહોતા, આ પુરવાર કરે છે કે હિન્દી નેતાઓ કે જેઓ રાષ્ટ્રની સ્વતંત્રતા માટે લડી રહ્યા છે તેઓનું પરદેશમાં પણ કેટલું માન છે. ત્યાર પછી શ્રી સુભાષબાબુએ મલાયા અને બરમામાં 'ધી ઇન્ડીઅન ઇન્ડીપેન્ડન્ટ લીગ, 'આઝાદ હિન્દ ફૌજ અને ઝાંસીની રાણી રેજીમેન્ટ', શરૂ કરવા માટે ત્યાંની પ્રથમ મુલાકાત લીધી. બધાં ભાઇ બહેનોને તેમનો આદેશ તથા વિચારો જણાવ્યા અને રાષ્ટ્રની આઝાદી હાંસલ કરવા માટે સર્વસ્વનો ભોગ આપવાની હાકલ કરી. એમના શબ્દોમાં એટલી શક્તિ, એટલી તીવ્ર રાષ્ટ્રભાવના અને પોતાના દેશબંધુઓ પ્રતિ ઉત્કટ પ્રેમભાવ હતો કે તેમણે અમારા દીલમાં હિંદની આઝાદી માટે જવાળા પ્રગટાવી. એમના શબ્દો અમારૂં હૃદય વીંધી આરપાર ઉતરી ગયાં. તેમની દેશ માટે પોતાનું સર્વસ્વ હોમવાની ઇચ્છા અને નિસ્વાર્થ બુદ્ધિએ અમને તેમની સાથે કાર્ય કરવા પ્રેરણા આપી.

અમારૂં આખું કુટુંબ 'હિંદી સ્વાતંત્ર્ય સંઘ'માં જોડાયું. ૧૯૪૩ ઓકટોબરની તા. ૨૧ મીએ બરમા તથા મલાયામાં 'ઝાંસીની રાણી રેજીમેન્ટ' સ્થાપવાનું કામ શરૂ કર્યું. રંગુનમાં દશ બાળાઓ સાથે મારે હાથે કેમ્પ ખુલ્લો મૂકાયો. કેમ્પમાં ટ્રેનિંગ શરૂ થયા પછી ધીરે ધીરે બરમા તથા મલાયાની મળી એક હજાર હિંદી બ્હેનો તથા બાળાઓની સંખ્યા હતી. કેમ્પની ટ્રેનિંગ વિષે શ્રી રમાબ્હેન આપને દુંકમાં કહેશે.

અમે તો 'આઝાદ હિંદ ફૌજમાં' નાના સૈનિક હતાં છતાં કેટલીક વાતો અને મુદ્દાઓએ અમારા ઉપર ઉંડી છાપ પાડી છે, અને હું આશા રાખું છું કે એ મુદ્દાઓને આપ પણ જીવનમાં ઉતારશો.

પહેલો મુદ્દો :–એકતા–આ નાના શબ્દને શ્રી સુભાષબાબુએ અજબ અસરકારક રીતે હિંદીઓ સમક્ષ રજુ કર્યો હતો. નાત, જાત, ધર્મ, ગરીબ, તવંગર, રૂપ, રંગ, નાનાં, મોટાં એવો કોઇ ભેદભાવ ત્યાં નહોતો. અમે સર્વે એક જ હતા; હળીમળી એક બીજા તરફ ખૂબ પ્રેમથી વર્તતા અને એક જ આદર્શને પહોંચવા માટે સૌ સાથે મળી પ્રયત્ન કરતાં હતાં. અમારી ભાવના કે હેતુ સિદ્ધિની આડે એક પણ જનનો ભેદભાવ નડતરરૂપ થતો નહોતો. હિંદુ, મુસ્લીમ, પંજાબી, બંગાળી, મદ્રાસી એ સૌ ભાઇ–બ્હેનો, શરીરનાં જુદાં જુદાં અવયવો પોતપોતાનું કામ બજાવે તેમ, અમને સોંપા-એલું કાર્ય બજાવતાં હતાં. અત્યારે હિંદમાં જે ન્યાતજાત અને ધર્મના ઝઘડા ચાલી રહ્યા છે, એ જોઇ અમને ઘણું દુઃખ થાય છે, અને જ્યારે આપણે આ ભેદભાવ કાઢી નાખીશું ત્યારે જ આપણે ખરા આઝાદ બનીશું !

બીજો મુદ્દો:–શ્રદ્ધા–આઝાદ હિંદ ફૌજમાં દરેક વ્યક્તિને પોતાના ધ્યેયમાં અડગ શ્રદ્ધા અને વિશ્વાસ હતાં. 'ચલો દિલ્હી'ની હાકલે અમારા અંતરના એકેએક તારને ઝણઝણાવી મૂકયો હતો; એ જ અમારો શ્વાસ અને એ જ અમારો પોકાર હતો; એમાં જ અમને અપૂર્વ શ્રદ્ધા, ઉંડો વિશ્વાસ અને અચળ પ્રતીતિ હતી.

ત્રીજો મુદ્દો:–આત્મભોગ–આઝાદ હિંદ ફૌજના દરેક સૈનિકમાં પોતાનું સર્વસ્વ અર્પણ કરવાની તથા પૂર્ણ આત્મભોગ આપવાની તૈયારી કંઇ ઓર જ હતી. અમે બધાં નેતાજીના એક બોલે અમારૂં સર્વસ્વ અર્પતા જરા પણ ખચાતાં નહિ. આજ કાલના ભાડૂતી સિપાઇઓ આઝાદ હિંદ ફૌજમાં નહોતા. તેથી ઉપરના ત્રણ મુદ્દાઓ અમારો જીવનમંત્ર બના રહ્યા હતા. આ મંત્રથી અમે બધાં સાવ નિર્ભય બન્યાં હતાં. જેનો દાખલો આપું છું.

રાત દિવસ બોમ્બિંગ ચાલતું હોય તે વખતે પણ જરૂર પડયે અમે ખુલ્લા મેદાનમાં હથિયારો સાથે ઉભાં રહેતાં ને ઘણી વખત ઘાયલ થએલા માણસોની સારવાર કરતા અથવા તેમને હોસ્પિતાલમાં લઈ જવાનું કામ કરતાં. મારૂં કાર્ય તો રોજ સવારનાં સાડા સાતથી સાંજના પાંચ સુધી ઘેર ઘેર ફરી બ્હેનો, બાળાઓ અને પુરૂષોને આઝાદ હિંદ ફૌજમાં જોડાવા માટે સમજાવવાનું હતું.

ભાઇઓ અને બ્હેનો ! નેતાજીએ આપેલ આ મંત્ર હિંદમાં નિરંતર જવલંત કેમ રહે એ જ અમારી તમન્ના છે. અને આપ બધાં તેને અમર કરવામાં સાથ આપશો એવી મને ખાતરી છે.

મુંબઇમાં 'આઝાદ હિંદ ફૌજ' તથા 'ઝાંસીની રાણી રેજીમેંટ' માટે અહીંની જનતા તથા કોંગ્રેસ તરફથી જે મદદ, લાગણી તથા માન મળ્યાં છે તે જોઇ અમને ખૂબ આનંદ થાય છે, અને મને આશા છે કે આ ત્રણ મુદ્દાઓનું પાલન કરવા બધાં ભાઇઓ, બ્હેનો અને બાળકો જરૂર તૈયાર થઇ 'સ્વયંસેવક દળો' શરૂ કરશે.

તમે બધાંએ આજે અમને માન આપીને અમારા અનુભવો સાંભળ્યા તેથી હું તમારા બધાનો ખૂબ આભાર માનું છું. "જય હિંદ"

શ્રી રમાબ્હેનનું પ્રવચન.

માનનીય પ્રમુખશ્રી, ભાઇઓ તથા બ્હેનો,

આજે આપ સર્વેએ અમને અહીં બોલાવી I. N. A. તથા નેતાજી સુભાષચંદ્ર બોઝને જે માન અને આદર આપ્યા છે,

(અનુસંધાન પૃષ્ટ ૧૨ જુઓ)

सच्चस्स आणाए उवट्ठिए मेहावी मारं तरति ।
સત્યની આણમાં રહેનારો બુદ્ધિમાન માનવી મૃત્યુને તરી જાય છે.

પ્રબુદ્ધ જૈન

सत्यपूतां वदेद्वाचम्

મે ૧૫ ૧૯૪૬

શ્રી. ભુલાભાઈ દેસાઈ.

શ્રી. ભુલાભાઈ દેસાઇના અવસાનથી હિન્દે એક અગ્રણી લોક સેવક ગુમાવ્યો છે અપ્રતિમ બુદ્ધિ પ્રતિભાએ તેમને એક સમર્થ ધારાશાસ્ત્રી બનાવ્યા. થોડો સમય પ્રેફેસર રહી, કાયદાના ક્ષેત્રમાં ઝુકાવ્યું, બીજાઓને જ્યાં વર્ષો સુધી રાહ જોવી પડે છે, ત્યાં શ્રી. ભુલાભાઇએ તુરત જ પોતાનું સ્થાન જમાવ્યું. તિક્ષ્ણ બુદ્ધિ, ત્વરિત નિર્ણય શકિત, અસાધારણ સ્મરણ શકિત, મનુષ્ય સ્વભાવની ઉંડી સમજણ, અંગ્રેજી ભાષા ઉપરનો અદ્‌ભુત કાબુ—આ તત્ત્વોએ તેમને વિજય આપ્યો.

૧૯૨૮ માં તેઓએ પ્રથમ જાહેર કાર્યમાં ભાગ લીધો. બારડોલી સત્યાગ્રહ પછી, મહેસુલ પધ્ધતિ અને કરની તપાસ માટે બ્રુમફીલ્ડ તપાસ સમિતિ નીમાઈ તેમા શ્રી. ભુલાભાઇએ ખેડુતોનો પક્ષ રજુ કર્યો અને સફળતાથી પૂરવાર કર્યું કે મહેસુલ વસુલ ગેરવ્યાજબી હતું. તેમની શકિતઓનો જાહેર પરિચય મળ્યા પછી પ્રજા સેવામાંથી તેમનાથી કેમ છુટાય ? ૧૯૩૦ ના સત્યાગ્રહમાં તેઓ ઝડપાયા. ત્યારપછી વડીધારાસભામાં શ્રી. મોતીલાલ નેહરૂનું સ્થાન તેમણે લીધું અને શોભાવ્યું.

સ્વભાવે તેઓ સમાધાન પ્રિય હતા. શ્રી. ભુલાભાઇ જે કેસમાં હોય તેમાં બનતાં સુધી સમાધાન થશે એમ માની લેવું. આ વૃત્તિ રાજકીય ક્ષેત્રે પણ તેમની રહી. ક્રાન્તિકારીની લડાયક વૃત્તિ અને પરિણામની લાપરવાહી તેમનામાં ન હતી.

શ્રી. ભુલાભાઇ—લીયાકતઅલી કરાર આનો નમુનો છે. શ્રી. ભુલાભાઇએ આ પગલું લીધું તેની જોખમે તેની કદર થઇ નથી અને તે વિષે ઘણી ગેરસમજુતી પ્રવર્તે છે. આપણે હજી પૂરતી હકીકતો જાણતા નથી એટલે આખરી નિર્ણય કરવાનો વખત આવ્યો નથી. પણ એક વાત નિર્વિવાદ છે. તે સમયના ઘોર રાજકીય અંધકારમાં આ પગલાંએ માર્ગ કર્યો અને પ્રથમ સીમલા કોન્ફરન્સને શકય બનાવી. ધેખીતી સફળતા ન મળી છતાં આ પગલાંથી જ અભેદ્ય વાતાવરણ ભેદાયું.

જાહેર જીવનનાં આટલા અનુભવ પછી પણ શ્રી. ભુલાભાઈ કાંઇક ઉર્મિલ (Sensitive) હતા. પોતાના કાર્યની પૂરી કદર ન થાય અથવા વિરોધ થાય તો તેમને લગી આવતું અને તેઓ હતાશ થતા. શ્રી. રાજાજી જેવી ધીટતા તેમનામાં ન હતી. કહેવાય છે કે પ્રથમ સીમલા કોન્ફરન્સ વખતે વચગાળાની મધ્યસ્થ સરકાર માટે મહાસભાએ જે નામાવલી તૈયાર કરી તેમાં તેમનું નામ ન હતું તેથી તેઓ નિરાશ થયા હતા. બધી હકીકતો આપણે જાણતાં નથી પણ એટલું કહી શકાય કે પોતાના કાર્યકર્તાઓમાં મહાસભા બુદ્ધિ પ્રતિભા સિવાય બીજા કેટલાક અગત્યના ગુણોની અપેક્ષા રાખે છે.

તેમનાં જીવનનું છેલ્લું અને સૌથી ગૌરવ ભર્યું કાર્ય આઝાદ હિન્દ ફોજના સેનાનીઓનો બચાવ છે. તેમાં તેમની બધી શકિતઓ પૂર્ણકળાએ ખીલી ઉઠી અને દુનિયાને તેનો પરિચય થયો. નાદુરસ્ત તબીયત છતાં લગભગ એકલે હાથે આ મશહૂર મુકદ્દમો તેમણે ત્રણ મહીના ચલાવ્યો. આ સૈનિકોના બચાવમાં તેમણે કરેલ નિવેદન જગતના ઇતિહાસમાં અમર રહેશે. આંતર રાષ્ટ્રિય કાયદાના ઘણાંય ખટપટા પ્રશ્નોની રજુઆત ઉપરાંત, તેમાં તો પરાધીન પ્રજાઓની સ્વતંત્રતા માટે બળવો કરવાના જન્મસિદ્ધ હકની ભવ્ય ઉદ્‌ઘોષણા છે. સ્થાપિત સરકારને માન આપવાની શહેરીની જવાબદારીની મર્યાદાઓ અને કાયદાને આધીન રહેવાની ફરજ અને દેશની સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના ધર્મ વચ્ચે અથડામણ થાય ત્યારે દેશભક્તિની સર્વોચ્ચતા તેમણે બતાવી છે. પ્રભુ તેમના આત્માને ચીરશાન્તી અર્પે.

ચીમનલાલ શાહ.

'ઝાંસીની રાણીની ટુકડી'માંની બે બહેનોનું સન્માન

(પૃષ્ટ ૧૧ થી ચાલુ)

એ માટે હું આપનો ઉપકાર માનું છું. હું તો આઝાદ હિંદફોજમાં એક નાની સૈનિકા હતી. નેતાજીએ અમને આઝાદ હિંદ ફોજના સૈનિકો બનાવ્યા છે. અને દેશની આઝાદીને માટે મરતાં શીખવ્યું છે. શિસ્તપાલન તથા બંદુકો ચલાવતાં શીખવ્યું છે. તેથી મારી ભાષામાં તથા વચનોમાં ખામીઓ જણાય તો હું પહેલેથી જ આપ સર્વેના ક્ષમા ચાહું છું. બંદુક ફોડતાં જો હું ભૂલ કરું તો દરગુજર નહિ કરતા, પણ બોલતાં જો ભૂલ કરું તો દરગુજર કરશો ને ?

હું આપને અમારી ઝાંસીની રાણી રેજીમેન્ટના કાર્યક્રમ તથા અનુભવો વિષે થોડું કહીશ.

નેતાજી સુભાષચંદ્ર બોઝે મલાયા અને સીંગાપુરમાં આઝાદ હિંદ ગવર્મેન્ટ;—આઝાદ હિંદ ફોજ તથા 'Indian Independence League' સ્થાપી ત્યારબાદ રંગુનમાં એની શાખાઓ સ્થાપવા તેઓ આવ્યા. એમણે અમને બધાંને પોતાના વિચારો તથા આદર્શો સમજાવી હિંદની આઝાદી માટે સર્વસ્વની કુરબાની કરવા કહ્યું. એમના વચનો અને એમની દેશ પ્રત્યેની લાગણીઓએ અમારાં હૃદય હલાવી દીધાં, અને અમારું આખું કુટુંબ આઝાદ હિંદ ફોજમાં દાખલ થયું.

અમે 'ઝાંસીની રાણીની રેજીમેન્ટ'ની કેંપ ફકત દશ બાળાઓથી શરૂ કરી હતી, અને ધીરે ધીરે આઝાદ હિંદ ફોજની હાકલ સુણીને એક હજાર બહેનો દાખલ થઇ હતી. આ બહેનોમાં લગભગ દરેક કોમની અને જુદા જુદા ધર્મોની બહેનો હતી, છતાં અમે બધી સગી બહેનો જેવો ભાવ, પ્રેમ તથા લાગણી એક બીજા ઉપર રાખતાં હતાં. ન્યાત, જાત કે ધર્મના બંધનો આઝાદ હિંદ ફોજમાં પોતાનો પડછાયો પણ પાડી શકતાં નહોતા.

અમારી કેમ્પ મીલીટરી કેમ્પ હતી. તેમાં અમને દરેક જાતની લડતની કાયદત તથા સખત શિસ્તપાલન શીખવવામાં આવતું. અમારી 'ઝાંસીની રાણી રેજીમેંટ'માં બે વિભાગો હતા. એક લડત વિભાગ અને બીજો નર્સીંગ વિભાગ. લડત વિભાગમાં અમને મીલીટરી ડ્રીલ, રાયફલ પ્રેકટીસ, બેયોનેટ પ્રેકટીસ, પીસ્તોલ ચલાવતાં, ટોમીગન ચલાવતાં અને મશીનગન ચલાવતાં શીખવતા. ગેરીલા વોરફેરની પણ પૂરતી માહિતિ આપતા. મોરચા ઉપર હુમલો કરતા તથા બચાવ કરતા પણ શીખવતા. નર્સીંગ વિભાગમાં ઉપર કહેલી કવાયત શીખેલી બાળાઓને રાખતા. જખમીઓની સંભાળ, First Aid તથા Operation નું કામકાજ અમને બરાબર શીખવતા. કલાકોના કલાકો સુધી અમારે ખડા પગે ઉભા રહી જખમીઓની માવજત કરવી પડતી. બધી બાળાઓ નર્સીંગ વિભાગના કેમ્પ વિભાગમાં, કેમ્પમાં બેસી રહેવાં કરતાં લડત વિભાગમાં મોરચાં ઉપર ખરી લડતમાં જવા માટે બહુ જ આતુર રહેતી. મને હજુ પણ યાદ આવે છે કે જ્યારે હું Second-in-C. થયા પછી એક દિવસ કેટલીક બાળાઓને મોટરલોરીમાં મોરચા ઉપર મૂકવા જતી હતી ત્યારે નેતાજીએ મને પૂછયું "રમા શું તું પણ મોરચા ઉપર જઇ રહી છે?" ત્યારે મેં કહ્યું "નેતાજી, આપે તો મને હાથ પગ બાંધી અહીં નવી બાળાઓને ટ્રેનીંગ આપવા રોકી રાખી છે. અને

મોરચા ઉપર જવાની રજા નથી આપતા તેનું શું ?" ત્યારે નેતાજીએ કહ્યું "રમા, મોરચા ઉપર જઈ પ્રાણ ગુમાવવા કરતાં અત્યારે તારી જરૂર મને અહિં વધારે લાગે છે. અને ખરો વખત આવશે ત્યારે નાની નાની બાળાઓ તથા બુઢ્ઢી સ્ત્રીઓને પણ મોરચા ઉપર મોકલતાં હું નહિ અચકાઉં."

અમારી કેમ્પમાં અમને સવારના ચાર વાગે ઉઠાડી ઝંડાવંદન તથા National Songs ગવડાવતાં. સવારની ગુલાબી ઠંડીમાં અને આછી પવનની લહરીમાં જ્યારે ત્રીરંગી ઝંડો આકાશમાં ફરકતો ત્યારે અમારાં હૈયાં 'જયહિન્દ' 'ચલો દિલ્હી' 'કરેંગે યા મરેંગે'ના ધ્વનીથી ગુંજી ઉઠતા અને હિન્દને સ્વતંત્ર કરી, એ ઝંડાને દિલ્હીના દરબાર ઉપર ફરકતો જોવા અમારા દિલ ઉછળતા. રાષ્ટ્રગીતો અમારાં મનમાં કંઈક ઓરજ છાપ પાડતાં અને અમને હિંમત, ધીરજ, જોમ તથા આશામા અવધિએ પહોંચાડતા. ત્યારપછી અમને Physical Training આપતા અને કેમ્પની ચોતરફ ખૂબ દોડાવતાં, તથા તાલ સાથે કવાયત કરાવતાં. પછી અમને સવારના નાસ્તામાં ચણા તથા દૂધ વિનાની ચહા આપતા. અમે તે ખૂબ આનંદથી ખાતાંપીતાં. ત્યારપછી અમને નિયમિત રીતે જુદી જુદી લડાઇની કવાયત આપતા. દાખલા તરીકે બેયોનેટ પ્રેક્ટીસ, પીરામોલ, રાઇફલ, ટોમીગન, મશીનગન વગેરે ચલાવતા શીખવતા. મોરચા ઉપર હુમલો કરતા તથા બચાવ કરતાં પણ શીખવતા. આગિયારથી બે વાગ્યા સુધીમાં અમારે નાવાનું, ધોવાનું, કેમ્પ સાફસુફ કરવાનું, રસોઇ કરવાનું તથા વાંચવાનું રહેતું. બેથી ત્રણ જુદા જુદા વિષયો પર વ્યાખ્યાનો અપાતા. સાંજના ત્રણથી સાડાપાંચ સુધી પરેડમાં પાછી જુદી જુદી લડતની કવાયત આપતા. સાંજના છ વાગ્યે ઝંડાવંદન તથા સંધગીત થતા. ત્યાર પછી એકથી દોઢ કલાક અમને જુદી જુદી રમતો રમાડતા. રાત્રીના સાડાઆઠ કે નવ વાગ્યે અમારે સૂઇ જવાનું રહેતું. દરેક બાળાઓને Sentry Duty વારાફરતી આખી રાત કરવી પડતી. રાત્રીના અમે ઝંડારક્ષા તથા હથીયારરક્ષા પણ કરતાં હતાં. અઠવાડિયામાં એક વખત અમને રાત્રીકૂચ તથા પગકૂચ કરાવતા હતા. રાત્રિના દોઢથી બે વાગ્યે કડકડતી ઠંડીમાં ઉઠી અમે બધા લશ્કરી સરંજામ સાથે પંદરથી વીશ માઇલ રાત્રીકૂચ કરતા તથા જંગલો અને ડુંગરો, જ્યાં રસ્તા શોધ્યા પણ ન જડે, ત્યાં પંદરથી વીશ માઇલ પગકૂચ કરતાં. અમારે ઘણી હાડમારીઓ વેઠવી પડતી અને ખૂબ કઠણ જીવન ભોગવવું પડતું છતાં 'આઝાદ હિંદ ફોજ'માં અમે જે આનંદ, જે મિત્રતા અને જે નિસ્વાર્થવૃતિ નિહાળ્યાં છે તે મરતાં સુધી પણ અમારા દીલમાંથી નહિ ખસે. નેતાજીના સ્મરણો હજી પણ અમારાં હૈયે એવાંને એવાં તાજાં છે. જેમ ડોશીમા રાત્રીના મીઠી વાર્તાઓ કહેતાં હોય અને નાના બાળકો તેમને વિંટળાઇ વળે તેમ અમે પણ અવારનવાર નેતાજીને વિંટળાઇ વળતાં, અને નેતાજી અમને બધાંને ઘણી ઘણી વાતો કરતા ને પ્રેરણા આપતા. એમનો જુસ્સો, એમની દેશપ્રત્યેની લાગણી, એમની નિસ્વાર્થ બુદ્ધિ અને એમની અડગ શ્રદ્ધા અમને મરજીવા બનાવતાં. એમની મીઠી યાદ આજે પણ અમારા હૃદયે ચિરંજીવ વસી રહી છે.

છેવટે હું આપ સર્વનો ઉપકાર માનું છું અને નેતાજીએ જલાવેલ આ જ્યોતને આપ સર્વે અમર રાખશો એવી આશા સેવું છું.

કેટલાક સમાચાર અને નોંધ

વિચારગતિ અને આચારગતિ.

ગાંધીજી માનવસમાજમાં થયેલી વિચારોની પ્રગતિ અને અન્ય પક્ષે આચારની અવનતિ એ મુદ્દા ઉપર બહુ મહત્વની વિચારણા રજુ કરે છે. તેઓ જણાવે છે કે "આગાખાનના મહેલમાં હું અટકાયતમાં હતો ત્યારે મને વાંચવા અને વિચારવાની નવરાશ હતી. એ વખતે મને જે લાગ્યું તે એ છે કે, માણસોના આચરણની અવનતિ થઇ જ્યારે તેના વિચારોમાં ઘણી પ્રગતિ થઇ છે. આચાર વિચારની હરોળમાં રહી શકતો નથી–તેની ગતિ વિચારની ગતિથી મંદ છે. માણસ કહેવા લાગ્યો કે 'આ ખોટું છે, પેલું ગેરવ્યાજબી છે. જ્યારે પહેલાં તો પોતાના આચરણનો તે બચાવ કરતો, હવે તે પોતાનાં કે તેના પાડોશીના આચરણનો બચાવ નથી કરતો. જે ખોટું હોય તેને તે સુધારવા માંગે છે પણ તેને ખબર નથી કે તેનું આચરણ જ તેને ધોખો દઇ રહ્યું છે. તેના વિચાર અને આચારનો વિરોધ તેને બાંધી રાખે છે. એનો આચાર શુધ્ધ તર્કને અનુસરીને નથી હોતો.....માણસ જેવું વિચારે તેવો થાય પણ જ્યાં સુધી એનો વિચાર આચારના રૂપમાં પ્રગટ ન થાય ત્યાં સુધી તે વિચાર કદી પૂર્ણ હોતો નથી અને આચાર માણસના વિચારને મર્યાદિત કરે છે. વિચાર અને આચાર વચ્ચે સંપૂર્ણ મેળ હોય ત્યાંજ પૂર્ણ અને સ્વાભાવિક જીવન હોય છે."

આ વિચાર અને આચારનું અન્તર ઘટે નહિ અને બન્ને વચ્ચે સમતુલા આવે નહિ ત્યાં સુધી આજે ચોતરફ દૃષ્ટિ ગોચર થતો આપણા વ્યક્તિગત તેમજ સમષ્ટિ જીવનમાં વ્યાપી રહેલો વિસંવાદ, અસમતા બેસુરાપણું કદિ નષ્ટ થવાનું નથી અને અશાન્તિ, અસુખ, બેચેની કદિ ટળવાની નથી.

અનાસક્તિ અને કર્મનિર્જરા

'કર્મ નિર્જરા' જૈન પરિભાષાનો શબ્દ છે. એક રીતે વિચારીએ તો કર્મનું ચક્ર સદાકાળ ચાલ્યા જ કરે છે અને કર્મથી સાધારણ રીતે પ્રાણી છુટી શકતો નથી અને તેથી તેનું ભવભ્રમણ જાણે કે છેડા વિનાનું હોય એમ ભાસે છે. આમ છતાં પણ સંચિત કર્મો વિદારવાનો એક રાજમાર્ગ જૈનધર્મ પ્રમાણે તપનો છે. આવો જ બીજો માર્ગ અનાસક્તિનો છે–માણસના આગલા જીવનના કર્મોનું શું? એની અસર તેના જીવનમાંથી કેમ ભુંસી શકાય? એવા એક પ્રશ્નના ઉત્તરમાં ગાંધીજી બહુ સુંદર નિરૂપણ કરે છે. ગાંધીજી જણાવે છે કે:–

"એ માટે પણ મારી પાસે જવાબ છે. મારૂં આજનું જીવન ગમે એટલું સારૂં હોય તે છતાંયે મારા આગલા જીવનને કારણે પુરૂં આયુષ્ય જીવવાનું હોય તોયે મન અને શરીર વચ્ચે સંપૂર્ણ અનાસક્તિ સાધીને ભૂતકાળના જીવનની ખોટી ટેવોની અસર ધોઇ શકે તેમજ નિવારણ પણ કરી શકે. સામાન્ય રીતે અજાણપણે કે ધરાદાપૂર્વક કરવામાં આવેલ કુદરતના કાયદાનો દરેક ભંગ, દાખલા તરીકે, ક્રોધ, ચીડિયાપણું, અધીરાઇ, દાંપત્યજીવનનાં સંખલનો વગેરે પોતાનો બદલો–દંડ લે છે જ. પણ એમાં આટલી આશા રહે છે કે, માણસ જો સંપૂર્ણ અનાસક્તિ કેળવે તો એ બધું તે ભૂંસી નાખી શકે. માણસ દ્વિજ ન થાય એટલે કે તે પોતાનાં જીવનનું પરિવર્તન ન કરે તો તેને શાશ્વત નહિ સાંપડે. એથી ઉલટું માણસ જીવનપરિવર્તન કરે તો તે શાશ્વત જીવન પ્રાપ્ત કરી શકે. મૃત્યુ પહેલાં બીજો કોઇ અંતરાય નથી હોતો. માણસ ગમે ત્યાં અને ગમે તે વખતે પોતાના જીવનમાં નવેસરથી ફેરફાર કરી શકે; અનાસક્તિની કુહાડી વડે ભૂતકાળના બંધો તથા તેનો વારસો તેને સંપૂર્ણ પણે છેદી નાખ્યો હશે તો ભૂતકાળ તેના જીવનપ્રવાહમાં નડતર નહીં નાંખે."

ભાઈશ્રી સિદ્ધરાજ ઢઢ્ઢાનું નવું અખબારી સાહસ

ભાઈ સિદ્ધરાજ ઢઢ્ઢા કલકત્તાની જૈન સમાજના એક આગેવાન કાર્યકર્તા હતા અને ત્યાંની ઇન્ડીયન ચેંબર ઓફ કોમર્સના સેક્રેટરી હતા. કલકત્તાથી નીકળતા તરુણ જૈનના તેઓ એક સંપાદક હતા અને જૈન યુવક પ્રવૃત્તિના સૂત્રધાર હતા. ૧૯૪૨ ની લડતે તેમને પણ લગભગ અઢી વર્ષનો જેલવાસ અપાવ્યો. ત્યાર બાદ તેમણે પોતાનું નિવાસ સ્થાન જયપુર ખાતે કાયમ કર્યું છે અને તેમણે ગયા એપ્રીલ માસની ૨૩ મી તારીખથી 'લોકવા' નામનું દૈનિક પત્ર શરૂ કર્યું છે. આ પત્રમાં રિયાસતી ભારત–દેશી રાજ્યની પ્રજાના પ્રશ્નોને પ્રધાન સ્થાન આપવાનો તેમનો હેતુ છે અને સાથે સાથે અખિલ હિંદના રાજકારણને પણ તેમાં ખૂબ અવકાશ આપવામાં આવે છે. આજના સમયમાં દૈનિક પત્ર કાઢવું અને તે પણ કોઇ અંગત કમાણીના હેતુથી નહિ પણ રાષ્ટ્રની શુદ્ધ સેવા કરવાના હેતુથી અને રાજદ્વારી અનેક પ્રકારનાં જોખમો ખેડવાની તત્પરતા અને તૈયારી પૂર્વક આ કોઇ જેવી તેવી જવાબદારી નથી. ભાઇ સિધ્ધરાજને આવું અસાધારણ સાહસ ખેડવાનું શરૂ કરવા બદલ જૈન સમાજના ખૂબ ધન્યવાદ ઘટે છે. પત્રકારિત્વ દ્વારા તેમના હાથે રાષ્ટ્રની અનેક સેવાઓ થાય, દેશમાં અને ખાસ કરીને દેશી રાજ્યોમાં ચાલતા અનેક અન્યાયો ઉઘાડા પડે, અમલમાં આવતા અટકે અને રાજકીય તેમજ સામાજિક ક્રાન્તિને ખૂબ વેગ મળે એવી અંતરની શુભેચ્છા છે.

—પરમાનંદ.

સવા લાખની ઉદાર સખાવત

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી દુર્લભજી ખેતાણી તથા તેમના બંધુઓ તરફથી 'ધી જૈન એજ્યુકેશન સોસાયટી'ને તેઓ સૂચવે તે નામ શ્રી રત્નચિંતામણી સ્થા. જૈન હાઇસ્કુલ સાથે જોડવાની શરતે સવા લાખ રૂપિયાની રકમ ભેટ મળી છે. ખેતાણીબંધુઓ ભારે સાહસિક તથા ઉદ્યોગ પ્રિય છે. તેમની જૈન સમાજની સેવા પણ ઘણી છે. કોઇ પણ જાતની શરતોનો ભારે બોજ સોસાયટી પર લાદ્યા વગર શિક્ષણ કાર્યમાં આવી મોટી સખાવત આપવા માટે, આ બંધુઓ ખરે જ અભિનંદનને પાત્ર છે. જૈન સમાજ પોતાના આવા ઉદાર પુત્રો માટે ગૌરવ લ્યે. માત્ર ધન આપનારા ધનવાનો આજે આપણને મળી રહે છે પરંતુ સાથે સાથે પોતાની સેવા આપનારા સખાવતીઓનો આપણે ત્યાં ખોટ છે. શ્રી દુર્લભજી ખેતાણી ધી જન એજ્યુકેશન સોસાયટીના મંત્રી પણ છે તથા સોસાયટીના સ્થાપનથી તે આજ સુધીમાં તેમણે તે કાર્યમાં ખૂબ જ રસ દાખવ્યો છે.

—ચુનિલાલ કામદાર.

કરૂણ અસંગતતા

સુખે સભર ભર્યું જગ આંહિ, પણ માનવી હીબકે પણે;
પ્રભુ હસે જ્યાં વિધવિધ રૂપે, ત્યાં આંખે શે અશ્રુ ચુવે?
જામ્યું સંગીત સુ દિશ દિશે, ત્યાં આહ શાને દિલડા વળે?
અરે સુરપણ રમવા ઇચ્છે ત્યાં રડવું શાને ગમે?

× × ×

દેહ, દિલ દીમાક જ્યાં રોટી ટુંઢણમાં ખપ્યા.
રૂદન વીણ કોઈ બાકી ના જે આધારે જીવવું!

સાધુ (પૃષ્ટ ૧૦ થી ચાલુ)

તમને અધમ, અસ્પૃશ્ય અને પતિત ગણે પરંતુ પ્રભુના સામ્રાજ્યમાં તમો પણ તેનાજ પુત્રો છો. તેનો ઇશ્વરી પ્યાર બીજાઓની માફક તમારા ઉપર પણ વરસી રહેલો છે." પ્રભુની કૃપા પીછાણવા જેટલા તેઓ શ્રદ્ધાળુ નહોતા કે તૈયાર નહોતા. પણ એટલું તો તેઓને મન ચોકકસ હતું કે ફાધર ડેમીયનના સ્વરૂપમાં રહેલો પ્રભુ તો તેને ચાહતો હતો.

આ ભલા પાદરીએ તે લોકોની સેવા બરાબર સોળ વર્ષ સુધી એટલે પોતાની પચાસ વર્ષની જીંદગી સુધી અડગ ખંત, સતત મહેનત, પૂર્ણ શ્રધ્ધા અને હૃદયના ઉમળકાથી જાતનું ભાન ભૂલીને કરી. તેઓને પશુમાંથી માણસ અને માણસમાંથી પ્રભુના સંતાનોની પંકિતમાં મૂકી દીધાં. તે માંદાઓની સારવાર કરતો, તેઓના ભયંકર ઓળાં ચેપી જખમો અને વૃણો સાફ કરી મલમપટા કરતો. અને તેઓના હીણકતાં ઓળાં હૈયામાં આશા અને ઉત્સાહ પ્રેરતો. તે તેઓના જીવનનો સાથી હતો. અને આખરને વખતે તેઓને પ્રભુનું નામ સંભળાવી તેઓની છેલ્લી સમાધી પણ પોતાના હાથે જ કરતો. ....પોતાની ભારી સ્થિતિનો જે ભયંકર ખ્યાલ તેને હતો તે ખરો પડવાનો દિવસ પણ આખરે આવ્યો. એક વખતે ઉકળતું પાણી તેના પગ ઉપર પડયું પણ તે દાઝયો નહિ ત્યારે તેને નવાઇ લાગી. તુરત તે ડાકટર પાસે ગયો. અને પૂછયું કે "મને પણ શું આ જીવલેણ દર્દ લાગુ થયું છે?" ડાકટરે અચકાતા અચકાતા જવાબ આપ્યો કે 'ફાધર ડેમીયન! તમારા જેવા સંત પુરૂષને રકતપિત્તિયા કહેતાં મારૂં કાળજું કંપે છે. પણ તમને દર્દ લાગું પડયું છે. જે દર્દનું નામ લેતાં ડાકટરનું કાળજું કંપ્યું, તે વાતથી આ અમીર હૃદયના ફકીરનું આંતરિક હાસ્ય કે આહ્લાદ જરાય ઓછા ન થયા. તેણે તો ધાર્યું કે હવે સરખેસરખા થતાં ભય વિના વધારે સુંદર સેવા કરી શકાશે. કારણ કે હવે દર્દ થવાનો ભય મરી ગયો છે. તે દિવસે તેણે પોતાના હમેશાના વ્યાખ્યાનમાં મારા ભાઇઓને બદલે આપણે રકતપિત્તિયાઓ એ નામથી સંબોધન કર્યું અને કહ્યું કે–"આજે પિતા જીસસે મને તમારી વધુ નજદિક આણ્યો છે, એમાં પણ તે દયાળુ પ્રભુનો કોઇ સુંદર હેતુ હશે. આપણો વચ્ચેનો પડદો નાશ પામતા હવે એકાત્મભાવ આપણે અનુભવશું વગેરે."

તેણે કદિ એ દર્દીઓને છોડી પોતાના દર્દનો આરામ ઇચ્છયો નહિ. જે સ્થિતિમાં તે મુકાયો હતો તે સ્થિતિમાં પણ તેણે ઇશ્વરી આશ્વાસન જ જોયું અને એ જ રીતે જીવનની આખરની ઘડી સુધી તે છુટે હાથે સેવા અર્પતા રહ્યો. છેવટના દિવસોમાં જ્યારે તેના દર્દનો હુમલો ઘણો ભયંકર થયો, ત્યારે તેની સારવાર માટે બે પાદરીઓ અને બે પરિચારિકા આવ્યાં હતાં. તેની છેલ્લી ઘડીએ એક પાદરીએ રડતાં રડતાં કહ્યું કે "ફાધર ડેમીયન તમે તો તમારૂં કર્તવ્ય બજાવી દિવ્ય ધામમાં જશો પરંતુ તમારી પાછળ મૂકેલા આ અનાથો કોને સોંપતા જાવ છો? તમારો હાથ મારા માથે મુકો આશિર્વાદ આપો કે તમારૂં આદરેલું કામ હું ચાલુ રાખું." મરતાં મરતાં એક આખરનું ઇશ્વરી હાસ્ય તેના મુખ ઉપર તરવરી આવ્યું. તેણે કહ્યું કે "જો જગત પિતા મારૂં સાંભળશે તો હું તમારા એકલા માટે જ નહિ પરંતુ તમામ રકતપિત્તિયા માટે, અને દુઃખી વિશ્વ માટે પ્રાર્થના કરીશ. બીજા પાદરીનું હૃદય ભરાઇ આવ્યું "તેણે ધીમેથી મંદ પડતાં કાનમાં કહ્યું કે, ફાધર જે ફકીરી ઝભ્ભો તમે શોભાવ્યો છે તેની ભિક્ષા માગું છું. કૃપા કરીને તે મને આપો. તેને મારાં જીવનની કોઇ અમૂલ્ય સંપતિ ગણીશ." 'ભાઇ તે ઝભ્ભાને તું શું કરીશ. તે તો રકતપિત્તના જંતુઓથી ભરેલો છે. તને દર્દનો ચેપ લાગશે" "ફાધર નહિ. ફાધર ડેમીયન! તે ઝભ્ભો તો મગરૂરમાં મગરૂર રિદ્ધિવંતા રાજાના ભાગ્યમાં પણ ન હોય." 'ભલે, ત્યારે રાખજે" આટલું કહેતાં કહેતાં તે ભલો પરોપકારી સાધુ પોતાની જીવન બાજી સંકેલી દિવ્ય તેજમાં લુપ્ત થઇ ગયો.

[અંગ્રેજી ઉપરથી] **વ્રજલાલ મેઘાણી.**

ખાદીની નવી નીતિ.

[તા. ૨૫–૪–૪૬ ગુરૂવારના રોજ 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ'ના નિમંત્રણને માન આપીને કરાડી આશ્રમના મુખ્ય સંચાલક અને ખાદી પ્રવૃત્તિના એક જાણીતા કાર્યકર્તા શ્રી દિલખુશભાઇ દીવાનજી સંઘના કાર્યાલયમાં આવ્યા હતા. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે તેમને આવકાર આપ્યો હતો, સંઘની વિવિધ પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો અને ખાદીની નવી નીતિ વિષે સામાન્યતઃ આજે અનેક ખાદી પ્રેમીઓના દિલમાં જે મુંઝવણ અને ગડમથલ ચાલી રહી છે તે ટૂંકાણમાં વ્યકત કરી હતી, જેના ઉત્તરરૂપે શ્રી દિલખુશભાઇએ આજે ખાદી સંબંધમાં અખત્યાર કરવામાં આવેલી નવી નીતિ વિષે લગભગ સવા કલાક સુધી એક શ્રેણીબદ્ધ વિવેચન કર્યું હતું તથા તેમની સાથે આવેલા શ્રી કાકુભાઇએ પણ આ વિવેચનમાં કેટલીક પુરવણી કરી હતી અને હાજર રહેલા ભાઇઓ સાથે બંનેએ કેટલીક ચર્ચા કરી હતી. શ્રી. દિલખુશભાઇ એક અત્યંત સેવાનિષ્ઠ પ્રજ્ઞસેવક છે અને ગાંધીજીના વિચારોના અનુયાયી છે. ખાદી-પ્રચાર સાથે તેઓ વર્ષોથી જોડાએલા છે અને ગ્રામસેવા એ જ એમના ચિંતનનો મુખ્ય વિષય છે 'પ્રબુદ્ધ જૈન'ના વાચકો માટે શ્રી ચીમનલાલ શાહનું પ્રવચન તથા શ્રી દિલખુશભાઇનાં વ્યાખ્યાનનો અહીં ઉતારો આપવામાં આવેલ છે—તંત્રી.]

શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહનું પ્રવચન.

ભાઇ દિલખુશ દિવાનજીને જૈન યુવક સંઘ તરફથી હું હાર્દિક આવકાર આપું છું. અમારા આમંત્રણને માન આપી તેઓ તથા શ્રી. કાકુભાઇએ સંઘના કાર્યાલયની આજે મુલાકાત લીધી છે તે માટે તે બન્નેનો આભાર માનું છું. ગાંધીજીની વિચાર સરણી સ્વીકારી તેમાં પૂર્ણ શ્રદ્ધાથી કામ કરતા જે કેટલાક એકનિષ્ઠ કાર્યકર્તાઓ છે તેમાંના ભાઇ દિવાનજી એક છે. તેમની પાસેથી આજે તો આપણે ચરખા સંઘની ખાદીની નવીનીતિ સમજવા ભેગા થયા છીએ. આ નીતિ–કાંતે તે પહેરે અને પહેરે તે કાંતે–ઘણાંને હજી બરાબર સમજાતી નથી અને કેટલાય તેથી મુંઝવણમાં મૂકાયા છે. મોટા ભાગના ખાદી પહેરનારાઓની ખાદી પ્રત્યેની દૃષ્ટિ મુખ્યત્વે આર્થિક અને રાજદ્વારી રહી છે. ખાદીથી હિન્દના લાખો ગરીબોને રોજી મળે છે, દેશનું અને જનતાનું શોષણ ઓછું થાય છે, જનતા સાથે સંપર્ક સાધવાનું સાધન છે, સ્વતંત્રતાનો ખોરાક છે–આવા કારણોએ મોટા ભાગના લોકો ખાદી પહેરતા થયા અને તેમાં ગૌરવ માને છે. પણ ખાદીમાં રહેલી અહિંસાની દૃષ્ટિ બહુ થોડા સમજ્યા છે અને સમજે છે તેમાંના કેટલાયને તે સ્વીકારવામાં મુસ્કેલી લાગે છે. રેંટીયો અહિંસાનું પ્રતીક છે અને અહિંસક સમાજ રચવાનું મુખ્ય સાધન છે, તેની પ્રતીતિ બહુ થોડાને છે. ૧૯૪૨ ની લડતના અનુભવે ગાંધીજીને લાગ્યું કે ખાદીમાં રહેલી અહિંસા અને તેમાંથી ઉદ્ભવતી નિડરતા હજી લોકોમાં તો શું પણ ખાદીના કાર્યકર્તાઓમાં પણ પૂરતી આવી નથી એટલે આ નવી નીતિ તેમણે દાખલ કરી. અહિંસા ઉપર વધારે ભાર મૂકયો. જેઓ આર્થિક અને રાજદ્વારી દૃષ્ટિએ ખાદી વર્ષોથી પહેરે છે પણ આ આધ્યાત્મિક દૃષ્ટિ સમજ્યા નથી અથવા એ જેને સ્વીકાર્ય નથી તેઓ મુંઝવણમાં મૂકાયા છે. ગાંધીજીને રાજી રાખવા અથવા કોંગ્રેસનો નિયમ છે માટે જેઓ ફરજીયાત કાંતી ખાદી પહેરે તે જુદી વાત છે. પણ એક વર્ગ એવો છે કે જે કોંગ્રેસના કાર્યકર્તાઓ છે અને, જેણે ઘણો ભોગ આપ્યો છે પણ જે ખાદી અને તેના આનુષંગિક રચનાત્મક કાર્યક્રમને–તેમાં રહેલ અહિંસક સમાજ રચનાની કલ્પનાને–હિંદની સામાજીક અને આર્થિક રચનાના કાયમી ઉકેલ તરીકે સ્વીકારતો નથી છતાં તેને અત્યારે જરૂરી અને મહત્વને માને છે.

વળી, ખાદીમાંથી આપોઆપ સાદાઇ, સંયમ, પરિગ્રહ-ત્યાગ વગેરે પરિણામો આવવા જોઇએ. તે તરફ જેની દૃષ્ટિ વળી નથી અથવા તેમ કરવા જેની અભિરૂચિ નથી; વિનોબાજી જેને રેંટીઆના સહચારી ભાવો કહે છે તે જેનામાં રેંટીયો કાંતવાથી જાગતા નથી અથવા જાગે એવી જેને શ્રદ્ધા નથી, અથવા એવા ભાવો અને વૃત્તિ કેળવવાની તૈયારી નથી, અથવા જેઓ જીવનમાં સાદાઇ, સંયમ, પરિગ્રહ મર્યાદા, ત્યાગ વગેરેની જરૂરીયાત સ્વીકારે છે અને તે લાવવા પ્રયત્નો કરે છે, છતાં રેંટીયો કાંતવાથી જ આ પરિણામો આવે એવી જેની શ્રદ્ધા નથી તેવાઓને આ નવી નીતિ અકળાવે છે. વર્ષોથી ખાદી પહેરી છે તે છોડવી ગમતી નથી; તેઓ, હિન્દની અત્યારની પરિસ્થિતિમાં ખાદીની જરૂરીયાત સ્વીકારે છે અને તેથી ગમે તે ભાવે અને ભોગે પણ ખાદી પહેરવા તૈયાર છે. તેમણે આ નવી નીતિથી ખાદી છોડવી જ પડશે કે પછી અપ્રમાણિત ખાદી પહેરી સંતોષ લેવો રહેશે કે ફરજીઆત કાંતવું જ પડશે? ચરખા સંઘ એમ કેમ ન કરે કે આ નવી નીતિ અને તેની પાછળ રહેલી સમગ્ર વિચાર સરણી જેને માન્ય હોય તેમને માટે તે અમલમાં મૂકે, વિશેષ પ્રમાણમાં તેને સ્વીકાર્ય બનાવવા સઘળા પ્રયત્નો કરે અને બીજાઓને પ્રમાણિત ખાદી પણ પૂરી પાડે? કાંતે તેજ ખાદી પહેરે એવું શા માટે? અહિંસાની દૃષ્ટિ સિવાય ખાદી બીજી ઘણી દૃષ્ટિએ ઉપયોગી નથી? ઘણાં ભાઇ બહેનોનાં મનમાં જે વિચારો ઘોળાય છે તે મેં ટૂંકામાં રજુ કર્યા છે ભાઇ દિલખુશ દિવાનજી પોતાના અનુભવથી ખાદીની નવી નીતિ આપણને સમજાવે અને આ બધા પ્રશ્નો ઉપર પ્રકાશ પાડે એવી આપણી વિનંતિ છે.

શ્રી. દિલખુશ મ. દિવાનજીનું વ્યાખ્યાન.

શહેરમાં રહેનારા સુશિક્ષિત વર્ગે ખાદીને કેમ અપનાવી અને હવે એ ખાદીનિષ્ઠા ટકાવવા માટે કાંત્વા પ્રતિ એ વર્ગને આટલો બધો તીવ્ર અણગમો કેમ છે તેનાં કારણો સોલીસીટર ચીમનભાઇએ બહુ સરસ રીતે આપણી સમક્ષ રજુ કર્યાં છે. ગરીબોને કંઇક રાહત મળે અને એમને કંઇક સાચો ઉત્પાદક ઉદ્યોગ ઘેર બેઠાં મળી રહે એમાં રેંટીયાની આર્થિક ઉપયોગિતા રહેલી છે. એટલે જ એ રેંટીયાની ખાદી શહેરના સુખી વર્ગે પહેરવા માંડી. પરંતુ મહાસભા અને ગાંધીજીએ રાષ્ટ્રીય જાગૃતિની શકિત પણ નિહાળી છે, એટલે શહેરમાં રહેનારા સમજુ વર્ગને ખાદી પ્રતિ કંઇક અણબ ખેંચાણ થતું રહ્યું છે. હવે જ્યારે વર્ષોથી આ વર્ગમાં ખાદી–ભકિતએ કંઇક સ્થાયી સ્થાન મેળવ્યું ત્યારે ગાંધીજીએ–'કાંતે તે જ પહેરે'–એ નવા સૂત્રનો આદેશ આપી ખાદીધારીઓને બહુ ખળભળાવી મૂકયા છે. ચીમનભાઇ જેવા પણ ચિંતામાં પડી ગયા કે કયાં સોલીસીટરનું જીવન અને કયાં એ જ સોલીસીટરે હવે કાંતવાની પ્રવૃત્તિને શરૂ કરવી! આ વિસંવાદથી હવે મૂંઝવણ થવા માંડી છે. એમાંજ રેંટિયામાં રહેલી અહિંસાનો જે સાક્ષાત્કાર ગાંધીજી કરાવવા માંગે છે, તેનું રહસ્ય છૂપાયેલું છે. પચ્ચીસ વર્ષથી ખાદીનો આગ્રહ રાખનારાઓ ઠીકઠીક સ્વદેશપ્રેમ અને એ માટેની કાંઇ આત્મિક શકિત ખીલવી શકયા છે, એમાં એમણે કાંઇક ત્યાગ પણ કેળવ્યો છે. સસ્તા મિલ કાપડને છોડી મોંઘી ખાદીને વળગી રહેવામાં ત્યાગવૃત્તિનો આરંભ તો છેજ. રેંટિયાએ આવીને આપણા રાષ્ટ્ર જીવનમાં પ્રવેશ કર્યો તે અગાઉ આપણે શિક્ષિત ગણાતા ભાઇ બહેનોને ગામડાંના કરોડો ગરીબોનો નહિ જેવોજ ખ્યાલ હતો. ખાદીએ આપણું લક્ષ્ય એ કંગાલ ગ્રામપ્રજા પ્રતિ પ્રથમ ખેંચ્યું. આપણે કંઇક તો વિચારમાં પડી ગયા કે સાચેજ આપણે એ ભૂખે મરતાં અને આપણાજ સુખસગવડ માટે મહેનત મજુરી કરતા લાખો ને કરોડો ભાઇ બહેનોની સંપૂર્ણ અવગણનાજ કરી રહ્યા છીએ. રેંટિયાની ખાદીએ એમાંથી આપણને કંઇક જગાડયા

છે. એટલે સુધી તો ખાદીએ ખાદી-પ્રેમીઓમાં ઠીકઠીક પ્રમાણમાં રાષ્ટ્રીય જાગૃતિનું કંઈક ક્રિયાત્મક બળ પ્રગટાવ્યું છે.

પરંતુ હવે જો ખાદી પ્રવૃત્તિમાં આપણે આગળ પગલાં નહિ ભરીએ તો ખાદી-વ્યાપારના વમળમાં અને રૂપિયા, આના પાઈના જ લાગમાં-ખોવાઈ જશે. ખાદી પ્રેમીઓનો ખાદીપ્રેમ કેવળ પૈસાની ગણતરીમાં જ ઢંકવાય છે. એ આખરે તો દ્રવ્ય સુલંભ દેશપ્રેમ જ નીવડે છે. ખાદીપ્રેમીઓ ખાદી ખરીદે છે. એથી ગામડાની કાંતનારી બહેનોને કંઈક આર્થિક રાહત મળે છે, એમની બેકારીનું કંઈક નિવારણ થાય છે. ગરીબાઈ એથી કંઈક ઓછી થાય છે. પરંતુ રેંટિયાની પાછળ જે મહાન આર્થિક નવરચના અને સામાજિક પરિવર્તનની ભવ્યશક્તિ રહી છે, તેનો સદુપયોગ આ રાહત દૃષ્ટિએ ચાલતી વ્યાપારી ખાદીના પ્રચારથી નથી થતો, એ શક્તિ તો અણવિકસેલી જ રહે છે.

આંગાખાન મહેલમાં ગાંધીજીને ખાદી પ્રવૃત્તિના પચ્ચીસ વર્ષના અનુભવો પરથી ચિંતન કરવાનો સારો સમય મળ્યો. ખાદી અને રેંટિયામાં રહેલી અહિંસાની શક્તિ પ્રતિ બહુ જ ઓછું લક્ષ્ય અપાયું છે, એમ એમને જણાયું. બહાર આવી એમણે ખાદી અને રેંટિયાનું નવસંસ્કરણ કરવાનો સંકલ્પ કર્યો. અને-'કાંતે તે જ ખાદી પહેરે'-એ સૂત્ર એમણે ખાદીપ્રેમી પ્રજાને આપી દીધું. ખાદી વેચવા માટે નથી, પરંતુ પહેરવા માટે છે. એ વસ્તુ પર હવે વધારે અને મુખ્ય ભાર મૂકાવા માંડ્યો. ખાદી વ્યાપારી વસ્તુ નથી, પરંતુ અહિંસક સમાજ-રચનાનું અપ્રતિમ સાધન છે. એ હકીકત જો સાચી હોય તો આપણે ખાદી વેચાતી ન લેતાં જાતે જ ઉત્પન્ન કરી લેવી જોઈએ. આ રીતે વિચારતાં-'કાંતે તે જ પહેરે'-એ સૂત્રમાં ખાદીમાં રહેલી સ્વાવલંબન શક્તિનું દર્શન થવા માંડે છે.

ખાદી ગરીબોને કેવળ રાહત આપવાનું સાધન જ નથી એ તો એનો આરંભ માંગે છે. વસ્ત્ર સ્વાવલંબનના પુરુષાર્થમાં જ્યારે ખાદી પ્રવેશ કરે છે, ત્યારે જ એમાં રહેલી અહિંસક સમાજરચનાની શક્તિનો પરિચય થવા માંડે છે. સોલીસીટરો, ડોકટરો, વ્યાપારીઓ અને વિશાળ મધ્યમ વર્ગ જ્યારે જ્યારે શરૂ કરેલી ખાદીને ચાલુ રાખવા માટે કાંતવાનો પ્રયાસ કરવા તત્પર થાય છે. માટે શરૂઆતમાં જણાવેલો પહેલો જીવનનો વિસંવાદ જાગવા માંડે છે. જીવનની સગવડો માટે જરૂરી એવો ઉત્પાદક શ્રમ કરવો. એમાં માનવધર્મનો સાચો વિકાસ થતો રહે છે. આપણી સંસ્કૃતિનો આજ સુધી ચાલી આવેલો મહામોઘો વારસો હતો.

પાશ્ચાત્ય કેળવણી અને પરદેશી વ્યાપારની શોષણ નીતિને પગલે પગલે આધુનિક સંસ્કૃતિનો સૌથી મોટો શાપ એ છે કે પ્રજાજીવન અને સ્વાવલંબનના પુરુષાર્થને જ એણે હણી નાંખ્યો છે. પરજીવી નિષ્ક્રયતાને એ સંસ્કૃતિએ ભારે પ્રતિષ્ઠા આપી દીધી છે. ઉત્પાદક પરિશ્રમને હીનસ્વરૂપ મળતું ગયું છે. આથી જ ડોકટરો વગેરે બધી જાતની નિરુત્પાદક મહેનત કરી છૂટે છે પરંતુ જીવન વહેવારને અત્યંત આવશ્યક એવી ઉત્પાદક પ્રવૃત્તિનો ભારે અણગમો અને કંટાળો જ રાખતા આવ્યા છે. સોલીસીટરો પોતાનાં કપડાં માટે કાંતે એ વસ્તુ જ એમના જીવનની રહેણી કરણી કે કહેવાતી એટીકેટને બંધબેસતી એમને નથી લાગતી. જીવનનો વિસંવાદ એમને એટલા માટે લાગે છે કે આજનું શહેરીજીવન સાચી જાતમહેનત નહિ પરંતુ સ્વાર્થ માટે થતા પારકાના શોષણ પરજ રચાએલું છે, નભે છે અને ખીલે છે. આજના શોષક વ્યાપારો અને વ્યવસાયોનો અર્થ જ એ છે કે પોતાના જીવનની સગવડો માટે જાતે કશી મહેનત ન કરતાં પારકાની જ વેઠ મજૂરીમાંથી તે મેળવવી. અને એમ કરતાં પારકાનાં જીવન નીચોવાઈ જાય તો તેની કશી ચિંતા ન કરવી. ખાદી અને રેંટિયો આ શોષણ સંસ્કૃતિને પડકાર કરે છે, અને માનવજાતિને સ્વપરિશ્રમ, સ્વાવલંબન અને જાતમહેનતમાં રહેલા પુરુષાર્થનું સ્મરણ કરાવે છે. પરજીવી નિષ્ક્રિયતામાં ટેવાઈ ગએલો શહેરી વર્ગ આથી જ કાંતવાનું આટલું અલ્પ ઉત્પાદક શ્રમકાર્ય કરવા પ્રતિ પાર વિનાનો કંટાળો અનુભવે છે. કેવળ રૂપિયાથીજ ખરીદાતી ખાદી હવે સૂતર આંટી ચલણને પરિણામે એના વ્રત નિયમમાંથી ચસકવા માંડે છે. અને સૂતર વિના ખાદી નથી મળતી એટલે એ નિષ્ક્રય વર્ગ ખળભળી ઊઠે છે. જો ખાદી વ્રત અખંડ રાખવા એ કાંતવા માંડે છે તો સ્વપરિશ્રમ-પરાક્રમ અને શોષણ-પરાક્રમ વચ્ચે વિસંવાદ જાગતાં પાછો અકળાય છે. આ અકળામણ, આ મૂંઝવણ અને આ વિસંવાદ એજ રેંટિયામાં રહેલી ક્રાંતિશક્તિનું સાચું બળ છે. હવે એ બળ જાગ્યું છે, ખાદીપ્રેમીને તે ખળભળાવી દે છે, અને પરજીવી નિરુત્પાદક નિષ્ક્રિયતાના એના સ્થાપિત હકને (Vested Interest) ને હચમચાવી મૂકે છે. એટલે જ ખાદીપ્રેમીને સૂતર આંટી ચલણ પ્રતિ ભારે અણગમો છે. રેંટિયો સરસ છે; ગાંધીજી તો આપણા નેતા છેજ, મહાસભા માટે રેંટિયો સ્વરાજ્યનું પ્રતીક છે, એ બધું બરાબર છે, પરંતુ અમારે કાંતવું નથી. કાંતવું અમને ગમતું નથી, સમય નથી મળતો એ તો બહાનું છે. પેલો સ્થાપિત હક જોખમમાં મૂકાય છે, એ જ મોટી બીક છે. ખાદી વ્રતધારીઓ આ વિચારે અને જીવનમાં જાગેલા વિસંવાદ પ્રસંગે જીવનક્રાંતિ અને જીવનસ્વાર્થ ખાદી અને શોષણ એની વચ્ચમાં પસંદગી કરી લે.

સંઘની વિવિધ પ્રવૃત્તિઓને મળેલી આર્થિક મદદ.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ચાલતી જુદી જુદી પ્રવૃત્તિઓ.માં તા. ૧૫-૪-૪૬ થી આજ સુધીમાં જુદા જુદા ગૃહસ્થો તરફથી નીચે મુજબ રકમો મળી છે.

રાહત પ્રવૃત્તિ

૧૦૦) શ્રી. કાન્તિલાલ ભોગીલાલની કું.
૫૧) ,, નથુભાઈ નેમીદાસ પારેખ
૫) ,, કરસનજી પ્રેમચંદ

---

૧૫૬)

પ્રબુદ્ધ જૈન

૨૫) શ્રી. નથુભાઈ નેમીદાસ પારેખ

શ્રી મ. મો. વાં. પુ.

૨૫) શ્રી નથુભાઈ નેમીદાસ પારેખ.

આળાં હૈયાં

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય અને પ્રબુદ્ધ જૈનના ગ્રાહકો પાસેથી આળા હૈયાંની કિંમત રૂા. ૧-૮-૦ લેવાનું નક્કી કરેલ હતું. તે પ્રમાણે જે જે ભાઈઓ તથા બહેનોએ તેની કિંમત ભરી હોય તેમણે પુસ્તક સંઘની ઓફીસમાંથી મંગાવી લેવાની વ્યવસ્થા કરવી. જે ભાઈ કે બહેન આ પુસ્તક પોસ્ટદ્વારા મંગાવવા ઇચ્છતા હોય તેમણે ૦-૪-૦ પોસ્ટેજના (એટલે કે કુલ્લે રૂા. ૧-૧૨-૦) મોકલી આ પુસ્તક સવેળાએ મંગાવી લેવા કૃપા કરવી.

મંત્રી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ ઓકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૩

મુંબઈ: ૧ જુન ૧૯૪૬ શનિવાર.

લવાજમ
રૂપિયા ૩

જૈન તત્ત્વજ્ઞાન

(પ્રસ્થાન કાર્યાલય તરફથી ચોલ્યલી સરસ્વતી ગ્રંથમાળાના ઈ. સ. ૧૯૩૪ ના પ્રારંભમાં પ્રગટ થયેલ 'જીવનચર્ચા' નામના ગ્રંથમાંથી પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનો 'જૈન તત્વજ્ઞાન' ઉપરનો આ લેખ અહિં સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે. આ લેખ સામાન્ય વાચનારને સહજ સમજાય તેવો નથી એમ છતાં પણ જૈન તત્વજ્ઞાનનું આટલા સંક્ષેપમાં છતાં આટલું સુન્દર અને સંપૂર્ણ નિરૂપણ આગ્યેજ અન્યત્ર વાંચવા મળી શકે તેમ છે તેથી તેમજ આ લેખ કેટલાય વર્ષ પહેલાં પ્રગટ થયેલ એ પુસ્તકના ખુણે દટાયલો પડ્યો હતો તે ફરીથી તત્વપ્રેમી જનતા સમક્ષ રજુ થવો જરૂરી છે એમ સમજીને આ શિષ્ટ ભોગ્ય લેખને અહિં પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. જિજ્ઞાસુ વાંચકને જાણકારની મદદ લઇને પણ એ લેખના હાર્દને અન્તરમાં તેમ જ બુદ્ધિમાં ઉતારવા વિનંતિ કરવામાં આવે છે. પરમાનંદ)

વ્યાખ્યા

વિશ્વના બાહ્ય અને આંતરિક સ્વરૂપમાં તથા તેના સામાન્ય તેમ જ વ્યાપક નિયમોના સંબંધમાં જે તાત્વિક દ્રષ્ટિએ વિચારણા એ તત્વજ્ઞાન આવી વિચારણા કોઇ એક જ દેશ, એક જ જાતિ કે એક જ પ્રજામાં ઉદ્ભવે છે અને ક્રમશ: વિકાસ પામે છે, એમ નથી હોતું. પણ આ જાતની વિચારણા એ મનુષ્યત્વનું વિશિષ્ટ સ્વરૂપ હોવાથી તે વહેલી કે મોડી દરેક દેશમાં વસનાર દરેક જાતની માનવપ્રજ્ઞામાં ઓછે કે વત્તે અંશે ઉદ્ભવે. છે. અને તેવી વિચારણા જુદી જુદી પ્રજ્ઞાઓનાં પરસ્પર સંસર્ગને લીધે, અને કોઇ વાર તદ્દન સ્વતંત્રપણે પણ વિશેષ વિકાશ પામે છે, તેમજ સામાન્ય ભૂમિકામાંથી પસાર થઇ તે અનેક રૂપે ફંટાય છે.

પહેલેથી આજ સુધીમાં ભૂખંડ ઉપર મનુષ્યજાતિએ જે તાત્વિક વિચારણાઓ કરી છે તે બધી આજે હયાત નથી, તેમ જ તે બધી વિચારણાઓનો ક્રમિક ઇતિહાસ પણ પૂર્ણપણે આપણી સામે નથી, છતાં અત્યારે એ વિષે જે કાંઇ સામગ્રી આપણી સામે છે અને એ વિષે જે કાંઇ થોડું ઘણું આપણે જાણીએ છીએ તે ઉપરથી એટલું તો નિર્વિવાદપણે કહી શકાય કે તત્ત્વચિંતનની જુદી જુદી અને પરસ્પર વિરોધી દેખાતી ગમે તેટલી ધારાઓ હોય છતાં એ બધી વિચારધારાઓનું સામાન્ય સ્વરૂપ એક છે, અને તે એ કે વિશ્વના બાહ્ય તેમ જ આંતરિક સ્વરૂપના સામાન્ય અને વ્યાપક નિયમોનું રહસ્ય શોધી કાઢવું.

તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિનું મૂળ

જેમ કોઇ એક મનુષ્યવ્યક્તિ પ્રથમથી જ પૂર્ણ નથી હોતી પણ તે બાલ્ય આદિ જુદી જુદી અવસ્થાઓમાંથી પસાર થવા સાથેજ પોતાના અનુભવો વધારી અનુક્રમે પૂર્ણતાની દિશામાં આગળ વધે છે, તેમ મનુષ્યજાતિ વિષે પણ છે. મનુષ્યજાતિને પણ બાલ્ય આદિ ક્રમિક અવસ્થાઓ અપેક્ષા વિશેષે હોય જ છે. તેનું જીવન વ્યક્તિના જીવન કરતાં ઘણું જ લાંબુ અને વિશાળ હોઇ તેની બાલ્ય વગેરે અવસ્થાઓનો સમય પણ તેટલોજ લાંબો હોય તે સ્વાભાવિક છે. મનુષ્ય જાતિ જ્યારે કુદરતને ખોળે આવી અને તેણે પ્રથમ બાહ્ય વિશ્વ તરફ આંખ ખોલી ત્યારે તેની સામે અદ્ભુત અને ચમત્કારી વસ્તુઓ તેમજ બનાવો ઉપસ્થિત થયા. એક બાજુ સૂર્ય, ચંદ્ર અને અગણિત તારામંડળ અને બીજી બાજુ સમુદ્ર, પર્વત અને વિશાળ નદીપ્રવાહો તેમજ મેઘગર્જનાઓ અને વિદ્યુત્ચમત્કારોએ તેનું ધ્યાન ખેંચ્યું. મનુષ્યનું માનસ આ બધા સ્થૂળ પદાર્થોના સૂક્ષ્મ ચિંતનમાં પ્રવૃત્ત થયું અને તેને એ વિષે અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા. જેમ મનુષ્યમાનસને બાહ્ય વિશ્વના ગૂઢ તેમજ અતિસુક્ષ્મ સ્વરૂપ વિષે અને તેના સામાન્ય નિયમો વિષે વિવિધ પ્રશ્નો ઉદ્ભવ્યા, તેમ તેને આંતરિક વિશ્વના ગૂઢ અને અતિ સુક્ષ્મ સ્વરૂપ વિષે પણ વિવિધ પ્રશ્નો ઉદ્ભવ્યા. આ પ્રશ્નોની ઉત્પત્તિ તેજ તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિનું પ્રથમ પગથિયું. એ પ્રશ્નો ગમે તેટલા હોય અને કાળક્રમે તેમાંથી બીજા મુખ્ય અને ઉપપ્રશ્નો પણ ગમે તેટલા જન્મ્યા હોય છતાં એકંદર આ બધા પ્રશ્નોને ટૂંકમાં નીચે પ્રમાણે દર્શાવી શકાય.

તાત્ત્વિક પ્રશ્નો

દેખીતી રીતે સતત પરિવર્તન પામતું આ બાહ્ય વિશ્વ કયારે ઉત્પન્ન થયું હશે? શેમાંથી ઉત્પન્ન થયું હશે? પોતાની મેળે જ ઉત્પન્ન થયું હશે કે કોઇએ ઉત્પન્ન કર્યું હશે? અને ઉત્પન્ન થયું ન હોય તો શું આ વિશ્વ એમ જ હતું અને છે? જો તેનાં કારણો હોય તો તે પોતે પરિવર્તન વિનાનાં શાશ્વત જ હોવાં જોઇએ કે પરિવર્તનશીલ હોવા જોઇએ? વળી એ કારણો કોઇ જુદી જુદી જાતનાં જ હશે કે આખા બાહ્ય વિશ્વનું કારણ માત્ર એકરૂપજ હશે? આ વિશ્વની વ્યવસ્થિત અને નિયમબધ્ધ જે સંચાલના અને રચના દેખાય છે તે બુદ્ધિપૂર્વક હોવી જોઇએ કે યંત્રવત્ અનાદિ સિધ્ધ હોવી જોઇએ? જો બુદ્ધિપૂર્વક વિશ્વ વ્યવસ્થા હોય તો તે કોની બુદ્ધિને આભારી છે? શું એ બુધ્ધિમાન તત્વ પોતે તટસ્થ રહી વિશ્વનું નિયમન કરે છે કે એ પોતે જ વિશ્વરૂપે પરિણમે છે અથવા દેખાય છે?

ઉપરની રીતે આંતરિક વિશ્વ સંબંધમાં પણ પ્રશ્નો થયા, કે જે આ બાહ્ય વિશ્વનો ઉપભોગ કરે છે યા જે બાહ્ય વિશ્વ વિષે અને પોતા વિષે વિચાર કરે છે તે તત્વ શું છે? શું એ અહં રૂપે ભાસતું તત્વ બાહ્ય વિશ્વના જેવી જ પ્રકૃત્તિનું છે કે કોઇ જુદા સ્વભાવનું છે? આ આંતરિક તત્વ અનાદિ છે કે તે પણ કયારેક કોઇ અન્ય કારણમાંથી ઉત્પન્ન થયું છે? વળી અહંરૂપે ભાસતા અનેક તત્વો વસ્તુતઃ જુદા જ છે? કે કોઇ એક મૂળ તત્વની નિર્મિતિઓ છે? આ બધાં સજીવ તત્વો ખરી રીતે જુદાં જ હોય તો તે પરિવર્તનશીલ છે? કે માત્ર કૂટસ્થ છે? એ તત્વોનો કદી અંત આવવાનો કે તે કાળની દૃષ્ટિએ અંતરહિત જ છે? એ જ રીતે આ બધાં દેહમર્યાદિત તત્વો ખરી રીતે દેશની દૃષ્ટિએ વ્યાપક છે કે પરિમિત છે?

આ અને આના જેવા બીજા ઘણા પ્રશ્નો તત્વચિંતનના પ્રદેશમાં ઉપસ્થિત થયા. આ બધા પ્રશ્નોનો કે તેમાંનાં કેટલાકનો ઉત્તર આપણે જુદી જુદી પ્રજાઓનાં તાત્વિક ચિંતનના ઇતિહાસમાં અનેક રીતે જોઇએ છીએ. ગ્રીક વિચારકોએ બહુ જૂના વખતથી આ પ્રશ્નોને છણવા માંડેલા. એમનું ચિંતન અનેક રીતે વિકાસ પામ્યું જે પાશ્ચાત્ય તત્વજ્ઞાનમાં ખાસ મહત્વનો ભાગ રોકે છે. આર્યાવર્તના વિચારકોએ તો ગ્રીક ચિંતકો પહેલાં હજારો વર્ષ અગાઉથી આ પ્રશ્નોના ઉત્તર મેળવવા વિવિધ પ્રયત્નો કરેલા જેનો ઇતિહાસ આપણી સામે સ્પષ્ટ છે.

ઉત્તરોનું સંક્ષિપ્ત વર્ગીકરણ

આર્ય વિચારકોએ એક એક પ્રશ્ન પરત્વે આપેલા જુદા જુદા ઉત્તરો અને તે વિષે પણ મતભેદની શાખાઓ અપાર છે. પણ સામાન્ય રીતે આપણે ટૂંકમાં એ ઉત્તરોનું વર્ગીકરણ કરીએ તો આ પ્રમાણે કરી શકાય. એક વિચાર પ્રવાહ એવો શરૂ થયો કે તે બાહ્ય વિશ્વને **જન્ય** માનતો પણ તે વિશ્વ કોઇ કારણમાંથી તદ્દન નવું જ–પહેલાં ન હોય તેવું થયાની ના પાડતો અને એમ કહેતો કે જેમ દૂધમાં માખણ છૂપું રહેલું હોય છે અને કયારેક માત્ર આવીર્ભાવ પામે છે, તેમ આ બધું સ્થૂળ વિશ્વ કોઇ સૂક્ષ્મ કારણમાંથી માત્ર આવિર્ભાવ પામ્યે જાય છે અને એ મૂળ કારણ તો સ્વતઃસિધ્ધ અનાદિ છે.

બીજો વિચારપ્રવાહ એમ માનતો કે આ બાહ્ય વિશ્વ કોઇ એક કારણથી જન્મ્યું નથી તેના સ્વભાવથી ભિન્ન ભિન્ન એવાં અનેક કારણો છે. એટલે એ કારણોમાં પણ વિશ્વ દૂધમાં માખણની પેઠે છૂપું રહેલું ન હતું પરંતુ જેમ જુદા જુદા લાકડાઓના ટુકડા મળવાથી એક ગાડી નવી જ તૈયાર થાય છે, તેમ તે ભિન્ન ભિન્ન જાતના મૂળ કારણોના સંશ્લેષણ–વિશ્લેષણમાંથી આ બાહ્ય વિશ્વ તદ્દન નવું જ ઉત્પન્ન થાય છે. પહેલો **પરિણામવાદી** અને બીજો કાર્યવાદી એ બન્ને વિચારપ્રવાહો બાહ્ય વિશ્વના આવિર્ભાવ કે ઉત્પત્તિની બાબતમાં મતભેદ ધરાવવા છતાં આંતરિક વિશ્વનાં સ્વરૂપની બાબતમાં સામાન્ય રીતે એકમત હતા. બન્ને એમ માનતા કે અહં નામનું આત્મતત્વ અનાદિ છે. નથી તે કોઇનું પરિણામ કે નથી તે કોઇ કારણમાંથી ઉત્પન્ન થયેલું. જેમ તે આત્મતત્વ અનાદિ છે તેમ દેશ અને કાળ બન્ને દ્રષ્ટિએ અનંત પણ છે. અને તે આત્મતત્વ દેહભેદે ભિન્ન ભિન્ન છે, વાસ્તવિક રીતે તે એક નથી.

ત્રીજો વિચારપ્રવાહ એવો પણ હતો કે જે બાહ્ય વિશ્વ અને આંતરિક જીવજગત બન્નેને કોઇ એક અખંડ સતતત્વનું પરિણામ માનતો અને મૂળમાં બાહ્ય કે આંતરિક જગતની પ્રકૃતિ કે કારણમાં કશો જ ભેદ માનવા ના પાડતો.

જૈન વિચારપ્રવાહનું સ્વરૂપ

ઉપરના ત્રણ વિચારપ્રવાહને અનુક્રમે આપણે અહીં પ્રકૃતિવાદી, પરમાણુવાદી અને બ્રહ્મવાદી નામથી ઓળખીશું. આમાંથી પ્રથમના બે વિચારપ્રવાહોને વિશેષ મળતો અને છતાં તેનાથી જુદો એવો એક ચોથો વિચારપ્રવાહ પણ સાથે સાથે પ્રવર્તતો હતો. એ વિચારપ્રવાહ હતો તો પરમાણુવાદી પણ તે બીજા વિચારપ્રવાહની પેઠે બાહ્ય વિશ્વનાં કારણભૂત પરમાણુઓને મૂળમાંથી જુદી જુદી જાતનાં માનવાની તરફેણ કરતો ન હતો પણ મૂળમાં બધાં જ પરમાણુઓ એક સમાન પ્રકૃતિનાં છે એમ માનતો. અને પરમાણુવાદ સ્વીકાર્યો છતાં તેમાંથી માત્ર વિશ્વ ઉત્પન્ન થાય છે એમ પણ ન માનતાં, તે પ્રકૃતિવાદીની પેઠે પરિણામ અને આવિર્ભાવ માનતો હોવાથી એમ કહેતો કે પરમાણુ પુંજમાંથી બાહ્ય વિશ્વ આપોઆપ પરિણમે છે. આ રીતે આ ચોથા વિચારપ્રવાહનું વલણ પરમાણુવાદની ભૂમિકા ઉપર પ્રકૃતિવાદના પરિણામની માન્યતા તરફ હતું.

તેની એક વિશેષતા એ પણ હતી કે તે સમગ્ર બાહ્ય વિશ્વને આવિર્ભાવવાળું ન માનતાં તેમાંથી કેટલાંક કાર્યોને ઉત્પત્તિશીલ પણ માનતો. તે એમ કહેતો કે બાહ્ય વિશ્વમાં કેટલીય વસ્તુઓ એવી છે કે જે કોઇ પુરૂષના પ્રયત્ન સીવાય જ પોતાનાં પરમાણુ રૂપ કારણોમાંથી જન્મે છે. તેવી વસ્તુઓ તલમાંથી તેલની પેઠે પોતાના કારણમાંથી માત્ર અવિર્ભાવ પામે છે પણ તદ્દન નવી ઉત્પન્ન નથી થતી. જ્યારે બાહ્ય વિશ્વમાં ઘણી વસ્તુઓ એવી પણ છે કે જે પોતાનાં જડ કારણોમાંથી ઉત્પન્ન થાય છે પણ પોતાની ઉત્પત્તિમાં કોઇ પુરૂષના પ્રયત્નની અપેક્ષા રાખે છે. જે વસ્તુઓ પુરૂષના પ્રયત્નની મદદથી જન્મ લે છે, તે વસ્તુઓ પોતાનાં જડ કારણોમાં તલમાં તેલની પેઠે છુપેલી નથી હોતી પણ તે તો તદ્દન નવીજ ઉત્પન્ન થાય છે. જેમ કોઇ સુતાર જુદા જુદા લાકડાઓના કટકા એકઠા કરી તે ઉપરથી એક ઘોડો બનાવે ત્યારે તે ઘોડો લાકડાના કટકાઓમાં છુપો નથી હોતો, જેમ તલમાં તેલ હોય છે. પણ ઘોડો બનાવનાર સુતારની બુધ્ધીમાં કલ્પના રૂપે હોય છે અને તે લાકડાના કટકા દ્વારા મૂર્તરૂપ ધારણ કરે છે. જો સુતાર ધારત તો એ જ લાકડાના કટકામાંથી ઘોડો ન બનાવતાં ગાય, ગાડી કે બીજી તેવી વસ્તુ બનાવી શકત. તલમાંથી તેલ કાઢવાની બાબત આથી તદ્દન જુદી છે. કોઇ ગમે તેટલો વીચાર કરે કે ધારે છતાં તે તલમાંથી ઘી કે માખણ તો ન જ કાઢી શકે. આ રીતે પ્રસ્તુત ચોથો વિચારપ્રવાહ પરમાણુ વાદી છતાં એક બાજુ પરિણામ અને આવિર્ભાવ માનવાની બાબતમાં પ્રકૃતિવાદી વિચારપ્રવાહની સાથે મળતો હતો. અને બીજી બાજુ કાર્ય તેમજ ઉત્પત્તિની બાબતમાં પરમાણુવાદી બીજા વિચાર પ્રવાહને મળતો હતો.

આ તો બાહ્ય વિશ્વની બાબતમાં ચોથા વિચારપ્રવાહની માન્યતા થઇ. પણ આત્મતત્વની બાબતમાં તો એની માન્યતા ઉપરના ત્રણે વિચારપ્રવાહો કરતાં જુદી જ હતી. તે માનતો કે દેહભેદે આત્મા ભિન્ન છે. પરંતુ એ બધા જ આત્માઓ દેશદ્રષ્ટિએ વ્યાપક નથી તેમજ માત્ર કૂટસ્થ પણ નથી. એ એમ માનતો કે જેમ બાહ્ય વિશ્વ પરિવર્તનશીલ છે તેમ આત્માઓ પણ પરિણામી હોઇ સતત્ પરિવર્તનશીલ છે અને આત્મતત્વ સંકોચ–વિસ્તારશીલ પણ છે. અને તેથી તે દેહપ્રમાણ છે.

આ ચોથો વિચારપ્રવાહ તે જ જૈન તત્વજ્ઞાનનું પ્રાચીન મૂળ છે. ભગવાન મહાવીરથી પહેલા ઘણા સમય અગાઉથી એ વિચારપ્રવાહ ચાલ્યો આવતો અને તે પોતાની ઢબે વિકાસ સાધતો તેમજ સ્થિર થતો જતો હતો. આજે આ ચોથા વિચારપ્રવાહનું જે સ્પષ્ટ વિકસિત અને સ્થિર રૂપ આપણને પ્રાચીન કે અર્વાચીન ઉપલબ્ધ જૈન શાસ્ત્રોમાં નજરે પડે છે. તે મોટે ભાગે ભગવાન મહાવીરના ચિંતનને આભારી છે. જૈન મતની મુખ્ય શ્વેતામ્બર અને દિગમ્બર બે શાખાઓ છે બન્નેનું સાહિત્ય જુદું જુદું છે. પરંતુ જૈન તત્વજ્ઞાનનું જે સ્વરૂપ સ્થિર થયેલું છે, તે બન્ને શાખાઓમાં જરા પણ ફેરફાર સિવાય એક જ જેવું છે. અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે અને તે એ કે વૈદિક તેમજ બૌદ્ધ મતના નાના મોટા ઘણાં ફાંટાઓ પડયા છે. તેમાંથી કેટલાક તો એક બીજાથી તદ્દન વિરોધી મંતવ્ય ધરાવનાર પણ છે. એ બધા ફાંટાઓ વચ્ચે વિશેષતા એ છે કે જ્યારે વૈદિક અને બૌદ્ધ મતના બધાં જ ફાંટાઓ આચાર વિષયક મતભેદ ઉપરાંત તત્વચિંતનની બાબતમાંયે કેટલોક મતભેદ ધરાવે છે, ત્યારે જૈન મતના તમામ ફાંટાઓ માત્ર આચારભેદ ઉપર સર્જાએલા છે. તેમનામાં તત્વચિંતનની બાબતમાં કોઇ મૌલિક ભેદ હજી સુધી નોંધાયેલો નથી. માત્ર આર્ય તત્વચિંતનનાં ઇતિહાસમાં જ નહિ પણ માનવીય તત્વચિંતનનાં સમગ્ર ઇતિહાસમાં આ એક જ દાખલો એવો છે કે આટલા બધા લાંબા વખતનો વિશિષ્ટ ઇતિહાસ ધરાવવા છતાં, જેનો તત્વચિંતનનો પ્રવાહ મૌલિક રૂપે અખંડિત જ રહ્યો હોય. (અનુસંધાન પૃષ્ટ ૨૩ જુઓ)

શ્રી. મુંબઈ જૈન યુવકસંઘના સભ્યોને વિજ્ઞપ્તિ

મિત્રો,

"પ્રબુદ્ધ જૈન" ના છેલ્લા બે અંકોમાં સંઘની રાહતસમિતિની રાહત સંબંધે આવેલી જાહેરાત તરફ આપનું લક્ષ અવશ્ય દોરાયું હશે. ખાસ કરીને આ રાહતપ્રવૃત્તિ અને સંઘની બીજી અન્ય પ્રવૃત્તિઓ સંબંધી આપને બે શબ્દો કહેવા પ્રેરાયો છું.

સંઘની આ રાહત પ્રવૃત્તિ ઘણો લાંબો વખત થયાં ચાલે છે તે આપ સારી રીતે જાણો છો. આ પ્રવૃત્તિ સંઘને સાધારણ જનસમાજની અન્યથા અલભ્ય સક્રિય રીતે સેવા કરવાનું એક મોટામાં મોટું સાધન પૂરું પાડે છે. તેથી જ સંઘની આર્થિક સ્થિતિ આવી જવાબદારીઓ ઉપાડવા જેવી ન હોવા છતાં આપની દાનવૃત્તિ ઉપર આધાર રાખી સંઘે આ જવાબદારી ઉપાડી છે અને હવે આગળ છ માસ બીજા લંબાવવાનો નિર્ણય કર્યો છે.

આ સ્થાને સંઘની આ પ્રવૃત્તિનો વિકાસ કેવી રીતે થયો તે લખવું અનુચિત નહિ ગણાય. જગતે નહિ જોએલું એવા છેલ્લાં પાંચ વર્ષ સુધી ચાલેલા સર્વવિનાશી યુધ્ધ દરમ્યાન એક તરફ જ્યારે ધનના ઢગલા થતાં જતાં હતા ત્યારે બીજી બાજુ સાધારણ જનસમાજ જીવન ટકાવવા માટે વધતા જતા ખરચા નીચે પીસાતો જતો હતો. તેવા વર્ગને યત્કિંચીત પણ રાહત મળી શકે એવી કોઇ યોજના સંઘે ઘડવી જોઇએ એવું સંઘના કાર્યવાહકોને લાગ્યું. શરૂઆતમાં ફક્ત સાધારણ આર્થિક સ્થિતિવાળા જૈન કુટુંબોને તેમના ખાધખોરાકી ખરીદવાના ખરચામાં થોડી થોડી આર્થિક મદદ કરવાનું નક્કી કર્યું. સદ્‌ભાગ્યે સંઘને તેના સભ્યો તથા પ્રસંશકોનો પૂરેપૂરો સાથ મળ્યો અને સંઘે આ જવાબદારી બરાબર અદા કરી, જેમ જેમ અનુભવો મળતા ગયા તેમ તેમ સંઘે કેટલાંક સંજોગોમાં તાત્કાલીક રોકડ રાહત પણ આપવી શરૂ કરી.

એક સમયે આ યોજનાનો લાભ લેનાર કુટુંબો તથા વ્યક્તિઓની સંખ્યા લગભગ ૧૦૦ ઉપર પહોંચી ગઇ તેમની પાછળ સંઘ દર મહિને લગભગ રૂા. ૭૦૦) વહેંચતો હતો. ઇ. સ ૧૯૪૪ ની મોટી દોનારતના પરિણામે આ યોજનાનો લાભ લેનાર મોટા ભાગના કુટુંબો મુંબઇ છોડી ગયેલા હોવાથી તેની સંખ્યા ઘણી જ ઘટી ગઇ જે આ વર્ષની શરૂઆતમાં ફક્ત ૪૫ કુટુંબો તથા વ્યક્તિઓની રહી.

આ વર્ષની કાર્યવાહક સમિતિની નવી ચુંટણી પછી તેની પહેલી જ સભામાં આ રાહત યોજના આ વર્ષની આખર સુધી ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું.

વિશેષમાં આ રાહત યોજનામાં એક નવું તત્વ ઉમેરાયું. સંઘના પયોવૃદ્ધ મંત્રી શ્રી મણીલાલ મોકમચંદ શાહ તેમની છેલ્લી માંદગીમાંથી સહિસલામત ઉભા થયા. માંદગી દરમ્યાન સર હરકીશનદાસ હોસ્પીટલની પરિચારીકાઓએ તેમની કરેલી શુશ્રુષાએ તેમના મન ઉપર ઉંડી અસર કરી અને આ કામ ઘણું જ પવિત્ર છે અને જૈન બ્હેનોએ કરવા જેવું છે તેમ તેમને લાગ્યું. પરિણામે કોઇ પણ જૈન બ્હેન નર્સીંગનું શીખવા તૈયાર થાય તો તેને પોતાના તરફથી મદદ કરવા માટે તેમણે સંઘને રૂા. ૧૦૦૦) નું દાન કર્યું. કમભાગ્યે કોઇ પણ જૈન બ્હેન આ યોજનાનો લાભ લેવા તૈયાર ન થતાં તે રકમ અત્યાર સુધી અણુવપરાએલી પડી હતી. આવી રીતે આ રકમ અનિશ્ચિત સમય સુધી અણુવપરાએલી પડી રહે તેના કરતાં તેનો બીજા કોઇ રીતે ઉપયોગ થાય તો સારૂં તેવો વિચાર કરી તેમણે સંઘને તેનો ઉપયોગ વૈદ્યકીય રાહત આપવામાં કરવો એવી સુચના કરી જેનો સંઘની કાર્યવાહક સમિતિએ સ્વીકાર કર્યો.

આવી રાહત સંઘની આર્થિક સ્થિતિને લક્ષમાં રાખીને અને આપનો પુરેપુરો સહકાર મળશે એવી આશા સાથે વધારે કેવી રીતે આપી શકાય તે માટે એક યોજના ઘડી છે, તે યોજનાના મુખ્ય અંગો રાહત સમિતિની જાહેરાતમાં આપવામાં આવ્યા છે.

સરકારી યોજના નીચે સાધારણ જનસમાજને પોષાય તેના કરતા અનેકગણી વધારે કીંમતે મળતાં સડેલા ગળેલા, ભમતાં ભેસે પેશાબ કરેલા ઘઉંના ઝીણા લોટ, વેજીટેબલ ઘી વગેરે વસ્તુઓ જે પ્રજાના સ્વાસ્થ્ય ઉપર અવળી અસર કરી છે, દૂધના અતિ ઉંચા ભાવોએ પ્રજાના મોટા ભાગને તેનાથી વંચીત કરી દીધો છે અમુકમાં પુરૂ વેજીટેબલ ઘીએ શુદ્ધ ઘી અલભ્ય કરી મુકયું છે; પરિણામે શાકાહારી પ્રજાના શરીરને ટકાવવા માટે જરૂરી એવી આ વસ્તુઓ લગભગ અપ્રાપ્ય થઇ પડી છે, વેજીટેબલ ઘી બનાવવાના કારખાનાઓની વધતી જતી સંખ્યા અને તેને સાંપડતું સરકારી પ્રોત્સાહન એક એવું સમાજ વિરોધી પગલું છે કે જેની અસર સમાજના સ્વાસ્થ્ય ઉપર થોડા જ વખતમાં જણાય તો શંકા નહિ. કમનસીબે સામાજીક કાર્યકરોનું લક્ષ હજી તે તરફ દોરાયું નથી.

આવા કપરા સંજોગોમાં નાના મોટા દરેક સામાજીક તથા રાજદ્વારી કાર્યકરોનું લક્ષ પ્રથમ પ્રજાના શરીરને ટકાવી રાખવા તરફ દોરાવું જોઇએ, જે હજી થયું નથી તે અતિ શોચનીય છે.

સંઘે પોતાની યોજનાઓ પારપાડવા માટે જોઇતી આર્થિક મદદ માટે હજુ સુધી આમ પ્રજા પાસે માગણી કરી નથી. સદ્‌ભાગ્યે તેના સભ્યો અને મિત્રોએ આવશ્યક મદદ કરી જ છે. પણ તેની વધતી જતી જવાબદારીઓ તરફ દુર્લક્ષ કરવું પોષાય તેમ નથી. એકલી રાહતની યોજના જ બરાબર પાર પાડવા માટે અને તે દ્વારા સમાજની બનતી સેવા કરવા માટે તેને મોટા ભંડોળની જરૂર છે. સંઘને સંપૂર્ણ વિશ્વાસ છે કે તેના સભ્યો અને મિત્રો તેની આ જરૂરિયાત પ્રત્યે જાગૃત રહેશે.

એકલી આર્થિક મદદની જરૂર છે તેમ નથી તે ઉપરાંત સંઘ તરફથી ઘડાતી યોજના ઉપર તમારા રચનાત્મક સૂચનો અને ટીકાઓની પણ જરૂર છે સંઘ આશા રાખે છે કે તેને તમારૂં યોગ્ય માર્ગદર્શન મળતું રહેશે.

સંઘની અન્ય પ્રવૃત્તિઓ તરફ આપનું ધ્યાન દોરવાની રજા લઉ છું. આ પ્રવૃત્તિઓમાં મુખ્યત્વે "પ્રબુદ્ધ જૈન" અને "શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય" છે. આ બન્ને પ્રવૃત્તિમાં ચલવવામાં સંઘને દર વર્ષે મોટી રકમ માંડી વાળવી પડે છે. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય અને પુસ્તકાલય આ લત્તામાં વસતી સાધારણ જનતા માટે એક મોટા આશીર્વાદ સમાન થઇ પડયું છે. અને તેનો ખૂબ લાભ લેવાઇ રહ્યો છે. એ પ્રવૃત્તિને સંપૂર્ણ રીતે વિકસાવવા માટે મોટા ભંડોળની જરૂર છે. સંઘ આશા રાખે છે કે તેના સભ્યો અને મિત્રો તેને આ પ્રવૃત્તિઓ વિકસાવવામાં બનતી મદદ કરતા રહેશે.

જે સભ્યોએ હજી સુધી સંઘનું લવાજમ ભર્યું નથી તેમનું તે તરફ લક્ષ દોરૂં છું. કેટલાંક સભ્યોનું લવાજમ ૨૦૦૧ ની સાલનું પણ બાકી છે. વિનંતી છે કે સંઘના માણસની રાહ જોયા સિવાય તેમની પાસે નીકળતું લવાજમ, તેઓ સંઘના કાર્યાલયમાં પહોંચતું કરે.

છેવટમાં આશા છે કે સંઘના સભ્યો તથા મિત્રો સંઘની જરૂરીયાત પ્રત્યે સજાગ રહેશે અને તે તરફ પોતાનો સહકારનો હાથ લંબાવશે.

દીપચંદ ત્રીભોવનદાસ શાહ
મંત્રી, શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ.

કેબીનેટ મિશનની દરખાસ્તો

હિંદનાં ભાવી બંધારણ માટે બ્રિટિશ પ્રધાનોના પ્રતિનિધિ મંડળ તથા વાઇસરોયે મળીને બહાર પાડેલ દરખાસ્તોની ચારે તરફથી ખૂબ ઝીણવટ ભરી છણાવટ થઇ રહી છે. તેની જાહેરાત સમયે તે દરખાસ્તો જેટલી આવકારદાયક લાગતી હતી તેટલી, મિશન તરફથી બહાર પડેલ કેટલાક ખુલાસાઓ પછી, આવકારદાયક તે હવે દેખાતી નથી. શીખોએ તેનો અસ્વીકાર કર્યો છે અને મક્કમપણે તેનો સામનો કરવા મોરચો તૈયાર કરી રહ્યા છે. મહાસભા તથા મુસ્લીમ લીગે હજી આખરી નિર્ણય આપ્યો નથી. બન્ને તરફથી આ દરતાવેજની ખામીઓ તરફ મિશનનું લક્ષ ખેંચવામાં આવ્યું છે અને વિશેષ માહીતિ અને સ્પષ્ટીકરણની માગણી થઇ છે. તેના ન્યાયરૂપે મિશને એક નિવેદન બહાર પાડયું છે પણ તેથી કોઇ પક્ષને સંતોષ થયો હોય તેમ જણાતું નથી. મહાસભાના મોવડીઓ અને ગાંધીજીએ મિશન સાથે લાંબી મંત્રણાઓ કરી છે પણ કોઇ નિર્ણયાત્મક તબકકો આવ્યો નથી. મી. ઝીણાએ હજી સીમલાની શીતળ ટેકરી છોડી નથી. મુસ્લીમ લીગની કારોબારી હજી થોડા દિવસ પછી મળશે. સરહદ અને આસામ પ્રાંત તરફથી ફરજીયાત પ્રાન્તિક સમૂહની રચના સામે પ્રબળ વિરોધ જાહેર થયો છે. આમ વાતાવરણ ઘેરાયેલું છે અને પરિણામ અનિશ્ચિત છે. દરેક પક્ષ સમજે છે કે આ દરખાસ્તોનો અસ્વીકાર થાય તો હિન્દની પરિસ્થિતિ અતિ ગંભીર સ્વરૂપ લે તે નિર્વિવાદ છે.

એક વર્ગ એવો છે કે જે એમ માને છે કે અંગ્રેજો સ્વેચ્છાએ, શાન્તિથી અને સહકારથી કોઇ દિવસ હિન્દ છોડે નહિ અને આ મિશન હિન્દને એક વાર ફરીથી છેતરવા જ આવ્યું છે. આ વર્ગને બ્રિટનના વચનોમાં કોઇ વિશ્વાસ રહ્યો નથી. અંગ્રેજોને હાંકી કાઢીશું નહિ ત્યાં સુધી તેઓ જવાના નથી અને તેમની સાથે વાટાઘાટ કરવી એ સમય ગુમાવવાનું છે. આ વર્ગ બીજી લડતની તૈયારી કરવામાં જ પડયો છે. આ વખતે ગાંધીજીની માન્યતા આથી તદ્દન વિરોધી છે. બ્રિટિશ મિશનની સફળતા માટે યોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરવા ગાંધીજી અવિરત પ્રયત્ન કરી રહ્યા છે. તેઓ માને છે કે "આપણા મતભેદોનો ગેરલાભ ઉઠાવવાને ઠેઠ ઇંગ્લંડથી અહીં સુધી મિશન નથી આવ્યું. બ્રિટિશ રાજ્ય અમલનો સૌથી સરળ અને સૌથી ઝડપી રીતે અંત લાવવાને તે અહીં આવ્યું છે. એથી ઉલટું પુરવાર ન થાય ત્યાં સુધી તેમના વચનોમાં વિશ્વાસ રાખવા જેટલા બહાદુર આપણે થવું જોઇએ. ધોખો દેનારની છેતરપિંડીથી તો બહાદુરી ફાલે ફૂલે છે." અદ્વિંસક કાર્યપદ્ધતિને આ વિશ્વાસ સરળ છે. એક પ્રજા બીજી પ્રજા ઉપરના પોતાના કાબૂ અને સત્તાનો શાન્તિથી અને સહકારથી અંત લાવે એ જગતના ઇતિહાસમાં અપૂર્વ વસ્તુ છે. ગાંધીજીને એ વિશ્વાસ છે કે એવું શકય છે. કોઇક વખત તો અંગ્રેજો સાથે વાટાઘાટ કરવાની રહેશે જ તો આ વખતે તેઓ શુભ દાનતથી કામ લેવા ઇચ્છે છે એવો વિશ્વાસ રાખવો જ રહ્યો. ગાંધીજી માને છે કે મિશનનો આશય જેમ બને તેમ જલદી બ્રિટિશ રાજ્ય અમલનો અંત લાવવાનો છે અને ગમે તે પરિસ્થિતિમાં તેમને હિંદ છોડવું છે. આ દ્રષ્ટિએ તેમની દરખાસ્તોનો વિચાર થવો ઘટે.

આપણે એક હકીકત સ્વીકારવી રહી કે આંતર વિગ્રહની હદ સુધી પહોંચે એવા અંદર અંદરના કલહો આપણી વચ્ચે છે. આ મતભેદો મોટે ભાગે બ્રિટિશ લોકોની જ કરણી છે તે સાચું છે પણ અત્યારે તો આપણે તેના ભોગ બન્યા છીએ. હિન્દના સ્વતંત્રતાને આડે તે ઉભા છે. મુસ્લીમો, દેશી રાજાઓ અને અસ્પૃશ્યોને કોઇકે રીતે સંતોષવા રહ્યા. મી. ઝીણા, ડો. આંબેડકર કે દેશીરાજાઓના પ્રતિનિધિ તરીકે ભોપાલના નવાબ ગમે તેવા ખોટા દાવાઓ કરે અને હક માગે પણ તેનો કોઇક નિવેડો લાવવો જોઇએ. આ બધા પક્ષો વચ્ચે સમાધાન અને સમજૂતી કરાવવા મિશને પ્રયત્નો કરી જોયાં પણ તે નિષ્ફળ ગયા. એટલેથી જ મિશને જો પોતાનું કાર્ય છોડી દીધું હોત તો વ્યાજબી રીતે આપણે અંગ્રેજોને ધોખો દઈ શકત. પણ શરૂઆતમાં જ મિશને જાહેર કર્યું હતું કે આ વખતે તેઓ કોઇ ઢીલા મનથી આવતા જ નથી, પણ કોઇ રીતે માર્ગ કાઢવો જ છે એવા મક્કમ નિર્ણયથી આવ્યા છે. એટલે આવી સમજૂતીને અભાવે તેમણે જ પોતાનો અભિપ્રાય જાહેર કર્યો છે. એ અભિપ્રાય સર્વ પક્ષોને સંતોષે એવો તો ન જ હોય એ સ્વાભાવિક છે. પણ તેમાં એકંદરે હિંદની આઝાદી અને તેની ૪૦ કરોડ પ્રજાના હીતના બીજ છે કે નહિ તે જોવાનું રહે છે.

મિશનની દરખાસ્તો—અંગ્રેજો સિવાય કોઇને બંધનકર્તા નથી. તેમણે હિંદના ભાવી બંધારણ માટે, તેમને યોગ્ય લાગે છે તેવી, ભલામણો અને સલાહ આપી છે. તે સ્વીકારવી કે ન સ્વીકારવી તે હિંદની પ્રજાની મરજીની વાત છે. તેનો અસ્વીકાર થાય તો શું પરિણામ આવે તે કોણ કહી શકે? હિંદના ૪૦ કરોડનું અને એક રીતે જગતની શાન્તિનું ભાવી આ સમયે તોળાઇ રહ્યું છે. ભયંકર દુષ્કાળ બારણે ઉભો છે. આંતરવિગ્રહના ભણકારા વાગી રહ્યા છે. ગુલામ હિંદ જગતની શાન્તિને ભયરૂપ છે. તેથી આ દરખાસ્તોનો ગંભીરપણે વિચાર થવો ઘટે.

આ દરખાસ્તોની ટુંકી સમાલોચના કરીએ. શરૂઆતમાં મિશન, મુસ્લીમલીગની પાકીસ્તાનની માંગણીની સમીક્ષા કરી, તેનો અસ્વીકાર કરે છે. તેઓ જણાવે છે કે મુસ્લીમલીગ સિવાય હિંદના બધા પક્ષોએ, હિંદ એક અને અવિભાજ્ય રહેવું જોઇએ, તેવી ઇચ્છા જાહેર કરી છે. આ માંગણીનો અસ્વીકાર કરવાના કારણો મિશને આપ્યા છે. બ્રિટિશ સરકારનો આ આખરી નિર્ણય છે. મુસ્લીમલીગની પાકીસ્તાનની માંગણી સંબંધે બ્રિટિશ સરકારે આજ સુધી પોતાનો નિર્ણય જાહેર કર્યો ન હતો. આ માંગણી સર્વથા ગેરવ્યાજબી હતી અને તેમાં મુસલમાનોનું પણ હીત નથી એ સ્પષ્ટ હકીકત અને તેના સુવિદિત કારણો સૌ જાણતા હતા છતાં તે સંબંધેનો આ આખરી નિર્ણય જરૂરનો હતો અને આવકારદાયક છે. પણ તેથી બહુ હરખાઇ જવાનું નથી. ખોટું હતું તે ખોટું જાહેર થયું છે. પણ તેની અસર તો રહી જ છે અને તે ઉંડી અને વ્યાપક છે. મિશનની બધી દરખાસ્તોમાં તે દેખાય છે.

મિશન જણાવે છે કે મુસલમાનોને ભય છે કે પાકીસ્તાન વિના હિન્દુ રાજ્યમાં તેમના સંસ્કાર, સંસ્કૃતિ અને ધર્મ જોખમમાં મૂકાશે અને તેમને કાયમ હિંદુઓના હાથ નીચે રહેવું પડશે અને તેથી આ ભય ટાળવાને પૂરતી સાવચેતી લેવી જોઇએ. તેમની દરખાસ્તો આ દૃષ્ટીએ ઘડાઇ છે. મિશનમાં હીંમત હોત તો એ કહેત કે આ કહેવાતો ભય એક તૂત છે અને તદ્દન બીનપાયાદાર છે. વળી તેને ટાળવા કોંગ્રેસે કરવામાં કાંઇ બાકી મૂકી નથી. આ ભયના બહાને હિન્દના કાયદા પ્રમાણે નહિ તો વસ્તુતઃ ટુકડા કરવા અને હિન્દને સદા નિર્બળ રાખવું એ વ્યાજબી નથી. હિન્દમાંથી બ્રિટિશ સત્તાનો અંત આવે એટલું જ બસ નથી પણ આંતરરાષ્ટ્રીય જગતમાં હિન્દ એક સબળ રાષ્ટ્ર તરીકે પોતાનો સમાજ અને લાગવગ ધરાવે એ જરૂરનું છે. તે માટે હિન્દમાં એક મજબૂત મધ્યસ્થ સત્તા જોઇએ જેથી હિન્દની આર્થિક, અને રાજકીય એકતા જળવાઇ રહે. મિશનની દરખાસ્તોમાં આ દૃષ્ટિની અવગણના થઇ છે.

મિશનની દરખાસ્તોના બે વિભાગ છે, એક, હિન્દનું ભાવી બંધારણ ઘડવા લોક પ્રતિનિધિ સભા રચવા સંબંધે. અને બીજું તે બંધારણનાં કેટલાક મૂળ ભૂત (Basic) મુદ્દાઓ સંબંધે. મૂળ ભૂત મુદ્દાઓ મિશને એટલા માટે રજુ કર્યા છે કે એ કે વધુ હરીફ પક્ષો મળીને ચર્ચા કરે તે માટે તેમની વચ્ચે અમુક સમજૂતી તો હોવી જ જોઇએ કે જેના ધોરણે તેઓ વિશેષ વિચાર કરે. બે પક્ષો જેમાં મળે તેનો અર્થ એ છે કે આટલું ઓછામાં ઓછું,

ધોરણ તો તેઓ સ્વીકારે છે. પરસ્પરની સમજૂતીથી તેમાં વધારો ઘટાડો કરવાની અથવા તેને ધરમૂળથી બદલી નાખવાની તેમને છૂટ છે પણ એવી પરસ્પરની સમજૂતી ન હોય તો એ મૂળભૂત મુદ્દાઓમાં ફેરફાર કરવાનો અધિકાર કોઇ પક્ષને નથી. બન્ને પક્ષને એ મુદ્દાઓ સ્વીકાર્ય ન હોય તો એકઠા ન થાય અને બધું પડી ભાગે.

આવા છ મુદ્દાઓ મિશને રજુ કર્યા છે. (૧) બ્રિટિશ હિન્દ અને દેશી રાજ્યોનો એક હિન્દી સંઘ બનશે જે હિન્દનું રક્ષણ, પરદેશના સંબંધો અને વ્યવહારના સાધનો, એ ત્રણ વિષયો, પોતાને હસ્તક રાખશે અને તેને માટે જરૂરી નાણાં મેળવવાને અધિકારી રહેશે (૨) આ સંઘને પોતાની કારોબારી અને ધારાસભા હશે જેમાં બ્રિટિશ હિન્દ અને દેશી રાજ્યોના પ્રતિનિધિઓ હશે. કોઇ મુખ્ય કોમી પ્રશ્નના નિર્ણય માટે તે કોમના પ્રતિનિધિઓની અને ધારાસભાના સભ્યોની બહુમતિની જરૂર રહેશે. (૩) ઉપરના ત્રણ સિવાયના બધા વિષયો અને બીજી બધી સત્તા પ્રાંતોને હસ્તક રહેશે. (૪) હિન્દી સંઘને હસ્તક સોંપેલ વિષયો સિવાય બીજા બધા વિષયોમાં દેશી રાજ્યોને પોતાની સત્તા રહેશે (૫) પ્રાન્તો પોતાના સમૂહો રચી, તેની કારોબારી અને ધારાસભા નક્કી કરી શકશે અને પોતાને સામાન્ય (Common) વિષયો એવા સમૂહને સોંપી શકશે (૬) હિન્દી સંઘ અને પ્રાન્તિક સમૂહોના બંધારણમાં એવી કલમ રહેશે કે દર દશ વર્ષે તે બંધારણમાં ફેરફાર કરવાની માગણી કોઇ પ્રાન્ત કરી શકે.

ઉપરના મુખ્ય મુદ્દાઓને આધારે હિન્દનું બંધારણ રચવાની લોક પ્રતિનિધિ સભાને સર્વે સત્તા રહેશે. એવા હિન્દે બ્રિટિશ સામ્રાજ્યમાં રહેવું કે નહિ તે તેની ઇચ્છાની વાત છે.

લોક પ્રતિનિધિ સભાની રચના માટે મિશને હાલની પ્રાન્તિક ધારાસભાઓનો ઉપયોગ કર્યો છે. લોક પ્રતિનિધિ સભામાં વસ્તીના પ્રમાણમાં પ્રતિનિધિત્વ રહેશે. દર દસ લાખે એક એવી રીતે સભ્યો ચુંટાશે. પ્રાન્તિક ધારાસભામાંના દરેક કોમના સભ્યો–અને તે માટે ત્રણ કોમો જ સ્વીકારી છે. મુસ્લીમ, શીખ અને બીજી બધી કોમોનો એક વિભાગ–પોતાના પ્રતિનિધિઓ ચુંટશે અને તે પ્રતિનિધિઓ પ્રાન્તિક ધારાસભાના સભ્યો હોવાની જરૂર નથી. મિશને હિંદના ત્રણ વિભાગ કર્યા છે–'એ' 'બી' 'સી.' 'બી' વિભાગમાં પંજાબ, સરહદ, સિંધ, અને બ્રિટિશ બલુચિસ્તાન, 'સી'માં બંગાળ અને આસામ અને બાકીના 'એ.' વિભાગમાં. તે દરેક વિભાગની પ્રાન્તિક ધારાસભાઓની દરેક કોમ કેટલા પ્રતિનિધિઓ ચુંટે તે વિગતવાર આપ્યું છે. તે મુજબ કુલ ૨૯૨ પ્રતિનિધિઓ ચુંટાશે, જેમાં ૭૮ મુસલમાનો ૪ શીખ અને બીજા ૨૧૦ સભ્યો છે. તે ઉપરાંત ૯૩ પ્રતિનિધિઓ દેશી રાજ્યોના હશે જે મળી કુલ ૩૮૫ સભ્યોની લોકપ્રતિનિધિ સભા બનશે. આ પ્રતિનિધિ સભાની પહેલી બેઠકમાં પ્રાથમિક કાર્ય કરી, દરેક સમૂહના બંધારણો રચશે અને પછી બધા પ્રાંતો અને દેશી રાજ્યો મળી હિંદી સંઘનું બંધારણ ઉપર જણાવેલ ધોરણે રચશે.

આ બધા બંધારણો જોડાઇ ગયા પછી કોઈ પ્રાંતને તેના સમૂહમાં રહેવું ન હોય તો તેમાંથી નીકળી જવાની છુટ રહેશે.

આ લોકપ્રતિનિધિ સભા અને બ્રિટિશ સરકાર વચ્ચે રાજ્ય સત્તાની ફેરબદલીથી ઉપસ્થિત થતા મુદ્દાઓ સંબંધે એક સંધિ થશે.

આવું બંધારણ રચાય તે દરમ્યાન વચગાળાના સમયમાં વાઇસરોય હિંદના મુખ્ય પક્ષોના પ્રતિનિધિઓની બનેલ એક વચગાળાની કારોબારી રચશે જેને સર્વ વિષયો–નાણાં, પોલીસ, લશ્કર વગેરે–સોંપવામાં આવશે.

મિશનની દરખાસ્તોનો આ સાર છે. આ દરખાસ્તો સ્વીકારવા મિશને હિંદી પ્રજાને અપીલ કરી છે. તેનો અસ્વીકારના ભયંકર પરિણામો પ્રત્યે હિન્દી પ્રજાનું ધ્યાન ખેંચ્યું છે અને પોતાની કોમ ઉપરાંત સમસ્ત હિન્દનું હીત જોવાં વિનંતિ કરી છે.

આ દરખાસ્તોમાં ઘણું અસ્પષ્ટ અને સંદિગ્ધ છે; ઘણું બાકી છે. પણ મિશને સવિસ્તર બંધારણ ઘડવા કામ નથી કર્યું. તે કામ લોકપ્રતિનિધિ સભાનું છે. અત્યારે જોવાનું એ છે કે હિન્દના ભાવી બંધારણ માટે જે ધોરણ મિશને નક્કી કર્યું છે અને જે પ્રકારે લોકપ્રતિનિધિ સભાની રચના કરી છે તેમાં શું વાંધાભર્યું છે. લોક-પ્રતિનિધિ સભાની રચનામાં ખાસ વાંધાભર્યું કાંઇ જણાતું નથી. બ્રિટિશ, બલુચીસ્તાન, કુર્ગ, યુરોપીયનો વગેરેના પ્રતિનિધિત્વ સંબંધે મહાસભાએ ખુલાસા માંગ્યા છે જે મિશને આપ્યા છે. યુરોપીયનોને પ્રતિનિધિત્વ આપ્યું તે ખોટું છે. પણ કદાચ તેનો ઉપયોગ તેઓ નહિ કરે. મુખ્ય વાંધાઓ કહીએ તો ચાર છે. (૧) પ્રાન્તિક સમુહોની ફરજીયાત રચના. (૨) હિન્દી સંઘને સોંપાયેલ વિષયો ઘણાં થોડા છે. (૩) દેશીરાજ્યોનો હિન્દી સંઘ સાથેનો સંબંધ અને લોકપ્રતિનિધિ સભામાં તેમના સભ્યોની પસંદગી. (૪) વચ-ગાળાના સરકારની રચના અને તેની સત્તા.

પ્રાન્તિક સમૂહો સંબંધેની મિશનની દરખાસ્તોનો ગાંધીજી અને મહાસભા એ અર્થ કરે છે કે કોઇ સમૂહમાં જોડાવું કોઇ પ્રાન્ત માટે ફરજીઆત નથી અને તે અર્થના સમર્થનમાં ગાંધીજીએ સબળ કારણો રજુ કર્યા છે. તેના જવાબમાં મિશને કહ્યું છે કે એ અર્થ મિશનના ધરાદા સાથે બંધબેસતો નથી અને પ્રાન્તિક સમૂહો ફરજી-યાત છે. આ સામે આસામ, સરહદ અને શીખોનો પ્રબળ વિરોધ છે. આ સમૂહો પ્રાન્તિક અને સમૂહના બંધારણો રચે તો આસામ, સરહદ અને શીખોને ભારે અન્યાય થવા સંભવ છે. મિશન કહે છે કે તેમણે રજુ કરેલ દરખાસ્તો પરસ્પર સંકળાયેલી છે અને તેમાં, મોટા પક્ષોની સંમતિ વિના, ફેરફાર થઇ શકે નહિ. આવા સમૂહો રચવાની દરખાસ્ત જેમ કેટલાક પ્રાન્તોને અન્યાય કરે છે તેમ હિન્દી સંઘની મધ્યસ્થ સરકારને નિર્બળ બનાવે છે અને પાકીસ્તાનનો અસ્વીકાર કરવા છતાં અમલી પાકીસ્તાન ઉભું કરે છે. પાકીસ્તાનની સામે મિશને પોતેજ જે દલીલો કરી છે તે બધી દલીલો આવા સમૂહોની ફરજીઆત રચનાને લાગુ પાડે છે. પ્રાન્તો અને મધ્યસ્થ સરકાર વચ્ચે આવા સમૂહો–પોતાની કારોબારી અને ધારાસભા સહિતના ઉભા કરવાનો આ નવો જ અખતરો છે. કોઇ દેશના બંધારણમાં આવી રચના નથી. મુસ્લીમ લીગને રાજી રાખવા કરેલ આ દરખાસ્ત હિન્દની એકતાને તોડે છે અને તેના આર્થિક, રાજકારણી અને વહીવટી એકતાના ટુકડા કરે છે.

મધ્યસ્થ સરકારને જે ત્રણ વિષયો સોંપવામાં આવ્યા છે તે બહુ થોડા છે. ઓછામાં ઓછું, દેશનું ચલણી નાણું; જકાત અને કોઇ પ્રાન્તમાં કટોકટી પરિસ્થિતિ ઉભી થાય તો તે સમયે તેને બચાવી લેવાની સત્તા, મધ્યસ્થ સરકારને હોવી જોઇએ. આંતર-રાષ્ટ્રીય રાજકારણમાં પોતાનો અવાજ અને લાગવગ ધરાવી શકે એવું સબળ રાષ્ટ્રીય હિન્દ હોવું જોઇએ. વળી જે ત્રણ વિષયો મધ્યસ્થ સરકારને સોંપાયા છે તેને માટે જોઇતાં નાણાં મેળવવા સીધા કર નાખવાની સત્તા મધ્યસ્થ સરકારને રહેશે કે નહિ તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી.

મિશનની દરખાસ્તોનો સૌથી નબળો ભાગ દેશીરાજ્યો સંબંધેનો છે.

બટલર કમીટીએ ૧૯૨૮ માં તૂત ઉભું કર્યું કે રાજાઓનો સંબંધ તાજ સાથે સીધો છે અને બ્રિટિશ તાજ સાર્વભૌમ સત્તા છે–હિંદી સરકાર નહિ. આ તૂતને ૧૯૩૫ ના બંધારણમાં દાખલ કર્યું અને રાજાઓનો સંબંધ તાજના પ્રતિનિધિ સાથે રાખ્યો. આ તદ્દન ખોટા ધોરણને મિશન વળગી રહે છે. મિશને એટલું જાહેર કર્યું છે કે બ્રિટિશ હિંદ આઝાદ બને એટલે તાજ સાથેના રાજા-ઓના સંબંધનો અને તાજના સાર્વભૌમત્વનો અંત આવે પણ તે

સાથે એ સંબંધ અને સાર્વભૌમ સત્તા હિંદી સરકારને મળતા નથી. તાજ સાથેના સંબંધનો અંત આવતા, રાજાઓ સ્વતંત્ર થાય છે અને તેમની સાથે હિંદી સંઘે નવા કોલકરારો કરવા રહેશે. રાજાઓએ ખાત્રી આપ્યાનું કહેવાય છે કે તેઓ હિંદીની આઝાદીની વચ્ચે આવશે નહિ અને તેની પ્રગતિમાં સાથ આપશે. આ સાથ કેવા પ્રકારનો હશે તે રાજાઓ અને હિંદી સંઘ વચ્ચે નક્કી કરવાનું રહેશે. મિશનનું આ ધોરણ જ ખોટું છે. રાજાઓનો સંબંધ હિંદી સરકાર સાથે જ છે અને બ્રિટિશ તાજનું નામ હિન્દી સરકારના પ્રતિનિધિ તરીકે જ છે. એટલે બ્રિટિશ સત્તા દૂર થતા સાર્વભૌમ સત્તા હિન્દી સરકારની જ રહે અને રહેવી જોઇએ. તેવીજ રીતે લોક પ્રતિનિધિ સભામાં દેશીરાજ્યોના પ્રતિનિધિ ચુંટવા સંબંધે પણ મિશને રાજાઓ સાથે વાટાઘાટ કરવા કહ્યું છે. તે પ્રતિનિધિઓ પ્રજાના ચુંટાયેલા હોવા જોઇએ એ નિર્વિવાદ હકીકત છે. આ બન્ને બાબતોમાં રાજાઓને પંપાળવાની મિશનની નીતિ ગેરવ્યાજબી છે. કદાચ તેમણે રાજાઓના વચનો ઉપર વધારે પડતો ભરૂંસો મૂક્યો છે.

વચગાળાની સરકારની રચના અને સત્તા સંબંધે મિશને કાંઇ સંતોષકારક ખુલાસો કર્યો નથી. એની રચના કયા ધોરણે થશે અને તેની કેટલી સત્તા રહેશે તે સ્પષ્ટ કરવું જરૂરનું છે. હિન્દ સંપૂર્ણ આઝાદ થવાનું હોય તો તે આઝાદીનો અનુભવ અત્યારેજ થવો જોઇએ. વાઇસરોયે માત્ર બ્રિટનના રાજા પેઠે બંધારણીય વડા તરીકે જ રહેવું જોઇએ. તેની ખાસ સત્તાઓ અને હકોનો કોઈ ઉપયોગ તેણે કરવો ન જોઇએ. સરકારના બધા ખાતાઓ હિન્દીઓ હસ્તક રહેશે એટલું કહેવું બસ નથી. તે સંબંધેની સંપૂર્ણ સત્તા એક આઝાદ દેશ ભોગવે તેટલી–હિન્દીઓને રહેશે એવી ખાત્રી મળવી જોઇએ. કોંગ્રેસે આટલા વર્ષની લડત માત્ર વાઇસરૉયની કાઉન્સીલના સભ્ય થવા કરી નથી. આ સંબંધે ઉમરાવ સભામાં લોર્ડ સાયમને પૂછ્યું હતું કે વચગાળાની સરકારની રચનાથી વાઇસરોયની સત્તાઓ અને ૧૯૩૫ નું બંધારણ અબાધિત રહે છે અને અત્યારે થતો ફેરફાર માત્ર વ્યક્તિઓ બદલાવવા પુરતો જ છે કે તેથી કાંઇ વિશેષ? તેનાં જવાબમાં લોર્ડ એડીસને કહ્યું હતું કે મોટે ભાગે વ્યક્તિઓ બદલાવવા પુરતો આ ફેરફાર છે. વચગાળાની સરકારની સત્તા સંબંધે બ્રિટિશ પાર્લામેન્ટનો આવો જ કોઇ ખ્યાલ હોય તો એ ધોરણ મહાસભાને સર્વથા અસ્વીકાર્ય છે. બ્રિટિશ મિશનનો તે સંબંધેનો ખુલાસો ગોળ ગોળ વાતો જ કરે છે. મહાસભા માટે આ મુખ્ય પ્રશ્ન છે. ક્રીપ્સ દરખાસ્તો આ ઉપર જ ભાંગી પડી હતી. ભવિષ્યમાં કેવું બંધારણ રચાશે તે એક વાત છે. હાલ અને અત્યારે જ આઝાદીનો અનુભવ હિન્દને થવો જોઇએ. બ્રિટિશ સરકારની શુભ દાનતની એ મુખ્ય કસોટી છે.

કેબીનેટ મિશને તેના છેલ્લા નિવેદનમાં એમ પણ કહ્યું છે કે હિંદની સંપૂર્ણ આઝાદી બ્રિટિશ પાર્લામેન્ટ સ્વીકારે તેની બે શરતો છે (૧) લઘુમતિઓના રક્ષણ માટે પૂરતો પ્રબંધ અને (૨) રાજ્યસત્તાના ફેરબદલાથી ઉપસ્થિત થતા મુદ્દાઓ સંબંધે બ્રિટન અને હિંદ વચ્ચે સંધિ. પૂરતો પ્રબંધ કોને કહેવો અને સંધિના મુદ્દાઓ શું છે અને કેવી સંધિ થવી જોઇએ તે કાંઇ કહ્યું નથી.

મિશનની દરખાસ્તોના આ દસ્તાવેજને ગાંધીજીએ શ્રેષ્ટ અને ઉમદા દસ્તાવેજ કહ્યો છે. ઓછામાં ઓછા સમયમાં સ્વતંત્રતા કેવી રીતે મેળવવી, એ દર્શાવતી રાષ્ટ્રને ઉદ્દેશીને કરવામાં આવેલી એ અપીલ અને આપવામાં આવેલી સલાહ છે. ત્યાગના કાર્યમાં પહેલું પગલું ભરવા માટે મિશનને તેમણે અભિનંદન આપ્યા છે. સંપૂર્ણ ત્યાગ માટે બીજાં પગલાં ભરવાની જરૂર છે અને એટલા માટે ગાંધીજીએ મિશનના નિવેદનને કૂંડી તરીકે ઓળખાવ્યું છે. આ કૂંડીને પીછળા જોઇએ અને તેનો સ્વીકાર થાય તે માટે બીજી કેટલીક બાબતોની જરૂર છે.

ગાંધીજીનો આ અભિપ્રાય પ્રાન્તિક સમૂહ રચના વિષે તેમના અભિપ્રાયને નકારતું મિશનનું છેલ્લું નિવેદન બહાર પડ્યું તે પહેલાંનો છે, આ નિવેદનથી તેમના અભિપ્રાયમાં કાંઇ ફેર પડે છે કે નહિ તે જોવાનું રહે છે.

મુસ્લીમ લીગનું વલણ હજી જણાયું નથી. કોંગ્રેસે જાહેર કર્યું છે કે વચગાળાની સરકારની રચના અને સત્તા સંબંધમાં પૂરતો ખુલાસો ન થાય ત્યાં સુધી કોંગ્રેસ આખરી નિર્ણય આપી શકતી નથી. વચગાળાની સરકારની રચના અને સત્તા તથા પ્રાન્તિક સમૂહો સંબંધે કોંગ્રેસને સંતોષકારક સમાધાન થશે તો કોંગ્રેસ આ દરખાસ્તોનો સ્વીકાર કરે એવો સંભવ છે. સમાધાન કરવાની અને વિગ્રહ ટાળવાની ગમે તેટલી ઇચ્છા હોય તો પણ હિન્દ કાયમ માટે એક નિર્બળ રાષ્ટ્ર રહે એવું ધોરણ કેમ સ્વીકારી શકાય? ઘણી વસ્તુઓ વિશ્વાસ ઉપર છોડી શકાય પણ તે વિશ્વાસ રાખવા જેવો છે એવો તાત્કાલિક અનુભવ થાય તો જ. તેની કસોટી તુરતમાં બ્રિટન હિન્દને શું સત્તા આપે છે તે ઉપર છે. સંભવ છે કે એક વખત અંગ્રેજો હિન્દ છોડે એટલે મુસ્લીમો અને રાજાઓને સાન આવશે અને અણવિશ્વાસ દૂર થશે. સંભવ છે કે રાજાઓ હિન્દની આઝાદીને આડે આવે તો–બ્રિટિશ કોમોનેટનું રક્ષણ દૂર થતાં તેમની પ્રજા તેમને ઠેકાણે લાવી શકે. સંભવ છે કે, વચગાળાની સરકારમાં બધા સાથે મળી કામ કરે તો અણવિશ્વાસ દૂર થાય અને નવું બંધારણ ઘડવામાં અત્યારે જે મુશ્કેલીઓ જણાય છે તે ન રહે. પણ આ બધાનો આધાર બ્રિટિશ સત્તા ખરેખર દૂર થવા ઉપર છે. અંગ્રેજો અહીં રહીને મુસ્લીમો અને દેશી રાજાઓને પંપાળશે ત્યાં સુધી આંતર કલહો રહેવાના. શું ખરેખર જ બ્રિટન હિન્દ ઉપરનો પોતાનો કાબૂ અને સત્તા છોડવા ઇચ્છે છે? તો અત્યારે જે ગૂંચો દેખાય છે તેનો નિકાલ અશકય નથી. મુસ્લીમો અને દેશી રાજાઓને તેમની માંગણીઓ ગેરવ્યાજબી હશે ત્યાં સ્પષ્ટપણે કહેવું પડશે અને તેનો ઇન્કાર કરવો પડશે.

હિંદના દરેક પક્ષ ઉપર અને બ્રિટન ઉપર ગંભીર જવાબદારી છે. આ કટોકટીની પળ છે. હિંદના પક્ષો એકમત થતા નથી એવું કહીને બ્રિટન પોતાની જવાબદારીમાંથી મુકત થઇ શકતું નથી. ૪૦ કરોડના હીતમાં શું વ્યાજબી છે તે નક્કી કરી તેણે તે પ્રમાણે વર્તવું જ રહ્યું. જે વિલંબ થાય છે તેથી હિંદની પ્રજાની ભારે કસોટી થઇ રહી છે અને તેની ધીરજ ખૂટવા આવી છે.

ચીમનલાલ શાહ.

ભૂલ સુધાર

રૂા. સવા લાખનું દાન

વડીયા નિવાસી નગરશેઠ કેશવજી મોનજી ખેતાણી

જેમના તરફથી શ્રી જૈન કેળવણી મંડળના આશ્રય નીચે ચાલતી શ્રી રત્ન ચિંતામણી સ્થાનકવાસી જૈન સ્કુલને રૂપીયા સવા-લાખની ઉદાર સખાવત જાહેર થઇ છે. શ્રી જૈન કેળવણી મંડળ સ્થાનકવાની જૈન સમાજના કોલેજના વિદ્યાર્થીઓ માટે એક બોર્ડિંગ ચલાવે છે જેને માટેનું ચાર લાખનું સ્વતંત્ર મકાન બોરીબંદર પાસે લેવાયું છે, અને પ્રાથમિક તેમજ માધ્યમિક અભ્યાસના વિદ્યાર્થીઓ માટે એક સ્કુલ ચલાવે છે. જેને માટે પ્રીન્સેસ સ્ટ્રીટના ખુણાપર અને ટ્રામના પાટાપર રૂા. દોઢ લાખની કિંમતનું સ્વતંત્ર મકાન ખરીદવામાં આવ્યું છે. મજકુર સ્કુલને હાઇસ્કુલ સુધી વિકસાવીને શ્રીમાન શેઠ કેશવજી મોનજી ખેતાણીના સ્વ. પત્ની શ્રી રતનબાઈ ખેતાણીનું નામ તેની સાથે જોડવામાં ઠરાવવામાં આવ્યું છે. શ્રીમાન શેઠ કેશવજી મોનજી ખેતાણીને તેઓશ્રીની રૂપીયા સવા લાખની ઉદાર સખાવત માટે અભિનંદન ઘટે છે.

જૈન તત્ત્વજ્ઞાન (પૃષ્ઠ ૧૮ થી ચાલુ)

પૂર્વીય અને પશ્ચિમીય તત્વજ્ઞાનની પ્રકૃતિનું તોલન

તત્ત્વજ્ઞાન પૂર્વિય હો કે પશ્ચિમીય હો પણ બધા જ તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આપણે જોઇએ છીએ કે તત્વજ્ઞાન એ માત્ર જગત, જીવ અને ઇશ્વરના સ્વરૂપચિંતનમાં જ પૂર્ણ નથી થતું પણ એ પોતાના પ્રદેશમાં ચારિત્રનો પ્રશ્ન પણ હાથ ધરે છે. ઓછે કે વત્તે અંશે, એક કે બીજી રીતે, દરેક તત્ત્વજ્ઞાન પોતામાં જીવનશોધનની મીમાંસા સમાવે. અલબત, પૂર્વીય અને પશ્ચિમીય તત્ત્વજ્ઞાનના વિકાસમાં આ વિષે આપણે થોડો તફાવત પણ જોઇએ છીએ. ગ્રીક તત્ત્વચિંતનની શરૂઆત માત્ર વિશ્વના સ્વરૂપ વિષેના પ્રશ્નોમાંથી થાય છે અને આગળ જતાં કિશ્ચિયાનિટી સાથે એનો સંબંધ જોડાતાં એમાં જીવનશોધનનો પણ પ્રશ્ન ઉમેરાય છે. અને પછી એ પશ્ચિમીય તત્ત્વચિંતનની એક શાખામાં જીવનશોધનની મીમાંસા ખાસ ભાગ ભજવે છે. ઠેઠ અર્વાચીન સમય સુધી પણ રોમન કેથોલીક સંપ્રદાયમાં આપણે તત્ત્વચિંતનને જીવનશોધનના વિચાર સાથે સંકળાયેલું જોઇએ છીએ. પરંતુ આર્ય તત્ત્વજ્ઞાનના ઇતિહાસમાં આપણે એક ખાસ વિશેષતા જોઇએ છીએ અને તે એ કે આર્ય તત્ત્વજ્ઞાનની શરૂઆત જ જાણે જીવનશોધનના પ્રશ્નમાંથી થઇ હોય તેમ લાગે છે. કારણ કે આર્ય તત્વજ્ઞાનની વૈદિક, બૌદ્ધ અને જૈન એ ત્રણે મુખ્ય શાખાઓમાં એકસરખી રીતે વિશ્વચિંતન સાથે જ જીવનશોધનનું ચિંતન સંકળાયેલું છે. આર્યાવર્તનું કોઇ પણ દર્શન એવું નથી કે જે માત્ર વિશ્વચિંતન કરી સંતોષ ધારણ કરતું હોય પણ તેથી ઉલટું આપણે એમ જોઇએ છીએ કે દરેક મુખ્ય કે તેનું શાખારૂપ દર્શન જગત, જીવ અને ઇશ્વર પરત્વે પોતાના વિશિષ્ટ વિચારો દર્શાવી છેવટે જીવનશોધનના પ્રશ્નને જ છણે છે. અને જીવન શોધનની પ્રક્રિયા દર્શાવી વિરામ પામે છે. તેથી આપણે દરેક આર્ય દર્શનના મૂળ ગ્રંથમાં શરૂઆતમાં મોક્ષનો ઉદ્દેશ અને અંતમાં તેનો જ ઉપસંહાર જોઇએ છીએ. આજ કારણને લીધે સાંખ્યદર્શન જેમ પોતાનો વિશિષ્ટ યોગ ધરાવે છે અને તે યોગદર્શનથી અભિન્ન છે, તેમ ન્યાય, વૈશેષિક અને વેદાંત દર્શનમાં પણ યોગના મૂળ સિદ્ધાંતો છે. બૌદ્ધદર્શનમાં પણ એની વિશિષ્ટ યોગપ્રક્રિયાએ ખાસ સ્થાન રોકયું છે. એ જ રીતે જૈનદર્શન પણ યોગપ્રક્રિયા વિષે પૂરો વિચારો દર્શાવે છે.

જીવનશોધનના મૌલિક પ્રશ્નોની એકતા

આ રીતે આપણે જોયું કે જૈન દર્શનમાં મુખ્ય બે ભાગ છે; એક તત્ત્વચિંતનનો અને બીજો જીવનશોધનનો. અહીં એક વાત ખાસ નોંધવા જેવી છે અને તે એ છે કે વૈદિકદર્શનની કોઇ પણ પરંપરા લો કે બૌદ્ધદર્શનની કોઇ પરંપરા લો, અને તેને જૈનદર્શનની પરંપરા સાથે સરખાવો તો એક વસ્તુ સ્પષ્ટ જણાશે કે, આ બધી પરંપરાઓમાં જે ભેદ છે તે બે બાબતમાં છે. એક તો જગત, જીવ અને ઇશ્વરના સ્વરૂપચિંતન પરત્વે; અને બીજો આચારનાં સ્થૂળ તેમજ ક્ષુલ્લ વિધિવિધાનો અને સ્થૂળ રહેણીકરણી વિષે. પણ આર્યદર્શનની દરેક પરંપરામાં જીવનશોધનને લગતા મૌલિક પ્રશ્નો અને તેના ઉત્તરોમાં જરા પણ તફાવત નથી. કોઇ ઇશ્વર માને કે નહિ, કોઇ પ્રકૃતિવાદી હોય કે કોઇ પરમાણુવાદી, કોઇ આત્મભેદ સ્વીકારે કે આત્માનું એકત્વ સ્વીકારે, કોઇ આત્માને વ્યાપક અને નિત્ય માને કે કોઇ તેથી ઉલટું માને, એજ રીતે કોઇ યજ્ઞયાગદ્વારા ભક્તિ ઉપર ભાર મૂકે કે કોઇ વધારે કડક નિયમોને અવલંબી ત્યાગ ઉપર ભાર મૂકે; પણ દરેક પરંપરામાં આટલા પ્રશ્નો એક સરખાં છે. દુઃખ છે કે નહિ? હોય તો તેનું કારણ શું? તે કારણનો નાશ શક્ય છે? અને હોય તો કઇ રીતે? છેવટનું સાધ્ય શું હોવું જોઇએ? આ પ્રશ્નોના ઉત્તરો પણ દરેક પરંપરામાં એકજ છે. ભલે શબ્દભેદ હોય, સંક્ષેપ કે વિસ્તાર હોય, છતાં દરેકનો ઉત્તર એ જ છે કે અવિદ્યા અને તૃષ્ણા એ દુઃખનાં કારણો છે. તેનો નાશ સંભવિત છે. વિદ્યાથી અને તૃષ્ણાછેદ દ્વારા દુઃખના કારણોનો નાશ થતાં જ દુઃખ આપોઆપ નાશ પામે છે. અને એ જ જીવનનું મુખ્ય સાધ્ય છે. આર્યદર્શનોની દરેક પરંપરા જીવનશોધનના મૌલિક વિચાર વિષે અને તેના નિયમો વિષે તદ્દન એકમત છે. તેથી અહીં જૈન દર્શન વિષે કાંઇ પણ કહેતાં, મુખ્યપણે તેની જીવનશોધનની મીમાંસાનું જ સંક્ષેપમાં કથન કરવું વધારે પ્રાસંગીક છે.

જીવનશોધનની જૈન પ્રક્રિયા

જૈન દર્શન કહે છે કે આત્મા સ્વાભાવિક રીતે શુદ્ધ અને સચ્ચિદાનંદરૂપ છે. એનામાં જે અશુદ્ધિ, વિકાર યા દુઃખરૂપતા દેખાય તે અજ્ઞાન અને મોહના અનાદિ પ્રવાહને આભારી છે. અજ્ઞાનને ઘટાડવા અને તદ્દન નષ્ટ કરવા તેમ મોહનો વિલય કરવા જૈનદર્શન એક બાજુ વિવેકશક્તિ વિકસાવવા કહે છે અને બીજી બાજુ તે રાગદ્વેષના સંસ્કારો નષ્ટ કરવા કહે છે. જૈન દર્શન આત્માને ત્રણ ભૂમિકાઓમાં વહેંચી નાખે છે. જ્યારે અજ્ઞાન અને મોહનું પૂર્ણ પ્રાબલ્ય હોય અને તેને લીધે આત્મા વાસ્તવિક તત્વ વિચારી ન શકે તેમજ સત્ય ને સ્થાયી સુખની દિશામાં એક પણ પગલું ભરવાની ઇચ્છા-સુદ્ધાં ન કરી શકે ત્યારે એ બહિરાત્મા કહેવાય છે. આ જીવની પ્રથમ ભૂમિકા થઇ. આ ભૂમિકા હોય ત્યાં સુધી પુનર્જન્મનું ચક્ર બંધ પડવાનો કદી સંભવ જ નથી અને લૌકિક દૃષ્ટિએ ગમે તેટલો વિકાસ દેખાય છતાં ખરી રીતે એ આત્મા અવિકસિત જ હોય છે.

વિવેકશક્તિનો પ્રાદુર્ભાવ જ્યારે થાય અને જ્યારે રાગદ્વેષના સંસ્કારોનું બળ ઘટવા માંડે ત્યારે બીજી ભૂમિકા શરૂ થાય છે. એને જૈનદર્શન અંતરાત્મા કહે છે. આ ભૂમિકા વખતે જો કે દેહધારણને ઉપયોગી એવી બધી દુન્યવી પ્રવૃત્તિ ઓછીવત્તી ચાલતી હોય છે, છતાં વિવેકશક્તિના વિકાસના પ્રમાણમાં અને રાગદ્વેષની મંદતાના પ્રમાણમાં એ પ્રવૃત્તિ અનાસક્તિવાળી હોય છે. આ બીજી ભૂમિકામાં પ્રવૃત્તિ હોવા છતાં તેમાં અંતરથી નિવૃત્તિનું તત્વ હોય છે. બીજી ભૂમિકાનાં સંખ્યાબંધ ચડતાં પગથીયાં જ્યારે વટાવી દેવાય ત્યારે આત્મા પરમાત્માની દશાને પ્રાપ્ત થયો કહેવાય છે. આ જીવનશોધનની છેલ્લી ભૂમિકા અને પૂર્ણ ભૂમિકા છે. જૈનદર્શન કહે છે કે આ ભૂમિકાએ પહોંચ્યા પછી પુનર્જન્મનું ચક્ર તદ્દન હંમેશને માટે થંભી જાય છે.

આપણે ઉપરના સંક્ષિપ્ત વર્ણન ઉપરથી જોઇ શકીએ છીએ કે અવિવેક (મિથ્યા દૃષ્ટિ) અને મોહ (તૃષ્ણા) એ બે જ સંસાર છે અથવા સંસારનાં કારણો છે. તેથી ઉલટું વિવેક અને વિતરાગત્વ એ જ મોક્ષ છે અથવા મોક્ષનો માર્ગ છે. આ જ જીવનશોધનની સંક્ષિપ્ત જૈન મીમાંસા અનેક જૈન ગ્રંથોમાં અનેક રીતે, સંક્ષિપ્ત કે વિસ્તારથી, તેમ જુદી જુદી પરિભાષાઓમાં વર્ણવેલી મળે છે. અને આ જ જીવન મીમાંસા અક્ષરશઃ વૈદિક તેમજ બૌદ્ધ દર્શનોમાં પણ પદે પદે નજરે પડે છે.

(અપૂર્ણ)

પંડિત સુખલાલજી.

શ્રી મુંબઇ જૈન યુવકસંઘની રાહત પ્રવૃત્તિને મદદ.

૪૦૦) શ્રી. કચરાચંદ હકમચંદ હા. શ્રી કાન્તિલાલ વર્ધમાન.
૧૦૧) ,, છોટાલાલ નાથાલાલ શાહઃ-તેમના પુત્રી બહેન સુમનના શુભ લગ્નની ખુશાલીમાં.
૨૫) ,, રણછોડદાસ શાહ.
૨૫) ,, મોહનલાલ કુંવરજી.

૫૫૧)

કેટલાક સમાચાર અને નોંધ

સ્વર્ગસ્થ શેઠ લલ્લુભાઈ દીપચંદ ઝવેરી

મે માસના પશ્ચાદ્ અર્ધ દરમિયાન શ્રી. મુંબઈ જીવદયા મંડળીના પ્રમુખ સંચાલક શ્રી લલ્લુભાઇ દીપચંદ ઝવેરીનું ૭૯ વર્ષની ઉમ્મરે અવસાન થતાં વિશાળ જનસમાજે જીવદયાનો એક પરમ ઉપાસક ગુમાવ્યો છે. તેમનો જન્મ વલસાડ જીલ્લામાં આવેલા ભદેલી ગામમાં ઇ. સ. ૧૮૭૯ માં થયો હતો. સામાન્ય શિક્ષણ મેળવ્યા બાદ તેમણે પોતાના જીવનની મુંબઇમાં નોકરીથી શરૂઆત કરી હતી અને સમયાન્તરે તેઓ ઝવેરાતના ધંધામાં દાખલ થયા હતા અને તે ધંધાદ્વારા તેમણે વિપુલ સંપત્તિ પ્રાપ્ત કરી હતી.

આમ પોતાના ધંધામાં તેઓ પુરા કુશળ હોવા છતાં તેમનું ધ્યાન જીવનના પ્રારંભથી જીવદયાના તેમજ નિરામિષ આહારના પ્રચાર ઉપર કેન્દ્રિત થયેલું હતું. ઇ. સ. ૧૯૧૦ માં તેમણે જીવદયા જ્ઞાન પ્રસારક ફંડની સ્થાપના કરી હતી જેનું ઇ. સ. ૧૯૧૬ માં મુંબઇ જીવદયા મંડળીમાં રૂપાન્તર કરવામાં આવ્યું હતું. આ મંડળીદ્વારા તેમણે માત્ર પશુદયાની પ્રવૃત્તિઓ હાથ ધરી હતી એટલું જ નહિ પણ કોઇ પણ મહાન વ્યાધિ, દુષ્કાળ, ઉપદ્રવ કે ધરતીકંપ જેવી આફતના પ્રસંગે તેમણે જનસેવાની પણ અનેક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી. બંને ત્યાં અને ખાસ કરીને દેશી રાજ્યોમાં પ્રાણીઓની કતલ અટકાવવી, દેવીઓ સામે થતાં પશુનાં બલિદાનોની પણ અટકાયત કરવી. આ જીવદયાના ક્ષેત્રમાં તેમની મુખ્ય પ્રવૃત્તિ રહેતી. તેમના આ અવિરત પ્રયાસના પરિણામે મુંબઇ જીવદયા મંડળી આજે પ્રભુત્વપૂર્ણ સંસ્થા બની છે અને અનેકવિધ સેવાઓ બજાવે છે. સદ્‌ગત લલ્લુભાઇ એક સુચરિત સજ્જન હતા. તેમના રોમેં રોમમાં જીવદયાની ભાવના ભરેલી હતી. તેમની સર્વ સેવાઓ પણ મોટા ભાગે આજ ક્ષેત્રને વરેલી હતી. તેમની મહેનતના પરિણામે મુંબઇ સરકારે ખેતીવાડીમાં ઉપયોગી થાય તેવાં અને અને દુધાળાં ઢોરોની કતલ ઉપર પ્રતિબંધ મુક્યો છે. તેમનાં પવિત્ર આત્માને પરમાત્મા પરમ શાન્તિ બક્ષે એવી આપણ સર્વના અન્તરની પ્રાર્થના છે.

દરિદ્ર નારાયણને ચરણે

મહાબળેશ્વર સહ્યાદ્રિ પર્વતમાં આવેલું હવા ખાવાનું એક જગપ્રસિદ્ધ મથક છે. આ વખત ત્યાં અનેક ગુજરાતી કુટુંબો હવાફેર માટે આવી વસેલા. કોઇ બાગ બંગલામાં તો કોઇ એક યા અન્ય હોટેલમાં. મે માસના ત્રીજા અઠવાડીઆની આખરે હિન્દુસ્તાનની રાષ્ટ્રીય બંધારણની નવરચનાને લગતી જાહેરાત થઇ. એની ખુશાલીમાં મહાબળેશ્વર ખાતે આવેલ સહેલાણીઓમાં આસ પાસ વસતી અત્યન્ત દરિદ્ર જનતાને ફુલ નહિ તો ફુલની પાંખડી પુરવાં અંશતઃ મદદરૂપ થવાની ઇચ્છાથી ફંડફાળો એકઠો કરવામાં આવ્યો અને આશરે રૂા. ૬૦૦૦ ની રકમ એકઠી થઇ. આ રકમનો ઉપયોગ મહાબળેશ્વર અને તેની આસપાસના પ્રદેશમાં વસતી ગરીબ જનતાને શક્ય તેટલાં વસ્ત્રો વહેંચી આપવામાં કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. કેવળ આનંદ, મોજમજા અને આરામના હેતુથી એકઠી થયેલી ગુજરાતી જનતાએ અસાધારણ ગરીબી અને હાડમારી ભોગવતી રાંક પ્રજાને આ રીતે યાદ કરી છે એ પ્રશંસનીય છે તેમજ અનુકરણીય છે.

એક આદરણીય લગ્ન

જાણીતા જળીવાળા મેસર્સ શાહ એન્ડ કું. વાળા શ્રી. છોટાલાલ શાહ જેઓ આ સંઘના એક સભ્ય છે તેમની દીકરી બહેન સુમનના લગ્ન ખેડા નિવાસી જૈન આગેવાન શ્રી મણીલાલ બાલાભાઇ પટેલના પુત્ર શ્રી ચંદ્રકાન્ત સાથે મોટા મિત્ર સમુદાયની હાજરીમાં વૈશાખ સુદી ૩ ના રોજ કર્યાં છે. બહેન સુમન ઇન્ટર સાયન્સમાં અભ્યાસ કરે છે અને શ્રી ચન્દ્રકાન્ત બી. એસ. સી. માઇનીંગ એંજીનીઅર છે. આ લગ્ન સંપૂર્ણ સાદાઇથી અને ચાલુ પ્રણાલિકા વિરૂદ્ધ કરવામાં આવ્યા છે. આ લગ્નની એક વિશિષ્ટતા એ છે કે કન્યાપક્ષે તેમના એટલે કે મીયાગામના વિશાશ્રીમાળી ગોળની સદન્તર અવગણના કરી છે, અને ચાલ્યા આવતા ગોળના રીવાજ વિરૂદ્ધ કન્યા ગોળ બહાર આપી છે. તેમના આ સાહસ માટે તેઓ પ્રજાના પ્રગતિશીલી વિભાગના અભિનંદનને પાત્ર છે.

પરમાનંદ.

અણુબોમ્બ અને કેળવણી

અણુબોમ્બનું યુદ્ધ થાય તો સંસ્કૃતિ તેમાંથી જીવતી નીકળી ન શકે. ધરતીના કાંકરા કાંકરાં થઇ રહે ને તે સિવાય બીજું કાંઈ તેમાંથી બચવા ન પામે. સંયુક્ત રાષ્ટ્રમંડળની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થાના જાહેરનામાના શરૂના શબ્દોમાં ભારે ગંભીર સત્ય રહેલું છે. તે જાહેરનામું જણાવે છે કે, "યુધ્ધો માનવીઓનાં મગજોમાંથી શરૂ થાય છે, તેથી કરીને શાંતિની રક્ષાના માર્ગો તેજ માનવ મગજોની અંદર રચવા જોઇએ."

"એટલે, આપણે અજ્ઞાનને નાબુદ કરવા તરફ લક્ષ આપવું જોઇએ, કેમ કે, અજ્ઞાનથી મહા આફત આવવાની ધાસ્તી રહે છે. અજ્ઞાનના સાથીઓ છે પોતાના માનવબંધુઓ સાથેના સંબંધમાં પૂર્વગ્રહ, અસહિષ્ણુતા, અને શંકાદૃષ્ટિ. એ બધાંમાંથી સરમુખત્યારો જન્મે છે અને તેઓ પછી યુદ્ધો જન્માવે છે.

બીજાથી પોતાનો ધર્મ જુદો હોય, કે પોતાની ભાષા કે ટેવો જુદી હોય, કે પોતાનાં જાતિ કે રાષ્ટ્ર યા રંગ કે વર્ણ જુદાં હોય, તેથી કરીને સમજી કે બુધ્ધિમાન માણસેજ એક બીજાને તિરસ્કારતા નથી. જગતની શાંતિને માટે જે ઊંડી આંતરરાષ્ટ્રીય સમજની ભારે જરૂર છે, તે આણવાનું કામ કેળવણીનું છે.

સમજી અમેરિકનો હવે એમ નથી વિચાર કરતા કે, એક માણસ યુનાઇટેડ સ્ટેટ્સ બહાર જન્મ્યો છે, એટલે તેની જોડે આપણે કશી લેવાદેવા ન હોય. આ જાતના વિચારમાં સરમુખત્યારી ને જુલમનાં બીજ રહેલાં છે, એ તેઓ જાણે છે. દુઃખદ અનુભવે એમને ખબર પડી છે કે, સરમુખત્યારી ને જુલમ એવાં તો નિષ્ઠુર છે કે, તે યુનાઇટેડ સ્ટેટ્સની હદે આવીને અટકવાનાં નથી કે તેમને આરામથી જતા કરવાનાં નથી.

બીજા વિશ્વયુધ્ધે ને અણુબોમ્બે જે પાઠ શીખવ્યો છે, એ એમને ખબર છે. તે એ છે કે, જો આપણે આપણા માનવકુટુંબનાં બધાં ભાંડુઓ સાથે હળીમળીને કામ કરવું અને જીવન ગુજારવું હોય, તો તે બધાંની સાથે તે જ પ્રમાણે આપણે કામ કરવું ને રહેવું જોઇએ.

આ અણુબોમ્બ સામે કાંઇ નહિ તો એક ઢાલ તો બચાવની છે જ કે, આખા જગતથી સબંધો સ્થાપવાની વિદ્યા આપણે હાથ કરવી જોઇએ. આ ઢાલ એટલે પરસ્પર સમજ અને સહિષ્ણુતા, બુધ્ધિ અને વિચારીપણું. આ વસ્તુઓ આપણે શીખીશું ત્યારે આપણે સિધ્ધ કરી શકીશું કે, હિરોશીમો (જાપાનમાં જ્યાં એમેરિકનોએ અણુબોમ્બ નાખેલો તે જગાનું નામ) એ સંસ્કૃતિનો અંત નહોતો પરંતુ નવી અને વધારે સારી દુનિયાનો પ્રારંભ હતો."

—પ્રેસિડેન્ટ ટ્રુમેન.

('શિક્ષણ અને સાહિત્ય'માંથી સાભાર ઉધ્ધૃત)

ગાંધીજીની અહિંસા

વાંદરાઓના ઉપદ્રવ સંબંધે ગાંધીજીએ હરિજનમાં નીચેની નોંધ લખી છે.

પ્ર૦ "વાંદરાના ઉપદ્રવથી લોકો ત્રાસી જાય છે, મનમાં ને મનમાં તેમને મારી પણ નાખે છે, અને કોઇ ખરેખર મારી માખે તો રાજી થાય છે, છતાં બહારથી વિરોધ દર્શાવે છે. શાસ્ત્રાદિના અભ્યાસી એવા એક ભાઇ પૂછે છે કે,

"વાંદરાઓ પાક બગાડે છે, બચ્ચાંઓને અને ચીજ વસ્તુઓને ઉપાડી જાય છે, ફળ ખાઇ જાય છે, અને બગાડે છે. દિવસે દિવસે તેમની વૃદ્ધિ થતી જાય છે. આ બાબતમાં અહિંસા શું કરી શકે?

ઉ૦ "મારી અહિંસા એ મારી જ છે. જીવદયાનો સાધારણપણે જે અર્થ કરવામાં આવે છે, તે મને માન્ય નથી. જે જીવજંતુ માણસને ખાઇ જાય અથવા નુકસાન પહોંચાડે તેને બચાવવાની દયાવૃત્તિ મારામાં નથી. તેની વૃદ્ધિમાં ભાગ લેવો એ હું પાપ સમજું છું તેથી કીડી, વાંદરાં કે કૂતરાંઓને હું ખવડાવું નહિ. એ પ્રાણીઓને બચાવવા સારૂ હું કોઇ માણસને નહિ મારૂં.

"આમ વિચાર કરતાં કરતાં હું એવા નિર્ણય પર આવ્યો છું કે, જ્યાં વાંદરાંઓ ઉપદ્રવરૂપ હોય, ત્યાં તેમને મારવાથી હિંસા થતી દેખાય તોયે તે ક્ષમ્ય ગણાય. એટલું જ નહિ, એવી હિંસા એ ધર્મ બને છે. એવો સવાલ ઉઠી શકે કે માણસને સારૂ પણ આજ નિયમ લાગુ કેમ ન કરાય? જવાબ એ કે, તે લાગુ નથી થતો કેમ કે, તે આપણા જેવો છે, તેને ઇશ્વરે બુદ્ધિ આપી છે, અને મનુષ્યેતર પ્રાણીમાં એ નથી.".

ઉપરના લખાણથી કીડિયારાં પુરતા અથવા કૂતરાંને રોટલા નાખતા જેતો જ નહિ પણ લાખો હિંદુઓ પણ ચોંકશે. વારસાગત સંસ્કારજન્ય અહિંસા મોટે ભાગે જડ હોય છે, અને તે કેટલીક બાહ્ય ક્રિયાઓમાં જ સમાઇ જાય છે. જાગૃત અને વિકસતી અહિંસાને ઘણા કોયડા ઉકેલવાના હોય છે. ગાંધીજીની અહિંસા જાગૃત અને વિકસતી છે. તેમના વિધાનો સાથે આપણે સંમત હોઇએ કે નહિ, તે આપણને વિચાર કરતા કરે છે. ઉપરના લખાણ સામે દલીલો તો ઘણી થઇ શકે તેમ છે. શું ઇશ્વરે સૃષ્ટિ માણસ માટે જ રચી છે કે તેને ઉપદ્રવ કરતાં પ્રાણીઓને મારવાનો તેને અધિકાર હોય? માણસ મનુષ્યેતર પ્રાણી પ્રત્યે કેટલો ક્રુર હોય છે? એવાં પ્રાણીઓને વાચા હોત તો કદાચ તેઓ નિર્ણય કરત કે બધા માણસોને મારી નાખવા. મનુષ્યેતર પ્રાણીમાં બુદ્ધિ નથી એમ શા માટે માનવું? પણ આ બધી દલીલોનો કાંઇ અર્થ નથી. ગાંધીજીએ તેનો જવાબ એક વાક્યમાં આપી દીધો છે. "મારી અહિંસા એ મારી જ છે જીવદયાનો સાધારણ પણે જે અર્થ કરવામાં આવે છે, તે મને માન્ય નથી."

વાંદરાઓના ઉપદ્રવ વિષે ગાંધીજી આ વિચાર પહેલવહેલો નથી કરતા. આશ્રમની ખેતીને વાંદરાઓ તરફથી નુકસાન થતું તેને બચાવવા શું કરવું તે તેમણે ઘણું વિચાર્યું છે. વાછડા અને હડકાયાં કૂતરાંનાં પ્રકરણ સમયે અહિંસાની સૂક્ષ્મ છણાવટ કરી છે. જિજ્ઞાસુઓએ ગાંધીજીના તે લખાણો ફરીથી વાંચી જવાની જરૂર છે. તે લખાણોમાંથી વાંદરા સંબંધના નીચેના ફકરાઓ ઉપરના લખાણ સાથે સરખાવવા જેવા છે.

(૧) "વાંદરાને હાંકી કાઢવામાં હું ચોખ્ખી હિંસા જોઉં છું. તેમને મારવા પડે તો વધારે હિંસા થાય એ પણ સ્પષ્ટ છે. આ હિંસા ત્રણે કાળે હિંસા જ ગણવાની. તેમાં સ્વાર્થ છે. તેમાં વાંદરાના હિત-અહિતનો વિચાર નથી. પણ આશ્રમના હિતનો જ વિચાર રહ્યો છે."

(૨) "હવે રહી દેહાંતદંડની વાત. જો ખેતરો બચાવવાનો ધર્મ હોય, અને વાંદરાના ઉપદ્રવમાંથી ખેતરોને બચાવવાનો બીજો કોઇ પણ ઇલાજ ન હોય તો વાંદરાને મારવાની આવશ્યકતા પેદા થઇ શકે, એ મારી કલ્પના બહાર નથી. પણ આ અહિંસા નથી. ખેતરને બચાવવા સારૂ કરેલો પ્રાણીવધ હિંસા તો છે જ. માત્ર એવી કેટલીક હિંસા મનુષ્યજીવનની સાથે જડાએલી અને અનિવાર્ય છે. આ વસ્તુ આપણે ડગલે ને પગલે અનુભવીએ છીએ. વાંદરાનો વધ કયારે અનિવાર્ય થાય એ કહેવું મુશ્કેલ છે. પણ એ વધમાંથી બચવાના ઉપાયો લેવા મુશ્કેલ નથી. તે લેવાતાં છતાં ઉપદ્રવ ઓછો ન થાય ત્યારે સહુએ પોતપોતાનો ધર્મ વિચારી લેવો રહ્યો. વાંદરાનો વધ કરવાનો કોઇ અનિવાર્ય સાર્વજનિક નિયમ ન હોઇ શકે. હિંસા એ કોઇ કાળે સ્વતંત્ર ધર્મ નથી. એવો ધર્મ તો અહિંસા જ છે. હિંસા એ મનુષ્યની પામરતાનું માપ છે. અહિંસા તેનો પરમ પુરૂષાર્થ છે."

(૩) "હવે વાંદરાનો ઉપદ્રવ મને મુંઝવી રહેલ છે. વાંદરાને મારી નાખવાનો નિશ્ચય હું કદી કરી શકીશ કે નહિ તેની મને ખબર નથી. એવા નિશ્ચયથી હું દુર ભાગતો જાઉં છું. અત્યારે તો કેટલીક ઉપયોગી સૂચનાઓથી મને મિત્રો મદદ કરી રહ્યાં છે, પણ આશ્રમની ખેતી રહો યા ન રહો છતાં હું વાંદરાનો કદિ નાશ કરીશ જ નહિ એવી પ્રતિજ્ઞા કરવાની મારામાં આજ તો હિંમત નથી. એ મારી કબૂલાતથી મિત્રો મારો ત્યાગ કરે તો હું લાચાર થાઉં અને એ ત્યાગને હું સહન કરૂં, પણ અહિંસા વિષેની મારી નબળાઇ અથવા અપૂર્ણતાને છુપાવીને કોઇની મૈત્રી રાખવાની મને ઇચ્છા નથી. મારે વિષે હું એટલો જ દાવો કરી શકું કે અહિંસાદિ મહાવ્રતોને ઓળખવા અને તેનું સંપૂર્ણ પાલન મનથી, વચનથી અને કાયાથી કરવાનો હું સતત્ પ્રયત્ન કરી રહેલ છું. તે પ્રયત્નમાં થોડી અથવા ઘણી સફળતા મળી છે, છતાં મારે હજુ એ દિશામાં બહુ લાંબો પંથ કાપવાનો છે, એનું મને ભાન છે."

ગાંધીજી હવે એવા નિર્ણય પર આવ્યા છે કે, જ્યાં વાંદરાંઓ ઉપદ્રવ રૂપ હોય ત્યાં તેમને મારવાથી હિંસા થતી દેખાય તોયે તે ક્ષમ્ય ગણાય એટલું જ નહિ, એવી હિંસા એ ધર્મ બને છે.

હકીકત એમ છે કે અનિવાર્ય હિંસાની મર્યાદા દરેક વ્યકિતને એકસરખી હોતી નથી. તેમ વ્યકિત અને સમાજ માટે પણ એક હોતી નથી. દરેક વ્યકિતએ પોતાની મર્યાદા પોતાની શકિત મુજબ નક્કી કરવાની રહે છે. સામુદાયિક અમલની મર્યાદા બધાની સરેરાશ હોય. કોઇ નિરપવાદ નિયમ નથી. ધર્મ ના સિધ્ધાંતની વ્યાખ્યા એક જ હોય પણ તેના અમલની મર્યાદા પ્રત્યેક વ્યકિત તેમજ સમાજને સારૂ જુદી હોય છે. થોડા સમય પહેલાં જ અન્નસંકટને પહોંચી વળવા ગાંધીજીએ એક ઉપાય સુચવ્યો હતો કે જેઓ મચ્છી ખાતા હોય તેમને મચ્છી પૂરી પાડી અનાજ બચાવવું. આવા ઉપાયો સમાજની જરૂરીયાત અને મર્યાદા સમજી સૂચવવા પડે છે. તેથી અહિંસાના આદર્શમાં અને સિદ્ધાંતમાં કાંઇ ફેર પડતો નથી. જેઓ ખેતી જતી કરવા તૈયાર હોય અથવા વાંદરાઓના ઉપદ્રવને અને તેથી થતા નુકસાનને બીજી રીતે સહન કરવા તૈયાર હોય તેમને માટે આ ઉપાય નથી. આવા ઉપાય સમાજ દૃષ્ટિએ સુચવાય છે. જેઓ અહિંસા ધર્મને વિશેષપણે સમજ્યા છે અને તેનો અમલ કરવાની જેનામાં શકિત છે તેમણે પોતાનો માર્ગ નક્કી કરી લેવો.

ગાંધીજીનાં ઉપર ટાંકેલ છેલ્લા લખાણનું મિતાક્ષરીપણું કૂટ-લાકને મુંઝવે તેમ છે. તેમણે પૂર્વાપર સંબંધ લક્ષમાં રાખી, ગાંધીજીના બીજા લખાણો વાંચી મનન કરવા.

ગાંધીજીએ પોતાને માટે નક્કી કરેલ અહિંસાની મર્યાદાઓ કોઇને સ્વીકાર્ય ન હોય તેમ બને, પણ જેમની અહિંસા જડપણે કેટલીક બાહ્ય ક્રિયાઓમાં જ સમાઇ જાય છે અને પોતાના જીવનમાં રહેલ વ્યાપક હિંસાને જેઓ જાણતા પણ નથી તેવાઓએ ટીકા કરતા પહેલાં વિચાર કરવાની જરૂર છે.

અહિંસાનો આદર્શ તો ગાંધીજીએ વર્ષો પહેલાં શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી જાણ્યો છે. સન ૧૯૦૦ માં ગાંધીજીએ શ્રીમદ્ને ૨૭ પ્રશ્નો ધર્મ વિષે પૂછ્યા હતા. તેમાં ૨૭ મો પ્રશ્ન અને શ્રીમદ્નો તેનો ઉત્તર નીચે મુજબ છે.

પ્ર૦ મને સર્પ કરડવા આવે ત્યારે તેને મારે કરડવા દેવો કે મારી નાંખવો? તેને બીજી રીતે દૂર કરવાની મારામાં શક્તિ ન હોય એમ ધારીએ છીએ.

ઉ૦ સર્પ તમારે કરડવા દેવો એવું કામ બતાવતાં વિચારમાં પડાય તેવું છે; તથાપિ તમે જો 'દેહ અનિત્ય છે' એમ જાણ્યું હોય, તો પછી અસારભૂત દેહના રક્ષણાર્થે, જેને તેમાં પ્રીતી રહી છે એવા સર્પને, તમારે મારવો કેમ યોગ્ય હોય? જેણે આત્મહિત ઇચ્છવું હોય તેણે તો ત્યાં પોતાના દેહને જતો કરવો એ જ યોગ્ય છે. આત્મહિત ઇચ્છવું ન હોય તેણે તેમ કરવું? તો તેનો ઉત્તર એ જ અપાય કે, તેણે નરકાદિમાં પરિભ્રમણ કરવું; અર્થાત સર્પને મારવો એવો ઉપદેશ કયાંથી કરી શકીએ? અનાર્ય વૃત્તિ હોય તો મારવાનો ઉપદેશ કરાય; તે તો અમને તમને સ્વપ્ને પણ ન હોય એ જ ઇચ્છવા યોગ્ય છે.

વાછડા અને કુતરા પ્રકરણ થયું ત્યારે એક ભાઇએ ગાંધીજીને આ પ્રશ્નોત્તરની યાદ દેવડાવી હતી અને કુતરાને માટે ગાંધીજી બીજો ન્યાય કાઢે છે તેમ આક્ષેપ કર્યો હતો તેનો જવાબ આપતાં ગાંધીજીએ કહ્યું હતું.

" મે બીજો ન્યાય કાઢયો નથી. મારે સારૂ કોઇને મારવાનું મે સમર્થન કર્યું નથી. મારો એવો પ્રયત્ન છે કે મને સર્પ કરડવા આવશે કે કોઇ મારવા આવશે ત્યારે તેને મારીને હું જીવવા ન ઇચ્છું ને મને દેહ જતો કરવાની શક્તિ ઇશ્વર આપે. આપણી ચર્ચામાં સમાજ દ્રષ્ટિ છે અને દુઃખે રિબાતાં પ્રાણીની પોતાની દ્રષ્ટિ છે. દુઃખે રિબાતો સર્પ જોને જિવાડવાનો મારી પાસે કોઇ ઇલાજ નથી તેને મારવો કે નહિ એ પ્રશ્ન મેં રાયચંદભાઇને પૂછ્યો હોત, અથવા મારી રક્ષા નીચે રહેલા કોઇને તે ડંખવા આવે ને તેને વાળવાની મારી શક્તિ ન હોય તો રક્ષિતની રક્ષા ખાતર મારે મારવો કે નહિ એ પ્રશ્ન મેં પૂછ્યો હોત, તો રાયચંદભાઇ શો જવાબ આપત એ આપણામાંના કોઈ ચોકસ રીતે ન કહી શકીએ. મારા અભિપ્રાય વિષે મને શંકા નથી."

હકીકત એવી છે કે અહિંસા ધર્મનું સાચું સ્વરૂપ વિરલ વ્યક્તિઓ જ સમજે છે. સમજ્યા હોય છે તેવાઓમાંથી પણ કોઇક જ શ્રીમદે કહ્યું છે તેવા આદર્શને પહોંચી શકે છે. ગાંધીજીએ પોતાની અહિંસાની મર્યાદાઓ બતાવી છે.

ચીમનલાલ શાહ.

આળાં હૈયાં

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય અને પ્રબુધ્ધ જૈનના ગ્રાહકો પાસેથી આળા હૈયાંની કિંમત રૂા. ૧-૮-૦ લેવાનું નકકી કરેલ હતું. તે પ્રમાણે જે જે ભાઇઓ તથા બહેનોએ તેની કિંમત ભરી હોય તેમણે પુસ્તક સંઘની ઓફીસમાંથી મંગાવી લેવાની વ્યવસ્થા કરવી. જે ભાઇ કે બ્હેન આ પુસ્તક પોસ્ટદ્વારા મંગાવવા ઇચ્છતા હોય તેમણે ૦-૪-૦ પોસ્ટેજના (એટલે કે કુલ્લે રૂા. ૧-૧૨-૦) મોકલી આ પુસ્તક સવેળાએ મંગાવી લેવા કૃપા કરવી.

મંત્રી.

શ્રી કુંદનમલજી ફીરોદિયા

શ્રી કુંદનમલજી ફીરોદિયા અહમદનગરના એક જાણીતા એડવોકેટ છે. તેમના પૂર્વજો મારવાડમાંથી મહારાષ્ટ્રમાં વ્યાપારાર્થે આવી વસ્યા હતા જો કે આજે શ્રી ફીરોદિયાજી એક મહારાષ્ટ્રી હોય તેવા જ બની ગયા છે. જન્મે જૈન હોવાથી મૂળજ તેમનું લક્ષ્ય જૈનધર્મના તત્વજ્ઞાન પ્રતિ હતું. અહિંસા, સત્ય, પરિગ્રહ તથા અહિંસામૂલક જન્મતી નિડરતા અને સચ્ચાઇ તેમનામાં સ્વભાવતજ છે. અહમદનગરના વકીલોમાં શ્રી કુંદનમલજીનું નામ અગ્રપણે હતું અને તેમની પ્રેકટીસ ધીકતી હતી તે વખતે મહારાષ્ટ્રમાં લોકમાન્ય તીલકના અવસાન પછી જ્યારે મહાત્માજી પોતાની અહિંસા અને સત્યાગ્રહની નવી નીતિ સાથે હિન્દી રાજકીય ક્ષેત્રમાં ઝળકી ઉઠયાં ત્યારે હિન્દભરના જુદા જુદા પ્રાંતોમાંથી કેટલાક ભારે બુદ્ધિમાન પુરૂષો તેમની તરફ આકર્ષાયા તેમાના તેઓ એક હતા. કુંદનમલજી મહાત્માજીની નવી રાજકીય દ્રષ્ટિ તથા નીતિ પ્રતિ ભારે શ્રદ્ધા અને બુદ્ધિની સંગતતા સાથે વળ્યા, ત્યારથી તે આજ સુધી તેઓ મહાત્માજીની રાષ્ટ્રીય નીતિના ચૂસ્ત અનુયાયી રહ્યાં છે. શ્રી ફીરોદિયાજી પ્રકૃતિએ શાન્ત તથા સૌમ્ય છે છતાં તેઓનું નિશ્ચયબળ અને દૃઢતા તેમના પ્રતિભાશાળી મુખ પર સ્પષ્ટ જણાઇ આવે છે. પોતાના જીલ્લાના લોકોમાં તેઓ બહુ જ લોકમાન્ય છે, અને તે તેમની લોકપ્રિયતા તેઓની જનસેવાની અસાધારણ ધગશ પર રચાએલી છે. ગાંધીજીએ રાષ્ટ્રની આઝાદીની લડત માટે જ્યારે જ્યારે હાકલ કરી છે ત્યારે શ્રી ફીરોદિયાજી મોખરે જ રહ્યા છે તેઓ વારંવાર જેલમેહેલના મહેમાન બન્યા છે અને છેલ્લા ૧૯૪૨ ના લોકયુદ્ધ વખતે સવા બે વર્ષ પર્યંત સરકારી કારાવાસમાં રહ્યા હતા. કાયદા તથા શીસ્તનું તેમનું જ્ઞાન વિશાળ છે. અને તેથી જ મોર્લે ચેમ્સફર્ડ સુધારાની મધ્યસ્થ ધારાસભામાં જીલ્લા કોંગ્રેસ તરફથી તેઓ ચુંટાઇ ગયા હતા. ૧૯૩૭ ની કોંગ્રેસે સ્વીકારેલ મધ્યસ્થ ધારાસભાની ચુંટણીમાં તેઓ ત્યાં પણ સભ્ય તરીકે ચુંટાયા હતા. અને આ વખતની ચુંટણીમાં પણ તેઓ કોંગ્રેસ પાર્લામેન્ટરી બોર્ડની સૂચનાનુસાર મુંબઇ પ્રાંતિક ધારાસભામાં ઉભા રહ્યા અને ચુંટાઇ આવ્યા છે. સર્વાનુમતે તેઓ વર્તમાન મુંબઇ ધારાસભાના પ્રમુખ તરીકે ચુંટાયા છે. શ્રી ફીરોદિયાજી વિષે મુસલમાન, પારસી, ઇસાઇ અને અંગ્રેજોને પણ ભારે માન છે તથા તેમના નિષ્પક્ષ ન્યાય વિષે તેઓ ભારે આદર ધરાવે છે. આ રીતે એક જૈન હોવા છતાંય શ્રી કુંદનમલજી પહેલાં પોતાને હિંદી કહેવડાવે છે અને તેમાં જ તેઓ ગૌરવ લે છે. મુંબઇ ધારાસભાના સ્પીકરપદનો ઇતિહાસ ભારે ઉજ્વળ છે. શ્રી માવલનકર મધ્યસ્થ ધારાસભાના સ્પીકર તરીકે આવતા પહેલાં મુંબઈ ધારાસભાના જ સ્પીકર હતા. શ્રી ફીરોદિયાજી અ. ભા. શ્વે. સ્થા. જૈન કોન્ફરન્સના પ્રમુખ છે અને એ રીતે જૈન સમાજની ઉન્નતિમાં પણ તેઓ પૂરેપૂરો રસ લઇ રહ્યાં છે. મૂર્તિપૂજક કોન્ફરંસની જુન્નેર મુકામે ભરાયેલી પરિષદ વખતે રૂઢિચૂસ્ત અને ઉદ્દામ જૈનો વચ્ચે તેમના જ પ્રયત્નો તથા બુધ્ધિમત્તાથી તરજોડ થઇ હતી. આજે પણ તેઓ જૈનોને રાષ્ટ્રસેવાના કાર્યમાં મોખરે જોવાની ભારે આશા રાખે છે. જૈન એ કોઇ કોમ નથી પણ ધર્મ છે તેમ તેઓ માને છે અને તેથી જૈનોની વર્તમાન સંકુચિતતાને દૂર કરવા માટે ભારે પ્રેરણાભર્યો માર્ગ સૂચવે છે.આવા શ્રી કુંદનમલજી ફીરોદીયાજીનું સમસ્ત જૈન સમાજે શ્રીયુત્ મંગળદાસ પકવાસાના પ્રમુખપણા નીચે તા. ૨૫-૫-૪૬ ના દિને મેઘજી થોભણ જૈનધર્મસ્થાનકમાં જાહેર સન્માન કર્યું હતું. જે વખતે જૈનસમાજના અગ્રગણ્ય જૈનો હાજર હતાં. શ્રી કુંદનમલજી ફીરોદિયા સમસ્ત જૈનસમાજનું ગૌરવ છે અને જૈનજગત તેમના આદર્શને અનુસરે એ ઇચ્છવા યોગ્ય છે. **ચુનિલાલ કામદાર**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૪

મુંબઈ: ૧૫ જુન ૧૯૪૬ શનિવાર.

લવાજમ
રાજમા ૩

જૈન તત્ત્વજ્ઞાન

(ગતાંકથી ચાલુ)

કાંઈક વિશેષ સરખામણી.

ઉપર તત્વજ્ઞાનની મૌલિક જૈન વિચારસરણી અને આધ્યાત્મિક વિકાસક્રમની જૈન વિચારસરણીનો બહુ જ ટૂંકમાં નિર્દેશ કર્યો છે. આ ચાલુ વ્યાખ્યાનમાં તેના બહુ વિસ્તારને સ્થાન નથી; છતાં, એના વિચારને વધારે સ્પષ્ટ કરવા અહીં ભારતીય બીજાં દર્શનોના વિચારો સાથે કાંઇક સરખામણી કરવી યોગ્ય છે.

(ક) જૈન દર્શન જગતને માયાવાદીની પેઠે માત્ર આભાસ કે માત્ર કાલ્પનિક નથી માનતું પણ એ જગતને સત્ માને છે. તેમ છતાં જૈન દર્શનસંમત સત્તત્વએ ચાર્વાકની પેઠે કેવળ જડ અર્થાત્ સહજ ચૈતન્યરહિત નથી. એજ રીતે જૈન દર્શનસંમત સત્તત્વ એ શાંકરવેદાન્ત પ્રમાણે કેવળ ચૈતન્યમાત્ર પક્ષ નથી પરંતુ જેમ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મીમાંસા અને બૌદ્ધ દર્શન સત્ તત્વને તદ્દન સ્વતંત્ર તેમજ પરસ્પર ભિન્ન એવાં જડ તેમજ ચેતન બે ભાગોમાં વહેંચી નાખે છે, તેમ જૈન દર્શન પણ સત્ તત્વની અનાદિસિદ્ધ જડ તથા ચેતન એવી બે પ્રકૃતિ સ્વીકારે છે, જે દેશ અને કાળના પ્રવાહમાં સાથે રહેવા છતાં મૂળમાં તદ્દન સ્વતંત્ર છે. જેમ ન્યાય, વૈશેષિક અને યોગદર્શન આદિ એમ સ્વીકારે છે કે આ જગતનું વિશિષ્ટ કાર્યસ્વરૂપ ભલે જડ અને ચેતન બે પદાર્થો ઉપરથી ઘડાતું હોય છતાં એ કાર્યની પાછળ કોઇ અનાદિસિદ્ધ, સમર્થ, ચેતનશક્તિનો હાથ છે, એ ઇશ્વરીય હાથ સિવાય આવું અદ્ભુત કાર્ય સંભવી શકે નહિ, તેમ જૈનદર્શન નથી માનતું. એ પ્રાચીન સાંખ્ય, પૂર્વ મીમાંસક અને બૌદ્ધ આદિની પેઠે માને છે કે જડ અને ચેતન એ બે સત્ પ્રવાહો આપોઆપ કોઇ ત્રીજી વિશિષ્ટ શક્તિના હાથ સિવાય જ ચાલ્યા કરે છે. અને તેથી આ જગતની ઉત્પત્તિ કે વ્યવસ્થા માટે ઇશ્વર જેવી સ્વતંત્ર અનાદિ સિદ્ધ વ્યક્તિ સ્વીકારવાની એ ના પાડે છે. જો કે જૈનદર્શન ન્યાય, વૈશેષિક, બૌદ્ધ આદિની પેઠે જડ સત્ તત્વને અનાદિસિદ્ધ અનંત વ્યક્તિરૂપ સ્વીકારે છે, અને સાંખ્યની પેઠે એક વ્યક્તિરૂપ નથી સ્વીકારતું; છતાં તે સાંખ્યના પ્રકૃતિગામી સહજ પરિણામવાદને અનંત પરમાણુ નામક જડ સત્ તત્વોમાં સ્થાન આપે છે.

આ રીતે જૈન માન્યતા પ્રમાણે જગતનો પરિવર્તન પ્રવાહ આપમેળે જ ચાલે છે તેમ છતાં જૈનદર્શન એટલું તો સ્પષ્ટ કહે છે કે વિશ્વમાંની જે જે ઘટનાઓ કોઇની બુધ્ધિ અને પ્રયત્નને આભારી દેખાય છે તે ઘટનાઓની પાછળ ઇશ્વરનો નહિ પણ તે ઘટનાઓનાં પરિણામમાં ભાગીદાર થનાર સંસારી જીવનો હાથ છે. એટલે કે તેવી ઘટનાઓ જાણે અજાણે કોઇને કોઇ સંસારી જીવનાં બુદ્ધિ અને પ્રયત્નને આભારી હોય છે. આ બાબતમાં પ્રાચીન સાંખ્ય અને બૌદ્ધદર્શન જૈનદર્શન જેવા જ વિચારો ધરાવે છે.

વેદાન્ત દર્શન પ્રમાણે જૈન દર્શન સચેતન તત્ત્વને એક કે અખંડ નથી માનતું, પણ સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક તેમજ બૌદ્ધ આદિની પેઠે એ સચેતન તત્ત્વને અનેક વ્યક્તિ રૂપ માને છે. તેમ છતાં એમની સાથે પણ જૈન દર્શનનો થોડો મતભેદ છે. અને તે એ છે કે જૈન દર્શનની માન્યતા પ્રમાણે સચેતન તત્ત્વ બૌધ્ધ માન્યતાની જેમ કેવળ પરિવર્તન પ્રવાહ નથી, તેમજ સાંખ્ય, ન્યાય આદિની પેઠે માત્ર કૂટસ્થ પણ નથી. કિન્તુ જૈન દર્શન કહે છે કે મૂળમાં સચેતન તત્ત્વ ધ્રુવ અર્થાત અનાદિ, અનંત હોવા છતાં એ દેશકાળની અસર ધારણ કર્યા સિવાય રહી શકતું નથી. એટલે જૈન મત પ્રમાણે જીવ પણ જડની પેઠે પરિણામિનિત્ય છે. જૈન દર્શન ઇશ્વર જેવી કોઈ વ્યક્તિને તદ્દન સ્વતંત્રપણે નથી માનતું છતાં એ ઇશ્વરના સમગ્ર ગુણો જીવ માત્રમાં સ્વીકારે છે. તેથી જૈન દર્શન પ્રમાણે પ્રત્યેક જીવમાં ઇશ્વરપણાની શક્તિ છે. ભલે તે આવરણોથી દબાયેલી હોય, પણ જો જીવ યોગ્ય દિશામાં પ્રયત્ન કરે તો એ પોતામાં રહેલી ઇશ્વરીય શક્તિને પૂર્ણ પણે વિકસાવી પોતે જ ઇશ્વર બને છે. આ રીતે જૈન માન્યતા પ્રમાણે ઇશ્વરતત્વને અલાયદું સ્થાન ન હોવા છતાં તે ઇશ્વરતત્વની માન્યતા ધરાવે છે અને તેની ઉપાસના પણ સ્વીકારે છે. જે જે જીવાત્મા કર્મવાસનાઓથી પૂર્ણપણે મુક્ત થયા તે બધા જ સમાનભાવે ઇશ્વર છે. તેમનો આદર્શ સામે રાખી પોતામાં રહેલી તેની જ પૂર્ણ શક્તિ પ્રકટાવવી એ જૈન ઉપાસનાનું ધ્યેય છે. જેમ શાંકર વેદાંત માને છે કે જીવ પોતે જ બ્રહ્મ છે, તેમ જૈનદર્શન કહે છે કે જીવ પોતે જ ઇશ્વર કે પરમાત્મા છે. વેદાંતદર્શન પ્રમાણે જીવનો બ્રહ્મભાવ અવિદ્યાથી આવૃત છે અને અવિદ્યા દૂર થતાં અનુભવમાં આવે છે, તેમ જૈન દર્શન પ્રમાણે જીવનો પરમાત્મભાવ આવૃત છે અને તે આવરણ દૂર થતા પૂર્ણપણે અનુભવમાં આવે છે. આ બાબતમાં ખરી રીતે જૈન અને વેદાંત વચ્ચે વ્યક્તિ બહુત્વ સિવાય કશો જ ભેદ નથી.

(ખ) જૈન શાસ્ત્રમાં જે સાત તત્ત્વ કહેલાં છે તેમાંથી મૂળ જીવ અને અજીવ એ બે તત્ત્વો વિષે ઉપર સરખામણી કરી. હવે બાકી ખરી રીતે પાંચમાંથી ચાર તત્વો જ રહે છે. આ ચાર તત્વો જીવનશોધનને લગતાં અર્થાત્ આધ્યાત્મિક વિકાસક્રમને લગતાં છે, જેને ચારિત્રીય તત્વો પણ કહી શકાય. બંધ, આશ્રવ, સંવર અને મોક્ષ એ ચાર તત્વો છે. આ તત્વોને બૌદ્ધ શાસ્ત્રોમાં અનુક્રમે દુઃખ, દુઃખ હેતુ, નિર્વાણમાર્ગ અને નિર્વાણ એ ચાર આર્ય સત્ય તરીકે વર્ણવેલાં છે. સાંખ્ય અને યોગશાસ્ત્રમાં એને જ હેય, હેયહેતુ, હાનોપાય, અને હાન કહી ચતુર્વ્યૂહ તરીકે વર્ણવેલ છે. ન્યાય અને વૈશેષિક દર્શનમાં પણ એ જ વસ્તુ સંસાર, મિથ્યા જ્ઞાન, સમ્યક્ જ્ઞાન, અને અપવર્ગના નામ આપી વર્ણવેલ છે. વેદાંત દર્શનમાં સંસાર, અવિદ્યા, બ્રહ્મ સાક્ષાત્કાર, અને બ્રહ્મભાવના નામથી એ જ વસ્તુ દર્શાવવામાં આવી છે.

જૈનદર્શનમાં બહિરાત્મા, અને પરમાત્માની ત્રણ સંક્ષિપ્ત ભૂમિકાઓને જરા વિસ્તારી ચૌદ ભૂમિકારૂપે પણ વર્ણવેલી છે, જે જૈન પરંપરામાં ગુણસ્થાનના નામથી જાણીતી છે. યોગવાસિષ્ટ

જેવા વેદાન્તના ગ્રંથોમાં પણ સાત અજ્ઞાનની અને સાત જ્ઞાનની એમ ચૌદ આત્મિક ભૂમિકાઓનું વર્ણન છે. સાંખ્યયોગ દર્શનની ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ એ પાંચ ચિત્તભૂમિકાઓ પણ એ જ ચૌદ ભૂમિકાઓનું સંક્ષિપ્ત વર્ગીકરણ માત્ર છે. બૌદ્ધ દર્શનમાં પણ એ જ આધ્યાત્મિક વિકાસક્રમને પૃથગ્જન, સોતાપન્ન આદિ તરીકે પાંચ ભૂમિકાઓમાં વહેંચી વર્ણવેલો છે. આ રીતે આપણે બધાં જ ભારતીય દર્શનોમાં સંસારથી મોક્ષ સુધીની સ્થિતિ, તેનો ક્રમ, એને તેનાં કારણો વિષે તદ્દન એક મત અને એક વિચાર વાંચીએ છીએ ત્યારે પ્રશ્ન થાય છે કે જ્યારે બધાં જ દર્શનોના વિચારોમાં મૌલિક એકતા છે ત્યારે પંથ પંથો વચ્ચે કદી ન સંધાય એવો આટલો બધો ભેદ કેમ દેખાય છે ?

આનો ઉત્તર સ્પષ્ટ છે. પંથોની ભિન્નતા મુખ્ય બે વસ્તુઓને આભારી છે: તત્ત્વજ્ઞાનની જુદાઈ અને બાહ્ય આચાર વિચારની જુદાઈ. કેટલાક પંથો તો એવા જ છે કે જેમના બાહ્ય આચારવિચારમાં તફાવત હોવા ઉપરાંત તત્ત્વજ્ઞાનની વિચાર સરણીમાં પણ અમુક ભેદ હોય છે. જેમકે વેદાન્ત, બૌદ્ધ અને જૈન આદિ પંથો. વળી કેટલાક પંથો કે તેના ફાંટાઓ એવા પણ હોય છે કે જેમની તત્ત્વજ્ઞાન વિષયક વિચાર સરણીમાં ખાસ ભેદ હોતો જ નથી. તેમનો ભેદ મુખ્યત્વે બાહ્ય આચારને અવલંબી ઉભો થયેલો અને પોષાયેલો હોય છે. દાખલા તરીકે જૈન દર્શનની શ્વેતાંબર, દિગંબર અને સ્થાનકવાસી એ ત્રણે શાખાઓ ગણાવી શકાય.

આત્માને કોઇ એક માને કે કોઈ અનેક માને, કોઇ ઇશ્વરને માને કે કોઇ ન માને–ઇત્યાદિ તાત્ત્વિક વિચારણાનો ભેદ બુધ્ધિના તરતમભાવ ઉપર નિર્ભર છે અને એ તરતમભાવ અનિવાર્ય છે. એ જ રીતે બાહ્ય આચાર અને નિયમોના ભેદો બુધ્ધિ, રૂચિ તેમજ પરિસ્થિતિના ભેદમાંથી જન્મે છે. કોઇ કાશી જઇ ગંગાસ્નાન અને વિશ્વનાથના દર્શનમાં પવિત્રતા માને, કોઇ બુદ્ધ ગયા અને સારનાથ જઈ બુદ્ધ દર્શનમાં કૃતકૃત્યતા માને, કોઇ શત્રુંજયને ભેટી સફળતા માને, કોઇ મક્કા અને જેરૂસલેમ જઇ ધન્યતા માને, એજ રીતે કોઇ અગિયારશના તપ-ઉપવાસને અતિ પવિત્ર ગણે, બીજો કોઇ અષ્ટમિ અને ચતુર્દશીના વ્રતને મહત્ત્વ આપે, કોઇ તપ ઉપર બહુ ભાર ન આપતાં દાન ઉપર આપે, બીજો કોઇ તપ ઉપર પણ વધારે ભાર આપે, આ રીતે પરંપરાગત ભિન્ન ભિન્ન સંસ્કારોનું પોષણ અને રૂચિભેદનું માનસિક વાતાવરણ અનિવાર્ય હોવાથી બાહ્યાચાર અને પ્રવૃત્તિનો ભેદ કદી ભુંસાવાનો નહિ. ભેદની ઉત્પાદક અને પોષક આટલી બધી વસ્તુઓ છતાં સત્ય એવું છે કે તે ખરી રીતે ખંડિત થતું જ નથી. તેથી જ આપણે ઉપરની આધ્યાત્મિક વિકાસક્રમને લગતી તુલનામાં જોઇએ છીએ કે ગમે તે રીતે, ગમે તે ભાષામાં, અને ગમે તે રૂપમાં જીવનનું સત્ય એક સરખું જ બધા અનુભવી તત્ત્વજ્ઞોના અનુભવમાં પ્રગટ થયું છે.

પ્રસ્તુત વક્તવ્ય પુરું કરું તે પહેલાં જૈન દર્શનની સર્વમાન્ય બે વિશેષતાઓનો ઉલ્લેખ કરી દઉં. અનેકાંત અને અહિંસા એ બે મુદ્દાઓની ચર્ચા ઉપર જ આખા જૈન સાહીત્યનું મંડાણ છે. જૈન આચાર અને સંપ્રદાયની વિશેષતા આ બે બાબતોથી જ બતાવી શકાય. સત્ય ખરી રીતે એક જ હોય છે પણ મનુષ્યના દૃષ્ટિ તેને એક રીતે ગ્રહણ કરી શકતી જ નથી. તેથી સત્ય દર્શન માટે મનુષ્યે પોતાની દૃષ્ટિમર્યાદા વિકસાવવી જોઇએ અને તેમાં સત્યગ્રહણની સંભવિત બધી જ રીતોને સ્થાન આપવું જોઇએ. આ ઉદાત્ત અને વિશાળ ભાવનામાંથી અનેકાંત વિચારસરણીનો જન્મ થયેલો છે. એ સરણી કાંઇ વાદવિવાદમાં જય મેળવવા માટે કે વિતંડાવાદની સાઠમારી રમવા માટે, અગર તો શબ્દ છળની આંટીઘૂંટી ખેલવા માટે નથી યોજાએલી; પણ એ તો જીવનશોધનના એક ભાગ તરીકે વિવેક શક્તિને વિકસાવવા અને સત્યદર્શનની દિશામાં આગળ વધવા માટે યોજાયેલી છે. તેથી અનેકાંત વિચારસરણીનો ખરો અર્થ એ છે કે સત્યદર્શનને લક્ષમાં રાખી તેના બધા અંશો અને ભાગોને એક વિશાળ માનસવર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું.

જેમ જેમ માણસની વિવેકશક્તિ વધે છે તેમ તેમ તેની દૃષ્ટિ મર્યાદા વધવાને લીધે તેને પોતાની અંદર રહેલી સંકુચિતતાઓ અને વાસનાઓનાં દળાણની સામે થવું પડે છે. જ્યાં સુધી માણસ સંકુચિતતાઓ અને વાસનાઓ સામે ન થાય ત્યાં સુધી તે પોતાના જીવનમાં અનેકાંત વિચારને વાસ્તવિક સ્થાન આપી જ નથી શકતો. તેથી અનેકાંત વિચારની રક્ષા અને વૃધ્ધિના પ્રશ્નમાંથી જ અહિંસાનો પ્રશ્ન આવે છે. જૈન અહિંસા એ માત્ર ચૂપચાપ બેસી રહેવામાં કે ધંધો ધાપો છોડી દેવામાં કે માત્ર લાકડા જેવી નિશ્ચેષ્ટ સ્થિતિ સાધવામાં નથી સમાતી; પણ એ અહિંસા ખરા આત્મિક બળની અપેક્ષા રાખે છે. કોઇ પણ વિકાર ઉભો થયો, કોઈ વાસનાએ ડોકીયું કાઢ્યું કે કોઇ સંકુચિતતા મનમાં સરકી ત્યાં જૈન અહિંસા એમ કહે કે તું એ વિકારો, એ વાસનાઓ, એ સંકુચિતતાઓથી ન હણા, ન હાર, ન દબા. તું એની સામે ઝઝુમ અને એ વિરોધી બળોને જીત. આ આધ્યાત્મિક જય માટેનો પ્રયત્ન એ જ મુખ્ય જૈન અહિંસા છે. આને સંયમ કહો, તપ કહો, ધ્યાન કહો, કે કોઇ પણ તેવું આધ્યાત્મિક નામ આપો પણ એ વસ્તુતઃ અહિંસા જ છે અને જૈન દર્શન એમ કહે છે કે અહિંસા એ માત્ર સ્થૂલ આચાર નથી પણ તે શુધ્ધ વિચારના પરિપાક રૂપે અવતરેલો જીવનોત્કર્ષક આચાર છે.

ઉપર વર્ણવેલ અહિંસાના સૂક્ષ્મ અને વાસ્તવિક રૂપમાંથી કોઇ પણ બાહ્યાચાર જન્મ્યો હોય અગર એ સૂક્ષ્મ રૂપની પુષ્ટિ માટે કોઇ આચાર નિર્માયો હોય તો તેને જૈન તત્વજ્ઞાનમાં અહિંસા તરીકે સ્થાન છે. તેથી ઉલટું, દેખીતી રીતે અહિંસામય ગમે તે આચાર કે વ્યવહારના મૂળમાં જો ઉપરનું અહિંસાનું આંતરિક તત્વ સંબંધ ન ધરાવતું હોય તો તે આચાર અને તે વ્યવહાર જૈનદૃષ્ટિએ અહિંસા છે કે અહિંસાના પોષક છે એમ ન કહી શકાય.

અહીં જૈન તત્વજ્ઞાનને લગતા વિચારમાં પ્રમેયચર્ચા જાણીને જ લંબાવી નથી. માત્ર એ વિષેની જૈન વિચારસરણીનો ઇશારો કર્યો છે. આચારની બાબતમાં પણ કોઇ બહારના નિયમો અને બંધારણ વિષે જાણીને જ ચર્ચા નથી કરી પણ આચારના મૂળ તત્વોની જીવનશોધન રૂપે સહેજ ચર્ચા કરી છે, જેને જૈન પરિભાષામાં આશ્રવ, સંવર આદિ તત્વો કહેવામાં આવે છે. આશા છે કે આ ટૂંક વર્ણન જૈનદર્શનની વિશેષ જિજ્ઞાસા ઉત્પન્ન કરવામાં કાંઇક મદદગાર થશે. —પંડિત સુખલાલજી.

ગ્રામ વિભાગમાં જૈન શિક્ષણ સંસ્થાનું ઉદ્ઘાટન

સુરત જીલ્લાના બગવાડા ગામમાં શ્રી ગુલાબચંદ હરખચંદ સાર્વજનિક હાઇસ્કુલ તથા શ્રી દિવાળીબાઇ તથા હરકોરબાઇ જૈન વિદ્યાર્થી આશ્રમ ખુલ્લો મુકવાની ક્રિયા, મુંબઇ પ્રાન્તિક ધારાસભાના પ્રમુખશ્રી કુંદનમલજી ફિરોદીયાજીના હાથે તા. ૩૧–૫–૪૬ ના રોજ, કરવામાં આવી હતી. ઉપરોકત સંસ્થાઓને લગભગ રૂા. ૧૫૦,૦૦૦ ની ઉદાર સહાય જુદા જુદા ગૃહસ્થો તરફથી આપવામાં આવી છે જે ખરેજ પ્રશંસનીય છે. સમસ્ત ગુજરાતમાં આ એક જ એવી જૈન સંસ્થા ગ્રામ વિભાગમાં છે કે જ્યાં જૈન બાળકોના શિક્ષણની વ્યવસ્થા થઇ રહી છે. આ પ્રસંગે સંસ્થાઓના અધીકારીઓ તથા આગતુંક ગૃહસ્થોમાંના કેટલાક આગેવાનોએ સંસ્થાની પ્રગતિ ઇચ્છી હતી તથા તેમના સમાજનો સહકાર માગ્યો હતો. આ સંસ્થાને તેનું પૂર્ણ કાર્ય વિકાસવા માટે રૂા. ત્રણ લાખની જરૂરિયાત છે તેમ સંસ્થાના મંત્રીએ જણાવ્યું હતું. આશા છે કે જૈન સમાજના શ્રીમન્તો તેમની બાળકોને શિક્ષણ આપવાનું કાર્ય કરતી આ સંસ્થાને પૂરેપૂરો સહકાર આપશે.

તળાજા મૂર્તિખંડન

તહોમતદાર લાખા ભુરાનો એકરાર.

મારૂં નામ લાખા, મારા બાપનું નામ ભુરા, મારો ધર્મ હિન્દુ, મારી જાત પંચોળી, મારી ઉમર આશરે વરસ ૪૦ની છે. મારો કસબ કોકદી કોકદી દાડીએ જતો. હું શેલાવદર રહું છું.

સવાલ–આજથી આશરે નવ માસ ઉપર તા. ૨૭–૮–૪૫ના રોજ રાત્રીને વખતે તમોએ તળાજાની ટેકરી ઉપર આવેલ ચૌમુખજી ના દેરાસરના આગળના દરવાજાનું તાળું મુદ્દાની કોશ વતી તોડી અંદર દાખલ થઇ દેરાસરના આથમણા બારના દરવાજાનું તાળુ કોશથી તોડી દેરાસરની અંદર જઇ સિંહાસન ૩પરથી ચાર પ્રતિમાઓને ઉખેડી સિંહાસન નીચે દેવીની પ્રતિમાને નાશીકા ઉપર ટોચો મારી પ્રતિમાઓને દરવાજા બહાર લાવી મુદ્દાની કોશ વતી ખંડીત કર્યાનું કહેવાય છે તો તે બાબત તમારે કંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–મુર્તીઓને બહાર લાવી એક એક કોશ મારીને મેં મારી ભાંગેલ છે દેવીની મુર્તીના નાક ઉપર મેં ત્રણ ટોચા મારેલ છે. બંને તાળા મેં તોડેલ છે.

સવાલ–આં. ૧ ના સાહેદ આ. પરશોતમદાસ માવજી પોતાની આગળ ફરી જૈન તીર્થ કમીટીના મહેતાજી અમૃતલાલ લાલચંદે આ ગુન્હાની ફરીયાદ કર્યાનું અને તપાસ શરૂ કરી, પંચનામું કર્યાની જે જુબાની આપે છે તે સંબંધમાં તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–મારે કાંઇ કહેવાનું નથી.

સવાલ–આં. ૨ ના સાહેદ ઇન્ચાર્જ ઇન્સપેકટર સાહેબ કાળીદાસ ત્રીભોવનદાસ તેમની પાસે તમને વરલના મુખીએ રજુ કર્યાની, અને આ ગુન્હા તમે કર્યાનું તપાસ ઉપરથી તેમને જણાતાં તમોને અટકમાં લઇ તળાજા આવતા રસ્તામાં તળાજા ટ્રામવે ઉપરના પાંચપીપળા પાસેના રેલ્વે ક્રોસીંગમાંથી તમોએ મુદ્દાની કોશ પંચ રૂબરૂ કાઢી આપ્યાની જે જુબાની આપી છે તે સંબંધમાં તમારે કાંઇ ખુલાસો કરવો ?

જવાબ–બસ કાઢી આપી. બીજો કાંઇ ખુલાસો કરવો નથી.

સવાલ—આં. ૨ ના ઉપરના સાહેદ આ કાળીદાસ ત્રીભોવન વિશેષમાં મુદ્દાનો તાળા હુંગરા ઉપરથી તમે પંચો રૂબરૂ કાઢી આપ્યાની તેમ જ તમે ગુન્હા કર્યા આ અરસામાં અવા બીજા ગુન્હા કર્યાની સિધ્ધનાથ મહાદેવના મંદીરમાંથી રજુ છે તે સાલીગ્રામની મુર્તી લીધાનું અને તે મુર્તી ભાવનગર ભદ્રકાળી લોજના માલીકને આપ્યાનું અને રાંદળ માતાના બે રજુ છે તે છત્ર લીધાનું અને તમારે ઘરેથી તમે રજુ કર્યાનું તેમ જ દેગવડા ગામેથી નાગ અને શંખ લીધાનું, વાઘવદરડા ગામને ચોરેથી માતાજી પાસેથી ધજા અને બે છાપો લઇ ગામમાંથી શંકરનું લીંગ લાવી કુંભાર પાંચા ગોવીંદની વાડીએ રાખ્યાના અને પંચાએ તે બધું રજુ કર્યાની જે જુબાની આ ઇન્સપેકટર સાહેબ આપે છે તે બાબે તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ—શાલીગ્રામની મુર્તી છત્ર, નાગ, શંખ, ધજા, મેં લીધેલ અને વાડીએ રાખેલ તમામ મેં કાઢી આપેલ.

સવાલ–ફરી, અમૃતલાલ લાલચંદ તથા ગોડી હંસરાજ સવજી તા. ૨૮–૮–૪૫ના સવારના બન્ને દરવાજાના તાળા તુટયાની તેમજ મુર્તીઓ ખંડીત હાલતમાં જોવાની અને મુર્તીઓના ખંડનથી જૈન ધર્મનું અપમાન થયાની અને જૈન કોમની લાગણી દુભાયાની જે જુબાની આપે છે તે સંબંધમાં તમારે કંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–મારે કાંઇ કહેવું નથી.

સવાલ–પંચ ચુનીલાલ પુલચંદ દરવાજા ઉઘાડા તેમજ મુર્તીઓ ખંડીત હાલતમાં જોવાની તેમજ પંચ હરીલાલ વિશ્વનાથ પોતાની રૂબરૂ મુદ્દાની કોશ તમે પાંચપીપળા પાસેના રેલ્વે ક્રોસીંગમાંથી કાઢી આપ્યાની તેમજ પંચ ભાઇલાલ વલ્લભદાસ પોતાની હાજરીમાં ગુન્હાવાળા સ્થળે જગ્યાઓ બતાવ્યાની તેમજ ગઢની રાંગની બહાર દક્ષિણ દીશા તરફથી કદમના ઝાડની બખોલમાંથી મુદ્દાના બે તાળાં તમોએ કાઢી આપ્યાની જે જુબાની આપેલ તે સંબંધમાં તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–કોશ મેં કાઢી આપી અને તાળા કાઢી આપ્યા. બીજું કંઇ કહેવું નથી.

સવાલ–સાહેદ સોડાં ગણેશ તમોએ કોશ કાઢી આપ્યાની જે જુબાની આપે છે. તે બાબે તમારે કંઇ કહેવું છે ?

જવાબ–હું ત્યાં હતા.

સવાલ–સાહેદ ભીમદાસ ગુરૂ રઘુરામ, પોતાની જુબાનીમાં તમે મુળીયા બોદવા કોશ માગ્યાની તમે તેના મંદીરે આવ્યાની તેમજ કોશ માટે માણસો મારફત ઉઘરાણી કર્યાની જે હકીકત લખાવે છે તે સંબંધમાં તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–મેં તેની કનેથી કોશ લીધાની પણ માંદાનું મેં કહ્યું નહોતું એટલું એણે બોટું કહ્યું.

સવાલ–સાહેદ કરશન પોલાએ મહારાજ ભીમદાસની કોશ માટે તમને કહેલ તેવી જુબાની આ સાહેદ આપે છે તે બાબે તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–મારા મોટા બાપાના દીકરા કરશને કોશ માટે કહેલ.

સવાલ–સાહેદ હમીર માંડણ અને તમારા બેન રખમાબાઇ તમે મુર્તી ભાંગીને વેળાવદર આવ્યાની, જમ્યાની અને તમને તમારા બેને કયાંથી આવ્યો પુછતાં તમે દેવળાં ભાંગીને આવ્યાનું કહ્યાની જે જુબાની આપે છે તે સંબંધમાં તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–અહીંથી મુર્તી ભાંગીને વાળુ ત્યાં જઇને કરેલ અને મારી બેને કોશ કયાંથી એમ મને પુછ્યું એટલી વાત કરી.

સવાલ–સાહેદ ઉકા ભુરા સહેદ શેકા ટબા અને સાહેદ ભીમા માવા તેઓની આગળ તમે ડુંગરાના દેવળા ભાંગ્યાની વાત કર્યાની જે જુબાની આપે છે તે સંબંધમાં તમારે કંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–ત્રણે જણને વાત કરેલ.

સવાલ–સાહેદ પાંચા ગોવીંદ તેની વાડી ઝુડનો ઓટો કરી રજુ છે તે શંકર, નાગ, શંખ, ધજા, છત્રો તમે રાખેલા તેવી જે જુબાની આપે છે તે સંબંધમાં તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–એણે કહ્યું તે સત્ય કહ્યું. બોટું નથી કહ્યું.

સવાલ–રજુ છે તે ચાર આરસની પ્રતિમાઓ સંબંધમાં તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–ચારેને મેં ભાગ્યાનું અને તોડી પાડી દીધું હતું પણ આંખ આપી છે ડોકેથી ખેડવી દીધેલ બહાર લઇ જઇને ખેડવેલ.

સવાલ–મુદ્દાના કોશ બાબત તમારે કાંઇ કહેવું છે ?

જવાબ–પાંચપીપલાના કેડા ઉપર વચ્ચે ચોકડીમાં પાટાની વચ્ચે દાટેલ. બાવા પાસેથી લીધી હતી ધજા છે.

સવાલ–મુદ્દાની બે તાળા બાબત તમારે કાંઇ કહેવું છે ?

જવાબ–મોટું તાળુ ડેલે હતું. નાનું તાળું મંદીરને બારણે હતું. કોશથી તોડયાં અને માલીકોર ગયો. કોશથી ચારે મુર્તીને ઉખેડી હેઠે હાથ ફેરવતાં એક હેઠી હતી ધ ઉઘડે તેમ નોતી તેથી નાક ઉપર કોશના ત્રણ ટોચા માર્યા. પેલી ત્રણ લઇ ગયો. પછી ચોથી કોશ અને તાલા લઇ નીચે આવ્યો. અને રસ શેવું જી વળી પછી ચારેને એકુકી કોશ મારી તોડી નાખી. પછી જ્યાંથી ચડયો હતો ત્યાંથી ઉતર્યો. પછી ઝાડવું હતું ત્યાં તાળાં નાખી રટેશન બાજુ ઉતરી ગયો. મેં આ કામ સાચું છે કે બોટું દેવલાં સાચાં છે કે બેટા તે જોવા માટે કર્યું છે.

સવાલ–રજુ છે તે નાગ, શંખ, શાલીગ્રામ, ધજા, છત્રો અને શંકર સંબંધમાં તમારે કાંઇ ખુલાસો કરવો છે ?

જવાબ–બસ લીધા ધજા, બીજો શું ખુલાસો છે. બધું જોવા સારૂં લીધું કે માણસ ધ બધા આગળ આડાઅવળા થાય એટલે પગે લાગે તે સાચું છે કે બોટું. મને બધુ બોટું લાગ્યું.

(અનુસંધાન પૃષ્ઠ ૩૨ જુઓ)

ગાંધીજીની અહિંસા

મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિ પ્રત્યેની મનુષ્યની વર્તણુંક સંબંધે ગાંધીજીના તાજેતરના નિવેદનોએ ભારે ખળભળાટ મચાવ્યો છે. ખોરાકની તંગીને પહોંચી વળવા એક ભાઇએ કેટલીક સુચનાઓ કરી છે તેમાં એક સુચના એવી છે કે હરણાં, સસલાં ભુંડ, કુકર જેવા જનવરોને ગોળીથી મારી, માંસાહારીને માંસ પહોંચાડવું. આથી અન્ન બચશે અને સાથે સાથે આ બધાં જનાવરોનો મોટા પ્રમાણમાં નાશ કરવાથી ખેતરોમાં ઉભેલા પાકને જે નુકશાન થાય છે, તે ઓછું થઇ જશે. આ સુચનામાં કબુતર તથા ચકલાં જેવાં પંખીઓ, જે પાકને બેસુમાર નુકશાન કરે છે તેમને પણ મારવાની સુચના છે. આ સુચના સંબંધે લખતાં ગાંધીજી કહે છે કે તે વાદ-ગ્રસ્ત છે અને જીવમાત્રને પવિત્ર માની તેને કદી ઇજા ન કરવાનું પોતાનું વલણ અત્યંત દૃઢ હોવા છતાં, માંસાહારી ભાઇબ્હેનોને પત્ર લખનાર ભાઇના ડહાપણમાંથી નીપજેલી આ સુચના સ્વીકારવાની ભલામણ કરવામાં ગાંધીજીને કોઇ સંકોચ કે મુસ્કેલી નથી લાગતી.

પત્ર લખનાર ભાઇની સુચનામાં કેટલું ડહાપણ છે તે તો કહેવું મુસ્કેલ છે પણ ગાંધીજીનું આ વિધાન અત્યંત ચોંકાવનારું છે તેમાં શંકા નથી. આ સુચનાનો અમલ થાય તો કેટલા જીવોની હિંસા થાય ? એમ કહેવાય કે એવી હિંસા તો થાય જ છે અને આ સુચનાથી વધી જવાની નથી. પણ આ સુચના ડહાપણ ભરી છે અને ગાંધીજીનું તેને અનુમોદન છે એમ જણાય ત્યારે તેના પરિણામો કેવા આવે તે કલ્પવું મુસ્કેલ નથી. પણ આ બાબતની વિશેષ ચર્ચામાં અત્યારે ઉતરતો નથી. તેમાં તો એ પ્રશ્ન પણ રહે છે કે આવી સુચના કરનાર અને તેને અનુમોદન આપનારને તેને પરિણામે થતી હિંસાનો કોઇ દોષ લાગતો હશે ? હિંસાને માટે આદેશ કે સુચના આપવાની જરૂર હોય ? જેને જેટલી હિંસા કરવી હોય એટલી કરે. આવો આદેશ કે સુચના આપવી પડે એવી પરિસ્થિતિમાં શા માટે મુકાવું ? પણ આ બધાં ગહન પ્રશ્નોની ચર્ચામાં અત્યારે ન ઉતરું. અત્યારે તો ગાંધીજીની અહિંસા સમજવાનોજ પ્રયત્ન છે. તેનો બચાવ કે ટીકા કરવાનો નહિ.

ગાંધીજી અહિંસાને પરમ ધર્મ માને છે. કોઇ જીવની હિંસા કરવી તે પાપ છે તે વિષે મતભેદ નથી. સંપૂર્ણ અહિંસા શરીરધારી માટે અશક્ય છે. શરીરધારી માત્ર થોડામાં થોડી, પણ હિંસા ઉપર જ નભે છે, તેણે કયાં હદ બાંધવી, એ સવાલ છે. ગાંધીજીએ પોતાની હદ બાંધી છે. "હું જે અહિંસાનો પૂજારી છું, તે કેવળ જીવદયા નથી. જૈન શાસ્ત્રોમાં તેને (જીવદયાને) મહત્ત્વ અપાયું છે; તે સમજી શકાય છે. પણ તેનો અર્થ કદી એ નથી કે, મનુષ્ય જીવને છોડીને બીજા જીવોની દયા ખાવાની છે. આવા લખાણોમાં તે દયા (મનુષ્યની દયા) માની લેવાયેલી છે એમ ધારું છું. તેમ કરતાં (મનુષ્ય જીવને છોડી બીજા જીવોની દયા ખાતાં) અતિશયતા આવી ગઇ છે. આચારમાં તો જીવદયાએ કેવળ વકરૂપ લીધું છે અને તેને નામે અનર્થ થઇ રહ્યો છે. ઘણાં તો કીડિઆરાં પૂરી સંતોષ માને છે. અત્યારની જીવદયામાં જીવ જ નથી રહ્યો એમ દેખાય છે. ધર્મને નામે અધર્મ ચાલી રહ્યો છે, પાખંડ વર્તી રહ્યું છે."

કૌંસમાં મૂકેલા શબ્દો મારા છે

અનિવાર્ય હિંસા બે પ્રકારની છે. એક, જેમાં હિંસા કરવાનો ઇરાદો નથી પણ હિંસા થાય છે. દા. ત. શ્વાસ લેતાં, હાલતાં ચાલતાં વગેરે. તેમાં પણ બેદરકારી હોય. બીજી, ઇરાદાપૂર્વકની જીવહિંસા, એમ માનીને કે તે કર્યા વિના છુટકો નથી. ભાવ હિંસા અને દ્રવ્ય હિંસા, પ્રમત્ત યોગ અને પ્રાણ વ્યપરોપણ. બીજા પ્રકારની હિંસામાં સ્વાર્થ છે અને તે ત્રિકાળ હિંસા છે.

ગાંધીજીની અહિંસાનો અમલ મુખ્યત્વે મનુષ્ય મનુષ્ય વચ્ચેના વ્યવહાર પૂરતો મર્યાદિત લાગે છે. માનવજીવન અને માનવ સમાજ ટકાવવા માટે જરૂરી મનુષ્યેતર પ્રાણીની હિંસાને તેઓ અનિવાર્ય માનતા જણાય છે. એ હિંસા તો છે જ તેમ તેઓ પોતે કહે છે પણ માનવ જીવન અને સમાજ ટકાવવો હોય તો તે અનિવાર્ય છે. એવી હિંસા ઓછામાં ઓછી થવી જોઇએ તે વિષે મતભેદ નથી. એવી હિંસા આજે થાય જ છે. તેને ખુલ્લી રીતે સ્વીકારીએ કે તે તરફ દુર્લક્ષ કરીએ તેથી કાંઇ ફેર પડતો નથી.

જગતની સંસ્કૃતિમાં ગાંધીજીનો અપૂર્વ અને મહાન ફાળો એ છે કે મનુષ્ય મનુષ્ય વચ્ચેના વ્યવહારમાં તેઓ સંપૂર્ણ અહિંસા–મન, વચન કાયાથી-ના અમલનો આગ્રહ રાખે છે અને તે શક્ય માને છે. જીવદયાને નામે મનુષ્યદયા આપણે ભૂલી ગયા છીએ તેનો ઇનકાર થઇ શકે તેમ નથી. માનવ વ્યવહારમાં ભયંકર હિંસાએ સ્થાન લીધું છે. તે પ્રત્યે આપણે આંધળા છીએ ગાંધીજી તે પ્રત્યે આપણી આંખો ખોલે છે.

ગાંધીજીનો એ દૃઢ વિશ્વાસ છે કે માનવ વ્યવહારમાં હિંસાને કોઇ સ્થાન નથી. તે વિશ્વાસનો પાયો એ છે કે, માણસમાં ઇશ્વરનો વાસ છે અને દુષ્ટમાં દુષ્ટ મનુષ્યનો પણ હૃદય પલટો થઇ શકે છે. તેને બુદ્ધિ છે અને તેને સમજાવી શકાય છે. પણ માણસમાં બુદ્ધિ ઉપરાંત, તેની વાસનાઓ, સ્વાર્થ અને Irrational part of his nature રહ્યો છે. માત્ર દલીલથી, તેને સમજાવી શકાતું નથી. ન સમજે ત્યાં શું કરવું ? ત્યાં, આજ સુધી જગતે હિંસાનો માર્ગ લીધો છે. માણસના ઉપર દબાણ લાવવાની આ એક જ રીત જગતે જાણી છે. ગાંધીજી પ્રેમની રીત શીખવે છે. દબાણ લાવવાની જરૂરીઆત ગાંધીજી સ્વીકારે છે પણ તે પ્રેમનું દબાણ–અસહકાર અને સત્યાગ્રહથી. જગતના ઇતિહાસમાં અહિંસાના અમલનું આ નવું સ્વરૂપ છે. માનવ વ્યવહારમાં સંપૂર્ણ અહિંસાને અવકાશ મળે તે માટે સમાજ રચનામાં ધરમૂળના ફેરફાર થવા જોઇએ. અહિંસક સમાજ રચાવો જોઇએ. ગાંધીજી એવો સમાજ રચવાના સ્વપ્નો સેવે છે અને તેને મૂર્તિમંત કરવા આપણને આમંત્રે છે.

માનવ વ્યવહારમાં સંપૂર્ણ અહિંસા હોવી જોઇએ એ સંદેશ જગતને આપવો એ ગાંધીજીનું જીવન ધ્યેય છે. એવી અહિંસા શક્ય છે એ હકીકત હિંદની આઝાદી અહિંસાથી પ્રાપ્ત કરી ગાંધીજી સિદ્ધ કરવા ઇચ્છે છે. સાચી સ્વતંત્રતા અહિંસાથી જ મળે અને અહિંસાથી જ ટકાવી શકાય એ વસ્તુ ગાંધીજી હિંદ મારફત જગતને શીખવી રહ્યા છે. એટલે અહિંસાનો પૈગામ જગતને આપવામાં હિંદની આઝાદીની લડત સાધન છે. તેવી જ રીતે રચનાત્મક કાર્યક્રમ–ખાદી, અને અહિંસાનો પ્રતીક રેંટીયા વગેરે–દ્વારા અહિંસક સમાજ કેવો હોય તે બતાવે છે. હિંદની આઝાદી પ્રાપ્ત કરવાની ગાંધીજીને જેટલી તમન્ના છે તેટલી જ–તેથી વિશેષ–આ અહિંસા ધર્મ હિંદને અને જગતને શીખવવાની છે.

મહાસભાએ બ્રીટીશ સરકાર સાથેની લડત પૂરતી અહિંસા સ્વીકારી છે. તે પણ ગાંધીજી કહે છે તેવી, મન, વચન કાયાથી, સિદ્ધાંત તરીકે નહિ પણ અત્યારના સંજોગોમાં એકનીતિ તરીકે. આ હકીકતની કસોટી, મહાસભાએ પ્રધાનપદો સ્વીકાર્યા ત્યારે અને હિંદ ઉપર આક્રમણનો ભય થયો ત્યારે થઇ. દેશની આંતરિક ગેર-વ્યવસ્થા કે તોફાનો અને બાહ્ય આક્રમણ સમયે, પોલીસ અને લશ્કરનો ઉપયોગ છોડવા મહાસભા તૈયાર ન હતી. ગાંધીજી પોતાનો સિદ્ધાંત છોડવા તૈયાર ન હતા. ૧૯૩૮ થી ૧૯૪૨ સુધી આ સંબંધે મહાસભા અને ગાંધીજી વચ્ચે ખૂબ અથડામણ રહી. ગાંધીજી અહિંસાના પયગંબર છે તે સાથે હિંદની રાષ્ટ્રીય આઝાદીની લડતના નેતા છે. પંડીત જવાહરલાલ કહે છે તેમ " Always there has been that inner conflict within him and in our national politics, between Gandhi as a national leader and Gandhi

as a man with a prophetic message which was not confined to India but was for himmanity and the world..... Very few persons in India accept in its entirety his doctrine of non-Violence or his economic theories, yet very many have been influenced by them in some way or other." ગાંધીજીને પણ અખૂટ ધીરજ છે. એટલે, હિન્દમાં પણ, તેમનો અહિંસાનો સિધ્ધાંત-માનવ વ્યવહાર પૂરતો પણ-અને તેના અમલ માટેનો રચનાત્મક કાર્યક્રમ, બહુ થોડા લોકો સ્વીકારે છે છતાં મનુષ્ય સ્વભાવની અને આપણી નબળાઈઓ અને સંજોગો લક્ષમાં લઈ, કોઇક વખત સિધ્ધાંત આગે બહુજ મક્કમ રહે છે તો ઘણી વખત નમતું મૂકે છે અને વચલા માર્ગો કાઢે છે. જવાહરલાલ કહે છે. " Gandhi for all his rock-like adherence to certain principles, has shown a great capacity to adapt himself to others and to changing circumstances, to take into consideration the strength and weakness of those others and especially of the mass of the people and how far they were capable of acting upto the truth as he sow it. But from time to time he pulls himself up as if he were afraid that he had gone too far in his compromising and returns to his moorings. In the midst of action, he seems to be in tune with the mass mind, responsive to its capacity and therefore adapting himself to it to some extent; at other times, he becomes more theoretical and apparently less adaptable. There is also the same difference observable in his action and his writings. This is confusing to his own people, more so to others who are ignorant of the back-ground in India. "

લડાઈ દરમ્યાન ઘણા મોકા એવા આવ્યા કે જ્યારે મહાસભાને પોતાનું અહિંસા સંબંધેનું વલણ સ્પષ્ટ કરવાની જરૂર પડી. બ્રીટન હિન્દની સ્વતંત્રતા સ્વીકારે તો હિન્દ બ્રીટનને યુદ્ધમાં સશસ્ત્ર મદદ કરે કે નહિ ? જાપાન સ્વતંત્ર હિન્દ ઉપર આક્રમણ કરે તો હિન્દ સશસ્ત્ર સામનો કરે કે નહિ ? મહાસભા બન્ને કરવા તૈયાર હતી; ગાંધીજીને એકેય માન્ય ન હતું. પણ, જવાહરલાલ કહે છે,

" In later months, leading up to August 1942, Gandhiji's nationalism and intense desire for freedom, made him even agree to congress participation in the war if India could function as a free country. For him, this was a remarkable aud astonishing change, involving suffering of the mind and pain of the spirit. In the conflict between that principle of non-violence which was his very life-blood and meaning of existence, and India's freedom which was a dominating and consuming passion for him the scales inclined towards the latter. That did not mean of course, that he weakned in his faith in non-violance. But it did mean that he was prepared to agree to the congress not applying it in this war. The practical statesman took precedence over the uncompromising prophet."

એક તરફ હિન્દની આઝાદી અને બીજી તરફ અહિંસાનો સિદ્ધાંત, એક તરફ અહિંસાનો પયગમ્બર ગાંધી અને બીજી તરફ હિન્દની રાષ્ટ્રીય આઝાદીની લડતનો નેતા, ગાંધી, તેમાં પંડીત જવાહરલાલ કહે છે, The Practical statesman took precedence over the uncompromising prophet. કોનો વિજય થયો ? ગાંધીજી માટે આ વિજય કે હાર ?

અહિંસાના સિદ્ધાંતમાં આવી માંડછાંડને અવકાશ છે? હકીકત એમ છે કે સિધ્ધાંત અને તેનો અમલ, નિશ્ચય અને વ્યવહાર, બેનો મેળ બહુ અઘરો છે. પયગમ્બરો સિધ્ધાંતમાં કોઇ અપવાદ રાખતા નથી. સ્મૃતિકારો તેના અમલના નિયમો ઘડે છે ત્યારે મનુષ્ય સ્વભાવ અને પરિસ્થિતિ લક્ષમાં લે છે. ગાંધીજી પયગમ્બર છે અને સ્મૃતિકાર પણ છે. આ યુગધર્મની નવી સ્મૃતિ રચી રહ્યા છે.

જૈનધર્મે અહિંસાનો સિદ્ધાંત બતાવ્યો. તેની સ્મૃતિ નથી રચી. તેણે તો કહ્યું, આ ધર્મ છે, તેથી જેટલું ઓછું કરો તેટલું ઓછું. કેટલું ઓછું કરવું તે તમે જાણો. ગાંધીજી માત્ર સિદ્ધાંત બતાવતા નથી; તેનો અમલ કેમ થાય તેનો માર્ગ બતાવે છે એટલે તેમણે સિદ્ધાંતની મર્યાદાઓ બતાવવી જ રહી. તે મર્યાદાઓ વ્યક્તિએ વ્યક્તિએ અને યુગે યુગે બદલાય. તેમણે બતાવેલ મર્યાદાઓ ભૂલ ભરેલી પણ હોય.

માનવ વ્યવહારમાં સંપૂર્ણ અહિંસા તેમણે સ્વીકારી છે તે શક્ય છે? ટોલ્સ્ટોયે આ વસ્તુ ખૂબ વિચારી છે. તેના લખાણો બતાવે છે કે માનવ વ્યવહારમાં પણ સંપૂર્ણ અહિંસાનો અમલ કરવો હોય તો, ન હોય રાજ્ય કે યુદ્ધ, ન હોય કોર્ટ કે કાયદો, ન હોય મીલ્કત કે પરિગ્રહ. બાહ્ય કોઇ પણ બંધનને સ્થાન નથી. પણ તેનું પરિણામ Spiritual Anarchy. ટોલ્સ્ટોયે આ logical પરિણામ સ્વીકાર્યું. પણ આ ધોરણે સમાજ ટકે નહિ. This is a completely rationalistic creed. ગાંધીજીને તો અહિંસક સમાજ રચવો છે. સમાજ રચનામાં કોઇક બંધન જોઇએ. માણસ ન્યાયથી ન વર્તે તો તેને તેમ કરવાની ફરજ પાડવાનું શસ્ત્ર જોઇએ. ગાંધીજીએ તે શસ્ત્ર શોધ્યું-અસહકાર અને સત્યાગ્રહ. જગતના ઇતિહાસમાં વ્યકિતઓએ આ શસ્ત્રનો ઉપયોગ કર્યો છે. રાજકીય અને સામાજીક ક્ષેત્રે એનો પ્રયોગ નવો છે. જગતની નવી સંસ્કૃતિની રચનામાં ગાંધીજીનો આ ફાળો છે. તે પ્રયોગ સફળ થાય તો એક નવી સંસ્કૃતિનો જન્મ થાય. આપણુને શ્રદ્ધા છે? તેમ કરવાની શક્તિ છે? અહિંસા ધર્મ શૂરવીરનો છે, કાયરનો નથી, એ ગાંધીજી કહે છે તેનું આ રહસ્ય છે.

સમસ્ત માનવ વ્યવહાર પ્રેમ અને અહિંસા ઉપર સ્થાપવાનો અને અહિંસક સમાજ રચવાનો આ અપૂર્વ પ્રયોગ છે. માનવ વ્યવહારમાં પણ પ્રેમ કે અહિંસા ન હોય તો મનુષ્યેતર પ્રાણી સૃષ્ટિ પ્રત્યેની દયાની વાતો પોકળ છે. ગાંધીજી આ પ્રથમ પગથિયાનું ભાન કરાવે છે. માનવ વ્યવહારમાં પ્રેમ અને અહિંસાનું સંપૂર્ણ પણે પાલન કરનારમાં આપોઆપ સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આવે અને સાચી જીવદયા-ભૂતદયા પ્રકટે. તેના અભાવે જીવદયા એ જીવદયા નહિ પણ તેની વિકૃતિ જ હોય. **ચીમનલાલ શાહ.**

નોંધ : પં. જવાહરલાલના લખાણના ઉપરના ફકરાઓ તેમના છેલ્લા પુસ્તક Discovery of India માંથી છે.

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘની રાહત પ્રવૃત્તિને મદદ

૬૭) શ્રી. પી. બી. શાહની કું.
(દિવાળી સુધીનાં ૬ માસનાં)
૫૭) ,, ધેલાભાઇ હાથીભાઇ ઝવેરી
૧૬) ,, વસુમતી કેશવલાલ નગીનદાસ

---

૧૨૬)

(પૃષ્ઠ ૨૯ થી ચાલુ)

સવાલ–બીજું તમારે કાંઇ કહેવું છે ?

જવાબ–ના.

વાંચી બતાવી તા. ૧–૬–૪૬.

પંચોલી લાખા ભુરાની સઇ ફ. પોતે

મ્હારા રૂબરૂ

જસવંત એસ. ભટ્ટ

પં. વ. ફ્રે. ન્યા. પ્રા. તળાજા

આ ઇકરાર મારા સમક્ષ તથા હું સાંભળતો હતો તેવી રીતે લખી લેવામાં આવેલ છે અને તહોમતવાળા સખ્શે કહેલા સઘળા મજકુરનું પુરેપુરૂ તેમાં લખી લીધું છે.

તારીખ ૧–૬–૪૬ સહી જસવંત એસ. ભટ

પે. વ. ફ્રે. ન્યા. તળાજા

ચાર્જ ફ્રેમ કર્યા પછી

સવાલ–પ્રોસીક્યુસનના સાહેદોની જાસ્તી ઉલટ તપાસ તમારે કરવી છે કે તેઓને કાંઇ પુછવું છે ?

જવાબ–ના. ૪ બધા કઇ ગયા તે સત કહી ગયા છે.

સવાલ–બચાવનો કાંઇ પુરાવો તમારે આપવો છે ?

જવાબ–ના મારૂં એક જ કહેવાનું છે કે આ સત કે અસત તે મારે જોવું તું, મેં ચાર ભાગ્યા અને એકને ટોચો માર્યો તો, હજુ એના ચાર દેવળામાં અનામત છે તે તો સાબીત કરશે ને.

તા. ૧–૬–૪૬

મારા રૂબરૂ સહી જસવંત એસ. ભટ પે. વ. ન્યા. તળાજા.

સમાચાર અને નોંધ

મૂર્તિભંજક ગુનેહગાર અદાલતને આંગણે

આજથી દશેક મહીના ઉપર તળાજા તીર્થ ઉપરના ચોમુખની ચાર મૂર્તિઓનું કોઇએ ખંડન કર્યું હતું. તે મૂર્તિઓનું 'મેં પોતેજ ખંડન કર્યું છે' એમ સ્વેચ્છાએ જાહેર કરતા લાખા ભુરા પંચોળી ઉપર તળાજાની ફોજદારી કોર્ટમાં કામ ચાલ્યું છે અને તેને તળાજા મૂર્તિખંડનને અંગે ચાર વર્ષ અને બીજી ચોરીને અંગે બીજા બે વર્ષ એમ કુલ છ વર્ષની સજા થઇ છે. ગુનેહગાર જાતનો હિંદુ અને તેની ઉમ્મર આશરે ૪૦ વર્ષની છે. આ મુકદ્દમાને લગતી જરૂરી વિગતો તા. ૯–૬–૪૬ ના 'જૈન' માં પ્રગટ થઇ છે. આગળ પાછળની ઘટનાઓ, તળાજા જૈન બોર્ડીંગને ભાવનગર દરબાર તરફથી મળેલી જમીન સંબંધમાં મુસલમાનો તરફથી ઉઠાવાયલો વાંધો, મૂર્તિખંડનની ઘટના બની તે અરસામાં મુસ્લીમ છાપાઓમાં જૈનો અને ભાવનગર રાજ્ય સામેનો અત્યન્ત ઝેરી પ્રચાર અને મુસ્લીમ સમાજમાં આ પ્રચારને લીધે વધતો જતો ક્ષોભ–આ બધું ધ્યાનમાં લેતાં પ્રથમ દર્શને આ કરપીણ કૃત્ય કાં તો મુસલમાનોના હાથે થયું હોવું જોઇએ અથવા તો તે પાછળ એક યા બીજી રીતે મુસલમાનો અને મોસ્લેમ લીગનો હાથ હોવો જોઇએ એ પ્રમાણેના અનુમાનદ્વારા જ સૌ કોઇના દિલમાં આજ સુધી વહી રહી હતી. ઉપર જણાવેલ લાખા ભુરા મુસલમાને નથી તેમજ તેની પાછળ કોઇ મુસ્લીમ પ્રેરણા કે યોજના હોય એવું કાંઇ તેની ઉપર ચાલેલી અદાલતી તપાસમાં માલુમ પડતું નથી. અને તેથી લાખા ભુરાને લગતી બહાર આવેલી બધી વિગતો સ્વીકારીએ તો જૈન સમાજના દિલમાં ચાલી રહેલી ઉપર જણાવેલી અનુમાન પરંપરા પાયા વિનાની હતી એમ જ આપણે કબુલ કરવું રહ્યું. લાખા ભુરા પોતાના એકરારમાં પ્રસ્તુત મૂર્તિખંડનને અનુરૂપ પોતાના હાથે થયેલા બીજા પણ એવાં જ કેટલાંક કામો રજુ કરે છે. દા. ત. તેણે સિહનાથ મહાદેવમાંથી શાલીગ્રામની મૂર્તિ ઉપાડેલી; રાંદલમાતાનાં છત્ર ઉપાડેલા; વાઘનદરડા ગામમાંથી માતાજીની ધજા અને બે છાપ લીધેલી. (પ્રસ્તુત મૂર્તિખંડન કોણે કર્યું હશે તે વિષેનું આપણું આજ સુધીનું મનનું વળણ આ આખો કેસ બનાવટી હોવાના અનુમાન તરફ આપણને ધસડી જાય છે. આમ છતાં પણ એ કેસની વિગતોને બનાવટી પુરવાર કરે એવી કોઇ નક્કર હકીકત હજુ આપણા જાણવામાં આવી નથી.) લાખા ભુરાના એકરારમાં તેમજ બીજા સાક્ષીઓની જુબાનીમાં પરસ્પર વિરોધી કોઇ પણ રજુઆત જોવામાં આવતી નથી. કાં તો આખો કેસ બનાવટી હોવો જોઇએ અથવા તો આદ્યન્ત બધી હકિકતો અને લાખા ભુરાનો એકરાર સાચા હોવા જોઇએ. આ બે છેડાના અનુમાન સિવાય કોઇ વચગાળાના અનુમાનને આ કેસમાં અવકાશ રહેતો નથી. વળી જ્યાં ઉલટ તપાસને અવકાશ હોય ત્યાં પરસ્પર વિરોધી રજુઆતો થવાનો સંભવ રહે છે. અહિં તો પ્રસ્તુત ગુન્હાહિત કાર્યનો આરોપીએ કરેલો સીધો એકરાર એ જ આખા કેસનો પાયો છે અને તેથી આ મુકદ્દમામાં ઉલટ તપાસ માટે કશો અવકાશ જ રહ્યો નહોતો. બીજું લાખા ભુરાનો આખો એકરાર વાંચતાં આપણા મન ઉપર એક એવી છાપ પડે છે કે લાખા ભુરાને કોઇ એવી વિચિત્ર આદત જ હોવી જોઇએ કે જેને લીધે આપણે જેને પવિત્ર માનીએ અને આપણે હિંદુ હોઇને જેને હાથ અડાડવાનો આપણને સ્વપ્ને પણ ખ્યાલ ન આવે તેવી મૂર્તિઓ, પવિત્ર લેખાતી વસ્તુઓ ચોરવી, ઉપાડવી, યા તોડવી એ તેને માટે તદ્દન સ્વભાવસરલ હોય. પણ આપણું મન આટલાથી સંતોષાતું નથી અને આ બધા પાછળ કોઇની દોરવણી કે સૂત્રસંચારતોનહિ હોય એવો પ્રશ્ન મન કર્યા કરે છે જેનું કશું સમાધાન થતું નથી. આ સંયોગોમાં આપણે આ આશંકાને વળગી રહીને આખા મુકદ્દમામાં કાંઇક અસત્ય છે–બનાવટ છે–એમ જ વિચાર કર્યા કરવો કે આ આશંકાને પાયા વિનાની ગણીને જે બહાર આવ્યું છે એ બરોબર છે એમ સ્વીકારવું અને મુસલમાન સમાજ વિષેનો પ્રસ્તુત મૂર્તિખંડન પુરતો આપણા મનમાં બંધાયલા પૂર્વગ્રહને આપણે હંમેશને માટે છોડી દેવો એ પ્રશ્ન આપણી સામે ઉપસ્થિત થાય છે.

મારા અભિપ્રાય મુજબ બીજો વિકલ્પ જ આદર યોગ્ય છે અને જ્યાં સુધી અન્યથા કારણ ન મળે ત્યાં સુધી આવા વળણને વળગી રહેવામાં ડહાપણ છે. મૂર્તિખંડન થયું ન થયું એમ બનવાનું નથી. પણ એની સાથે જે કોમી બેદિલી જોડાયલી છે એ પણ વિશાળ સમાજની દૃષ્ટિએ એટલી જ દુઃખદ છે. આ બેદિલી હળવી બને–નાબોદ થાય–એવી હકીકતો બહાર આવે તો તેને આવકારીને કોમી બેદિલી હળવી કરવા સમાજશ્રેયાર્થી સૌ કોઇએ પ્રયત્નશીલ થવું જોઇએ.

આ રીતે મૂર્તિખંડન પૂરતી મુસલમાન સમાજ વિષેની આપણા દિલની આશંકાનો કાંટો ઉખેડી નાખીએ તો પણ તે કોમ સાથે અથડામણમાં અવાય એવી બીજી કેટલીક બાબતો હજુ ઉભી જ છે. આવી જે જે બાબતો હોય તેનો તત્કાલ નિકાલ થવાની ખાસ જરૂર છે. આ નીકાલ માત્ર બે કોમના આગેવાનો વચ્ચેની વાટાઘાટમાંથી આવી શકે તેમ નથી. આ બાબતમાં ભાવનગર રાજ્યે સક્રિય સહકાર આપવાની એટલી જ જરૂર છે. એક તળાજાની બોર્ડીંગની જમીનનો નીકાલ આવવો જોઇએ; બીજું તળાજાની ટેકરી ઉપર બન્ને વિભાગ માટે જુદા જુદા રસ્તાઓની બન્નેને સ્વીકૃત એવી ગોઠવણી થવી જોઇએ. ત્રીજું તળાજાની ટેકરી ઉપરનાં મંદિરો સુરક્ષિત બને એ માટે જરૂરી ગઢ બાંધવા માટે ભાવનગર દરબારે જરૂરી જમીન આગળ પાછળની કોઇ બાબતો સાથે સંબંધ ધરાવતી આડખીલો ઉભી કર્યા સિવાય જૈનોને હવાલે કરવી જોઇએ આ ત્રણે બાબતોનો નિકાલ કરવામાં રાજ્યે પોતાનો ભાગ ભજવવાનો છે. બે કોમ વચ્ચે અથડામણની કોઇ પણ શક્યતાને નાબુદ કરવાની સૌથી પ્રથમ ફરજ રાજ્યની છે. આ ફરજના પાલનમાં બનતો સહકાર આપવો એ કામ ભિન્ન ભિન્ન કોમના જવાબદાર આગેવાનોનું છે. તેથી આ બાબતમાં પુરી દૂર અંદેશી દાખવીને મૂર્તિભંજક આખરે કોઇને કોઇ મળી આવ્યો છે અને તે મુસલમાન નથી એ હકીકતનો લાભ લઇને ભાવનગર રાજ્યના જૈનો અને મુસલમાનો વચ્ચે આજે ઘર કરી રહેલી બેદીલી નાબુદ થાય તે માટે યોગ્ય જણાય તે સર્વ પગલાંઓનો અમલ કરવા ભાવનગરના રાજ્યકર્તાઓએ કટિબધ્ધ થવું જોઇએ. આપણે આશા રાખીએ કે ભાવનગર રાજ્યને મળેલી આ સોનેરી તક પ્રમાદવશ બનીને કે અધિકાર અને પ્રતિષ્ટાના ધમંડના ભોગ બનીને ભાવનગરના રાજ્યાધિકારીઓ એળે જવા નહિ દે. **પરમાનંદ**

મહાસભાના બંધારણમાં ફેરફારો

કેબીનેટ મીશનની દરખાસ્તોની ચર્ચામાં આપણે પડી ગયા ન હોત તો, મહાસભાના બંધારણમાં, ગાંધીજીએ જે અગત્યના ફેરફારો સૂચવ્યા છે તે તરફ આપણું વધારે લક્ષ જાત. તે બંધારણમાંથી "શુધ્ધ અને શાંતિમય" શબ્દો કાઢી નાખવા અને તેમાંની ખાદી વિષેની કલમ રદ કરવા ગાંધીજીએ સૂચવ્યું છે. તેઓ કહે છે, "અનુભવ દર્શાવે છે કે, મોટા ભાગના મહાસભાવાદીઓ સત્ય કે અહિંસાને અથવા ખાદીને વર્યા નથી. તેથી, અસત્ય અને દંભ ટાળવા આ સુધારો સૌથી મહત્વનો અને ઇચ્છવા જોગ છે." ગાંધીજી ઉમેરે છે, "એ યાદ રાખવું જોઇએ કે એક વખતે એ બન્ને કલમો રદ કરવા માટેનો સુધારો મેં પોતેજ મુકયો હતો. આ પસાર કરાવવામાં હું હાર્યો, તેથી હું રાજી થયો હતો. એ રાજી થવું ભૂલ ભરેલું હતું. હવે મારી સૂચના ફેંકી દેવામાં આવશે તો મને દુઃખ થશે."

ગાંધીજીએ આ સુધારાઓ અત્યારે કેમ સૂચવ્યા છે?

મહાસભાવાદીઓમાં પૂર્વે હતા તે કરતાં અસત્ય અને દંભ બહુ વધી પડયા છે? મહાસભાવાદીઓને પૂર્વે સત્ય અને અહિંસામાં અને તેના પ્રતીક તરીકે ખાદીમાં જે શ્રધ્ધા હતી તે હવે કાંઈ ઓછી થઇ છે? "શુધ્ધ અને શાંતિમય" શબ્દો કાઢી નાખી ગાંધીજી એમ સૂચવે છે કે મહાસભા હવે ગમે તે માર્ગે આઝાદી મેળવે? આમાંનું કોઇ કારણ જણાતું નથી. મહાસભાવાદીઓ હતા તેવા જ છે, ગાંધીજીની અહિંસાની શ્રદ્ધા, શક્ય હોય તો, વધારે ઉત્કટ થઇ છે. આ સૂચનાનું મૂળ ગાંધીજીના માનસમાં રહેલું છે.

'ગાંધીજીની અહિંસા'વાળા આ અંકમાં અન્યત્ર છપાતાં મારા લેખમાં, ગાંધીજી, મહાસભા અને અહિંસા વિષે મેં ચર્ચા કરી છે. પંડીત જવાહરલાલે ખૂબ નિખાલસતાથી કહ્યું છે કે ગાંધીજીનો અહિંસાનો સિધ્ધાંત કે તેમની આર્થિક યોજનાઓ (રચનાત્મક કાર્યક્રમ) બહુ થોડી વ્યકિતઓએ પૂર્ણપણે સ્વીકારી છે; છતાં ઘણાં માણસો ઉપર એક આ બીજી રીતે તેની અસર થઇ છે. અહિંસાના પંયગંબર ગાંધી અને હિંદની રાષ્ટ્રીય આઝાદીની લડતના નેતા ગાંધી, વચ્ચે સતત અથડામણ રહી જ છે. આપણી નિર્બળતાઓ અને પરિસ્થિતિ લક્ષમાં લઇ ગાંધીજી તેમના સિધ્ધાંતોના અમલમાં ખૂબ બાંધછોડ કરે છે. મહાસભાવાદીઓમાં સત્ય અને અહિંસા જોઇએ તેટલા નથી, તેમનામાં દંભ અને અસત્ય છે તે હકીકત ગાંધીજીને માટે નવી નથી. પણ વખતો વખત ગાંધીજીને એમ લાગે છે કે મારા સિદ્ધાંતોના અમલમાં બહુ છૂટ મૂકાઇ ગઇ છે, હવે કડક થવાની જરૂર છે એટલે મૂળ સિધ્ધાંતો ઉપર મકકમ થઇ જાય છે. He pulls himself up, returns to his moorings and becomes more theoritical and apparently less adaptable. આ એક એવો પ્રસંગ છે. તેનાં કાંઇક કારણો તો હોય જ છે.

ખાદીની કલમ રદ કરવાનું કારણ તો દેખીતું છે. ખાદીની નવી નીતિ-કાંતે તે પહેરે અને પહેરે તે કાંતે-બહુ થોડા માણસોને સ્વીકાર્ય છે. મોટા ભાગના માણસોએ ખાદીને આર્થિક અને રાજકીય કારણોએ સ્વીકારી છે. ગાંધીજીને મન તો ખાદી-રેંટીઓ અહિંસાનું પ્રતીક છે. પણ તે બાબત તેમણે બહુ ભાર આપ્યો ન હતો. હવે તે ઉપર ખૂબ મકકમ થયા છે. એટલે આ નવી નીતિ મોટા ભાગના મહાસભાવાદીઓને સ્વીકાર્ય ન થાય ત્યાં સુધી દંભને દૂર કરવો હોય તો, મહાસભાવાદીઓ માટે ખાદી મરજીઆત કરવી રહી. ખાદીની આ નવી નીતિ વ્યાજબી છે કે નહિ તેની ચર્ચા અત્યારે અસ્થાને છે. ગાંધીજી ખાદીનો વેપાર કરવા તૈયાર નથી.

'શુદ્ધ અને શાંતિમય' શબ્દો કાઢી નાખવાના કારણો ઉંડા છે. ગાંધીજીના અહિંસાના સિદ્ધાંતની ફરી કસોટી થઇ રહી છે. ૧૯૪૨ ની લડતે બતાવ્યું કે મહાસભાવાદીઓ અહિંસાને બહુ થોડી સમજ્યા છે અને નિઃશસ્ત્રપણે તેનો અમલ થયો નથી. પ્રજા માનસમાં અહિંસાની પ્રતિષ્ઠા બહુ ઓછી જણાય છે. આઝાદ હિન્દ ફોજના સૈનિકોનું તથા ભૂગર્ભમાં કામ કરતા કાર્યકર્તાઓનું પ્રજા જે રીતે સન્માન કરે છે તે જોતાં, પ્રજા માનસનો ઝોક અહિંસાથી દૂર જતો જણાય છે. Leftists forces નું જોર જામતું જાય છે. Rightistsમાં સાચી અહિંસા છે તેમ નથી પણ તેઓ તેને વફાદાર હોવાનો દાવો કરે છે અને કદાચ તેવી ઇચ્છા પણ હશે જ્યારે Leftits છડેચોક તેની અવગણના કરે છે. નેતાજીના અદ્‌ભૂત પરાક્રમોએ પ્રજાની કલ્પના બહેકાવી મૂકી છે. ઠેર ઠેર થતાં તોફાનોમાં મહાસભાના કાર્યકર્તાઓનો પ્રજા ઉપરનો કાબુ ઓછો થતો જણાય છે, મુંબઇમાં ખુલ્લી રીતે સરદાર વલ્લભભાઇ પટેલની સૂચનાઓની અવગણના થઇ. આવા સંજોગોમાં શુધ્ધ અને શાંતિમય શબ્દો રાખવામાં દંભ જ છે. આ શબ્દો કાઢી નાખવાની સૂચના કરી, ગાંધીજી, પ્રજાની અને મહાસભાની કસોટી કરવા અને તેના ઉપરના પોતાના વર્ચસ્વનું માપ કાઢવા ઇચ્છતા હોય તેમ જણાય છે. તેમનો સુધારો સ્વીકારવામાં આવે તો મહાસભા શુધ્ધ અને શાંતિમય સાધનો સિવાય બીજા કયા સાધનોથી હિન્દની આઝાદી પ્રાપ્ત કરવાની ઉમેદ રાખે છે તે જોવાનું રહે છે; તેમજ મહાસભા આ સુધારો સ્વીકારે તો ગાંધીજી શું કરે તે મોટો પ્રશ્ન છે. હિન્દની પ્રજા અને તેની પ્રતિનિધિ સંસ્થા મહાસભા અને ગાંધીજી, પ્રેમના અતુટ તાંતણે બંધાયેલા છે. ગાંડીવેલી પણ એ પ્રજા ગાંધીજીને કયાં છોડે તેમ છે અને તેને છોડીને ગાંધીજી કયાં જશે?

ચીમનલાલ શાહ.

જૈન સંસ્કૃતિનો અભ્યાસ

ગુજરાત વર્નાકયુલર સોસાયટીને શેઠ ભોળાભાઇ જેસિંગભાઇએ નીચેના ઉદ્દેશો માટે રૂપીઆ બે લાખનું દાન આપ્યું છે.

ભારતીય સંસ્કૃતિ તથા દરેક પ્રકારની સાંસ્કૃતિક વિદ્યાની ઉચ્ચ કક્ષાઓનાં જેવાં કે ધર્મ, તત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજકારણ, ઇતિહાસ, સાહિત્ય, કલા આદિનાં અધ્યયન-અધ્યાપન-પ્રકાશન આદિનું કાર્ય માતૃભાષા ગુજરાતી અને રાષ્ટ્રિય ભાષા હિંદુસ્તાની દ્વારા તેમજ આંતરરાષ્ટ્રિય વ્યવહારના સાધન તરીકે જરૂર જણાયે અંગ્રેજી દ્વારા થાય.

તે સાથે જૈન સંસ્કૃતિનાં સર્વ અંગોના અધ્યયન-અધ્યાપન સંશોધન-પ્રકાશનનું કાર્ય નિયમિત અને વ્યવસ્થિત રીતે એક મુખ્ય વિષય તરીકે થાય.

આ કાર્ય માટે ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ શેઠ ભોળાભાઇ જેસિંગભાઇ અધ્યયન-સંશોધન વિદ્યાભવનની સ્થાપના કરી છે.

ઉપરના ખાતાને બીજું રૂા. ૩૧૦૦૦ નું દાન મળ્યું છે. જેના વ્યાજમાંથી "શાહ પોપટલાલ હેમચંદ અધ્યાત્મ વ્યાખ્યાનમાળા" શરૂ થશે. તેનો ઉદ્દેશ આત્મ પરમાત્મ તત્વના વિષય ઉપર તે વિષયના વિદ્વાનો અને વિચારકો પાસે બનતાં સુધી સ્વભાષા ગુજરાતી દ્વારા અથવા હિંદુસ્તાની દ્વારા અગર અંગ્રેજી દ્વારા વ્યાખ્યાનો અપાવવાં. આ વ્યાખ્યાનોમાં જૈનદૃષ્ટિએ આત્મ પરમાત્મ તત્વના વિષયને આ વ્યાખ્યાનમાળામાં વિષયોમાં એક મુખ્ય વિષય તરીકે ગણવો અને તે વ્યાખ્યાનોના પુસ્તકો પ્રગટ કરવા.

કોઇ કારણસર ઉપર જણાવેલી વ્યાખ્યાનોની યોજના અમલમાં ન મૂકી શકાય તો સદરહુ વ્યાજની રકમમાંથી એમ. એ. થયા પછી પીએચ. ડી. માટે અગર સ્વતંત્ર રીતે જૈન તત્વજ્ઞાનના, વિષય ઉપર સંશોધન કરનારને માસિક રૂા. ૭૫ અંકે પંચોતેર રૂપિયા સુધીની ફેલોશિપ આપવી, અને એ ફેલોશિપ "શાહ પોપટલાલ હેમચંદ ફેલોશિપ" એવું નામ આપવું, અથવા એમ. એ. માં સંસ્કૃતનો વિષય લઇ તેમાં જૈનશાસ્ત્રનો વિષય લેનારને, અગર એમ. એ. માં અર્ધમાગધીનો વિષય લેનાર વિદ્યાર્થીને સદરહુ વ્યાજની રકમમાંથી સ્કોલરશીપો આપવી, અને તે શિષ્યવૃત્તિઓ (સ્કોલરશીપો)ને પણ "શાહ પોપટલાલ હેમચંદ શિષ્યવૃત્તિ" એવું નામ આપવું. આમાં વિદ્યાર્થીઓની ગુણવત્તામાં બહુ તફાવત ન હોય તો જૈન વિદ્યાર્થીને પહેલી પસંદગી આપવી."

મૂડીવાદી શાન્તિમાંથી જન્મતાં સંહારક યુધ્ધો

યુદ્ધ નિવારણનો એક માત્ર માર્ગ મૂડીવાદનું નિવારણ જ હોય તો માણસની સામાન્ય બુદ્ધિને સમજાય તેવા કેટલાયે પ્રશ્નો પ્રત્યેક માણસે વિચારવા અનિવાર્ય બને છે. વર્તમાન જગતમાં સૌથી મોટો પ્રશ્ન યુદ્ધ નિવારણનો છે; કારણ કે માનવજાતિની સમસ્ત સંસ્કૃતિનો ઘોર વિનાશ મૂડીવાદી યુદ્ધોને કારણે કાંઠે આવીને ઉભો છે. આ વિનાશની ભયંકરતા માણસે પોતેજ કેવી રીતે સરજી છે તે સમજવા જેવું છે. જે વિનાશ માનવજાતને રૂચતો નથી, જે યુદ્ધની ભયંકરતાનો વિરોધ પ્રત્યેક સમજુ માનવી કરે છે તે યુદ્ધો અવારનવાર સમસ્ત માનવ જાતપર ત્રાટકી પડે છે તેનું ઉંડુ કારણ શું છે? મૂડીવાદનું યુદ્ધ તો માનવજાતની અભિરૂચીથી પર છે તેમ પ્રત્યેક માનવી પોકારી પોકારી જાહેર કરે છે. પણ મૂડીવાદની શાન્તિનું શું? મૂડીવાદની શાન્તિમાં જ મૂડીવાદના યુદ્ધના બી વવાયાં છે તે સમજવું જરૂરી છે. સામાન્ય બુદ્ધિથી દરેક માણસ એકવાર આ સત્ય જાણી લે તો મૂડીવાદી યુધ્ધ અટકાવતા વાર લાગવાની નથી.

સામાન્યતઃ દૈનિક જીવનના નિત્ય વ્યાપારમાં આજે પ્રત્યેક માનવી પોતાના કુટુંબની અને પુત્રપૌત્રોની આબાદાની માટે અર્થ સંચય કરી રહેલો હોય છે અને આ અર્થકમાણી કોઇ પણ રીતે ઓછામાં ઓછા શ્રમે કેમ થાય તે જ તેની ચિંતાનો વિષય બન્યો હોય છે. સ્વસલામતી માટેની આ ઉત્તેજીત ભાવના એટલી પ્રબળપણે કાર્ય કરી રહી હોય છે કે માનવી સમાજના એક ઉપયોગી અંગ તરીકેની પોતાની ફરજ ચૂકી માત્ર બીજાઓની કાંધ પર ચડી કેમ વધુ ને વધુ અર્થોપાર્જન કરવું તેની ચિંતામાં પડી જાય છે. સ્વરક્ષણની ભાવનાથી શરૂ કરેલ અર્થોપાર્જન આમ ધીરે ધીરે તેના મન અને હૃદય પર એટલી સવારી કરે છે કે તે અજાણ્યે એક નાનકડો મૂડીવાદી બની રહે છે. આ રીતે તેનું માનસ શાન્તિ સમયના મૂડીવાદને મૂક રીતે પોષણ આપ્યા જ કરે છે.

આમ જનતાની સામાન્ય બુદ્ધિ પર મૂડીવાદી શાન્તિ આઘાત નથી કરી શકતી, પણ મૂડીવાદી યુદ્ધ તેને બરોબર ચોંકાવી શકે છે. જ્યારે જગત પર મૂડીવાદી સમાજરચનાની અસમાનતાને કારણે જનતાના એક વિભાગે યુધ્ધનો ઉલ્કાપાત મચાવ્યો ત્યારે જ લોકો ચોંકી ઉઠયા કે જગતમાં આજે માનવજાતિનો નાશ નોતરતું એક ભયાનક યુધ્ધ શરૂ થયું છે અને તે વખતે મૂડીવાદે જગાવેલ અસમાનતામાંથી પ્રગટેલ યુધ્ધપ્રતિ જનતાનો રોષ જાહેર થયો. તે વખતે રાજ્યકર્તાઓ, અધિકારીઓ, મોટા મોટા ઉદ્યોગપતિઓ, વ્યાપારીઓ, ધનાઢયો, વ્યાજ ખાનારાઓ, જમીનના માલિક બની બેસનારાઓ અને નાના મોટા હુડક ખરીતાના માલિક બની રહી બીજાઓની કાંધ પર ચડી બુધ્ધિજીવીનો દાવો કરનારાઓને એક જબ્બર આંચકો લાગ્યો. યુધ્ધ માનવજાતની સંસ્કૃતિનો નાશ નોતરે છે તેવી જાહેરાત તથા ચિચિયારી શરૂ થઇ. બોમ્બ અને અણુબોમ્બના વિનાશે તેમની છાતી અને મનમાં રહેલ શાન્તિ સમયના મૂડીવાદના સંસ્કરણને ઉઘાડું કરી બતાવ્યું. પણ વિનાશક યુધ્ધ તેમણે જ નોતર્યું છે તે વાત તેઓ ભૂલી ગયા હતા. તેમના જ અર્થશાસ્ત્રે અને સમાજ રચનાએ જે ભારે અન્યાય જગત પર ઉત્પન્ન કર્યો હતો, તેના ફળ સ્વરૂપેજ આ અનિવાર્ય વિનાશક યુધ્ધ માનવજાત પર ત્રાટકયું હતું એ તેઓ સામાન્ય બુધ્ધિથી સમજવા પ્રયત્ન ન હોતા કરતા છતાં તે જ પરિણામ વાસ્તવ જગત્ પર આવી પડયું. શાંતિ સમયના મૂડીવાદે મૂડીવાદી યુદ્ધને જન્મ આપ્યો અને પરિણામે તેમને પોતાને જ અરૂચિકર સંહાર માનવજાત સમક્ષ આવી ઉભો રહ્યો. માણસ મૂડીવાદી શાંતિ સહન કરી શકે છે પણ મૂડીવાદી યુધ્ધ સહન નથી કરી શકતો. મૂડીવાદી યુધ્ધનું પરિણામ તે નરી આંખે જોઇ શકે છે તથા તેથી પરિણમતો વિનાશ પણ તેને કે તેના આસપાસનાઓને અસર પહોંચાડે છે જ્યારે શાંતિ સમયનો મૂડીવાદ કે જેનું પરિણામ અન્તે અઘોર હિંસક યુધ્ધ છે તેને તે તેટલી સહેલાઇથી જોઇ જાણી શકતો નથી. તેનું એક કારણ એ પણ છે કે કેટલીક વખત તે પોતે પણ શાંતિ સમયનો નાનકડો મૂડીવાદી જ છે. એટલે માણસ પોતાની ભૂલ જોવા જેટલો જાગૃત નથી બન્યો હોતો.

મૂડીવાદી યુધ્ધની વિનાશકતા રોકવી હોય તો માનવ જાતે મૂડીવાદની પ્રથાનો નાશ ધરમૂળથી જ કરવો જોઇશે; એટલે કે સમાનતાની નવી અર્થરચના અને સમાજવ્યવસ્થાને સ્વીકારવી પડશે. પ્રત્યેક માનવી પોતાના જ વ્યાજથી શ્રમ ઉપર જીવે એ નવી સમાજ રચનાનો મૂળ પાયો હોવો જોઇએ. બીજું પોતાની અંગત સુખસગવડતા માટે વધુ પડતી સંગ્રહખોરીને ત્યજવી જોઇએ. ઉત્પાદન અને વહેંચણીનું ધોરણ પણ એવી રીતે બદલવું જોઇશે કે જેથી દરેકેદરેક માણસને તેને જરૂરી જીવનનાં સાધનો મળી રહે તથા તેની ખરીદી અને ઉપયોગ સર્વસુલભ બને. શાંતિ સમયમાં માનવજાત જો આટલું સમજશે તથા આચરશે તો જ નવા ભયાનક વિશ્વયુધ્ધો વિશ્વ ઉપર ત્રાટકતા અટકશે.

ધન એ જ માત્ર મૂલ્યાંકનું સાધન જ્યારે અટકશે ત્યારે જ કેટલાયે મહત્વના ફેરફારો થશે. શ્રમનું ફળ પૈસા અને જીવનની સર્વ જરૂરિયાતોમાં અર્થ એ જ અગ્રસ્થાને જે સમાજમાં રહે ત્યાં ધનપૂજા જ મોખરે રહે તે સ્વાભાવિક છે. આ અર્થપૂજા આજે વિશ્વના મૂડીવાદના કારણોમાં મૂખ્ય બની રહી છે. પણ જ્યારે કોઇ વિચારક સમાજ શ્રમનું મૂલ્યાંકન ધનથી નહિ પરંતુ તેની બહુજનહિત દૃષ્ટિથી કરવું શરૂ કરશે ત્યારે જ તેને સાચો જીવન માર્ગ જડશે. કોઇ પણ વ્યાપાર કે ઉદ્યમ પોતાની અંગત કમાણી માટે નહિ સ્વીકારતા તે સમાજની ઉપયોગીતાના ધોરણ પર સ્વીકારાશે ત્યારે તેનું સાચું પરિણામ લાવી શકશે. તેટલું જ નહિ પણ તે ધન કમાવાના માર્ગની પ્રામાણિકતાનું પણ મૂલ્યાંકન થશે. એટલે સમસ્ત વિશ્વસમાજમાં તેનું પ્રત્યેક માનવઅંગ એક કે બીજી રીતે સમષ્ટિ સમાજની સેવાની વ્યક્તિ સ્વરૂપની રહેશે અને એ માર્ગે જ તે પોતાની આજીવિકાનું સાધન શોધશે. આમ થતાં જીવનમાંથી મૂડીવાદ ટળી જશે; સમાનતા વધશે; પ્રામાણિક જીવનધોરણનો ભારે પ્રચાર થશે; પ્રત્યેક વ્યક્તિ માત્ર પોતાના જ અંગત સ્વાર્થ માટે નહિ કિન્તુ બહુજનની સુગમતાની દ્રષ્ટિએ જીવન વ્યવસ્થાની રચના કરશે. એટલે પરિણામે માનવ જાતની સમષ્ટિભાવના તથા પારસ્પરિક પ્રેમ ભાવ વધશે અને સંહારક યુધ્ધો જગત્માંથી અદૃશ્ય થશે.

—ચુનિલાલ કામદાર

આળાં હૈયાં

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય અને પ્રબુધ્ધ જૈનના ગ્રાહકો પાસેથી આળા હૈયાંની કિંમત રૂા. ૧-૮-૦ લેવાનું નક્કી કરેલ હતું. તે પ્રમાણે જે જે ભાઇઓ તથા બહેનોએ તેનો કિંમત ભરી હોય તેમણે પુસ્તક સંઘની ઓફીસમાંથી મંગાવી લેવાની વ્યવસ્થા કરવી. જે ભાઇ કે બહેન આ પુસ્તક પોસ્ટદ્વારા મંગાવવા ઇચ્છતા હોય તેમણે ૦-૪-૦ પોસ્ટેજના (એટલે કે કુલ્લે રૂા. ૧-૧૨-૦) મોકલી આ પુસ્તક સવેળાએ મંગાવી લેવા કૃપા કરવી.

મંત્રી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૧૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૫

મુંબઈ: ૧ જુલાઈ ૧૯૪૬ સોમવાર.

લવાજમ
રૂપિયા ૩

નવીન અર્થરચના

[શ્રી નરહરિભાઈ પરીખે લખેલું "માનવ અર્થશાસ્ત્ર" નવજીવન પ્રકાશન મંદિર તરફથી હમણાં બહાર પાડવામાં આવ્યું છે. તેમાં અર્થશાસ્ત્રના સિદ્ધાંતો માનવહિતની દૃષ્ટિએ રજૂ કરેલા છે અને એનો અમલ કેવી રીતે કરવો જોઇએ તે વિચારેલું છે. ટૂંકામાં ગાંધીજીની વિચારસરણી મુજબ અર્થશાસ્ત્રના સિદ્ધાંતોને આજે કેવી રીતે ઘટાવવા જોઇએ તે બતાવવાનો પ્રયત્ન તેમાં છે. પુસ્તક લગભગ ૭૦૦ પાનાનું છે અને તે સાત ભાગમાં વહેંચેલું છે. પહેલા ભાગમાં પ્રાસ્તાવિક ચર્ચા કર્યા પછી અર્થશાસ્ત્રની પ્રણાલિકા મુજબ બીજા ચાર ભાગમાં સંપત્તિની ઉત્પત્તિ, વિનિમય, વહેંચણી અને વ્યયનો વિચાર કરેલો છે. ત્યાર પછીના છઠ્ઠા વિભાગમાં સમાજવાદની મીમાંસા કરવામાં આવી છે અને ગાંધીજીનો આર્થિક કાર્યક્રમ સમજાવેલો છે. છેવટના વિભાગમાં આપણા મૂળ ઉદ્યોગો ખેતી, ખાદી, ગોપાલન અને ગૃહઉદ્યોગો આજે કેવી સ્થિતિમાં છે અને તે અંગે શું શું કરવું જોઇએ તે વિચારેલું છે. આ રીતે આ પુસ્તક ઘણા વાચકોની ગરજ સારશે. અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓને તેમાંથી સરળ ગુજરાતી ભાષામાં અર્થશાસ્ત્રના સિદ્ધાંતો સમજવાના મળશે અને હિંદના પ્રશ્નોનો નવીન દૃષ્ટિએ વિચાર કરવાનો મળશે. ગ્રામસેવકો અને સામાન્ય વાચકોને તેમાંથી આર્થિક સિદ્ધાંતોનું અને આપણા દેશના આર્થિક પ્રશ્નોનું સામાન્ય જ્ઞાન મળશે અને માનવ હિતની દૃષ્ટિએ શું થવું જોઇએ એ બાબત દોરવણી મળશે. લેખકે વિચારને નીચેના ૧૦ ખંડોમાં વહેંચી નાખ્યો છે.

૧ અગત્યના તત્ત્વો
૨ શ્રમનો આદર્શ
૩ મૂડી અને મૂડીદારો
૪ મજૂરી અને મજૂરો
૫ ખેતી
૬ ગોપાલન
૭ પરદેશી વેપાર
૮ સટ્ટો, હુન્નરો ઇત્યાદી.
૯ ખાનગી માલિકી અને ટ્રસ્ટીપણું
૧૦ વિકેન્દ્રીકરણ અને ગ્રામોદ્યોગો

પ્રબુદ્ધ જૈનના વાચકો માટે "શિક્ષણ અને સાહિત્ય" માંથી પ્રથમ ચાર ખંડો વિષે ટૂંકી માહિતી અહિં અવતરણ કરેલ છે.]

અગત્યના તત્ત્વો

૧ નવીન અર્થરચના એવી હોવી જોઇએ કે, તેમાં જીવન સગવડવાળું બને તથા બધી રીતે આરોગ્યવાન અને સ્ફૂર્તિમય રહી શકે એટલી જરૂરિયાતો સૌને મળતી હોય. આવી જરૂરિયાતો વિચારપૂર્વક નક્કી કરી તેની ઇચ્છાપૂર્વક મર્યાદા આંકવી એ સમાજના સુખસંતોષ માટે બહુ આવશ્યક અને ઇષ્ટ છે.

૨ આવી અર્થ વ્યવસ્થા સમાજને હિતકારી ત્યારે જ બને, જ્યારે સમાજની દરેક વ્યક્તિને પોતાની શક્તિ મુજબ પોતાને અનુકૂળ કામો કરવાની પૂરેપૂરી તકો મળી રહે. એટલે કે, એ કામ કરવામાં જે સાધનો કે ઓજારો જોઇએ તે મળવામાં કોઇ જાતનો અંતરાય ન આવે, એ કામ માટે જે કુદરતી સાધનો જોઇએ તેનો જરૂર પ્રમાણે ઉપયોગ કરવાની પૂરેપૂરી છૂટ હોય. વળી પોતે કરેલા કામમાંથી થયેલું ઉત્પન્ન અથવા તેમાંથી મળેલા ફળનો લાભ બીજાઓ ગેરવ્યાજબી કે ખોટી રીતે ઉઠાવી ન જાય. ટુંકમાં, સમાજમાં ભૂખમરો ને કંગાલિયત ન હોય, એક દેશ બીજા દેશનું, તેમ જ દેશમાંનો એક વર્ગ બીજા વર્ગનું શોષણ ન કરી શકે.

૩. જ્યાંસુધી અર્થ વ્યવસ્થા કેવળ માની લેવામાં આવેલી સંપત્તિના ઉત્પાદન અને તેનાં કેટલાં નાણાં ઉપજશે તે ઉપર નજર રાખીને ગોઠવાય છે, પણ માનવ સુખનો વિચાર તેમાં થતો નથી, ત્યાં સુધી દુનિયામાં સુખશાંતિ સ્થપાવી અશક્ય છે.

૪ વાણિજ્ય અને ઉદ્યોગ વિના ઘડીભર જગત નભી શકે, પણ કૃષિવૃત્તિ અને ગોપવૃત્તિ વિના જગતનો નિર્વાહ ચાલી ન જ શકે. એટલે નવીન અર્થરચનામાં વાણિજ્ય અને ઉદ્યોગ, કૃષિ અને ગોપવૃત્તિને ભોગે નહિ પણ એને પોષક થાય એ રીતે, પોતાની પ્રવૃત્તિને નિયંત્રિત કરે એ આવશ્યક છે.

શ્રમનો આદર્શ

૫. કેવળ આર્થિક સુખસગવડો વધાર્યા કરવી એ કાંઇ માનવ જીવનનું ધ્યેય નથી. જો આપણે એક આર્થિક અને સામાજિક ન્યાય તરીકે આટલું સ્વીકારીએ કે માણસ જેટલી વસ્તુઓનો કે સેવાઓનો ઉપયોગ કરે તેના બદલામાં એ વસ્તુઓ અને સેવાઓના પૂરા અવેજ જેટલી સમાન્યોપયોગી મહેનત તેણે પોતે કરવી જ જોઇએ, તો તો માણસને પોતાની જરૂરિયાતો અને તેના ઉપભોગ ઉપર અંકુશ મુકયા વિના ચાલે જ નહિ.

૬. શરીરના અને બુદ્ધિ તથા હૃદયના વિકાસ માટે પણ શારીરિક શ્રમનું અમુક પ્રમાણ જરૂરનું છે. તેને અવકાશ ન મળે તેટલી હદ સુધી સુખસગવડનાં સાધનો વધારવાથી તો, એ સગવડો ભોગવી ભોગવીને, ઘણી વાર માણસ અપંગ અને બુદ્ધિહીન બની જાય છે.

૭. ઉત્પાદક મજુર તો સમાજનું બહુ મોટું અંગ છે. એના હિતની અવજ્ઞા કરીને ઉત્પાદનની કોઇ પણ રીત ચલાવવામાં આવે તે અનર્થકારી જ ગણાવી જોઇએ. ઉત્પાદક મજુરને ભોગે માલ સસ્તો બને તેથી સમાજને લાભ કરતાં નુકસાન જ વધારે થાય છે.

૮. કોઇપણ સમાજની અર્થવ્યવસ્થા ન્યાયયુક્ત અને સુખ શાંતિમય ત્યારેજ થઇ શકે, જ્યારે પોતાને તેમજ પોતાના મજુરી ન કરી શકે તેવા આશ્રિતોને જોઇતી ઉપભોગની વસ્તુઓ માટે આવશ્યક હોય તેટલો અને સમાજને ઉપયોગી થઇ પડે તેવો શ્રમ દરેક સ્ત્રીપુરૂષ કરે.

૯. માણસનાં બધાં અંગોને અને બધી શક્તિઓને પૂરતું કામ મળે–પૂરતું એટલે જોઇએ તેટલું, નહિ ઓછું નહિ વધુ–તો માણસને ઓછામાં ઓછો ઘસારો પહોંચે અને સરવાળે વધારેમાં વધારે કામ થાય. સખત મહેનતનું કામ પણ જ્યાં સુધી થાક ન ચડે ત્યાં સુધી ઠંડે પહોરે કરવાનું સારું લાગે છે. એટલે ઠંડે પહોરે એવું સખત મજુરીનું કામ હોય, ત્યાર પછી વળી હળવું પણ

(અનુસંધાન પૃષ્ટ ૪૨ જુઓ)

અચોકકસ પરિસ્થિતિ

ત્રણ મહીનાની લાંબી અને સતત વાટાઘાટોનો છેવટે અંત આવ્યો છે. કોંગ્રેસે વચગાળાની સરકારની યોજનાનો અસ્વીકાર કર્યો છે, લાંબા ગાળાની યોજના સ્વીકારી છે. મુસ્લીમ લીગે બંનેનો સ્વીકાર કર્યો છે. શીખોએ બંનેનો અસ્વીકાર કર્યો છે. બ્રીટીશ મંત્રી મંડળ ઈંગ્લાંડ પાછું ગયું છે. વચગાળાની સરકારની યોજના હાલ તુરત મોકૂફ રહી છે. વાટાઘાટો કરી બધા પક્ષો થાકયા છે.

વચગાળાની સરકાર કોંગ્રેસના ધોરણે ન રચાય તો પણ લાંબા ગાળાની યોજનાના સ્વીકારનો કોંગ્રેસનો નિર્ણય અણધાર્યો છે. બંને એક બીજાથી એટલી સંકલિત છે કે એકને સ્વીકારી બીજનો અસ્વીકાર કરવો તેમાં એક વિચિત્ર પરિસ્થિતિ ઉભી થાય છે. ક્રીપ્સ દરખાસ્તો વચગાળાની સરકારની યોજના ઉપર જ ભાંગી પડી હતી. આ વખતે પણ મે માસની ૧૬ મી તારીખે બ્રીટીશ મીશને લાંબા ગાળાની યોજના બહાર પાડી તેના જવાબમાં કોંગ્રેસે ૨૪ મી મેએ જાહેર કર્યું હતું કે વચગાળાની સરકારની રચના અને સત્તા વિષે સ્પષ્ટ અને પૂર્ણ ચિત્ર રજુ ન થાય ત્યાં સુધી લાંબા ગાળાની યોજના વિષે અંતિમ નિર્ણય આપવો કોંગ્રેસ માટે શકય નથી. લાંબા ગાળાની યોજનાનો સ્વીકાર કરતાં પણ કોંગ્રેસે જાહેર કર્યું છે કે થોડા સમયમાં સંતોષકારક વચગાળાની સરકારની રચના નહિ થાય તો લાંબા ગાળાની યોજના સફળ થવા સંભવ નથી.

લાંબા ગાળાની યોજનાનો સ્વીકાર કોંગ્રેસે ખૂબ મનોમન્થન પછી અને કાંઇક આશંકાઓ સહીત કર્યો છે. તે યોજનાના કેટલાક અંગો સામે કોંગ્રેસને સખ્ત વિરોધ છે. તેના કેટલાક વિભાગોનો અર્થ કોંગ્રેસ જુદો કરે છે. શરૂઆતમાં હતી તેટલી શ્રદ્ધા ગાંધીજીને તેમાં હવે રહી નથી. છતાં અત્યારના સંજોગોમાં કોંગ્રેસ માટે કદાચ બીજો માર્ગ ન હતો. ભારે જવાબદારીભર્યા નિર્ણયો કરવાના હતા. અસ્વીકારના પરિણામો હિન્દ અને જગત માટે ન કલ્પી શકાય તેવા હોય. કોંગ્રેસના બે મુખ્ય ધ્યેય. હિંદની આઝાદી અને એકતા. તે બંનેના બીજ આ યોજનામાં રહ્યા છે. લોકપ્રતિનિધિ સભા હિંદના જ ચુંટાયેલ સભ્યોની બનેલી રહેશે. હિંદનું ભાવી બંધારણ ઘડવાનો તેને સર્વ અધિકાર છે. એટલે એવી યોજના સહેલાઇથી નકારી શકાય નહિ. તેને અજમાવવી જ રહી: તેના હાનિકારક તત્ત્વો હિંદીઓ ધારે તો દૂર થઇ શકે તેમ છે. કેબીનેટ મીશનના અભિપ્રાય મુજબ ત્રણ વિભાગોની રચના ફરજીયાત છે. પણ આ અભિપ્રાય છેવટનો નથી. તેમનો ગમે તે મત હોય પણ અંતે તો લેખિત દસ્તાવેજનો અર્થ ફરવાનો છે. કોંગ્રેસ સકારણ એમ માને છે કે વિભાગીય રચના મરજીયાત છે અને શરૂઆતમાં જ દરેક પ્રાંત કોઇ વિભાગમાં જોડાવું કે નહિ તે નક્કી કરવા સ્વતંત્ર છે. છેવટ તો લોકપ્રતિનિધિ સભાના પ્રમુખે તેનો નિર્ણય આપવો પડશે. પ્રમુખના વ્યકિતત્વ ઉપર લોકપ્રતિનિધિ સભાની સફળતાનો ઘણો આધાર રહેશે. પ્રમુખને યોગ્ય લાગે અથવા જરૂર જણાય તો ફેડેરલ કોર્ટનો અભિપ્રાય મેળવશે. યુરોપીયનોના મતાધિકાર વિષે તો હવે ચોખવટ થઇ ગઇ છે. દેશી રાજ્યોનું રહે છે. પણ બ્રીટીશ મંત્રી મંડળે રાજાઓને બહુ સ્પષ્ટ રીતે રાષ્ટ્રીય હિન્દ સાથે સમજુતી કરવા ચેતવણી આપ્યાનું કહેવાય છે. બ્રીટીશ સંગીનો તેમનું રક્ષણ કરવા હવે સમર્થ નથી એમ જણાવી દીધું છે. એટલે લોક પ્રતિનિધિ સભા મારફત હિન્દનું ભાવિ બંધારણ ઘડવાનો મહાન પ્રયોગ શરૂ થાય છે. કોંગ્રેસ પોતાની બધી શકિત હાલ આ પ્રયોગની સફળતા પાછળ ખરચવા તૈયાર થઇ છે.

વચગાળાની સરકારની યોજનાનો અસ્વીકાર કરીને કોંગ્રેસે પોતાનું ગૌરવ વધાર્યું છે અને સાચેજ રાષ્ટ્રીય સંસ્થા તરીકેનો પોતાનો દાવો ફરીથી પૂરવાર કર્યો છે. સત્તા મેળવવા પોતાના મિત્રોને જતા કરવાનો મોહ કોંગ્રેસ ન જ કરે. આ યોજના કોંગ્રેસે સ્વીકારી હોત તો કોંગ્રેસની પ્રતિષ્ઠાને મોટો ધકકો પહોંચત. વચગાળાની સરકારની યોજનાની રજુઆત અને તેને અંગે થયેલ વાટાઘાટમાં બ્રીટીશ પક્ષે મેલી રમત નહિ તો ભારે ગફલતી થઈ છે તે સ્પષ્ટ છે. કહેવાય છે કે આ ગફલતી વાયસરોયની છે; લાંબા ગાળાની યોજનામાં બ્રીટીશ મંત્રી મંડળનો અવાજ હતો. વચગાળાની યોજનામાં વાયસરોય અને તેના પાસવાનોનો પડઘો છે. બ્રીટીશ સનંદી પોલાદી ચોકઠું હજી જીવતું છે તેનો આમાં કાંઇક પુરાવો મળે છે. ગમે તેમ, કોંગ્રેસે મક્કમપણે આ જાળનો ભોગ બનવાની ના પાડી તેથી કોઇપણ દેશભક્ત હિન્દીને આનંદ થયા વિના નહિ રહે. લીગે આ યોજનાનો સ્વીકાર કરી, કોંગ્રેસને બાજુ રાખી, સત્તા ભોગવવાના કાંઇ સ્વપ્નાઓ સેવ્યા હતા તે અંતે તો ધૂળ મળ્યા છે. કેબીનેટ મીશન અને વાયસરોયે છેવટ વચગાળાની સરકારની રચના મુલતવી રાખી છે અને લોક પ્રતિનિધિ સભાની ચુંટણી બાદ ફરીથી તે માટે પ્રયાસ કરવાનું જાહેર કર્યું છે તેમાં ડહાપણ વાપર્યું છે. કોંગ્રેસ સિવાય વચગાળાની સરકાર ટકવી અશકય છે. બ્રીટીશ મંત્રી મંડળ તે બરાબર સમજે છે. લીગના બધા ખોટા દાવાઓનો આવો સ્પષ્ટ ઇનકાર એક વખત જરૂરનો હતો. કોંગ્રેસે આ વલણથી દેશની મોટી સેવા કરી છે. **ચીમનલાલ શાહ**

અહિંસામાં ધર્માધર્મવિવેક

એક ભાઇ લખે છે:

"તા. ૫ મી મેના 'હરિજનબંધુ'માં આપે કરેલી અહિંસાની વ્યાખ્યાનો અર્થ એવો થાય છે, કે દેશભરનાં વિકરાળ પ્રાણીઓ, જેવાં કે, વાઘ, વરૂ, સર્પ, વીંછી વગેરે માણસજાતને નુકસાન કરે છે, તે બધાંને મારી નાંખવાં?

"કૂતરાં વગેરેને આપ ખવડાવો નહિ, જ્યારે ગુજરાતી સમાજ ઉપરાંત અન્ય ઘણા ભાઇઓ તેમને ખવડાવવામાં પુણ્ય સમજે છે. તેમ માનવામાં વર્તમાન કાળે વાજબી ન પણ હોય; છતાં આપણી મનુષ્યની તો ઘણીયે સેવા કરી શકે. તેને તો ખાવાનું આપી તેની પાસેથી કામ પણ લઇ શકાય.

"શ્રી. રાયચંદભાઇને આપે ડરબનથી જે સત્તાવીસ પ્રશ્નો પૂછેલા, તેમાં આપે લખેલું કે, સર્પ કરડવા આવે ત્યારે શું કરવું? તેના જવાબમાં તેમણે લખ્યું. 'આત્માર્થી સર્પને ન મારે ને પોતાને ડંખે તો ડંખવા દે. હવે કેમ નોખું કહેતા જણાઓ છો?"

આ વિષય ઉપર હું અગાઉ બહુ લખી ચૂકયો છું. તે વખતે વિષય હડકાયાં કૂતરાંને મારવાનો હતો. એ વખતે પુષ્કળ ચર્ચા થઇ હતી, પણ તે બધી ભુલાઇ ગઇ લાગે છે.

હું જે અહિંસાનો પૂજારી છું, તે કેવળ જીવદયા નથી. જૈન શાસ્ત્રમાં તેને મહત્ત્વ અપાયું છે, તે સમજી શકાય છે, પણ તેનો અર્થ કદી એ નથી કે, મનુષ્ય જીવને છોડીને બીજા જીવોની દયા ખાવાની છે. આવાં લખાણોમાં તે દયા માની લેવાયેલી છે, એમ હું ધારું છું. તેમ કરતાં અતિશયતા આવી ગઇ છે. આચારમાં તો જીવદયાએ કેવળ વહેમ રૂપ લીધું છે, તેને નામે અનર્થ થઈ રહ્યો છે. ઘણાં તો કીડીયારાં પૂરી સંતોષ માને છે. અત્યારની જીવદયામાં જીવ જ નથી રહ્યો, એમ દેખાય છે, ધર્મને નામે અધર્મ ચાલી રહ્યાં છે, પાખંડ વર્તી રહ્યું છે.

અહિંસા પરમ ધર્મ છે. તે શૂરાનો છે, કાયરનો કદી નહીં. બીજા મારે ને આપણે માણીએ, ને તેને ધર્મપાલન માનીએ, એ કેવળ આત્મવંચન નહીં તો બીજું શું?

જે ગામડામાં રોજ વાઘ આવે, ત્યાં નામના અહિંસાવાદી નહીં વસે, ને તેનો ત્યાગ કરશે. જ્યારે વાઘને કોઇક મારશે, ત્યારે પેલા અહિંસાવાદી પાછા આવી પોતાનાં ઘરબારનો કબજો લેશે. આ અહિંસા નથી. કાયરની હિંસા છે, જે વાઘને મારે છે તે તો કંઇક શૂરવીરપણું બતાવે છે. જે બીજા મારે ને તેની હિંસામાંથી

(વધુ માટે જુઓ પાનુ ૪૧)

મૂડીવાદ અને મજૂરવાદ વચ્ચેનું ઘર્ષણ

હિન્દભરમાંજ નહિ કિન્તુ વિશ્વસમસ્તમાં આજે યુદ્ધ પછી એક નવી પરિસ્થિતિ આવી ઉભી છે. એક બાજુ અમેરિકા અને બ્રીટન–મૂડીવાદી દેશો–સંયોજીકરણ કરી જગત ઉપર પોતાની પ્રચંડ લાગવગનો ઉપયોગ કરી સામ્રાજ્યવાદ અને મૂડીવાદને ટકાવી રાખવા જીવતોડ પ્રયત્નો કરી રહ્યાં છે, ત્યારે બીજી બાજુએ રશિયાના પ્રચંડ વિજ્ય લોકબળ અને સંઘશક્તિનો ખ્યાલ જગત સમક્ષ રજુ કર્યો છે અને સમાનતાવાદ તથા મજુરબળનો પ્રચાર કરવામાં ફાળો આપ્યો છે. રશિયા આજે પોતાની સરહદની આસપાસ જે રાજરમત રમી રહ્યું છે તે એક રીતે તો સામ્રાજ્યવાદના ભાઇ જેવી જ છે અને તેને પરિણામે લેનીને કલ્પેલ લોકરાજ્યથી રશિયા દૂર જતું જાય છે. રશિયાની નીતિ આત્મસંરક્ષણને ખ્યાલમાં રાખી લોકરાજ્યથી થોડી ભલે વેગળી જતી હોય કિન્તુ યુરોપ અને પદાક્રાન્ત એશિયાના લોકોમાં આજે મૂડીવાદ પ્રતિ રોષ વધતો જાય છે કારણ કે જગતે બે વિશ્વયુદ્ધો દરમ્યાન જે ભિષણ સંહાર નિહાળ્યો છે તે લોક માનસનો પલટો કરાવવા પૂરતો છે. અને 'એટમ બોમ્બની' શોધથી માનવ સંસ્કૃતિનો વિનાશ નજીક આવ્યો છે તે પણ જગત નિહાળી રહ્યું છે, એટલે હવે પછી જગતમાંથી યુધ્ધો નાશ પામે તે માટે જગત લોકરાજ્ય અને વિશ્વબંધુત્વના ખ્યાલને લક્ષમાં રાખી નવું વિશ્વ રચવા માગે છે. અમેરિકા અને બ્રીટન તેના સ્થાપિત હિતો તથા અર્થરચના કાયમ કરવા માટે જગતભરમાં અને હિંદમાં પણ પોતાની યુક્તિઓ અજમાવી રહેલ છે. હિંદમાં મૂડીવાદ કાયમ ટકાવી રાખવાની શક્યતા ઉભી કરવા માટે બ્રીટીશ શાહીવાદીઓ મુસ્લીમ-લીગ જેવી મૂડીવાદી અને પ્રત્યાઘાતી સંસ્થાઓને ટેકો આપી નભાવી રાખવા પ્રયત્નો કરે છે. હિંદને લાગેવળગે છે ત્યાં સુધી આ મૂડીવાદ કાંયમ રહી શકશે ખરો? આ મૂડીવાદમાં હિંદનું ઉત્થાન છે ખરૂં? હિંદની વર્તમાન વ્યવસ્થામાં લોકરાજ્યને માટે અવકાશ છે ખરો? વગેરે અનેક પ્રશ્નો વિચારતા એ સ્પષ્ટ જણાય છે કે હિંદ બ્રીટનના રાજ્ય દરમ્યાન મુડીવાદી દેશ બની ગયો છે. સેંકડો રાજરજવાડાઓ, હજારો નાના જમીનદારો, તથા મોટા મોટા ઉદ્યોગપતિઓ મૂડીવાદી એકમો જ છે. આ ઉપરાંત આ દેશમાં વ્યાપારી મધ્યમ વર્ગ પણ યુધ્ધમાં જે અઢળક કમાણી કરી શકેલ છે તેઓ પણ મૂડીવાદના નાના નાના પ્રતિનિધિઓ બની બેઠા છે. આ બધાં સ્થાપિત હિતોને પરદેશી બળવાન સરકારનું રક્ષણ ઉભું છે અને ગોરાઓ હિંદનું જે આર્થિક શોષણ કરી રહ્યા છે તે પણ આ દેશી મૂડીવાદ દ્વારા જ શક્ય બન્યું છે. આ રીતે એકબાજુ ઉપરોક્ત વર્ગ છે જ્યારે તે સામે કરોડો પગારદારો, ખેડૂતો, મજૂરો અને બેકારોની હારમાળા ઉભી છે. આ વિશાળ લોકસમુહ પૂરતાં કપડાં કે અન્ન પણ પામતો નથી. તેનું શું? આ પ્રશ્ન દેશની અગ્રગણ્ય પ્રતિનિધિ સંસ્થા કોંગ્રેસને મુંઝવે છે. એટલે આ કોંગ્રેસે મુડીવાદ અને મજુરવાદ બન્નેને સાધતો અને બન્ને ટકી રહે તેવો મધ્ય માર્ગ હિન્દ માટે પસંદ કરેલ છે. કોંગ્રેસના આ પ્રયત્નો કેટલા સફળ થશે તે એક સવાલ છે; પણ દેશમાં એક બાજુ મૂડીવાદની ચૂસણનીતિ અને બીજી બાજુ યુદ્ધ પછીની કારમી મોંઘવારીભર્યું જીવન અને તેના પરિણામે દેશ પર ઝઝુમતી જાતજાતની મજૂર સંઘોની હડતાલો એ ભારે સૂચક છે. પૈસાની કિંમત માલની અછતને કારણે હિન્દમાં કાયમ માટે નાચી પડી છે અને સરકારે છાપેલ કરોડોની નોટો જ્યાં સુધી ધનાઢય વર્ગ પાસેથી પાછી ન ખેંચાય ત્યાં સુધી આવી વિષમ પરિસ્થિતિ જ રહેવાની છે તેમાં શંકા નથી. હમણાં હમણાં રોજ-બ-રોજ દેશભરમાં જીવનનિર્વાહ માટે હડતાલો પડી રહી છે તે મજૂરસંઘોની નવી રચાતી એકતાની પારાશીશી છે. દેશમાં પણ મધ્યમાર્ગી કોંગ્રેસીઓ અને ઉદ્દામવાદી કોંગ્રેસીઓ કે જેઓ 'સોસ્યાલીસ્ટસ' કહેવાય છે તેઓ વચ્ચે પોતાના મંતવ્યના પ્રચારની હરિફાઇ ચાલી છે, હવે જોવાનું એ રહે છે કે હિન્દમાં કયો વર્ગ કેટલું જોર જમાવે છે અને કયો માર્ગ આ દેશના લોકોની સર્વાંગી ઉન્નતિના કારણમાં વધુ મદદ કરી શકે છે. વર્તમાન રાજકીય પરિસ્થિતિ સાથે, મૂડીવાદની પીઠ થાબડી મજૂરો પાસે કામ કઢાવવાની રીત ગમે તેટલી રૂડી દીસતી હોય, પણ તે રીત હવે ચાલે તેવો સંભવ નથી. દેશના રાજકારણમાં મજૂર જાગૃતિએ એક નવો તબક્કો ઉભેર્યો છે અને એ જાગૃતિ હવે હિન્દના જાગૃત ગામડાઓમાં પણ પ્રસરી ચૂકી છે. એટલે જાગૃત મજૂર–ખેડૂત વર્ગ શોષણ પદ્ધતિને ટેકો ન જ આપે એટલું જ નહિ પણ તેને ચલાવી પણ ન્યે તે નક્કી છે. છેલ્લે છેલ્લે કોંગ્રેસ પ્રાન્તિક ચૂંટણીઓમાં ઉદ્દામવાદીઓનો મધ્યમાર્ગીઓ સામે જે વિજ્ય થતો રહ્યો છે તે પણ આનું સૂચક પ્રતિબિમ્બ છે. હિન્દનું રાજકીય ભાવી ઘડનારી નવી રચાતી બંધારણ સમિતિ આ દેશને માટે કેવી બંધારણ રચના સ્વીકારે છે તે જાણવું ખરેજ બહુ રસપ્રદ થશે, અને તેમાં હિન્દી લોકમાનસનું પ્રતિબિમ્બ વર્તમાન સમયમાં શું કામ કરી રહેલ છે તેની પ્રતીતિ મળશે.

ચુનિલાલ કામદાર

વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તથા પુસ્તકોની મદદ

શ્રી પાટણ જૈન મંડળે ચાલુ વર્ષ માટે પાટણના જૈન વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓ કે જેઓ મુંબઇમાં, પાટણમાં કે અન્ય સ્થળોએ ભણતાં હોય, તેઓને સ્કુલ ફી તથા પુસ્તકોની મદદ આપવાનું નક્કી કર્યું છે, તથા જેઓ કોલેજમાં ભણતાં હોય તેઓને હંમેશ મુજબ વગર વ્યાજે લોન આપી મદદ કરવાનું નક્કી કર્યું છે માટે જેઓ લાભ લેવા ઇચ્છતા હોય તેઓએ તરત જ નીચેના સરનામે અરજી કરવી.

ઇનામો.

શ્રી પાટણ જૈન મંડળ તરફથી પાટણના જૈન વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓને નીચે મુજબ ઇનામો આપવાના હોવાથી તેઓની પાસે અરજીઓ માંગવામાં આવે છે જે મંડળને તા. ૩૦-૬-૪૬ સુધીમાં મળી જવી જોઇએ.

(૧) મોહનલાલ સાકરચંદ પ્રાઇઝ રૂા. ૧૪) નું વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ માટે.

મેટ્રીકની પરીક્ષામાં જેણે વધુ માર્કસ મેળવ્યા હશે તેને.

(૨) શ્રી પાટણ જૈન મંડળ મેટ્રીક પ્રાઇઝ રૂા. ૨૬) નું ફકત વિદ્યાર્થીનીઓ માટે.

મેટ્રીકની પરીક્ષામાં જેણે વધુ માર્કસ મેળવ્યા હશે તેને.

(૩) શેઠ હાલાભાઇ ભગનલાલ પ્રાઇઝ રૂા. ૪૦) નું કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ માટે.

કોલેજની કોઇપણ વાર્ષિક પરીક્ષામાં વધુ માર્કસ મેળવનારને.

શ્રી પાટણ જૈન મંડળ, ૩૭, ધનજી સ્ટ્રીટ, મુંબઇ નં. ૩.

શ્રી. મહાવીર જૈન વિદ્યાલય

વિદ્યાર્થીની જૈન સ્કોલર શિપ

મુંબઇ યુનિવર્સિટિની મેટ્રીકયુલેશન પરીક્ષામાં સર્વથી વિશેષ ગુણ પ્રાપ્ત કરનાર અને કોલેજમાં આગળ અભ્યાસ કરવાની કબુલાત આપનાર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થિનીને "શ્રીમતી લીલાવતી ભોળાભાઇ મોહનલાલ ઝવેરી જૈન સ્કોલર શિપ" આપવામાં આવશે. અરજી પત્રક શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ગોવાળીઆ ટેંક રોડ, મુંબઇ ૨૬ ની ઓફીસેથી મળશે. અરજી પત્રક ૫ મી જુલાઇ, ૧૯૪૬ સુધી સ્વીકારવામાં આવશે.

સાહેબની મહેરબાની.

Ill fares the land
Hastening ills to prey
Where wealth accumulates
And men decay
"Goldsmith"

વસનજી પંડયાએ આપ્યા આંબલી દેખાડયા એટલે મકનો કોળી પોતાની શાકભાજીની દુકાન અને ખેતી છોડી મુંબઇ આવ્યો અને માટુંગામાં એક ખીડના કારખાનામાં સત્તર રૂપિયાના પગારે દાખલ થઈ ગયો. દેશમાં એકી સાથે સત્તર રૂપિયા દેખવા નહોતા મળતા પણ સુખેથી મહેનતમાંથી રોટલો મળી રહેતો અને ખેતી સચવાતી. આંહિ સત્તર રૂપિયાની રકમ જ્યારે તેણે મહિનાની આખરે પહેલવહેલી દેખી ત્યારે તો ભગવાનને દેખીને ભક્તરાજ નરસિંહ મહેતાને થયું હતું તેવું જ કૌતુક મકનાને થયું! મુંબઇ તેને અમરાપુરી જેવું લાગ્યું. પરંતુ તે બિચારાને ખબર નો'તી કે કારખાનાવાળાઓ અને શહેરી સોદાગરો લોહીનાજ સગા હોય છે અને જ્યારે તે ખૂટે છે ત્યારે કુબેર જેવા દેખાતા શેઠિયાઓની મમતા અને મહેરબાની પણ સાથેજ છૂટે છે. સુકું હાડકું કરડતો કુતરો જેમ પોતાના મોઢામાંથી નીકળતા રક્તના સ્વાદમાં ભાન ભૂલીને તેને વધું ને વધુ જોરથી ચાવતો જાય છે અને આખરે સાચો રોટલો પણ મોઢામાં ન મુકી શકાય તેટલી હદે પહોંચે છે ત્યારે જ સુકું હાડકું તજે છે તેવી જ સ્થિતિ મોટા શહેરોના કારખાનાઓમાં ભરતી થયેલા માનવીઓની પણ હોય છે. પહેલાં તો તે પગારના પતિકાથી રીઝે છે પણ જ્યારે શક્તિ ખૂટે છે ત્યારે લોહી પીધ જનાર કારખાનું સાથેજ છૂટે છે!

મકનો પગારના મળેલા સત્તર ચગદા ઉપર મોહી પડયો. તેની આંખ સામે નવું અને જુનું વિશ્વ ખડાં થયાં. ગામડાની સાદાઇ અને સરળતા નવા વિશ્વની રોશની અને ઠાઠમાઠમાં અલોપ થઇ ગયા. અને જ્યારે તેના સાથી વસનજી પડયાએ કહ્યું કે મકના આપણા શેઠ દેારીલોટો લઇને જ આવેલા, પેલા બંગલાવાળાને ભાડું કોઇ ભલા માણસે શુભખાતે માંડીને આપેલું, સામેની મીલવાળો શેઠિયો એક વખતે સાધારણ મજૂર જ હતો પણ મોટા શહેરમાં આવ્યો એટલે નશીબ ખૂલ્લી ગયાં. કહ્યું છે ને કે પુરૂષના ભાગ્ય આડે પાંદડું! અને જોને આપણા ગામમાં પંદર સાંતી જમીનવાળો જીવો દુંદડ ગામડામાંજ પડયો રહ્યો તેથી હજુ તેના તેજ જુના હાલ છે, જાણે ચોકખો ભાગણ! આપણો વલભો ખાંટ કેટલો ફરંદો માણસ, નિત નવું નવું શાક લાવે ત્યારે જ ઝંપે તેવો ચીવટવાળો, આંજે વીસવીસ વર્ષ થયાં મહેનત કરે છે પણ કાંઇ બેપાંદડે થયો? ભુરો ભરવાડ ભલભલાના કાન પકડી ઉભો રાખે તેવો જાડ હતો. તેણે ત્રીસ ભેંસો જીંદગી સુધી ચારી પણ કાંઇ બોરડું'ય સમું કરી શકયો છે? આપણા તીતાલી માધા વાણિયાના દલભો પાકાં મેડીમંધ મકાન કરાવ્યા એ બધું શેણે? ગામડામાં તો ભુખડી બારસનું જ રાજ્ય છે. મોટા શહેરોમાં જ લક્ષ્મી વસે છે એટલે કોઇદિ આપણે ત્યાં પણ તે ભુલી પડી જાય. આપણે કાંઇ થોડું પાણીમાં મોહું જોયું છે?" આવી આવી વાતો સાંભળીને દેશની ઉપાધી કાઢી નાંખી પોતાની ઘરવાળી લાખુ અને ગગા દુદાને મુંબઇ લાવવાનું નક્કી કર્યું. એક વર્ષ પછી અરધા મહિનાની રજા લઇ તે પોતાના ગામ બાલાપુર ગયો. પગારમાંથી જે કંઇ બચાવ્યું હતુ તેમાંથી થોડાંક કપડાં, છોકરા માટે મીઠાઇ અને રેલવેનું ભાડું પુરું થયું, દેશમાં લાખુ, અને તેના ભાઇએ મળીને ખેતીવાડી અને દુકાન ચાલુ રાખી ખર્ચ કાઢયું હતું. મકનાએ તો કાંઇ મોકલ્યું જ નહોતું. ઉછીના લીધેલા ભાડાના પૈસા પણ બાકી દેવાના હતા. દેશમાં હતો ત્યારે હિલોળા કરતાં કરતાં એકલાની મહેનતથી મળેથી રોટલો કાઢતો અને કંઇક બચાવતો, પણ લક્ષ્મીવંતા મુંબઇમાં આવવાથી ઘરના બધા માણસોએ મહેનત કરી, અગવડતા વેઠી છતાં વર્ષની આખરે ભાડાનું કરેલું દેણું પણ ઉભું રહેલું છે એ વાત મકનાને ત્યારે તો સુઝી જ નહિ. મહિનાને અંતે મુંબઇમાં મળતા સતર રૂપિયાની પાછળ છુપાયેલા કાળા ભાવિની કલ્પના પણ તેને નો'તી થઇ. દેશમાં જઇ મુંબઇના ઠાઠમાઠની, કારખાનાનાની, તેમાં દેખાતા ચાન્સની, અને સાહેબની મહેરબાનીની અનેક વાતો રસપૂર્વક તેણે સૌને સંભળાવી. દેશની ભૂખડી બારસ સ્થિતી ઉપર બળાપા કર્યા, અને જેઓ હજુ જડ જેવા થઇ ગાંમડાને વળગી રહેલા હતા તેની સામે રોષ પણ દર્શાવ્યો. મુંબઇના ઠાઠમાઠનો કંઇક ખ્યાલ આપવા હૅટીંગકોટ અને ચાંપવાળા કેસરી રંગના પુના લેધરના બૂટ લીધેલા. અને ઘર આગળ ચાપાણીનું થોડું ખર્ચ વધારી મુકયું. મીશનરીઓ ગરીબ અભણ ગામડિયાઓને જેવી રીતે વાતોથી, અને લાલચથી ભોળવી વટલાવે છે. તેવી જ રીતે મકનાભાઇએ અભણ ગામડિયાઓને વટલાવી શહેરી બનાવવાનો ધંધો શરૂ કર્યો. ઘરના માણસોને સમજાવી પોતાની ખેતીવાડી અને દુકાન કાઢી નાખ્યાં. બે બળદ, એક ગાય અને ખેતીનો થોડાક સામાન હતો તે વેચી નાંખ્યો લાખુ, દુદા અને પોતાની એમ ત્રણ ટીકીટ અને જુનું દેણું આપી દેવા બાવદાનનું જુનું ઘર ગીરો મુકી મકના કોળીએ એક સવારે કોક કાળ ચોઘડિયે મુંબઇની વસમીવાટ લીધી.

મકનાનું કામ કારખાનામાં તાતું લોહું ટીપવાનું હતું. કોક વાર તહેવાર, હડતાળ કે રવિવાર સિવાય હમેશા સવારમાં રોટલા, મરચાં અને દુંગળીથી ભરેલો ભાતનો ડબરો લઇ જઇ સાંઝે સંધ્યા ટાણે ખાલી ડબરા સાથે, થાકથી લેવાઇગયેલા મોઢા ઉપર ધૂળ, રાખ અને કોલસાની રઝ અને પસીનાથી તરબોળ મેલા કાળાં કપડામાં પાછું ફરવું તે તેનો રોજનો વ્યવસાય હતો. આખા દિવસનું કામ થકવી નાંખે અને અકાળે જીવન કરમાવી નાંખે અને કારખાનામું ઉષ્ણ વાતાવરણ વૃદ્ધત્વ વહેલું લાવે તેવું હતું. દેશમાં કોઇદિ લાખુને તે કયાંય કામે મોકલતો નહિ કેમકે તે માનતો કે તેવા બહારના કામમાં અનુભવ નહિ. વળી જો કોઇ લાખું સામું જુએ તો જોનારની આંખ કાઢી નાખે તેવી કંટાઇ મકનામાં હતી છતાંય પૈસો એકઠો કરવાની વસનજીએ જગાવેલી લાલસાથી તેણે આંહિ લાખુ અને દુદાને કરીરોડ ઉપરના એક કાપડની મીલમાં અનેક ઝેરી આંખ અને વિકારના બદલો વચ્ચે કામ કરવા મોકલ્યા. તેઓ પણ સાંઝે તેવી જ હાલતમાં ઘરે આવતા. આવું જીવન જીવવા છતાં આગળ ઉપર મળનારા ચાન્સ અને મોટા સાહેબની મહેરબાનીથી પોતાના ભાગ્ય આડે પડેલું પાદડું એક કાળે ખસી જશે તેવી મકનને અતુટ શ્રદ્ધા હતી. સમય એક ધારો એમ નો એમ ચાલ્યો જતો હતો અને ઉષ્ણ વાતાવરણ અને ગુંગળાતી હવામાં સખ્ત કામ કરવાથી જુવાની અને જુવાનીનાં જોમને બદલે અકાળે વેગભર્યા આવતા વૃદ્ધત્વ સીવાય બીજો કોઈ ખાસ ચાન્સ મળી કરમ ઉપરથી પાંદડું ખસ્યુ હોય તેમ દેખાતું નહોતું. છતાં પણ "અબી કામ કરો પીછે દેખેગા, હુશિયારીસે કામ કરના, તનખ્વાહમાં જરૂર બઢતી મિલેંગા, તુમારી બાત હમારા ખ્યાલમેં હૈ." એવા સાહેબના શબ્દો તેને ઉત્સાહિત કરવા જાદુઇ મંત્ર જેવા હતાં. આવી શુકવાણી કયા મુડીવાદીએ કયા પંડપીસી નાખનાર મજૂરને નથી સંભળાવી? મકનો આ જુઠાણું–શહેરી જુઠાણું ન સમજ્યો.

કાયદા સર દરવર્ષે માસિક બે રૂપિયાનો વધારો મેળવતા મેળવતા મકનો સત્તરમાંથી સાડત્રીસ રૂપિયા સુધી પહોંચ્યો હતો. આ તેના પગારની સીમા હતી. પણ વધુ પગારની રીટરના જગ્યા ખાલી પડવાની હતી તે માટે સાહેબને રીઝવવા તેણે સખ્ત કામ કરવા માંડયું. પીસ્તાળીશ વર્ષને કાંઠે આવેલો, અતિશ્રમે, પૌષ્ટિક ખોરાકને અભાવે અને સખ્ત ગરમીથી નીચોવાઇ ગયેલો પોતાનો જુસ્સો ટકાવી રાખવા તાડી પીતો

થયો. વધારે ચાન્સ મળવાની આશાએ મળતું હતું તે પણ ધીમે ધીમે ગુમાવવા માંડયું. દારૂની બદીના મૂળ તપાસીને–શોખને ભાગે કેટલા ટકા અને ગંજ ઉપરવટના કામના ભાગે કેટલા ટકા આવે તે દારૂ નિષેધક મંડળી જો નક્કી કરે તો ધનિક માટે શોખના પક્ષે સોએ સો ટકા અને શ્રમજીવીને માટે ગંજ ઉપરવટ કામના ભાગે તેટલાજ ટકા આવે!

અગિયાર વર્ષમાં મકને કંઇ દેખ્યું નહિ, મનની અને તનની બરબાદી સીવાય તેણે બીજું કંઈ પ્રાપ્ત કર્યું નહિ. અને વહેલી વૃદ્ધાવસ્થા વિના કંઇપણ કમાણી કરી નહિ છતાં હજુ ચાન્સ માટેની તેની આશા તો જેવી ને તેવી અમર હતી. દોરીલોટો લઇને આવેલો શેઠિયો મજૂરી કરતાં કરતાં થઇ ગયેલું કારખાનું અને સાધારણ કડિયામાંથી બની બેઠેલો મોટો કન્ટ્રાક્ટર. તેની આશાને જીવતી રાખતા હતા, આ આશા, આ ચાન્સની મોહિની અને સાહેબની મહેરબાની જો એક દિવસે એકજ ફટકે ટુટી ગઇ નહોત તો કયાં સુધી લંબાત તે કહેવું મુશ્કેલ છે.

.....મકન કારખાનામાં નીચે કામ કરતો હતો અને સાહેબ ઉપર એક નવું ચક્ર ઘરી ઉપર બેસાડતા હતા. અચાનક તે નીચે મકનના ઘૂંટણ ઉપર પડયું અને બે પગના હાડકાંના ચૂરેચૂરા થઇ ગયા. જ્યારે તે જાગ્યો ત્યારે તેણે જોયું કે તે એક ઝુલિશાન બંગલાના સુંવાળા બીછાનામાં પડયો હતો તેનો એક પગ સાયળની નીચેથી કાપી નાંખવામાં આવ્યો હતો અને બીજા ઉપર પાટિયાં અને મોટા મોટા પાટા બાંધેલા હતા. માથામાં કોઇ ભયંકર પ્રકારનું દર્દ થતું હતું. આ વખતેજ તેને અકસ્માત, બેભાન અવસ્થા અને ઓપરેશન યાદ આવ્યા, પછી યાદ આવ્યું પોતાનું ઘર, લાંબુ અને દુદો! વગર અરીસે પોતાના ચહેરાની સ્થિતિ તે કલ્પી ગયો અને એક કારમા દુઃખની આહ તેના મુખમાંથી નીકળી ગઇ. અઢી મહિને જ્યારે સાધારણ સાજો થઇને દવાખાનામાંથી છુટયો ત્યારે ગાડીમાં બેસી સાહેબને મળવા ગયો. શક્તિ, શરીરના અવયવો અને જીવનની મઝા ગયા હતા પણ સાહેબની મહેરબાનીની શ્રદ્ધા હજુય ઉભી હતી. સાહેબે બે મીઠા શબ્દો બોલી મુત્સદ્દીગીરીથી વાતવાતમાં કહી દીધું કે "મકન હવે શો વિચાર કર્યો? આ કારખાના માટે તો તું હવે ઉપયોગનો ન રહ્યો તો મારી સલાહ છે કે તારા દેશમાં ચાલ્યો જા, ત્યાં જરૂર તારાજોગ કંઇક કામ તને મળીરહેશે." મકન આ સાંભળી હેરત પામી ગયો. તેણે ધાર્યું હતું કે "સાહેબ કહેશે કે બે મહિના ચડત પગારે હવાફેર કરી આવ પછી કામ ઉપર આવજે. તારાથી બની શકે તેવું કામ આપીશ," તેને બદલે તો સાહેબે મીઠો જાકારો સંભળાવ્યો. તેનેં થયું કે જ્યારે પહેલો આ કારખાનામાં આવ્યો ત્યારે "સુખે રહીને ભુખે મરવા ત્યાં ગામડામાં શું પડયો છે. તું તો કારખાનાને બહુ ઉપયોગી થઇ શકે તેમ છે. એમ કહેનાર આજે તે જ મુખે આવી ગામડામાં પાછા જવાની વાણી કેમ ઉચ્ચારે છે? શું દેશમાં ગામડાની સ્થિતિ સુધરી ગઇ છે કે ભાંગીને ભૂકો થઇ ગયેલા શરીરે પણ ત્યાં રોટલો મળી શકે?–કે મારા જેવા અપંગમાંથી હવે કંઇ વધારે નહિ નીતારી શકાય તે ખ્યાલે તેની નિયત પલટી ગઇ છે? ગમે તે હો પણ આવી ઉમદા સલાહ જો પહેલાથી આપી હોત તો મારા જેવા કેટલા જુવાનો મોતની ચકકીમાંથી બચ્યા હોત? કેટલા ગામડાં ઉજડ થતાં અટકી હોત? તેણે કહ્યું કે સાહેબ, હવે અંદરના કામ માટે તો આ અકસ્માતે મને ઉપયોગનો રહેવા ન દીધો. પરંતુ દરવાની તરીકે ઓફીસમાં બેઠાબેઠા થઇ શકે તેવું કામ કરી શકું તેમ છું તો કોઈ તેવા કામ ઉપર મને મહેરબાની કરીને રાખો. આવી અપંગ દશામાં જો તમે ન રાખો તો બીજો કોણ રાખે? હાથપગ સાજા હતા અને તનમન તેવડ હતી ત્યારે દેશમાં કંઇ ન મળ્યું તો હવે ત્યાં શું મળવાનું હતું? ત્યાંની ખેતીવાડી અને શાકની દુકાન આંહિના ભરસે કયારના કાઢી નાંખ્યા. આ અકસ્માત પણ તમારી જ નોકરી કરતાં થયો છે એટલે આપે જ મને પાળવો જોઇએ. એક નિષ્ઠાથી બજાવેલી લાંબી નોકરી સામું દયા કરીને જો જો.

"મકન વાત ખરી પણ તને અપંગને રાખીને શું કરીએ? અહિં તો રોજ અકસ્માત થાય અને માણસો અપંગ બને તેની સૌની ભરતી કરીએ તો કારખાનું બંધ જ કરવું પડેને?

'સાહેબ હું મારી ગફલતથી કયાં ઘાયલ થયો છું; આપની ગફલતથી મારી આ સ્થિતિ થઇ છે."

"એમાં મારી ગફલતી શાની? કારખાનું એટલે જ મોતનો ચરખો! તે કયારે ફરી જાય તે કેમ કહી શકાય. તાળવે જીવ બાંધીને આંહિ તો કામ કરવાનું હોય છે." સાહેબે કારખાનાની ખરી વ્યાખ્યા કહી નાંખી.

"સાહેબ, મોટા પગારના માણસોને કોઇ પ્રકારની ચિંતા ન હોય. આપને તો કાયદો પણ રક્ષણ આપે છે. અમારા જેવા માંડ માંડ પુરૂં કરનારા માણસોનો તો મરો થઇ જાય–જો અપંગોને આમ કાઢી મુકો તો." "મકન, જો સાંભળ, તારી દસ વર્ષની નોકરી થઇ અને આજે તારો પગાર સાડત્રીસ રૂપિયા છે એટલે તને દસ માસનો પગાર ઘર બેઠા મળશે. કારખાનાએ તારી માંદગીમાં ત્રીસ રૂપિયાનો ખર્ચ કર્યો છે ઉપરાંત તને ૩૭૦ રૂપિયા હવે આપવામાં આવશે. તારા બનાવટી પગ અને બે ધોડીના બિલના રૂપિયા–એકસો સાઠ કાપી લઇ બાકીના બસો દસ રૂપિયા મળશે તેમાંથી તું સુખેથી દેશમાં પહોંચી શકીશ. આ કરતાં વધુ એક સાધારણ કુલી (મજૂર) માટે શું થઇ શકે?"

"સાહેબ એક તો કાયમનો પાંગળો કરી મુકયો તેના બદલામાં ત્રણસો સીતેર જેવી નજીવી રકમ આપીને તેમાંથી એકસો સાઠ રૂપિયા પગના બિલના કાપી લેવાના છે? હું આવા રૂપાળા પગ વગર કયાં બેઠો હતો? બસોદસમાં રેલવેને શું આપું? આંહિનું પરચુરણ દેણું કેમ ભરૂં અને આખા કુટુંબને ખવરાવું શું? આ કરતાં તો મરી ગયો હોત તો ઓછું દુઃખ હતું. બાયડી કોઇ બીજું ઘર કરી લેત અને છોકરો પોતાનું પુરૂં કરત! જીવીને તો ભુંડું થયું! આવું નોતું ધાર્યું!"

"મકન, બિલના પૈસા તો ભરવા જ પડે ને? કંપનીને તો રૂપિયા ચારસો જેટલો લેવા દેવા વગરનો ખર્ચ થયો. બોલ કારખાનાને શું ફાયદો? તું કામ કરતો હતો અને બૂદલામાં પગાર લેતો હતો. તેમાં તો કોઇએ કોઇનો કંઇ ઉપકાર કર્યો નથી. તારા માટે ૪૦૦ રૂપિયા જેટલું ખર્ચ ભોગવીને કારખાનું તારી ઉપર તો એક રીતે ઉપકાર જ કરે છેને? કારખાનામાં મજૂરની મહેનત અને માલિકની મુડી! એ તો ચોકખો હિસાબ!"

સાહેબ, આ ચાન્સ? આ બઢતી? આજે જ્યારે ઘરનો કે ઘાટનો ન રહ્યો ત્યારે તમારી પોપટ વાણી સમજ્યો એ ન સમજવા જેવું જ ને! ગાય દૂધ દેતી બંધ થાય તો કસાઇને વેચી દો છતાં કહો કે બીચારીને દુઃખમાંથી છોડાવવા અરધી કિમતે વેચતાં અરધી કિમતની ખોટ ખાધી એવી વાત થઇ. ત્યારે તમો ધનિકો, મુડીવાળાઓ માત્ર લોહીના જ સગા ખરને? મારી ખેતીવાડી કે શાક ભાજીની દુકાન આમ લોહી પીઇને નારિયેલના કાચલાની માફક ફેંકી ન દેત. મહેરબાન સાહેબ, તમને રીઝવવા પંડ તોડયું છે. લોહી ઓવારી નાંખ્યું છે. બાળબચ્ચાંની પાસે માંદગીમાં પણ ઘડીભર બેઠો નથી. મરતી માની ચાકરી કરવા પણ પાંચ દિવસ ગાળ્યા નથી. સવારથી સાંઝ સુધી સખત વૈતરૂં કર્યું, અને જ્યારે તનના તંગ ઢીલા પડયાં ત્યારે તાડીના ટેકાથી કામ કર્યું છે, એટલે મન અને ધર્મ પણ બગાડયા છે. આ બધાની સામે આપનો ચાન્સ અને બઢતી રૂપી મૃગજળ હતા. એની પાછળ જીંદગી સુધી દોડયો પણ આજે એ ભેદ ફુટયો છે. સ્વતંત્ર ધંધો કે ખેતીવાડી ધરની પરણેતરની માફક જીવનપર્યંત સાથ આપનારી છે. અને નોકરી કે

તમારી મહેરબાની તો વેશ્યા જેવી છે. લોહી ખૂટે કે મારે ધક્કા! આજે મુડીવાળાને સાહેબ, જોઇ લીધા!"

"મકન બહાર બેસ, હવે હદ થઇ, અદબ રાખતા શીખ, સાવ જંગલી થાંભાં!" સાહેબથી આ નગ્ન સત્ય સહન ન થયું.

"જંગલી તો ખરોને નહિતર તમારા ચીચોડામાં પીલાવા આવત શાનો? હવે ચાન્સ કે બઢતી નથી લેવી કે ખરી વાત છુપાવીને બેસી રહું."

"પટાવાળા આને બહાર લઇ જાઓ."

"આ આખરનો ચાન્સને? સાહેબ!"

.....મકન પોતાના બાળબચ્ચાંને લઇ બાલાપુર ગયો. કારખાના તરફથી મળેલા રૂપિયા ૨૧૦)માંથી ભાડું અને બીજું ખર્ચ જતાં રૂપિયા ૧૪૦) બાકી રહેલા. દસ વર્ષ સુધી અમરાપુરી જેવી મુંબઈ નગરીમાં નોકરી કરી તેની આ પેદાશ! આ મુડીથી મકનને સંસાર તરવો હતો, કારણ કે ગામડામાં એક વખત ધંધો બોઇ નાંખ્યા પછી સહેલાઈથી મળતો નથી, નગદ રૂપિયાની નોકરીથી ટેવાયેલાને ભવિષ્યની આશાએ જીવતાં આવડતું નથી ઉપરાંત માંદગી અને નિરાશા, કારખાનાની નિષ્ઠુર છેતરપીંડી અને મુડીવાદના ઉંડા જીવલેણ ઘાયે તેનું બળ હરી લીધું હતું. મકન કયાંયનો ન રહ્યો!

લોભી પોતાની મુડી કયાં સુધી પહોંચી તે જાણવા ગણત્રી કરે છે. ગરીબો કયારે મુડી ખુટી જઇ ભૂખે મરવાનું આવશે તે જાણવા ગણત્રી કરે છે. ગણત્રી તો બંનેની સરખી! એક અવળી અને બીજી સવળી. મકને ચાર મહિને ગણત્રી કરી જોઇ. ભૂખ-મરાનો દિવસ બહુ નજદિક દેખાયો. હવે શું કરવું? આ પ્રશ્નનો પ્રત્યુત્તર ત્યાં કોઇ આપે તેવું નહોતું એટલે મન મોકળું મુકીને રોયો. ભાવિની કાળી બિહામણી કલ્પનાએ તેની વિવેકબુદ્ધિ શુન્ય કરી નાખી. લાખુ અને દુદાને ભૂખ્યા ટળવળતા કેમ જોવાશે! મુંબઇના માનવીથી જેમ તેમ કેમ રહેવાશે! આ વાતે તેને ખૂબ અકળાવ્યો. મુંઝાઇને આખરે મકન એક અંધારી રાત્રે પોતાના પહેરેલા કપડે અને કારખાનાએ અપાવેલી ધોડીઓ સાથે ઘર છોડીને કયાંય અદ્રશ્ય થઇ ગયો. લાખુ અને દુદો બે દિવસ આંસુ પાડી પોતાના પેટની ચિંતામાં પડી ધીમે ધીમે તેને વીસરી ગયા.

.....મકન નિરાશ દ્રશ્યે વહાલું વતન અને કુટુંબીઓને તજી પાસેના રેલવે સ્ટેશન પરથી સવારની પહેલી ગાડીમાં વગર ટીકીટે ચડી ગયો. અનેક સ્થળે બચતો બચતો આખરે વડોદરા સ્ટેશને પકડાયો. એટલે ઇન્સપેકટરે પોલીસને સોંપ્યો, બે વર્ષ પહેલાં જો આવું બન્યું હોત તો તેને મરવા જેવું થાત. પણ હવે તેવી નજીવી આબરૂ, શરમ, નીતિ કે અનીતિની કિંમત એક ભિખારીને શી હોય? શું ગરીબી આમ નફટાઇ લાવતી હશે? શું માનવીના અંતઃકરણને પણ મારી નાંખી આટલી હદ સુધી શુન્યવત્ બનાવી દેતી હશે? તેણે પોતાના વહાલાં આમજનો અને આંખના ડોકી જેવા દુદા અને લાખુને તજ્યાં હતાં, નીતિ જેવી ભાવનાને તજી ભટકેલ રખડું બની ગયો અને આજે જગત તેને હડધૂત કરે છે તે વાતની શરમ પણ તજી દીધી! પોલીસે બે ધોલ મારી છોડી દીધા પછી પહેલું કામ કર્યું તે પૂર્વવત વગર ટીકીટે ડાકોર પહોંચવાનું.

ભિખ જેવો ધીકતો ધંધો ભારત જેટલો બીજા કોઇપણ દેશમાં નહિ જ ચાલતો હોય. તીર્થયાત્રાના ધામમાં ભિખ અને પુણ્યનો જબરો વિનિમય નિરંતર ચાલ્યા જ કરે છે ધનિકો ભિખ આપીને પુણ્ય ખરીદે છે અને ભિખારીઓ–સાધુ બાવા અને બ્રાહ્મણો પુણ્ય આપીને ભિખ, દાન કે દક્ષિણા ખરીદે છે! મકન આવી એક પુણ્યની પેઢીમાં રહી ગયો. (સશક્ત માણસ પાંચપંદર આંધળા અપંગ રાખીને દિવસ આખો ભિખ માગવાનો ધંધો કરે. જેમાંથી અપંગોને પેટિયું મળે અને બાકીનો બધો નફો પેલો સશક્ત ખાઇ જાય છે) રોટલો મળે તેવો આશરો થયો પણ અણઆવડતને લીધે ન ફાવ્યું એટલે તે કામ છોડી પૂર્વવત્ વગર ટીકીટે મુંબઇ તરફ રવાના થઇ ગયો. પહેલી વખત આંહિ કોઇ અનેરી આશાએ તાલેવંત થવાના સપના સેવતો આવ્યો હતો. આ વખતે તાલેવંતના પાપે પરવશ થઇ માગણ તરીકે આવ્યો હતો. તાલેવંત થવાની આશા તો ન ફળી પરંતુ ભિખ મળી રહેશે એવી આશા તો હતી જ. મુંબઇમાં જેમ માગનારનો પાર નથી તેમ આપનારનો પણ નથી. ઘણું પાપ કરે છે માટે ઘણું પુણ્ય કરવું પડે છે કે જીવનધર્મ મય થઇ ગયું છે તેથી ઘણું પુણ્ય કરે છે તે એક કોયડો જ છે!– કોઇ કહેતું હોય કે ભિખનો ધંધો સહેલો છે તો તે વાત બરાબર નથી. તેમાં પારકાના ગળે વાત ઉતરાવી, તેના ખીસામાંથી પૈસા કઢાવી માગનારના હાથમાં આવી જાય ત્યાં સુધીની બધી ક્રિયા પ્રક્રિયામાં ઘણી કાબેલિયત જોઇએ છે. અનેક પ્રકારના સમયોચિત અભિનયો કરવા પડે છે અને હૈયામાં હસતા હસતા મુખ ઉપર કરૂણ રેખાઓ લાવવી પડે છે. પણ જેણે વજ્રનદ્વાર લોખંડનો હથોડો ઉપાડીને ધગધગતું લોહું દસ વર્ષ સુધી ટીપ્યું છે, જેણે શરીરના છિદ્રેછિદ્રમાંથી પસીનો વહાવી રોટી મેળવી છે તેવો માનવી ભિખ માગવામાં પાવરધો કયાંથી હોય? કોઇ કોઇ ભિખારી તો પૈસાદાર હોય છે ત્યારે મકનનું પુરું પેટ પણ નહોતું ભરાતું. તેથી જ્યાં આશરો મળે ત્યાં તે પડયો રહેતો. ગમે તે રીતે, ગમે ત્યાં, ગમે તે ખાઇને પડી રહેવું, ગમે તેવા માણસ પાસે હાથ ધરીને આશિષ ઉચ્ચારતાં ઉભા રહેવું, અને ગમે તે પરિણામ આવે તે મનમાં લાવ્યા સીવાય ખમી જવું તેનું નામ માગણ! મકન આવો ભિખારી બની વર્લીની એક ઉજડ ચાલીમાં ઓટલે પડયો રહેતો. એકાદ વખત તેને તેના જુના સાહેબ પાસે જવાનું મન થયું તેના બંગલા સુધી ગયો પણ ખરો. પણ અચાનક કંઇ વિચાર આવ્યો અને નિશ્વાસ મુકી પાછો ફર્યો.

.....મકન વર્લીની ચાલીમાં ન્યુમોનિયાથી પટકાઇને મોતની આખરી પથારીએ પડયો હતો એવી ખબર ચાલીના સુપ્રીન્ટેન્ડન્ટ મી. કાર્લાને મળતા તેની સાથે મારે જવાનું થયું. મકન શુદ્ધિમાં હતો. તેના સબંધમાં હકિકત પૂછતાં તેણે નંખાઇ ગયેલા ગમગીન અવાજે કહ્યું કે "સાહેબ, મારી કથા અને બેબાકળાણ જાણીને શું કરશો? સોળ વર્ષ પહેલા મલકની મમતા ફગાવીને, તેનો નેહ નીતારી દઇને દેહ નીચોવી ધન ભેગું કરવા આ ગામમાં આવ્યો હતો. આજે પગ ઘસડતો ઘસડતો ભિખ માગતો માગતો કોઇના ઉજડ ઘરમાં કુતરાના મોતે મરું છું. ચાર વર્ષ પહેલાં બહુ મુંઝાઇને ઘરબાર તજ્યા ત્યારથી ઘરના માણસોનું શું થયું હશે તે જાણ્યું નથી. ભગવાન જાણે કે બધા જીવતાં હશે કે નહિ હોય." એમ કરી એક નિસાસો મુક્યો. અને બોલ્યો કે "જ્યારથી કારખાનામાંથી સાહેબે નોકરી ઉપરથી ઉતારી મુક્યો ત્યારથી હું તો જીંદગી હારી ગયો છું એટલે છેલ્લા ચાર પાંચ વર્ષ મુડદા જેવી હાલતમાં કાઢયા છે અને સાહેબ, મુડદાને દેશ શું? સગા શું? મમતા શું? દુઃખ શું? મને તો કોઇ ઉપર હવે લાગણી જ નથી રહી. ભગવાન ઉપર પણ નહિને! હવે આ માંદગીનાંથી ઉઠું તેમ લાગતું નથી અને ઇચ્છું છું કે ભગવાન મને ન ઉઠાડે. છતાંય જીંદગી અને મોતની વચ્ચે આજે અકના એક છે કરા દુદાની મમતા ઉભી છે. સાહેબ, ગરીબનું એક કામ કરતી વખતે કરશો? મારી પાસે મારી જીંદગીની શરમ જેવા પાઇ પાઇ માગીને ભેગા કરેલા ત્રીસ રૂપિયા છે તે મારા દુદાને મોઢે જાય તેમ કરજો અને મારા મોતના ખબર તેને આપી દેજો તો મોટો ઉપકાર થશે. ભગવાન તમારૂ ભલું કરશે."

.....એક પટાવાળાની સાથે તેને હોસ્પિતાલમાં મોકલ્યો, ત્યાં બીજે દિવસે તે બિચારો મરી ગયો. મી. કાર્લાએ લખેલું સીરનામું બોઇ નાંખ્યું એટલે હોસ્પિતાલમાં પડેલા તેના ત્રીસ રૂપિયા દુદાને મોકલી શકાયા નહિ. કાયદા પ્રમાણે જે રાજ્યસત્તા વાલી નહોતી બની તે તેના મૃત્યુ પછી વારસ બની મકનની બીનવારસી રકમને Unclaimed Property તરીકે હજમ કરી ગઇ.

કોણ જાણે છે કે કેટલા કેટલા મનુષ્યો આમ સાહેબની મહેરબાની પાછળ મરતા હશે, તેનો મરણ મૂડી આમ સ્વાહા થઇ જતી હશે અને કેટલા તજ્યેલા દુદા રજળી જતા હશે!!!

પ્રજલાલ ધ. મેઘાણી.

અહિંસામાં ધર્માધર્મવિવેક

(પૃષ્ઠ ૩૬ થી ચાલુ)

લાભ ઉઠાવે છે, તે કાયર છે, કદી અહિંસાનાં દર્શન નહીં કરે.

શરીરધારી માત્ર થોડામાં થોડી, પણ હિંસા ઉપર જ નભે છે. તેણે કયાં હદ બાંધવી, એ સવાલ છે. બધાની હદ કદી એક નહીં જ હોય. જોકે, મૂળ ધર્મ એક જ છે. છતાં કપાળે કપાળે ભેદ રહેશે જ. સહુ પોતાની શક્તિને પોતાની સમજ પ્રમાણે પાળશે. તેથી એમ કહી શકાય કે એકનો ધર્મ તે બીજાનો અધર્મ હોઇ શકે. માંસાહાર કરવો મારે સારૂ અધર્મ થશે, પણ જે માંસ પર ઊછરેલ છે, જેણે તેમાં કદી દોષ માન્યો નથી, તે મને જોઇને માંસ છોડશે, તો તેમાં અધર્મ હશે.

મારે ખેતી કરવી હશે, જંગલમાં વસવું હશે, તો મારે ખેતીને અંગે અનિવાર્ય હિંસા કયે જ છૂટકો છે. વાંદરા, પક્ષીઓ, જીવડાં, જે, મારો પાક ખાઇ જતાં હશે, તેને માર્યે જ છુટકો છે, અથવા મારા રાખવા પડશે, બન્ને એક જ વાત થઇ. જ્યારે દુષ્કાળની સ્થિતિ પ્રવર્તની હોય ત્યારે પાક કે દાણાને અહિંસાધર્મના પાલનને નામે ખાઇ જવા દેવા, તેમાં હું તો પાપ જ માનું. પાપ અને પુણ્ય સ્વતંત્ર વસ્તુ સાપેક્ષે પાપ અથવા પુણ્ય થઇ પડે છે.

શાસ્ત્રરૂપી કૂવામાં માણસે ડૂબી જવાનું નથી, શાસ્ત્રરૂપી સમુદ્રમાંથી 'મરજીવા' થઇ મોતી કાઢવાના છે. એટલે, ડગલે ને પગલે માણસે હિંસાઅહિંસાનો વિવેક કરવાનો છે. તેમાં નથી શરમને સ્થાન, નથી બીકને. 'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને.'

છેવટે રાયચંદભાઇએ તો મારામાં શક્તિ હોય, મારે આત્મદર્શન કરવું હોય, તો સર્પને ડંખવા દેવાનું કહ્યું હતું. મેં તો તે કાગળની પૂર્વે કે આજ લગી સર્પને માર્યો નથી. એમાં મારી બહાદુરી મેં કદી માની નથી. મારો આદર્શ સર્પ-વીંછીની સાથે છૂટથી રમવાનો છે. પણ તે તો 'હાલ મનોરથ રૂપ' છે. ફળશે કે નહીં, અથવા કયારે ફળશે, તે જાણતો નથી. દરમ્યાન મારાં માણસોને મેં બંનેને મારવા દીધાં છે. તેમને રોકવા ધારત તો રોકી શકતો હતો. રોકું કેમ? તેને હાથે પકડી બીજાઓને નિર્ભય કરવાની મારી હિમ્મત ન હતી. એ ન હતી, તેની મને શરમ હતી. પણ તેમાં મારો કે તેમનો દહાડો વળે તેમ ન હતું. રામનામ મને ઉગારશે, તો કોઇ દિવસ એ લ્હાવો પણ લેવાની આશા નથી છોડતો. દરમ્યાન ઉપર જે મેં બતાવ્યો છે, તે ધર્મ હું જાણું છું ધર્મ અનુભવગમ્ય વસ્તુ છે, પાંડિત્યની નથી. **ગાંધીજી.**

(હરિજન બંધુમાંથી સાભાર.)

અભિનંદન

આપણા સંઘના ઉપ-પ્રમુખ શ્રી. પરમાનંદભાઇના પુત્રી બ્હેન ચારૂશીલા આ વર્ષે એમ. બી. બી. એસની પરીક્ષામાં પાસ થયા છે. તેઓ, શસ્ત્રવિદ્યા (Surgery) માં વિદ્યાર્થીનીઓમાં પહેલે નંબરે પાસ થયા છે અને સોનાનો ચાંદ મેળવ્યો છે. તેમનું વિદ્યાર્થીજીવન શરૂઆતથી જ તેજસ્વી છે. મેટ્રીકથી બધી પરીક્ષાઓમાં તેઓ પ્રથમ વર્ગમાં પાસ થયા છે. ઇન્ટર સાયન્સ બી. ગ્રુપમાં તેઓ યુનીવરસીટીમાં બીજે નંબરે પાસ થયા હતા. શ્રી. પરમાનંદભાઇના બીજા પુત્રી બ્હેન મિતાશ્રરા આ વર્ષે બી. એ. માં પાસ થયા છે.

ભાઇ બલવંતરાય પ્રાણલાલ ખોદાણી-રાજકોટના સ્થાનકવાસી જૈન-આ વર્ષે એમ. બી. બી. એસ. માં-યુનીવર્સીટીમાં-બીજે નંબરે અને ગ્રાન્ટ મેડીકલ કોલેજમાં પહેલે નંબરે પાસ થયા છે. આ સૌને આપણાં હાર્દિક અભિનંદન ઘટે છે. **ચીમનલાલ શાહ.**

આળાંહૈયા.

આ પુસ્તકની નકલો ખલાસ થઇ રહી છે. સંઘના સભ્ય કે પ્રબુદ્ધ જૈનના ગ્રાહક-જેને આ પુસ્તકનો ખપ હોય, તેણે તા. ૧૫-૭-૪૬ પહેલાં રૂ. ૧૫+ પોસ્ટેજ રૂ. ૦૧. મોકલીને મંગાવી લેવી. બાદ આ પુસ્તક મળી નહિ શકે.

મંત્રી:-**મુંબઇ જૈન યુવક સંઘ.**

"અશોક-અકબર હેલ્થવેન"

આપણા દેશમાં એકંદરે દાકટરી મદદ પૂરતી નથી-એટલું નહિ પણ નહિ જેવી-ને પૈસાવાળા લોકો માટે જ મોટે ભાગે છે, તેમજ શહેરોમાં છે. જ્યારે ગામડાંઓમાં તો કેટલીક વખત એવું પણ બને કે સુવાવડ કે બીજી કંઈ માંદગીમાં ડાકટરી કે નર્સની મદદની જરૂર પડે તો કેટલાએ ગાઉ દૂર માણસને મોકલે તો તે મેળવી શકાય. ત્યાં કંઈ મોટરો ન હોય એટલે માણસ ગાડામાં, કે ચાલતો જાય. ડાકટર કે નર્સને મળે ને તેને લઇને પાછો આવે ત્યાં સુધીમાં તો પેલા બીમાર માણસનું શું ને શું એ થઇ જાય! આ સ્થિતિની માહીતી આપણને હોય ને તેની અસર થાય તેના કરતાં દૂર દૂર દેશો સુધી પણ પહોંચેલી; તેમાંથી વિલાયતમાં એક બાઇ મિસીસ હીલ્ડા સેલીગમ્બહેન હતી તેના ઉપર ખૂબ જ અસર કરી. તેણે હિંદના દૂર દૂરના ગામડાંઓમાં વૈદકીય મદદ પહોંચાડી શકાય તે માટે કંઇ કરવાનો નિશ્ચય કર્યો અને તે માટે એક લાગવગવાળી સમિતિ નીમી અને પોતે તેનું મંત્રીપદ લીધું. અને તે સમિતિએ જુદી જુદી રીતે પૈસા એકઠા કરવાનું અને તે કેવી રીતે વાપરવા તેની પણ યોજના કરી. તે દરમ્યાન મિસીસ સેલીગમ્બહેને એક "સ્કીમ" કરીને બકરાની સચિત્ર બાળવાર્તા બહાર પાડી તે બાળકોને ખૂબજ પસંદ પડી ને ખૂબ જ નકલો ખપી ગઇ. તેમાંથી લગભગ ૧૦૦૦ પૌંડ એટલે કે લગભગ રૂા. ૧૦૦૦૦ મળ્યા. દાકતરી મદદ માટે જરૂર પડે તેવા સાધનો સાથેની એક મોટી મોટર વેન બનાવવી હોય તો લગભગ આટલા જ ખર્ચનો અંદાજ હતો. એક મકાનમાં સ્થાયી દાકટરી મદદ માટે કેન્દ્ર ખોલવાથી તેજ ગામડાંને લાભ મળી શકે પણ જો આવી હાલતી ચાલતી મોટર વેન હોય તો આજુબાજુ ફરીને લગભગ સાત આઠ ગામને એનો લાભ આપી શકાય. એટલે એવી એક વેન બનાવવામાં આવી. મિસીસ સેલીગમ્બહેને જે સમિતિ નીમી હતી તેનું નામ અશોક-અકબર સમિતિ હતું—હિંદના બે મોટા—એક હિંદુ ને એક મુસલમાન એવા બે રાજાઓનાં નામ આ સમિતિ સાથે જોડવામાં આવ્યાં હતાં. આ પહેલી વેનને અશોક-અકબર સ્કીમો વેન નામ આપવામાં આવ્યું તે યોગ્ય જ હતું. આ પહેલી વેન માટે તે સમિતિએ અખિલ હિંદ મહિલા પરિષદને પૂછાવ્યું કે તે એ લે અને તેનો ગામડાંઓમાં ઉપયોગ કરે કે કેમ? ગયા વર્ષે અખિલ હિંદ મહિલા પરિષદે એ બાદશાહી ભેટ માન્ય રાખી. ગયે મહિને એ વેન હિંદમાં આવી. તે દરમ્યાન અ. હિં. મ. પ.ની મુંબઇની શાખાએ એ વેન વાપરવાનું માથે લીધું. આ કામ માથે લેવું એટલે વાર્ષિક ૧૨ થી ૧૫ હજાર રૂપીઆનું ખર્ચ. તેટલા એકઠા કરવાની અ. હિં. મ. પ. ની મુંબઇની શાખાએ હિંમત કરી. ગયા મહિનામાં મુંબઇના મુખ્ય પ્રધાન શ્રી બાળાસાહેબ ખેરના પ્રમુખપણા નીચે સુંદરબાઇ હોલમાં મેળાવડો થયો ને તે વેન અ. હિં. મ. પ. તરફથી મુંબઇની શાખાને એક વર્ષ માટે વાપરવા આપવામાં આવી. મુંબઇની શાખા તરફથી સભ્યે જુદા જુદા ગામડાંઓમાં ફરી ને આખરે સંજીન પાસે ઉંબરગામ અને તેની આસપાસના ગામડાંઓમાં કામ કરવાનું નક્કી કર્યું છે. આ વેનની જોડે એક દાકટર બહેન, એક નર્સ ને ડ્રાઇવર રહેશે, દવાઓ રહેશે ને માંદાઓને તો મદદ કરવાની જ. પણ વધારે પ્રયત્ન રોગો અટકાવવા માટે કરવામાં આવશે. આ વેનમાં એક સ્ટોવ, રેફ્રીજરેટર, વાસણ ધોવા માટે બેસીન, વગેરે છે. કોઇ માંદાને કોઇ ગામડેથી બાજુના મોટા ગામ કે શહેરની હસ્પીતાલમાં ખસેડવો હોય તે માટે તેમાં પથારી છે. દરેક રીતે હાલમાં જોઇએ તેટલાં સાધનો આ વેનમાં છે. આ કામથી સાતઆઠ ગામના લોકોને વૈદકીય મદદ કરી શકાશે એટલું જ નહિ પણ આગળ જતાં આંતરજ્ઞાન આપી બીજી બધી માહિતી આપી લોકોને જાગૃત કરવામાં પણ જરૂર ઉપયોગી નીવડે તેમાં શંકા નથી. મિસીસ હીલ્ડા સેલીગમ્બહેનનો તથા તેમની સમિતિનો જેટલો ઉપકાર માનીએ તેટલો થોડો છે.

(ભગિની સમાજ પત્રિકામાંથી સાભાર ઉધૃત)

નવીન અર્થરચના (મુખપૃષ્ઠથી ચાલુ)

ઘરની બહાર ખુલ્લામાં કરવાનું એવું કામ હોય, પછી વળી કાંયે બેસી કરવાનું કામ હોય, અમુક વખત સામાજિક સહવાસમાં ગાળવાનો હોય, અમુક વખત નવું જ્ઞાન મેળવવામાં ગાળવાનો હોય, અમુક વખત રમતગમત કે વાર્તા વિનોદ હોય; એમ આખો દિવસ કામની એવી રીતે વહેંચણી કરી હોય કે તેમાં શરીરને તથા બુદ્ધિને જોઇએ તેટલોજ શ્રમ, તેમજ આવશ્યક આસાએશ મળી રહે; તો વધારેમાં વધારે કામ થાય, વધારેમાં વધારે સગવડ સચવાય, માણસનો વિકાસ વધારેમાં વધારે થાય, અને વ્યક્તિનાં તેમજ સમાજનાં સુખસંતોષ પણ વધારેમાં વધારે સધાય.

૧૦. જે લોકો શ્રીમંતપણાની મોટાઇ બતાવવા માટે અથવા પોતાના આળસને જ પોષવાને માટે પોતાના કામનો ભાર બીજા ઉપર નાખે છે, તેઓ તો સમાજની અર્થવ્યવસ્થા તેમજ સમાનતાની ભાવનાને એકલું નુકસાન જ પહોંચાડે છે. આ દૃષ્ટિએ અંગત અને ઘરકામ કરનારા નોકરોના શ્રમની પરીક્ષા કરીએ તો જેમનો શ્રમ ઉત્પાદકની કોટિમાં આવે એવા નોકરો બહુ ઓછા નીકળશે. એટલે સમાજમાં જેમ આવા નોકરોની સંખ્યા ઓછી તેમ સારું.

૧૧. આજીવિકાની ખાતર પરિચર્યાનું કામ કરવું એ બધા જ દેશોમાં અને બધા જ કાળમાં હલકું ગણાયું છે. તેથી એ કામ કરનારો અલગ વર્ગ એક વર્ગ તરીકે જેટલો વહેલો નાબુદ થાય તેટલું સારું. દરેક માણસ પોતાનાં અંગત કામ કાજ પોતે કરી લે એ જ ઇષ્ટ છે. કુટુંબીજનો કુટુંબનાં એવાં કામોને પહોંચી વળે. એમાં નોકરચાકરનું પ્રયોજન ન હોવું જોઇએ. માણસ બીમારીને લીધે અપંગ દશામાં આવી પડે અને બીજાની સેવા લેવી પડે તો કુટુંબીજનોની, પાડોશીની, મિત્રોની મદદ જરૂર લે, અને એ કામ તેઓ પ્રેમ ભાવે કરે. પણ પોતાની મુશ્કેલી દૂર થતાં એ માણસ ફરી સ્વાવલંબી બની જાય.

૧૨. અત્યારે તમામ અવરથાઓ અને પ્રવૃત્તિઓના મૂલ્યની આંકણી નાણાના ગજથી કરાય છે, એટલે જેમાંથી ધનપ્રાપ્તિ થાય તે શ્રમ ઉત્પાદક એવો ખ્યાલ પ્રચલિત છે. પણ અત્યારે જે આર્થિક અને ઉત્પાદક પ્રવૃત્તિઓ કહેવાય છે, તેની આંકણી માનવજાતિનાં સુખ-સગવડ અને પ્રગતિના ગજથી કરવામાં આવે, તો જેમાંથી ધનપ્રાપ્તિ થાય છે અને તેથી ઉત્પાદક ગણાય છે, એવી ઘણી પ્રવૃત્તિઓ કેવળ નકામી નહિ પણ ખરેખરો અનર્થ કરનારી માલૂમ પડે.

૧૩ જેમના શ્રમથી માનવ સુખ સંતોષ અને પ્રગતિ સધાય, તેમના જ શ્રમને ઉત્પાદક શ્રમ ગણવો જોઇએ અને તેમને જ તેમના શ્રમના પ્રમાણમાં વ્યાજબી બદલો મળવો જોઇએ. તે સિવાયના બીજાઓની કમાણી એ ખોટી રીતે મેળવેલી કમાણી જ કહેવાય છતાં આ કસોટિએ જેઓ ઉત્પાદક શ્રમ કરનારાની ગણતરીમાં ન આવી શકે એવા ઘણા માણસો બહુ મોટી કમાણી કરતા જોવામાં આવે છે. તેથી સમાજમાં આર્થિક અસમાનતા, અને કંગાલિયત ઉત્પન્ન થાય છે.

૧૪ માણસોને બેકાર બનાવી મૂકે એટલી મૂડી કેટલે દરજ્જે વધાર્યે જવી એ મોટો પ્રશ્ન આજના અર્થશાસ્ત્રીઓ આગળ ઉકેલ માટે ઉભો છે. જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ગ્રામોદ્યોગો, જેમાં બહુ ઓછી મૂડીની જરૂર પડે છે, તેનો પુનરુદ્ધાર કરવો એ એક રામબાણ ઉપાય છે.

આમજનતાના હિત ખાતર તથા સાચી આર્થિક પ્રગતિ એટલે કે સૌને કામ મળી રહે અને કામ કરનારે પોતાના કામનું ફળ પોતે ભોગવી શકે એ ખાતર એ થવું જરૂરી છે કે, નાનો વર્ગ મૂડીને કબજે કરી બેઠો છે, તેના હાથમાંથી અથવા તો તેની બાથમાંથી મૂડીને છોડાવવી જોઇએ. વળી મૂડી નાણાંપતિઓની ચુંગાલમાંથી છૂટે તે માટે આખી નાણાં વ્યવસ્થામાં પણ ધરમૂળના ફેરફારો થવા જોઇએ.

૧૫. નફો કરવો એ નહિ, પણ સમાજની જરૂરિયાતો પૂરી પાડવી એ અર્થપ્રવૃત્તિનું ધ્યેય છે.

૧૬. સમાજની જરૂરિયાતોનો તેની ઉપયોગિતાના ક્રમમાં વિચાર કરી, તે ક્રમમાં મૂડીનું રોકાણ ત્યારે જ થઇ શકે જ્યારે મૂડીનો ઉપયોગ કોઇની પણ નફાખોરી માટે નહિ, પણ સમાજની જરૂરિયાતની વસ્તુઓનો વિવેક કરી તેના ઉત્પાદન માટે કરવામાં આવે.

૧૭. મૂડી માટેની ખેંચતાણ ગ્રામોદ્યોગો અને ખેતી વચ્ચે નથી પણ ખેતી અને શહેરના યંત્રોદ્યોગો વચ્ચે છે. યંત્રોદ્યોગો ગ્રામોદ્યોગોને મારી નાખી ખેતીને પણ ફટકો મારે છે, તે અનર્થકારી છે.

૧૮. આપણા યોજકો જો આપણી ખેતી અને ગ્રામોદ્યોગોની ખિલવણીમાં પોતાની શક્તિ વાપરે તો આખા દેશની આર્થિક સ્થિતિ બહુ જલદી સુધરે. પણ અત્યારે તેઓ યંત્ર-ઉદ્યોગોની ખિલવણી પાછળ જ મંડયા હોઇ, પરદેશી ચૂસ ઉપરાંત તેમના યંત્ર-ઉદ્યોગોની ચૂસ પણ ગામડાને વેઠવી પડે છે.

૧૯. બીજા યોજકોની માફક આર્થિક ક્ષેત્રના યોજકો પણ કેવળ પોતાના સ્વાર્થ અને અંગત નફા માટે નહિ પણ આખા સમાજના આર્થિક કલ્યાણની ખાતર પોતાની પ્રવૃત્તિ ચલાવતા થશે નહિ, ત્યાં સુધી સાચી આર્થિક પ્રગતિ સાધી શકાવાની નથી.

૨૦. જમીનના આર્થિક ભાડા ઉપર કોઇ વ્યક્તિનો નહિ પણ આખા સમાજનો હક હોવો જોઇએ.

૨૧. વ્યાજની પ્રથાને આપણે કદાચ તદ્દન નિર્મૂળ ન કરી શકીએ તો પણ તેને એટલી બધી મર્યાદિત અને અંકુશિત તો કરી નાખવી જોઇએ જ કે એ શોષણના કારણરૂપ ન બને અને તેની મારફત આળસને પોષણ ન મળે.

મજુરી અને મજુરો

૨૨. મજુરને કેટલો બદલો મળવો જોઇએ તેનો વિચાર કેવળ આર્થિક નફા-નુકસાનની દૃષ્ટિએ નહિ થઇ શકે અને ન કરવો જોઇએ. તેની વિચારણામાં માણસાઇની દૃષ્ટિ અથવા નૈતિક દૃષ્ટિ અનિવાર્ય છે. કોઇ પણ સુધરેલા સમાજમાં સાધારણ માણસની વાજબી જરૂરિયાતો-તેના યોગ્ય વિકાસને માટે આવશ્યક હોય તેટલી-પૂરી પડી રહે તેટલો મજુરીનો દર હોવો જ જોઇએ.

૨૩. સુખી અને તંદુરસ્ત સમાજમાં સૌને કામ મેળવવાનો અને જીવવાનો હક છે. તેથી દરેક પુખ્ત વયના સ્ત્રી પુરૂષને પોતાને લાયકનું સમાજોપયોગી કામ મળી રહેવું જોઇએ, અને તંદુરસ્ત, સુઘડ અને પ્રાગતિક જીવનના નિર્વાહનું અમુક ધોરણ આપણે નક્કી કરવું જોઇએ. જે માણસ પોતાની શક્તિ પ્રમાણે સમાજોપયોગી કામ કરે, તેને એ ધોરણ મુજબ જીવન ગાળી શકે તેટલું મહેનતાણું ઓછામાં ઓછું મળવું જોઇએ. સંભવ છે કે જીવનનું ધોરણ જુદા જુદા દેશકાળ પરત્વે જુદું જુદું હોય.

૨૪. અત્યારની આખી સંસ્કૃતિ એ યંત્ર સંસ્કૃતિ છે. તેને સ્થાને જો ગ્રામોદ્યોગ અથવા હાથ ઉદ્યોગ સંસ્કૃતિની સ્થાપના કરીએ તો જ બેકારી અને કંગાલિયતનો ઉપાય થઇ શકે એમ છે. આપણે એવું ધ્યેય રાખવું જોઇએ કે, ઓછામાં ઓછા અને વધારેમાં વધારે મહેનતાણાના દર વચ્ચેનો તફાવત નાબુદ થઇ જાય.

૨૫. જ્યાં સુધી નવી સમાજરચના પૂરેપૂરી અમલમાં ન આવે ત્યાં સુધી કામના પ્રકાર પ્રમાણે મહેનતાણાના દર પણ જુદા જુદા રહેવાના, જો કે નફા જેવી વસ્તુ તો નાબુદ થવાનીજ.

વિઠ્ઠલદાસ કોઠારી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

મુંબઈ: ૧૫ જુલાઈ ૧૯૪૬ સોમવાર. [illegible] કિંમત ૨ પૈસા ૨

સ્વચ્છતા માટે નવી દૃષ્ટિ

૧ મહાત્માજીએ જ્યારથી હરિજનના પ્રશ્નને રાષ્ટ્રિય ઉત્થાનના અંગરૂપ પ્રાપ્તાતો પ્રશ્ન રાખવો શરૂ કર્યો અને તે દિશામાં તેમણે જે ભારે શ્રમ ઉઠાવ્યો છે ત્યારથી ઉચ્ચ વર્ણના હિન્દુઓ માત્ર જ નહિ જનમણ હરિજનોને અસ્પૃશ્ય ગણી તેમને સામાજિક અન્યાય કર્યો છે કિન્તુ હિન્દની સર્વ કોમોમાં હરિજનોના અનેક પ્રશ્નોએ એક નવી વિચારદૃષ્ટિ ઉઘાડી છે. ઉચ્ચવર્ણના હિન્દુઓએ સમજ્યે વણસમજ્યે પરંપરાગત રૂઢિ અનુસાર ચાલીને હરિજનોને દૂર રાખી તેમને ભારે અન્યાય કર્યો છે તેમાં કોઇ શંકા નથી. આ સામાજિક અન્યાયની પ્રતિ ગાંધીજીએ જનતાનું લક્ષ ખેંચ્યું ત્યારથી [illegible] હરિજન વર્ગ તરફ નવી દૃષ્ટિથી જોતો [illegible] કિન્તુ હમણાં હમણાં આ સામાજિક અન્યાય [illegible] સત્યાગ્રહ દ્વારા હરિજન હિન્દુ લગ્ન [illegible] પણ [illegible] સામાજિક સાફસુથરીનું કાર્ય હરિજનો [illegible] ભારે અગત્યનું સ્થાન ધરાવે છે. [illegible] હડતાળો ચલાવી શકીએ. રેલ્વેની હડતાળોની હાડમારીઓને થોડો વખત ચલાવી શકીએ, પોસ્ટ અને તારખાતા જેવી મુશ્કેલી ભરી હડતાળો થોડા દિવસ ચલાવી શકીએ, કિન્તુ સાફસુથરી દ્વારા જીવનને અનેક રોગોથી મુક્ત રાખવાનું ઉચ્ચ કાર્ય કરનારા હરિજનોની હડતાળથી અકળાઇ ઉઠીએ છીએ. મુંબઇમાં અને ત્યાર પછી હમણાં અમદાવાદમાં હરિજનોએ જે હડતાલ પાડી હતી તે હડતાળોએ આપણને ઘણા બોધપાઠ આપ્યા છે.

૧ સમાજનું સૌથી અગત્યનું અને મહત્વનું સેવા કાર્ય કરનાર વર્ગને સમાજ વધુમાં વધુ અન્યાય કરી રહ્યો છે.

૨ સમાજના અનિવાર્ય અંગને આપણે અછૂત કહી આપણાથી સદાને માટે વેગળો રાખ્યો છે.

૩ ઉત્તમ સેવા કરનારને કનિષ્ઠ ગણ્યો એટલે તેમને માટે ઉચ્ચ શિક્ષણ, ને સુંદર સંસ્કારો લેવાનાં દ્વારો બંધ કર્યા.

૪ સદાને માટે સમાજથી દુર રાખી તેમનામાં રહેલી માણસાઇને દાબી નાખી તેમના માટે શકય તેટલા સામાજિક, રાજકિય, આર્થિક પ્રગતિનાં દ્વારો બંધ કર્યાં.

આ રીતે હરિજનોને સવર્ણ હિન્દુઓએ વધુમાં વધુ અન્યાયો કરી તેમનો વિકાસ તથા પ્રગતિ રૂંધી અને તેઓને સદાને માટે માનવી તરીકેના હકકોમાંથી પણ બાદ કર્યા.

ગાંધીજીના સતત પ્રયાસોએ હિન્દુ સમાજની આ અંધ આંખ ઉઘાડી આપણને નવી દૃષ્ટિ આપી છે. પણ અમદાવાદની હડતાલે તેથી પણ વધુ એક કદમ નવી શિક્ષણદિશા ઉઘાડી છે.

૧ ઘર આંગણાની જેમ શહેરની સાફસુથરીનું કાર્ય માત્ર હરિજનોનું નથી.

૨ ઘર આંગણાની જેમ શહેર કે ગામ સાફ રાખવાની ફરજ પ્રત્યેક નાગરિકની છે.

૩ રોગો અટકાવવા માટે સાફસુથરી એ સમાજ જીવનમાં સૌથી શ્રેષ્ટ અને મહત્વનું કાર્ય છે.

૪ એ કાર્ય કરનારા કોઇ હલકા નથી કે અસ્પૃશ્ય નથી.

અમદાવાદમાં હમણાં જે હરિજન હડતાળ પડી તે વખતે ત્યાંના શિક્ષિત અને સેવાભાવી ભાઇબહેનોએ આખાયે શહેરનું સાફસુથરીનું કામ પોતાને હસ્તક લીધું હતું. ઉચ્ચ વર્ણના સ્ત્રી-પુરૂષોએ આ કામ ઉપાડી શહેરમાં જે રીતે હડતાળ દરમ્યાન સાફ રાખ્યું તે બતાવે છે કે જનતા સ્વચ્છતાના કાર્યને હલકું ગણતી નથી, તરછોડ જ નહિ પરંતુ જુઇ પડતાં માત્ર શહેર સાફસુથરું કાર્ય અછૂતો જ કરે તેવું તથ્યહીન કિંતુ પ્રત્યેક શહેરીના એ ફરજ થઇ પડે છે કે રોગોને અટકાવવા તથા શહેરની સ્વચ્છતા જાળવવા એ કાર્યને ઉપાડી લે. આમ થતાં જે હરિજન બંધુઓ સાફસુથરી તો પોતાની ફરજો બજાવે છે તેમને એ ભાન પણ થશે કે જે કામ તેઓ કરે છે તે હિણું નથી. કારણ કે જરૂર જણાતાં ઉચ્ચ ગણાતી કોમો પણ તે કામ કરવા તૈયાર હોય છે.

અમદાવાદના યુવાન કાર્યકર્તાઓએ હરિજન હડતાળ દરમ્યાન શહેર સ્વચ્છતાનું કાર્ય ઉપાડી આમબન્ને રીતે સિદ્ધ કરી બતાવ્યું કે સ્વચ્છતાનું કામ હીણું નથી અને જરૂર જણાતા સ્વચ્છતાનું કામ પ્રત્યેક નાગરિક કરી શકે છે. એટલે તે કામ કરનારાઓ પર હજારો લોકોના જીવનની જે મહાન જવાબદારી છે તેઓ ગાંધીજીના કથન મુજબ સામાન્ય કારણસર હડતાળ પાડી શકે નહી, એટલે કે તેમ કરવું તેઓ માટે યોગ્ય નથી.

હિન્દમાં ઉગતા નવા યુગ સાથે એ ખરેજ બંધબેસતું છે કે યુવાન-યુવતિઓ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં સ્વચ્છતા તથા સાફસુથરીનું કામ સંભાળી લ્યે અને એ રીતે જીવન શિક્ષણના એક સૌથી મોટા પાઠનું અધ્યયન કરે. હિન્દના લાખો ગામડાઓ કે જ્યાં શહેર સુધરાઇ જેવી સંસ્થાઓ નથી અને જ્યાં માત્ર હરિજનોદ્વારા ગામના ઉકરડાઓ, ગંદવાડ અને કચરો સાફ કરવાનું શકય નથી ત્યાંના યુવક-યુવતિઓ અમદાવાદના યુવાનોએ શીખવેલ પાઠ જો શીખી લે તો હિન્દની ગ્રામજનતામાં રોગોનું અને મરણનું જે મોટું પ્રમાણ છે તે ઘણું અટકે અને ગ્રામજીવન સુધરે, અને ગામોના મહોરાં પણ ફરી જાય. સ્વાવલંબનનો ગાંધીજીએ જે મહાન બોધપાઠ આપણને આપ્યો છે તે ખરેજ અનુકરણીય છે. અમદાવાદે આપેલ શિક્ષણ પદાર્થપાઠ આપણા સમાજ સેવાના કાર્યકરનારાઓ માટે દીવાદાંડી રૂપ બની રહે તોજ સામાજિક સેવા કરનારાઓની નિસ્વાર્થ કાર્ય કરનારાઓમાં ગણતરી થશે. સમાજમાં જ્યાં જ્યાં અયોગ્ય અને અન્યાયી પ્રથા જણાય ત્યાં ત્યાં ઉઘાડી આંખે જોવું, તપાસવું અને પછી આચરવું એ સમાજ સેવકનું કામ છે, એટલે આ સૌથી મહત્તર સ્વચ્છતાના વિભાગમાં પણ આ નવી દૃષ્ટિ આપણી ઉઘડે તે હિતકર છે.

ચુનિલાલ કામદાર.

"દારૂની બદીનો ઉપાય"

તા. ૧૫-૬-૪૬ ના 'ભાવનગર સમાચાર'માં ઉપરના મથાળાનો લેખ પ્રગટ થયો છે. એ લેખના લેખક શ્રી. પીરોજશાહ પાલનજી દમરી પારસી ગૃહસ્થ છે, ભાવનગરના એક માન્યવર શહેરી છે અને ભાવનગરના નામદાર મહારાજાના ખાનગી ખાતાના મંત્રી છે. ઉપર જણાવેલ લેખ એમ પ્રતિપાદન કરે છે કે "દારૂ નુકસાનકારક છે એ બેશક ખરી વાત છે, પણ હદમાં રહીને સારી જાતનો દારૂ પીએ તો તે નુકસાનકારક નથી" અને સાથે સાથે એવો નિર્ણય જાહેર છે કે મદ્યનિષેધનો કાયદો એ દારૂની બદી અટકાવવાનો ખરો ઉપાય નથી, પણ લોકોને ફરજિયાત કેળવણી આપવી કે જેથી હદબહારનો દારૂ પીવાનાં માઠાં પરિણામ તેઓ સમજે અને દારૂની બદીથી સ્વેચ્છાએ દૂર રહે એ જ દારૂની બદી અટકાવવાનો ખરો ઉપાય છે. આ મંતવ્યોના સમર્થનમાં તેમણે કેટલીક દલીલો રજુ કરી છે.

પહેલાં તો "હદમાં રહીને સારી જાતનો દારૂ પીએ તો તે નુકસાનકારક નથી" એ તેમનું મંતવ્ય જ બરોબર નથી. સારી જાતનો દારૂ હદમાં રહીને પીવામાં આવે તો તે દ્વારા થતું નુકસાન પ્રમાણમાં અલ્પ હોય છે, તેથી તે લાંબા વખત સુધી પ્રગટ થતું નથી. પણ મદ્યપાનથી કદિ પણ કોઇને કાંઇ નુકસાન થતું નથી અને શરીરસ્વાસ્થ્ય માટે સારી જાતનો દારૂ હદમાં રહીને પીવાય તો લાભકારક છે એમ હજુ કોઇ કહેવાની હીંમત ધરતું નથી. આમ છતાં પણ હદમાં રહીને પીવાતો સારો દારૂ નુકસાનકારક નથી એમ આપણે સ્વીકારી લઇએ તોપણ કાયદાઓ તો સામાન્ય જનતાને ધ્યાનમાં લઇને જ કરવામાં આવે છે. સામાન્ય જનતાને સારી જાતનો દારૂ મળે અને તેનો હદમાં રહીને ઉપયોગ કરે એ બંને બાબત અસંભવિત છે. દારૂનાં માઠાં પરિણામો શ્રીમંત કુટુંબના શિસ્તબધ્ધજીવન અને તેમાં થતા મદ્યના અતિશય મર્યાદિત ઉપયોગ ઉપરથી માપી ન શકાય—જે કે શ્રીમંત સ્થિતિની અનેક વ્યકિતઓ દારૂમાં બરબાદ થયેલી આપણે જાણીએ છીએ—પણ દારૂના માઠાં પરિણામો તો મજુરો, કારીગરો અને મધ્યમ કોટિના કુટુંબોની આ કારણે થઈ રહેલી આર્થિક તેમજ શારીરિક બરબાદી ઉપરથી જ આપણે માપવા રહ્યાં અને આ દુર્દશા જ્યાં જ્યાં દારૂની છુટ છે ત્યાં ત્યાં આપણે હરહંમેશ અનુભવતા રહ્યા છીએ. એમ છતાં પણ મદ્યનિષેધના કાયદાનો આવી રીતે વિરોધ થતો જોઇને ભારે આશ્ચર્ય થાય છે. જેવી દલીલ મદ્યપાનની નિર્દોષતા સંબંધમાં કરવામાં આવી છે તેવી જ દલીલ જુગાર સંબંધમાં પણ થઈ શકે તેમ છે અને માનવીની કોઇપણ ઉન્માર્ગગામિની પ્રવૃત્તિ વિષે પણ એવી દલીલ કરી શકાય કે હદનાં રહીને જુગાર કે એવી કોઇ સદૃશ પ્રવૃત્તિ આચરવામાં આવે તો નુકસાનકારક નથી. એમ છતાં પણ સામાન્ય જનતાના હિતને ધ્યાનમાં લઇને આવી બાબતોનો નિષેધ કરવાને લગતા કાયદાઓ હંમેશા વિચારાતા, ઘડાતા અને અમલમાં મુકાતા આવ્યા છે. મદ્યનિષેધના કાયદા પાછળ પણ આજ આશય રહેલો છે. શ્રી. દમરી સાહેબ આ બાબતમાં વ્યાપક અને ફરજિયાત કેળવણી ઉપર ભાર મુકે છે એ સામે કોઇને કશું કહેવાનું ન હોય, પણ ત્યાં સુધી મદ્યનિષેધ સંબંધમાં રાજ્યે કે સમાજે કશું જ ન કરવાનું કહેવું—એ તેમનો મદ્યવિષયક વધારે પડતો પક્ષપાત સૂચવે છે. જ્યાં જ્યાં મદ્યનિષેધનો કાયદો અમલમાં મુકાયલો હોય છે ત્યાં ત્યાં હલકો દારૂ ચોરીછુપીથી લાવવામાં આવે છે અને મેથેલેટેડ સ્પીરીટ અને એવાં જ ટીંચરો દ્વારા કેટલાક લોકો પોતાની મદ્યતૃષા છીપાવે છે અને એ માટે વધારે પડતા પૈસા આપી પૈસેટકે ખુવાર થાય છે—આટલા માટે મદ્યનિષેધ ઇચ્છવા યોગ્ય નથી એવી તેમની દલીલ પણ ભારે વિચિત્ર છે. જ્યાં જ્યાં આવો કાયદો હોય છે ત્યાં ત્યાં ચોકકસ 'સ્મગલીંગ' ચાલવાનું જ. એમ છતાં પણ મોટા ભાગના લોકો મદ્ય સહેલાઇથી મળી નહિ શકવાના કારણે આ દુષ્ટ બદીથી બચી જાય છે. કોઇ પણ કલ્યાણકારી કાયદાનો પુરો અમલ ન થઈ શકતો હોય એ કારણે એ કાયદો રદ્દ કરવા યોગ્ય છે એમ કહેવાને બદલે તેમણે એ કાયદાનો અમલ વધારે સંગીન કેમ બને તેને લગતી સૂચનાઓ તેમણે કરવી જોઇતી હતી અને માર્ગો બતાવવા જોઇતા હતા.

દવા તરીકે દારૂની ઉપયોગીતા કેટલી બધી છે એ સમજાવવા પ્રસ્તુત લેખમાં શ્રી. દમરી સાહેબે કેટલોક પ્રયત્ન કર્યો છે જેની કશી જરૂર હતી જ નહિ. મદ્યનિષેધનો કાયદો મદ્યના વૈદ્યકીય ઉપયોગની હંમેશા છુટ જ આપે છે.

તેઓ પોતાના લેખના અંત ભાગમાં જણાવે છે કે "મહાત્માજી અને કોંગ્રેસનો મુદ્રાલેખ છે કે કોઇનો જન્મસિદ્ધ હકક દ્વેષ સરકારથી છીનવી શકાય નહિ, તો પછી જે દેશોમાં દારૂ તાડી પીવાનો ધર્મથી બાધ ન હોય તેઓના હકક તેમની ઇચ્છા વિરૂધ્ધ કોંગ્રેસ સરકારે શા માટે છીનવી લેવા જોઇએ ?" આ દલીલ અદ્‌ભુત છે. લેખક એમ માનતા લાગે છે કે કોઇપણ બાબતને જન્મસિધ્ધ હકકનું લેબલ લગાડવામાં આવે એટલે તેનું ઔચિત્ય સદાને માટે નિરપવાદ બને છે. વ્યકિત સ્વાતંત્ર્યનો એવો અર્થ નથી કે સમાજમાં વસતી દરેક વ્યકિતને ફાવે તેમ વર્તવાની છુટ છે. વ્યકિતના સ્વાતંત્ર્યનું જ્યારે જ્યારે તે વ્યકિતના કે સમગ્ર સમાજની હિતમાં નિયમન કરવાની જરૂર જણાઇ છે ત્યારે ત્યારે ધર્મ, સમાજ અને રાજ્ય તે સ્વાતંત્ર્યનું સતત નિયમન કરતું આવેલ છે. દારૂની બદી વ્યકિતને, તેના કુટુંબને તેમજ આખા સમાજને ભયંકર નુકસાન કરતી આવી છે એ આપણા આજ સુધીના અનુભવનો વિષય છે. આ દારૂ પાછળ અનેક માનવીઓને પાયમાલ થતા આપણે નિહાળ્યા છે. આ કારણે જ મદ્યનિષેધના કાયદાની આવશ્યકતા ઉભી થાય છે. લેખક પોતે પણ કબુલ કરે છે કે " દારૂ નુકસાનકારક છે એ બેશક ખરી વાત છે" એમ છતાં આની અટકાયતને લાગતા કાયદાની વાત આવે છે ત્યારે તેનો તેઓ વિરોધ કરે છે. આ ઉપરાંત જેના ઉપયોગ સંબંધે અમુક ધર્મનો બાધ ન હોય તે વસ્તુના ઉપયોગની તે ધર્મના અનુયાયીઓને પુરી છુટ હોવી જોઇએ એમ તેઓ જણાવે છે. આ પણ ઉપરથી ઠીકઠીક લાગતો પણ ખરી રીતે બહુ જ વાંધા પડતો સિધ્ધાન્ત છે. જુદા જુદા ધર્મોએ કેટલીક બાબતો વિષે વિધિનિષેધ ફરમાવ્યા છે તો કેટલીક બાબતોમાં ઉપેક્ષા દાખવી છે. મદ્ય એક એવી વસ્તુ છે કે જેના ઉપયોગ સંબંધે અમુક ધર્મોએ સ્પષ્ટ નિષેધ કર્યો છે તો અમુક ધર્મોએ તે સંબંધમાં ઉપેક્ષા દાખવી છે. કોઇ પણ ધર્મે મદ્યપાન કરવાનું ફરમાન કર્યું હોય એમ જાણવામાં નથી. કાળ બદલાતો ચાલ્યો છે અને એક કાળે ઉચિત મનાતી ધાર્મિક રૂઢિઓ આજે પરિત્યાગ યોગ્ય લેખાઇ રહી છે. સતી, અસ્પૃશ્યત્વ, બાલલગ્ન જેવી અનેક બાબતોને ધાર્મિક અનુમતિ મળેલી હોવા છતાં આજે લોક અભિપ્રાયને અનુસરીને કાયદાએ નિષિદ્ધ કરવા માંડી છે. વસ્તુસ્થિતિ આવી છે તો મદ્યપાન જેવી બાબત કે જેના નિયમિત ઉપયોગનું કોઈ પણ ધર્મે ફરમાન કરેલું જાણવામાં નથી તેને જન્મસિધ્ધ હકકના નામે બ્યાજબી જાહેર કરવું એ વ્યકિતસ્વાતંત્ર્ય અને સામાજિક કલ્યાણ—ઉભયના સમન્વય ઉપર હંમેશા નિર્ભાણ થતી અને પરિવર્તન પામતી સમાજ વ્યવસ્થા વિષે કેવળ અજ્ઞાન દાખવવા બરોબર છે. સામાજિક કલ્યાણને અનુકુળ હોય એટલું જ વ્યકિત સ્વાતંત્ર્ય અનુમત થઇ શકે. બાકીનું વ્યકિત સ્વાતંત્ર્ય એ વ્યકિત સ્વાતંત્ર્ય નથી, પણ જનતાના હિત અને કલ્યાણના ભોગે આચરવામાં આવતો વ્યકિત—સ્વચ્છંદ છે.

લેખક આગળ ચાલતાં જણાવે છે કે "કોંગ્રેસ સરકાર ગરીબ મજુરોની બુધ્ધિ ખીલે તે માટે પ્રયત્ન કરે છે, તો પછી ગરીબ વાચા વગરના પ્રાણીઓ હજારોની સંખ્યામાં કતલ થાય છે, તેના પ્રોહીબીશનનો વિચાર કરવાની શું જરૂર નથી ?" અલબત્ત વાચા વગરના પ્રાણીઓની કતલ અટકાવી શકાતી હોય તો તે જરૂર અટકાવવી જોઇએ, જો કે અહિં પણ 'માનવીના જન્મસિધ્ધ હકક'ની દલીલનો તો

સંઘ સમાચાર

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને અને પ્રબુદ્ધ જૈનના વાંચકોને વિજ્ઞપ્તિ.

દરેક ચીજોમાં ભાવનો વધારો તેની ઉંચાઇની ટોચ પર પહોંચ્યો છે. બાધ્યખોરાકીની જણસોના ભાવ લડાઇ દરમ્યાન હતા તે યુદ્ધ પુરું થતાં ઘટવાને બદલે બમણા ત્રણગણા થયા છે. કાપડની અછત કમી થશે અને ભાવોમાં સારા પ્રમાણમાં ઘટાડો થશે એવી રખાયેલી આશા નિરાશામાં ફેરવાઈ ગઇ છે. પ્રાથમીક, માધ્યમીક અને કોલેજીઅન કેળવણી લેવા માટે પહેલાં જે ખર્ચ થતો તે આજે બમણો થયો છે. રોજ વપરાશમાં લેવાતી ચીજોના ભાવોમાં પણ ઘણો જ ઉછાળો આવ્યો છે. આવી અસહ્ય મોંઘવારીમાં મધ્યમ સ્થિતિના માણસોનો મરો થઇ રહ્યો છે. નથી તે પોતાનું, નાનાં બચ્ચાંઓને પુરતું દુધ આપી શકતો કે પોતાનાં બાળકોને શિક્ષણ આપી શકતા કે નથી તે પોતાના કુટુંબનું સ્વાસ્થ્ય જળવાય તેવી રીતે પોષાણ કરી શકતો. આ બધી સ્થિતિથી યુવક સંઘના સભ્યો અને પ્રબુદ્ધ જૈનના વાંચનારા સારી રીતે માહીતગાર છે. છતાં આવી આર્થિક સ્થિતિમાં મુકાયેલાં પ્રત્યેની આપણી ફરજ આપણે વિચારતા નથી. યુવક સંઘ રેશન રાહત અને વૈદ્યકીય રાહત એમ બે પ્રકારની રાહત આપે છે. રેશન રાહત લગભગ ત્રણ વરસથી આપણે ચાલુ કરી છે. તે લાભ વધુ પ્રમાણમાં લેવાય તે સારૂ સંઘના સભ્યોએ જે પ્રયાસ કરવો જોઇએ તે કર્યો નથી. પ્રબુદ્ધ જૈનમાં અવારનવાર નિવેદનો છપાવી આપણે એની જાહેરાત કરી સંતોષ માન્યો છે; પણ આપણે મધ્યમ વર્ગમાં એના માટે પુરો પ્રચાર કર્યો નથી. આપણી ફરજ છે કે આપણે જ્યાં રહેતા હોઇએ ત્યાં અને તેની આસપાસના લત્તામાં આપણે જરા શ્રમ લઇ સમાજના મધ્યમ વર્ગના ભાઇઓ રેશન રાહતનો વધુ પ્રમાણમાં લાભ ઉઠાવે તેવા પ્રયત્ન કરવા જોઇએ. સંઘના ત્રણસો સભ્યો જો આવી જાતનો પ્રયત્ન કરે તો જરૂર મોટા પ્રમાણમાં રેશન રાહત લેનારાનો વધારો થાય. આપણા ભાઇઓ આવી રાહત લેવામાં સંકોચ માને છે અને તેથી પોતે ગરીબાઇ બેઠીને પણ આવી રાહત લેતા નથી. નથી તે પોતાનાં બાળકોને પૌષ્ટિક ખોરાક આપી શકતા કે નથી પોતે તેવો ખોરાક લઇ શકતા. આવી પરિસ્થતિ વચ્ચે આવી રાહતનો લાભ લેતાં જરાપણ સંકોચાવાનું કારણ નથી એમ તેને સમજાવવાની ખાસ જરૂર છે. આવી મદદ કોને કોને આપવામાં આવે છે તે હકીકત તદ્દન ગુપ્ત રાખવામાં આવે છે. વળી આમાં કોઇ કોઇનિ ધર્માદો કરતું નથી એ બાબત પણ રાહતની જરૂર ધરાવતાં ભાઇઓની ગળે ઉતરાવવાનો એટલીજ જરૂર છે. પ્રબુધ્ધ જૈન જે કોઇ વાંચતા હોય તેવા ભાઇઓ તેમજ બહેનો સંઘ તરફથી યોજાયલી રાહતનો લાભ લેતા સંકોચાતા અને ચાલુ મુંઝવણમાં દિવસો પસાર કરતા કુટુંબોને સમજાવવા જરૂર પ્રયત્ન કરે એવી મારી વિનંતી છે. સંઘ તરફથી વૈદ્યકીય રાહતની યોજના પણ તાજેતરમાં શરૂ કરવામાં આવી છે. એક વખત આપણે જેને સારી કમાણી ગણતા હતા તેવી સો દોઢસોની કમાણી કરનાર પણ છ સાત જણના કુટુંબની જવાબદારી ધરાવનાર આજની અસાધારણ મોંઘવારીમાં કોઇ રીતે ટકી શકતો નથી. એમાં પણ જ્યારે ઘરમાં કોઇની ગંભીર માંદગી આવે છે ત્યારે તેના પગ ભાંગી જાય છે. આવા ભાઇઓએ સંઘ તરફથી યોજાયલી વૈદ્યકીય રાહતનો લાભ લેવા ન ચુકવું. જૈન સમાજ માટે આવી વિવિધ પ્રકારની રાહત પ્રવૃત્તિ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ચાલે છે તે બાબતની જાણ ફેલાવવા અને લોકોને આનો વધારે ને વધારે લાભ લેતા કરવા મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને અને પ્રબુધ્ધ જૈનના વાંચકોને મરી ફરી ફરીને વિનંતિ છે.

મણિલાલ મોકમચંદ શાહ

વૈદ્યકીય રાહત

જૈન કુટુંબોને વૈદ્યકીય રાહત આપવા માટે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની રાહત સમિતિ તરફથી નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે. મુંબઇ અને પરાઓમાં વસતા કોઇપણ જૈન કુટુંબને પોતાને ત્યાં આવેલી કોઇપણ માંદગીના પ્રસંગે આર્થિક મદદની જરૂર હોય તો તેણે રાહત સમિતિનાં નીચે જણાવેલ સભ્યોમાંથી કોઇને પણ મળવું અને તે સભ્યને તેવી મદદની જરૂરીઆતની પ્રતીતી થયે રૂા. ૨૫ સુધીની તે કુટુંબને મદદ મળે તેવી ગોઠવણ કરી આપશે.

(૧) શ્રી. દીપચંદ ત્રીભોવનદાસ શાહ, મેટ્રો ટ્રેનીંગ કું. નાગદેવી ક્રોસ લેન મુંબઇ ૩.

(૨) ,, ચીમનલાલ ચકુભાઇ શાહ, મલબાર વ્યુ નં. ૨ બીજે માળે, ચોપાટી મુંબઇ ૭

(૩) ,, પરમાનંદ કુંવરજી કાપડીઆ, ૭૭, શેખમેમણ સ્ટ્રીટ, મુંબઇ ૨

(૪) ,, લખમશી ઘેલાભાઇ, દેરાસર લેઇન, ઘાટકોપર

(૫) ,, રતીલાલ ચીમનલાલ કોઠારી, ડાયમન્ડ મરચન્ટ્સ એસોસીએશન, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩.

પ્રબુધ્ધ જૈન અને ટપાલ હડતાળ

જુલાઇ માસ દરમિયાન શરૂ થયેલી ટપાલ હડતાળને લીધે જુલાઇ માસની પંદરમી તારીખનો અંક આટલો મોટો પ્રગટ તેમજ રવાના કરવામાં આવે છે. અને તેથી પંદરમી જુલાઇ પછી બનેલા કેટલાક સંઘસમાચાર આ અંકમાં અન્તર્ગત કરવામાં આવ્યા છે. ઓગસ્ટ માસની પહેલી તારીખનો અંક પંદરમી તારીખના અંક સાથે જોડી દેવામાં આવશે અને ત્યારબાદ પ્રબુદ્ધ જૈન નિયમિત રીતે પ્રગટ કરવામાં આવશે.

તંત્રી, પ્રબુધ્ધ જૈન.

સામનો કરવાનો રહેશે જ. પણ લેખક પોતે જ કબુલ કરે છે તેમ જે દેશનો ઘણો મોટો ભાગ આમિષાહારી છે તે દેશમાં આવી કતલ અટકાવવાનું કામ વ્યવહારૂ બની શકતું નથી; જ્યારે મદ્યનિષેધના કાયદાનો અમલ પ્રજાના સહકારથી પુરેપુરો વ્યવહારૂ બની શકે તેમ છે. આ ઉપરાંત માંસાહાર હિંસાની દૃષ્ટિએ વર્જ્ય હોવા છતાં દારૂની બદીના માઠાં પરિણામ માંસાહારને લાગુ પડતા નથી અને તેથી સમાજ સ્વાસ્થ્યની રક્ષા ખાતર, પ્રજાનો આર્થિક તેમ જ નૈતિક હ્રાસ અટકાવવા ખાતર, ગરીબ જનતાના ઉદ્ધાર ખાતર મદ્યનિષેધની માંસાહાર નિષેધની અપેક્ષાએ અનેકગણી વધારે આવશ્યકતા છે.

દુઃખની વાત તો એ છે કે જે રાજ્યમાં મદ્યનિષેધનો કાયદો કેટલાંય વર્ષોથી અમલમાં મુકાયો છે અને જેના માઠાં નહિ પણ મીઠાં પરિણામો સમસ્ત રાજ્યની પ્રજા આજ સુધી અનુભવતી આવી છે તે રાજ્યના એક જવાબદાર અધિકારી આ મદ્યનિષેધના કાયદાનો જાહેર રીતે વિરોધ કરે છે, તે વિરોધ દર્શાવતો લેખ ભાવનગર રાજ્યની ચાલુ રાજ્યનીતિનું સદા સમર્થન કરતું ભાવનગર સમાચાર પ્રગટ કરે છે અને આ સંબંધમાં એ પત્રના તંત્રી ભાવનગર રાજ્યની મદ્યનિષેધની પોલીસીના સમર્થનમાં કશું પણ નહિ કહેતાં મૌન સેવે છે. શું આજે આટલા સુખદ અનુભવ બાદ ભાવનગર રાજ્ય મદ્યનિષેધને લગતી પોતાની નીતિમાં ફેરફાર કરવા માંગે છે? ભાવનગર સમાચારના તંત્રી આ બાબતમાં ખુલાસો કરશે કે?

પરમાનંદ.

(૬) શ્રી. જસુમતિબ્હેન મનુભાઈ કાપડીઆ, બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ, B. બ્લોક ચોથે માળે, ગીરગામ, ટ્રામે ટર્મીનસ મુંબઇ ૪

(૭) ,, હરિલાલ શંભુલાલ શાહ, ૪૩, નાગદેવી ક્રોસલેન મુંબઇ ૩

(૮) ,, વ્રજલાલ ધરમચંદ મેઘાણી, રામનિવાસ, નવરોજ લેન ઘાટકોપર

(૯) ,, ચુનીલાલ કલ્યાણજી કામદાર. સોનાવાલા બીલ્ડીંગ નં. ૭ તારદેવ મુંબઇ

(૧૦) શ્રીમતી વેણીબ્હેન વિનયચંદ કાપડીઆ, મલબાર વ્યુ નં. ૧ ચોપાટી મુંબઇ ૭

(૧૧) શ્રી પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ, ૬૭ મરીન ડ્રાઇવ ચોથે માળે મુંબઇ ૧

(૧૨) શ્રીમતી મેનાબ્હેન નરોત્તમદાસ શેઠ, ૨૬૬/૨૭૦ ફીયર રોડ, કોટ, મુંબઇ

(૧૩) શ્રી. કાળીદાસ હરજીવનદાસ, ઘોઘારી વીશા શ્રીમાળી જૈન દવાખાનું મરજીદમંદર રોડ, મુંબઇ ૩

(૧૪) ,, જીવરાજ ભાણજી શાહ, ડે. જવાહર પ્રીન્ટીંગ પ્રેસ, ભાત બજાર, માંડવી

આ ઉપરાંત જે કોઇ જૈન કુટુંબને પેટ્ટે દવાઓ કે ઇન્જેકશનોની જરૂર હોય તે કુટુંબની મુખ્ય વ્યક્તિએ પોતાનો વસવાટ જે વિભાગમાં આવેલો હોય તે વિભાગ સાથે જોડાયલા નીચે જણાવેલ સભ્યને પોતાના ડાકટરની ચીઠ્ઠી સાથે મળવું અને તેની જરૂરિયાતની પ્રતીતિ થયે તેને તે દવાઓ તેમજ ઇન્જેકશનો સંઘ તરફથી મળે તે સંબંધમાં તે સભ્ય યોગ્ય વ્યવસ્થા કરશે. ડાકટરી મદદ માટે પણ જે કાંઇ શકય હશે તેવી ગોઠવણ તે કરી આપશે.

ઘાટકોપર— શ્રી. વ્રજલાલ ધરમચંદ મેઘાણી રામનિવાસ, વનરોજલેન

માટુંગા–દાદર– ,, રતીલાલ ચીમનલાલ કોઠારી ૫૭૮. માટુંગા G. I. P. Ry.

માંડવી— ,, લખમસી ધેલાભાઇ ૩. ચીચબંદર રોડ

સેન્ડહર્સ્ટરોડ– ,, જસુમતીબ્હેન મનુભાઇ કાપડીઆ બંસીલાલ મોતીલાલ બીલ્ડીંગ B. બ્લોક ૪થે માળે ગીરાગામ ટ્રામ જંકસન

પાયધુની–પ્રીન્સેસસ્ટ્રીટ ,, દીપચંદ ત્રીલોચનદાસ શાહ મેટ્રોફેડીંગ કું. નાગદેવી ક્રોસલેન.

કોટ— ,, મેનાબ્હેન નરોત્તમદાસ શેઠ ૨૬૬/૨૭૦ ફીઅર રોડ મુંબઇ–૧.

દીપચંદ ટી. શાહ
મંત્રી, રાહત પ્રવૃત્તિ

સંઘની પ્રવૃત્તિઓને દ્રવ્યસીંચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘને તા. ૧૫–૬–૪૬ થી આજ સુધીમાં નીચે મુજબ મદદ મળી છે.

રાહત પ્રવૃત્તિ

૧૮૦ શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી (સં. ૨૦૦૨ ના કાર્તકથી અસો સુધીના દર મહીને રૂા. ૧૫ લેખે)

૧૧ એક ગૃહસ્થ તરફથી

શ્રી મ. મો. સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય

૧૫૫ શ્રી દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની રાહત પ્રવૃત્તિ તેમજ વાંચનાલય પુસ્તકાલય પ્રવૃત્તિ ચલાવવા માટે દ્રવ્યની ખુબ અપેક્ષા રહે છે. આ બન્ને કાર્યમાં જૈન સમાજ તરફથી જે અખંડ દ્રવ્ય સીંચન થયા કરતું હતું તે હમણાં હમણાં બહુ જ કમી થઇ ગયું છે. અને સંઘની રાહત પ્રવૃત્તિ જેનું કાર્યક્ષેત્ર ઉત્તરોત્તર વિસ્તારાઇ રહ્યું છે તેની જવાબદારીને કેમ પહોંચાશે એ એક પ્રશ્ન થઇ પડયો છે. વાંચનાલય પુસ્તકાલયને ચલાવવા માટે પણ આ વર્ષ દરમિયાન આશરે રૂ. ૨૦૦૦ મેળવવા રહ્યા. સંઘ પ્રત્યે સદ્‌ભાવ ધરાવતા અને સંઘની સેવાની કદર કરતા ઉદાર બંધુ બહેનોને પોતાથી બને તેટલું આપવા તેમ જ મેળવી આપવા અને સંઘની પ્રવૃત્તિઓને બને તેટલો વેગ આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

સભ્યોનાં લવાજમ

આ વર્ષ તો હવે પુરૂં થવા આવ્યું છે અને એમ છતાં હજુ સુધીમાં ઘણા સભ્યોનાં લવાજમ વસુલ થયા નથી. સંઘમાં એક જ કલાર્ક સંઘની વિવિધ પ્રવૃત્તિઓને સંભાળે છે અને તેથી ઘેરઘેર જઇને લવાજમ વસુલ કરવાના કાર્યને તે પહોંચી શકતો નથી. તો સંઘના સભ્યોને વિનંતિ કે તેઓ પોતપોતાનાં લવાજમ જલ્દિથી સંઘના કાર્યાલયમાં પહોંચતા કરે અને બને તો બધ્ધે ત્રણ ત્રણ વર્ષના લવાજમો આગળથી જમે કરાવે. મોટી રકમો વસુલ કરવી સહેલ છે પણ વાર્ષિક લવાજમ જેવી નાની રકમો વસુલ કરવીનું કામ ઘણું કઠણ છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા નજીક આવે છે. જે સભ્યોએ ત્યાં સુધીમાં પોતાના લવાજમ ન ભર્યા હોય તે સભ્યો આ વ્યાખ્યાનમાળા દરમિઆન અચુકપણે પોતપોતાનાં લવાજમો વસુલ આપી જાય. સંઘના વહીવટી કાર્યમાં આટલો સહકાર અને રાહત આપવા સંઘના સભ્યોને અમારી ખાસ વિજ્ઞપ્તિ છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

શ્રી વસન્તરાવ હેગિષ્ટે તથા રજબઅલી લાખાણી વિષે શોકપ્રસ્તાવ

તા. ૩–૭–૪૬ બુધવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિની સભાએ ઉપર જણાવેલ બે રાષ્ટ્રસેવકોના અમદાવાદના કોમી રમખાણ દરમિયાન નીપજેલાં દુઃખદ અવસાન સંબંધી નીચે મુજબ ઠરાવ કર્યો હતો :—

"અમદાવાદમાં ચાલતા કોમી રમખાણ દરમ્યાન અમદાવાદના જાણીતા કાર્યકર્તા રાષ્ટ્રસેવક શ્રી. વસન્તરાય હેગિષ્ટે તથા શ્રી. રજબઅલી લાખાણીએ આપેલી પોતાના પ્રાણના બલિદાનની શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પ્રશંસાપૂર્વક નોંધ લે છે અને તેમના અકાળ અવસાન માટે અત્યન્ત શોક પ્રદર્શિત કરે છે. શ્રી. વસન્તરાય હેગિષ્ટે માત્ર રાજકીય ક્ષેત્રમાં જ નહિ પણ માનવજીવનને સ્પર્શતા અન્ય અનેક ક્ષેત્રોમાં ઉજ્જવળ અને યશસ્વી સેવા આપી રહ્યા હતા. તેમના અવસાનથી ગુજરાતે એક આશાસ્પદ સાહિત્યકાર અને નિડર કાર્યકર્તા ગુમાવ્યો છે. ઉભયના આત્માને શ્રી મુંબઇ જૈન યુવક સંઘ પરમ શાન્તિ ઇચ્છે છે."

દરબાર ગોપાળદાસ અને શ્રી ઢેબરભાઈ સંઘના કાર્યાલયમાં

તા. ૧૭–૭–૪૬ બુધવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને ગુજરાત કાઠીયાવાડના જાણીતા કાર્યકર્તા અને અગ્રગણ્ય પ્રજા સેવક દરબાર ગોપાળદાસ અને શ્રી ઉછરંગરાય ઢેબર સંઘના કાર્યલયમાં પધાર્યા હતા. તેમની સાથે શ્રી ખુશાલદાસ કુરજી પારેખ તથા ગઢડાના નગરપતિ શ્રી મોહનલાલ મોતીચંદ પણ આવ્યા હતા. શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ માનવંતા મહેમાનોને ભાવભર્યો આવકાર આપ્યો હતો અને સાથે સાથે સંઘની વિવિધ પ્રવૃત્તિઓ, અન્ય કોમી સંસ્થાઓની અપેક્ષાએ સંઘની વિશેષતા, રાષ્ટ્રીય ભાવનાને સંઘની સર્વ પ્રવૃત્તિઓમાં અપાતું પ્રાધાન્ય, વગેરે કેટલીક બાબતોનો ખ્યાલ આપ્યો હતો. દરબારશ્રી ગોપાળદાસે જવાબ આપતાં સંઘના પરિચયમાં આવવાની આ તક ઉપસ્થિત કરવા માટે સંઘના કાર્યવાહકોનો ઉપકાર માન્યો

હતો અને સંઘના આવા રાષ્ટ્રીય સ્વરૂપની જાણ થતાં પોતાને થયેલે અસાધારણ આનંદ વ્યક્ત કર્યો હતો. અને આવો સંઘ પોતાની કોમની સેવા સાથે રાષ્ટ્રીય મહાસભાનું જ કાર્ય કરી રહેલ છે એમ તેમણે જણાવ્યું હતું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વિવિધ પ્રવૃત્તિઓની વિગતો જાણ્યા પછી મને એમ થાય છે કે જો આ સંઘને કેવળ કોમી સંસ્થા ગણીને હું ન આવ્યો હોત તો મને જરૂર પસ્તાવો થાત. શ્રી ઢેબરભાઇએ સંઘના કાર્યવાહકોનો ઉપકાર માનતાં જણાવ્યું હતું કે "૧૯૩૭ માં રાજકોટ ખાતે જૈન યુવક પરિષદ મળેલી તે વખતે તમારા સંઘના આગેવાન કાર્યકર્તા શ્રી પરમાનંદભાઇ તે પરિષદના પ્રમુખ તરીકે રાજકોટ આવેલા ત્યારે તેમને પહેલીવાર મળવાનું બનેલું અને તે પ્રસંગે મેં તમને પ્રશ્ન કરેલો કે જાગૃત બુદ્ધિવાળા કાર્યકર્તાઓ કોમની વચ્ચે રહીને કામ કરી શકે ખરા કે તેમણે તો કોમની બહાર રહીને જ કામ કરવું જોઇએ? આ પ્રશ્નનો તેમણે મને કંઇક એવો ઉત્તર આપેલો કે રાષ્ટ્રીય ભાવનાને વિરોધી નહિ અને પુરક બને એવું કેટલુંક કાર્ય કોમ વચ્ચે રહીને કરી શકાય છે અને કોમી ભાવનાની જડ ઉખેડવા માટે પણ કોમના સંપર્કનો લાભ ઉઠાવી શકાય છે અને તે આજના વખતમાં જરૂરી છે. આમ છતાં પણ આ બાબતમાં મારા મનનું હજુ સમાધાન થયું નથી અને તેથી પરમાનંદભાઇના લાંબા વખતથી ઉભેલા નિમંત્રણને હું આજ સુધી ઠેલતો આવ્યો છું. આજે દરબાર સાહેબ આવવાના હતા અને તેમની સાથે આવવાનો મને પરમાનંદભાઇએ આગ્રહ કર્યો તે હું અવગણી ન શક્યો. કોમી સંસ્થાઓ સંબંધી મારા મનનું આવું વલણ હોવા છતાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘ જે કાંઇ કામ કરી રહેલ છે તેની પાછળ સામાન્યતઃ જે કોમી ભાવના અને સંકડાપણું આવી અન્ય કોમી સંસ્થાઓમાં જોવામાં આવે છે તે અહિં નથી દેખાતું એમ મારે કબુલ કરવું જોઇએ. રાજકોટના જેલવાસ દરમિયાન સાધારણ રીતે પ્રબુદ્ધ જૈન મને નિયમિત વાંચવા મળતું. રાજદ્વારી પરિસ્થિતિનો ખરો ખ્યાલ અન્ય સ્પષ્ટવાદી સામયિકોના અભાવે એમાંથી જ મને મળતો અને એમાં એવું કશું મારા વાચવામાં આવ્યું ન હોતું કે જે સાથે હું મળતો ન થતો હોઉં કે રાષ્ટ્રીય દૃષ્ટિએ મને જરા પણ વાંધા પડતું દેખાતું હોય. આ મારો અનુભવ પણ મારે અહિં જણાવવો જોઇએ. મુંબઇના અતિશય મર્યાદિત જીવનમાં પણ તમે આવી સંસ્થા આ રીતે ચલાવો છો અને રાષ્ટ્ર હિતને બાધક નહિ પણ સાધક એવી અનેક પ્રવૃત્તિઓનું સંચાલન કરો છો તે માટે તમો સર્વને ધન્યવાદ ઘટે છે.

"કાઠિયાવાડમાં જળત્રુટિએ ઉભા કરેલ અસાધારણ લોકસંકટને પહોંચી વળવાને રાહત ફાળો એકઠો કરવા માટે અમારૂં આ વખતે મુંબઇ ખાતે આવવાનું બન્યું છે. કાઠિયાવાડમાં દેશી રાજ્યો પ્રજા પાસેથી રેવન્યુ પુરેપુરી ઉઘરાવે અને આવા સંકટ સમયે તેઓ જરા પણ મદદરૂપ ન બને–એ ભારે અસ્વાભાવિક સ્થિતિ છે. પણ રાજ્યો આમ પોતાના કર્તવ્યમાંથી ચુકે તો પણ આફતમાં ડુબેલી પ્રજાને મદદ તો પહોંચાડવી જ રહી. અને તેથી અહિં પૈસા લેવા માટે અમારે આવવું પડ્યું છે.

"દેશી રાજ્યોનો પ્રશ્ન હજુ પુરી વિકટતાથી ભરેલો છે. આગામી રાજકારણી નવનિર્માણમાં દેશી રાજ્યો પુરો સહકાર આપશે કે દેશી રાજ્યોદ્વારા અંગ્રેજ સરકાર અનેક આડખીલો ઉભી કરીને પોતાની હકુમત ચાલુ રાખવા પ્રયત્ન કરશે એ એક પ્રશ્ન છે. આજે જ પ્રગટ થયેલ હૈદ્રાબાદ રાજ્ય આંધ્ર મહાસભાના પ્રમુખ શ્રી. આર. નારાયણ રેડીનું નિવેદન આ સંબંધમાં અનેક અમંગળ આશંકાઓ ઉભી કરે છે. ત્યાં ચાલી રહેલ ઘોર પ્રજાદમન પાછળ હૈદ્રાબાદમાં અંગ્રેજો હિંદ છોડયા પછી ઉપયોગ કરી શકે તે માટે એક મોટું લશ્કરી મથક (military base) ઉભું કરવાની હીલચાલ ચાલી રહી છે. આ સમાચાર બહુ ચોંકાવનારા છે.

"નવા બંધારણ ઘડનારા મંડળમાં દેશ રાજ્યોનાં પ્રતિનિધિ તરીકે કોણ આવશે? રાજાના નીમેલા કે પ્રજાના ચુંટેલા? આ પ્રશ્ન આપણી સામે ઉભો છે. આ મંડળમાં અડધા રાજાઓના નીમેલા અને અડધા પ્રજામાંથી ચુંટાયલા સભ્યો આવે એવો માર્ગ સૂચવવામાં આવે છે. પણ આવી પેરીટીની સૂચનાનો લોકશાસનની દૃષ્ટિએ કેમ સ્વીકાર થઇ શકે? વળી આપણે પ્રજા પ્રતિનિધિઓ ચુંટાઇને આવે એ બાબતનો પુરો આગ્રહ રાખીએ એમ છતાં પણ આવા પ્રતિનિધિઓને ચુંટી શકાય એવી રાજ્ય રાજ્યમાં લોકસંસ્થા કે વ્યવસ્થા કયાં છે? આ રીતે આ પ્રશ્ન બહુ મુંઝવણભર્યો છે. આટલો જ અગત્યનો પ્રશ્ન દેશી રાજ્યની પ્રજાના સાર્વત્રિક વિકાસનો છે. બ્રીટીશ હિંદની અને દેશી રજવાડાની પ્રજા વચ્ચે ઘણું ઓછું અન્તર છે.

"હું જ્યારે મુંબઇ આવીશ ત્યારે મારા મનની કોમી સંસ્થાઓ વિષેની ધુંચને બાજુએ રાખીને આવી અનેક સમસ્યાઓ વિષે તમારી સાથે ચર્ચા કરવાની તક મેળવવાની અને પરસ્પર વિચાર વિનિમય સાધતા રહેવાની હું આશા રાખું છું અને અહિં મને બોલાવવા માટે તમો સર્વનો હું ઉપકાર માનું છું."

ત્યારબાદ શ્રી. શાન્તિલાલ હ. શાહે દરબાર સાહેબનો પોતાના અંગત સહવાસને લીધે પ્રાપ્ત થયેલો વિશેષ પરિચય આપ્યો અને દરબાર સાહેબના આજસુધીના અનેક અનુભવો સાંભળવાની સંઘના સભ્યોને તક મળે એવા એવા પ્રસંગો ઉપસ્થિત કરતા રહેવા સંઘના કાર્યવાહકોને અનુરોધ કર્યો અને ત્યારબાદ "ભવિષ્યની નવરચનામાં દેશી રાજાઓને બીલકુલ સ્થાન હોવું ન જોઇએ અને એ સર્વ રાજ્યોને વિસર્જન કરી ગુજરાતી ભાષા બોલનાર ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છનો એમ એક પ્રાન્ત ઉભો કરવો જોઇએ–આવો પ્રાન્ત ઉભો કરવામાં આવે તો જ ગુજરાત સાથે કચ્છ કાઠિયાવાડનો સર્વતોમુખી વિકાસ શક્ય અને સરલ બને" એમ તેમણે જણાવ્યું. શ્રી. શાન્તિલાલ શાહે રજુ કરેલ આ કલ્પનાની તત્કાલીન રાજકારણમાં કેટલી વ્યવહારૂતા છે એ સબંધમાં શ્રી. ઢેબરભાઇએ પોતાના કેટલાક વિચારો રજુ કર્યા. છેવટે દરબાર સાહેબ તથા ઢેબરભાઇનો ઉપકાર માનતાં સંઘના મંત્રી શ્રી. વેણીબેહેન કાપડીયાએ જણાવ્યું કે "શ્રી ઢેબરભાઇએ કોમી સંસ્થા વિષે પોતાના મનની જે મુસ્કેલી જણાવી તે અમારી પણ છે. જેવી રીતે પોતાના કુટુંબ સાથેનો સંબંધ માનવી છોડી શકતો નથી અને એમ છતાં પણ કુટુંબના સાંકડા કીલ્લામાં પોતે પુરાઇ રહેવા માંગતો નથી તેવી જ અમારી સ્થિતિ છે. જે કોમ અને સમાજ સાથે એક કુટુંબ જેવો સંબંધ ચાલતો આવ્યો હોય તે તોડી શકાતો નથી અને એમ છતાં રાષ્ટ્રીય ભાવનાનો તનમનાટ અમારા દિલમાં એટલો બધો તીવ્ર હોય હોય છે કે અમને કોઇ કોમી કહે તે અમને ગમતું નથી એટલું જ નહિ પણ અમે તે સ્વીકારવાને પણ તૈયાર હોતા નથી. અમારા સમાજને ઉંચે લાવવા અને સાંકડા વિચારોની જડ ઉખેડવાને માટે સંઘની આ પ્રવૃત્તિ અમે ચલાવીએ છીએ એમ છતાં પણ અમારા દિલમાં રાષ્ટ્રીય ભાવના એકસરખી જાગૃત રહે, એટલા માટે આપ જેવા રાષ્ટ્રસેવકોને અમે નિમંત્રણ આપીએ છીએ અને તેમની પાસેથી માર્ગદર્શનની અને નવી પ્રેરણાની હંમેશા આશા રાખીએ છીએ" નિમંત્રિત મહેમાનોને ફુલહાર સમર્પણ કર્યા બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

ડો. બુલચંદજીને જૈન સમાજનો આવકાર
રાષ્ટ્ર પહેલો કે ધર્મ પહેલો

તા. ૨૦-૭-૪૬ શનિવારના રોજ જૈન શ્વે. મૂ. કોન્ફરન્સના કાર્યાલયમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે અંધેરી ખાતે તાજેતરમાં ઉઘાડવામાં આવેલી શ્રી મેઘજી મથુરાદાસ કોલેજના

આચાર્ય ડો. બુલચંદજીને આવકાર આપવા માટે જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ પ્રમુખ સ્થાનેથી ડો. બુલચંદજીનું બહુમાન કર્યું હતું અને તેમની સાથેના પરિચયનાં કેટલાંક સ્મરણો રજુ કર્યાં હતાં. અંધેરીની કોલેજમાં તેમની નીમણુંક થયા પહેલાં ડો. બુલચંદજી હિંદુ યુનીવર્સીટીમાં રાજકારણ અને અર્થકારણના અધ્યાપક હતા અને પોતાના વિષયને લગતા અધ્યાપન કાર્ય ઉપરાંત હિંદુ યુનીવર્સીટીમાં કેટલાંક વર્ષથી જૈન ચેર સ્થાપવામાં આવી છે તેનું સર્વ હિત જાળવવાની જવાબદારી તેઓ સંભાળતા હતા અને જૈન દર્શનના અભ્યાસી જૈન વિદ્યાર્થીઓને મદદ કરવા પાછળ અને જૈન સંસ્કૃતિ કેન્દ્રને વિકસાવવા પાછળ તેઓ ખુબ શ્રમ લઇ રહ્યા હતા. તેમના મુંબઇ આવવા સાથે બનારસ હિંદુ યુનીવર્સીટી ખાતે ખાસ કરીને જૈન ચેર, જૈન સંસ્કૃતિ કેન્દ્ર અને જૈન વિદ્યાર્થીઓની પુરી ખગશ અને ખંત પૂર્વક સંભાળ લેવાર વ્યકિતની જલ્દિ ન પુરાય એવી ખોટ પડી છે, પણ સાથે સાથે અંધેરી કોલેજના આચાર્ય તરીકે તેમના મુંબઇ ખાતે થયેલા આગમનથી મુંબઇના જૈન સમાજને એક શકિતશાળી અને પ્રતિભાસંપન્ન વ્યકિતની સેવાનો સુયોગ પ્રાપ્ત થયો છે. અને તેથી મુંબઇનો જૈન સમાજ તેમને પુરા પ્રેમ અને આદરભાવથી આવકાર આપે છે. આ મતલબનાં વિવેચનો જુદા જુદા વકતાઓએ કર્યાં હતાં. ડો. બુલચંદજીએ આવો પ્રસંગ ઉપસ્થિત કરવા માટે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો ઉપકાર માન્યો હતો, સંઘના સદસ્ય તરીકે સંઘમાં જોડાવાની ઇચ્છા વ્યકત કરી હતી અને ડો. બુલચંદજી પ્રથમ ભારતીય છે અને પછી જૈન છે એ આશયના એક વકતાના વિધાનને અનુલક્ષીને તેમણે જણાવ્યું હતું કે " સંસ્કૃતિની દૃષ્ટિએ ભારતીય અને જૈનમાં કોઈ પણ પ્રકારનો વિરોધ છે જ નહિ. જૈન દર્શનનું વિશિષ્ટ તત્ત્વ ગુણગ્રાહકતા છે. આ તત્ત્વનું ભારતીય સંસ્કૃતિએ શરણ લાધા સિવાય ચાલે તેમ છે જ નહિ. જૈન સંસ્કૃતિ એ સમગ્ર ભારતીય સંસ્કૃતિનું એક વિશિષ્ટ સ્વરૂપ છે, આ રીતે ભારતીય સંસ્કૃતિ અને જૈન સંસ્કૃતિ વચ્ચે કશો પણ વિસંવાદ સંભવતો નથી.

બીજી રીતે વિચારીએ તો શરૂઆતમાં હંમેશાં ધર્મના વિશાળ પાયા ઉપર ધર્મ સમાજની રચના થાય છે. કાળાન્તરે આ ધર્મ સમાજનું જેમ જેમ વ્યકિતત્વ બંધાતું જાય છે તેમ તેમ ધર્મનું વિશાળ મૂળ સ્વરૂપ ગૌણ બનતું જાય છે અને વિશિષ્ટ આચાર અને ક્રિયાકાંડના ખ્યાલોથી ભરેલા સ્વધર્મનું તત્ત્વ પ્રાધાન્ય પામે છે. જેમ સમાજનું તેમ જ તે સમાજના અંગભૂત વ્યકિતનું બને છે. આ રીતે ધર્મમાંથી સ્વધર્મ તરફ ગતિ કરતા માનવીનું માનસ સંકીર્ણ બને છે અને રાષ્ટ્રીય ભાવનાથી પરાઙમુખ બનીને ચાલે છે. આજ ગતિ ઉલટાવવામાં આવે અને સ્વધર્મ તરફથી ધર્મ તરફ મનને વાળવામાં આવે તો તેના માટે ભારતીયતા પહેલી કે પછી એ પ્રશ્ન જ રહેવા પામતો નથી. ભારતીયતા તેના ધર્મનું જ એક અંગ બને છે. આવા માણસ માટે ધાર્મિકતા એટલે કેવળ કર્તવ્યપરાયણતા જ અવશિષ્ટ રહે છે. આ રીતે વિચારતાં રાષ્ટ્ર અને ધર્મ વચ્ચે મને કદિ પણ વિરોધ જેવું લાગ્યું જ નથી. મારા માટે રાષ્ટ્ર પહેલો અને ધર્મ પછી એવો કોઇ પ્રશ્ન જ સંભવતો નથી. રાષ્ટ્ર અને ધર્મ જાણે કે પર્યાયવાચી હોય એમ હું માનું છું અને અનુભવું છું." ત્યારબાદ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રી શ્રી વેણીભુવન કાપડીયાએ ડો. બુલચંદજીનો ઉપકાર માન્યો અને સભા વિસર્જન કરવામાં આવી.

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા.

દર વર્ષ માફક આ વર્ષે પણ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પર્યુષણ વ્યાખ્યાન માળા યોજાઇ રહી છે. શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ અને સ્થાનકવાસી વિભાગની સંવત્સરિમાં ફરક હોવાથી આ વખતે પણ તા. ૨૩ મી ઓગસ્ટથી તા. ૩૧ મી ઓગસ્ટ સુધી એટલે કે નવ દિવસ માટે સવારના ભાગમાં બબ્બે વ્યાખ્યાનો ગોઠવવામાં આવશે. તા. ૨૩ મીથી ૨૯ મી સુધી અને તા. ૩૧ મીના રોજ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદ ભુવનમાં સવારના ૮॥ થી ૧૦॥ સુધી વ્યાખ્યાનો થશે અને તા. ૩૦ મીના રોજ એથી પણ વધારે વિશાળ સ્થળમાં વ્યાખ્યાનોની ગોઠવણ કરવામાં આવશે. આ વખતે પણ આ વ્યાખ્યાનમાળામાં જાણીતા વિદ્વાનો, વિચારકો અને કાર્યકર્તાઓ ભાગ લેશે. વિશેષ વિગતો હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

કાકાસાહેબ કાલેલકરનો ષષ્ટીપૂર્તિ સમારંભ.

કેટલાય સમય પહેલાં નકકી કર્યા મુજબ શ્રી કાકા સાહેબ કાલેલકરે સાઠ વર્ષ પુરાં કર્યાં તે કાળઘટનાને અનુલક્ષીને તેમની અનેક અનેક ક્ષેત્રોમાં આજસુધીની અનેકવિધ સેવાઓ બદલ તેમનું જાહેર અભિનંદન કરવા માટે શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૨૮-૮-૪૬ બુધવારના રોજ મુંબઇ પ્રાન્તના મુખ્ય પ્રધાન શ્રી. બાળાસાહેબ ખેરના પ્રમુખપણા નીચે સન્માન સમારંભ ગોઠવવામાં આવનાર છે. આ પ્રસંગને લગતા સ્થળ અને સમયની વિશેષ જાહેરાત હવે પછી કરવામાં આવશે.

* * *

તા. ૨૬-૭-૪૬ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ નીચે મુજબના ઠરાવો કર્યા હતા:

સદ્‌ગત ચન્દ્રકાન્ત સુતરીઆના અવસાન વિષે શોક પ્રદર્શન

આજની સભા શ્રી ચંદ્રકાન્ત સુતરીઆના અકાળ અવસાન બદલ અત્યંત શોક પ્રદર્શિત કરે છે. તેઓ શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના ઘણા વર્ષોથી સભ્ય હતા અને પ્રારંભના વર્ષોમાં સંઘના મુખપત્ર પ્રબુદ્ધ જૈન તથા તરૂણ જૈનના તંત્રી તરીકે કેટલાક સમય સુધી સંઘની ખુબ સેવા બજાવી હતી તેમજ સંઘની કાર્યવાહક સમિતિના કેટલાંક વર્ષ સુધી સભ્ય હતા અને યુવક પ્રવૃત્તિના એક પ્રખર સંચાલક હતા. આ બાબતથી આ સભા નોંધ લે છે અને તેમના આત્માને પરમ શાન્તિ ઇચ્છે છે.

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને અભિનંદન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ કોંગ્રેસ ટીકીટ ઉપર મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશનના સભ્ય તરીકે ચુંટાયા તે માટે આજની સભા તેમને ધન્યવાદ આપે છે અને આ નવા નવા અધિકાર દ્વારા મુંબઇ શહેરને તેઓ ખુબ સેવા આપે એમ ઇચ્છે છે.

શ્રી શાન્તિલાલ હરજીવન શાહને અભિનંદન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી શાન્તિલાલ હરજીવન શાહ મુંબઇની ધારાસભાદ્વારા સમસ્ત હિંદનું રાજ્ય બંધારણ ઘડવા માટે સરકાર તરફથી ઉપસ્થિત કરવામાં આવેલી લોકપ્રતિનિધિ સભામાં ચુંટાયા તે માટે આજની સભા તેમનું અંતઃકરણપૂર્વક અભિનંદન કરે છે. રાષ્ટ્રીય મહાસભાના પાર્લામેન્ટરી મંત્રી તરીકેની તેમની સંતોષકારક કામગીરીએ તેમને મળેલા અધિકાર માટેની તેમની યોગ્યતા પુરવાર કરી આપી છે. નવા રાજ્ય બંધારણના ઘડતરમાં તેઓ ઘણો મહત્વનો ફાળો આપશે એવી સંઘને પુરી પ્રતીતિ છે. સંઘના એક સભ્ય આવું સ્થાન પ્રાપ્ત કરે એ સંઘના ગૌરવમાં વધારો કરે છે.

શ્રી મ. મો. સાર્વજનિક વાચનાલય પુસ્તકાલયને મળેલી રૂ. ૫૦૦૦ ની રકમ.

શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહ જેમણે સંઘનાં વાંચનાલયને બે વર્ષ પહેલાં રૂા. ૧૦૦૦૭ ની રકમ આપી હતી તેમણે જરૂર પડે ત્યારે પુસ્તકાલયમાં પુસ્તકો વસાવવા માટે રૂા. ૫૦૦૦૭ ની રકમ શ્રી મુંબઇ જૈન યુવક સંઘને અર્પણ કરી છે, જે રકમનો સંઘે સ્વીકાર કર્યો છે અને આવી ઉદાર મદદ આપવા માટે સંઘની કાર્યવાહક સમિતિની તા. ૩-૮-૪૬ ના રોજ મળેલી સભાએ શ્રી. મણિભાઇનો આભાર માન્યો છે

જૈન સાધુઓના ફોટોગ્રાફ

થોડા સમય પહેલાં લુધીયાણા ખાતે સ્થાનકવાસી સાધુ શ્રી આત્મારામજી મહારાજને 'પૂજ્ય' પદવી અર્પણ કરવા નિમિત્તે ત્યાંના સ્થાનકવાસી સંઘ તરફથી એક મોટો સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં અમુક સાધુની છબી લેવામાં આવી હતી કે નહિ અને આ સમારંભ પ્રસંગે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે નહિ એ પ્રશ્ને સ્થાનકવાસી સમુદાયમાં ઠીક ઠીક ગંભીર ચર્ચાનું રૂપ લીધું હતું. તા. ૧૩-૬-૪૬ ના જૈન પ્રકાશમાં આ સંબંધમાં સ્થાનકવાસી કોન્ફરન્સના ઉત્તર ભારતના મંત્રી લાલા હરજસરાયના બે પત્રો અને એ ઉપરથી પ્રસ્તુત પ્રસંગે ધ્વનિવર્ધક યંત્રનો કોઇ સાધુએ ખાસ ઉપયોગ કર્યો નહોતો અને કોઇ સાધુની ખાસ છબી લેવામાં આવી નહોતી એ મુજબ સંતોષ વ્યકત કરતું સ્થાનકવાસી કોન્ફરન્સના મંત્રીનું તારણ પ્રગટ થયેલો જોવામાં આવે છે.

લુધીયાણાના ઉપર જણાવેલ ધાર્મિક સમારંભ પ્રસંગે શું બન્યું હતું અને શું નહોતું બન્યું એ બાબતને આપણે બાજુએ રાખીએ. કોઇએ કોઇ સાધુની છબી પાડી હોય કે કોઇ સાધુએ પોતાની છબી પડાવી હોય અને આવા પ્રસંગે ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ થયો હોય તો તેમાં ભારે અધર્મ થયો છે–આવી માન્યતા આજના સમયમાં ભારે આશ્ચર્યજનક લાગે છે. અલબત્ત કોઇ સાધુ પોતાની મહત્તા વધારવા પોતાની છબીઓ પડાવે, તૈલચિત્રો તૈયાર કરાવે અને ધાર્મિક મહત્વ ધરાવતા સ્થાનોમાં ટંગાવે–એ પાછળ અહંતા અને પોતાનું ગૌરવ વધારવાની ઘેલછા સિવાય બીજી કોઇ વૃત્તિ હોતી નથી અને તેથી આવી પ્રથા જૈન સાધુના આદર્શથી તદ્દન વિપરીત અને અનાદરણીય છે એ આપણે કબુલ કરીએ (આવો વ્યવસાય શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓમાં ખુબ પ્રસરેલો જોવામાં આવે છે પણ આમ છતાં) મૂર્તિ પૂજામાં નહિ માનનારા વર્ગે પોતાના પૂજ્ય પુરૂષોની છબીઓના સંબંધમાં આવો કોઇ પણ પ્રકારનો વિરોધ દાખવવો એ યોગ્ય નથી અને સામાન્ય જનસમાજ પાસેથી એવી અપેક્ષા રાખવી એ જનસ્વભાવના મૂળમાં રહેલાં વળણો વિષે એક પ્રકારનું અજ્ઞાન દાખવવા બરોબર છે. ઇષ્ટદેવની મૂર્તિ અને મૂર્તિ-પૂજા સામેના વિરોધની ભૂમિકા તદ્દન જુદી જ છે, જ્યારે પોતાના પ્રેમ, આદર કે ભકિતના પાત્રની મૂર્તિ ઘડાવવી કે છબીઓ રાખવી એ સર્વવ્યાપી પ્રવૃત્તિની ભૂમિકા તદ્દન જુદી છે. જેને તમે ચાહો છો, જેના વિષે તમે ભકિતભાવ ધરાવો છો તેની ગેરહાજરીમાં તેની છબીનું દર્શન તમને ચોક્કસ પ્રકારનો આનંદ અને પ્રેરણા આપે છે, તેનું સ્મરણ ચિત્તમાં કાયમ જીવતું રાખવા ખાતર તેની છબી મેળવવાનું, રાખવાનું, તમારી આંખ સામે ટંગાયલી જોવાનું તમને સ્વાભાવિક રીતે મન થાય છે અને એવી છબી મેળવવાથી તમે એક પ્રકારની તૃપ્તિ અનુભવો છો. મુસલમાનો જેવો મૂર્તિ પૂજાનો અન્ય કોઇ કટ્ટર વિરોધી વર્ગ આપણા જાણવામાં નથી એમ છતાં તેઓ કદિ છબી પડાવતા નથી એમ તો છે જ નહિ. નમિદાર આગાખાન અને કાયદે-આઝમ ઝીણાની છબી આજે મુસલમાનોના ઘેર ઘેર જોવામાં આવે છે. મૂર્તિપૂજા સામે બળવો કરનાર આર્ય સમાજીઓની ઘરમાં દયાનંદ સરસ્વતીની છબી જ્યાં ત્યાં નજરે પડે છે. મહાત્મા ગાંધીજી કે પંડિત જવાહરલાલની છબી જો આપણે વસાવીએ તો જે સાધુએ આપણને વિશિષ્ટ જીવનદર્શન આપ્યું હોય તેની છબીને શા માટે આપણે આપણા ઘરમાં વિશિષ્ટ સ્થાને ન પધરાવીએ? ગમે તેટલો પ્રચાર અને પ્રયત્ન કરવામાં આવે પણ પ્રિય જનની છબીનો મોહ કદિ છુટવાનો નથી. આ માનવ પ્રકૃતિની એક ખાસીયત છે. પોતાના પૂજ્ય પુરૂષની છબીનું દર્શન માનવીને અનેક રીતે ઉદ્બોધક લાગે છે. આજે ઘેર ઘેર ગાંધીજી, પંડિત જવાહરલાલ, અરવિંદ ઘોષ, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, શિવાજી, રાણા પ્રતાપ અને એવા અનેક યુગપ્રવર્તકોની છબીઓ નજરે પડે છે. માનવી માનસના આ પ્રાકૃતિક વલણને કદિ કોઇ આંણી કે ટાણી શકનાર નથી.

પરમાનંદ.

જૈન સાધુઓ અને ધ્વનિવર્ધક યંત્ર

જૈન સાધુઓ મોટી મેદની સમક્ષ વ્યાખ્યાન આપતાં ધ્વનિ-વર્ધક યંત્રનો ઉપયોગ કરી શકે કે નહિ આ પ્રશ્ન પણ આજકાલ અવારનવાર આપણી સામે આવીને ઉભો રહે છે. આનો ઉત્તર તો એ હોઇ શકે કે જો જનતાને ઉપદેશ આપવા માટે જૈન સાધુઓ પોતાના મોંઢાનો અને વાણીનો ઉપયોગ કરી શકતા હોય અને આવો ઉપદેશ આપવાની સગવડ માટે આલેશાન ઉપાશ્રયો અને વ્યાખ્યાન શાળાઓ બંધાઇ શકાતી હોય તો પછી એ જ ઉપદેશ આપનાર સાધુને તાણીને બોલવું ન પડે અને એમ છતાં હાજર રહેલા સંખ્યાબંધ નરનારીઓ તેમને શાન્તિપૂર્વક સ્પષ્ટપણે સાંભળી શકે એવી અચેતન ધ્વનિવર્ધક યંત્રની રચનાનો ઉપયોગ તેઓ શા માટે ન કરે એ કોઇપણ રીતે બુદ્ધિમાં ઉતરતું નથી. વસ્તુ-સ્થિતિ એવી છે કે સામાન્ય જનતાનું સાધારણ વલણ સ્થિતિ-ચુસ્ત હોય છે. કોઇપણ ફેરફારને તે એકાએક અપનાવી શકતી નથી. આવો જ પ્રશ્ન દેવમંદિરમાં વીજળીતી બત્તીના ઉપયોગ પરત્વે એક કાળે ઉભો થયો હતો. આપણા બાપદાદા ઘી, તેલના દીવા બાળતા હતા એટલે આપણે પણ તે જ દીવાની વપરાશ ચાલુ રાખવી જોઇએ. આપણે આપણા ઘરમાં તો વીજળી રોશની લઇ આવ્યા, પણ દેવમંદિર તો પવિત્ર કહેવાય. ત્યાં તો તેલ અને ઘીના પવિત્ર દીવાઓ જ જોઇએ. વીજળીની અપવિત્ર રોશની દાખલ કરીને મંદિરની આશાતના ન કરાય. તેલ ઘીના દીવા પવિત્ર શા માટે? વીજળીની રોશની અપવિત્ર શા માટે? આનો બુદ્ધિપૂર્વક કોણ વિચાર કરે? આમ છતાં સમયાન્તરે વીજળીની બત્તી આંગળ તેલ ઘીની દીવીઓ ઝાંખી લાગવા માંડી. શરૂઆતમાં વીજળી મંદિરના રંગમંડપમાં આવી; પછી મંદિરના ગર્ભાગારમાં આવી. આજે પણ મંદિરના ગર્ભાગારમાં હજુ અખંડ ઘીનો દીવો બળે છે પણ તે દીવાનું કામ પ્રકાશ આપવાનું રહ્યું નથી, પણ વાતાવરણને પવિત્ર રાખવાનું અથવા તો ખરી રીતે મૃતપ્રાય પરંપરાની જીવા-દોરી લંબાવવાનું રહ્યું છે. આવો જ વિરોધ આજે ધ્વનિવર્ધક યંત્રના ઉપયોગ સામે થઇ રહ્યો છે. જો ધર્મ વ્યાખ્યાન અને પ્રચારની વસ્તુ છે તો તેનો જે સાધનો વડે વધારે સારો પ્રચાર થઇ શકે તે સાધનોનો ઉપયોગ કરવો જ જોઇએ. શ્રોતાવર્ગ શાન્તિથી અને સ્વસ્થતાથી ઉપદેષ્ટા આચાર્ય કે ગુરૂ મહારાજની પવિત્ર વાણી સાંભળી શકે તે માટે વિજ્ઞાનદ્વારા સુલભ બનેલાં સર્વ સાધનોનો ઉપયોગ કરવામાં લેશ માત્ર સંકોચ કરવાની કે તેમ કરવામાં લેશ માત્ર અધર્મ થવાની આશંકા ધરવાની જરૂર છે જ નહિ. આજ ઘોરણે વ્યાખ્યાનશાળામાં વીજળીની બત્તીઓ અને પંખાની જ્યાં જ્યાં શકય હોય ત્યાં ત્યાં ગોઠવણ થવી જોઇએ. ધ્વનિવર્ધક યંત્રની વિશેષતા તો એ છે કે તેની મદદ વડે ખુલ્લી જગ્યામાં પોતાના સ્વાભાવિક અવાજ વડે ગમે તેટલી મોટી લોકમેદનીને વ્યાખ્યાન આપી શકાય છે. બોલનારને ઘાંટો ખેંચવો પડતો નથી. સાંભળનારને કશું સંભળાતું નથી, એમ કહીને કંટાળાનો દમ ખેંચવો પડતો નથી. આવી બાબતમાં હિંસા–અહિંસાની ઝીણવટ ભરેલી ચર્ચા આપણા અન્ય ચાલું અંગત, સામાજિક તેમ સાંપ્રદાયિક જીવનમાં રહેલી અનેકવિધ નાની મોટી હિંસાની અપેક્ષાએ 'બાળે હુચા અને દરવાજા ખુલ્લા' જેવી લાગે છે. આજના ઉપાશ્રયોમાં પર્વતિથિના દિવસે માણસો સમાતા નથી; પુરતા હવા કે પ્રકાશના અભાવે એકઠા થયેલા માણસો ગુંગળાવા લાગે છે; ઉપદેશક સાધુનો અવાજ ઠેઠ સુધી પહોંચતો નથી: ઉપદેશ નહિ સંભળાવાના કારણે ઘોંઘાટ વધે છે અને લોકો કંટાળે છે. તો આ પરિસ્થિતિ ટાળવા માટે વૈજ્ઞાનિક સગવડોનો શા માટે લાભ ન લેવો? આ રીતે વિચારતાં લુધિયાણામાં થયેલ ધ્વનીવર્ધક યંત્રના ઉપયોગે જગાવેલા આટલા બધા ઉહાપોહ પાછળ આપણી સ્થિતિચુસ્તતા અને વિચારજડતા સિવાય બીજું કશું દૃષ્ટિગોચર થતું નથી.

પરમાનંદ.

એમાં ફાયદો શો ?

ભૂમિતિની વ્યવસ્થિત રજૂઆત પહેલવહેલાં યુક્લિડે કરી, એમ કહેવાય છે. યુક્લિડ ગ્રીસ દેશમાં રહેતો હતો. તે જે જમાનામાં થઇ ગયો ને જમાનામાં ગ્રીસ દેશના બધા સુશિક્ષિત લોકોનાં ભેજાં રાજકારણથી ભરેલાં હતાં; અથવા રાજકારણના ભૂસાથી ભરાયેલાં હતાં એમ કહીએ તો કંઇ ખોટું નથી. તેથી ભૂમિતિની કદર કરનાર પ્રાણી બહુ વિરલ જન્યા હતા. અને યુક્લિડ તો ભૂમિતિ ઉપર આફરીન હતો. છતાંય જેમ રેંટીયા ઉપર ફિદા થયેલા એક માણસે આજે ઘણાંય મુત્સદ્દી લોકોને માથાં ખંજવાળતા કર્યા છે, તેજ પ્રમાણે યુક્લિડે પણ રાજકારણી લોકોને લીટા ખેંચતા કર્યા હતા. દરરોજ યુક્લિડને ઘેર ભૂમિતિ શીખવા આવનારાઓનું મંડળ ભેગું થતું, અને યુક્લિડ પોતાની શૈલી કુશળતાથી સમજાવતો. ઘણા રાજકારણી લોકોને આવી રીતે યુક્લિડની પાછળ પડેલા જોઇને એક દિવસ રાજાને થયું, 'ચાલો, આપણે પણ જઈ આવીએ, કંઇક લાભ થશે.' તે યુક્લિડ પાસે ગયો અને એક અઠવાડિયું ભૂમિતિ શીખ્યો. છેવટે તેણે યુક્લિડને પૂછ્યું. "હું આજ સાત દિવસથી ભૂમિતિ શીખું છું. આથી ફાયદો શો ?" યુક્લિડે ગંભીરતાથી પોતાના એક શિષ્યને કહ્યું, "અરે, આને રોજના ચાર આના લેખે સાત દિવસના પોણાબે રૂપિયા ચૂકવી દે તો." પછી તે રાજા તરફ વળીને કહે, "તમારૂં આ અઠવાડિયાનું કામ પૂરૂં થયું છે. કાલથી તમો બીજે કામ ખોળજો." પેલો મુત્સદ્દી રાજા પોણાબે રૂપિયા હાથમાં આવવાથી ખુશ થયો હશે કે શરમાઇ ગયો હશે? આપણી મનોવૃત્તિ એ ગ્રીક રાજા જેવી થયેલી છે.

હર કોઇ વાતમાં ફાયદો જોવાની ઘણાઓને ટેવ પડેલી હોય છે. કાંતવાથી શો ફાયદો ત્યાંથી માંડીને સ્વરાજ્ય મેળવવાથી શો ફાયદો ત્યાં સુધી બધી જાતના સવાલો પૂછવામાં આવે છે. આ ફાયદાવાદી લોકો જો પોતાની બુદ્ધિ થોડીક આગળ ચલાવે તો તેઓ તત્વજ્ઞાનની ટોચે પહોંચી જાય. તત્ત્વજ્ઞાનના શિખરથી આ લોકો એક જ સવાલ પાછળ છે; એ સવાલ તે 'ફાયદામાંથી પણ ફાયદો શો ?' એ છે.

એક છોકરાએ બાપને પૂછ્યું, 'બાપા, ગાય ભેંસનો ફાયદો આપણને રોજ પીવા મળે છે, પણ વાઘ સિંહ, સાપ વગેરેથી શો ફાયદો છે ?' બાપે જવાબ વાળ્યો, 'આખી સૃષ્ટિ માણસના લાભ માટે છે, એવી આપણી રખેને ગેરસમજ થાય, એ જ તેમનો ફાયદો.'

કાલિદાસે માણસને એક ઠેકાણે 'ઉત્સવપ્રિય' કહ્યો છે. કાલિદાસનો મનુષ્ય સ્વભાવનો અભ્યાસ ઊંડો હતો, અને તેથી જ તે કવિ કહેવાય. માણસને ઉત્સવ પ્રિય હોય છે એવો બધાનો જ અનુભવ છે. પણ તે શાથી તેને પ્રિય લાગે છે ? નિશાળના છોકરાઓને રવિવારની રજા શાથી પ્રિય લાગે છે ? છ દિવસ વાડામાં પુરાવાથી રૂંધાઇ ગયેલો શ્વાસોચ્છ્વાસ રવિવારે છૂટો કરવા માટે અવસર મળે છે તેથી. માણસને ઉત્સવ પ્રિય શાથી હોય છે એનો જવાબ પણ આવો જ છે. દુઃખથી ભારે થયેલું હૃદય ઉત્સવને નિમિત્તે હલકું થાય છે. આપણે ત્યાં સોળે આના દારિદ્ર હોય છે, તેથી જ છોકરાના લગ્નને પ્રસંગે સોળ દુ બત્રીસ વાનીઓ બનાવવાનું આપણે ભૂલતા નથી. ટૂંકમાં, માણસ ઉત્સવપ્રિય છે એ તેનું જીવન દુઃખમય છે તેનો પુરાવો છે. તેમ જ આજકાલ આપણી બુદ્ધિ કેવળ ફાયદાવાદી બની છે એ આપણા રાષ્ટ્રની મહાન બૌદ્ધિક હાનિ થયાનો પુરાવો છે.

સદા ને કદા ફાયદાને શરણે જવાનું તર્કશાસ્ત્ર આપણા હાડમાં ઉતરી જવાથી સાહસિક વૃત્તિ આપણા સમાજમાંથી જતી રહી છે. તેથી બ્રાહ્મણવૃત્તિ અને વૈશ્યવૃત્તિનો લગભગ લોપ થઇ ગયો છે. બ્રાહ્મણ એટલે સાહસની મૂર્તિ. મૃત્યુની પેલી પારની મોજ માણવા માટે જીવનની આહુતિ આપે તે બ્રાહ્મણ. ફાયદો કહે છે : મૃત્યુ પછીનું જીવન કોણે જોયું છે ? હાથમાંનું છોડી દઇ દોડતાની પાછળ શું કામ પડવું ?' ફાયદાના કોષમાં 'સાહસ' એ શબ્દ જડવો અશકય, અને કદાચ જડે તોય તેનો અર્થ 'મૂર્ખપણું' એવો મળવાનો. ફાયદાના કોષની મદદથી જીવનની ગીતાનો અર્થ ઘટાવવા જઇએ, તો ફળના ત્યાગને ઠેકાણે ત્યાગનું ફળ શું એ સવાલ ઉભો થાય છે. આવી સ્થિતિમાં સાચી બ્રાહ્મણવૃત્તિને અવકાશ જ કયાંથી મળી શકે ? 'ત્યાગ કરવો જોઇએ, સાહસ કરવું જોઇએ, એ બધું ઠીક છે,' ફાયદાવાદી કહે છે; 'પણ ત્યાગને સારૂ જ ત્યાગ કરવો જોઇએ એમ તમે કહો છો ને?' 'ના, ત્યાગને માટે ત્યાગ નથી કહેતો.' 'ફાયદા માટે ત્યાગ એમ ભલે રહ્યું. પણ તે ફાયદો કયારે મળવો જોઇએ ? એની કંઇ મર્યાદા તો કહીશ ? કેટલા દિવસમાં ફાયદો મળવો જોઇએ એવો તારો કાયદો છે ?' તે કહેશે, 'ત્યાગ કરવાની બે દિવસ અગાઉ મળી જાય તો સારૂં.' સમર્થ રામદાસે લોકોના લાલચુ સ્વભાવનું વર્ણન કરતી વખતે, 'કાર્યારંભે દેવનું નામ લેવું' એ વાકયનો અર્થ ફાયદાના કોષને આધારે "કાર્યારંભે 'દેવ,' એટલે કાર્યની શરૂઆતમાં જ કંઇક પણ 'દેવ' (આપો) "એમ આપ્યો છે. સારાંશમાં, ફળ એજ દેવ અને તે કામ કરતા પહેલાં જ પ્રાપ્ત થવો જોઇએ, એનું નામ તે ફાયદાવાદનું તત્ત્વજ્ઞાન. જ્યાં દેવની એવી દશા થઇ હોય ત્યાં બ્રાહ્મણવૃત્તિની વાત જ શું કામ કરવી ?

પરલોક પ્રાપ્તિ માટે ઇહલોકને જતો કરનારૂં સાહસ એ તો શુદ્ધ ગાંડપણમાં ખપે, એટલે તેનો તો વિચાર પણ અહીં કરવાનો હોય નહિ. એથી જરાક ઉતરતી છે તે ક્ષાત્રવૃત્તિ એટલે કે મિશ્ર ગાંડપણ, ઇહલોકમાંના જ વૈરાં-છોકરાંના, આડોશી-પાડોશીઓના અથવા તો દેશના રક્ષણ માટે તૈયાર થવું તે ક્ષાત્રવૃત્તિ. પણ 'આપ મુએ પીછે ડૂબ ગઇ દુનિયા' એ ફાયદાનું સૂત્ર લગાડી જુઓ, એટલે આ મિશ્ર ગાંડપણ કેવું હોય છે તે સમજાશે. રાષ્ટ્રનું રક્ષણ શા માટે અથવા સ્વરાજ્ય પણ શા માટે જોઇએ ? મારા ફાયદા માટે. તે હું જ ગુજરી ગયા પછી સ્વરાજ મળે તે શા કામનું ? આટલું કહેતાંની સાથે જ ક્ષાત્રવૃત્તિનું તેજ ગયું જ સમજવું.

હવે રહી વૈશ્યવૃત્તિ. પણ વૈશ્યવૃત્તિ માટે પણ કંઇ ઓછા સાહસની જરૂર નથી. અંગ્રેજોએ આખી દુનિયામાં પોતાનો વેપાર ફેલાવ્યો છે તે કંઇ સાહસ વિના ફેલાવ્યો નથી. ઇંગ્લંડમાં ઘણું કરીને કપાસનું એક કાલું પણ પાકતું નથી, એમ છતાં અર્ધાથી પણ મોટા ભાગના હિન્દુસ્તાનને કપડું પૂરૂં પાડવાની કરામત તેણે કરી બતાવી છે. ઇંગ્લંડના ઇતિહાસનું દરિયાઇ મુસાફરીનું પ્રકરણ સાહસોથી ભરેલું છે. આજે અમેરિકાની મુસાફરી તો કાલે હિન્દુસ્તાનની; આજે રશિયાની પ્રદક્ષિણા તો કાલે 'આશાના ભૂશિર' (Cape of Good Hope) નું દર્શન; આજે નાઇલ નદીનો ઉગમ તો કાલે ઉત્તર ધ્રુવનો છેડો; એવી રીતે અનેક સંકટમય સાહસોને અંતે અંગ્રેજોનો વેપાર જામ્યો છે. એટલું ખરૂં કે મજબુર વેપાર અનેક રાષ્ટ્રોની ગુલામીનું કારણ થયાથી આજે તે પોતાનું જ નખોદ વાળવા બેઠો છે. પણ એ ગમે તેમ હોય તો પણ સાહસિક સ્વભાવની કદર કરવી જ ઘટે. આપણામાં આ વૈશ્યવૃત્તિનું સાહસ પણ બહુ દેખાતું નથી. કારણ, ફાયદો દેખાતો નથી.

ફાયદો નહિ જ દેખાય. જ્યાં સુધી તકલીફ સહન કરવાની તૈયારી થઇ નથી ત્યાં સુધી ફાયદો દેખાવાનો નથી. ફાયદાનું ઘર નુકસાનીના તડકામાં બાંધેલું છે. પૂ. વિનોબાજીના "મધુકર"માંથી

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઇ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૭-૮

મુંબઈ: ૧૫ ઓગસ્ટ ૧૯૪૬ ગુરૂવાર. લવાજમ રૂપિયા ૩

કાકાસાહેબનું આત્મનિવેદન

(તા. ૨૮-૮-૪૬ બુધવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને મુંબઇની અન્ય કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાઓના ઉપક્રમે કાકાસાહેબ કાલેલકરની ષષ્ટીપૂર્તિને લગતો સમારંભ મુંબઇના વડા પ્રધાન શ્રી બાળાસાહેબ ખેરના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવનારો છે જેની જાહેરાત આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે. આ પ્રસંગે આવા જ હેતુથી તા. ૯-૧૨-૪૫ ના રોજ ગુજરાત સાહિત્ય સભા તરફથી યોજાયેલ સમારંભ પ્રસંગે શ્રી કાકાસાહેબ કાલેલકરે એક આત્મલક્ષી મનનીય પ્રવચન કર્યું હતું. જે અહિં પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૧૨-૪૫ ના અંકમાંથી સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. જેમનું બહુમાન કરવા આપણે સૌ એકત્ર થઇએ છીએ તેમના જીવનનો મર્મ યથાસ્વરૂપે ગ્રહણ કરવામાં આ આત્મપરિચય ઉપયોગી થશે એમ સમજીને નીચેનો લેખ અહિં પુનઃ પ્રગટ કરવાનું ઉચિત ધાર્યું છે. તંત્રી.)

'મારા કામને અંગે મારે અહીં આવવાનું તો હતું જ, પણ ષષ્ટિપૂર્તિ સમારંભ અંગે મારે અહીં આવવાનું છે એમ જ્યારે ઉમાશંકરે કહ્યું ત્યારે મને એ વિચિત્ર લાગેલું. પણ મારા વિદ્યાર્થીઓ મારે માથે ચઢી બેસે છે. ઉમાશંકરે જવાબ આપ્યો કે તમે જીવતા છો માટે બોલાવીએ છીએ. મારે આવવું જ પડયું. ગઇ કાલે પ્રો. રાવળે પેલા નાઝીની સ્થિતિ વર્ણવી હતી, તેવી મારી દશા થશે કે શું એવી મને બીક પણ હતી. એક વખત હતો જ્યારે પ્રશંસા ગમતી હતી. પણ જેમ જેમ અંતર્મુખ થતો ગયો તેમ તેમ લોકો જેનાં વખાણ કરે છે તે મારામાં છે કે નહિ તે જોવા લાગ્યો ને વખાણ સાંભળીને ક્ષોભ અનુભવવા લાગ્યો. પછી તો રીઢા થયે જ છૂટકો છે એમ મન સાથે નક્કી કર્યું. કદર સાંભળીને રાજી થતો એ જમાનો ગયો. લોકો માને છે તેવો હું નથી એનો વિષાદ પણ રીઢા થઇને ટાળ્યો. છતાં જે તટસ્થભાવ આવવો જોઇએ એ આવ્યો નથી એવી વચલી સ્થિતિમાં હું છું. તોય ગઇ કાલના ને આજના ભાષણો સાંભળતાં જેવી બીક લાગશે એમ ધાર્યું હતું તેવી લાગી નથી. લોકો આમ જ બોલે ને એમાંથી બોધ એટલો જ તારવવાનો કે એ આદર્શ સુધી હું ચઢું.

અંતર્મુખતા

પણ ચઢવાની વૃત્તિ છતાં મારામાં એવી શિથિલતા રહેલી છે કે વિષાદ રહી જ જાય છે. ગરીબાઇ એ જીવનનું રસાયણ છે ને એને જે પચાવે તે જ દૃઢકાય બની શકે છે એમ જ્યારે મેં લખ્યું ત્યારે મને થયું હતું કે મારા લેખ કરતાં હું ઉતરતો છું. તે દિવસથી મારા મનમાં વિષાદ પ્રસરી ગયો. એક વાર જેલમાંથી બહાર આવીને મહાદેવભાઇએ ટકોર કરી હતી કે "કાકા જેલમાં રહી આવીને આપબોલા થઇ ગયા છે." વાત સાચી છે, પણ મારા મનોભાવોનું પૃથક્કરણ કરી કરીને હું મને પોતાને તટસ્થતાથી જોતો થયો છું. અંતર્મુખ થવાની વૃત્તિથી જેમ બીજાની તેમ પોતાની પણ ચર્ચા કરતો થયો છું. બીજા દોષ બતાવે ત્યારે કબુલ પણ કરું છું. એમ ન હોત તો ગઇ કાલે જે ભાષણો થયાં તે સાંભળીને કાં તો પુલાઇને ફુગ્ગો થઇ જવાય કે ઓગળીને પાણી થઇ જવાય. સામાન્ય લોકોને જોવાની આજ દૃષ્ટિ હોવી જોઇએ એટલો બોધ મેં આમાંથી લીધો છે.

સાહિત્યકાર કે કેળવણીકાર?

બે દિવસના વ્યાખ્યાનોની અસરથી નજરના ભૂલીને આ તો પોતાને વિષે જ બોલે છે એમ તમને કદાચ લાગશે. તોય બોલીશ. મહારાષ્ટ્રમાં એક વાદ ચાલ્યો–મહારાષ્ટ્ર બહુ જ વાદપ્રિય છે–કાકાને કળાકાર કહેવા કે કેળવણીકાર? એકપક્ષ કહે કે કાકા સ્વભાવે કળાકાર છે, પણ થયા છે કેળવણીકાર. મેં કહ્યું કે હું કળાનો રસિક નથી એમ તો નથી જ કહેતો. કળા વિષે મને આદર છે. મેં વાંચ્યું પણ છે. મેં લખ્યું છે તે સાહિત્ય નથી એમ પણ નથી. ૫૦ વર્ષનો માણસ નમ્ર હોય તોપણ એમ તો ના જ કહે ને કે પોતે ૪૯ વર્ષનો છે? પણ સાહિત્યકારની અંદર જે ગુણ હોવા જોઇએ, જે ગૂઢ તૈયારી હોવી જોઇએ તે મારામાં નથી. એટલે સાહિત્યકાર કહેવડાવીને હું શા માટે ફૂલ્યેત થાઉં?

મારી વૃત્તિ–પ્રેરણા શિક્ષકની છે. પોતાના સહવાસથી વિદ્યાર્થીઓને ઉન્નતિનો માર્ગ બતાવી દે તે શિક્ષક. નવલકથા, લઘુકથા કે કવિતા મેં લખી નથી. નિબંધદ્વારા મારા વિચારો મેં સીધેસીધા રજૂ કર્યા છે. નિબંધ એ શિક્ષકનું સાધન છે. લોકો જે ગ્રહણ કરે છે તે વસ્તુની ઉત્કટતાને કારણે. એ ઉત્કટતાનો ગુણ શિક્ષકમાં હોવો જ જોઇએ. પાઠક સાહેબે એક વાર મને કહેલું કે તમારું લખાણ શીરા જેવું છે. માણસ દબદબ ખાય જાય પણ એને ખબર ન પડે. માણસ off his guard–બેકામ–હોય તે ખાઇ જાય તેવું તમારું લખાણ છે. પણ પત્રવ્યવહાર, વાસરી, સંભાષણો ને નિબંધ એ શિક્ષકનાં સાધનો જ મેં તો ખીલવ્યાં છે.

કેળવણીકાર કે ક્રાન્તિકાર?

હું કેળવણીકાર છું કે રાજદ્વારી પુરુષ છું, એ પ્રશ્ન તો હરિપ્રસાદે છેડયો. હું ક્રાન્તિકારી હતો. પણ મેં જોયું કે ક્રાન્તિ સસ્તી ચીજ નથી. ક્રાન્તિની તૈયારી માટે કેળવણીની જરૂર છે એ પણ મેં જોયું ત્યારે હું કેળવણીકાર થયો. ક્રાન્તિકાર તરીકેના મારાં પરાક્રમો કહું તો સ્મરણયાત્રા આગળ ચાલે. પછી તો કેળવણીની સેવા કરતાં કરતાં હું સાહિત્ય સુધી આવ્યો. વચ્ચે પત્રકાર પણ થયો. આજે પ્રચારક થયો છું. પણ મૂળે જેવો હતો તેવો જ છું. પ્રસંગ આવ્યે જ ક્રાન્તિને બહાર કાઢવી એટલો સંયમ હું જાળવું છું. સંયમ વિના રચનાત્મક કામ થઇ ન શકે. પણ હું ક્રાન્તિકાર હતો, છું ને એમ જ મરવાનો છું.

ગાંધીજીના ચરણે

ગાંધીજીના આશ્રમમાં જોડાયો ત્યારે એક ભાઇને–મારા સસરાને–ખૂબ આનંદ થયો. થયું કે હાશ, હવે આ ફાસીએ જવાનો નથી

ને આપણે સુરક્ષિત છીએ. પણ ગાંધીજીને હું તો ક્રાન્તિકાર તરીકે જ ઓળખતો હતો. આશ્રમમાં જોડાયા પછી પહેલા આઠ દિવસ મેં એમને ઓછા cross-examine કર્યા નથી. હું માનતો કે આવડા મોટા રાષ્ટ્ર માટે માત્ર એક જ પદ્ધતિ ન ચાલે. હિંસાથી, અહિંસાથી, બધી રીતે કામ લેવું પડે. પણ મેં જ્યારે જોયું કે જીવનનાં સઘળાં અંગોનો તેમણે પરિપૂર્ણ વિચાર કર્યો છે, બધું એમનામાં ઓતપ્રોત થયું છે, ત્યારે મારું હૃદય, મારી બુદ્ધિ, મારી કાર્યશક્તિ મેં એમને ચરણે ધરી. કોઇ દિવસ તે પછી હું પસ્તાયો નથી. એમની વિભૂતિ વધુ ને વધુ ચઢતી જાય છે એ પણ હું અનુભવતો રહ્યો છું. એટલે મારા જીવનમાં મેં એક પણ સત્કૃત્ય કર્યું હોય, મારા કલ્યાણને માટે મેં કંઈ પણ કર્યું હોય તો તે ગાંધીજીને હું ઓળખી શક્યો, એમની સાથે ભળી જઈ શક્યો તે છે. એમણે કોઇ દિવસ કોઇ પણ પ્રકારનું દબાણ મારા પર આણ્યું નથી, એમણે જે સ્વતંત્રતા મને આપી છે તે નથી માનતો કે માનવ્યવહારમાં કોઇ પણ કદી આપી શકે.

દીર્ઘાયુષ નહિ, ઈષ્ટતમ આયુષ

મારે માટે દીર્ઘાયુષની પ્રાર્થના ના કરશો. એટલી પ્રાર્થના કરો કે જ્યાં સુધી દેવદત્તિત આયુ પહોંચે ત્યાં સુધી એની ઉપયોગિતા ઘટે નહીં. દીર્ઘાયુ કે અલ્પાયુનો વિચાર સહેજ નાસ્તિકતા સૂચવે છે. જન્મ પહેલાં જ આયુષ્યની મર્યાદા નક્કી થઈ ગઈ હોય છે એવું માનનારો નસીબવાદી હું નથી. જેમ માણસ ચાલે તેમ ભગવનનું બજેટ બદલાય છે. માત્ર એની આપણને ખબર પડતી નથી. જ્યારે મરણ આવે ત્યારે એ સુંદર છે. ફળ જેમ પરિપકવ થયાં પછી ઉતરી જાય છે તેમ માણસ ઉપયોગીતા કરતાં વધુ જીવે ત્યારે ઉતરી જાય છે. આપ સહુની શુભકામના એ મારે માટે તો મોટો ખોરાક થશે. પણ હું maximum માં નહિ, optimum માં માનું છું. મનુષ્યને ઇષ્ટતમ આયુષ્ય મળો એમ હું તો ઇચ્છું છું. તમે પણ મારે વિષે એવી જ પ્રાર્થના કરો!

વિષાદ શાથી?

ગઇ કાલે મગનભાઇ દેસાઇએ મારા લખાણમાં સૌન્દર્યની સાથે સાથે વિષાદનું તત્ત્વ છે એમ કહ્યું. એ વાત સાચી છે. વિષાદ કેમ ન હોય? આ દુનિયાની પ્રવૃત્તિ જોતાં એમ જ લાગે છે કે જે ભગવાનને આપણે ઉપાસીએ છીએ તેણે શું જોઇને આવું કર્યું હશે? ટેનિસને પણ કહ્યું હતું કે Some lesser God has created this earth. આપણી આશા ને અભિલાષા પરિપૂર્ણ ન થાય એવું, નાસ્તિકતા હોય તે વિષાદ સેવે ને નાસ્તિકતા હોય તે આપઘાત કરે એવું આ જગત છે. એટલે વિષાદ તો રહે છે જ. આંતરિક પ્રવૃત્તિ પરત્વે પણ વિષાદ હોઇ શકે. એટલે જ ભગવાનને પ્રાર્થું છું કે, "હે ભગવાન, કાં તો ઉચ્ચ આદર્શનું દર્શન ન કરાવ, કાં તો ત્યાં સુધી પહોંચવાની શક્તિ આપ."

ઘણીવાર એમ પણ થાય છે કે કોઇ ઓરડીને બારણું નાનું હોય ને પ્રકાશ ઓછો આવે તો વાંક ઓરડીનો નહિ પણ ઓરડીના બનાવનારનો છે. તો પછી ભગવાન સાથે તકરાર શા માટે કરવી? પણ અંદરની, મારી પોતાની મોળાશનો પણ વિષાદ રહે છે. એ મારા લખાણમાં ન ઉતરે તે માટે પ્રયત્નશીલ રહું છું. છતાં એ થોડીઘણી ઉતર્યા વિના તો કેમ રહે? પણ એનો મને વાંધો નથી.

શૃંગાર રસ કેમ ખીલવ્યો નથી?

આશ્રમવાસી થઇને મેં મારું જીવન ને દર્શન સંકુચિત નથી કર્યાં. ગઇ કાલે વંચાયેલા શ્રી. રમણલાલ દેસાઇના સંદેશામાં હતું કે મેં મારા લખાણમાં શૃંગારરસ આવવા દીધો નથી. હવે શૃંગારનો જે પ્રકાર સાહિત્યમાં દેખાય છે તે મોટે ભાગે એહુદો હોય છે, કેટલાકમાં આદર્શીકરણ થયું હોય છે, પણ એનું ૩૫ ઉચ્ચતર હોવું જોઇએ એમ હું માનું છું. જ્યાં સુધી મારામાં વિકાર છે ત્યાં સુધી હું શૃંગારનું સાચું દર્શન કરાવી ન શકું. મેં એ રસને ત્યાજ્ય નથી ગણ્યો. પણ બીજા રસોમાંથી જેમકે વીરરસમાંથી, જે શુદ્ધ આનંદ હું લઇ શકું છું તે શૃંગારમાંથી આવતો નથી. જે દિવસે મને શુદ્ધ શૃંગારનું દર્શન થશે તે દિવસે હું એને મારા સાહિત્યમાં આવવા દઇશ. આશ્રમવાસી છું માટે હું એને છેડતો નથી એમ નથી. શિક્ષક તરીકે આખા જીવનનું દર્શન વિદ્યાર્થીઓને કરાવવાનું હતું. એમાં તો બધી વસ્તુઓ આવે. વિદ્યાર્થીઓને કાજે પણ શૃંગાર સાહિત્ય મારે ઠીક ઠીક વાંચવું પડ્યું છે. મારા પોતાના પણ મીઠા કડવા અનુભવો છે. એટલે શૃંગારનું મહત્વ હું સ્વીકારું છું. એને ભ્રષ્ટ ગણું છું એમ પણ નથી વિદ્યાર્થીઓ, મિત્રો અને વિદ્યાર્થીઓના વડીલોને સંબોધીને કાલ્પનિક પત્રો એ વિષયમાં લખું એવી પણ એક ધારણા હતી. શુદ્ધ શૃંગાર સુધી પહોંચવાની નિર્વિકારી દૃષ્ટિ કેળવાશે તો હું તે આપીશ જ. હું નહિ આપું તો બીજો કોઇ આપશે. દુનિયા એને માટે તૈયાર થઇ રહી છે. શુદ્ધ જીવન, શુદ્ધ શૃંગાર આવે ત્યાં સુધી આપણે રાહ જોવાની છે.

સત્ય અને સૌંદર્ય.

સત્ય અને સૌંદર્યનો પણ એક પ્રશ્ન છે. આપણી આજની સ્થિતિમાં સત્ય સુંદર નથી લાગતું. એ ઉગ્ર, ભયંકર લાગે છે. પણ સત્ય ને સુંદર એજ જ જીવનરત્નનાં બે જુદાં જુદાં પાસા છે. એનો સાક્ષાત્કાર થવા માટે આપણને દર્શન થવું જોઇએ. તેથી જ સત્યનિષ્ઠા, જીવનનિષ્ઠા, કેળવવી જોઇએ. જીવનના એક પણ પાસાનો અનાદર કર્યા વિના આપણે જીવન માટે મથવું જોઇએ.

ઉપમા અને ઉપમાન.

મારી ઉપમાઓની પણ વાત થઇ. ઉપમા એ મારે મન માત્ર શણગાર નથી. ઉપમાઓને સાહિત્યકારો વાસી કરી નાખે એ ઠીક નથી. અનુભવમાંથી ઉપમા જડે, ઉપમા અને ઉપમાનનું સાધર્મ્ય હૃદયથી સમજાય ત્યારે જ તે ઉત્કટ બનીને વાસી ન બને તેવો આનંદ આપે છે. હું ઉપમા વાપરતો જ નથી, હું ઉપમાન વાપરું છું. અનુભવની ઉત્કટતામાંથી ઉપમા સૂઝે તે ઉપમાનની કોટિએ પહોંચે છે.

વિકાસનો ઇતિહાસ

છેલ્લા મહિના બે મહિનાથી મારા શેઠ-અમૃતલાલ નાણાવટી-મારી પાસેથી એટલું બધું કામ લે છે કે જે વિસ્તારથી મારા અનુભવોની વાત કહી શકત તે આજે કરી શકતો નથી. પણ કહું કે મારી ને કોંગ્રેસની ઉંમર સરખી છે. કોંગ્રેસની પ્રગતિ એ મારા જીવનનું દર્શન. પણ કોંગ્રેસ પ્રત્યે ગાંધીજી આવ્યા ત્યાં સુધી લગીરે નિષ્ઠા નહોતી. ધીમે ધીમે મારો ઉન્માદ ઓછો થયો. આજે કોંગ્રેસના સંસ્થાપકો પ્રત્યે તિરસ્કાર રહ્યો નથી. ઉલટો આદરભાવ છે. હિન્દુસ્તાની સંસ્કૃતિ હું જોતો થયો છું એમાં કોંગ્રેસનો હિસ્સો ઓછો નથી.

૧૮૫૭ ની સાલને અંતે ઘણા માણસો નાસીપાસ થઇને સંન્યાસી થયા. રશિયનો કહે છે કે Religion is the opiate of people. આત્મહત્યા કરવાને બદલે લોકો સંન્યાસી થઈ જાય એ હતપ્રભ દશા મેં જોઇ હતી. પછી જુનો ચીલો ભૂલીને નવો ચીલો પાડવા તરફ દેશ વળ્યો. પણ ગુરુ મળ્યા અંગ્રેજ. આપણે બંધારણને માર્ગે વળ્યા. પછી લિબરલ, પછી રેડિકલ, પછી નેશનાલિસ્ટ, પછી લેબર એમ ક્રમ ચાલ્યો. ફ્રાંશિઝમમાં પણ કંઇ દૈવત હશે એમ લાગ્યું. કોમ્યુનિઝમ તરફ પણ વળ્યા. આપણે કાં તો દેશબહાર ગુરુ શોધવા ગયા અથવા તો ભૂતકાળમાંથી લઇ આવ્યા. પણ મેં એકવાર કહ્યું હતું તેમ ભૂતકાળ એ ઉત્તમ ખાતર છે, ખોરાક નથી.

(અનુસંધાન પૃષ્ટ ૫૭ જુઓ.)

એરણની ચોરી અને સોયનું દાન

અત્યારની લડાઈની કારમી મોંઘવારીએ બધી વસ્તુઓ મોંઘી કરી દીધી છે; દરેક વસ્તુના ભાવ અનેકગણા વધારી દીધા છે; જીવનનું ધોરણ અતિ ઉચ્ચ કરી દીધેલ છે; આ કારણે અનેક માનવીઓને એક ટાણું જમીને સુધ્ધ જવું પડે છે; લાખો માણસો અને સ્ત્રીઓને લંગોટીભર આંટા મારવા પડે છે; જ્યાં જુવો ત્યાં બધી વસ્તુઓની અછત અને અછત જ દેખાય છે; અત્યારે માત્ર એકજ વસ્તુની છત દેખાય છે.— દાનની અને દાતાઓની.

પ્રશ્ન એ છે કે આ બધી વસ્તુઓની અછતમાં દાતાઓની છત કેમ સંભવે? જવાબ સ્પષ્ટ છે, અત્યારની લડાઇએ દરેક વસ્તુના મોં માગ્યા ભાવ અપાવ્યા છે. માનવી જીવે કે મરે તેની પરવા કર્યા વિના ડૉક્ટર મરણ પથારીએ પડેલ માનવી માટે જોઇતા ઇન્જકશનના ભાવ મોમાગ્યા માગે છે; બહુજ કિમતી ભાવ હોવાથી દરદી તે ઇન્જકશન લઇ ન શકે અને તેથી આ લોક ત્યજીને ચાલ્યો જાય તો તેની તેણે શા માટે પરવા કરવી જોઇએ? જ્યાં સુધી કર્મના બંધન છે ત્યાં સુધી તો તે એક દેહ છોડીને બીજો દેહ ધારણ કરવાનો જ છે તો પછી આ દેહ કે બીજા દેહની કાળજી રખવાની શી જરૂર છે? અને આત્મા અમર છે એ તો પૂરવાર થઇ ગયેલ સર્વદા સત્ય કથન છે તો પછી તેવી ક્ષણિક દેહની રક્ષા અર્થે ઇન્જકશનના વ્યાજબી ભાવ લેવાની દરકાર કરવી એ વ્યવહાર કુશળતાની ખામી દેખાડવા જેવું નથી? વળી લડાઇ કાંઇ ફરી ફરીને થોડીક જ આવવાની છે? ૧૯૧૪ ની લડાઇ પછી ૧૯૩૯ ની લડાઇ આવી કેટલા બધા વર્ષો વીત્યે! અને હવે પછી શાંતિ સંઘની સ્થાપના થાય તો લડાઇ ફરીથી કદાચ થાય પણ નહી!! તો પછી નાણાંની વહી જતી નદીમાંથી ખોબે ખોબે, અને બની શકે તો ડોલે ડોલે પાણી શા માટે ભરી ન લેવું? આ માન્યતા અત્યારે વ્યાપારી જગતમાં પ્રવર્તતી સ્પષ્ટ માલૂમ પડે છે; દવાનો વ્યાપારી હોય કે અનાજનો, ગમે તે વ્યાપારી હોય પરંતુ તે મોં માગ્યા ભાવ લઇ રહેલ છે અને "કાલે આના કરતાં પણ ભાવ વધી જશે" એ બીકે જનતા મોં માગ્યા દામ આપી રહી છે. આનું પરિણામ એ આવ્યું છે કે મોટા ભાગની આમ જનતા અત્યારે આર્થિક સંકડામણમાં ભીંસાઇ રહી છે. એક બાજુ ધનના ઢગલા અને બીજી બાજુ બટકું રોટલો મેળવવાના ફાંફા—આ સ્થિતિ વર્તમાન લડાઇએ ઉપસ્થિત કરી છે; લડાઇની પૂર્ણાહુતિ થવા છતાં આ કારમી મોંઘવારીનો અંત કયારે આવશે તે કોઇ કલ્પી શકતું નથી. આ સ્થિતિનો લાભ લેવા ઘણી ખરી કેળવણી સંસ્થા જેવી પારમાર્થિક સંસ્થા પણ ચૂકી નથી; તે સંસ્થાઓ પણ અનેકગણા ફીના ભાવ વધારી મૂકી કાળા બજારને પોતાનો સહકાર આપવાનું ચૂકી નથી!!

આ સ્થિતિમાંથી અત્યારે "દાન અને દાતાઓ"ની છત જન્મવા પામી છે. પહેલેથી જ એ સ્પષ્ટતાની જરૂર છે કે દાનની પદ્ધતિને વિકારવા અગર તો દાતાઓને દાન કરતાં અટકાવવાનો આ લખાણનો ધ્વનિ નથી, દાતાઓ દાનની નદી વહેવડાવે એ ઇચ્છવા યોગ્ય છે; તેની વિરુદ્ધ એક પણ શબ્દ કોઇ બોલી શકે તેમ નથી; પરંતુ તદ્દન જુદી જ વસ્તુસ્થિતિ તરફ ધ્યાન ખેંચવાનો આ લખાણનો ઉદ્દેશ છે.

એક જ પ્રશ્ન પૂછવાનો છે: દાતાઓએ દાનની રકમ એકઠી કરી કેવી રીતે? આ એક જ પ્રશ્ન વિચારણીય છે. જો વ્યાપારમાંથી મેળવેલ લખલૂટ નફાને લીધે કોઇનો વિકાસ રૂંધાઇ ગયો હોય, કોઇનું જીવન બરબાદ થઇ ગયેલ હોય અગર તો કોઇના બૈરાં છોકરાં રખડી પડયા હોય તો તેવા નફામાંથી કરેલ દાનનો કાંઇ પણ અર્થ છે ખરો? દાતા તરીકે સફેદ આરસપર કાળા અક્ષરે નામ કોતરાવી છાપામાં મોટા અક્ષરે નામ પ્રગટ કરાવી અગર તો અન્ય રીતે પ્રસિદ્ધિ કરાવી, ગર્વ અને ગૌરવ લેવાની લાયકાત તે દાનમાં રહેલી છે ખરી? તે પ્રકારના દાનને દાન ગણી શકાય કે કેમ એ એક ચર્ચાસ્પદ પ્રશ્ન છે.

સમાજ પાસે આ એક જ વસ્તુસ્થિતિ ખડી થાય છે. જો આપણામાં પરોપકાર વૃત્તિ હોય, બીજાઓનું દુઃખ ઓછું કરવાની ખેવના હોય અને આપણા નફામાં બીજાને તેમની નરી જરૂરીયાત પુરતું આપવાની ભાવના હોય તો પછી "સીદીભાઇના ડાબા કાન"ની માફક આવો ભૂલભૂલામણીભરેલો દાનનો રસ્તો લેવાની કશી જરૂર નથી.

આપણામાં કરૂણા હોય તો સૌથી પ્રથમ આપણે આપણા ઘરમાં નજર કરવાની જરૂર છે: સૌથી પ્રથમ આપણે આ ખાત્રી કરવાની જરૂર છે કે આપણો ઘાટી ઓછા પગારને પરિણામે એક વખત જમતો નથીને? આપણી પેઢીના માણસો પૈકી કોઇનું દીલ આપણા કારણે ગેરવ્યાજબી રીતે દુઃખાતું નથી ને? આપણા માણસો પાસેથી જેટલું કામ લેવાય છે તેટલા પ્રમાણમાં તેને પગાર અપાય છે કે કેમ? જે પૈસો આપણે એકઠો કર્યો છે તે આપણા હાથ નીચેના માણસોના પગારમાં ચૂસણ નીતિ વાપરીને અગર તો અન્યના પેટ ઉપર પાટું મારીને કરેલ નથી ને? આ વસ્તુ આપણે સૌથી પ્રથમ જોવાની જરૂર છે. અને આપણને પ્રમાણિકપણે ખાત્રી થાય કે આપણા ઘરના અને દુકાનના નોકરો સર્વ રીતે સંતોષાયેલા છે, બીજે નોકરી ન મળવાને કારણે નહી, પરંતુ માલીકના પૂરતા સંતોષને કારણે તે નોકરી કરી રહ્યા છે તો પછી આટલી ખાત્રી કર્યા પછી આપણે આપણો ઉદાર હાથ લંબાવવાની અને 'દાની' તરીકે જાહેર થવાની લાયકાત કેળવી ગણાય. ત્યારે જ આપણે દીધેલા દાનને દાન તરીકે વર્ણવી શકાય; પરંતુ જો આપણને આપણું હૃદય ઉડાણમાં ઠપકો આપતું હોય કે એકઠા થયેલા પૈસામાં અનેકના કરૂણ આંસુ સમાયેલા છે, અનેકના જીવન વિકાસ રૂંધાયેલા માલૂમ પડે છે તો તે પૈસામાંથી કરેલું દાન એ દાન નથી, પરંતુ લાંચ છે. દુનિયા આપણને ઉઘાડા ન પાડે, તે માટે સમાજ તરફ આપણે લાંચનો બટકું રોટલો ફેંકી રહ્યા છીએ. જે સંસ્થાને આ દાન અપાય છે તે સંસ્થા તેની વાહવાહ બોલે છે, સફેદ આરસ પર કાળા અક્ષરે દાતા તરીકે તેનું નામ જાહેર કરે છે અને તેની વાહવાહના ઉહાપોહમાં ગરીબોની કરૂણ હાય સંભળાતી બંધ પડે છે. અત્યારે એ સ્થિતિ આવી પહોંચી છે કે દાની તરફ ઉપકૃતતાની દૃષ્ટિએ જોતા પહેલાં દાનની રકમ કયા સંજોગોમાં અને કયા સાધનો વડે પ્રાપ્ત થયેલ છે તે પ્રથમ તપાસવાની જરૂર છે. પ્રમાણિકપણે રૂપિયે કમાતા મજુરનું એક પાઇનું દાન એ વિનાશ્રમે મેળવેલા લાખો રૂપિયાના દાન કરતાં અનેકગણું ચડિયાતું છે—એ સિધ્ધાંતને દાનના ક્ષેત્રમાં અપનાવવાની અત્યારે અનિવાર્ય અગત્ય ઉભી થઇ છે. દુનિયાની અંદર શ્રીમંત પૂજ્ય નહિ, પરંતુ સ્વાશ્રયી વધારે વંદનીય છે એ સૂત્ર સ્વીકાર્યા વિના છૂટકો નથી.

દાની દાન કરીને દાન કર્યાનો સંતોષ લઇ શકે એ એક વસ્તુ છે અને જ્યાં એરણની ચોરી અને સોયનું દાન હોય ત્યાં સોયના દાનને દાન કહી શકાય કે કેમ એ તદ્દન જુદો જ પ્રશ્ન છે. આજ દૃષ્ટિબિંદુને લક્ષ્યમાં રાખીને બાયબલ કહે છે કે "જો સોયના કાણામાંથી ઊંટ પસાર થઇ શકે તો સ્વર્ગના દ્વારમાંથી પૈસાદાર પસાર થઇ શકે." અનેકના જીવન વિકાસ રૂંધીને જે પૈસાદાર થયા હોય તેને—બીજાને નહિ—આ શબ્દો લાગુ પડે છે.

શાસ્ત્રમાં દાનનું મહાત્મ્ય ખૂબ દર્શાવવામાં આવ્યું છે; પરંતુ તેનો અર્થ એમ નથી કે By hook or crook યેન કેન પ્રકારેણ એકઠા કરેલ નાણાનું દાન કરવાથી શાસ્ત્રમાં દર્શાવ્યા પ્રમાણે સ્વર્ગમાં જવાનો પરવાનો મળી જાય છે. શાસ્ત્રમાં દાનની જે મહત્તા દર્શાવાણી છે તે તો પ્રમાણિકપણે પ્રાપ્ત કરેલ પૈસામાંથી કરેલ દાનને લાગુ પડે છે; અન્યથા તો બાયબલના જ વચનો બાદ કરવાના રહે છે.

અત્યારનો સમાજ એમ ગર્વ લેવા તૈયાર બને કે અગાઉ કરતાં અત્યારે અનેક ધર્માદા સંસ્થાઓ સારા પાયાપર સ્થપાણી છે; પરંતુ એ ધર્માદા સંસ્થાની ઉત્પત્તિ અને અગત્ય જ શાહીવાદ અને સડીવાદે ઉભી કરેલ છે. સૌ કોઇ પ્રમાણિકપણે મહેનત કરી શાસ્ત્ર મુજબ નક્કી થયેલ નફો મેળવતું રહે તો ધર્માદા યા અન્ય સંસ્થાઓની અગત્ય ઘટવા લાગશે એમ દેખાઈ આવતું નથી? અત્યારે અનેક વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકો ફ્રી મળે અને સ્કુલ ફ્રી આપવામાં આવે તેની જરૂરીઆત જણાય છે; દાની દાન આપી વિદ્યાર્થીની જરૂરીઆત પૂરી પાડવા પ્રયત્ન કરે છે, પરંતુ પ્રશ્ન એ છે કે દાતાઓની સંખ્યા આટઆટલી વધવા છતાં અને દાનનો આંકડો લાખો અને અબજોએ પહોંચતાં છતાં "મદદ" અને "રાહત"ની માગણીઓ ઘટવાને બદલે વધતી કેમ માલુમ પડે છે? કોઇ પણ ધર્માદા સંસ્થા અગર તો રાહત સંસ્થા બધાની માગણી પૂરી કર્યાનો સંતોષ લઇ શકતી નથી. તેનું કારણ શું? આ દુઃખદ વસ્તુસ્થિતિનો ઉકેલ લાવવા આપણે પ્રયત્ન કરીશું તો આપણને લાગ્યા વિના નહિ રહે કે દાનના મોટા ભાગમાં "ઐરણની ચોરી અને સોયનું દાન" સમાયેલું છે! આ કડક છતાં નગ્ન સત્ય છે!

આ દુઃખદાયક વસ્તુસ્થિતિનું કાયમી નિરાકરણ આ જ રીતે થઈ શકે તેમ છે. જો પાઠય-પુસ્તકોના અને સ્કૂલ ફીના કાળા બજાર કરવામાં ન આવે-તેવી જ રીતે અન્ય વસ્તુના પણ કાળા બજાર ઉભા ન થાય તો પછી પાઠય-પુસ્તકો અને સ્કૂલ ફી માટે દાતાની કે દાનની જરૂર જ ક્યાં છે? એક ભાઇ સાધારણ સંજોગોમાં છે; તેને કિમતી દવાની જરૂર પડી; તે ભાઇ કાળા બજારની કિમત ન ખરચી શકે તેટલા માટે તેને રાહત સંસ્થા પાસે જવાની અગત્ય ઉભી થાય, પરંતુ આપણને સૌને નથી લાગતું કે આ પ્રણાલિકા ઉંધી છે? દવાનો વેપારી કાળા બજાર ન કરે અને માલનો સંગ્રહ કરી અછત ન દેખાડે તો રાહત સંસ્થાની અગત્ય ક્યાં ઉદ્ભવે છે? જો જીવનની એકેએક જરૂરીઆત હિંદીઓના જીવનના સરાસરી ધોરણે મળતી હોય, શારીરિક અને માનસિક વિકાસના સાધનો સર્વ સુલભ હોય તો દાતાઓ અને દાનની અત્યારે જણાય છે તેટલી અગત્ય ક્યાં રહે છે!

અલબત્ત તેથી દાતાઓની મહના ઓછી થઇ જશે; ઇશ્વરનો ડર રાખીને ભાવ લેવાથી મોટા અક્ષરે છાપામાં નામ પ્રગટ થવાપણું રહેશે નહિ, પરંતુ સાથે સાથે એટલું પણ ચોક્કસ છે કે ઉધાર બાજુમાં કળકળાટ મંડાવીને જમે બાજુએ દાતા તરીકે જાહેર થવા કરતાં માનવીઓના મૂક આશીર્વાદ લેવા એ વધારે ઇચ્છવા યોગ્ય છે.

વિધવા સહાય, લુલા, લંગડા અને પાંગળાને માટે અનાથાશ્રમો વગેરે જરૂરીઆત અનાદિ કાળથી જણાતી આવી છે અને જણાવાની, પરંતુ અત્યારે જે અનેક સંસ્થાઓની જરૂરીઆત વધવા લાગી છે તે "ઐરણની ચોરી અને સોયના દાન"નું પરિણામ છે. અને જ્યાં ઐરણની ચોરી હોય ત્યાં સોયનું દાન (સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો લાંચ) સ્વીકારીને જનતા આ જાતની પદ્ધતિને શા માટે ઉત્તેજી રહી છે? એ એક વિચારણીય પ્રશ્ન નથી?

દાનની આ પ્રથાનો આ પ્રમાણે વિચાર આપી શકાય. આજુબાજુમાં પચીસેક કુવા છે; બધા કુવામાં જતી પાણીની સરવાણી બંધ કરવામાં આવે અને બધી સરવાણીનું વહેન એક મોટા કુવા તરફ વાળવામાં આવે તો દેખીતું છે. કે મુખ્ય કુવામાં પાણી છલકાય, પરંતુ સાથે સાથે અન્ય કુવાનું તળીયું દેખાવા લાગે એ તેનું સ્વાભાવિક પરિણામ છે. આ સમયે મુખ્ય કુવો બધી જગ્યાએ પાણીના પરબ શરૂ કરવાની ઉદારતા દાખવે તો તે કેટલે અંશે ઉદારતા ગણી શકાય? માટલા ભરીને શરૂ કરેલું આ પરબ બધા કુવા ઉપર નભતા તૃષિતોને સંતોષ આપી શકે ખરું? એક માટલું ખાલી થાય, ત્યારે તે ભરવાની માગણી કરવાની રહે ને? આ જાતની પરતંત્રતા ભરેલી પદ્ધતિને કઇ રીતે ઉત્તેજન આપી શકાય? એક દૃષ્ટિએ મુખ્ય કુવો પોતાના પાણીમાંથી અન્યને સંતોષ્યાનો ગર્વ લઇ શકે ખરું, પરંતુ તેનું મૂળ તપાસવા જઇએ તો આપણને લાગ્યા વિના રહેશે કે તે પદ્ધતિ ઐરણની ચોરી ને સોયનું દાન કરવા બરાબર છે.? જો સૌને સંતોષવા હોય, સમાનતા કેળવવાની તમન્ના હોય તો બધા કુવાની સરવાણી બંધ કરી, એક કુવામાં કેન્દ્રીત કરી. સારાયે જનસમાજને પરતંત્ર બનાવવાની શી જરૂર છે? આ પધ્ધતિ અત્યારે વર્તમાન અર્થશાસ્ત્રમાં પ્રવર્તી રહી છે. આથીજ ગમે તેટલી રાહત સંસ્થાઓ ઉભી થાય છે, છતાં પણ દુનિયામાં કંગાલીયત અને બેકારી ઓછી થવાને બદલે તેમાં અભિવૃધ્ધિ થતી માલૂમ પડે છે; અત્યારે અર્થશાસ્ત્ર અવ્યવસ્થિત થઇ રહેલ છે અને તેથીજ 'સર્વ' પોતાની શારીરિક અને માનસિક વિકાસની નરી જરૂરીઆત પૂરી પાડી શકે' તેવું અર્થશાસ્ત્ર રચવાની ખાસ અગત્ય જણાવા લાગી છે.

પરંતુ બગડેલી વસ્તુ સુધારવી અતિ કઠિન છે; એક વખત ચુંચવાયેલ કોકડું ઉકેલતા જમાનો જાય છે. તેને મૂળમાંથીજ ઉખેડયા વિના તેનો સંતોષકારક ઉકેલ આવતોજ નથી. આ સ્થિતિમાંથી જ રશિયાનો સામ્યવાદ જન્મ્યો. હિંદને પણ સામ્યવાદ કે સમાજવાદ કે પોતાને યોગ્ય અન્યવાદ ઉત્પન્ન કરવાનો રહેશે. અત્યારની શોષણનીતિ દુર કરવાનો આજ રસ્તો છે; તે સિવાય અન્ય રસ્તા લેવા તે થીગડા મારવા બરાબર છે. સ્વતંત્ર હિંદને સૌથી પ્રથમ આ કોકડું ઉકેલવાની જરૂર પડશે, અને અર્થશાસ્ત્રને વ્યવસ્થિત કરવા માટે કોઇપણ વાદને જન્મ આપવો પડશે.

મહાસુખલાલ દેસાઇ

માયાવાદ અને ગરીબીનું ગૌરવ

પહેલે દિવસે ગાંધીજીએ કહ્યું કે, "અત્યારે ગવાયેલા ભજનમાં સંસારને દુઃખોનો દરિયો કહ્યો છે, તે તદ્દન યથાર્થ છે. એક ઇશ્વરની કરૂણા વડે જ આપણે એ બધાં દુઃખોનો સામનો કરવાને સમર્થ થઇએ છીએ. પણ પછીથી કવિએ આગળ વધીને દુનિયાને માયા તરીકે અને સ્વપ્ના તરીકે ઓળખાવી છે. આ ક્ષણભંગુર અસ્થિર સંસારમાં જ્યાં દરેક વસ્તુ એક પછી એક આવતી અને થોડી વારમાં હવામાં ઓગળી જતી ઝાંખી આકૃતિઓની પરંપરા જેવી હોય છે, ત્યાં આનંદ, અથવા માણસ જેને સુખ કહી ઓળખાવે છે તે પદાર્થ સ્વાપ્નું જ હશે શું, સાચે જ સ્વાપ્નું છે. પણ આપણાં જ જેવાં પ્રાણીઓને પડતાં કષ્ટો અવાસ્તવિક છે એમ કહીને તેમની વાત મનમાંથી કાઢી નાંખી, આપણી નૈતિક જવાબદારીમાંથી અળગા રહેવાનું આપણે બહાનું ન બતાવીએ. અરે, સ્વપ્નાં પણ ચાલે છે તેટલા વખત પૂરતાં સાચાં હોય છે. અને જેને કષ્ટ વેઠવું પડે છે તેને મન પોતાનું કષ્ટ એ જ કઠોર સત્ય છે. એ ગમે તેમ હો, દુનિયા વાસ્તવિક હો યા માયા હો, આ સંસારમાં આપણે વસીએ છીએ, ત્યાં સુધી જીવનમાં આપણી કેટલીક ફરજો છે, જેમને હિંમતથી બરાબર સમજીને તેમ જ ઘટતી રીતે પાર ઉતારવી જ જોઇએ."

બીજા દિવસનું પ્રવચન, "ગરીબીના ગૌરવ"ના વિષય તરફ વળ્યું. પ્રાર્થનામાં જે ભજન ગવાયું તેમાં કવિએ કહ્યું હતું કે, ઇશ્વર પોતે ગરીબનો બેલી અથવા મિત્ર છે. આ વિષે વિવેચન કરતાં ગાંધીજી બોલ્યા કે, "આપણા દેશમાં ગરીબીનું પણ એક પ્રકારનું ગૌરવ છે. એક જાતનો મોભો છે. અહીં ગરીબ પોતાની ગરીબીથી શરમાતો નથી. તવંગરનાં મહેલ કરતાં પોતાની ઝૂંપડીને તે વધારે ચાહે છે, અરે, તે ઝૂંપડીને વિષે અભિમાન પણ રાખે છે. દુનિયાના ભૌતિક પદાર્થોની માલિકીની બાબતમાં ગરીબ હોવા છતાં, તે દીલનો અથવા આત્માનો દરિદ્રી નથી. સંતોષ તેની સંપત્તિ છે. 'આપણે સૌ તો તવંગર નથી થઇ શકતા, તો ચાલો, કંઇ

નહી તો તવંગર લોકોના મહેલો તોડી પાડી, તેમનેય આપણા જેવા બનાવી દઇએ !' એમ ગરીબ માણસ પોતાના મનમાં વિચારે પણ ખરો. પરંતુ, એ રસ્તે ન તો તેમને, ન બીજા કોઇને સુખ છે, અને ઇશ્વર તો આવો વિચાર કરનાર ગરીબનો બેલી કે મિત્ર ખસૂસ ન થાય. ભૌતિક પદાર્થો સૌને એક સરખાં પ્રમાણમાં નથી મળતા એ દૃષ્ટિથી વિચારીએ, તો ગરીબી દુનિયાના દરેક ભાગમાં જોવાની મળે છે. અમુક પ્રમાણમાં આ સ્થિતિ અનિવાર્ય લાગે છે, કેમ કે સૌ માણસો પોતપોતાની કુદરતી બક્ષિસોની અથવા પોતપોતાની જરૂરિયાતોની બાબતોમાં સરખાં નથી. ખુદ અમેરિકા, જે કોઇ દંતકથાની વાર્તા જેટલો તાલેવંત મુલક ગણાય છે અને જ્યાં ઇશ્વરને સ્થાને પૈસાને પરમેશ્વર ગણીને બેસાડવામાં આવેલો છે, ત્યાં પણ ઘણાં ગરીબ લોકોની વસ્તી છે. પારસી કવિ ભલબારીએ એક વખત બાદશાહ શાહઆલમનાં સગાંને રંગૂનની શેરીએ શેરીએ ભીખ માંગતા દીઠા હતા. એ વિષે તેમણે એક સરસ કવિતા લખી છે, જે મારા દિલમાં સોંસરી ઉતરી ગઇ છે. તે કવિતાની મતલબ એવી છે કે, જેનો મિત્ર અથવા બેલી ઇશ્વર છે, તે જ એક સાચો સંપત્તિવાળો છે. હિંદુસ્થાનમાં માણસનો એવા પ્રકારનો ખાસ નમૂનો જોવાનો મળે છે જે પોતાની જરૂરિઆતો બની શકે તેટલી ઓછી રાખવામાં આનંદ માને છે. તે પોતાની પાસે માત્ર મૂઠી લોટ, અને ચપટી મીઠું ને મરચું રાખી એક કકડામાં બાંધીને ફરે છે, કુવામાંથી પાણી ખેંચીને પીવાને માટે તે ખભે દોરી લોટો ભેરવીને ચાલે છે, બળતણને માટે થોડા ઝાડનાં સુકાં ડાળખાં આમ તેમથી વીણી લઇ તેની ધુણીનાં અંગારા પર પોતે બાંધેલા લોટને શેકી લે છે. આ રીતે શેકાયેલા લોટને બાટી કહે છે. મેં તે ચાખી છે. મને તે ઘણી સ્વાદિષ્ટ લાગી છે. સ્વાદ સાચું જોતાં ખાવાની વાનીમાં નથી; પ્રમાણિક મજુરી અને મનનો સંતોષ જે ભૂખ લગાડે છે; તેમાં રહેલો છે. આવા માણસનો સાથી કે બેલી અને મિત્ર ઇશ્વર છે, અને તે પોતાને કોઇ રાજા કે બાદશાહથીયે વધારે શ્રીમંત માને છે. જે લોકો અંદરથી બીજા લોકોની સંપત્તિની તૃષ્ણા રાખી તેમની અદેખાઇ કરે છે, તેમનો ઇશ્વર કદી મિત્ર થતો નથી. સૌ કોઇ આ ઉદાહરણ મુજબ ચાલીને જાતે અનિર્વચનીય સુખ અને શાન્તિનો અનુભવ કરી બીજા લોકોને તે સુખ અને શાન્તિનો મીઠો પ્રકાશ પહોંચાડી શકે છે. એથી ઉલટું, કે કોઇ પૈસાની તૃષ્ણામાં ને તૃષ્ણામાં તેની પાછળ પડે છે, તેને ગમે તે રૂપાળાં નામે પણ બીજાને લૂંટ્યા કે ચૂસ્યાં વિના છૂટકો નથી. અને એ બધું કરવા છતાં દુનિયાના કરોડો તો કદી લક્ષાધિપતિ થવાના નથી. સાચું સુખ કેવળ સંતોષ અને ઇશ્વર સાથેની સતત મૈત્રીમાં સમાયેલું છે."

'હરિજન બંધુ' માંથી **પ્યારેલાલ**

આ માર્ગ શાન્તિનો નથી.

(થોડા સમય પહેલાં પેસીફીક મહાસાગરમાં આવેલ 'બેકીની' નામના ટાપુ પાસે અમેરિકાએ-એટલે કે યુનાઇટેડ સ્ટેટ્સે અણુબોંબનો એક અખતરો કર્યો હતો. આ સંબંધમાં પંડિત જવાહરલાલ નહેરૂએ આપણા સર્વના દિલમાં ઉપજેલા પ્રત્યાઘાતને પ્રતિધ્વનિત કરતું નીચે મુજબનું નિવેદન પ્રગટ કર્યું હતું.)

"જે જાહેરાતની ચેલ્લા માટે અમેરિકા જાણીતું છે તે જાહેરાતના ઢોલ નગારાં સાથે એટમબોંબને લગતો અખતરો જે રીતે કરવામાં આવ્યો છે તે રીત ભારે કઠણ અને વિચિત્ર લાગે છે. સાધારણ રીતે યુદ્ધકચેરી પોતે શોધેલ ગુપ્ત શસ્ત્રોની જાહેરાત ન કરતાં ખાનગી રાખવા પ્રયત્ન સેવે છે. સંભવ છે કે આવો અખતરો જોઇએ તેટલો ગુપ્ત રહી શકે તેમ નહિ હોય. તેમ છતાં પણ જો કોઇ ચોક્કસ કારણ ન હોત તો આ અખતરાને આટલી બધી પ્રસિદ્ધિ આપવાની જરૂર સ્વીકારવામાં આવી ન હોત. આમ કરવામાં શું હેતુ રહ્યો હશે ? એ ચોક્કસ છે કે અમેરિકા પોતાની આ નવી તાકાતનું જગતના અન્ય રાષ્ટ્રોને સ્પષ્ટ ભાન કરાવવા માંગે છે અને તે દ્વારા ચેતવણી આપવા ઇચ્છે છે કે જે રાજ્ય કે પ્રજા અમેરિકાના માર્ગમાં અન્તરાય નાંખશે તેનો નાશ આટલી સહેલાઇથી કરી દેવામાં આવશે. આ અખતરો ચેતવણીરૂપ છે તેમ જ ધમકીરૂપ છે. 'યુનો' અને મોટા રાજ્યોના પરદેશખાતાના પ્રધાનો અમેરિકામાં બેસીને વિશ્વશાન્તિ માટે જે સંતલસ કરી રહ્યા છે તેની પાછળ નરી વાસ્તવિકતા શું છે તેનો આ અખતરો સ્પષ્ટ નિર્દેશ કરે છે, અને આગામી ત્રીજા વિશ્વયુદ્ધની આ અખતરો અમંગળ આગાહી આપે છે.

વિશ્વશાન્તિનો પાયો નાંખવાની આ રીત નથી તેમ જનતાના જે ભયમાંથી જ ઘણી વખત સંહારક યુદ્ધનું નિર્માણ થાય છે તે ભય ટાળવાનો પણ આ ઉપાય નથી. એ ચોક્કસ છે કે આ પ્રકારના ભયદ્વારા રાષ્ટ્રો અને પ્રજાઓ વિશેષ અને વિશેષ શસ્ત્રીકરણ પ્રતિ દોરાશે અને આ કે આથી વધુ ભયાનક શસ્ત્રોની શોધ માટે વલખાં મારશે.

વિશ્વશાન્તિ દૂર ને દૂર જતી જાય છે, એ સ્વપ્ન નિષ્ફળ જતું આવે છે, અને માનવજાત પોતાના વિનાશ પ્રતિ ધસડાયે જાય છે. અણુબોંબની શોધ વિશ્વના વિનાશ માટે જ થઇ છે, પણ હજુ સુધી એવો કોઇ બોંબ શોધાયો નથી કે જે પોતાના રાષ્ટ્રની જ ઉન્નતિના જુનાં સામ્રાજ્યવાદી ખ્યાલોમાં જ હજુ સુધી ઘુમ્યા કરતા સ્વાર્થી દુંકી દ્રષ્ટિવાળા આજના રાજકીય નેતાઓને સ્પર્શી શકે તેમ હોય. સ્વાતંત્ર્ય ચતુષ્ટયના પાયા ઉપર જગતનું સર્વાંગસુંદર નવનિર્માણ થશે એવી આપણે ઘણી ઘોષણાઓ સાંભળી છે, પણ જનતા સમક્ષ હજુ સુધી જે સ્વતંત્રતા ધરવામાં આવી છે તે તો કેવળ મરવાની અને પોતાના પુરચે પુરચા ઉડાડી દેવાની સ્વતંત્રતા છે અને આ બધું જનતાની આઝાદી અને સ્વાતંત્ર્યને ચતુષ્ટયના નામે થઇ રહ્યું છે.

શું શબ્દો પોતાના અર્થ ગુમાવી બેઠા છે અને જનસમાજે પોતાના સર્વ ઉચ્ચ ધ્યેયો ફુગાવી દીધા છે ? કારણ આજે જે માર્ગે દુનિયા ચાલી રહી છે તે માર્ગ નર્યા ગાંડપણથી ભરેલો છે અને આજે જે માનવીઓ વિશ્વના રાજકારણ ઉપર સ્વામિત્વ ધરાવી રહ્યા છે તેઓ ભયંકર સ્વાર્થસાધુઓ છે અને હરામખોરી, દુષ્ટતા અને અહંકારથી એટલા બધા ઓતપ્રોત છે કે પોતાની દુંકી સમજ અને સ્વાર્થ ખાતર માનવ જગત ઉપર લોહી, આગ અને વિનાશ નોતરતાં તેઓ લેશ માત્ર અચકાય તેમ નથી.

ખાસ કરીને જ્યારે વિજ્ઞાનની શોધદ્વારા પોતાને જોઇતાં સર્વ સુખ અને સગવડોને અવિશ્રાન્ત શ્રમ અને તપસ્યા બાદ જનતા પોતાની આટલાં સમીપ લાવી શકેલ છે ત્યારે પણ આટલી હદ સુધીના ગાંડપણને જનતા નભાવી લે છે એ ભારે આશ્ચર્યજનક અને શરમ નિપજાવનારૂં છે. સુખ, શાન્તિ, સહકાર અને જગતના લોકોનું સાર્વત્રિક કલ્યાણ હાથવેંતમાં આવેલાં જોઇને, સંભવ છે કે, સ્વર્ગના દેવોને માનવી જાતના આ પરમ સૌભાગ્યની ઇર્ષ્યા આવી હોય અને તેથી જ તેઓ જગતના લોકોને આત્મવિનાશ તરફ ધસડી જતા હોય. ગાંડપણ અને મૃત્યુ એ જ આખરે માનવજાતના ભાગ્યમાં લખાયું છે કે બીજું કાંઇ સારૂં નિર્માણ થયેલું છે તે કોઇ પણ નિશ્ચિતરૂપે કહી શકે તેમ નથી. એ નિશ્ચિત છે કે અણુબોંબ એ વિશ્વશાન્તિનો અને સ્વાતંત્ર્યનો માર્ગ નથી. જે સત્તાગ્રહ પ્રમત્ત માનવીઓ જગતનો નાશ કરવાનું ધ્યેય લઇને બેઠા છે, જાતિ-અભિમાનપૂર્વક બીજાઓ ઉપર રાજ્ય ચલાવવા માંગે છે, અને બીજાઓ જ્યારે અનેક યાતનાઓમાંથી પસાર થતાં મૃત્યુનું શરણ શોધી રહ્યા છે ત્યારે તેમના ભોગે પોતે મોજમજા માણી રહ્યા છે તે માનવીઓનો સદાને માટે અન્ત લાવવાનું કાર્ય આ અણુબોંબ કરી શકે તો અણુબોંબની શોધ લેખે લાગી ગણાશે.

અનુવાદક : પરમાનંદ.

સન્માન સભા.

તા. ૩-૮-૪૬ શનિવારના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ સંઘના પ્રમુખશ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ મુંબઇની કોરપોરેશનમાં કોંગ્રેસની ભલામણ ઉપર ચુંટાયા અને સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી. શાન્તિલાલ હરજીવન શાહ હિંદનું ભાવી રાજ્યબંધારણ ઘડવા માટે ઉપરિથત કરવામાં આવેલી લોકપ્રતિનિધિ સભામાં ચુંટાયા તે તે કારણે ઉભય બંધુઓનું સન્માન કરવા માટે એક સભા બોલાવી હતી, જે પ્રસંગે કાર્યવાહક સમિતિની બહારના કેટલાક ગૃહસ્થોને પણ નિમંત્રણ આપવામાં આવ્યું હતું. શરૂઆતમાં શ્રી. પરમાનંદ કુંવરજી કાપડીઆએ શ્રી. ચીમનભાઇ તથા શ્રી. શાન્તિભાઇ સાથેના પોતાના અંગત સંબંધનો ઉલ્લેખ કરીને સંઘના આ બે અગ્રગણ્ય સભ્યો મુંબઇ શહેર તેમજ વિશાળ રાષ્ટ્રની સેવા થઇ શકે એવા વિશાળ ક્ષેત્રમાં વિશિષ્ટ અધિકારો પ્રાપ્ત કરે એ બીના સંઘના ગૌરવમાં ખુબ વધારો કરનારી છે એમ જણાવીને સંઘને કોમની સેવા સાથે રાષ્ટ્રસેવાના માર્ગે આગળ અને આગળ લઈ જવા બન્ને ભાઇઓને વિનંતિ કરી હતી અને ખાસ કરીને આજના સામાન્ય સ્થિતિના સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહને આગળ વધારવા માટે અને સમસ્ત જૈન સમાજની કેળવણીનું એક સાધનસંપન્ન વિશિષ્ટ કેંદ્ર બનાવવા માટે જરૂરી નાણાં એકઠાં કરવાની દિશાએ સંઘના મંત્રી શ્રી. મણિલાલ મોકમચંદ શાહે જે પ્રયાસ આદર્યો છે તેને પુરેપુરો સફળ બનાવવા માટે પોતપોતાની લાગવગનો પુરો ઉપયોગ આપવા બન્ને બંધુઓને ખાસ અનુરોધ કર્યો હતો. ત્યારબાદ શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ શ્રી. ચીમનભાઇ કોરપોરેશનની જે સભામાં તેઓ પહેલી વાર હાજર થયા તે સભામાં પોતાના પહેલી વખતના જ ભાષણથી તેમણે સૌ કોઇના દિલ ઉપર કેવી છાપ પાડી હતી અને એ રીતે પોતાની યોગ્યતા પુરવાર કરી આપી હતી તે વિષે તેમજ કોંગ્રેસ પાર્લામેન્ટરી કમીટીના મંત્રી તરીકે શાન્તિભાઇએ દાખવેલી કુશળતા વિશે કેટલુંક વિવેચન કર્યું હતું. ત્યાર બાદ શ્રી. ખીમચંદ મગનલાલ વોરા, શ્રી. ટી. જી. શાહ, શ્રી. મણિલાલ મોકમચંદ શાહ અને શ્રી. ચુનીલાલ કામદારે પ્રસંગોચિત વિવેચનો કર્યા હતાં અને ઉત્તર રૂપે શ્રી. શાન્તિલાલ શાહે કોંગ્રેસ સરકારનો વહીવટ, લોક પ્રતિનિધિ સભા, આજની રાજકારણી પરિસ્થિતિ વિગેરે બાબતોની ચર્ચા કરી હતી. અને શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે પોતાને જે કોઈ યોગ્ય કાર્યક્ષેત્ર દેખાય તે કાર્યક્ષેત્ર સેવા કરવાની ઇચ્છા ધરાવનારે ઝડપીને પોતાની શક્તિને પુરવાર કરવી જોઇએ અને એ રીતે દેશકાર્યને આગળ વધારવામાં પોતાની શક્તિનો ઉપયોગ આપવા તત્પર રહેવું જોઇએ, કામ પુષ્કળ છે, કામ કરનારા થોડા છે. યોગ્ય માણસો પાછળ પડી રહે અને ઓછી યોગ્યતાવાળા કે લાયકાત વિનાના માણસો અધિકાર સ્થાન ઉપર આવી બેસે એથી નથી પોતાને લાભ કે નથી દેશને લાભ—આ મુદ્દા ઉપર કેટલું વિવેચન કર્યું હતું અને બન્ને બંધુઓએ સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહના ફાળાને પુરો કરવા પોતાથી બનતું કરવાની ખાત્રી આપી હતી અને આવું સ્નેહસંમેલન યોજવા માટે સંઘની કાર્યવાહક સમિતિનો ઉપકાર માન્યો હતો અને પુલપાન સમર્પણ અને અલ્પહાર બાદ સભા વિસર્જન થઇ હતી.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવકસંઘ.

ઉજળા વર્ગની ગુંગળામણ અને આપઘાતના કીસ્સાઓ

ચાલુ વપરાશની ચીજોના હદબહાર વધતા જતા ભાવોએ મર્યાદિત આવકવાળા તેમજ નોકરિયાત મધ્યમ વર્ગના કુટુંબોના જીવનનિર્વાહનો પ્રશ્ન અત્યંત વિકટ બનાવી દીધો છે. શું ખાવું, શું પહેરવું અને કેમ ટકવું એ સમસ્યા અનેક કુટુંબોને આજે પારાવાર ગુંગળાવી રહેલ છે. આજના સમાજને બે વર્ગમાં વહેંચી શકાય. એક સુસ્થિત વર્ગ અને બીજો એકદમ મુંઝાયલો વર્ગ, સુસ્થિત વર્ગમાં માત્ર ધનિકો જ નહિ પણ મજુરવર્ગનો પણ મોટે ભાગે સમાવેશ થઇ શકે તેમ છે, કારણ કે મજુરવર્ગના મજુરી દરો પુરતા પ્રમાણમાં વધેલા છે અને મજુર વર્ગના કુટુંબીજનોમાંના ઘણા ખરા રળતા હોય છે, જ્યારે મુંઝાયલા વર્ગમાં ઉજળા દેખાતા અનેક કુટુંબોનો સમાવેશ કરવો રહ્યો, કારણ કે આ કુટુંબમાં એક કમાનાર પાછળ સાધારણ રીતે ચાર પાંચ નાના મોટા માણસો નભતા હોય છે. એટલે પરિણામે વ્યક્તિગત રીતે ઠીક લેખાતી કમાણીવાળો અથવા પગાર મેળવતા અનેક માણસો આજે પોતાના કુટુંબને કેમ ટકાવવું એની ચોવીશે કલાક મુંઝવણ અનુભવતા હોય છે. ધનનો પ્રવાહ વહે છે ત્યાં ધનના ઢગલા થતા હોય છે. બીજી બાજુએ અનેક કુટુંબોની આવક જાવકના બે છેડા કોઇ રીતે એકત્ર થતા જ નથી. મુડી ખવાતી જાય છે; ઘરેણા ગાંઠા ખલાસ થાય છે અને પછી હવે શું કરવું એ મીહામણો પ્રશ્ન તેની સામે આવીને ઉભો રહે છે. શરમનો માર્યો તે હાથ લંબાવી શકતો નથી અને હાથ લંબાવે છે તો ઘણું ખરું જ્યાં જાય છે ત્યાં ધિક્કારો અને અપમાન પામે છે. આ મુંઝવણમાંથી આપઘાત—કુટુંબીઘાત—સિવાય ઉગરવાનો બીજો કોઇ ઉપાય નથી એમ તેને ભાસે છે. આપઘાતના વિચારો તેના ચિત્તને ઘેરી વળે છે અને આ રીતે આપણા સમાજમાં આજે આપઘાતના અનેક કીસ્સાઓ બનતા સાંભળવામાં આવે છે. આવી આજની પરિસ્થિતિમાં જેઓ સદ્‌ભાગ્યે નિશ્ચિન્તતાના ખોળે સુતા છે, જેના ધનભંડાર ધનવડે ઠીક ઠીક છલકતા હોય છે તે મને એક જ કર્તવ્ય પ્રાપ્ત થાય છે કે પોતાને પ્રાપ્ત થયેલી નિશ્ચિન્તતા પોતાના કોઇ પરમ પુરૂષાર્થનું નહિ પણ આજની વિષમ સમાજરચનાનું આકસ્મિક પરિણામ છે—એ દ્રવ્ય સંપત્તિને માણવાનો કે એ વિષે મલકાવાનો પોતાને જરા પણ વધારે હકક નથી. એમ સમજીને તેણે ચોતરફ નજર ફેરવતા રહેવું જોઇએ અને જ્યાં જ્યાં આજની આર્થિક મુંઝવણ જે કોઇ કુટુંબને ગુંગળાવતી—આપઘાત તરફ ધકકેલતી—નજર ઉપર આવે ત્યાં ત્યાં તે કુટુંબને જરૂરી રાહત તેમ જ શકય હોય ત્યાં અર્થોત્પાદક કોઇને કોઇ વ્યવસાય સુલભ કરીને તે તે કુટુંબને વિનાશના ગર્તમાં વિલીન થતું અટકાવવું. ચોતરફ નજર ફેરવતાં રહેવું, ખાનગી તપાસ કરતા રહેવું, જ્યાં જેટલી જરૂર હોય ત્યાં તેટલું દ્રવ્ય વેરતાં રહેવું અને એ રીતે અન્યના ભોગે પોતાને પ્રાપ્ત થયેલી સુખમય સ્થિતિનું પ્રાયશ્ચિત કર્યા કરવું—એ આજના સંપત્તિપ્રધાન વર્ગનો એક અને અનન્ય ધર્મ બને છે. એ વર્ગ પોતાનો આ ધર્મ ચૂકશે તો આજનો સમાજ ભાંગી જશે, માણસો મર્યાદા ગુમાવશે, નીતિ, વ્યવહાર, સભ્યતાના ખ્યાલો ભુલાઇ જશે અને 'બુભુક્ષિતः किं न करोति पापं' એ કથન અનુસાર આજના ધનવાનોની સુખ સંપત્તિ આવતી કાલે ભૂતકાળના સ્વપ્ના જેવી હતી ન હતી થઇ જશે. આ સર્વતોમુખી વિનાશમાંથી બચવાનો એક જ માર્ગ છે કે જ્યાં તંગી અને ગુંગળામણ નજરે પડે ત્યાં જરૂરી રાહત વિનાવિલંબે પહોંચતી કરીને દરેક સુખી કહેવાતો માણસ સાચું સુખ અને સારી નિરાંત પ્રાપ્ત કરે, અને એ રીતે પોતાને ત્યાં ઉતરેલી દૈવકૃપાને સાર્થક કરે.

પરમાનંદ.

કાકાસાહેબનું આત્મનિવેદન.

(અનુસંધાન પૃષ્ટ પર થી ચાલુ.)

હિન્દુસ્તાની સંસ્કૃતિ

કોંગ્રેસ પોતે હિન્દુસ્તાની સંસ્કૃતિની ઉપાસક હતી. હિન્દુ સંસ્કૃતિને વિકસિત કરીને હિન્દુસ્તાની સંસ્કૃતિ સુધી લઇ ગયા વિના છૂટકો નથી એ કોંગ્રેસે શીખવાડયું. આજે આપણી ને અંગ્રેજોની વચ્ચે જે અંતર છે તે એવું ભયાનક છે કે એમની પાસે છે તેવાં શસ્ત્રોથી લડવા જતાં આપણે ખલાસ થઇ જઇએ. આપણે જે નવું, આપણા અનુભવ અને જીવનનિષ્ઠામાંથી આવતું સ્વદેશી શસ્ત્ર શોધી કાઢીશું તો જ બચશું. નહિ તો સ્વરાજને આવતાં વર્ષો લાગશે.

પહેલાં વિજ્ઞાનને હતું કે બધા પ્રશ્નોના ઉકેલ પોતે જ આણી દેશે. પણ હવે એ ડાહ્યું ને ધ્યેયવાદી બન્યું છે. હવે એ આપણે માટે કંઇક અનુકૂળ છે.

વિશિષ્ટ સંસ્કૃતિએ રાજકર્તાઓની જે મનોદશા ઘડી હતી તે જોતાં આપણી કેટલીક રૂઢીઓને એમણે સાંખી શી રીતે લીધી એ પણ એક પ્રશ્ન છે. તોય વિધવાને જીવતી બાળવાનો ચાલ એ સાંખી ન જ શક્યા. એક વિધવાને બાળવાને તૈયાર થયેલાઓને લોર્ડ બેન્ટિંકે સંભળાવેલું કે તમે આ દેશમાં પ્રજા તરીકે છો તો હું રાજા તરીકે છું. તમે ભલે તમારી રૂઢિ પ્રમાણે પેલી વિધવાને બાળો; હું મારા દેશની રૂઢિ પ્રમાણે તમને ફાંસીએ લટકાવવાની તૈયારી કરાવું છું. તોય આપણને પાળવા દઇ શકાય તેટલી રૂઢિઓ અંગ્રેજોએ પાળવા દીધેલી.

પ્રગતિનું સરવૈયું

ધર્મતત્ત્વ જાળવીને સુધારો કરવો એ શીખ સ્વામી વિવેકાનંદે આપી. એની બેસંટ, દયાનંદ આદિએ પણ એ જ શીખવ્યું. મહાત્મા ગાંધીજીએ એ સવિશેષ શીખવ્યું. રાજા રામમોહનરાય, રાનડે, ભાંડારકર વગેરેનો ફાળો પણ નાનોસૂનો ન હતો. આજે ધર્મના દૃશ્યનમાં આપણે ખૂબ આગળ વધ્યા છીએ, અનુશીલનમાં શિથિલ છીએ તોપણ છેલ્લાં ૬૦ વર્ષમાં સરવાળે આપણે ખૂબ આગળ વધ્યા છીએ. ધર્મ, સમાજ સુધારણા, બુધ્ધિવાદ, સાહિત્ય એ સર્વમાં આપણે ઠીક પ્રગતિ સાધી છે. ગ્રામસંસ્કૃતિનો પુનરૂધ્ધાર થતાં આપણા હુન્નરઉદ્યોગોનો વિકાસ થશે; આપણી લલિત કળાઓ પણ વિકાસ સાધી શકશે. સાહિત્યનો આપણે ઘણો વિકાસ સાધ્યો છે છતાં હજી એની પ્રતિષ્ઠા કરી નથી. એ પણ કરશું એવી મને શ્રધ્ધા છે.

આસામને ભૂલશો નહીં

ગાંધીજી હિન્દુસ્તાનમાં આવ્યા તે પહેલાં હું ગુજરાતમાં આવેલો. સુરત કોંગ્રેસ પછી મને લાગ્યું કે ગુજરાતમાં મહારાષ્ટ્ર જેટલું રાજકીય ઝનુન નથી. મહારાષ્ટ્રીઓએ ગુજરાતમાં જે રાજ્ય કરેલું તે જુલમી અને અન્યાયી હતું. એટલે અભિમાન ભૂલીને. નમ્રભાવે, પ્રાયશ્ચિત્તભાવે પડોશી પ્રાન્તની સેવા કરવા હું આવેલો. પણ પગપેસારો કરવાની જગા જ ન જડી એટલે હિમાલય ગયો. ત્યાંથી શાન્તિનિકેતન ગયો. જ્યાં મને ગાંધીજી મળ્યા. ગુજરાતમાં પણ, દક્ષિણ કરતાં ઉત્તર ગુજરાતનો સવિશેષ પરિચય થયો. જ્યાં સેવાની સવિશેષ જરૂર હોય ત્યાં આપણે પહોંચી જવું જોઇએ. હું વારે ઘડીએ આસામની મુસાફરી કરૂં છું. ત્યાંનું પ્રકૃતિસૌંદર્ય તો ઉત્કૃષ્ટ છે જ. આપણી ઉત્તર-પૂર્વ સરહદ, ચીત-હિન્દુસ્તાનની સરહદ અગત્યની છે. આસામને આપણે બોઇ બેસવું ન જોઇએ. ત્યાં તીર્થસ્થાનો ઊભાં કરવાં જોઇએ.

૬૦ વર્ષ પહેલાં દુનિયામાં માત્ર બે જ દેશો છે એમ આપણે માનતા. એક આપણો પોતાનો ને બીજો ઇંગ્લંડ. બાકીના દેશો વિશે ઇંગ્લંડ કહે તે પ્રમાણે માનતા. હવે આપણે દુનિયાનો ઇતિહાસ, સ્થિતિ સમજતા થયા છીએ. દૃષ્ટિ વિશાળ બની છે. દુનિયામાં આપણો ચોકડો હોય એવી મહત્વકાંક્ષા પણ ઉભી થઇ છે. વિશાળ દૃષ્ટિ અને એકાગ્રતાના પ્રમાણમાં એ મહત્વાકાંક્ષા સિધ્ધ થશે.

પૂર્ણસ્વરાજ મળતાં સુધી નિવૃત્તિ કેવી ?

હું કેટલું જીવીશ તેની મને ખબર નથી. ૬૩ વર્ષનું બજેટ આંકી મૂકયું હતું, પણ જેલમાં રહ્યો તેથી ત્રણ વર્ષ મજૂરે મળ્યાં છે. ગુજરાત બહાર ગયો છું તોપણ મારા હૃદયની બહાર ગુજરાત નથી. મારા મિત્રો તો ટીકા પણ કરે છે કે મને ગુજરાતીમાં જ લખતાં આવડે છે. મારો દીકરો પણ એમ જ કહે છે. એવો શંકાભાવ થાય એટલી બધી મારી ગુજરાતભક્તિ છે. દૂર વસતાં સાહિત્યદ્વારા જ હું ગુજરાત સાથે સંબંધ રાખી શકીશ, જો કે તે માટે અત્યારે પૂરતો સમય મળતો નથી. આમાંથી નિવૃત્ત થાઉં ત્યારે એ કરી શકાશે, પણ સ્વરાજ મળતાં સુધી કોઇને નિવૃત્ત થવાનો અધિકાર નથી. કાયરનો જ એ અધિકાર છે. એટલે આ કામ પુરૂં થશે ત્યારે તે કામ કરીશ. ફરી કહીશ કે પૂર્ણ સ્વરાજ મળતાં સુધી કોઇને માટે ઘરડા થવાનો કે નિવૃત્ત થવાનો વખત આવ્યો નથી. એ જ આપણો પૂર્ણ વિશ્વાસ હોવો જોઇએ.

ટેલેમેચીસનું આત્મબલિદાન.

Concentration of any kind either of Wealth, Land, People or Power generally results in utter failure of Humanity and Happiness for all.

જ્યારે કોઇ વ્યક્તિ કે રાષ્ટ્રને ધનનો, સત્તાનો, જનબળ કે રાજ્યવિસ્તારનો મદ આવે છે ત્યારે તે વિવેકશુન્ય થઇ ધીમે ધીમે અધોગતિની બાજુએ ઢળી પડે છે અને સત્તાના કેફમાં નિર્દોષને રમકડાં બનાવી રાચનાર આખરે તે રમકડાંથી જ વિનાશ પામે છે. દુનિયાએ આ મહાસત્ય અનેક વેળા નિહાળ્યું છે.

* * *

રોમનરાજ્ય જ્યારે ધન અને સત્તાની ટોચે પહોંચ્યું ત્યારે તેના અમીરો અને સત્તાધીશ માનવીઓ વૈભવમાં એટલા બધા ગરક થઇ ગયા હતાં કે તેના કેફમાં સારાસારનો વિચાર તજી તેઓ માનવતા લગભગ ભૂલ્યા હતા. ગરીબી જેવી કોઇ સ્થિતિ છે કે કેમ તેની તેઓને કલ્પના હોય તેમ પણ ન દેખાતું. એક હાથે ગમે તેની ઉપર આક્રમણ કરી તેનું લુંટી લેવું અને બીજા હાથે વૈભવ પાછળ ઉડાડી મુકવું તે તેઓના રોજીંદા જીવનની સામાન્ય ઘટના હતી. આ ભોગ વિલાસ સાથે નિષ્ઠુરતા પણ પારાવાર વધી ગઇ હતી. તે વખતનો રોમનો ઇતિહાસ ભાખે છે કે તે સમયના એક બાદશાહ નીરોએ માત્ર આગ અને તેનાં ભયંકર દૃષ્યો નજરે નીહાળવાનો આનંદ માણવા ખાતર રોમને આગ લગાડી હતી અને એ આગ ફીડલ બજાવતાં બજાવતાં તેણે માણી હતી.

એટલું જ નહિ પણ માણસોએ રસેન્દ્રિયને પણ એટલી બધી બહેકાવી મુકી હતી કે તેને ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન સ્વાદોની લાલસા જાગતી. તેથી એક વખત સ્વાદિષ્ટ મિષ્ટાન્ન ખાઇ તુરત દવાથી ઉલટી કરીને તે કાઢી નાંખતા અને પુનઃ બીજી વાની ચાખતા. નિષ્ણાતોનો એક મોટો કાફલો આવી જાતની વાનીઓ માટે દરેક મહેલમાં રોકાયેલો જ રહેતો, જે આખો દિવસ ભિન્ન ભિન્ન સ્વાદના ખાદ્યો અને પેયો કાયમ તૈયાર કર્યા કરતો. જ્યારે ખાવા કે પીવાના કાર્યથી કંટાળે ત્યારે વળી કોઇ બીજા આનંદ તરફ તેઓ વળતા. નવીન આનંદોના યોજકોની પણ ત્યાં કમીના નહોતી. વારૂણિ અને વેશ્યાનો ઉપયોગ પણ નિર્લજ્જપણે જનતામાં થતો. તેઓના આનંદપ્રમોદ આડે આવવાનો કોઇને અધિકાર ન હતો કે કોઇની હિંમત પણ નહોતી. તેઓ ગમે તે કરી શકતા. કોઇને રંઝાડીને, કોઇને મારીને, કોઇને વીંધીને, કોઇને બાળીને, છેદીને કે મહાલયોના મહાલયો સળગાવીને કે મૃગયા માટે વનોનાં વનો ઉજ્જડ કરાવીને પણ આનંદ થતો હોય તો તે

રીતે પણ તેઓ આનંદ કરતા. એક આનંદથી કંટાળે ત્યારે બીજે આનંદ, બીજાથી કંટાળે ત્યારે ત્રીજે, એમ નિત્ય નવા પ્રકારના આનંદની લાલસા–અને અતૃપ્તિ તેઓને રહ્યા જ કરતી.

સાંઝના આનંદ પ્રમોદ માટે તેઓએ શહેરની મધ્યમાં કોલિ-ઝીયમ નામની ચાલીશ હજાર માણસો સમાઇ શકે તેવડી મોટી એક નાટકશાળા બંધાવી હતી. (અત્યારે પણ તેના ખંડીયરો વિદ્યમાન છે). આ નાટકશાળામાં ભિન્ન ભિન્ન પ્રકારની સાઠમારીઓ ખેલાતી. કોઇ વખતે માનવ માનવની, કોઇ વખતે પશુ પશુની, કોઇ વખતે માનવ અને પશુની, કોઇ કોઇ વખતે ભિન્ન જાતના પશુઓની અને કોઇ વખતે ચારે કોરથી થતા છુટા પ્રહારો અને વચમાં ઉભેલા માનવી કે પશુની જીવનમરણની યાતનાની રમતો રમાતી. કોઇ કોઇ વખતે બિભત્સ નાટય લીલાઓ પણ થતી. તે વખતે ખ્રિસ્ત ધર્મનો ધીમો ધીમો ફેલાવો થઇ રહેલો હતો, પણ મોટા ભાગની રોમન પ્રજા અનેક દેવદેવીઓને માનવાવાળી હતી. તેથી તે ખ્રિસ્તિઓને પોતાના દુશ્મન ગણતી, એટલે આવી રમતો માટે દેશભરમાંથી રાજ્યના કાયદાના ઓઠા નીચે પકડી આણેલા ખ્રિસ્તિઓનો ઉપયોગ કરવામાં આવતો. જ્યારે કોઇ ખ્રિસ્તિ ન મળતો ત્યારે ગરીબ વર્ગમાંથી નવલોહીયા યુવાનોની આવી રમતો માટે ભરતી કરવામાં આવતી અને તેઓને મરવા અને મારવાની ખાસ તાલિમ અપાતી.

સાંજે જ્યારે પ્રેક્ષકવર્ગ નાટકશાળામાં બરાબર ગોઠવાઇ જતો ત્યારે પકડી આણેલા ખ્રિસ્તિને ઉપરની અગાશી પરથી નીચે છુટા ફરતા ભૂખ્યા વિકરાળ સિંહ આદિ રાની પશુ કે સર્પોની વચમાં હડસેલી દેવામાં આવતો. હિંસક પ્રાણીનું અને મનુષ્યનું દ્વંદ યુદ્ધ થતું. તમાસગીરો તે અભાગી માનવીના મૃત્યુના પછડાટા અને સિંહોની ગર્જના કે સર્પોના છીંકોટા સાંભળી મલકાતા અને આનંદની ચીચીયારીઓ પાડી મરતા મનુષ્યના રૂધિરમાંથી ઘડીભરની મઝા લુટતા. જ્યારે એક મલ્લ પોતાના હરીફ મલ્લ કે પશુને તરવાર, ભાલા કે તેવા હથિયારથી વીંધી નાંખે કે એક પશુ બીજા પશુ કે માનવીને મારી નાંખે ત્યારે જ તે રમત પુરી થતી. બે હરિફોમાંથી દરેકે પ્રાણની આશા છોડીને જ ખેલ ખેલવાના રહેતા. મોટે ભાગે તો બેમાંથી એક અખાડામાં અને બીજો ખાટલે પડીને મરતો. આ રીતે રમત માટે રાષ્ટ્રનું યુવક લોહી નિરર્થક વહી જતું.

આ રમત વખતે ધનિક અમીરો, રોમવાસીઓ અને ખૂદ ધર્મગુરૂઓ હોડો બકતા અને ગરીબ માણસોની જીંદગી ઉપર જુગાર ખેલતા. આ રીતે તેઓ સાંધ્ય આનંદ લુટતા.

આખા રોમમાંથી કોઇ પણ માનવી મનુષ્યની આ રીતની થતી ક્રુર કતલ અટકાવવા આગળ ન આવ્યો કે ન મરતી પ્રજામાંથી કોઇએ માથું ઉચકી પોકાર ઉઠાવ્યો. ધર્માચાર્યો, રાજા, પ્રજા અને અમીર વર્ગ સર્વની માનવોચિત લાગણી વૈભવના નીશા અને ધર્મ ઝનુનથી ભરી પરવારી હતી, અને કચરાતી જનતાને દીર્ઘકાલીન ગુલામી માનસે નિ:સત્વ કરી નધરોળ બનાવી મુકી હતી. પ્રજાનો શતઃમુખ વિનિપાત થઇ રહ્યો હતો.

* * *

એક તરફથી જ્યારે રોમન પ્રજાની આ સ્થિતિ હતી ત્યારે બીજી તરફથી ખ્રિસ્ત પાદરીઓ પ્રજાને જીવનનો માનવતાભર્યો નૂતન માર્ગ બતાવતા આત્મબલિદાનો આપી રહ્યા હતા. આ લોકો વસ્તીથી દૂર જંગલોમાં રહેતા, પ્રભુપ્રિત્યર્થે ગરીબ પહાડી પ્રજાની અને માર્ગ ભૂલેલા પથિકોની સેવા કરતા અને ભગવાન ઇશુના બોધનું પાલન કરતા. લોકો સેવાથી અને તેઓની સાદાઇ અને પવિત્રતાથી ખેંચાઇ તેના માર્ગના અનુયાયી બનતા. આ રીતે ધીમે ધીમે તેઓની સંખ્યા અને પરિબળ જામતા જતા હતા. તેઓ અલબત કોઇ કોઇ વખતે શહેરોમાં આવતા, પણ ભારે જોખમ ખેડીને. તેઓ લોકોના મેળાઓમાં ભળતા અને અનેક વખતે જીવન ગુમાવતા. તે વખતે ખ્રિસ્ત થવું સહેલું ન હતું. જનતા અને રાજ્ય બન્નેની ખફગી વહોરી માથાનો ખેલ ખેલવા જેવું વિકટ કામ હતું. એટલે જે લોકો હૃદયથી નિર્ભય થઇ ગયા હોય તેવા મરજીવાજ ખ્રિસ્તિ થતા. તેમાંય ઇશુના સંદેશવાહક બનવું તે તો તેનાથી પણ અઘરૂં કામ હતું. તેઓને તપ, ત્યાગ અને અન્ય ધર્મીઓના પ્રહારોથી મરવાનુંજ સરજાયેલું હોવા છતાં પણ તેઓ પ્રજામાં અવાર નવાર પરિભ્રમણ કરતા, દુઃખીઓની સહાય કરતા. પવિત્ર શહિદોની સમાધિઓની યાત્રાઓ યોજતા અને ઇશુની પ્રેમળ જ્યોત જાગ્રત રાખતા. (ખ્રિસ્ત ધર્મનો શુધ્ધ ધાર્મિક સ્થિતિ આ વખતે હતી.)

આ અરસામાં એક એલેરિક નામનો રોમન સરદાર પરદેશમાં મોટો વિજય મેળવી લખલુટ દ્રવ્ય, કિંમતી જવાહીરો અને સંખ્યાબંધ ગુલામોની લુટ લઇને વતન પાછો આવ્યો હતો. તેનો વિજયોત્સવ વિશિષ્ટ રીતે ઉજવવાનો હતો, તેથી હજારો માણસો નાટકશાળામાં એકઠા થયા હતા. અનેક માનવીઓના મરણની રમતો રમાવાની હતી. તેમાં સૌથી પ્રથમ ઢાલ, તરવાર અને ભાલાથી સજ્જ થયેલો એક યુવાન પટા ખેલવા અખાડામાં આવ્યો. પરન્તુ તેનો પ્રતિસ્પર્ધિ ત્યાં હાજર થાય તે પહેલાં તો એક વૃદ્ધ માણસ ઉઘાડે માથે, ઉઘાડે પગે અખાડામાં આવી ચડયો. આ વૃધ્ધ ટેલેમેચીસ નામનો ખ્રિસ્તિ સાધુ હતો. પોતાની ઉગતી જુવાનીમાં સંસારનું મોહક જીવન ત્યજી સાધુતાનો ખાંડાની ધાર જેવો વિકટ માર્ગ લઇ તે દૂરદૂરના જંગલમાં બીજા સાધુઓ સાથે વસતો હતો. તેણે રોમન પ્રજાના વૈભવ વિલાસ વિષે ખૂબ સાંભળ્યું હતું, પણ જ્યારે તે રોમમાં ખ્રિસ્ત સંતોની સમાધિઓની યાત્રાએ આવ્યો અને તે દિવસે થનારી ભિષણ રમતગમતની વાત સાંભળી ત્યારે તેના દિલને ત્રાસ થઇ ગયો–તેનો પુણ્યપ્રકોપ જાગી ઉઠયો.

તેણે ભગવાન ઇશુના સકળજીવનને તેમજ તે પ્રેમમૂર્તિ પ્રભુની પેટાવેલ પ્રેમળ જ્યોતને સચેત રાખવા જતાં જેની જીવન-જ્યોત ધર્માન્ધતાની ક્રુર ફુંકે બુઝાવી નાંખી હતી તે બધા પૂરોગામી શહિદોની શહાદતગાથા પોતાના ગુરૂના શ્રીમુખેથી બહુ ભાવપૂર્વક સાંભળી હતી. અને ત્યારથી તેઓના આત્મવિક્રોપન પાસે તેનું મસ્તક માનથી નમતું હતું અને તેવી કોઇ અમર પળ માટે તેનું દિલ જંખતું હતું.

તેણે આંખ વીંચી વિચાર કરી લીધો કે હવે તેનું યોગ્યસ્થાન જ્યાં અધર્મ અને ક્રુરતાની આગ બળી રહી છે, જ્યાં અનેક નિર્દોષો જુલમના કુઠારથી હણાઇ રહેલા છે, ત્યાંજ છે. અને ત્યાંજ જેને તે વર્ષો થયાં ખૂણાંખાંચરા અને કબરના પથરા નીચે ઢુંઢી રહેલો છે તે અન્યાયની સામે ઝુઝતો અને ખીલાથી જડાયેલો ક્રોસ ઉપર લટકી રહેલો છે. તે ગંભીર વદને ઇસુના સંદેશવાહક તરીકે અખાડામાં આવ્યો અને ઘડી બે ઘડીના અલ્પ આનંદ માટે આમ નિર્દોષનું ખૂન ન વહેવડાવવા પ્રેક્ષકગણને પોકારી પોકારી દર્દભરી વાણીમાં વિનવવા માંડયો. લોકો ચીડાયા, અને ગુસ્સામાં બુમો પાડી તેને દૂર થવાનું કહેવા લાગ્યા. પણ તે સાધુ ત્યાંથી ન ખસતાં માનવતાના નામે, પ્રભુના નામે વધુને વધુ કાકલુદીથી વિનવવા લાગ્યો. આનંદ આડે આવેલી આ અંતરાયથી લોકોની ધીરજ ખૂટી, કુરતીબાજ યુવાનોએ તેને ઉંચકી બાજુની ફરસી ઉપર ફેંકી દીધો, અને લોકો ગુસ્સામાં ભાન ભૂલી તેના ઉપર પત્થર, લાકડી કે જે કંઇ હાથ આવ્યું તે ફેંકવા લાગ્યા. જ્યાં સુધી વૃધ્ધની જીભ બોલી શકી ત્યાં સુધી તેણે વિનંતિ ઉચ્ચારી અને આખરે એક ભારી પત્થરના મારથી નિશ્ચેતન થઇ પડતા તેના દેહે મૂકવાણીમાં પોતાનું કામ પૂર્ણ કર્યું—

* * *

રોમનો ઇતિહાસ કહે છે કે આમાંથી જાગેલી ક્રાન્તિએ રોમન સામ્રાજ્યનો અંત આણ્યો. અને ત્યારથી આ નાટક શાળામાં રમાતી ક્રૂર રમત બંધ થઇ—તે હંમેશને માટે બંધ થઇ ગઇ.

(અંગ્રેજી ઉપરથી) **ત્રજલાલ મેઘાણી**

લોક પ્રતિનિધિ સભા.

પળે પળે પલટાતા અને નવા સ્વરૂપો ધારણ કરતા હિન્દના વર્તમાન અને ભાવિ રાજકારણમાં અંગ્રેજ પ્રધાનત્રિપુટીએ જાહેર કરેલ લોકપ્રતિનિધિસભાનું મહત્ત્વ અને રચના સમજવા જેવી છે. કારણ કે આગામી કેટલાયે દશકાઓ સુધી હિન્દી પ્રજાનું ભવિષ્ય આ સંસ્થાદ્વારા ઘડાવાનું છે.

હિન્દી રાષ્ટ્રિય મહાસભાએ ૧૬ મી મે એ જાહેર કરેલ લાંબા ગાળાની સરકારનો સ્વીકાર કર્યો છે અને તેવી જ રીતે મુસલીમ લીગે પણ તે યોજનાનો સ્વીકાર કર્યો હતો. ત્યાર પછી ૧૬ મી જુને જાહેર થયેલ ટૂંકા ગાળાની સરકારની રચના મહાસભાએ નકારી અને મુસ્લીમ લીગે સ્વીકારી, કિન્તુ વાઇસરોયે આ વચગાળાની સરકાર મહાસભાના સહકાર વિના માત્ર મુસ્લીમ લીગના સહકાર પર રચવા ના પાડી. મહાસભાના કેટલાક આગેવાનોએ તથા પંડિત જવાહરલાલ નેહરૂએ લાંબા ગાળાની સરકારની રચના માટેની પ્રધાન ત્રિપુટીની યોજનાનો કેટલોક ભાગ જે મહાસભાને માન્ય ન હતો તેનો સ્વીકાર નહિ કરવામાં આવે તેમ જણાવ્યું તથા આ બંધારણ સભા સર્વોપરી સત્તા ધરાવે છે અને તેમાં બીજા કોઇ પરદેશીઓની દખલ નહિ ચલાવી લેવામાં આવે એમ જાહેર કર્યું. દરમ્યાન લોકપ્રતિનિધિ સભાની રચનાનું કાર્ય હિન્દના સર્વ પ્રાન્તોમાં જોસભેર શરૂ થયું, જેના પરિણામો એકંદરે અને અ, બ, ક, જોડાણ યોજના પ્રમાણે નીચે મુજબ છે. આ આંકડાઓ હકીકતથી એમ સ્પષ્ટપણે પુરવાર કરે છે કે અ વિભાગમાં મહાસભાની સ્પષ્ટ બહુમતી છે, બ વિભાગમાં મુસ્લીમ લીગની સ્પષ્ટ બહુમતી છે ને ક વિભાગમાં કામચલાઉ લીગની બહુમતી છે તેમ છતાં સમગ્રપણે દેશીરાજ્યોના પ્રતિનિધિઓને પણ સાથે ગણતાં મહાસભાની ચોકખી બહુમતી રહેવાની છે. હિન્દી જનતાએ આ રીતે આ ચૂંટણીદ્વારા મહાસભાની નીતિમાં પોતાનો સંપૂર્ણ વિશ્વાસ જાહેર કર્યો છે.

હવે આપણે ચુંટણીના પરિણામો તપાસીએ.

અ વિભાગમાં મુંબઇ, મદ્રાસ, મધ્યપ્રાંત, યુકતપ્રાંત, બિહાર અને ઓરિસ્સા એમ છ પ્રાંતોનો સમાવેશ થાય છે. તેના કુલ્લે ૧૮૮ પ્રતિનિધિઓ ચૂંટવાના હતા તે તથા ૧ દિલ્હીનો અને ૧ કુર્ગનો એને મળી ૧૯૦ પ્રતિનિધિઓ બને છે. આ પ્રાન્તોમાં તો મહાસભાની ચોકખી બહુમતી છે. મહાસભાના ૧૬૪ સભ્યો, લીગના ૧૯ સભ્યો અને બાકીના સાત સ્વતંત્ર સભ્યો ચૂંટાયા છે.

બ વિભાગમાં પંજાબ, સરહદપ્રાન્ત, સિંધ અને બલુચિસ્તાનનો સમાવેશ થાય છે. તે પ્રાન્તની ચૂંટણીનું પરિણામ નીચે પ્રમાણે છે.

પ્રાન્ત.	કુલ બેઠક.	મુસ્લીમ લીગ	સ્વતંત્ર પક્ષ	યુનીઅ નિસ્ટ	શીખ (બાકી)	મહાસભા
પંજાબ	૨૮	૧૫	૦	૧	૪	૮
સિંધ	૪	૩	૦	૦	૦	૧
સરહદ	૩	૧	૦	૦	૦	૨
બલુચિસ્તાન	૧	૦	૧	૦	૦	૦
	૩૬	૧૯	૧	૧	૪	૧૧

શીખો ચૂંટણીમાં ઉભા રહ્યા ન હોવાથી તેઓની ચાર બેઠક ખાલી પડેલી છે. પરન્તુ વર્તમાન પરિસ્થિતિ જોતાં એમ ચોક્કસપણે કહી શકાય કે શીખો થોડા વખતમાં નિર્ણય ફેરવશે, અને તે ચાર બેઠકો રાષ્ટ્રવાદી શીખોથી કે અકાલી શીખોથી પુરી દેવામાં આવશે. પંથિક શીખો ચૂંટણીથી દૂર રહેશે તો રાષ્ટ્રવાદી શીખોથી આ સ્થાનો ભરાશે. (શીખોએ તાજેતરમાં લોકપ્રતિનિધિસભામાં જોડાવાનો નિર્ણય જાહેર કર્યો છે.)

તુલનાત્મક સમીક્ષા

જો જૂથરચના ફરજીયાત ઠરે અને મહાસભા તેનો સ્વીકાર કરે તો ૩૬ પ્રતિનિધિઓમાંથી લીગ પક્ષે ૧૯ હોવાથી તેને સ્પષ્ટ બહુમતી મળે છે. બલુચિસ્તાનનો સ્વતંત્ર સભ્ય તેમાં ભળે તો તેઓની સંખ્યા ૨૦ ની થાય. સામે પક્ષે મહાસભાના ૧૧ શીખના ૪ અને યનીઅનીસ્ટ ૧ મળી ૧૬ થાય. આ ૧૬ માં ૯ હિન્દુ, ૪ શીખ અને ૩ મુસ્લીમ છે. લીગની ચોકખી બહુમતી હોવા છતાં વિરૂદ્ધ પક્ષનું બળ પણ ચોકખું દેખાય છે. એટલે ઉપરોકત ચાર પ્રાન્તોના જુથનું બંધારણ ઘડવાનું કાર્ય લીગ ધારે તેવી રીતે પોતાની બહુમતીથી ઘડી શકે તેવા સંયોગો છે.

હવે માનો કે જૂથરચનાનો મહાસભા સ્વીકાર ન કરે તો પ્રત્યેક પ્રાન્તનું બંધારણ ઘડવાની સત્તા તે તે પ્રાન્તોના પ્રતિનિધિઓને રહી. તેમ થાય તો પંજાબના ૨૮ પ્રતિનિધિઓમાંથી લીગના ૧૫ સભ્યો છે. એટલે પંજાબના બંધારણમાં લીગનું જોર રહે. સિંધમાં પણ તેવું જ બને. તેના ૪ પ્રતિનિધિઓમાંથી ૩ લીગના હોવાથી તેઓ ધારે તેવું બંધારણ સિંધ માટે ઘડી શકે. સરહદ પ્રાંતનું બંધારણ મહાસભાની દૃષ્ટિ પ્રમાણે ઘડી શકાય તથા બલુચિસ્તાનનો એક જ સભ્ય તે પ્રાન્તનું બંધારણ ઘડે. અહીં એ યાદ કરવું યોગ્ય થશે કે દર દસ લાખે એક સભ્યની રચનાને બદલે મહાસભાએ પ્રધાનમંડળને એમ સૂચના કરી હતી કે વર્તમાન પ્રાન્તિક ધારાસભાઓનો પાંચમો ભાગ લોકપ્રતિનિધિ સભામાં ચૂંટાવો જોઇએ કે જેથી બ્લુચિસ્તાનનો ૧ અને સિંધના માત્ર ૪ સભ્યો તેના પ્રાન્તનું બંધારણ ઘડી શકે તેવી વિચિત્ર પરિસ્થિતિ ઉત્પન્ન ન થાય.

હવે આપણે ક વિભાગના જુથના પરિણામ તરફ વળીએ.

પ્રાંત	મુસ્લીમલીગ	મહાસભા	કૃષકપ્રજા	કોમ્યુનિસ્ટ	આંબેડકર	કુલ્લે
આસામ	૩	૭	૦	૦	૦	૧૦
બંગાળ	૩૨	૨૫	૧	૧	૧	૬૦
	૩૫	૩૨	૧	૧	૧	૭૦

તુલનાત્મક સમીક્ષા

જૂથરચનાની દૃષ્ટિએ જોતાં ક વિભાગમાં મુસ્લીમલીગની ચોકખી બહુમતી નથી. કારણ કે લીગના ૩૫ સામે મહાસભાના ૩૨ સભ્યો છે. તે ઉપરાંત ત્રણ બીનઓ ચૂંટાયા છે. તેમાં શ્રી ફઝલુલ હકક લીગના તેના વિરોધને કારણે મહાસભામાં જોડાય તેવો સંભવ ખરો, જ્યારે ડો. આંબેડકર સોદો પતાવવાના હિસાબે સંભવ છે કે મહાસભાના વિરોધ પક્ષમાં ભળે. બુદ્ધિશાળી કહેવાતો કોમ્યુનીસ્ટ સભ્ય તટસ્થ રહે યા શું કરે તે કહેવું મુસ્કેલ છે. આમ ૩૫ સામે ૩૫ સભ્યો હોવા છતાં સંભવતઃ લીગની કામચલાઉ બહુમતી ગણી શકાય.

આ પ્રાન્તોમાં જૂથરચના ન થાય તો આસામમાં મહાસભાની ને બંગાળમાં મુસ્લીમ લીગની ચોકખી બહુમતી છે અને તે તે પ્રાન્તોમાં તે રીતે બંધારણરચના થાય.

એકંદરે જોતાં લોકપ્રતિનિધિ બંધારણ સભામાં પક્ષવાર સ્થિતિ નીચે પ્રમાણે છેઃ–

હિન્દી મહાસભા	૨૦૭
મુસ્લીમ લીગ	૭૩
સામાન્ય સ્વતંત્ર	૯
મુસ્લીમ સ્વતંત્ર	૩
શીખો (ચુંટણી બાકી છે)	૪
રાજસ્થાનો (ચુંટણી બાકી છે)	૯૩
	૩૮૯

દેશી રાજ્યોને બાદ કરતાં બાકી રહેલી ૨૧૬ સામાન્ય બેઠકોમાંથી મહાસભાએ ૯ ગુમાવી છે ને બાકી ૨૦૭ બેઠકો મેળવી છે. ૭૮ મુસ્લીમ બેઠકોમાંથી મુસ્લીમ લીગે ૫ બેઠકો ગુમાવી છે. આ ૫ બેઠકો શ્રી. મૌલાના આઝાદ, શ્રી. રફી અહમદ

રાષ્ટ્રીય સરકાર

નામદાર વાયસરોયે, બ્રીટીશ સરકારની સંમતિથી, મહાસભાનાં પ્રમુખને, તુરતમાં વચગાળાની સરકારની રચના માટે દરખાસ્તો રજુ કરવા આમંત્રણ આપ્યું છે અને પ્રમુશ્રીએ તે આમંત્રણ સ્વીકાર્યું છે. નામદાર વાયસરોય સાથે પોતાની દરખાસ્તોની ચર્ચા કરવા પંડીત જવાહરલાલ નહેરૂ તુરતમાં દીલ્હી જશે, એમ એક સરકારી નિવેદન જણાવે છે.

કીડવાઇ, શ્રી. ફઝલુલ હક્ક, ખાન અબ્દુલ ગફારખાન અને એક યુનીયનીસ્ટ સભ્યને મળી છે.

અ વિભાગમાં ૧૬૪ મહાસભાના, ૧૯ મુસ્લીમ લીગના ને ૭ સ્વતંત્ર સભ્યો છે, આ જુથમાં મહાસભાની ચોકખી બહુમતી રહે છે.

બ અને ક વિભાગમાં મુસ્લીમ લીગની કામચલાઉ બહુમતી બની છે

એકંદરે જોતાં હિન્દી મહાસભાની બહુમતી છે અને તેથીજ મુસ્લીમ લીગે આ યોજનાનો પહેલાં જે સ્વીકાર કર્યો હતો તેનો હવે બહિષ્કાર જાહેર કર્યો છે. કારણ કે લોકપ્રતિનિધિ સભામાં મહાસભાની બહુમતી હોવાથી તેઓ હિન્દના ભાવી બંધારણમાં પોતાને જોઇતો ફેરફાર કરવાવી શકવા સમર્થ બનશે તેવી લીગને બીક છે. લઘુમતીને રક્ષણ આપવાના વચન પર લીગના મુસ્લીમોને વિશ્વાસ બેસતો નથી. લોકપ્રતિનિધિ સભામાંથી લીગ સભ્યો રાજીનામું આપવાના નથી; પરન્તુ તેનો બહિષ્કાર જાહેર કરી તેને કામ કરતી અટકાવવાનો તેઓનો હેતુ છે અને એ રીતે હિન્દી સ્વતંત્રતાના માર્ગમાં નડતર કરવી એ એકજ તેમનું ધ્યેય છે.

૧૬ મી મેએ બ્રીટીશ પ્રધાનમંડળે જે જાહેરાત કરી છે તે જાહેરાતમાંજ મુસ્લીમ લઘુમતીના રક્ષણ માટેની યોજના છે. એ જાહેરાતની થોડી મહત્વની વિગતો તપાસીએ તો નીચે પ્રમાણે પરિસ્થિતિ જણાશે.

(૧) લોકપ્રતિનિધિ સભા સર્વસત્તાધીશ સંસ્થા નથી. આ સભામાં જે નિર્ણયો થશે તે બ્રીટીશ પારલામેન્ટ માન્ય રાખશે.

આનો એ અર્થ થાય કે ૧૬ મી મેની જાહેરાતનો અર્થ જ મહત્વનો બનશે. બહુમતિથી સર્વ નિર્ણયો બંધારણ સભામાં લઇ શકાશે નહિ. અને નિર્ણયો છેવટે તો બ્રીટીશ સરકાર માન્ય રાખે ત્યારે ખરૂં.

(૨) જૂથ રચના પહેલે પગલે ફરજીયાત છે. તે પછી જાહેરાત અનુસાર કોઈ પણ પ્રાન્ત ઇચ્છે તો જૂથ રચનાની બહાર જઇ શકશે.

આનો અર્થ એમ થાય છે કે મૂળ દરખાસ્તોનો જુદો અર્થ કરવાની સત્તા પ્રમુખ કે સમવાયી અદાલતને નથી.

હિન્દનું ભાવી બંધારણ ઘડનારી આ ભારે મહત્વની સભામાં મહાસભાએ દેશના ઉત્તમોત્તમ બુધ્ધિશાળી માણસોને મોકલ્યા છે ને તેમાં સર્વ લઘુમતીઓને પણ તેમણે પ્રતિનિધિત્વ આપ્યું છે.

મુસ્લીમ લીગે આ બંધારણ સભાનો બહિષ્કાર જાહેર કર્યા પછી જે એક નવી પરિસ્થિતિ ઉભી થઇ છે તે ધ્યાનમાં લઇને વાઇસરોયે પંડિત નહેરૂને વચગાળાની સરકાર રચવા માટે આમંત્રણ આપ્યું છે ને મહાસભાના પ્રમુખે તે સ્વીકાર્યું છે. હવે જોવાનું રહે છે કે મુસ્લીમ લીગ આ વચગાળાની સરકારમાં પોતાના પ્રતિનિધિઓ મોકલે છે કે કેમ. લીગ નહિ મોકલે તોપણ રાષ્ટ્રવાદી મુસલમાનોથી તે બેઠકો ભરાશે અને હિન્દી સ્વતંત્રતાની રચાતી નવી ભૂમિકાનો માર્ગ કોઇ રૂંધી શકશે નહિ તેવા સંજોગો દેખાય છે. હિન્દના રાજકારણમાં મહાસભાનું વર્ચસ્વ આ રીતે દેખીતું જાહેર થયું છે અને અંગ્રેજ સરકાર પણ તેનો સ્વીકાર કરતી થઇ છે.

ચુનિલાલ કામદાર.

મે ૧૬ મી ને દીવસે બ્રીટીશ કેબીનેટ મીશને અને વાયસરોયે હિન્દના ભાવિ બંધારણ અને મધ્યસ્થ સરકારની રચના સંબંધે સરકારી દસ્તાવેજ બહાર પાડયો ત્યારથી આજસુધી બનેલ રાજકીય બનાવોનું ઉપરનું નિવેદન ફલસ્વરૂપ છે. ૧૬ મી મે ની દરખાસ્તો સ્વીકારતાં પહેલાં કોંગ્રેસે વચગાળાની સરકારની રચના માટે ચોખવટ માગી. તે સંબંધે બન્ને પક્ષો એક થઇ શકયા નહિ તેથી અંતે ૧૬ મી જુને બ્રીટીશ મીશન અને વાઇસરોયે બીજું નિવેદન બહાર પાડી પોતાની દરખાસ્તો જાહેર કરી. કોંગ્રેસે ૧૬ મી મેનું નિવેદન સ્વીકાર્યું અને અને ૧૬ મી જુનની દરખાસ્તોનો અસ્વીકાર કર્યો. મુસ્લીમ લીગે, પ્રથમ ૧૬ મી મેની દરખાસ્તો સ્વીકારી અને ૧૬ મી જુનની દરખાસ્તો ઉપર નિર્ણય કરતાં પહેલાં કોંગ્રેસના નિર્ણયની રાહ જોઇ. કોંગ્રેસે તેનો અસ્વીકાર કર્યો છે અને વાઇસરોય તે દરખાસ્તોનો અમલ કરે તેમ નથી તે જાણવા છતાં, મુસ્લીમ લીગે ૧૬ મી જુનની દરખાસ્તોનો સ્વીકાર જાહેર કર્યો. તે મુજબ અમલ ન થયો–જે થવાનો જ ન હતો–એટલે બ્રીટીશ મીશન અને વાઇસરોય ઉપર વિશ્વાસભંગનો આરોપ મૂકયો. મુસ્લીમ લીગની ધારણા હતી કે કોંગ્રેસને દૂર રાખી, પોતાને મધ્યસ્થ સરકારની સત્તા મળશે, એ સ્વપ્ન ઉડી ગયું ત્યારે કાયદેઆઝમના રોષે માઝા મૂકી. ત્યારપછી કોઇપણ રીતે હિન્દની આઝાદીની રફાવટ કરવી એ એકજ લીગની નેમ બની રહી. લોકપ્રતિનિધિ સભાની ચુંટણી મુલતવી રાખવા વાયસરોયને વિનંતિ કરી જોઇ. તેમાં નાસીપાસ થયા. કોંગ્રેસની મહાસમિતિએ કાર્યવાહક સમિતિના નિર્ણયને મોટી બહુમતિએ બહાલી આપી. ત્યારપછીનાં પંડીત જવાહરલાલ નહેરૂનાં બે નિવેદનોના કેટલાક વિધાનોએ પોતાનો નિર્ણય ફેરવવાને મુસ્લીમ લીગને બહાનું આપ્યું. મુસ્લીમ લીગે કરેલ નિર્ણય પછી, સંજોગો પલટાયા છે એમ જણાવી મુસ્લીમ લીગ કાઉન્સીલે પોતાના અગાઉના નિર્ણયો રદ કર્યા, ૧૬ મી મે ની દરખાસ્તોનો અસ્વીકાર કર્યો અને ફરીથી પાકીસ્તાનની ઘોષણા કરી, યુધ્ધની જાહેરાત કરી કાઉન્સીલની બેઠક દરમ્યાન કાયદેઆઝમ અને બીજા વકતાઓએ બેલગામપણે અસભ્ય ભાષામાં પોતાનો રોષ બ્રીટીશ મીશીન વાયસરોય અને કોંગ્રેસ ઉપર ઠાલવ્યો અને આ બધા અપ્રમાણિક માણસોમાં પોતે એક જ પ્રમાણિક છે તેમ જાહેર કર્યું. પંડીત નેહરૂનાં નિવેદનથી કાંઇપણ ગેરસમજણ થઇ હોય તો દૂર કરવા કોંગ્રેસે ફરીથી જાહેર કર્યું કે કોંગ્રેસે ૧૬ મી મેની દરખાસ્તો સર્વથા સ્વીકારી છે અને તેના અર્થમાં કાંઇ મતભેદ હોય તો તેનો નિકાલ ૧૬ મી મેના દસ્તાવેજમાં જણાવેલ ધોરણે જ થશે અને સહકાર માટે મુસ્લીમ લીગને અપીલ કરી કે તુરત જ વાઇસરોયે ઉપરનું નિવેદન બહાર પાડયું. મી૦ ઝીણાએ જાહેર કર્યું કે કોંગ્રેસના છેલ્લા ફરાવથી પરિસ્થિતિમાં કાંઇ ફેરફાર પડતો નથી.

વાઇસરોયના આ પગલાંથી દેશમાં સંતોષની લાગણી વ્યાપી છે. બ્રીટીશ વડા પ્રધાન મી૦ એટલીએ વચન આપ્યું હતું કે કોઇ પણ લઘુમતિ હિન્દની પ્રગતિને રોકી શકશે નહિ. બ્રીટીશ સરકાર તે વચનનું પાલન કરે છે તેમ જણાય છે. મુસ્લીમ લીગના વલણથી ઉભી થયેલ કટોકટીને પહોંચી વળવા વાઇસરોય શું પગલાં લેશે તે વિષે ભારે ચિન્તા હતી. વાયસરોયે સર્વથા યોગ્ય અને બંધારણીય પગલું લીધું છે તેને માટે તેઓ અભિનંદનને પાત્ર છે. લાંબાગાળાની યોજના સ્વીકારનાર કોંગ્રેસ જ એક પક્ષ અત્યારે છે તેમ જ દેશના મોટી બહુમતિના પ્રતિનિધિ તરીકે કોંગ્રેસને વચગાળાની સરકાર રચવા આમંત્રણ અપાયું છે તે સર્વથા ઉચિત છે. કહેવાય છે કે આ આમંત્રણમાં વાયસરોયે કોઇ શરતો મૂકી નથી. વચગાળાની સરકાર રચવામાં બને તેટલા બધા પક્ષોનો સહકાર મેળવવો તે કોંગ્રેસની ફરજ છે. સમસ્ત હિન્દનું

કેટલાક સમાચાર અને નોંધ

કાકાસાહેબની ષષ્ટીપૂર્તિ સમારંભ

આ અંકમાં અન્યત્ર આપેલી જાહેરાત ઉપરથી માલુમ પડશે કે આગામી ૨૮ મી તારીખ અને બુધવારના રોજ બપોરે યુનીવર્સીટી કોન્વોકેશન હૉલમાં મુંબઇના વડા પ્રધાન શ્રી બાળાસાહેબ ખેરના પ્રમુખપણા નીચે કાકાસાહેબની ષષ્ટીપૂર્તિ અંગે શ્રી મુંબઇ જૈન યુવક સંઘ અને અન્ય કેટલીક જાહેર સંસ્થાઓના સંયુક્ત આશ્રય નીચે એક જાહેર સન્માન સમારંભ ગોઠવવામાં આવ્યો છે. ગાંધીજીના એક સહકાર્યકર્તા તરીકે કાકાસાહેબનું નામ આજે હિંદવિખ્યાત છે એમ છતાં પણ પોતે મહારાષ્ટ્રી હોવા છતાં ગુજરાતી સાહિત્યની અનેકવિધ સેવાદ્વારા ગુજરાતમાં તો કાકાસાહેબનું નામ ઘેર ઘેર જાણીતું થયેલું છે. વળી કાકાસાહેબની સેવા સાહિત્યક્ષેત્ર પુરતી જ મર્યાદિત નથી. હિંદી પ્રચાર જેનું આજે હિંદુસ્તાની પ્રચારમાં રૂપાન્તર થઇ રહ્યું છે તે ક્ષેત્રમાં તેમની સેવાનો ફાળો સૌથી વધારે વિપુલ છે. કાકાસાહેબ કેળવણીકાર તરીકે એટલા જ જાણીતા છે. ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક તરીકે તેમણે વર્ષો સુધી કામ કર્યું હતું. બાલશિક્ષણ તેમનો એક અત્યંત પ્રિય વિષય છે. આવી જ રીતે લલિતકળાના વિવેચક તરીકે તેઓ એક અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. ધર્મશાસ્ત્ર અને તત્વજ્ઞાનના પાયા ઉપર તો તેમની આખી વિચારસરણી રચાયલી છે. કાકાસાહેબ વિદ્યાર્થી આલમનું હંમેશા એક મોટું આકર્ષણ છે. આ ઉપરાન્ત કાકાસાહેબ હંમેશના એક પરિવ્રાજક છે. સ્થિર થઇને કોઇ એક ઠેકાણે બેસવું અને અમુક વિષયનું સંશોધન કરવું એ એમના સ્વભાવમાં નથી. આસામથી સિંધ અને કાશ્મીરથી કન્યાકુમારીની સીમામાં સમાતા અનેક પ્રાન્તો અને પ્રદેશોમાં તેમનું એક યા બીજા કારણે પરિભ્રમણ અને સંપર્કસાધનાઓ ચાલતી જ હોય છે અને તેથી કાકાસાહેબ હંમેશાં નિત્યનવીન હોય છે. તેમના ચાલુ પરિચયમાં જે તાજગી સતતપણે અનુભવવા મળે છે, તેવો અનુભવ અન્ય વિશિષ્ટ વ્યક્તિઓના સંબંધમાં ભાગ્યેજ પ્રાપ્ત થાય છે.

કાકાસાહેબનો જૈન સમાજ અને મુંબઇ જૈન યુવક સંઘ સાથે વિશિષ્ટ સંબંધ છે. સ્વભાવથી તેમનો બ્રાહ્મણ સંસ્કૃતિની અપેક્ષાએ શ્રમણ સંસ્કૃતિ તરફ વિશેષ પક્ષપાત છે. જૈનધર્મ વિષે તેઓ અત્યન્ત આદર ધરાવે છે. મુંબઇ જૈન યુવક સંઘ તો તેમનું અનેક રીતે ઋણી છે. સંઘે તેમને પણ જ્યારે બોલાવ્યા છે ત્યારે તેઓ આવ્યા છે. સંઘ તરફથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ આવી શકાય તેમ હોય અને ન આવ્યા હોય એમ બને જ નહિ. પ્રબુદ્ધ જૈન જેવા એક નાના પાક્ષિક પત્રને તેમણે પોતાના સુન્દર લેખો વડે અવાર નવાર નવાજ્યું છે અને એમના આ રીતના ચાલુ સહકારે પ્રબુદ્ધ જૈનને એક વિશિષ્ટ પ્રતિષ્ઠા આપી છે.

આવા એક મહાનુભાવ પુરૂષ જનતાની સેવા કરતાં કરતાં સાઠ વર્ષ પુરાં કરે એ સૌ કોઇને મન અતિ આનંદ અને અભિનન્દનનો પ્રસંગ ગણાય. એમની અનેક સેવાઓની કદરરૂપે યોજાતા સન્માન સમારંભમાં સમસ્ત ગુજરાતી જનતા પુરા ઉત્સાહથી ભાગ લે, જૈન સમાજ પણ પુરતી સંખ્યામાં સાથ આપે, અને આ રીતે આવા એક સંસ્કારમૂર્તિ સાધુચરિત વિદ્યાનિધિ પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા દાખવે અને પ્રસ્તુત સમારંભને સફળ અને સાર્થક બનાવે એવી પ્રાર્થના કરવામાં આવે છે.

ડૉ. બાલાભાઇ નાણાવટી હોસ્પીટલનો પાયો નાંખવાની ક્રિયા

વીલેપારલે ખાતે તા. ૪-૮-૪૬ રવિવારના રોજ ડૉ. બાલાભાઇ નાણાવટી હોસ્પીટલનો પાયો નાંખવાની ક્રિયા મુંબઇના વડા પ્રધાન બાલાસાહેબ ખેરના શુભ હસ્તે કરવામાં આવી હતી. સદ્‌ગત ડૉ. બાલાભાઇ નાણાવટી જૈન સમાજના એક અગ્રગણ્ય પુરૂષ હતા અને તેમણે એક વૈદ્યકીય અધિકારી તરીકે વડોદરા રાજ્ય અને પ્રજાની ૪૦ વર્ષ સુધી સેવા બજાવી હતી. સાદાઇ, સૌજન્ય અને સેવાવૃત્તિ એ તેમના સ્વભાવ અને જીવનની ખાસ વિશેષતાઓ હતી. ૧૯૪૪ માં ૯૦ વર્ષની ઉમ્મરે તેમનું અવસાન થયું. પોતાના આ વડિલ મહાપુરૂષનું સ્મરણ કાયમ કરવા માટે નાણાવટી ફેમીલી ટ્રસ્ટ તરફથી વીલેપારલે ખાતે એક સંપૂર્ણ સાધનસંપન્ન હોસ્પીટલ કાઢવા રૂા. ૪૦૦૦૦૦ જેવડી મોટી રકમ જાહેર કરવામાં આવી છે અને એમાં ફાળો આપવા માંગણી કરવામાં આવતાં મોટે ભાગે વીલેપારલેના શ્રીમાન નાગરિકોએ છુટીછુટી મળીને આશરે ચાર લાખ રૂપીઆ જેટલી રકમ ભરી આપી છે.

મુંબઇના પરાંઓ બે વિભાગમાં વહેંચાયલા છે. એક જી. આઇ. પી. ના રેલ માર્ગે આવેલાં પરાં અને બીજાં બી. બી. એન્ડ સી. આઇ. ના રેલ માર્ગે આવેલાં પરાં. આ બંને વિભાગનાં પરાંઓમાં થઇને આજે સાડાત્રણથી ચાર લાખની વસ્તી હોવા છતાં એકે વિભાગમાં સર્વસામાન્ય હોસ્પીટલની વ્યવસ્થા હજુ સુધી ઉભી થઇ નથી. વીલેપારલેમાં ઉભું કરવામાં આવનાર ડૉ. બાલાભાઇ નાણાવટી હોસ્પીટલની યોજનાથી બી. બી. એન્ડ સી. આઇ બાજુનાં પરાંઓની આ રીતે એક મોટી જરૂરિયાત પુરી પડવા સંભવ છે. અને એવી જ રીતે ઘાટકોપર ખાતે પણ આવું જ એક મોટું હોસ્પીટલ ઉભું થવાની આશા બંધાઈ રહી છે.

વીલેપારલે અને જુહુમાં વસવાટ કરી રહેલ પ્રગતિશીલ નાણાવટીકુટુંબ બહુ જાણીતું છે. સર મણિલાલ બાલાભાઇની શક્તિમત્તા, ખ્યાતિ અને ઉત્તરોત્તર ઉજ્જવલતર કારકીર્દી જૈન

પ્રતિનિધિત્વ ધરાવવાનો કોંગ્રેસનો દાવો છે. સમસ્ત દેશનું અને આમજનતાનું વ્યાપક હીત લક્ષમાં રાખી, લઘુમતિઓનું વ્યાજબી સંરક્ષણ કરવું અને તેમનો વિશ્વાસ સંપાદન કરવો એ કોંગ્રેસનું કર્તવ્ય છે. કોઇ પક્ષ ગેરવાજબી રીતે, દેશના હિતની વિરૂદ્ધ જઇને, કોંગ્રેસ સહકાર ન આપે તો તેની જવાબદારી તે પક્ષને શિર છે.

વાયસરોયનું આમંત્રણ સ્વીકારીને કોંગ્રેસે મોટી જવાબદારી માથે લીધી છે. મુસ્લીમ લીગનું તોફાની વલણ ન બદલાય તો કોંગ્રેસનું કાર્ય વિકટ થશે. પણ દેશનું રાજ્ય ચલાવવાની જવાબદારી લેનાર પક્ષે કોઇપણ પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર રહેવું જોઇએ. તે કાર્યમાં કોંગ્રેસને દેશનું કલ્યાણ વાંછતા સર્વ પક્ષોનો પૂરો સહકાર મળશે તે વિષે શંકા નથી. બ્રીટીશ સરકારને હિન્દ છોડવાની હાકલ કર્યા પછી, સત્તા હાથ આવે ત્યારે, ગમે તેવા જોખમ હોય તો પણ, કોંગ્રેસે એ જવાબદારી સ્વીકારવી રહી. કોંગ્રેસે ખૂબ દૂરંદેશી પૂર્વક પોતાની નીતિ નક્કી કરી છે. કોઇપણ પક્ષને સકારણ ફરીયાદનું બહાનું ન રહે તેની કોંગ્રેસે પૂરી તકેદારી રાખી છે. લોકપ્રતિનિધિ સભાની ચુંટણીમાં પણ બધા પક્ષોને પુરૂં પ્રતિનિધિત્વ આપવા કોંગ્રેસે પ્રયત્નો કર્યા છે.

કોંગ્રેસની લડત આજે સફળ થતી દેખાતી હોય તો તેનું કારણ કોંગ્રેસે હંમેશાં, કોઇ પણ એક પક્ષ કરતાં, સમસ્ત દેશ અને આમજનતાનું કલ્યાણ જ પોતાનું ધ્યેય બનાવ્યું છે તે છે. તાત્કાલિક કોઇ લાભ માટે આ ધ્યેય જતું કરવા કરતાં કોંગ્રેસે સત્તા જતી કરવી પસંદ કરી છે, જ્યારે દેશના બીજા પક્ષે કોઇ એક અથવા બીજી કોમને, દેશ કરતાં મોટા ગણી, પોતાનો સ્વાર્થ સાધવા પ્રયત્ન કરી રહેલ છે. મુસ્લીમ લીગ થોડા વખત માટે વિજયી થતી દેખાઇ અને આજે તે વિજય ઉડી જાય છે તેનું કારણ કોંગ્રેસની કોઇ ખાસ રાજદ્વારી કુનેહ નથી, પણ તેની સત્ય અને ન્યાયની નીતિ છે. કોમીવાદ થોડો વખત સફળ થતો દેખાય પણ છેવટ ઝેર ઝેરને મારે છે. Evil destroys itself.

કોંગ્રેસે જે મહાન જવાબદારી સ્વીકારી છે તેને સાર્થક બનાવવી હોય તો આમજનતાએ, કોંગ્રેસની નીતિ બરાબર સમજીને તેને પૂરો સાથ આપવો પડશે.

ચીમનલાલ શાહ

સમાજને જ ખાતર નહિ પણ સમસ્ત ગુજરાતી સમાજને પરમ ગૌરવનો વિષય છે. તેમના લઘુ બંધુ સદ્‌ગત ચંદુલાલ નાણાવટીનાં પત્ની મણિબહેન એક જાણીતા રાષ્ટ્રીય કાર્યકર્તા છે અને આજે અખિલ ભારત ચરખા સંઘના મંત્રી તરીકે કામ કરી રહ્યા છે. અને કાલબાદેવી રોડ ઉપરના ખાદી ભંડારનું સંચાલન કરે છે. શ્રી. રતિલાલ મણિલાલ નાણાવટીએ એક બાહોશ વ્યાપારી અને ઉદ્યોગપતિ તરીકે ભારે નામના મેળવી છે. આવા નાણાવટી કુટુંબ તરફથી રૂ. ૪૦૦૦૦૦ જેવી મોટી રકમ એક સાર્વજનિક હોસ્પીટલ ઉભું કરવા માટે કાઢવામાં આવે એ જેટલું આનંદપ્રદ છે તેટલું જ અભિનન્દન યોગ્ય બને છે.

આજે જાતજાતનાં કાર્યો માટે નાનાં મોટા અનેક દાનોની ચોતરફથી જાહેરાત થઇ રહી છે. તેમાંના કેટલાંક કોમી જાતનાં હોય છે તો કેટલાંક કેવળ સાર્વજનિક હોય છે. જે કોઇ જે રીતે દ્રવ્ય આપે પોતપોતાની કોમના ભલા માટે કે નાત જાતના ભેદભાવ વિના વિશાળ જનસમુદાયના ભલા માટે–તે તે પ્રકારનું દરેક દ્રવ્ય વિસર્જન જરૂર આવકારદાયક છે. પણ જ્યારે પણ કોઇપણ શ્રીમાન પોતાના નાતજાતના ભેદ ભાવને ભુલી સાર્વજનિક દાનની જાહેરાત કરે છે ત્યારે આપણને કોઇ જુદા જ પ્રકારનો આનંદ થાય છે. દરેક ધર્મમાં વિશ્વબંધુત્વ ઉપર ખુબ ભાર મૂકવામાં આવ્યો છે. 'મિત્તિમે સવ્વ ભૂએસુ' એ જૈન ધર્મનો પણ મુખ્ય સિદ્ધાન્ત છે. આમ છતાં પણ આપણો આજનો દાનેશ્વરી સાધારણ રીતે પોતાની નાતજાતની બહાર જોઇ શકતો નથી અને આસપાસના લોકો પણ તેની દાનવૃત્તિને નાતજાતની બેડી પહેરાવવાની જ પ્રેરણા આપ્યા કરતા હોય છે. આ દૃષ્ટિએ જોતાં એક વિશિષ્ટ જૈન કુટુંબ એક વિશિષ્ટ પ્રદેશમાં વસતી વિશાળ જનસંખ્યાની આત્યન્તિક જરૂરિયાતને પહોંચીવળવા તત્પર બને, તે માટે આવડી મોટી સખાવત કરે એટલું જ નહિ પણ તે કાર્યને આત્મસાન, કરીને આગળ વધારવા માટે અને પાર પાડવા માટે કટિબધ્ધ થાય એ માટે એ કુટુંબના અગ્રણીઓને જેટલો ધન્યવાદ આપવામાં આવે એટલો ઓછો છે. પૂજ્ય ગાંધીજીએ આ હોસ્પીટલને આશીર્વાદ આપતાં આ હોસ્પીટલનો ખરો લાભ ગરીબોને જ મળશે અને આ હોસ્પીટલમાં પહેલો ખાટલો તો હરિજનનો જ પડવો જોઇએ એવી ખાસ અપેક્ષા વ્યકત કરી છે અને આ સૂચનાને અગ્રસ્થાને રાખીને આ હોસ્પીટલનું સંચાલન કરવામાં આવશે એવી આ સંસ્થાની સંચાલન સમિતિએ ખાત્રી આપી છે.

આજે આ હોસ્પીટલ માટે ઘોડબંદર ઉપર આવેલા જુહુ એરોડ્રોમની સામે ૨૦,૦૦૦ વાર જગ્યા ખરીદવામાં આવી છે. આ જગ્યામાં ૨૫૦૦ વારનું બાંધકામ કરવામાં આવશે અને ૫૦ બીછાનાની તત્કાલ ગોઠવણ કરવામાં આવશે. આ ઉપરાંત સદ્‌ગત શેઠ નંદલાલ રણછોડદાસના સ્મરણમાં તેમના પુત્ર ભાઇ મગનલાલ તરફથી મળેલ રૂ. ૫૦૦૦૦ વડે ૧૪ બીછાનાનું એક પ્રસૂતિગૃહ બાંધવામાં આવશે અને તે સાથે સાથે ૧૨ બીછાનાનું એક બાલસારવાર ગૃહ પણ ઉભું કરવામાં આવશે આ હોસ્પીટલમાં બે ઓપરેશન થીએટર, પેથોલોજીકલ લેબોરેટરી. એકસરે ડીપાર્ટમેન્ટ વગેરે અનેક જરૂરી વિભાગો ઉભાં કરવામાં આવશે અને અદ્યતન સર્વ સાધનો અને સામગ્રી વસાવવામાં આવશે. આજે આ હોસ્પીટલમાં ૭૬ બીછાનાઓની વ્યવસ્થા કરવામાં આવી છે પણ આગળ જતાં જેમ જેમ નાણાં મળતાં જાય તેમ તેમ વધારતા જતાં ૨૦૦ બીછાનાં ઉભાં કરી શકાય એવા પ્લાન પૂર્વક આ હોસ્પીટલનું નિર્માણ કરવામાં આવનાર છે. આ હોસ્પીટલની આજની સંચાલન સમિતિ નીચેના સભ્યોની બનેલી છે.

સર મણિલાલ બાલાભાઇ નાણાવટી પ્રમુખ
ડૉ. જીવરાજ મહેતા
શ્રી. જગમોહનદાસ જે. કાપડીઆ
શ્રી. જસવન્તલાલ મકુભાઇ સોલીસીટર
ડૉ. એસ. સી. શેઠ
શ્રી. ચંદુલાલ ટી. શાહ
શ્રી. મગનલાલ નંદલાલ કાણકીઆ
શ્રી. મણિબહેન ચંદુલાલ નાણાવટી
શ્રી. રતિલાલ મણિલાલ નાણાવટી

આ ૭૫ બીછાનાનું હોસ્પીટલ સર્વ સાધન સામગ્રી સાથે ઉભું કરવા માટે રૂ. ૮૫૦૦૦૦ નો ખર્ચ થશે એમ અડસટ્ટો બાંધવામાં આવ્યો છે. આવું હોસ્પીટલ ચલાવવા માટે દર વર્ષે રૂ. ૭૫૦૦૦ નો ખર્ચ પડશે એમ ગણતરી કરવામાં આવી છે. આગળ જતાં આ હોસ્પીટલને ૨૦૦ બીછાનાની સગવડ સુધી લઇ જવાની કલ્પનાને પહોંચી વળવા માટે અને એવા એક ભવ્ય હોસ્પીટલને નીભાવવા માટે સરવાળે બીજા વીશ લાખ રૂપીઆ જોઇશે. આ કાર્યને જે કોઇ જે રીતે મદદરૂપ થઇ શકે તેને તે રીતે મદદકર્તા બનવા અને ખાસ કરીને હોસ્પીટલની ઉપર જણાવેલ આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે બને તેટલો ફાળો મોકલી આપવા આ સંસ્થાનું સંચાલક મંડળ જાહેર જનતાને વિજ્ઞપ્તિ કરે છે.

આ હોસ્પીટલને આજ સુધીમાં મળેલી આર્થિક મદદોની યાદી નીચે મુજબ છે.

૪૦૦૦૦૦ નાણાવટી ફેમીલી ટ્રસ્ટ.
૧૦૦૦૦૦ શેઠ સુંદરજી દેવચંદ.
૫૦૦૦૧ સ્વ. નંદલાલ રણછોડદાસ કાણકીયા સ્મારક ફંડ.
૩૦૦૦૦ શ્રીમતી ચંદ્રીબહેન જેસીંગભાઇ શાહ.
૩૦૦૦૦ સૌ. મદનગૌરી જગમોહનદાસ કાપડીઆ.
૧૨૦૦૦ શ્રી. સોમેશચંદ્ર મણિલાલ નાણાવટી.
૧૦૦૦૧ શ્રી ચંદુલાલ ટી. શાહ.
૧૦૦૦૧ ગં. સ્વ. જમનાબાઇ નરસિંહ મોનજી.
૧૦૦૦૧ શ્રી. ખુશાલ ખેંગાર.
૧૦૦૦૧ શ્રીમતી વિજયાલક્ષ્મી જયકીશનદાસ થાણાવાળા.

ડૉ. બાલાભાઇ નાણાવટી હોસ્પીટલના

પ્રેરક



સ્વ. ડૉ. બાલાભાઈ નાણાવટી

પ્રયોજક



સર મણિલાલ બાલાભાઈ નાણાવટી

૫૦૦૧ શ્રી. પદ્મકાન્ત ઝોફ.
૫૦૦૧ „ શ્રીજમોહન લ. રૂઇઆ.
૫૦૦૧ „ ચંદુલાલ ચોકસી.
૫૦૦૧ „ ભાઇદાસ ધારસી ભુતા.
૫૦૦૧ „ હરિલાલ એન્ડ કેશવલાલ ભટ્ટ.
૫૦૦૧ „ વિનોદચંદ્ર નગીનદાસ મહેતાના સ્મરણાર્થે.

૬૯૨૦૧૧
૮૫૦૮ બીજી પરચુરણ રકમો.

૭૦૦૫૧૯

આ મદદ આપનારામાં રૂા. ૧૦૦૦૦૦ આપનાર શેઠ સુંદરજી દેવચંદ જેઓ એક જૈન ગૃહસ્થ છે અને રેશમી કાપડના મોટા વ્યાપારી છે તેમને આટલી મોટી રકમનું દાન જાહેર કરવા માટે તેમ જ સોમેશચંદ્ર મ. નાણાવટી, સી. ટી. શાહ, ખુશાલ ખેંગાર, ચંદુલાલ ચોકસી વગેરે જૈન ગૃહસ્થો કે જેમનો ફાળો કાંઇ નાનોસુનો નથી તેમને સર્વને આવા સર્વજનકલ્યાણકર કાર્યમાં સાથ આપવા માટે ખાસ ધન્યવાદ ઘટે છે.

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ માટે દ્રવ્યયાચના

શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહના ટ્રસ્ટીઓ શ્રી માણેકલાલ અમુલખરાય મહેતા, મણિલાલ મોકમચંદ શાહ, ચીમનલાલ ચકુભાઇ શાહ, શાન્તિલાલ હરજીવન શાહ તથા શાન્તિલાલ વાડીલાલ શાહ એક જાહેર વિજ્ઞપ્તિદ્વારા જણાવે છે કે:-

"શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ સદ્‌ગત સાક્ષાર શ્રી. વાડીલાલ મોતીલાલ શાહનો જૈન સમાજને વારસો છે. શ્રી. વાડીલાલ મોતીલાલ શાહ અને તેમના ભાગીદાર શ્રી મણિલાલ મોકમચંદ શાહે તેમની મેસર્સ બી. મણીલાલની કંપનીમાંથી રૂા. ૩૧૦૦૭ ની રકમ આપી આ સંસ્થાની શરૂઆત કરી જેમાં ત્રણે ફીરકાઓના ભાઇ-ઓએ સારી રકમ ભરી ફંડમાં વધારો કર્યો છે. ત્રણે ફીરકાની સંયુક્ત એવી કેળવણીની આ એક જ અનન્ય સંસ્થા છે. ત્રણે ફીરકાઓની એકતા માટે આપણે સદા ઉત્સુક છીએ અને ત્રણે ફીરકાની કોન્ફરન્સો વખતોવખત તે માટે ઠરાવો કરે છે. તેવી એકતા સાધવાનું આ એક સક્રિય પગલું છે. લગભગ ૨૯ વર્ષથી આ સંસ્થા આપણા સમાજની સેવા કરી રહી છે. ત્રણે ફીરકાના સેંકડો વિદ્યાર્થીઓએ અને કેટલાય જૈનેતર વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો છે, અને મોટી પદવીઓ મેળવી છે. તેમાંના કેટલાય આજે સમાજમાં આગેવાનીભર્યો ભાગ લઇ સમાજની સેવા કરી રહ્યા છે.

"છેલ્લાં ૨૪ વર્ષથી મુંબઇ હાઇકોર્ટે કરેલ યોજના મુજબ આ સંસ્થાનો વહીવટ ચાલે છે. શરૂઆતથી આ સંસ્થા મુંબઇમાં પ્રીન્સેસ સ્ટ્રીટ ઉપર ભાડાના મકાનમાં ચાલે છે. સંસ્થાને પોતાનું મકાન કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. મુંબઇમાં વિદ્યાર્થીઓને રહેવા જગ્યા મેળવવાની મુશ્કેલીઓ સુવિદિત છે. મુંબઇમાં અભ્યાસ કરવા ઇચ્છતા કચ્છ, કાઠીયાવાડ, ગુજરાત, અને મહારાષ્ટ્રના કેટલાય વિદ્યાર્થીઓને જગ્યાના અભાવે પોતાનો અભ્યાસ છોડી દેવો પડે છે. અમારે નિરૂપાયે સંખ્યાબંધ વિદ્યાર્થીઓની અરજીઓ નામંજુર કરવી પડે છે. સંસ્થા પાસે માત્ર રૂા. ૫૬૦૦૭ની સરકારી લોન છે, જેના વ્યાજમાંથી વિદ્યાર્થીઓની રહેવા મકાન, ફરનીચર, નોકર વગેરે સાધન મળે છે. જમવાની સગવડ વિદ્યાર્થીઓ પોતે કરી લે છે. વળી સંસ્થામાં અભ્યાસ કરતા ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને પુસ્તકો, કોલેજ ફી, જમવાનું ખર્ચ વિગેરે માટે મદદ કરવા અત્યારે સંસ્થા પાસે કોઇ ફંડ નથી. આજની ખર્ચાળ કેળવણીમાં તેજસ્વી વિદ્યાર્થીઓને પણ આર્થિક સહાયના અભાવે પોતાનો અભ્યાસ છોડી દેવો પડે છે તે જાણીતી હકીકત છે. તેથી સંસ્થા માટે સ્વતંત્ર મકાન કરવા તથા વિદ્યાર્થીઓને બને તેટલી બીજી સહાય કરવા અમોએ ફંડ કરવા નિર્ણય કર્યો છે. તે માટે હાલ તુરત ઓછામાં ઓછા બે લાખ રૂપીયા જોઇએ. જૈન સમાજ લાખો રૂપીયાનું દાન કરે છે. ત્રણે ફીરકાની આપણી આ સંસ્થાને આટલી રકમ આપવી જૈન સમાજ માટે સહેલું છે. આપ અમારા આ કાર્યમાં સહાય આપશો એવી અમારી આગ્રહભરી વિનંતિ છે.

ઠે. પીરભાઇ બીલ્ડીંગ નં. ૨, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨, તા. ૧-૮-૪૬.

આ ફંડની શરૂઆત તરીકે સંસ્થાના એક ટ્રસ્ટી અને મુખ્ય સંચાલક શ્રી મણિલાલ મોકમચંદ શાહે રૂા. ૧૦૦૦૦ ની રકમ આપવા ઇચ્છા દર્શાવી છે અને આ સંસ્થાની તેમની આજ સુધીની અનેક સેવા અને આ ઉદાર દાનની કદરરૂપે સંસ્થાના ટ્રસ્ટીઓએ આ સંસ્થાનું પોતાનું મકાન બંધાય ત્યારે તે મકાનની વ્યાખ્યાન-શાળા સાથે શ્રી મણિલાલ મોકમચંદ શાહનું નામ જોડવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ ઉપરાંત આજ સુધીમાં આ ફાળામાં ભરાયલી રકમોની યાદી નીચે મુજબ છે.

૭૫૦૦ શ્રી ચીમનલાલ પી. શાહ
૫૦૦૦ „ અમૃતલાલ દલપતભાઇ શેઠ
૧૫૦૦ „ માણેકલાલ અમુલખરાય મહેતા
૧૦૦૦ „ ટી. જી. શાહ
૧૦૦૦ „ મતુભાઇ ડી. શાહ
૧૦૦૦ „ ચંદ્રવદન એલ. રાંદેરી

૧૭૦૦૦

આ કુલ રકમ ૧૭૦૦૦ માં શ્રી. મણિલાલ મોકમચંદના રૂા. ૧૦૦૦૦ મેળવતા હજુ રૂા. ૨૭૦૦૦ થયા છે. સંસ્થાના ટ્રસ્ટીઓએ હાલ તુરત બે લાખ રૂપીયાની ટેલ નાંખી છે તેની આ તો હજુ પ્રારંભિક શરૂઆત ગણાય. આ બે લાખ જેમ બને તેમ જલ્દિથી પુરા કરી આપવા જૈન સમાજના શ્રીમાનોને આગ્રહ પૂર્વક વિનંતિ કરવામાં આવે છે.

જૈન સાધુઓ અદાલતને આંગણે

મુંબઇ ખાતે મુનિ ચંદ્રોદયસાગરે મુંબઇ સમાચાર અને શેઠ જીવાભાઇ પરતાપસી ઉપર માંડેલો બદનક્ષીનો કેસ બહુ જાણીતો છે. આવી જ રીતે પાલીતાણાની કોર્ટમાં મુનિ જયવિજયજીએ મુનિ શિવશંકરવિજય, મુનિ સુન્દરવિજય, બે ભાઇઓ અને એક બહેન ઉપર ઇન્ડીયન પીનલ કોડની કલમ ૩૨૩ અને ૫૦૪ નીચે ફરીયાદી નોંધાવી છે. પોતાને કાંઇ પણ નુકસાન કે ઇજા પહોંચી હોય તેનો બદલો લેવા માટે અથવા તો નુકસાન યા ઇજા પહોંચાડનારને શિક્ષા કરાવવા માટે કોઇ કોઇના ઉપર સરકારી અદાલતમાં ફરિયાદ નોંધાવે અને કેસ ચલાવે અને ગુન્હો પુરવાર થયે ગુનેહગારને દંડ યા શિક્ષા ફરમાવવામાં આવે–આ હંમેશનો ચાલુ ક્રમ છે. આમાં કોઇ કાંઇ ખોટું કરે છે એમ માનવાને કે કહેવાને કાંઇ કારણ નથી. પણ આ ફરિયાદીનું સ્થાન જ્યારે એક જૈન સાધુ લે છે અને જૈન સાધુ એટલે પાંચ મહાવ્રતનો ધારણ કરનાર, સત્ય અને અહિંસાનો પ્રતિનિધિ, રાગ અને દ્વેષનો વિજેતા, સ્તુતિ અને નિન્દાને સમભાવે નિહાળનાર, સંસારના સર્વ પ્રપંચોથી મુક્ત. અને આત્મ-મોક્ષની જ કેવળ તમન્ના ધરાવનાર આવી જેના વિષે કલ્પના બાંધવામાં આવી છે એવો એક જૈન સાધુ જ્યારે પોતાને નુકસાન કરનારનો 'દંડ કરો, શિક્ષા કરો' એમ ખુબ પાડતો આજની અદાલતના દરવાજે ખડો થાય છે અને સાથે આજની અદાલતો, વકીલોના કાવાદાવા, સાચુ પુરવાર કરવા માટે પણ અનેક રીતે અસત્યનો લેવાતો આશ્રય–આ બધું જ્યારે આપણા ધ્યાન ઉપર આવે છે ત્યારે આવી રીતે ન્યાય માગતો જૈન સાધુ ખરેખર જૈન સાધુ છે કે જૈન સાધુનો વેશ ધારણ કરનાર આપણી જેવો જ એક સંસારી પામર પ્રાણી છે એવો આપણા દિલમાં

પ્રશ્ન થાય છે. જેણે સંસારનો–સમાજના સર્વ બંધનોનો–ત્યાગ કર્યો છે તેને વળી બદનક્ષી શું, બદનક્ષી બદલ માંગવામાં આવતી મોટી રકમ સાથે નિસબત શું, તેને કોઇ મારી ગયું કે ગાળો દીધી તો પણ શું, આ શું એ જ ભગવાન મહાવીરના વારસદારો છે કે જેની ગોશાળકે પાર વિનાની બદનક્ષી કરી હતી અને જેને ગોવાળો–એ નહિ સંભળાવવાનું સંભળાવ્યું હતું અને અસહ્ય શારીરિક યાતના ઉપજાવી હતી–આવા અનેક પ્રશ્નો આપણા મનમાં સ્ફુરી આવે છે. એક સાધારણ માનવી તરેકે અથવા તો નાગરિકના હકકના દાવે ભલે કોઇ પણ જૈન સાધુ સરકારી કોર્ટને આંગણે જાય અને ન્યાય મેળવે પણ આમ કરવાથી જૈન સાધુ જીવનના આદર્શથી ઘણો નીચે ઉતરે છે, પાંચ મહાવ્રતના પાલનને અનેક રીતે જોખમાવે છે, રાગદ્વેષના અનેક પ્રવાહોને વહેતા કરે છે, સમાજમાં ક્ષોભ અને અશાન્તિ પેદા કરે છે અને આજની પડેલી એમ છતાં પણ અન્ય ત્યાગી સંસ્થાઓની અપેક્ષાએ ઉચ્ચતર સ્થાન ભોગવતી અને વધારે પ્રતિષ્ઠા ધરાવતી જૈન સાધુ સંસ્થાને સાધારણ જન સમાજ જે માન, આદર અને લોકોત્તરપણાની કલ્પના વડે જોતો આવ્યો છે, તે માન આદર અને કલ્પનાને આજના સાધુઓનું આવું ચરિત્ર અસાધારણ આઘાત પહોંચાડે છે એ વિષે બે મત હોઇ શકેજ નહિ. આ બાબત માત્ર જૈન સાધુઓએજ વિચારવાની છે એમ નથી, પણ આવા સાધુઓને આવા માર્ગે જવામાં મદદરૂપ થનાર આગેવાન જૈન ગૃહસ્થોએ પણ આ બાબત ખુબ વિચારવા જેવી છે. આવો સાથ આપીને તેઓ કોની સેવા કરે છે ? અલબત્ત અમુક સાધુઓ તેમની સેવાનો જરૂર લાભ ઉઠાવે છે અને તેમના જોરે જ કોર્ટના આંગણે જવાની તેઓ હીંમત કરે છે; પણ આમ કરીને આ જૈન ગૃહસ્થો જો એમ માનતા હોય કે જૈન સમાજની તેઓ ભારે સેવા કરી રહ્યા છે તો તેઓ ગંભીર ભૂલ અને ગેરસમજુતી સેવી રહ્યા છે. તેમણે સમજવું જોઇએ કે આવી પ્રવૃત્તિથી જૈન સાધુ સંસ્થા તેમજ જૈન સમાજ–ઉભયની ભારે પ્રતિષ્ઠાહાનિ થઇ રહી છે. આખરે કોર્ટ તો સ્થુળ ન્યાય તોળે છે. લોકો નિંદા કરે કે સ્તુતિ કરે. એક સરખું વિશુદ્ધ, નમ્ર અને સમભાવી જીવન એ જ સાધુતાનું સાચું પ્રમાણપત્ર છે. ખોટાનું ખોટું પુરવાર કરવું અને તે મુજબ શિક્ષા કરાવવી એ સંસારવ્યવહાર છે. ખોટાને ખોટાની પ્રતીતિ કરાવી–તેને સન્માર્ગે વાળવો અને તે એમ કરે કે ન કરે એમ છતાં પણ તેના વિષે સમભાવ ધરાવવો અને કરૂણા ચિન્તવવી એ સાધુ–વ્યવહાર છે. આ સાધુ વ્યવહાર છોડી ચાલુ સંસાર વ્યવહારનું અવલંબન લેનાર સાધુ 'મુનિ' નામ અને વેશની સર્વ યોગ્યતા ગુમાવે છે.

ભગવાન મહાવીરના સમયના સાધુઓ

આમ જ્યારે કોર્ટને આંગણે ન્યાય માંગવાં જતા આજના જૈન સાધુઓની પામરતા આપણે ચર્ચી રહ્યા છીએ ત્યારે ડો. જગદીશચંદ્ર જૈને પોતે રચેલ અને પ્રગટ કરેલ 'મહાવીર વર્ધમાન' નામની એક નાની પુસ્તિકામાં ભગવાન મહાવીરના સમયના સાધુઓ કેવું કષ્ટમય તપોમય, નિરવદ્ય ચારિત્ર્ય પાળતા હતા અને પોતે સ્વીકારેલ પાંચ મહાવ્રતનું કેવી અડગતાથી પાલન કરતા હતા તેનું એક ચિત્ર રજુ કર્યું છે, જે વાંચતાં આજના સાધુઓની નિરબાધ સુખસંપન્નવાળી પરિસ્થિતિ અને તેના જાણે કે સીધા પરિણામરૂપ તેમની પતિત અવસ્થા અને પામરતા આપણને અત્યન્ત વિષાદગ્રસ્ત બનાવે છે. ડો. જગદીશચંદ્ર જૈન પોતાની પુસ્તિકામાં જણાવે છે કેઃ–

'ભ. મહાવીરના સંઘના સાધુઓને, આજથી બે કે અઢી હજાર વર્ષ ઉપરના જૂના જમાનામાં, કેટકેટલાં કષ્ટોનો સામનો કરવો પડયો હશે તેની તો આજે આપણને કલ્પના પણ ન આવે. રસ્તા દુર્ગમ હતા–મુસાફરી દરમીયાન વિકટ અરણ્યો પસાર કરવા પડતા. ફાડી ખાનારા પશુ પ્રાણીઓ પણ પુષ્કળ હતા. નદીઓ, પહાડો અને ઘગધગતાં રણો શ્રમણોને ઓળંગવા પડતાં. શ્રમણો મોટે ભાગે ગૃહસ્થોના કાફલાની ઓથે વિહાર કરતા.

ચોર–લૂંટારાનો ભય તો બહુ સામાન્ય હતો. એ વખતે છૂટાછવાયા ચોર–ડાકૂ નહોતા રહેતા પણ ગામ વસાવીને કે પડાવ નાખીને રહેતા. રાજાનું મૃત્યુ થયા પછી જ્યારે અરાજકતા વ્યાપતી ત્યારે સાધુઓને શિરે આફત ઉતરતી. બે રાજાઓ લડી પડતા ત્યારે પણ સાધુઓ રખેને ગુપ્તચર હોય એવો વહેમ આવતો અને એમને પહેરગીરો પકડી લેતા. વિધર્મી રાજાના હાથમાં સપડાયેલા જૈન સાધુઓને ભારે ત્રાસ વેઠવો પડતો. આવે વખતે તેઓ બૌધ્ધ સાધુનો વેષ પહેરીને કે કાપાલિક હોવાનો દેખાવ કરીને નાસી છૂટતા. કોઇ કોઇ વાર તો એમને પલાશવન કે કમળોથી ભરેલા તળાવમાં છુપાઇ જવું પડતું.

વસતિમાં–ઉપાશ્રયમાં વસતા સાધુઓ પણ નિશ્ચિંત નહોતા. સાપ, વીંછી, મચ્છર–મકોડા અને કૂતરાની બીક તો કાયમ રહ્યા જ કરતી. ઉપાશ્રયની પાસે રહેતી બાઇઓ કેટલીકવાર પોતાનાં ગર્ભ ત્યાં મૂકી જતી, ચોરીના મુદ્દા માલ ત્યાં લોકો નાખી જતા અને કેટલીકવાર ત્યાં કેટલાકો આપઘાત પણ કરતા. આથી સાધુઓને ઉપાશ્રયમાં બહુ સાવચેતીથી રહેવું પડતું. રાતને વખતે ચોકીદારી પણ કરવી પડતી.

તેમાંય જ્યારે શ્રમણ બીમાર પડે અથવા તો દુષ્કાળનો પંજો પડતો ત્યારે શ્રમણો ઘણી કફોડી સ્થિતિમાં મૂકાઇ જતા અગર ગમે તેવા કાચા–પાકા આહારથી એમને નભાની લેવું પડતું અથવા તો જૂદા જ ઉપાયો અજમાવવા પડતા.

સાધુઓ કરતાં સાધ્વીઓની દશા તો ઘણી કઢંગી બની જતી. સાધ્વીઓને ભારે સંકટનો સામનો કરવો પડતો. સાધ્વીજી જો યુવતી હોય તો એનાથી એકલું બહાર ન જવાય–ત્રણ, પાંચ કે સાત સાધ્વીઓ સાથે બહાર નીકળાય અને તે પણ વૃદ્ધા સાધ્વીની ઓથે રહીને ભિક્ષા માટે જવું પડે.

ભિક્ષુ અને ભિક્ષુણી સંઘની સ્થાપના કરીને ભ. મહાવીરે જન સમાજનું એક મહાન કલ્યાણ કર્યું છે એ વિષે જરાય શક નથી. ભિક્ષુઓ આર્ય તેમજ અનાર્ય દેશોની અંદર દૂર દૂર સુધી જઇને અહિંસાની ભાવનાનો પ્રચાર કરતા. મહાવીરે બુદ્ધની જેમ ભિક્ષુઓને મધ્યમ માર્ગ નથી ઉપદેશ્યો. ભ. મહાવીર તો વારંવાર એમજ કહેતાઃ "હે આયુષ્માન શ્રમણો ! ઇંદ્રિયનિગ્રહ કરો–સૂતા, ઉઠતા, બેસતા, હંમેશાં જાગ્રત રહો–પળનો પણ પ્રમાદ ન કરશો. જ્યારે કેવા પ્રકારનું પ્રલોભન તમને માર્ગભ્રષ્ટ કરી દેશે તે કંઇ કહેવાય નહિ, માટે કાચબો જેમ પોતાના અંગોપાંગ સંકોચીને રહે છે તેમ તમે પણ તમારી ચંચળ મનોવૃત્તિને અંકુશમાં રાખો.'

જૈન શ્રમણોના ઉગ્ર તપ તથા સંયમને લીધે એમની કેવી દશા થતી તે તેમણે અનુત્તરોપપાતિક દશાના આધારે જણાવ્યું છે.

"જૈન શ્રમણોના પગ તથા સાથળ સાવ સૂકાઇ ગયા છે, પેટ અને વાંસો એકાકાર થઇ ગયા છે, જેના હાડકાં બહાર કળાય છે વાંસાનાં હાડકાં જાણે રૂદ્રાક્ષની માળા હોય એવા લાગે છે, છાતી ગંગાના તરંગ જેવી દેખાય છે, હાથ જાણે સાવ સૂકાઇ ગયા હોય એમ માત્ર અડી રહ્યા છે, જેનું મસ્તક ધ્રુજ્યા કરે છે, ચહેરો સાવ કરમાઇ ગયો છે, આંખો ઊંડી ઉતરી છે જે માંડ માંડ ચાલી શકે છે, બેઠા પછી જેનાથી ઉઠી શકાતું નથી અને બોલવા માટે જેની જીભ પણ માંડમાંડ ચાલે છે–જેનું રૌદ્ર રૂપ જોઇને બૈરાંઓ ગભરાઇને નાસી જાય છે. આવા શ્રમણોના ત્યાગ, સંયમ કેટલા ઉગ્ર હશે તેનો ખ્યાલ કરો ! આટલી તપશ્ચર્યાના પ્રતાપે, આટલા આત્મસમર્પણના પ્રતાપે ભ૦ મહાવીરે જનસમુદાયની નસોમાં નવી પ્રાણની ધારા વહાવી." (જૈનમાંથી ઉધ્ધૃત)

પરમાનંદ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી આગામી પર્યુષણ વર્ષ દરમ્યાન તા. ૨૩-૮-૪૬ શુક્રવારથી તા. ૩૧-૮-૪૬ શનિવાર સુધીની નવ દિવસની વ્યાખ્યાનમાળા ગોઠવવામાં આવી છે. તા. ૩૦-૮-૪૬ શુક્રવાર સિવાય બાકીના આઠ દિવસ હંમેશા સવાર ૮॥ થી ૧૦॥ સુધી વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ, આનંદ ભુવનની વ્યાખ્યાનશાળામાં વ્યાખ્યાનસભા ભરાશે. તા. ૩૦-૮-૪૬ શુક્રવારની વ્યાખ્યાનસભા કાલબાદેવી રોડ ઉપર આવેલા ભાંગવાડી થીયેટરમાં સવારના ૯ વાગે શરૂ કરવામાં આવશે. આ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવ્યો છે.

દિવસ	વ્યાખ્યાતા	વ્યાખ્યાન વિષય
તા. ૨૩-૮-૪૬ શુક્રવાર	જસ્ટીસ હરસિદ્ધભાઈ દીવેટીઆ	હિંદુ ધર્મ અને જૈન ધર્મના સિદ્ધાન્તો
,, ,,	પંડિત દરબારીલાલજી	સંસ્કૃતિની બીમારી
તા. ૨૪-૮-૪૬ શનિવાર	શ્રીમતી સરલાબ્હેન સારાભાઈ	
,, ,,	પંડિત દરબારીલાલજી	
તા. ૨૫-૮-૪૬ રવિવાર	શ્રી. કનૈયાલાલ મા. મુનશી	ભારતીય સંસ્કૃતિ
,, ,,	,, ચીમનલાલ ચકુભાઇ શાહ	શ્રી રામકૃષ્ણ પરમહંસ
તા. ૨૬-૮-૪૬ સોમવાર	શ્રીમતી ઇન્દુમતીબ્હેન મહેતા	
,, ,,	શ્રી ગોપાળરાવ કુલકર્ણી	ગાંધીજીની અહિંસા
તા. ૨૭-૮-૪૬ મંગળવાર	શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ	ચાર ભાવના
,, ,,	શ્રી રામનારાયણ વિ. પાઠક	સાહિત્ય અને જીવન
તા. ૨૮-૮-૪૬ બુધવાર	શ્રીમતી ઇન્દુમતીબ્હેન મહેતા	
,, ,,	,, કમળાબ્હેન ઠક્કર	ભગવાન બુદ્ધ વિષે કીર્તન
તા. ૨૯-૮-૪૬ ગુરૂવાર	,, ઇન્દુમતીબ્હેન ચીમનલાલ	નવી તાલીમનાં મૂળ તત્વો
,, ,,	કાકાસાહેબ કાલેલકર	શ્રમણ સંસ્કૃતિ
*તા. ૩૦-૮-૪૬ શુક્રવાર	ડૉ. બુલચંદજી	ભગવાન મહાવીર
,, ,,	શ્રીમતી કમળાબ્હેન ઠક્કર	ભગવાન મહાવીર વિષે કીર્તન
તા. ૩૧-૮-૪૬ શનિવાર	શ્રીમતી વેણીબ્હેન કાપડીઆ	સંત તુલસીદાસ અને સુરદાસ
,, ,,	શ્રી. સીતારામ ચતુર્વેદી	કળા અને સંસ્કૃતિ

તારટપાલની હડતાળ અને અવ્યવસ્થાને લીધે આ વખતે કેટલાક વ્યાખ્યાતાઓનાં વ્યાખ્યાનવિષયો હજુ નક્કી થઇ શકયા નથી. ઉપર પ્રગટ કરવામાં આવેલા કાર્યક્રમમાં વક્તાઓની અગવડ સગવડના કારણે અનેક ફેરફારો થતા રહેવાનો પણ પુરો સંભવ છે. આ બાબતને લગતી જાહેરાતો વ્યાખ્યાન સભાઓ દરમિયાન વખતોવખત કરવામાં આવશે. આ વ્યાખ્યાનો નિયત કરેલા સમયે વખતસર શરૂ કરવામાં આવશે. વ્યાખ્યાન દરમિયાન પુરી શાન્તિ, શિસ્ત અને વ્યવસ્થા જાળવવા સૌ કોઇ ભાઇ બહેનોને વિનંતિ કરવામાં આવે છે.

* તા. ૩૦-૮-૪૬ શુક્રવારની સભા સવારના નવ વાગે ભાંગવાડી થીયેટરમાં ભરાશે

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
વેણીબ્હેન વિનયચંદ કાપડીઆ
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

કાકાસાહેબ-ષષ્ટીપૂર્તિ સન્માન સમારંભ

શ્રી. મુંબઈ જૈન યુવક સંઘ તેમજ નીચે જણાવેલ મુંબઇની કેટલીક જાહેર સંસ્થાઓના ઉપક્રમે કાકાસાહેબ કાલેલકરે સાઠ વર્ષ પુરાં કર્યા એ પ્રસંગને અનુલક્ષીને તા. ૨૮-૮-૪૬ બુધવારના રોજ સાંજના છ વાગે મુંબઇ યુનીવર્સીટીના કોન્વોકેશન હોલમાં મુંબઇના વડા પ્રધાન શ્રી. બાળા સાહેબ ખેરના પ્રમુખપણા નીચે ષષ્ટીપૂર્તિ સન્માન સમારંભ યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે સાહિત્ય, શિક્ષણ, લલિતકળા, વગેરે ક્ષેત્રોમાં અગ્રસ્થાન ધરાવતા વિદ્વાનો અને વિવેચકો કાકાસાહેબની અનેકવિધ સેવાઓ વિષે વિવેચનો કરશે. સાહિત્ય-પ્રેમી, શિક્ષણપ્રેમી તેમજ કળાપ્રેમી સર્વે ભાઇ બહેનોને આ પ્રસંગે હાજર રહેવા અને કાકાસાહેબ પ્રત્યેનો આદર વ્યકત કરવા વિનંતિ કરવામાં આવે છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ
પ્રમુખ, મુંબઇ જૈન યુવક સંઘ

પ્રસ્તુત ષષ્ટીપૂર્તિ સમારંભમાં જોડાયલી સંસ્થાઓની યાદી

મુંબઈ જૈન યુવક સંઘ
ભગિની સમાજ
જૈન મહિલા સમાજ
ઈન્ડીયન લેંગ્વેજીઝ એસોસીએશન
પારસી લેખક મંડળ
બોંબે ફીલ્ડ ક્લબ
સાહિત્ય સંસદ
લેખક મીલન
ગુજરાત કળા સંઘ
ગુજરાત રીસર્ચ સોવાયટી
કલમ મંડળ
ગઝલ મંડળ

વગેરે.

મુંબઈ જૈન યુવક સંઘ વિષે 'જ્યોતિર્ધર' શું કહે છે ?

અનેક સામાજિક, શિક્ષણ વિષયક તેમજ સાહિત્યને લગતા પ્રશ્નોની વિશદ સમાલોચના કરતું શ્રી ગટુલાલ ગોપીભાઇ કુના તંત્રીપણા નીચે અમદાવાદ ખાતે નીકળતું પાક્ષિક પત્ર જ્યોતિર્ધર તા. ૮-૬-૪૬ ની અંકમાં મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃતિઓ સંબંધે જણાવે છે કેઃ—

"જ્ઞાતિઓમાં અને કોમોમાં કેટલાક અનિષ્ટ રિવાજો, અજ્ઞાન વહેમો, કંગાળ આર્થિક સ્થિતિ, કુસંપ વગેરે દૂર કરવા માટે ઘણી જ્ઞાતિઓના યુવકોએ યુવક સંઘો સ્થાપેલા છે. પોતપોતાની જ્ઞાતિઓની અનિષ્ટ સ્થિતિ સુધારવાનો તેઓ પ્રયત્ન કરે છે. પરંતુ સંરક્ષક વૃત્તિનાં વૃદ્ધ અને પ્રૌઢ સ્ત્રીપુરૂષો, પુરોહિતો, જ્ઞાતિઓના પટેલો અને સરમુખત્યારોની સર્વવ્યાપી સત્તા આગળ તેમનું કાંઇ ચાલતું નથી. બહુ જ જૂજ પ્રમાણમાં શિક્ષણ પ્રચાર સિવાય બીજી રીતે જ્ઞાતિઓની સ્થિતિ સુધારવામાં તેમને સફળતા મળતી નથી. આ સર્વમાં એક અપવાદ રૂપ અમને મુંબઇ જૈન યુવક સંઘની પ્રવૃત્તિ જણાઇ છે.

મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પોતાના કોમની ઉન્નત્તિને અર્થે અનેક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. સત્તર વર્ષ ઉપર આ સંઘ સ્થાપવામાં આવ્યો હતો. જૈનોમાં અયોગ્ય દીક્ષા સામે પ્રચંડ આંદોલનો ચાલી રહ્યાં હતાં તે સમયમાં આ સંઘ સ્થાપવામાં આવ્યો હતો. એટલે સંઘની સ્થાપનાથી જ પોતાની કોમનાં નાનાં અણસમજુ બાળકોને, તેમની ઇચ્છા કે અનિચ્છાનો વિચાર કર્યા વિના, કેટલાક સત્તાધારી જૈન સાધુઓ અને તેમને ટેકો આપનારા જૈનો તરફથી, બળાત્કારે દીક્ષા આપવાનો જે ત્રાસ જૈન સમાજમાં પ્રવર્તી રહ્યો હતો, અને જેને પરિણામે વડોદરા રાજ્યમાં બાળ-દીક્ષાપ્રતિબંધક કાયદો કરવો પડયો હતો, તેની સામે આ સંઘે જબરદસ્તી મોરચો માંડયો હતો.

પર્યુષણ વ્યાખ્યાનમાળા અને 'પ્રબુધ્ધ જૈન' નામનું પાક્ષિક પત્ર એ આ સંઘના મુખ્ય પ્રચારકાર્ય ગણાય. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જૈને કરતાં જૈનેતરો પાસે વધારે સંખ્યામાં વ્યાખ્યાનો અપાવવામાં આવે છે અને વ્યાખ્યાનના વિષયો પણ બહુ ઉદાર અને વિશાળ દ્રષ્ટિથી પસંદ કરવામાં આવે છે. 'પ્રબુદ્ધ જૈન' એ કોમી પત્ર હોવા છતાં રાષ્ટ્ર અને સમાજના લગભગ સર્વ અગત્યના પ્રશ્નોની વિશાળ, ઉદાર અને પ્રગતિની દૃષ્ટિએ તેમાં ચર્ચા કરવામાં આવે છે. જૈન સમાજ એ સમસ્ત રાષ્ટ્રનું એક અંગ છે અને સમસ્ત રાષ્ટ્રના કલ્યાણની દૃષ્ટિએ જ કોમના પ્રશ્નોનો વિચાર થવો જોઇએ એ જ દૃષ્ટિ એ પત્રમાં રાખવામાં આવે છે,

યુવક સંઘ તરફથી ભરવામાં આવેલી બે જૈન યુવક પરિષદનાં ઠરાવોએ જૈન સમાજની રૂઢ મનોદશા પલટાવવાના ભારે પ્રયત્નો કર્યા હતા. સુભાગ્યે આ સંઘના ક્રાન્તિવાદી યુવકોને જૈન સમા-જના પ્રૌઢવયના આગળપડતા વિચારો ધરાવતાં અનેક સ્ત્રીપુરૂષોનો સારો ટેકો મળી રહેલો છે.

આ સંઘની એક પ્રવૃત્તિ ખાસ લક્ષ ખેંચે તેવી છે. અને તે જૈન સમાજનાં જરૂરીયાતવાળાં કુટુંબોને આર્થિક રાહત આપવાની વ્યવસ્થિત યોજના છે. જૈન સમાજનાં એવાં કુટુંબોને છૂટક છૂટક એવી રાહતો–પોળના શ્રીમંત આગેવાનો તરફથી, મિત્રો અને સંબંધીઓ તરફથી, મહાજનના કેટલાક સંચાલકો તરફથી—એ કુટુંબોને ખબર ન પડે તેવી રીતે આપવાનો રિવાજ ઘણાં લાંબા વખતથી પ્રચલિત છે. બીજી કોઇ પણ કોમ કરતાં પારસી કોમના એક માત્ર અપવાદ સિવાય—એ બાબતમાં જૈન સમાજ સ્તુત્ય સેવા કરે છે. પરન્તુ એ સર્વ કાર્ય વ્યવસ્થિત રીતે થતું નથી. મુંબઇ જૈન યુવક સંઘ તરફથી એ કાર્ય માટે બહુ વ્યવસ્થિત કાર્ય થાય છે, અને હાલ રેશનિંગના સમયમાં પણ એ જાતની રાહત વ્યવસ્થિત રીતે ચાલુ હોવાથી અનેક આબરૂદાર પરન્તુ આર્થિક સંકડામણમાં આવી પડેલાં કુટુંબોને મોટી રાહત મળ્યા કરે છે.

માંદાની માવજત માટેનાં સાધનો પૂરાં પાડવાની યોજના પણ સંઘ તરફથી ચાલે છે. જૈન સમાજમાં સ્ત્રીપુરૂષોને બીજી કોમોનાં નામાંકિત સ્ત્રીપુરૂષો, સામાજીક કાર્યકરો અને રાજકીય ક્ષેત્રના આગે-વાનોના સંપર્કમાં આવવા માટે અનેક સમારંભો યોજવામાં આવે છે એ પણ કોમને માટે સારી યોજના છે. ઘણી કોમી સંસ્થાઓના વિચાર અને આચારનું ક્ષેત્ર તે કોમના ક્ષેત્રમાં જ મર્યાદિત બનેલું હોય છે અને પોતાની કોમ ઉપરાંત આ વિશાળ દેશમાં અનેક આગેવાન અને અનુકરણીય જીવન ગાળનારાં સ્ત્રીપુરૂષો વસે છે એનું વિસ્મરણ થયેલું હોય છે તેવી કોમી સંસ્થાઓને જૈન યુવક સંઘની આ પ્રવૃત્તિ દૃષ્ટાન્ત લેવા લાયક છે. કોઇ પણ કોમ એ તો દેશની સમસ્ત પ્રજાનું–નાનું કે મોટું–અંગ જ છે, પ્રગતિ તો સમસ્ત પ્રજાએ સાથે કરવાની છે, એવી વૃત્તિ કોમી સંસ્થાઓમાં જાગ્રત રાખવાની બહુ જરૂર છે.

આ સંઘનો અંતિમ હેતુ જૈનોના બધા વાડા ફીટાવી દેવાનો–ત્રણે ફીરકાઓને જોડી દઇ એક જ જૈન કોમ સ્થાપવાનો છે અને એ દિશામાં પ્રયત્નો થતા રહે છે. સામાન્ય રીતે, કોઇપણ પ્રકારની કોમી સંસ્થાઓના કાર્યનો ઉલ્લેખ આ પત્રમાં કરવામાં આવતો નથી. સાર્વજનિક હિતની જે કોઇ પ્રવૃત્તિ ન હોય તેને અમારા આ પત્રમાં સ્થાન મળેલું નથી. અમારાં સિદ્ધાંત તરીકે એવું માનવું છે કે કોમી સંસ્થાઓ સમસ્ત દેશની સાર્વજનિક પ્રગતિને અવરોધ કરનારી છે. આપણા સમાજમાંથી જ્ઞાતિઓ કે કોમો નાબૂદ થવા માટે જ્ઞાતિ કે કોમી માનસ–Caste or Community consci ousness નાબૂદ થવું જોઇએ જ્યાં સુધી જ્ઞાતિની કોમની સંસ્થા-ઓ ચાલ્યા કરશે, ત્યાં સુધી આવી સ્થિતિ થવાનો સંભવ નથી. તેમ છતાં જૈન યુવક સંઘના આદર્શો, તેની વ્યવસ્થાના નિયમો, તેના સંચાલકોનું ક્રાન્તિકારી માનસ તેની અત્યાર સુધીની પ્રવૃત્તિઓ અને અંતિમ ધ્યેય લક્ષમાં લેતાં, અમને લાગે છે કે, આપણા પ્રાન્તની સર્વ જ્ઞાતિની કે કોમી સંસ્થાઓ કરતાં મુંબઈ જૈન યુવક સંઘ વિશેષ પ્રગતિને પંથે પગલા માંડી રહ્યો છે.

અમે એ સંસ્થાની ઉત્તરોત્તર ઉન્નતિ ઇચ્છીએ છીએ.'

મુંબઈ જૈન યુવક સંઘને શી રીતે મદદ કરી શકાય ?

પ્રબુદ્ધ જૈનના ગ્રાહક બનોઃ રાહત પ્રવૃત્તિમાં નાણું આપો.
વાંચનાલય પુસ્તકાલયને મદદ કરોઃ પર્યુષણ વ્યાખ્યાનમાળાને આર્થિક ટેકો આપો.
સંઘના ચાલુ નિભાવ ખર્ચમાં પુરવણી કરો.
સંઘનો આદર્શ અને બંધારણ બરોબર સમજીને સંઘના સભ્ય બનો.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૯-૧૦ મુંબઈ: ૧૫ સપ્ટેમ્બર ૧૯૪૬ રવિવાર. લવાજમ રૂપિયા ૩

પર્યુષણ પર્વ એટલે વહેમવૃદ્ધિ કે વહેમમુક્તિ ?

('જૈન'ના પર્યુષણ અંકમાંથી સાભાર ઉધ્ધૃત)

પર્યુષણ એ ધર્મ પર્વ છે. ધર્મપર્વનો સીધો અને સરળ અર્થ તો એટલો જ છે કે, જે પર્વમાં ધર્મની સાચી સમજણદ્વારા, આપણે જ્યાં હોઇએ તે કરતાં કાંઇક સારી અને ચઢિયાતી ભુમિકા પ્રાપ્ત કરવી. આ દૃષ્ટિએ વિચાર કરીએ અને પૂર્વગ્રહોથી મુક્ત થવા જેટલી હિંમત કેળવીએ તો આપણને સમજાયા સિવાય નહિ રહે કે આપણે મોટે ભાગે ધર્મપર્વને વહેમપુષ્ટિનું જ પર્વ બનાવી મૂક્યું છે. જૈન ધર્મ કે બીજો કોઈ પણ સાચો ધર્મ હોય તો તેને વહેમો સાથે કશી જ લેવા-દેવા હોઇ શકે નહિ. જેટલે અંશે વહેમની પુષ્ટિ કે વહેમનું રાજ્ય તેટલે અંશે સાચા ધર્મનો હ્રાસ કે સાચા ધર્મનો અભાવ-આ વસ્તુ વિવેકી વાંચકને સમજાવવાની ભાગ્યે જ જરૂર છે.

નાના-મોટાં બધાં જ વહેમોનું મૂળ અજ્ઞાન કે અવિદ્યામાં જ રહેલું છે. પણ અજ્ઞાન અને અવિદ્યાની ગુફા એટલી બધી મોટી તેમજ અંધકારમય છે કે સરળતાથી તેનું સ્વરૂપ સર્વ સાધારણને ગમ્ય થઇ શકતું નથી. તેમ છતાં એ અજ્ઞાન જ્યારે વહેમોની સૃષ્ટિ ખડી કરે છે ત્યારે તે તેવી સૃષ્ટિ સીધી રીતે ન સરજતાં બીજી ગમ્ય થઇ શકે એવી વૃત્તિઓ દ્વારા જ સર્જે છે. એવી વૃત્તિઓમાં બે વૃત્તિઓ મુખ્ય છે. એક લોભ અને બીજો ભય. લાલચ અને ડર બન્ને અજ્ઞાનનાં જ પરિણામો છે. ઘણાં વહેમો લાલચ-મૂળક છે તો બીજા ભયમૂળક છે. અજ્ઞાનનું આવરણ ગયું ન હોય કે નબળું પડયું ન હોય તો તે ન કળાય એવી રીતે ધર્મના ક્ષેત્રમાં પણ લાલચ અને ભયનાં તત્ત્વોને જન્મ આપેજ છે, તેમજ તેની પુષ્ટિ પણ કરે છે એટલું જ નહિ પણ વધારામાં તે માણસનાં વિચારનેત્રો ઉપર એવો ગાઢ પડદો નાંખે છે કે માણસ પોતે વહેમોનો ભોગ બનવા છતાં તેનાં કારણ લાલચ અને ભયને જોઇ શકતો નથી અને ઉલટું વહેમોને જ ધર્મ માની તેનાં કારણ લોભ અને ભયને પોષ્યે જાય છે. અજ્ઞાનની ખુબી જ એ છે કે પોતાના વિરોધી સમ્યગ્જ્ઞાનનું સાચું સ્વરૂપ તો સમજવા દેતું નથી, પણ પોતાનું સાચું સ્વરૂપ સમજતાં પણ માણસને રોકે છે.

આવી સ્થિતિ હોવાથી પજ્જુષણ જેવું ધર્મ પર્વ કે જે ખરી રીતે વહેમ-મુક્તિનું જ પર્વ બનવું જોઇએ તે વહેમોની પુષ્ટિનું પર્વ બની રહ્યું છે અને પજ્જુસણ-પર્વની આરાધનાની ઓઠમાં લોકો વધારે ને વધારે વહેમીલા અને વેવલા બનતા જાય છે. સમાજની ભૂમિકા ધર્મપર્વને નિમિતે શુદ્ધ તેમજ દૃઢ થવાને બદલે અશુધ્ધ અને નિર્બળ બનતી જાય છે. તેથી આ વિષે અહીં થોડો ઉહાપોહ કરવો ચોગ્ય ધાર્યું છું.

પજ્જુષણમાં બીજી ગમે તે ધર્મ-પ્રવૃત્તિ ચાલતી હોય છતાં એમાં ભગવાન મહાવીરના જીવનનું વાચન-શ્રવણ મુખ્ય ભાગ ભજવે છે. હજારો વર્ષ થયાં આ પ્રથા પ્રચલિત છે. સારા સારા વિદ્વાન કહી શકાય એવા સાધુઓ, યતિઓ અને પંડિતો પણ એ વાંચતા અને સંભળાવતા આવ્યા છે. સમજદાર કહી શકાય એવા શ્રાવકો એને સાંભળતા આવ્યા છે. ભગવાનના જીવનનું વાચન-શ્રવણ એટલે ધર્મપર્વની આરાધના અને ધર્મપર્વની આરાધના એટલે વહેમોથી મુકિત મેળવવી તે. હવે આપણે જોઇએ કે ભગવાનની જીવનકથાના વાચન-શ્રવણના ધર્મ-દિવસોમાં આપણે વહેમોથી છુટીએ છીએ કે વધારે અને વધારે વહેમોથી જકડાતા જઇએ છીએ. જો છુટતા હોઇએ તો તો પ્રશ્ન જ નથી; પણ જો જકડાતા જતા હોઇએ તો નિઃસ્વાર્થ અને નિર્ભય એવા વિચારક વર્ગે લોકો સામે લાલબત્તી ધરવી જરૂરી થઇ પડે છે.

જન્મ-પ્રસંગ લ્યો. ભગવાનનો જન્મ થયો ને લાખો દેવ-દેવીઓ આવ્યા. દિક્કુમારીઓ શિશુને મેરૂ ઉપર લઇ ગઇ અને મેરૂનું કંપન પણ થયું. આ વર્ણનમાં કેટલું અસ્વાભાવિક છે અને કેટલુ હજાર પ્રયત્ને પણ ન સમજી શકાય તેવું છે એનો વિચાર કોઇ વાચક કે શ્રોતા કરતો જ નથી. ઉલટું કહેવામાં એમ આવે છે કે એ તો મહાપુરૂષોનાં જીવન છે, આપણા સાધારણ જીવન નથી. જે સાંભળતા હોઇએ તેમાં માત્ર શ્રદ્ધા જ કરવી જોઇએ. શ્રદ્ધાનાં આ તત્ત્વે સાચી સમજની ઇચ્છા અને સાચી સમજના પ્રયત્ન ઉપર પડદો નાંખ્યો એટલે શ્રદ્ધા મજબુત બની. તે એવી મજબુત બની કે એને માટે હવે આગળ આવતા બધા પ્રસંગો વિષે એને કાંઇ પૂછવા, શોધવા કે સત્યાસત્યનો વિવેક કરવા જેવું રહ્યું જ નથી. આમલકી ક્રીડા જેવી મનુષ્યજીવનસુલભ બાળ-ક્રીડાઓ આવી. ભગવાન સાથે માત્ર માનવ બાળકો રમે તો ભગવાન શાના? અને રમતમાં દેવની વિકુર્વીત ગગનચુંબી કાયાને ભગવાન દબાવી ન શકે તો રામ અને કૃષ્ણ કરતાં ભગવાન ચડે કેવી રીતે? એટલે લોકો પોતાના ભગવાનને બીજા ભગવાનો કરતાં વધારે ચડીયાતા માનવા-મનાવવાની-ધૂનમાં એ વિચારવું જ ભૂલી ગયા કે મૂળે રમતમાં દેવ આવ્યાની વાત માનવા જેવી છે કે નહિ?

ભગવાન પોતે તો દેવોની મદદ વિના જ આગળ વધ્યા, પણ એમનું જીવન એવું લખાતું ગયું, કે તે દેવોની મદદ વિના આગળ ચાલી શકે જ નહિ. એટલે સંગમ આવ્યો. કોઇ એ વિચાર નથી કરતું કે પહેલાં તો દેવને મહાવીરની સાધના વચ્ચે આવવાનું કોઇ કારણ જ નથી. પુરાણોમાં વિશ્વામિત્ર જેવા ઋષિઓની તપસ્યામાં ઇન્દ્ર મેનકાને મોકલી વિઘ્ન કરી શકે, પણ સ્વાભાવિક મનુષ્ય-જીવનનો વિચાર કરનાર આગમ ધર્મમાં એવી કલ્પનાને સ્થાન હોઇ શકે નહિ. સંગમ કોઇ હશે તોય તે ભ્લેચ્છ પ્રકૃતિનો કોઇ માણસ હશે, અને તેણે ભગવાનને પરિષહો આપ્યાં હોય તોય તે અમુક મર્યાદામાં જ આપ્યાં હોવા જોઇએ, પણ જાણી જોઇને આપણે વિચારશક્તિ એટલી બધી કુંઠિત કરી નાંખી છે કે એ વિષે વિચાર કરતાં પણ ધ્રુજીએ છીએ.

દેવોની હરમ્યાનગિરીદ્વારા અસંભવ ઘટનાઓ પણ સંભવિત બનાવવાનો સહેલો ક્રિમિઓ હાથમાં આવ્યો. પછી તો પૂછવું જ

શું? ભગવાને જન્મ તો લીધો દેવાનંદાની કુક્ષીમાં, પણ અવતર્યા ત્રિશલા પેટે. આ બનાવને જૈનેતરો જ નહિ પણ, જૈનો સુદ્ધાં હસી કાઢે એવી સ્થિતિ દેખાતાં દેવની દરમ્યાનગીરી મદદે આવી અને સમાધાન થઈ ગયું કે ગર્ભાપહરણ તો દેવે કર્યું, દેવની શક્તિ કાંઈ જેવી-તેવી છે? એ તો ધારે તે કરે. આપણું ગજુ નહિ કે એને આપણે સમજી શકીએ! શ્રદ્ધા બંધાઈ, મજબુત બની અને એ વિષે નવું જાણવાનું દ્વાર એણે બંધ કર્યું. આ પ્રસંગને જૈનેતરો તો બનાવટી લેખતા જ, પણ આ વિષમ કળિયુગમાં જૈનો પણ એવા પાકવા લાગ્યા કે, તેઓ એ ઘટનાનું રહસ્ય પૂછવા લાગ્યા. જો તેઓ દેવનું અસ્તિત્વ અને દરમ્યાનગિરી ન સ્વીકારે તો તેમણે જૈનસમાજ જ છોડી દેવો ત્યાં લગી શ્રદ્ધાળુ વિચારણા આગળ વધી, પણ આકાશ ફાટયું ત્યાં થીગડાં કેમ દેવાય?

ધર્મપર્વમાં તો ખુલ્લે દિલે અને મુક્ત મને સદ્‌વિચારણા કરવાનો માર્ગ ખુલવો જોઇતો હતો, નહિ સમજાયેલાં અને નહિ સમજાતાં રહસ્યોના ખુલાસાઓ શોધવા જોઇતા હતા, પરંપરાગત પૌરાણિક કલ્પનાઓની પાછળનું ઐતિહાસિક તથ્ય શોધાવું જોઇતું હતું. તેને બદલે જ્યાં દેખો ત્યાં આઠે દિવસ હજારો લોકોની માનસિક એરણ ઉપર વહેમો અને અંધશ્રદ્ધાનાં એવા ઘાટ વ્યાખ્યાનોના હથોડાથી ઘડાયે જ જાય છે કે ત્યાગીઓ તેમ જ ગૃહસ્થો એ વિચાર સુદ્ધાં નથી કરતા કે સાંભળનારી આ નવી પેઢી તેમની કેટલીક સાચી વાતને પણ ખોટી સાથે આગળ જતાં ફેંકી દેશે!

ભગવાન દેવાનંદાને જ પેટે અવતર્યા હોત તો શું બગડી જાત? ગર્ભમાં આવવાથી જો ભગવાનનું જીવન વિકૃત ન થયું તો અવતરવાથી શી રીતે વિકૃત થાત? યશોદાને પરણ્યા છતાં તેનો રાગ સર્વથા છોડી શકનાર મહાવીર દેવાનંદાને પેટે અવતરવાથી કેવી રીતે વીતરાગ થતાં અટકત? શુદ્ધ બ્રાહ્મણીને પેટે અવતરનાર ઇન્દ્રભૂતિ આદિ ગણધરોને કેવળજ્ઞાન અને વીતરાગત્વ પ્રગટતાં તેમની માતાનું જે બ્રાહ્મણીત્વ આડે ન આવ્યું તે ભગવાનના વીતરાગત્વમાં આડે શા માટે આવત? ક્ષત્રિયાણીમાં એવો શો ગુણ હોય છે કે તે વીતરાગત્વ પ્રગટવામાં આડે ન આવે? ક્ષત્રિયત્વ અને બ્રાહ્મણત્વ તાત્ત્વિક રીતે શેમાં સમાયેલ છે અને તેમાં કોણ ઊંચું નીચું છે અને તે શા કારણે? આ અને આના જેવા સેંકડો પ્રશ્નો ઉભા થાય છે, પણ પ્રશ્નો કરે કોણ? કરે તો સાંભળે કોણ? અને સાંભળે તો એનો બુધ્ધિગમ્ય ખુલાસો કરે કોણ? આ સ્થિતિ ખરેખર જૈન સમાજના ગૌરવને હીણપત લગાડે તેવી છે. તે વહેમોથી મુક્તિ આપવાને બદલે એમાં જ સંડોવે છે.

ઇતિહાસની પ્રતિષ્ઠાનો પવન ફુંકાયો છે, આગળ પડતા જૈનો કહે છે કે ભગવાનનું જીવન ઐતિહાસિક દ્રષ્ટિએ લખાવું જોઇએ, જેથી સૌ બુધ્ધિગમ્ય કરી શકે. પ્રશ્ન એ છે કે ઇતિહાસમાં દેવોને સ્થાન છે? અને સ્થાન ન હોય તો દેવકૃત ઘટનાઓ વિષે કાંઇ માનવીય ખુલાસો આવશ્યક છે કે નહિ? જો આવશ્યક હોય તો જુના વહેમોમાંથી મુક્તિ મેળવ્યે જ છૂટકો છે. અને આવશ્યક ન હોય તો ઐતિહાસિક જીવન લખવા લખાવવાના મનોરથોથી મુક્તિ મેળવ્યે છૂટકો છે. ત્રીજો રસ્તો નથી. કેટલાક લેખકો ઐતિહાસિક હોવા છતાં આવા વહેમો વિષે ઘટતો ખુલાસો કે મુક્ત વિચારણા કરી નથી શકતા, તેનું એક કારણ એ છે કે તેમના દિલમાં ઉંડે ઉંડે વહેમોની લોકશ્રદ્ધા સામે થવાનું બળ નથી. જો ધર્મ પર્વ સાચી રીતે ઊજવવું હોય તો વહેમોથી મુક્ત થવાની વૃત્તિ કેળવવી જ પડશે.

આ તો વિચારગત વહેમો થયા. કેટલાક આચારગત વહેમો પણ છે અને તે વધારે ઊંડા મૂળ ઘાલી લોકમાનસમા પડયા છે.

પજુષણ આવ્યાં. સ્વપ્નાં ઉતર્યાં, ભગવાનનું પારણું બંધાયું. લોકો પારણું ઘેર લઇ જાય. શા માટે? અસંતતીયાને સંતતી થાય તે માટે. બોલીમાં વધારે રૂપિયા આપ્યા તે, બજારમાં ભાવ ચડાવી માલ ખરીદી લેવાની પેઠે, શાસનના અધિષ્ઠાયક કોઇ દેવ પાસેથી કે ભગવાન પાસેથી કે એ કર્મવાદ પાસેથી છોકરું મેળવવા. આ કેવો વહેમ? અને આ વહેમને પોષનાર કોઇ સાધારણ માણસ નહિ પણ એ તો સુરિઓ અને સુરિસમ્રાટો જેવા. હવે જ્યાં કુમળી વયની છોકરીઓના માનસ ઉપર એવો સંસ્કાર પડતો હોય કે છેવટે સંતતિ મેળવવાનું સાધન વધારે બોલી બોલી પારણું બંધાવવામાં છે, ત્યાં એ છોકરી સંયમદ્વારા આરોગ્ય અને ગર્ભાશયની સુરક્ષા કેવી રીતે કરી શકશે? પારણું ઘેર બાંધ્યા છતાં બાળક ન થયું તો અધિષ્ઠાયકનો દોષ ભગવાનનો દોષ કે પૂર્વકૃત કર્મનો દોષ કે ગુરૂઓએ પોષેલ વહેમોને કારણે બંધાએલ ખોટી આશાઓનો દોષ?

આ બધું જો વિચારણીય ન હોય તો પજુષણ-પર્વનો કાંઇ અર્થ નથી. એ ધર્મપર્વ મટી વહેમપર્વ બને છે અને પોતાનો વહેમમુક્તિનો પ્રાણ ગુમાવી બેસે છે. **પંડિત સુખલાલજી**

મહાત્માજીની અહિંસા

ગાંધીજીએ અહિંસા સંબંધે કાજકાલમાં પ્રગટ કરેલા કેટલાક વિચારોએ જૈન સમાજમાં ઠીક ઠીક ક્ષોભ ઉત્પન્ન કર્યો છે. આ વિષે તા. ૭-૭-૪૬ ના જૈન પત્રમાં એક ઉપયોગી નોંધ પ્રગટ કરવામાં આવી છે જે નીચે પ્રમાણે છે:—

"વાંદરાના ઉપદ્રવમાંથી શરૂ થયેલી અને માંસાહાર સંબંધી ધર્મ-અધર્મ સુધી પહોંચેલી ચર્ચામાં મહાત્મા ગાંધીજીએ પોતાનાં જે મંતવ્યો રજુ કર્યાં છે તે વાંચીને ઘણા જૈન વિદ્વાનો અને શ્રધ્ધાળુઓને આઘાત થયો છે. જેઓ વર્તમાન યુગના અહિંસાના સમર્થ પુરસ્કર્તા છે અને તેમની અહિંસા સંબંધી જવલંત શ્રધ્ધાએ જેમને 'અજાતશત્રુ'ના ઉચ્ચ કોટીએ સ્થાપ્યા છે તેઓ જ્યારે માનવહિતની દૃષ્ટિએ સામાન્ય વાંદરા જેવા પશુઓની હિંસાની હીમાયત કરે ત્યારે જૈનો જેઓ એકેંદ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના પ્રાણીઓની અહિંસામાં મૂળથી જ માનતા આવ્યા છે તેમને એ અહિંસા કથાંઇક પણ અપુર્ણ અથવા પંગુ છે એમ લાગ્યા વિના ન રહે. જૈન સામયિકોમાં આ સંબંધી હાલમાં ઠીક ઠીક ચર્ચા થઇ છે. સંતોષની વાત એટલી જ છે કે એમાં કથાંઇ કડવાશ કે ઝનુનનો અંશ સરખો પણ પ્રવેશવા નથી પામ્યો. પૂરેપૂરો સદ્‌ભાવ અને સન્માન જળવાઇ રહ્યાં છે.

હિંસા-અહિંસા સંબંધી વિચારધારામાં શ્રામણી અને વૈદિકી જેવા બે સ્પષ્ટ ભેદો પડી ગયેલા ઇતિહાસના અભ્યાસીઓએ જોયા છે. વૈદિકો પણ અહિંસામાં તો માનતાજ હતા-માત્ર વૈદિકી હિંસાને હિંસા તરીકે માનવા તૈયાર નહોતા. એમને એમ જ લાગેલું કે યજ્ઞદેવ તો માનવહિતનો મોટામાં મોટો સરજનહાર અને રખેવાળ છે. એની ખાતર હિંસા થાય તોપણ તેમાં સમસ્ત પ્રાણીજગતનું હિત જ છે એટલે તે અહિંસાની કોટીમાં જ મૂકાય. મહાત્માજી માનવતા-મૈત્રી અને નિર્વૈરતાના મહાન પ્રચારક છે. તેઓ જ્યારે એમ કહે છે કે આ "અહિંસા મારી પોતાની છે" ત્યારે આપણે એવો જ અર્થ કરવો ઘટે કે એમની અહિંસા વધુમાં વધુ "લોકહિત"-લક્ષી છે. વૈદિક હિંસા જેવી જ આ લોકહિતલક્ષી હિંસા ગણાય.

તે ઉપરાંત ગાંધીજી જ્યારે પોતાની અહિંસાને "મારી અહિંસા" તરીકે ઓળખાવે છે ત્યારે જે અહિંસાએ સમસ્ત વિશ્વના રાષ્ટ્રપુરૂષોને અહિંસાની અદ્‌ભૂત તાકાત વિષે ચિન્તનશીલ બનાવી દીધા છે-જે અહિંસાએ પઠાણ જેવાઓને પણ વિનમ્ર અને વિનયી બનાવ્યા છે તેનું આજ સુધીનું પ્રયોગાત્મક છતાં પ્રગતિશીલ સ્વરૂપ આપણી આંખ આગળ ખડું થાય છે. ગાંધીજીની અહિંસા કોઇ રસલોલુપીની કે નર્યા અજ્ઞાની અથવા સ્વાર્થીની અહિંસા નથી, એ જાગૃત અને વિકાસશીલ છે. આજે ભલે એમનાં અને આપણા મન્તવ્ય વચ્ચે મોટી દીવાલો ખડી હોય, પણ જે અહિંસા સર્વ માનવોના હિત ઉપરાંત એકેન્દ્રિયની પણ સંભાળ લેવાનો દાવો ધરાવે છે તેની શક્તિ અને સત્વનો એ વિકાસશીલ અને જાગ્રત અહિંસાના ઉપદેશકને અંગીકાર કરવો પડશે એવી શ્રદ્ધા રાખીએ."

રાજા મહેન્દ્રપ્રતાપ

(આજે ૩૧ વર્ષનો દેશવટો ભોગવીને રાજા મહેન્દ્રપ્રતાપ હિંદ ખાતે પાછા ફર્યા છે. એ રાજા મહેન્દ્રપ્રતાપ કોણ છે, એમની આજ સુધીના જીવનની કારકીર્દી કેવી છે આ જાણવા સૌ કોઇના દિલ આતુરતા અનુભવી રહ્યા છે. આ દેશભક્તનો પરિચય ૧૯૪૫ ના નવેંબર માસના 'કુમાર'ના અંકમાં જુદા જુદા માસિકો ઉપરથી તારવીને આપવામાં આવ્યો હતો જે અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. એ ૧૯૪૫ નો નવેંબર એ સમય છે કે જ્યારે જાપાન સાથેનું મિત્રરાજ્યોનું યુધ્ધ ખતમ થયું હતું અને જાપાનનો રાજ્ય વહીવટ અમેરિકાના હાથમાં આવેલો હોઇને રાજા મહેન્દ્રપ્રતાપ એક યુદ્ધ-ગુનેહગાર તરીકે અમેરિકનોના યુદ્ધકેદી બન્યા હતા. આજે અમેરિકનોએ તેમને મુકત કર્યા છે અને આપણી વચ્ચે તેઓ આવી ગયા છે. આ ચિરતપસ્વી દેશભક્તને આપણાં અનેક વન્દન હો!!! **પરમાનંદ**)

પ્રેમ, સેવા, ત્યાગ તથા ન્યાયભાવના પર આજના જગતનું નવનિર્માણ કરવાના મનોરથવાળા હિંદના આ રાજવંશી રાષ્ટ્રભક્ત આજે 'યુદ્ધ-ગુનેગાર' તરીકે અમેરિકનોના હાથમાં કેદ છે. એમનો અપરાધ એ કે ઉત્કટ દેશપ્રેમના દોર્યા એમણે દેશની મુકિતને માટે પોતાને સૂઝયો તે માર્ગ લીધો, એમ કરવામાં વીતેલું એમનું આખું જીવન ત્યાગ, બલિદાન, રઝળપાટ ને મુશ્કેલીઓથી ભરેલું છે; અને એ કારણે જ એમણે હિંદથી નિર્વાસિત બની જાપાનમાં વાસ કરેલો. એ કવિ, તત્ત્વચિંતક તથા ભારતીય મુકિતના એક વારના અપ્રતિહત યોદ્ધાએ એ મનોરથ પાર પાડવા જે ઉદ્યમ આરંભેલો, તથા છેલ્લાં વર્ષોમાં જગતને ને ખાસ કરીને પોતાના દેશને દુઃખ, સંતાપ ને શોષણથી મુકત કરવાના જે યત્નો એમણે કરેલા તેના પાછળ ઘણાને એક પ્રકારનું ધૂનીપણું કે રવપ્નિલતા લાગે; પરંતુ વસ્તુતઃ એ બધાની પાછળ એમનો ઉન્નત આત્મા જ છુપાએલો પડયો છે.

યુકત પ્રાંતના અલીગઢ જિલ્લામાં આવેલા મુરસાનના રાજા ઘનશ્યામસિંહજીના એ ત્રીજા પુત્ર. ઇ. સ. ૧૮૮૬ની પહેલી ડિસેમ્બરે એમનો જન્મ થએલો. એમની નવ વર્ષની વયે પિતા અવસાન પામ્યા. હાથરસના રાજા હરમાનસિંહજીએ એમને દત્તક લેતાં તે એમના જ પ્રબંધથી શિક્ષણ પામ્યા. બચપણથી જ વીર પુરૂષોનાં જીવનકથાનકો તરફ એમનું આકર્ષણ હતું. હાઇસ્કૂલ-શિક્ષણ પૂરું કરી અલીગઢ કોલેજમાં એ દાખલ થયા, પરંતુ ત્યાં બી. એ. માં હતા તે વેળા અંગ્રેજ પ્રિન્સિપાલને હાથે કાંઇ અન્યાય થતાં તેના વિરોધમાં હડતાલ પડાવવાને પરિણામે એમને ગ્રેજ્યુએટ થયા વિના જ કોલેજ છોડવી પડી.

જિંદના મહારાજા રણવીરસિંહજીની બહેન સાથે એમનાં લગ્ન થએલાં. ઇ. સ. ૧૯૦૪માં ૧૮ વર્ષની વયે પોતાથી પત્ની સાથે એ જગતના જુદા જુદા દેશોના પ્રવાસે ઉપડયા. આ પ્રવાસ દરમિયાન શિક્ષણના મહિમાની એમના મન પર એવી દૃઢ છાપ પડી કે પોતાના તથા પોતાના કુટુંબના નિર્વાહ જોગી અમુક સગવડ રાખીને બાકીની બધી મિલકત શિક્ષણ પાછળ સમર્પિત કરી દેવાનો એમણે સંકલ્પ કર્યો. કાયદાની ગૂંચ એમાં આડે આવતી હતી. તેથી પોતાની અરધી મિલ્કત એ માટે કાઢી, તેમાંથી ઇ. ૧૯૦૯ના મે માસમાં એક નમૂનેદાર વિદ્યાલયની સ્થાપના કરી. પોતાની દસ લાખની સંપત્તિ અને રાજમહેલ સુદ્ધાં એને સોંપી દીધો અને પોતે સાદાઇથી એના સંચાલક બનીને રહ્યા. એ વિદ્યાલય તે વૃંદાવનમાં આવેલું પ્રેમમહાવિદ્યાલય. આચાર્ય ગિદવાણીજી તેના આચાર્ય હતા.

એ વિદ્યાલયને એક આદર્શ વિદ્યાલય બનાવવાને ઇ. ૧૯૧૨ માં વિવિધ દેશોની શિક્ષણસંસ્થાઓ તથા શિક્ષણ પદ્ધતિઓનો અભ્યાસ કરવા એ ફરી યુરોપ ઉપડયા. એ અરસામાં જ બાલ્કન યુદ્ધ ફાટી નીકળ્યું ને તુર્કીનો પક્ષ એ યુદ્ધમાં સાચો હોઇને એમણે તુર્કીને સ્વેચ્છાપુર્વક પોતાની સેવા આપી અને યુધ્ધને અંતે હિંદ પાછા ફર્યા.

એ પછી ઇ. ૧૯૧૪ સુધી પ્રેમમહાવિદ્યાલય ઉપરાંત જુદા જુદા સામાજિક તથા શૈક્ષણિક ક્ષેત્રોમાં એ કામ કરવા લાગ્યા તથા 'પ્રેમ' નામે એક હિંદી અને એક ઉર્દુ એમ બે પત્રો તેમણે શરૂ કર્યા. ઇ. ૧૯૧૪ માં જર્મન કૈસરે રશિયાના ઝાર જોગ લખેલી અપીલ તેમણે વાંચી અને નજીક આવી રહેલી ક્રાંતિના લક્ષણો તેમને ભાસવા માંડયાં. તેમણે 'નિર્બળ સેવકોની સંસ્થા'ની સ્થાપના કરી અને પાસપોર્ટ લીધા વિના જ ઇ. ૧૯૧૫ ના જાન્યુઆરી પહેલાં જ તેઓ યુરોપ ઉપડયા. આ વખતે એમના રહસ્યમંત્રી તરીકે સ્વ. સ્વામી શ્રદ્ધાનંદ (એ વખતના મુનશીરામ)ના જ્યેષ્ઠ પુત્ર શ્રી હરિશ્ચન્દ્ર એમની સાથે હતા.

યુરોપ જઇને એમણે કૈસરની મુલાકાત લીધી. એની તરફથી મિશન લઇને કેવી રીતે એ અફઘાનિસ્તાન ગયા, તે પછી ત્યાંથી જુદા જુદા મિશનો લઇને તિબેટ, ચિન, રશિયા, યુરોપ, જાપાન વગેરે દેશોમાં એ કેટલું કેટલું ફર્યા તથા એમને એ એકવીસ વરસનો લાંબો દેશવટો કેમ ભોગવવો પડયો અને એ રઝળપાટને અંતે વિશ્વબંધુત્વની એમની ભાવના કેવી રીતે દૃઢતર થતી ગઇ વગેરેનું બયાન એમના પોતાના જ શબ્દોમાં આત્મકથન રૂપે આ અંકમાં નીચે આપ્યું છે.

૧૯૨૭ માં ફરી અફઘાનિસ્તાન જવાનો એમનો ઇરાદો હતો, પણ ત્યાં બળવો ફાટી નીકળતાં એ તેહરાન ચાલી ગયા અને ત્યાર પછી ૧૯૨૯ ના કેટલાક માસ સોવિયેટ પાટનગરમાં ગાળી એ જ સાલના સપ્ટેમ્બરમાં એ બર્લિન પહોંચ્યા. ત્યાંથી 'વર્લ્ડ ફેડરેશન' (જગત-સમવાય) નામનું એક પત્ર કાઢી વિશ્વબંધુત્વના પોતાના આદર્શનો પ્રચાર એમણે શરૂ કર્યો. હિંદનાં પણ ઘણાં અંગ્રેજી પત્રોમાં એ લેખો લખતા. ૧૯૩૦ માં એ જાપાન પાછા ફર્યા અને રાજકીય જીવનમાંથી નિવૃત્તિ લઇને પ્રેમ, ન્યાય, સેવા ને સમર્પણના પાયા ઉપર પ્રેમ-ધર્મનો પ્રચાર કરવા લાગ્યા.

એવામાં બીજું મહાયુધ્ધ સળગ્યું. એ વેળા જાપાનમાં એક 'આર્યન સેના'નું સંગઠન થયું. એ સેનાના તે નેતા થયા. આજ એમના યુદ્ધ-અપરાધનું કારણ. જનરલ મેક આર્થરે કરેલી યુધ્ધ-કેદીઓની યાદીમાં તેમનું નામ પણ સામેલ કરવામાં આવેલું અને પરિણામે જાપાને તેમને અમેરિકનોને હવાલે કરી દીધા. આજે એ ભલે યુધ્ધગુનેહગાર હોય, પણ એમણે જે કાંઇ કરેલું તે પોતાના દેશના ઉધ્ધાર માટે કર્યું હતું. ટોકીયોના પરાના એક નાના સરખા મકાનમાં પોતાની મુલાકાતે આવનાર હિંદીજનોને હાથે ચા બનાવીને પાનાર, સાઠ વર્ષની ઉમ્મરે પણ અદમ્ય ઉત્સાહ, અદભુત કાર્યક્ષમતા અને ઉત્કૃષ્ટ દેશપ્રેમ ધરાવનાર એક વખતના આ રાજવંશી નખીરાની ભારતભક્તિ ખરે જ હૃદયસ્પર્શી છે.

* * *

(રાજા મહેન્દ્રપ્રતાપે નીચેની સંક્ષિપ્ત આત્મકથા ઇ. ૧૯૩૫ માં અમેરિકન પત્રો માટે લખી હતી. એક મિત્રે 'ઍટલાન્ટા મૅગેઝીન'ના મોકલેલા કટિંગમાંથી 'વિશ્વવાણી'માં તે ઉતારેલી. તે થોડી ટુંકાવીને 'કુમાર'માં પ્રગટ થયેલી, જે અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે.)

યુકતપ્રાંતની મુરસાન રિયાસતના રાજા ઘનશ્યામસિંહજીને ત્યાં, ઇ. ૧૮૮૬ ની પહેલી ડિસેમ્બરે મારો જન્મ થયો. હું એમનો ત્રીજો પુત્ર. આમ, મોંમાં સોનાના ચમચા સાથે જન્મ્યો અને ઐશઆરામ, ઉચ્ચ શિક્ષણ, ધન-જન, માન-સન્માન ઉપરાંત સુંદર જીવનસહચરી પણ મળી. છતાં મને માનસિક તૃપ્તિ કે આનંદ નહોતો. મારા દેશની અભણ અને અવશ જનતા તથા તેની અસીમ ગરીબી અને

નમ્રના જોષને મારું હૃદય ઉદાસીથી ભરેલું રહેતું. મને થતું કે શું મારા દેશની આ નિરીહ જનતા પ્રત્યે મારું કોઇ કર્તવ્ય નથી? દુઃખ અને દર્દના આ સમૂહ વચ્ચે મારા આ હ્રાસ-વિલાસ યોગ્ય છે? ઇ. ૧૯૦૮ માં હું ગંભીરતાપૂર્વક વિચારતો થઇ ગયો કે મારી પાસેની આ બધી જમીન-જાયદાત અને ધનસંપત્તિ મારે માટે વ્યર્થ છે. મારા ને મારા પરિવાર માટે એક નાની માસિક રકમ લઇને એ બધું મારા દેશવાસીઓને અર્પણ કરી મારી જાતને તેમની સાથે આત્મસાત કરીશ તો જ મને સુખ થશે. પરંતુ વારસાકાયદા અનુસાર મારી અરધી જ સંપત્તિ ઉપર મારો અધિકાર હતો, ને અરધી ઉપર મારાં સંતાનોનો. આથી મેં મારી અરધી સંપત્તિ-જેમાં અનેક ગામ અને મકાનો હતાં તે-જનાર્પણ કરીને વૃન્દાવનમાં 'પ્રેમમહાવિદ્યાલય' નામની એક ઔદ્યોગિક શિક્ષણસંસ્થાનો પાયો નાખ્યો. માનવપ્રેમની વેદી પર એ મારી તુચ્છ ભેટ હતી. એ સંસ્થા આજ પણ ચાલી રહી છે.

૧૯૧૪ માં યુરોપીય મહાયુદ્ધ શરૂ થયું ત્યારે મેં વિચાર્યું કે આ તકનો લાભ લઇને આપણી કાંધ પરથી બ્રિટનની ગુલામીનું ધોંસરું કેમ ફેંકી ન દઇએ? અમો પાંત્રીસ કરોડ દેશવાસીઓને માટે એ એક ભારે શરમની વાત છે કે એક મહાન અને સમૃદ્ધ દેશના અધિવાસી હોવા છતાં અમે પારકાના ગુલામ છીએ. મેં વિચાર્યું કે જો જર્મની મદદ કરે તો અમે બ્રિટનની ગુલામીથી છૂટી શકીએ. મિત્રો સાથે ખૂબ ચર્ચા પછી મારે પહેલાં યુરોપ જઇને યુદ્ધની પરિસ્થિતિનો અભ્યાસ કરવો એમ ઠર્યું અને હું યુરોપ જવા ઉપડ્યો.

સ્વિટ્ઝર્લંડ પહોંચતાં મને બર્લિનની ભારતીય સમિતિ દ્વારા જર્મન સરકારનો આમંત્રણપત્ર મળ્યો. એ લઇને હું જર્મની ગયો અને કૈસરે ઘણા આદરથી મને મુલાકાત આપી. જર્મનીના પરદેશખાતાના માણસો સાથે મારે લાંબી વાતચીત થઈ. અને અંતે એમ ઠર્યું કે મારે હિંદ-જર્મન-તુર્કી મિશનની સાથે અફઘાનિસ્તાન જવું. મારા મિત્રો અને સાથીઓની જોડે પહેલાં હું કોન્સ્ટેન્ટીનોપલ ગયો. ત્યાં તુર્કી સુલતાન મને બહુ પ્રેમથી મળ્યા. મેં અન્વરપાશા, તલાત પાશા વગેરે સાથે લાંબો વખત વાતો કરી અને હિંદ વિષેનું તેમનું દૃષ્ટિબિંદુ સમજ્યો. પછી બગદાદ થઇને ઇરાન પાર કર્યું. આખી સફર ગાડી અને ઘોડા ઉપર જ કરી. ઉંચા પર્વતો પાર કરી ૧૯૧૫ ની બીજી ઓક્ટોબરે અમે કાબુલ પહોંચ્યા. અમારો ઇરાદો એ હતો કે અફઘાનિસ્તાન હિંદમાં અંગ્રેજો સામે યુદ્ધ જાહેર કરે. અફઘાનિસ્તાનના અમીર અમારા મિશન તરફ બહુ માયાળુ હતા, પરંતુ એમણે પોતાની પરિસ્થિતિ વિચારીને અંગ્રેજો સામે યુદ્ધ જાહેર કરવાનું મુનાસિબ ન માન્યું. વળી એમણે એમ પણ કહ્યું કે તુર્કી અને જર્મની સાથે પોતાને કોઇ સીધો સંબંધ નથી. હું ૧૯૧૮ ના ફેબ્રુઆરી સુધી અફઘાનિસ્તાનમાં રોકાયો. વચ્ચે હું બદખ્શા અને બાખાનના ઘાટ તથા દુનિયાની છત ગણાતા પામીર પ્રદેશની સફર કરી આવ્યો.

ઇ. ૧૯૧૮ ની શરૂઆતમાં રશિયન ક્રાન્તિના ખબરો ચોમેર વીજળીવેગે પ્રસરી રહ્યા. ક્રાન્તિની આ નવી ઢબમાં મને પણ મારા દેશને માટે આશાનું કિરણ દેખાયું. એટલે ૧૯૧૮ ના માર્ચની શરૂમાં હું રશિયા જવા ઊપડ્યો. પેટ્રોગ્રાડ જઇને સૌ પહેલાં હું લીઅૉ ટોટ્રસ્કીને મળ્યો, અને પછી બીજા નેતાઓ સાથે વાતો કરીને મેં એમના ક્રાન્તિકારી સંગઠનનો અભ્યાસ કર્યો. કરોડોની જનતાના એ મુક્તિપ્રયાસને જોઇ મારું મન શ્રધ્ધા અને આદરથી ભરાઇ ગયું. હું એવા દિવસનું સ્વપ્ન જોવા લાગ્યો, જે દહાડે મારો ધરાશાયી દેશ એની જ મામક આણસ મરડીને ઊભો થાય.

રશિયાથી હું જર્મની જવા ઊપડ્યો, બોલ્શેવિક સરકારે મને જર્મન સીમાડા સુધી પહોંચવાની પૂરી સગવડ કરી આપી. હું ફરી એકવાર કૈસરને મળ્યો. અને અફઘાન અમીરે તેના પત્રના જવાબમાં લખેલો કાગળ તેને આપ્યો. જર્મનીથી ફરી હું તુર્કી ગયો અને ફરીથી બેવાર ત્યાંનાં સુલતાનને મળ્યો. તેમને પણ અમીરનો તેમના પરનો જવાબ મેં આપ્યો.

જર્મની અને યુરોપના બીજા દેશોના મારા આ વખતના પ્રવાસમાં મેં એક વાત સ્પષ્ટ જોઇ લીધી કે એશિયાના પૂર્વીય દેશો બાબતમાં બ્રિટીશ સામ્રાજ્યવાદીઓના વિચાર જેટલા પતિત અને કલુષિત છે તેથી કંઇ ઓછા પતિત કે કલુષિત જર્મની વગેરે દેશોના વિચાર હિંદ, ચીન આદિ દેશો માટે નથી. યુરોપનાં નાનાંમોટાં બધાં જ રાજ્યો એશિયા અને આફ્રિકાના દેશોને પોતાની સામ્રાજ્યવાદી લિપ્સાનું સાધન અને પોતાના ઉદ્યોગવાદી વિસ્તાર તથા શોષકવૃત્તિનું ક્ષેત્ર સમજે છે. જે બોલ્શેવિક નેતાઓ સાથે મારે વાતચિત થઇ તે પણ એશિયાઇ દેશોને માટે યુરોપીય મુલકોનો સંપર્ક કલ્યાણકારી જ સમજતા હતા. યુરોપી રાષ્ટ્રોની આ જે મનોવૃત્તિ મેં નિકટથી જોઇ લીધી એથી હું એક નિશ્ચય પર તો આવી જ ગયો કે માનવકલ્યાણને માટે જ્યાં સુધી એક વિશ્વસંઘની સ્થાપના ન થાય ત્યાં સુધી આ યુદ્ધ અને આ કટુતા ચાલુ જ રહેવાનાં છે. એ વિશ્વ-સંઘમાં દરેક રાષ્ટ્ર અને દરેક જાતિને સમાન અધિકાર હશે, ઉદ્યોગ અને ઉત્પાદનની દરેક રાષ્ટ્રને સરખી સરળતા હશે, અને રાષ્ટ્ર-રાષ્ટ્ર તથા મનુષ્ય-મનુષ્ય વચ્ચેની શોષણવૃત્તિ નાબુદ કરીને એ બધાના આધ્યાત્મિક નિયન્ત્રણ માટે પ્રેમધર્મનો પ્રચાર કરવો પડશે. આપણા સામ્પ્રદાયિક ધર્મોમાં આપણે બધા પાઠ શીખ્યા છે, પણ પ્રેમનો પાઠ નથી શીખ્યો. જ્યાંસુધી મનુષ્ય પોતાની પ્રત્યેક ક્રિયાને માનવપ્રેમની સંભાવનાઓની દ્રષ્ટિથી જોતો નહિ થાય ત્યાંસુધી દુનિયાને સુધારવાનાં તેનાં સુખસ્વપ્નો નિરર્થક છે. આથી મેં રાજનૈતિક કાર્યક્રમ બધો અટકાવી દઇને પ્રેમધર્મ અને વિશ્વબંધુત્વનો પ્રચાર કરવાનો નિશ્ચય કર્યો અને તેને માટે બુડાપેસ્ટને કેન્દ્ર બનાવી કામ શરૂ કર્યું. ૧૯૧૮ ના ઉનાળાની આ વાત.

પણ હું ઝાઝો વખત કામ ચાલુ રાખી ન શક્યો. યુરોપના દેશો એ વેળા ક્રાન્તિના ઝોલા પર ઝૂલતા હતા. લગભગ દરેક દેશમાં ક્રાન્તિની લહરો રહી રહીને ઊઠતી હતી. હું થોડા દિવસ સ્વિટ્ઝર્લેંડ ચાલ્યો ગયો. ત્યાં સમાચાર જાણ્યા કે અફઘાનિસ્તાનના અમીરનું ખૂન થયું છે અને તેનો ત્રીજો પુત્ર અમાનુલ્લાખાં ગાદીએ આવ્યો છે. આ ખબર સાંભળીને હું જર્મની આવ્યો. ત્યાં મને માલૂમ પડ્યું કે અફઘાનિસ્તાને ઇંગ્લંડને યુદ્ધનું આવાહન આપ્યું છે એ સાંભળી હું અફઘાનિસ્તાન જવા ઉપડ્યો. કોઇવાર ઘોડાગાડી, કોઇવાર ટ્રેન તો કદિક વિમાન માર્ગે સફર કરતો હું મોસ્કો પહોંચ્યો. ત્યાં લેનિનને મળી એશિયાના દેશો વિષે વિસ્તારથી વાતો કરી, ત્યાંથી ભાગાભાગ ઇ. ૧૯૧૯ના ડિસેમ્બરની ૧૨ મી એ હું અફઘાનિસ્તાન પહોંચ્યો. પણ ત્યાં તો યુદ્ધ પૂરું થઇ ગયું હતું. અંગ્રેજોએ અફઘાનિસ્તાનનું સ્વાતંત્ર્ય કબૂલી લીધું હતું; અને અફઘાનોને પોતાનું જોઇતું મળી ગયું હોવાથી હિંદને ખાતર પડોશી બ્રિટિશ રાજ્ય સાથે દુશ્મનાવટ ચાલુ રાખવાનું એમણે કોઇ કારણ ન હતું.

અફઘાનિસ્તાનના નવા રાજા અમાનુલ્લાખાન સાથે મારે ગાઢી મિત્રાચારી હતી. એટલે હું બીજી વાર ત્યાં ગયો ત્યારે તેમણે મારા પ્રતિ બહુ સારો ભાવ બતાવ્યો અને અફઘાન સરકાર તરફથી મને એક સ્પેશ્યલ મિશન સાથે ચીન, તિબ્બેટ, જાપાન આદિ દેશોમાં જવાનો આગ્રહ કર્યો. એ હું ન ટાળી શકયો. મિશનની સાથે એક અફઘાન અફસર હતા. અમે પામીર થઇને શકુરઘાન ગયા. એ ચીનનું સરહદી શહેર છે અને ત્યાં આગળ હિંદ, રશીયા, અફઘાનિસ્તાન અને ચીન એ ચારે દિશાની સીમાઓ કેંદ્રિત થાય છે. કાશ્ગરના બ્રિટિશ કોન્સલ જનરલે મારા પર હરેક પ્રકારના આરોપો મૂકયા અને મારી સફરમાં ડગલે ને પગલે હરકતો ઊભી કરવાની કોશિષ કરી. એનું અનુમાન એ હતું કે અફઘાન યુદ્ધનો કર્તાહર્તા હું હતો. ચીના લોકો મારા પ્રત્યે ઉદાર હતા. તેમની મારા તરફ બહુ

સહાનુભૂતિ હતી, પરંતુ અંગ્રેજોના વિરોધને કારણે મને કોઇ સહાય કરવાને અસમર્થ હતા. મેં ચીનના સરહદી અફસરોને અફઘાનના શાહનો ખરીતો સોંપી દીધો અને અફઘાનિસ્તાન પાછો આવ્યો. આ દરમ્યાન, તિબેટ જવાની પરવાનગી તથા સફરમાં સંરક્ષણ માગવા સારૂ હું ચીની સરકાર સાથે પત્રવ્યવહાર કરતો રહ્યો હતો. પરિણામે ૧૯૨૦માં હું ફરીથી ઉપડયો અને પામીર પહોંચીને તિબેટનો રસ્તો લીધો. આ વખતે બ્રિટિશ અધિકારીઓએ મને મરેલો કે જીવતો પકડવા માટે એક લશ્કરી બેટેલિયન મોકલી. એ ટુકડી તમામ આન્તરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન કરીને ચીનમાં ઘૂસી આવી. પરંતુ ચીનાઓએ મને વખતસર સાવધાન કરી દીધો હતો, અને મારા સદ્‌ભાગ્યે એક રશિયન બેટેલિયન તાશ્કંદ જઇ રહી હતી તેમણે મારી વિનંતિથી મને પોતાના સંરક્ષણમાં લઇ લીધો. અંગ્રેજ કમાન્ડર નિરાશ થઇ દાંત કચકચાવતો રહી ગયો, કેમકે રશિયનોને છેડવાની તેની હિંમત ન હતી. અમે કારાકુલ થઇને પામીરનાં તમામ શિખરો પાર કર્યાં.

હવે અફઘાનીસ્તાનમાં મારા મિશનની કોઇ જરૂરત રહેલી ન હોવાથી હું પાછો યુરોપ ગયો. પરંતુ થોડા દિવસ બાદ ફરી હું એક રાજનૈતિક મિશન પર હંગરી સરકારના પાસપોર્ટથી મેક્સિકો થઇ જાપાન ને ચીન પહોંચ્યો. જાપાન એક શક્તિશાળી મહત્વાકાંક્ષી એશિયાઇ રાષ્ટ્ર છે. પરંતુ બ્રિટિશ સામ્રાજ્યશાહી તેને ચડાવીને એક તરફ ચીનને દબાવવાની ચેષ્ટા કરે છે, અને બીજી બાજુ રશિયાની વિરૂદ્ધ પ્રોત્સાહન આપે છે. બ્રિટિશોની આ કૂટનીતિ જાપાનીઓને સમજાવવાનો મેં પ્રયત્ન કર્યો. સમજદાર જાપાનીઓ મારી સાથે સહમત હતા, પણ સરકારી તબક્કા પર બ્રિટિશ કૂટનીતિજ્ઞોની અસર હતી. હું મનમાં ને મનમાં વિચારતો હતો કે એક દિવસ આ નીતિને માટે બ્રિટને પાઇએ પાઇ ભરીને વ્યાજ ચૂકવવું પડશે. ચીનમાં મેં જોયું કે મધ્યમવર્ગ પોતાના સંકટને સમજી ગયો હતો, પરંતુ ચીની જનતા તો હજી પણ ભારતીય જનવર્ગની માફક નિરવ અને નિશ્ચેષ્ટ પડેલી હતી. આ બંને દેશોની કેટલીક આગળ પડતી વ્યક્તિઓ આગળ મેં એશિયાઇ દેશોના પરસ્પરના પ્રીતિસંબંધને કાયમ કરવાની યોજના મૂકી મેં સમજાવ્યું કે એશિયાઇ દેશોની જવાબદારી એવડી છે. એક બાજુથી એણે પોતાની ગુલામી અને શોષણ મિટાવવાનાં છે, અને બીજી બાજુએ માનવપ્રેમ અને વિશ્વબંધુત્વના એશિયાઇ આદર્શો પર એવી નવી વિશ્વવ્યવસ્થાની રચના કરવાની છે જેમાં ઔદ્યોગિક શોષણ, રાજનૈતિક ગુલામી કે સશસ્ત્ર આક્રમણનું કોઇ સ્થળે નામનિશાન ન રહે. અનેક જાપાની મિત્રોએ મને સલાહ આપી કે હું જાપાનને મારૂં કેન્દ્ર બનાવીને એક એવી શાન્તિસેનાનું સંગઠન કરૂં કે જે ભગવાન બુધ્ધ અને ઇસુ ખ્રિસ્તના નિર્દેશેલા આદર્શો પર પ્રેમ ને શાન્તિમય માર્ગે સંસારની યુધ્ધત્રસ્ત જનતાને જીતી શકે.

ઇ. ૧૯૨૩ ના ઉનાળામાં હું પેકીંગથી ઉપડી ઉર્ગા, સાઇબીરિયા અને મોસ્કો થઇને ફરી એક વાર કાબુલ ગયો, અને ૧૯૨૫ સુધી ત્યાં રહ્યો. અહીં મેં જે અફઘાની સરકારી કામોમાં સહકાર આપ્યો તેના બદલામાં શાહ અમાનુલ્લાએ મને સરકાર તરફથી દસ હજાર રૂપિયા મારા ખર્ચ માટે આપ્યા. કાબુલમાં પણ હું ધર્મ, રાજનીતિ અને સમાજ વિષયક મારા વિચારોનો પ્રચાર કરતો રહ્યો. લોકોમાં એક મોટી ગેરસમજૂતી છે કે અફઘાનો ખૂની અને ઝનૂની હોય છે. ખરી વાત તો આથી તદ્દન ઉલટી છે. તેઓ સ્વભાવમાં બાળક જેટલા સરલ, નિશ્ચયમાં પોલાદ જેટલા કઠોર ને વ્યવહારમાં ઘણા મિલનસાર હોય છે. મારા ધાર્મિક અને સાંસ્કૃતિક સમન્વયના વિચારો તેઓ બહુ ધ્યાનથી સાંભળતા. મારા 'મઝહબે હકક' ઉપર તેઓ મુગ્ધ હતા. સેંકડો અફઘાનો મારા એ પ્રેમધર્મના અનુયાયી થયા હતા.

અફઘાનિસ્તાનથી ફરી હું યુરોપ ગયો. ગયા મહાયુધ્ધની આશાઓ બધી વ્યર્થ સાબિત થઇ હતી. દુનિયાએ તેમાંથી એક પણ બોધપાઠ નહોતો લીધો. આથી રહી રહીને મારી એ ભાવના દૃઢ થતી જતી હતી કે દુનિયાને પ્રેમની ઘણી જરૂર છે. ફરી અસ્ત્રશસ્ત્રોનાં કારખાનાં ઉભાં થવા માંડયાં હતાં; પણ એથી કાંઇ પીડિત માનવતાનાં દુઃખ થોડાં જ ટળવાનાં હતાં? યુરોપના વિવિધ દેશોમાં બારણે બારણે ભટકીને હું મારા આ વિચારોનો પ્રચાર કરવા લાગ્યો.

આજે હું માનવતાની રાહમાં પ્રેમનાં ગીત ગાનારો એક અદના ફકીર છું. મારા જીવનનો ઉદ્દેશ માનવમાત્રની સેવા છે. મારી દૃષ્ટિએ દુનિયા એક બૃહદ્ કુટુંબ છે; વિવિધ દેશો એ કુટુંબના સભ્યો છે. તો શું આ કુટુંબ એક સંમિલિત કુટુંબ ન થઇ શકે? ભાઇચારા ઉપર આ કુટુંબનાં મૂળ શું મજબુત ન થઇ શકે? શું પ્રેમનાં શસ્ત્રાસ્ત્ર અને શાંન્તિની સેના આપણાં હૃદયને નહિ જીતી શકે? રાજનીતિજ્ઞો મને દીવાનો સમજે છે; પણ દેશો અને મહાદ્વીપોની સીમાઓ પાર કરીને વિવિધ દેશોની જનતા આગળ જ્યારે હું મારી આ વાત કહું છું ત્યારે તેમની દ્રવિત આંખો મને આશ્વાસન આપે છે કે 'મહેન્દ્રપ્રતાપ! તારો માર્ગ જ બરાબર છે.'

આજ ઉદ્દેશથી હું આજ અમેરિકામાં આવ્યો છું ને એજ ઉદ્દેશ લઇને કાલે હું જાપાન જવાનો છું. આગળની વાત તો કેવળ પરમ પિતા પરમેશ્વર જ જાણે! મારા પ્રિય દેશથી મને નિર્વાસિત થયે ૨૧ વર્ષ વીતી ગયાં છે, પરંતુ હું એજ આદર્શોની સાધના કરી રહ્યો છું જે મારા દેશની નસેનસમાં સમાયેલા છે.

સંઘ સમાચાર

પર્યુષણ વ્યાખ્યાનમાળા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘે યોજેલી તા. ૨૩-૮-૪૬ શુક્રવારથી તા. ૩૧-૮-૪૬ શનિવાર સુધીની પર્યુષણ વ્યાખ્યાનમાળાનો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડયો હતો. એ જણાવતાં અમો કાર્યકર્તાઓને આનંદ થાય છે. ઓગસ્ટની સોળમી તારીખના કલકત્તાના હત્યાકાંડે આખા દેશની કોમી પરિસ્થિતિ અત્યન્ત તંગ બનાવી દીધી હતી અને સ્થળે સ્થળે નાનાં મોટાં કોમી છમકલાં શરૂ થઇ ચુક્યાં હતાં. આ જોતાં પર્યુષણ વ્યાખ્યાનમાળા અને કાકાસાહેબ ષષ્ટિપૂર્તિ સન્માન સમારંભ નિર્વિઘ્ને પાર પડશે કે કેમ એ વિષે ભારે ચિંતા હતી. એ કોમી વિગ્રહની આંધી સપ્ટેમ્બરની પહેલી તારીખે મુંબઇ ઉપર ચઢી આવી એ પહેલાં એ બન્ને કાર્યક્રમો પરિપૂર્ણ થયાં એ વિધિની એક આકસ્મિક કૃપા લેખાય.

પર્યુષણની આઠ વ્યાખ્યાન સભાઓ વીઠ્ઠલભાઇ પટેલ રોડ ઉપર આવેલ આનંદભુવનમાં ભરવામાં આવી હતી જ્યારે તા. ૩૦-૮-૪૬ ની સભા કાલબાદેવી રોડ ઉપર આવેલ ભાંગવાડી થીએટરમાં ગોઠવવામાં આવી હતી. આ વખતે પ્રારંભથી જ સભાસ્થાન શ્રોતાજનોથી ચીકાર ભરાયલું રહ્યું હતું અને તા. ૨૫ મી રવિવારની સભા માટે આનંદભુવન અને તા. ૩૦ મી ની સભા માટે ભાંગવાડી થીએટર શ્રોતાઓની ભરતીને સમાવવા માટે તદ્દન અસમર્થ નીવડયું હતું. સાધારણ રીતે મુંબઇ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલ અધ્યક્ષ સ્થાને હોય છે. આ વખતે તેઓ કાશીમાં રોકાઇ ગયા હોઇને અહિ આવી શકયા નહોતા. તેમની ખોટ અમને કાર્યકર્તાઓને તેમજ સભાજનોને ભારે સાલતી હતી. વ્યાખ્યાનમાળામાં ભાગ લેનાર વ્યાખ્યાતાઓ અને તેમનાં વ્યાખ્યાન વિષયોનો ક્રમ નીચે મુજબ રહ્યો હતો.

૧	ન્યાયમુર્તિ હરસિદ્ધભાઇ દીવેટીઆ	હિંદુ ધર્મ અને જૈન ધર્મના સમાનસિદ્ધાન્તો.
૨	પંડિત દરબારીલાલજી	સંસ્કૃતિની બીમારી.
૩	શ્રીમતી સરલાદેવી સારાભાઇ	વ્યાપક પર્યુષણ.
૪	પંડિત દરબારી લાલજી	વિજ્ઞાન અને ધર્મ.
૫	શ્રી કનૈયાલાલ મા. મુનશી	ભારતીય સંસ્કૃતિ.
૬	,, ચીમનલાલ ચ. શાહ	શ્રીરામકૃષ્ણ પરમહંસ.

૭	શ્રી શાન્તિલાલ હ. શાહ:	ગાંધીજીનો સમાજવાદ
૮	,, મોતીચંદ ગી. કાપડીઆ:	ચાર ભાવનાઓ
૯	,, રામનારાયણ વિ. પાઠક:	સાહિત્ય અને જીવન
૧૦	,, કેદારનાથજી:	જીવનશુદ્ધિ
૧૧	,, કમળાબ્હેન ઠક્કર:	ગોપીચંદ (કીર્તન)
૧૨	,, ઇન્દુમતીબ્હેન ચીમનલાલ:	નથી તાલીમનાં મૂળ તત્ત્વો
૧૩	,, વેણીબ્હેન કાપડીઆ:	સંત તુલસીદાસ અને સુરદાસ
૧૪	,, કાકાસાહેબ કાલેલકર:	શ્રમણ સંસ્કૃતિ
૧૫	,, કમળાબ્હેન હક્કર:	ભગવાન મહાવીર (કીર્તન)
૧૬	,, સીતારામ ચતુર્વેદી:	કળા અને સંસ્કૃતિ
૧૭	ડૉ. ખુલચંદજી:	ભગવાન મહાવીર

આ ઉપરાંત સ્વર્ગસ્થ દેશભક્ત અબ્બાસ તૈયબજીનાં પુત્રી શ્રી. રહીનાબ્હેને સાતમા અને આઠમા દિવસે કેટલાંક ભજનો સંભળાવ્યાં હતાં. જે દિવસોમાં ચોતરફ કોમી વાતાવરણ તંગ અનુભવાઈ રહ્યું હતું એવી પર્યુષણ વ્યાખ્યાનમાળાના સપ્તાહ દરમિયાન સંવત્સરિના પરમ પવિત્ર પર્વ દિવસની વિરાટ સભામાં એક મુસલમાન બહેન ભક્તિભાવથી ભરપુર ભજન સંભળાવે અને સમસ્ત શ્રોતા મંડળી ભક્તિપ્રણત ચિત્તે તેમને સાંભળે અને આદરમુગ્ધતા અનુભવે એ માત્ર મુંબઇ જૈન યુવક સંઘને જ નહિ પણ આખા જૈન સમાજને ભારે ગૌરવ આપતી એક અદ્‌ભુત ઘટના હતી. આ ઘટના એમ કાં ન સુચવતી હોય કે 'આજે ચઢી આવેલી કોમી વૈમનસ્યની આંધી અલ્પકાલીન છે; આ ઢળો અલ્પ સમયમાં વીખરાઇ જશે; અને ઉઠેલો ઝંઝાવાત શમી જશે; અને સ્વચ્છ નિર્મળ આકાશમાં કોમી એકતાનો સૂર્ય ઉદય પામશે અને આવી રહેલા સ્વરાજ્યને પૂર્ણ પ્રભાથી અજવાળશે ?'

આ વખતની વ્યાખ્યાનમાળા વક્તાઓ તેમજ વિષયોની પસંદગીના કારણે બહુ આકર્ષક નીવડી હતી. ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઇ, શ્રીમતી સરલાદેવી, કમળા બહેન ઠક્કર, ઇન્દુમતીબહેન, વેણીબહેન, શ્રી સીતારામ ચતુર્વેદી તથા ડૉ. ખુલચંદજી—આ વક્તાઓએ પહેલીજવાર આ વ્યાખ્યાનમાળામાં ભાગ લીધો હતો. શ્રી. કેદારનાથજી જેઓ 'નાથજી' ના નામથી વધારે જાણીતા છે તેઓ કેટલાંક વર્ષ ઉપર એક વાર આવ્યા હતા. તેમનું પુનઃ આગમન પણ એટલું જ આવકારદાયક હતું. પ્રત્યેક વ્યાખ્યાતાએ પોતપોતાના વિષયને પુરો ન્યાય આપ્યો હતો અને તેથી આદિથી અન્ત સુધી સાંભળનારાઓનો રસ એક સરખો જળવાઈ રહ્યો હતો. આખી વ્યાખ્યાનમાળા દરમિયાન શ્રોતૃવર્ગે પુરી શાન્તિ અને શિસ્ત જાળવીને સભાની વ્યવસ્થા જાળવવામાં પુરો સહકાર આપ્યો હતો. આ વ્યવસ્થા જાળવવાના કાર્યમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયના થોડા વિદ્યાર્થીઓએ પણ ખુબ મદદ કરી હતી. સંવત્સરિની વિરાટ સભા ભરવા માટે કશું પણ ભાડું લીધા સિવાય દર વર્ષ માફક આ વર્ષે પણ ભાંગવાડી થીએટરના માલીકે પોતાનું થીએટર આપ્યું હતું એટલું જ નહિ પણ પંખા, લાઇટ વગેરેની બધી સગવડ આપી હતી. શરૂઆતમાં આનંદ ભુવનની સભાઓમાં ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ રાખવામાં આવી નહોતી જેને લીધે પાછળના ભાગમાં બેસનારા ભાઇઓને વ્યાખ્યાનો પુરાં સ્પષ્ટ સંભળાતાં નહોતાં. આ અગવડ ધ્યાનમાં લઇને છેલ્લી ચાર દિવસની સભાઓમાં ધ્વનિવર્ધક યંત્રની ગોઠવણ કરવામાં આવી હતી અને અને તેને લગતો ખર્ચ બે ગૃહસ્થોએ આપ્યો હતો. આ સર્વેનો તેમ જ પર્યુષણ વ્યાખ્યાનમાળાના ખર્ચને પહોંચી વળવામાં જે ભાઇ બહેનોએ આર્થિક ફાળો આપ્યો છે તેમનો પણ મુંબઇ જૈન યુવક સંઘ તરફથી આભાર માનવામાં આવે છે.

કાકાસાહેબ ષષ્ટિપૂર્તિ સન્માન સમારંભ

પ્રબુદ્ધ જૈનના ગયા અંકમાં જાહેર કરવામાં આવ્યું હતું તે મુજબ તા. ૨૮-૮-૪૬ બુધવારના રોજ સાંજના સમયે મુંબઇ યુનીવર્સીટીના કોન્વોકેશન હોલમાં શ્રી. કાકાસાહેબ કાલેલકરનો ષષ્ટિપૂર્તિ સન્માન સમારંભ ઉજવવામાં આવ્યો હતો, આ સમારંભનું પ્રમુખસ્થાન મુંબઇના વડા પ્રધાન શ્રી બાળાસાહેબ ખેર લેવાના હતા. અનિવાર્ય કારણોએ અને સંયોગોએ એ દિવસે તેમનું મુંબઇ આવી પહોંચવાનું અશક્ય બનાવ્યું અને તેથી તેમના સ્થાને દિવાન બહાદુર શ્રી. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીને નિયોજિત કરવામાં આવ્યા હતાં. આ સમારંભની મૂળ યોજના કરનાર શ્રી મુંબઇ જૈન યુવક સંઘ હતો અને તેની સર્વ વ્યવસ્થા પણ મુંબઇ જૈન યુવક સંઘે કરી હતી. આ સન્માન કાર્યમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ સાથે મુંબઇની નીચે જણાવેલ પંદર પ્રતિષ્ઠિત સંસ્થાઓ સંમીલિત થઇ હતી અને આ રીતે મુંબઇની વિશાળ જનતાએ એકત્ર થઇને કાકાસાહેબનું અત્યન્ત ભાવભર્યું અભિનંદન કર્યું હતું. આ સન્માન સમારંભમાં સંમીલિત થયેલી સંસ્થાની નામાવલિ નીચે મુજબ છે:—

ભગિની સમાજ, ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ, જૈન મહિલા સમાજ, સાહિત્ય સંસદ, ગુજરાત રીસર્ચ સોસાયટી, લેખક મિલન, કલમ મંડળ, યાત્રીગણ, ગુજરાત ફાર્બસ સભા, ગઝલ મંડળ, નૂતન બાળ શિક્ષણ સંઘ, બાલકન-જી-બારી, ગુજરાત કળા સંઘ, ખોજે ફીલ્ડ કલબ, ઇન્ડીયન લેંગ્વેજીઝ ન્યુસપેપર્સ એસોસીએશન.

સન્માન સમારંભ સભાના પ્રારંભમાં વીલેપારલેની કેટલીક બહેનોએ 'જનમનગણ—અધિનાયક જય હે' એ રાષ્ટ્રીય ગીત ગાઇ સંભળાવ્યું. શ્રી મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે સન્માનસમારંભને લગતી પ્રારંભિક બાબતોનો ઉલ્લેખ કરીને દિવાનબહાદુર કૃષ્ણલાલભાઇને સભાનું કામકાજ શરૂ કરવા વિજ્ઞપ્તિ કરી. ત્યાર બાદ શ્રી મોહનલાલ મહેતા (સોપાન) એ આ પ્રસંગને અંગે મહાત્મા ગાંધી, શ્રી કિશોરલાલ મશરૂવાળા, શ્રી માવલંકર, બાળાસાહેબ ખેર, કવિ અરદેશર ખબરદાર, નાનાભાઇ ભટ્ટ, લેડી વિદ્યાબહેન નીલકંઠ, ડૉલરરાય માંકડ, શ્રી મહેરઅલી, જૈન મુનિ કુમુદવિજયજી, શ્રી ત્રિભુવનદાસ હેમાણી વગેરેના આવેલા સંદેશાઓ વાંચી સંભળાવ્યા. ત્યાર બાદ શ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆએ કાકાસાહેબના આજ સુધીના જીવનનો ટુંક પરિચય કરાવ્યો. અને શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી, અમૃતલાલ હલપતભાઇ શેઠ, રામનારાયણ પાઠક, તારાબહેન મોડક, કરસન માણેક અને જ્યોતીન્દ્ર દવેએ પ્રસંગોચિત વિવેચનો કર્યાં. પ્રમુખ સાહેબે આગળનાં વક્તાઓનો ઉપસંહાર કરી કાકાસાહેબને ભાવભરી અંજલિ આપી અને " કાકાસાહેબને ૬૦ વર્ષ થયાં છે, મને ૭૮ વર્ષ થયાં છે તો મારી વયે કાકાસાહેબ પહોંચે ત્યારે પણ આજની જેટલી અથવા એથી પણ વધારે ઉજ્જવળ સાહિત્યસેવા તેઓ કરતા હોય " એવો પ્રમુખ સાહેબે કાકા સાહેબને આશીર્વાદ આપ્યો. ત્યારબાદ પ્રસ્તુત સન્માન સમારંભમાં જોડાયેલી પ્રત્યેક સંસ્થા તરફથી કાકા સાહેબ પુષ્પહાર પહેરાવવામાં આવ્યા, નવજીવન સંઘ તરફથી સુતરનો હાર અર્પણ કરવામાં આવ્યો અને ભાવનગરવાળા શ્રી. વજુભાઇ શાહ અને તેમના પત્ની શ્રી જયાબહેન તરફથી તેમણે બન્નેએ કાંતેલી સુતરની વણેલી અને સુન્દર છાપેલી કોરવાળી સાલ કાકા સાહેબને આ પ્રસંગે ભેટ આપવામાં આવી. કાકા સાહેબે સર્વ પ્રશસ્તિઓનો જવાબ આપતાં એક સુન્દર પ્રવચન આપ્યું જે આ અંકમાં અન્યત્ર આપવામાં આવેલ છે. અન્તમાં શ્રીવેણીબહેન કાપડીઆએ અને શ્રી ગુલાબદાસ ઝોકરે કાકા સાહેબનો, પ્રમુખ સાહેબનો તેમજ સમારંભમાં ભાગ લેવા માટે હાજર રહેલા ભાઇ બહેનોનો ઉપકાર માન્યો અને પ્રમુખસાહેબનું પુલહારથી સન્માન કરવામાં આવ્યું અને સભા વિસર્જન કરવામાં આવી. કાકાસાહેબનો આવો જ એક બીજો ભવ્ય સમારંભ તા. ૩૦ મીના રોજ આજ સ્થળે સંસ્કાર મંડળ અને મુંબઇ તેમજ પરાંઓની કોલેજના કેટલાક ગુજરાતી મંડળ તરફથી શ્રી રામનારાયણ પાઠકના અધ્યક્ષપણા નીચે યોજવામાં આવ્યો હતો, જે વખતે પણ જવાબ વાળતાં કાકાસાહેબે એક અત્યંત ઓજસ્વી પ્રવચન કર્યું હતું, જે પ્રબુદ્ધ જૈનના આ અથવા તો આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

મંત્રીઓ મુંબઇ જૈન યુવક સંઘ

વ્યાપક પર્યુષણ

(ગઇ પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૨૪-૮-૪૬ શનિવારના રોજ શ્રી સરલાદેવી સારાભાઇએ આપેલું વ્યાખ્યાન)

મિત્રો! આજના પવિત્ર દિવસે તમારી સમક્ષ હું ઘણા સંકોચથી આવું છું. પર્યુષણ જેવા પુણ્યપર્વને દિવસે મારા જેવીને કંઇ બોલતાં સંકોચ થાય, તે તમે સહેજે સમજી શકશો. પણ શ્રી. પરમાનંદભાઇના આગ્રહ આગળ મારો સંકોચ ટકી શકયો નથી એ મારે સ્વીકારવું જોઇએ.

વૃત્તિઓ શાન્ત થઇ એકાગ્ર થાય, અને આપણા જીવનમાં પ્રવર્તતાં મૂલ્યોનું, નિત્યાનિત્ય વિવેક કરી, પુનઃ મૂલ્યાંકન કરવા તરફ આપણે સવિશેષ પ્રેરાઇએ, તે માટે બધા ધર્મો અને સંપ્રદાયોમાં પર્યુષણ જેવાં નાનાં મોટાં પર્વોની યોજના થયેલી છે. પુનઃ મૂલ્યાંકનની પ્રવૃત્તિ સાચી રીતે તો નિરંતર ચાલ્યા કરવી જોઇએ. છતાં આપણા પ્રમાદને કારણે બહુધા તેમ બનતું નથી, એવો આપણ બધાંનો ઓછેવત્તે અંશે અનુભવ હશે. સંસારના નિત્યના વ્યવહારમાંથી, તેની નિરસ એકવિધતામાંથી જરાક છુટી, થોડા દિવસો પણ સત્સંગીઓ, મુમુક્ષુઓ, અને ઉચ્ચ આત્માઓના સાન્નિધ્યમાં ગાળવા– એ પણ આપણા આન્તર જીવનના વિકાસને માટે આવશ્યક છે.

અત્યાર સુધી પર્યુષણ જેવાં ધાર્મિક પર્વો એકલા ઉપાશ્રયો અને દેવાલયોમાં ઉજવાતાં, અને તેમાં ભાગ લેનારાં પણ મુખ્યત્વે તે તે ધર્મ કે સંપ્રદાયનાં ભાઇબ્હેનો હતાં. પણ હવે આવાં પર્વો ઉપાશ્રય કે દેવાલયની બહાર જાહેર સ્થાનોમાં ઉજવાય છે, અને અન્ય ધર્મ કે સંપ્રદાયોને પણ તેમાં આમંત્રણ આપવામાં આવે છે, એ આ જમાનાનું સૂચક શુભ ચિહ્ન છે.

મહાવીરજયંતીના આ પર્વ દરમિયાન, જૈન ધર્મનાં મૂળ તત્વો વિષે આપણા મુનિઓ અને પંડિતો વિદ્વત્તાભરી સભાલોચના કરે છે, અને તુલનાત્મક દૃષ્ટિથી તેની વિશિષ્ટતાઓ તરફ આપણું ધ્યાન દોરે છે. પરંતુ આવા પ્રકારની ચર્ચા કે સભાલોચનાની આશા મારા જેવી પાસેથી તમે ભાગ્યે રાખી શકો. હું તો માત્ર ભગવાન મહાવીરના ધર્મનાં જે તત્વો મને મુગ્ધ કરે છે, તેનું આજના પવિત્ર દિવસે સ્મરણ કરવા પ્રેરાઉં છું.

નારાયણ પોતે નરસ્વરૂપે અવતરે, તેને બદલે, નર પોતે જ સંકલ્પ અને સ્વપુરૂષાર્થથી નરનો નારાયણ બને, એવા જીવનરહસ્યનો પ્રસાદ ભગવાન મહાવીરે આપણને આપ્યો છે. જીવનમાં સંયમ અને અહિંસા પરાકાષ્ઠાએ પહોંચાડી, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવ સમેત સકળ સૃષ્ટિ સાથે અપાર અનુકમ્પાનું સંવેદન કરવું, અને સંવરથી આસ્રવનો નાશ કરવો, કે જેથી જીવ સર્વ પુદ્ગલથી મુક્ત બની, તેના પૂર્ણ શુદ્ધ સ્વરૂપે પ્રકાશી રહે, તેવો માર્ગ ભગવાન મહાવીરે પોતાના જીવનથી આપણને બતાવ્યો છે. એમના માર્ગની વળી એ વિશેષતા છે કે તેમાં દર્શન અને જ્ઞાનના જેટલું જ મહત્વ આચારને આપવામાં આવ્યું છે. આ માર્ગની ભવ્યતા કલ્પનામાં પણ પૂરી ઊતરી શકે એમ નથી. માઉન્ટ એવરેસ્ટ સમ અજોડ એ ભગવાનની ધર્મવીરતાને આપણાં અનેક વન્દન હો!

અહિંસા અને સંયમધર્મની સાથે જે બીજી અણમૂલી ભેટ જૈન ધર્મે જગતને આપી છે, તે તેનું "સ્યાદ્વાદ"નું દર્શન. એક જ વસ્તુને વિવિધ દૃષ્ટિબિન્દુઓથી જોતાં તે વિવિધ સ્વરૂપે ભાસે. અને એ દરેક સ્વરૂપમાં કંઇ પણ તથ્ય રહેલું છે, એ સાપેક્ષ (Relative) દર્શન આ જગત્માં કેવું અપાર અનુકમ્પાનું સૂચક છે? સમગ્ર તત્વને અસંશય પામનારા આ જગતમાં કેટલા હશે? તો, તેવા જગતને સ્યાદ્વાદનું રહસ્ય, જે સહિષ્ણુતા, અને પરસ્પર આદરભાવ છે એ શું ઓછું ઉપકારક છે?

પણ આમ યથાર્થ રીતે જોઇએ, તો દરેક ધર્મમાં એવાં પ્રાણદાયી તત્વો છે, કે જેના શુધ્ધ આચરણથી તે તે ધર્મના અનુયાયીઓમાં સાચી ધાર્મિકતા પ્રેરાય, અને તેમનાં જીવન કલ્યાણને માર્ગે વળે. અને આમ છતાં, જગતમાં ચોગમ નજર નાંખતાં આજે આપણી દૃષ્ટિએ શું પડે છે? કોઇ પણ ખંડના કોઇ પણ દેશમાં જાઓ, કોઇ પણ જાતિ, સંસ્કૃતિ કે ધર્મ જુઓ,–સર્વત્ર અણવિશ્વાસ, ઇર્ષ્યા, લોભ, સ્વાર્થ, રંગદ્વેષ, મદોન્મત્તતા, રણગર્જના, રકતપાત–એક યા બીજે સ્વરૂપે સર્વત્ર સંહારની શકિતઓ–નજરે પડે છે. કવિ ભવભૂતિને જીવનમાં સર્વત્ર કરૂણ રસ જ ભાસે છે. ભેદ હોય તો તે માત્ર ભિન્ન નિમિત્તોનો જ છે. એજ પ્રમાણે, વર્તમાન કાળમાં કોઇ દ્રષ્ટાને સર્વત્ર રૌદ્રરસ ભાસે, તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કંઇ નથી. એક માનવસંહારની વેદનામાંથી જગતને હજી પૂરી કળ વળી નથી, ત્યાં તો બીજા સંહારની ભયંકર નાન્દીની જાણે શરૂઆત ન થઇ રહી હોય, એમ ઘણા વિચક્ષણ પુરૂષોને શંકા પડે છે.

ત્યારે શું ધર્મ અને તત્વજ્ઞાનનાં ઉદાત્ત તત્વો જગતમાંથી અત્યારે નષ્ટ થયાં છે? શું ઉપનિષદો અને ગીતા, ધમ્મપદ અને આગમ, બાઇબલ અને કુરાનના ગ્રંથો અત્યારે દુષ્પ્રાપ બની ગયા છે? શું પ્લેટો અને શંકરનાં દર્શનો અદૃશ્ય થઇ ગયાં છે? શું સાધુસન્તો અને તત્વજ્ઞાનીઓએ અત્યારે જગતને છોડી દીધું છે? ખરે જ, જગતની પરિસ્થિતિ અત્યારે એટલી વિપરીત અને કરૂણ બની રહી છે, કે જેથી ઘડીભર આપણને એમ જ માનવાનું મન થાય, કે આમાંનું કંઇ જ અત્યારે અસ્તિત્વ ધરાવતું નથી, તેમ છતાં શાન્ત ચિત્તે વિચાર કરતાં સમજાશે કે આ બધું જ અસ્તિત્વ ધરાવે છે, અને તેમ છતાં સર્વત્ર Chaos–અનવસ્થા–વ્યાપી રહેલ છે, અને એ બાહ્ય Chaos–અનવસ્થા–નું કારણ આપણા આન્તર જીવનમાં વ્યાપી રહેલા Chaos–અનવસ્થા–માં રહેલું છે. 'આત્મવત્ સર્વ ભૂતેષુ' એ હિન્દુ ધર્મની ભાવના, બૌદ્ધ અને જૈન ધર્મની અહિંસા અને વાસનાક્ષયની ભાવના, Love thy neighbour as thy own self–એ ખ્રીસ્તી ધર્મની ભાવના, અથવા તો ઇસ્લામની શાન્તિ અને ખુદાની શરણાગતિની ભાવના, આપણા સમગ્ર જીવનના મર્મને સ્પર્શ કરી, તેને સંજીવન અર્પવા અસમર્થ નીવડી છે, એમ સખેદ લાગ્યા વિના રહેતું નથી.

આજે આપણા બધા ધર્મો સામે એક મહાન્ આહ્વાન (challenge) આવીને ઊભું છે. ધર્મો છે, છતાં ધાર્મિકતાનો અભાવ ચોગમ દૃષ્ટિગોચર થયા વિના રહેતો નથી. વિજ્ઞાનના આ બુદ્ધિપ્રધાન યુગમાં ધર્મોએ જે સ્વરૂપ પકડયું છે, અને જે રીતે તે રજુ કરવામાં આવે છે, તે કારણથી આપણામાંના મોટા ભાગનાં હૃદયો ધર્મથી વિમુખ તો થાય છે, પણ વિશેષ તો એ છે કે ધર્મનો પરિહાસ કરવામાં, સર્વમાન્ય નીતિ અને શિષ્ટાચારનો નિર્લજ્જ ભંગ કરવામાં નિર્ભયતા અને પ્રમાણિકતાની પરાકાષ્ઠા માનવામાં આવે છે અને આ ઘટનાનો કરૂણતમ ભાગ તો એ છે કે આજનું જીવન ઉચ્ચ આદર્શ વિનાનું પામર થતું જતું લાગે છે. ઉચ્ચ આદર્શોમાં આજે જાણે કે શ્રદ્ધા જ રહી નથી.

બીજી બાજુ, જૂની શ્રદ્ધાથી પ્રેરાઇને કે કૃત્રિમ શિષ્ટાચાર તરીકે જેઓ ધર્મને વળગી રહ્યા છે, તેઓના ધર્મનો મોટો ભાગ બાહ્ય ક્રિયાકાંડમાં પરિણમી રહેલો જોવામાં આવે છે. પ્રાણ વિનાનો ધર્મનો બાહ્ય આચાર તેના અનુયાયીઓના આન્તર જીવનનો સર્વતોમુખી વિકાસ સાધવામાં નિષ્ફળ નીવડેલો જણાય છે. ક્રિયાકાંડ એ તો એક સાધન છે, અને સાધન જ્યારે સાધ્યને સિંહાસને પદારૂઢ થાય છે, ત્યારે તેમાંથી યાંત્રિક જડતા અને નિરસ એકવિધતા વિના બીજું કંઇ પરિણમતું નથી. એમાંથી આત્માના ઉદ્ધારની ગતિ મળવી અશકય છે.

ધર્મોમાં જ્યારે ઐહિક વાસનાઓ પ્રવેશે છે, અને તે સાથે,

શુદ્ધ તત્ત્વજ્ઞાનનો પ્રકાશથી તે વિમુખ રહે છે, ત્યારે તે નિર્જીવ કર્મકાંડમાં પડી જઈ, માનવજીવનને ઉન્નતિકર થવાને બદલે તેને પદેપદે અટવાવે એવાં ઝાંખરાં અને કાંટાની ગરજ સારે છે. આવા ધર્મો કદાપિ ભક્તિનો માર્ગ પકડે છે, તો તે ભક્તિ પ્રાણદાયી થવાને બદલે કેવળ ભક્તિવેડામાં પરિણમતી જોવામાં આવે છે. બીજી બાજુ તત્ત્વજ્ઞાન જો ધર્મની ભૂમિમાં શુદ્ધ જ્ઞાનબીજ વાવી શકતું નથી, તો તે તત્ત્વજ્ઞાનમાં ભાવનાની ઊર્મિનો રસપ્રદ સંચાર થતો નથી. આવું તત્ત્વજ્ઞાન વાસ્તવિક જીવન સાથે સુમેળ સાધી શકવા અશકત નીવડે છે, અને અંતે, શુષ્ક તર્કની જાળાંમાં તે ગુંચવાઈ રહે છે. નિષ્કલ, અવિનાશી તત્ત્વનું બુદ્ધિથી અન્વેષણ કરવું, એ તત્વજ્ઞાનનું કાર્ય છે, તો તે પરમ સત્યને વ્યકિતના અધિકાર પ્રમાણે રોચક બનાવી, તેના જીવનમાં શ્રદ્ધાનો આન્તર દીપ પ્રકટાવવો, અને એ દીપના સૌમ્ય પ્રકાશમાં ચિત્તની સર્વ વૃત્તિઓનો સુમેળ કરી માનવને ઉત્તરોત્તર ઉન્નત ગતિ કરાવવી, એ ધર્મનું કાર્ય છે. આ રીતે જોતાં, તત્ત્વજ્ઞ ન અને ધર્મે નિરંતર સાહચર્ય સાધવું આવશ્યક બને છે.

છતાં અત્યારે જગતમાં પ્રવર્તી રહેલી સ્થિતિનું અવલોકન કરતાં સખેદ કહેવું પડે છે, કે ત-ત્વજ્ઞાન અને ધર્મ એવું સહકાર્ય સાધી શકયાં નથી. તત્વજ્ઞાન શુષ્ક તર્ક અને કેવળ ખંડનમંડનનો વિષય બની ગયું છે, ધર્મ નિષ્પ્રાણ કર્મકાંડના બીબામાં જકડાઈ પડયો છે, અને ભક્તિએ પૂજા વિધિના ખટાટોપ અને લાગણીવેડાનું વિકૃત સ્વરૂપ લીધું છે. આમાં વિરલ અપવાદો હશે, છે જ. પણ એકંદરે, જ્ઞાન, કર્મ અને ભક્તિ પોતપોતાને નિરાળે પંથે જઈ રહ્યાં છે, અને જીવનની યથાર્થતાથી વિમુખ બન્યાં છે. અને બુદ્ધિપ્રધાન લાગતા આ યુગમાં આ ધર્મવિમુખતાએ અત્યંત કરુણ સ્વરૂપ લીધું છે. જગતની સમક્ષ ઉત્તમ દશ નો અને ધર્મો હોવા છતાં, માનવીને જીવનના ચરમ પુરૂષાર્થ તરફ દોરીને તેના જીવનમાં સુમેળ અને પ્રસન્નતા વિકસાવવામાં આપણને નિષ્ફળતા મળી છે. સુમેળ અને પ્રસન્નતાને બદલે જ્યાં જોઈએ ત્યાં જીવનમાં વિસંવાદ, કલેશ અને સંઘર્ષ નજરે પડે છે. મનુષ્યના આ આન્તર કલેશનું પ્રતિબિમ્બ જોવું હોય તો તે બધા દેશોનાં રાજકારણ અને અર્થનીતિમાં દેખાશે. જો ધર્મ મનુષ્યની સાહજિક પ્રેરણાઓ (Instinct), બુદ્ધિ અને તેના આત્મા સાથે પરસ્પર સુમેળ સાધી, તેના સમગ્ર જીવનમાં ઉલ્લાસ પ્રકટાવીને તેનો ઉત્કર્ષ સાધી શકવા અસમર્થ નીવડયો છે, તે ધર્મ તેના સમૂહગત જીવનમાં પણ રાજનીતિ અને અર્થનીતિ સાથે મેળ સાધી શકયો નથી. સમાજ જીવનની આખી ઇમારતનો પાયો અર્થનીતિ છે. પણ જેમ વૃક્ષ ધરતીમાંથી રસ ચૂસી પલ્લવિત થાય છે, તેમ સાચી, કલ્યાણકારી અર્થનીતિને ધર્મમાંથી પોષણ મળવું જોઈએ છે. પરંતુ વ્યકિતઓના દિલમાં જો ધર્મ પૂર્ણ અંશે પ્રવેશી શકયો નથી તો રાજકારણ અને અર્થનીતિના ક્ષેત્રમાં તો તે કેવળ બહિષ્કૃત જ રહયો છે.

પુરાણા કાળમાં દરેક દેશ, જાતિ કે પ્રજાનો સમાજ પ્રમાણમાં સાદો હતો, આવવા જવાનાં અને વ્યવહારનાં સાધનો અલ્પ અને જીવનની જરૂરિયાતો થોડી હતી. આથી કરીને, દરેક પ્રજાની સંસ્કૃતિને પોતાનો પુરાણો સમય ભમતાને કારણે સત્યયુગ કે સુવર્ણયુગ લાગે છે. આમ છતાં પણ બીજા દેશોની વાત જવા દઈએ, પણ હિન્દની વાત કરીએ તો મહાભારતના કાળને વિષે ખુદ વ્યાસ ભગવાનને પણ અત્યંત હતાશ થઈ, બે હાથ ઊંચા કરી રૂદન કરવું પડે છે, કહો કે અરણ્યરૂદન કરવું પડે છે, કે

ધર્માદર્થશ્ચ કામશ્ચ, સ કિમર્થં ન સેવ્યતે !

એ જ વ્યાસ ભગવાન જો અત્યારે અવતાર પામે તો આજે જગતમાં પ્રવર્તતી સ્થિતિ માટે તેમના મુખમાંથી શો ઉદ્‌ગાર નીકળે, તે કલ્પવું પણ મુશ્કેલ છે.

સાચી વાત એ લાગે છે કે જગતના ધર્મો વ્યકિત-વિશેષમાં ધાર્મિકતા જાગ્રત કરી તેમના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ અને નિર્વાણની શાન્તિ પ્રકટાવી શકયા છે; પણ પ્રજાઓના સામાજિક જીવનમાં, એટલે કે તેમના રાજકારણ અને અર્થનીતિમાં ધર્મના માત્ર બાહ્ય આચારોએ પ્રવેશ કર્યો છે; ધાર્મિકતા તો બહિષ્કૃત જ રહેલી છે. આથી મને લાગે છે, કે વર્તમાન સમયમાં જૈન ધર્મ તેમ જ સર્વ ધર્મો સામે અસાધારણ મોટું આહ્વાન (challenge) આવીને ખડું છે. આખો યુગ તર્કપ્રધાન છે, શ્રદ્ધાના મૂળમાં કુઠારાઘાત થયેલો છે, કર્મકાંડ અને બાહ્ય આચારોમાં ધર્મો મુખ્યત્વે રૂંધાઈ ગયેલા છે, અને તે મનુષ્યનાં હૃદયોને આકર્ષી શકતા નથી; અથવા જ્યાં તે આકર્ષે છે ત્યાં તે તેને સાચે માર્ગે દોરી શકતા નથી, બલ્કે કુમાર્ગે પણ દોરે છે; મનુષ્યો સીધી રીતે જગતને "અનીશ્વર" માને છે, અને પ્રતિપાદન કરે છે કે આ જગત કશા પણ પાયા વિનાનું અને "કિમન્યત્ કામહૈતુકમ્" (ગીતા ૧૬/૮)-બીજા કશાથી નહિ પણ માત્ર વાસનાથી જ પ્રેરાયલું છે-આમ અનાસ્થા, શંકા, વહેમ, ઉદાસીનતા, કર્મકાંડ, અજ્ઞાન વગેરેના પાશમાં માનવસમુદાય પડેલો લાગે છે. આમ છતાં, હૃદયમાં દેહી વિરાજેલો છે. તે આજે ભલે સુપ્ત હોય, પણ કાળે કરીને તે જાગ્રત થશે જ એવી મારી શ્રદ્ધા છે. પુરાણા મીસરની Sphinx-સ્ફીંકસ-નો કોયડો છે, કે એ આકૃતિને શરીર પશુનું છે અને મસ્તક માનવીનું છે, અને તે પણ ઉન્નત મસ્તક છે. તેનું રહસ્ય મને તો એ લાગે છે કે મનુષ્ય પાશવ વૃત્તિઓના ફંદમાં પડેલો છે, તથાપિ તેનું ઉન્નત માનવમસ્તક સૂચવે છે કે તે પશુથી પર થવાને સર્જાયો છે. આથી હતાશ થવાની જરૂર નથી. છતાં ઉત્ક્રાન્તિવાદમાં વિકાસ કંઈ નિશ્ચેષ્ટ બેસી રહ્યાથી થતો નથી. વિકાસની પ્રેરણા ઈશ્વરદત્ત છે એ સાચું છે, તથાપિ પ્રેરણા પ્રમાણે પુરૂષાર્થ પણ આવશ્યક છે. આથી અત્યારે જગતના બધા ધર્મો, ચિંતકો, સાધુસંતો, વૈજ્ઞાનિકો, સમાજ-વિધાયકો વગેરે ઉપર અસાધારણ જવાબદારીનો ભાર આવી પડે છે. ઉચ્ચ આદર્શોમાં હતાશ થયેલો માનવી શ્રદ્ધા પણ ગુમાવી બેઠો છે એવા આ કાળમાં ધર્મનો નવો અવતાર થવો આવશ્યક લાગે છે. ધર્મ એવા વિરલ અને નવીન સ્વરૂપે પ્રકટે કે જે માનવીનાં હૃદયમાં સાચી શ્રદ્ધા સ્ફુરાવી, ગાઢ ધાર્મિકતાનો સંચાર કરે. એ ધાર્મિકતા, એક બાજુ, વ્યકિતના જીવનની ભિન્ન ભિન્ન વૃત્તિઓનું સમાધાન કરી, એક અખંડ રસથી તેને ભરી દે, તો બીજી બાજુ, તેના સામાજિક જીવનનાં બે મુખ્ય ક્ષેત્રો, રાજકારણ અને અર્થનીતિ, તેમાં પણ સાથે સાથે ધર્મનું ચેતન તત્ત્વ આણે. ધર્મોના બાહ્ય આચરણોમાં ભેદ ભલે રહે, પણ ધાર્મિકતા તો સર્વત્ર એક સરખી જ હોઈ શકે છે.

સાચી ધાર્મિકતામાં સ્થળ, કાળ, જાતિ કે સંસ્કૃતિથી ભેદ પડી શકતા નથી. એવી સાચી ધાર્મિકતા તો એક વ્યાપક જીવનદૃષ્ટિ છે. વિજ્ઞાને ઉભાં કરેલાં સાધનોને લીધે, સ્થૂલ રીતે પણ જગતનાં અંતરો કપાઈ ગયાં છે-જગત એકાકાર બનતું જાય છે. તો હવે, સૂક્ષ્મ રીતે તે સાચી ધાર્મિકતાના રસાયણથી અખંડ બની વિશ્વબંધુત્વ અનુભવે, એ આવશ્યક છે. આ દિશામાં આપણને આગળ દોરવા માટે ભગવાન મહાવીરનો જીવનમર્મ સમર્થ છે. એ જ કારણથી આજનું પર્યુષણપર્વ "વ્યાપક પર્યુષણ" બને, એવી આપણાં સર્વનાં હૃદયોની ઉંડી આકાંક્ષા રહેવી જોઈએ. શાસ્ત્રે નિયત કરેલાં દૈનિક કર્મોની સીમામાં આપણા અહિંસા અને સંયમ બંધાઈ ન રહે, પરંતુ દિવસ દરમિયાનનાં બધાં વ્યવહારનાં કામોમાં તેનો સંચાર થાય; અહિંસા અને સંયમના યોગથી સાકાર બનતાં આપણાં વિચાર, વાણી અને આચારનો અનુભવ કુટુંબીજનો, પડોશીઓ, દેશબાંધવો અને આખું વિશ્વ કરે, સંક્ષેપમાં, આપણે ધર્મ અને વ્યવહારને અલગ અલગ ન રાખતાં, તેમનું એક અખંડિત જીવનરસાયણ બનાવી શકીએ, તો જ આપણું પર્યુષણપર્વ સાચા અર્થમાં વ્યાપક બને, એટલું જ નહિ, પણ સાર્થક બને. અત્યારે જ્યારે મનુષ્ય મનુષ્ય વચ્ચે, જાતિજાતિ વચ્ચે,

ઝુંપડીમાં સંતદર્શન

બંગાળના કોઇ એક ગામડામાં રાત્રે બે ભાઇઓ આવી પહોંચ્યા. વરસાદ ઘોધમાર પડી રહ્યો હતો. ઘનઘોર અંધારૂં ચોમેરે વીંટાઈ રહ્યું હતું. અથડાતા અથડાતા આ બે ભાઇઓ ગામમાં રાતવાસો રહેવા માટે કોઇક હિન્દુનું ઘર શોધી રહ્યા હતા.

ગામની વસ્તી મુખ્યતઃ મુસલમાનની હતી. પ્રવાસીઓ હિન્દુ હતા, પ્રથામિક શાળાનું નિરીક્ષણ કરવા તેઓ આવ્યા હતા.

વરસાદમાં ભીંજાતા એ પ્રવાસીઓ અંધારામાં ચાલ્યા જતા હતા; ત્યાં દૂર એક ઝુંપડામાં ટમટમ થતો નાનકડો દીવો દેખાયો. બે ભાઇઓને કંઇક આશા આવતા ઝડપથી એ ઝુંપડા તરફ જવા માંડ્યું.

ઝુંપડાનું બારણું ખખડાવતા એક વૃદ્ધ મુસલમાન બહાર આવ્યા.

'તમારે શું કામ છે! કોનું ઘર તમે શોધો છે!'

ભાઇઓએ જવાબ આપ્યો 'અમે હિંન્દુ પ્રવાસીઓ છીએ અને રાતવાસો કરવા કોઇક હિન્દુનું ઘર શોધી રહ્યા છીએ.

'ભાઇ આ ગામમાં તો હિન્દુઓના ઘર ગણ્યા ગાંઠ્યા છે, પરંતુ તમને કંઇ વાંધો ન હોય તો મારી ઝુંપડીમાં તમે રાતવાસો કરો.'

વર્ષાદ અને અંધકારથી કંટાળેલા અને મુસાફરીથી થાકેલા એ પ્રવાસીઓએ કંઇક વિચાર કરી જણવ્યું.

"ભલે અમે તમારી ઝુંપડીમાં રાતવાસો કરીશું"

વૃદ્ધ મુસલમાન પ્રસન્ન થયો અને તરત જ બન્ને ભાઇઓને માટે પાથરણાં પાથરી દીધાં. હાથ પગ ધોવાને પાણી આપી એ મુસલમાને સ્વચ્છ લોટામાં પીવાનું પાણી પણ હિન્દુ પ્રવાસીઓને આપ્યું.

"અમે હિન્દુ તમારા મુસલમાન ઘરનું પાણી પીવા માટે ન લઇએ તો અમોને માફ કરશો!"

વૃદ્ધ મુસલમાન કંઇક દુઃખી થયો, પરંતુ હિન્દુઓની ધર્મ-નિષ્ઠા સમજી લઇને શાંત રહ્યો.

હિન્દુ પ્રવાસીઓ થાકેલા હતા એટલે થોડાજ વખતમાં ઘસઘસાટ ઉંઘવા લાગ્યા.

રાત્રે ૨॥–૩ વાગ્યા હશે. એક ભાઇની પ્રથમ ઉંઘ પુરી થઇ એટલે એ જાગી ઉઠ્યો. ઝુંપડી બહાર એ પિશાબ કરવા ગયો. પાછા આવતા કંઇક દૂર મધરાત્રે થોડેક દૂર દીવો દેખાયો. થોડાક માણસો દેખાયા. આ બધુ શું હશે એનો વિચાર કરતો એ પાછો સુઇ ગયો.

સવાર પડી. બંને ભાઇઓ ઉઠ્યા. વૃદ્ધ મુસલમાને એમને દાતણ પાણી આપ્યા. દાતણ પાણી પુરા થતાં હતાં એટલામાં એક હિન્દુ નોકર સાથે વૃદ્ધ મુસલમાન પાછો આવ્યો. હિંદુ નોકર પાસે સ્વચ્છ લોટામાં પાણી હતું.

"ભાઇઓ! તમે આખી રાત પાણી વિના ગાળી છે. તમે મારી ઝુંપડીમાં મહેમાન તરીકે રાત્રે આવ્યા. હું મુસલમાન હોવાથી તમે મારા ઘરનું પાણી ન લીધું. મહેમાનો તરસ્યા રહે એ મારાથી કેમ ખમી શકાય? રાત્રે જ મેં ગામમાંથી હિંદુ મજુરોને બોલાવી એમની પાસે જ આ પેલો કુવો ખોદાવ્યો છે. અમારે અહિં થોડા જ ફુટ ખોદતાં મીઠું પાણી મળી આવે છે. આ મીઠું પાણી આ હિંદુ મજુરો જ લઇ આવ્યા છે. હવે તો તમને એ પાણી લેતાં કશો વાંધો નહિ આવેને?

વૃદ્ધ મુસલમાનના આ માયાળુ શબ્દો સાંભળી હિંદુ પ્રવાસીઓ તો સ્તબ્ધ થઇ ગયા. હિંદુ ભાઇઓની મહેમાનગીરી કરવાની આ મુસલમાન વૃધ્ધની આટલી બધી લાગણીભરી કાળજી! અને અમે કેવા રૂઢિચુસ્ત હિન્દુઓ કે આવા પવિત્ર સાધુપુરૂષના ઘરનું પાણી પીતા અભડાઇ જઇએ!.....સૌજન્ય અને પવિત્રતામાં કંઇ હિન્દુ મુસલમાનના ભેદ ઓછા રહેલા છે?

"તમે અમારે માટે કેટલી બધી તસ્દી લીધી? તમે વસો છો ઝુંપડીમાં, પણ સંત પુરૂષ જેવા અમને લાગો છો. તમે મુસલમાન, છો તેથી કંઇ તમારી સાધુતા કંઇ ઢંકાઇ નથી જતી. આવા સંતપુરૂષના ઘરનું પાણી અમારા જેવા રૂઢિચુસ્ત હિન્દુઓ માટે પણ ગંગાજળ જેટલું પવિત્ર છે. તમે જ તમારા હાથે અમોને તમારા ઘરનું જ પાણી આપો, એટલું જ નહિ, આજે તો અમારી એવી વિનંતિ છે કે તમારા ઘરની રસોઇ પણ અમારે તમારી સાથે બેસીને ખાવી છે. એટલે ચાલો આપણે સાથે મળીને ભોજન કરીએ"

વૃદ્ધ મુસલમાનને ઘેર એ બન્ને હિન્દુભાઇઓએ સાથે મળીને ભોજન તૈયાર કર્યું અને સાથે બેસીને ભોજન કર્યું.

એ ઝુંપડીઓ મુસલમાનની હતી, પરંતુ હિન્દુભાઇઓએ એ ઝુંપડીમાં સંત દર્શન કર્યું * **દિલખુશ દીવાનજી.**

* ૧૯૨૪ ના વર્ષના ય'ગઇન્ડીયામાં પ્રગટ થયેલ "Angles unawares" એમાં મથાળાના દીનબધુ એન્ડ્રૂઝના એક સત્ય 'ઘટના'ના આધાર પર લખાયેલા લેખ પરથી.

રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે આશંકાઓ અને ભયના ગાઢી દિવાલો આવી રહી છે, ત્યારે દરેકની વાણી અને વર્તનમાં, છાપાં અને લખાણોમાં, સ્યાદ્વાદમાંથી નિષ્પન્ન થતી મતમતાંતર–સહિષ્ણુતા અને સમતા પ્રકટે, અને સર્વ પક્ષોને સહાનુભૂતિપૂર્વક યથાર્થ સમજીને તેમનો આદર કરવા અહિંસા અને સંયમથી આપણે પ્રેરાઇએ, તો આખું માનવજીવન સર્વત્ર કેવું સુમધુર અને કૃતાર્થ બને? પર્યુષણનું આ જીવાતુભૂત તત્વ, રોચક અને વ્યાપક બનાવવાની જવાબદારી, બધાજ ધર્મોની છે. જ્યારે એ તત્વ વ્યાપક બનશે, ત્યારે અમુક સંસ્કૃતિ પૂર્વની છે કે પશ્ચિમની છે, હિન્દુ, મુસ્લીમ કે ચીની છે, એવા ભેદો કરવાનું આપણે ભૂલી જઇશું. મનુષ્યો વિવિધ ધર્મો ભલે રહે, અર્થાત પરમ તત્વના અનુસન્ધાન માટે, અધિકારભેદથી વ્યક્તિઓના જીવનમાં "નાના પથ" ભલે રહે, છતાં મનુષ્ય મનુષ્ય વચ્ચેના વ્યવહારમાં એક બીજાને માટે સમભાવપૂર્વકનો આદર, અથવા મારો ભાવ વધારે સારી રીતે વ્યકત કરી શકે એવી વાણી વાપરૂં તો Christian Charity આવે, તેમજ સ્થળ કે જાતિનો સંકુચિત વિચાર આણ્યા વિના જ્યાં જ્યાં 'વિભૂતિમત્, શ્રીમત્, અને ઊર્જિત સત્વ' હોય ત્યાં ત્યાં નમ્રતાપૂર્વક તેની કદર કરી તેનું રહસ્ય સ્વીકારાય, એના કરતાં વધારે ઉદાત્ત તત્વો કોઇ પણ સંસ્કૃતિનાં શાં હોઇ શકે? વ્યાપક પર્યુષણના આ મર્મનો જગતની સંસ્કૃતિમાં સાચો અંતઃપ્રવેશ થાય એજ આપણ સર્વની આકાંક્ષા હોવી જોઇએ. **સરલાદેવી સારાભાઇ**

મહાબળેશ્વર–પંચગનીના ગરીબોને કાપડ મોકલાયું.

આ પત્રના આગળના એક અંકમાં મહાબળેશ્વર ખાતે આ ઉનાળામાં એકત્ર થયેલા ગુજરાતીઓએ ત્યાં અને આસપાસ વસતા ગરીબોને કપડા વહેંચવા માટે એક ઉઘરાણું કર્યું હતું. આ ઉઘરાણું એકઠું કરવામાં શ્રી. મુંબઇ જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે અને સંઘના મંત્રી શ્રી મણિલાલ મોકમચંદ શાહે સારો પરિશ્રમ ઉઠાવ્યો હતો અને રૂા. ૫૯૧૯ જેટલી રકમ એકઠી કરવામાં આવી હતી. આ રકમમાંથી રૂા. ૪૮૦૦ લગભગની કીંમતની ૬ કાપડની ગાંસડીઓ અને બાકી વધેલી રકમ આજથી એક માસ પહેલાં પંચગીનીમાં સ્થાયીપણે રહેતા શ્રી વછરાજભાઇને મોકલી આપેલ છે. આ કાપડ પંચગીની–મહાબળેશ્વર આસપાસા વસતા ગરીબોને વહેંચી આપવામાં આવશે તેમજ બાકીની રકમમાંથી ઓઢવાનું કાપડ ખરીદીને તે પણ ઉપર મુજબ શ્રી વછરાજભાઇ દ્વારા વહેંચી આપવામાં આવશે.

હુલ્લડ—સંરક્ષણ અને સંગઠ્ઠન

સંક્રાંતિ કાળનો સમય બહુધા અશાંતિમય અને ક્રાંતિકારક હોય છે એ વાતની સાક્ષી જગતનો ઇતિહાસ આપે છે. આજે આપણા દેશમાં નવાયુગની ઉષા પ્રગટી છે, સ્વાતંત્ર્ય દેવીનો રથ સ્વાધીનતાના પ્રાસાદના ઉંબર સુધી પહોંચી ચૂક્યો છે. પ્રજાના સાચા પ્રતિનિધિઓએ દેશનો વહીવટ અને જવાબદારી સ્વીકાર્યા છે, દેશ-કાળમાં અતિ પ્રબળ પરિવર્તન અને ક્રાંતિ છવાયાં છે, છેલ્લાં એકાદ સૈકાની સ્વાધીનતાની લડતમાં સેંકડો યુવક-યુવતિઓનાં મોંઘેરાં બલિદાનો વડે આજે સ્વાતંત્ર્યયુગનો અરુણોદય થવા પામ્યો છે. સંક્રાંતિકાળનો સમય પુરો થતાં, નવા યુગની શરૂઆત થતાં, તોફાનો, અશાંતિઓ કે અથડામણો આવી પડે એ કાંઇ અનાકસ્મિક ઘટના નથી, અથવા તો એથી ડરી જવાનું પણ નથી. સ્વાધીનતા પ્રાપ્તિનો રાહ પુષ્પોથી આચ્છાદિત હોતો નથી; રાજ્યપલટા અથવા સત્તાપલટાઓ સાથે સાથેજ સામાન્ય રીતે આવા તોફાનોની પરંપરાઓ ચાલી આવે છે. આ પ્રકારની અશાંતિઓ કે આંતરવિગ્રહો એ તો નવાયુગની કસોટીઓજ હોય છે અને એ સર્વ અવરોધો વટાવીનેજ પ્રાયઃ સ્વસ્થતા પ્રાપ્ત કરી શકાય એ સ્પષ્ટ છે.

આજે આપણો દેશ અગ્નિ પરીક્ષામાંથી પસાર થઇ રહ્યો છે. કલકત્તા અને મુંબઇની રૂધિરભીની કલંકકથાઓ, ખુનામરકી, લુંટફાટ, આગ અને અમાનુષી અત્યાચારો પિંઢારાયુગની સ્મૃતિ તાજી કરાવે છે; કોમી અથડામણો અને હુલ્લડોએ હવે માઝા મૂકી છે. અને આજે જે કલકત્તા કે મુંબઇમાં બન્યું છે તે ત્યાંજ સમાપ્ત થશે એમ પણ માની શકાય એવું નથી. આંતરવિગ્રહના આ તણખા આ પરિવર્તનકાળ દરમ્યાન ઉડતાં જ રહેવાના અને જ્યાં જ્યાં નિર્બળતા, અસંગઠ્ઠન અને કાયરતાનું અસ્તિત્વ હશે ત્યાં ત્યાં મુંબઇ કલકત્તાનાં પુનરાવર્તનો થવાનાં. આમ આજે જે નાજુક પરિસ્થિતિ વચ્ચે આપણે પસાર થઈ રહ્યાં છીએ, એ સંયોગોમાં આપણી શી ફરજ છે તેમજ આ પ્રકારની અંધાધુંધીઓમાંથી દેશને ઉગારવા માટે શું પ્રયત્નો કરવાની જરૂર છે તે વિચારી લેવાની જરૂર છે. આ પ્રશ્ન માત્ર મુંબઇ કે કલકત્તાનો જ આજે નથી રહેતો, પરંતુ સમગ્ર દેશને સ્પર્શે છે, જે સંયોગો અને કાળ લક્ષ્ય સામે રાખીને ઉકેલવાનો રહે છે. હિંસા-અહિંસા નો પ્રશ્ન પણ આ વિચારણામાં ગૂંચવાયેલો છે. એ બધા પ્રશ્નોનું સ્પષ્ટીકરણ અને નિર્ણય વહેલામાં વહેલી તકે લેવામાં આવે એ જરૂરી છે.

કલકત્તાના કરૂણ રકતતાંડવે બતાવ્યું છે કે લીગ જેને "સીધા પગલા" નું નામ આપે છે એની પાછળની ભૂમિકા કેવા પ્રકારની છે. પ્રસંગો કહી જાય છે કે જે બન્યું એ આકસ્મિક ન હતું, એની પાછળ વ્યવસ્થિત યોજના હતી. પરંતુ એ વસ્તુ સ્પષ્ટ છે કે જગતના ઇતિહાસમાં રાજકારણના કે રાજકીય ઉત્થાનના કાર્યોમાં આ પ્રકારનાં રમખાણો વડે કદી કોઇ ચોકકસ પ્રશ્નનો નિવેડો લાવી શકાયો નથી. ત્રાસવાદી પ્રવૃત્તિ બન્ને પક્ષોને સરવાળે સરખું જ નુકશાન કરે છે, એટલું જ નહિ પરંતુ કેટલાયે પ્રસંગોમાં આ પ્રકારની નીતિથી દેશની સ્વાધીનતા વિલંબમાં પડી જાય છે અને પરિણામે પરાધીનતાના પાયા વધારે મજબુત બનવા પામે છે. હજુ પણ 'સીધા પગલાં' ની લડતના સૂત્રધારો—કે જેઓ ચોકકસ યોજનાઓ ઘડી રહ્યાં છે—તેઓ આજના દેશકાળની પરિસ્થિતિ અને તેમનું પોતાનું હિત શામાં રહેલું છે તે વિચારે એ જરૂરી છે.

મુંબઇના રમખાણોને લાગે વળગે છે ત્યાં સુધી અમને એવું લાગે છે કે કલકત્તાના બનાવો પછી મુંબઇની પોલીસ અને સરકાર પ્રથમથી જ સાવધ હતાં; રમખાણો અને એનાં પરિણામો એની કલ્પના બહાર ન હતાં; પરિણામે પોલીસની વ્યવસ્થા અને બંદોબસ્ત મજબુત હતો. તાત્કાલિક અમલમાં આવેલ ૧૪૪ મી કલમ અને રાત્રિ ફરમાન તેમજ કેટલાક ભયજનક વિસ્તારોમાં ૨૪ કલાકનું રાત્રિફરમાન રમખાણોને આગળ વધતું અટકાવવામાં વધારે સહાયભૂત નિવડયાં છે એ સ્પષ્ટ છે. આમ છતાં પણ અમને એ સતત લાગ્યા કરે છે કે જે મકકમતાથી આ રમખાણો દાબી દેવાની અગત્ય છે એટલી ઉગ્રતાથી કામ લેવામાં આવતું નથી. પરિસ્થિતિ અને સંયોગો ચોકકસ પ્રકારે ગુંચવાયેલાં છે એમાં શંકા નથી, પરંતુ આ પ્રકારની ત્રાસદાયક પ્રવૃત્તિઓ અને રમખાણો ઉગતાંજ ડામવાની અગત્ય છે. નહી તો એ નિશ્ચિત છે કે, આ પ્રવૃત્તિ લાંબી ચાલે તો પરિણામે અશાંતિ ઘર કરી બેસે અને ત્યારબાદ એને તદ્દન નિષ્ક્રિય બનાવવા માટેનું કાર્ય મુશ્કેલ બની જવા પામે, અને પરિણામે ગુંડાઓને ખુલ્લું મેદાન મળી જવા પામે. હુલ્લડની શરૂઆત જોતાં મુંબઇમાં જે બની જવા પામ્યું છે તે આકસ્મિક નથી, પરંતુ એની પાછળ વ્યવસ્થિત યોજના હોય એવું સ્પષ્ટ દેખાય છે—જે યોજના મુંબઇની સરકારે નિષ્ફળ બનાવવી જ જોઇએ. મકકમતાપૂર્વક કોઇ પણ પ્રકારનો ભય રાખ્યા સિવાય, ઉશ્કેરણી અને તોફાનો માટે જવાબદાર ગણાતા હોય એવા કોઇ પણ કોમના માણસોને યોગ્ય શિક્ષા આપવી જોઇએ. એકંદરે મુંબઇની પોલીસ અને સરકારે રમખાણને દાબી દેવામાં સારો શ્રમ ઉઠાવ્યો છે અને આવી જાગૃતિ તેઓ સતત રાખ્યા કરે એ જરૂરી છે.

સાથે સાથે પ્રજાએ પણ આ પ્રકારના રમખાણો પ્રસંગે કેટલુંક કરવાનું આવશ્યક બને છે. સરકાર એનાં સાધનો દ્વારા હુલ્લડોને શમાવવા સક્રિય કાર્ય કરી રહી છે ત્યારે પ્રજાની પણ કેટલીક ફરજો છે, જે જનતાએ બજાવવી જોઇએ. આવા પ્રસંગોએ પ્રજાએ માત્ર શાંતિના સૂત્રો ઉચ્ચારીને બેસી રહેવું ન જોઇએ. આકરો કે અરજીઓ કરવાનો આ સમય નથી. આજે તો સંગઠ્ઠિત બનીને વિષમમાં વિષમ પરિસ્થિતિનો સામનો અને રક્ષણ કરવા માટેની તૈયારીઓ પ્રજાએ કરવી જ પડશે. મહાસભાની લડતની શરૂઆતથી જ પ્રજાની તાકાત ઉત્તરોત્તર વધતી રહી છે. લોકો આજે વધારે નિર્ભય અને કાર્યદક્ષ બન્યા છે એ કાર્યદક્ષતા સંગઠ્ઠન અને સંરક્ષણ કરવામાં કારગત થવી જોઇએ. દેશ સમક્ષ આજે જે સંયોગો ઉપસ્થિત થયા છે, કલકતા અને મુંબઇમાં આજે જે બન્યું છે—બની રહ્યું છે તે ત્યાંજ અટકી જશે એમ કયે માનવામાં આવે. શકય છે કે આંતર વિગ્રહના તણખા આ ક્રાંતિકાળ દરમ્યાન ઉડતાજ રહેવાના, અને જ્યાં જ્યાં નિષ્ક્રિયતા, ભિરૂતા, અને નિર્બળતા હશે ત્યાં ત્યાં ભડકાઓ ઉડવાના. એવા સંયોગોમાં પ્રજાએ નિર્બળતા અને કાયરતા ખંખેરી, સંગઠ્ઠન સાધી કોઇપણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયાર રહેવું જ પડશે. આપણો દેશ આજે નાજુકમાં નાજુક કટોકટીમાંથી પસાર થઇ રહ્યો છે, દેશની સ્વાધીનતા આવી રહી છે, સ્વાતંત્ર્ય-રવિને ઉદય થઇ ચૂક્યો છે. એવા પ્રસંગે એક એક વ્યકિતએ કાર્યશીલ બનવાનું છે. આઝાદી આવી રહી છે એવા પ્રસંગે, દેશની કટોકટી ભરી સ્થિતિમાં પ્રજાએ પોતે જ પોતાના સંરક્ષણની જવાબદારી ઉપાડી લેવી પડશે. હુલ્લડોને અટકાવવાનું પ્રજાની પાસે માત્ર એક જ સાધન છે અને તે છે પ્રજાનું પોતાનું સંગઠ્ઠન અને સ્વરક્ષણ. પ્રજાની જવાબદારી પ્રજાએ જ સંભાળવાની રહેશે. સરકાર સરકારનું કાર્ય બજાવે છે અને બજાવ્યે જશે, જ્યારે પ્રજાએ પ્રજાનું કાર્ય બજાવવાનું છે. પોલીસ ઉપર જ આધાર રાખીને ભયની કીકીયારીઓ પાડનારને કોઇ નહિ બચાવી શકે. પ્રજા આ વસ્તુ સ્પષ્ટ રીતે સમજી લ્યે અને પોતાના રક્ષણનું—સંગઠ્ઠનનું કાર્ય વહેલામાં વહેલી તકે સંભાળી લે.

આઝાદી આવી રહી છે, સ્વાધીનતા આવી પહોંચી છે, સ્વાતંત્ર્યનો અરૂણોદય પ્રગટી ચૂક્યો છે. એવા ક્રાંતિનાં સમયે પ્રજા પોતાની નિષ્ક્રિયતા અને નિર્ભયતા ખંખેરી, સંગઠ્ઠન સાધી, કાર્યશીલ બની જાય, તો આઝાદીની આગેકૂચ કોઇથી પણ રોકી શકાવાની નથી.

'જૈન પ્રકાશ'માંથી સાભાર ઉધ્ધૃત **ખીમચંદ વોરા**

ષષ્ટિપૂર્તિ સમારંભ પ્રસંગે કાકાસાહેબ કાલેલકરનું પ્રવચન

આજે મારે હિંદુસ્તાનીમાં બોલવું એવી એક ભાઈએ સૂચના કરી છે. રાષ્ટ્રભાષાનો પ્રચારક હોઉં મને તો એવી સૂચના ગમે. પણ આજે હિંદુસ્તાનીમાં બોલવાનો અવસર નથી. ગુજરાતી ભાષાને કારણે જેઓ સ્વકીય સ્વજન બન્યા છે, તેમની સાથે ગુજરાતી છોડીને કઈ ભાષામાં હું બોલું? ઘરમાં મારા ભાઈઓ સાથે જેમ હું મરાઠીમાં જ બોલી શકું, તેમ આજના સમાજમાં મારાથી ગુજરાતીમાં જ બોલાય. અને વાત એ છે કે મારા દીકરા પણ મને ગુજરાતીમાં કાગળો લખે છે અને એમનાં બાળકો સાથે તો હું ગુજરાતીમાં જ ગેલ કરી શકું છું. એમને મરાઠી આવડતીયે નથી. ઔચિત્ય પણ કહે છે કે આજે મારે ગુજરાતીમાં જ બોલવું જોઈએ.

લગભગ ચાળીસ વર્ષ પછી આ કૉન્વોકેશન હૉલમાં ફરી પ્રવેશ કરું છું. વિદ્યાર્થી દશા પૂરી કરી, વિચિત્ર પોશાક પહેરી અહિં બી. એ. ની ડિગ્રી લેવા આવ્યો હતો. આજે એજ સ્થાને જીંદગીના સાઠ વર્ષ પૂરા કરી આપ સહુના સ્નેહનો સ્વીકાર કરવા મારે આવવાનું થયું છે.

મુંબઇની અનેક ગુજરાતી સંસ્થાઓનો સ્નેહભાજન થવાનું સદ્‌ભાગ્ય આજ મને પ્રાપ્ત થયું છે એની હું ધન્યતા અનુભવું છું. પણ બે કલાક સુધી મારા જે ગુણવર્ણનો સાંભળ્યા તેથી તો હું ગુંગળાઇ ગયો છું. મારે વિષે અહિં જે જે કહેવામાં આવ્યું તેને હું લાયક છું એમ માનવા જેટલો હું મૂરખ નથી. હું સાઠ વરસ જીવ્યો છું. પોતાના ગુણદોષોનું અને અપૂર્ણતાનું મને પુરૂ ભાન છે. હું તો આપના પ્રેમના શબ્દોનો એકજ અર્થમાં સ્વીકાર કરી શકું છું કે આપ સૌએ મારે માટે જે આદર્શ કલ્પ્યો છે એ રૂપ મારૂં ભલે ન હોય પણ એ રૂપ સુધી પહોંચવાનો મારે હજીયે પ્રયત્ન કરવો રહ્યો. પણ આજે શ્રી જ્યોતીન્દ્ર દવેનું વ્યાખ્યાન સાંભળ્યા પછી એક વચન હમણાંજ આપી દઉં કે હવે પછી 'હું સાહિત્યકાર નથી' એમ કહેવાનું છોડી દઇશ.

આવોજ એક પ્રસંગ અમદાવાદમાં પણ પેદા થયો હતો, અમદાવાદ મારૂં કાર્યક્ષેત્ર હતું. મુંબઇ મારૂં સ્નેહક્ષેત્ર છે. ભાઈ કરસનદાસે અને બીજાઓએ 'પ્રેમ' શબ્દ વાપર્યો છે એટલે કહી શકું કે મુંબઇ મારૂં પ્રેમક્ષેત્ર છે. મારે માટે મુંબઇનગરી મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચેની સાંકળરૂપ છે. બન્ને પ્રાન્ત સાથેની મારી આત્મીયતા અહિં વધારે ખીલે તો તેમાં આશ્ચર્ય શું?

મુંબઇને મેં સ્વરાજ્યનગરી તરીકે ઓળખી છે. જે વરસે હું જન્મ્યો, તેજ વરસે આપણી રાષ્ટ્રીય મહાસભા–કૉંગ્રેસ આ નગરીમાં જન્મી. ત્યારથી તે અત્યાર સુધી મુંબઇ નગરીનો સ્વરાજ્ય માટેનો ફાળો નાનોસુનો નથી, અનેક રીતે અનેરો છે. મુંબઇનગરી હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી સૌની છે. અહિંની સંસ્કૃતિ અખિલ ભારતી હિંદુસ્તાની સંસ્કૃતિ છે. ન્યાયમૂર્તિ રાનડે અને તેલંગ, ભાંડારકર અને ભાઉ દાજી, દાદાભાઈ નવરોજજી અને ફિરોજશાહ મહેતા, ગોખલે અને ચંદાવરકર–એવા એવા અનેક નરરત્નોએ મુંબઇનું જાહેરજીવન ઘડ્યું છે. લોકમાન્ય તિલકે તો પોતાનો દેહ મુંબઇમાં છોડ્યો. મહાત્માજીને એમના કામમાં મુંબઇએ જ સૌથી સરસ સાથ આપ્યો છે. કૉન્ગ્રેસ સાથે જ સાઠ વરસ પૂરા કર્યા પછી જ્યારે એ મુંબઇમાં હું ઉભો થાઉં છું ત્યારે આ સાઠ વરસમાં હિંદુસ્તાને જે પ્રગતિ કરી છે તેના જાત-અનુભવો રજૂ કરવાનું આજે સહેજે મન થાય છે.

જ્યારે નિશાળમાં ભણતો ત્યારે રસાયનશાસ્ત્રમાં પૃથ્વી, જળ, તેજ અને વાયુને ઠેકાણે એલીમેન્ટ્સની શોધ થઇ હતી. પાણી, હાઇડ્રોજન અને ઑક્સીજનનું બનેલું છે એમ સિધ્ધ કરી અમારા શિક્ષકો અમને ચકિત કરતા હતા. પદાર્થ એટમ અને મોલેક્યુલના બનેલા હોય છે એમ તે વખતે અમે જાણ્યું. આજે સાઠ વરસને અંતે આપણે જોઇ શકીએ છીએ કે અભેદ્ય ગણાતા એ અણુઓનું પણ પૃથક્કરણ થઇ શકે છે એટલું જ નહિ પણ એ પૃથક્કરણમાંથી આખી દુનિયાનો નાશ કરી શકાય એવી શક્તિ પેદા થાય છે. આજે એલીમેન્ટ્સ ગયા છે અને એને ઠેકાણે પ્રોટોન્સ, ઇલેકટ્રોન્સ અને ન્યુટ્રોન્સ આવ્યાં છે. સાઠ વરસની ભૌતિક વિદ્યાની આ પ્રગતિ નાનીસૂની નથી. અણુની શોધથી અણુબોંબની શોધ સુધીની આ પ્રગતિ છે એમ કહું એટલે એમાં બધું આવી જાય છે.

છેક નાનપણમાં બેલગામમાં Wan Tassel કરીને કોઇ ગોરો ભમરડાના આકારનું મોટું વિમાન લઇ આવ્યો હતો. એ વિમાન સાથે બાંધેલી પેરેશ્યુટ છત્રીની ટોપલીમાં બેસીને એ આકાશમાં સહેજ ઉંચે ગયો. દોરી કાપતાં વેંત વિમાન આકાશમાં લથડતું કયાંક દૂર જઇને પડ્યું અને ભાઈસાહેબ ફેલાયેલી છત્રીમાં ધીમે ધીમે નીચે ઉતર્યા અને જમીન પર આવતાં વાંસના ઝૂંડને કિનારે જઇ પડ્યા. તે વખતની અમારી આખી દુનિયા આશ્ચર્ય ચકિત થઇ ગઇ હતી. એજ હું સાઠ વરસને અંતે હમણાં હમણાં મુંબઇથી અમદાવાદ સુધી એરોપ્લેનની મુસાફરી આરામથી પોણા બે કલાકમાં કરી આવ્યો. અને વ્યોમકાવ્યનો પહેલવહેલો અનુભવ કર્યો. આ પણ મારે માટે સાઠ વરસની પ્રગતિના સીમાચિન્હ ગણી શકું.

સાઠ વરસ પહેલાં સ્વરાજનું નામ લેવાની કોઈ હિંમત કરતું નહોતું. '૫૭ સાલનો અસફળ પ્રયત્ન થયાને તે વખતે માંડ ત્રીસ વર્ષ થયાં હતાં. એ સશસ્ત્ર હિલચાલમાં ભાગ લીધેલા અથવા અંગ્રેજોના હાથે સજા પામેલા લોકો મેં જોયા હતા. એજ હું આજે અંગ્રેજોને આ દેશમાંથી ચાલ્યા જવાની તૈયારી કરતા અને આપણું સ્વરાજ આપણા હાથમાં ક્રમે ક્રમે સોંપતા જોઉં છું. અને મારી આંખો બિડાઇ જાય તે પહેલાં હિન્દુસ્થાન ઉપર પૂર્ણ સ્વરાજ્યનો સુરજ ઉગેલો જોવાની આશા સેવું છું.

મારા નાનપણમાં હિન્દુસ્થાન અને ઇંગ્લન્ડ છોડીને બાકીના દેશો કેવળ ભૂગોળમાં વાંચાતાં નામોજ હતાં, તેમાંયે અફઘાનિસ્તાન અને રશિયાનું જ નામ કોકવાર સંભળાતું. બાકીની દુનિયામાં શું ચાલે છે એની આપણા લોકોને કશી પડી નહોતી. આજે જોઉં છું કે હિન્દુસ્થાન દુનિયાના દરબારમાં પોતાનું માનભેર સ્થાન લેવાની તૈયારી કરી રહ્યું છે.

રાષ્ટ્રીય મહાસભાના મંડપમાં સંસાર સુધારા પરિષદ ભરાય એ વસ્તુ સાંખી ન શકવાથી જે પુનાએ કૉંગ્રેસનો મંડપ બાળી નાંખ્યો હતો તેજ પુનામાં આજે કૉંગ્રેસદ્વારા અસ્પૃશ્યતા નિવારણના પ્રયત્નો જીગરથી આદરાય છે. હજામના હાથે દાઢી કરાવીને મારા મોટાભાઇ મને અડયા એટલા કારણસર ભાણું છોડીને ઉપવાસ કરનાર હું આજે એ જ ધાર્મિક વૃત્તિથી વર્ણાન્તર વિવાહ અને ભિન્નધર્મીઓના વિવાહ ધર્મ્ય છે એમ પોકારી પોકારીને સ્વજનોને સમજાવતો થયો છું.

મારા નાનપણમાં યુરોપીઅન ચિત્રો વખાણતા હતાં એજ કળાનું તંત્ર સ્વીકારીને રાજા રવિવર્માએ શકુંતલા મેનકાદિ પૌરાણિક ચિત્રો ચીતરી લોકોને ચકિત કર્યા હતા. પશ્ચાતાપદગ્ધ વિશ્વામિત્ર અને શકુંતલાને હાથમાં લઇને એની આગળ ઉભેલી મેનકાને જોવા માટે આખું બેલગામ ઊલટેલું જોવાનું મને સ્મરણ છે. આજે આપણા દેશમાં બંગાળની ચિત્રકારી, અજંટાની પરંપરા અને ત્યારપછીની વિધવિધ નવનિર્મિતિ આખી દુનિયાને આકર્ષી રહી છે. ગુજરાતે તો કળાની બાબતમાં નવજાગૃતિનો પ્રારંભ બહુ મોડો કર્યો, પણ તેથી પ્રગતિ કાંઇ ઓછી નથી કરી.

કેળવણીની બાબતમાં પણ એવા જ ફેરફાર દેખાય છે. મારા નાનપણમાં હાઈસ્કુલમાં ગયા પછી ત્યાં દેશી ભાષાનો કોઈ શબ્દ બોલે તો શબ્દ દીઠ એને એક પાઈનો દંડ કરનાર શિક્ષકો મળી આવતા. આજે આપણી રાષ્ટ્રીય મહાસભામાં કોઇ અંગ્રેજી બોલે તો એને જનતા બેસાડી મૂકશે એવો ઘ્વાસકો એના મનમાં રહે છે.

અમે તમારો ઉધ્ધાર કરવા માટે આવ્યા છીએ, અમે સુધરેલા છીએ, તમે જંગલી છો એમ કહેતા તે વખતે અંગ્રેજો થાકતા નહોતા અને આપણે માથુ ધુણાવીને એમની વાત સ્વીકારતા હતા. એને ઠેકાણે આજે ગોરાઓના મોઢે સાંભળીએ છીએ કે યુરોપ અમેરીકાએ સંસ્કૃતિનું દેવાળું કાઢયું છે. એને બચાવવાનું કામ હિંદુસ્તાનને હાથે થાય તો થાય.

એક એક ક્ષેત્રમાં હું ગણાવી શકું કે આપણા દેશમાં કેટલું ભારે પરિવર્તન થયું છે. પણ દરેક બાબતમાં આપણે આગળજ વધ્યા છીએ એમ ન કહી શકું. સાઠ વર્ષ પહેલાં આપણાં દેશમાં હિન્દુ અને મુસલમાન વચ્ચે જે ભોળી એકતા હતી તેનો હું સાક્ષી છું. સતારામાં શું અને પુનામાં શું–હિંદુઓએ કાઢેલા સેંકડો તાજીઆ હું જોતો હતો. ખાનપાનની બાબતમાં કટ્ટરતા ભલે હોય, પણ હિંદુ અને મુસલમાન બીજી રીતે એક બીજામાં ઓતપ્રોત હતા. મુસલમાનો ધર્મે ભલે જુદા હોય, પણ અંતે તેઓ આપણા જ છે એવા વિશ્વાસથી બન્નેનું જીવન અરસપરસ ઓતપ્રોત થયેલું હતું. રાજનૈતિક અવિશ્વાસનું જે બીજ અંગ્રેજોએ તે વખતે વાવ્યું હતું તે મારા નાનપણમાં જનતામાં ઉગેલું નહિ. હું તો મુંબઇ પ્રાંતની જ વાત કરી શકું. મારા નાનપણમાં હિંદુ અને મુસલમાન બરાબર ઓતપ્રોત થઇને રહેતા હતા. એ કોમ વચ્ચેનો પહેલો ઝઘડો મુંબઇ અને પુનામાં ૧૮૯૫ માં શરૂ થયો હશે. પણ એનું રાજકીય સ્વરૂપ નહોતું. મળ્યું ધાર્મિક રૂઢીભેદને કારણે કોક વાર એકાદ છમકલું થતું, પણ એની અસર તરત ભુંસાઇ જતી. આપણે સ્વરાજની લડત શરૂ કરી અને એની સાથે અવિશ્વાસનું વાતાવરણ ધીમે ધીમે જામતું ગયું. તે વખતથી જોતો આવ્યો છું કે મુસલમાન કોમ કોઇ આત્મવિશ્વાસને અભાવે પરિસ્થિતિને બરાબર સમજતી નથી અને ઘણીવાર પૂરજોશમાં આત્મહત્યાના પગલાં ભરે છે. નાનપણથી જોતો આવ્યો છું કે હિંદુઓમાં પણ જે રાજનૈતિક દૃષ્ટિ હોવી જોઇએ તે નથી.

ભૂતકાળની ઉપાસના કરતાં કરતાં આપણે એવા તો આંધળા થઇ ગયા છીએ કે જુનું આપણા આગેવાનો ભૂલતા નથી અને ભવિષ્ય તરફ જોતા નથી. પ્રગતિ કરવા માટે પણ તેઓ ભૂતકાળના સત્યયુગનું ચિંતન કરે છે. સારામાં સારા દિવસો ભૂતકાળમાં હતા તે પાછા આણવા છે એમ કહીને ભૂતકાળનાં મનપસંદ ચિત્રો ચિતરે છે.

આપણી ભૂતની કલ્પના પણ એવી જ છે ને કે એની આંખો માથાની આગળ હોવાને બદલે પાછળ હોય છે અને એના પગ સવળા હોવાને બદલે અવળા હોય છે. દરેક રૂઢીવાદી સનાતની પાછળની બાજુ જુએ છે. આ થઇ સામાજિક નેતાઓની સ્થિતિ. જનતા તો કશું યાદ રાખે જ નહિ. નેતાઓ જે વખતે જેટલું માથે ઠોકી બેસાડે એટલું જ યાદ રાખવાના.

સાઠ વરસ પહેલાં અમુક લોકો અંગ્રેજો લઇ આવ્યા તે બધું સારૂં એમ કહી એમનું આંધળું અનુકરણ કરતા હતા. બીજી બાજુ આંધળા સ્વાભિમાની આપણી જૂની સંસ્કૃતિમાં સારૂં શું હતું અને નરસું શું હતું તેનો અભ્યાસ કે વિચાર કર્યા વિના જૂનું તે બધું સારૂં એવી જીદ પકડી ગમે તેવી રૂઢીનું સમર્થન કરતા હતા. એવે વખતે જૂનામાંથી જે કાંઇ સારૂં હોય તે લોકો આગળ મૂકી તે લોકોને સારૂં કેમ છે તે સમજાવી લોકોમાં આત્મવિશ્વાસ ઉત્પન્ન કરવો એ જરૂરી હતું. આપણી સંસ્કૃતિનાં ચિરંતન તત્વો તારવી કાઢવાં, એમની પાછળ રહેલી શ્રધ્ધા સજીવન કરવી અને એ રીતે જનતાનો સુપ્ત પ્રાણ જાગ્રત કરવો એ સમાજસેવકનું પ્રધાન કાર્ય હતું.

પ્રાચીનકાળમાં આ દેશમાં આર્ય સંસ્કૃતિ ફેલાઈ. સ્વભાવે એ વિજિગિષુ હતી. જેટલી પરાક્રમી તેટલી જ ઝઘડાળુ, પ્રાર્થનાના મંત્ર બોલે ત્યારે પણ માગી લે કે જેઓ અમારો દ્વેષ કરે છે અને જેમનો અમે દ્વેષ કરીએ છીએ તે બધાનો આ મંત્રાક્ષરો નાશ કરો ! વેદકાળથી મહાભારત કાળ સુધી આપણે અનેક યુદ્ધો ઝૂઝી જોઇને અનુભવ કર્યો કે તમામ હત્યા અંતે તો આત્મહત્યા જ છે. મહાભારતમાં એક ઋષિએ કહ્યું કે ક્ષાત્ર ધર્મ પાપી છે. મહાભારત કાળના ગૃહયુદ્ધને અંતે આપણે હિંસાથી અકળાયા અને હિંદુ બન્યા. હિંસાથી જેનું દિલ દુભાય છે તે હિંદુ. સિંધુને કિનારે જે સંસ્કૃતિ ખીલી તે હિંદુ સંસ્કૃતિ. સિંધુ પરથી આપણી સંસ્કૃતિનું હિંદુ સંસ્કૃતિ એ નામ પડયું તે હું જાણું છું. પણ નિરૂકિતની પદ્ધતિથી આપણે હિંદુ શબ્દનો નવો અર્થ કરવો જોઇએ.

हिंसया दूयते चित्तं यस्य सः हिन्दुः ।

આ હિંદુ સંસ્કૃતિ વિજિગિષુ નથી પણ જિજીવિષુ છે. આપણે જીવીએ, બધા જીવે, કોઈ કોઇનો નાશ ન કરે એ હિંદુ આદર્શ છે. બુદ્ધ અને મહાવીરના કાળ સુધી આર્ય શબ્દ ચાલ્યો. ત્યાર પછી જ અહિંસક સંસ્કૃતિનો હિંદુ શબ્દ આવ્યો. બધા જીવે, સમન્વયથી એકત્ર થઇ જાય એ જાતની આસ્તિક ઋષિની શિખામણ સ્વીકારીને ખીલેલી આ હિંદુ સંસ્કૃતિનો ફરી વાર વિકાસ કરવાના દિવસો આવે છે. હવે તો હિંદુ સંસ્કૃતિએ હિંદુસ્તાની સંસ્કૃતિનું રૂપ ધારણ કરવું જોઇએ.

તે વખતનું જ મારૂં લખાણ જે લોકોએ વાંચ્યું છે તેઓ મને સંસ્કૃતિરક્ષક અથવા સંરક્ષક માને છે. હું જૂનાનો અભિમાની છું, ભૂતકાળનો પુનરૂધ્ધાર ઇચ્છું છું એમ જ કેટલાક સમજે છે. પણ વસ્તુસ્થિતિ એવી નથી. હું સંસ્કૃતિનો કેવળ સંરક્ષક નથી. મારે મડદાં સંધરવાં નથી. હું સંસ્કૃતિનો વિકાસ ઇચ્છું છું. જૂનું બોઝ બેસીને આપણે ક્યાં જઇશું અને જૂનાને જ વળગી રહીશું તો પ્રગતી શી રીતે કરીશું ? ભૂતકાળ એ આપણું કિમતીમાં કિમતી ખાતર છે, ખાદ છે. એ ખાદ વાપર્યા વગર નવો ફાલ સારો શી રીતે આવે ? જૂનું ખાદ ગંધાય છે એમ સમજી જેઓ ફેંકી દે છે તે પોતાની કિમતીમાં કિમતી મૂડી બોઇ બેસે છે. પણ જેઓ ખાતર કે ખાદને ખાદ્ય માની બેસે છે, તેઓ તો ઝેર જ ખાય છે. ખાદ ખાદ્ય નથી. ખાતર ખોરાક નથી. એ વાપરવાની ચીજ છે; આરોગવાની નહિ.

છેલ્લાં પચ્ચીસ વર્ષમાં આપણે આપણી જુની સંસ્કૃતિનું સહેજસાજ અધ્યયન કર્યું છે એમાંથી સ્વાભિમાન અને આત્મવિશ્વાસ કેળવ્યો છે. હવે આગળ વધવા માટે ભવિષ્યનું–ઉજ્જવળ ભવિષ્યનું–શ્રદ્ધાની આંખે દર્શન કરવું જોઇએ. હિંદુસ્થાનમાં જેટલા ધર્મો આવીને વસ્યા છે તે બધા હવે મારા થાય છે. એ વસ્તુ હવે આપણે સ્વીકારવી જોઇએ. આજે હવામાં દ્વેષ, શંકા અવિશ્વાસ અને શત્રુતા વર્તાય છે. જેઓ આમ કરે છે તેઓ જાણતા નથી કે–અવિશ્વાસ, દ્વેષ, અને શત્રુતાને જેઓ પોતાનું શાસ્ત્ર અને પોતાની ફીડ 'બનાવે છે' તેમના ભાગ્યમાં આત્મહત્યા જ લખાયેલી છે, તેમને એમાંથી બચાવવા માટે આજના વિષમ કાળમાં દરેક આસ્તિક માણસે જાહેર કરવું જોઇએ કે આપણે બધા ભાઇ ભાઇ છીએ. હું જેટલો હિંદુ છું, તેટલો જ મુસલમાન પણ છું, ખ્રિસ્તી પણ છું, પારસી અને યહુદી છું. બધા ધર્મો સારા છે. બધા ધર્મો મારા છે. કેમકે બધા ધર્મો સાચા છે. જેઓ ધર્મને નામે ઝઘડો કરે છે તેઓ નાસ્તિક છે.

સાઠ વરસના અનુભવના અંતે કહું છું કે આપણે આપણું જીવન ફરી વાર તપાસવું ઘટે છે. સંસ્કૃતિના એકે એક તત્વોનો

પ્રબુદ્ધ જૈન

લવાજમમાં વધારો

વધતા જતા મોંઘવારીના કારણે પ્રબુદ્ધ જૈનના સંચાલન પાછળ ભોગવવી પડતી મોટી ખોટને અંશતઃ પહોંચી વળવા માટે તા. ૨૨-૮-૪૬ ના રોજ મળેલી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ પ્રબુદ્ધ જૈનનું વાર્ષિક લવાજમ રૂા. ૩ હતું તે વધારીને રૂા. ૪ અને વી. પી. ખર્ચ સાથે રૂા. ૪-૪-૦ નક્કી કર્યું છે. પ્રબુદ્ધ જૈનના ગ્રાહકો આજ સુધી જે રીતે સહકાર આપતા આવ્યા છે તે રીતે ગ્રાહક તરીકે ચાલુ રહીને તેમજ નવા ગ્રાહકો મેળવી આપીને તેમજ પ્રબુદ્ધ જૈન જે સેવા બજાવી રહ્યું છે તેની કદર રૂપે નાની મોટી રકમ મોકલીને પુરો સહકાર આપશે અને સંઘને વેઠવી પડતી ખોટ પુરી કરી આપશે એવી આશા રાખવામાં આવે છે. ઓગસ્ટ માસ દરમિયાન સંખ્યાબંધ ગ્રાહકોનાં લવાજમ પુરાં થાય છે. એ સર્વેને આ સાથે વ્યક્તિગત ખબર આપવામાં આવી છે. તેમને રૂા. ૪ નો સત્વર મનીઓર્ડર મોકલી આપવા અથવા તો રૂા. ૪-૪-૦ નું વી. પી. આવે ત્યારે સ્વીકારવા વિનંતિ કરવામાં આવે છે. આમ છતાં પણ જેઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા ન હોય તેઓ એ મુજબ અમને તુરતમાં જ ખબર આપીને વિના કારણ થતો વી. પી. ખર્ચ અને તકલીફમાંથી બચાવશે એવી આશા રાખવામાં આવે છે.

બે અંક એક સાથે કેમ ?

જુલાઇ શરૂ માસથી થયેલ મુંબઇના ચાલુ જીવનની એક યા અન્ય કારણે અસ્તવ્યસ્તતાએ 'પ્રબુદ્ધ જૈન'ની એક સરખી નિયમિતતાને અસ્થિર બનાવી દીધી છે. જુલાઇમાં ટપાલની હડતાળ હતી, તેથી જુલાઇની ૧૫ મીનો અંક ઓગસ્ટની શરૂઆતમાં મોકલી શકાયો અને ઓગસ્ટની ૧૫ મીએ સાતમો અને આઠમો અંક એકત્ર કરીને કાઢવામાં આવ્યા. આવી જ રીતે સપ્ટેમ્બરની પહેલી તારીખનો અંક મુંબઇના કોમી હુલ્લડને અંગે પ્રગટ થઇ શકયો નહિ અને તેથી આ વખતે પણ નવમો અને દશમો અંક એકત્ર કરીને કાઢવામાં આવે છે. આવી અનિવાર્ય અનિયમિતતાને ઉદારભાવે નીભાવી લેવા પ્રબુદ્ધ જૈનના વાંચકોને વિનંતિ કરવામાં આવે છે.

તંત્રી : પ્રબુદ્ધ જૈન

સંઘના સભ્યોનાં લવાજમ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનાં ચાલુ વર્ષનાં લવાજમો હજુ ઠીક સંખ્યામાં વસુલ થવા બાકી છે. આ વર્ષ પુરૂ થવા આવ્યું છે. મુંબઇની અશાન્તિભરી પરિસ્થિતિમાં આજે સંઘના કલાર્કને મોકલીને લવાજમો વસુલ કરવાનું બહુ જ મુશ્કેલ છે. આ સંબંધે જેમનાં લવાજમો બાકી છે તેમને પોસ્ટથી ખબર આપવામાં આવી છે તો તેમને પોતપોતાનાં લવાજમો સંઘના કાર્યાલય ઉપર સત્વર મોકલી આપવા ખાસ વિનંતિ કરવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

ફરીવાર વિચાર કરવો જોઇએ અને જે ક્ષણે અવિશ્વાસ અને દ્વેષ પરભાવધિએ પહોંચાડવાનો પ્રયત્ન ચાલે છે તેજ વખતે આપણી શ્રધ્ધા ઉજવળ રીતે પ્રગટ થવી જોઇએ કે આપણે બધા ભાઇ ભાઇ છીએ, એક છીએ, એકત્ર રહેવાને સર્જાયેલા છીએ અને તેથી એ આદર્શ સિધ્ધ કરવા માટે આપણા વ્યક્તિગત અને સામાજિક જીવનમાં જે જે ફેરફાર કરવા ઘટે છે તે બધા કરવા માટે તૈયાર થવું જોઇએ. આપણું જીવન એકરસ, અને એકપ્રાણ થઇ જાય ત્યારે જ આપણું વિરાટ જીવન સમર્થ અને કૃતાર્થ થશે.

કાકા કાલેલકર.

સાધ્વીજી વિનયપ્રભાશ્રી ઉપર પાશવી હુમલાઓ

ઉત્તર ગુજરાતમાં મેસાણા પાસે આવેલ 'ખોરૂ' નામના એક ગામમાં જૈનોની વસ્તી સારી છે. એ ગામમાં ઠાકરડાઓ પણ સારા પ્રમાણમાં વસે છે. એ ઠાકરડાઓ માંસાહારી હતા અને પાડા બકરા મારીને ખાતા હતા. આ અટકાવવાને માટે આજથી ત્રણ વર્ષ પહેલા ત્યાં વસતા જૈનોએ હીલચાલ ઉપાડેલી, જેના પરિણામે ઠાકરડાઓએ જીવહિંસા નહિ કરવાનું લખી આપેલું. આવું લખાણ આપવા છતાં તેમની જીવહિંસા તો એમની એમ ચાલુ રહેલી. આ ફરીથી અટકાવવા માટે ખોરૂનો જૈન સંઘ એકત્ર થવા વિચાર કરતો હતો. આ બાબતમાં મદદ કરવા માટે મેસાણાથી કેટલાક આગેવાનો પણ આવેલા. આથી ઠાકરડાઓ ઉશ્કેરાયા અને કાંઇક તોફાન કરવાની તજવીજ કરવા લાગ્યા. ખોરૂમાં એક ઉપાશ્રય સાધુઓનો છે; અન્ય ઉપાશ્રયમાં સાધ્વીઓ રહે છે. આ સમય દરમિયાન કોઇ જૈન આચાર્ય ત્યાં ચાતુર્માસ કરતા હતા અને તેમનાં વ્યાખ્યાનો હંમેશાં ચાલતાં હતાં. જુલાઇની પંદર વીશ તારીખ આસપાસ એક દિવસ આચાર્યમહારાજનું વ્યાખ્યાન ચાલતું હતું અને એ વ્યાખ્યાન સાંભળવા કેટલાક જૈનો એકત્ર થયા હતા અને નજીકના ઉપાશ્રયમાં રહેતી છ સાધ્વીઓ પણ વ્યાખ્યાન સાંભળવા ત્યાં ગયાં હતાં. માત્ર વિનયપ્રભાશ્રી નામના એક જ સાધ્વી જેમને આગળ ઉપર ટાઇફોઇડ થયો હતો તેઓ નબળાઇને લીધે વ્યાખ્યાનમાં જઇ શકયા નહોતા અને ઉપાશ્રયમાં એકલાંજ રહ્યા હતાં. આ સમય અને સંયોગનો લાભ લઇને એક ઠાકરડો ઉપરથી અને એક ઠાકરડો નીચેથી એમ બે જણા ઉપાશ્રયમાં ઘુસી ગયા; તેમણે ઉપર નીચેનાં બારણાં બંધ કરી દીધાં અને અંદરના ભાગમાં અસહાય બનેલા સાધ્વીજીના હાથ પગ બાંધી દીધા, તેમજ મોઢે ડુચો માર્યો અને પછી, તેમને ખુબી માર માર્યો અને ત્યાં પડેલાં છુટીછવાયા કપડાં બાળીને એ બન્ને જણા રવાના થઇ ગયા. વ્યાખ્યાન પુરૂં થયા બાદ સાધ્વીઓ પાછાં આવ્યાં અને વિનયપ્રભાશ્રીને છુટાં કર્યા અને આગ ઓલવી નાંખી. સાધ્વીજી બહુજ મારને લીધે બેભાન થઇને પડેલા. ડાકટર આવ્યા અને તેમની સારવાર કરવામાં આવી. જે ઠાકરડાઓએ આ અત્યાચાર કર્યો હતો તેમને પકડવામાં આવ્યા અને તેમના ઉપર કેસ કરવામાં આવ્યો.

આવા પીશાચી હુમલાના સમાચાર બહાર આવતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તેમજ શ્રી ચીમનલાલ કડીયાએ વડોદરા સરકાર ઉપર આ બાબતમાં તત્કાલ તપાસ કરી યોગ્ય કરવા તારો કર્યા હતા અને સત્તાવાળાઓ તપાસ ચલાવી રહ્યા હતા. આ દરમિયાન વળી ઓગસ્ટની ૧૭ મી તારીખે આ ઠાકરડાઓએ એવી મતલબની ચીઠ્ઠી કોઇ છોકરા મારફત લખી મોકલી કે "જુબાનીમાં તેં મારૂં નામ લીધું છે માટે સાવધાન રહેજે. સાત દિવસમાં તને અમે મારી નાંખીશું" અને બીજે જ દિવસે આ સાધ્વીજી દિશાએ ગયા હતા તેમની પાછળ આ ઠાકરડા ગયા અને તેમની ઉપર પથરા મારવા લગ્યા. એક પથ્થર આંખ આગળ લાગવાથી સાધ્વીજીનાં ચશ્મા તુટી ગયા અને તેઓ લગભગ બન્ને આંખો ખોઇ બેઠાં.

ચાતુર્માસમાં વિહાર થઇ ન શકે એ પરંપરાને અનુસરીને તેઓ પહેલા ઉપદ્રવ પછી પણ બોરૂને વળગી રહ્યા હતા, પણ આ બીજા ઉપદ્રવ બાદ તેમને તેમજ અન્ય સાધ્વીઓને બોરૂ છોડવાની ફરજ પડી. તેઓ માણસા ગયા અને ત્યાં પણ ઠાકરડાઓ તેમને હેરાન કરવાની પેરવી કરી રહ્યા હતા. અને તે એકજ કલ્પનાથી કે આ સાધ્વી જ શ્રાવકોને જીવહિંસા અટકાવવા માટે ચડાવી રહ્યાં છે અને તેથી તેમને સુખે સુવા દેવા ન જોઇએ. હાલ તેમને અમદાવાદ લઇ જવામાં આવ્યાં છે. આ ઠાકરડાઓ બોરૂમાં વસતા જૈનોને પણ રંજાડી રહ્યા છે. આ બાબતમાં વડોદરા સરકારે ઉપર જણાવેલ હીચકારૂ કૃત્ય કરનારાઓને યોગ્ય શિક્ષા ફરમાવવી જોઇએ અને ઠાકરડાઓ

ઉપર સખ્તાઇ કરીને તેમને ઠેકાણે લાવવા જોઇએ. પ્રસ્તુત ઘટનાથી જૈન સમાજનું દિલ અત્યન્ત દુભાયું છે. વડોદરા સરકારે આ બાબતમાં સત્વર પગલાં ભરીને જૈન સમાજના દુભાયલા દિલને રાહત આપવી જોઇએ. આ પાશવી આક્રમણના ભોગ બનેલ વિનયપ્રભાશ્રીનું સંસારી નામ વિમળા બહેન. તેઓ મુંબઇમાં જ ઉછરેલાં અને મોટા થયેલાં. તેઓ ઉદાત્ત વિચારના સંસ્કારી સાધ્વી છે. પોતાના સંસારી જીવન દરમિયાન સામાજીક પ્રવૃત્તિમાં તેઓ ભાગ લેતાં હતાં અને એક વખત મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના તેઓ સભ્ય તરીકે ચુંટાયા હતાં. તેમની આ યાતનાના સમાચારથી આખો જૈન સમાજ ખુબ ઉદ્વિગ્ન થયો છે અને તેમના પ્રત્યે પોતાની હાર્દિક સહાનુભૂતિ પાઠવે છે. આવા કષ્ટમય સંયમ અને સાધુ જીવનને પુરી દૃઢતા અને શ્રદ્ધા પૂર્વક વળગી રહેવા માટે તેમને ધન્યવાદ ઘટે છે. આપણે આશા રાખીએ કે વડોદરા સરકાર આ દુઃખદ પ્રકરણની પુરી તપાસ કરશે અને આવી ઘટના ફરી બનવા ન પામે એવો સખ્ત પ્રબંધ કરશે. **પરમાનંદ.**

જૈન સમાજ એક વિશિષ્ટ લઘુમતી અને તેના હકકો અને ખાસ પ્રતિનિધિત્વની માંગણી !

તા. ૧૨ મી ઓગસ્ટના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં એવા સમાચાર આપવામાં આવ્યા હતા કે ઓલ ઇન્ડીઆ જૈન પોલીટીકલ રાઇટસ પ્રીઝર્વેશન કમીટી (જૈનોના રાજકીય હકકોની રક્ષા કરવા માટે ઉભી કરવામાં આવેલી અખિલ હિંદ જૈન સમિતિ)ના આશ્રય નીચે મુંબઇ ખાતે સુખાનંદ હોલમાં અજમેરવાળા અખિલ હિંદ જૈન મહાસભાના પ્રમુખ શ્રેષ્ઠીવર્ય શ્રી. ભાગચંદ સોનીના પ્રમુખપણા નીચે જૈનોની એક જાહેર સભા બોલાવવામાં આવી હતી. આ સભામાં શ્રી. શ્રેયાંસપ્રસાદ જૈન. વાલચંદનગરના શ્રી. ગુલાબચંદ હીરાચંદ, આકોલાના વકીલ શ્રી મહાજન અને શ્રી એસ. સી. દીવાકરે અગ્રભાગ લીધો હતો અને હિંદના જુદા જુદા વિભાગોમાંથી આવેલા સંદેશા રજુ કરવામાં આવ્યા હતા અને કેટલાક કલાકની ચર્ચા બાદ નીચે મુજબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

"રાષ્ટ્રીય હિતને ઘાતક બનતી કોમી ધોરણ ઉપર નિર્ભાણ થતી ચુંટણીઓ સંબંધમાં જૈન સમાજ જાહેર કરે છે કે જૈન ધર્મ એક પ્રાચીન અને સ્વતંત્ર સંપ્રદાય છે અને જૈન સમાજ એક મહત્વની લઘુમતી કોમ છે–આ હકીકત ધ્યાનમાં લેતાં જૈન સંપ્રદાય અને સંસ્કૃતિને પુરું રક્ષણ મળવું જોઇએ, એક લઘુમતી કોમ તરીકે તેનો દરજ્જો સ્વીકારાવો જોઇએ અને તેના ધાર્મિક હકકોનાં રક્ષણ માટે લોક પ્રતિનિધિ સભાદ્વારા ઉભી કરવામાં આવનાર એડવાઇઝરી કમીટી (લઘુમતીના હકકોના રક્ષણ પરત્વે યોગ્ય નિયમન કરવા માટે નીમાનાર સલાહકાર સમિતિ) માં તેને યોગ્ય સ્થાન મળવું જોઇએ. અને આઝાદ હિંદના ભાવી રાજ્ય બંધારણમાં એક લઘુમતી કોમ તરીકે તેના સાંસ્કૃતિક અને સાંપ્રદાયિક હકકોને પુરું રક્ષણ મળવું જોઇએ એવો આ સભાનો અભિપ્રાય છે."

આ સમાચાર ભારે આશ્ચર્યજનક છે. સમસ્ત જૈનોની આવી કોઇ સભા મળી હોય એ વિષે મુંબઇમાં વસતા ગણ્યા ગાંઠયા જૈનો સિવાય સાધારણ જૈન સમાજ ભાગ્યેજ કાંઇ જાણે છે. વળી એ સમાચારમાં જેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે એવી ઓલ ઇન્ડીયા જૈન પોલીટીકલ રાઇટ્સ પ્રીઝર્વેશન કમીટી કયારે અસ્તિત્વમાં આવી અને તેના મુખ્ય સંચાલકો કોણ કોણ છે એ વિષે પણ કોઇ હકીકત આપણા જાણવામાં નથી. આ સભાની વિગતોનો બારીકાઇથી વિચાર કરતાં આ સભામાં માત્ર દિગંબર વિભાગના કેટલાક આગેવાનોએ જ ભાગ લીધો હોય, અને ઉપર જણાવેલ કમીટી પણ અમુક દિગંબર બંધુઓની બનેલી હોય એમ અનુમાન થાય છે. આ સભાના ઠરાવને આખા જૈન સમાજના નામે જાહેર કરવો એ યોગ્ય નથી, પ્રમાણીક નથી.

ઉપર જણાવેલ સભા સંબંધે આવો પ્રતિકુળ ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે એ સભાએ પોતાના ઠરાવમાં રજુ કરેલો અભિપ્રાય અને માંગણી રાષ્ટ્રકલ્યાણની તો વિરોધી છે જ એટલું જ નહિ પણ જૈન કોમના વ્યાપક હિતને પણ આવી માંગણી ભારે નુકશાનકર્તા છે એમ આજે અનેક જવાબદાર જૈન આગેવાનો માને છે. આજે લઘુમતી કોમના હકકોની રક્ષાનું એક તુત ચાલ્યું છે અને આખા દેશની પ્રગતિમાં એ એક મોટામાં મોટી આડખીલરૂપ બની રહેલ છે. મુસ્લીમ લીગના કોમીવાદે આજે દેશની કેવી દુર્દશા કરી છે એ સૌ કોઇ જાણે છે. આંબેડકરના અનુયાયીઓ આજે જ્યાં ત્યાં કેવડો મોટો વિસંવાદ ઉભો કરી રહેલ છે એ પણ કયાં અજાણ્યું છે ? આવે વખતે જૈન સમાજ જે પોતાની સત્તા, લાગવગ સેવા, અને સ્વાર્પણ વડે સ્વતઃ સુરક્ષિત છે અને પોતાની યોગ્યતા વડે પ્રાન્તિક ધારાસભાઓ, મ્યુનીસીપાલીટીઓ વગેરે સંસ્થાઓમાં પોતાની સંખ્યા કરતાં સાધારણ રીતે અધિક પ્રમાણમાં સ્થાન અને અધિકાર મેળવી રહેલ છે એવો જૈન સમાજ પોતાને સ્વતંત્ર એકમ તરીકે જાહેર કરે અને વિશિષ્ટ પ્રતિનિધિત્વની માંગણી કરે એ રાષ્ટ્રની તેમજ પોતાની કોમની મોટી કુસેવા કરવા બરોબર છે. વસ્તુત : અમે હિંદુઓથી જુદા અને અમારો ધર્મ પણ તદ્દન જુદો– આવી વિચારસરણી જૈન સમાજ માટે કોઇ પણ રીતે ઇષ્ટ નથી તેમજ વ્યાજબી પણ નથી. સામાજિક રીતે તેમજ ધર્મભાવનાની દૃષ્ટિએ જૈન સમાજ હિંદુ સમાજમાં ઓતપ્રોત બનેલું એક અવિભાજ્ય અંગ છે. આપણે અને હિંદુઓ એક છીએ–એ ભાવના ઉપર જ ગામડામાં અને શહેરોમાં આપણું અસ્તિત્વ અને મોભો સ્થિર અને સહીસલામત છે એ વાસ્તવિકતા કોમી અહંકારના નીશામાં આપણે ઘણી વાર ભુલી જઇએ છીએ અને જ્યાં એકતાનું વાતાવરણ હોય ત્યાં જુદાપણાનો સુર કાઢવામાં આપણે આપણી કોમની અને ધર્મની કોઇ મોટી સેવા કરતા હોઇએ એવી ભ્રમણા સેવીએ છીએ. અલબત્ત હિંદુ સમાજ અનેક વર્ગો અને સંપ્રદાયમાં વહેંચાયલો છે તેમ આપણે પણ આપણા જૈન સમાજને તારવીને તેના વિશિષ્ઠ પ્રશ્નોનો વિચાર કરી શકીએ છીએ, પણ મુસલમાન, ખ્રીસ્તી, એંગ્લો ઇન્ડીયન, પારસી શિખ વગેરે વર્ગો માફક આપણો પણ એક અલગ વર્ગ છે એવી રીતે વિચારવું આપણને ઘટતું નથી. અનેક લઘુમતીઓ આજે જેમ પોતાનો ઢોલ વગાડી રહી છે અને રાષ્ટ્રની સમગ્ર સમસ્યાને અત્યન્ત જટિલ બનાવી રહી છે તેમ જૈન સમાજ જેવો આગળ પડતો અને પોતાની યોગ્યતાના બળે ઉંચું સ્થાન ધરાવતો વર્ગ પણ આ રસ્તે ચાલે અને પોતાના હકક, અધિકાર અને પ્રતિનિધિત્વની શરાણાઇ વગાડવા માંડે એ આપણા રાષ્ટ્રપ્રેમ અને આઝાદીની તમન્નાને ભારે હીણપત પહોંચાડનારું છે. આ કારણે ઉપર જણાવેલ સભાએ એક અગત્યની લઘુમતી તરીકે જૈન સમાજ માટે વિશિષ્ટ સ્થાન અને પ્રતિનિધિત્વની માંગણી કરી છે તે સર્વ પ્રકારે વિરોધ કરવા યોગ્ય છે. આ માંગણી અમુક એક નાના વિભાગ અને ગણ્યા ગાંઠયા જૈન આગેવાનોની છે. આખો જૈન સમાજ તો જ્યાં હિંદુ સમાજ અને રાષ્ટ્રીય મહાસભા છે ત્યાં જ તેની સાથે રહેલો છે અને વિશેષ સેવા અને સ્વાર્પણ દ્વારા રાષ્ટ્રના નવ નિર્ભાણ કાર્યમાં અને ભાવી રાજ્ય વહીવટમાં પોતાને યોગ્ય સ્થાન અને અધિકાર હાંસલ કરવા હંમેશા ઉમેદ રાખે છે. અહિં જણાવવું જરૂરી છે કે ટાઇમ્સ ઓફ ઇન્ડીઆમાં પ્રગટ થયેલ ઉપર જણાવેલ ઠરાવનો સખ્ત વિરોધ કરતું એક નિવેદન શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગના અને સ્થાનકવાસી વિભાગના જાણીતા આગેવાનો શ્રી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ અને શ્રી. ચીમનલાલ ચકુભાઇ શાહે ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ ઉપર તુરતમાં જ મોકલી આપ્યું હતું જે તે અરસામાં પ્રગટ થયું હતું. **પરમાનંદ.**

પંડિત જવાહરલાલ નહેરૂની ઐતિહાસિક ઉદ્‌ઘોષણા

(તા. ૭-૯-૪૬ ના રોજ નવી હિંદી સરકારના મુખ્ય પ્રધાન રાષ્ટ્રપતિ પંડિત જવાહરલાલ નહેરૂએ બ્રોડકાસ્ટ કરેલા અત્યન્ત ઉદાત્ત અને સર્વમંપૂર્ણ પ્રવચનનો નીચે અનુવાદ આપવામાં આવે છે. તંત્રી)

મિત્રો અને બિરાદરો ! જય હિંદ !

૭ દિવસ પહેલાં હું અને મારા સાથી હિંદી સરકારનાં સત્તાસ્થાનો ઉપર આરૂઢ થયા. આ પુરાણભૂમિ ઉપર એક નવી સરકાર અસ્તિત્વમાં આવી. હિંદની મુકમ્મીલ આઝાદીની પ્રાથમિક ભૂમિકારૂપ આ નવી સરકારી રચનાને અમોએ વચગાળાની અથવા તો હંગામી સરકાર તરીકે ઓળખાવી. દુનિયાના સર્વ ભાગો તરફથી અને હિંદના ખુણે ખુણેથી અભિનન્દન અને શુભેચ્છાના હજારો તારો અમને મળ્યા. અને એમ છતાં પણ આ ઐતિહાસિક ઘટનાની ઉજવણી ન કરવા લોકોને અમે વિનંતિ કરી અને તેમના ઉછળતા ઉત્સાહ ઉપર અમારે આ રીતે નિયંત્રણ મૂકવું પડયું. કારણ કે હજુ આપણી કુચ ચાલુ છે અને આપણો ધ્યેયને પહોંચવાનું હજુ બાકી છે. એ બાબત તેમના ખ્યાલ ઉપર લાવવાની અમને જરૂર ભાસી, રસ્તામાં હજુ ઘણી મુશ્કેલીઓ અને અન્તરાયો ઉભા છે. અને લોકો ધારતા હોય એટલી જલ્દિથી આપણા પ્રવાસનો અન્ત ન પણ આવે. આજે આપણે જરા પણ ભુલ કરીએ, નબળાઇ દાખવીએ, અથવા તો વધારે પડતા મલકાઇએ તો તેનું આપણી ધ્યેયસિદ્ધિ ઉપર ભારે ઘાતક પરિણામ આવે એવી આજની નાજુક પરિસ્થિતિ છે.

કલકત્તાની ભયાનક કરૂણઘટના અને ભાઇ ભાઇ વચ્ચેના ભાન-ભુલ્યા ઝગડાને લીધે અમારાં હૈયાં ગમગીનીથી ભારે હતાં. જે આઝાદીની આપણે કલ્પના સેવી રહ્યા હતા અને જે સિદ્ધ કરવા માટે વર્ષોથી પાર વિનાની યાતનાઓ અને સંકટોનો આપણે સામનો કરી રહ્યા હતા તે કોઇ એક વર્ગની, એક વિભાગની કે કોઇ એક ધર્મના અનુયાયીઓ માટે નહોતી, પણ હિંદની સમસ્ત પ્રજા માટે હતી. અમે એવાં પરસ્પર સહકારી સ્વાધીન સમવાયતંત્રને લક્ષ્યા-રૂઢ કરી રહ્યા હતા કે જેમાં માનવજીવન અર્થપૂર્ણ અને પ્રાણવાન બને એવી બધી બાબતોનો અને તકોનો સૌ કોઇને સરખો લાભ મળે. તો પછી આ ઝગડો શાને ? આ એકમેક વિષે ભય, વહેમ અને આશંકા કેમ ?

આજે અત્યારે અમારા ભવિષ્યના કાર્યક્રમને લગતી નીતિ વિષે હું અહિં બોલવા નથી માંગતો–એ માટે તમારે થોડો સમય ધીરજ ધારણ કરવી પડશે–પણ અત્યારે તો તમો સર્વેએ આટલા મોટા પ્રમાણમાં અમારી પ્રત્યે જે સ્નેહ અને સદ્‌ભાવનો વરસાદ વરસાવ્યો છે તે માટે હું અહિં તમારો આભાર માનવા ઉપસ્થિત થયો છું. આ સ્નેહ અને સહકારની લાગણીઓ હંમેશા આવકારયોગ્ય હોય છે, પણ આજે આપણી સામે જે વિષમ અને મુશ્કેલ દિવસો આવીને ઉભા છે એ દિવસો દરમિઆન એ સ્નેહ અને સહકારની વિશેષતઃ અપેક્ષા રહેશે. મારા એક મિત્રે મને નીચે મુજબ સંદેશો મોકલ્યો, "રાજ્યનૌકાના પહેલા સુકાની તરીકે તમારા માર્ગમાં આવતા સર્વ તોફાનો તમે સહીસલામત પાર ઉતરો અને સ્વરાજ્ય બંદરે તમારી નૌકાને પહોંચાડો ! शिवास्ते पन्थानः सन्तु" કેવો પ્રોત્સાહક સંદેશ ! પણ માર્ગમાં ખરેખર ઘણાં તોફાનો ઉભાં છે અને અમારી રાજ્યનૌકા જુની છે, પુરાણી છે, જર્જરિત છે અને ધીમી ગતિવાલી છે અને ઝડપભેર ફેરફારોના આ યુગમાં જરા પણ બંધબેસતી થાય તેવી નથી. તેને રદ કરવી પડશે અને તેના સ્થાને નવી નૌકાનું નિર્માણ કરવું પરશે. પણ રાજ્યનૌકા ગમે તેટલી જુની હોય અને તેનો સુકાની ગમે તેટલો વૃદ્ધ હોય, તો પણ અમારી બાજુએ એટલા બધા લાખો માનવીઓના હૃદયની સહાનુભૂતિ છે અને તેમની કાર્યશક્તિનો સાથ છે કે મોટા મોટા મહાસાગરો ખેડવાની અને શ્રધ્ધા તથા વિશ્વાસપૂર્વક સમગ્ર ભાવી ઘટનાઓને પહોંચી વળવાની અમને પુરી હીંમત છે.

આપણું આજે ઉજ્જવળ ભાવી સરજાઇ રહ્યું છે અને હિંદ–આપણી પુરાણી અને પ્યારી જન્મભૂમિ–અનેકવિધ યાતનાઓ અને વેદનાઓમાંથી પસાર થતું થતું પુનઃ સ્વત્વને પ્રાપ્ત કરી રહેલ છે. તેનામાં નવ યૌવનનો સંચાર થઇ રહ્યો છે; તેની આંખોમાં સાહસની વીજળી ચમકી રહી છે; પોતાની જાતમાં અને પોતાના જીવન ધ્યેયમાં તે પુનઃ શ્રધ્ધા અનુભવી રહેલ છે. કેટલાંય વર્ષો સુધી તે અનેક જંજીરોથી જકડાયલી હતી અને કેવળ વિચાર અને ચિન્તનમાં ડુબી રહેલી હતી. પણ હવે તે વિશાળ દુનિયા ઉપર પોતાની નજર લંબાવી રહેલ છે અને હજી પણ પરસ્પર ધર્ષણ અને વિગ્રહ વિચારમાં ડુબેલી દુનિયાની પ્રજાઓ પ્રત્યે સદ્‌ભાવ અને મૈત્રી દાખવતો હાથ લંબાવી રહી છે. જે વિશાળ યોજનામાં સ્વતંત્ર અને સ્વાધીન હિંદનું બંધારણ ઘડવા માટે થોડા સમયમાં મળનારી લોકપ્રતિનિધિ સભાનો સમાવેશ કરવામાં આવ્યો છે તે યોજનાનું જ આ વચગાળાની રાષ્ટ્રીય સરકાર એક અંગ છે. આપણે બહુ જલ્દિથી સંપૂર્ણ સ્વાતંત્ર્ય હાંસલ કરીશું એવી આશા ઉપર નિર્ભર રહીને અમો આ નવી તંત્ર-રચનામાં જોડાયા છીએ અને આન્તર વહીવટમાં તેમજ પરદેશ સાથેના વ્યવહારોમાં વધારેને વધારે સ્વાતંત્ર્ય પ્રાપ્ત કરતા રહીએ એ રીતે અમો કામ કરવા માંગીએ છીએ. આન્તર રાષ્ટ્રીય પરિષદોમાં બીજી કોઇ પ્રજાના એક પરિશિષ્ટ અંગ માફક નહિ પણ એક આઝાદ પ્રજા તરીકે અમો અમારી પોતાની ચોકકસ નીતિને વળગી રહીને ભાગ લઇશું. બીજી પ્રજાઓ સાથે સીધા અને ગાઢ સંબંધો નિર્માણ કરવાની અને દુનિયાની શાન્તિ અને સ્વાતંત્ર્યને પુરો વેગ મળે એ રીતે તેમને સાથ આપવાની અમો આશા સેવીએ છીએ. જુદા જુદા રાષ્ટ્રોની જે જાતની જમાતોએ અને જુથોએ ભૂતકાળમાં વિશ્વવિગ્રહો ઉભાં કર્યાં છે અને જેમાંથી ભવિષ્યમાં પણ એથી વધારે ભયાનક આફતો ઉભી થવાનો સંભવ છે એવી કેવળ સત્તા-લોભી જમાતો અને જુથોના રાજકારણથી અમો અલગ રહેવા ધારીએ છીએ. અમો માનીએ છીએ કે શાન્તિ અને સ્વાતંત્ર્ય એકમેક સાથે સંકળાયલાં છે અને એક ઠેકાણે આઝાદીનો ઇનકાર કરવામાં આવે તો અન્ય સ્થળની આઝાદી જોખમાય છે અને અન્યાયણ અને યુદ્ધ આવીને ઉભા રહે છે. અમો ખાસ કરીને વસાહતી અને પરાધીન પ્રજાઓના ઉધ્ધારમાં અને દરેક પ્રજા અને જાતિને સમાન તક મળવી જોઇએ એ સિધ્ધાન્તના તાત્વિક તેમજ અમલી સ્વીકારમાં વિશેષ રસ અને ઇન્તેજારી ધરાવીએ છીએ. કોઇ પણ ઠેકાણે અને કોઇ પણ આકારમાં અમલી સ્વરૂપને પામેલા જાતિભેદના સિદ્ધાન્તનો અમો સખ્ત વિરોધ કરીએ છીએ. અમો કોઇની ઉપર પણ સત્તા સ્થાપિત કરવા માંગતા નથી. તેમજ બીજી પ્રજાઓ ઉપર વધારે વર્ચસ્વભર્યા સ્થાનની અમે લેશમાત્ર આકાંક્ષા ધરાવતા નથી. પણ સાથે સાથે અમારા લોકો જે કોઇ સ્થળે જાય ત્યાં તેમની સાથે સમાનતા ભર્યો અને આદરપૂર્ણ વર્તાવ રાખવામાં આવે એવી અમો જરૂર અપેક્ષા રાખીએ છીએ અને તેમની સાથે જરા પણ ભેદ-ભાવ ભર્યો વર્તાવ કરવામાં આવે એ અમો લેશ માત્ર સહન કરી શકીએ તેમ નથી. આ દુનિયામાં આજે કાતીલ હરીફાઇઓ ચાલી રહી છે અને પ્રજા પ્રજા વચ્ચે દ્વેષ, મત્સર અને અથડામણ જ્યાં ત્યાં દ્રષ્ટિગોચર થાય છે. એમ છતાં પણ આ દુનિયા ઉતરોત્તર વધતા જતા સહકાર, પરસ્પરાવલંબન અને સર્વવ્યાપી સમન્વયતંત્રના માર્ગે ગતિ કરી રહી છે. એ એકત્ર થયેલી એક દુનિયા કે જેમાં સર્વ આઝાદ પ્રજાઓ એકમેકને સ્વેચ્છાપ્રેરિત સહકાર આપી રહી હોય

અને જ્યાં એક વર્ગ કે વિભાગ અન્યનું કદિ શોષણ કરતો ન હોય–આવી એક દુનિયાના નિર્માણકાર્ય પાછળ આઝાદ હિંદ પોતાની સર્વ શક્તિ અને તાકાતનો ઉપયોગ કરશે.

ભૂતકાળનો ઇતિહાસ ચાલુ અથડામણો અને ઘર્ષણોથી ભરેલો હોવા છતાં અમો આશા રાખીએ છીએ કે આઝાદ હિંદ ઇંગ્લંડ અને બ્રીટીશ સામ્રાજ્યના અન્ય દેશો પ્રત્યે મૈત્રી અને સહકાર ભર્યો વર્તાવ અખ્તયાર કરશે. પણ આ સમયે આજ બ્રીટીશ સામ્રાજ્યના એક વિભાગમાં શું બની રહ્યું છે તે તરફ ધ્યાન ખેંચવાની ખાસ જરૂર લાગે છે. દક્ષિણ આફ્રીકામાં જાતિભેદ એક રાજ્યમાન્ય સિદ્ધાન્ત થઇ બેઠો છે અને અમારા લોકો એક લઘુમતી કોમ સામે અખ્તયાર કરવામાં આવેલી જુલ્મગાર નીતિનો પુરી બહાદુરીથી સામનો કરી રહ્યા છે. જો આવી જાતિભેદ–રંગભેદ–ની નીતિ ચાલુ રાખવામાં આવશે તો તેમાંથી મોટાં ઘર્ષણો અને વિશ્વવ્યાપી આફત ઉભી થયા વિના નહિ રહે.

આન્તરરાષ્ટ્રિય રાજકારણમાં અગત્યનો ભાગ ભજવવાનું મહત્તાભર્યું સ્થાન જેના માટે વિધાતાએ નિર્માણ કર્યું છે તે અમેરિકાના યુનાઇટેડ સ્ટેઇટ્સને અમારાં અભિનન્દન પાઠવીએ છીએ. અમો આશા રાખીએ છીએ કે આ ગંજાવર જવાબદારીનો જગતમાં સર્વત્ર શાન્તિ અને માનવીના સ્વાતંત્ર્યનો ફેલાવો કરવા પાછળ ઉપયોગ કરવામાં આવશે.

આધુનિક જગતનું તે એક મહાન રાષ્ટ્ર-સોવીયટ યુનીયન–કે જે દુનિયાની ઘટનાઓ ઘડવા સંબંધમાં એટલી જ મહત્વભરી જવાબદારી ધરાવે છે તે સોવીયટ યુનીયનને પણ અમારાં અભિનન્દન છે. એશીઆમાં તે અમારૂં પડોશી છે અને કેટલાંયે કામકાજ અમારે તેની સાથે મળીને કરવાનાં રહેશે અને એ રીતે તેની સાથેનો અમારો સંપર્ક વધતો રહેશે.

અમો એશીયાના છીએ અને એશીયાના લોકો અન્ય કરતાં અમારી વધારે નજીક અને સમીપ છે. હિન્દુસ્થાન એવી રીતે ગોઠવાયું છે કે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ એશીયાનું હિંદ એક સ્વભાવિક કેન્દ્ર બની જાય છે. ભૂતકાળમાં હિંદની સંસ્કૃતિ આ બધા દેશોમાં ફેલાવો પામી હતી. તેમની સાથે હિંદનો અનેક રીતે સંપર્ક કેળવાતો રહ્યો હતો. આ સંપર્કો આજે પાછા તાજા કરવામાં આવે છે અને ભવિષ્યમાં એક બાજુએ એશીઆની અગ્નિકોણમાં આવેલા દેશો સાથે અને બીજી બાજુએ અફઘાનીસ્તાન, ઇરાન અને આરબ દેશો સાથે હિંદુસ્તાનનો સંબંધ વધારે ને વધારે ઘાટો થવાનો છે. આઝાદ રાષ્ટ્રો એકમેક વધારે સંબંધમાં આવે અને અન્યોન્ય વચ્ચે ગાઢા સંબંધો કેળવાય તે દિશાએ આપણે આપણું લક્ષ્ય કેન્દ્રિત કરવું જોઇશે. ઇન્ડોનેશીઆની આઝાદીની લડતને હિંદુસ્થાન પુરી ચિન્તા અને સહાનુભૂતિપૂર્વક નિહાળી રહ્યું છે અને તે દેશની પ્રજાને અમો અમારી શુભેચ્છાઓ પાઠવીએ છીએ. પોતાના મહાન ભૂતકાળ વડે ગૌરવવન્તો આપણો પડોશી મહાન દેશ ચીન –સૈકાઓ થયાં આપણી પ્રત્યે મૈત્રીભાવ દાખવી રહેલ છે અને તે મૈત્રી હમેશાને માટે ટકી રહેશે અને વૃધ્ધિંગત થશે. અમો અન્તરથી ઇચ્છીએ છીએ કે તેની આજની મુસીબતોનો જલ્દિ અન્ત આવે અને દુનિયાની શાન્તિ અને પ્રગતિને વેગ આપવાના કાર્યમાં મહત્વનો ભાગ ભજવી શકે એવું સંયુકત અને લોકશાસિત ચીન ઉભું થાય.

અમારી અન્તર્ગત રાજ્યવહીવટને લગતી નીતિ વિષે મેં કશું કહ્યું નથી અને આ ક્ષણાએ હું કશું કહેવા માંગતો નથી. પણ આજ સુધી આપણે જે સિદ્ધાન્તોને વળગી રહ્યા છીએ તે સિધ્ધાન્તોના ધોરણ ઉપર જ નવી રાજ્યનીતિનું નિર્માણ કરવામાં આવશે. અમો હિંદના સાધારણ અને આજ સુધી ઉપેક્ષાપાત્ર બનેલા માનવીને નજરમાં રાખીશું અને તેને રાહત પહોંચાડવાનો અને તેનું જીવનધોરણ ઉંચે લાવવાનો અમો પ્રયત્ન કરીશું. અસ્પૃશ્યતાનો શાપ અને ભિન્ન ભિન્ન વર્ગો ઉપર લાદવામાં આવેલી એવી જ અસમાનતાના સ્વરૂપો સામે અમે જેહાદ ચલાવીશું અને ખાસ કરીને આર્થિક દૃષ્ટિએ કે બીજી રીતે જેઓ પછાત પડેલા છે તેમને મદદ કરવાની બનતી કોશીષ કરીશું. આજે લાખો માણસોને પુરા અન્ન તેમજ વસ્ત્ર મળતાં નથી તેમજ તેમને રહેવાને ઘર કે ઝુંપડી નથી. અને કેટલાક તો ભુખમરાની અણી ઉપર આવીને ઉભેલા છે. આ તત્કાલની જરૂરિયાતોને પહોંચી વળવું એ અતિ અગત્યનું અને બહુ મુશ્કેલીભર્યું કામ છે, અને બીજા દેશો અમને જોઇતું અનાજ પુરૂં પાડશે એવી અમો આશા રાખીએ છીએ.

લોકપ્રતિનિધિ સભાની યોજનામાં સૂચવવામાં આવેલ વિભાગીય જુથરચના સંબંધે બહુ ગરમાગરમ ચર્ચા ચાલી રહી છે. જુથોની રચનાના પ્રશ્નનો વિચાર કરનાર વિભાગમાં બેસવા અમો તદ્દન તૈયાર છીએ અને એ બાબતનો અમે સ્વીકાર કર્યો છે. મારી તરફથી અને મારા સાથીઓની વતી હું એ સ્પષ્ટ કરવા માંગું છું કે લોક પ્રતિનિધિ સભા જાણે કે ઝગડા કરવાનું અથવા તો એકની ઉપર બીજાના વિચારો બળજબરીથી લાદવાનું સ્થાન હોય–આવો કોઇ ખ્યાલ લોકપ્રતિનિધિ સભા વિષે અમો સ્વપ્ને પણ સેવતા નથી. સંતુષ્ટ અને સંગઠિત હિંદ આ રીતે કદિ સરજાઇ શકે જ નહિ. શકય તેટલા વ્યાપક સદ્‌ભાવથી પ્રેરાયલો હોય એવો સર્વસંમત ઉકેલ લાવવો અને નિર્ણયો સાધવ એજ અમારો હેતુ અને પ્રયત્ન છે અને રહેશે. દરેક તકરારી મુદ્દાઓ પરત્વે સમાધાની ભર્યો નીકાલ આવે એવી સમાન ભૂમિકા શોધી કાઢવાના નિશ્ચયપૂર્વક અમો લોક-પ્રતિનિધિ સભામાં ભાગ લઇશું. અને તેથી ભૂતકાળમાં જે સર્વ બન્યું છે અને જે કર્કશ શબ્દો બોલાયા છે તે બધું મનથી અળગું રાખીને અમોએ સહકારનો માર્ગ ખુલ્લો રાખ્યો છે અને જેઓ અમારાથી જુદા પડે છે તેમને સમાન કક્ષાના સાથીદાર તરીકે અને કશી પણ બંધનકારક બાંહધરી વિના લોક પ્રતિનિધિ સભામાં દાખલ થવ તું અને ભાગ લેવાનું અમો નિમંત્રણ આપીએ છીએ. સંભવિત છે કે આપણે આપણા સર્વ સામાન્ય પ્રશ્નોના એકત્ર થઇને વિચાર કરવા બેસીશું એ સાથે જ આપણી આજની મુશ્કેલીઓનું નિરાકારણ થઇ જશે.

હિંદ આજે ગતિમાન થઇ રહ્યું છે અને જુની વ્યવસ્થા વિસર્જન પામી રહી છે. બીજાના હાથનાં રમકડાં બનીને ઘણા લાંબા કાળો સુધી આપણે ચોતરફ બનતી ઘટનાઓ તટસ્થપણે અને નિષ્ક્રિય ભાવે જોતા આવ્યા છીએ. આજે ભાવી ઘટનાના સૂત્રો હવે આપણા હાથમાં આવ્યા છે અને આપણી ઇચ્છા મુજબ આપણે આપણા ઇતિહાસનું નિર્માણ કરવાના છીએ. આ ભગીરથ કાર્યમાં આપણે સૌ સાથે સંગઠિત થઇએ અને હિંદને આપણા દિલનું ગૌરવકેન્દ્ર બનાવીએ, દુનિયાના રાષ્ટ્રોમાં તેને મહત્વના સ્થાને સ્થાપીએ અને શાન્તિ અને પ્રગતિ સાધવામાં તેને અગ્રણી બનાવીએ. દ્વાર ખુલ્લું છે અને વિધાતા સૌ કોઇને આહ્વાહન કરી રહેલ છે. કોણ જીતે છે અને કોણ હારે છે એવો કોઇ સવાલ જ નથી. કારણે સૌએ સાથીઓ તરીકે આગળ કુચ કરવાની છે અને કાં તો આપણે સૌ સાથે વિજય પ્રાપ્ત કરીએ છીએ અથવા તો સૌ સાથે પરાજયના ભોગ બનીએ છીએ. પણ હવે કોઇ પરાજય કે પાછા હઠવાનો સંભવ છે જ નહિ. વિજય તરફ, સફળતા તરફ, આઝાદી તરફ, હિંદની ચાલીશ કરોડ જનતાના સ્વાતંત્ર્ય અને સુખકલ્યાણ તરફ આપણે અચુક આગળ વધી રહ્યા છીએ. જય હિંદ!

અનુવાદક–**પરમાનંદ**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ ઓકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૧

મુંબઈ: ૧ ઑક્ટોબર ૧૯૪૬ મંગળવાર.

જવાજમ
રૂપિયા ૪

ચમત્કાર

આપણા દેશનો મધ્યકાલીન ધાર્મિક ઇતિહાસ તપાસીશું તો એનો મોટો ભાગ ચમત્કારોથી ભરેલો દેખાશે. એ યુગ ચમત્કારનો હતો અને આજ પણ હજુ છે. લોકોને તાત્કાલિક પ્રભાવિત કરવા માટે 'ચમત્કાર' જેવો બીજો કોઇ અસરકારક ઉપાય ન હોઇ 'ચમત્કાર' ને શાસ્ત્રમાં મહત્વનું સ્થાન મળ્યું અને એ શાસ્ત્ર ઉપરાંત શસ્ત્ર પણ બની ગયું. દરેક મત-પંથોમાં જે સળંગ સત્ય-તત્વ ધબકતું હતું તેના સ્થાને ચમત્કારતત્ત્વ દાખલ થયું. અને પછી 'ચમત્કાર'ની સાહમારીઓ થવા લાગી. જેનામાં ચમત્કાર શક્તિ મોટી તે ધર્મ મોટો એવી માન્યતા ખડી થઇ. કારણકે સત્યધર્મ જેના પાયા પર બધા પંથો રચાયા હતા તે નષ્ટ થઇ રહ્યો હતો અને તેનું સ્થાન ચમત્કાર લેતો જતો હતો. સત્યની ખોજ કરવી મૂકી ચમત્કારની ખોજ પાછળ સૌ પડયા. સત્યનો પંથ વિકટ હતો. ચમત્કારનો સરલ અને પ્રતિષ્ઠાવર્ધક હતો. સસ્તી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા પાછળ કોણ ન દોડે? બધાને એનો લોભ લાગ્યો હતો.

ચમત્કાર એ શું વસ્તુ છે તે આપણે હવે જોઇએ. ચમત્કાર એટલે આશ્ચર્યચકિત કરે તેવું કાર્ય, અશક્યને શક્ય કરી બતાવનારું કાર્ય, અથવા જેના નિયમો ન સમજાય તેવું કાર્ય. માનવ બુદ્ધિમાં ઝટ ન ઉતરે એવા કાર્યને 'ચમત્કાર' કહેવાય.

રેડિયોય જેવો બદમાશ ગુંડો કે અર્જુનમાલી જેવો ભયંકર નરપિશાચ તપતેજના પ્રભાવે, સંતના પ્રેમ કરુણાનો પાત્ર બની પ્રથમ દર્શને જ દાનવમાંથી દેવ બને એ ઓછો ચમત્કાર છે!

જગતમાં પૂર્વે કદી ન બનેલ, ન સાંભળેલ એવું સસૈન્ય નેપોલિયનનું આલ્પ્સ પર્વત ઓળંગી જવાનું કાર્ય એ બીજા પ્રકારનો ચમત્કાર છે.

રેડિયો, વાયરલેસ, ટેલીફોન કે ટેલીવીઝન જેવી વૈજ્ઞાનિક આંજી નાખનારી શોધનું પ્રત્યક્ષ અનુભવકાર્ય એ વળી ત્રીજા પ્રકારનો ચમત્કાર છે. ખ્રુનો નામના વૈજ્ઞાનિકને ધર્મ વિરોધી મનાતી શોધના કારણે વધ સ્તંભ સાથે જડી લેવામાં આવ્યો; હાથ ઉંચે ને પગ નીચે બાંધ્યા; ખાવું, પીવું, સુવું, અને અને કુદરતી હાજતો પણ એજ સ્થિતિમાં કરવાની છતાં, બબ્બે વર્ષ સુધી અસહ્ય યાતનાઓ ભોગવવા છતાંય 'પોતે કરેલી શોધ જ સાચી છે' એવું બેધડક કહેનાર એ મહા શુરવીર વિજ્ઞાનીએ જે અપાર ધૈર્ય અને સહનશીલતા દાખવી છે તે વળી જુદા પ્રકારનો ચમત્કાર છે.

જે કાર્યોની પાછળ અસાધારણ આત્મપ્રભાવ, મનોબળ, સાહસ કે આંજી નાખનારી શોધકબુદ્ધિ હોય છે તેવા કાર્યો 'ચમત્કાર' ગણાય છે. કારણ કે એવાં કાર્યો માનવબુદ્ધિએ કલ્પેલી ગતિ અને શક્તિ ઉપરવટનાં હોય છે. આ કારણથી જ્યારે આપણા દેશમાં પ્રથમ રેલગાડી આવી ત્યારે લોકો એંજીનને પુષ્પમાળા ચડાવતા અને શ્રીફળ વધેરતા. એના સાક્ષીરૂપ હજુ ઘણા ડોસાઓ આજે પણ જીવતા છે.

જગત, જગતનું એકેકએક કાર્ય તેના સ્વભાવ, ગતિ, શક્તિ મુજબ થયા જ કરે છે. એ જગત-સ્વભાવને ગતિ અને શક્તિ આપનાર અથવા એની ગતિ અને શક્તિને જોડનાર માનવબુદ્ધિ એમાં ભળે છે ત્યારે તેવા કાર્યને આપણે ચમત્કાર કહીએ છીએ. જેમકે વરાળ યંત્રની શોધ વિ. વરાળમાં જે ગતિ હતી અને શક્તિ હતી તેને માનવબુદ્ધિએ જોડી તેમાંથી લાભ ઉઠાવ્યો ત્યારે તે 'ચમત્કાર' બન્યો.

કોઇ પણ કાર્ય જગતસ્વભાવ કહો કે વૈજ્ઞાનિક નિયમ કહો તેને ઉલ્લંઘીને બનતું જ નથી. ઇશ્વરી કાયદાઓ અવિચળ જ રહે છે. ઇશ્વર પણ એ કાયદાઓ તોડી શકતો નથી અથવા કહો કે એ કાયદાઓ જ ઇશ્વર છે.

પણ સીતાજીએ અગ્નિપ્રવેશ કર્યો, અને અગ્નિ શિતળ થઇ ગયો. કૃષ્ણને ગોકુળ મૂકવા જતાં વસુદેવને યમુનાએ વચ્ચે માર્ગ કરી આપ્યો. હરિણગમિષીએ ભગવાનને દેવાનંદાની કુક્ષિએથી ઉપાડી ત્રિશલાની કુક્ષિએ સ્થાપ્યા. તલવાર ઉગામી આસમાનમાં ચાંદના બે ટુકડા કરી નાખ્યા. સંતનો હાથ ફરતાં અકાળે વૃક્ષને ફળો ઉગ્યાં. સાંચોરના પ્રાર્શ્વનાથને લૂટવા ઇચ્છતો મહમદ ગીઝની આંધળો થઇ ગયો. બહુચરાજીના સરોવરમાં નહાતો પુરૂષ સ્ત્રી બની ગયો. હાડકું ગંગામાં પડતા હાડકાવાળી ડોશીને લેવા વિમાન આવ્યું. તુકારામ મહારાજ સદેહે વિમાનમાં બેસી સ્વર્ગે ગયા. કલ્યાણ દેવની બાધાથી આંધળો દેખતો થયો. અમુક મંત્ર બોલવાથી ભૂત વશ થયું. ટાઢું ખાવાથી છોકરાં સાજા થઇ ગયા. ચેલૈયાને ખાંડણીમાં ખાંડી જીવતો કર્યો. આવી અનેક કલ્પિત માન્યતાઓ ઇશ્વરી નિયમનું ઉલ્લંઘન કરનારી અને એનો ઇન્કાર કરનારી હોઇ ત્યાજ્ય છે. એમાં અધર્મ છે, મૂર્ખતા છે અને અજ્ઞાનતા પણ છે.

આવી માન્યતાઓના મુળમાં અજ્ઞાનતા, સંકુચિતતા, ખોટી ભ્રમણા, વહેમ, અંધશ્રધ્ધા ને એક જાતનું ગાંડપણ હોય છે.

'સત્ય'નો ઇન્કાર કરનારી અને પુરૂષાર્થ માર્ગને ભૂલાવનારી આવી માન્યતાઓ તરફ દુર્લક્ષ્ય સેવવાની ખાસ જરૂર છે.

આત્મપ્રભાવ, મનોબળ, સાહસ, શોધક બુદ્ધિ વિ. થી ચમત્કારિક પરિણામો ઉપજી શકે છે પણ અહિં સમાજ એવા કાર્યોને સમજી નહિ શકવાથી એની આજુબાજુ અનેક કલ્પિત માન્યતાઓ, વહેમો ખડા કરે છે અને તેથી તેવાં કાર્યો કેવળ અંધશ્રદ્ધા અને મુર્ખતાનું જ પ્રદર્શન બની જાય છે.

'દેવ' કે 'ગુરૂ' નું મહત્વ વધારવા તેમની આજુબાજુ ચમત્કારની વાતો ઉપજાવી મૂકવામાં આવે છે પરિણામે ચમત્કારની વધતી વેલમાં દેવ કે ગુરૂ પોતે જ વીંટાઇ જાય છે ને તેમનું મૂળ દર્શન અપ્રાપ્ય બની જાય છે.

ચમત્કારની ભૂતાવળ 'સત્ય'ના મંદિરે જતાં રોકે છે. તે ઇશ્વરી કાયદાને-કર્મના સિદ્ધાંતને-અવગણે છે. વિકાસક્રમ ઉપર-પુરૂષાર્થ ઉપર-તે જબ્બર ફટકો લગાવે છે, એટલું જ નહિ પણ

આપણી ઉછરતી પ્રજાનું શરીરદારિદ્ર્ય

આ વર્ષ દરમિયાન શ્રી. શકુન્તલા કાન્તિલાલ ઈશ્વરલાલ જૈન હાઇસ્કુલમાં ભણતી કન્યાઓની શારીરિક તપાસ કરવા માટે મુંબઇના હેાફકીન્સ ઇન્સ્ટીટ્યુટના એક અધિકારી શ્રી. આર. ઇ. દાદાચાનજીને નિમંત્રણ કરવામાં આવ્યું હતું. તેમણે કરેલી તપાસના પરિણામે જે રીપોર્ટ કર્યો હતો તેમાંના અગત્યના ભાગનેા ગુજરાતી અનુવાદ કરીને નીચે આપવામાં આવે છે. એ રીપોર્ટમાં જણાવેલી બાબતેા જેટલી એ કન્યાશાળાને લાગુ પડે છે તેટલી જ અથવા તેા તેથી વધારે પ્રમાણમાં આખી જૈન વિદ્યાર્થી આલમને લાગુ પડે છે. અને તેથી આ રીપોર્ટમાં કરવામાં આવેલી સૂચનાઓ આખા જૈન સમાજે પેાતાની ભાવી પ્રજાના કલ્યાણ અર્થે પુરી ગંભીરતાથી ધ્યાનમાં લેવાની ખાસ જરૂર છે. જૈનેાની આર્થિક પરિસ્થિતિ અન્ય વર્ગોની અપેક્ષાએ પ્રમાણમાં કદાચ સારી અને સંતેાષકર હશે, પણ આપણી રહેણીકરણી અને ચાલુ ખાનપાનમાં અનેક અનિષ્ટ તત્ત્વેા ભરેલાં હેાઇને આપણી આરેાગ્યવિષયક પરિસ્થિતિ અત્યંત શેાચનીય છે. આપણા સમાજમાં બાળમરણ પ્રમાણ ઘણું મેાટું છે. નબળા બાંધા, નબળી આંખેા અને અલ્પ આયુષ્ય અને ખાસ કરીને સ્ત્રી વર્ગની કેવળ તકલાદી શરીર સ્થિતિ—આવી આપણી વ્યાપક શારીરિક પામરતા છે. તેમાંથી ઉંચે આવવા માટે શક્ય તેટલા પ્રયત્નેા જૈન સમાજે હાથ ધરવા જોઇએ. ખાસ કરીને આપણી આખી ખેારાકપ્રણાલિનું મૌલિક સંશેાધન કરવું જોઇએ અને ધર્મને નામે ચાલતા અનેક વિધિનિષેધેામાં આરેાગ્યરક્ષા અને શરીરસંવર્ધનની દ્રષ્ટિએ આજે અત્યન્ત આવશ્યક લાગતા ફેરફારેા અલબત્ત નિરામિષ આહારની મર્યાદામાં રહીને અમલમાં મુકવા જોઇએ.

"થેાડા સમય પહેલાં આપની નિશાળમાં ૫૦૦ ઉપર ભણતી કન્યાઓની શારીરિક તપાસ કરવાની મને તક મળી હતી. આ કન્યાઓમાંથી ૬૩ ટકા બહેનેાને પુરતું પેાષણ મળતું નથી એમ મારી તપાસ ઉપરથી મને માલુમ પડયું અને તે પણ જૈન કેામ જેવી ધનવાન કેામની કન્યાઓની આ સ્થિતિ છે એ જોઇને મને ભારે આશ્ચર્ય થયું હતું. આ સામાન્ય તારવણી ઉપરાંત ૨૫ ટકા બહેનેાના કાકડા વધી ગયેલા માલુમ પડયા છે, ૨૫ ટકા ઉપર એનીમીઆની અસર નજરે પડે છે. 'એ' વીટામીનની ખામીવાળી ૧૮ ટકા અને 'બી' વીટામીનની ખામીવાળી ૧૩ ટકા છે. સમગ્રપણે મારા મન ઉપર એવી છાપ પડી છે કે જેમની સાર સંભાળ નીચે દિવસનેા મેાટેા ભાગ આ કન્યાઓ ગાળે છે અને જેમના માથે આ કન્યાઓના શિક્ષણની જવાબદારી રહેલી છે એ—આ સંસ્થાઓના ટ્રસ્ટીઓ—એ આ બાળાઓને મળતાં પેાષણતત્ત્વેામાં સુધારણા કરવા તરફ ખાસ લક્ષ્ય આપવું જોઇએ.

જૈનેા નિરામિષાહારી છે, તેમના નિરામિષ આહારમાં એક બાજુએ દુધનેા સમાવેશ કરવામાં આવે છે પણ બીજી બાજુએ શાક, ભાજી અને ફળેા સંબંધમાં ખાદ્ય અખાદ્યને લગતા તેઓ અનેક નિયમેા પાળે છે આ બાબત આપણે ધ્યાનમાં રાખવાની રહે છે. જૈનેા કંદમૂળ કે ઉગાડેલું કઠેાળ ખાતા નથી. વળી મહીનામાં છ કે બાર દિવસ તેઓ લીલાં શાક પણ ખાતા નથી. આ સ્કુલની કન્યાઓ અને ખાસ કરીને હાઇસ્કુલના ધેારણેામાં ભણતી કન્યાઓ દુધ ઘણું ઓછું લે છે એમ માલુમ પડયું છે. 'તમેા પૂરતું દુધ કેમ લેતા નથી' એ પ્રશ્નના જવાબમાં દુગ્ધપાન વિષે તેમણે અણગમેા વ્યક્ત કર્યો હતેા. દુધ પીવું એ જાણે કે જુનવાણી રીત હેાય અને આજની ફેશનને પ્રતિકુળ હેાય એમ તેઓ માનતી લાગે છે. જ્યાં આવી વસ્તુસ્થિતિ છે ત્યાં પાંચમાંથી ત્રણ કન્યાઓ પુરતા પેાષણના પરિણામરૂપ તન્દુરસ્તી ધરાવતી ન હેાય એમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી.

આમ જ્યાં પુરતું પેાષણ લેવાતું ન હેાય અને જરૂરી પેાષણ દ્રવ્યેા ઉપર અનેક પ્રકારના પ્રતિબંધેા હેાય ત્યાં નિશાળમાં આખેા દિવસ ભણતર પાછળ ગાળવા બાદ સાંજના સમયે આ કન્યાઓ બહુ થાકી ગયેલી અને તાકાત વિનાની માલુમ પડે એ તદ્દન સ્વાભાવિક છે. આ પરિસ્થિતિ આ સ્કુલમાં સામાન્યપણે વર્તતી મેં અનુભવી છે. અધુરું પેાષણ અને આ પરિસ્થિતિ વચ્ચે આપણે સીધેા સંબંધ કદાચ ન જોડીએ તેા પણ આને લીધે શરીરના ભાવી વિકાસને ઘણું નુકસાન પહેાંચે અને આ વધેલા કાકડાની આજે ઉપેક્ષા કરવામાં આવે તેા તેમાં શારીરિક વિકૃતિઓ તેમજ દોષેા નિપજ્યા વિના ન રહે એ સહજ સમજી શકાય તેવી વાત છે.

'એ' વીટામીનની ૧૮ ટકા કન્યાઓમાં જે ઉણપ જોવામાં

તે પેાતે જ 'સત્યધર્મ'નેા લેબાશ પહેરી આવે છે ને ધર્માસન પર બેસી પૂજાય છે.

ચમત્કાર મુખ્ય દેવ મનાય છે અને ઇશ્વર-અવતાર-જીન-બુદ્ધ-વીતરાગ બધા એની કૃપાથી જ પૂજાય છે. પેાતાનું અસ્તિત્વ, શ્રેષ્ઠતા, મૌલિકતા અને મૂલ્ય પણ એ 'ચમત્કાર પ્રભુ'ની પ્રસાદીથી જ અંકાવતા થાય છે.

ચમત્કાર એ ખુદ ખુદાને ધક્કેા મારી તેનું સ્થાન પડાવી લેનાર શયતાન છે. ભારતવર્ષનું ચમત્કારના વહેમથી જેટલું અધઃપતન થયું છે તેટલા બીજા એકે દુગુર્ણથી નથી થયું.

મહાવીરનું તત્વજ્ઞાન ચમત્કાર સાથે મેળ નથી ખાતું. મહાવીરનેા ખરેા ચમત્કાર પ્રેમ-કારૂણ્યમયી અહિંસામાં અને અંતરંગ શત્રુઓ સામે શૌર્યભર્યા યુધ્ધમાં છે-પુરૂષાર્થમાં છે.

ચમત્કાર એ દૈત્ય છે, પેાલ છે, પેાતાની નબળાઇ ઢાંકવાની ઢાલ છે. ચમત્કાર એ તેા જાદુનેા ખેલ છે. જાદુગરી ખેલથી કેાઇના હૃદય જાગૃત કરી શકાતા હેાત તેા પછી તપ-ત્યાગ-જ્ઞાન-ચારિત્ર્યના પ્રભાવની કિંમત શું રહેત?

ચમત્કારના નામે લેાક કલ્યાણ કદી કેાઇએ કર્યું હેાય તેા પણ સરવાળે તેા તેથી ભયંકર નુકશાન જ થયું છે. ઇતિહાસ એનેા સાક્ષી છે. ચમત્કારથી ધર્મ પામેલા ચડિયાતા ચમત્કારથી ધર્મવિમુખ થયા નથી સાંભળ્યા?

દેવ-ગુરૂ-મંદિર કે મૂર્તિ તેના ચમત્કારથી મહત્તાને પામ્યાં નથી, પણ તેમની અસરકારકતાથી જ, 'જ્ઞાન ચારિત્ર્ય અને તપ-તેજથી'. પણ અજ્ઞ જનેા તેમાં કલ્પિત વાતેા ઉમેરી મૌલિકતાને ઢાંકી દે છે.

કેાઇ કેાઈ પ્રસંગેામાં ચમત્કારના નામે ન કલ્પી શકાય તેવું પ્રત્યક્ષ ફળદર્શન જોવા મળ્યું હેાય ત્યાં આપણે, ડુંટામાં રહેલી કસ્તુરીની સુવાસને ઘાસમાં ઢુંઢતા કસ્તુરીમૃગની જેમ આપણી પેાતાની જ દ્રઢ શ્રધ્ધાશક્તિમાં કે મનેાબળમાં એ સામર્થ્ય રહેલું છે તે જોઇ શકતા નથી ને નાહક બીજે ભટકી મિથ્યાત્વનેજ-અજ્ઞાનતાનેજ-આમંત્રીએ છીએ.

ચમત્કારના મુળ એવા તેા ઉંડે ગયા છે કે મેાટા મેાટા સમર્થ આચાર્યો ભકતેા કે પંડિતેા સુધ્ધાં તેમાંથી બચ્યા નથી. એ બેદની વાત છે.

ચમત્કાર ત્યાં નમસ્કાર એ માન્યતા ભૂલ ખવડાવનારી છે પણ સત્ય ત્યાંજ નમસ્કાર એ માન્યતા ધર્મ છે, સાચી છે.

ચમત્કારનેા ગમે તેટલેા વિરેાધ કરવામાં આવે છતાં એ માન્યતા તૂટવાની નથી, કારણ એની પડખે, અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા અને ભવ્યતાની કલ્પના છે.

ચમત્કારના નાશનેા ઉપાય જનતાને જ્ઞાન આપવામાં, જાગ્રત કરવામાં, વિજ્ઞાનનેા રસ લેતી કલવામાં અને 'સત્ય'નું રહસ્ય સમજાવવામાં રહેલેા છે. 'ચમત્કાર' પરતુ આક્રમણ ચમત્કારને પુષ્ટ કરે છે. સત્યનેા બેાધ જ એનેા નાશ કરશે.

શાહ રતિલાલ મફાભાઇ.

આવી છે તેનો ખુલાસો એ છુંં દુધ લેવાય છે અને તેથી પણ ઓછા પ્રમાણમાં લીલાં શાક પાંદડા વાપરવામાં આવે છે એ ઉપરથીજ ઘણું ખરૂં થઇ શકે તેમ છે. સાથે સાથે એ પણ જણાવવું જોઇએ કે જેનો બહુ મોટા પ્રમાણમાં કઠોળ ખાય છે એને લીધે 'બી' વીટામીનની ઉણપ પ્રમાણમાં ઓછી માલુમ પડી છે.

સામાન્યતઃ એમ માલુમ પડયું છે કે પ્રાથમિક વર્ગોથી આગળ વધીને હાઇસ્કુલ સુધી પહોંચેલી કન્યાઓમાં પોષણ તત્વોની ઉણપ ઉત્તરોત્તર વધતી જાય છે. આ બાબત ખાસ ધ્યાન ખેંચે તેવી છે અને આ ઉપરથી ઉમ્મરે વધતી જતી બાળાઓને પુરતા પ્રમાણમાં ખોરાક મળતો નથી એ અનુમાનને વધારે સમર્થન મળે છે. સામાન્ય માહીતી માટે હું જણાવું કે ગરીબ પારસી વિદ્યાર્થીઓની નિશાળમાં આવી તપાસ હાથ ધરવામાં આવી હતી, પણ એ નિશાળમાં તેમના બપોરના ભોજન ઉપરાંત દુધ અને કોડ લીવર ઓઇલ કે શાર્ક લીવર ઓઇલ દરેક બાળકને આપવામાં આવે છે અને તેના પરિણામે તેમની તંદુરસ્તીમાં તેઓ જેમ જેમ મોટા થતા જાય છે તેમ તેણ સારો સુધારો માલુમ પડયો છે. આમ છતાં મારે જણાવવું જોઇએ કે જે કુટુંબો સાધારણ રીતે વ્યકિત દીઠ ૧૨૦૦ થી ૧૫૦૦ કેલરી ખોરાક લે છે એમ તેમના ખોરાકની તપાસ ઉપરથી માલુમ પડયું છે તે કુટુંબના આ બાળકો છે (સાધારણ રીતે દરેક સ્ત્રી કે પુરૂષના જરૂરી ખોરાકનું સામાન્ય પ્રમાણ ૨૪૦૦ કેલરી આંકવામાં આવે છે.) આ ઉપરથી એ સ્પષ્ટ થાય છે કે જે બાળકો સવારના નવ દશ વાગે જેમ તેમ ખાઇને નિશાળે આવે છે અને સાંજ સુધી જેમને ખાવાનું કશું મળતું નથી તેમનું શારીરિક તેમ જ બૌદ્ધિક ધોરણ ટકાવી રાખવા ખાતર બપોરના ભાગમાં તેમના માટે કાંઇને કાંઇ ખાવાની વ્યવસ્થા કરવાની ખાસ જરૂર છે. સવારના જેમ તેમ ખાઇ લેવાની પ્રથા બહુ નુકસાનકારક છે અને તેમાં ફેરફાર થવાની ખાસ જરૂર છે. જે સંસ્થા આધુનિક શિક્ષણ પધ્ધતિએ પોતાના વિદ્યાર્થીઓને કેળવવા માંગે છે તે સંસ્થાઓ પોતાને સોંપાયલા વિદ્યાર્થીઓની આ સ્થિતિ–સવારના જેમ તેમ ખાઇને આવે અને સાંજ સુધી તેમાં તેમને કશી પુરવણી કરવામાં ન આવી–આ સ્થિતિથી એ વિદ્યાર્થીઓના સમગ્ર આરોગ્યને થઇ રહેલ નુકસાનની ઉપેક્ષા કરી ન જ શકે. આવી રીતે થાકેલું બાળક સાંજનો ખોરાક પણ જોઇએ તેટલા પ્રમાણમાં લઇ શકતું નથી અને દિવસના લાંબા ગાળાની ખાધ પુરી કરી શકતું નથી. પોતાના શારીરિક વિકાસ માટે આવશ્યક બનતું વધારાનું પોષણ તો લેવાની સ્થિતિએ તે ભાગ્યે જ પહોંચે છે. આ ઉપરથી આશા રાખવામાં આવે છે કે આ સંસ્થા તરફથી કાં તો આ બાળાઓ બપોરનું ભોજન સ્કુલમાં જ લે એવી વ્યવસ્થા વ્યવસ્થા કરવામાં આવશે અથવા તો બપોરના વખતે સારો નાસ્તો મળે એવીગોઠવણ કરવામાં આવશે. શાળાની કન્યાઓની તન્દુરસ્તી અને શારીરિક વિકાસ માટે આ અત્યન્ત આવશ્યક છે. સંભવિત છે કે બીજે પ્રચલિત છે એવી ડબ્બા સીસ્ટમ દાખલ કરવા સામે એવો વાંધો રજુ કરવામાં આવે કે ડબ્બા અથવા ટીફીન બોકસમાં ભરીને લાવી રાખવામાં આવતી રસોઇ ઠંડી પડી જાય છે અને તેથી વિદ્યાર્થીઓને અનુકુળ પડતી નથી. આ વાંધો જરૂર વિચારવા જેવો છે. પણ આ આખી બાબત સંસ્થાની કમીટી પુરી ગંભીરતાથી ધ્યનમાં લે તો સ્કુલમાં જ બપોરના ગરમાગરમ રસોઇ વિદ્યાર્થિનીઓને પુરી પાડવાનું કામ જૈન જેવી ધનાઢય કોમ કે જે બીજી અનેક સખાવતો સારાં સારાં કામો માટે કરી રહી છે તેના માટે જરા પણ મુશ્કેલ નથી. સ્કુલ સાથે એક સારૂં ઉપાહારગૃહ ઉભું કરવામાં આવે તો તેથી પણ અન્ય દેશો માફક જૈન માતાઓની ભવિષ્યની પ્રજાના આરોગ્યે, સુખ અને બૌદ્ધિક વિકાસને ઘણો લાભ થવાનો સંભવ છે.''

પરમાનંદ.

નિઝામ સરકારના રાજકીય સુધારા

હિંદુસ્થાનના દેશી રાજ્યોમાં નિઝામનું રાજ્ય સૌથી વધારે મોટું છે. આવું જ એક મોટું રાજ્ય કાશ્મીરનું છે. એક રાજ્યમાં રાજા મુસલમાન છે અને પ્રજાનો લગભગ ૯૦ ટકા ભાગ હિંદુ છે અન્ય રાજ્યમાં રાજા હિંદુ છે અને પ્રજાનો લગભગ એટલો જ મોટો વિભાગ મુસલમાનોનો બનેલો છે. કાશ્મીરની પ્રજાએ શેખ અબદુલ્લાની સરદારી નીચે સ્વાતંત્ર્ય સંગ્રામ શરૂ કરી દીધો છે અને વહેલાં મોડાં રાજાની સર્વ સત્તા પ્રજાને હવાલે થવાની છે. નિઝામમાં આઝાદીના આન્દોલને હજુ જોઇએ તેટલું ગંભીર સ્વરૂપ ધારણ કર્યું નથી. નિઝામ રાજ્યની પ્રજા આજે આકરામાં આકરા રાજ્યદમનમાંથી પસાર થઇ રહી છે. સભાબંધી, આગેવાન કાર્યકરોની ધરપકડ અને છાપાઓ ઉપર સખ્ત પ્રતિબંધ–આ નિઝામ સરકારની અદ્યતન રાજ્યનીતિ છે.

આજે જ્યારે ચોતરફ લોકશાસનની દુંદુભિ લાગી રહી છે અને સરકારી હિંદની પ્રજા આઝાદીના ઉમરે પહોંચી છે, ત્યારે દેશી રાજ્યોને પણ સમય સાથે પગલાં માંડયા સિવાય છુટકો નથી. કોઇ કોઇ દેશી રાજાએ આ કાળબળને દિલથી સ્વીકારીને પોત પોતાના રાજ્યતંત્રની જવાબદારીમાં પોતાની પ્રજાને સાચા ભાગીદાર બનાવવાની તૈયારી દાખવી છે તો કોઇ કોઇ રાજ્યોએ ઉપર ઉપરનો દેખાવ બદલવાની અને વાસ્તવિક સત્તાઓ સર્વ પોતાના હાથમાં રાખવાની તરેહ તરેહની ગોઠવણો વિચારવા માંડી છે અને લોકસાસનની કેવળ છેતરપીંડી હોય એવા રાજકીય સુધારાની તેઓ જાહેરાત કરવા લાગ્યા છે. તાજેતરમાં નિઝામ સરકારે પણ આવી જ એક છેતરપીંડીથી ભરેલી રમત રાજકીય સુધારાના નામે શરૂ કરી છે.

શરૂઆતમાં હિંદુ અને મુસલમાન એ બે અમારી આંખો છે, આવી ઉદાત ઘોષણા કરીને નિઝામ સરકારે કેટલાક રાજકીય સુધારાની જાહેરાત કરી છે. આ મુજબ જે ધારાસભાની યોજના સૂચવવામાં આવી છે તે ધારાસભા ૧૩૨ સભ્યોની બનશે, જેમાં રાજ્યના ૧૩ અધિકારીઓ અધિકારની રૂએ ધારાસભામાં બેસશે, ૪૩ ની રાજ્ય નિમણુક કરશે અને ૭૬ ની ચુંટણી કરવામાં આવશે. આ નિમાયલા અને ચુંટાયલા કુલ ૧૧૯ સભ્યોમાં ૫૮ હિંદુ, ૫૮ મુસલમાન, ૨ ખ્રીસ્તી અને ૧ પારસી હશે. જે રાજ્યમાં ૯૦ ટકા લગભગ હિંદુઓની વસ્તી છે તેની ધારાસભામાં ૫૮ હિંદુ અને ૫૮ મુસલમાન! હિંદુ અને મુસલમાન એ બે રાજ્યની આંખો છે–એ બે વચ્ચે અમે કદિ કશો ભેદભાવ સમજતા નથી–આનો આખરે આજ અર્થ કે? અને આનું નામ લોકશાસન અને લોકપ્રતિનિધિસભા? આથી વધારે મોટું જુઠાણું, શબ્દોની પોકળતા, લોકશાસનની ઠેકડી અને અન્યાયની પરાકાષ્ટા કલ્પવી મુશ્કેલ છે. આવીજ રીતે આ યોજનામાં સંયુકત મતદાર મંડળનો દેખાવ દાખલ કરવામાં આવ્યો છે અને પરિણામ બિનકુત મતાધિકારનું જ આબેહુબ હાંસલ કરવામાં આવ્યું છે. અને તે આ રીતે–નવા બંધારણમાં સંયુકત મતાધિકારની રચના રાખવામાં આવી છે એમ છતાં પણ જે હિંદુ કે મુસલમાન ઉમેદવારને પોતપોતાની કોમની ઓછામાં ઓછા ૫૧ ટકા મત મળ્યા હોય તેને બીજી કોમના ગમે એટલા મત મળ્યા હોય છતાં પણ ચુંટાયલો જાહેર કરવામાં આવશે અને જ્યાં એટલા ટકા પણ મત મળ્યા ન હોય ત્યાં બે ઉમદવારોમાંથી જેને પોતાની કોમના વધારે મત મળ્યા હોય તેજ ચુંટાયલો જાહેર કરવામાં આવશે. આ સંયુકત મતદાર મંડળની કેવળ હાંસી નહિ તો બીજું શું છે? આ રાજકીય સુધારાઓને કાયદે આઝામ ઝીણાના આશીર્વાદ છે અને કેવળ માયાની ગણતરી કરવાની હિંદુ સમાજને જે ટેવ પડી છે તેથી અળગ રહીને આવા મહત્વના અને પ્રાગતિક રાજકીય સુધારાઓને અપનાવવા તેઓ હિંદુ સમાજને અનુરોધ કરે છે. નિઝામી માનસ અને કાયદે–આઝમની પ્રેરણા, સલાહ અને દોરવણી જ્યાં હોય ત્યાં હિંદુ મુસલમાનના ઝગડા, વૈરવિરોધ અને સર્વ કોઇ પ્રગતિની રૂકાવટ ન હોય તો બીજું શું હોય? પરમાનંદ.

પાકીસ્તાનની પર્યાલોચના

નામદાર ઝીણા 'પાકીસ્તાન'ના નામ ઉપર આજે જેહાદ ચલાવી રહ્યા છે અને પાકીસ્તાનના વિરોધી સૌ કોઇને પોતાના અને મુસલમાન કોમના દુશ્મન તરીકે વર્ણવી રહ્યા છે. આ પાકીસ્તાન પાછળ એવી કલ્પના રહેલી છે કે આ દેશમાં અથવા તો ઝીણા સાહેબની ભાષામાં જણાવીએ તો આ 'ઉપખંડ'માં હિંદુ અને મુસલમાન કોઇ રીતે સાથે રહી શકે તેમ નથી અને તેથી આ ઉપખંડના બે ભાગલા કરવા જોઇએ–એક પાકીસ્તાન જ્યાં મુસલમાનો સુખે રહી શકે, અને પોતાના વર્ચસ્વવાળી સરકાર સ્થાપી શકે અને અન્ય હિંદુસ્થાન કે જ્યાં હિંદુઓ સુખે રહી શકે, અને પોતાના વર્ચસ્વવાળી સરકાર સ્થાપી શકે. ઉપર ઉપરથી દેખાતો આ એક પ્રકારનો સરળ સાદો ઉકેલ ગેરરસ્તે દોરવતી વિકૃત માન્યતાઓ અને અસત્ય કલ્પના ઉપર રચાયલો છે અને તેથી જ કોઇ પણ કાળે અવ્યવહારૂ છે. જે દેશમાં એક પણ એવો અગત્યનો ખુણો નહિ મળે કે જ્યાં હિંદુની અથવા તો મુસલમાનની બીલકુલ વસ્તી જ ન હોય એવી રીતે આ દેશમાં ચોતરફ હિંદુઓ અને મુસલમાનો વાણા અને તાણા માફક પથરાયલા પડયા છે અને સૈકાઓથી એકમેક સાથે હળી મળીને રહેતા આવ્યા છે તે દેશના હિંદુ મુસલમાનો એકમેક સાથે રહી શકે એમ નથી કહેવું એ નરી વાસ્તવિકતાનો વિપર્યાસ કરવા બરોબર છે. હિંદુસ્થાનના ગમે તેટલા ભાગલા પડે તો પણ હિંદુ મુસલમાનની મિશ્ર વસ્તી વાળી આખા દેશની પરિસ્થિતિ કાયમ રહેવાની છે અને સુખે કે દુઃખે, હળી મળીને કે પરસ્પર અથડાતા રહીને હિંદુઓએ અને મુસલમાનોએ સાથે રહેવાનું, જીવવાનું અને મરવાનું છે. જે હિંદુસ્થાનની ભૌગોલિક રચના એવી હોત કે અમુક મોટા વિભાગોમાં ઘણે મોટે ભાગે મુસલમાનો જ વસતા હોત અને અન્ય વિભાગોમાં હિંદુઓ જ હિંદુઓ હતા, તો સમગ્ર દેશના વ્યાપક કલ્યાણના ભોગે પણ હિંદુસ્થાનના આવા બે રાજકીય ભાગલા કાંઇક વ્યવહારૂ લેખાત અને ગણ્યા ગાંઠયા મુસલમાનોને કે હિંદુઓને અન્ય વસ્તીને અધીન બનીને રહેવાનું અથવા તો પોતપોતાના વિભાગમાં સ્થળાન્તર કરવાનું કહી શકાત. પણ આજની ભૌગોલિક અને વસ્તીવિષયક પરિસ્થિતિમાં આવી કોઇ ગોઠવણ શક્ય જ નથી અને તેથી પાકીસ્તાન એ કાયદે આઝમ ઝીણા જણાવે છે તેમ હિંદુ–મુસલમાન પ્રશ્નનો ઉકેલ નથી, પણ બન્ને વચ્ચેના અંટસને સદ્દાને માટે જીવતો અને જાગતો રાખવાની એક તરકીબ છે. આમ છતાં પણ પાકીસ્તાનવાદીઓને સંતોષવા ખાતર જે પ્રાન્ત અથવા તો તેના વિભાગમાં મુસલમાનોની બહુ મોટી વસ્તી હોય તે પ્રાન્ત યા પ્રાન્તવિભાગની વસતીનો આ પ્રશ્ન ઉપર મત એકઠો કરવો અને તેનો જે બહુમતી નિર્ણય આવે તે મુજબ તે પ્રાન્ત અથવા તો પ્રાન્તવિભાગને હિંદુસ્થાનની સાથે રાખવાની અથવા તો અલગ કરી આપવાની ગાંધીજી અને કોંગ્રેસે તૈયારી બતાવી. પણ આવો ઉકેલ નામદાર ઝીણાને માન્ય ન બન્યો. તેમની કલ્પના તો માત્ર મુસલમાનોની બહુ વસ્તીવાળા જ પ્રદેશોને જ નહિ, પણ શીખો અને હિંદુઓથી લગભગ અરધોઅરધ ભરેલા પંજાબને. હિંદુ મુસલમાનથી લગભગ સરખા ભાગે વહેંચાયલા બંગાળાને તેમ જ હિંદુઓની બહુ જ મોટી વસ્તીથી ભરેલા આસામને સીંધ તથા સરહદી પ્રાન્ત સાથે મેળવીને એક પાકીસ્તાન ઉભું કરવાની છે અને એ રીતે લાખો શિખો અને હિંદુઓ ઉપર શુદ્ધ મુસલમાની હકુમત સ્થાપવાની તેમની યોજના છે. પાકીસ્તાનની આજે રજુ કરવામાં આવતી મર્યાદા આ છે, પણ ઉત્તરોત્તર પહોળું થતું જતું પાકીસ્તાન આટલી મર્યાદાથી સંતોષ માની બેસે એમ માની લેવાને કશું જ કારણ નથી. આ તો માત્ર તેમની પહેલો મંજલની સીમા છે. આટલી વાત પાકી થયે તેમની આજ સુધીની રીતરસમ મુજબ નવી માંગણી રજુ થયાજ કરવાની અને પાકીસ્તાનના સીમાડાઓ પહોળા થયાજ કરવાના. વળી હિંદની આવી સ્વતંત્ર વિભાગી રચના થવા બાદ મુસલમાનો પ્રત્યે હિંદુઓના અને હિંદુઓ પ્રત્યે મુસલમાનોના ગેરવર્તાવની ફરિયાદો અને તેમાંથી ઘર્ષણો અને પ્રતિઘર્ષણોની પરંપરા ચાલ્યાજ કરવાની. આ રીતે પાકીસ્તાનની કલ્પના એક તો પાયામાંજ ખોટી અને દેશની એક અને અખંડ એવી સ્વાભાવિક રચનાના સ્થાને વિભક્ત અને અસ્વાભાવિક રચના ઉભી કરનારી છે. બીજું એની પાછળ મુસલમાનોનું અન્ય વર્ગો ઉપર ઉત્તરોત્તર વર્ચસ્વ અને આધિપત્ય વધારવાની ભાવના રહેલી છે. ત્રીજું આ પાકીસ્તાન સંબંધી કશી ચર્ચા, સમજાવટ, કે વાટાઘાટને અવકાશ જ હોઇ ન શકે, કાયદે આઝમ અને મોસ્લેમ લીગ જે અને જેવું પાકીસ્તાન માંગે છે તેવું તેમને મળવું જ જોઇએ, સીધી રીતે નહિ તો બળજોરીથી લેવામાં આવશે–આવું કેવળ નિષ્ઠુર અને દુરાગ્રહભર્યું વળણ પાકીસ્તાનવાદીઓ તરફથી અખત્યાર કરવામાં આવ્યું છે. આ આખો ઝગડો આપણે કોઇ તટસ્થ સરપંચને સોંપીએ–એ દરખાસ્તને પણ તેમણે નકારી છે. આમ તેઓ કેવળ ગુંડાગીરીના માર્ગે જઇ રહ્યા છે. પોતાનો હેતુ સિધ્ધ કરવા માટે કોઇ પણ ઉપાય, સાધન કે માર્ગ હાથ ધરવાનો તેમને બાધ નથી કે સંકોચ નથી. પશુબળ એટલે હિંસાને તેઓ કશી પણ શરમ કે સંકોચ વિના આગળ ધરી રહ્યા છે અને પરિણામે તેમના તરફથી પ્રગટ થતાં નિવેદનો પણ પોતાના અનુયાયીઓમાં કેવળ હિંસાવૃત્તિને ઉત્તેજનારાં અને ભારોભાર અસત્યથી ભરેલાં જોવામાં આવે છે. આમ અસત્ય અને અસ્વાભાવિકતા ઉપર નિર્ભર બનેલી પાકીસ્તાનની કલ્પનાને હિંસા અને અસત્યની મદદ વડે મૂર્ત કરવાનો તેઓ પ્રયાસ આદરી બેઠા છે. મુસલમાન પ્રજા મોટે ભાગે અજ્ઞાન, ગરીબ અને ધર્મપરાયણ છે. આ પ્રજાને ધર્મ જોખમમાં આવી પડયો છે એવા લોકનાદ નીચે ભરમાવવામાં, ઉશ્કેરવામાં અને બેફામ હિંસાના માર્ગે ગતિમાન કરવામાં આવે છે. આ દોરવણીએ કેવું જ માનસ પેદા કર્યું છે, તે આપણે પહેલી વાર કલકત્તામાં જોયું. કલકત્તાના હત્યાકાંડો દરમિયાન એક કોમનો આઘાત અને તેનો બીજી કોમે કરેલો પ્રત્યાઘાત–આ બન્ને આપણે નગ્ન સ્વરૂપે નિહાળ્યા. આપણું આજ સુધીનું જીવન બહુ ઉચ્ચ પ્રકારનું હતું, આપણે અહિંસાના ઉપાસક બની ગયા હતા અને સત્યના માર્ગે જ આપણે વળી ચુકયા હતા એવી કોઇ લોકવ્યાપી જીવનશુદ્ધિનો આપણે દાવો કરી શકીએ તેમ નથી. એમ છતાં પણ આપણી દૃષ્ટિ અહિંસા તરફ વળી હતી, કાવાદાવા, કુડકપટ અને અસત્ય–હિંસા પ્રત્યે આપણા દિલમાં એક પ્રકારનો અણગમો પેદા થયો હતો, જે રીતે આપણે પરદેશી સત્તાને દૂર કરવામાં સફળતા મેળવી રહ્યા હતા તે રીતે જોતાં અહિંસા વિષેની આપણી શ્રદ્ધા વધી રહી હતી એટલું તો આપણા વિષે આપણે જરૂર કહી શકીએ એમ છે. આજે મુસ્લીમ લીગના આગેવાનોએ પોતાની ભીષણ અને હિંસાપરાયણ નીતિ વડે મુસલમાન જનતાને હિંસા, અસત્ય અને અત્યાચાર તરફ વાળી છે અને તેની પાછળ હિંદુ જનતા પણ એજ માર્ગે ઘસડાઇ રહી છે. આ રીતે આજે આપણી સર્વની અત્યન્ત શોચનીય અવનતિ થઇ રહી છે. આમાંથી આપણે તો જ બચીએ કે જો મુસલમાન જનતાને પાકીસ્તાન પોતાની કોમ માટે પણ અવ્યવહારૂ અને અશ્રેયસ્કર છે એનું સ્પષ્ટ ભાન થાય, હિંદુઓ તેમ જ અન્ય કોમ સાથે કોઇ પણ સંયોગમાં આખરે હળી મળીને રહેવા સિવાય છુટકો જ નથી એવી તેમને દૃઢ પ્રતીતિ થાય અને એકમેકના ગળાં કાપ્યે તો કોઇપણ બાબતની સિદ્ધિ થવાની જ નથી એવી તેમનામાં સદ્બુધ્ધિ જન્મત થાય. આ સિવાય આજના પ્રવાહને વાળવો કે ખાળવો કોઇપણ રીતે શક્ય કે સંભવિત નથી. આજે તો જે થાય તે જોયા કરવું, એક અને અખંડ હિંદુસ્થાન અને તેના સાધનરૂપ હિંદુમુસલમાન–એકતાને લક્ષ્યરૂપે જાગ્રત રાખવું, અને આપણા અને અન્ય સર્વના અહિતથી ભરેલી, અસત્યના પાયા ઉપર ટકાવાયલી પાકીસ્તાનની કલ્પના અને તે કારણે પોષવામાં અને સતત ઉત્તેજવામાં આવતી કોમી બેદીલી વર્ષાઋતુના વાદળોની માફક કાળાન્તરે જરૂર વિખેરાઇ જશે એવી શ્રદ્ધા રાખવી અને એ ભાવના અને શ્રદ્ધાને સત્વ પ્રકારે અનુરૂપ હોય એવું જ આચરણ કરવું એ આપણ સર્વ રાષ્ટ્રનિષ્ટ અને આઝાદી–આશક ભાઇ બહેનોનું એક અને એકાન્ત કર્તવ્ય બને છે. **પરમાનંદ**

જયણા

પ્રાસ્તાવિક

જૈન પરિભાષામાં 'જયણા' કે 'જતના' કે 'યતના' શબ્દ ઘણો પ્રચલિત છે અને તેનો ખાસ અર્થ સમજાવવા માટે અનેક લેખકોએ તેમજ વિચારકોએ પ્રયાસ કરેલો છે. શ્રી 'દશવૈકાલિક સૂત્ર'માં એ શબ્દનો ખાસ પ્રયોગ કરીને એક ગાથાની યોજના શાસ્ત્રકારે કરી છે અને તે ગાથાને પોતાની અનોખી ઢબે સમજાવવાની તક સાધીને આપણા સદ્‌ગત વિચારક અને ફિલસુફ વા. મો. શાહે નીચે આપેલ નોંધ લખી હતી. ગહનમાં ગહન વસ્તુને બને તેટલી સરળ બનાવવાની તેમની પદ્ધતિ જૈન સમાજમાં ખૂબ જ જાણીતી છે. એ જ ગાથાનો અર્થ સમજાવવા માટે તેમણે એક બીજી તક પણ વર્ષો પહેલાં સાધી હતી. ઇ. સ. ૧૯૧૧ માં તેમણે તેમનાં પ્રિય સાપ્તાહિક 'જૈન સમાચાર'ના ગ્રાહકોને એક આધ્યાત્મિક 'રમકડાં' રૂપે ભેટ આપેલાં શ્રી દશવૈકાલિક સૂત્રમાં એ જ ગાથા-ઉપર વિચારપ્રેરક વિવેચન તેમણે લખ્યું હતું, જે પ્રસ્તુત નોંધને સમજવામાં મદદરૂપ થશે એમ સમજીને અહિં ઉતારી લેવાનું યોગ્ય ધાર્યું છે. આ રહ્યું એ વિવેચન :-

"આખા શાસ્ત્રનું રહસ્ય અથવા કહો કે ધર્મનું રહસ્ય જ આ એક ગાથામાં સમાઇ જાય છે. જે કાંઇ કરો તે જયણાપૂર્વક-આત્માને જાગતો રાખીને-કરો. ઇન્દ્રિયો કે મન પાછળ જ લક્ષ રાખીને કાંઇ કામ કરશો તો પાપકારી રસ્તે દોરવાઇ જશો અને ખુવાર થશો. આત્મા તરફ જ લક્ષ રાખીને-આત્માને જ લક્ષબિંદુ બનાવીને-દરેક કામથી ઇન્દ્રિયોને નહિ પણ આત્માને લાભાલાભ શું થશે એવા વિચારપૂર્વક-અપ્રમત્તપણે દરેક કામ કરવું. 'જયણા'નો અર્થ ઘણાં ખરા સાધુઓ માત્ર શરીરની બાબતમાં જ કાળજી રાખવા પૂરતો કરે છે એ મને ઠીક લાગતું નથી. શરીરને તેમજ મનને બન્નેને જાગ્રત રાખવામાં 'જયણા'નો સમાવેશ થાય છે. શરીરથી એટલે હાથ-પગાદિથી જયણા પાળવાનું લક્ષમાં રાખવું એ જો સાધુનો ધર્મ હોય તો મનથી એટલે આશય વિગેરેના વિચાર કરીને વત નારૂપે જયણા પાળવી એ વળી બહુ અગત્યનો અને ઉચ્ચ પ્રકારનો ધર્મ છે. અને તે ધર્મ ત્યાગી તેમજ ગૃહસ્થ બન્નેએ હરપળે-હરેક કામમાં-હરેક સંજોગોમાં અને બનતી મહેનતે પાળવા જેવો છે. મોઢે મુહપતી રાખવી એ સાધુ માટે વાણીની જયણા સારૂ જરૂરનું છે એમ સમજી કોઇ સાધુ બે ચાર કે બાવીશ મુહપત્તિ મુખે બાંધે અને પછી ભાષા કર્કશ, અસત્યમય, નિંદાયુક્ત, મલીન આશયવાળી કે હિંસાકારી બોલે તો એવા એક જૈન સાધુ કરતાં ખુલ્લે મોઢે બ્રહ્મચર્ય ના કરનારો હરકોઇ જૈનેતર સત્યવાદી કે પ્રિયવાદી પુરૂષ હજાર દરજ્જે ઉત્તમ અને પૂજ્ય છે. પુંજી પુંજીને પગલું ભરનાર અને એ પ્રમાણે ધર્યાસમિતિ સાથે ચાલીને છેવટે વ્યભિચાર માટે મુકરર કરેલ સ્થળે જતા એક નામધારી જૈન સાધુ કરતાં અન્યધર્મી બ્રહ્મચારી કે જે ચાલતાં હમેશા ઉંચી જ નજર રાખવાનો દોષ કરતો હોય તે હજાર દરજ્જે શ્રેષ્ઠ ગણાય. કહેવાની મતલબ કે આજે ઘણાખરા સાધુ બાહ્ય જયણા અથવા 'દ્રવ્ય જયણાનો દેખાવ કરવામાં ઘણા શૂરા થાય છે અને આંતર જયણા અથવા 'ભાવજયણા'નો તો કક્કો પણ જાણતા નથી. એમને ગુરૂ માનનારા બાળજીવો બિચારા નાહક પાપની ઊંડી ખાઇમાં જઇ પડે છે. સૌથી વધારે લક્ષ 'ભાવ' ઉપર આપવાનું છે, 'ભાવ' ઉત્તમ છે ત્યાં ભાવના ગુલામરૂપ 'દ્રવ્ય' તો આપોઆપ દોડી આવે છે. ભાવશુદ્ધિના પરિણામે દ્રવ્યશુદ્ધિ આવે, આવે ને આવે જ."*

સાથોસાથ એક બીજી વાત પણ કહી લેવી જરૂરની છે. એ જયણા શબ્દનો અર્થ સમજાવવા માટે એ વા. મો. શાહે તેમનાં લખાણોમાં જુદે જુદે સ્થળે જે વ્યાખ્યાઓ કે સમજુતીઓ આપી છે તેની વીણી કરીને આ નીચે એક સાથે રજુ કરવામાં આવે છે અને તે એવા આશયથી કે જયણાનું સાચું સ્વરૂપ સમજાવનારા પ્રસ્તુત લખાણને સમજવામાં એ અવતરણો વિશેષ કરીને મદદરૂપ નીવડશે.

આ રહ્યાં તે :—

(૧) 'સંબંધ માત્રનું સ્વરૂપ ડખાડું છે, પણ સબંધ માત્ર આપણી ઇચ્છા પૂછયા વગર આવી મળે છે; માટે 'સંબંધ'ને ધિક્કારવા કે ટાળવાથી કાંઇ દહાડો વળે નહિ, પણ ચોરના ગામમાં રાત્રી ગુજારવાનો પ્રસંગ આવી પડે તો જેવી કાળજીથી રાત્રી ગુજારાય છે તેવી કાળજી-પ્રમાદરહિતપણું-સાવધાની-જાગ્રતિ-પૂર્વક સંબંધ જાળવવા. આને જ જૈનશાસ્ત્રોએ 'ઉપયોગ' અથવા 'જયણા' (યતના) કહી છે.'

(૨) 'જૈન શાસ્ત્રોમાં 'યતના' (જયણા) શબ્દથી જે સ્થિતિ સૂચવવા ઇચ્છયું છે તે સ્થિતિએ જ 'ઉપયોગ', Attention, અપ્રમત્ત માનસ, Vigilence, સાવધાન દશા'

[જૈન દીક્ષા : પૃષ્ટ ૧૨૭]

(૩) 'સાધ્ય' અથવા 'નિશ્ચય સત્ય' તો હરેક ક્રિયામાં-સંસારક્રિયામાં તેમજ ધર્મક્રિયામાં-સ્વવિકાસ જ છે. સંસારક્રિયા અને ધર્મક્રિયામાં વસ્તુતઃ કાંઇ જ ભેદ નથી,-સિવાય કે પહેલી ક્રિયા તમારી ઇચ્છા હો યા ન હો તમારે માથે આવી પડી હોય છે, જ્યારે બીજી ક્રિયા તમે સ્વેચ્છાપૂર્વક અથવા પોતાની Will ના પ્રયત્નથી કરતા હો છો. બન્ને પ્રસંગમાં તમારૂં ધ્યેય તો સ્વવિકાસ જ હોવું જોઇએ. એ એક જ ધ્યેય-એ એક જ ઇશ્વર-એ એક જ પરમ સત્ય-એ એક જ શાસનનાયક દેવ-The only power that guides and controls your inner government ને વફાદાર રહ્યા તો સદા સર્વત્ર મુક્તિ જ છે. એ ધ્યેય તરફની વફાદારી એ જ સાચી 'ભક્તિ' અને એ જ ખરો 'ઉપયોગ' ! એ જ મહાવીરે શિખવેલી 'જયણા' ! બહારની ક્રિયાશીલતા કે અક્રિયતા, યુદ્ધ કે પ્રેમ, ધર્મ ક્રિયા કે વ્યવહાર ક્રિયા-જે કાંઇ કરવું પડે તે કરવાં જ-માત્ર મૂળને પકડીને-નિશ્ચય સત્ય તરફ દૃષ્ટિ ઠેરવીને-અંદરના બળને વિકસાવવાના ભાનપૂર્વક.'

(૪) સઘળું ઉચ્ચીકરણ 'જયણા'ને જ આભારી છે.

ત્રિ. વી. હેમાણી.

પ્રશ્નઃ-કહં चरे ? कहं चिठे ? कहं आसे ? कहं सए ?
कहं भुजन्तो भासन्तो पावं कम्मं न बन्धइ ?

કેવી રીતે ચાલવું, કેવી રીતે ઉભા રહેવું, કેવી રીતે બેસવું, કેવી રીતે સૂવું, કેવી રીતે ખાવું, કેવી રીતે બોલવું,—કે જેથી પાપકર્મ ન બંધાય ?

ઉત્તરઃ- जयं चरे, जयं चिठे, जयं आसे, जयं सए।
जयं भुजन्तो भासन्तो पावं कम्मं न बन्धइ ॥

જયણાએ (યતનાપૂર્વક) ચાલવું, જયણાએ ઉભા રહેવું, જયણાએ બેસવું, જયણાએ શયન કરવું, જયણાએ બોલવું, એમ કરવાથી પાપકર્મ બંધાશે નહિ.

આમ તો ક્રિયા માત્રમાં-પ્રવૃત્તિ માત્રમાં-જીવહિંસા સમાયલી છે જ, અને તેથી જૈન ન્યાયે, પાપ થવું જ જોઇએ. પણ શ્રી દશવૈકાલિક સૂત્ર કહે છે કે જયણાપૂર્વક, આત્મભાનપૂર્વક ક્રિયા થાય તો પાપ છે જ નહિ. 'પાપ' અને 'નહિ પાપ' એ બે વચ્ચે જયણાને મૂકી. સઘળો ભેદ જયણાનો છે. ત્યારે એ મહા અગત્યનું તત્વ-જયણા શું છે એ આપણે જોઇએ.

વિદ્યાર્થીને પ્રથમ સ્થૂલ અર્થમાં જયણા શિખવી છે, અને તે સંબંધમાં અમુક કસરતો કરાવી છે, જેનો હેતુ ચિત્તની એકાગ્રતા કરવાનો અને મનને સાવધાન આત્માની આજ્ઞા અમલમાં મૂકવાને માટે ગુલામની માફક તત્પર-બનાવવાનો છે. પછી, આધ્યા-

*શ્રી દશવૈકાલિક સૂત્ર [વા. મો. શાહ] પૃષ્ટ ૭૭-૭૮

ત્મિક અર્થમાં જયણા શિખવી છે. આ ક્રમ ખરેખર કુદરતી, હિતાવહ અને આવશ્યક છે.

સ્થૂલ અર્થમાં 'જયણા' શિખવવા માટે શિષ્યને ફરમાવ્યું કે બેસવાની ક્રિયા કરવી હોય તો પ્રથમ જમીન લક્ષપૂર્વક જો, પછી પોચો-સુંવાળો પદાર્થ ફેરવીને જીવજંતુ આસ્તેથી દૂર કર, પછી કપડું કે કાંઇ બીછાવીને બેસ વગેરે વગેરે. બોલવાની ક્રિયા કરવી હોય તો મોઢા આડું વસ્ત્ર રાખીને, અતિ ધીમા નહિ તેમ ઉંચા નહિ એવા અવાજે, કોઇને દુઃખ ન ઉપજે એવા શબ્દોમાં, અને તું જાણતો હોય તે જ વાત જરા કે ભેળસેળ કર્યા વગર અને જરાકે છુપાવ્યા વગર બોલ; ઇત્યાદિ ઇત્યાદિ. ભોજન લેવાને અંગે તો એક બે નહિ પણ બાવન 'નિયમ' જાળવવા ફરમાવ્યું છે.

સામાન્ય માણસને-ખાસ કરીને આ બુદ્ધિવાદના છીછરા જમાનામાં તો-આવા નિયમો હાસ્યજનક જ લાગે. પણ માનસશાસ્ત્ર જાણનાર સમજી શકે છે કે આવા સઘળા નિયમો મનને સાવધાન બનાવવા માટેની 'કસરત'ની ગરજ સારે છે. આ ક્રિયા વારંવાર થવાને પરિણામે જ્ઞાનતંતુઓ કાયમને માટે સાવધાન થાય છે અને જ્ઞાનતંતુની એ શક્તિથી માનસિક વિકાસ થાય છે. 'માનસશાસ્ત્રની રૂપરેખા' (Outlines of Psychology) નામનાં પુસ્તકમાં તેનો વિદ્વાન કર્તા રોઇસ કહે છે કે:—

"દરેક પ્રકારની માનસિક પ્રવૃત્તિઓના વિકાસ અને નિભાવનો આધાર જ્ઞાનેન્દ્રિયોના યોગ્ય અને સતત ઉપયોગ ઉપર રહેલો છે. ઉંચામાં ઉંચા અન્તર જીવનની ખીલવણીને જ્ઞાનેન્દ્રિયોની ખીલવણી સાથે ગાઢ સંબંધ છે."

એક બીજો વિદ્વાન હેડોક 'પાવર ઓફ વીલ' (Power of Will) નામના પુસ્તકમાં કહે છે કે:—

"ઇચ્છાશક્તિને વિકસાવવાનો પહેલો ઉપાય અવલોકન છે. આપણા મનને વસ્તુઓ જેવી હોય તેવી જોતાં, જેવી હોય તેવી સાંભળતાં અને જેવી હોય તેવી તેના ખરા સ્વરૂપે અનુભવતા આવડતું જોઇએ... સાવધ અને અસાવધ અથવા તો જાગ્રત અને અજાગ્રત નેત્રોવાળા લોકો આ જગતમાં એક સાથે પ્રવાસ કરતા હોય છે. પણ જ્યારે અસાવધ નેત્રોવાળો તેની આંખો સામે આવીને જેટલું અથડાય છે તેટલું જ જુએ છે, ત્યારે સાવધ નેત્રોવાળો આસપાસ પસાર થતી દરેક વસ્તુ અને પદાર્થ તરફ નજર ફેરવતો રહે છે. સાવધ નેત્રોવાળો સર્વ જ્ઞાનનું મૂળભૂત સાધન-અવલોકન અથવા તો નિરીક્ષણ-નો પુરો ઉપયોગ કરે છે.' 'જાણકાર માટે પહેલું શિક્ષાસૂત્ર છે-' નિરીક્ષણની કળા સાધો.' (જૈન પરિભાષામાં આને ઉપયોગ કહે છે.)"

"સદા સર્વદા અપ્રમાદ-જાગ્રત દશા-ઉપયોગ-એ જ એક લક્ષ્યકેન્દ્ર બનવું જોઇએ."

"સતત 'ઉપયોગ' એ નિશ્ચયશીલ આત્માનું પહેલું કાર્ય છે. નિશ્ચયશીલ આત્માએ જ્ઞાનેન્દ્રિયોના વ્યાપારોને પુરી બારીકાઇથી નિહાળવા એઇએ, અને તે ઉપર પોતાનો અંકુશ સ્થાપવો જોઇએ. દરેક ઇન્દ્રિયવ્યાપાર દરમિયાન ઉપયોગની-જયણાની-કદિ પણ ઉપેક્ષા થવી ન જોઇએ, પણ આ ઉપયોગ-આ જયણા-શેના માટે? એક જ હેતુ માટે-વિવેકપૂર્ણ નિશ્ચય ઉપર આવવાની તાકાત આપે એવી આત્મશક્તિ કેળવવા માટે. તો પછી સૌથી મહત્વનું સૂત્ર આ છે: હું અપ્રમત્ત બનવાનો-નિશ્ચયબળ આપતી આત્મશક્તિ સિદ્ધ કરવાનો-નિશ્ચય કરું છું."

પછી, એ જ દશવૈકાલિક સૂત્ર, બીજા જ શ્લોકમાં, આધ્યાત્મિક અર્થવાળી 'જયણા' સૂચવે છે. તે શ્લોક કહે છે: 'સર્વ ભૂતોને નિજ આત્મરૂપ સમજનારા, ભૂત માત્રને સમ્યક્ પ્રકારે જાણનારા, આશ્રવદ્વારને રોકયા છે જેણે એવા, તથા ઇન્દ્રિયદમન કર્યું છે જેણે એવા પુરુષને પાપકર્મ બંધાતું નથી.' /મતલબ કે, સર્વ ભૂતોને નિજ આત્મરૂપ સમજનારા ઇત્યાદિ 'લાયકાત' ધરાવતા પુરુષને આત્મિક જયણા વર્તે છે, અને તેથી તેને, હરકોઇ ક્રિયા કરવા છતાં, પાપ ચોંટતું નથી. અહીં 'પાપ' અને 'નહિ પાપ' વચ્ચે જ્ઞાનને મૂકયું. મતલબ કે જ્ઞાનીને 'પાપ' નથી. ઉપલા શ્લોક પછીના શ્લોકમાં 'જ્ઞાન'ની શક્તિ બતાવી છે. ત્યાં કહ્યું છે કે "પ્રથમ જ્ઞાન, અને તે પછી દયા." એથી 'સર્વસંયત' (સમ્પૂર્ણ મનોનિગ્રહ કરનાર) થવાય. અજ્ઞાની શું કરવાનો હતો? 'શ્રેય' અને 'પાપ' એનો ભેદ તે શું સમજી શકવાનો હતો?" પોતાની આધ્યાત્મિક ખાનદાનીના 'ભાન'પૂર્વક કરાતી-એવા જાણપણા સાથે કરાતી-ક્રિયા નિર્દોષ છે. અને અન્યત્ર જૈન શાસ્ત્રકારે જ કહ્યું છે:-

'સમંતદંશી ણ કરોતિ પાવં'।

"સમ્યક્ દર્શનવાળો પુરુષ 'પાપ' કરતો નથી," અર્થાત્ તેવો પુરુષ જે કાંઇ કરે તે 'પાપ'માં ગણાય નહિ-જેમ રાજા જે કાંઇ કરે તે 'ગુન્હા'માં ગણાય નહિ તેમ."

સદ્ગત **વાડીલાલ મોતીલાલ શાહ.**

"ધન હરે ધોખો ના હરે, એ ગુરુ કલ્યાણ શું કરે?"

'સંદેશ' પત્રે થોડાક દિવસો પર તંત્રીસ્થાનેથી જુદા જુદા ધર્મસંપ્રદાયોના આચાર્યો, મહંતો, સન્યાસીઓ વગેરેને અનુલક્ષતો એક મહત્વનો લેખ લખીને પ્રજાનું ધ્યાન તે પ્રત્યે ખેંચ્યું હતું. એ લેખનો મુદ્દાનો ભાગ ભાષાશુધ્ધિ પૂરતા ફેરફારો બાદ કરતાં અક્ષરશઃ અત્રે ઉતાર્યો છે: તા. ૧ લી જુલાઇના રોજ રથયાત્રાના મહાન ધાર્મિક પ્રસંગે અમદાવાદમાં ભયંકર હુલ્લડ ફાટી નીકળ્યું, કેટલાયે નિર્દોષ માણસોના જાન ગયા, કેટલાયે નિર્દોષ માણસો ઘવાયા, સેંકડો માણસોની માલમિલકતો લૂંટાઇ ગઇ, અને લોકો પારાવાર મુસ્કેલીમાં મૂકાઇ ગયા. હજારો માણસો ગભરાઇને અમદાવાદ છોડી ચાલ્યા ગયા, સેંકડો માણસો પોતાનાં મકાનો પરમેશ્વર અને સરકારને આશરે છોડી ગમે ત્યાં જઇ પડયાં. પણ આવા આપત્તિકાળમાં આપણા ધર્મના કોઇ પણ આચાર્ય, સંન્યાસી કે મહંતે-શાંતિકાળમાં હજારો સ્ત્રીપુરુષો જેઓને એક યા બીજા સ્વરૂપે ભજે છે, તેમની આજ્ઞાઓ માને છે, અને પોતાથી બનતી સેવા કરે છે, તે પૈકીના કોઇએ-પણ સંકટમાં સપડાયલાને હિંમત આવે, કે મદદ મળે તેવું એક પણ સક્રિય પગલું ભર્યું હોય એમ અમારા જાણ્યામાં આવ્યું નથી. આ મહાત્માઓ, આચાર્યો, મહંતો, સંન્યાસીઓ વગેરેનું અમે ખૂબ જ નમ્ર ભાવે ધ્યાન ખેંચીએ છીએ કે તમે હજારોના ગુરુઓ થવાનો દાવો કરો છો, પણ ખરો ગુરુ તો એ જ કહેવાય કે તેના આશ્રય નીચે જેઓ આવ્યા હોય તેમને તારી શકે, મદદ કરી શકે, તેમનું સંરક્ષણ કરી શકે. ખૂબ જ અફસોસની વાત છે કે આ બધા મહાત્માઓ પોતાની ગાદીના સંરક્ષણની, ગાદીનું હિત સાચવવાની, દ્રવ્ય મેળવવાની અને પોતાનું હિત સાચવવાની જેટલી ધગશ, જેટલી તમન્ના રાખે છે, તેના સોમા ભાગની ધગશ કે તમન્ના સંકટમાં પીડાતી પ્રજાને રક્ષણ આપવા માટે ભાગ્યે જ ધરાવતા જોવામાં આવે છે." અને લેખને અંતે એ પત્ર તેમને વિનવે છે કે, "આપત્તીકાળે આચાર્યોએ, મહંતોએ, સંન્યાસીઓએ, પોતાના મઠોમાં, મંદિરોમાં કે અખાડામાં ભરાઇ બેસવાને બદલે સંકટમાં સપડાયલા મનુષ્યો વચ્ચે ઘૂમી વળવું જોઇએ; તેમને રાહત મળે, તેમને આશ્વાસન મળે, તેમને બળ મળે, પ્રેરણા મળે તેવી રીતે તેમણે પોતાના જીવનનો સદુપયોગ કરતાં ને કરાવતાં શીખવું જોઇએ."

સઘળા સંતમહંતો, આચાર્યો, બાવાજીઓ અને સંન્યાસીઓને નિરપવાદ રીતે 'સંદેશ' પત્ર ઠપકારે છે એ હકીકત સૂચક છે. પણ અખો ભગત કેદા'ડાનો ગાઇ ગયો છે કે "ધન હરે, ધોખો ના હરે, એ ગુરુ કલ્યાણ શું કરે?" કલ્યાણ કરવાની આ 'ગુરુ'ઓમાં શક્તિ જ રહી નથી તેથી તો જે શિષ્ય થવા લાયક છે તેણે ગુરુને શિખામણ આપવી

શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ હસ્તક ચાલતું માનવ રાહત કેન્દ્ર

મુંબઇ શહેરમાં કોમી અથડામણ શરૂ થયાને આજે એક માસ થવા આવ્યો છે. આ અથડામણના ભણકારા વાગવા માંડયા તે દરમિયાન મુંબઇ શહેરમાં જુદી જુદી કોમો, મંડળો તેમજ સમાજે તરફથી–હિંદુ તેમજ મુસલમાન વર્ગો તરફથી–ભિન્ન ભિન્ન તરેહના રાહતકેન્દ્રોની યોજનાઓ હાથ ધરવામાં આવી હતી અને અનિષ્ટ ઘટનાઓની સાથે જ જુદે જુદે સ્થળે રાહત કેન્દ્રો ખોલવામાં આવ્યાં હતાં. આવાં કેન્દ્રોમાં કેટલાંક કોમી છે, કેટલાક સાંપ્રદાયિક છે, કેટલાક આખા હિંદુ સમાજ અથવા તો મુસલમાન સમાજને સર્વ સામાન્યપણે મદદ પહોંચાડવાના હેતુથી ખોલવામાં આવ્યા છે. જૈન સમાજ તરફથી આવાં બે કેન્દ્રો ખોલવામાં આવ્યાં છેઃ એક સ્થાનકવાસી સમાજ તરફથી મેઘજી થોભણ જૈન સ્થાનકમાં અને બીજું શ્વેતાંબર મૂર્તિપૂજક વિભાગ તરફથી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળની દેખરેખ અને વહીવટી જવાબદારી નીચે પાયધુની ઉપર આવેલા ગોડીજીના ઉપાશ્રયને લગતી જગ્યામાં ખોલવામાં આવેલ છે. આ બંને કેન્દ્રો જૈન સમાજના ભિન્ન ભિન્ન વિભાગો તરફથી યોજવામાં આવેલા છે એમ છતાં તે દ્વારા આપવામાં આવતી રાહતનો લાભ કક્ષા પણ જરૂરતમંદ સિવાય સર્વ જૈનોને આપવામાં આવે છે.

ગોડીજીની જગ્યામાં ચલાવવામાં આવતા માનવ રાહત કેન્દ્રની શરૂઆત તો વસ્તુતઃ કલકત્તાથી ભાગી આવતા જૈનોને મુંબઇમાં રહેવા તથા ખાવાપીવાની ગોઠવણ કરી આપવાના હેતુથી થયેલી. અને તે માટે ગયા પર્યુષણ દરમિયાન શ્વે. મૂ. વિભાગના કેટલાક જૈન આગેવાનોની એક માનવ રાહતસમિતિ ઉભી કરવામાં આવેલી. આ સમિતિએ એક બાજુએ કલકત્તાથી આવતા કુટુંબોને તેમજ મુંબઇમાં પણ એવું કોઇક થવા પામે તો તેને પહોંચી વળવા માટે જરૂરી ફંડ એકઠું કરવાની શરૂઆત કરી જેમાં આજ સુધીમાં રૂા. ૬૮૦૦૦ ભરાયા છે અને બીજી બાજુએ ગોડીજીની જગ્યામાં માનવ રાહત કેન્દ્રને ગતિમાન કરવાનું કામ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળને સોંપવામાં આવ્યું. એવામાં મુંબઇમાં પણ કોમી રમખાણની શરૂઆત થઇ ગઇ અને તત્કાળમાં જ ઉભું કરવામાં આવેલ માનવ રાહતકેન્દ્રના માથે પુષ્કળ જવાબદારી ભર્યું કામ આવી પડયું. ભયગ્રસ્ત વિસ્તારોમાં ફસાયલા જૈન કુટુંબોને લઇ આવવા અને તેઓ બીજે વ્યવસ્થા ન કરી લે ત્યાં સુધી તેમને રહેવા તેમજ ખાવાપીવાની સગવડ કરી આપવી તે માટે મોટું રસોડું ચલાવવું તથા નોકર ચાકરની ગોઠવણ કરવી–આ બધા કામમાં સ્વયંસેવક મંડળના કાર્યકર્તાઓ રોકાઇ ગયા. આખા કાર્યની મુખ્ય જવાબદારી સ્વયંસેવકોના કેપ્ટન શ્રી. હીરાલાલ કાળીદાસે ઉપાડી લીધી. રસોડાની વ્યવસ્થાની જવાબદારી શ્રી. દલપતભાઇ ભુખણદાસે લઇ લીધી. આ માનવ રાહત કેન્દ્ર આજ સુધી પોતાનું કાર્ય સુંદર રીતે બજાવ્યે જાય છે. એક વખત આ કેન્દ્રમાં નાનાં મોટાં મળીને ૫૫ ભાઇ બહેનો આવીને વસ્યાં હતાં. આજે પણ ૨૫ ભાઇ બહેનો આ કેન્દ્રનો ચાલુ લાભ લઇ રહ્યા છે. આ ઉપરાંત બહારગામ જનારા લોકોને સ્ટેશને પહોંચાડવાનું, જરૂર હોય તેમને ટીકીટો કઢાવી આપવાનું તેમજ પરચુરણ મદદ કરવાનું કામ પણ આ કેન્દ્ર તરફથી જ કરવામાં આવે છે. રાહતની અપેક્ષા ધરાવતા લોકોને લાવવા લઇ જવા માટે એક બસ રાખવામાં આવી છે. આ સંબંધમાં જેને જેને રાહતની કે એવા જ કોઇ કાર્યની અપેક્ષા હોય તેમણે ટે. નં. **૨૨૧૫૬** અથવા તો **૨૧૯૭૩** ઉપર જણાવવું એમ જાહેર કરવામાં આવ્યું છે. (કાંદાવાડી ખાતે સ્થાનકવાસી વિભાગ તરફથી ચાલતા રાહત કેન્દ્ર માટે ટેલીફોન નંબર **૨૩૪૬૬** છે.) આ માનવ રાહત કેન્દ્રનો માત્ર જૈનો જ લાભ લે છે એમ નથી, પણ કોઇ પણ અગવડમાં આવી પડેલા ભાઇ બહેનોને રાહત પહોંચાડવાની તેમ જ તેમના ખાવા પીવાની પણ તત્કાળ વ્યવસ્થા કરવામાં આવે છે. આવું સેવાનું કાર્ય આટલું સુંદર રીતે તેમજ વ્યવસ્થિતપણે ચલાવવા માટે મુંબઇ જૈન સ્વયંસેવક મંડળને ખુબ ધન્યવાદ ઘટે છે. કોઇ પણ અગવડ, આફત કે સંકટના પ્રસંગે જૈન સમાજ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ સામે મીટ માંડે છે અને જૈન સ્વયંસેવક મંડળ દરેક પ્રસંગે જોઇતી સેવા, રાહત અને મદદ સર્વપ્રકારનું જોખમ ખેડીને હંમેશાં આપતું આવ્યું છે અને તે પણ કેવળ કોમી ભાવના કે કોમી સાંકડાપણાના ખ્યાલથી નહિ. વિશાળ ભાવનાપૂર્વક જે સમીપ હોય તેની કક્ષા પણ ભેદભાવ વિના સેવા કરવી અને રાષ્ટ્રીય મહાસભા જ્યારે પણ જે કામ માટે બોલાવે તે માટે હાજર રહેવું–એ મુંબઇ જૈન સ્વયંસેવક મંડળની હંમેશાની નીતિ અને કાર્યપદ્ધતિ છે અને આને માટે એ સંસ્થાના પ્રમુખ અને પ્રણેતા રાષ્ટ્રસેવક શ્રી મણિલાલ જેમલ શેઠ ઓછા યશભાગી નથી. આજે પણ આ માનવ રાહતકેન્દ્ર એટલી જ તકેદારીથી કામ કરી રહ્યું છે. આવતી આફતોમાં આ આપણું એક મોટું અવલંબન છે. તે જૈન સમાજનો સર્વ પ્રકારના સહકારનું અધિકારી છે.

પરમાનંદ.

પડે તેવી સ્થિતિ ઊભી થઇ છે. આવું મફતનું ખાઇને તગડા થનારને–વખત આવ્યે ઊભી પૂંછડીએ પલાયન થનારને–સમાજ હજી પોષી રહ્યો છે એ પણ ઓછા દુઃખની વાત નથી. સમાજે હવે વિચાર કરીને પોતાનો સાચો ધર્મ શોધવો રહ્યો છે. જ્યાં સુધી એમ નહિ થાય ત્યાં સુધી નકલી ધર્મો સમાજમાં નભ્યા કરશે. આપત્તિકાળે સાચા ધર્મીઓ કેમ વરતી જાણે તેના દાખલા શ્રી રવિશંકર મહારાજ અને મુનિશ્રી સંતબાલજીએ પૂરા પાડયા છે. જાનની પરવા કર્યા વગર તેમણે દુખિયાંને આશ્વાસન આપ્યું છે, ભયભીતને હિંમત આપી છે, નિરાધારોનાં આંસુ લૂંછયાં છે ને ભાઇભાઇ વચ્ચે સળગી ઊઠેલી ખૂનખાર આગમાં મૂંગા સેવાકાર્યનું જળ છાંટયું છે. એનું નામ તે ધર્મ. એને બદલે કહેવાતા ધર્મવાળાઓ એવું બોલતા સંભળાયા છે કે "અમે સંસારીઓની બાબતોમાં જીવ ન ઘાલીએ." અરે, સાંભળ્યું છે તે સાચું હોય તો ઉદ્ધવ સંપ્રદાયના એક જાણીતા સમૃદ્ધ મંદિરે રખેને મંદિર પર હુલ્લડખોરોનું કટક આવશે એ બીકે એમાં આશ્રય લેવા દોડયા આવનારાઓને હાંકી કાઢી ત્રણ દહાડા લગી દરવાજા વાસી રાખ્યા હતા! આવાં મંદિરો ને તેમાં પડયા રહેતા ધર્મનું મોંમાથું યે નહીં સમજનારા તગડાઓને લોકોએ હવે ખ્યાલ કરવાનું માંડી વાળવું જોઇએ. નકલી ધર્મની ઉપાસના બંધ થાય, એનો આદર થતો અટકે એ શુદ્ધ ધર્મ કને પહોંચવાનું પ્રથમ પગથિયું છે. ("પ્રજાબંધુ"માંથી સાભાર ઉધ્ધૃત.)

સંયુકત જૈન વિદ્યાર્થીગૃહનો ફાળો

૨૭૦૦૦) 'પ્રબુદ્ધ જૈન'ના ૧૫–૮–૪૬ ના અંકમાં આપેલી વિગત મુજબ
૩૦૦૦) શ્રી. લાલચંદ હીરાચંદ
૧૦૦૦) ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૧૦૦૦) ,, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ
૧૦૦૦) ,, ચંદુલાલ વર્ધમાન શાહ
૧૦૦૦) ,, ચંદુલાલ સારાભાઇ મોદી
૧૦૦૦) ,, હીરાલાલ અમૃતલાલ શાહ
૧૦૦૧) ,, ભોગીલાલ લહેરચંદ ઝવેરી
૧૦૦૧) ,, ચુનીલાલ ભાઇચંદ મહેતા
૧૦૦૦) ,, કાન્તિલાલ ભોગીલાલની કું.
૧૦૦૧) ,, હેમચંદ મોહનલાલની કું.
૧૦૦૧) એક શુભેચ્છક હા. રમણીકલાલ એમ. શાહ
૧૦૦૦) શ્રી. શાંતિલાલ મગનલાલ શાહ

સંઘની વિવિધ પ્રવૃત્તિઓને દ્રવ્યસીંચન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ મારફત ચાલતી વિવિધ પ્રવૃત્તિઓને પર્યુષણ દરમિયાન મળેલ આર્થિક મદદની યાદી નીચે આપવામાં આવે છે અને આ રીતે મદદરૂપ બનેલા ભાઇબહેનોનો આભાર માનવામાં આવે છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

પર્યુષણ વ્યાખ્યાનમાળા

(વસુલ થયેલી રકમો)

૧૦૧ શ્રી. પોપટલાલ ગીરધરલાલ
૧૦૧ ,, મણિલાલ મોહનલાલ ઝવેરી
૬૦ ,, કેશવલાલભાઇ માણસાવાળા—ચાર દિવસના લાઉડસ્પીકર માટે
૫૧ ,, જેઠાલાલ રામજીભાઇ
૫૧ ,, ગીરધરભાઇ જેસિંગભાઇ ઝવેરી
૫૧ ,, ચીમનલાલ પી. શાહ
૫૧ ,, ગુલાબબહેન છોટાલાલ શાહ
૨૫ ,, ચંદુલાલ મણિલાલ શાહ
૨૫ ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૫ ,, મુળચંદભાઇ હીરજી

૫૨૧

(મળેલ વચન)

૫૦ શ્રી. સુમતિચંદ્ર શિવજીભાઇ

વૈદ્યકીય રાહત

(વસુલ થયેલી રકમ)

૧૨૫ શ્રી. એક ભાઇ તરફથી (ઉધરાણામાં આવેલા)
૧૦૦ શ્રી. પ્રેમચંદભાઇ વેલજી
૫૧ ,, માણેકબહેન ચીમનલાલ શેઠ
૫૧ ,, ગુલાબબહેન છોટાલાલ શાહ
૨૫ ,, મોહનલાલ નગીનદાસ જરીવાળા
૨૫ ,, ગાંગજી માંડણ એન્ડ કું.
૧૧ ,, ગંભીરલાલ ચુનિલાલ ડગલી
૧૦ એક ગૃહસ્થ તરફથી

૩૯૮

(મળેલ વચન)

૫૧ શ્રી. મણિલાલ હીરાલાલ શાહ
હા. શ્રી. તારાચંદભાઇ

માવજત સાધન

૧૫ શ્રી. વાડીલાલ ચુનિલાલના માળા તરફથી

સંઘના નિભાવ ખર્ચમાં

(વસુલ થયેલી રકમો)

૧૦૦ શ્રી. પ્રેમચંદ માણેકચંદ શાહ
૫૧ ,, જેઠાલાલ રામજીભાઇ
૫૦ ,, માણેકબહેન નગીનદાસ શેઠ
૬ ,, કપુરચંદ માધવજી
૫ ,, મણિલાલ નાનચંદ મહેતા

૨૧૨

આર્થિક રાહત

૧૦૧ કુમારી સરલાબહેન મંછુભાઇ
૧૦૦ શ્રી. મહાવીર પ્રીન્ટીંગ વર્કસ
હા. શ્રી લક્ષ્મીચંદભાઇ ટોળીઆ
૫૧ શ્રી ચંદુલાલ મણિલાલ શાહ
૫૧ શ્રી નથુભાઇ નેમીદાસ પારેખ
૫૧ ,, નગીનદાસ પોપટલાલ શાહ
૨૫ ,, મણીલાલ ગુલાબચંદ શેઠ પ્રતાપ કું. વાળા તરફથી
(તેમના ભાણેજ શ્રી. નટવરલાલના અઠ્ઠાઇ પ્રસંગે)
૨૫ શ્રી. કપુરચંદ મુલજી અભાણી
(તેમના પત્નિની તપસ્યા પ્રસંગે)
૧૫ ,, રંભાબહેન ગાંધી
૧૧ ,, દીપચંદ કેશરીમલ શાહ

૪૩૦

પ્રબુદ્ધ જૈન

૨૫ શ્રી નથુભાઇ નેમીદાસ પારેખ

શ્રી કાકાસાહેબ ષષ્ટિપૂર્તિ સન્માન સમારંભ

૧૦૧ શ્રી નથુભાઇ નેમીદાસ પારેખ

શ્રી. મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય

(વસુલ થયેલી રકમો)

૧૦૧ શ્રી. અમૃતલાલ જેસંગલાલ
૧૦૦ ,, ચીમનલાલ પી. શાહ
૧૦૦ ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી
૧૦૦ ,, ચંદનબહેન ડાહ્યાભાઇ
૧૦૦ ,, જેઠાલાલ રામજીભાઇ
૧૦૦ ,, ભોળાભાઇ જેસંગલાલ દલાલ
૫૧ ,, મણીબહેન અમીચંદ શાહ
૫૧ ,, વિન્ધ્યાબહેન દુર્લભજી પરીખ
૫૧ ,, મોંઘીબહેન હીરાલાલ શાહ
૫૦ ,, શાન્તિલાલ પોપટલાલ શાહ
૫૦ ,, ગીરધરલાલ જેસંગભાઇ ઝવેરી
૫૦ ,, પોપટલાલ ગીરધરલાલ
૫૦ ,, ગુલાબબહેન છોટાલાલ
૭૫ ,, વલ્લભદાસ પ્રેમચંદ મહેતા
૫૦ ,, છોટાલાલ વમળચંદ શ્રોફ
૫૦ ,, ખીમજી માંડણ ભુજપરીઆ
૨૫ ,, મંગળદાસ ગોપાળદાસ પારેખ
૨૫ ,, જયચંદલાલ માધવલાલ
૨૫ ,, હીમ્મતલાલ મણીયાર
૨૫ ,, પાસુભાઇ ખીઅસી ફુરીઆ
૨૫ ,, બાપાલાલ કેશવલાલ શાહ
૨૫ ,, અંબાલાલ લલ્લુભાઇ પારેખ
૨૫ ,, છબીલદાસ બી. પારેખ
૨૫ ,, જીવરાજ ભાણજીની કું.
૨૫ ,, રસિકલાલ લાલભાઇ વકીલ
૨૫ ,, અરૂણા સુમતિચંદ્ર શાહ
૨૫ શ્રી પ્રભાવતી જીવણદાસ શાહ
૨૫ ,, લક્ષ્મીબેન કાન્તિલાલ ઝવેરી
૨૫ ,, વિમળાબહેન ઝવેરી
૨૫ ,, કુમુદબહેન શાંતિભાઇ શેઠ
૨૫ ,, જયાબહેન મણિલાલ દુર્લભજી
૨૫ ,, મણિબેન શિવલાલ શાહ
૨૫ ,, ચંદુલાલ ભીમાભાઇ શાહ
૨૫ ,, ઇન્દિરાબેન પદમશી ઝવેરચંદ
૨૫ ,, મનુભાઇ ગુલાબચંદ કાપડીઆ
૨૫ ,, મોહનલાલ નગીનદાસ જરીવાળા
૨૫ ,, ચંદુલાલ મણિલાલ શાહ
૨૫ ,, લીલાધર પાસુ
૨૫ ,, ચત્રભુજ નાગરદાસ ડગલી
૨૫ ,, નાનચંદભાઇ શામજી શાહ
૨૫ ,, નથુભાઇ નેમીદાસ પારેખ
૧૧ ,, ખુશાલદાસ જગજીવનદાસ
૧૦ ,, રંભાબહેન ગાંધી
૫ ,, જયંતિલાલ નેમચંદ મહેતા

૧૭૮૦

(મળેલાં વચનો)

૧૦૦ શ્રી. સુમતીચંદ્ર શિવજીભાઇ
૧૦૦ ,, અમૃતલાલ સોમચંદની કું.
૧૦૦ ,, પોપટલાલ ભોગીલાલ શાહ
૧૦૦ ,, ભીખાભાઇ ભુદરભાઇ કોઠારી
૫૦ ,, ગોવિંદજી ભારમલની કું.
૫૦ ,, મોહનલાલ આર. પરીખ
૫૦ ,, રસિકલાલ માણેકલાલ પ્રેમચંદ (અમદાવાદ)
૫૦ ,, તારાબહેન માણેકલાલ પ્રેમચંદ
૫૦ ,, ચીમનલાલ એમ. પરીખ
૫૦ ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૦ ,, વનમાળીદાસ ગુલાબચંદ
૫૦ ,, સારાભાઇ
૫૦ ,, લીલાવતીબહેન દેવીદાસ
૫૦ ,, હીંમતલાલ મોતીચંદ કાપડીઆ
૨૫ ,, ગોકળદાસ મગનલાલ શાહ
૨૫ ,, મણિલાલ હીરાલાલ શાહ
૨૫ ,, વોરા બ્રધર્સ
૨૫ ,, નવીનચંદ્ર હેમચંદ અમરચંદ
૨૫ ,, બંસી એન્ડ કું.
૨૫ ,, કસ્તુરભાઇ ઝવેરી
૨૫ ,, કાળીદાસ રતનચંદ
૨૫ ,, મેનાબહેન નરોત્તમદાસ શેઠ

૧૧૦૦

જીંદગી સુખી બનાવવાનો ફીલોસોફી

સુપ્રસિદ્ધ લેખક શ્રી. બર્નાર્ડ શો પોતાની ૯૦ મી વર્ષ ગાંઠના દિવસે જગતને સંદેશો આપતાં જણાવે છે કે :—

"The way to have a happy life is to be busy doing what you like all the time and having left to consider whether you are happy or not."

"જીંદગી સુખમાં ગાળવાનો રસ્તો એ છે કે તમને જે ગમતું હોય તેવા કામમાં એવા ગુંથાઈ જવું કે તમે સુખી છો કે નહિ તેનો વિચાર કરવા જેટલો પણ વખત ન મળે."

મૃતદેહ વિસર્જન અને સ્મશાન સંસ્કરણ

થોડા સમય પહેલાં રાજકોટના જાણીતા ચિત્રકાર શ્રી છોટાલાલ તેજપાળે સ્મશાન સુધારાને લગતું કેટલુંક સાહિત્ય મોકલ્યું હતું જેમાં રાજકોટમાં તેમના પ્રયાસ અને પ્રચારદ્વારા અગ્નિ સંસ્કારની જે સુઘડ અને સોંઘી વ્યવસ્થા (ક્રેમેટોરિયમ) કરવામાં આવી છે તેનો તેમણે ખ્યાલ આપ્યો છે અને સ્મશાન સુધારાની અગત્ય વિષે તેમણે જાહેર જનતાનું ખાસ ધ્યાન ખેંચ્યું છે.

પશ્ચિમના સંસર્ગથી તેમજ આત્મઅવલોકનથી આપણા ચાલુ જીવનની અનેક બાજુઓમાં આજે જાતજાતની સુધારણા થઈ રહી છે. આપણી રીતભાત અને ગૃહવ્યવસ્થામાં પણ અનેક કષ્ટ સુધારાઓ થઈ રહ્યા છે. સામાજિક રૂઢિઓ તેમજ જીવનપદ્ધતિ પણ વિવિધ પ્રકારનું સંસ્કરણ પામી રહી છે. જુની ઢબની સુવાવડના સ્થાને આજે વૈજ્ઞાનિક ખ્યાલોપૂર્વકની નવી ઢબની પ્રસૂતિક્રિયા સર્વત્ર સ્વીકારાઈ રહી છે. લગ્ન સમારંભના ઘાટઘુટ પણ બદલાઇ રહ્યા છે. જુના વખતમાં હાથમાં નાગની તરવાર ધારણ કરીને તરેહવાર રીતે શણગારાયલો વરરાજા સાજન માજન સાથે ઘોડા ઉપર ચઢીને પરણવા જતો હતો. આજનો યુવક સાદા પોશાકમાં સજ્જ થઈને પગે ચાલતો પરણવા જાય છે. જુની લગ્નવિધિનું સ્થાન આજે સીવીલ મેરેજ પદ્ધતિ લઇ રહી છે. લાજ કાઢવાનો રીવાજ ભૂતકાળની એક હકીકત જેવો બનતો જાય છે. પોષાક પણ પલટાતો ચલ્યો છે. ગૃહ રચનામાં કેટકેટલા ફેરફાર થઈ રહ્યા છે. પાટલે બેસીને જમનારા ખુરશી ટેબલ ઉપર જમવા લાગ્યા છે. નાહી મુંગટો પહેરીને જમવા બેસવાની અને જમતી વખતે છુંતાછુત જાળવવાની પ્રથાના અસ્તિત્વને આજની નવ પ્રજા લગભગ ભુલી જવા આવી છે. આમ આપણા જીવનની અનેક દિશાએ અને અનેક બાજુએ પાર વિનાના ફેરફારો થઈ રહ્યા છે. માત્ર નથી ફેરફાર થયો આપણી મૃત દેહને લગતી રીત રસમમાં. જ્યારે કોઇ સ્વજનનું મૃત્યું થાય છે ત્યારે તેના કુટુંબીજનો એકત્ર થઈને પોક્કેપોક મુકીને રડે છે. ત્યાર બાદ વાંસ વળી વગેરે સામગ્રી લાવીને શબવાહિની એટલે કે નનામી તૈયાર કરવામાં આવે છે. મૃત દેહને તેની ઉપર ગોઠવી, સફેદ વસ્ત્રથી ઢાંકીને સુતર અને કાથાથી બાંધવામાં આવે છે. અને સગાં સંબંધીઓ તે નનામીને પોતાની કાંધ ઉપર ઉપાડીને સ્મશાને પહોંચાડે છે. આ સ્મશાન એટલે ગામને છેડે આવેલો અને જ્યાં ત્યાં અગ્નિસંસ્કારની રાખના ઢગલા પડયા હોય એવી ઉજ્જડ, પડતર અને કેટલાક ઠેકાણે વાડ કે દીવાલથી મર્યાદિત કરવામાં આવેલી જમીનનો ધૃણા અને જુગુપ્સા ઉપજાવતો નાનો સરખો ટુકડો. આ સ્મશાનભૂમિ ઉપર નનામી લાવ્યા બાદ લાકડા લાવીને અમુક સ્થળે ગોઠવવામાં આવે છે અને તે ઉપર શબને ગોઠવીને અગ્નિ ચેતાવવામાં આવે છે. ત્રણેક કલાકમાં લાકડા સાથે શબ બળીને ભસ્મીભૂત થાય છે એટલે સ્વજનો સ્મશાનમાં નાહી કરીને ઘેર આવે છે. આ છે આપણી જુના કાળની મૃતદેહ વિસર્જન વ્યવસ્થા. આ વ્યવસ્થામાં આજે ચોતરફ પલટાતી દુનિયા અને પલટાતા આપણા સર્વ જીવન વ્યવહાર વચ્ચે હજુ સુધી લેશ માત્ર ફેરફાર થયો નથી એ ભારે આશ્ચર્યજનક છે. મરણ પાછળની રોકકળ પ્રમાણમાં ઓછી થઇ છે. આ સિવાય બીજી બાબતો હજુ એમની એમ જ ચાલે છે. આપણી ચાલુ રીતભાતને ઉત્તરોત્તર સંસ્કારી બનાવવાનો આપણો આગ્રહ મરણ પ્રસંગે કેમ સદન્તર લુપ્ત થઈ જાય છે અને બહારની દુનિયા આપણને જંગલી ગણે એવા સમગ્ર વ્યવહારને આપણે કેમ વળગી રહ્યા છીએ એ સમજાતું નથી.

જેવી રીતે આપણા ચાલુ જીવનના અનેક અંગ—ઉપાંગો વિકસી રહ્યા છે અને તેમાં સંસ્કારિતાની માત્રા વધતી રહી છે તેવી જ રીતે મૃતદેહ વિસર્જનને લગતી આપણી સર્વ ક્રિયા–પ્રક્રિયા મૌલિક સંસ્કરણની અપેક્ષા રાખે છે. જેવી રીતે ભિન્ન ભિન્ન સંસ્કૃતિ ધરાવતી ભિન્ન ભિન્ન પ્રજાના સંપર્કમાં આવવાના પરિણામે તેમના જીવનવ્યવહારમાં રહેલા અનેક સદંશો આપણા જીવનમાં દાખલ કરીને આપણું જીવન વધારે ને વધારે સુઘડ અને સંસ્કારી બનાવવાનો આપણે પ્રયત્ન સેવી રહ્યા છીએ તેવી જ રીતે મૃતદેહ વિસર્જનને લગતી ભિન્ન ભિન્ન સમાજની પ્રથાઓમાંથી આપણને ઘણું અમલમાં મૂકવા જેવું મળી શકે તેમ છે. સૌથી પ્રથમ તો મરણપ્રસંગે હિંદુ સમાજમાં થતી રોકકળ આપણે એકદમ બંધ કરવી જોઇએ. સ્વજનના મૃત્યુને અંગે થતા શોક અને તેને લીધે નીપજતા સ્વાભાવિક રૂદનને કોઇ અટકાવી શકતું નથી. પણ મૃત્યુ પ્રસંગે આપણે ત્યાં જે ઔપચારિક રૂદન અને રોકકળની પ્રથા કંઇ કાળથી ચાલી રહી છે તે તો એકદમ નાબુદ કરવી જ જોઇએ. મૃતદેહને નનામીમાં બાંધીને કાંધ ઉપર લઇ જવાની પ્રથા પણ નવું સંસ્કરણ માંગી રહી છે. નનામીને બદલે બે પૈડાની અવસાન ગાડી ઉપર વ્યવસ્થિત રીતે શબને ગોઠવીને, તેને શ્વેત વસ્ત્રથી ઢાંકીને, પુલપાનથી આચ્છાદિત કરીને શાન્તિપૂર્વક સ્મશાન તરફ લઇ જવાની પ્રથા કેટલાક સ્થળોએ શરૂ થઈ છે તે ખરેખર આદરયોગ્ય અને અનુકરણ કરવા લાયક છે. દરેક નાના મોટા શહેરમાં જરૂરિયાત પ્રમાણે આવી ગાડીઓ તૈયાર રાખી શકાય. નનામી કરતાં આવી ગાડીમાં લઇ જવાથી પ્રમાણમાં ખર્ચ પણ ઓછો આવવા સંભવ છે. આવી ગાડીની પ્રથા શરૂ કરવાની મોટા શહેરોમાં તો અસાધારણ આવશ્યકતા ઉભી થઇ છે. ઘણી વખત મોટા શહેરોમાં શબને દૂર સુધી લઇ જવા માટે પુરતા માણસો પણ મળતા નથી. ગાડી તો બે જણા પણ ખેંચી લઇ જઈ શકે છે. વળી શબને નનાનીમાં બાંધીને સગાં સંબંધીઓ જે રીતે દોડાદોડ કરતાં લબડધક્કે સ્મશાને પહોંચાડે છે તેની અપેક્ષાએ સ્વજન મંડળી આવી અવસાન ગાડીને પુલપાનથી શણગારીને શાન્તિપૂર્વક કે ભજન ગાતાં ગાતાં લઇ જાય એ કેટલું ભવ્ય અને મૃત માનવી પ્રત્યે કેટલો બધો આદર ભાવ દાખવતું દૃશ્ય છે તેનો ખ્યાલ નવી પ્રથાના અમલને નજરે નિહાળનાર કોઇને પણ સહેજે આવી શકે તેમ છે. આ અવસાન ગાડી બે પ્રકારે બનાવી શકાય. બે પૈડા ઉપર મૃતદેહ ગોઠવી શકાય એવી સ્ટેચર જેવી વ્યવસ્થા કરવામાં આવે અથવા તો પૈડા ઉપર મૃતદેહ સમાઇ શકે તેવી લાંબી પેટી ગોઠવવામાં આવે. આવી પેઢીઓ હોય તો બીજો પણ ઘણો ખર્ચ બચી શકે.

આવી જ રીતે સ્મશાનના દીદાર પણ હવે બદલવા જોઇએ. ક્રીસ્તી લોકોની સીમેટ્રી, પારસીનું દખ્મુ અને મુસલમાનનું કબ્રસ્તાન–આ ત્રણે સ્થળો રમ્ય, ગંભીર અને આત્માને શાન્તિ આપનારા હોય છે, જ્યારે હિંદુનું સ્મશાનસ્થળ કેવળ જુગુપ્સા ઉપજાવે તેવું અને ક્ષુબ્ધ ચિત્તની અશાન્તિમાં અને બેચેનીમાં વૃદ્ધિ કરે તેવું હોય છે. સ્મશાનની હિંદુ સમાજની કલ્પના પણ આવી જ છે. આ સ્મશાનની કલ્પના મૂળમાંથી બદલવાની હવે જરૂર છે. સ્મશાને આવનારને સાધારણ રીતે બે ત્રણ કલાક ગાળવા પડે છે. આ સ્થળની રચના એવી હોવી જોઇએ કે જ્યાં આવીને માણસ શાન્તિ અને સ્વસ્થતા અનુભવે, અને સ્વજનના મૃત્યુએ ઉપજાવેલી વ્યાકુળતામાં કાંઇક ઘટાડો થાય. સુંદર બગીચો એ સ્મશાનની એક અનિવાર્ય આવશ્યકતા લેખાવી જોઇએ; બધાંને આરામથી બેસવાની પુરી અનુકુળતા મળે એવી સગવડ ત્યાં હોવી જોઇએ; દરેક સ્મશાનમાં એક સારૂ પુસ્તકાલય હોવું જોઇએ. ગરમ ઠંડા પાણીએ નાવા ધોવાની પુરી સગવડ હોવી જોઇએ.

હવે આપણી અગ્નિ સંસ્કારની પ્રથાનો વિચાર કરીએ. કોઇ સમાજ મૃતદેહને દાટે છે, કોઇ સમાજ તેને ઉંડા કુવામાં ગોઠવે

છે. આપણો હિંદુ સમાજ મૃતદેહનો અગ્નિ સંસ્કાર કરે છે. અગ્નિ સંસ્કારની પ્રથા અન્ય સર્વ પ્રથાઓ કરતાં બધી રીતે ઉત્તમ અને અનુકરણયોગ્ય સિધ્ધ થઇ છે. વળી આ પ્રથાને લીધે બહુ મોટી જમીન રોકવી પડતી નથી. મૃતદેહમાં રહેલાં અશુચિ તત્વો અગ્નિ-સંસ્કારને લીધે તુરત જ નાશ પામે છે. આ રીતે અગ્નિ સંસ્કારની પ્રથા સામે કશું કહેવાનું નથી. પણ આજની અગ્નિ સંસ્કારની પધ્ધતિમાં ઘણા સુધારાને અવકાશ છે. ઇલેકટ્રીસીટીથી મૃતદેહને ભસ્મીભૂત કરવાની સગવડ થઇ શકતી હોય તો તે ઉત્તમ ગણાય. પણ તે સગવડ બહુ ખરચાળ હોઇને હજુ વ્યવહાર બની શકે તેમ નથી. આને બદલે રાજકોટમાં જે પધ્ધતિ અખત્યાર કરવામાં આવી છે તે પધ્ધતિ સરળતાથી અમલમાં મુકી શકાય તેમ છે. રાજકોટના સ્મશાનગૃહમાં બે ક્રીમેશન ચેંબર્સ એટલે કે અગ્નિદાહ આપવાની બે નાની કોટડીઓ તૈયાર કરવામાં આવી છે. અને એ કોટડીમાં રેલના પાટા ઉપર જઇ શકે એવી ચાર પૈડા વાળી સાત ફુટ લાંબી અને ચાર ફુટ પહોળી નાના ખુલ્લા વેગન જેવી બે મોટી સગડીઓ બનાવવામાં આવી છે કોટડીમાં રાખ એકઠી કરવા માટે નીચે ખાડો કરવામાં આવ્યો છે. અને ધુમાડાના નીકાલ માટે ઉપરના ભાગમાં ચીમની બાંધવામાં આવી છે. બળતણ અને શબ સગડીમાં મુકવા બાદ તેને રેલના પાટા ઉપર પેલી કોટડીમાં લઇ જવામાં આવે છે. પછી કોટડીનો દરવાજો બંધ થાય છે જેથી ચિતાનો દેખાવ નજરે જોવો પડતો નથી તેમજ શબને વાંસથી આમ તેમ હેર ફેરવવું કે વીંખવું પડતું નથી. વળી આવી રીતના અગ્નિદાહથી વખતનો તેમજ બળતણનો પણ ઘણો બચાવ થાય છે. આવી વ્યવસ્થા વડે આપણી આજની જંગલી જેવી દેખાતી અગ્નિદાહની પધ્ધતિ વધારે સુઘડ, સભ્ય અને કરકસરવાળી બનાવી શકાય છે.

આવા અનેક સ્મશાન સુધારાઓ તાત્કાલિક અમલની અપેક્ષા ધરાવે છે. એમ છતાં પણ આ દિશાએ હજુ સુધી સુધારાના કક્ષા પણ પગલાં કેમ ભરાતાં નથી? આ બાબતમાં સદીઓજુની પધ્ધતિ આજે પણ એમની એમ કેમ ચાલ્યા કરે છે? આનું કારણ એ છે કે કુટુંબ જીવનમાં કોઇ પણ સ્વજનના મૃત્યુનો પ્રસંગ બહુજ આળો હોય છે. આ પ્રસંગે જેમ ચાલતું આવ્યું છે તે મુજબ જ બધી ક્રિયાઓ થવી જોઇએ એવો આગ્રહ વાતાવરણમાં વ્યાપેલો હોય છે. આ પ્રસંગ ઉપર સ્વાભાવિક રીતે વડીલ જનોનું આધિપત્ય હોય છે અને તેઓ ચાલુ રીતરસમમાં લેશ માત્ર ફેરફાર કરવાની વાત સાંભળવાને જરા પણ તૈયાર હોતા નથી. પ્રસંગના અત્યન્ત સુકુમારપણાને લીધે ચાલુ રૂઢિમાં જરા પણ ફેરફાર સૂચવવાની કોઇ સાધારણ રીતે હીંમત ધરતું નથી. વાતાવરણમાં ગ્લાનિ સાથે રખેને આમને બદલે તેમ કરવાથી આપણું કાંઇક અનિષ્ટ થઇ જશે એવો વહેમ અને ભીતિ પણ વ્યાપેલાં હોય છે. આવાં અનેક કારણોને લીધે કુટુંબમાં મૃત્યુની ઘટના સાથે જોડાયલી રીતરસમમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવાનું કામ ઘણું જ મુશ્કેલ બને છે. આ પ્રસંગ ઉપર સ્થિતિ-સ્થુરતતાની પકડ અત્યન્ત મજબુત હોય છે. બીજું સ્મશાન વૈરાગ્ય માફક સ્મશાન સુધારા વિષેની આતુરતા પણ ક્ષણુજીવી હોય છે. સ્મશાને જવાનો પ્રસંગ આવે ત્યારે આવું બધું ખ્યાલ ઉપર આવે છે અને બીજે જ દિવસે આ બધું વિસરાઇ જાય છે. આને લીધે આપણા ચાલુ જીવન સાથે આ બાબત ઘનિષ્ટ સંબંધ ધરાવતી હોવા છતાં તેમાં કશો પણ સુધારો થવા પામતો નથી.

પણ આમ હવે ચાલવા દેવું જ ન જોઇએ. આ બાબતમાં જરૂરી સુધારાઓનો જલ્દિથી અમલ કરવા માટે આપણુ સર્વેએ મક્કમતા કેળવવી જોઇએ અને પ્રસંગ આવ્યે આપણે ત્યાંથીજ આવા સુધારાઓની બને તેટલી શરૂઆત કરવાનો આપણે આગ્રહ રાખવો જોઇએ. આવી બાબતમાં આમ જ થશે અને આમ નહિ થાય એવી દૃઢતાપૂર્વક કહેનાર અને પોતાની વાતને વળગી રહેનાર આગેવાન કુટુંબીજન જ નવી પ્રથા નિર્માણ કરી શકે છે. એમ કરતાં વડિલોને ખોટું લગાડવાનું જોખમ પણ ખેડવું જ રહ્યું. એવી દૃઢતાવડે જ આવા નાજુક પ્રસંગોએ ઇષ્ટ ફેરફારો નીપજાવી શકાય છે. અને કોઇ પણ કાળ કરતાં આજના કાળમાં મૃતદેહની વ્યવસ્થાને લગતા ઉપર જણાવેલ અનેકવિધ સુધારાઓની ખાસ આવશ્યકતા ઉભી થઇ છે. કારણ કે આપણા જીવનમાંની મહત્વના ફેરફારો પામેલી બીજી બાજુઓ સાથે આ કાળજુની અને અનેક રીતે જંગલી દેખાતી પ્રથાનો હવે કોઇ મેળ રહ્યો નથી. જેમ આજનું પ્રસૂતિગૃહ તેમ જ આજનું સ્મશાનગૃહ નવનિર્માણ પામતી સંસ્કૃતિનું અને વૈજ્ઞાનિક દૃષ્ટિનું પ્રતીક બનવું જોઇએ. જ્યાં આપણા નિકટના સ્વજનને અન્તિમ વિદાય આપવા આપણે જઇએ છીએ તે સ્થળમાં એ ગંભીર પ્રસંગને અનુરૂપ ભવ્યતાનો ભાસ થવો જોઇએ. જેવી રીતે અન્ય સામાજિક સંસ્થાઓનો વિચાર કરવામાં આવે છે અને તેમને સંસ્કારવા પાછળ વિપુલ દ્રવ્યનો વ્યય કરવામાં આવે છે તેવી જ રીતે મૃતદેહ વિસર્જન માનવી જીવનનો અતિ અગત્યનો પ્રસંગ લેખાવો જોઇએ અને સ્મશાન સંસ્થાને પણ એટલું જ સામાજિક મહત્વ અપાવું જોઇએ અને એ ઉભયને જરૂરી સંસ્કાર આપવા માટે આપણુ સર્વેએ કૃતનિશ્ચય બનવું જોઇએ.

આ લેખની શરૂઆતમાં જેમના વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે ભાઇશ્રી છોટાલાલ તેજપાલ આ બાબતમાં એક મીશનરીની નિષ્ઠાથી અને તીવ્રતાથી વર્ષો થયાં પોતાની રીતે કાર્ય કરી રહ્યા છે અને પત્રિકાઓ, લેખો તેમ જ ભાષણો દ્વારા અન્તિમ ક્રિયાની આમૂલ સુધારણાના મહત્વ અને અગત્ય વિષે સમગ્ર હિંદુ જનતાનું સતત ધ્યાન ખેંચી રહ્યા છે. સદ્‌ભાગ્યે તેમના પ્રયત્નના પરિણામે રાજકોટમાં અવસાન ગાડી અને ક્રીમેશન ચેંબર્સની વ્યવસ્થા શરૂ થઇ છે અને તેનો ઉપયોગ થવા માંડયો છે એમ છતાં પણ આ બાબતમાં હજુ જે ઉદાસીનતા, નિષ્ક્રિયતા એટલું જ નહિ પણ નાફેરવાદનો આગ્રહ સર્વત્ર વ્યાપેલો જોવામાં આવે છે તે ધ્યાનમાં લેતાં ભાઇ છોટાલાલ તેજપાલનો પોકાર હજુ મોટે ભાગે અરણ્યરૂદન જેવો પરિણામશૂન્ય ભાસે છે. એમ છતાં પણ તેઓ પોતાના પ્રચારકાર્યને એકસરખી ધગશથી આગળ ધપાવ્યે જાય છે તે માટે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. અવસાન ગાડી અને ક્રીમેશન ચેંબર્સના પ્રચાર પાછળ આપણી આજની મૃતદેહ વિસર્જન સંબંધમાં રૂઢ બનેલી જંગલી અને જુનવાણી પ્રથાને નાબુદ કરવાનો જ માત્ર આશય છે એમ નથી, પણ એ દ્વારા સામાન્ય સ્થિતિના કુટુંબીજનોને આવા પ્રસંગે જરૂરી રાહત, સરળતા અને સગવડ કરી આપવાનો પણ આશય રહેલો છે. વળી જે દેહ દ્વારા જેને આપણા સ્વજન તરીકે જાણ્યો, માણ્યો અને પીછાણ્યો તે સ્વજનના દેહની અન્તિમ ક્રિયાઓ સર્વ પ્રકારે સુરુચિયુકત અને વિદેહ સ્વજન પ્રત્યેના આપણા સ્નેહાદરને યોગ્ય રીતે પ્રતિબિંબિત કરે એવી ગંભીર અને ભવ્ય હોવી જોઇએ. આવાં અનેક કારણસર સ્મશાન સુધારાનો આ ચિરઉપેક્ષિત પ્રશ્ન સમાજસુધારકોએ હવે તત્કાળ હાથ ઉપર લેવો જોઇએ અને પોતાને ત્યાં પ્રસંગ આવતાં આવી બાબતમાં બને તેટલી પહેલ કરીને આવા વિચાર ધરાવતા છતાં નબળા મનના અન્ય સાધારણ સ્થિતિના માનવીઓનો માર્ગ સરળ કરી આપવો જોઇએ.

પરમાનંદ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૭–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૨

મુંબઈ: ૧૫ ઑક્ટોબર ૧૯૪૬ મંગળવાર.

લવાજમ
રૂપિયા ૪

ભલો મારો મા'તમો ગાંધી !

(ગયા પખવાડીઆ દરમિઆન હિંદભરમાં ગાંધીજીની જન્મજયંતી ઉજવવામાં આવી. ગાંધીજીની અપાર સેવાઓ અને લોકોત્તર આત્મવિભૂતિઓને કોઈપણ એક લેખદ્વારા શબ્દારૂઢ કરવાનું કાર્ય અશકય છે. એ મહાપુરૂષની સમગ્ર જીવન ચર્યાનો જેમ જેમ વિચાર કરીએ છીએ તેમ તેમ આપણા અન્તરમાં એ પરમ આત્માની ભવ્યતા વિષે વધારે ને વધારે વિસ્મય, આદર અને ભક્તિની ઉર્મિઓ સ્ફુરાયમાન થાય છે, આપણી વાણી મૂક બને છે અને આપણો આત્મા એ જગત્ વન્દ્ય મહાત્માને અનેક વન્દન કરીને કૃતાર્થતા અનુભવે છે. અને એમના ચિરાયુષ અને સંપૂર્ણ આરોગ્યની વિશ્વવિધાતાને પ્રાર્થના કરે છે. તેમના જન્મદિન નિમિત્તે રચાયેલ અને ગુજરાત સમાચારમાં પ્રગટ થએલ કાવ્ય સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે અને નીચે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

પૂતળીબાઇનો પુત્તર પેલો, કસ્તૂરબાનો કંથ
કબા કાકાનો કીકલો, જેણે ઝાલ્યો સતનો પંથ
સાચો તાર સતનો સાંધી
મચ્યો મારો મા'તમો ગાંધી,
ખાળી એલ્યા ખોબલે આંધી
ભલો મારો મા'તમો ગાંધી.

ભણી ગણીને સા'બ થયો ને હાલ્યો દરિયાપાર,
આફ્રિકામાં આંખ્યું મીંચી ઉતરીઓ જે વાર.
ખુચ્યાં ડગલે ડગલે ઘાતાં તાતા અપમાનનાં ઘાતાં—સાચો. ૧
કાળા લોકની આવતી એવે ગૌરાંગોને ગંધ,
ફર્સ્ટ કલાસની મુસાફરીયે હિંદીયું માટે બંધ!
દેખી રંગ-દ્વેષના કીડા વ્યાપી અંગે અંગમાં પીડાં—સાચો. ૨
સત્યાગ્રહનો ઝાલી સહારો, એણે ઉઠાવ્યું શિર,
પાશવતાનો સામે ઝઝુમ્યો, થઇને એકલવીર,
જ્યાં જ્યાં જોઇ ભેદની બાજી, રહ્યો વીર ગાંધીડો ગાજી—સાચો. ૩
વંલાતમાં ગયો વતું કરાવવા, વાળંદ કેરે ઘેર,
ગોરા ગાંયજે નન્નો વાસ્યો, પછે થઇ શી પેર?
કાપ્યા નિજ કેશને હાથે, ફર્યો પછી ફાંકડે માથે—સાચો. ૪
ટોલસટોય ને ગોખલે ગરૂ, પાયાં પ્રેરણાં નીર,
રાજચંદરે રામ જગાડયો, પરખી પરની પીડ,
ચઢયું પછી ગાલ્લું ચીલે, બંધાણો દેશને ખીલે—સાચો. ૫
ચૌદની સાલમાં ચૌદશીઆએ, ચોમેર નાખ્યા દોર,
દેશ આખાને દોહી ખાતા, ધેળા દનના ચોર,
દેખી એના દલમાં દાવા, ભભૂકીઓ ખેદનો લાવા—સાચો. ૬
સત્-અહિંસા સાજ સજીને સાબર કેરે તીર,
ઠાવકા થઇને થાણું નાખ્યું, નીચોવી હૈયાનાં હીર
પરાર્થે અંગને તાવ્યું, ગુલામીનું ભાનં કરાવ્યું—સાચો. ૭
ચંપારણ ને ખેડા જેવા ખેલીને સંગ્રામ,
બારડોલીમાં બાખડયો ત્યારે એ જ દીધો પેગામ,
યુગોની ઉંઘ ઉરાડી, ડોસો પછે દોડીઓ દાંડી—સાચો. ૮
મીઠા વણના માનવીઓ ને મીઠા બોલા લોક,
સહુનાં અંતર જીતી લીધાં ગોરાએ પાડી પોક;
'જાદુગર દીસતો ડોસો, એને ઝટ જેલમાં ખોસો'—સાચો. ૯
મોંલ્લે, મોંલ્લે મીઠાં પકાવ્યાં, કીધો કાયદો ભંગ,
જેલનાં તોતીંગ બારણાં પૂરી, કાંબકે રાખ્યો રંગ,
વધેરાયાં શ્રીફળ લીલાં જુલ્મીઓના ટાંટીયા ઢીલા—સાચો. ૧૦
હાય હળાહળ ઝેરના જેણે પીધ છલોછલ જામ,
દેશને કાજે લેશ ન લીધો, એક પળે આરામ,
માતાની તોડવા બેડી, લીધી એણે કપરી કેડી—સાચો. ૧૧
ગોળ ગોળ અલ્યા ગોળમેજીમાં એમરી તન્ના છાપ,
ફેરવતો હોય હિંદીઓને ચર્ચિલ ચિરૂટ છાપ,
નાખી ઝટ ઢોલકી તોડી, ટોરીઓની પોલને ખોલી—સાચો. ૧૨
સત્-અહિંસાનાં સાધન ધારી, બાધડા'થી ભીડી બાથ,
ચાલીસ કોટિના નગ્ન ફકીરે, થકવ્યો દલ્લી-નાથ,
હાલ્યા સામરાજના પાયા, વાયુ રામરાજના વાયા—સાચો. ૧૩
જાવ, 'ચલેજાવ' 'ઓશિયા છોડો' જાગ્યો ચોમેર તાદ,
સતીયો બોલ્યો સાબદો થઇને, દેશે ઝીલ્યો સાદ,
ફરી પાછી જેલને ગોળી, નાખ્યો આખા દેશને ડોળી—સાચો. ૧૪
પાશવતાયે પાસમાં જેની, અંતે હારી હામ,
કાલના કેદી હલવે આજે દેશ આખાની લગામ,
અલ્યા બધી ગાંધીના લીલા, પાડયા જેણે નવલા ચીલા—સાચો. ૧૫
મડામાંયે જેણે મંતર ફૂંકી જગવી આતમ જ્યોત,
ગાંધીવાદમાં ગાંઠીઆ કીધા, લોક બન્યું ઓતપ્રોત,
ઝીલી એની પડતી વાણી, થયાં સહુ પાણી પાણી—સાચો. ૧૬
'સબમેં મેરા લગતા' કીધું, ભાષણ, ભાષા, ભાર,
વૈદક, ધરના ઉદ્યોગમાં ને, જ્યાં ત્યાં તે તૈયાર,
પળે નવ નવરો બેસે, લેવો નથી આરામ લેશે—સાચો. ૧૭
અહિંસાનો અવતારી તોયે, દંડ તણો દોરતાર,
જ્યાં ત્યાં જોડે બકરી રાખે, એક બીજી ઘડીયાળ,
નથી બીજી સાથમાં મુડી, બાકી 'નરસૈયાની હુંડી'—સાચો. ૧૮
હરિનાં જનને હૈડે ચાંપ્યાં, પૂર્યા સમાજમાં પ્રાણ,
'હાયે તે સાથે' પાઠ પઢાવી, તારીયું દેશનું વા'ણ,
વીતાવી રજની કાળી, દીધો આખો દેશ ઉજાળી—સાચો. ૧૯
અંતર એને એક જ આશા, કયારે ભારત ભોમ,
દુનિયાનો દાદો થઇ બેસે, મેળવી, ખોયું જોમ
કયારે સાવ સંસ્કૃતિ ટોચે, ભોળું માર ભારત પહોંચે—સાચો. ૨૦
સ્વારથની સંસ્કૃતિમાં રાચે, પશ્ચિમ કેરા લોક,
પૂરવની સંસ્કૃતિ ત્યાગી, એમ વધ્યો પુણ્યશ્લોક,
જીવી જાણ્યું જીવન ત્યાગી, બન્યો સારા વિશ્વનો રાગી—સાચો. ૨૧
ચાર આનાનો સભ્ય નહિ ને દેશ તણો શિરતાજ,
દિલે દિલમાં જઇને બેઠો, કરવા અમ્મર રાજ,
જુગ જુગ જીવજે બાપુ, બીજી કયી આશિષ આપું?—સાચો. ૨૨
ધન ધન તારી જનની કેરી ઉજાળી તેં કુખ,
આઝાદીના દ્વારે લાવી, દેશનાં ટાળ્યાં દુઃખ,
સાચો તાર સતૂનો સાંધી,
મચ્યો મારો મા'તમો ગાંધી;
ખાળી જેણે બોબલે આંધી,
ભલો મારો મા'તમો ગાંધી.

ઇસ્લામ અને જગતના સન્તો

(મોસ્લેમ લીગની માનવતાદ્રોહી અને રાષ્ટ્ર વિઘાતક તથા કોમી ઝેરવેરને વધારતી નીતિએ ઇસ્લામની ઉદાત્તતા વિષે જ્યારે જનતાના દિલમાં ભારે આશંકા પેદા કીધી છે ત્યારે આજથી પાંચ વર્ષ પહેલાંની 'શ્રી મુંબઇ જૈન યુવક સંઘ'–પ્રયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં મૌલવી મકબુલ અહમદે 'ઇસ્લામ અને જગતના સન્તો' એ વિષય ઉપર આપેલા વ્યાખ્યાનનો નીચે આપેલો સાર ઇસ્લામધર્મમાં રહેલી ભવ્ય ઉદાત્તતા અને મોસ્લેમ લીગની આત્યન્તિક સંકીર્ણતા વચ્ચે રહેલું આસમાન જમીન જેટલું અન્તર સ્પષ્ટ કરવામાં બહુ મદદરૂપ થશે એવી આશા રાખવામાં આવે છે. મુસલમાન કોમના મોટા ભાગના માનસમાં મોસ્લેમ લીગે પોતાના એકધારા પ્રચારકાર્યથી ઉપજાવેલ ભયંકર વિકૃતિ આખરે ઉભાલા થરની છે અને હિંદુ અને મુસલમાન એવા જુદા જુદા નામથી ઓળખાતી વ્યક્તિઓમાં એકજ આત્મા વસે છે અને એકસરખી માનવતાનું ઝરણું વહે છે એ આજના ગમે તેવા પ્રચંડ ઝંઝાવાત વચ્ચે પણ આપણે કદિ ન ભુલીએ અને આપણે આજે જે માર્ગે જઇ રહ્યા છીએ અને હિંદુસ્થાન આખાનું જે નવનિર્માણ કરી રહ્યા છીએ તે પાછળ હિંદુ મુસલમાન સર્વ કોઇનું એક સરખું કલ્યાણ કરવાની આપણી બુધ્ધિ અને નિષ્ઠા છે, તો તે બાબતની પ્રતીતિ આજે વિકૃતિ પ્રમત્ત બનેલા મુસલમાન ભાઇઓના દિલમાં કાળાન્તરે થયા વિના નહિ જ રહે એવી આપણે શ્રદ્ધા રાખીએ. અને આ શ્રદ્ધા અને ધૈરણને અનુરૂપ આપણું સર્વ વર્તન અને મનનું વળણ કેળવતા રહીએ. આપણી શ્રધ્ધાની કસોટી કરતા આજના વિષમ સંયોગોમાં આ શ્રધ્ધા અને સમભાવ એજ સાચો રાહ છે અને આજ આપણે સર્વ માટે તરણોપાય છે. આ આપણે કદિ ન વિસરીએ. 'પરમાનંદ')

"મિત્રો!

તમારી પાસે હું ઇસ્લામ અને જગતના સન્તો વિષે બોલવા ઇચ્છું છું. હિંદુ સન્તો, મુસ્લીમ સન્તો કે ખ્રીસ્તી સન્તો વચ્ચે હું કશો ભેદ દેખતો નથી કે સ્વીકારતો નથી. કેમ કે સન્તો કોઇ એક કોમના નથી. સન્તો ન તો હિન્દુ, ન તો મુસ્લીમ, ન તો જૈન છે. તેઓ તો સર્વ કોમના અને સર્વ ધર્મના છે. જો સન્તોમાં એવા ભેદ હોય તો તેઓ સન્તો શાના? સન્તો વિષે આવું દૃષ્ટિબિન્દુ હિન્દુઓનું છે અને તેવું જ દૃષ્ટિબિન્દુ ઇસ્લામનું છે. આ બાબત ભારપૂર્વક જણાવવા હું અહિં ઉપસ્થિત થયો છું. મુસ્લીમો વિષે આજે ઘણી ગેરસમજુતી ફેલાઇ રહી છે. મુસલમાની નામે આજે અનેક ઝગડા થઇ રહ્યા છે. પણ એ ખરી મુસલમાની નથી. મેં અલીગઢ કોલેજ છોડીને જ્યારે જમીયા મીલીયા મા કુરાનનો અભ્યાસ કર્યો ત્યારે મને સમજાયું કે ઇસ્લામ શું ચીજ છે? સાચો મુસ્લીમ કેને કહેવો? હિંદુઓને ગાળો દેવી અને તેમના મંદિરોપર નફરત કરવી તેમાં મુસ્લીમપણું નથી. કુરાનમાં સ્પષ્ટ આદેશ છે કે દરેક દેશમાં અને દરેક કોમમાં નબીઓ–સંતો પેદા થાય છે, અને દરેક મુસલમાનને તેને માન આપવાની ફરજ છે. અને એકને પણ માન ન આપે તે સાચો મુસ્લીમ નથી.

બધી સચ્ચાઇનું મુળ એક છે. ધર્મ તો બિરાદરી અને એકતા વધારવાનું સ્થાન હોવું જોઇએ છતાં આજે તેને નામે ગળા કાપવાનું કેમ થાય છે? તેનું કારણ ધર્મના સાચા જુસ્સાનો અને સાચી સમજણનો અભાવ છે, ધર્મ તો ગંદકી સાફ કરવાનું પાણી છે. પણ ઘરની આગ બુઝાવવા માટે આવેલ પાણીમાં આગ લાગી છે. ધર્મ જેવી પવિત્ર ચીજ ઉપર આજે ઝઘડા થઇ રહ્યા છે. ધર્મને નામે અનેક પાખંડો થઇ રહ્યા છે, તેથી જ ધર્મને નાબુદ કરવાની રશિયામાં પ્રવૃત્તિ થઇ રહી છે. પણ ધર્મનો હેતુ એક આત્માને નેકી માર્ગ ઉપર ચલાવીને પરમાત્માને પ્રાપ્ત કરાવવાનો છે. દુનિયાને શાન્ત માર્ગે ચલાવવાનો છે. જગતના સંતોનો આજ આદેશ છે. અંધારી રાતમાં આ સંતો રોશનીનું કામ કરે છે. પગમાં ચાલવાની તાકાત હોય અને રસ્તો પણ હોય પણ પ્રકાશ ન હોય ત્યાં કયાં ચાલીએ? કયાં જઇએ? આ રસ્તા ઉપર પ્રકાશ પાથરવાનું કામ સંતોનું છે, નબીઓનું છે. તમે જેને ઋષિ કહો છો તેને અમે નબી કહીએ છીએ.

મહાવીરસ્વામી, શ્રીકૃષ્ણ, રામચન્દ્ર, બુદ્ધ જેવા પેગંબરોની હિફાજત ન કરે તે સાચો મુસ્લીમ નથી, એ કુરાનનો આદેશ છે. જે મુસ્લીમભાઇઓએ કુરાન ઉપર વિચાર કર્યો નથી તેઓ આ સમજતા નથી, મહાવીરસ્વામી કે રામચન્દ્રજી કે કૃષ્ણ અરબસ્તાનમાંથી આવે અને અરબ્બી ભાષામાં જ બોલે તો જ મુસ્લીમો તેમને માને એવું કેમ હોઇ શકે? મંદિરો કે મૂર્તિની નિંદા કરવાની કુરાનમાં સાફ મના છે. કેમકે ખુદા તો એક છે. કોઇ તેને એક સ્વરૂપે માને અને કોઇ બીજા સ્વરૂપે માને તેથી ખુદામાં ફરક પડી જતો નથી. કુરાને કહ્યું છે કે તમને દુશ્મનાવટ હોય તેની સાથે પ્રેમ કરો એ કુરાનનો આદેશ છે. પણ આ આદેશ ભૂલીને મંદિરો અને પાસેના વાજાં માટે ઝઘડા ઉભા કરીને હિંદુસ્તાનની શરાફીને વગોવીએ છીએ. ઇસ્લામ એ આંતરરાષ્ટ્રીય વસ્તુ છે, તે કોઇ કુંડાળામાં કે કોઇ ભેદમાં માનતું જ નથી. પાકીસ્તાન એ ઇસ્લામના જુરસાથી, ઇસ્લામના આદેશોથી વિરૂધ્ધ છે. મુસ્લીમ છોકરાં રામની જય બોલે તો તેમાં શું ઉધું થઇ જાય છે? તેમાં નુકશાન શું થઇ ગયું? રામ જેવા પવિત્ર અને પરાક્રમશાળી માણુસની જય બોલાવે તેમાં શું બાંધો? અથવા રામચંદ્ર ખુદાનું નામ ગણીને તેનો જય પોકારે તો તેમાં શું બાંધો આવી ગયો? આમાં ઇસ્લામના આદેશને કશો બાધ નથી આવતો. લેંધા કે તુર્કીટોપીમાંજ સંત કે મહાપુરૂષ દુનિયામાં આવે એવો કાંઇ નિયમ ઓછો છે?

મહમદપેગંબર સાહેબે પોતાના જીવનમાં જગતના બીજા સંતો અને મહાપુરૂષોની માફક ઘણી તપસ્યા કરી છે. ઘણી લડાઇઓ તેઓ લડયા છે, પણ તેમણે હાથે કદી કોઇની કતલ નથી કરી. તેમણે ઝેર પણ એક વખત પી લીધું હતું. જગતની ઝાઝામાં ઝાઝી સેવા કરવી તેમાં જ સાચી ઇન્સાનીયત છે એ તેમણે પોતાના જીવનદ્વારા બતાવ્યું છે. કુરાનની દ્વારા તેમણે ત્યાગનો બોધ આપ્યો છે, હિંસાનો નહિ. મક્કાની યાત્રાએ જનાર જુ ને પણ મારી શકતો નથી એ ઉપરથી તમે જોઇ શકશો કે મુસ્લીમ ધર્મનું લક્ષ્ય તો અહિંસા ઉપર છે. મહાત્મા ગાંધી, અબુબકર અને ઉમર નો દાખલો લેવાનો મુસ્લીમોને બોધ આપે છે.

આજે જે બરાબરી, સમાજવાદની હિમાયત કરવામાં આવે છે, તેનો ઇસ્લામમાં મૂળથી બોધ છે. મહાવીરસ્વામીએ, બુધ્ધે, કૃષ્ણે અને મહમદપેગંબરે માનવજાતને માટે જે ઇન્સાનીયતનો આદર્શ મૂકયો છે તે એક જ છે, તેમાં ભેદ નથી. તેમણે માનવજાત માટે તપનો, ત્યાગનો, ભોગનો અને સેવાનો સમાન આદર્શ બધાને માટે બેસાડયો છે. હિંસાનો, સત્તાનો ક્ષણિક વિજય ભલે થાય પણ સનાતન ચીજ તો પ્રેમની, સેવાની અને અહિંસાની છે, જે બધા સંતોએ બોધી છે. પછી તે મુસ્લીમ હો, જૈન હો કે બૌધ્ધ હો."

— પ્રાર્થના —

પ્રાર્થના એ બુધ્ધિનો વ્યાયામ નથી કે નથી વાણીનો વિલાસ; નથી ભાડુતી કવાયત કે નથી અર્થહીન હૃદયનો ક્ષણિક ઉભરો કે આવેશ. તે તો હૃદયની તીવ્ર તમન્ના છે, અંતરની ખરી લગની છે, જીવાત્માની એના પ્રાણપ્યારા પરમાત્મા માટેની કુદરતી વિવ્હળતા છે. અંતરની તીવ્ર તાલાવેલી, હૈયાની ઉગ્ર લગની કે અંતરઆત્માની એકદીલી-ન્યોછાવરી એજ સાચી પ્રાર્થના છે–પછી તે સશબ્દ હો કે નિઃશબ્દ હો! પ્રાર્થનાથી અંતરજમ્યા મેલ ધોવાઇ હૃદય શુદ્ધ બને છે. પ્રાર્થના પાપ ધોવાનું પરમ તીર્થ છે. એનાથી માનવી આધ્યાત્મિક જીવનમાં અને સાચી માનવતાની દિશામાં ઉંચે ચડતો જાય છે. અને ક્રમેક્રમે આત્મસ્વરૂપને સમજતો બને છે. પ્રાર્થનાદ્વારા માનવી પરમાત્માને પહોંચવાના ઉત્કટ માર્ગે અલૌકિક આનંદથી ગતિમાન થાય છે.

— ચુનિલાલ કામદાર

સંઘ સમાચાર

રાહત પ્રવૃત્તિ

સંઘ તરફથી ચાલતી રાહતપ્રવૃતિના બે પ્રકાર છે. એક આર્થિક અને બીજી વૈદ્યકીય, આર્થિક રાહત મોટા ભાગે માસિક મદદો દ્વારા આપવામાં આવે છે અને તે મદદોનો ક્રમ દર છ છ મહીના માટે નક્કી કરવામાં આવે છે. આ રીતે છેલ્લો ક્રમ દીવાળી-સુધીનો નક્કી કરવામાં આવ્યો હતો. આજે અપાતી આવી માસિક મદદોનો લાભ લગભગ ૫૧ જૈન કુટુંબો લે છે અને દર મહીને રૂ. ૫૦૦ લગભગ વહેંચવામાં આવે છે. છેલ્લા મહીનાઓ દરમિ-યાન આ ખાતામાં થતી આર્થિક પૂરવણી બહુ જ કમી થતી જતી હતી અને દીવાળી સુધીની જવાબદારીને પહોંચી વળતાં આ ખાતામાં બહુ ઓછી સીલક રહે તેમ છે એમ માલુમ પડવાથી તા. ૫-૧૦-૪૬ શનિવારના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવકસંઘની કાર્યવાહક સમિતિએ આ ચાલુ માસિક જવાબદારીવાળી આર્થિક રાહત પ્રવૃત્તિ બંધ કરવાનો ઠરાવ કર્યો છે. આના પરિણામે આ ખાતામાં જે કાંઇ રકમ સીલક રહેશે તેનો જૈન કુટુંબોને તત્કાળ રાહત આપવામાં ઉપયોગ કરવામાં આવશે. બીજી બાજુએ વૈદ્યકીય રાહતની પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવે છે. આ રાહત ત્રણ રીતે આપવામાં આવે છે. કુટુંબમાં કોઇ માંદુ પડયું હોય અને તેની સારવાર માટે જરૂરી દ્રવ્યમાં થોડી ઘણી પુરવણી કરવી; દવાઓ તથા ઇન્જેકશનો પુરાં પાડવાં; ડાકટરી મદદની શકય હોય તેટલી ગોઠવણ કરી આપવી. આ સંબંધમાં પ્રબુદ્ધ-જૈનમાં અવારનવાર જાહેરાત કરવામાં આવી છે. આવી મદદની અપેક્ષા ધરાવનારે સંઘ તરફથી નિમાયલી રાહત સમિતિના કોઇ પણ સભ્યને મળવું અથવા તો સંઘના કાર્યાલયમાં તપાસ કરવી. સંઘના સભ્યોએ પણ આ બાબતમાં ચોતરફ તકેદારી રાખીને જ્યાં જ્યાં મદદની જરૂર લાગે ત્યાં ત્યાં આ ગોઠવણ વિષે તે તે કુટુંબનું ખાસ ધ્યાન ખેંચવું અને તેને જરૂરી મદદ મેળવી આપવામાં બને તેટલી મદદરૂપ બનવું. અલબત્ત આ વૈદ્યકીય રાહતનો કાર્ય પ્રદેશ જૈન સમાજ પુરતો છે એ સૌ કોઇએ ધ્યાનમાં રાખવાનું છે. આ ખાતામાં આર્થિક પુરવણી કરતા રહેવા સુખી જૈન બંધુઓ તેમજ બહેનોને વિનતિ કરવામાં આવે છે.

દીપચંદ ત્રીભોવનદાસ શાહ
મંત્રી, રાહત સમિતિ

'પ્રબુદ્ધ જૈન'ને દીવાળીની ખોણી આપો

આ અંક પ્રગટ થવા સાથે દીવાળી સામે આવીને ઉભી રહી હશે. પ્રબુદ્ધ જૈન શ્રી મુંબઈ જૈન યુવક સંઘની એક મહત્વની આર્થિક જવાબદારી છે. આ વર્ષની આખરે પ્રબુદ્ધ જૈન ખાતે આશરે રૂ. ૧૨૦૦ ની ખોટ આવવા સંભવ છે. આ ખોટને ભરપાઇ કરી આપવા સંઘના સભ્યોને તેમજ પ્રબુદ્ધજૈનના પ્રશંસકોને આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. આવડી મોટી ખોટ આવવાનું કારણ છપાઇ તથા કાગળની મોંઘવારી છે. આજે ત્રણ ગણી છપાઇ આપવી પડે છે. કાગળ તો મોંઘા છે જ. વહીવટી ખર્ચ પણ એટલો જ મોટો આવે છે. દર વર્ષે આ ખોટને પહોંચી વળવા માટે દીવા-ળીની ખોણી પ્રબુધ્ધ જૈન માટે માંગવામાં આવે છે તે મુજબ આ દીવાળી ઉપર પણ 'પ્રબુધ્ધ જૈન' પોતાના નિભાવ માટે જૈન સમાજ સમક્ષ હાથ લંબાવે છે. આજકાલની વધતી જતી મોંઘવારી પ્રબુધ્ધ જૈનના વિકાસમાં એક મોટી રૂકાવટ કરી રહી છે એમ છતાં પણ જૈન સમાજના સહકાર ઉપર નિર્ભર રહીને "પ્રબુદ્ધ જૈન" આગળ ને આગળ વધવા આકાંક્ષા ધરાવે છે. આવતા અંકથી સારા કાગળ ઉપર પ્રબુદ્ધ જૈન છપાવવાની અમો આશા રાખીએ છીએ. વળી છાપખાનાની વધારે સગવડ મળ્યે આજે જેટલી વાચનવસ્તુ અમો આપી રહ્યા છીએ તેમાં પણ બને તેટલો વધારો કરવાની અમારી ધારણા છે. જાત જાતની જાહેર ખબરો છાપીને પ્રબુદ્ધ જૈન ના કલેવરને દુષિત કરવાના પ્રલોભનમાં અમે કદિ પડયા નથી અને એ ટેકને વળગી રહેવાનો આજે પણ અમારો એટલો જ આગ્રહ છે. પ્રબુદ્ધ જૈન અમારે મન સત્યની ઉપાસના અને લોકશાહીની સાધનાનો વિષય છે. માત્ર જૈન સમાજ જ નહિ પણ વિશાળ જનતાને સ્પર્શવાનો પ્રબુદ્ધ જૈન મનોરથ સેવતું આવ્યું છે અને એ ધોરણ ઉપર જ પ્રબુધ્ધ જૈનનું આજ સુધી નિર્માણ થતું આવ્યું છે. પ્રબુધ્ધ જૈનની આ વિશેષતા લક્ષ્યમાં લઇને પ્રબુધ્ધ જૈનની આર્થિક બાજુ વિષે અમને ચિન્તા મુકત કરવા પ્રબુધ્ધ જૈનના વિકાસમાં રસ ધરાવતાં અનેક ભાઇ બહેનોને અમારી ખાસ વિનંતિ છે.

તંત્રી, પ્રબુધ્ધ જૈન

શ્રી. વ્રજલાલ મેઘાણીનો બીજો વાર્તા સંગ્રહ

શ્રી વ્રજલાલ મેઘાણીનો 'આળાં હૈયાં' નામનો એક વાર્તાસંગ્રહ લગભગ ખપી જવા આવ્યો છે. તેમનો એવોજ બીજો વાર્તાસંગ્રહ શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં પ્રગટ થનાર છે. એને લગતી વિશેષ જાહેરાત હવે પછી કરવામાં છે.

સંઘના સભ્યોના લવાજમમાં વધારો

તા. ૫-૧૦-૪૬ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ સંઘના સ્ત્રી-સભ્યો અને પુરૂષ-સભ્યોના વાર્ષિક લવાજમમાં રાખ-વામાં આવેલ એક રૂપીઆનો ફરક રદ કરવાની અને વાર્ષિક લવા-જમ રૂા. ૫ કરવાની સંઘની સામાન્ય સમિતિને ભલામણ કરી છે અને આ બંધારણીય ફેરફાર મંજુર કરવા માટે દીવાળી બાદ તુરતમાં જ સામાન્ય સમિતિની અસાધારણ સભા બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સંઘની પ્રવૃત્તિઓને દ્રવ્યસીંચન

(આગલા અંકની યાદીમાં જણાવેલી આજ સુધીમાં નવી વસુલ થએલી રકમો.)

પર્યુષણ વ્યાખ્યાનમાળા.

૫૦) શ્રી સુમતિચંદ્ર શીવજીભાઇ

આર્થિક રાહત

૧૦૦) શ્રી છોટુભાઇ હેમુભાઇ મહેતા

વૈદ્યકીય રાહત

૫૦) શ્રી છોટુભાઇ હેમુભાઇ મહેતા

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાંચનાલય પુસ્તકાલય.

૧૦૦) શ્રી સુમતિચંદ્ર શીવજીભાઇ
૧૦૦) ,, અમૃતલાલ સોમચંદની કું.
૧૦૦) ,, પોપટલાલ ભોગીલાલ શાહ
૫૦) ,, મોહનલાલ આર. પરીખ
૫૦) ,, તારાબ્હેન માણેકલાલ પ્રેમચંદ
૫૦) ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૫૦) ,, સારાભાઇ જે. શાહ
૫૦) ,, પદમશી પરશોતમ
૫૦) ,, હીમતલાલ મોતીચંદ કાપડીયા
૫૦) ,, છોટુભાઇ હેમુભાઇ મહેતા
૨૫) ,, બાબુભાઇ મણિલાલ ચોકસી

૬૭૫

કેટલાક સમાચાર અને નોંધ

હરિજન બીલ અને જૈન સમાજ

સમાજ જીવનમાં અનેક અંગોમાં વ્યાપી રહેલી અસ્પૃશ્યતા નાબુદ કરનારો એક કાયદો આ માસની બીજી તારીખે મુંબઇની ધારાસભાએ પસાર કર્યો છે. આ કાયદો જણાવે છે કે જ્યાં માણસો જાહેર રીતે સાથે મળીને ખાતા હોય, પીતા હોય, રહેતા હોય અને આનંદ કરતા હોય દાખલા તરીકે હોટેલો, બોર્ડીંગો, ભોજનાલયો, ઉપહાર ગૃહો, સીનેમાઓ, આનંદ માણવાનાં મથકો–આવાં સ્થળો હરિજનો માટે ખુલ્લાં ગણાશે. જીવનની જરૂરિયાતોને લગતી ચીજો વેચતી કોઇ પણ દુકાનોમાં હરિજનોનો બહિષ્કાર થઇ નહિ શકે. બાગ બગીચા અને રમત ગમતનાં સ્થાનોમાં હરિજનોને દાખલ થતા કે ભાગ લેતા અટકાવી નહિ શકાય. પણ ધર્મશાળા કે જાહેરના ઉપયોગ માટે ઉભાં કરવામાં આવેલાં સ્થળોમાં હરિજનોનો પ્રવેશ અવરોધી નહિ શકાય. મ્યુનીસીપાલીટી કે સ્થાનિક સંસ્થાઓ (Local bodies) ના નાણાંમાંથી ઉભા કરવામાં આવેલાં જાહેર સ્થળો જેવો કે, હિંદુ સ્મશાનોનો ઉપયોગ કરવા માગતા હરિજનોને રોકી નહિ શકાય કોઇ પણ જળાશય, નદી, નાળું કુવો, તળાવ, જળપ્રવાહ, નળ કે પાણી પીવાની જાહેર જગાનો ઉપયોગ હરિજનો એટલી જ છુટથી કરી શકશે. જાહેર મતરડીઓ પાયખાનાઓ તેમજ જાહેર રસ્તાઓ તથા જ્યાં ઉંચા વર્ણના હિંદુઓ આવજા કરી શકતા હોય એવી શેરીઓ અને ગલીઓમાં જતાં આવતાં હરિજનોની કોઇ અટકાયત કરી નહિ શકે. બસ, ટ્રામ, ટ્રેન, વહાણ, સરકારનું લાયસેન્સ ધરાવતાં સર્વ પ્રકારના વાહનોનો હરિજનો પૂરી છુટથી ઉપયોગ કરી શકશે. હિંદુઓના અમુક પેટા વિભાગ કે જ્ઞાતિ માટે જ ખાસ નિર્માણ કરવામાં આવેલ ન હોય એવાં સર્વ સામાન્ય હિંદુ ફંડો, ચેરીટીઓ, અને ટ્રસ્ટો તથા સખાવતો ઉપર હરિજનોને પણ અન્ય હિંદુઓ જેટલો જ હકક રહેશે. સામાન્ય હિંદુઓ માટે અલાયદી રાખવામાં આવેલી જગાઓ હરિજનો માટે પણ ખુલ્લી જ ગણાશે. અમુક માણસ હરિજન છે એટલા જ માટે કોઇ પણ સરકારી હોદ્દા કે અધિકાર માટે હરિજનને અનધિકારી લેખી નહિ શકાય. હરિજનો પ્રત્યે અસમાનતા દાખવતી કોઇ પણ રૂઢિ કે પરંપરાને કોઇ પણ સરકારી અદાલત માન્ય નહિ ગણે. આ કાયદો ધાર્મિક કોઇપણ દેવસ્થાન કે ધર્મસ્થાન ને હજુ લાગુ પડતો નથી. આ અપવાદ સિવાય આ કાયદો સર્વ પ્રકારની અસ્પૃશ્યતાને ગેરકાયદેસર ઠરાવે છે. અને આ કાયદાનું ઉલ્લંઘન કરનારને પહેલા ગુનાહ માટે ત્રણમહીના સુધીની કેદ અને બીજા ગુનાહ માટે એથી પણ વધારે લાંબી મુદતની કેદની શિક્ષા કરવાની ફોજદારી અદાલતોને સત્તા આપે છે. આ બીલ રજુ કરનાર સી. જી. ડી. તપાસે પોતે પણ હરિજન છે એ એક સુયોગ્ય ઘટના છે. આ બીલ ગાંધીજીના જન્મદિવસે જ મુંબઇની ધારાસભાએ પસાર કર્યું એ પણ એક અતિ આનંદજનક અને ગૌરવપ્રદ બીના છે. અસ્પૃશ્યતા નિવારણ ને લગતો આટલા બધા મહત્વથી ભરેલો કાયદો સૌથી પહેલો પસાર કરવાનું માન મુંબઇ ઇલાકાની ધારાસભાને મળે છે અને એ માટે મુંબઇના પ્રધાનમંડળને હિંદ સમાજના અનેક ધન્યવાદ ઘટે છે.

ધાર્મિક દૃષ્ટિએ અસ્પૃશ્યતા એના કોઇ પણ અંગમાં જૈનોને સ્વીકાર્ય હોઇ શકે નહિ. અને તેથી હરિજનોને અન્ય હિંદુઓની સમાન કક્ષાએ સ્થાપનારો કાયદો જૈનસમાજને અત્યન્ત આનંદ અને અભિનંદનનો વિષય હોવો જોઇએ, પણ આ બાબતમાં જૈન સમાજ સાધારણપણે ઉદાસીન જેવો દેખાય છે કારણ કે અસ્પૃશ્યતાના અભિનિવેશથી જૈન સમાજ પણ અન્ય સમાજ જેટલો જકડાયલો છે. અને તેથી અસ્પૃશ્યતાની બદી જૈન સમાજમાંથી નાબુદ કરવાની એટલી જ જરૂર રહે છે. કોઇ હરિજન જૈન ન હોવાના કારણે જૈન મંદિરમાં હરિજન પ્રવેશનો પ્રશ્ન હજુ ઉપસ્થિત થયો નથી પણ એવો પ્રશ્ન કદિ ઉપસ્થિત થાય અને કોઇ જૈન હરિજન જૈન મંદિરમાં દાખલ થવા આવે તો તેની સામે તે મંદિરનાં બારણાં આજની કક્ષાએ બંધ જ રહેવાનાં છે. જૈન ધર્મમાં રહેલી વિશાળતાના કારણે જૈનો અસ્પૃશ્યતાનું અનૌચિત્ય બુદ્ધિથી બરોબર સ્વીકારે છે પણ આચારમાં સાધારણ જૈનેતર હિંદુ જેટલો જ અસ્પૃશ્યતાવાદી છે. આમ છતાં પણ સાથે સાથે એ પણ જણાવવું જોઇએ કે આજનો જૈન યુવક અન્ય યુવકો કરતાં સામાજિક બાબતમાં ઘણો વધારે ઉદારમતવાદી છે અને તે ધારે તો જૈન સમાજમાંથી જ માત્ર નહિ પણ વિશાળ હિંદુ સમાજમાંથી અસ્પૃશ્યતા નાબુદ કરવામાં ઘણો મોટો ફાળો આપી શકે તેમ છે. તો ગાંધીજીનું આટલું કામ પાર પાડવા–દેશભરમાંથી અસ્પૃશ્યતાને સદ્ધાને માટે વિદાય આપવા આગળ પડતા વિચાર ધરાવતા અને ક્રાન્તિકારી સ્વપ્નો સેવતા જૈન યુવકોએ કટિબદ્ધ થવું ઘટે છે. આ બાબતમાં સૌથી પહેલાં તો આપણે પોતાની જ જીવનશુદ્ધિ કરવી જોઇએ. આપણા મનમાં ખુણેખાંચરે પણ અસ્પૃશ્યતાની વૃત્તિ ભરાઇ ન રહે એવી ચિત્તની સાફસુફી કરવી જોઇએ. આપણો જીવનવ્યવહાર પણ એટલેજ અસ્પૃશ્યતા મુકત બનાવવો જોઇએ અને સાથે સાથે હરિજનોને જ્યાં જ્યાં ખોટી અટકાયતો કરવામાં આવતી હોય, તેમનો જ્યાં જ્યાં બહિષ્કાર કરવામાં આવતો હોય, હડધૂત કરીને તેમને હાંકી કાઢવામાં આવતા હોય ત્યાં ત્યાં હરિજનોની બાજુએ ઉભા રહીને તેમની વતી અસ્પૃશ્યતાવાદી વર્ગો સામે લડત ચલાવવાની તાકાદ અને તૈયારી દાખવવી જોઇએ, અસ્પૃશ્યતાને જેમ બને તેમ જલદીથી નાબુદ કરો એવો ગાંધીજીનો આદેશ છે; રાજ્ય સભાએ કાયદો ઘડીને અનુકૂળતા કરી આપી છે; લોકમત પણ સાનુકૂળ છે. રાષ્ટ્રનું આ એક તત્કાલ અગત્યનું કાર્ય છે: **मित्ति मे सर्व्व भूएसु**–સર્વ ભૂત માત્ર પ્રત્યે મૈત્રીની ભાવના જે ધર્મના પાયામાં છે એવા જૈન ધર્મની પણ આ કાર્યમાં સાચી ઉપાસના રહેલી છે. તો પછી અસ્પૃશ્યતાની આમૂલ નાબુદી કરવા માગતાં આ નવા ધારાને આપણે પૂરેપૂરો અમલી બનાવીએ અને અસ્પૃશ્યતાની જડને મૂળમાંથી આપણે ઉખેડી નાંખીએ.

કેટલાક બીન જવાબદાર આક્ષેપો

'જૈન પત્ર' ની અંદર કેટલાંક અઠવાડીઆથી 'સુસવાતા-વાયરા' એ મથાળા હેઠળ મુંબઇની જૈન સમાજ અને સંસ્થાઓને લગતી કેટલીક માહીતીઓ અને તે સંબંધમાં છુટી છવાઇ વિચારણાઓ પ્રગટ કરવામાં આવે છે. મુંબઇની આવી માહિતીઓ પ્રગટ કરવામાં આવે તે જરૂર આવકારદાયક છે અને આ સંબંધમાં શુભ આશયથી પ્રેરાયલી અને જવાબદારીના ભાનપૂર્વક કરાયલી ટીકાઓ પણ એટલી જ આવકારદાયક ગણાય પણ જ્યારે આવી ટીકાઓ કેવળ બીનજવાબદાર આક્ષેપોનું રૂપ પકડે છે ત્યારે તેનાથી તે તે સંસ્થાઓને અને સર્વ સામન્ય શ્રેયને હાનિ પહોંચે છે અને કોઇને પણ કશો લાભ થતો નથી. આ દૃષ્ટિએ તા. ૨૯–૯–૪૬ ના "જૈન પત્રમાં" પ્રગટ થયેલી "સુસવાતા વાયરા"ના મથાળા નીચે કરવામાં આવેલી કેટલીક ટીકાઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

શકુન્તલા કાં. ઇ. કન્યાશાળા સંબંધમાં સુસવાતા વાયરાના લેખક મી. ચકોર જણાવે છે કે "શકુન્તલા કન્યાશાળા મુંબઇના જૈનોના મધ્ય લત્તામાંથી છેક છેડે ચાલી ગયેલી હોવાથી મુંબઇના કેટલાક શ્રીમંતો જૈન વસ્તીના અધવચમાં પ્રાઇમરી સ્કુલ વગર ફીથી ખોલવા વિચાર કરી રહ્યા છે. એમ મનાય છે કે શકુન્તલા કન્યાશાળામાં ફી દાખલ થવામાં ઘણું નિમિત્તભૂત હતા. કેટલાકે એમ માની ફીની દરખાસ્તને વધાવી લીધી કે આમ થવાથી મુંબઇના જૈન ક્ષેત્રમાંથી આ એક સંસ્થા અદૃષ્ય થશે અને એથી

બીજી સંસ્થાઓ માટે ક્ષેત્ર વધારે વિસ્તૃત બનશે અને બન્યું છે પણ એમજ. બીજી સંસ્થાઓને લાખો રૂપીઆ મળ્યે જાય છે અને આ સ્કુલને ફી દાખલ થવાથી હવે નાણાં જનતા તરફથી મળતા હોય એમ જણાતું નથી.'' શકુન્તલા કન્યાશાળામાં ફી દાખલ કરવા સંબંધે મતભેદ હોઇ શકે છે. ફી દાખલ કરવાના મતવાળા સંબંધમાં એટલું જ સ્વભાવિક અનુમાન થઇ શકે કે આજની અતિશય ખરચાળ કેળવણી મફત આપવા જતાં દર વર્ષે સંચાલકોના માથે બહુ મોટી રકમ ઉધરાવવાની ફરજ રહે છે અને એવા કેટલાંયે માબાપો છે કે જેઓ આજના વખતમાં પોતાનાં બાળકોને ભણાવવા માટે ચાલુ ફી સરળપણે આપી શકે તેમ છે અને એ જ માબાપો બીજી નિશાળોની આકરી ફીઓ પણ સહેલાઇથી ભરતા હોય છે તો માફીનું ઉદાર પ્રમાણ રાખીને પણ આ કન્યાશાળામાં શા માટે વ્યાજબી ફીનું ધોરણ દાખલ ન કરવું – અને સંસ્થાના સંચાલકોને આવી સતત ચિંતામાંથી શા માટે મુકત ન કરવા ? પણ આ સંસ્થામાં ફી દાખલ કરાવીને આ સંસ્થાને નામુદ કરવી અને એ રીતે બીજી સંસ્થાઓ માટે દ્રવ્યપ્રાપ્તિની વધારે સગવડ ઉભી કરવી–આવું અનુમાન ભારે કઠંગું અને સંસ્થાના સંચાલકોને કેવળ અન્યાય કરનારું છે. આ સંસ્થામાં ફી દાખલ કર્યા બાદ નાણાં મળે છે કે નહિ એ બાબતની આપણને ખબર નથી પણ ધારો કે નાણાં નથી મળતાં તો પણ એ કાંઇ અણધારી આપત્તિ નથી; કારણ કે આ સંસ્થામાં ફી દાખલ કર્યા બાદ પહેલાંની માફક સતત દ્રવ્યસીંચનની હવે જરૂર પણ નથી.

આવી જ રીતે 'મુંબઇ જૈન યુવક સંઘ' એ મથાળા નીચે શ્રી. ચકોરે શ્રી મુંબઇ જૈન યુવક સંઘની આજે ચાલતી કેટલીક પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે જેમાં સંઘદ્વારા અવારનવાર યોજાતા સત્કાર અથવા પરિચય સમારંભોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને તે સંબંધમાં લખતાં તેઓ જણાવે છે કે ''દિવસે ઉગેને કોઇના સત્કાર માટેની જાહેરાત અને માત્ર ચા પાણીના કપો ઉડાવવાથી ઘણાને આ યુવક સંઘ સંસ્થા માટે થાય છે એમ નથી લાગતું પણ અંગત પરિચયો વધારવા તથા તેની પાછળ કોઇક અંગત કાર્યસિદ્ધિ હોવાની ગંધ આવતી હોવાનું ભાસે છે.'' આ પણ મુંબઇ જૈન યુવક સંઘના કાર્યકર્તાઓ ઉપર ભારે અન્યાય કરતો અને કેવળ અઘટિત સૂચન કરતો આક્ષેપ છે. વિશાળ જનસમાજમાં કાર્યકરતા લોકસેવકો, વિદ્વાનો અને વિચારકોનો સંઘના સભ્યોને નિકટ પરિચય થાય, અને તેમને પણ સંઘનો પરિચય થાય અને સાથે સાથે અવિધિસરની ચર્ચાદ્વારા આવી વિશિષ્ટ વ્યકિતઓ સાથે વિચારોની આપ લે થાય તેવા હેતુથી આવી સંપર્ક સભાઓ સંઘ તરફથી અવારનવાર ગોઠવવામાં આવે છે અને સાથે સંઘના દ્વારે પહેલીવાર આવતી આવી વિશિષ્ટ વ્યકિતઓનું સન્માન ચા પાણી કદિ કદિ અલ્પાહાર અને ફૂલહારથી કરવામાં આવે છે. આ આજની પ્રચલિત સભ્યતા વિધિ છે. આવી રીતે જેમના પરિચયનો અને પુણ્ય સમાગમનો સંઘના સભ્યોને લાભ મળ્યો છે તેમાંના કેટલાંક નામો નીચે મુજબ છે. કાકાસાહેબ કાલેલકર, શ્રી. શંકરરાવ દેવ, હંસાબહેન મહેતા, દરબાર ગોપાળદાસ, ઢેબરભાઇ, અમૃતલાલ દલખત્તભાઇ શેઠ, ખુશાલદાસ કુંવરજી પારેખ, ઝીણાભાઇ દેસાઇ, શ્રી. વીઠ્ઠલદાસ જેરાજાણી, જૈનેન્દ્ર કુમાર, દિલખુશભાઇ દીવાનજી. આ ઉપરાંત ચાલુ વર્ષ દરમિયાન મુંબઇની ધારાસભામાં ચુંટાયલા જૈન સભ્યોનો એક મોટો સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો, મુંબઇ ખાતે ભરાયલી અખિલ હિંદ મહાસભા સમિતિની બેઠક વખતે હાજર રહેલા કેટલાક જૈન આગેવાનોનું પણ એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું અને એવાં બીજાં સંમેલનો દ્વારા ત્રણે વિભાગના આગેવાન જૈનોનો પરસ્પર સમાગમ વધે એવી ગોઠવણ કરવામાં આવી હતી. આવી સંપર્ક સભાઓ દ્વારા અલબત્ત સંઘના મુખ્ય મુખ્ય કાર્યકર્તાઓનો ઉપર જણાવલ વિશિષ્ટ વ્યકિતઓ સાથે પરિચય વધે એ રૂ અનિવાર્ય આપત્તિ છે પણ તે પાછળ અંગત કાર્યસિદ્ધિ હોવા ગંધ શ્રી. ચકોરને કેમ આવી તે સમજી શકાતું નથી. આ પાછળ મુંબઇ જૈન યુવક સંઘ ઉપર પણ કેવળ બીનજવાબદ અને પાયા વિનાનો આક્ષેપ કરવા સિવાય પ્રસ્તુત લેખકનો બીજ કોઇ હેતુ કલ્પી શકાતો નથી. આને બદલે શ્રી. ચકોર શ્ર કસ્તુરભાઇ લાલભાઇ, રતિલાલ નાણાવટી, મણિલાલ બાલાભા નાણાવટી, સાંકળચંદ જી. શાહ, જીવતલાલ પ્રતાપશી, સર, ચુનીલા ભાઇચંદ મહેતા જેવા જૈન આગેવાનોનાં વ્યાખ્યાનો રાખવા ભલ ભણ કરે છે. આ ભલામણ સામે કશું જ કહેવાનું નથી પ આવા જાણીતા શ્રીમાન વ્યાપારીઓ તેમ જ ઉદ્યોગ પતિઓને બોલાવવા પાછળ પણ સંઘના કાર્યકર્તાઓનો અંગત કાર્યસિદ્ધિનો હેતુ રહેલો છે એવો આક્ષેપ શ્રી. ચકોર વધારે સહેલાઇથી અને સફળતાપૂર્વક કરી શકશે એવો ભય રહે છે.

આપણી સંસ્થાઓની અને તેના કાર્યવાહકોની કાર્યશકિત આખરે બહુ પરિમિત છે. તે સંસ્થાઓને અને કાર્યવાહકોને પાયા વિનાના આક્ષેપો કરીને સમાજની નજરમાં એક યા બીજી રીતે ઉતારી પાડવાને બદલે રચનાત્મક સમાલોચના કરીને સંસ્થાઓને તેમજ કાર્યવાહકોને પ્રોત્સાહિત કરવા, પ્રેરણા આપવી, નવું માર્ગદર્શન કરાવવું અને સાથે સાથે તેમના કાર્યમાં દેખાતી ભૂલો તરફ પૂરા સદ્‌ભાવપૂર્વક ધ્યાન ખેંચતાં રહેવું એ જ શ્રી. ચકોર જેવા સમાજ સમાલોચકોનું ખરું કર્તવ્ય ગણાય. એ કર્તવ્ય ધર્મનું ઉલંઘન કરી ચડ્ડાતડ્ડા લખનાર સમાજની સેવા નથી કરતો, કુસેવા કરે છે.

શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી

શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી સતત બાર વર્ષ અમેરિકામાં રહીને તાજેતરમાં સ્વદેશ ખાતે પાછા ફર્યા છે. તેઓ ભાવનગરના વતની છે. અને શરૂઆતનું વિદ્યાર્થી જીવન તેમણે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનમાં પસાર કરેલું ત્યારબાદ ગુજરાત વિદ્યાપીઠમાં તેઓ જોડાયેલા અને ત્યાંથી શાન્તિ નિકેતનમાં તેમણે બે વર્ષ ગાળી ૧૯૩૦ ની દાંડીકુચમાં તેઓ સામેલ થયેલા. ત્યારબાદ ૧૯૩૪ માં તેઓ અમેરિકા ગયા. ત્યાં સમાજશાસ્ત્ર અને પત્રકારીત્વ એ બે વિષયોમાં તેઓ નિષ્ણાત થયાં; ત્યાંની યુનીવર્સીટીમાં બંને વિષયોમાં એમ. એ. ની ડીગ્રી તેમણે સંપાદન કરી અને પછી પી. એચ. ડી. ની ઉપાધિ પ્રાપ્ત કરી. ત્યાંના છાપાઓમાં તેમણે લખવા માંડયું. અને પુસ્તકો પણ પ્રગટ કરવા માંડયાં. તેમના 'my India my America' એ ગ્રંથે તેમને એક ઉત્તમ કોટિના લેખક તરીકેની ખ્યાતિ આપી. આ તેમજ ત્યારપછીનાં પ્રકાશનો દ્વારા હિંદને લગતા વિષયો–આપણી આઝાદીની લડત, ગાંધીવાદ, અંગ્રેજોની રાજ્યનીતિ વગેરે બાબતો ઉપર અમેરિકન પ્રજાને પ્રમાણભૂત માહિતીઓ તેમણે પૂરી પાડી છે અને જ્યાં હિંદ અને હિંદના પ્રશ્નો વિષે ગાઢ અંધારું અને અંગ્રેજ સરકારના ચાલુ અવળા પ્રચારને લીધે પાર વિનાના ગેરસમજુતીઓ ભરેલી હતી ત્યાં તેમણે ખૂબ પ્રકાશ પાડયો છે અને કેટલીયે ગેરસમજુતીઓ દુર કરી છે. અંગ્રેજ સરકારની આંખમાં તેઓ એક કણાની માફક ખુંચતા હતા અને ત્યાંથી તેમને ધકકેલી કાઢવા સરકારના એજન્ટોએ ખૂબ પ્રયાસ કર્યો હતો પણ આ બાબતમાં સરકાર નિષ્ફળ નીવડી હતી. છેલ્લાં છેલ્લાં બે વર્ષથી તેઓ કોલંબીઆ યુનીવર્સીટીમાં એક અધ્યાપક તરીકે કામ કરતા હતા. આજે બાર વર્ષના ગાળે તેઓ હિંદ ખાતે પાછા ફરે છે. તેઓ ત્રેવીશ વર્ષની વયે અહિંથી અમેરિકા જવા ઉપડયા તે પહેલાં ગુજરાતી સાહિત્યના એક વિશિષ્ટ લેખક તરીકે તેમણે સારી કીર્તિ સંપાદન કરી હતી. તેમનું 'વડલો' આજે પણ આપણા સાહિત્યમાં એક વિશિષ્ટ કૃતિ તરીકે લેખાય છે અને વંચાય છે. આજે તો એક નિડર અને ઉચ્ચ

સદ્‌ગત ડૉ. કાશીબાઈ નવરંગે

(ડૉ. કાશીબાઈ નવરંગેના અવસાન સાથે આપણા હિંદુ સમાજે એક ઉચ્ચ કોટિની સામાજિક કાર્યકર્તા ગુમાવેલ છે. તેમનું આખું જીવન અનેકવિધ સેવા કાર્યોથી ભરપુર હતું. તેઓ એક કુશળ સ્ત્રી-ડૉક્ટર તો હતાંજ પણ એ સાથે તેઓ અનેક નિરાધાર બાળકોની સાચી માતા હતાં. કોઇપણ અનાથ બાળિકા પોતાની નજર ઉપર આવી તો તેને પોતાને ઘેર લઇ આવવી, ઉછેરવી, મોટી કરવી, ભણાવવી અને સારે ઠેકાણે પરણાવી, ગૃહસ્થાશ્રમમાં સ્થિર કરવી આ તેમના અનેક વ્યવસાયોમાંનો એક વ્યવસાય હતો. આ રીતે તેમણે અનેક અનાથોનો ઉધ્ધાર કર્યો હતો. તેમણે ઉછેરીને મોટી કરેલી અને બહુ સુખી અને ઐશ્વર્યપૂર્ણ સ્થિતિને પહોંચેલી એવી કેટલીયે બહેનો છે કે જેઓ સ્વ. કાશીબાઇને જ પોતાની ખરી માતા તરીકે જાણે છે અને 'અમારી મા મરી ગઇ' એમ કહીને શોક અને વિયોગનાં આંસુ સારે છે. આવાં એક બહેન-બહુ સુવિખ્યાત નહિ એમ છતાં પણ એકાન્ત સેવાપરાયણ અને અત્યન્ત વિશદ્ જેમની જીવન કારકીર્દી હતી એવા બહેનના જીવનની આછી રૂપરેખા જ્યોતિર્ધરમાં આપવામાં આવી છે જે અહિં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. એ પવિત્ર આત્માને આપણાં અનેક વન્દન હો! એમનું જીવન આપણા માટે સદાની એક બળવાન સેવા પ્રેરણા હો!! **પરમાનંદ**)

જે જમાનામાં સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણની આપણા પ્રાંતમાં માત્ર શરૂઆત જ થઇ હતી તે સમયમાં સદ્‌ગત કાશીબાઇ નવરંગેનો જન્મ થયેલો. તેમના પિતાશ્રી, વાસુદેવ નવરંગે મુંબઇ પ્રાર્થના સમાજના આદ્ય સ્થાપકોમાંના એક હતા. તેમના પવિત્ર, સાત્વિક અને ધર્મપરાયણ જીવનની છાપ કાશીબાઇ પર નાનપણથી પડી હતી. સને ૧૮૭૮ ના ઑક્ટોબરની ૨૫ મી તારીખે કાશીબાઇનો જન્મ થયો. શ્રી. વાસુદેવ નવરંગે સામાજિક સુધારામાં પણ આગેવાન હતા અને પોતાના જ જીવનમાં પોતાના ઉદાર વિચાર પ્રત્યક્ષમાં અમલમાં મૂકી તેમણે વિધવા સાથે લગ્ન કર્યું હતું. જે જમાનામાં આ લગ્ન થયું હતું તે જમાનામાં એવાં પગલાં પ્રત્યે સમાજના તીવ્ર વિરોધનો સાચો ખ્યાલ અત્યારના જમાનાનાં સ્ત્રીપુરૂષોને આવવો મુશ્કેલ છે. વાસુદેવ રાવને તેમના આ હિમ્મતભર્યા પગલાં માટે સમાજ તરફથી અત્યંત કષ્ટ વેઠવું પડેલું.

કાશીબાઇનો હાઇસ્કૂલનો અભ્યાસ પૂનાની ગર્લ્સ હાઇસ્કૂલમાં થયો હતો. પોતાની કન્યાને બને તેટલું ઉચ્ચ શિક્ષણ આપવાના હેતુથી તેમને પિતાએ મુંબાઇમાં વિલ્સન કૉલેજમાં દાખલ કર્યા. એ સમયે હિન્દુ સમાજમાંથી ભાગ્યે જ એક બે વિદ્યાર્થિનીઓ કૉલેજમાં શિક્ષણ લેતી હતી. વિલ્સન કૉલેજમાંથી કાશીબાઇ સને ૧૯૦૧ માં બી. એ. થયાં. મુંબઇ પ્રાન્તમાં એમની અગાઉ માત્ર બે કે ત્રણ વિદ્યાર્થિનીઓ બી. એ. થઇ હતી. આપણે અહી ગુજરાતમાં પ્રથમ સ્ત્રી ગ્રેજ્યુએટ થનાર શ્રી વિદ્યાબહેન અને શારદાબહેનની સાથે જ કાશીબાઇ બી. એ. માં પાસ થયાં હતાં. બી. એ. થયા પછી કાશીબાઇ મેડીકલ કૉલેજમાં દાખલ થયા અને ૧૯૦૬ માં એલ. એમ. એન્ડ એસ. થયાં. એમના પિતા સને ૧૯૦૭ માં સ્વર્ગવાસી થયા તે અગાઉ થોડા જ માસ પૂર્વે કાશીબાઇએ ડાક્ટરી ધંધો મુંબઇમાં ભુલેશ્વરમાં શરૂ કર્યો. પુત્રીને ઉચ્ચ શિક્ષણ આપવાની પોતાની ઇચ્છા સફળ થયેલી જોઇ એ પવિત્ર આત્માએ આ લોકની યાત્રા સમાપ્ત કરી.

ડૉક્ટર તરીકે કાશીબાઇએ સારી ખ્યાતિ મેળવી અને થોડાં વર્ષો સુધી હિન્દુ સ્ત્રી ડૉક્ટોરોની સંખ્યા બહુ જૂજ હોવાને કારણે તેમની પ્રેક્ટિસ પણ ઘણી સારી ચાલી એટલે ધનપ્રાપ્તિ પણ એમને ઘણી સારી થઇ. કાશીબાઈ હિન્દુ સ્ત્રીઓમાં મુંબઇ પ્રાન્તમાં પ્રથમ જ ડબલ ગ્રેજ્યુએટ હતાં. એમનું ડાક્ટરી જ્ઞાન ઉચ્ચ કોટિનું હતું પરંતુ એમના ધંધામાં એમને ખાસ સફળતા એમના ધીરગંભીર સ્વભાવ, કાળજી ભરેલી તપાસ, દરદી માટે હૃદયની લાગણી, નિર્લોભી મનોવૃત્તિ, દુઃખીઓ માટે સમભાવ, શાન્ત સ્વભાવ, સેવાભાવ અને નિખાલસ તથા મળતાવડા સ્વભાવને લીધે મળી હતી.

પોતાના ધંધા ઉપરાન્ત કાશીબાઇ અનેક જાહેર સામાજિક કેળવણી અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં જોડાયલાં હતાં. મુંબઇ મ્યુનીસીપાલીટીની સ્કૂલ્સ કમિટીનાં અને યુનિવર્સિટીની સેનેટનાં તેઓ કેટલોક સમય સુધી સભ્ય હતાં. આર્ય મહિલા સમાજનાં પ્રમુખ અને સંચાલક હોઇ મુંબઇમાં વિદ્યાર્થિનીઓ માટેના છાત્રાલયના તેઓ વર્ષો સુધી વ્યવસ્થાપક હતાં. હાલ એ છાત્રાલય મુંબઇ લેમર્નમ રોડ ઉપર આવેલું છે. જુવેનાઇલ કોર્ટના મેજિસ્ટ્રેટ, સ્ત્રીગ્રેજ્યુએટ મંડળનાં સ્થાપક અને સંચાલક, ભારતીય નિરાશ્રિત સહાયકારી કમિટીનાં સભ્ય, સોસ્યલ સર્વિસ લીગ અને સેવાસદનની કમિટીનાં સભ્ય, મુંબઇ ઇલાકાના 'સોસ્યલ રિફોર્મ એસોસીએશનની' વ્યવસ્થાપક કમિટીનાં સભ્ય, મુંબઇ પ્રાર્થના સમાજનાં ૧૯૩૧ થી ૧૯૪૩ સુધી પ્રમુખ, પંઢરપુર અનાથ બાલિકાશ્રમનાં વ્યવસ્થાપક, નવરંગે ઓર્ફનેજનાં સંચાલક, વિલાયતમાં ભરાયલી ફ્રેલોશિપ ઓફ રિલિજિયનની સભામાં એ હિન્દનાં એક પ્રતિનિધિ તરીકે અને રામમોહન હાઇસ્કૂલની કાર્યવાહક કમિટીનાં સભ્ય તરીકે તેમણે મુંબઇ શહેરની વિવિધ પ્રકારે સેવા બજાવી છે. મુંબઇ પ્રાર્થના સમાજની વેદી ઉપરથી ઊંડા ભક્તિભાવ, ઉદાર ધર્મવૃત્તિ, ધર્મપરાયણતા અને ઉત્કટ શ્રદ્ધા પ્રત્યક્ષ કરનારાં એમના વ્યાખ્યાનો સાંભળવાનો આ લેખકને લાભ મળ્યો છે

ડૉ. કાશીબાઇ આજન્મ કુમારિકા હતાં, પરંતુ પ્રત્યેક નારીનાં હૃદયમાં ઊંડાણમાં રહેલો વાત્સલ્ય ભાવ બાલાશ્રમનાં નિરાશ્રિત બાળકો પ્રત્યે તેમનામાં સ્પષ્ટ પ્રકટ થયેલો જોવામાં આવતો હતો. નિરાશ્રિત બાલાશ્રમનાં બાળકો એમને 'મા' કહી સંબોધતાં, ત્યારે તેમનાં મુખ ઉપરનું વાત્સલ્ય અલૌકિક જણાતું.

૧૯૪૩થી કાશીબાઇ પોતાના ધંધામાંથી નિવૃત થયાં હતાં અને દાદરમાં એક નાનું મકાન બાંધી ત્યાં પોતાનો સમય ધાર્મિક વાંચનમાં ગાળતાં હતાં, દાદરમાં તેમણે નાના પાયા ઉપર પ્રાર્થના સમાજની સ્થાપના કરી હતી અને એ રીતે એક નાની મંડળીમાં ભજનો તથા વ્યાખ્યાનો દ્વારા શુદ્ધ ધર્મની ભાવના જાગ્રત રાખવામાં એ સહાયભૂત બન્યાં હતાં. તા. ૨૧ મી ઓગસ્ટ ૧૯૪૬ બુધવારે સાંજે પોણા આઠ વાગે ૬૮ વર્ષની ઉમરે આ ધર્મપરાયણ સાત્વિક અને સેવાભાવી તથા પરોપકારી સન્નારીનો પવિત્ર આત્મા આલોકની યાત્રા સંપૂર્ણ કરી અનંતતામાં લીન થયો.

કોટિના લેખક તરીકે તેમણે આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ સંપાદન કરી છે. તેમના 'My India My America' નું યુરોપની જુદી જુદી ભાંષાઓમાં ભાષાન્તર થયું છે. આજે તેમની ૩૫ વર્ષની ઉમ્મર છે અને આટલી ઉમ્મરે જેણે આટલી નામના મેળવી છે તેના માટે આજે તો હજુ લાંબો જીવનપટ પડેલો છે. તેમની આગામી જીવન કારકિર્દી આથી પણ વધારે ઉજ્જવલ બનશે અને આપણા રાષ્ટ્રને અનેક રીતે સેવાદાયી નિવડશે એવી આપણે જરૂર આશા રાખીએ છીએ. તેઓ આપણા ગુજરાત કાઠિયાવાડનું ગૌરવ સ્થાન છે. ચિર અપેક્ષિત ગુજરાતી સાહિત્યની સેવા તેઓ પાછી ચાલુ કરે અને તેમના વિશાળ અનુભવ, અવલોકન અને આંતરરાષ્ટ્રીય દર્શનનો ગુજરાતી જનતાને પરિચય કરાવે એમ આપણે જરૂર ઇચ્છીએ. લાંબા દેશવટા બાદ તેમના આગમન પ્રસંગે આપણે સૌ આપણામાંના જ એક તરીકે તેમનું અંતઃકરણથી સ્વાગત કરીએ છીએ. **પરમાનંદ**

એક આશ્વાસન પત્ર

(આપણા જીવનમાં અતિ નિકટના સ્વજનનું અવસાન નીપજતાં આપણે શોકવિહ્વળ બની જઇએ છીએ અને આપણામાંના કોઇ કોઇ તો આપઘાત કરવાના તરંગ સુધી પણ ઘસડાઇ જાય છે. આવા પ્રસંગે એવી જ એક શોકદારૂણ ઘટના પરત્વે નજીકના સ્વજનને આશ્વાસન આપવાના હેતુથી લખાયલો–ગુમાવેલ ચિત્તધૈર્યને પાછું મેળવવામાં માર્ગદર્શક થઇ પડે તેવો–એક પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે.

પરમાનંદ)

તમારો તા. ૨૫મીનો પત્ર આજે બપોરે મળ્યો. તમને બે દિવસથી યાદ કરતો હતો, અને આજે તમને કાગળ લખવાનો હતો ત્યાં તમારો પત્ર મળ્યો.

તમારો પત્ર વાંચી તમારી બન્નેની માનસિક અને શારીરિક સ્થિતિ કલ્પી મને ઘણું દુઃખ થાય છે એમ લખવું એ ઘણું અપુરતું છે. ભાઇ ચમનલાલ ગુજરી ગયા તેથી તમારા બન્નેના બળતા હૃદયમાં ઘી હોમાયું હશે એ સહેજે કલ્પી શકાય તેવું છે. તમારા ઉપર કુદરતે કરેલા કોપ અને પ્રહારથી મારૂં દિલ ખૂબ દુભાય એ સ્વાભાવિક છે. અને બહારથી હિંમત બતાવતી પણ અંદરથી સાવ હિંમત હારી જઇ તદ્દન નિરાશામય એવી તમારી માનસિક સ્થિતિ જાણી મારા ખેદમાં વધારો થયો છે.

કોઇ પણ સંયોગોમાં હિંમત ન જ હારી જવી જોઇએ એવો મારો મક્કમ અભિપ્રાય છે. એ અભિપ્રાય આપવો સહેલો છે, પણ આચારમાં મૂકવો મુશ્કેલ છે એ પણ હું જાણું છું, છતાં ઘણી મુશ્કેલ વસ્તુઓ માનવીઓ કરી રહ્યાં છે–અને તેમાં જ તેમની માનવતા રહેલી છે.

દુઃખનો ઉભરો આવતો તો કોઇક જ રોકી શકે છે. પણ આવ્યા પછી જાણ્યે અજાણ્યે તેને વશ ન થતાં તેની સામે ટકી રહી તેને મ્હાત કરવાવાળાની સંખ્યા બહુ નાની નથી. તમારે પણ જે સંયોગોમાં જગત દુઃખ માને છે તે સયોગોમાં દુઃખ નથી અથવા ધારવા કરતાં ઘણું ઓછું છે એમ ઝીણવટથી સમજી જીવનનું નાવ હંકાર્યા કરવું જોઇએ એમ હું માનું છું.

તત્વની દ્રષ્ટિએ, મનુષ્ય–વ્યક્તિ પોતાને જગતનું કેન્દ્ર સમજી વર્તે છે, સાદા અને પ્રચલિત શબ્દો (કે જે સાદા અને પ્રચલિત છે તેથી તેનો અર્થ બરાબર સમજતો નથી) માં અહંતાથી વર્તે છે અને પોતાની ઇચ્છા અનિચ્છાથી બનાવોનું માપ કાઢે છે, તેથી જ જગતનાં કહેવાતાં સુખ દુઃખ છે. 'મમ' એટલે 'મારૂં' અને 'મમતા' એટલે 'મારાપણું' એ પણ 'અહં' એટલે હું અને 'અહંતા' એટલે 'હું પણું' એમાંથી જન્મે છે, એટલે પોતાની જાતને વ્યક્તિએ–મનુષ્ય વ્યક્તિએ–વિશ્વના–સમષ્ટિના એક નાના, અમુક દ્રષ્ટિએ ઘણા અગત્યનાં પણ બીજી રીતે ઘણા નજીવા ભાગ તરીકે હમેશાં જોવી જોઇએ. અહંતા અને મમતાથી દૂર રહી મનુષ્ય જગતના બનાવોનું નિરીક્ષણ કરે તો તેનું દુઃખ ઘણું ઓછું થાય અથવા બિલકુલ ન રહે એવો સંભવ છે. એ પ્રમાણે સુખ પણ સુખ ન લાગે. તેથી જેને સુખ માનવામાં આવે છે તેમાં તેને રાચવાપણું પણ રહે નહિ "સમ સુખ દુઃખ"–જેને સુખ દુઃખ સરખા છે. "યો ન દ્વેષ્ટિ ન કાંક્ષતિ" જે કોઇ વસ્તુનો દ્વેષ કરતો નથી અથવા કોઇ વસ્તુને ઇચ્છતો નથી એવી સ્થિતિ તો દરેક મનુષ્ય પ્રાપ્ત કરી શકતો નથી. છતાં તે બાબતની સાચી ઝાંખી પ્રાપ્ત થાય તો કહેવાતા દુઃખનું માપ નીકળી જાય છે, અને તેની અસર ઘણી ઓછી થઇ જાય છે–મતલબ કે મનુષ્ય દુઃખને વશ થઇ આશાહીન બની જતો નથી

જ્યારે વ્યક્તિ પોતાને સમષ્ટિના દૃષ્ટિબિંદુથી જુએ છે ત્યારે જગતમાં બનતી ઘણી વસ્તુઓ તેની નજર હેઠળ નીકળી જાય છે. દાખલા તરીકે લડાઇમાં અનેકાનેક મનુષ્યોએ એટલે કેટલાકનાં માતા-પિતાઓએ, કેટલાકનાં સાસુ સસરાઓએ જે અસહ્ય ગણાય તેવાં દુઃખ–તેમના પુત્ર પુત્રીઓના ત્રાસદાયક જીવન કે મરણને લીધે, કે તેમનાં વહુ કે જમાઇઓના પણ તેવા જ જીવન કે મરણને લીધે–અનુભવ્યાં હશે તે સિનેમાના દેખાવની માફક તેની નજર આગળ આવી ચાલ્યા જાય. બંગાળના દુકાળનાં હૃદયને ભેદી નાખે તેવા બનાવો પણ તે જુએ, એવી એવી અનેક બાબતોવી સાથે પોતાની આસપાસ પોતાને લગતા બનતા–બનેલા બનાવો પણ જુએ. તે ચિત્રમાળાઓમાં પોતાનું ચિત્ર ગમે તેટલું કરૂણ હોય તો પણ તેને પ્રમાણમાં ઘણું ઓછું કરૂણ લાગે.

જીવનના અનેકાનેક અંગો તેને જરૂર નજરે પડે કે જેમાં તે અનેકાનેક માનવીઓ કરતાં વ્યકિતની દૃષ્ટિએ પણ ઘણો વધારે ભાગ્યવાન–સુખી છે તે તેને જરૂર દેખાય. આવા–અનેકાનેક અંગો હજુ તમારા જીવનમાં છે. પતિપત્નીનો નિર્મળ અબાધિત પ્રેમ (આ ઘણી મોટી વસ્તુ છે), લાગણીવાળા (ભલે કેટલીક બાબતોમાં મતભેદ હોય) કુટુંબીજનો, સુખી-પ્રજા અને સાધન સંપત્તિવાળી–દીકરીઓ, થોડા પણ સારા લાગણીવાળા મિત્રો, કાંઇ નહિ તો સ્વતંત્ર આર્થિક સ્થિતિ, આપણને છોડી ગયેલાં પુત્ર, પુત્રી, જમાઇ એ પાછળ મૂકેલી સુવાસ અને જીવેલું સારૂં જીવન (વિરહ છતાં આપ્તજનોને આમાં દિલાસા ઉપરાંત આનંદ જેવી લાગણી પણ સાંપડે છે) એવી એવી ઘણી વસ્તુઓ હજુ અવશેષ રહેલા તમારા જીવન સાથે સંકળાયેલી છે. તે બરોબર સમજી તેની યોગ્ય કિંમત આંકવી અને તેની ઉપેક્ષા ન કરવી એ તમારો ધર્મ છે. તેવાં અંગો વિનાના અને છતાં બીજી રીતે તમારી માફક અથવા તેથી વધારે દુઃખી એવા મનુષ્યો પ્રત્યે તમારી સહાનુભૂતિ રાખી બને–તેટલું તેમને માટે કરી છૂટવું–કરી છૂટવાની શકિત કે પ્રસંગ ન હોય તો સહાનુભૂતિ તો રાખવી જ–એ પણ તમારો ધર્મ છે. એ વિચાર માર્ગે ચાલતાં સમાજનાં અનેક પ્રકારનાં દુઃખો જોઇ તે દુઃખો દૂર કરવામાં પોતાનો ફાળો હરકોઇ ભોગે આપવાનું મન જ્યારે થાય છે ત્યારે જ ખરી સમાજ સેવા જન્મે છે. અને તેથી જ ઘણા ઘણા માણસો પોતાની જાત, પોતાનું કુટુંબ, પોતાની મિલ્કત, ફના કરી સમાજ કે દેશના હિતની પ્રવૃત્તિઓમાં ઝંપલાવે છે. જગત જેને દુઃખ કહે છે તેને જાણી જોઇને ઉઘાડી આંખે નોતરે છે, પોતાના આપ્ત જનોને મરણ શરણ થતાં જુએ છે, પોતે મરણ શરણ થાય છે. પ્લેગ કે કોલેરાનો વા ચાલતો હોય ત્યારે પોતાનાં પત્ની બાળકો સાથે સેવાકાર્ય ઉઘાડી, તેમ કરવા જતાં તે દર્દમાં સપડાઇ પોતાનાંમાંથી કોઇને કે બધાને મરણ શરણ થવા દેનાર જગતના કોઇ એક ખુણામાં પોતાનું કાર્ય મોટામાં મોટા માણસની માફક બજાવ્યે જાય છે. તો બીજી બાજુ સમાજ, ધર્મ, કે રાજ-દ્વારી સુધારા કે ક્રાંતિ માટે ફાંસીને લાકડે ચઢનાર કે બીજી અનેક યાતનાઓ ભોગવનાર માણસોની સેવાઓ વધારે માણસો જાણતા હોય તો પણ તેઓ પણ એ જ પ્રકારની સેવા બજાવતા હોય છે. તેવાને લીધે સમાજ વ્યવસ્થા ટકી રહે છે, માનવજાતિ ટકી રહે છે. આ બધાંનો વિચાર કરતાં વ્યકિતત્વ ગળી જવું જોઇએ–એટલે કે અહંતા ગળી જવી જોઇએ–એટલે કે દુઃખ સુખ ગળી જવાં જોઇએ.

અને આપણે કેવા જમાનામાં જીવીએ છીએ? માનવ ઇતિ-હાસના કદાચ આજ સુધીના સૌથી કટોકટીના અને અગત્યના જમાનામાં આપણે જીવીએ છીએ. એક બાજુ સ્થૂળ બાબતોમાં મનુષ્યની શકિત એટલી વધતી જાય છે કે તે શકિત જ કદાચ મનુષ્ય જાતનો કે પૃથ્વીનો અંત લાવે. હીરોશીમા અને નાગાસાકી (ત્યાંના શહેરીઓના પાછળ રહેલાં આપ્ત જનોનાં દુઃખની અવધિ હશે?) તો માત્ર નજીવી શરૂઆત છે. આ શકિતનો યોગ્ય ઉપ-

યોગ જ કરવો એટલે કે વ્યકિત તરીકેનું આપણું દુઃખ હોય તેની સાથે સરખાવી પણ ન શકાય તેટલું મોટું દુઃખ બીજાં માનવીઓ અને પ્રાણિઓ ઉપર આવતું કેવી રીતે અટકાવવું અને મનુષ્ય સેવા–પ્રાણીસેવામાં એ શકિતનો ઉપયોગ કેવી રીતે કરવો એ એક મોટો પ્રશ્ન થઇ પડયો છે. તે વખતે વ્યકિત પોતાના દુઃખબિંદુ ઉપર દૃષ્ટિ રાખી સમષ્ટિના દુઃખ મહાસાગરને વિસરી જાય તે ઠીક ન કહેવાય. અને બીજી બાજુ ગાંધીજીનો અહિંસાનો સિધ્ધાંત પરમાણું બોંબની શોધથી તદ્દન બીજા છેડાનો પણ સ્વરૂપમાં પરમાણું બોંબના પ્રશ્નના અનિવાર્ય ભાગ તરીકે જોવાનો છે. આપણે ગાંધીજી અને આપણી જૂની અહિંસાની વાતો સાથે એટલા પરિચિત થઇ ગયા છીએ કે ગાંધીજી કે તેમની અહિંસાને ખરા સ્વરૂપમાં જોઇ તેની અગત્ય સમજી શકતા નથી. તેમના અહિંસાના પ્રયોગો સાવ અપૂર્ણ અને બાલ્યાવસ્થામાં હોવા છતાં અત્યંત મહત્વના છે. એ પ્રયોગકાર્યમાં આપણે ભાગ ન લઇ શકતા હોઇએ તો પણ આપણે તેનું મહત્વ સમજીએ તો તે બાબતમાં ગાંધીજીના સિધ્ધાંતની પ્રગતિ થઇ ગણાય. અહિંસામાંથી નીકળતા સમાજ સેવા, સ્વતંત્રતા, સમાનતા વગેરે અનેકવિધ ઝરણામાં આપણું મન નાહવાની ટેવ રાખે તોપણ ઘણું પવિત્ર બને. નબળા શરીર કે બીજા સંજોગોને લીધે બીજું કાંઇ ન થઇ શકે તો સમજણપૂર્વકની સહાનુભૂતિ અને તેમાંથી ઉપજતી પ્રાર્થના—

"ન ત્વહં કામયે રાજ્યં, ન સ્વર્ગમ્ ના પુનર્ભવમ્ ।
કામયે દુઃખ તપ્તાનામ્ પ્રાણિનામ્ આર્તિ નાશનમ્ ॥

હું રાજ્ય ઇચ્છતો નથી, સ્વર્ગ કે મોક્ષ પણ ઇચ્છતો નથી (એટલે કે મારૂં પોતાનું વ્યકિત તરીકેનું નાનું કે મોટું એવું કોઇ સુખ ઇચ્છતો નથી), માત્ર દુઃખથી તપેલાં પ્રાણિઓનાં દુઃખનો નાશ ઇચ્છું છું, એના જેવું કાંઇક કરીએ તો પણ ઘણું છે. અને તો પછી વ્યકિતનું દુઃખ ક્યાં રહે? અને હોય તો લાગે કેવી રીતે? આવા જમાનામાં જીવતા હોવાનું ભાગ્ય આપણને સાંપડયું તે માટે આપણે ઇશ્વર કે કુદરત કે કર્મનો આભાર માનવો જોઇએ. અને હિંમત હારી મરણને ભેટવાની રાહ જોતા હોઇએ એમ વર્તવું બંધ કરી દેવું જોઇએ. એટલું પાચન ન કરીએ તો આપણા જમાનાને પણ આપણે અન્યાય કર્યો ગણાય. ન્હાનાલાલ કવિએ તેમની એક કૃતિમાં જોગણને પતિ તેનું બાળક વગેરે ગુજરી ગયા પછી તે એકલી રહે છે ત્યારે-તેના મોંમા એવા કાંઇક શબ્દો મૂકયા છે કે 'એક બાળકની માતા મટી હું જગતની માતા થઇ.' આવું જ કાંઇક આપણા આપ્ત જનોનાં મરણ પછી આપણે અનુભવવું જોઇએ. તો તો આપણી ફરજો ઘણી વધી જાય અને તેથી જીવન ટૂંકાવવાને બદલે બને તેટલું તેને લંબાવી બીજાને ઉપયોગી થવામાં તેનો ઉપયોગ કરવાનું મન થાય.

માત્ર વ્યવહારની દ્રષ્ટિએ પણ સાવ સાદી વાત તો એ છે કે તમારે બંનેએ હિંમત તો નજ હારવી જોઇએ, અને જીવન યોગ્ય રીતે જીવ્યા કરવું જોઇએ. તમે બંને મરણની રાહ શા માટે જુઓ છો? તમારૂં પોતાનું દુઃખ ઓછું કરવા માટે, કે મરનારના શ્રેય માટે, કે તમારા જીવતાં આપ્તજનોના શ્રેય માટે? તમારા વહેલા મરણથી, મરનાર વ્યકિતઓને કાંઇજ ફાયદો થવાનો સંભવ નથી. કદાચ તમારા આર્ત ધ્યાનથી તેમને કંઇક અંતરાય થાય. તેમના હિતની ખાતર તમારે વહેલા મરવાની જરા પણ જરૂર નથી. એટલું જ નહિ પણ સામાન્ય જીવન તમારે જીવ્યાં કરવું જોઇએ. બીજી બાજુ જે ઘણા આપ્તજનો જીવે છે તેમને તમારા મરણથી કેટલો આઘાત થશે? અને તમે બંને પણ એક સાથે તો થોડા જ જવાનાં છો? એમાંથી જે પાછળ રહે તેને તાજેતરના આઘાતો પછી કેટલું અવર્ણનીય દુઃખ થશે? આ દ્રષ્ટિએ તો જેટલું બને તેટલું લાંબુ–આયુષ્ય ભોગવવા તમારે બંનેએ પ્રયત્ન કરવો જોઇએ.

સંત તુલસીદાસ–એક દૃષ્ટિબિન્દુ

હૃદયની ઉર્મિઓ જ્યારે નિમ્ન શિર પર ઉદ્ભવે છે ત્યારે માનવી પશુના ભણી પગરણ કરી સર્વનાશ પામે છે. પણ એ જ લાગણીઓથી મદમદતું હૃદય જ્યારે ઉચ્ચ શિરે ધબકે છે ત્યારે એ ઉર્મિ પ્રવાહ એને 'મહાન્ધકારમાંથી પરમ તેજે લઇ' જાય છે. એની કુત્સિત વાસનાઓ રૂપાન્તરિત થઇ શુદ્ધ ભાવનાઓમાં પરિણત થાય છે. એ પશુતાથી પાછાં પગલાં કરી માનવતા દ્વારા એ આગળ દેવત્વ તરફ વળે છે.

ભાવુક હૃદયનો યુવક તુલસીદાસ જ્યાં સુધી એની પત્ની પાછળ ગાંડો હતો ત્યાં સુધી તે એક અતિ સામાન્ય માણસથી કંઇ વિશેષ ન્હોતો, પણ એની પત્નીના મેણાએ એની અંદર એક ક્રાન્તિકારી પરિવર્તન કર્યું. એણે પત્નીની વિદાય લીધી, પણ બલવત્તર ઉર્મિઓનું પ્રાંગણ હૃદય તો એટલું જ ભાવુક હતું. ભાવનાઓનાં વ્હેણ બદલાયાં, એમનો વિકાસ થયો અને પત્નીપ્રેમ રામ–ભકિતમાં પરિણમ્યો.

પત્નીથી પ્રતાડિત તુલસી ક્રોધ વા નિરાશાનાં ઘેનને મન પર આવરવા દેત તો તેણે કોઇ જ ધન્ય કર્મ કર્યું ન હોત–ક્રોધવશ પત્નિની હત્યા કરી હોત, અથવા નિરાશામાં આત્મઘાતનું શરણ લીધું હોત. એમણે તો એમના પ્રેમની ગતિ વ્યકિત પ્રત્યેથી સંકેલી ઇશ્વર પ્રત્યે વહાવી અને એમાંથી નિર્માણ થયું જન કલ્યાણનું, એક મહાન સાહિત્ય–એક શાશ્વત ગ્રંથ, રામચરિતમાનસ. મનુષ્ય સાચા અર્થમાં માનવી હોય, જે જે સ્થાને મૂકાયો હોય તે તે સ્થાનેથી અન્ય મનુષ્યો સાથેના વ્યવહારમાં આદર્શ આચરણ આચરી શકતો હોય તો તે દેવ કહેવાય. જેટલા અંશે તે આદર્શ માનવી સિદ્ધ થાય તેટલે અંશે તે ઇશ્વરત્વને પામેલો ગણાય. તુલસીનું મસ્તક આવા માનવીઓના ચરણમાં ઢળી પડયું, એમાં એમને ભકિત ઉપજી, એ પ્રેમનાં, એ ભકિતનાં પૂરમાં એમનું હૃદય તણાયું અને પ્રબળ પુરૂષાર્થ આદર્યો. અસિઘાટ પર છ મહીના સુધી અહોનિશ સાધના કરી, ગંગાનાં પવિત્ર નીરે, એની કલકલ ધ્વનિએ એમને પ્રેરણા આપી અને એ ભગીરથ પ્રયત્નો અને નિર્મળ ભકિતમાંથી જન્મ્યું 'રામ ચરિત માનસ;' જ્યાં દશરથ, રામ, ભરત, હનુમાન, કૌશલ્યા, સીતા આદિ અનેક પાત્રો ભિન્ન ભિન્ન

બીજાનું ગમે તે થાય પણ તમારૂં દુઃખ તો ઓછું થશે એવી તમારી ભાવના હોય (એવી ભાવના ન હોય એવી મારી ખાત્રી છે) તો તે કેવળ સ્વાર્થી ભાવના છે. અને તેને રોકવા ખૂબ પ્રયત્ન કરવો જોઇએ. તમે છો ત્યાં સુધી તમારી દીકરીઓ, તમારા ભાઇ-ભાંડુઓ, તમારા સગાં કુટુંબ, તમારા મિત્રો વગેરેના દુઃખમાં ઘટાડો કરી શકો છો-કરો છો. સીધી રીતે બધાને ઉપયોગી ન થઇ શકો તો પણ તેમનામાં સંતોષની લાગણી તો રહેજ. એટલે તમારો ધર્મ સ્પષ્ટ છે. તે ધર્મ, તમારૂં જીવન ટૂંકાવવાનો નહિ પણ લંબાવવાનો છે. તમે બે એક બીજાને કેટલા ટેકારૂપ છો? એવા ટેકા વગરના અનેક માણસો ટેકા વગર નભાવ્યે જાય છે. ત્યારે તમે તો એક બીજાના જોરથી પણ ટકી શકો છો.

તમારૂં સંસ્કૃત જ્ઞાન બહુ નહિ હોય. ભગવદ્ ગીતા રોજ વાંચવાનો મહાવરો રાખશો. સંસ્કૃતમાં ન સમજાય તો ગુજરાતીમાં, કાંઇ નહી તો ગાંધીજીનું ગીતાનું ભાષાંતર કે જે અનાસકિત યોગ નામે પ્રસિદ્ધ થયેલું છે તે વાંચતા રહેશો, જૈન પુસ્તકો વાંચતા હો તો તે ચાલુ રાખી તેની સાથે ગીતા વાંચવામાં હરકત નથી. ગીતામાં ઘણા ખરા ધર્મોની માન્યતાવાળાને જોઇએ તે મળી રહે છે. ગીતામાંની બધી વસ્તુઓ માન્ય રાખવાની જરૂર નથી. મુખ્ય બાબત અનાસકિત ઉપર ભાર મૂકવો જોઇએ. બાકી વિભૂતિ, વિશ્વ દર્શન, ભકિત, દૈવી આસુરી સંપત્તિ વગેરે પણ બહુ મદદ કર્તા નીવડે. બીજો અધ્યાય ઘણો અગત્યનો છે. જો કે તેમાં વર્ણવેલીસ્થિતપ્રજ્ઞની સ્થિતિએ પહોંચવું ઘણું કઠણ છે.

બર્નાર્ડ શૉ: એક પરિચય નોંધ

(થોડા સમય પહેલાં શ્રી દેવદાસ ગાંધી હિંદુસ્થાનના છાપાઓ માટે કાગળનો જથ્થો ખરીદવાને ઈંગ્લંડ તેમજ અમેરિકા ગયેલા. તેઓ લંડનમાં હતા તે દરમિયાન જુલાઇ માસની બીજી તારીખે જાણીતા સુપ્રસિદ્ધ સાહિત્યકાર બર્નાર્ડ શૉને મળવાનો તેમને અણધાર્યો લાભ મળેલો. તેમની સાથેના આ પરિચયની નોંધ તેમની ૯૦મી વર્ષગાંઠના દિવસે તા. ૨૬-૭-૪૬ શુક્રવારના રોજ શ્રી દેવદાસ ગાંધીએ ટાઇમ્સ ઑફ ઇન્ડીઆમાં પ્રગટ કરેલ. એ નોંધમાં આપણને આજની દુનિયાના આ એક મહાન પુરૂષનો ઠીક સરખો પરિચય મળે છે. બર્નાર્ડ શૉની આ પુણ્યકથા પ્રબુદ્ધ જૈનના વાંચકો રસપૂર્વક વાંચશે એવી આશા રાખવામાં આવે છે. **પરમાનંદ**)

બર્નાર્ડ શૉની મુલાકાત લેવી એ સામાન્યપણે પણ એક અસાધારણ બાબત ગણાતી પણ હવે તો એ એક અપૂર્વ પુણ્યકર્મનું ફળ લેખાય છે. આ શુક્રવારે આખું જગત તેમની ૯૦મી વર્ષગાંઠ ઉજવશે. શૉ ફક્ત એક જ એવી વ્યક્તિ છે કે જે તે ઉત્સવમાં રસ નથી ધરાવતી. મારા સુભાગ્યે મને તેમને મળવાની તક અણધારી રીતે સાંપડી જે મારા માટે અણમોલી હતી. અને તેથી મને લાગે છે કે મારો આ અમૂલ્ય અનુભવ મારા પુરતો જ મર્યાદિત રહેવો ન જોઇએ.

બર્નાર્ડ શૉના અંગત પરિચયમાં આવેલી વ્યક્તિને હું જાણતો હતો. લંડનથી ત્રીસ માઇલ દૂર એવેટ સેઇન્ટ લોરન્સમાં રહેતા વીન્સ્ટન કુટુંબને હું ૧૯૩૧ માં લંડનમાં મળેલો. ત્યારે અમારી વચ્ચે મિત્રતા બંધાયેલી. મીસીસ ક્લેર વીન્સ્ટન એક ચિત્રકાર છે. દુનિયાની જાણીતી વ્યક્તિઓની તેમણે ચીતરેલી કેટલીક છબીઓ ખરેખર ઉત્તમ નમુનાઓ છે. હમણાં જ તેમણે બર્નાર્ડ શૉની એક આબેહુબ કાંસાની મૂર્તિ તૈયાર કરી છે.

છેલ્લા મહીનામાં જ્યારે હું લંડનમાં હતો ત્યારે મી. વીન્સ્ટને મને બીજી જુલાઇ મંગળવારે તેમના કુટુંબ સાથે જમવા માટે ટેલીફોનથી આમંત્રણ આપ્યું. મને લઇ જવા માટે તેમણે ગાડીની ગોઠવણ કરેલી. એવેટ સેઇન્ટ લોરેન્સનું ઠેકાણું સમજાવવા માટે તેમણે મને બર્નાર્ડ શૉ જ્યાં રહે છે તે જગ્યા એમ કહ્યું. ઇંગ્લેન્ડનું ગામડું જે અર્થમાં સમજાય છે તે અર્થનું તે એક ગામડું હતું.

જો કે આમ એવેટ સેઇન્ટ લોરેન્સ જેટલે દૂર જમવાને જવા આવવા માટે વખત કાઢવો એ મારા માટે બહુ મુશ્કેલ હતું એમ છતાં પણ આ તકને આવકારતાં મને કોઇ વિશેષ લાભપ્રાપ્તિ થશે એવી મારા દિલમાં કાંઇક આગાહી થઇ અને બહુ લાંબો વિચાર કર્યા વગર મેં તુરત જ હા પાડી દીધી. વધારામાં અંગ્રેજોની મહેમાનગતી માણવાનો આ અણધાર્યો લાભ જતો કરવાનું મારાથી મને જ કેમ ?

વીન્સ્ટન કુટુંબને હું જાણતો હતો અને તેથી તેમની સાથેની ઓળખાણ તાજી કરવાની આ મને તક મળી તેથી મને બહુ આનંદ થયો. મેં તેમનું નિમંત્રણ સ્વીકાર્યું એટલે પછી તેમણે પોતાના વૃદ્ધ પડોશી બર્નાર્ડ શૉને પણ તેમની સોબતનો લાભ આપવા વિનંતિ કરી જે તેમણે બહુ ભાવપૂર્વક સ્વીકારી. પણ આ બાબતની મને તો તેમની સાથે જ્યારે મોટરમાં એવેટ સેઇન્ટ લોરેન્સ જવા હું નીકળ્યો ત્યારે જ ખબર પડી. આ સાંભળીને જાણે કે કોઇ અણચિન્તવ્યું સ્વપ્ન ખરું પડતું હોય એમ મને લાગ્યું. 'આ તો એક અત્યન્ત રોમાંચક અને કૌતુક ભર્યો અનુભવ થશે' એમ હું બોલી ઉઠ્યો.

રસ્તામાં અમે 'એરી' (આલુ) લેવા ઉભા રહ્યા. આ વખતે લંડનમાં આજ ફળ સારી જાતનાં અને ઠીક ઠીક ભાવે મળી શકતાં હતાં. 'પીચ' પણ મળતાં પણ તેનો ભાવ એક એક પીચનો આઠથી બાર પેની પડતો હતો, અને તે પણ પેશાવરમાં મળે છે એટલાં સારાં તો નહિંજ. દ્રાક્ષનો ભાવ રતલનો ૩૦ શીલીંગ પડતો હતો. અને કેળાં તો ફક્ત બાળકો માટે જ મળતાં હતાં. એરીની તો આ વખતે મોસમ જ હતી. ઇંગ્લંડમાં પાકતા અને બહારથી આવતાં ફળોમાં એરી આટલી છુટથી મળી શકતા હતા એટલા માટે આમપ્રજા પરમેશ્વરનો પાડ માનતી હતી. એરીનાં ફળ આંખને પણ બહુ આનંદ આપે છે. જ્યારે બીજા લોકો ટેબલ ઉપર પીરસવામાં આવતી અનેક વાનીઓ પુરા સ્વાદથી આરોગતા હોય ત્યારે એક મહાપુરૂષ જેનાં દર્શન હમણાં જ થવાનાં હતાં તે માત્ર એરીથી જ સંતોષ અનુભવી રહ્યા હોય એવું દૃષ્ય મારી આંખો સામે ખડું થઇ રહ્યું હતું.

રસ્તો લાંબો હતો અને મોટર-ડ્રાઇવર સુધ્ધાં અમે ચાર જણાએ એવેટ સેન્ટ લોરેન્સ પહોંચતા પહોંચતાં લગભગ અડધા એરી તો પુરા કરી નાખ્યાં.

રસ્તામાં ઘણી ભીડ હોવાને લીધે અમને મોડું મોડું થઇ ગયું હતું. તેથી અમને ચિંતા થતી હતી. અને આવા સંત પુરૂષને રાહ

સ્થિતિમાં ભિન્ન ભિન્ન આદર્શો સિદ્ધ કરવા મથે છે.

ભાવુક હૃદય કાવ્યમય છે એટલે એમની રચના પદ્યમય થઇ. માણસ પ્રેમ ઢાલવીને જ જંપતો નથી એ તેનું પ્રદર્શન પણ ઇચ્છે છે જાણે એ જગતને કહેવા ઇચ્છતો હોય 'જોયો મારો પ્રેમ પાત્ર!' રામના પ્રેમમાં ગાંડા થઇ તેની શોધ ખોળમાં તે હિમાલય સુધી ભટકયો નહિ, કે નથી સમાધિસ્થ થઇ એની સાથે સાક્ષાત્કાર સાધવાનો માર્ગ તેમણે ગ્રહણ કર્યો. એમણે તો રામને પોતાના રોમે રોમમાં અનુભવ્યો અને વિચાર્યું, "રામનો હું તો પ્રેમી છું, પણ આખું વિશ્વ એનું પ્રેમી કાં ન થાય!" પોતાના પ્રેમનું પ્રદર્શન કરવુ હતું વિશ્વને પોતા જેવું પ્રેમી બનાવવું હતું અને એ ભાવનામાંથી જન્મી રામાયણ.

ભક્તિને બાદ કરીએ તોપણ રામાયણને અથથી ઇતિ સુધી વાંચ્યા પછી એમ લાગે છે કે જીવનના દરેક ક્ષેત્રમાં તુલસીએ એક આદર્શ માનવી રચવાનો એકધારો પ્રયાસ કર્યો છે. ન્યાય, નીતિ અને કર્તવ્યને સામે રાખી એમણે માનવીને વિવિધ સંજોગોમાં મૂકી ઠેરઠેર આદર્શ ઘડયા છે, જાણે એમ ઇચ્છતા હોય–'બધાં આદર્શ જીવન જીવી ઇશ્વરત્વ કાં ન પ્રાપ્ત કરે!' એટલું જ નહિ પણ જે સમાજ અને દેશોનું તેઓ વર્ણન કરે છે ત્યાંના પાશવિક વલણના માનવીઓમાં પણ અમુક સંસ્કારિતાનાં તેઓ દર્શન કરાવે છે, કેમ જાણે એટલી માનવતા તો પતિત ગણાતી વ્યક્તિઓમાં પણ એ વખતે અનિવાર્ય જ ગણાતી હોય. રાવણ-મંદોદરી સંવાદ, લંકામાં સીતાની સુરક્ષિતતા રાવણ-વિભીષણ સંવાદ આદિ પ્રસંગો વાંચ્યા પછી તો એમજ લાગે છે કે તે વખત તો રાક્ષસ આજના માનવી કરતાં વધુ સંસ્કારી હતો. મનુષ્ય અને મનુષ્ય સમાજ માટે આદર્શ રચવામાં એમને જે અપૂર્વ સફળતા મળી છે તેવી સફળતા એટલી વિવિધ રીતે કોઇ ઐતિહાસિક કે અર્વાચીન લેખક અથવા કવિને મળી નથી.

રામના ભક્ત તુલસી અને કૃષ્ણના ભક્તોમાં જે એક મોટો તફાવત છે તે એ કે તુલસીના દેવ માનવીની ભૂમિકા પર પેદા થઇ મનુષ્યત્વના ઉચ્ચ શિખરે પહોંચે છે જ્યારે કૃષ્ણના ભક્તો એમના દેવનો એકાંગી વિકાસ જ જુએ છે અને પ્રેમઘેલા થઇને જ સંતોષ લે છે.

તુલસીનું 'રામચરિત માનસ' મનુષ્યત્વ, ભક્તિ અને સાહિત્યનું સત્યં, શિવં, સુન્દરમ્ રૂપ છે. સ્ત્રી પ્રત્યેની મોહભાવના પરિષ્કૃત, રૂપાન્તરિત થઇ ભક્તિમાં પરિણમી. તેમણે સંસારને એવો શાસ્વત ગ્રંથ આપ્યો કે જે સૈકાઓ સુધી માનવીઓના જીવનમાં ઉચ્ચ સંસ્કારો રેડયા કરશે.

જોતા બેસાડી રાખવા એ ઘણું અનુચિત હતું. વીન્સ્ટનના નાના સુંદર ઘરમાં શો આરામથી ખુરશી પર બેઠા હતા અને વીન્સ્ટનની મોટી પુત્રી તેમને પોતાના કુટુંબનો ચિત્રસંગ્રહ તથા બીજી કેટલીક છબીઓ બતાવી આનંદ આપી રહી હતી. જ્યારે તેમના મોં પર જરા પણ થાક કે અકળામણનાં ચિન્હો અમે ન જોયાં ત્યારે અમને નિરાંત વળી. તેઓ તો વખતસર આવી પહોંચેલા. તેમની પ્રચંડ, આદરપ્રેરક મુખમુદ્રા તથા દાઢીને લીધે અતિ ભવ્ય લાગતી મુખાકૃત્તિ જોઈને મને માર્શલ ડી લોનો તથા સર પ્રભાશંકર પટ્ટણીની યાદ આવી. તેમને કશી પણ સગવડ પડી હોય એમ અમને ન લાગ્યું. અમારી સામે તેમણે સરળભાવે જોયું અને મારી સાથે તેમણે વ્હાલપૂર્વક હસ્તધુનન કર્યું.

"મેં પહેલાં તમને કશે જોયા છે?" તેમણે પૂછ્યું. મેં કહ્યું કે, "જ્યારે આપ ગાંધીજીને લંડનમાં ૧૯૩૧ ની હિંદી ગોળમેજી પરિષદ વખતે મળવા હતા ત્યારે હું ત્યાં હાજર હતો."

"હા, તમારા પિતાશ્રી જોડે મારે ઘણો મીઠો વાર્તાલાપ થયેલો." તેમણે કહ્યું, "પણ મને ખબર નહિ કે તે વખતે તમે ત્યાં હાજર હતા. પણ એક વાત મને યાદ છે. તમારા પિતાશ્રી અમારી જોડે ઘણા વિનયથી વર્તેલા. વાતચીતના અંતે તેમણે અમને પૂછ્યું કે અમે કેવી રીતે પાછા જવાનાં હતાં?" મેં કહ્યું કે, "હું એક ટેકસી લાઇ લઇશ." એમણે તે ગણકાર્યા વગર જ અમારા માટે તરત જ મોટરની ગોઠવણ કરી આપી. તે મોટર સુંદર હતી અને મેં કદી એ મોટરના ડ્રાઇવર જેટલો હોંશીયાર, ચાલાક તથા સુઘડ ડ્રાઇવર જોયો નહોતો. મેં તેને પાંચ શીલીંગની બક્ષીસ આપવા માંડી પણ તે તેણે ન લીધી. પાછળથી મને ખબર પડી કે તે હિંદના કોઇ રાજવી હતા. પાછળથી તેઓ મને મળવા આવેલા અને મેં તેમની જોડે ઘણી વાતો કરેલી."

"તમારા પિતાશ્રીની હમણાં કેટલી ઉમ્મર છે?" તેમણે પછી પૂછ્યું. મેં જ્યારે કહ્યું કે "તેમની ઉમર ૭૬ વર્ષની છે" ત્યારે તેમણે મોટેથી કહ્યું કે "એ તો કંઇ નથી. ત્યારે તો તેઓ હજુ સાવ બાળક જ ગણાય. ૧૯૩૧ માં તમારા પિતાશ્રી સાથેના મેળાપ દરમિયાન શું બન્યુ હતું તે તમે જાણો છો? તમે તે વખતે ત્યાંજ હતા, પણ અમારી વાતચીત કેવી રીતે શરૂ થયેલી તે તમને કદાચ યાદ નહિ હોય. તમારા પિતાશ્રી એક મોટી ખુરશી પર બેઠેલા. તેમની જમીન પરની ગાદીની બેઠક ખાલી પડી હતી. મેં કહ્યું "મી. ગાંધી! તમે તમારા ઘરની માફક જમીન પર ન બેસો?" તમારા પિતાશ્રી હસીને એમની હંમેશની ટેવ મુજબ જમીન પર પલાંઠી વાળીને બેઠા. તરત જ અમે પરસ્પર મિત્ર બની ગયા. તેઓ પેલી મોટી ખુરસી ઉપર કેટલી બધી અસ્વસ્થતા અનુભવી રહ્યા હતા?"

શો મારો હાથ પકડીને મને જમવા લઇ ગયા. બર્નાર્ડ શોની અસાધારણ શરીરચેતના ધીમે ધીમે ઓછી થતી જાય છે એ વાત ખરી છે. તે છતાં પણ તેઓ હંમેશાં થોડું ઘણું ફરવા જાય છે અને થોડો સમય લખવા પાછળ ગાળે છે, અને નિયમિત ભોજન લે છે. તેમની સાથેનો વાર્તાલાપ આજે પણ તેટલો જ આનંદદાયક હોય છે. ઉમ્મર વધવાની સાથે મનુષ્યની શક્તિ મર્યાદિત થતી જાય છે એમ છતાં શરીરની જીર્ણતા ઠેઠ સુધી કેમ ખાળી શકાય છે તે શો જેવા પુરુષો જગતને શિખવી રહ્યા છે. શરીર જ્યાં સુધી ટકે છે ત્યાં સુધી એ અંદરના પ્રચંડ આત્માને વ્યક્ત કરવાનું કામ કર્યા કરે છે. આમ છતાં પણ શોને હવે શરીરને શ્રમ પડે તેવી પ્રવૃત્તિઓથી બને તેટલા દૂર રહેવું પડે છે, અને અન્તિમ ઘડીએ આત્માએ શરીર ઉપરનો કાબુ ઉઠાવવો જ રહ્યો એમ પોતાની લાક્ષણિક રીતે તેઓ કબુલ કરે છે. બર્નાર્ડ શો સો વર્ષ સુધી જીવે એટલી શાન્તિ અને આરામ તેમને બરાબર મળતા રહે એ રીતે બર્નાર્ડ શો સંબંધે જે કાંઇ સુઝે તેવી યોજનાઓ તેમની નજીક રહેનારાઓ વિચારી રહ્યા છે અને અમલમાં મૂકી રહ્યા છે. જે લાખો આદમીઓ બર્નાર્ડ શો પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ દાખવી રહ્યા છે તેમનાવતી આ બાબત જેટલી સ્પષ્ટતાથી કહી શકાય તેટલી સ્પષ્ટતાથી મારે કહેવી જોઇએ એમ હું ધારું છું.

શો શાકભાજી અને બ્રાઉનબ્રેડ ખાઇ રહ્યા હતા. મલાઇની પનીર (Cream cheese) તેમણે ન લીધી કારણ કે તેમાં મરચાંનાં અર્કની સોરમ આવતી હતી. આથી મને બહુ દુઃખ થયું કારણ કે ખાસ મારા કારણે તે વાની તીખી બનાવવામાં આવી હતી, એમ છતાં પણ તે બહુ તીખી નહોતી અને ખરેખર બહુ સ્વાદિષ્ટ બનાવવામાં આવી હતી. પણ આમ મારા લીધે આ જગતના મહાન યુગદ્રષ્ટા માટે આ વાની ઉપભોગયોગ્ય ન બની એ મને ન ગમ્યું. એમનાથી ઘણી નાની ઉમ્મરના લોકો જે લેતાં અચકાય છે તે લીંબુનું સરબત તેમણે ઠીક પ્રમાણમાં પીધું, પણ કાળા મેરીમાંથી બનાવેલ એક પીણાનો ઉપયોગ તેમણે ન કર્યો, એમ કહીને કે તેમાં મધ તો નથી જ, પણ તે બનાવવામાં અનેક રસાયણોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમને ચાલુ ખોરાક લેતા જોઇને તેમના વિષેના આદરમાં વૃધ્ધિ થતી હતી. અમારા બધા કરતાં તેમણે બહુ ઓછું ખાધું, પણ તેઓ ખરી ભૂખથી ખાતા હતા. તેઓ દુનિયા જાણે છે તેમ નિરામિષાહારી છે. મીસીસ વીન્સ્ટન તથા તેમની બે પુત્રીઓએ ઘણી કાળજીપૂર્વક સંપૂર્ણ નિરામિષ ભોજન તૈયાર કરાવ્યું હતું. શોનાં પત્નીના મરણ પછી શો એકલવાયી જીંદગી ગાળતા હતા. તેમને સહવાસ આપવા માટે તથા તેમની જરૂરી સંભાળ લેવા માટે તેમની તરફના તથા તેમની પત્ની તરફના કોઇ જ સગાંવ્હાલાં નથી. પોતાની સંભાળ તેઓ પોતેજ એક બહાદુર આદમી માફક લે છે. એમ છતાં પણ તેમનું પાડોશી વીન્સ્ટન કુટુંબ તેમની સાથે પુરા કુટુંબભાવથી વર્તી રહ્યું છે અને તેમની બધી સગવડો સાચવે છે. તેમનું ઘર જાણે કે પોતાના દીકરાનું જ ઘર હોય એમ શો તેમની સાથે અનેક સાંજો ગાળે છે. અને તેઓ પણ તેમની સાથે એટલો જ મીઠો સંબંધ રાખે છે અને તેમની પ્રત્યે અત્યન્ત પ્રેમભાવ દાખવે છે. જો તેમની ઇચ્છા મુજબ શો વર્તવા દે તો વીન્સ્ટન કુટુંબ આથી પણ શોની ઘણી વધારે સેવા કરી છુટે. પણ બર્નાર્ડ શોને એટલા બધા લાડ ગમતા નથી.

(અપૂર્ણ.)

પાપ બોલે છે—

મારું નામ પાપ છે અને હું જાણું છું કે તમે સૌ પૃથ્વીવાસીઓ સદીઓ થયા મને ખૂબ નિન્દો છો અને કાઢી મૂકવા અનેક જાતના પ્રયત્નો કરતા આવ્યા છો, પણ દરેક પ્રયત્નની સાથે મારા પગ વધુ ને વધુ મજબુત થતા જાય છે. હું પોતે પણ ઘણીવાર ભ્રમમાં પડી જાઉછું કે ખરેખર તમો મને કાઢવા મથો છો કે રાખવા? કેમકે આજ સુધીમાં કોઇ મને કાઢી શકયું નથી પણ દરેક વિદાય થતી પેઢીએ મારું કાંડુ આવતી પેઢીને પ્રેમ પૂર્વક સોંપ્યું છે!

મારું ઉગમ સ્થાન અને મને ઉત્પન્ન કરનાર શક્તિને તમે સંપૂર્ણપણે જાણતા હો તેમ લાગતું નથી, કારણકે હું તો તમારા પૂર્વજોનો એક વારસો તરીકે તમારી પાસે આવું છું. એટલે તમે મારા જીવનના અમુક અંશને જાણી શકો પણ હું તો મારા અનેક પંપાળનારાઓ ગયા છતાં એકનો એક અનેક સ્વરૂપે એકધારું અસ્તિત્વ ધરાવું છું. એટલે મારી જીવનકથા જાણું છું. કે જેમ શંકરના પત્ની પાર્વતીદેવીએ પોતાના શરીરના મેલમાંથી ગણપતિની મૂર્તિ સરજી હતી તેમ માનવજાતે મને પોતાના જીવનના મેલમાંથી સરજ્યું છે અને વહાલથી પંપાળ્યું છે.

મારું સ્વતંત્ર અસ્તિત્વ નથી પણ જ્યાં જ્યાં માનવીનું જીવન અકુદરતી અને પરશ્રમજીવી છે ત્યાં ત્યાં કાષ્ટમાં રહેલા ગર્ભિત અગ્નીની માફક ભિન્ન ભિન્ન સ્વરૂપે હું રહેલું જ છું.

વ્રજલાલ મેઘાણી.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૩

મુંબઈ: ૧ નવેમ્બર ૧૯૪૬ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૪

'સાહિત્યસર્જન એટલે આત્મસંતૃપ્તિ'

ગુજરાતી સાહિત્ય પરિષદના સોળમાં અધિવેશન પ્રસંગે સાહિત્ય વિભાગના પ્રમુખ તરીકે શ્રી. ઝવેરચંદ મેઘાણીએ આપેલું વ્યાખ્યાન અત્યન્ત રસપ્રદ અને ઉદ્બોધક હોવાથી નીચે પ્રગટ કરવામાં આવે છે.

તંત્રી.

ગુણજ્ઞ ગુર્જરો!

તમે આજે મારું બહુમાન કર્યું છે. સામાને સન્માનીને ય ઉલટાના પોતે આભારભીના બનો છો, એ તમારી અધિકતા છે. કરાંચી સંમેલન વખતે પત્રકાર–વિભાગનાં પ્રમુખસ્થાનને પાછું વાળીને તમારા જેવા જ ગુણજ્ઞોનાં દિલ કોચવ્યાં હતાં. આજે મારા અધિકારમાં તો ન્યૂનાધિકતા નથી થઈ, પણ વારેવારે ના પાડવા પાછળ રખે ઊંડે ઊંડે ય એકલવિહારીપણાનું અભિમાન કામ કરતું હોય, એ આત્મભીતિથી ચુપચાપ ચાલ્યો આવ્યો છું.

તમે આપેલાં ગૌરવનું મારે મન મૂલ્ય છે. આપણા નાનાશા ગુજરાતમાં સાહિત્યોપાસનાને વરેલા માણસો પ્રમાણમાં નાના ઘર-દીવડા જેવા, સંખ્યા યે તેમની અલ્પ, અને તેમને પ્રત્યેકને પોત-પોતાના કસબ પર મુસ્તાક રાખવાને સારૂ જરૂરી એવાં માનગૌરવનાં નિમિત્તો અવસરો યે જૂજવાજ. (એ તો જૂજ હોય તે જ ઇષ્ટ છે.)

સંમેલનનું શ્રેય

આવા પ્રોત્સાહક માનપ્રદાનના તમે યે અધિકારી છો. સાહિત્ય-પરિષદ ચાલીશ વર્ષની પ્રૌઢ પીઢ સંસ્થા છે. એનો ભૂતકાળ કેવોક હતો ને વર્તમાન કયાં ચૂંચવાયો છે, તે તો મારા જેવા બહાર ઉભેલાને અને પોતાનાં કલમ કાગળ સાથે જ મહોબતે બંધાએલાને ખબર નથી. તથાપિ આ ખુજર્ગ સંસ્થા એક અસલી ટીબો તપતો રાખી રહી છે, લાંબે દૂંકે ગાળે પ્રાંતના વાણીરસિકોનો મેળો મેળવે છે, અને આડે દહાડે અન્યત્ર તો કયાંય પોતાનું સ્થાન ન શોધી શકતા એવા દૂર દૂર ગામડે, નેસડે પડેલા મહેતાજીને પણ, એનો નાનકડો નિબંધ અહીં વંચાશે એવી ઉમેદ સાથે આકર્ષી લાવે છે. આ મેળો જ્યાં જ્યાં મળે છે તે પ્રદેશ અને સ્થળની હવામાં પણ લોકપર્વણીની પ્રસન્નતા છવાય છે. અન્ય પ્રશ્નોએ આવરેલાં જનહૃદયોમાં એક ચમકારો પડે છે કે સાહિત્ય પણ લાગે છે કંઈક મહત્ત્વની બાબત—રોટી અને વસ્ત્ર જેવી જ કંઈક જરૂરી.

એટલે આ સાહિત્ય–પરિષદે વાઙ્મયના આપણા કાલમાં સીધો ઉમેરો કેટલો કર્યો, અથવા તો જેની ઘટામાં એક અથવા અન્ય પ્રકારનો જ્ઞાનરાશિ આડે દહાડે પણ પોષણ ને સંવર્ધન પામ્યા જ કરે એવું એક વટવૃક્ષ આ સાહિત્યપરિષદ કેમ નથી બની જતી વગેરે પ્રશ્નોને માહિતીના અભાવે વેગળા જ રહેવા દઈને હું તો સીધો, આવાં એનાં અધિવેશનોએ જે હવા પ્રકટાવવી જોઇએ તે પર જ આવી જાઉં.

સંઘ–સંપર્કની ઉષ્મા

સંઘદર્શન એ મહાદર્શન છે. સંઘોર્મિ એ મહાદીપ છે. વ્યક્તિ-ઓની જૂજવી દિવેટો એને અડકયે ચેતાઈ ઊઠે છે. વ્યક્તિગત લેખકો, સર્જકો જ્યારે લોકસંઘનો સાક્ષાત્કાર અનુભવે છે, ત્યારે એની જૂજવે કારણે થીજી ગયેલી સર્જન–રટુરણા ઓગળી પ્રવાહબદ્ધ બને છે અને એક દિશાએ જેમ વાણીના વિધાયકોનું રૂધિર ગરમ બને છે, તેમ બીજી બાજુ આપણા ચેતનાપ્રેરક આ લોકસંઘને પણ ગોચર થાય છે કે અન્ય ક્ષેત્રોમાંથી મળી આવેલી અમીરાત, શ્રીમંતાઈ, ઇજ્જત, અમર રાજકારણી હાકેમીને તો આ મેળાના મંડપ નીચે ગૌણ સ્થાન છે. અહીં તો અગ્રસ્થાને દીપે છે–અગર દીપવો ઘટે છે–પેલો કવિતાકાર, વાર્તાકાર, નિબંધલેખક, વ્યુત્પત્તિનો ઉકેલનારો અથવા શબ્દકોષનો સંશોધક. અરે એકાદ ફકકડ પરીકથાની કારીગરીથી પણ પ્રજાનાં છોકરાંને કલ્પનામસ્ત બનાવ-નારો અહીં ગણનાપાત્ર સ્થાને બેસશે, ભલે પછી એમાંના કોઈકના રાજધણી, ગામધણી, ઉપરી અધિકારી કે પેઢી–માલિક ધનપતિની યે આ સંમેલનમાં ઉપસ્થિતિ હો.

મધપૂડા બાંધનારા

શાની પ્રતિષ્ઠા અહીં કરીશું ત્યારે? ન ધનની, ન સત્તા સાહે-બીની, ન દાન ને સખાવતોની, ન રાજકારણની યે. અહીં તો બાજઠ પડે હંસવાહિની વીણાધરીનું. કલ્પનાનાં સરોવર–નીરને વિષે બુદ્ધિ-જન્ય આનંદ-રસ અહીં શુભ્ર કમલને રૂપે ઝૂલશે. નાના ને મોટા આપણે સૌ, એ પદ્મના પરાગ પીનારા છીએ; પીને પાછા પરજનોને સારૂ મધપૂડા બાંધનારા છીએ.

વાણીના વિધાયકોનું, 'પરાગ પીને મધપૂડા રચનારા,' એવું સ્વરૂપ અહીં અલંકાર–છટા માટે નહિ પણ હકીકતનાં નિરૂપણ માટે બાંધ્યું છે. લેખકનું સાધન છે શબ્દ–કલા. કોઇ પણ પ્રાપ્ત જ્ઞાન અથવા જીવનદર્શનનું રહસ્ય શિલ્પસુંદર શબ્દ–રૂપે પ્રકટાવવું એ છે એનું સાધ્ય. બાકી માનવી એ તો અટપટ વિષય છે. સમાજ, રાજકારણ, જિન્સી, અર્થકારણ, વગેરે તો છે અતલ સમસ્યાઓ. એની પાછળ તદ્વિદો પણ એક કરતાં વધુ અવતારો ખપાવી નાખશે, છતાં એણે ગણતરીમાં રાખેલી એકાદ કોઇ અવસ્થા ઊંધી વળતાં એની માન્યતાનું સમગ્ર મંડાણ તૂટી પડશે. કોઇકે સારાય માનવપ્રશ્નોને એક કામેચ્છા રૂપી ધરીની આસપાસ ફરતા બતાવ્યા, પછી એ તો બાપડો ગયો, એની મૂળ ધરી જ ધુંમાડાની સેર નીવડી, એટલે સમાજશાસ્ત્ર પર કોઇકને જ આખરી શબ્દ સમજી તેના સિધ્ધાંતોનાં પ્રતિપાદનને પ્રયોજન બનાવી બનાવી માનવજીવનની વાર્તાઓ કવિતાઓ આલેખનારા લેખકોની અવદશા થઈ. એજ બને છે માર્કસવાદી વિચારસરણીને પેગમ્બરી સત્ય સમજી તેના પર કૃતિની માંડણી કરનાર કલાધરોનું. એજ જો કદાચ બનશે ગાંધીવાદી અર્થકારણનો ચિરાધાર લેનારા શબ્દ–કસબીઓનું, તો આપણે નવાઇ નહિ પામીએ. કોઇકનો દાખલો ટાંકીને તાજેતરમાં જ એક વાર્તાનવેશે* આપણને

* સમસેટ મોમ

વાર્યા છે, કે આખરી સત્યનો વાદવિભ્રમ સેવ્યા વગર કેવળ તમે ચિત્તાહ્લાદક કૃતિઓ રચો. એ જ વાત લાગુ પાડી શકાય ચરિત્રનિરૂપકને, ઇતિહાસકથન કરનારને, અને ધર્મતત્ત્વના ઉદ્‌ગાતાને : કે જગતની રસભરી રજુઆત કરો. રમણીયને સર્જો. આપણા શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું વિધાન છે : પ્રકૃતિ માત્ર ઉપયોગી, પરિસ્થિતિમાં ટકે એવું જ નહિ, પણ રમણીય સર્જે છે.' શબ્દસર્જક પણ એ પ્રકૃતિને જ અનુસરે, ટકાઉ તો ખરું પણ સાથે રમણીય સર્જે.

સાહિત્યકારની મર્યાદા

આવી મર્યાદા જો ન બાંધીએ, ને સાહિત્યકારને કૂટ વિશ્વપ્રશ્નોનો ઉકેલનાર સત્યશોધક સમજીએ, તો માથા કરતાં પાઘડું ઘણું મોટું થાય. પ્રાચીન સમયની આપણી, સાહિત્યકાર વિશેની કલ્પના ચાહે તે હોય, આજની આપણી વસ્તુસ્થિતિ જુદી છે. માટે એ જુદી સમજને માગી લે છે. પ્રાચીનોનો 'કવિ' હતો સર્વજ્ઞ, સત્ય-પેખન્દો તપોધન. એ તો દૃષ્ટા કહેવાતો. હોમર અને વ્યાસ જેવા 'એકે હજારાં' હતા એના કથાકારો. નાટક તો કાલિદાસ ભાસ જેવા આંગળીને વેઢે ગણીએ તેટલાનો જ કલાપ્રદેશ. આજે આર્ષદૃર્શનની અધિકારી અલ્પસંખ્ય વિભૂતિઓનો જમાનો નથી. પેલા શ્લોકમાં કહ્યું છે તેમ, પક્ષીઓને બોલાવતાં પુદ્દાં પણ 'અમે ચે વિહંગમો' કહેતાં હાજર થાય છે. પ્રતિભા જેનું નામ છે તે માનવશક્તિ ચૂર્ણ થઇને કણી કણી ભાગે સામાન્યોમાં—અરે અતિસામાન્યોમાં-વહેંચાઇ ગઇ છે. સામાન્યોના આ ધુલ્લંદ સમૂહને શિરે, ધ્યેય તો અર્વાચીન કાળે પણ પરમ સત્યોના પારગામીપણાના આદર્શને પહોંચ્યવું જ રહેશે. એની બહુસંખ્યાના શોરબકોરમાં મૂળ આદર્શનો સૂર ડુંપાઇ ન જવો જોઇએ. છતાં હકીકતે આ જમાનો મહાકાયનો નહિ પણ મહાસંખ્યાનો છે. માટે જ અત્યાર પૂરતાં તો શિલ્પીગણનાં ખભા જેટલો ઊંચકી શકે તેટલા જ તોલનો આદર્શ એની પીઠ પર આરોપીએ તો સારું.

પ્રતિભાની ભૂમિકા

બેઉ બાજુએ તથ્ય છે. બેચાર પ્રતિભાસંપન્નો ઝળહળે તેથી યે પ્રાંત તાલેવાન ગણાતો નથી, અને સોહામણા મધ્યમો ખદબદી રહે તે પણ બુદ્ધિની દરિદ્રતા ટળ્યાનું ચિહ્ન નથી. સંખ્યાને ભોગે પણ પ્રતિભાની સામાન્ય ભૂમિકા ઊંચે આવવી જોઇએ.

આજકાલ કરતાં વીશ વર્ષોથી તો હું જોઇ રહ્યો છું : ટૂંકભૂંડિયા મધ્યમોને ઊગ્યા ન ઊગ્યા આથમતા જોઉં છું. ઊગીને નભોમંડળમાં માંડ દ્યુતિ કાઢવા લાગે ત્યાં તો નિર્વાણ પામી જતા જોઉં છું. કેટલાક તો એકાદ હસ્તપ્રત લઇને પ્રવેશ-દ્વારેથી જ ધાંટો પાડતા સંભળાય છે: 'કયાં છે મારો પુરસ્કાર ?' એકાદ સારું અવલોકન કેટલાકનાં મગજ બેસવી નાખે છે. એકાદ પ્રકાશનની આંટને કેટલાક અતિ ઉતાવળે વટાવી ખાય છે. મિત્રો સાથેનો વાર્તાલાપ, મોટે ભાગે, કયો પ્રકાશક વધુ રોયલ્ટી આપે છે તે એકાદ મુદ્દાની આસપાસ આંટા મારતો હોય છે. પોતે પોતાની પહેલી બીજી કૃતિમાં જેને અડકયો છે તે તો હજી દુનિયાની નાનકડી એક ટકનારી જ છે, સંસારન્મહેરામણની શેવાળેલ સપાટી જ છે. 'પ્રવેશ લાધ્યો છે તો ચાલ હવે ગહન ઉંડાણો નિહાળું' ને માનવીનાં મર્મીગણમાં પેસું' એ વાત રહેતી નથી. પછી છેવટે ગુજરાતની બેકદરી પર થોડા કડવા બોલ છાંટી આ મરઘાભાઇ અર્થાત્ મધ્યમ માનવી, જો શાણા હોય તો વીમાની એન્જન્સી વસાવે છે, ને મંદ હોય તો સિનેમાના કોઇ સામાયિકમાં હળવા ટુચકા લખવા બેસી જાય છે.

મધ્યમોની નવી ખુમારી

'તો શું મધ્યમોને ગર્દન મારવા છે?'

જરીકે નહિ. મધ્યમો તો મારી પોતાની જમાત છે. એની પ્રથમ જાગૃતિના મિજાજથી રખે અકળાતા. રડયા ખડયા જૂજ તર્જૂમાકારોની, અને ટુકડો રોટી ફેંકનાર પેટ્રનના પ્રભાવ નીચે દબાઇ રહેનારાઓની ભૂમિકા પાર કરીને એક સમષ્ટિના રૂપમાં તો મધ્યમોનો સમૂહ આજે પહેલી જ વાર દેખા દે છે. પહેલી જ વાર એ સ્વત્વના શ્વાસ ઘૂંટે છે. પહેલી જ વાર એનો કસબ સ્વમાનશીલ ભૂમિકા પર ઠેરાય છે. એનું ચોરી તફડાવી કે સેરવી જતો પ્રકાશક પહેલી જ વાર એને ઘેર તેડવા આવે છે. આત્મવિશ્વાસની ખુમારી એનામાં સમષ્ટિરૂપે પ્રથમ વાર પ્રકટી ઊઠી છે. દ્રવ્યલિપ્સાની નહિ, પણ નવગૌરવનાં સુખની આ બેચેની છે. સાવ સ્વાભાવિક છે કે નવી હવા એનાં મગજને તર બનાવે. અને વનસ્પતિ-જગતની જેમ વાઙ્મય-જગતમાં પેલું પણ એટલું જ સ્વાભાવિક છે કે, ફળઝાડને માથેથી સો પુષ્પો ખરી જાય ત્યારે માંડ દસને ફળ બેસે. જેઓ ખરે છે તેઓ સત્ત્વશીલોને માટે સ્થાન કરવા ખપતા હશે. પ્રકૃતિનો એ નિયમ છે. ન ડરીએ. જેઓ ટકી રહેશે તેમની આવતી કાલ છે. પહેલ વારકી ભભક પૂરી થયે એજ મધ્યમો કમર બાંધીને આજના નવનિર્માણના ચૂનો પથ્થર ઉપાડનારા શ્રમીણો બનશે.

પ્રતિભાવંતોની ખોટ

મારો પ્રાંત અવલ દરજ્જાના પ્રતિભાવંતોથી વંચિત રહે એ અલબત્ત મને અકળાવે છે. એકાદા ગોવર્ધનરામનું સ્થાને ય અધી સદી સુધી ખાલી પડયું રહે એ અસહ્ય છે, કારણ કે પ્રતિભાવંતોને અભાવે સામાન્યોમાં વામણા આદર્શોની પૂજા પેસી જાય, મધ્યમોનું જોણું ઉર્ધ્વમુખી રહે નહિ, ગુજરાતી વાઙ્મયની શક્યતાના વિસ્તીર્ણ સીમાડા કોઇ મધ્યમોને દેખાડે નહિ. સામસામા કૂપમંડૂકો પેટ ફુલાવતા બેસીએ છીએ. પ્રજ્ઞાસમરત પણ સાહિત્ય અને સાહિત્યકાર એ બે શબ્દોના ઉચ્ચારમાત્ર સાથે જે એક રગરગવ્યાપી ગભીરતા ને આકાશી વિસ્તીર્ણતાનો ભાવસ્પર્શ અનુભવી રહે તે સાચા સ્વામીને અભાવે અનુભવી શકતી નથી. માટે હું ટાગોરને ભલે નહિ પણ ગોવર્ધનરામને તો ગુજરાતને ટીંબે માણું છું. વાણીના સ્વામીઓ વિનાની ગુજરાત સેંકડોને પ્રસવ્યા છતાં ય વાંઝણી કહેવાય.

કામના ઢગલા

તથાપિ સામાન્યો મધ્યમો પર હું જરીકે ઓછું જોર આપવા માગતો નથી. કદી નહિ એટલી મોટી જરૂર સામાન્યોની આ જમાનાને પડી છે. ફકત પ્રતિભાનો ફાંકો મૂકી દઇએ તો આપણે સારુ ય કામના ઢગલા પડયા છે. હજુ કામચલાઉ રાષ્ટ્રીય સરકાર એની બધીય મર્યાદા સાથે સત્તા પર બેઠી ન બેઠી ત્યાં તો દેશાવરો સાથેનાં તેમજ પ્રાંત પ્રાંત વચ્ચેનાં વિનિમય-દ્વારો ઊઘડવા લાગ્યાં છે. કાવ્યથી માંડી વ્યુત્પત્તિ લગીના કાર્યપ્રદેશોમાં નવી સ્ફુર્તિ સંચરી છે. પ્રાંતેપ્રાંતે યુનિવર્સીટીઓ માતૃભાષાને માધ્યમ બનાવી રહી છે. ગૂજરાતની આગવી વિદ્યાપીઠને આકાર ધરી પૃથ્વી પર ઊતરતાં ઝાઝી વાર નથી. છતાં કયાં છે ગુજરાત પાસે વિદેશી કે પરપ્રાંતીય ગ્રંથમણિઓનાં અકબંધ અણીશુદ્ધ ભાષાન્તરો યે ?

ભાઇ ચંદ્રવદને એક દિવસ મને ચોંકાવ્યો હતો. કહે કે અમદાવાદ ખાતે ગુજરાતનું સ્વતંત્ર રેડિયો-ઘર ઉઘાડવાને હવે ઝાઝી વાર નથી. પણ એ પછી, અકકેક દિવસના ત્રણ ત્રણ ચચ્ચાર કાર્યક્રમો પૂરવાને માટે તારી મારી પાસે શી સામગ્રી છે તે તો કહે! આખું વર્ષ પ્રજાને આપણે શું પીરસીશું ? નાટકો નાટિકાઓ છે ? ગીતો છે ? વાર્તાઓ છે ? નિબંધો યે છે ? એ બાબરા ભૂતને કામમાં કઇ પેર રોકી રાખીશું ?

આ રહ્યો મધ્યમોની સામે કામ-ઢગલો. એકાદ ભાઇ ચંદ્રશંકર પોતાને વતન ગોધરા બેસી જઇ રાધાકૃષ્ણનની પ્રાસાદિક રચનાઓનાં ઓજસપૂર્ણ અને અર્થભારવાહી અનુવાદો આપ્યે જાય છે. ભાઇ નગીનદાસ ટાગોરની આરાધના માંડી બેઠલા બેસી ગયા છે.

(અનુસંધાન પૃષ્ટ ૧૧૧ જુઓ)

કેટલાક સમાચાર અને નોંધ

નૂતન વર્ષના મંગળ પ્રભાતે

તા. ૨૫-૧૦-૪૬ ના રોજ આપણે વિક્રમ સંવત્ ૨૦૦૨ નું વર્ષ પુરું કરીને ૨૦૦૩ ના વર્ષમાં પ્રવેશ કર્યો. વિશ્વયુદ્ધ તો સંવત્ ૨૦૦૧ ના પશ્ચાદ્ ભાગમાં વિરામ પામ્યું હતું. ગયા વર્ષ દરમિયાન અનેક ઘટનાઓ બની ગઇ. ઇન્ડોનેશીઆ સ્વતંત્ર થયું, અને હિંદમાં પણ આઝાદીનાં પગરણ શરૂ થયાં. આઝાદ હિંદ ફૌજના મુકદ્દમાએ દેશમાં કોઇ અવનવી ચેતના પેદા કરી. બ્રીટીશ પ્રધાન પ્રતિનિધિમંડળ હિંદ ખાતે આવ્યું અને હિંદનું ભાવી બંધારણ ઘડવા માટે લોકપ્રતિનિધિસભા ઉભી કરવામાં આવી એટલું જ નહિ પણ આવતી સંપૂર્ણ આઝાદીની પુરોગામી વ્યવસ્થા તરીકે પંડિત જવાહરલાલ નહેરૂની આગેવાની નીચે વચગાળાની રાષ્ટ્રીય સરકાર ઉભી કરવામાં આવી. પ્રાન્તિક તેમજ મધ્યવર્તી ધારાસભાઓની ચુંટણીઓ થઇ અને આઠ પ્રાન્તોમાં કોંગ્રેસ સરકારની સ્થાપના થઇ. આમ અનેક આવકારદાયી ઘટનાઓ સાથે શરૂ થતું નવું વર્ષ અત્યન્ત આનંદદાયી અને ઉલ્લાસ પ્રેરતું હોવું જોઇએ. અને એ વર્ષની દીવાળી પણ જનતાએ ખુબ ઉત્સાહથી ઉજવેલી હોવી જોઇએ. આમ છતાં પણ આ વર્ષની દીવાળી જેવી સુનકાર, વેરાન, ઉત્સાહશૂન્ય, અને કેવળ ગમગીનીથી ભરેલી દીવાળી આગળનાં અનેક વર્ષો દરમિયાન આપણે ભાગ્યે જ જોઇ કે અનુભવી છે. આ દીવાળીમાં કોઇના દિલમાં આનંદ નહોતો. નવા વર્ષે કોઇના મોઢા ઉપર ઉત્સાહ નહોતો. ઓગસ્ટ માસની સોળમી તારીખ કે જે દિવસને મોસ્લેમ લીગે 'સાધા પગલા દિન' તરીકે આખા હિંદુસ્થાનમાં ઉજવ્યો હતો તે જ દિવસે બનેલા કલકત્તાના હત્યાકાંડથી માંડીને આજ સુધીમાં બનતી રહેલી અનેક વિષમ ઘટનાઓએ લોકોના દિલ ઉંચા કરી નાંખ્યા છે. અને તેમાં પણ પૂર્વ બંગાળમાં આવેલ નવખલી, ચાંદપુર, વગેરે સ્થળોએ મુસલમાનોએ ત્યાં વસતી હિંદુ પ્રજા ઉપર જે હેવાનિયત ભર્યો વર્તાવ કર્યો છે તેણે તો લોકોના દિલમાં ન કલ્પી શકાય એવી અરેરાટી પેદા કરી છે. આવી રીતે ભર્યભાગમાં ધવાયલી પ્રજા કઇ રીતે દિવાળી ઉજવે અને કયા મોઢે નૂતન વર્ષના પ્રભાતે એક મેકનું અભિનન્દન કરે? આજ લોકોના દિલમાં દિવાળી નથી; પરસ્પરના વિનાશને નોતરતી હોળી પ્રગટી છે. આજે પ્રકાશ દેખાતો નથી; કોઇ આશા પ્રગટતી નથી. આજે તો ચોતરફ કેવળ અંધકાર ફેલાયો છે. આજે માણસોના દિલમાં ભય, આશંકા અશાન્તિ અને વેર ઝેર ઉભરાયાં છે. આજે યુદ્ધવિરામ થયાને સવા વર્ષ થવા આવ્યું છે એમ છતાં વિશ્વના બીજા વિભાગોમાં પણ કશી શાન્તિ કે સ્થિરતા સ્થપાણી નથી. બેચેની, ભુખમરો, તંગી, ગુંગળામણ, મહારાજ્યોની પરસ્પર જીવલેણ સ્પર્ધા, અનેક રાષ્ટ્રોમાં આન્તર્વિગ્રહ, જાપાન જર્મની જેવા દેશોની પારવિનાની દુર્દશા—આવી રીતે આજે આખા વિશ્વ ઉપર પણ કોઇ ઘેરી શ્યામલ છાયા પથરાઇ રહી છે. ઘરઆંગણે કોમી વેરઝેરનો વાવંટોળ આપણા સમગ્ર જીવનને છિન્નભિન્ન કરી રહેલ છે. આમ અહિંની તેમ જ ચોતરફની પરિસ્થિતિ દુઃખ, દુર્દૈવ અને કારૂણ્યથી ભરેલી છે. આમ હોવા છતાં પણ આપણા દેશમાં પાકા પાયે આઝાદી આવી રહી છે એ વિષે બેમત છે જ નહિ. 'Quit India' 'હિંદ છોડી જાઓ'-એ ગાંધીજીની હાકલ બહુ થોડા સમયમાં વાસ્તવિક અર્થમાં ખરી પડવાની જ છે એવાં ચિહ્નો આજે દૃષ્ટિગોચર થઇ રહ્યાં છે. આપણી સાથે અનેક પરાધીન દેશો પણ મુક્તિના દ્વાર સમીપ ગતિ કરી રહ્યાં છે. આજની વેદના વિરાટ પરિસ્થિતિપલટાની છે એમ સમજીને આપણા ચિત્તનું સમધારણ જરા પણ વિકળ થવા ન દઇએ, નિરાશાને વશ થઇને આપણે નિર્વીર્ય ન બનીએ; ભયને આધીન બની પુરૂષાર્થહીન ન બનીએ; ઉજ્જ્વળ ભાવીમાં દૃઢ શ્રધ્ધા રાખીને આવતી આફતોને મરદાનગીથી ભેટીએ અને રાષ્ટ્રદ્રોહી સર્વ તત્વોનો વીરતાપૂર્વક સામનો કરીએ. આવી રીતે આપણા ધ્યેયને સત્વર પહોંચી વળવા આપણે કટિબધ્ધ થઇએ અને આપણું, આપણા રાષ્ટ્રનું અને સમગ્ર વિશ્વના કલ્યાણનું અને દુઃખનિવૃત્તિનું ચિન્તવન કરતાં નીચેની પ્રાર્થનાનું સદા રટણ કરતા રહીએ.

शिवमस्तु सर्व जगतः
परहितनिरताः भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं,
सर्वत्र सुखीभवन्तु लोकाः ॥

વચગાળાની સરકારની પુનર્ રચના

મોસ્લેમ લીગના મધ્યવર્તી સરકારમાં પ્રવેશ થવા સાથે હિંદની રાષ્ટ્રીય સરકારની નવરચના નીચે મુજબ થઇ છે.

પંડિત જવાહરલાલ નહેરૂ, (ઉપપ્રમુખ)	પરદેશો અને બ્રીટીશ સામ્રાજ્ય સાથેનો સંબંધ વ્યવહાર
સરદાર વલ્લભભાઇ પટેલ	આન્તર્ગત શાંતિ સહીસલામતી, સમાચાર અને આકાશવાણી
શ્રી. અસફઅલી,	રેલ્વે
શ્રી. સી. રાજગોપાલાચાર્ય,	કેળવણી અને કળા
ડો. રાજેન્દ્રપ્રસાદ,	ખોરાક અને ખેતીવાડી
શ્રી. જગજીવનરામ,	મજુર ખાતું
શ્રી. લીયાકતઅલીખાન,	નાણાં ખાતું
શ્રી. આઇ. એલ. ચુંદરીગર,	વ્યાપાર
શ્રી. જોગેન્દ્રનાથ મંડળ,	કાયદો અને ધારાસભા
શ્રી. અબ્દુર રબ નીસ્તાર,	તાર ટપાલ
શ્રી. ગઝનફર અલીખાન,	આરોગ્ય
સરદાર બલદેવસિંહ,	રક્ષણ
ડો. જોન મથાઇ,	ઉદ્યોગ અને પુરવઠો
શ્રી. સી. એચ. ભાભા,	ખાણો, બાંધકામ અને ઇલેકટ્રીસીટી

આમાંથી મધ્યસ્થ ધારાસભામાં નીચેના નવ સભ્યો બેસશેઃ પંડિત જવાહરલાલ નહેરૂ, સરદાર વલ્લભભાઇ પટેલ, ડો. જોન મથઇ, શ્રી. રાજગોપાલાચાર્ય, શ્રી. અસફઅલી, શ્રી. જગજીવનરામ, શ્રી. જોગેન્દ્રનાથ મંડળ, શ્રી લીયાકતઅલીખાન, શ્રી. ચુંદરીગર, અને આ ધારાસભામાં પંડિત જવાહરલાલ નહેરૂ સરકાર પક્ષના આગેવાન બનશે. કાઉન્સીલ ઓફ સ્ટેટમાં નીચેના પાંચ સભ્યો બેસશેઃ શ્રી. અબ્દુર રબ નીસ્તાર, શ્રી. ભાભા, ડો. રાજેન્દ્રપ્રસાદ, શ્રી. ગઝનફર અલીખાન અને સરદાર બલદેવસિંહ અને આ સભામાં શ્રી અબ્દુર રબ નીસ્તાર સરકાર પક્ષના આગેવાન બનશે.

આ નવી મધ્યવર્તી સરકારમાં થયેલ મોસ્લેમ લીગના પ્રતિનિધિઓના પ્રવેશને લગતી વિગતો અહિં આપવાની જરૂર નથી. કારણ કે એ વિગતો સૌ કોઇ જાણે છે. એમ કહેવામાં આવે છે કે મધ્યવર્તી રાષ્ટ્રીય સરકારને લગતી આજ સુધીમાં ઉભી કરવામાં આવેલી સર્વ પરંપરાઓ સ્વીકારવાની અને પુરેપુરો સહકાર આપવાની મોસ્લેમ લીગના પ્રમુખ ઝીણાએ ખાત્રી આપી છે અને ત્યાર પછી ઉપર જણાવ્યા મુજબની ખાતાની વહેંચણીઓ નક્કી કરવામાં આવી છે. આ બાબત કેટલે દરજ્જે સાચી છે તે તેમજ સાચી હોય તો પણ આવી બાંહધરીઓનું કેવું પાલન કરવામાં આવશે એ તો હવે જોવાનું રહે છે એમ છતાં પણ મોસ્લેમ લીગની એક સરખી મેલી રમત, પછાત વર્ગના અને કોંગ્રેસ વિરોધી શ્રી. જોગેન્દ્ર મંડળ જેવા મુસ્લીમેતરની વચગાળાની સરકારમાં મોસ્લેમ લીગે કરેલી નીમણુંક, આ નવી રચનાની જાહેરાત થવા બાદ તુરતમાં જ કરવામાં આવેલું શ્રી લીયાકત અલીખાનનું છાપાવાળાઓ જોગું નિવેદન-આ બધું જોતાં આ સરકારના ભાવી વિષે ચિત્ત અનેક પ્રતિકુળ આ શંકાઓ સેવે છે અને તેથી જે રચનાને આપણે પુરા ભાવથી આવકારવી જોઇએ તે રચના વિષે દિલ કોઇ પણ પ્રકારનો ઉલ્લાસ અનુભવતું નથી.

પૂર્વ બંગાળાની પીશાચી ઘટનાઓ

થોડા દિવસો પહેલાં હુણીયુર રહેમાન નામના એક મુસલમાન ગૃહસ્થના નામથી એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું જે ખાનગી રીતે મુંબઇ તેમજ અન્યત્ર ફેલાઈ રહ્યું હતું અને અનેક લોકોના વાંચવામાં આવ્યું હતું. આ નિવેદકે ૧૯૪૬ના ફેબ્રુઆરીમાં મોસ્લેમ લીગની રાષ્ટ્રદ્રોહી હીલચાલથી કંટાળીને મોસ્લેમ લીગનો ત્યાગ કર્યો હતો અને કોંગ્રેસમાં પોતે જોડાયો હતો, અને એ જ કારણે કલકત્તામાં છેલ્લું રમખાણ થયું તે દરમિયાન તેની ઉપર મુસલમાનો તરફથી પાશવી અત્યાચાર ગુજરવામાં આવ્યો હતો અને તેમાંથી માંડમાંડ તે બચવા પામ્યો હતો એમ એ નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. ત્યારબાદ મોસ્લેમ લીગના 'સીધા પગલાંના કાર્યક્રમની કેટલીક વિગતો એ નિવેદનમાં આપવામાં આવી હતી. આ વિગતો માની કે સ્વીકારી ન શકાય એટલી બધી ભયંકર હતી. અને એ ઉપરથી એ આખું નિવેદન કેવળ બનાવટી છે અને મોસ્લેમ લીગ વિરૂદ્ધ લોકલાગણી ઉશ્કેરવાના હેતુથી જ લખાયલું છે એમ સૌ કોઇ સમજદાર આદમીઓ માનતા હતા. પણ ત્યારબાદ પૂર્વ બંગાળામાં નવખલી, ચાંદપુર તેમજ અન્ય સ્થળોએ જે કાંઇ ઘટનાઓ બની ગઇ છે અને જે સબંધમાં રાષ્ટ્રપતિ કિપલાણીજીએ છાપા જોગી યાદી બહાર પાડી છે તે બધું ધ્યાનમાં લેતાં ઉપર જણાવેલ નિવેદનમાં મોસ્લેમ લીગના સીધા પગલાના કાર્યક્રમને લગતી રજુ કરવામાં અવેલી કેટલીક બાબતોનો જ જાણે કે વાસ્તવિક અમલ થઇ રહ્યો હતો એમ લાગ્યા વિના રહેતું નથી. અને એ અપ્રમાણભૂત લેખાયલું નિવેદન રખેને પ્રમાણભૂત નહિ હોય એવા અનુમાન ઉપર આપણને અનિચ્છાએ જવાની ફરજ પડે છે. પૂર્વબંગાળની ઘટનાઓ વિષે એક બાજુએ અત્યન્ત ચોંકાવનારી અને દિલ ઉકળી ઉઠે એવી વિગતો બહાર આવવા લાગી હતી. બીજી બાજુએ બંગાળાના ગવર્નરે અને મુખ્ય પ્રધાને જાણે કે નજીવું તોફાન હોય એવી યાદીઓ બહાર પાડી હતી. આમાં શું સાચું અને શું ખોટું એ તારવવું મુશ્કેલ બન્યું હતું. તાજેતરમાં રાષ્ટ્રપતિ કિપલાણીજી— એ પ્રદેશોમાં ઉડતો પ્રવાસ કરી આવ્યા અને જાતે એકઠી કરેલી વિગતો ઉપરથી એક નિવેદન બહાર પાડયું છે. આ નિવેદન ઉપરથી માલુમ પડે છે કે આગળ ઉપર પ્રગટ થયેલા સમાચારોમાં કેટલીએક અતિશયોક્તિ તો થયેલી હતી એમ છતાં પણ ત્યાં જે કાંઇ વાસ્તવિક રીતે બન્યું છે તે માનવતાની સર્વ કેઇ સીમાઓને ઓળંગી ગયું છે એમ લેશ માત્ર અતિશયતા સિવાય કહી શકાય તેમ છે. અને આ બધું કિપલાણીજીના કહેવા મુજબ બે કોમોની પરસ્પરની અથડામણમાંથી નહિ પણ એક જ કોમના અન્ય લઘુમતી કોમ ઉપરના વ્યવસ્થિત આક્રમણમાંથી પરિણમ્યું છે. તેમના જણાવવા મુજબ આ પાશવી આક્રમણ આગળથી યોજનાપૂર્વક ગોઠવાયલું હતું અને મોસ્લેમ લીગે કદાચ આ બધું નિર્માણ ન કર્યું હોય તો પણ ઇરાદાપૂર્વકનું તો હતું જ. મોસ્લેમ લીગના પ્રચારનું આ સીધું પરિણામ હતું અને મોસ્લેમ લીગના સ્થાનિક આગેવાનોએ આમાં બહુ મોટો ભાગ લીધો હતો. સત્તાધિકારીઓને આ બાબતની પુરી ચેતવણી આપવામાં આવી હતી એમ છતાં તેમણે આંખ આડા કાન કર્યા હતા. સાધારણ રીતે સેંકડોની અને કોઈ કોઇ સ્થળે હજારોની સંખ્યામાં મુસલમાનો એકઠા થતા હતા અને હિંદુ ગામડા ઉપર અથવા તો હિંદુ વસતીસ્થાનો ઉપર હુમલો લઇ જતા હતા. પહેલાં તેઓ મોસ્લેમ લીગ માટે અથવા તો કલકત્તાના રમખાણોના ભોગ બનેલા મુસલમાનો માટે નાણાં માંગતા હતા. અને રૂ. ૧૦૦૦૦ જેવી મોટી મોટી રકમો પણ બળજબરીથી ઉઘરાવવામાં આવી હતી. આમ પૈસા ઉઘરાવ્યા બાદ ફરીથી એનું એ ટોળું એ જ હિંદુઓ ઉપર ચઢી આવતું હતું અને હિંદુઓના ઘરોની લુંટ ચલાવતું હતું. પછી એ લુંટાયલા ઘરોને આગ ચંગાડવામાં આવતી હતી. કેટલીકવાર ઘરોમાં લુંટ શરૂ કરવા પહેલાં તે ઘરમાં રહેતા લોકોને ઇસ્લામનો અંગીકાર કરવાનું કહેવામાં આવતું. અને એવી રીતે ધર્માન્તર કરવાથી પણ ઘરમાં રહેતા લોકો લુંટ અને મારફાડથી બચતા નહોતા. 'લીગ ઝીંદાબાદ,' 'પાકીસ્તાન ઝીંદાબાદ,' 'લડકે લેંગે પાકીસ્તાન,' 'મરકે લેંગે પાકીસ્તાન' આવા મોસ્લેમ લીગના જ સૂત્રો ત્યાં ચાલુ પોકારવામાં આવતા. કલકત્તામાં મુસલમાનોની જે જનખુવારી થઇ તેનો આ બદલો લેવામાં આવે છે એમ હિંદુઓને કહેવામાં આવતું. કેટલીકવાર હિંદુઓને ગોળીઓથી ઠાર કરવામાં આવતા હતા. જેણે સામનો સરખો કર્યો ન હોય એવા લોકોને પણ કેટલાક ઠેકાણે મારી નાંખવામાં આવ્યા હતા. આ રીતે કુલ કેટલા લોકોની પ્રાણહાનિ થઇ છે તેનો ચોક્કસ આંકડો તારવવો હજુ મુશ્કેલ છે, પણ એ આંકડો કાંઇ નાનો સુનો હોવા જરાપણ સંભવ નથી. કેટલાક ઠેકાણે કુટુંબોનાં કુટુંબોનો ઘરમૂળથી નાશ કરવામાં આવ્યો છે. કેટલાક ઠેકાણે કુટુંબના માત્ર પુરૂષવર્ગનેજ મારી નાંખવામાં આવ્યો છે. આ અત્યાચાર કરનારા સૌ કોઇ સ્થાનિક મુસલમાનો હતા, બહારથી આવેલા નહોતા. લુંટાયા બાદ પણ હિંદુઓ સહિસલામત બનતા ન હોતા. આખી હિંદુ વસ્તીને સમુહમાં ઇસ્લામ ધર્મ અંગીકાર કરવાની ફરજ પાડવામાં આવતી. એ લોકોના ધર્માન્તરના ચિહ્ન તરીકે તે સ્થળના મુસલમાનો પહેરે છે તેવી સફેદ ટોપીઓ તેમને પહેરાવવામાં આવતી હતી. આ ટોપીઓ ઘણું ખરૂં તદ્દન નવી હતી અને તે ઉપર પાકીસ્તાનનો નકશો અને 'પાકીસ્તાન ઝીંદાબાદ' 'લડકે લેંગે પાકીસ્તાન' એવા મુદ્રાલેખો છાપેલા હતા. આમ વટલાવવામાં આવેલી હિંદુ વસ્તીને શુક્રવારની પ્રાર્થનામાં હાજર થવાની અને કલમાં અને નમાજ પઢવાની ફરજ પાડવામાં આવતી હતી. સ્ત્રીઓને પણ એ જ રીતે ફરજિયાત ધર્માન્તર કરાવવામાં આવતો હતો અને એ ધર્માન્તરના ચિહ્ન તરીકે તેમના હાથ ઉપરની બંગડીઓ ફોડી નાખવામાં આવતી હતી અને કપાળનું તિલક ભુંસાડી નાંખવામાં આવતું હતું. તદુપરાન્ત ધર્માન્તરના ચિહ્ન તરીકે પીરે મંત્રેલા કપડાને સ્પર્શ કરવાનું તેમને કહેવામાં આવતું હતું. તેમને પણ ફરજિયાત કલમા પઢવા પડતા. હિંદુ ઘરમાંની દેવમૂર્તિઓનો અને ગામડાનાં દેવમંદિરોનો નાશ કરવામાં આવતો. ફરજિયાત લગ્નો કરવાના કીસ્સાઓ પણ બન્યા છે. આવા લગ્નોનો આંકડો આજે ચોક્કસપણે નકકી કરવો મુશ્કેલ છે. અપહરણના કીસ્સાઓ પણ ઠીક પ્રમાણમાં બનેલા છે. સ્ત્રીઓ ઉપર થયેલા આક્રમણના કીસ્સાઓની વિગતો મેળવવાનું દેખીતી રીતે અશકય હતું. પણ તેમના ઉપર અનેક પ્રકારના ત્રાસ વર્તાવ્યાની તો ઘણી ફરિયાદો કિરપલાણીજીનાં પત્ની સમક્ષ રજુ કરવામાં આવી છે. આ પ્રદેશમાં વસતા હિંદુઓ આજે પણ પુરી ભયભીત દશામાં ડુબેલા છે. આ ગામડાની ચોકી મુસલમાન ગુંડાઓ જ કરે છે. તેઓ બહારના લોકોને અંદર આવવા દેતા નથી. કેટલાંયે પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો અને કેટલાંયે કુટુંબો આજે ગુમ થયેલાં માલુમ પડે છે. તાર ટપાલવ્યવહાર કેવળ બંધ છે. આ રમખાણ દરમિયાન પોલીસે કેવળ નિષ્ક્રિયતા જ સેવી છે. આત્મરક્ષણના નિમિત્ત સિવાય બીજા કોઇ પણ કારણે એક પણ ગોળી ન છોડવી એવો તેમને હુકમ હતો એમ તેઓ જણાવે છે. સરકારી યાદી ૧૬ મી તારીખથી મામલો કાબુમાં છે એમ જણાવતી હતી પણ ઓકટોબરની વીસમી તારીખ સુધી તો આ બધી લુંટફાટ ચાલ્યા કરતી હતી એમ કિરપલાણીજી ખાત્રીપૂર્વક જણાવે છે. ચાંદપુર અને નવખલીમાં તેમણે ૧૯ મી અને ૨૦ મી તારીખે એરોપ્લેનમાં બેઠાં બેઠાં ઘરો બળતાં જોયાં હતાં. એ સર્વે પ્રદેશો ખેદાનમેદાન દેખાતા હતા અને ઘરબાર વિનાના—માલમત્તા વિનાના—વટલાયલા કે નહિ વટલાયલા લોકો, ઉપર આભ અને નીચે ધરતી હોય એમ અસહાય, હોશકોશ વિનાના કેવળ નિર્જીવ પુતળાં જેવા દેખાતા હતા. નહોતા તેમની

પાસે પહેરવાને વસ્ત્રો કે નહોતું તેમની પાસે ખાવાને અન્ન. આ પિશાચી લીલા સામે ઓકટોબરની ૨૩ મી તારીખ સુધીમાં માત્ર ૫૦ માણસોની ધરપકડ કરવામાં આવી છે.

નવખલી, ચાંદપુર વગેરે સ્થળોએ જે નફટ હેવાનિયતનું તાંડવ થઇ ગયું તેનો આ ટુંક સાર છે. આનો વિચાર અને સ્મરણ દિલમાં કમકમા ઉપજાવે છે. મુસલમાની ઇતિહાસમાં પણ આવા વિશાળ પાયા ઉપર દાખવવામાં આવેલો પિશાચી વર્તાવ જોવામાં આવતો નથી. ગયા વિશ્વવિગ્રહમાં પણ આવા દુરાચારનો જોટો મળતો નથી. ઇનસાનિયતનું આ તે કેવું મોટું દીવાળું? જે કલ્પના કલ્પી શકતી નથી તે વાસ્તવિકતા ખરૂં ઠરાવે છે. આ બધું મોસ્લેમ લીગની નિષ્ઠુર, રાષ્ટ્રદ્રોહી અને માનવતા વિહોણી દોરવણીનું પરિણામ છે એમ રાષ્ટ્રીય મહાસભાએ જાહેર કર્યું છે. પાકીસ્તાનની આ પહેલી પ્રસાદી છે. ભાવી ભયાનક અને ઘનઘોર અંધકારથી ભરેલું બનતું જાય છે. ન્યાય, નીતિ, સભ્યતા, માનવતા સર્વ કાંઇ આજે ઓસરતા ચાલ્યા છે. હિંદુ જનતા રોમે રોમે સળગી રહી છે. મોસ્લેમ લીગની જો આ જ કાર્યનીતિ હોય તો તેની સામે કેમ ટકવું અને પોતાની આખી કોમનું રક્ષણ કરવું એ પ્રશ્ન ભીષણ આકારમાં હિંદુ કોમ સામે આવીને ઉભો રહ્યો છે. આ પ્રશ્નનો કોઇ સાચો ઉકેલ આજે નજરે પડતો નથી. વેરની સામે વેર વાળવા તરફ આપણને પ્રકૃતિ જોસભેર ખેંચી રહી છે. અહિંસાની વાત આજે જાણે કે અર્થવિનાની બની ગઇ હોય એમ અનેક લોકોને ભાસે છે, પણ એ તો પરસ્પરના સંહારની હરીફાઇમાં જ પરિણમે. એમાંથી આજની સમસ્યાનો કોઇ સાચો ઉકેલ ન આવે. વળી અહિંસાના આપણા ચિત્ત ઉપર પડેલા ઘેરા સંસ્કારો રાક્ષસ સામે રાક્ષસ થવા જતા આપણને અટકાવે છે. આમ છતાં પણ આ દાવાનળ વધતો જ જાય તો કરવું શું? આ બાબતમાં સચોટ માર્ગદર્શન આપવું અત્યન્ત મુશ્કેલ છે. આમ છતાં પણ આટલી બાબતો તો આપણે સ્વીકારી લીધે જ છુટકો છે. આજે હવે નિરાંતે સુવાનો વખત રહ્યો નથી. અન્ય દ્વારા આપણું રક્ષણ થશે એ માન્યતા અને ભ્રાન્તિથી આપણે જેટલાં વહેલાં છુટીએ તેટલું ઇચ્છવા યોગ્ય છે. ભય માત્રથી મનને આપણે મુક્ત કરવું રહ્યું. નીડરતા વિના આપણો કોઇ ઉદ્ધાર કે બચવાનો ઉપાય છે જ નહિ. કોઇ પણ હુમલા કે આક્રમણનો આપણને જે રીતે સુઝે ને રીતે સામનો કરવો જ રહ્યો. જેના દિલમાં અહિંસા ન હોય તેણે અહિંસાની ખોટી વાતો ન કરવી. નિર્માલ્યતા અને બાયલાપણું એ અક્ષમ્ય અપરાધો લેખાવા જોઇએ. સ્વરક્ષણના અર્થે આપણે ગમે તે કરીએ, પણ જેમાં ફરજિયાત ધર્માન્તર, સ્ત્રીઓનાં અપહરણ, અને આક્રમણ, કેવળ નિર્દોષ માનવીઓની કતલ–આવી બાબતોને લેશ માત્ર અવકાશ હોઇ ન શકે એવી માનવસભ્યતાની સામાન્ય સપાટી ઉપરથી કોઇ પણ કાળે નીચે ઉતરવાનો વિચાર આપણે સ્વપ્ને પણ ન સેવીએ. એ માર્ગે જે જશે તે આત્મવિનાશ જ નોતરશે. આવે રસ્તે જનારા બે દહાડા મલકાશે. પણ કાળ એ સહન નહિ જ કરે. કાળ પોતાનું વૈર લેતું આવ્યું છે અને લેશે જ.

અત્યંત અનિષ્ટમાંથી આવીર્ભાવ પામતું એક કષ્ટ પરિણામ

નવખલી વગેરે સ્થળોએ કરવામાં આવેલા ધર્માન્તરના બળાત્કારોએ આખી હિંદુ જનતાને આરપારે ક્ષુબ્ધ કરી નાંખી છે. આવા ધાર્મિક બળાત્કારોનો કોઇ પણ કાળે કશો પણ અર્થ નહોતો. એમ છતાં પણ એક માણસ વટલાયો એટલે વટલાયો એવી જડ માન્યતાના પરિણામે હિંદુ કોમે પાર વિનાના માનવીઓને પોતાના વર્તુલમાંથી બહાર કાઢ્યા છે અને ધર્માન્તર કરવાનો વ્યવસાય જેનો છે એવા ખ્રીસ્તી અને ઇસ્લામ ધર્મના પ્રચારકોએ આ વિચારજડતાનો ખુબ લાભ ઉઠાવ્યો છે. એવા અનેક દાખલાઓ નોંધાયેલા છે કે જ્યારે ભયથી ભાગતા માણસોને પકડી પકડીને તેમના મોઢામાં થુંકવામાં આવે અને તેઓ વટલી ગયા છે એમ જાહેર કરવામાં આવે અને આસપાસ વસતા લોકો જોએ કે આ પ્રકારના બળાત્કારથી બચવા પામ્યા હોય તેઓ આ રીતે બળાત્કારે વટલાયલાઓને આશ્રય કે રાહત આપવાને બદલે પોતાના વર્ગથી બહિષ્કૃત થયેલા તરીકે જ લેખવા માંડે અને પરિણામે અન્ય સંપ્રદાય અપનાવી લેવા સિવાય આમ વટલાયલાઓ માટે બીજો કોઇ માર્ગ ન રહે. ગામના લોકો અમુક એક કુવામાંથી પાણી પીતા હોય અને તે કુવામાં ધર્માન્તર કરવાવાળા તરફથી ગોમાંસના ટુકડા નાંખવામાં આવે જેની ગામના લોકોને ખબર જ ન હોય અને પછી આ કુવાનું પાણી પીનારા સર્વ વટલી ગયા છે એમ જાહેર કરવામાં આવે અને આસપાસના ગામડાવાળાઓ આ ગામના લોકો હવે વટલાઇ ગયા છે એવી વસ્તુસ્થિતિ ભોળાભાવે સ્વીકારી લે–આવા પણ ધર્માન્તરના અનેક કીસ્સાઓ ભૂતકાળમાં નોંધાયા છે. નવખલી, ચાંદપુર વગેરે સ્થળોએ બનેલી સામુહિક ધર્માન્તરની ઘટનાઓને લીધે માત્ર આમજનતા જ નહિ પણ સ્થિતિચુસ્ત ધર્માચાર્યો પણ હલી ઉઠયા છે અને આ ધર્માન્તર તે ધર્માન્તર જ નથી એવી જાહેરાતો તેમના તરફથી પ્રગટ થઇ રહી છે એ એક ભારે સુભગ વર્તમાન છે. જે વિચારજડતાના પરિણામે હિંદુ કોમ પાર વિનાનો ઘસારો ખમતી આવી છે તે વિચારજડતા આજે આમ એકાએક દૂર થતી જોઇને અને કહેવાતા વટલાયલાઓને કોઇ પણ અંશમાં વટલાયલા નહિ ગણવાની સદ્‌વૃત્તિનો ઉદય થતો જોઇને કોઇને પણ આનંદ થયા વિના નહિ રહે. કોઇ આ સદ્‌વૃત્તિને ઉદારતા તરીકે વર્ણવવાની ભૂલ ન કરે. ઉદારતાનો પ્રશ્ન તો ત્યારે આવે કે જ્યારે કાંઇ ખરેખર ખોટું આપણે નીભાવી લેવાની તૈયારી બતાવતા હોઇએ. આ તો જેઓ આપણા છે અને મુસ્લીમ ગુંડાગીરીના ભોગ બનેલા છે તેમને આપણા તરીકે લેખતા રહેવા પુરતીજ વાત છે. આ તો કેવળ સત્યનો તદાકાર સ્વીકાર કરી લેવાની બાબત છે. સ્વેચ્છાપરિણામી સિવાયનો કોઇ પણ અન્ય પ્રકારનો ધર્માન્તર કલ્પી શકાયજ નહિ, કે વાસ્તવિક તરીકે સ્વીકારી શકાય જ નહિ–આ સત્ય આટલે મોડે મોડે પણ હિંદુસમાજ સમજે અને પોતાનાં બંધ બારણા સૌ કોઇને માટે વિના સંકોચે ખુલ્લાં કરે તો એ આજના ભયાનક અનિષ્ટમાંથી એક અણધાર્યું કષ્ટ પરિણામ આવી રહ્યું છે એમ આપણે સમજવું જોઇએ. કેટલાક ધર્માચાર્યો આ નરકયાતનાના ભોગ બનેલા હિંદુ કુટુંબોને સામાજિક તેમજ ધાર્મિક રાહત આપવા માટે પૂર્વ બંગાળ તરફ જવાનો વિચાર કરી રહ્યા છે જઇ રહ્યા છે–એ પણ એટલું જ આવકારદાયક છે.

આ રીતે આપણે ગુંડાઓના પાશવી આક્રમણનો ભોગ બનેલી બહેનો પ્રત્યે પણ સમભાવથી જોવાની વૃત્તિને ખુબ ઉત્તેજન આપવાની અત્યન્ત આવશ્યતા છે. જેમ કોઇનો બળાત્કારે ધર્માન્તર થઇ શકતો નથી તેવી જ રીતે કેવળ બળાત્કાર કોઇ પણ અંશમાં કોઇ પણ સ્ત્રીને પતીત કરતો નથી—આ વાસ્તવિક સત્યના અનાદરે આજ સુધીમાં અનેક બહેનોની પાર વિનાની સામાજિક દુર્દશા અને પાયમાલી કરી છે. પોતાના કશા પણ વાંક સિવાય સમાજે એવી પુરૂષપશુઓના બળાત્કારનો ભોગ બનેલી બહેનોને હડધુત કરી છે. આ પણ આપણી કેવળ બેવકુફી અને અવિચારી પૂર્વગ્રહોનું જ પરિણામ હતું. આપણો આ વિકૃત દૃષ્ટિકોણ આજે નહિ બદલીએ તો કયારે બદલીશું?

જોગેન્દ્રનાથ મંડળની નિમણુંક: હિંદુસમાજ સાવધાન!

કાયદે આઝમ ઝીણાની કુટિલ રાજનીતિ માત્ર હિંદના ભાગલા પાડવાથી સંતોષાય તેમ નથી, પણ વચગાળાની સરકારમાં મોસ્લેમ લીગના પાંચ પ્રતિનિધિઓમાં પાંચ મુસલમાનને બદલે ચાર મુસલમાન અને જોગેન્દ્રનાથ મંડળ નામના એક અસ્પૃશ્ય વર્ગના પ્રતિનિધિને નીમીને કાયદે આઝમે હિંદુ કોમને પણ છિન્ન ભિન્ન કરવાની દુષ્ટ મનોદશા પ્રગટ કરી છે. મોસ્લેમ લીગ કેવળ કોમી સંસ્થા છે એ વિષે બેમત છે જ નહિ. આ સંસ્થાને મુસલમાન ન હોય એવી કોઇ

વ્યક્તિને મોસ્લેમ લીગના પ્રતિનિધિ તરીકે નીમવાનો કોઇ હક્ક જ નથી એમ છતાં પોતાના પાંચ પ્રતિનિધિઓમાં જોગેન્દ્રનાથ મંડળનો શ્રી. ઝીણાએ સમાવેશ કર્યો છે એ રીતે હિંદના અસ્પૃશ્ય લેખાતા વર્ગ પ્રત્યેની પોતાની સહાનુભૂતિનો દેખાવ કર્યો છે. પણ આ બાબતથી કોંગ્રેસ, હિંદુ સમાજ કે બહારની દુનિયા લેશ માત્ર છેતરાય તેમ છે જ નહિ. આમ કરીને અસ્પૃશ્ય ગણાતા વર્ગોને હિંદુ સમાજથી અલગ કરવાનું શ્રી. ઝીણાએ એક મોટું કાવતરું ઉભું કર્યું છે અને એ જ અરસામાં કોંગ્રેસ વિરોધી ડો. આંબેડકરનું બ્રીટન ખાતે જવાનું બન્યું છે એ ડો. આંબેડકરની આ કાવતરામાં સામેલગીરી સૂચવે છે. આ ઉપરથી હિંદુ સમાજે અત્યન્ત સાવધ થવાની અને બહુ મોટો ધડો લેવાની ખાસ જરૂર છે. અસ્પૃશ્ય ગણાતા વર્ગોને હિંદુ સમાજથી અલગ કરવા અને એ વર્ગોમાં ધર્માન્તરની પ્રવૃત્તિ મોટા પાયા ઉપર ચલાવવી એ જોગેન્દ્રનાથ મંડળની નીમણુંક પાછળ શ્રી. ઝીણા અને મોસ્લેમ લીગનો હેતુ રહેલો છે એ વિષે કોઇ પણ અંધારામાં ન રહે. આ વિષમ પરિસ્થિતિમાંથી હિંદુ સમાજ તો જ બચી શકે કે જો અસ્પૃશ્યતાને સામાજિક જીવનના સર્વ અંગોમાંથી નાબુદ કરવાને ત્વરિત ગતિએ હિંદુ સમાજ કટિબધ્ધ થાય અને અસ્પૃશ્યોને ખરા દિલથી અપનાવી લે. જેવી રીતે ફરજિયાત ધર્માન્તર જેને કરવો પડયો છે તેમને અપનાવવાને હિંદુ સમાજના આગેવાનો આજે તૈયાર થયા છે તેવી જ તમન્નાથી હિંદુ સમાજમાં અસ્પૃશ્યતા નાબુદ કરવાને હિંદુસમાજના આગેવાનો અને ધર્માચાર્યોએ ઉદ્યુક્ત બનવું જોઇએ. આજે હિંદુસમાજ માટે બસો પાંચસો હિંદુઓ ગુમાવવાનો જ પ્રશ્ન ઉભો થયો નથી, પણ હિંદુસમાજના આખા અસ્તિત્વનો સવાલ ઉભો થયો છે. શ્રી. ઝીણા કેવળ હિંદી રાષ્ટ્રીયતાનો જ દુશ્મન નથી પણ આ નવા પગલાથી અને તેનો જે નવખલી વગેરે સ્થળોએ પડઘો પડયો છે તે દ્વારા શ્રી. ઝીણાએ અને મોસ્લેમ લીગે આખા હિંદુસમાજ સામે જેહાદ પોકારી છે એ સૌ કોઇ બરોબર સમજી લે. આનો સામનો અસ્પૃશ્યતાના સામુદાયિક નિવારણથી હિંદુ સમાજ શરૂ કરે. આમ કરવાથી ચિરકાળના એક અમાનુષી અન્યાયનો અન્ત આવશે અને હિંદુ સમાજ સાચા અર્થમાં સંગઠ્ઠિત થશે. એમ થાય તો એ સમાજની હસ્તીને કોઇ પણ કોમ કોઇ કાળે પણ નાબુદ કરી શકશે નહિ.

'આવે વખતે આપણે કસાઇને પણ મદદ પહોંચાડવી રહી'

મુંબઇમાં કોમી રમખાણોની શરૂઆત હતી; ભયગ્રસ્ત વિસ્તારોમાં સપડાયલાં કુટુંબોને બચાવીને લઇ આવવા અને તેમની રહેવા ખાવાની ગોઠવણ કરવી આ માટે સ્થળે સ્થળે રાહત કેન્દ્રો ખુલતાં જતાં હતાં. આવું જ એક કેન્દ્ર જૈન સમાજના શ્વે. મૂ. વિભાગના કેટલાક આગેવાન ભાઇઓની બનેલી માનવ રાહત સમિતિ તરફથી પાયધુની ઉપર આવેલ ગોડીજીની જગ્યામાં શરૂ કરવામાં આવ્યું હતું. આ સમિતિના એક મુખ્ય કાર્યકર્તાને તે અરસામાં મળવાનું બનેલું. ઉપર જણાવેલ રાહત કેન્દ્ર રખેને માત્ર શ્વે. મૂ. જૈનો માટે જ ચલાવવામાં નહિ આવતું હોયને એવી આશંકાપૂર્વક મેં તેમને પૂછ્યું કે "આવા વખતે આપણા આ કેન્દ્રમાં શ્વેતાંબર, દિગંબર કે સ્થાનકવાસીનો ભેદ કરવામાં નથી આવતોને?" તેના જવાબમાં તેમણે મને જણાવ્યું કે "જૈન જૈન વચ્ચે તો આવો ભેદ રાખવામાં નથી આવતો પણ કોઇ જૈન કુટુંબની બાજુએ રહેતું વૈષ્ણવ કુટુંબ એવી જ રીતે ફસાયલું હોય તો તેને પણ અહિં જ લઇ આવવાની સૂચના કરવામાં આવી છે. તમે તો જૈન જૈન વચ્ચેના અભેદની વાત કરો છો, પણ આવા વખતે તો એક કસાઇ પણ આપણી મદદ માંગે તો તેને પણ આપણે ત્યાં પુરું રક્ષણ અને આશ્રય આપવો જ રહ્યો. આવે વખતે આપણે બધાને સરખાં જ ગણવા જોઇએ." આ સાંભળીને મને અપાર આનંદ અને સંતોષ થયો, અને જ્યાં મેં સાધારણપણે કોમી તેમજ સાંપ્રદાયિક સાંકડાપણાની આશંકા કરી હતી ત્યાં આવી ઉદારતાભર્યો ઉદ્‌ગાર સાંભળીને મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. સાથે સાથે તેમનામાં આવી સાંકડાપણાની કલ્પના કરવા માટે શરમ આવી. 'આજે તો કોઇ કસાઇ પણ આપણી મદદ માંગે તો આપણે મદદ પહોંચાડવી જોઇએ.' એ તેમના શબ્દોના ભણકારા આજે પણ મારા કાનમાં સંભળાયા કરે છે અને મેં જ બધી ઉદારતાનો ઇજારો લીધો હોય એવું મારું મિથ્યા અભિમાન ગાળી નાંખે છે. આ આદર્શથી ચાલતી કોમી પ્રવૃત્તિઓ ભાવનામાં કોમી રહેતી નથી. એ તો તત્કાલીન કાર્યને પહોંચી વળવાની માત્ર વ્યવહારૂ ગોઠવણો છે અને વિશાળ કાર્યની નાની નાની પુરવણી રૂપ જ હોય છે—એટલું તથ્ય આપણે સ્વીકારવું રહ્યું. પરમાનંદ.

મેરઠ ખાતે જૈન સંમેલન

આ નવેંબર માસની ૨૨, ૨૩, અને ૨૪ તારીખે મેરઠ ખાતે રાષ્ટ્રીય મહાસભાનું અધિવેશન ભરાવાનું છે એ પ્રસંગે રાષ્ટ્રીય મહાસભામાં ભાગ લેવા આવનારા જૈન બંધુઓનું એક સંમેલન ભરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે એમ એ સંમેલનના પ્રચાર વિભાગના મંત્રી શ્રી. રઘુવીર સિંહ જણાવે છે. કોંગ્રેસ અધિવેશના કારણે એકત્ર થયેલા ભાઇ બહેનોનો પરસ્પર પરિચય થાય અને જૈન સમાજના સર્વસામાન્ય પ્રશ્નોની ચર્ચા થાય એ આ સંમેલનનો હેતુ છે. મેરઠ પાસે જૈનોનું હસ્તિનાપુર તીર્થ ક્ષેત્ર છે, જે ભગવાન શાન્તિનાથ, કુંથુનાથ અને અરનાથના ચ્યવન, જન્મ, તપ અને જ્ઞાનની કલ્યાણક ભૂમિ છે અને જ્યાં શ્વેતાંબર તેમ જ દિગંબર જૈનોનાં વિશાલ પ્રાચીન દેવાલયો તેમ જ ધર્મશાળાઓ છે. ઉપર જણાવેલ જૈન સંમેલનમાં હાજર રહેવા વિનંતિ કરવામાં આવી છે અને જે ભાઇઓને કોંગ્રેસ અધિવેશન પ્રસંગે મેરઠ ખાતે ઉતરવા વગેરેની ગોઠવણની અપેક્ષા હોય તેમણે 'શ્રી. રઘુવીરસિંહ જૈન, ઠે. જૈન બોર્ડીંગ હાઉસ, રેલ્વે રોડ, મેરઠ શહેર.' એ ઠેકાણે તુરત જ લખી મોકલવું એમ સૂચવવામાં આવ્યું છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

અસાધારણ સામાન્ય સભા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોની અસાધારણ સામાન્ય સભા ધનજી સ્ટ્રીટમાં આવેલ સંઘના કાર્યાલયમાં તા. ૯-૧૧-૪૬ શનિવાર બપોરના ચાર વાગે મળશે, જે વખતે સંઘની કાર્યવાહક સમિતિ તરફથી સંઘના સભ્યોના વાર્ષિક લવાજમ સંબંધમાં સંઘના બંધારણની ૮ મી કલમમાં નીચે મુજબનો સુધારો રજુ કરવામાં આવશે.

"સંઘનું વાર્ષિક લવાજમ રૂ. ૫ ઠરાવવામાં આવે છે. વર્ષ દરમિયાન કોઇ પણ વખતે સંઘમાં જોડાનાર વ્યક્તિએ વર્ષના અવશેષ ભાગ માટે પણ ઉપર જણાવ્યા મુજબ જ લવાજમ આપવું પડશે."

બંધારણની કલમ ૨૦ (૧) (જે કોઇ સભ્ય એ વર્ષનું સંઘનું વાર્ષિક વાર્ષિક લવાજમ નહિ ભરે તે સભ્ય આપોઆપ સંઘના સભ્ય તરીકે રદ થયેલો ગણાશે) રદ કરવાનો પ્રસ્તાવ પણ સાથે સાથે કાર્યવાહક સમિતિ તરફથી રજુ કરવામાં આવશે. સર્વે સભ્યોને ઉપર જણાવેલ સ્થળે વખતસર હાજર રહેવા ખાસ વિનંતિ કરવામાં આવે છે.

મણિલાલ મોકમચંદ શાહ
દીપચંદ ત્રીભોવનદાસ શાહ
વેણીબહેન વિનયચંદ કાપડીઆ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

બર્નાર્ડ શૉ: એક પરિચય નોંધ

(ગતાંકથી ચાલુ)

જમવા પહેલાંની અને જમવા પછીની વાતચીતમાં અમે કેટલાયે વિષયો ચર્ચ્યા. તેઓ ઘણું વધારે નહોતા બોલતા. આમ છતાં પણ તેઓ ઓછું બોલતા હતા એમ પણ કહી ન શકાય. આ એક સારી તંદુરસ્તીની નિશાની ગણાય. તેઓ કંટાળ્યા વગર વાતો કર્યે જતા હતા. અને તેઓ જેટલું બોલતાં તેટલું જ સાંભળવા માટે પણ તેઓ આતુર હતા. તેમને ઘણા સવાલો પૂછીને તેમનો અયોગ્ય લાભ લેવા હું માંગતો નહોતો. તેથી તેઓ જેટલું સંભળાવે તેટલાથીજ સંતોષ રાખવાની મારી વૃત્તિ હતી. તેમની આગામી ૯૦મી વર્ષગાંઠના વિષયમાં સાધારણ રીતે અમારામાંના દરેક જણને સ્વાભાવિક રસ હતો. આ પ્રસંગ ઉપર પ્રગટ થનાર 'જી. બી. એસ. ૯૦' (હચીન્સન પ્રકાશન કીંમત રૂા. ૨૧) નામનું સુંદર પુસ્તક તૈયાર કરવા પાછળ મી. અને મીસીસ વીન્સ્ટને અથાગ શ્રમ લીધો હતો. આ પુસ્તક તૈયાર થઇ રહ્યું છે એ તેઓ જાણતા હતા અને આ યોજનાને તેમણે મૌન સંમતિ આપી હતી. જ્યારે બીતાં બીતાં અને અચકાતાં અચકાતાં મી. વીન્સ્ટને આ વાત છેડી ત્યારે શૉએ પૂછ્યું કે "એ પુસ્તક કયાં સુધી પહોંચ્યું છે?" મી. વીન્સ્ટને કહ્યું કે, "પહેલી નકલ હજુ હમણાં જ પ્રકાશક પાસેથી આવી છે" અને ઉમેર્યું કે, "જી. બી. એસ. (આવા ટુંકા નામથી આ લોકો તેમને સંબોધતા હતા) અમે આશા રાખીએ છીએ કે આપ આ પુસ્તક જરૂર વાંચશો." બર્નાર્ડ શૉએ જવાબ આપ્યો, "હું જરૂર વાંચીશ અને હું ધારું છું કે મારે તે વાંચવું જ જોઇએ. કારણ કે તેમાં ઘણાં મોટા સાહિત્યકારોએ ફાળો આપ્યો છે." મને ઘણીએ ઇચ્છા થાય છે કે તેઓ જે રીતે બોલ્યા તે જ રીતે આ વાક્ય હું રજુ કરી શકું. પછી મીસીસ વીન્સ્ટન અમુક સાહિત્યવિષય માસિકના બર્નાર્ડ શૉ માટે કાઢવામાં આવેલ ખાસ અંકની એક નકલ મારા માટે લઇ આવ્યા. આ જોઇને બર્નાર્ડ શૉએ આવું બધું મને નહિ આપવા મીસીસ વીન્સ્ટનને જણાવ્યું અને બોલ્યા કે "આ સમય દરમિયાન મારા વિષે પ્રગટ થતું જે કાંઇ તમારા વાંચવામાં આવે તે ભારોભાર જુઠાણાંથી ભરેલું છે એમ સમજજો."

"તમે કેટલા ભાઇઓ અને બ્હેનો છો?" તેમણે પૂછ્યું. જવાબ આપવા વિના ચાલે તેમ નહોતું. તેઓ અમારા કુટુંબ માટે બધું જાણવાને ઘણા ઇંતેજાર હતા. જેની કેળવણી વગેરેની ખાસ-કરીને બાળપણ દરમિયાન ગાંધીજીએ ઉપેક્ષા કરી છે એમ મારો એક ભાઇ માને છે તેના વિષે અમારે ન છુટકે ચર્ચા કરવી પડી. મીસીસ વીન્સ્ટને પૂછ્યું, "તમને નથી લાગતું કે તમારી કેળવણી વિષે પણ એટલી જ બેદરકારી દાખવવામાં આવી છે?" હું કશું બોલું તે પહેલાં જ મી. શૉ વચ્ચે જ બોલી ઉઠ્યા, "હવે જરા સંભાળીને જવાબ આપજો." બધા ખડખડાટ હસી પડ્યા. મેં જવાબ આપ્યો કે, "મારી કોઇ પણ ખામીઓ માટે હું મારો પોતાનો જ દોષ ગણું છું. મારો જ્યારે જન્મ થયો ત્યારે ગાંધીજી સંપૂર્ણ સાધુ બની બેઠા હતા. તપશ્ચર્યા અને આત્મસંયમથી ભરેલા વાતાવરણમાં મારો ઉછેર થયેલો. મારા બાળપણનું જીવન જે ગાંધી-વાદથી છેલ્લાં ૪૫ વર્ષોનો ઇતિહાસ રંગાએલો છે તે ગાંધીવાદી-પ્રયોગના ચોગઠાઓ વચ્ચે નિર્માણ થયું હતું. કડક નિયમોનું પાલન અને ભાગ્યે જ જોવા મળે એવો અસાધારણ મૃદુતાભર્યો પિતૃપ્રેમ-આ બંને પ્રવાહો સાથે ચાલી રહ્યા હતા-એ દિવસોનાં મારાં સ્મરણો આવા અનેક અનુભવોથી ભરચક છે. અત્યારે હું કેટલાંયે પ્રકરણો એ ઉપર લખી શકું." શૉને આમાં ખુબ રસ હતો અને આ સંબંધે હું તેમને ઘણી વાતો કહી શક્યો તેથી મને પણ આનંદ થયો.

"તમે સ્વતંત્ર થવાની અણી ઉપર છો એજ વખતે તમે હવે શું પરસ્પર લડવા માંડશો?" શૉએ પૂછ્યું. મેં જવાબ આપ્યો કે "તેમ નહી થાય, કારણ કે હું ધારું છું કે મુરલીમોની દરેક બ્યાજબી માગણીઓનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને તેથી તે લોકોને ઝગડવાનું કંઇ પણ કારણ નહિ રહે" પણ શૉએ કહ્યું, "આમ છતાં પણ તમે લોકો અંદર અંદર લડો તેમાં કશું આશ્ચર્યજનક નહિ લેખાય. કોઇ પણ દેશને સ્વતંત્ર થવા પહેલાં અનેક આંતરવિ-ગ્રહમાંથી પસાર થવું પડે છે એવા ઇતિહાસમાંથી આપણને ઘણા દાખલાઓ મળે છે."

મેં તેમને ઘણા સીધા પ્રશ્નો પૂછ્યા. અમારી વાતો દરમિઆન એક પ્રશ્ન દારૂબંધીને લગતો નિકળ્યો. બર્નાર્ડ શૉએ કહ્યું કે, "અમેરિકામાં તે પ્રયોગ સંપૂર્ણ રીતે નિષ્ફળ નિવડ્યો હતો. એમાં તો ગુન્હેગારોને એક મોટી તક મળી હતી. તેમની હીલચાલ જોસ-પૂર્વક ચાલવા માંડી અને ગુન્હાઓનો પાર ન રહ્યો. બધા વર્ગોએ મળીને મોટા પાયા પર વિરોધનો પ્રચાર શરૂ કર્યો. મને ખબર નથી કે સંપૂર્ણ દારૂબંધીની તમારા દેશ પર કેવી અસર થશે. પણ મને કેટલીક વાર લાગે છે કે માણસોને દારૂ પીતા અટકાવવાનો ઉત્તમ રસ્તો તો એ જ છે કે તેમને એમ જાહેર કરી દેવું કે બર્નાર્ડ શૉ દારૂનું એક પણ ટીપું પીતો નથી."

શૉ સ્ત્રીઓના હકક અને અધિકારોના ખાસ હિમાયતી છે. "જ્યાં સુધી જાહેર કામમાં સ્ત્રીઓ સંપૂર્ણ ભાગ લેતી નહિ થાય ત્યાં સુધી દુનિયામાં શાંતિ સ્થપાવાની નથી. હાઉસ ઓફ કોમન્સમાં ૬૦૦ સભ્યોમાંથી અત્યારે ૪૦ સ્ત્રીસભ્યો છે. આવી પરિસ્થિતિ લાંબો વખત સુધી ન ચાલે. બધે પચાસ પચાસનું પ્રમાણ જોઇએ. હું આશા રાખું છું કે તમારા પિતા અત્યારે જુવાન હોવાથી સ્ત્રીઓના હકકની બાબતમાં જરૂર સફળ થશે. આ એક ખાસ અગત્યની બાબત છે. કદાચ હું પોતે તેમાં ઘણો ફાળો ન આપી શકું. હું આશા રાખું છું કે લેડી પેથીક લોરેન્સ આ બાબતમાં જરૂર કંઇક કરશે."

જ્યારે મેં કહ્યું કે, "મારે લેડી પેથીક લોરન્સને લંડન છોડતાં પહેલા મળવું છે" ત્યારે તેમણે કહ્યું, "તેને તમે મારો આ સંદેશો પહોંચાડજો અને કહેજો કે સ્ત્રીઓ જાહેર જીવનમાં વધારે ને વધારે ભાગ લેતી થાય એવી હીલચાલ તેઓ ઉભી કરે એવી તેમના વિષે હું ખાસ અપેક્ષા ધરાવું છું. મને લાગે છે કે સારૂં પરિણામ લાવવાનો ઉત્તમ રસ્તો એ જ છે કે ચુંટણી વખતે કોઇ પણ પુરૂષને એક મત આપતી વખતે કોઇ પણ અન્ય સ્ત્રી ઉમેદ-વારને સાથે સાથે એક મત આપવામાં આવે તો જ પહેલો મત કાયદાસરનો ગણાય એવી ગોઠવણ થવી જોઇએ."

મેં જ્યારે તેમને કહ્યું કે, "હું હિંદના એક પ્રતિનિધિ તરીકે હિંદુસ્તાનને માટે છાપાના કાગળો ભેગા કરવા દુનિયાની મુસાફરીએ નિકળ્યો છું," ત્યારે તેમણે કહ્યું કે, "અમારા બ્રીટન તરફથી તમને કશી પણ મદદ મળી ખરી કે નહિ?" બ્રિટને હિંદુસ્તાન માટે કશું જ નથી કર્યું એમ સાંભળવાને તેઓ તૈયાર હતા એમ મને લાગ્યું. મેં કહ્યું કે, "છાપાઓના કાગળની બાબતમાં બ્રીટન પણ હિંદની જેવી જ કફોડી સ્થિતિમાં છે. તેમ છતાં પણ સહાનુભૂતિના ચિહ્ન તરીકે અમને તેના તરફથી સારો એવો હિસ્સો મળ્યો છે."

ત્યાર બાદ એકત્ર થયેલ મંડળીની છબી લેવાનું મી. વીન્સ્ટ-નને યાદ આવ્યું એ બહુ સારૂં થયું. આ બાબતમાં શૉની પરવાનગી સહેલાઇથી મળી શકે તેમ નહોતું. પણ તેઓ માયાળુ-પણાની મૂર્તિ સમાન હતા. તેમણે હા કહી અને એવોટ સેઇન્ટ લોરેન્સમાં એકઠી થયેલી આખી મંડળી કોઇ ફોટોગ્રફરને શોધી લાવવા વ્યાકુળ બની ગઇ.

ત્યાર બાદ જ્યારે 'જી. બી. એસ. ૯૦'ની એક નવી જ નકલ મને વીન્સ્ટને આપી ત્યારે તો આગતાસ્વાગતાની હદ જ આવી ગઇ. શૉની જીંદગી તથા જીવનકાર્યની અનેક બાજુઓને સ્પર્શતો અને જાણીતા લેખકોના હાથે લખાયેલા અનેક લેખોનો આ એક અદ્‌ભુત સંગ્રહ છે. તેમાં આપવામાં આવેલ અનેક ચિત્રમાં શૉએ પોતે દોરેલાં પોતાનાં બાળપણનાં ચિત્રો તથા કલેર વીન્સ્ટને પાડેલી અનેક સુંદર છબીઓનો સમાવેશ થાય છે. એક સુંદર ચિત્રમાં બર્નાર્ડ શૉ લગભગ ૪૫ વર્ષના હતા ત્યારે પોતાનો તથા પોતાની પત્નીનો કાચમાં પડતા પ્રતિબિંબનો ફોટો પાડતા હોય તેવું દેખાય છે.

મૂળ અંગ્રેજી : **દેવદાસ ગાંધી.**

અનુવાદક : **પરમાનંદ.**

'સાહિત્યસર્જન એટલે આત્મસંતૃપ્તિ'

(પૃષ્ઠ ૧૦૪ થી ચાલુ)

માનું છું કે આ કસબને એ ભાઈઓએ સ્વાવલમ્બી કક્ષાએ પહોંચાડયો છે. નવજીવન પ્રકાશન મંદિરમાં જેઓ બેઠા છે તેએ મધ્યમો જ છે. તેમને હાથે થઈ રહેલું ધારાવાહી જ્ઞાનદોહન નિહાળો. એ બધા કવિતા ને વાર્તા લખવા બેઠા હોત તો?

સંપત્તિ ને કીર્તિના હકદાર

સામાન્યોને હું વિવેક કરવા સૂચવું છું. કીર્તિની કામનાના બે પ્રકારો છે: રોગિયલ અને નિરોગી. 'કર્મમાં જ તારો અધિકાર છે, ફલમાં નહિ કદી!' એવા ચવાઈ ચવાઈ છોતાં બની ગયેલ ગીતાસૂત્રોને તમારાં માથામાં નહિ મારું. દ્રવ્યલાભ અને કીર્તિલાભ, બન્નેના તમે સાહિત્યક્ષેત્રે અધિકારી છો. પણ સંપત્તિ અને કીર્તિ બન્ને તમારાં વારણાં લેતી, તમારા પર ઢળતી ને ઢળતી આવે એ એક વાત છે, ને એ બેઉની પાછળ 'शुनीमन्वेति श्वा' વાળી રીતે એકાદ હસ્તપ્રત લઈને લેખક લટુવેડા કરતો દોટો લગાવે એ બીજી વાત છે.

સૌ પહેલી આત્મસંતૃપ્તિ

દ્રવ્યલાભ કીર્તિલાભ ઉપરાંત એક બીજી બાબત આપણું પ્રેરક બળ છે—ને એ જ મુખ્ય છે. એ છે આપણી આત્મસંતૃપ્તિ, દાખલા તરીકે, મેં કોઈ મહાસત્ત્વ જોયું, માનો કે હું હિમાચળ જેવા પહાડમાં ઘૂમી આવ્યો કે ગેરસપ્પાનો ધોધ જોઈ આવ્યો. એ જ પ્રમાણે ધારો કે મેં આ દેશની કે પરદેશની કો ઉત્તુંગ માનવ-વિભૂતિઓનું સાંનિધ્ય સેવવાનો મોકો મેળવ્યો. એ વિભૂતિ દર્શનમાંથી સાચા રસાનંદનું એકાદ બિન્દુ ય જો મને લાધી ગયું, તો તો હું એની ખુમારીમાંથી ડોલ્યા કરું. પછી એક દિવસ મને થાય, કે આ આનંદ તો મનમાં શમાવ્યો સમાતો નથી, ઝલકાઈ ઝલકાઈ બહાર ઢળે છે. એને શબ્દમાં વહાવી અન્ય જનોને પણ રસભાગી બનાવું. નહિ તો ત્યાં લગી મને જંપ નહિ વળે. નિજાનંદનો આ સભર રસ-કુંભ અન્ય જનોને પાવાની લાગણી જો સાચી હશે, તો પેલા બિન્દુ-માત્ર અનુભવમાંથી યે વાણીની અમૃતધારા છૂટશે. પણ જે કંઈ વિભૂતિદર્શન કર્યું છે તેને લાવને ઝટઝટ વટાવી નાખું, આના બે બોલ મેળવું, તેના ચાર અભિપ્રાય કઢાવી લઉં, પ્રકાશકને પણ જોઈએ છે ચલણી નામ વાળો પ્રસ્તાવનાકાર એટલે એ પણ પ્રકાશન માટે તત્પર બને છે, પરિણામે બહાર પડે છે-કીર્તિલેખ નહિ પણ લેખકના મૃત્યુલેખની ગરજ સારતું એક ચોપડું. એ એનો મૃત્યુલેખ બને છે, કારણ કે ફરી એ લખી શકવાનો નથી.

છૂપો નિજાનંદ

આમ પ્રથમ તો આત્મસંતૃપ્તિની જ આવશ્યકતા, પછી કીર્તિની, તેની યે પછી દ્રવ્યપ્રાપ્તિની અપેક્ષા. એ વાત કેવળ અંતઃપ્રેરણામાંથી પરિણમતી કલ્પનાશોભન કલાકૃતિઓ પરત્વે જ સાચી છે એમ ન માનતા. એકાદા ગ્રંથ-વિવેચનને યે, અખબારનાં મુખ્ય પાનાને શણગારતા એકાદા લેખને યે, કોઈપણ અનુવાદિત છાપાં-લખાણને યે, અરે તમે અહીં તહીં આછા ઘાટા, લલિત હળવા શબ્દ-સાથિયા પૂરો છો તેને યે, સૌપહેલી અપેક્ષા છે આત્મપ્રસન્નતાની. હજારો લોકો તો એ વાંચવા પામે ત્યારે ખરા, વાંચીને સારું માઠું જે કંઈ એ ધારે તે ખરું, તમને પોતાને, એ કૃતિના કર્તાને, અત્યારે, આ ઘડીએ, એ કૃતિ પ્રસન્ન કરે છે ખરી? આરસીમાં મોઢું જોઈને મલકાતા હો, એવા છૂપા નિજાનંદે તમે તમારી એ સરજત નિહાળીને હલી ઊઠો છો? ઘાટઘૂટ બરાબર ઊતર્યા લાગે છે? આકાર-સૌષ્ઠવ સંતોષે છે? શબ્દો યથાસ્થાને યોજ્યા છે ને? સુરુચિની બાબતમાં છૂપી છૂપી યે આત્મવંચના નથી થઈને? રોજ ઊભટતાં શબ્દ-પૂરની અંદર મુકાબલે તો નાનકડી અને નગણ્ય લેખાય તેવી તમારી એ કૃતિ જે કોઈ જૂજ આંખો એ વાંચવા પામશે તેને તો પકડી રાખે તેવી દીસે છે ના?

નુગરી દુનિયા

લેખકે દુનિયાને વિશે ઉપર કહી તે આત્મકસોટી રાખ્યા વિના છૂટકો નથી. કારણ કે એ દુનિયા નુગરી છે. નૃત્ય સંગીત ને ચિત્ર જેવા કલાપ્રદેશોમાં મુરશિદ વગર ડગલું દઈ શકાતું નથી. ગુરુનો પંજો ત્યાં અનિવાર્ય બને છે. શબ્દકલાના ક્ષેત્રમાંથી એ સુભગ સ્થિતિ ગેરહાજર છે. અહીં તો સૌ સૌને મન સવાશેર હોય છે, અધવાલ પણ ઓછો નહિ! અહીં મુદ્દતનો બાધ નથી, વયની શર્ત નથી, હસ્તપ્રતને છ મહિના પણ સંધરી રાખવાનું આરોગ્યદાયક નિયમન નથી, કોઈ કુલાચાર નથી, કારણ કે કોઈ કુલપતિ નથી. ચિત્રકારને સુખ છે, કે એની કાચી કૃતિની પાંચસો પ્રતો છપાવીને બહાર પાડનારો પ્રકાશક એને સાંપડે નહિ. કાચા નર્તકને રંગભૂમિ પર રજૂ કરવાની કોણ હિંમત કરે? હુડિયો થવાનીજ બીક! એમ હરકોઈ આ...આ કરનારને કાંઈ બાંસાહેબ કહી જલસામાં ખડો કરી શકાય છે? કાન અને આંખના કલાયુક્ત રસાસ્વાદની એ ચિરાનંદિની સામગ્રી છે. એમાં હાથચાલાકી ચાલે નહિ. ઉસ્તાદના હાથની ભાવજત કરડી ને સુંવાળી બન્ને કક્ષાની, આ કલાક્ષેત્રોમાં અવલ સ્થાન ધરાવે છે. પણ સાહિત્યનું ક્ષેત્ર બાપડું મોટી અરાજકતાનો ભોગ બન્યું છે. ઉસ્તાદ નામને સાર્થક ઠરાવે એવા પ્રથમ કોટિના વિવેચકોથી ગુજરાતી સાહિત્ય એનસીજ બન્યું છે. વિવેચક દોરવતો હોય ને વાચક પ્રજા અનુસરતી હોય એ કયાંય દીઠું ગુજરાતે? સળંગ સુદીર્ઘ અને સર્વસ્પર્શી ગ્રંથાવલોકનો જુઓ છો કયાંય ગુજરાતે? વર્ષ ચારેક કૃતિઓની યે સમાલોચના સૌંદર્યનો આલોક ફેલાવે છે ગુજરાતમાં? મંદિરે જઈ ટીલા ટપકાં કરી આવવાના લોકાચાર જેવું અવલોકનકામ તો હરકોઈ પતાકડું કરતું હોય છે. એને અવલોકન અર્થાત પ્રકાશવિતરણ નહિ કહી શકીએ. એ થોડું માર્ગદર્શક બને છે-ખુદ લેખકને કે અન્ય લેખકોને?

આત્મપ્રસન્નતા એટલે?

મુરશિદો વિહોણી આવી નુગરી સ્થિતિમાં લખનારની આત્મસંતૃપ્તિ, અને આત્મપ્રસન્નતા એ જ એક ભરોસાપાત્ર આંકણી છે, કે જે વડે એની કૃતિની ગુણવત્તાને એ પોતાની મેળે માપી શકે. આત્મતૃપ્તિ એટલે બેશક આત્માની તૃપ્તિ, માણસના અંતરજામી 'सत्य शिव सुंदरम्' મહાસત્ત્વની તૃપ્તિ, નહિ કે માણસના નાનકડા અહમ્-દેડકાની તૃપ્તિ, ચપટીમાં રીઝી જનાર પામરતાની તૃપ્તિ, સ્વાર્થ-પટુ બે ચાર પાસવાનોનાં અહોહો અહાહાથી મૂર્ચ્છિત બની જનાર નર્યા પ્રશસ્ત ભૂખ્યા પ્રાણની તૃપ્તિ. ના, આપણી કલમો પર એવી તૃપ્તિને નહિ પલાણવા દઈએ. સાચો ભોમિયો અને સાક્ષી તો પેલો, માયલો રસાનંદી આત્મા જ રહેશે. સાચો હોંકારો એ જ આપશે, કે 'શિલ્પી! તેં જે કંઈ રચ્યું તે અલબત્ત તારું નિજનું છે, તારી શક્તિમર્યાદાને અધીન છે, તથાપિ એ ઢોંગ જાદુગરીથી અદૂષિત છે, આત્મવંચના-પરવંચનાથી અકલંકિત છે, અને તારી પોતાની શૈલીથી અર્થાત તારા ખુદનાં શીલની બનેલી શબ્દસુંદરતાએ વિભૂષિત છે. એના સ્વામીઓનો પ્રસાદ ભલે નથી, છતાં એ પ્રસાદિકતાની તેં આત્મ-સાત્ કરેલી કણિકા ઉતારી છે. ચોરેલું, ભાડે કે ઉધાર લીધેલું આમાં કંઈ નથી. પ્રસન્ન થા શિલ્પી! તું નાનો છે, તે છતાં એ મહાજનો જે પંથે ગયા છે તે જ સૌંદર્યવાટનો તું સહયાત્રી છે. તું પોતે પ્રસન્ન થા, પછી બીજાઓ થયા વિના કેમ જ રહેશે?'

(અપૂર્ણ) ઝવેરચંદ મેઘાણી.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશકઃ શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઈ.
મુદ્રણસ્થાન: સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઈ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૪

મુંબઈ: ૧૫ નવેમ્બર ૧૯૪૬ શુક્રવાર.

લવાજમ
રૂપિયા ૪

વિશ્વયુદ્ધ પછીના વ્યાપાર ઉદ્યોગની પુનરૂચના

એ તો જાણીતી વાત છે કે ૧૯૧૪–૧૮ ના વિશ્વયુદ્ધના અનુભવે ધડાયેલી હિંદી સરકારે આ લડાઇની શરૂઆતમાંજ પરિસ્થિતિ કાબુમાં રાખવા વાઇસરોયને ડીફેન્સ ઓફ ઇંડિયા રૂલ્સ નીચે ખાસ સત્તાઓ આપી જેનો ઉપયોગ લડાઇના છ વર્ષ દરમિયાન કેવળ દુશ્મનો ઉપર વિજય મેળવવાના હેતુથી કરવામાં આવ્યો.

હિંદના માનીતા નેતાઓ કે પ્રજાને પુછયા વિના બ્રિટીશ સરકારે હિંદને લડાઇ લડવામાં ઘસડયું. હિંદને લડાઇમાં કોઇપણ રાજકીય અભિલાષા કે સામ્રાજ્ય સ્થાપવાની ઝંખના ન્હોતી. તેમ છતાં તેણે લડાઇમાં ઘણો મોટો ભોગ આપ્યો છે. દેશનું લશ્કરી બજેટ જે શરૂઆતમાં વાર્ષિક ૫૦ કરોડ રૂપિયાનું હતું તે લડાઇના છેલ્લા વર્ષમાં ૪૬૦ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું. લડાઇના છ વર્ષ દરમિયાન આપણે લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાનો વધારાનો લશ્કરી ખર્ચ વેઠયો. આનાથી અલબત્ત દેશના ૨૦ લાખ માણસોની લશ્કરમાં ભરતી થઇ અને તેમને જીવના જોખમે રોજી મળી; પણ બીજી બાજુ આપણા લશ્કરને ખોરાકી સામાન પુરો પાડવાને બહાને દેશના અનાજનો મોટો જથ્થો પરદેશ રવાના કર્યો, જેના પરિણામે બંગાળમાં ભયંકર દુષ્કાળ આવ્યો અને ૨૦ થી ૩૦ લાખ મનુષ્યો વિનાવાંકે અકાળે મૃત્યુ પામ્યા.

હિંદમાં લડાઇના અઢળક ખર્ચને પહોંચી વળવા બ્રીટીશ સરકારે અજબ ફિમીયો શોધી કાઢયો. આપણી રીઝર્વ બેંક ૧૯૩૪ ના કાયદા પ્રમાણે બેંક ઓફ ઇંગ્લેંડમાં તેના નામે જમા થયેલ સ્ટર્લિંગના બદલામાં ૧૮ પેનીએ એક રૂપિયાના દરે ગમે તેટલી નોટો છાપી શકે છે. એટલે લંડનના સરકારી છાપખાનાઓએ પુરતી સ્ટર્લિંગ સીક્યોરીટીઝ છાપવા માંડી અને તેની સામે આપણા નાશીકના સરકારી છાપખાનાએ રોજના એક કરોડ અને પાંછળથી બે કરોડ રૂપિયાની ચલણી નોટો છાપી, તેથી દેશમાં પુગાવો આવ્યો. જે આજ સુધીમાં ૧૩૦૦ કરોડ રૂપીઆ સુધી પહોંચી ગયો છે. આની સામે હાલની કિંમતે રીઝર્વ બેંક પાસે ૨૦૦ કરોડ રૂપિયાનું સોનું પણ અનામત નથી. આમ સરકારી છાપખાનાઓને ચલણી નોટો છાપવાનું થોડું વધુ કામ આપીને સરકાર મધ્યપુર્વમાં મોકલવા માટે પુષ્કળ લશ્કરી સરંજામ મેળવી શકી અને હિંદમાં અડ્ડો જમાવી બેઠેલ બ્રીટીશ અને અમેરિકન લશ્કરનો પગાર અને તેમનો અઢળક ખર્ચ ચુકવી શકી. તે ઉપરાંત બ્રીટીશ સરકારે U. K. C. C. જેવી વેપારી પેઢી ઉભી કરી અને તેને બેહદ નીચા ભાવે હિંદમાંથી માલ પુરો પાડી આપણને લુંટાય તેટલા લુંટયા.

જ્યારે ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ લડાઇ દરમિયાન પૂષ્કળ નવા કારખાના નાંખ્યા અને સારી જમાવટ કરી ત્યારે આપણે એન્જીનીયરીંગ અને કેમીકલ્સ જેવા મહત્વના ઉદ્યોગો પણ ખીલવી શકયા નહી. કારણ કે બ્રીટીશ અને અમેરિકન સરકાર વતી જે ખર્ચ આપણે ઉપાડયો તેના બદલામાં આપણને મશીનરી કે બીજા સાધનો ન આપતાં આપણા નામે ઇંગ્લેંડમાં ૧૩૦૦ કરોડ રૂપિયાની જંગી સ્ટર્લિંગ અનામત જમા કરી. લડાઇ દરમિયાન આપણા ઉદ્યોગપતિઓએ સાહસ અને જોખમ ખેડીને નવા ઉદ્યોગો ખીલવવા બહુ મહેનત કરી. પણ સરકારે તો સાવકી મા જેવું જ વળણ ચાલુ રાખ્યું. જ્યારે શેઠ વાલચંદ હીરાચંદે એંગલોરમાં મોટા પાયા ઉપર મોટરોનું કારખાનું સ્થાપ્યું ત્યારે સરકારે વચમાં પડીને તે કારખાનું ચલાવવા અમેરિકનોને સોંપી દીધું. આ રીતે આપણા ઉદ્યોગપતિઓને કંઇ પણ મદદ તો ન કરી પણ તેમની પાસેથી વધારાનો નફા–કર લેવાય તેટલો લીધો. તે સિવાય દેશના કારખાનાઓને કાચો માલ અને વિજળી બળ આપ્યા નહી, અને તૈયાર માલને બજારભેગો કરવા વાહનની કશી સગવડ ન આપી. ઉલટું ૩૦૦ એંજીનો, ડબ્બાઓ અને પુષ્કળ રેલ્વે સરંજામ ઇરાક, ઇરાનમાં મોકલી આપ્યો. દેશમાં કોલસાની અછત હતી તેમ છતાં તે પણ પરદેશ મોકલ્યો. લડાઇના કામમાં મદદ કરવા દેશના કારખાનાઓ ચોવીસે કલાક ચાલ્યા. તેથી મશીનરી ઘસાઇ ગઇ પણ નવી મશીનરી પૂરી પાડવા સરકારે કંઇ જોગવાઇ કરી નહીં. મજુરોની સખ્ત ખેંચ થતાં અને ખેડુત વર્ગ લડાઇમાં ચાલી જતાં ખેતીવાડીનું ઉત્પાદન ઘટયું. વળી લોખંડ, સીમેન્ટ, લાકડું, કાપડ, અનાજ વિગેરે જરૂરિયાતની વસ્તુઓ મીલીટરીના સકંજામાં પડી. દેશમાં માલની જરૂરિયાત વધતાં તેની કિંમત ત્રણથી ચાર ગણી થઇ, જ્યારે નોટોનો પુગાવો છ ગણો થતાં માલની કિંમત વધતીજ ચાલી. આથી પ્રજામાં અસહ્ય હાડમારી ઉભી થઇ. ઇટલી હારી–જતાં સરકારને જીત નજીક આવતી દેખાઇ, ત્યારે તેણે વિશ્વવ્યાપી યુદ્ધ માટે બધાજ પ્રયત્નો કર્યા અને આપણા દેશમાં સખ્તાઇ કરીને લડાઇના છેલ્લા બે ત્રણ વર્ષ દરમિયાન પ્રજા ઉપર એકસોથી પણ વધુ એવા નવા ઓર્ડિનન્સો ઠોકી બેસાડયા કે જેથી દરેક વેપારી અને ઉદ્યોગપતિને કાયદાની દ્રષ્ટિએ ગુન્હેગાર ઠરાવી શકાય. કંઇક લોકો પકડાયા અને સજા પણ ભોગવી. કાયદાને માન આપનારાઓએ કરોડો રૂપિયાનો ટેકસ સરકારને ભર્યો, જ્યારે ચાલબાજી રમતા બેલાડીઓએ દેશી રાજ્યોમાં વેપાર અને નફો લઇ જઇને કરોડો રૂપિયાનો ટેકસ બચાવ્યો. દેશમાં લાંચરૂશ્વતનું જોર ચારેપાસ વધતું ચાલ્યું. લાઇસેન્સો પ્રિમિઅમથી વેચાયા અને સીવીલ અને મીલીટરી કોન્ટ્રેકટો લખલુંટ કિંમતે અપાયા. જ્યાં જ્યાં અને જે જે માલ ઉપર કંટ્રોલ આવ્યો ત્યાં ત્યાં અને તે તે માલમાં કાળા બજાર ધમધોકાર ચાલ્યા. ૩૦૦ થી ૪૦૦ કરોડ રૂપિયાની ચલણી નોટો ખાનગીમાં ફરવા માંડી અને તેનાથી બિનસત્તાવાર વેપાર ચાલ્યો. સરકારી તંત્ર પરિસ્થિતિ કાબુમાં ન રાખી શકયું અને સરકાર ઉપરથી પ્રજાનો વિશ્વાસ ઉઠી ગયો. લોકોએ સમયનો લાભ લીધો. ભવિષ્યની પરવા રાખી નહી. મૂડી ઉદ્યોગના રોકાણની બહાર ચાલી જતાં, લડાઇ પછી નવા કારખાના માટે નાણાં ફાઝલ રહ્યા નહી. વેપાર સટ્ટે ચડયો. આજે લડાઇ પુરી થયે એક વર્ષ થયું, પણ બજારો વધતાં જ

જાય છે, અને બેાંધવારીનેા આંકડેા ચઢતેા જ જાય છે જ્યારે સામાન્ય રીતે લડાઇ પછી મંદીનું મેાજું આવે છે.

દેશમાં આજે આટલી મેાટી વસતી છતાં એક બાજુ મનુષ્યબલની ખેંચ દેખાય, બીજી બાજુ માણસને રેાજી ન મળતા ભૂખે મરે અને ત્રીજી બાજુ સાધનસગવડ વિના માણસેા આળસુની માફક બેસી રહે, આ પરિસ્થિતિ ઉપસ્થિત થઇ છે. તે માટે આગલી સરકાર જ જવાબદાર છે. તે સિવાય દેશનેા મેાટા ભાગનેા ઉદ્યોગ પાંચ પચ્ચીસ જાણીતી પેઢીઓના કાબુમાં આવી ગયેા છે. કારણ કે મૂડીવાદી સરકાર હતી ત્યારે તેમની નાણાના જોરે લાગવગ હતી. આ લાગવગથી સત્તાનેા ઉપયેાગ અંગત લાભમાં થયેા. સમસ્ત પ્રજાના હિસાબે ને જોખમે વેપાર ચાલ્યેા અને ગરીબ તથા મધ્યમવર્ગનું શેાષણ થયું. આ બધું પરદેશી સદ્‌ગત સરકારે આંખમિંચામણાં કરી ચાલવા દીધું.

ઇંગ્લેંડ તરફ નજર નાખતાં જણાય છે કે ત્યાંની સરકારે દેશના નિકાસના વેપારને વધારવા લેાકેાને પૂરતી મદદ કરી, જેના પરિણામે ત્યાં લડાઇ બંધ થતાં એક જ વર્ષમાં ઉત્પાદન દેાઢું કે બમણું થઇ ગયું છે, જ્યારે આપણી સરકારે આપણા નવા ખીલતા ઉદ્યોગને કેટલી હાનિ પહેાંચશે તેનેા વિચાર કર્યા વિના પરદેશથી લાખ્ખેા ને કરેાડેા રૂપિયાનેા માલ આયાત કરવા માંડયેા છે. વળી આજના ઉંચા બજારેાનેા લાભ લેવા માટે આપણા કેટલાક ઉદ્યોગપતિઓએ પરદેશની જુની મશીનરી આયાત કરવા દેાડાદેાડી કરી છે અને તે મશીનરી તેમને જલદી મળે તે માટે પરદેશી પેઢીઓ સાથે તેઓ ભાગીદારીમાં કામ કરવા પણ તૈયાર થયા છે. હિંદી ઉદ્યોગ ઉપર પરદેશી કાબુ ન હેાવેા જોઇએ તેમ છતાં આવી ભાગીદારીમાં પડીને આપણા કેટલાક ઉદ્યોગપતિઓ રાષ્ટ્રના હિતને હાની પહેાંચાડે છે. પણ મને લાગે છે કે તે મશીનરી અહીં આવશે અને તેનાથી માલ તૈયાર થશે ત્યાં સુધીમાં તેા પરદેશી માલ આપણા બજારમાં પાણીના મુલે વેચાતેા થઇ જશે.

બ્રિટન અને અમેરિકાએ એટલાન્ટિક ચાર્ટરમાં એવું નક્કી કર્યું છે કે કાચા માલ ઉપર દુનિયાના તમામ દેશેાનેા હકક રહેવેા જોઇએ અને તેના ઉપર કેાઇની અંગત માલિકી ન હેાવી જોઇએ, તે સિવાય કેાઇ પણ દેશ વ્યાપારી દીવાલેા ('Tariff Barriers') ઉભી ન કરી શકે. એટલાન્ટિક ચાર્ટર તેા બ્રિટન અને અમેરીકા જેવા દેશનેજ ફાયદેા કરે તે દેખીતું છે. કારણ કે એ બે દેશેા સમુહઉત્પાદનની યંત્રણામાં, વિજ્ઞાનમાં અને ઔદ્યોગિક વ્યવસ્થા પદ્ધતિમાં સૌથી મેાખરે છે, (Because both The countries have reached the peak in mass production techniques, synthetic materials and industrial management methods) જ્યારે હિંદુસ્તાન જેવા પછાત દેશને તેા બહુજ સહન કરવું પડે. બ્રિટન અને અમેરિકા આજે એ કેમ ભુલી જાય છે કે એમણે પણ પેાતાના ઉદ્યોગેા વ્યાપારી દીવાલેા (Tariff Barriers) નાખીને અને હિંદી કારીગરેાના કાંડા કાપીને જ ખીલવ્યા છે.

આવા કટેાકટીના સમયે આપણા સારા નશીબે દેશમાં પ્રાંતિક રાષ્ટ્રીય સરકાર અને વચગાળાની મધ્યસ્થ રાષ્ટ્રીય સરકાર સ્થપાઇ છે. તેઓ દેશના ખેારવાઇ ગયેલા વેપાર ઉદ્યોગને જનતાનું હિત આગળ રાખીને સજીવન કરશે એમ ચેાક્કસ આશા રાખી શકાય. મજુરને પેટ પુરતી રેાજી મળે, સાહસિકને તક અને ટેકેા મળે અને લેાકેાનું જીવનધેારણ ઉંચું જાય તે મુજબ યુદ્ધ પશ્ચાત્ વ્યાપાર અને ઉદ્યોગની યેાજના અને પુનર્રચના થાય તે ખાસ જરૂરી છે. રાષ્ટ્રીય સરકારે હમણાં સુધીમાં જે વળણ બતાવ્યું છે તે જોતાં તેમનું ધ્યેય કેાંગ્રેસના ચુંટણીને લગતા જાહેરનામાના ૧૨ રચનાત્મક કાર્યક્રમેાને અમલમાં મુકવા પુરતું દેખાય છે. ગ્રામ્ય જીવનની પુનઃ રચનામાં, સમાજના સડા દુર કરવામાં અને લેાકકલ્યાણના કાર્યેામાં તેમની શક્તિ વપરાય તે દેખીતું છે. પણ સાથે સાથે દેશમાં મહત્વના ઉદ્યોગેા ખીલે તેા જ લેાકેાનું જીવનધેારણ ઉંચું લાવી શકાય તે કેાઇએ ભુલવું ન જોઇએ.

જનતાના લાભાર્થે જો દેશમાં ઉદ્યોગેા ખીલવવા હેાય અને લેાકેાને સસ્તી કિંમતે સારેા માલ પુરેા પાડવેા હેાય તેા આપણા ઉદ્યોગપતિઓએ નીચેની બાબત ધ્યાનમાં લેવી જોઇએઃ-

રાજ્યગાદીની માફક ઉદ્યોગ પણ વંશપરંપરાથી એકજ પેઢીના સંતાનેા ચલાવે તે ઇચ્છવા યેાગ્ય નથી. કારણ કે વેપારી કુનેહ અને આવડત એ કંઇ વારસામાં ઉતરી આવતા નથી. આપણી વ્યાપારી પેઢીઓને સંસ્થા (Corporation) તરીકે ખીલવવામાં આવતી નથી, તેથી જ આપણેા વેપાર દુનિયાભરમાં પ્રસરતેા નથી, જ્યારે જાપાનની Mitsui નામની મશહુર પેઢીનેા વેપાર તેા દુનિયાના લગભગ અઢીસેા દેશેામાં ફેલાયેલેા હતેા, તેવી જ રીતે જોઇએ તેા લંડનના Lloyds. વળી મંદીના વખતમાં હરીફાઇ કરવામાં આપણે એટલા બધા તત્પર હેાઇએ છીએ કે એક બીજાના ગળા કાપવાનું ચુકતા નથી. પરિણામે માલની જાત હલકી પડે છે અને નફેા ઓછેા થતાં સંશેાધન (Research) અને વિકાસ માટે નાણાં ફાજલ પડતાં નથી. યુરેાપ, અમેરિકા અને જાપાનમાં વેપારી મક્કમ રહીને હરીફાઇમાં ભાવ ઘટાડયા વિના માલની જાત સુધારે છે અને જરૂર પડયે વધુ માલ ઉત્પન્ન કરી પેાતાની છાપ ટકાવી રાખે છે, આ રીતે આપણા વેપારની પધ્ધતિમાં ફેરફાર થાય તે ઇચ્છવા યેાગ્ય છે.

દેશના ઉદ્યોગેાને બરાબર ખીલવવા આપણી સરકારે નીચેના પગલાં લેવા જરૂરી છે :—

અત્યારે દેશમાં પરદેશી મુડી સારી રીતે પથરાયેલી છે. તેની કિંમત આજના બજારે કેટલી અંકાય તેના સત્તાવાર આંકડા સરકારે બહાર પાડવા જોઇએ. મેાટે ભાગે આ મૂડી, પરદેશી કંપનીઓએ 'ઇન્ડીઆ લીમીટેડ'ના લેબલ લગાવીને દેશમાં દાખલ કરી છે. સર અરદેશર દલાલ જ્યારે Planning Member હતા ત્યારે તેમણે ૧૯૩૫ ના બંધારણ કરાર નીચે વિદેશી કંપનીઓને મળેલી વ્યાપારી બાંહધરીઓ (Commercial Safeguards) નાબુદ કરવા સારી મહેનત લીધેલી એ બહુ જાણીતી વાત છે. જ્યાંસુધી આપણા દેશનું નવું બંધારણ ન ઘડાય ત્યાં સુધી આવી વિદેશી કંપનીઓ દેશને નુકશાન ન કરે તે જોવું ખાસ જરૂરી છેઃ કારણ કે આવી કંપનીઓ પાસે જથ્થા–ઉત્પાદનની પદ્ધતિ, નવી શેાધખેાળ અને નાણાં (Mass Production technique, research અને finance) સારી રીતે હેાવાથી તેઓ આપણા ઉદ્યોગેાને હરિફાઇમાં ટકવા દેશે નહી. વળી આપણા ઉદ્યોગેાને જ્યારે પુરેપુરું રક્ષણ (full-blooded protection) મળે ત્યારે તેનેા લાભ સરખી રીતે ઉઠાવવાની આવી 'ઇન્ડીઆ લીમીટેડ' કંપનીઓની દાનત છે અને તેમ સમજીને જ તેઓ પહેલેથી ઘુસવા માંડયા છે. આપણા દેશનું નવું બંધારણ ઘડાય ત્યારે આ બાબતેા ખાસ લક્ષમાં લેવા જેવી છે. આપણી સરકારે આવી 'ઇન્ડીઆ લીમીટેડ' કંપનીઓનેા વહીવટ અને તેમનું આર્થિક તંત્ર આપણા જ કાબુમાં રહે અને ભવિષ્યમાં તેની ફેરબદલી થવા ના પામે તે માટે સખ્ત અને ચેાક્કસ કાયદેા કરવાની જરૂર છે.

અત્યારે જુના ઉદ્યોગેા વિકસાવવા અને નવા ઉદ્યોગેા સ્થાપવા માટે–ઔદ્યોગિક પરવાના–Industrial Licensing–ની પ્રથા છે અને તે કામ Licensing Board ના હાથમાં છે. આ બેાર્ડ અમુક પેઢીઓને જ લાઇસન્સેા આપ્યા છે અને તેની પાસે કેટલી અરજીઓ આવી, તેણે કેની અરજીઓ પાસ કરી અને શા કારણેાથી પાસ કરી તે વિશે આપણે બિલકુલ અંધારામાં છીએ. કાપડ, સીમેન્ટ, વેજીટેબલ ઘી, પેપર, કેમીકલ્સ વિગેરે ઉદ્યોગેાના જે રીતે પરવાના–permit–અપાયા તેને માટે લેાકેામાં ઘણેા જ અસંતેાષ

ફેલાયો છે. તેથી રાષ્ટ્રની નવી સરકાર નવેસરથી અને ન્યાયપૂર્વક પરવાના-permit-આપે તે જરૂરી છે. બોર્ડે વહેલો તે પહેલો કે પોતાને યોગ્ય લાગે તેનેજ પરવાના-permit-ન આપવા જોઇએ પણ ચાલુ ધંધાવાળા માણસોમાંથી જેનો હક્ક લાગતો હોય તેની પહેલી પસંદગી થવી જોઇએ.

વેપાર ઉદ્યોગમાં મોટી અને વધુ જામેલી પેઢીઓ એકત્ર થઇને નાની પેઢીઓને તોડી પાડવાનો અને અમુક ઉદ્યોગને પોતાનાજ કાબુ નીચે લેવા જે તરકીબો કરે છે તે જાણીતું છે, અંગ્રેજીમાં એને Cartel કે Combine કહે છે. ઘણા કારખાના ઉપર અમુક જ મુડીવાદીઓનો કાબુ આવે છે, ત્યારે ગૃહઉદ્યોગો ખીલી શકતા નથી અને નાના વેપારીઓને ઉદ્યોગોમાં તક અને સ્થાન મળતા નથી. અમેરિકન સરકારનો Cartel અને Combine સામેનો વિરોધ જાણીતો છે. ૧૮૯૦ માં અમેરિકાએ The Sherman Anti-Trust Act પસાર કર્યો ત્યારથી તે દેશમાં Cartel કે Combine નો મૃત્યુઘંટ વાગ્યો. આપણા દેશમાં પણ ઉદ્યોગ અત્યારે પાંચ પચીસ જાણીતી પેઢીઓના હાથમાં જામી પડયો છે તે ઇચ્છવા યોગ્ય નથી. અત્યારે દેશનું ભાવી પ્રજાએ ચુંટેલા પ્રતિનિધિઓના હાથમાં છે. તેથી હું તો આશા રાખું છું કે આપણા દેશમાં પણ Anti-Trust Act પસાર થાય અને જનતાનું હિત સચવાય. લડાઇ દરમિયાન I. G. નામની જર્મન, I. C. I. નામની બ્રીટીશ અને અને Dupont નામની અમેરિકન કંપનીઓ સામે દેશના હિતની વિરૂદ્ધ વેપાર કરવા માટે કામ ચાલેલ. તે ઉપરાંત અમેરિકામાં હમણાજ હીરાના વેપારને એકહથ્થુ કરવાનો આરોપ, નવ માણસો પર મુકાયો હતો. આપણા દેશમાં પણ શેરબજાર જેવા ધંધામાં આવા બનાવો વખતો વખત બને છે. આવું ન બને તે રાષ્ટ્રીય સરકારે જોવાનું છે.

દેશમાં વહેલામાં વહેલી તકે એન્જીનીઅરીંગ અને કેમીકલ્સ જેવા મોટા ઉદ્યોગો (Key Industries) સ્થાપવા જોઇએ અને મહત્વના ઉદ્યોગનું રાષ્ટ્રીકરણ થવું જોઇએ, પણ તે દરેક પ્રાંત અને દેશી રાજ્યમાં એકી સાથે થાય તોજ તેને સફળતા મળે અને પ્રજાને તેનો લાભ મળે, મોટા ઉદ્યોગોની સાથે સાથે હિંદના સાત લાખ ગામડામાં ગૃહઉદ્યોગોનો ફેલાવો અને વિકાસ થાય તે જરૂરી છે. જાપાન, ફ્રન્સ અને ચીને, આ રીતે બહુ સારી પ્રગતિ કરેલ એ જાણીતું છે.

આપણા દેશમાં સરકારી અમલદારો અને રાજકીય નેતાઓ દેશની આર્થિક મુંઝવણો સમજી શકતા નથી, તેથી વેપાર ઉદ્યોગો બરાબર ખીલતા નથી. દેશનો વેપારઉદ્યોગ સારી રીતે ખીલે અને તેને સરકારી તંત્ર પૂરી મદદ આપી રહે તે માટે સરકારના વડા મથકે એક આર્થિક કાઉન્સિલ સ્થપાય તે જરૂરી છે. આપણા દેશમાં મોટા ભાગના ઉદ્યોગોનો લગતા આંકડા (Statistics) મળતા નથી અને જે મળે છે તે ખાત્રીલાયક હોતા નથી. આ માટે એક આર્થિક કાઉન્સિલ તરતમાં સ્થપાય તે જરૂરી છે. આ કાઉન્સિલનું મુખ્ય કામ આંકડા મેળવવાનું અને સરકારી તંત્રને આર્થિક વિષયો પર સલાહ આપવાનું રહેશે. તે સિવાય તેના હાથમાં National Income, Expenditure, Industrial Census અને Decennial Census જેવા વિષયો અપાવા જોઇએ. દરેક ઉદ્યોગને લગતા ખાત્રીલાયક અને પૂરા આંકડા આપણને મળશે તો આપણે કઇ દિશામાં કામ કરવું તેની સુઝ પડશે.

આજનો સમય કટોકટીનો હોવાથી આશા છે કે આપણા ઉદ્યોગપતિઓ અને આપણી પ્રજાપ્રિય સરકાર બરાબર જાગ્રત થશે. પરદેશી હરિફાઇ આપણે સહન કરવાની જ છે તો અત્યારથી આપણાં પગ ઉપર ઉભા રહેતાં શીખવું જોઇએ. તે માટે આપણા આંતરિક બજારો આપણે ખીલવવા જોઇએ. અને આપણા માલનો નિકાસ કરીને પરદેશી નજીકના બજારો જેવા કે આફ્રીકા, મધ્યપુર્વ દેશો, સાઉથ ઇસ્ટ એશિયા અને ચીન, કબજે કરવા જોઇએ અને તેમની સાથે ભાઇચારો (Good-neighbour policy) કેળવવો જોઇએ. વળી આપણા દેશના ઉદ્યોગપતિઓ અત્યારે નફાખોરીની લાલચ છોડી દઇને તેમના કારખાનામાં " Standardised mass production at minimum cost"-ઓછામાં ઓછી પડતરે ચોકસ ઘાટઘુટનું સમુહ ઉત્પાદન-શરૂ કરે તે ખાસ જરૂરી છે. સ્વદેશી માલનો સારી રીતે પ્રચાર કરવા માટે આપણા ઉદ્યોગપતિઓ અને અને વેપારીઓ વચ્ચે રાષ્ટ્રીય ભાવનાથી અંદર અંદર સહકાર સ્થપાય તે જરૂરી છે. વેપારીઓએ બને ત્યાં સુધી સ્વદેશી માલ જ વેચવો અને ઉદ્યોગપતિઓએ એ માલ તેમને ઓછામાં ઓછી કિંમતે પુરો પાડવો જોઇએ.

પૂ મહાત્માજીએ સ્વરાજ અપાવ્યું તેને કેમ અપનાવવું તે આપણા હાથમાં છે. દેશને આબાદ બનાવવા તેમની હયાતિમાં રામરાજ્ય સ્થપાયેલું જોવું હોય તો બધાએ સહકાર આપવો જ જોઇએ. **હવે એ દરેકે સમજી લેવું જરૂરી છે કે મુડીવાદનો જમાનો ગયો છે અને સમાજવાદ માટે રાષ્ટ્રના લોકો પોકાર કરે છે. કારણ કે તેમાંજ જનતાનું કલ્યાણ, દેશની આબાદી અને રાષ્ટ્રની તાકાત છે.**

રતિલાલ મણિલાલ નાણાવટી.

કાઠીયાવાડ રાજકીય પરિષદ.

બરાબર નવ વર્ષ પછી કા. રા. પરિષદનું સાતમું અધિવેશન ફ્રાંગધ્રા મુકામે દરબારશ્રી ગોપાલદાસના પ્રમુખપદે મળ્યું. આ નવ વર્ષના ગાળામાં તો કાઠીયાવાડે રાજકોટની સુવિખ્યાત લડત જોઇ અને લીંબડીની ઐતિહાસિક હીજરત જોઇ. પરિષદનું અધિવેશન ફ્રાંગધ્રામાં ભરવા માટે ૧૯૩૨ માં પરિષદે નિષ્ફળ લડત કરી. આ વખતે રાજ્યના પૂરા સહકારથી અધિવેશન ભરાયું. હિન્દમાં પૂર્ણ સ્વતંત્રતાની ઉષા ઉગી છે તેમાં કાઠીયાવાડનું, તેની ૪૦ લાખની પ્રજાનું અને ૨૦૨ રાજ્યોનું શું સ્થાન તે નિર્ણય કરવાનો પ્રસંગ આવી પહોંચ્યો છે અને આ અધિવેશને તેનો નિર્ણય હીંમતથી કર્યો છે.

સાથે સાથે અસ્પૃશ્યતા નિવારણ સંમેલન શ્રીમતી સરલાદેવી સારાભાઇના પ્રમુખપદે અને કાઠીયાવાડમાં પ્રથમ મજુર સંમેલન શ્રી. ખંડુભાઇ દેસાઇના પ્રમુખપદે યોજાયાં હતાં. ગાંધીજીના કાઠીયાવાડમાં આભડછેટનો રોગ હજી કેટલો વ્યાપક છે તેનો ખ્યાલ હરિજન સેવક સંઘના મંત્રી શ્રી. છગનલાલ જોષીના અહેવાલ ઉપરથી મળ્યો. લાઠી સિવાય કોઇ રાજ્યે હરિજનો માટે મંદિર પ્રવેશ કે જાહેર સંસ્થાઓ-કુવા, સ્કુલ વિગેરે-ના ઉપયોગના હક્કો સ્વીકાર્યા નથી. હજી પણ રોગચાળામાં હરિજનોને ડામ દેવાના કિસ્સાઓ બને છે. સાથે સાથે દરબાર સાહેબના ઢસામાં હરિજન-સવર્ણોનો ભાઇચારો પણ જોવા મળે છે. કાઠીયાવાડમાં ઉદ્યોગો ખીલતા રહ્યા છે. ૧૦ મીલો, કાચના કારખાના, આલકલી વર્કસ, દીવાસળી, રેલ્વેના કારખાનાઓ વિગેરેમાં હજારો મજુરો પોતાની જાતને પીસી રહ્યા છે. સસ્તી મજુરી, કરવેરાનો અભાવ, રાજ્યનો સાથ અને ઘણે ઠેકાણે ભાગ અને મજુરોના રક્ષણ માટે કોઈ પણ કાયદાનો અભાવ, મુડીવાદીઓને વિશાળ ક્ષેત્ર આપે છે. બન્ને સંમેલનોમાં સારી પેઠે ઠરાવો થયા અને વિવેચનો થયાં. મજુરોમાં જાગ્રતિ આવી.

પરિષદનાં પ્રમુખ દરબારશ્રી ગોપાલદાસનું ભાષણ અભ્યાસપૂર્ણ અને કાઠીયાવાડના આધુનિક બધા પ્રશ્નોનું સમતોલ છણાવટ કરતું, કાઠીયાવાડના જીવનમાં રસ લેતી દરેક વ્યક્તિએ મનન કરવા જેવું છે. પરિષદમાં કાઠીયાવાડના જીવનને સ્પર્શતા જુદા જુદા પ્રશ્નો,-જેવા કે જોડાણ યોજના, વીરમગામની લાઇનદોરી, રચનાત્મક કાર્યક્રમ, અસ્પૃશ્યતા નિવારણ, મજુર કલ્યાણ, ખેડુતોનો ઉદ્ધાર, અનાજ પરિસ્થિતિ, રાજ્યોના અંગત ખર્ચ-ઉપર ઠરાવો અને વિવેચનો થયાં. શ્રી. મોરારજીભાઇ

શ્રી, મંગળદાસ પકવાસા, ગુજરાત પ્રાન્તિક સમિતિના પ્રમુખ શ્રી. કાનજીભાઇ, શ્રી. રવિશંકર મહારાજ વિગેરેનાં પ્રેરક પ્રવચનો થયાં. ખાદી અને ગ્રામોદ્યોગ પ્રદર્શનના ઉદ્ઘાટન કરતાં, શ્રી. કુમારપ્પાનું ભવ્ય ઉદ્બોધન હતુ. પ્રદર્શનમાં ઘણાં સૂચક નકશાઓ અને આંકડાઓનો એક વિભાગ ધ્યાન ખેંચે તેવો હતો.

અધિવેશનમાં બે ત્રણ વસ્તુઓ તરી આવતી હતી. પરિષદના મુખ્ય કાર્યકર્તાઓએ ખૂબ કાળજી રાખી હતી કે ઠરાવો કે ભાષણોમાં રાજાઓ, વિના કારણ ભડકી જાય એવાં બીનજરૂરી શબ્દ પ્રહાર અને ઉશ્કેરણી ભર્યા કથનોથી દૂર રહેવું. તેથી પોતાના વ્યક્તવ્યમાં કોઈ ખોટી નમ્રતા હતી તેમ નહિ પણ વિવેક બરાબર હતો. આની અસર યુવાન કાર્યકર્તાઓ ઉપર પણ દેખાઈ આવતી હતી. તેમનું દ્રષ્ટિબિન્દુ તેમણે મક્કમતા પૂર્વક રજુ કર્યું હતું પણ વિવેક ગુમાવ્યો નહોતો આ યુવાન ભાઇઓ માન અને આશા ઉપજાવે તેવાં છે. કાથિયાવાડમાં પણ કેટલાક કોમ્યુનીસ્ટ બીરાદરો છે. તેમનો ધંધો તો મહાસભા અને તેના નેતાઓને કોઇ પણ તક મળે ત્યાં ઉતારી પાડવાનોજ. પણ તેમનું કોઇ સ્થાન જણાયું નહિ. યુવાન વર્ગ કે જેને પરિષદના મુખ્ય કાર્યકર્તાઓ સાથે કેટલેક વિચારભેદ છે તેમણે પણ સ્પષ્ટ રીતે જાહેર કર્યું કે મહાસભા અને તેના નેતાઓમાં તેમને પૂર્ણ વિશ્વાસ છે અને સામ્યવાદીઓ સાથે તેમને કાંઇ નિસબત નથી. છતાં યુવાન વર્ગનો કાર્યપદ્ધતિ સંબંધેનો મતભેદ તરી આવતો હતો. ગાંધીજી પ્રત્યે પૂજ્યબુદ્ધિ છતાં ગાંધીજીની વિચારસરણી કે કાર્યપધ્ધતિમાં તેમનો તેટલો વિશ્વાસ નહોતો દેખાતો. કોઇ પણ ક્ષેત્રમાં–હરિજન–સર્વોદય, મજુર-મુડીવાદી, રાજા–પ્રજા કે હિન્દુ–મુસલીમ,–તેમને એટલો વિશ્વાસ નહોતો કે સ્થાપિત હિતો સ્વેચ્છાએ કે સહકારથી પોતાના હકો જતા કરી પ્રજા કલ્યાણ કરે. તેઓ દલિત વર્ગની તાકાત કેળવી આ હકો મેળવવામાં માને છે. હૃદયપલટામાં તેમને શ્રદ્ધા નથી. તે સાથે સામ્ય વાદીની હિંસક પધ્ધતિ પણ તેમને સર્વથા અસ્વીકાર્ય છે. આ બે વિચારસરણી વચ્ચે યુવક વર્ગ અથડાય છે.

પરિષદનો સૌથી મહત્વનો ઠરાવ કાઠીયાવાડનું એક એકમ બનાવવા વિષેનો છે. તેના સમર્થનના કારણો સંક્ષેપમાં તે ઠરાવમાં જ આપ્યા છે. હિન્દના ભાવિ બંધારણમાં કાઠીયાવાડની પ્રજાને કોઇ સ્થાન રાખવું હોય તો તેની ૨૦૨ હકુમતોનો અંત લાવી તેને એક પ્રાન્ત કર્યે જ છૂટકો છે. કુદરતી રીતે કાઠીયાવાડ એક પ્રાન્ત થવાને સરજાયેલો છે. ભાષા, સંસ્કાર, ભૌગોલિક પરિસ્થિતિ. સામાજીક જીવન, પ્રજાસંખ્યા. કોઇપણ દૃષ્ટિએ કાઠીયાવાડના ટુકડા હવે વધારે સમય રહેવા દેવા પોષાય તેમ નથી. માત્ર કાઠીયાવાડ જ નહિ પણ ગુજરાતી બોલતી બધી પ્રજા–કચ્છ, કાઠીયાવાડ અને ગુજરાત–નો એક પ્રાંત થાય તો જ ગુજરાતી ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને સામાજીક તથા આર્થિક જીવન ટકી શકશે. આમ થવામાં આડે આવતા સ્થાપિત હિતો–તે રાજા હોય કે મુડીવાદી હોય–તેને પ્રજાકલ્યાણ અર્થે દૂર કરવા જ પડશે.

આ ઠરાવમાં કહ્યું છે કે સમસ્ત કાઠીયાવાડ માટે પ્રજાને જવાબદાર એક મધ્યસ્થતંત્ર હોવું જોઇએ. જેમાં એક ધારાસભા, એક પ્રધાનમંડળ, એક વરિષ્ટ અદાલત, એક પોલીસદળ અને એક રાજકોષ હોય. તેમાં ૨૦૨ રાજાઓનું સ્થાન શું ? યુવાન વર્ગ તરફથી સુધારો રજુ થયો હતો કે આવું મધ્યસ્થતંત્ર પ્રજાસત્તાક હોવું જોઇએ અને તેમાં રાજાઓનું કોઇ સ્થાન રહેતું નથી. આ સુધારો તો ઉડી ગયો પણ ખરી રીતે ઉપર કહ્યું તેવું મધ્યસ્થ તંત્ર સ્થપાય તો આપણે અત્યારે અનુભવીએ છીએ તેવા કોઇ રાજા કે રાજાશાહીનું તેમાં સ્થાન રહેતું જ નથી.

આ ઠરાવ એક વિરાટ ભાવના છે. ૨૦૨ રાજાઓના અનેકવિધ ભાર તળે કચડાતી કાઠીયાવાડની પ્રજાનું મુક્તિદ્વાર છે. રાજાઓ સ્વેચ્છાએ યુગબળ સમજી આવું મધ્યસ્થ તંત્ર સ્થાપવામાં સહકાર આપશે એવી આશા તે ઠરાવવામાં વ્યક્ત કરી છે. પણ તેઓને એટલી સન્મતિ નહિ સુઝે તો કાળબળ અને પ્રજાબળ પોતાનું કામ કરશે. આ અધિવેશને કાઠીયાવાડનાં ઘણે અંશે સ્થગિત થયેલ જીવનને વહેતું કર્યું છે. બહાર વસતા કાઠીયાવાડના વતનીઓની પવિત્ર ફરજ છે કે કાઠીયાવાડના જીવનમાં વધારે રસ લે અને તેને વિકસાવવા અને તે ઠરાવમાં કહ્યું છે તેમ અખંડ હિન્દુસ્તાનનાં એક સબળ અંગ તરીકે કાઠીયાવાડ પોતાનો સમગ્ર ભાગ ભજવી શકે તે માટે, પોતાનો યથાશક્તિ ફાળો આપે.

ચીમનલાલ ચકુભાઇ શાહ.

કેટલાક સમાચાર અને નોંધ

મૂર્તિપૂજા વિરોધ અને જૈન સાધુઓની છબીઓ.

'જૈન સાધુઓના ફોટોગ્રાફ' એ મથાળાના તા. ૧૫-૭-૪૬ ના પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થયેલ લેખમાં મેં જણાવ્યું હતું કે "ઇષ્ટદેવની મૂર્તિ અને મૂર્તિપૂજા સામેના વિરોધની ભૂમિકા તદ્દન જુદી જ છે, જ્યારે પોતાના પ્રેમ અને આદર કે ભક્તિના પાત્રની મૂર્તિ ઘડાવવી કે છબીઓ રાખવી એ સર્વવ્યાપી પ્રવૃત્તિની ભૂમિકા તદ્દન જુદી જ છે." આ મારા વિધાનને હું વધારે સ્પષ્ટ કરૂં એમ એક શુભેચ્છક મિત્ર ઇચ્છે છે. સામાન્ય રીતે મારૂં વળણ મૂર્તિપૂજા તરફ રહેલું છે, એમ છતાં પણ મૂર્તિપૂજાના વિરોધીઓનાં શું મન્તવ્યો હોય છે તેનો મને ઠીક ઠીક ખ્યાલ છે. ઇશ્વરને નિરંજન નિરાકાર તરીકે વર્ણવવામાં આવે છે. આવા ઇશ્વરને એક માનવી શરીરનો આકાર આપવાનો અને એ રીતે તેને ભજવાનો શું અર્થ છે અને આવા આકારને ઇશ્વરનું પ્રતીક કેમ માની શકાય એ મૂર્તિપૂજાના વિરોધીઓનો મહાપ્રશ્ન છે. તીર્થંકરોની મૂર્તિપૂજાનો પ્રકાર જરા જુદો છે. તેમણે માનવી દેહે પૂર્ણત્વ પ્રાપ્ત કર્યું છે, તેથી તેમની માનવી આકારની મૂર્તિ એટલી કઢંગી લાગતી નથી, એમ છતાં પણ કંઇ કાળ પહેલાં માનવી દેહે વિચરતા તીર્થંકરોને કોઇએ જોયા નથી તેથી તેનું મૂળ સ્વરૂપ આજની કોઇ પણ બનાવાયલી મૂર્તિમાં ઉતરી ન જ શકે એમ મૂર્તિપૂજા–વિરોધીઓનું કહેવું છે. અને આખરે તો તીર્થંકરના દેહની નહિ પણ તેમના સચ્ચિદાનંદમય આત્મસ્વરૂપની જ આપણે આરાધના અને ઉપાસના કરવાની છે. તે ઉપાસના માત્ર ધ્યાન અને ચિન્તનથી જ થઇ શકે છે. તે માટે મૂર્તિ જેવા સ્થૂળ અવલંબનની ખાસ જરૂર છે એ તો માત્ર તેમના મત પ્રમાણે મૂર્તિપૂજાના લાંબા કાળના અધ્યાસમાંથી ઉભી થયેલી સામાન્ય જનતાની ભ્રમણા છે. આ ઉપરાંત મૂર્તિઓનો શણગાર, તેની સામે ધરાતા ભોગો, તેને લગતા વિવિધ પ્રકારના ક્રિયાકાંડો, મૂર્તિ અને મંદિરો, ઉત્સવો અને સમારંભો પછળ થતો અનેક તરેહનો હિંસાથી ભરેલો આરંભ સમારંભ અને એવી વિવિધ ચેષ્ટાઓ પાછળ થતો અનર્ગળ દ્રવ્યવ્યય, એ સંસ્થા સાથે પોષાતા પારાવાર વહેમો અને અજ્ઞાનભરી માન્યતાઓ, મૂર્તિ અને મંદિરના નામે થતાં પ્રકાર પ્રકારનાં સાંપ્રદાયિક ધર્ષણો–આ બધી મૂર્તિપૂજાના વિરોધની વિચારભૂમિકા છે અને આ વિચારભૂમિકા જેને આપણે નજરે જોયા અને જાણ્યા છે, જેમના પ્રત્યક્ષ દર્શનથી આપણે આનંદ, ભક્તિ અને પ્રેરણા અનુભવેલ છે, તેમનું તદાકારે સ્મરણ કરાવતી અને પ્રેરણા આપતી છબીઓ રાખવાને લગતી વિચાર ભૂમિકાથી તદ્દન જુદી જ છે. એકમાં અગમ્યને સ્થૂળાકારે ગમ્ય બનાવવાનો મૂર્તિપૂજાના વિરોધીઓની દૃષ્ટિએ આંધળો પ્રયત્ન છે. બીજામાં પરોક્ષ વ્યક્તિનું પ્રત્યક્ષ સાન્નિધ્ય અનુભવવાનો આપણો સાહજિક પ્રયત્ન છે. જેને લોકોએ નજરે જોયા જાણ્યા છે તેની છબીનું દર્શન તે વ્યક્તિનું બરોબર સ્મરણ કરાવી શકે છે. ઇશ્વરની કે તીર્થંકરોની કલ્પનાનિર્મિત મૂર્તિ કોઇ ભાવુક આત્માને ઇશ્વરના કે તીર્થંકરના સ્મરણનું બળવાન નિમિત્ત બને છે તો કોઇને એ કેવળ અજ્ઞાનજન્ય બાળચેષ્ટા લાગે છે અને તેવી મૂર્તિઓમાં તેને કોઇ ભવ્ય દર્શન સાંપડતું નથી. ઇષ્ટ છતાં અગોચર એવા દેવની મૂર્તિ અને જેના દેહાકારની છાપ વર્તમાનમાં કે ભૂતકાળમાં આપે-

હુમ નોંધાયલી છે એવા મહાપુરૂષની છબી એ બેમાં ઘણો તફાવત છે. જીવતા જાણીતા પુણ્યપુરૂષોની છબીઓ તેમના જીવનના સંસ્કારોને અને સ્મરણોને જીવન્ત રાખવામાં અનેક રીતે મદદરૂપ નીવડે છે. આ રીતે ઉપર જણાવેલ બે વિચાર ભૂમિકાઓ વચ્ચે રહેલો ભેદ વાંચકોને બરોબર સ્પષ્ટ થશે એવી આશા રાખવામાં આવે છે.

પંડિત મદનમોહન માલવીયાનું સ્વર્ગારોહણ

નવેંબર માસની બારમી તારીખના રોજ નિપજેલ પંડિત મદનમોહન માલવીયાના અવસાનથી આખા દેશ ઉપર ઉંડા શોકની છાયા પ્રસરી રહી છે. ૮૫ વર્ષની ઉમ્મરે તેમણે ઉત્તરોત્તર જીર્ણ બનતા જતા દેહનો ત્યાગ કર્યો એ આર્ય વિચારપરંપરા અનુસાર એક ભાગ્યશાળી મૃત્યુ ગણાય અને એક લાંબી અને અત્યન્ત ઉજ્જ્વળ જીવન-કારકીર્દી બાદ સાંપડતુ સ્વાભાવિક મૃત્યુ અભિનન્દનનો અને એક રીતે આનંદનો અથવા તો નિવૃત્તિનો વિષય ગણાય, કારણ કે શરીરધારીને માટે મૃત્યુ તો અવશ્ય નિર્માયલું જ છે અને ૮૫ વર્ષથી પણ વધારે લાંબુ આયુષ્ય તો પછી કેવળ દેહયાતના ભોગવવા માટે જ હોય. આમ છતાં પણ આજે જે દીવો ઓલવાયો છે તેની દ્યુતિ, પ્રતિભા, શીતળતા અને આલ્હાદકતા એવા ઉત્કૃષ્ટ પ્રકારની હતી કે વિધાતાએ જાણે કે આપણો મુગટમણિ ઝુંટવી લીધો હોય એવો ખ્યાલ આપણને અગાધ ગ્લાનિમાં ડુબાડી દે છે.

પંડિત માલવીયાજી હિંદી હતા તેમજ હિંદુ હતા. અનેકવાર તેઓ રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખસ્થાને બીરાજ્યા હતા. ત્રણ ત્રણ વાર તેમણે હિંદુ મહાસભાનું પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. તેમની દેશદાઝ અને કોંગ્રેસનિષ્ઠા અનુપમ હતી. આજથી લગભગ ૩૦ વર્ષ પહેલાં સુરત ખાતે મળેલી રાષ્ટ્રીય મહાસભામાં વિનીત અને ઉદ્દામ પક્ષના આગેવાનો વચ્ચે અથડામણ થયેલી ત્યારે તેઓ વિનીત પક્ષે કોંગ્રેસ સાથે ઉભા રહ્યા હતા. વળી જ્યારે ગાંધીજી કોંગ્રેસના સૂત્રધાર થયા અને વિનીતોએ જ્યારે કોંગ્રેસનો ત્યાગ કર્યો ત્યારે પણ તેઓ કોંગ્રેસ પડખે ઉભા રહ્યા હતા અને ગાંધીજીના સાથીદાર બન્યા હતા. તેમનામાં અજોડ રાષ્ટ્રનિષ્ઠા હતી અને અખંડપણે જળતી આઝાદીની તમન્ના હતી. આ સાથે હિંદુપણાની દાઝ પણ તેમના દિલમાં હાડોહાડ વ્યાપેલી હતી. બનારસ હિંદુ યુનીવર્સીટી જે આજે દુનીયાની અનેક વિદ્યાપીઠોમાં અગ્રસ્થાન ભોગવી રહી છે તે તેમની અખંડ તપશ્ચર્યાનું ચિરસ્મરણીય ફળ અને મૂર્ત સ્વરૂપ છે. આ હિંદુ યુનીવર્સીટીના તેઓ ૨૧ વર્ષ સુધી વાઈસ-ચેન્સેલર હતા.

ભારતીય સંસ્કૃતિના પંડિત માલવીયાજી એક અત્યુત્તમ પ્રતિનિધિ હતા. ભારતીય સંસ્કૃતિનું હાર્દ તેમનામાં ઉત્કૃષ્ટ રૂપે મૂર્તિમન્ત થયું હતું. તેમને હિંદુ જનતા 'ભારત ભૂષણ'ના નામથી સંબોધતી હતી જે સંપૂર્ણ શે યથોચિત હતું. તેમના મોઢે સરસ્વતી વિરાજતી હતી. તેમનું અજોડ વકતૃત્વ, તેમની વાણીનો ગંગા-યમુના સમો અસ્ખલિત પ્રવાહ અને તેમનું અપૂર્વ ભાષામાધુર્ય—આ તેમના અગાધ વાણીવૈભવનો ભારતવર્ષમાં આજે જોટો મળવો દુર્લભ છે. જેવી તેમની વાણી એવી જ મીઠી, મધુર, પ્રસન્ન અને અત્યંત સુરૂપ તેમની મુખમુદ્રા હતી. એમને જોવા અને સાંભળવા એ જીવનનો એક મોટો લહાવો હતો. તેમને સાંભળવાના મને ચાર પાંચ અવસર મળ્યા હશે. છેલ્લાં છેલ્લાં તેમને ઈ. સ. ૧૯૩૪ માં ડો. રાજેન્દ્રપ્રસાદના પ્રમુખપણા નીચે મુંબઈ ખાતે મળેલી કોંગ્રેસમાં સાંભળેલા. આજે પણ તેમની શબ્દમધુર વાણીનો રૂપેરી ઘંટડી જેવો મીઠો રણકાર કાનમાં ગુંજ્યા કરે છે. અને આ બધા પાછળ તેમનું પારદર્શક નિર્મળ પવિત્ર ચારિત્ર્ય, અને પ્રસન્નતાપ્રેરક વિનય માધુર્ય અને શ્રદ્ધાયુક્ત ધર્મપરાયણ જીવન—આ બધી તેમની આન્તરબાહ્ય સમૃદ્ધિનો વિચાર કરતાં એમ જ કહેવું પડશે કે માલવીયાજી એક જ હતા અને કંઈ કાળ સુધી અનન્ય રહેવાના. સર શીરોઝશાહ મહેતા, સર સુરેન્દ્રનાથ બેનરજી, દેશભકત ગોપાળકૃષ્ણ ગોખલે, લોકમાન્ય તીલક, લાલા લજપતરાય—આ આખી રાષ્ટ્રીય નેતાઓની લુપ્તપ્રાય બનેલી પેઢીના આ એક છેલ્લા અગ્રપુરૂષ હતા. તેમના જવાથી હિંદુ સમાજે પોતાનો શિરતાજ ગુમાવ્યો છે, રાષ્ટ્રીય મહાસભાએ એક પરમ સેવાનિષ્ઠ આગેવાન કાર્યકર્તા ગુમાવ્યો છે, આખા દેશે આઝાદીનો આશક એક દેશભકત ગુમાવ્યો છે અને માનવજાતિએ એક અણમોલું માનવરત્ન ગુમાવ્યું છે. તેમના પવિત્ર આત્માને આપણા અન્તરના અનેક વન્દન હો ! તેમને આપણે કદિ ન ભુલીએ અને તેમના માર્ગે ચાલીને આપણા જીવનને સદા ચરિતાર્થ બનાવતા રહીએ.

મોસ્લેમ લીગની પિશાચી નેતાગીરી અને ભારતનું ધડાતું ભયાનક ભાવી.

હિંદ એક હરિયાળી ભૂમિ હતી, તેને બાધાપીધાની કોઈ ખોટ નહોતી અને તેની ભૂમિ ઉપર ભિન્ન ભિન્ન જાતિના અને અલગ અલગ સંપ્રદાયને અનુસનારા લોકો—હિંદુઓ, મુસલમાનો અને અન્યધર્મીઓ-ભાઇભાંડુ માફક સાથે રહેતા, વસતા અને કલ્લોલ કરતા. હિંદુઓ હિંદુધર્મ પાળતા; મુસલમાનો ઇસ્લામને અનુસરતા; અને અન્ય લોકો પોતપોતાના ધર્મમાર્ગે વિચરતા. આમ છતાં પણ ધર્મભેદ પરસ્પરના ભાઇચારામાં કદિ પણ આડે ન આવતો. બધા સાથે મળીને વ્યાપાર ઉદ્યોગ ખેડતા અને એકમેકના સામાજિક પ્રસંગોએ આજુબાજુ આવીને પરસ્પરને હુંફ આપતા. ગામડા ગામમાં તો હિંદુ મુસલમાનો એકમેકને કાકા, દાદા અને ભાઇજીના સગપણથી સંબોધતા. હિંદુ કુળવધૂ બાજુએ વસતા મુસલમાન પાડોશીને વડિલ સમજીને તેની લાજ કાઢતી અને મુસલમાન પાડોશી હિંદુ કુટુંબના સારે નરસે પ્રસંગે સલાહ લેવા દેવાનું ઠેકાણું બનતો. ઇદના દહાડે હિંદુ પાડોશીને મુસલમાનો પોતાને ત્યાં નોતરતા અને તેમનું ભાવભર્યું આતિથ્ય કરતા અને એવી જ રીતે દીવાળીના ટાણે કે એવા કંઈ સુઅવસરે હિંદુઓ મુસલમાન પાડોશીને પોતાની પેઢી ઉપર કે ઘેર બોલાવતા અને તેમની બને તેટલી મહેમાનગતી કરતા. અંગ્રેજ સરકારની કોમી ભેદનીતિ વર્ષોથી ગતિમાન હોવાં છતાં હજુ જાણે કે ગઇ કાલ સુધી હિંદુ મુસલમાન વચ્ચેના આ ઘરોબાને અને ભાઇચારાને જરાપણ આંચ પહોંચી નહોતી. મુસલમાનના તાજીયામાં હિંદુઓ ભાગ લેતા અને હિંદુઓના વાર તહેવારમાં મુસલમાનો જોડાતા. હિંદુ અને મુસલમાન ભાગીદારોની અનેક પેઢીઓ ચાલતી અને એકના અભાવે અન્ય પોતાના ભાગીદારના કુટુંબની પુરી સારસંભાળ લેતો. આવી મીઠી મહોબ્બત હિંદુ અને મુસલમાન વચ્ચે વર્ષોથી આ દેશમાં ચાલી આવતી.

પણ આજે એના એજ હિંદુસ્થાનની સીકલ એકાએક બદલાવા લાગી છે. આજે ગામેગામ અને શહેરે શહેરમાં કોમી હુલ્લડો ફાટી નીકળ્યાં છે; સેંકડો માણસોની વિના કારણે પ્રાણહાનિ થઇ રહી છે; ભાઇ ભાઇની ગેાદમાં છુરી હુલાવી રહ્યો છે અને એકમેકનાં માથાં ભાંગી રહ્યો છે; લાખો રૂપીયાની માલમીલ્કતનો નાશ નિપજી રહ્યો છે, ગામડાંના ગામડા કોમી હુતાશમાં ભસ્મીભૂત થઇ રહ્યાં છે, આ હત્યાકાંડની ગયા ઓગસ્ટની ૧૬ મી તારીખે કલકત્તા ખાતે શરૂઆત થઇ. ત્યાર પછી એ કોમી દાવાનળની જ્વાળાઓ ચોતરફ પ્રસરતી ચાલી છે. આજે હિંદુ-મુસલમાન વચ્ચેની મહોબ્બતનો લોપ થયો છે. પરસ્પરની આંખોમાંના અમી ઓસરતાં ચાલ્યાં છે. આજે હિંદુઓ એક નિર્દોષ મુસલમાનને મારે છે. કારણ? તો કહેવામાં આવે છે કે તે મુસલમાન છે. અને તેવી જ રીતે મુસલમાનો એક નિર્દોષ હિંદુને મારે છે. કારણ ? તો કહેવામાં આવે છે કે તે હિંદુ છે. કોઇ મરનાર મુસલમાને કે મરનાર હિંદુએ મારનારા હિંદુઓનું કે મુસલમાનોનું કશું પણ બગાડયું કે નુકસાન કર્યું હોતું નથી. પૂર્વ બંગાળાએ તો માનવતાની બધી માઝા મૂકી દીધી અને બીહારે તેનો એટલો જ પાશવતાભર્યો પ્રત્યુત્તર વાળ્યો. સામાન્ય લોકોની ખુવારી અને પાયમાલીનો આજે કોઇ છેડો નથી.

આ બધાંનું કારણ શું ? આ સર્વ વિકરાળ ઘટનાની જવાબદારી કેવળ ગેરરસ્તે દોરવાયલા અને ગઇ કાલ સુધી સાદા અને સીધા દેખાતા પણ આજે જ કોઇ અવનવા ઝનુનથી આંધળા બની બેઠેલા મુસલમાનોની કે હિંદુઓની નથી. આવી માનવહત્યા કરનારા કેવળ ગુંડાઓ જ છે એમ નથી પણ તે તો મારી તમારી જેવા પણ

ભ્રમિત મતિવાળા આપણા જ ભાઇઓ અને ભાંડુઓ છે. આખા દેશની સીકલ આ પ્રમાણે બદલી નાંખવાની અને આ દેશની હરિયાળી ભૂમિને વેરાન અરણ્ય સમી બનાવી દેવાની સર્વ જવાબદારી આજની મોસ્લેમ લીગના પીશાચી માનસ ધરાવનારા આગેવાનોની અને તેના સરનશીન શ્રી મહમદઅલી ઝીણાની છે. તેમણે ખાસ કરીને છેલ્લાં દશ વર્ષથી જે ઝેરી પ્રચાર ચાલુ કર્યો છે અને કલ્પનામાં ન આવે એવાં ગાંધીજી અને કોંગ્રેસ અને માર્ગમાં જે આવ્યું તેની સામે જે જુઠ્ઠાણાં ફેલાવ્યાં છે અને છડેચોક જે નરી હિંસાને અને પશુતાને મુસલમાન જનતામાં વહેતી મુકી છે તેને અને માત્ર તેને જ આજની કારમી પરિસ્થિતિ સર્વાંશે આભારી છે. એક આગેવાન કહે છે કે અમે બળજોરીથી પાકીસ્તાન લઇશું, બીજો આગેવાન કહે છે કે અમે મારી ઝુડીને હિંદુસ્થાનના ભાગલા કરીશું. ત્રીજો આગેવાન કહે છે કે અમે ચંગીસખાન, તૈમુર લંગડો અને નાદીરશાહને ભુલવાડી દઇશું. ચોથો આગેવાન કહે છે કે અમે રશીઆને પાકીસ્તાનની કુમકે બોલાવીશું. હજુ થોડા સમય પહેલાં કાયદે-આઝમ ઝીણા એક બાજુ હિંદના વાઇસરોય અને પંડિત જવાહરલાલ નહેરૂ સાથે વચગાળાની મધ્યસ્થ સરકારમાં દાખલ થવાની વાટાઘાટ ચલાવી રહ્યા હતા અને એ જ દિવસો દરમિયાન બીજી બાજુએ મોસ્લેમ લીગની સીધા પગલા સમિતિ સાથે કલાકના કલાક બેસીને સીધા પગલાનો ખુનખાર કાર્યક્રમ ઘડી રહ્યા હતા. એક બાજુ યેનકેન પ્રકારે મોસ્લેમ લીગ વચગાળાની સરકારમાં પ્રવેશ કરે છે અને બીજી બાજુએ પૂર્વબંગાળામાં મોસ્લેમલીગનાજ ત્યાં વસતા સ્થાનિક આગેવાનો અને અન્ય મુસલમાનો નિયત યોજના મુજબ અમાનુષી અત્યાચારો ગુજારે છે અને ફરજિયાત ધર્મપરિવર્તનનો અને સ્ત્રીઓના અપહરણનો સીતમ વર્તાવે છે. વચગાળાની સરકારનો એક સભ્ય ગઝનફરઅલીખાન ફાટયું ફાટયું બોલે છે અને આખા હિંદુસ્થાનના ચાલીશે કરોડ આદમીઓને મુસલમાન બનાવવાની મુરાદ જાહેર કરે છે. મોસ્લેમ લીગના સરનશીન ઝીણાસાહેબ બીહારના અત્યાચારોને અનુલક્ષીને મુસલમાનોને વૈરની સામે વૈર વાળવાની બુદ્ધિ નહિ સેવવાનો અનુરોધ કરે છે અને ઇસ્લામ ધર્મની ઉદારતા, સહિષ્ણુતા વીરતા વગેરે ગુણોની ઉદાત્ત વાતો આગળ ધરે છે. એમ છતાં પણ તેમના અન્ય નિવેદનો માફક આ નિવેદનમાં પણ ઉપર નીચે તેમજ આરપાર કેવળ ઝેર જ ભરેલું જોવામાં આવે છે. વળી આજસુધીની તેમની એકાન્ત હિંસાપ્રેરક, વીખવાદવર્ધક અને અસત્યોથી ખીચોખીચ ભરેલી વાણી ધ્યાનમાં લેતાં તેમની શાન્તિ ધરવાની સલાહમાં હિંદુઓને કોઇ રીતે શ્રદ્ધા બેસે તેમ નથી અને મુસલમાનો ઉપર તેની બહુ અસર પડે તેમ નથી. તેમનાં દિલ મેલાં છે; તેમની વાણી અવળી છે; તેમનું ધ્યેય પણ સમસ્ત રાષ્ટ્રને તેમજ હિંદુ કોમને કેવળ છિન્ન ભિન્ન કરવાનું છે. આ અનર્થ પરંપરા તેઓ કોના કલ્યાણ અને હિત માટે ચલાવી રહ્યા છે એ સમજાતું નથી. મુસલમાન કોમના ભલા માટે તેઓ આ બધું કરી રહ્યા છે એવો તેમનો દાવો છે. તેઓ માંગે છે તેવું પાકીસ્તાન તો આવવાનું હશે ત્યારે આવશે, પણ આજે તો તેઓ માત્ર હિંદુઓની જ નહિ પણ એથી પણ વધારે પોતાના જ જાતભાઇઓની પારવિનાની ખાનાખરાબી નોતરી રહ્યા છે. મુસલમાની બહુમતી પ્રાંતોમાં બંગાળામાં હિંદુઓનું વસ્તી પ્રમાણ મુસલમાનો કરતાં બહુ ઓછું નથી અને એ હિંદુ જથ્થો મુસલમાનોનો પુરેપુરો સામનો કરી શકે તેમ છે. આવી જ રીતે પંજાબમાં શિખ, હિંદુઓ મળીને મુસલમાનોને બરોબર પહોંચી વળે તેમ છે. વાયવ્ય પ્રાંતમાં આજે તો કોંગ્રેસ બહુમતી છે. સીંધમાં હિંદુઓની સ્થિતિ જરૂર કફોડી ગણાય. પણ બીજી બાજુએ બાકીના સાત પ્રાંતોમાં વસતા મુસલમાનોનું શું? આ પ્રાંતોમાં વસતા મુસલમાનો સાધારણ રીતે ગરીબ છે અને મોટા ભાગે તેમની જીવાદોનો આધાર હિંદુઓ ઉપર રહેલો છે. આજના કોમી વીખવાદે-અને તે બાટલા લાંબા સમયથી ચાલી રહ્યો છે તે કારણે-હિંદુઓનાં દિલ એટલાં બધાં ખાટાં કરી નાંખ્યા છે કે આવતી કાલે દેશમાં પાછી શાન્તિ પથરાય અને આજની છુરાબાજીના ઘટનાઓ નીપજતી બંધ થાય તોપણ હિંદુઓ અને મુસલમાનો વચ્ચે વર્ષોથી ચાલી આવેલા ઘરોબાનો અને ભાઇચારાનો હાલ-તુરતને માટે અન્ત આવ્યો છે અને જ્યાં અમે ત્યાં અન્ય નહિ એવી વૃત્તિ બન્ને કોમના માણસોના દિલમાં પાકે પાયે ઘર કરી રહી છે. આનું પરિણામ ગરીબ અને પ્રમાણમાં વધારે નિરક્ષર મુસલમાન કોમને સ્થળે સ્થળે કેટલું ભયંકર સેવવું પડશે એનું મોસ્લેમ લીગના આગેવાનોને ભાન હશે કે નહિ એ શંકા પડતું છે. આજે આપણું આખું શહેરી તેમજ ગ્રામીણ જીવન કોમી દૃષ્ટિએ એવો પલટો ખાઇ રહ્યું છે કે શ્રી ઝીણા જે પ્રકારનું પાકીસ્તાન માંગે છે તે તો આવે ત્યારે ખરૂં. પણ ગામેગામ અને શહેરે શહેર પાકીસ્તાનો નિર્માણ થવા લાગ્યાં છે. જ્યાં એક દીવાલની એક બાજુ હિંદુ રહેતો હતો અને બીજી બાજુ મુસલમાન રહેતો હતો અને બન્નેના બાળકો સર્વસાધારણ ફળીયામાં રમતાં હતાં ત્યાં આજે મુસલમાની લતો અને હિંદુ લતો એમ જુદા જુદા લત્તાઓ ઉભા થઇ રહ્યા છે. અને સ્થળે સ્થળે અને સ્થાને સ્થાને વ્યાપારમાં, ઉદ્યોગમાં અને સામાજિક પ્રવૃત્તિઓમાં મુસલમાનોને અલગ કરવાની વૃત્તિ હિંદુ જનતામા સુદૃઢપણે જામતી ચાલી છે. આમ સાદી ગણતરીએ પણ મોસ્લેમ લીગ જે માર્ગે મુસલમાન જનતાને દોરી રહી છે અને હિંદુઓ વિરૂદ્ધ દ્વેષ, મત્સર અને તિરસ્કારનાં બી ચોતરફ વાળી રહી છે તેનું પરિણામ હિંદુઓ કરતાં પણ મુસલમાનો માટે ઘણું વધારે ભયંકર અને આપ રૂપ નીવડવાનું છે તેમાં કોઇ શક નથી.

અને જો શ્રી. ઝીણાએ અને તેમના સાથીદારોએ હિંદુઓને કેવળ બાયલા, ડરપોક, નિર્માલ્ય અને કેવળ માર ખાવાને જ સરજાયલા ગણીને આ બધો પિશાચી વ્યવસાય શરૂ કર્યો હોય તો કાંઇ નહિ તો પણ બીહારના હત્યાંકાંડથી તેમની આંખ જરૂર ઉઘડવી જોઇએ. આ તો એક પ્રકારનું વિષમય વર્તુલ શરૂ થયું છે અને એકમેકના સંહારની હરીફાઇ ચાલી રહી છે. આમાં કોઇ એક કોમ કે તેના આગેવાનો એવું ધમાંડ સેવતા હોય કે અન્ય કોમને અમે આખરે ત્રાહિ ત્રાહિ પોકરાવશું તો એવી માન્યતા ધરાવનાર ખાંડ ખાય છે. આ જેટલું મુસલમાન કોમનાં આગેવાનોને લાગુ પડે છે તેટલું જ હિંદુ કોમના આગેવાનોને લાગુ પડે છે.

પણ આ બધું અટકે કેમ? જ્યાં સુધી ઝીણા અને તેના સાથીદારોના માનસનો પલટો ન થાય અને તેઓ પોતાની અવળી વાણીનો ત્યાગ ન કરે, ત્યાં સુધી આજના દુર્દૈવનો કોઇ છેડો આવે તેમ નથી. પણ આ તો કોઇ કાળે શકય જ નથી. આનો સાર એ કે જ્યાં સુધી મુસલમાન કોમ આજની મોસ્લેમ લીગની ખોટી દોરવણીના ફાંસામાંથી છુટે નહિ અને પરસ્પરના વિનાશને નોતરતા પાકીસ્તાનના જીવલેણ વમળમાંથી મુકત ન થાય ત્યાં સુધી આ હત્યાકાંડોનો કોઇ છેડો આવવાનો નથી. પણ આ શકય છે ખરૂં? આજનું વર્તમાન આકાશ એટલાં બધાં કાળાં વાદળોથી ઘેરાયલું છે કે આવી આશા આજે તો સ્વપ્નવત્ લાગે છે. આમ છતાં પણ મુસલમાનોમાં પણ સંખ્યાબંધ સમજદાર આદમીઓ વસે છે. તેમાંથી તેમના અને આ પણ સર્વના પરમ કલ્યાણની આ વાત કોઇના દિલમાં નહિ ઉગે અને આજની અનર્થવાહી દોરવણી સામે કોઇ પણ માથું નહિ ઉંચકે એમ માની લેવું એ માનવજાતમાંથી સર્વ શ્રદ્ધા ગુમાવી બેસવા બરોબર ગણાય. જેથી દેશની આંઝાદી આધીને આધી ઠેલાઇ રહીછે, અને જેમાં પરસ્પર વિનાશ સિવાય બીજું કોઇપણ પરિણામ આજે કે કાળાન્તરે સંભવતું નથી તે પાકીસ્તાનના ઓઠા નીચે ચાલી રહેલી મોસ્લેમ લીગની રાષ્ટ્રદ્રોહી જેહાદ સામે, શ્રી ઝીણાની કેવળ દ્વેષ, મત્સરથી ભરેલી દોરવણી સામે એક કાળે સંખ્યાબંધ મુસલમાન ભાઇઓએ માથું ઉચકવું જ રહ્યું. રાત પછી દિવસ આવે એમ આવું પરિવર્તન અનિવાર્ય છે એવી આપણે શ્રદ્ધા ધરાવીએ. અને એમ થશે ત્યારે જરૂર એના એ હિંદુસ્થાનની ભૂમિ પાછી હરિયાળી બનશે, અને ત્યાં ખાધાપીધાની કોઇ ખોટ રહેશે નહિ અને તેની ભૂમિ ઉપર ભિન્ન ભિન્ન જાતિના અને અલગ અલગ સંપ્રદાયને અનુસરનારા લોકો-હિંદુ, મુસલમાન અને અન્યધર્મીઓ-પાછા ભાઇ ભાંડુ માફક સાથે રહેશે, વસશે અને પરસ્પર કલ્લોલ કરશે.

પરમાનંદ

'સાહિત્યસર્જન એટલે આત્મસંતૃપ્તિ'

(ગતાંકથી ચાલુ)

સૌ સાચાને ભોક્તા જડશે

આ પ્રસન્નતાનું તત્ત્વ જ સાહિત્યમાં કર્તા તેમજ ભોક્તા ઉભય પક્ષોને સંયોજી શકશે. અધિકારભેદે ભોક્તાસમૂહ જુદી જુદી શ્રેણીઓમાં વહેંચાઈ ગયો હોય તે તો સહજ છે. વાર્તાઓનો ભોગી વર્ગ મોટો હશે, તો પણ વાર્તાઓ પ્રત્યે નજરે ય ન નાખનારા ભોક્તાઓની અછત નથી. વાર્તાઓમાં જો મુનશીની કલમના વસ્તુવેધ અને પાત્રપ્રભાવ પાછળ ઘેલા થયેલા ઘણા હશે, રમણલાલની સુંવાળી કરસી પ્રેમવાર્તાઓના મુગ્ધો બીજા ઘણા હશે, તો ત્રીજો વર્ગ એ બેઉને ત્યજી 'સરસ્વતીચંદ્ર' સમી કુલીનતાપ્રધાન કાદમ્બરીઓની નિતમ્બિની શૈલીમાં જ રાચતો હશે. નિબંધક્ષેત્રે પણ નહાનાલાલના, ઠાકોરના તેમજ ગાંધીજીના, પરસ્પરથી ઘણા વેગળા પડેલા ગદ્ય પ્રકારોને એના પોતપોતાના જુદા ભોક્તાઓ છે. સાચા પીરસનારને ભોક્તાઓનો તોટો નથી. જેના પર સ્વત્વની-નિજત્વની-છાપ છે, તેવી કોઈ પણ શૈલી પોતાનો માર્ગ કરશે. પણ અગાઉ કહેવાયું છે તેમ શૈલી એ તો શીલ શબ્દ પરથી ઉતરી આવેલો શબ્દ છે. સર્જકનું શીલ જેમાં વિલસી રહે એવી નિજશૈલી લહને આવશે. ? ભોક્તાઓની પ્રસન્નતાને તો તમે સર કરી શકશો.

ભોક્તાનું રૂચિતંત્ર

ભોક્તા શબ્દ ભ્રામક છે એ ખરી વાત. આજે જેઓ વધુમાં વધુ વાંચે છે તેઓને ભોક્તા કહી શકીશું? નાનાં મોટાં પુસ્તકાલયોમાં જઈ એનાં પત્રકોમાં ડોકીઉં કરો. ચોમાસુ લીલાં ઘાસ પર તૂટી પડતી ગાયો એ ઘાસની સાથે અંદર જે કોઈ જીવડું આવ્યું તેને ય કરડી જઈ રોગ નોતરે છે. પુસ્તકાલયોમાં પ્રજાજનોની વાચનભૂખ પ્રથમવાર ઉઘડી હોવાથી વાચકોની અભિરૂચિના એવા હવાલ છે. આ વાચું, ના તે વાચું, અરે પેલી મજા પડે તેવી છે, એવા ફૂદકા મારતું નવું વાચક-મન એકેયમાં ઠરતું નથી. લૂછ લૂછ વાચી કાઢે, વાંચ્યું તેનો સોમો ભાગ પણ ધારણશક્તિ પર ટકે નહિ, વિચારની તો વેગળી વાત, પ્રસન્નતાયે પણ એ બેનસીબ રહે. જે મત્તવશાળી કૃતિ ત્રણ વાર ન વંચાય તેનો વાચક સાચો ભોક્તા નથી. અથવા મૂળ દોષ તે કૃતિમાં તો હશે જ, પણ ભોક્તાનું રૂચિતંત્ર નથી ઘડાયું એ દોષ સૌથી મોટો છે.

સંમેલનોની ફરજ

એનું કારણ કદાચ એ પણ હોય, કે વાચકોની રૂચિમાં વાચનરસો પેદા થાય તેની પૂર્વે જ વાચનના મિઠાઇ-ઢગલા થવા માંડયા છે. થોડાં પુસ્તકોનું એક કરતાં વધુ વાર સેવન થાય એ સ્થિતિને, ઘણી ચોપડીઓ વગર વિવેકે લૂંછ લૂંછ વંચાય અને દૂર ફેંકાય તે સ્થિતિના કરતાં સારી સમજો છો?

તો સજ્જનો! તમારાં આવાં સંમેલનો એ સ્થિતિ આણવામાં ઉપકારક બની શકે. અહીં જે ટોળાં ઊમટે છે, તેની રૂચિમાં રોગતત્ત્વ નથી તેની તકેદારી રાખજો. અહીં જે વ્યાખ્યાનો વંચાય. ને જે નિબંધો રજૂ થાય, તેની રસ-નિરસતાનો ત્વરિત ફેંસલો ટોળાંને હાથે ન થવા દેશો. રસ અને સુરૂચિ એ પણ ઉત્પન્ન કરવાની વસ્તુ છે. જ્ઞાનકોષો પુરાયા વિના રસ જન્મે કયાંથી? પચીસ પચાસ સમાનધર્મીજનો જેની કૃતિને કલાક અધ-કલાક કાને ધરવા પણ ન સાંપડે, પાંચ પચીસ પંડિતો પણ એ વંચાયેલી કૃતિના ગુણદોષનું વિવેચન કરવા જે બાપડાને અહીં ન લાવે, થોડો કંટાળો કાબુમાં રાખીને પણ પલાંઠી ભીડી રાખનાર ડઝન બે ડઝન ગરવા ગુણજ્ઞો જેને અહીં ન ભેટે, તે રચનારો પછી બીજે કયાં જઈ ઉભો રહેશે? એની દુનિયા તુગરી બનશે એમાં નવાઇ શી? એનો તેજોવધ થશે.

મેળા સુખેથી ભરો. સંમિલનનો સંજીવની-સ્પર્શ સદાકાળ જરૂરી છે. સામાન્યોમાં સંઘદર્શનથી વિદ્યુત્સંચાર થાય છે. પણ પર્વો ઉત્સવો આખરે તો દેવને કાજે છે. ઉત્સવના ધાંધલમાં રખે દેવતા

રખે દેવતા જ ખોવાય

પોતે જ ખોવાઈ જાય. વાઙ્મયીની પર્વણીમાં પહેલી છેલ્લી અને સર્વરમણા તો દેવી વાણી જ હોવી ઘટે. આ અને આવાં પર્વો જે કોઇ ઊજવો, તે સર્વને અરજ માત્ર એટલી, કે સંઘને રીઝવશો, દાતાઓને વિભૂષિત કરશો, અગ્રેસરોને અગ્રપદે પૂજશો, અભિનંદનો, આભાર-વચનો અને રંજન-કાર્યક્રમોનો ધમધમાટ મચાવશો, તેની વચ્ચે, એક જ ખૂણે, એકાદ નાનકડો ખંડ એવો રાખજો, કે જ્યાં ટોળું ન પ્રવેશે, ને પ્રવેશે તો અદબ રાખી ઉભું રહે, જ્યાં સો-પચાસ ગરવા ગુણવિદો જ બેસે, અને તેઓ પોતાની સમક્ષ રજૂ થતા શબ્દબ્રહ્મની ઉપાસનાના નમૂનાઓને નિહાળે, મૂલવે, આશાસ્પદ રચનારાની પીઠ થાબડે, ઉતાવળિયાને આશ્વાસે, ભ્રાંતોને સભાન કરે, શરમાળોને એની ગુપ્ત રતિ બતાવી સતેજ કરે, અને ઢોંગીઓના મિથ્યાવેશ ઉતરાવે.

નજીકનું ઊજળું ભાવિ

પાંચ દસ વર્ષો પછી તો તમારા માંહેના પચાસ-સોનું સાંકડું કુંડાળું કાઢવાની જરૂર નહિ રહે. જેને આજે ટોળા રૂપે જોઇએ છીએ તે સારો યે સંઘ ગંભીર જ્ઞાનપિપાસુ શ્રોતાજનોથી રચાયેલો હશે. યુનિવર્સિટીમાં માતૃભાષાને હજુ જે અલ્પ સ્થાન મળ્યું તેણે ય જો આટલાં થોડાં વર્ષોમાં ગુજરાતી સાહિત્યમાં કસુંબલ લાલી લાવી દીધી છે તો એ હિસાબે જ્યારે તળેથી ટોચ સુધી સમગ્ર ભણતરનું માધ્યમ માતૃભાષા બની જશે, ત્યારે આપણી સિદ્ધિઓ કેટલી ગણનાપાત્ર, કેટલી ઊજળી હશે? તે સમયે, બેશક જો માતૃભાષાનું પ્રાણ ભરીને પયપાન કરવા આડે રાષ્ટ્રભાષાને નામે કોઇ બનાવટી હિન્દુસ્તાની ડંડો વીંઝતી ને ડોળા ફાડતી આપણા પર ખડી નહિ થઇ ગઇ હોય તો, અને આપણી પયદાત્રી પ્રાંતભાષાની નિગૂઢ શક્યતાઓને આ કે તે કૃત્રિમ રાજકારણી બંધનથી મુકત સ્થિતિમાં ઉઝરી ઉઝરી યૌવન ધરી મેદાને મહાલવા દેવામાં આવશે તો, મને ખાતરી છે, કે ગહન ગંભીર જ્ઞાનપ્રેમ અને લલિત મધુર રસાનંદ, એ બેઉનો સમન્વય સાધીને ગુજરાતી પ્રજા એક જ દાયકામાં એક પરિપુષ્ટ સાહિત્યના મણિમંડપ નીચે રમણ કરતી હશે. અને લેખકો પોતપોતાની વલ્લભા લેખિનીને કેયુરે કંકણે શણગારી રહ્યા હશે.

કૃતિમ રાષ્ટ્રભાષાનો ભય

કૃત્રિમ હિંદુસ્તાની વિષેનો ઉપર કરેલો ભયદર્શક ઉલ્લેખ દેશના સંખ્યાબંધ વિચારકોનાં હૃદયમાં ઘોળાઇ રહેલી ચિંતાનો પડઘો પાડે છે. અંગ્રેજી ભાષાના માધ્યમનું સ્થાન બનતી તાકીદે-પણ અણઘટતી ઉતાવળે નહિ-રાષ્ટ્રભાષાએ રોકી લેવું જોઇએ એ વિષેનો મતભેદ તો પાતળો પડી ગયો છે. પણ એ સ્થાને વિરાજનાર રાષ્ટ્રભાષા તે કઇ, આ મુદ્દા પરનો સંક્ષોભ શમ્યો નથી, વધારે ઉત્કટ બન્યો છે. શબ્દોના જથ્થા વડે જ કોઇ ભાષા નીપજી શકતી નથી. ભાષાનું માળખું પણ નર્યા શબ્દોથી નહિ બંધાય. ભાષા તો જનહૃદયનો ઉચ્છ્વાસ છે, એ તો આપણા જ્ઞાનનો, રસનો, મંથનોનો સમુચ્ચય છે. સેંકડો હજારો વર્ષોનાં માનવ-જીવનની કેટકેટલી ચડતી પડતી, ઉન્નતિ અધોગતિ, વિચાર ને ચિંતવન, લાગણી ને કલ્પનાઓ, શ્વાસ ઉચ્છ્વાસ, હર્ષ અશ્રુ, અરે કેટકેટલું અમૂર્ત અને અવ્યક્ત, તેને મૂર્ત અને વ્યક્ત કરતાં કરતાં વાણીનો વિકાસ થયો હોય છે. એક વાકય પડે તે સાથે તે બોલનારી જાતિનાં જીવનરહસ્યો છેક તળીએથી ટહુકી ઉઠે, એવી પ્રાણજન્ય ભાષાના બારીક વળાંકો, મરોડો, લાઘવ, વ્યંજનાશક્તિ, વાચ્યાર્થના કરતાં ભાવધ્વનિને મુખરિત કરી મુકવાની તાકાત, એ શું હિંદી-ઉર્દુ બંનેના નર્યા શબ્દોને વીણી લઇ તે તે ભાષાભાષી સમૂહોનાં મન મનવવાની 'પૅરિટી' પેદા કરવાની બાબત છે?

રાષ્ટ્રભાષાની સાચી રચનાક્રિયા

રાષ્ટ્રભાષા-નિર્માણના આજના સૂત્રધારો આ બધી સમજણવા . છે અને તેઓ રાજપુરૂષો હોવા કરતાં તો સંસ્કૃતિકારો સવિશેષ-

પણે છે એટલે સંસ્કૃતિલક્ષી દૃષ્ટિ તો પ્રધાનપણે જ કામ કરી રહી છે. આપણી ધણીખરી અકળામણ અંતમાં નિરર્થક ઠરે એમ પણ ધારણા છે. છતાં પ્રતિપક્ષને વિકલ કરતી ફિકર શમતી નથી એ પણ એટલું જ તથ્ય છે. આ બે પક્ષોનું અસ્તિત્વ આપણે ઇન્કારી ન શકીએ. એટલે આપણે પણ આપણાં મન સાથે આ બાબતનો રફેટ કરી લેવો જોઇએ. કોઇ ના નહિ પાડી શકે કે રાષ્ટ્રભાષાએ જન્મવું જોઇએ, પણ તે તો એની મોસમે નીપજે તો જ મીઠી લાગે. ભારતવર્ષનું પ્રજાજીવન સંકીર્ણતાને ત્યજતું ત્યજતું જેમ જેમ સમન્વયને સાધતું જશે, પ્રાંત પ્રાંત વચ્ચેનો સંસ્કાર-સંબંધ જેમ જેમ ગાઢ બનશે, સાહિત્ય-વિનિમય જેમ ઝડપથી ચાલુ થશે, એક તરફથી ઉપરથી આંતરપ્રાંતીય જ્ઞાનોપાસકોની 'એકેડેમિક' આપલે થશે અને બીજી તરફ ધરાતલ પરથી આંતરપ્રાંતીય આમ જનતાનો સંગમ અગાઉ જેમ યાત્રાધામોમાં થતો તે મુજબ આયંદે સંસ્કારધામોમાં થશે, માનવી માનવીને નવલ બંધુદૃષ્ટિએ જોશે, એનાં નેતોમાં નવું અમી ઊભરશે, અન્યોન્ય વિશે જાણવા જોવાના કુતૂહલ-દીવડા પ્રાણપ્રાણમાં પેટાશે, ત્યારે, તે પ્રગાઢ સંપર્કમાંથી આપોઆપ રાષ્ટ્રવાણી આકાર ધરવા લાગશે. ભિન્ન ભિન્ન ભાષાઓ વચ્ચે, મોતીને પરોવતા ધાગા જેવી સાચા સામ્યની સેર ત્યાર પછી હાથ લાગશે, અને એવા સ્વાભાવિક મિલનમાંથી જે જન્મશે તે રાષ્ટ્રભાષામાં પ્રત્યેકને પોતાપણાનું દર્શન થશે. આજે ચાલતું રાષ્ટ્રભાષાનું ધડતર એ દોર ન ચૂકે એમ ઇચ્છીએ.

પાઠ્યપુસ્તકોનું ગુજરાતી

આવી સ્વભાવમનોહર નિર્વ્યાજ રાષ્ટ્રભાષાનું નિર્માણ જો નજીકમાં નજીક લઇ આવવું હોય તો તેનો ઇલાજ, પ્રત્યેક પ્રાંતે પ્રદેશે પોતપોતાની ભાષાની અને સાહિત્યની સમુન્નતિ પર પુરું જોશ દેવામાં રહ્યો છે. પોતાના ભૂમિરસને પચાવીને પછી જે અન્યનું સત્ત્વ ઝીલવા જશે તે જ ઝીલી શકશે. બાળપોથીથી લઇને પી. એચ. ડી. ના વર્ગ પર્યંતનાં આપણાં પાઠ્યપુસ્તકોમાં તમે આજે ડોકીઉં તો કરો તદ્‌વિદો! એકધાર ભાષાશિક્ષણ એમાં નથી: એ શિક્ષણક્રમમાં તળિયાથી ટોચ લગી ઉપડતી જતી નક્કર ધાટદાર ઇમારતની સ્થાપત્યનિષ્ઠ રચના નથી. અપવાદો સિવાય આપણી ગુજરાતી પોથીઓમાં બાળકો જે વાકયો ભણે છે તેની રચના ગુજરાતી વાણીને બગાડનારી છે, કારણ કે એ વાચનક્રમનું નિર્માણ ગુજરાતી વાણીના મર્મજ્ઞોને હાથ નહિ પણ શાળાના ઉપરી અધિકારીઓની ભાગીદારીમાં અગર કૃપા હેઠળ કમાણીનો ધંધો ચલાવનારા ડેપ્યુટીઓ માસ્તરોના હાથમાં છે. કેટલાંએક રજવાડામાં ચાલતાં ગુજરાતી પુસ્તકો તો જુઓ, ચીતરી ચડશે. રાજકુળો પ્રત્યેની ખુશામદખોરી કિંવા રાજકુળોનાં કોમી મજહબી ઝનૂન વડે પ્રેરિત એ લેખન ગુજરાતી છે ખરાં? ગુજરાતના આત્માની ઓળખ આપે છે ખરાં? એમાં નરસિંહ, પ્રેમાનંદ કે ફાન્ત ગોવર્ધનરામે ઉપાસેલી, સલૂણી ગૂર્જરીની સૂરત જડે છે તમને? ઉર્દૂ ભાષાનો ઉપયોગ કોમી દૃષ્ટિએ ગુજરાતીને વિકૃત કરવામાં થઇ રહ્યો છે તે તો જાણો છો ને?

ભલે થોડું મોડું થતું

મેરૂ જેવડું મહાભારત આ કામ આડે પડયું છે ત્યાં સુધી, નેફાથી શિખ સુધીની સાંગોપાંગ અને સંવાદી ગુજરાતીના સિંચનથી દાયકા બે દાયકા સુધી પ્રજા-વાડીને પુષ્ટ ન કરીએ ત્યાં સુધી, અરે શિક્ષણક્રમની બહારના વાચનપ્રદેશમાં પણ લેખકોની કલમો સાચી ગિરા ગુર્જરીનો સમન્વયસુંદર આકાર ઉભો ન કરી શકે ત્યાં સુધી, બનાવટી તો શું, નક્કર રાષ્ટ્રભાષાને ય આપણે, એના ખુદના જ સ્વાગતને હાર્દિક બનાવવાને ખાતર, સાચાં અમૃત ચોઘડિયાંની રાહ જોવાને વિનવી રહેશે.

સાચો સંસ્કાર-વિનિમય

હિન્દી અને ઉર્દૂને આપણે આવવા દેશું, બલકે હાર્દિક નિમંત્રણ દેશું, પ્રેમથી તેડાં કરશું, એને ગુર્જરી-દ્વારે સત્કારશું, એનાં યુગસમૃદ્ધિ સાચાં મર્મસ્વરૂપોને અપનાવશું, પણ તે કઇ રીતે? એનાં વિદ્વાલયો, સાહિત્યસંમેલનોમાં આપણા સાચ પ્રતિનિધિઓને મોકલીને, અને એના સાચા પ્રતિનિધિઓને આપણે આંગણે ઉતારીને. એના શાયરો સર્જકોની શતકો જુની સંસ્કાર-ખુશ્બુએ મહેકતી સાચી હિન્દી તથા ઉર્દૂને આપણે ઐચ્છિક વિષયો તરીકેનું આકર્ષક સ્થાન આપણી વિદ્યાપીઠમાં આપશું. એ ભાષાઓનું જ શા માટે, મરાઠી, કાન્હડી, તેલગુ ને કાશ્મિરીનું પણ આપણે આ રીતનું નિકટત્વ પરસ્પરના સંસ્કારવાહકો દ્વારા સિદ્ધ કરશું. ગુજરાતનું સર્વોત્તમ તત્ત્વ એની કને ઝીલાવશું ને એમનું સર્વોચ્ચ તત્ત્વ આપણે અંજલિમાં ઝીલશું. પરસ્પર લેશું દેશું. પણ નહિ ભૂલીએ મુદ્દાની આકાંક્ષા કે 'સાંગોપાંગ સુરંગ વ્યંગ અતિશે ધારો ગિરા ગુર્જરી!'

અસ્થિર મુલ્યાંકનો

ને મુલ્યાંકનો આપણાં હજુ વિશદ બન્યાં નથી. ગમા અણગમાનાં ખાનાં ટળ્યાં નથી. ચિંતન આછર્યું નથી. નારીનું આલેખન-તો કહેશે કે એને કાં સાધ્વી કે માતા તરીકે જ ચીતરજો પ્રણય-તો કહેશે એમાં રખે ભોગાસકિત આલેખાઇ જાય. શ્રમજીવી-તો એને સર્વગુણસંપન્ન અથવા અન્યાયનો ભોગજ બનાવજો. સંપત્તિવાન-તો એની કુમળી લાગણીઓની સારવાર પ્રત્યાઘાતી કલમોજ કરે. અસ્પૃશ્ય-તો એની સામે હિંદુ જાનિતું, ઘોર અપરાધી સિવાય એકેય સ્વરૂપ ન આલેખાય. મુસ્લિમ સંસારનાં તો બારણાં જ બીડેલાં. છાપાં-તો એની વળી સાહિત્યને વિશે ગણના કેવી! નાટક-તો અચેતન રંગભૂમિ ભજવે તે કચરાપટ્ટી હોય તો યે વાહમય; બાકી ધંધાર્થીઓએ પોણોસો વર્ષોથી ભજવેલી કુડીબંધ કૃતિઓને કોણ ઓળખે? એનાં નવાં નાટકોને પણ કયો પંડિત અવલોકે આલોચે છે?

સમન્વયનું માધુર્ય

આમ જોઇએ તો ગુજરાતી વાણીનું ખેડાણ એક સુવિશાળ પટ પર વિવિધ રીતે ચાલી રહ્યું છે. પણ એના સમગ્ર ફલક પર સર્વગ્રાહી ગરૂડ-દૃષ્ટિ આપણી પડતી નથી. જેમાંથી સમન્વય જન્મે તેવો વ્યાપક અને તલગામી દૃષ્ટિનિક્ષેપ આપણો થતો નથી. એટલે પછી કયાં કયાં પ્રેરક બળો ગુજરાતી જીવનની ધરાને ઉથલાવી ઉપર તળે કરી રહેલ છે તેની ખબર પડતી નથી.

સિદ્ધાંતોની તારવણી તો પછી ખોટીલી જ બને ને! એક પક્ષ કહે કે લેખકોને જીવન પર જ પકડ નથી. પ્રતિપક્ષ ઉત્તર વાળે કે જીવન તો અડફેટે આવતું હોય છે, પણ તેનું સંવેદન નીપજી કલ્પનાનિષ્ઠ કલાવિધાન પરિણમતું નથી. શું સાચું હશે? સાચું તો આ છે કે આપણે ગુજરાતી લેખકો યુગકાલીન જીવન-સત્ત્વોના એક તુમુલ સંઘર્ષની વચ્ચે આવી પડયા છીએ. આમા બનીને એ ધ્વંસસર્જનની લીલા નિહાળી રહ્યા છીએ. હજુ આપણે એ લીલાનાં પાત્રોની દશા પૂરી કરી objective-વસ્તુલક્ષી વિલોકનશકિત કેળવી નથી. એ દૃષ્ટિના ઉઘડવા અર્થે અનેક વિધિનિષેધાત્મક નિયમનો-નૈતિક તેમજ સામાજિક-કામ કરી રહ્યાં છે. સમન્વયગ્રાહી બનવું એ કપરૂં કામ છે. પણ સમન્વયગામી બન્યા વગર સાહિત્યની સમૃદ્ધિ નથી. એકાંગિતાનો-અંતિમવાદનો આપણા કસબ સાથે કુમેળ છે. 'We are the Music-makers' એ સૂત્ર સાહિત્યવિધાયકોને ઓળખાવવા માટે મશહુર છે. Music-makers નો અર્થ જ આ છે: સમન્વય સાધનારા, સર્વાંગગ્રાહી સંવાદિત્વ નિપજાવનારા, સર્વ રસાંગોની માપસરની મેળવણીમાંથી માધુર્યના સર્જકો. માનવી મરદ હો કે ઓરત, મૂડીદાર હો કે મજૂર, સતી હો કે કુલટા, ગોરો હો કે કાળો, સંત હો કે શઠ, સુંદર હો કે કદરૂપ, માનવી એ માનવી જ છે, એ છે આપણાં અવગાહનનો વિષય; એની માનવતાના સારામાઠા સર્વ અંશોની ખેલાતી લીલા, એ છે આપણા વિચાર, સંવેદન અને કલ્પનની વસ્તુ; અને એવાં રસાયનમાંથી જે આપણે નિપજાવવાનું છે, તે છે આ સમન્વય-માધુર્ય: We are the Music-makers.

સમાપ્ત

ઝવેરચંદ મેઘાણી.

સર્વધર્મસમભાવ

('સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય' તરફથી થોડા સમય પહેલાં 'ધમ્મપદ-ધર્મનાં પદો' એ નામનું એક પુસ્તક બહાર પડયું છે. 'ધમ્મપદ' શ્રીમદ્ ભગવદ્ ગીતા જેવો બુદ્ધધર્મનો એક અત્યન્ત સુમાન્ય અને સદા પઠનપાઠન કરવા યોગ્ય ગ્રંથ છે. આ ગ્રંથના મૂળ સાથે પંડિત બેચરદાસે તેનો સુંદર અનુવાદ કર્યો છે અને તે ગ્રંથ ઉપર 'ધમ્મપદનો રવાધ્યાય' એ મથાળાથી તેમણે અતિ બોધપ્રદ ઉપોદ્ઘાત લખ્યો છે અને એ ઉપોદ્ઘાતમાં બૌદ્ધ, જૈન અને વૈદિક વિચાર પરંપરામાં રહેલું અદ્ભુત અને અનેકવિધ સામ્ય રજુ કરીને સર્વધર્મસમભાવનું ભારે સચોટ અને પારદર્શી પ્રતિપાદન કરેલ છે. તે ઉપોદ્ઘાતમાંનો ઉપયોગી ભાગ બે હકતાથી પ્રબુદ્ધ જૈનના વાંચકો માટે ઉધ્ધૃત કરવા ધાર્યો છે, જેમાંનો પહેલો ભાગ નીચે આપવામાં આવે છે. પ્રસ્તુત ગ્રંથની કીંમત રૂા. ૧ છે અને સૌ કોઇએ વાચન અને મનન અર્થે ઘરમાં વસાવવા યોગ્ય છે.

પરમાનંદ)

આમ તો મેં ધમ્મપદ ઘણીવાર વાંચેલું, પરંતુ એ વાચન માત્ર સમજવા પૂરતું હતું. જ્યારે તેના આ અનુવાદનો પ્રસંગ આવ્યો ત્યારે મારે તેને સવિશેષ ગંભીરપણે વાંચવું પડયું અને તેનાં અનેક પારાયણો કરવાં પડયાં. આ પારાયણો પૂરાં કર્યાં પછી મહાભારતના શાંતિપર્વનું અને જૈનઆગમ આચારાંગ, ઉત્તરાધ્યયન અને દશવૈકાલિકનું સવિશેષ સાવધાનતા સાથે અવલોકન કર્યું–તેથી મને એવાં અનેક વચનો મળ્યાં, જે ભાવમાં એ બધા ગ્રંથોમાં એક સમાન છે; બીજાં પણ એવાં કેટલાંક વચનો મળ્યાં, જે શબ્દમાં અને ભાવમાં એ બધા ગ્રંથોમાં એક સમાન છે.

આ પ્રસંગે એક રૂપક કથા યાદ આવે છે: એક મોટા કુટુંબના મુખ્ય મુખ્ય ત્રણ પુરુષો વેપારવણજ માટે જુદી જુદી દિશાઓ તરફ આવેલા પરગણાઓમાં જઇને વસ્યા. આરંભમાં તે બધાઓ વચ્ચે કામકાજને અંગે પરિચય ટકી રહ્યો; પણ પછી કામકાજ અને સંતતિપરંપરા વધતાં એકબીજાના સમાચાર આવતા ઓછા થઇ ગયા અને ધીમે ધીમે સમૂળગા બધ થઇ ગયા. એવો એક પ્રસંગ બન્યો, કે તે જુદા જુદા પરગણામાં વસેલાં ત્રણે કુટુંબો અકસ્માત રીતે પ્રવાસમાં ભેગાં થઇ ગયાં. પાસે પાસે જ બેઠેલાં, વાતચીતો ચાલી અને તે બધાંએ સાથે ભોજન પણ કર્યું; પરંતુ તેઓ એક બીજાને ઓળખી ન શકયાં તેમ તેમનો એક બીજાનો પરસ્પર કેવો સંબંધ છે તે પણ જાણી ન શકયાં. ત્રણે કુટુંબની ભાષામાં અને પોશાકમાં થોડો થોડો ફેર હતો, આમ છતાં તેઓ એક બીજાના પ્રેમનો રસ અનુભવતા હતા; પ્રવાસ લાંબો હતો એટલે તેમને છૂટા પડવાને વાર હતી. કોને કયાં જવાનું છે એની પડપૂછ ચાલી તો જણાયું, કે તે ત્રણે પરિવારોને એક જ સ્થળે અને એક જ કુટુંબમાં જવાનું નીકળ્યું; આથી તો તેમનામાં એકબીજાની ઓળખાણ માટે આશ્ચર્ય સાથે વધુ પ્રશ્નોત્તરો થયા તો તેમને માલુમ પડયું, કે તેઓ બધા એક જ કુટુંબના છે અને કાળબળે તેમના વડવાઓ જુદી જુદી દિશાઓમાં આવેલા પરગણાઓમાં જઇને વેપાર માટે વસેલા હતા, પરંતુ ઘણા સમયથી પરિચય ઓછો થઇ ગયેલો, તેથી તેઓ એક બીજાને તરતમાં ન ઓળખી શકયા; પરંતુ જ્યારે અંદર અંદર ઊંડી ઓળખાણ અને સંબંધ નીકળ્યા, ત્યારે તેમનામાંના દરેકને નાનાથી મોટા સુધી સૌને મનમાં ભારે આનંદ આનંદ થયો અને કલ્લોલ કરતા એ ત્રણે પરિવારો પોતાના મૂળ વડવાને સ્થાને જઇ પહોંચ્યા.

આ રૂપક જેવી જ પરિસ્થિતિ આપણી એટલે ભારતવર્ષના ત્રણ મહાન ધર્મ પ્રવાહોના અનુયાયીઓની થઇ ગઇ છે; એટલું જ નહિ, પણ એ રૂપક કરતાં આપણી પરિસ્થિતિ વિશેષ બગડેલી છે. એ રૂપકના પરિવારો એકબીજાને ઓળખતા ન હતા એટલે જ એમના વચ્ચેનો સંબંધ જણાયો નહિ; પરંતુ જ્યારે ઓળખ પડી, ત્યારે તેઓ એક બીજાને સ્નેહ સાથે ભેટી પડયા, જ્યારે એ પવિત્ર પ્રાચીન ત્રણે પ્રવાહોના અનુયાયીઓ આપણે તદ્દન પાસે પાસે રહેવા છતાં હળવા–મળવા છતાં અરે શાખપાડોશીની પેઠે સાથે રહેવા છતાં એક બીજાની ઓળખાણ માટે કશી જિજ્ઞાસા જ પ્રગટ કરતા નથી. ઉલટું એક બીજા વિષે ગેરસમજ ફેલાવી પરસ્પર વૈમનસ્ય ઉભું કરવા કટિબદ્ધ રહીએ છીએ; આપણી આ પરિસ્થિતિ કાંઇ આજની નવી નથી, પરંતુ આજ હજારો વર્ષથી ચાલી આવે છે; અને તેને પરિણામે આપણા ત્રણે પરિવારો વચ્ચે ભારે અંતર પડી ગયેલ છે. એ અંતર પુરાઇ જાય અને આપણા ત્રણે પરિવારો એક બીજાને બરાબર ઓળખે, પોતાના મૂળ પુરુષોના સંબંધો જાણી પ્રેમ–એકતા અનુભવે, તો જ આપણી માનવતા શોભે એમ છે. આ અંતર શા માટે પડયું છે ? કોણે પાડયું છે ? કોણે એ અંતરને વધાર્યું છે ? એવા અનેક પ્રશ્નો ઉભા થાય એમ છે. તેનો ઉત્તર આપવા જતાં વહીવંચાની પેઠે અહીં પેઢીઓની પેઢીઓનો ઇતિહાસ આપવો જોઇએ; પરંતુ એ માટે આ સ્થળ ઉપયુકત નથી. એટલે એ વિશે કશું ન લખતાં અંતરને દૂર કરવાના, અંતરને સાંધવાના, ત્રણે વચ્ચે પોતાની જૂની ઓળખાણ તાજી કરવાના ઉપાયો વિશે થોડું ઘણું જણાવવું જરૂરી છે.

ભારતવર્ષનો નગાધિરાજ હિમાલય એક જ છે અને સમુદ્ર પણ એક જ છે. નગાધિરાજમાંથી ગંગા વગેરેના અનેક જળપ્રવાહો નીકળેલા છે અને તે બધા સમુદ્રમાં જઇને ભળી જાય છે. એ બધા પ્રવાહોનું ઉદ્ગમસ્થાન એક જ છે, તેમજ વૈદિકધર્મ, જૈનધર્મ અને બૌદ્ધધર્મ એ ત્રણે ધર્મપ્રવાહોનું ઉદ્ગમસ્થાન એક આત્મનિષ્ઠા છે; અને જેમ એ જલપ્રવાહોનું સંગમસ્થાન એક મહાસાગર છે, તેમ આપણા ત્રણે ધર્મપ્રવાહોનું સંગમસ્થાન નિર્વાણ છે–ત્રણે પ્રવાહોનું પર્યવસાન નિર્વાણમાં જ થાય છે. આ રીતે આપણા બધા ધર્મ વા સંપ્રદાયોનું મૂળ અને પર્યવસાન એક જ છે. એટલે આપણે એક બીજાને ઓળખવા–સમજવા વિશે સતત અભ્યાસ કરવો જોઇએ અથવા પૂછી પૂછીને એ બાબત જાણી લેવું જોઇએ, એમ કરી કરીને પરસ્પર સમતા ને મૈત્રી બીલવવી જોઇએ. જળપ્રવાહો જેમ વિશેષ લાંબા તેમ તેમાં વાંકબોંક, ઊંડાઇ, છીછરાપણું, સ્વચ્છતા, મલિનતા વગેરે રહેવાનાં જ. આજ લગી કોઇ પણ જળપ્રવાહ એવો નથી જણાયો, જે તદ્દન સીધો અને સ્વચ્છ વહી જઇ મહાસાગરમાં ભળી જતો હોય; તે જ પ્રમાણે બહુ સમયથી ચાલ્યો આવતો કોઇ પણ ધર્મપ્રવાહ એવો નથી, કે જેમાં વાંકબોંક ઊંડાઇ, છીછરાપણું, સ્વચ્છતા, મલિનતા વગેરે ન પેઠાં હોય. આમ છતાં આ વાત નકકી છે, કે ભારતીય ધર્મ પ્રવાહોમાં મૂળતઃ એકતા અને પરિણામે પણ એકતા ચાલુ રહી છે. આ હકીકતને પંડિત લોકોએ જનતામાં ગાઇ વગાડીને ફેલાવવી જોઇએ. તે માટેની તમામ સમજૂતીઓ આમજનતાના કાન સુધી પહોંચાડવી જોઇએ; અને તેમ કરીને પૂર્વના પંડિતોએ જનતા વચ્ચે ધર્મને નામે જે મોટી ખાઇ ખોદેલી છે, તેને પૂરી નાખવા કટિબધ્ધ થઇ પોતાની જાતનું કલંક દૂર કરવું જોઇએ.

શાળા-પાઠશાળાઓમાં, મહાવિદ્યાલયો કે વિદ્યાપીઠોમાં, મંદિરોમાં, મરિજદોમાં, અગિયારીઓમાં કે જ્યાં કયાંય ધર્મનું શિક્ષણ-પઠન–પાઠન વા વ્યાખ્યાન ઉપદેશ ચાલતાં હોય, ત્યાં બધે સ્થળે એક–બીજાના ધર્મની તુલના કરવા સાથે તટસ્થભાવપૂર્વક–સમભાવપૂર્વક એકબીજાના ધર્મ પ્રતિ આદરબુધ્ધિ રાખવા સાથે એ ધર્મશિક્ષણ ચાલે એ માટે જરૂર પ્રયત્ન કરવો જોઇએ. તે તે ધર્મસંસ્થાના સંચાલકો આ વિશે ખાસ લક્ષ કરે, તો આપણી નવી પેઢીમાં તૈયાર થનારા છાત્રોમાં સર્વધર્મસમભાવની વૃત્તિ જરૂર ખીલે અને ઉત્તરોત્તર તે વૃત્તિ વધુ વિકાસ પામતાં માનવમાનવ વચ્ચે ધર્મને નામે જે કલહો ચાલે છે, તે ઓછા થતા થતા જરૂર સમૂળગા શાંત થઇ જાય.

શિક્ષણસંસ્થાઓની પેઠે આપણાં પોતાનાં ઘરોમાં, શેરીઓમાં, અખાડાઓમાં, ચોરામાં કે ચૌટામાં પણ એક બીજાના ધર્મ પ્રત્યે સમભાવ કેળવી શકાય એવું વાતાવરણ રચવા આપણા કુટુંબના વડીલોએ અને તે તે સ્થાનના નાયકોએ જરૂર સવિશેષ પ્રયત્ન કરવો જોઇએ; એ પ્રયત્ન એટલે બીજા બીજા ધર્મપરંપરાના મૌલિક કે મિશ્રસાહિત્યનું ઊંડું અવગાહન કરી તે વિશે મનન કરી એક બીજા

ધર્મોના મૂળ સિધ્ધાંતોમાં કેવી રીતે એકતા સચવાયેલી છે અને એક-બીજાના ધર્મોનો હેતુ પણ કેવો એક સરખો છે, એ બાબત તટસ્થપણે વાતો જમાવી ફેલાવવી જોઇએ. બાળવાતોમાં, કિશોરવાતોમાં અને યુવક કથાઓમાં પણ એકબીજા ધર્મના ગુણો, વિશેષતાઓ, વિવિધ ક્રિયાકાંડો વગેરેની ગૂંથણી સર્વધર્મસમભાવની વૃત્તિ જેવી રીતે ખીલે તેવી રીતે જરૂર થવી જોઇએ. એ વાતોમાં નરદમ કૃત્રિમતા ન હોવી ઘટે; પરંતુ એક બીજા ધર્મવાળા વચ્ચે જે હજુ પણ એખલાસ ટકી રહ્યો છે, સહાનુભૂતિ સચવાઇ રહેલી છે, તેના બનેલા બનાવોની સમુચિત હકીકતો રોચક ભાષામાં એ વાતોમાં વણાયેલી હોવી જોઇએ.

સમજી શકાય એવી વાત છે, કે માનવીમાત્રને પોતાના કુળ-સંસ્કારથી આવેલા ધર્મનો આગ્રહ હોય, એનો વિશેષ આદર હોય અને પોતાનું કલ્યાણ પોતાની પરંપરાના ધર્માચરણથી જ છે એવી ખરી શ્રધ્ધા પણ હોય; તેટલા માત્રથી માનવી બીજાના ધર્મ પ્રતિ અરૂચિ-તિરસ્કાર દાખવે, પોતાના સિવાય બીજાનો ધર્મ કલ્યાણ કરી શકે જ નહિ એવી વૃત્તિ રાખે, એ શું ઉચિત છે ? પોતાનો જ ધર્મ ઇશ્વરપ્રણીત છે અને સર્વથા સંપૂર્ણ છે, અને બીજાનો ધર્મ પાખંડ છે-મિથ્યા છે અને તદ્દન અપૂર્ણ છે એવું સમજે, એ પણ શું ઉચિત છે ? મારા પિતા જેમ મારે માટે આદરણીય છે, છત્રરૂપ છે, તેમ બીજાના પિતા બીજાને માટે આદરણીય છે અને છત્રરૂપ છે એની કોઇ ના પાડી શકે ખરૂં ? મહાસાગરમાં તરતી મારી નાવ જ પાર પહોંચાડી શકે છે અને જે બીજી બીજી નાવો ચાલે છે તે તેમાંના બેસારૂઓને પાર પહોંચાડી શકવાની નથી જ એમ કહેવું કેટલું બધું બેહૂદું છે ? આપણામાં પરસ્પર એકબીજાના ધર્મની ઓળખ વધે અને તે દ્વારા પરસ્પર સમભાવ કેળવાય, તે માટે સભાઓ, મંડળો વગેરે ગોઠવાયાં કરવાં જોઇએ; તે જ માટે મેળા, ઉત્સવો, વનવિહારો, રમતગમતો વગેરે પ્રવૃત્તિઓ પણ યોજાયા કરવી જોઇએ, અને બની શકે તેટલા પ્રમાણિક પ્રયત્નોદ્વારા એકબીજાના ધર્મ તરફ સમભાવ રાખવાની વૃત્તિ સવિશેષ ખીલે એ સારૂ વિવિધ પ્રયાસો ચાલ્યા જ કરવા જોઇએ; એવાં નાટકો, ભવાઇઓ, ચલચિત્રો વગેરે પણ યોજાવાં જોઇએ; આપણે બધા સમૂહમાં કે વ્યકિતગત જ્યારે જ્યારે ભેગા થઇએ, ત્યારે બીજી બીજી વાતો સાથે એક બીજાના ધર્મની ખૂબી સમજવાની પણ વાતો અવશ્ય કરવી જ એવો દૃઢ નિયમ રાખવો જોઇએ. આવા પ્રબળ પ્રયત્નો સિવાય હજારો વર્ષથી ચાલી આવતી આ ધાર્મિક અસ્પૃશ્યતા દૂર થવાનો કે ઓછી થવાનો સંભવ નથી.

આપણા પૂર્વપુરૂષોએ એટલે વૈદિક પરંપરાના તાર્કિક આચાર્યોએ જૈનપરંપરા અને બૌધ્ધપરંપરા વિશે ભારે ગેરસમજુતીઓ ઉભી થાય એવા અનેક ઉલ્લેખ પોતપોતાના શાસ્ત્રોમાં કરેલા છે, એવી કેટલીય કથાઓ પણ ઉપજાવી કાઢેલી છે. એ જ રીતે જૈનપરંપરાના અને બૌદ્ધપરંપરાના તાર્કિક પંડિતોએ વૈદિક પરંપરા સંબંધે અનેક ગેરસમજુતીઓ પેદા થાય એવાં લખાણો પોતપોતાના ગ્રંથોમાં નોંધેલાં છે અને એવી જ કેટલી ય દંતકથાઓ પણ જોડી કાઢેલી છે. એ જ પ્રમાણે જૈનપરંપરાના પંડિતોએ બૌધ્ધપરંપરાને વગોવવાનું અને બૌધ્ધપરંપરાના વિદ્વાનોએ જૈનપરંપરાને વગોવવાનું ચાલુ રાખેલ છે. આને પરિણામે ષડ્દર્શનો અને ષડ્દર્શનોના તમામ સંપ્રદાયો પણ માંહોમાંહે એક બીજાની નિંદા કર્યા સિવાય રહી શકયા નથી. પરસ્પર તિરસ્કાર બતાવવા મિથ્યાદૃષ્ટિ, નિહ્નવ, નાસ્તિક વગેરે નવા નવા શબ્દો પણ તેમણે યોજી કાઢેલા છે. વિષ્ણુનો પૂજક શિવનું નામ ન લે; એટલું જ નહિ, 'કપડું શીવવું' એવું 'શિવ' ઉચ્ચારણવાળું વાકય પણ ન બોલે. મહાવીર બધે સરખા, છતાં ય શ્વેતાંબરપરંપરાનો જૈન દિગંબરમંદિરના મહાવીરની સામે પણ ન જુએ; અને દિગંબરપરંપરાનો જૈન શ્વેતાંબરપરંપરાના મહાવીરને વીતરાગ પણ ન માને-આટલી હદે મામલો પહોંચી ગયેલ છે. વૈદિક પરંપરાનો પંડિત કહેશે, કે અમે સ્વીકારેલા જ ઇશ્વર સર્વજ્ઞ છે. જૈનપરંપરાનો પંડિત કહેશે, કે અમારા તીર્થંકરો, સિધ્ધો અને કેવળીઓ સિવાય બીજો કોઇ સર્વજ્ઞ સંભવે જ નહિ. બૌદ્ધપરંપરાનો પંડિત વળી એમ કહેશે, કે બુધ્ધો સિવાય જગતમાં બીજો કોઇ સર્વજ્ઞ થઇ શકે નહિ. આવા આવા વિવાદો વધતાં વધતાં ષડ્દર્શનનાં તમામ તર્કશાસ્ત્રો કલેશમય બની ગયાં છે, અને એ શાસ્ત્રોને ભણનારા મૃદુ મનના છાત્રો ઉપર એ શાસ્ત્રો ભારે દુરાગ્રહની છાપ પાડી રહ્યાં છે. આ બધાનો નિવેડો વિચારોની ઉદારતા દ્વારા જ લાવી શકાય એમ છે. આગળ કહ્યા પ્રમાણે પ્રત્યેક સંતાનનો પિતા તેને માટે પૂજનીય-માનનીય છે; તેમ પ્રત્યેક પરંપરાનો પ્રવર્તક તેના અનુયાયીઓ માટે સર્વજ્ઞજ રહેવાનો અને એ વિશે કોઈ પણ પરંપરાવાળાએ કશો પણ વાંધો લેવો ન ઘટે. આવી ઉદારતા કેળવ્યા સિવાય આપણામાં સર્વધર્મસમભાવની વૃત્તિ ખીલી શકવાનો સંભવ નથી. એકબીજાના દેવને અસર્વજ્ઞ, કુદેવ વગેરે કહી તેમનાં શાસ્ત્રોને અપ્રમાણ ઠરાવવા આપણા પૂર્વપુરૂષોએ તર્કશાસ્ત્રો દ્વારા જે પ્રયત્ન કરેલો છે, તેનું પરિણામ ભારે ભયંકર આવેલું છે. એક બીજા વચ્ચે આપણામાં દ્વેષબુધ્ધિ પેદા થયેલી છે, સંગઠન જતું રહેલ છે. એક બીજાને ધર્મ દ્વારા ઓળખવાની વૃત્તિ સમૂળગી નાબૂદ થઇ ગયેલ છે. વધારે શું કહેવું ? આવડા મોટા ગુજરાત દેશમાં વૈદિક પરંપરાના કોઇ પંડિતને જઇને પૂછો, કે આપ જૈન અને બૌદ્ધ ધર્મ વિશે ખરી હકીકત કેટલી કહી શકો એમ છો ? એ જ રીતે જૈન પરંપરાના કોઇ આચાર્યને જઇને પૂછો, કે આપ વૈદિક પરંપરા વિશે ખરો પરમાર્થ કેટલો બતાવી શકો છો ? તો મારી ખાતરી છે કે આનો ઉત્તર આપનારો કોઇ જ મળવાનો નથી. આપણા દેશમાં બૌધ્ધ-પરંપરાનો તો પ્રચાર નથી. એટલે એ વિશે શું લખવું ? આખા દેશની વાત એક કોરે મૂકો, એક જૈન અને બ્રાહ્મણ જ્યાં શાખપાડોશી તરીકે રહેતા હોય, ત્યાં પણ તેઓ એક બીજાના ધર્મનો કશો પરિચય સાધતા હોતા નથી, સાધતા હોય તો પરસ્પર ઘૃણા કે તિરસ્કારની લાગણી જ. કયો એવો વૈદિક પંડિત છે, કે જેણે જૈન શાસ્ત્રો પરમાર્થ-બુધ્ધિથી વાંચવા પ્રયત્ન કર્યો હોય અને કયો એવો જૈન સૂરિ છે, કે જેણે સદ્ભાવ સાથે વૈદિક ગ્રંથો વાંચ્યા હોય ? ગીતાજી જેવું પ્રસિધ્ધ પુસ્તક પણ જૈન સૂરિઓ વાંચવા આદર ન રાખે અને ઉત્તરાધ્યયન જેવાં પ્રસિદ્ધ જૈન પુસ્તકોને વાંચવાનો આદર બ્રાહ્મણ પંડિતો ન રાખે, ત્યાંસુધી એક બીજા ધર્મનો ખરો પરિચય સધાવો કઠણ છે. એમ ન થાય ત્યાંસુધી અહિંસાધર્મનું પાલન પણ અશકય છે. કમનસીબ છે આપણા દેશનાં, કે જેના સાહિત્યમાં નિત્યવૈરના સમાસવાળા ઉદાહરણમાં ' ब्राह्मणश्रमणम् ' નું ઉદાહરણ હજુ પણ વિદ્યમાન છે, અને ભાષામાં પણ " જોગીજતિને વેર " વાળી કહેવત શામળભટ્ટની વાણીમાં ઊતરી છે. આવી ભારે દુઃખદાયી પરિસ્થિતિ વચ્ચે સર્વધર્મસમભાવની પ્રવૃત્તિ માટે ભારે પ્રયત્ન કરવો રહ્યો. આપણે સૌએ ખાસ યાદ રાખવાનું છે, કે સર્વધર્મસમભાવ સધાયા વિના આપણા પોતાનાં ધર્માનુષ્ઠાનોની પણ સાધના ખરી રીતે અટકી પડી છે. ભલે મંદિરોમાં ઘંટો વાગે, શંખો ફૂંકાય કે લોકની ભીડ જમે, પરંતુ ધર્મનો મૂળ પાયો અહિંસા જ નષ્ટ થઇ ગયેલ છે. હવે તો વૈદિક ધર્મ, બૌધ્ધ ધર્મ જૈન ધર્મ એ ત્રણના જ પરિચયથી પણ ચાલે એમ નથી; પારસી ધર્મ, ખ્રિસ્તિ ધર્મ અને ઇસ્લામ ધર્મનો પણ પરિચય મેળવવો રહ્યો. કેવળ જિજ્ઞાસા બુધ્ધિ રાખીને, આદરભાવ રાખીને એ ધર્મોના રહસ્યને સમજવું જરૂરી છે. એ વિના આપણો સર્વધર્મ સમજવાનો પ્રયત્ન અધુરો જ રહેવાનો છે. આપણો "समो यः सर्वभूतेषु"નો જીવનવ્યાપી સિધ્ધાંત માત્ર પોથામાં જ રહેવાનો છે, અને "मित्ती मे सव्वभूएसु"ની વાત પણ માત્ર પોપટવાણી જ બનવાની છે. આપણા દેશની પ્રજાની અધોગતિ અટકાવવી હોય, પ્રગતિ ફેલાવવી હોય, આપણી પરતંત્રતા તોડવી હોય, સ્વતંત્રતા મેળવવી હોય, તો સંગઠન એ અમોઘ ઉપાય છે. સર્વધર્મસમભાવની વૃત્તિ કેળવાયા વિના ખરૂં સંગઠન સંભવતું નથી. માટે દેશની તમામ ધર્મસંસ્થાઓ, સાહિત્યસંસ્થાઓ અને દેશના પ્રધાન પુરૂષો, પંડિત પુરૂષો સર્વધર્મસમભાવનું વાતાવરણ ઉભું કરવા વિશેષમાં વિશેષ આચારમય પરિસ્થિતિ આદરે અને એ દિશાના બીજા પણ શકય પ્રયત્નો કરે એ ભારે જરૂરનું છે. (અપૂર્ણ)

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd. No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૫

મુંબઈ: ૧ ડીસેમ્બર ૧૯૪૬ રવિવાર. લવાજમ રૂપિયા ૪

સર્વધર્મસમભાવ

ગતાંકથી ચાલુ

(ગત અંકમાં આપેલ વિભાગ બાદ લેખક ધમ્મપદનાં પ્રકરણો, ભાષા વગેરે બાહ્યાંગ વિષે કેટલુંક વિવરણ કર્યા બાદ ધમ્મપદના અન્તરંગનો પરિચય આપતાં જણાવે છે કે:-)

ધમ્મપદના અંતરંગ પરિચય વિષે વૈદિક પરંપરા સાથે અને જૈનપરંપરા સાથે તેનાં વચનોની તુલના કરવા ઉપરાંત તેમાં આવેલા આત્મવર્ગ અને બ્રાહ્મણવર્ગ વિષે ખાસ વિવેચન કરવાનું છે. એ વિવેચન કરતાં પહેલાં ભારતીય માનસના ખરા પારખુ કવિ-કુળગુરૂ શ્રી રવીંદ્રનાથ ઠાકુર મહાશયે ધમ્મપદ વિષે જે અભિપ્રાય વ્યકત કરેલ છે, તેનો થોડો ઉતારો અહીં આપવો ઉચિત જણાય છે. તેઓ કહે છે, કે-"ધમ્મપદની વિચારપદ્ધતિ આપણા દેશમાં હમેશાં ચાલતી આવેલી વિચારપધ્ધતિનો જ સાધારણ નમુનો છે, બુધ્ધે આ બધા વિચારોને ચારે તરફથી ખેંચી, પોતાના કરી, બરાબર ગોઠવી સ્થાયી રૂપમાં મૂકી દીધા; જે છૂટું છવાયું હતું, તેને એકતાના સૂત્રમાં પરોવીને માણસોને ઉપયોગમાં આવે એવું કર્યું. તેથી જ જેમ ભારતવર્ષ પોતાનું સ્વરૂપ ભગવદ્ગીતામાં પ્રકટ કરે છે, ગીતાના ઉપદેષ્ટાએ ભારતના વિચારોને જેમ એકસ્થાને એકત્રિત રૂપ આપ્યું છે, તે જ પ્રમાણે ધમ્મપદ ગ્રંથમાં પણ ભારતના મનનો પરિચય આપણને થાય છે. તેથી જ ધમ્મપદમાં શું, કે ગીતામાં શું, એવી અનેક વાતો છે, જેના જેવી જ બીજી ભારતના બીજા અનેક ગ્રંથોમાં મળી આવે.

"હવે સવાલ એ છે, કે કલ્યાણને શા માટે માનવું? સમસ્ત ભારતવર્ષ શું સમજીને લાભ કરતાં કલ્યાણને, પ્રેય કરતાં શ્રેયને અધિક માને છે? તેનો વિચાર કરવો જોઇએ.

"જે વ્યકિત સંપૂર્ણ છે, તેને સારૂં-નરસું કાંઇ નથી. આત્મ-અનાત્મના યોગમાં સારાં-નરસાં સકળ કર્મનો ઉદ્‌ભવ છે; એટલે પ્રથમ આ આત્મ-અનાત્મના સત્ય સંબંધનો નિર્ણય કરવો આવશ્યક છે. આ સંબંધનો નિર્ણય કરવો અને તેનો સ્વીકાર કરીને જીવનકાર્ય ચલાવવું, એ હમેશાં ભારતવર્ષની સર્વથી મુખ્ય પ્રવૃત્તિ હતી.

"ભારતવર્ષમાં આશ્ચર્ય તો એ દેખાઇ આવે છે કે ભિન્ન ભિન્ન સંપ્રદાયે આ સંબંધનો નિર્ણય ભિન્ન ભિન્ન રીતે કર્યો છે; છતાં વ્યવહારમાં સર્વ એક જ સ્થળે આવીને મળ્યા છે. ભિન્ન ભિન્ન અને સ્વતંત્ર રીતે ભારતવર્ષે એક જ વાત કહી છે.

"એક સંપ્રદાય કહે છે: આત્મ-અનાત્મ વચ્ચે કાંઇ ખરો ભેદ નથી. ભેદની પ્રતીતિ થાય છે તેનું કારણ અવિદ્યા છે.

"પરંતુ જો એક સિવાય બીજું નથી, તો સારા-નરસાનો કાંઇ સવાલ જ રહેતો નથી. પણ એમ સહેલથી તેનો ફડચો આવતો નથી. જે અજ્ઞાનથી એક વસ્તુ તે બે છે એમ જણાય છે, તે અજ્ઞાનનો નાશ કરવો જોઇએ-નહિ તો માયાના ચક્રમાંથી દુઃખનો અંત નહિ આવે. આ લક્ષ તરફ દૃષ્ટિ રાખીને અમુક કાર્ય સારૂં કે નરસું તે નક્કી કરવું જોઇએ.

"બીજો એક સંપ્રદાય કહે છે: આ સંસાર ફરે છે તેની સાથે બંધાઇને આપણે વાસનાને લીધે ફરીએ છીએ, દુઃખી થઇએ છીએ. એક કર્મ સાથે બીજા કર્મને એમ અંતહીન કર્મશૃંખલા રચ્યાં જઇએ છીએ. તે કર્મપાશનું છેદન કરી મુક્ત થવું એ જ મનુષ્યનું એક માત્ર ધ્યેય છે.

"પરંતુ ત્યારે તો સકળ કર્મ જ બંધ કરવાં પડે. તેમ નથી. એટલો સહેલથી ફડચો નથી આવતો. કર્મને એવા રીતે નિયંત્રિત કરવાં જાઇએ, કે જેથી કર્મનાં દુચ્છેદ્ય બંધન ધીમે ધીમે શિથિલ થતાં જાય. આ દિશામાં દૃષ્ટિ રાખીને કયું કર્મ અશુભ તે નક્કી કરવું જોઇએ.

"ત્રીજો એક સંપ્રદાય કહે છે: આ સંસાર ભગવાનની લીલા છે. આ લીલાના મૂળમાં તેનો પ્રેમ છે, આનંદ છે, તે સમજી શકીએ તેમાં જ આપણી સાર્થકતા છે.

"આ સાર્થકતાનો ઉપાય પણ પૂર્વોક્ત બે સંપ્રદાયોના ઉપાયથી વસ્તુતઃ ભિન્ન નથી. આપણી વાસના દાબી શકીએ નહિ તો ભગવાનની ઇચ્છા સમજી શકીએ નહિ. ભગવાનની ઇચ્છામાં જ પોતાની ઇચ્છાનું મુકિતદાન તે જ ખરી મુકિત છે. તે મુકિતને લક્ષ્યમાં રાખીને શુભાશુભ કર્મનો નિર્ણય કરવો જોઇએ.

"જેમણે અદ્વૈતાનંદને લક્ષ્ય રાખ્યું છે, તેઓ પણ વાસના-મોહનું છેદન કરવા ઉદ્યમ કરી રહ્યા છે; જેઓ કર્મની અનંત શૃંખલામાંથી મુકિત મેળવવાની ઇચ્છાવાળા છે, તેઓ પણ વાસનાને છેદી નાખવા ઇચ્છે છે; અને ભગવાનના પ્રેમમાં જેઓ પોતાની જાતને લીન કરી દેવામાં શ્રેય માનનારા છે, તેઓ પણ વિષય-વાસનાને તુચ્છ ગણવાનો ઉપદેશ કરે છે.

"જો આ સઘળા ભિન્ન ભિન્ન સંપ્રદાયના ઉપદેશ જ માત્ર આપણા જ્ઞાનનો વિષય હોત, તો તો આપણા પરસ્પર વિરોધનો પાર ન રહેત; પરંતુ આ ભિન્ન ભિન્ન સંપ્રદાયોએ તેમના ભિન્ન ભિન્ન તત્ત્વને આચારમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. તે તત્ત્વ ગમે તેટલું સૂક્ષ્મ અથવા ગમે તેટલું સ્થૂલ હોય અને તેનું વ્યવહારમાં અનુકરણ કરવાને ગમે તેટલી મુશ્કેલીઓ પડે, તોપણ આપણા ગુરૂઓએ નિર્ભય ચિત્તે તે સર્વનો સ્વીકાર કરીને તે તત્ત્વને આચારમાં સફળ કરવાનો પ્રયાસ કર્યો છે.

* * *

"એટલે તત્ત્વજ્ઞાન જેટલે દૂર પહોંચ્યું છે, તેટલે દૂર ભારતવર્ષ આચારને પણ ખેંચી ગયું છે. ભારતવર્ષે વિચાર તથા આચારમાં ભેદ માન્યો નથી; તેથી જ આપણા દેશમાં કર્મ એ જ ધર્મ છે. આપણે કહીએ છીએ, કે મનુષ્યના કર્મમાત્રનું ચરમ લક્ષ્ય કર્મદ્વારા મુકિત છે. મુકિતના ઉદ્દેશથી કર્મ કરવું એ ધર્મ છે.

"પ્રથમ જ કહી ગયા છીએ, કે વિચારની બાબતમાં આપણામાં જેટલી વિભિન્નતા છે, તેટલી જ આચારની બાબતમાં એકતા છે. અદ્વૈતાનુભવને મુક્તિ કહો, અથવા સંસ્કાર જેમાંથી જતા રહ્યા છે તેવા નિર્વાણને મુક્તિ માનો, અથવા ભગવાનના અપરિમેય પ્રેમાનંદને જ મુક્તિ ગણો, પ્રકૃતિભેદને લીધે મુક્તિનો અમુક આદર્શ અમુક માણસને આકર્ષણ કરે, પણ તે મુક્તિને માર્ગે જવાના ઉપાયમાં તો એક પ્રકારની એકતા જ છે. તે એકતા બીજી કાંઈ નહિ પણ કર્મમાત્રને નિવૃત્તિ તરફ વાળવાની છે. સીડીની પાર જવાનો ઉપાય સીડી જ છે, તેમ ભારતવર્ષમાં કર્મની પાર જવાનો ઉપાય કર્મ જ છે. આપણાં સઘળાં શાસ્ત્રપુરાણોમાં આ જ ઉપદેશ છે; અને આપણો સમાજ આ જ ભાવના ઉપર સ્થપાયેલો છે." *

આપણા કવિવરનું વિવેચન એટલું બધું સ્પષ્ટ છે, કે તે વિશે કશું લખવાપણું રહેતું નથી; છતાં આપણામાંના જે કેટલાક અનુભવપ્રમાણુકો નથી, કેવળ શાસ્ત્રપ્રમાણુકો છે, તેમને સારૂ વૈદિક પરંપરાનાં અને જૈનપરંપરાનાં વચનોનો સંક્ષિપ્ત સાર આપવાથી એ વિવેચન વિશેષ ઉપયોગી બને એ દૃષ્ટિથી આ નીચે તે બન્ને પરંપરાના મૂળ વચનો નહિ; પણ તેમનો સંક્ષિપ્ત સાર આપી દઉં: મહાભારત શાંતિપર્વ અધ્યાય ૨૯૯માં ભીષ્મ પિતામહે સાધ્યો અને હંસનો સંવાદ ધર્મજિજ્ઞાસુ રાજા યુધિષ્ઠિરને જે પ્રમાણે કહી સંભળાવ્યો છે, તે સંક્ષેપમાં આ પ્રમાણે છે:—

"યુધિષ્ઠિર બોલ્યા: હે પિતામહ! વિદ્વાન મનુષ્યો એમ કહે છે, કે સંસારમાં સત્ય, સંયમ, ક્ષમા અને પ્રજ્ઞા પ્રશંસાપાત્ર છે; તો આ વિશે તમારો શો અભિપ્રાય છે?'

"ભીષ્મ બોલ્યા: 'હે રાજા યુધિષ્ઠિર! આ વિશે તને એક સંવાદ કહી સંભળાવું છું. સાધ્યોએ હંસને મોક્ષધર્મ વિશે પૂછ્યું અને હંસે તેનો ઉત્તર આ પ્રમાણે આપ્યો:—

"મોક્ષની પ્રાપ્તિ માટે તપ અને સંયમ આચરવાં, સત્ય બોલવું, મનનો જય કરવો, હૃદયની બધી ગાંઠોને કોરે કરીને પ્રિય તથા અપ્રિય વૃત્તિઓને પોતાના કબજામાં રાખવી, કોઇનું હૈયું ભેદાઇ જાય એવાં વચન ન બોલવાં, ક્રૂર વાણી ન બોલવી, હલકી વૃત્તિઓવાળા પાસેથી શાસ્ત્રને ન સમજવાં, જેનાથી બીજાને ઉદ્વેગ અને બળતરા થાય એવી વાણી ના બોલવી, સામો બીજો કોઇ વચનનાં બાણોથી આપણને વીંધે તો એ સમયે શાંતિ જ રાખવી, રોષે ભરાવાનો પ્રસંગ આવતાં જે પ્રસન્નતા દાખવે છે, તે બીજાનાં સુકૃત્યોને લઇ લે છે. અન્યનો તિરસ્કાર કરનારા ભભકતા ક્રોધને જે માણસ કબજામાં રાખે છે, તે મુદિત અને ઇર્ષ્યા વગરનો બીજાનાં સુકૃત્યોને લઇ લે છે. કોઇ આક્રોશ કરે, તો પણ સામે કશું બોલવું નહિ, કોઇ મારે તો હમેશાં સહન જ કરવું—આ જાતની રીતને આર્ય પુરૂષો સત્ય, સરળતા અને અક્રૂરતા કહે છે. સત્ય વેદનું રહસ્ય છે, સત્યનું રહસ્ય સંયમ છે, સંયમનું રહસ્ય મોક્ષ છે, આ અનુશાસન બધા લોકોનું છે, જે કોઇ જોર પર આવેલા પોતાની વાણીના વેગને, મનના વેગને, ક્રોધના વેગને, તૃષ્ણાના વેગને, પેટના વેગને અને ઉપસ્થના વેગને સારી રીતે સહન કરે છે, તેને જ હું બ્રાહ્મણ કહું છું, મુનિ કહું છું. ક્રોધ કરનારાઓ કરતાં અક્રોધી ઉત્તમ છે, સહન નહિ કરનારાઓ કરતાં સહન કરનારો ઉત્તમ છે, જનાવર કરતાં માણસ ઉત્તમ છે અને અજ્ઞાની કરતાં જ્ઞાની જ ઉત્તમ છે. પંડિત પુરૂષ અપમાન મળતાં અમૃત મળવા જેવી સંતૃપ્તિ અનુભવે. અપમાન પામેલો સુખે સૂએ અને અપમાન કરનાર નાશ પામે. જે કોઇ ક્રોધી હોયને યજ્ઞ કરે, દાન દે, તપ તપે, હોમ કરે, તેનું બધું યમરાજા હરી જાય છે: ક્રોધી માણસનો એ બધો શ્રમ અફળ થાય છે."

હવે જૈનપરંપરાનાં આચારઅંગસૂત્રનાં વચનોનો સંક્ષિપ્ત સાર આ પ્રમાણે છે:—

"આ સંસારી જીવ અનેક કામોમાં ચિત્તને દોડાવે છે. તે ચાળણી કે દરિયા જેવા લોભને ભરપૂર કરવા મથે છે. તેથી તે બીજાઓને મારવા, હેરાન કરવા, કબજે કરવા, દેશને હણવા, દેશને હેરાન કરવા અને દેશને કબજે કરવા તૈયાર થાય છે.

"પરાક્રમી સાધકે ક્રોધ અને તેનું કારણ જે ગર્વ તેને ભાંગી નાખવાં અને લોભને લીધે મોટા દુઃખથી ભરેલી નરકગતિએ જવું પડે છે એમ જાણવું. માટે મોક્ષના અર્થી સાધક વીરપુરૂષે હિંસાથી દૂર રહેવું અને શોક-સંતાપ ન કરવા.

"હે પુરૂષ! તું જ તારો મિત્ર છે; શા માટે બહાર મિત્રને શોધે છે?"

"હે પુરૂષ! તું તારા આત્માને જ કબજે કરી રાખીને દુઃખથી છૂટી શકીશ.'

'હે પુરૂષ! તું સત્યનેજ બરાબર સમજ. સત્યની આજ્ઞા પ્રમાણે વર્તનારા બુધ્ધિમાન સાધકો, મૃત્યુને તરી જાય છે અને ધર્માચરણ કરીને કલ્યાણને સારી રીતે જુએ છે.'

"આ જગતમાં જે કોઇ શ્રમણો તથા બ્રાહ્મણો છે, તેઓ જુદા જુદા વિવાદ કરે છે-જેમ કે અમે દીઠું છે, અમે સાંભળ્યું છે, અમે માન્યું છે, અમે નક્કી જાણ્યું છે તથા ચારે બાજુ ઉપર નીચે તપાસી જોયું છે, કે સર્વ પ્રાણ, સર્વ ભૂત, સર્વ જીવ તથા સર્વ સત્વો હણવા યોગ્ય છે, દબાવવા યોગ્ય છે, પકડવા યોગ્ય છે, સંતાપવા આપવા યોગ્ય છે, અને કતલ કરવા યોગ્ય છે; એમ કરતાં કશો દોષ થતો નથી.'

"આ વચન અનાર્યોનું છે.

"તેમનામાં જેઓ આર્ય પુરૂષો છે તેઓ એમ કહી ગયા છે, કે એ તમારૂં દીઠું. સાંભળ્યું, માનેલું, નક્કી જાણેલું અને ચારે બાજુ તપાસી જોયેલું બરાબર નથી. તમે જે એવું કહો છો કે સર્વ જીવોને મારવામાં કશો દોષ નથી, એ તમારૂં કથન અનાર્ય વચનરૂપ છે.

'અને અમે તો એમ કહીએ છીએ, એમ ભાષણ કરીએ છીએ, એમ પ્રરૂપણા કરીએ છીએ અને એવું પ્રજ્ઞાપન કરીએ છીએ, કે તમામ જીવોને હણવા નહીં, દબાવવા નહિ, પકડવા નહિ, સંતાપવા નહિ, અને કતલ કરવા નહિ. એમ કરવામાં કશો દોષ નથી, એ આર્યવચન છે.'

'હે પ્રવાદીઓ! અમે તમને પૂછીશું, કે તમને શું સુખ અપ્રિય છે કે દુઃખ અપ્રિય છે?

'હે પુરૂષ! જેને તું હણવાનો વિચાર કરે છે, તે તું પોતેજ છે; જેને તું દબાવવાનો વિચાર કરે છે, તે તું પોતેજ છે; જેને તું સંતાપ આપવાનો વિચાર કરે છે, તે તું પોતેજ છે; જેને તું પકડવાનો-તાબે કરવાનો-વિચાર કરે છે, તે તું પોતેજ છે; અને જેનો તું કતલ કરવાનો વિચાર કરે છે, તે તું પોતેજ છે. સરળ પુરૂષો આવી સમજ ધરાવે છે; માટે કોઇ જીવને હણવો નહિ અને બીજા પાસે હણાવવો પણ નહિ.' ×

બૌદ્ધપરંપરાનો આ 'ધમ્મપદ'-ગ્રંથ વાચકોની સામેજ છે. એટલે એમાંથી કોઇ વચનો લઇને અહીં આપતો નથી, બાકી ઉપર 'મહાભારત'માં અને 'આચારઅંગ'માં જે ભાવનાં વચનો કહ્યાં છે, તેજ ભાવનાં વચનો 'ધમ્મપદ'માં ભર્યાં પડયાં છે, એટલે વાચકો પોતાની મેળે જ એની તુલના કરી શકશે.

ઉપર આપેલાં વૈદિક, જૈન અને બૌદ્ધ પરંપરાઓનાં વચનોથી એ સ્પષ્ટ થાય છે, કે આપણા મહાકવિના કહેવા પ્રમાણે એ ત્રણે પરંપરાના પ્રાચીન ગ્રંથો સમગ્ર ભારતવર્ષના મનનો પરિચય આપે છે. આર્ય ભાષાઓના પ્રવાહો જુદા જુદા ફંટાયા છે; છતાં કોઇ પણ પ્રખર ભાષાશાસ્ત્રી તે જુદા જુદા પ્રવાહોનું પરસ્પર તોલન કરીને એમ કહી શકે એમ છે, કે તમામ આર્ય ભાષાઓના મૂળમાં એકજ

* 'પ્રાચીન સાહિત્ય': પૃ. ૧૦૧, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮ અને ૧૦૯

× આચારાંગસૂત્ર: રવજી દેવરાજ-પૃ૦ ૫૬, ૫૨, ૫૫, ૬૩, ૬૪, ૮૪

(અનુસંધાન પૃષ્ટ ૧૨૭ જુઓ)

રાષ્ટ્રપતિ આચાર્ય કૃપલાણીજીનું પ્રેરક પ્રવચન

(તા. ૨૩-૧૧-૪૬ નાં રોજ મળેલા રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં પ્રમુખસ્થાનેથી આચાર્ય કૃપલાણીજીએ એક ભવ્ય અને અનેક દૃષ્ટિએ ઉદ્બોધક પ્રવચન કર્યું હતું. તે પ્રવચનમાં આપણા દેશને આન્તર બાહ્ય સ્પર્શતા અનેક વિષયોનું વિવરણ કરવામાં આવ્યું હતું અને આજે આપણે ક્યાં છીએ, અને ક્યાં જઈ રહ્યા છીએ તે સંબંધમાં તેમણે સ્પષ્ટ માર્ગદર્શન કરાવ્યું હતું. એ આખા વ્યાખ્યાનનો અનુવાદ આપવો પ્રબુદ્ધ જૈનની મર્યાદિત કાગળ-સંપત્તિમાં અશક્ય છે. તેથી તેમાંનો વિશેષતઃ ઉપયોગી ભાગ તારવીને તેનો અનુવાદ નીચે આપવામાં આવે છે. આમ કરતાં પણ આ અનુવાદે આ અંકમાં અસાધારણ જગ્યા રોકી છે; અને પરિણામે બીજી અનેક બાબતોને લગતી જરૂરી નોંધો આ અંકમાં આપી શકાઇ નથી. છેલ્લાં પચ્ચીસ વર્ષથી જેણે દેશને અને રાષ્ટ્રીય મહાસભાને એકસરખી સેવા સમર્પી છે તેમના ભાવનાપૂર્ણ અને અનુભવસમૃદ્ધ વ્યાખ્યાનથી વધારે બોધપ્રદ બીજું શું હોઇ શકે એમ સમજીને આ અંકનો મોટો ભાગ તે પાછળ જ રોકવો ઉચિત ધાર્યો છે. પ્રબુદ્ધ જૈનના વાંચકો આ અનુવાદ સાદ્યન્ત વાંચશે અને જરૂરી કાર્યપ્રેરણા મેળવશે એવી આશા રાખવામાં આવે છે. પરમાનંદ.)

રચનાત્મક ક્રાન્તિ.

હું માનું છું કે ૧૯૪૨ ના ઓગસ્ટ માસમાં બ્રીટીશ શાહીવાદના પડકારનો કોંગ્રેસે સામો જવાબ ન વાળ્યો હોત તો આજે આપણે જે કક્ષાએ પહોંચ્યા છીએ તે કક્ષાએ પહોંચી શકયા ન હોત. અને જો કે મોસ્લેમ લીગ અને બીજી લઘુમતીઓ આ હકીકતને કબુલ નહિ કરે એમ છતાં પણ મોસ્લેમ લીગે અને બીજી લઘુમતીઓએ આજે જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે સ્થાન પણ ઉપર જણાવેલ ઘટના સિવાય તેમણે કદિ પ્રાપ્ત કર્યું ન હોત. એ ખરૂં છે કે પુર્ણ સ્વરાજ્યના ધ્યેયને હજુ સુધી આપણે પહોંચી ચુકયા નથી. પણ આપણા પ્રતિનિધિઓએ અને દેશનેતાઓએ સત્તાધારીઓની કાલ્પેથંધીમાં ભંગાણ પાડયું છે. પરદેશી હકુમતનો હજુ અંત આવ્યો નથી, પણ આપણને મળતી તકોનો બરોબર ઉપયોગ કરતાં જો આપણને આવડે તો પરદેશી હકુમતના અંતની શરૂઆત થઇ ચુકી છે એમાં કોઇ શક નથી.

આમ છતાં પણ આપણે મુકમ્મીલ આઝાદીના આપણા ધ્યેયને પ્રાપ્ત કરીએ ત્યારે પણ આપણું કાર્ય પુરૂં થયું છે એમ આપણે વિચારવું ન જોઇએ. રાષ્ટ્રની આઝાદી ખરેખર બહુ કીંમતી વસ્તુ છે. પ્રજાજીવનનો એ ખરેખરો શ્વાસોશ્વાસ છે. આની અગત્ય ગમે તેટલી હોવા છતાં પણ બહારનાં બંધનો દૂર કરવા એ કેવળ નકારાત્મક સિદ્ધિ છે. એક મુશ્કેલી દૂર કરવા સાથે બીજી અનેક મુશ્કેલીઓ સામે આવીને ઉભી રહેવાની છે. એક વ્યકિતના બંધનો દૂર થવા સાથે પોતાને પ્રાપ્ત થયેલી નવી સ્વતંત્રતાનો પોતાને જ નુકસાન થાય એ રીતે તે ઉપયોગ કરે એ પુરેપુરૂં સંભવિત છે. જો આપણે પુરી સમજણ ધરાવતા હોઇએ તો બહારનાં બંધનો દૂર થવા માત્રથી જ આપણે સંતોષ માનીને બેસી નહિ રહીએ, પણ નવા વહીવટની રચના આપણે એવી રીતે કરીશું કે, આપણને મળેલી સ્વતંત્રતા આપણા લોકોના નિશ્ચત શ્રેય અને કલ્યાણમાં પરિણમે. આનો અર્થ એ છે કે આપણી ક્રાંતિ વિષેની તમન્ના એવી હોવી જોઇએ કે જેથી જુની રચનાનો નાશ થાય અને સાથે સાથે નવ-સર્જન અને નવનિર્માણ તરફ આપણે ચોક્કસ પ્રગતિ સાધતા રહીએ.

આ રચનાત્મક કાર્ય આપણા માટે કોઇ નવી વાત નથી. અહિંસાના પાયા પર રચાયેલ આપણી ક્રાંતિકારી હીલચાલ દુનિયામાં એક અને અજોડ છે. રાજકીય ક્રાંતિ સાધારણ રીતે જુની રાજ્યવ્યવસ્થા નાબુદ કરવાનું ધ્યેય ધરાવતી હોય છે. સત્તારથાના કબજે કરવા એ ખ્યાલ ઉપર જ તેની સઘળી વ્યુહરચના નિર્માણ થયેલી હોય છે. જુની વ્યવસ્થાનો મૂળમાંથી નાશ થાય અને નવી હકુમતની સ્થાપના થાય ત્યાર પછી જ પ્રજાજીવનને નવો ઘાટ આપવાને લગતા સઘળા રચનાત્મક પ્રયાસોની શરૂઆત થાય છે. આ રીતે કામ લેવા જતાં દેશમાં સ્થિરતા અને શાંતિ પથરાય અને રચનાત્મક કાર્યક્રમનો પ્રારંભ થાય તે પહેલાં દેશને એક નહિ પણ અનેક ક્રાંતિઓમાંથી પસાર થવું પડે છે. ઘણીવાર આમાંથી આંતરવિગ્રહ અને પરિણામે સરમુખત્યારી જન્મ પામે છે. આંતરવિગ્રહ અને સરમુખત્યારી આ બંનેને લીધે ઉંચા ધ્યેયપૂર્વક નિર્માણ કરવામાં આવેલી ક્રાંતિ ઘણું ખરૂં નિષ્ફળતામાં પરિણમે છે. ફ્રાન્સની અને રશિયાની ક્રાંતિમાં એ જ પ્રમાણે બન્યું હતું.

ગાંધીજીની આગેવાની નીચે કોંગ્રેસ માત્ર પારકી હકુમતના ઉચ્છેદ ઉપર અથવા તો સત્તાસ્થાનો કબજે કરવાના ધ્યેય ઉપર જ વધારે પડતો ભાર મુકવાના જોખમથી દૂર રહી છે. આને બદલે તેણે રચનાત્મક કાર્યક્રમ ઉપર ખૂબ ભાર મુકયો છે. તેના વિનાશાત્મક અને રચનાત્મક કાર્યક્રમોનો છેલ્લા છવ્વીશ વર્ષથી એકસાથે અમલ થઇ રહ્યો છે. ગાંધીજીની દ્રષ્ટિએ રચનાત્મક કાર્યક્રમનો શકય તેટલો અમલ કરવો એમાં જ સવિનયભંગની સંગીન તૈયારી રહેલી છે.

અત્યારે મહાસભાવાદીઓ ઘણા પ્રાન્તોની રાજ્યધુરા વહન કરી રહ્યા છે, અને મધ્ય સ્થાનમાં પણ અમુક પ્રકારની રાષ્ટ્રીય સરકારની સ્થાપના થઇ છે. ગાંધીજીએ જે રચનાત્મક કાર્યક્રમ પ્રજા સમક્ષ રજુ કર્યો છે અને કોંગ્રેસે જેનો સ્વીકાર કર્યો છે એ કાર્યક્રમની શકયતાઓ બરોબર સમજી લેવાનું અને તે દિશાએ બને તેટલું અમલી કાર્ય શરૂ કરી દેવાનું આપણા માટે હવે મુશ્કેલ હોવું ન જોઇએ.

લોકશાસન અને અહિંસા.

જેમ જેમ આપણી રાષ્ટ્રિય હીલચાલ અને સરકાર સાથેની અથડામણ વધતી ચાલી છે તેમ તેમ આપણું સ્વરાજ્ય એટલે શું તેની લગનો આપણા માટે વધારેને વધારે સ્પષ્ટ થતી રહી છે. માત્ર ભાંગફોડ કરવાની અને સત્તાસ્થાનો કબજે કરવાની પદ્ધતિનો તો આપણે ઘણા વખતથી ત્યાગ કર્યો છે. તેથી જ આપણે પીસ્તોલ અને બોમ્બના ઉપયોગથી દૂર રહ્યા છીએ. આપણી ક્રાંતિ એ ખુલ્લે ખુલ્લું જાહેરમાં રચાતું કાવતરૂં હોવું જોઇએ અને તેમાં લોકોની ઉત્તરોત્તર ખુબ ભરતી થવી જોઇએ, તેથી જ આપણી હીલચાલમાં કશું ખાનગી હોવું ન જોઇએ, અને તે સંપૂર્ણ અહિંસક રહેવી જોઇએ. લોકોના હાથે જે ક્રાંતિનું નિર્માણ થાય અને તે પણ કેવળ અહિંસક રીતે—આવી જ ક્રાંતિ ખરા લોકશાસનની સૂચક બને છે. તેથી જ આપણી કોંગ્રેસનું તંત્ર લોકશાસિત બંધારણ ઉપર રચાયેલું છે. ખરી રીતે જો લોકશાસન સાચા સ્વરૂપે પ્રગટ કરવું હોય, અને, તેને પુરેપુરૂં અસરકારક બનાવવું હોય, અને આ લોકશાસન કેવળ ઔપચારિક અને બંધારણના ચોકઠામાં જકડાઇ બેઠેલું ન બને એની જો અપેક્ષા રાખવામાં આવતી હોય તો તે લોકશાસન અહિંસાના પાયા ઉપર જ રચાવું જોઇએ. અને અહિંસા પણ જો કેવળ દેખાવની કે શબ્દોની ન હોય તો તેમાંથી લોકશાસનનો જ જન્મ થવો જોઇએ. અહિંસા અને સરમુખત્યારી એ પરસ્પર વિરોધી વસ્તુઓ છે.

કોંગ્રેસનું આ લોકશાસનપ્રધાન સ્વરૂપ આજે આપણે બદલી શકીએ તેમ નથી તેમજ એમ કરવું તે ઇચ્છવા યોગ્ય પણ નથી. આ કારણથી આપણે સ્પષ્ટ સમજી લઇએ કે આપણે આ દેશમાં રાજકીય લોકશાસન સ્થાપવાની પ્રતિજ્ઞા લીધી છે અને આપણું સ્વરાજ્ય પણ લોકશાસનના પાયા ઉપર જ રચાવાનું છે. આપણું સ્વરાજ્ય ગમે એટલી કોઇ એક મહાન વ્યકિતનું કે ગમે એટલા જગવિખ્યાત એક કુટુંબનું શાસન નહિ હોય. એવી જ રીતે એ સ્વરાજ્ય ઉપર કોઇ ચોક્કસ કોમ, સંપ્રદાય કે વર્ગનું એકાંત વર્ચસ્વ સ્થપાયેલું નહિ હોય. એ લોકોનું જ શાસન રહેવાનું, લોકોથી જ ચાલવાનું અને લોકો માટે જ સદા કાર્યમાણ હોવાનું. આપણને અનુભવથી માલુમ પડયું છે કે જે લોકશાસન એક યા અન્ય પ્રકારની

આર્થિક સમાનતાના પાયા ઉપર રચાયલું નથી હોતું તે રાજકીય લોકશાસન દુનિયાભરમાં ધીમે ધીમે અર્થ વિનાનું ખાલી ખોખું જ બની જાય છે. જે સમાજમાં આર્થિક અસમાનતાઓ બહુ મોટા પ્રમાણમાં જડ ઘાલીને બેઠેલી હોય છે તે સમાજમાં લોકપ્રતિનિધિત્વના તત્વનો બહુ અર્થ હોતો નથી. આપણે જાણીએ છીએ કે મોટા મુડીવાદી દેશો કરતાં નોર્વે, સ્વીડન અને ડેન્માર્ક જેવા નાના દેશો વધારે વાસ્તવિક લોકશાસન ભોગવતા હોય છે. અને તેનું કારણ એક જ છે કે તે તે દેશોનું લોકશાસન વધારે બહોળી આર્થિક સમાનતાના પાયા ઉપર રચાયલું હોય છે.

પણ આ આર્થિક સમાનતા બે પ્રકારની હોય છે. એક તો મોટા કેન્દ્રસ્થ ઉદ્યોગોના પાયા ઉપર રચાયલી સામ્યવાદી વ્યવસ્થા અને બીજી ઉદ્યોગોના સારા પ્રમાણમાં કરવામાં આવેલા વિકેન્દ્રીકરણના પાયા ઉપર રચાયલી અને પ્રજાના વિવિધ પક્ષના પ્રતિનિધિત્વને પુરો અવકાશ આપતી વ્યવસ્થા. હું એમ માનું છું કે જે સમાજની આર્થિક રચના કેવળ મોટા મોટા કેન્દ્રસ્થ ઉદ્યોગોને અવલંબીને નિર્માણ કરવામાં આવેલી હોય છે તે સમાજમાં રૂઢ થયેલી આર્થિક સમાનતાનું પરિણામ અમુક જ વ્યક્તિઓના હાથમાં બધી સત્તા કેન્દ્રિત કરવામાં આવે છે. પરિણામે અલ્પ જનોના હાથમાં બધી સત્તા કેન્દ્રિત થાય છે અને આપખુદી અને સરમુખત્યારી પણ એમાંથીજ ઉદ્‌ભવ પામે છે. જો રાજકીય હકુમતના ચાલુ અમલથી સત્તાધારીઓનું ધીમે ધીમે પતન થવાનો સંભવ રહે છે એવો આપણો અનુભવ હોય તો એની એ જ વ્યક્તિઓમાં રાજકીય તેમ જ આર્થિક હકુમત બંને કેન્દ્રિત થતાં ઉપર જણાવેલ અધઃપતનનું જોખમ બમણું વધી જવાનું મુડીવાદે લોકશાસનનો નાશ કર્યો છે, કારણ કે મુડીવાદી વર્ગે સીધી કે આડકતરી રીતે રાજકીય સત્તા કબજે કરી હતી. સામ્યવાદ પણ એ જ રીતે રાજકીય સરમુખત્યાર અને તેના સાથીદારોના હાથમાં આર્થિક હકુમતનો બધો કાબુ લાવી મૂકે છે. મુડીવાદ માફક અહિંઆ પણ લોકશાસનના માથે એટલું જ મોટું જોખમ ઝઝુમે છે.

ઉદ્યોગોનું વિકેન્દ્રીકરણ

એટલા માટે જો લોકશાસને પોતાનું અસ્તિત્વ ટકાવવું અને ચાલુ રાખવું હોય તો ગમે એવા ચુંટાયલા અને પસંદ કરાયલા રાજ્યકર્તા અથવા તો સત્તાધિકારીઓના હાથમાં સર્વ આર્થિક હકુમત કેન્દ્રીભૂત ન થાય એ રીતના ઉપાયો યોજવા જોઇએ. જો વ્યક્તિ માટેના સ્વતંત્ર પ્રવૃત્તિક્ષેત્રો સુરક્ષિત રહી ન શકે તો રાજકીય લોકશાસન પણ આખરે સરમુખત્યારી શાસનમાં ફેરવાઇ જવાનું જ.

આર્થિક ક્ષેત્રમાં કોંગ્રેસ હંમેશા વિકેન્દ્રિત ઉદ્યોગો ઉપર જ ખુબ ભાર મૂકતી આવી છે. બંગભંગની લડત બાદ આપણે ગ્રામોદ્યોગોને સજીવન કરવાની અગત્યને આગળ ધરતા આવ્યા છીએ. હિંદી રાજકારણમાં ગાંધીજીના પ્રવેશ બાદ આ વિચારસરણી ઉપર વધારે ને વધારે ભાર મૂકાતો આવ્યો છે અને તેમાંથી રાષ્ટ્રીય પુનર્રચનાના એક નકકર કાર્યક્રમનો જન્મ થવા પામ્યો છે.

રાષ્ટ્રીય પુનર્રચના

૧૯૩૯ માં કોંગ્રેસે પંડિત જવાહરલાલ નહેરૂના પ્રમુખપણા નીચે એક રચના સમિતિ—પ્લાનીંગ કમીટી—ની સ્થાપના કરી હતી. આ સમિતિ કેટલાય વર્ષથી કામ કરી રહી છે. તેણે કેટકેટલાં આંકડાઓ અને હકીકતો એકઠી કરેલ છે. આ આખી શ્રમપૂર્ણ સાધનાનો લાભ ઉઠાવવો જોઇએ. આ માટે વખત પાકી ગયો છે. પણ જ્યાં સુધી કયા ઉદ્યોગો કેન્દ્રિત રાખવા અને કયા ઉદ્યોગો વિકેન્દ્રિત રાખવા એ બાબતનો કોંગ્રેસ નિર્ણય ન કરે ત્યાં સુધી આ બધી મહેનતનો અમલી ઉપયોગ થઈ શકે તેમ નથી. જ્યાં સુધી આ કરવામાં નહિ આવે ત્યાં સુધી દરેક પ્રાન્ત પોતાને ઠીક લાગશે તે માર્ગે જશે. આજે પણ કોંગ્રેસી હકુમતવાળા પ્રાન્તોમાં મોટા ઉદ્યોગો પરત્વે એક પ્રકારની હરીફાઇ ચાલી રહી છે એમ મારૂં ધારવું છે. દરેક પ્રાન્ત બને તેટલી મીલો અને કારખાનાંઓ ઉભાં કરવા માંગે છે. કાપડનો ઉદ્યોગ વિકેન્દ્રીકરણ માટે સૌથી વધારે યોગ્ય છે એમ આપણે ધારતા હતા. પણ આ બાબતમાં પણ દરેક પ્રાન્ત બને એટલી નવી મીલો ઉભી કરવા માટે એકમેક સાથે હરીફાઇ કરી રહેલ છે. કેટલાક લોકો માને છે કે આજની વર્તમાન કાપડની તંગીમાં કાપડ ઉત્પન્ન કરવાનાં હરકોઇ સાધનોનો પુરો ઉપયોગ કરવો જોઇએ. આવો વિચાર આગળ ધરનારાઓ એ જોઇ શકતા નથી કે એમ કરવાથી નવા મુડીવાદી હિતો ઉભાં થવાનાં છે. ખાદી કાર્યકર્તા તરીકે હું માનું છું કે ઓછી મુડીએ અને ઓછી મહેનતે અને વધારે ટુંકા સમયમાં ચરખાને અને હાથસાળને પ્રોત્સાહન આપવાથી મીલ કરતાં વધારે બહોળા પ્રમાણમાં કાપડ પેદા થઇ શકે તેમ છે. કાપડ ઉદ્યોગનો તો મેં માત્ર દાખલો જ આપ્યો છે. પણ કયા ઉદ્યોગો કેન્દ્રિત ધોરણે ચલાવવા અને કયા ઉદ્યોગો વિકેન્દ્રત ધોરણે ચલાવવા એ બાબતમાં મસલત કરવાનો અને નિર્ણય લેવાનો સમય હવે ભરાઇ ચુકયો છે.

વીજળીના ઉપયોગને અવકાશ

જ્યારે હું વિકેન્દ્રિત ઉદ્યોગોની વાત કરી રહ્યો છું ત્યારે માત્ર હાથથી ચલાવવાના યંત્રોના ઉપયોગનો જ હું વિચાર નથી કરતો. પોતાના ઘરમાં અને ગામડામાં કામ કરનાર કારીગરની ઉત્પાદનશક્તિ વધે અને તેનું કાર્યક્ષેત્ર વિસ્તૃત બને એ હેતુથી વીજળી શક્તિનો પણ સારી રીતે ઉપયોગ ભલે કરવામાં આવે. આંધોગિક ઝગડાઓ, હડતાળો તેમ જ કારખાનાનાં માલીકો કારખાનાં બંધ કરે અને તેને લીધે જે હાડમારીઓ ઉભી થાય એ બધાને લીધે થતી રાષ્ટ્રીય ધનની બરબાદી આ વિકેન્દ્રીકરણથી અટકશે. આ લાભ એટલો બધો દેખીતો છે કે તેનું વધારે વિવરણ કરવાની કશી જરૂર નથી. આવાં ઘર્ષણો જેટલે અંશે ઓછા થાય તેટલા અંશે લોકોમાં ભાઇચારો પણ જળવાઇ રહેશે. આ વિકેન્દ્રિત ઉદ્યોગોની સહકારી ધોરણે યોજના થઇ શકે છે. વસ્તુઓ ઉત્પન્ન કરનારી અને વસ્તુઓનું વેચાણ કરનારી સહકારી મંડળીઓ ઉભી કરવી જોઇએ. આજે ઉત્પાદન અર્થે સહકારી મંડળીઓ તુરતમાં ઉભી થઇ શકે તેમ ન હોય તો પણ જાહેર સંસ્થાઓ અને પ્રાન્તિક સરકારો તરફથી વસ્તુઓનું વેચાણ કરનારી મંડળીઓ જરૂર શરૂ થવી જોઇએ. ગામડાના માણસને વસ્તુઓ ઉત્પન્ન કરવામાં એટલી મુશ્કેલી નથી પડતી જેટલી મુશ્કેલી એ ચીજોને વેચવામાં અને સરખો ભાવ ઉપજાવવામાં તેને પડે છે.

ખેતીવાડી અને ખાધખોરાકીના પ્રશ્ન.

આપણી ખેતીએ પણ વિકેન્દ્રિત ઉદ્યોગના ધોરણને અનુસરવું જોઇએ. ખેતરો ઉપર ખેડુતોની માલેકી જ સ્થપાવી જોઇએ. વળી ગામડાનું આખું કુટુંબ પોષાય તે કરતાં કોઇ પણ ખેતરના, વારસો, દેવું કે બીજા કોઇ કારણે વધારે નાના ભાગલા થવા ન જોઇએ. વિકેન્દ્રિત ઉદ્યોગે અને ખેતીએ એકમેકની પુરવણી કરવી જોઇએ. ઉત્પાદનની બાબતમાં તેમજ ઉગેલા પાકનો બજારોમાં નીકાલ કરવાની બાબતમાં સહકારી ધોરણ ઉપર ખેતીની ગોઠવણ થવી જોઇએ. કોંગ્રેસે તો ખેડુત અને રાજ્ય વચ્ચે રહેલા વચગાળાના દલાલો તેમજ વ્યાપારીઓનો છેદ ઉડાડી દેવાની નીતિ સ્વીકારેલી જ છે. હમણાં જ અખિલ હિંદ મહાસભા સમિતિમાં રજુ થયેલા કારોબારી બહારના સભ્યના એક ઠરાવને અનુલક્ષીને કારોબારી સમિતિએ નિર્ણય કર્યો હતો કે આજે પ્રવર્તતી જમીનદારી પદ્ધતિને નાબુદ કરવા માટે પ્રાન્ત પ્રાન્તની સરકારે અખિલ હિંદ મહાસભા સમિતિની કચેરી ઉપર પોતપોતાની યોજનાઓ ઘડીને મોકલી આપવી. આ રીતે એકઠી કરવામાં આવેલી યોજનાઓને વ્યવસ્થિત આકા-

રમાં ગોઠવીને કૉંગ્રેસની કારોબારી સમિતિ સમક્ષ વિચારણા માટે રજુ કરવામાં આવશે. મને આશા છે કે કારોબારી સમિતિના આ બાબતને લગતા નિર્ણયો તુરતા તુરત અમલમાં મૂકવામાં આવશે અને આપણી ખેતીવાડીને લગતી આર્થિક રચનામાંથી વચગાળાના માણસોને કેવી રીતે રૂબસદ આપવી તે વિષે એક સર્વગ્રાહી યોજના તૈયાર કરવા માટે વિશિષ્ટજ્ઞોની એક સમિતિ નીમવામાં આવશે. આજ વિશિષ્ટજ્ઞોની સમિતિ નક્કી કરેલી યોજનામાં જુદા જુદા પ્રાન્તની જરૂરિયાતો મુજબ કેવા સુધારા વધારા કરવા એ વિષે પણ યોજનાઓ રજુ કરશે.

સંયુકત પ્રાન્તની ધારાસભામાં જમીનદારી પદ્ધતિ નાબુદ કરવા માટે એક બીલ ત્યાંના પ્રધાનમંડળ તરફથી થોડા સમયમાં રજુ કરવામાં આવશે. આ સંબંધે ત્યાંની ધારાસભામાં પસાર થયેલા ઠરાવ અનુસાર બીલ તૈયાર કરવા માટે એક કમીટીની નીમણુંક પણ કરવામાં આવી છે. એ બીલ સરળતાથી પસાર કરવામાં આવશે એવી આશા રાખવામાં આવે છે. આ બીલમાં જેની જેની જમીન ખાલસા કરવામાં આવે તેને તેને વ્યાજબી બદલો આપવાની ગોઠવણ હોવાથી જમીનદારોએ આ સામે વાંધો ઉઠાવવાનું કશું જ કારણ રહેતું નથી.

જે ખાધખોરાકીના પ્રશ્ને વિગ્રહ દરમિયાન ભારે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું તે જ પ્રશ્ન આજે પણ હજુ ઓછી ચિંતાનો વિષય નથી બન્યો. હજુ પણ પરદેશો આપણને જે કાંઇ આપવાની મહેરબાની કરે તેની ઉપર જ આપણો આધાર રાખવાનો રહે છે. આપણા જીવનની આત્યન્તિક જરૂરિયાતો સંબંધમાં પરદેશો ઉપર આધાર રાખવાની આપણી શોચનીય સ્થિતિનો અંત આવવો જોઇએ. ખેતીવાડી સંબંધમાં જરૂરી સુધારાઓનો અમલ શરૂ થતાં હિંદની આજની વસ્તીને તેમ જ તેમાં હવે પછી થનારા વધારાને ખોરાકની બાબતમાં પહોંચી વળવાનું કામ મુશ્કેલીભર્યું રહેવું ન જોઇએ. આપણી ખેતીવાડીની પેદાશ બહુ જ નીચા દરજ્જાની છે. જાપાનમાં જ્યારે દર એકરે ૩૯૦૯ રતલ ચોખા પેદા કરવામાં આવે છે ત્યારે હિંદમાં દર એકરે સરેરાશ ૯૩૯ રતલ ચોખા પેદા થાય છે. જ્યારે જાપાન દર એકરે ૨૦૧૦ રતલ ઘઉં પેદા કરે છે ત્યારે હિંદની ઘઉંની પેદાશ દર એકરે માત્ર ૭૭૪ રતલ હોય છે. અહિંઆ સુનિયોજિત ખેતીવાડી–સંશોધનના પ્રદેશમાં આપણે ઘણું મોટું ખેડાણ કરવાનું રહે છે. આ દેશમાં પુષ્કળ પડતર જમીન છે કે જેને કુવા તથા નહેરના પાણીની મદદ વડે તેમ જ સારા ખાતર વડે ફળદ્રુપ બનાવી શકાય. અનાજ આપનારા અને દ્રવ્યોપાદક પાક વચ્ચે દેશની પરિસ્થિતિ ધ્યાનમાં લઇને સાચી સમતુલા ઉભી કરવી જોઇએ અને બને ત્યાં સુધી બન્ને પ્રકારના પાકમાંથી ખેડુતને સરખો નફો મળે એવી ગોઠવણ વિચારવી જોઇએ. જો એમ કરવામાં નહિ આવે તો જેમાં ઓછી કમાણી હોય તેના બદલે વધારે કમાણી વાળો પાક છોડી દેવા માટે ખેડુતને સલાહ આપવાથી, લોભલાલચ આપવાથી કે તેને તે મુજબ કરવાની ફરજ પાડવાથી જ માત્ર આપણું કામ બહુ આગળ ચાલશે નહિ.

દુષ્કાળને કેમ ટાળવો ?

ખેતીવાડીની દ્રષ્ટિએ દેશના એવી રીતે નાના મોટા ભાગલા કરવા જોઇએ કે જેથી તે વિભાગમાં વસતા માણસોના ભરણપોષણની જરૂરિયાતો પુરતો તે વિભાગ પુરેપુરો સ્વાવલંબી બની શકે. આજના દુષ્કાળને હઠાવવાનો અને ભવિષ્યમાં દુષ્કાળના ભયથી મુક્ત રહેવાનો આજ એક ઉત્તમ માર્ગ છે. આ દરેક વિભાગ ત્યાં વસનાર પ્રજાજનો માટે મુકતાહારને લગતી બધી વસ્તુઓ પુરતા પ્રમાણમાં પેદા કરે એ બાબતની પુરી સંભાળ લેવી જોઇએ. ખેડુતવર્ગ કે જે આપણા દેશનું ખરું પીઠબળ છે તેને જો વૈજ્ઞાનિક દૃષ્ટિએ જેને યુકતાહાર કહેવામાં આવે છે તે યુકતાહાર વાળા દૈનિક બે ભોજન ન મળે તો તે વર્ગનું આરોગ્ય સુધરી શકે નહિ. જો યોગ્ય ખોરાક મળે તો જ ગામડાના લોકોનું આરોગ્ય અને સ્વચ્છતા સુરક્ષિત રહી શકે. યુકતાહારના વિષયમાં હજુ ઘણું વધારે સંશોધન જરૂરી છે. ગાંધીજીનો આપણે ઉપકાર માનીએ કે આ દિશાએ શુભ શરૂઆત કરવા માટે તેમની રાહબરી નીચે ઠીક ઠીક કાર્ય થઇ ચુકયું છે.

આજે મધ્યસ્થ સરકારમાં ખોરાકી ખાતાના પ્રધાન તરીકે આપણા માનવંતા નેતા બાબુ રાજેન્દ્રપ્રસાદ છે. તેઓ જેટલા પોતાના કાર્યમાં સાવધાન છે તેટલા જ સહૃદય છે. તેઓ આજની આપણી મુશ્કેલીઓ તો જરૂર વટાવી જશે એટલું જ નહિ પણ ખોરાક જેવી વસ્તુ માટે આજે આપણને પરદેશીઓના બારણાં ઠોકતાં જવું પડે છે તેમાંથી આપણે હંમેશાને માટે ઉગરી જઇએ તેવી વ્યવસ્થા પણ તેઓ જરૂર ઉભી કરી શકશે એ વિષે મને લેશમાત્ર શંકા નથી.

સામ્રાજ્યવાદ અને આન્તરરાષ્ટ્રીય ધર્ષણો

આજની દુનિયામાં સ્થળે સ્થળે મોટા પાયા ઉપર આર્થિક પુનર્ઘટના કરવામાં ન આવે તો જેવી રીતે સાચું લોકશાસન સંભવતું નથી તેવી રીતે સમયે સમયે જેમાંથી વિશ્વવિગ્રહો પેદા થાય છે તેવી આંતરરાષ્ટ્રિય હરિફાઇઓ સાથે પણ લોકશાસનનો કોઇ રીતે મેળ બેસે તેમ નથી. વિગ્રહના સમયમાં હંમેશા સર્વસત્તાઓને કેન્દ્રીભૂત કરવામાં આવે છે, લડાઇ આવે છે ત્યારે રાજકારણી નેતાઓ અને સત્તાધિકારીઓની સત્તામાં ખૂબ વધારો થાય છે, પ્રજાજીવનના સ્વાતંત્ર્યનું રૂંધન કરવામાં આવે છે, વ્યાસપીઠ કે છાપાઓ તેમજ રેડીઓ દ્વારા સ્વતંત્ર રીતે મળવા હળવાના તથા પોતાના વિચારો સ્વતંત્ર રીતે પ્રગટ કરવાનાં હકકો ઉપર મોટા કાપ મુકવામાં આવે છે. આજની લડાઇઓ વિશ્વવ્યાપી બની બેસે છે. આવા સમયે બહુ થોડા દેશો તટસ્થ રહી શકે છે. તટસ્થ દેશોમાં પણ લડાઇનો ભય આમજનતાના સ્વાતંત્ર્યને છીનવી લે છે અને રાજકીય નિયંત્રણની સીમાને ખૂબ વિસ્તૃત બનાવે છે. તેથી જો સાચા લોકશાનની પૂર્ણ સ્વરૂપ આપણા વચ્ચે સ્થાપના કરવી હોય તો આંતરરાષ્ટ્રિય અથડામણ અને વિગ્રહના સ્થાને પરસ્પર સદ્‌ભાવ અને સહકારની પ્રતિષ્ઠા થવી જોઇએ. કોઇ એક પ્રજાનું લડાઇ પ્રત્યે કેવું વળણ છે એટલા ઉપરથી આ સમસ્યાનો ઉકેલ આવી શકે તેમ નથી.

પછી જ્યાં સુધી આ દુનિયામાં સામ્રાજ્યો અસ્તિત્વ ધરાવે છે–પછી તે ફાસીસ્ટ હોય, લોકશાસિત હોય કે સમાજવાદી હોય–ત્યાં સુધી વિગ્રહ એ જ માત્ર આંતરરાષ્ટ્રિય હરિફાઇઓને ઠેકાણે લાવવાનો ઉપાય રહેવાનો. હું જ્યારે સમાજવાદી સામ્રાજ્યોનો ઉલ્લેખ કરું છું ત્યારે કોઇ એવો વાંધો ઉઠાવશે કે સમાજવાદ અને સામ્રાજ્યવાદ એ પરસ્પર–વિરોધી શબ્દો છે. પણ એ રીતે તો લોકશાસન અને સામ્રાજ્યવાદ પણ પરસ્પર વિરોધી શબ્દો છે અને એમ છતાં પણ સામ્રાજ્યવાદી લોકશાસનો ઉભા થયેલાં આપણી આંખ સામે આપણે જોઇ રહ્યા છીએ.

લોકશાસન માફક સમાજવાદનો પણ સામ્રાજ્યવાદ સાથે રાજકીય તેમ જ આર્થિક મેળ મળી શકે છે. બોલશેવિક રશિઆએ પણ દુનીયાને હજુ પ્રતીતિ કરાવવાની રહે છે કે પાડોશી રાજ્યોને સદા પીડારૂપ બનવાની ઝારની નીતિનો રશીઆએ ખરેખર ત્યાગ કર્યો છે. ઈંગ્લાંડની સમાજવાદી સરકાર પોતાના તાબાના મુલકો ઉપરની હકુમત છોડી દેવાના કોઇ ખત્રી લાયક ચિન્હો દાખવતી નથી. હિંદુસ્તાનમાં તેણે જે પગલાં લીધાં છે તે બહુ ઢીલાં અને કચવાતાં મનનાં છે, અને એવો માન્યતાને ટેકો આપી રહ્યાં છે કે સામ્રાજ્યવાદનો ત્યાગ કરવાની ખરા દિલની ઇચ્છાથી તેઓ આ બધું કરે છે એમ નથી, પણ આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિ જ તેમને આવાં પગલાં ભરવાની ફરજ પાડી રહી છે.

આ બધાનો સાર કાઢીએ તો આપણી આઝાદીની હીલચાલ કે જે અહિંસા સાથે જોડાયેલી છે અને લોકોનું કલ્યાણ સાધવું એજ જેનું ધ્યેય

છે તેનો જે રીતે ઐતિહાસિક વિકાસ થઇ રહ્યો છે તે એવા પ્રકારની સમાજ વ્યવસ્થા ઉભી કરવાની અપેક્ષા રાખે છે કે જે સમાજ-વ્યવસ્થા કોઇ પણ પ્રકારના શોષણથી મુકત હશે, જે પ્રજામતને અનુસરીને ચલાવવામાં આવતી હશે અને આંતરરાષ્ટ્રિય સહકારને અને સુલેહશાંતિને જે સદા અનુકુળ હશે. આવા સમાજની રચના જે કાળ અને યુગમાં આપણે જીવી રહ્યા છીએ તેના ઉંચામાં ઉંચા આદર્શોને સર્વ પ્રકારે અનુરૂપ હશે. ગાંધીજીની આગેવાની નીચે કોંગ્રેસ પણ આ હેતુઓ સિદ્ધ કરવા માટે કાર્ય કરી રહી છે. હવે કોંગ્રેસે આ હેતુઓને વધારે સ્પષ્ટ કરવા જોઇએ, અને તે સિદ્ધ કરવા માટે વધારે દિલ દઇને કામ કરવું જોઇએ, અને એ ધ્યેય સિદ્ધ કરવા માટે પોતાને મળેલી નવી સત્તાનો પુરેપુરો ઉપયોગ કરવો જોઇએ.

આજની કટોકટીની સ્થિતિ

આજે મધ્યસ્થ તંત્રમાં અમુક પ્રકારની રાષ્ટ્રિય સરકારની સ્થાપના થઇ છે અને પ્રાંતોમાં પ્રજાએ ચુંટેલા પ્રધાનમંડળોની પણ હકુમતો સ્થપાઇ ચુકી છે. થોડા સમયમાં હિંદ માટે નવું બંધારણ ઘડવાને આપણે એકઠા મળીશું. આઝાદી આપણા હાથમાં આવી ન હોય તો પણ નજર સમીપ તો જરૂર આવીને ઉભી છે. અંગ્રેજોનો ગમે તેવો ઇરાદો હોય તો પણ આઝાદીથી આપણને તેઓ હવે વંચિત રાખી શકે તેમ છે જ નહિ. જો આજે આપણે આપણું ધ્યેય સિદ્ધ નહિ કરીએ તો તેમાં દોષ આપણો જ હશે. આ કટોકટીના વખતે કરવા યોગ્ય ન કરવામાં આવે અને ન કરવા યોગ્ય કરવામાં આવે એવી આપણી જ ભૂલોનું તે પરિણામ હશે. જ્યારે દર્દ જોરમાં હોય ત્યારે નહિ પણ જ્યારે દર્દનાં વળતાં પાણી હોય ત્યારે જ દર્દી સૌથી મોટા જોખમમાંથી પસાર થતો હોય છે. એ પ્રસંગે ડોકટરની ચોકી ઢીલી પડે છે અને દર્દીએ પોતે જ પોતાની સંભાળ લેવાની હોય છે.

આપણે આવી કટોકટીની સ્થિતિમાંથી પસાર થઇ રહ્યા છીએ અને તેમાં પણ ખુરી બાબત એ છે કે આપણા દુશ્મનો ભારે હુંશિયાર અને ચકોર છે. હિંદુસ્થાનમાં પોતાનો શાહીવાદી વ્યવસાય હિંદીઓની મારફત જ ચલાવવાનું અંગ્રેજો માટે શકય બન્યું છે એમાં જ હિંદમાંના બ્રિટીશ શાહીવાદનું બળ રહેલું છે. હિંદુસ્થાન હિંદી ધન, હિંદી સાધનસામગ્રી, હિંદી સૈનીકો અને ઘણીવાર હિંદી બુદ્ધિબળથી જ જીતાયેલું છે. આપણે ત્યાં પારવિનાના ભાગલા અને મતભેદો છે અને જ્ઞાતિ, કોમ, ધર્મ અને પક્ષના સ્વાર્થો આગળ રાષ્ટ્રના વ્યાપક હિતોને ગૌણ ગણવાને આપણે ટેવાયેલા છીએ એ આપણી મોટી કમનસીબી છે. જે વફાદારી સમસ્ત રાષ્ટ્ર પ્રત્યે આપણે દાખવવી જોઇએ તે વફાદારી નાના નાના વર્ગો સાથે જોડાયેલી હોય છે. આજ આપણી મોટી નબળાઇ છે.

પ્રજા ઉપર બળજોરીથી લદાયલી નહિ પણ સ્વાભાવિકપણે વિકાસ પામેલી એકતા એ જ સર્વ રાજકારણી સદ્‌ગુણોમાં સૌથી મોટો અને મહત્ત્વનો સદ્‌ગુણ છે. આ બાબતમાં અંગ્રેજ પ્રજા માત્ર હિંદીઓથી નહિ પણ યુરોપના બીજા સર્વ દેશો કરતાં ચઢી જાય છે. તેમના ઇતિહાસના દરેક કટોકટીના પ્રસંગે અંગ્રેજો પોતાની અંદર રહેલા ધાર્મિક કે કોમી ભેદોને ભુલી ગયા છે. સોળમી સદી જેટલા દૂરના ભૂતકાળમાં પણ જ્યારે સાંપ્રદાયિક ભેદોમાંથી લડાઇઓ ઉભી થઇ રહી હતી અને કેથોલીકો પ્રોટેસ્ટન્ટો પ્રત્યે જેઓ ખ્રીસ્તી ન હોય તેમના કરતાં પણ વધારે તિરસ્કારથી જોતા હતા અને ધૃણા દાખવતા હતા એ સમય દરમિયાન જ્યારે સ્પેનના કેથોલિક શહેનશાહે ઇંગ્લાંડ ઉપર ચઢાઇ કરવા માટે એક ગંજાવર કાફલો મોકલ્યો અને ઇંગ્લાંડનો કીનારો ભારે જોખમમાં મુકાયો ત્યારે આ પરદેશી હુમલાનો સામનો કરવા માટે અંગ્રેજ કેથોલીકો–જો કે તેમના ઉપર ભારે ત્રાસ ગુજારવામાં આવતો હતો તો પણ–પોતાના પ્રોટેસ્ટન્ટ દેશબાંધવો સાથે ખભે ખભો મેળવીને ઝુઝયા અને પોતાના દેશને ઉગાર્યો. આ તેમની પરંપરા આજ સુધી પણ એકસરખી ચાલુ છે. છેલ્લા વિશ્વ દરમિયાન પણ જ્યારે દેશની કટોકટીભરી સ્થિતિ વચ્ચે અન્યોન્ય સહકારની પુરી આવશ્યકતા છે એમ લાગ્યું ત્યારે સમાજવાદીઓએ પ્રત્યાઘાતી, તુંડમીજાજી અને કોમી અભિમાનથી ભરેલા ચર્ચહીલ જેવાની નીચે કામ કરતાં જરા પણ સંકોચ દાખવ્યો નહોતો. પણ આપણા હિંદમાં નાના સરખા ભેદો અભેદ્ય દિવાલો ઉભી કરે છે; સર્વસામાન્ય બાબતો ભુલી જવાય છે; અને અંદર અંદરના નાના નાના મતભેદો ઉપર ખુબ ભાર મૂકવામાં આવે છે. જો આપણે જીવવું હોય અને એક પ્રજા તરીકે આગળ વધવું હોય તો આ આપણી પ્રકૃતિમાં જડ ઘાલી બેઠેલી વિભાગ-પ્રેરક વૃત્તિને હઠાવવી જોઇએ.

કોમી મતભેદો

આજે આપણે ત્યાં જે કોમી મતભેદો પ્રવર્તી રહેલા છે અને ખાસ કરીને બે મુખ્ય કોમો–હિંદુ અને મુસલમાનો–વચ્ચે જે કોમી અથડામણ ચાલી રહી છે તે આપણી આઝાદીના માર્ગમાં મોટામાં મોટું ભયસ્થાન છે. ભૂતકાળમાં પરદેશી પ્રજાએ આનો પુરેપુરો લાભ ઉઠાવ્યો છે. આજે પણ એજ એનું બેલડું અવલંબનસ્થાન રહેલું છે. હિંદુઓ અને મુસલમાનો–એ બે ભિન્ન ભિન્ન પ્રજાઓ છે એમ વિચારવું એ ઇતિહાસવિરૂદ્ધ છે, અવૈજ્ઞાનિક છે, ભૂગોળ-વિરૂદ્ધ છે અને કેવળ અસ્વાભાવિક છે. તેમના સામાજિક, રાજકીય તેમજ આર્થિક હિતો તેમજ સ્વાર્થો એક સરખા છે. એ બન્ને વચ્ચે સમાન તત્ત્વો પારવિનાનાં છે. તેમની વચ્ચેના ભેદક તત્વો સહેલાઇથી નીકાલ થઇ શકે તેવાં અને કેવળ ઉપરછલ્લાં છે. પોષાકનો અકસ્માત્ બાદ કરો અને તે પણ પ્રાન્તે પ્રાન્તે ભિન્ન ભિન્ન હોય છે તો આ બાબતથી બીનવાકેફગાર પરદેશી આ હિંદુ છે અને આ મુસલમાન છે એ રીતની તારવણી કરી શકે તેમ છે જ નહિ. હિંદની બહાર હિંદ એક અને અખંડ દેશ તરીકે જ ઓળખાય છે. જ્યાં સુધી આખા હિંદુસ્થાન ઉપર પોતાની હકુમત સ્થપાય નહિ ત્યાં સુધી બહારનો કોઇ વિજેતા આ દેશમાં પોતાની જાતને સહીસલામત લેખી શકતો નહોતો. આ દેશનો કોઇ રાજ્યકર્તા જ્યાં સુધી આ પુરાણી ભૂમિના સર્વે પ્રદેશો ઉપર પોતાનું વર્ચસ્વ સ્થાપી શકતો નહોતો ત્યાં સુધી પોતાને સ્વયંસંપૂર્ણ રાજ્યસત્તા–ક્ષેત્ર પ્રાપ્ત થયું છે એમ તે કદિ માનતો નહિ. પ્રાચીન મૌર્ય વંશોની કે ગુપ્ત વંશોની તેમજ અર્વાચીન મોગલોની–ગમે તેની હકુમત હોય પણ હિંદી ઇતિહાસના એ ગાળાઓ જ પુરી આબાદીવાળા જોવામાં આવે છે કે જે ગાળાઓ દરમિયાન એક જ સરકારી તંત્ર નીચે આખું હિંદુસ્થાન જોડાયલું હતું.

હિંદી જાગૃતિ.

જો કે આજની પરદેશી હકુમતે પરદેશી શિક્ષણની અસ્વાભાવિક પદ્ધતિવડે અને પોતાની તાકાત બતાવી શકાય એવી સર્વ તકોથી સમસ્ત પ્રજાને વંચિત રાખીને હિંદીઓની બુદ્ધિને કુંઠિત કરી નાંખી છે, એમ છતાં પણ હિંદને એક સર્વસામાન્ય અન્યાય-પૂર્ણ હકુમત નીચે સુર્યાથિત કરવામાં આવ્યું છે એ હકીકતના બળ વડે જ વિચાર તેમ જ આચારના અનેક ક્ષેત્રોમાં પ્રજાની સર્જન શકિતના બળવાન પ્રવાહો વહેતા થયા છે. હિંદુસ્થાનમાં પુનરૂત્થાનનો યુગ શરૂ થયો છે. વસ્તુસ્થિતિ આ પ્રકારની હોઇને હિંદને હિંદુ અને મુસલમાન આમ બે પ્રજામાં વહેંચાયલું કલ્પવું એ કેવળ પ્રત્યાઘાતી છે અને દેશને પાછળ પાડનારૂં છે. આવો પ્રયત્ન કુદરતે અને ઇતિહાસે એકત્ર કર્યા છે તેને જુદા કરવાં બરોબર છે.

સિંધમાં મારા પોતાના ભત્રીજાઓ અને ભત્રીજીઓ છે કે જેઓ મુસલમાન છે. હું એક હિંદુ તરીકે હિંદી છું અને તેઓ મુસલમાન હોઇને કોઇ જુદી જ પ્રજાની અંગભૂત વ્યકિતઓ છે એવી હું કલ્પના સરખી પણ કરી શકતો નથી. તેમનામાંની એક નાની

સરખી કન્યાએ મને તાજેતરમાં જ આ મુજબ લખ્યું હતું: "કોઇ પણ હિંદી જે ઉંચામાં ઉંચા સન્માનસ્થાનની આકાંક્ષા સેવી શકે તેવા સ્થાનને પ્રાપ્ત કરવા બદલ અમો તમારું અભિનન્દન કરીએ જ છીએ. આ કોંગ્રેસ ગાદીને તમે અનેક ઉજ્જવળ સેવાઓ વડે શોભાવો એવી અમારી પ્રાર્થના છે. અમો જો કે પક્કા મોસ્લેમ લીગર છીએ તો પણ કોંગ્રેસ અને લીગ વચ્ચે આજની કક્ષાએ સમાધાની થાય એમ અમો અંતઃકરણથી પ્રાર્થના કરીએ છીએ."

આ વિષયના અનુસંધાનમાં મારા પુરોગામી રાષ્ટ્રપતિ મૌલાના અબુલકલામ આઝાદે હિંદી મુસ્લીમોને ઉદ્દેશીને જે કાંઈ કહ્યું હતું તેનું હું અહિં પૂનરાવર્તન કરવા ઇચ્છું છું. પોતાના પ્રમુખસ્થાનેથી કરેલા પ્રવચનમાં તેમણે કહ્યું હતું કે "આપણે હિંદી મુસલમાનો ભવિષ્યના આઝાદ હિંદને શંકા અને સંદેહની નજરે જોઇ રહ્યા છીએ કે ધૈર્ય અને વિશ્વાસની ભાવનાથી નિહાળીએ છીએ? .....ભવિષ્ય માટે આજે ગમે તેવી જાહેરાતો કરવામાં આવે, ગમે તેવી બંધારણીય બાંહેધરીઓ આપવામાં આવે—આ બધાથી આપણામાં રહેલ ભયો અને શંકાઓનું કોઇ કાળે નિવારણ થઈ શકવાનું નથી. આવી મનોદશા તો આ દેશમાં સ્થપાયલી ત્રીજી સત્તાના અસ્તિત્વને નીભાવી લેવાની જ આપણને ફરજ પાડવાની છે. આ ત્રીજી સત્તા અહિં ઘર ઘાલીને બેઠી છે અને અહિંથી ચાલી જવાનો તે કોઇ ઇરાદો ધરાવતી નથી. અને આપણે ભય અને શંકાના માર્ગે જ ચાલ્યા કરીએ તો તે સત્તાની હકુમત ચાલુ રહે એમ જ આપણે ઇચ્છ્યા કરવાનું રહેશે. પણ ભય અને શંકાને કોઇ સ્થાન નથી એમ જો આપણને પ્રતીતિ થઇ હોય અને ભાવી નિર્માણને આપણે પુરી શ્રદ્ધા અને ધીરજ વડે નિહાળવું અને સ્વીકારવું જોઇએ એમ આપણને લાગતું હોય તો આપણો કાર્યમાર્ગ તદ્દન સ્પષ્ટ બને છે. આપણે એક એવી નવી દુનિયામાં પ્રવેશ કરી રહ્યા હોઇએ એમ લાગે છે કે જે દુનિયા શંકા અને અનિશ્ચિતતા, નિષ્ક્રિયતા અને ઉદાસીનતાના કાળાં વાદળોથી મુક્ત હશે અને જ્યાં શ્રદ્ધાપ્રકાશ અને નિશ્ચયદૃઢતા, પુરૂષાર્થ અને ઉત્સાહ કદિ નિરર્થક નીવડવાનાં નથી."

જ્યારે મુસલમાનો હિંદમાં આવ્યા ત્યારે

ઇતિહાસના એક અભ્યાસી તરીકે આમાં હું એટલું જ ઉમેરીશ કે ઇસ્લામ મહાન છે એ હકીકત શ્રદ્ધા અને નિશ્ચય-શક્તિની ઉણપને લીધે નથી નીપજી. આજે મુસ્લીમ લીગ ભય અને શંકાથી જ બધું કાર્ય કરી રહી છે અને આખી મુસલમાન કોમને તેણે ભયગ્રસ્ત અને શંકાગ્રસ્ત બનાવી દીધી છે. જ્યારે મુસલમાનો હિંદુકુશ પર્વતની પહેલી બાજુએથી આ દેશમાં આવ્યા ત્યારે તેઓ માત્ર હજારોની સંખ્યામાં આવ્યા હતા. હિંદમાં વસતા લાખો હિંદુઓનો તેમને કોઇ ભય નહોતો. તેમના આગમન પાછળ અદમ્ય ઉત્સાહ હતો અને શ્રદ્ધાનું પ્રેરક બળ હતું. આજે તો હિંદની વસ્તીનો તેઓ ચોથો ભાગ છે. તેઓ એક લઘુમતી કોમ છે એમ કહેવું તે ખોટું છે. મૌલાના સાહેબે બરોબર કહ્યું છે તે મુજબ "હિંદી મુસલમાનો એક રાજકારણી લઘુમતીનું સ્થાન ધરાવે છે એથી અન્ય કોઇ વિધાન સત્યથી વધારે વેગળું હોઇ ન શકે. રાજકારણી ધોરણે વિચારતાં, જે કોમ સંખ્યાની દૃષ્ટિએ નાની હોય અને તેટલા ખાતર વિશિષ્ટ રક્ષણની અધિકારી ગણાવી જોઇએ એવો અર્થ લઘુમતી શબ્દનો કરવો ન જોઇએ. લઘુમતી શબ્દ તો એ કોમને અથવા તો એ વર્ગને લાગુ પાડી શકાય કે જે કોમ અથવા તો વર્ગ સંખ્યામાં એટલો બધો નાનો હોય અને જેમાં તેને તાકાત આપે તેવા ગુણોનો એટલો બધો અભાવ હોય કે તેને ઘેરી વળતા મોટા વર્ગ સામે પોતાનું રક્ષણ કરવાની પોતાની તાકાતમાં જેને વિશ્વાસ રહ્યો ન હોય. તેથી આ કાંઇ કેવળ સંખ્યાનો સવાલ નથી પણ બીજી બાબતો પણ ધ્યાનમાં લેવાની રહે છે. અગિયાર પ્રાન્તમાંથી ચાર પ્રાન્તો મુસ્લીમ બહુમતી ધરાવે છે. આમાં જો બ્રીટીશ બલુચીસ્તાન ઉમેરવામાં આવે તો મુસ્લીમ બહુમતીવાળા પાંચ પ્રાન્તો થાય. વળી ધાર્મિક વર્ગણાના ધોરણે આ પ્રશ્નનો વિચાર કરવાની આપણને ફરજ પાડવામાં આવે તો પણ મુસલમાનોની સ્થિતિ માત્ર લઘુમતી જેવી નથી રહેતી. જો તેઓ સાત પ્રાન્તોમાં લઘુમતી કોમની સ્થિતિ ધરાવે છે તો પાંચ પ્રાન્તોમાં બહુમતીનું સ્થાન ભોગવે છે. આમ હોવાથી 'અમે લઘુમતી કોમ છીએ' એવી લાઘવગ્રંથીથી સદા ક્ષુબ્ધ રહ્યા કરવાનો મુસલમાનો માટે કશો જ અર્થ નથી.'

આઝાદીનો દુશ્મન

હું તેથી એવો અભિપ્રાય ધરાવું છું કે જે હિંદુ મુસલમાનને પરાયો ગણે છે તે હિંદુ પોતાના ધર્મને નુકસાન કરે છે એટલું જ નહિ પણ હિંદની આઝાદી અને પ્રગતિનો તે મોટો દુશ્મન બને છે. એવી જ રીતે બીજી બાજુએ એક મુસલમાન જે આપણો જેવાજ રૂધિરમાંસનો બનેલો છે તે પણ જાણે કે આ હિંદની ભૂમિ ઉપર પરાયો માણસ હોય એમ માને અને વર્તે તો તે પોતાની કોમને તેમજ રાષ્ટ્રને એટલુંજ નુકસાન કરે છે. ધર્મ કે જે કેવળ અંગત બાબત હોવી જોઇએ એ બાદ કરતાં આપણી વચ્ચે બાકીનું સર્વ કંઇ સર્વસામાન્ય છે. ધર્મના પ્રશ્નો ઉપર ઝગડા કરવા એ તો જંગલી માણસની રીત છે. હું જાણું છું કે હિંદુઓ અને મુસલમાનો વચ્ચેનો આજનો ઝગડો ધર્મને લગતો નથી. એ કેવળ કોમી કલહ છે. બન્ને કોમની આમ જનતાને લાગતા વળગતા આર્થિક તેમજ રાજકીય પ્રશ્નો સાથે પણ એને કશી જ નિસ્બત નથી. લોકો તો કુશળ અને ઘણુંખરૂં હૃદયશૂન્ય રાજકારણી પુરૂષોના હાથમાં રમવાના રમકડાં જેવા હોય છે. આજની પરિસ્થિતિની આગળ પાછળ ગમે તે કારણો હોય તોપણ વર્તમાન તંગદીલી અને કડવાશની હકીકતને આપણે સ્વીકારવી જોઇએ અને એમાંથી કોઇ મોટી અથડામણ જન્મ ન પામે એવી રીતે આપણે આપણું નાવ હંકારવું જોઇએ.

અલગ મતાધિકાર અને આજની પરિસ્થિતિ.

મારી પ્રમુખ તરીકેની ચુંટણી જાહેર થયા બાદ મારા જાહેર નિવેદનમાં હું જણાવી ગયો છું કે 'મુસ્લીમ કે અન્ય કોઇ લઘુમતી કોમની બધી માંગણીઓને કોંગ્રેસે મંજુર કરવી જોઇએ પણ દેશના ભલાના ભોગમે હરગીજ નહિ. મારા મત પ્રમાણે દેશના ભલાને નુકસાન પહોંચે એવી માંગણી મંજુર કરવામાંથી જ આપણી આજની આફતો ઉભી થઇ છે. વળી જ્યારે શું નિર્ણય લેવો તેની સુઝ ન પડે ત્યારે પાયાના નૈતિક સિધ્ધાંતોને અનુસરીને ચાલવું એ જ ઉત્તમ માર્ગ છે. જ્યારે હકીકતો વિષે લેશમાત્ર સંદેહ ન હોય ત્યારે સિદ્ધાંતો સબંધમાં થોડી ઘણી માંડવાળ થઇ શકે છે. આજના કોમી કલહમાં રાષ્ટ્રવાદ અને લોકશાસનના સિધ્ધાંતો સંડોવાયેલા છે. ઐતિહાસિક દૃષ્ટિએ કોમીવાદ કરતાં રાષ્ટ્રવાદ વધારે ઉંચો સિદ્ધાંત છે. અને કોઇ પણ વર્ગના કે કોમના શાસન કરતાં લોકશાસન વધારે ઉચ્ચો સિધ્ધાંત છે. તેથી આપણે જે કંઇ કરીએ તેમાં રાષ્ટ્રવાદ અને લોકશાસનને હડહાવીને કોમીવાદી અને લોકશાસન-વિરોધી સિદ્ધાંતો આગળ આવે એવું કશું પણ થવા દેવું ન જોઇએ. આ રીતે વિચારતાં રાષ્ટ્રવાદવિરોધી અને લોકશાસનવિરોધી એવા અલગ મતાધિકારને સંમત કરવામાં કોંગ્રેસે ભારે ભૂલ કરી છે એ વિષે મને લેશમાત્ર સંદેહ નથી. અલગ મતાધિકારનાં લોકશાસન-વિરોધી અને રાષ્ટ્રવિરોધી સિધ્ધાંતને સ્વીકારવાની એ વખતે આપણે હિંમતપૂર્વક ના પાડી હોત તો આજની ઘણી અગવડો ઉભી થવા પામી ન હોત એમ હું ધારૂં છું.

આજનો કોમી કલહ.

દેશમાં ચાલી રહેલા કોમી કલહે માત્ર ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે એટલું જ નહિ તેમાંથી અનેક અનર્થોની પરંપરા જન્મ પામી રહી

છે. આજની આફતને વટાવી જવાના હેતુથી રાષ્ટ્રીયતા અને લોકશાસનના મૂળમાં ઘા કરે એવા કોઇ પણ સમાધાન–સિદ્ધાન્તોને આપણે સ્વીકારી લઇએ એ તદ્દન સંભવિત છે. જો આપણે એમ કરીશું તો આપણી પ્રજાનો તો આપણે દ્રોહ કરીશું એટલું જ નહિ પણ આખરે મુસલમાન કોમનો તેમ જ અન્ય કોમોનો પણ તેમ કરવાથી મોટો દ્રોહ થવાનો. આપણા મુરબ્બીઓ આ બાબતમાં પુરી સાવધાની રાખશે અને ભવિષ્યમાં રાષ્ટ્રવિરોધી કોઇ પણ સમાધાન કે સમજુતી સ્વીકારી લેવાની લાલચમાં નહિ પડે અને એવા કોઇ માર્ગે ઘસડાઈ નહિ જાય એવી હું આશા રાખું છું.

હું હમણાં જ પૂર્વ બંગાળ અને બીહારમાં જઇ આવ્યો. ત્યાં મેં જે કાંઇ જોયું તે છુપાવું તો હું રાષ્ટ્રનો ગુનેહગાર ગણાઉં અને જાહેર જનતા પ્રત્યેના ધર્મથી હું ચુકયો એમ લેખાય. જેઓ પૂર્વ બંગાળની કરૂણ ઘટના માટે જવાબદાર હતા તેમણે લોકોને એવો ખ્યાલ આપ્યો હતો કે પાકીસ્તાન બળજોરીથી સ્થાપી શકાય તેમ છે–"લડકે લેંગે પાકીસ્તાન," "મારકે લેંગે પાકીસ્તાન". કોમી પ્રશ્નનો બળજોરીથી નીકાલ લાવી શકાશે એવો ખ્યાલ જો એક વખત પણ લોકોના દિલમાં દાખલ થયો તો માત્ર હિંદ માટે જ નહિ પણ હિંદમાં વસતી સર્વ કોમો માટે એ એક ભારે કમનસીબ દિવસ લેખાશે.

અહિંસા એક નવી જ માન્યતા છે. તે હજુ વધારે પડતો બોજો સહન કરી શકે તેમ નથી. આજના સંયોગોમાં જો બંને પક્ષો કાંઇક સંયમ રાખે તો જ અહિંસાને સફળતા પ્રાપ્ત થઇ શકે. અને જો એક પક્ષ હથિયારબાજી અને મારમુંડ શરૂ કરે તો બીજા પક્ષને પણ કેવળ આત્મરક્ષણ ખાતર એજ પ્રકારની રીત અખત્યાર કરવાની ફરજ પડશે. જે લોકોએ સમુહ ધર્માન્તર, ફરજિયાત લગ્નો વગેરેનો ઉપદેશ કર્યો છે તેમણે આગ સાથે રમત ખેલી છે, હિંસા અને બળજબરીના આ પિશાચી કૃત્યો મુસલમાન મૌલવીઓની રૂબરૂમાં થયા હતા તે એક સત્ય હકીકત તરીકે હું જાણું છું.

પૂર્વબંગાળની કરૂણાપૂર્ણ ઘટના

પૂર્વ બંગાળાના પ્રવાસથી હું પાછો ફર્યો ત્યારબાદ મારા એક નિવેદનમાં મેં જે જણાવ્યું હતું તે હું અહિં ફરીવખત કહેવા માંગુ છું. 'કેટલાક લોકો એમ વિચારતા માલુમ પડે છે કે માનવીના માથે જે કાંઇ આફતો આવી પડે છે તેમાં પ્રાણહાનિ એ સૌથી મોટામાં મોટી આફત છે. પણ જેને સ્વમાન વહાલું છે એવા લોકો માટે તો પીસ્તોલ તાંકીને ધર્મ પરિવર્તન કરવાની તેમને ફરજ પાડવામાં આવે એજ સૌથી મોટી આફત લેખાવી જોઇએ. જેમને બળાત્કાર વડે ધર્માન્તર કરવાની ફરજ પાડવામાં આવી છે અને જે સ્ત્રીઓનું અપહરણ કરવામાં આવ્યું છે અને ત્યારબાદ જે સ્ત્રીઓ સાથે બળાત્કાર વડે લગ્ન કરવામાં આવેલ છે તે સર્વ સ્ત્રી–પુરૂષોને મારી નાખવામાં આવ્યા હત તો મારા અભિપ્રાય મુજબ બળજોરીને આધીન થવાં કરતાં તે ઓછી કરૂણાજનક ઘટના નીપજી લેખાત.

હું અહિંસામાં એકાન્તપણે માનવાવાળો છું. પણ જે વિષમ પરિસ્થિતિ વચ્ચે પૂર્વ બંગાળના લોકો મુકાયા હતા તે પરિસ્થિતિમાં હું મુકાયો હત તો મારો માનસિક પ્રત્યાઘાત કેવો હોત તે હું કહી શકતો નથી. જો કેળવાયલી અને સમજુ વ્યકિતઓ અસાધારણ ઉશ્કેરણી નીચે અનિષ્ટ પ્રત્યાઘાતોને આધીન બની બેસતા જોવામાં આવે છે તો લોકોના નાના મોટા સમુહો માટે તો આમ બનવું તદ્દન સ્વાભાવિક છે. આમ હોવાથી જે કોઇ હિંસાનો ઉપદેશ કરે છે, તેને સંમતિ આપે છે, તે તરફનું પ્રોત્સહન આપે છે કે તેનો ઉપયોગ કરે છે અને જે પ્રકારની હિંસાનું પૂર્વ બંગાળમાં આચરણ કરવામાં આવ્યું હતું તે પ્રકારની હિંસાને જે કોઇ ઉપર જણાવેલી કોઇ પણ રીતે વેગ આપે છે તે–પછી તે કોઇ વ્યકિત હોય, વર્ગ હોય, પક્ષ હોય કે કોમ હોય–દેશની મોટામાં મોટી કુસેવા કરે છે. તે માનવતાની વિરૂદ્ધ વર્તે છે. જો આપણે એક બીજાનાં ગળાં કાપવા હોય તો તે પણ આપણે માણુસજાતને શોભે તેમ બહાદુરીપૂર્વક અને કશા પણ છળકપટ વિના કરીએ અને નહિ કે એવી બાયલી અને જુગુપ્સાજનક રીતે કે જેથી આપણી અને પશુઓ વચ્ચે કશો પણ તફાવત રહેવા ન પામે.

પ્રતિવૈર

જો હું જુદી જુદી કોમના લોકોને આક્રમક હિંસાના માર્ગોથી પાછા હઠવાનું કહી રહ્યો હોઉં તો બીહારમાં બન્યું છે તેમ પ્રતિવૈર લેવાના બહાને હિંસાનો આશ્રય લેવા તત્પર બનતા લોકોને પણ મારે એટલા જ જોરથી ચેતાવવા જોઇએ. બે ખોટાં કામોથી પ્રત્યેક ખોટા કામનું ખોટાપણું રદ થઇ શકતું નથી. અને જે લોકોએ ખરેખર નુકસાન કર્યું હોય અને જે શિક્ષા પામવાને યોગ્ય હોય તે લોકો સામે મૂળ હુમલો લઇ જવામાં આવ્યો હોય તો પણ આખરે તો અનેક નિર્દોષ માણુસો જ મોટા ભાગે આ બદલો વાળવાની વૃત્તિના ભોગ બને છે. આ કોમી મારઝુડમાં તો–પછી તે આક્રમક હોય કે બદલો વાળવાના હિસાબે શરૂ થઇ હોય–માત્ર ગરીબ અને અસહાય લોકો જ તેના ખરા શિકાર બને છે. તોફાનના સંચાલકો તો હમેશા સહીસલામત જ રહે છે. પ્રજા પ્રજા વચ્ચેના યુદ્ધ માફક આ આન્તર વિગ્રહમાં હિંસાનો અનિયંત્રિત અને પિશાચી ઉપયોગ હિંદુઓ અને મુસલમાનો–ઉભયનો–સર્વતોમુખી વિનાશ કરતા અણુબોંબની ગરજ જ સારવાનો છે.

મધ્યસ્થ તંત્રની નિષ્ફળતા

મધ્યસ્થ તંત્ર બંગાળામાં વચ્ચે પડી ન શકયું. પરિણામે પ્રાંતો તદ્દન નિરંકુશ બની બેઠા છે. બંગાળાની પડોશમાં આવેલો બીહાર પ્રાંત કલકત્તામાં બીહારીઓની જે ખુવારી થઇ તે સામે વિરોધ ઉઠાવવાને હકદાર હતો. પૂર્વ બંગાળમાં હિંદુઓ સામે જે કાંઇ અત્યાચારો થઇ રહ્યા હતા અને જે સામે બંગાળાની સરકાર લગભગ આંખ આડા કાન કરી રહેલ છે એમ લાગતું હતું તેના પ્રત્યાઘાતો પોતાના પ્રાંત ઉપર કેવા પડી રહ્યા છે તે સંબંધમાં બીહારની સરકાર બંગાળાની સરકારનું ધ્યાન ખેંચવાને હકદાર હતી. બીહારની સરકારે બંગાળાની સરકારને સ્પષ્ટપણે જણાવી દેવું જોઇતું હતું કે બંગાળામાં પોતાના સમાનધર્મીઓના જે હાલહવાલ થઇ રહ્યા હતા તે કારણે બીહારના હિંદુઓ ખુબ ખળભળી રહ્યા હતા. બીહારના હિંદુઓએ મોટી હીલચાલ કરીને પોતાની સરકારને તેવું વલણ અખત્યાર કરવા માટે જને તેટલું દબાણ ઉભું કરવું જોઇતું હતું. આજ વ્યાજબી અને બંધારણસરનો માર્ગ હતો. જો મધ્યસ્થ તંત્ર પ્રાન્તોની આન્તર્ગત સહીસલામતી અંગે પોતાને જવાબદાર બનાવવામાં નિષ્ફળ નીવડે તો મારો તો એ સ્પષ્ટ અભિપ્રાય છે કે પ્રાન્તોની લોકનિયુકત સરકારોએ ભવિષ્યમાં આવી બાબતો અંદર અંદર મસલત કરીને પોતા થકી જ પતાવવી જોઇએ. જો તેઓ એમ કરે તો પ્રાન્તોમાં વસતી ભિન્ન ભિન્ન કોમો કાયદો પોતાના હાથમાં લઇને વેરઝેરની પતાવટ કરે તે કરતાં વધારે સારી રીતે પ્રાન્તની સરકારો આવી બાબતોની પતાવટ કરી શકે.

હિંસાની નિરર્થકતા

કોઇ પણ સંયોગોમાં હિંસા જુગુપ્સાજનક વસ્તુ છે અને તેથી કોઇ સારૂં પરિણામ આવવા સંભવ નથી. પણ લોકોના ટોળાની અવ્યવસ્થિત હિંસાનો હઠકવા તો એથી પણ વધારે ખરાબ છે. જે હેતુ માટે હિંસાનો આશ્રય લેવામાં આવે છે તે હેતુને તે હિંસા ઘાતક નીવડે છે. મને તો ભય રહે છે કે જો આજના હિંસા–પ્રતિહિંસાના હત્યાકાંડો ચાલુ જ રહે તો મોસ્લેમ લીગની આગેવાની ઇચ્છશે તો પણ પોતાના અનુયાયીઓને એ માર્ગેથી વાળી નહિ શકે. અને એવી જ રીતે કોંગ્રેસ પણ નિષ્ફળ નીવડવાની છે, જો

કે કોંગ્રેસે લોકોને હિંસાના હડકવાથી બચાવવા માટે પોતાથી બનતું કર્યું છે. વળી જો આમ બનશે તો હિંદ કોમી ધર્માંધોના બે લડાઈખોર વર્ગોમાં વહેંચાઈ જશે અને બ્રીટીશર બે બન્નેની પોતાની બેયોનેટથી ચોકી કરશે. અને હિંદની આઝાદીનો દિવસ અનિશ્ચિત ભાવીમાં કંઈ કાળ સુધી અગોચર બની જશે. જો આપણે આઝાદીની યોગ્યતા ધરાવીએ છીએ એમ પુરવાર કરવું હોય તો આપણે સાથે રહેતાં અને એકમેકની લાગણીઓને માન આપતાં શિખવું જોઇએ. હિંદુઓ અને મુસલમાનોની લઘુમતીઓ આખા દેશમાં પથરાયલી પડી છે. જ્યાં જે કોમની બહુમતી હશે તે કોમ અન્ય લઘુમતી કોમ પ્રત્યેની પોતાની નૈતિક જવાબદારીઓના ખ્યાલો ગુમાવી બેસશે તો એ બહુમતી કોમના રોષની ભભુકતી જવાળામાંથી પોલીસ કે લશ્કરનું ગમે તેટલું રક્ષણ અન્ય લઘુમતી કોમને હંમેશાને માટે અને અસરકારક રીતે બચાવી નહિ શકે. જો મુસ્લીમ બહુમતીવાળા પ્રદેશમાં હિંદુનો જાનમાલ સહીસલામત ન રહે અને હિંદુ બહુમતીવાળા પ્રદેશમાં મુસલમાનના જાનમાલ સહીસલામત ન રહે તો સભ્યતાભર્યું જીવન કેવળ અશકય બની જવાનું.

પાકીસ્તાન કોઇ ઉકેલ નથી

જનાબ ઝીણાના પાકીસ્તાનના સ્વપ્નાએ જો કે દેશમાં એક વિકટ સમસ્યા ઉભી કરી છે તો પણ તેથી કોમી પ્રશ્નનો કોઇ ઉકેલ સંભવતો નથી, કારણ કે પાકીસ્તાન સ્વીકારવામાં આવે તો પણ લઘુમતીઓનો પ્રશ્ન તો જેટલો ને તેટલો જ અણઉકેલાયો રહેવાનો છે. જો તેની પાકીસ્તાનની યોજનામાં હિંદુ તેમ જ મુસલમાન કોમની મોટા પાયા ઉપર ફેરબદલીની કલ્પના રહેલી હોય અને બધા મુસલમાનોને અમુક ચોકકસ પ્રદેશમાં એવી રીતે એકઠા કરવાના હોય કે તે મુસ્લીમ પ્રદેશમાં કોઇ હિંદુ, શિખ, ખ્રીસ્તી કે પારસીને રહેવાનું સ્થાન સરખું પણ ન હોય અને બાકીના હિંદુસ્થાનમાં કોઇ એક મુસ્લીમને રહેવાપણું પણ ન હોય તો તે યોજનાં અત્યન્ત ખરચાળ હોય, ત્રાસજનક હોય કે અમાંનુષી હોય એમ છતાં પણ આજના કોમી પ્રશ્નનો એ યોજનામાં એકાન્ત બુધ્ધિપુરઃસરનો ઉકેલ રહેલો છે એમ જરૂર કહી શકાય. મુસલમાનોની પોતાના 'ધર્મના અનુયાયીઓનું જ એક રાજ્ય જોઇએ' એ વાત કબુલ કરીએ તો પણ તેમના પ્રદેશમાં વસતા હિંદુઓ, શિખો અને અન્ય લઘુમતી વર્ગો ઉપર મુસલમાનોની હકુમત કોઇ પણ રીતે લાદી ન જ શકાય. આખા હિંદુસ્થાનમાં એ લઘુમતીઓને મુસલમાનો જેટલો આત્મનિર્ણયનો અધિકાર તો મળવો જ જોઇએ. અને હિંદનો બાકીનો ભાગ જેમને એ વિભાગમાં નાગરીકતાના હકકો પ્રાપ્ત થયેલા ન હોય એવા અન્ય પ્રાન્તમાં વસતી પ્રજાના બહોળા વર્ગોને પોતામાં સમાવી દે એવી અપેક્ષા પણ રાખી ન શકાય. જો મોસ્લેમ લીગ ધાર્મિક તેમ જ કોમી કારણોસર પાકીસ્તાનની માંગણી કરતી હોય તો તેનાં સર્વ પરિણામો સ્વીકારવાને તેણે તૈયાર રહેવું જોઇએ. 'સાર' એટલું ભાર" એવું તેનું એકાન્તદર્શી વળણ ચાલી ન જ શકે. આજની સમસ્યાનો આ એક ભયંકર ઉકેલ છે અને તે જેટલો હિંદુ હિતોને તેટલો જ મુસ્લીમ હિતોને અત્યન્ત નુકસાનકર્તા છે. પણ જે પ્રકારના કોમીવાદનો આજે મોસ્લેમ લીગ પોતાના અનુયાયીઓમાં પ્રચાર કરી રહેલ છે અને જેના પરિણામે સર્વસાધારણ સભ્ય જીવન વધારે ને વધારે વિકટ બની રહ્યું છે તે પ્રકારના કોમીવાદનું આ સીધેસીધું તાત્વિક પરિણામ છે.

આપણા પ્રજાકીય અને સામાજીક જીવનને છિન્નભિન્ન કરી રહેલ આજના કોમીકલહના ઝેરને હવે તો કોઇ પણ સંયોગમાં આપણે વધારે પસરવા દેવું ન જોઇએ. વળી ધાકધમકીથી ડરી જઇને વસ્તીના કોઇ પણ ભાગના વ્યાજબી હકકો ઝુંટવી લેવાની બીજા એક ભાગની હીલચાલને પણ કોઇ પણ સંયોગમાં આપણે ચાલવા દેવી ન જોઇએ. હું આશા રાખું છું કે બન્ને કોમમાં રહેલા ધર્માંધ વર્ગોના આગેવાનો આવા છેલ્લે પાટલે બેસવાના અને મધ્યકાલીન યુગને અનુરૂપ માર્ગે જવાને બદલે કાંઇક વધારે શાણપણ દાખવશે અને માનવતાની દૃષ્ટિએ આ બાબતનો વિચાર કરતા થશે. જો આ દેશમાં બે પ્રજાઓ અસ્તિત્વ ધરાવતી હોય તો તે બે પ્રજા હિંદુ અને મુસલમાન કોમમાં રહેલા અથવા તો હિંદની બધી કોમોમાં રહેલા શોષિત અને શોષક એવા બે વર્ગની જ બનેલી છે–આ નજરે દેખાતી વાસ્તવિક હકીકતનો આપણે સ્વીકાર કરી લઇએ તો આજની સમસ્યાનો ઉકેલ એકદમ સહેલો બની જાય છે. હિંદુ અને મુસલમાનો ઉભયનો એક સમાન શત્રુ છે અને તે છે દારિદ્ર્ય, દર્દો અને અજ્ઞાન. જે આપણું વાસ્તવિક સ્વરૂપ છે તે આપણે સમજી લઇએ તો આપણી વચ્ચે ઝગડાનું કોઇ કારણ રહેતું નથી.

આ બાબત મેં જરા લંબાણથી ચર્ચી છે, કારણ કે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ અને પ્રગતિના માર્ગમાં આ એક મોટામાં મોટો પ્રત્યાઘાત આવીને ઉભો છે. મુસ્લીમ લીગના પ્રતિનિધિઓ મધ્યસ્થ તંત્રમાં આવીને બેઠા છે અને કોંગ્રેસ સાથે દેશના રાજ્યવહીવટની જવાબદારીમાં ભાગ લઇ રહ્યા છે. તેથી હવે તો હું આશા રાખું છું કે કલકત્તા, પૂર્વ બંગાળ અને બીહારમાં અને ઓછા પ્રમાણમાં દેશના અન્ય ભાગોમાં જે હત્યાકાંડો ખેલાઇ ગયા છે તે ભૂતકાળમાં સમાઇ જશે અને એક જ માતૃભૂમિના સન્તાનો તરીકે ભ્રાતૃભાવ અને સહાકારની નિર્મળ ભૂમિકા ઉપર રાષ્ટ્રનું નવનિર્માણ સૂચવતા નવાલેખો આપણે સાથે મળીને લખીશું. અનુવાદક–**પરમાનંદ.**

કોંગ્રેસની નવી કારોબારી

રાષ્ટ્રપતિ આચાર્ય જે. બી. કૃપલાણીએ આજે કોંગ્રેસની નવી કારોબારી સમિતિના સભ્યોનાં નામોની જાહેરાત કરી છે. આ નામો નીચે પ્રમાણે છે.

(૧) મૌલાના અબુલ કલામ આઝાદ.
(૨) પંડિત જવાહરલાલ નહેરૂ.
(૩) સરદાર વલ્લભભાઈ પટેલ.
(૪) શ્રીમતિ સરોજીની નાયડુ.
(૫) ડો. રાજેન્દ્રપ્રસાદ.
(૬) ખાન અબ્દુલ ગફારખાન.
(૭) શ્રી. શરતચંદ્ર બોઝ.
(૮) શ્રી. રાજગોપાલાચાર્ય.
(૯) શ્રી. શંકરરાવ દેવ.
(૧૦) શ્રીમતી કમલાદેવી.
(૧૧) શ્રી. રફીઅહમદ કીડવાઇ.
(૧૨) શ્રી. જયપ્રકાશ નારાયણ.
(૧૩) શ્રી. પ્રતાપસિંહ.
(૧૪) શ્રી. જુગલકીશોર શુકલ.

શ્રી. શંકરરાવ દેવ અને શ્રી. જુગલકીશોર (યુક્ત પ્રાંત) સામાન્ય મંત્રીઓ તરીકે કામ કરશે અને સરદાર વલ્લભભાઇ પટેલ ખજાનચી તરીકે ચાલુ રહેશે.

ડો. નવીનચંદ્ર કોઠારીને અભિનંદન.

ડો. નવીનચંદ્ર ચીમનલાલ કોઠારીએ થોડા સમય પહેલાં મુંબઇ યુનીવર્સીટીની ડી. ઓ. ની એટલે કે નેત્રવિશારદની પરીક્ષા પસાર કરી છે અને આંખના વિષયના જ આગળ અભ્યાસ માટે તેઓ પખવાડીઆમાં ઇંગ્લાંડ જવાના છે. ડો. નવીનચંદ્ર શ્રી મુંબઇ જૈન યુવક સંઘના અગ્રગણ્ય સભ્ય શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારીના લઘુબંધુ થાય. મુંબઇ યુનીવર્સીટી દ્વારા હજુ સુધી ૨૭ વ્યક્તિઓ-એ જ ડી. ઓ. ની ડીગ્રી પ્રાપ્ત કરી છે. આવી ઉજ્જવળ કારકીર્દી માટે ડો. નવીનચંદ્રનું અમો અભિનન્દન કરીએ છીએ અને લંડનની ડી. ઓ. અને ઓકસફર્ડની ડી. ઓ. એમ. એસ. ની ડીગ્રી પ્રાપ્ત કરીને તેઓ સત્વર સુખરૂપ પાછા ફરે એમ અમો અન્તઃકરણથી ઇચ્છીએ છીએ.

તંત્રી, પ્રબુદ્ધ જૈન.

સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ

જૈન સમાજને જાહેર વિજ્ઞાપના

થોડાં સમય પહેલાં મુંબઇમાં કેટલાય વર્ષથી ચાલતા અને સદ્‌ગત વાડીલાલ મોતીલાલ શાહના પ્રયાસથી ઉપસ્થિત થયેલા સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહના મકાન ફંડ માટે પ્રબુધ્ધ જૈનમાં વિજ્ઞાપના કરવામાં આવી હતી. આ વિદ્યાર્થીગૃહનો જૈન સમાજના સર્વ ફીરકાના મુંબઇની જુદી જુદી કોલેજોમાં ભણતા વિદ્યાર્થીઓ લાભ લે છે. આજે પ્રિન્સેસ સ્ટ્રીટમાં આવેલા પીરભાઈ બિલ્ડીંગના પાંચમે માળે આ વિદ્યાર્થીગૃહ ચાલે છે. આ વિદ્યાર્થીગૃહને સ્વતંત્ર મકાન થાય અને મહાવીર જૈન વિદ્યાલય તથા ચુનીલાલ મહેતા જૈન વિદ્યાલય જેવા વ્યવસ્થિત પાયા ઉપર આ વિદ્યાર્થીગૃહનું વ્યવસ્થાતંત્ર રચાય એ હેતુથી કેટલાક સમયથી શરૂ કરવામાં આવેલ ફંડમાં આજ સુધીમાં નીચે જણાવ્યા મુજબ રૂા. ૫૬૫૦૨ ભરાયા છે.

આ ભરણું ધ્યાનમાં લેતા સંસ્થાના મકાન માટે બે લાખ રૂપીઆની તત્કાલ માટે નક્કી કરવામાં આવેલી મંજલે પહોંચવા માટે હજુ લાંબો રસ્તો વટાવવાનો રહે છે. સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ જેવી સંસ્થાને વિકસાવવાની અને સારા પાયા ઉપર મૂકવાની ખાસ જરૂર છે. જૈન સમાજની એકતાનો આવી સંસ્થાઓ દ્વારા જ સાચો પાયો નાંખી શકાશે. વળી મુંબઇ ખાતે વસતા સર્વ જૈનોનું એક કેળવણી કેન્દ્ર ઉભું કરવાની ખાસ આવશ્યકતા છે. સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહને સર્વાંગ સુન્દર બનાવવાથી આ બન્ને હેતુ બહુ સારી રીતે સિદ્ધ થઇ શકે તેમ છે. તેથી આજના શ્રીમાન જૈનોને આ મકાન ફંડમાં બને તેટલો ફાળો મોકલી આપવા આગ્રહપૂર્વક વિનંતિ કરવામાં આવે છે. આજે ધનની ચોતરફ ભરતી જોવામાં આવે છે. જો જૈન સમાજ આ બાબત બરાબર ધ્યાનમાં લે અને સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહને પોતાના મનથી અપનાવે તો બે લાખ રૂપીઆની રકમ ભેગી થવી રમતવાત છે. જેઓ આ ફંડમાં પોતાનો ફાળો મોકલવા ઇચ્છતા હોય તેમણે નીચેના સરનામે મોકલી આપવા વિજ્ઞપ્તિ છે.

ઠે. મેસર્સ આર. એમ. શાહની કું. **પરમાનંદ કુંવરજી કાપડીઆ.**

૮૧, નાગદેવી ક્રોસ લેન: **મુંબઇ ૩.**

ઉપર જણાવેલ રૂા. ૫૬૫૦૨ ની વિગતવાર યાદી નીચે મુજબ છે.

૧૦૦૦૦] શ્રી. મણિલાલ મોકમચંદ શાહ
૭૫૦૦] ,, ચીમનલાલ પી. શાહ-ખંભાતવાળા
૫૦૦૦] ,, અમૃતલાલ દલપતભાઇ શેઠ-જન્મભૂમીવાળા
૩૦૦૦] ,, લાલચંદ હીરાચંદ
૨૦૦૦] ,, ધીરજલાલ એન. શ્રોફ
૨૦૦૦] ,, ધીરજલાલ જીવણલાલ કેશરિચંદ
૧૫૦૦] ,, માણેકલાલ અમુલખરાય મહેતા
૧૦૦૦] ,, ટી. જી. શાહ
૧૦૦૦] ,, મતુભાઇ ડી. શાહ, અમદાવાદ
૧૦૦૦] ,, બાબરભાઇ અને ફીકાભાઇ રાંદેરી
૧૦૦૦] ,, મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ
૧૦૦૦] ,, પ્રવીણચંદ્ર હેમચંદ અમરચંદ
૧૦૦૦] ,, ચંદુલાલ વર્ધમાન શાહ
૧૦૦૦] ,, ચંદુલાલ સારાભાઇ મોદી
૧૦૦૦] ,, હીરાલાલ અમરતલાલ શાહ
૧૦૦૦] ,, ભોગીલાલ લહેરચંદ
૧૦૦૧] સર ચુનીલાલ ભાઇચંદ મહેતા
૧૦૦૦] શ્રી. કાન્તિલાલ ભોગીલાલની કું.
૧૦૦૦] ,, હેમચંદ મોહનલાલની કું.
૧૦૦૧] એક ગૃહસ્થ હા. રમણીકલાલ એમ. શાહ
૧૦૦૦] શ્રી. શાંતિલાલ મગનલાલ શાહ
૧૦૦૦] સર મણિલાલ બાલાભાઇ નાણાવટી
૧૦૦૦] શ્રી. સરૂપચંદ એન. શ્રોફ
૧૦૦૦] ,, અમૃતલાલ કાળીદાસ શેરબજાર
૧૦૦૧] ,, શ્રેયાંસપ્રસાદ જૈન
૧૦૦૦] ડો. અમીચંદ છગનલાલ. સુરત
૧૦૦૦] શ્રી. મંગળદાસ જેઠાભાઇ મીલ્સ. અમદાવાદ
૧૦૦૦] ,, મણિલાલ વાડીલાલ અપ્પા. અમદાવાદ
૧૦૦૦] ,, સારાભાઇ ડાહ્યાભાઇ. અમદાવાદ
૫૦૦] ,, પ્રેમચંદ ચતુર્ભુજ ભાયાણી

રૂા. ૫૬૫૦૨]

એક તોળ્યો તોળાયો નહિ વાણિયો!

(ચારણ કવિ કાગ-રચિત ગાંધીગીત)

ચોગરદમ અંધારામાં માતાનાં મનમાં;
એક દીવડો પ્રગટાવી બેઠો વાણિયો
દધિ સાતેને તળિયે હેમાળાને હૈયે;
હુતશણ પ્રગટાવી બેઠો વાણિયો...ટેક.
સમશાને મુડદાંઓને કાને કંઈ કીધું;
કંઇ મુડદાં જગાડી બેઠો વાણિયો...(૨)
હરિજનની નાવડલી નોધારીને તારી
હંકારી નાવિક બનેલ વાણિયો...
ચોગરદમ-૧

નિજ સત્તાને બેડીએ બાંધ્યરતાંને ઘોળ્યાં;
એક ઘોળ્યો ઘોળાણો નહિ વાણિયો...(૨)
જે ત્રાજવડે પૃથ્વી પાતાળોને તોળ્યાં,
એક તોળ્યો તોળાણો નહિ વાણિયો...
ચોગરદમ-૨

અધઢાંકયો ઉભો જઇ સમ્રાટોને મહેલે;
પગ રોપી અંગદ સમાન વાણિયો-(૨)
નિજ જનને કંકાસેથી કાયો-દિલ રોયો-
મુખ હસિયો આદ્યું વિચારી વાણિયો-
ચોગરદમ-૩

નિષ્ઠુરતાની જનનીને સામે મળવા ગ્યો;
ત્યાં માખણ થઇને મળેલ વાણિયો-(૨)
નવ દાખે કોમળતા યમદૂતોને મળતાં,
શતવજ્રો જેવો કઠોર વાણિયો
ચોગરદમ-૪

શતધારા ચિક્કરતી ગંગાજીને ઝીલવા;
ધરી મસ્તક ઉભો અડોલ વાણિયો-(૨)
જટાજુટમાં ભરમાણી વિષ્ણુપદી મૂંઝાણી,
અકળાણી એવો અઘોર વાણિયો-
ચોગરદમ-૫

ખખડયો નહિ ધણુધાવે એરણ પર ખડખડતો;
જમદ્વારો ખખડાવી બેઠો વાણિયો (૨)
સુત મહાદેવ કસ્તુરબાને નિજ હાથે સળગાવ્યાં,
(ત્યારે) ખખડી ગ્યો ખોખડધજ વાણિયો-
ચોગરદમ-૬

કાલિન્દીને આરે જમુનાજીને કિનારે;
સૌ વારે (પણ) કૂદી પડેલ વાણિયો-(૨)
વિષધરનાં વિષ હરિયાં મણિધરની ફણફણ પર,
એ નાચ્યો નિષ્ઠુર બનીને વાણિયો
ચોગરદમ-૭

'કાગ' હિંસાને ગોળે જગ ઢોળે જળરકતો ત્યાં;
અણહિંસક બેલે અખાડે વાણિયો-(૨)
ગણ ભૂતોના ભભકયા ઉતાવળથી ભ્રખવા,
ભરખી ગ્યો ભૂતાવળને વાણિયો-
ચોગરદમ-૮

(પૃષ્ઠ ૧૨૨ થી ચાલુ)

સર્વધર્મસમભાવ

પ્રવાહ કામ કરે છે; તેમ ધર્મના પ્રવાહો જુદા જુદા ભલે ફંટાયા અને તેનાં બાહ્ય કલેવરો ભલે વિરૂપ થઇ ગયાં, છતાં તે બધાના મૂળમાં એક શ્રેયનિષ્ઠા અથવા આત્મનિષ્ઠા કામ કરી રહી છે એમ કોઇપણ ધર્મપ્રવાહોનો મર્મસ્પર્શી અભ્યાસી કહી શકે એમ છે; અને આમ છે માટેજ આપણે એક બીજા પ્રવાહને ઓળખવા બુધ્ધિપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ અને આપણી માનસિક કે દુન્યવી શાંતિ માટે સર્વધર્મસમભાવની ભાવના આપણામાં પ્રબળપણે કેળવવી જોઇએ.

(આ પછી ત્રણે પ્રવાહોમાં કેવી એક સરખી વિચારસરણી વહી રહી છે તે દર્શાવવા માટે મહાભારતના શાન્તિપર્વમાંથી જૈનોના ઉત્તરાધ્યયન, આચારાંગ અને દશવૈકાલિક સૂત્રમાંથી તેમ જ બૌદ્ધધર્મના ધમ્મપદમાંથી કેટલાંક અવતરણો આપવામાં આવ્યા છે અને ત્યારબાદ આગળ ચાલતાં લેખક જણાવે છે કે:–)

ઉપરની તુલનામાં મહાભારત, જૈન સૂત્ર અને ધમ્મપદનાં કેટલાંક પદ્યો અક્ષરશઃ સરખા છે અને કેટલાંક અર્થની દૃષ્ટિએ સરખાં છે. આટલી થોડી તુલનાથી એમ તો સ્પષ્ટ જણાય છે, કે આ રીતે વૈદિક પરંપરા, જૈનપરંપરા અને બૌદ્ધપરંપરા હૃદયે એક સરખી છે એ શક વગરની વાત છે. વિશેષ રીતે અન્વેષણ કરીએ, તો તે ત્રણે પરંપરાના પ્રાચીન ગ્રંથોમાં આ જાતની બીજી અનેક સમાનતાઓ સ્પષ્ટપણે ઉપલબ્ધ છે. એ સમાનતાઓને જ આમ જનતા સુધી ફેલાવવી ઘણી જરૂરની છે. તેમ થવાથી જનતાની દૃષ્ટિ સંકીર્ણ મટી વિશાળ બનશે, સમભાવ કેળવાશે, સર્વધર્મસમભાવની ભાવના પેદા થશે અને દેશમાં ચાલતો ધર્મને નામે ચડેલો કલહ પણ શાંત થશે.

ધમ્મપદના છેલ્લા વર્ગનું નામ બ્રાહ્મણવર્ગ છે; તેમાં "તેને હું બ્રાહ્મણ કહું છું" એવું દરેક શ્લોકમાં ચોથા ચરણમાં કહીને બ્રાહ્મણનાં લક્ષણો વર્ણવી બતાવેલાં છે. જૈનપરંપરાના ઉત્તરાધ્યયન સૂત્રના પચ્ચીશમા જન્નઇજ્જ (યજ્ઞીય) અધ્યયનમાં 'તેને અમે બ્રાહ્મણ કહીએ છીએ' એવું દરેક ગાથાના છેલ્લા ચરણમાં કહીને વિગતથી બ્રાહ્મણનાં લક્ષણો બતાવેલાં છે. એ જ પ્રમાણે, મહાભારતના શાંતિપર્વના ૨૪૫ મા અધ્યાયમાં 'તેને દેવો બ્રાહ્મણ જાણતા હતા' એમ કહીને અનેક પદ્યોમાં બ્રાહ્મણનું સ્વરૂપ બતાવેલું છે. એ ઉપરથી સાફ સાફ માલુમ પડે છે, કે જન્મથી કોઇ બ્રાહ્મણરૂપે જન્મતું નથી, જન્મથી ઉચ્ચતા કે નીચતા હોતી નથી; ઉચ્ચતાનો આધાર ગુણો અને કર્મો છે, બ્રાહ્મણત્વનું મૂળ ગુણો અને કર્મમાં છે. જન્મથી બ્રાહ્મણ માનવાની કે જન્મથી ઉચ્ચતા કે નીચતા માનવાની પ્રથા મિથ્યા છે, એમ એ ત્રણે પરંપરાના ગ્રંથો સ્પષ્ટપણે કહે છે. વૈદિક પરંપરામાં જન્મ પામેલા વિદ્યાવારિધિ શ્રીમાન બાબુ ભગવાનદાસજી 'મહાવીરવાણી'ની પ્રસ્તાવનામાં મહાભારતનાં આ વચનો ટાંકી બતાવે છે:—

"न योनिर्नापि संस्कारः न श्रुतं न च संततिः।
कारणानि द्विजत्वस्य वृत्तमेव तु कारणम्॥
न विशेषोऽस्ति वर्णानां सर्वं ब्राह्ममिदं जगत्।
ब्रह्मणा पूर्वसृष्टं हि कर्मभिर्वर्णतां गतम्॥"

અર્થાત્ બ્રાહ્મણત્વનું કારણ ચારિત્ર જ છે. બીજું કોઇ એટલે બ્રાહ્મણીની કુક્ષિથી જન્મ લેવો, સંસ્કારો, વિદ્યા, કે સંતતિ–તેમાંનું કોઇ કારણ બ્રાહ્મણત્વનું નથી. સર્વ વર્ણોમાં કોઇ જાતની વિશેષતા નથી. આખું જગત બ્રહ્માએ સરજેલું છે, માટે 'બ્રાહ્મ' છે. તે બ્રાહ્મ જગત જુદાં જુદાં કર્મો વડે જુદી જુદી વર્ણરૂપતાને પામેલું છે. ભારતવર્ષની પ્રસિધ્ધ પ્રસિધ્ધ પ્રમુખપરંપરાઓ આવી સ્પષ્ટ હકીકત કહે છે; છતાં આપણા લોકોનું બ્રાહ્મણત્વના મૂળને લગતું અજ્ઞાન હજુ સુધી ખસતું નથી એ ભારે આશ્ચર્યની વાત છે. જેમ ઉચ્ચતા કે શિષ્ટતા જન્મથી સાંપડતી નથી, તેમ નીચતા પણ અમુક જાતિઓમાં જન્મ લેવાને કારણે જ છે, એ પણ તદ્દન અસત્ય છે. આ હકીકત પણ ઉપરની ત્રણે પરંપરાઓ સ્પષ્ટ શબ્દોમાં સ્વીકારે છે; છતાં આપણી પ્રજાનું કેવું અને કેટલું બધું ઘોર અજ્ઞાન છે, કે તે પોતે પોતાનાં શાસ્ત્રવાક્યોની પણ અવગણના કરે છે અને અસ્પૃશ્યતાના ભૂતને હજુ લગી છોડી શકતી નથી.

ધમ્મપદમાં બ્રાહ્મણવર્ગની પહેલાં એક ભિક્ષુવર્ગ છે. તેમાં ભિક્ષુનું–ત્યાગીનું–સંન્યાસીનું વાસ્તવિક સ્વરૂપ બતાવેલું છે. ભિક્ષુનું આવું જ સ્વરૂપ મહાભારતના શાંતિપર્વમાં પણ સ્થળે સ્થળે નિરૂપેલું છે અને જૈન સૂત્રોમાં તો તે પદે પદે જણાવેલું છે; એટલું જ નહિ, પણ દશવૈકાલિક સૂત્રમાં તો 'તે ભિક્ષુ કહેવાય' એવું છેલ્લું વાકય મૂકીને દશમા અધ્યયનમાં ૨૧ ગાથાઓ દ્વારા ભિક્ષુનું ખરું સ્વરૂપ બતાવેલું છે. ત્રણ પરંપરાને અનુસરતી આપણી પ્રજા એ વિષે સવિશેષ લક્ષ્ય કરે, તો ભિક્ષુ વિષેનું તેનું ઘોર અજ્ઞાન ટળી જાય અને વર્તમાન ભિક્ષુસંસ્થા પણ પ્રજાને ઉપયોગી નીવડે.

ધમ્મપદમાં બારમો 'અત્તવગ્ગ' છે. 'અત્ત' એટલે આત્મા. આ વર્ગમાં આત્માને સંયમમાં રાખવો વગેરે અનેક હકીકતો કહેલી છે. 'આત્મા જ આત્માનો નાથ છે, બીજો કોઇ તેનો નાથ નથી' એવું કહીને આત્માના અગાધ સામર્થ્યનો પણ વિચાર તેમાં કરેલ છે. પાપ–પુણ્યનો કર્તા આત્મા છે અને તેનાં ફળો ભોગવનાર પણ આત્મા છે, એ પ્રકારના અનેક જાતના વિચારો આ વર્ગમાં બતાવેલાં છે. એ બધું વાંચ્યા પછી જે તાર્કિકો બુધ્ધગુરૂને 'અનાત્મવાદી' કહીને વગોવે છે, તેમના વિષે અનાસ્થા થઇ આવે છે. આ વર્ગમાં એમ પણ કહેલું છે, કે શુદ્ધિ કે અશુદ્ધિ વ્યકિતગત હોય છે, બીજો કોઇ બીજા કોઇને શુધ્ધ કરી શકતો નથી; અર્થાત્ વ્યકિતમાત્ર પોતે પોતાની શુધ્ધિ–અશુધ્ધિમાં સ્વતંત્ર છે. આ ઉપરથી પણ બુદ્ધ ગુરૂને અનાત્મવાદી કહીને શી રીતે વગોવાય? દીઘનિકાયના પાયાસિસુત્તંતમાં પણ આ વિષે વિગતવાર ચર્ચા સંવાદરૂપે કરેલી છે, એ વાંચ્યા પછી પણ બુદ્ધભગવાનને 'અનાત્મવાદી' માનવાને મન તૈયાર થતું નથી. ચિત્ત અને આત્મા એ બન્ને જુદાં જુદાં છે, માટે જ ધમ્મપદમાં એક ચિત્તવર્ગ છે અને તેથી જુદો આ આત્મવર્ગ છે. એથી કોઇ ચિત્ત અને આત્માને એક સમજવાની ભૂલ ન કરે. આત્માના સ્વરૂપ વિષે બુધ્ધ ભગવાનનો ભલે કોઇ જુદો અનુભવ હોય, પણ ઉપરનાં તેમનાં વચનો જોતાં નિર્વાણવાદી તે મહાપુરૂષને 'અનાત્મવાદી' કહેવાની હિમ્મત થતી નથી જ. ગુજરાતના પ્રખર તત્ત્વચિંતક સદ્‌ગત વિદ્યાવારિધિ શ્રી આનંદશંકરભાઇએ પોતાના 'આપણો ધર્મ'માં 'ગૌતમબુદ્ધ નિરીશ્વરવાદી કે સેશ્વરવાદી' આ મથાળા નીચે જે કાંઇ લખ્યું છે, તે વિશેષ ધ્યાનપૂર્વક વાંચવા લાયક છે; અને તેમણે એ જ પુસ્તકમાં 'ધમ્મપદ'ના મથાળા નીચે જે ગંભીર અને મનનીય હકીકત લખેલી છે, તે પણ ધ્યાનપૂર્વક વાંચવા જેવી છે.

મહાભારતકારે ઢોલ વગાડીને કહેલું છે, કે:–

"लोकयात्रार्थमेवेह धर्मस्य नियमः कृतः" અર્થાત્ લોકયાત્રાની વ્યવસ્થા માટે જ ધર્મનો નિયમ કરેલો છે. લોકયાત્રા એટલે નજરે દેખાતા સંસારની સુવ્યવસ્થા. એ સુવ્યવસ્થા ટકે, લોકોમાં શાંતિ જળવાય અને તમામ પ્રજા સંતોષી રહી એક બીજાને સુખકર નીવડે, એ માટે જ ધર્મનો નિયમ કરેલો છે; છતાં મુઢમનવાળા આપણે એ ધર્મને કેવળ પરલોક માટે–જે લોક દેખાતો નથી તેવા પરોક્ષ લોક માટે–આદરપાત્ર માનેલ છે; અને આ લોક માટે ધર્મનું જાણે કશું જ પ્રયોજન નથી એમ વર્તી રહ્યા છીએ. આપણું એ અજ્ઞાન ભાંગે અને ધર્મને આપણે આપણા પ્રત્યક્ષ આચરણમાં જ ઉપયોગમાં લઇએ એ માટે મહાભારત, ગીતા અને જૈન સૂત્રોનાં વચનો જેટલું જ આ ધમ્મપદ પણ આપણને ઉપયોગી નીવડે એવું છે.

સમાપ્ત. **પંડિત બેચરદાસ જીવરાજ દોશી.**

સંઘ સમાચાર

સભ્યોના વાર્ષિક લવાજમમાં વધારો

તા. ૧૬-૧૧-૪૬ ના રોજ મળેલી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની અસાધારણ સામાન્ય સભાએ સંઘના સભ્યોનું વાર્ષિક લવાજમ રૂ. ૪ હતું તે વધારીને રૂ. ૫ ઠરાવ્યું છે. અને આ વર્ષથી આ ધારાનો અમલ કરવાનો ઠરાવ કર્યો છે. બીજું સ્ત્રી-સભ્યો અને પુરૂષસભ્યોના લવાજમમાં જે ફરક હતો તે કાઢી નાંખીને બન્ને માટે વાર્ષિક લવાજમનું ધોરણ એક સરખું રૂ. ૫) નક્કી કર્યું છે. તદુપરાન્ત પર્યુષણ અને ત્યારબાદ વર્ષાન્ત પહેલાં સભ્ય થવા ઇચ્છનાર વ્યકિત માટે ચાલુ વર્ષનો અવશિષ્ટ ભાગ અને પછીના આખા વર્ષ માટે રૂ. ૬) લવાજમ નક્કી કરવામાં આવ્યું છે. આજ સુધી સતત બે વર્ષ સુધી લવાજમ ન ભરનાર સભ્ય આપોઆપ સભ્ય તરીકે રદ થશે એવો બંધારણીય નિયમ હતો તેને બદલે ચાલુ વર્ષના અન્તભાગ સુધીમાં લવાજમ નહિ ભરનાર સભ્ય આપોઆપ સભ્ય તરીકે રદ થશે એવો નિયમ નક્કી કરવામાં આવ્યો છે. આ નવો ફેરફાર ધ્યાનમાં લઇને અને આજના વખતમાં સંઘના કલાર્કને સ્થળે સ્થળે મોકલીને લવાજમ વસુલ કરવાની મુશ્કેલી ધ્યાનમાં લઇને ઉપર જણાવ્યા મુજબ પોતપોતાનું વાર્ષિક લવાજમ રૂ. ૫) સંઘના કાર્યાલય ઉપર મોકલી આપવા દરેક સભ્યને ખાસ વિનંતિ કરવામાં આવે છે.

સ્વ. પંડિત માલવીયાજી વિષે શોકપ્રસ્તાવ.

તા. ૧૬-૧૧-૪૬ ના રોજ મળેલી શ્રી. મુંબઇ જૈન યુવક સંઘની અસાધારણ સામાન્ય સભાએ સ્વ. પંડિત મદનમોહન માલવીયાજી વિષે નીચે મુજબ શોકપ્રસ્તાવ પસાર કર્યો હતો.

"શ્રી મુંબઇ જૈન યુવક સંઘની તા. ૧૬-૧૧-૪૬ ના રોજ મળેલી અસાધારણ સામાન્ય સભા ભારતભૂષણ પંડિત મદનમોહન માલવીયાજીના અવસાન પ્રસંગે ઊંડા શોકની લાગણી પ્રગટ કરે છે અને તેમના સ્વર્ગવાસથી આપણાં દેશે અને હિંદુસમાજે એક શકિતશાળી રાષ્ટ્રનેતા અને આર્યસંસ્કૃત્તિનો એક અજોડ પ્રતિનિધિ ગુમાવ્યો છે એટલુંજ નહિ પણ આખી માનવજાતિએ એક અણમોલું રત્ન ગુમાવ્યું છે એમ આ સભા જાહેર કરે છે. તેમના પવિત્ર આત્માને શાશ્વત શાંતિ મળે એવી આ સભા પ્રાર્થના કરે છે."

સંઘના મંત્રી શ્રી. વેણીભાઇને કાપડીઆને અકસ્માત.

સંઘના મંત્રી શ્રી. વેણીભાઇને કાપડીઆને બેસતા વર્ષના દિવસે પોતાના નિવાસસ્થાનની લીફ્ટમાં દાખલ થવા જતાં અકસ્માત થયો હતો અને જમણો પગ લીફ્ટની બહારના ભાગમાં દોઢથી પોણાબે કલાક સુધી સલવાઇ ગયો હતો. તેમાંથી છુટકારો થતાં તેમને સર હરકીસનદાસ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. તેઓ હજુ હોસ્પીટલમાં જ છે અને કેટલોક સમય સારવાર માટે રહેવું પડશે એમ લાગે છે. તેઓ સમાજની અનેક પ્રવૃત્તિઓની જવાબદારી પોતાના શિરે વહી રહ્યા હતા. વર્તમાન ઉપાધિમાંથી તેઓ જલ્દિથી છુટા થાય. તેમણે ગુમાવેલું આરોગ્ય તેમને સત્વર પુનઃ પ્રાપ્ત થાય અને આપણી વચ્ચે તેઓ પહેલાં માફક ફરતા હરતા થઇ જાય એમ આપણે અન્તરથી ઇચ્છીએ અને પ્રાર્થના કરીએ!

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

સંઘની વિવિધ પ્રવૃત્તિઓને મળેલી આર્થિક મદદ

પ્રબુદ્ધજૈન

૨૦૦) એક ગૃહસ્થ તરફથી
૧૦૦) શ્રી વીરચંદ પાનાચંદ શાહ
૧૦૦) ,, ધીરજલાલ જીવણલાલ કેશરીચંદ
૧૦૦) ,, કાંતિલાલ ત્રિકમજી ઉદાણી
૫૦) ,, માણેકલાલ વાડીલાલ
૨૫) ,, બાલચંદ ભોગીલાલ

૫૭૫)

રાહત પ્રવૃત્તિ

૫૧) શ્રી નગીનદાસ પોપટલાલ શાહ હા. શ્રી વેણીભાઇને
૨૫) ,, કમળાબહેન મણિલાલ કાપડીઆ

૭૬

વૈદ્યકીય રાહત

૫૧) શ્રી મંગળદાસ નાગરદાસ તલસાણીઆ
૫૧) ,, કાંતાબહેન મંગળદાસ તલસાણીઆ
૨૫) ,, કમળાબહેન મણિલાલ કાપડીઆ
૫) ,, વચ્છરાજ ત્રીભોવનદાસ દોશી

સંઘને ભેટ.

૧૦૧) શ્રી વનમાળીદાસ ગુલાબચંદ
૨૨) ,, વીરજીભાઇ સંઘજી ગાંધી (ભીંડીવાળા)

૧૨૩)

શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાંચનાલય-પુસ્તકાલય.

૧૦૦) શ્રી ચોકસી બ્રધર્સ
૧૦૦) ,, ભીખાભાઇ ભુદરભાઇ કોઠારી
૧૦૦) શ્રી વીરચંદ પાનાચંદ શાહ
૧૦૦) ,, કાંતિલાલ ત્રીકમજી ઉદાણી
૫૦) ,, લીલાવતીબહેન દેવીદાસ
૫૦) ,, ચીમનલાલ એમ. પરીખ
૫૦) ,, વનમાળીદાસ ગુલાબચંદ
૫૦) ,, માણેકલાલ વાડીલાલ
૫૦) ,, રસિકલાલ માણેકલાલ પ્રેમચંદ
૨૫) ,, કાળીદાસ રતનચંદ
૨૫) ,, એક ગૃહસ્થ તરફથી હા. શિવલાલભાઇ મહેતા
૨૫) ,, વોરા બ્રધર્સ
૨૫) ,, બંસી એન્ડ કું

૭૫૦)

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

કરૂણા વર્ષન્તા આવો!

જીવન જ્વ સુકાઇ જાય,
કરૂણા વર્ષન્તા આવો!
માધુરીમાત્ર છુપાઇ જાય
ગીતસુધા ઝરન્તા આવો!

મોટું મન જ્યારે નાનું થઇ
ખૂણે ભરાયે તાળું દઇ,
તાળું તોડી હે ઉદાર નાથ!
વાજન્તા ગાજન્તા આવો!

કર્મનાં જ્યારે કાળાં વાદળ
ગરજી ગગડી ઢાંકે સહુ સ્થળ,
હૃદય આંગણે, હે નીરવનાથ
પ્રશાન્ત પગલે આવો!

કામ ક્રોધનાં આકરાં તુફાન
આંધળા કરી ભુલાવે ભાન,
હે સદા જાગન્ત, પાપ ધ્રુવન્ત!
વીજળી ચમકન્તા આવો!

મૂળ બંગાળી : કવિવર રવીન્દ્રનાથ
અનુવાદક : સ્વ. મહાદેવભાઇ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫-૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ, ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨

શ્રી મુંબઈ જૈન યુવકસંઘનું પાક્ષિક મુખપત્ર Regd No. B. 4266.

પ્રબુદ્ધ જૈન

તંત્રી: મણિલાલ મોકમચંદ શાહ.

વર્ષ : ૮
અંક : ૧૬

મુંબઈ: ૧૫ ડીસેમ્બર ૧૯૪૬ રવિવાર.

છૂટક નકલ
કિંમત ૪ પૈસા

અસ્પૃશ્યતા–નિવારણ એ આજનો અનિવાર્ય ધર્મ છે.

(તા. ૨-૧૧-૪૬ ના રોજ પ્રાંગધ્રા ખાતે મળેલ અસ્પૃશ્યતા-નિવારણ સંમેલનના અધ્યક્ષસ્થાનેથી શ્રીમતી સરલાદેવી સારાભાઇએ આપેલ મનનીય પ્રવચન.)

આવું અસ્પૃશ્યતા-નિવારણ સંમેલન આ યુગમાં હજુ પણ આપણે ભરવું પડે છે, એ જોઈ મને ખાતરી છે કે આપણ સર્વને ઉંડું દુઃખ થાય છે, અને તે સાથે એક જાતની શરમની લાગણી પણ થાય છે. આપણા જેવો હાથપગવાળો અને જીવવાળો એક માનવ આપણા હિંદુ સમાજમાં કેવળ તેના જન્મના કારણથી દુષિત, પતિત, અસ્પૃશ્ય બની જતો નથી. અને તે પણ પોતાને ચાહે ત્યાં ફરવા ફરવા અને અન્ય કોઇ નાગરિકને મળતા સમાન સામાજિક લાભો ઉઠાવવા, આપણાં જેટલો જ અધિકારી છે. આટલું સાદું સીધું સત્ય આપણા હિંદુ સમાજને ઠસાવવા સંમેલનો ભરવાં પડે, હરિજન સેવક સંઘ ચલાવવો પડે, એ આપણા હિંદુ સમાજને માથે ઘોર કલંક છે અને આ કલંક જો કોઇ ઐહિક-દુન્યવી લાભ કે સ્વાર્થ ખાતર ચઢયું હોત તો આ આખા પ્રશ્નનો ઉકેલ આટલો વિકટ ન બનત; પણ ધર્મની આ સ્થિતિ ધર્મની વિપરીત સમજને લીધે આવી પડી છે, અને તે સ્થિતિનું સમર્થન કરવા કે તેને ટકાવી રાખવા, ધર્મ અને શાસ્ત્રોને આગળ કરવામાં આવે છે ત્યારે તો આપણાં કલંક અને શરમ બેવડાં ઘોર બને છે, અને એ આખા પ્રશ્નનો ઉકેલ વધારે કઠિન બને છે.

હિંદુધર્મનો અશ્વત્થ

ઝાડની નાની–મોટી બધી ડાળીઓ, પાંદડાં અને ફળ–ફૂલ–એ બધામાં ઝાડના મૂળમાંનો એક જ રસ સીંચાઈ રહે છે, એમ પ્રમાણે, આપણા સાધુ સન્તોના અનુભવ પ્રમાણે, અને વિવેકી વિદ્વાનોના અભિપ્રાય મુજબ, હિંદુ ધર્મના અશ્વત્થની શાખા-પ્રશાખાઓરૂપ બધા સંપ્રદાયો અને મતમતાંતરમાં 'આત્મવત્ સર્વ ભૂતેષુ'નું અદ્વૈત તત્ત્વ ગૂઢ વ્યાપી રહેલું છે. આવા હિંદુ ધર્મમાં અસ્પૃશ્યતા પેસે, અને જડ ઘાલીને બેસે, એટલુંજ નહિ પણ, તેને હિંદુ ધર્મનું એક અનિવાર્ય અંગ ગણવામાં આવે, એ બીના જેટલી આશ્ચર્યજનક છે, તેટલીજ આપણે માટે લજ્જાસ્પદ છે.

આવા સંમેલનમાં સ્પર્શાસ્પર્શ્ય પ્રથાની શાસ્ત્રીય આલોચનાની અપેક્ષા, અને તે પણ મારી પાસેથી, તમે ભાગ્યે રાખી શકો. માત્ર એટલુંજ કે, આ દુષ્ટ પ્રથાને ધર્મ અને શાસ્ત્રોનો આધાર છે, એવું જે ઘોર અજ્ઞાન આપણા હિંદુ સમાજમાં કેટલેક ઠેકાણે પ્રવર્તી રહ્યું છે, તે જોતાં, માત્ર અગત્યના એક બે મુદ્દાઓ તરફ આપણું ધ્યાન રોકાય, એ ખાસ જરૂરનું છે.

ઐતિહાસિક દૃષ્ટિ નથી

પ્રથમ તો, 'શાસ્ત્ર' એટલે શું સમજવું એ વિષેના ઘણાના ખ્યાલો ચોકસાઇ અને ઢંગધડા વિનાના હોય છે. આપણામાં એવાં ઘણાં ભલાં ભોળાં ભાઈ–બહેનો છે કે જેઓ સંસ્કૃત ભાષામાં લખાયેલા કોઇ પણ શ્લોકનું પ્રમાણ સ્વીકારવામાં, અથવા તો, તે તરફ માનથી જોવામાં ધાર્મિક શ્રદ્ધા રહેલી છે, એમ માને છે પણ શું એ વિચારવું જરૂરનું નથી, કે એ શ્લોકનો લખનાર કોણ છે, તેણે તે ક્યારે અને કયે પ્રસંગે લખ્યો છે, અને વળી તે કયા વિષય કે શાસ્ત્રને અંગેનો છે? શાસ્ત્રો પણ અનેક પ્રકારનાં છે. શરીરશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર, મોક્ષશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર. આથી કરીને ઉદાહરણ તરીકે અર્થશાસ્ત્ર કે શરીરશાસ્ત્રમાં આવતા કથનને અધ્યાત્મશાસ્ત્રના જેટલું મહત્વ આપવામાં આવે તો અર્થનો અનર્થ થાય. કોઇપણ કથનના તથ્યનું કે આચાર વિચારની શુધ્ધતાનું માપ કાઢવું હોય, તો તેને સર્વે શાસ્ત્રોમાં શ્રેષ્ઠ જે અધ્યાત્મશાસ્ત્ર તેની કસોટીએ ચઢવું જોઇએ. આ પ્રમાણે શાસ્ત્રોની અને આચાર વિચારની તુલના કરવી તેને ઐતિહાસિક દ્રષ્ટિથી કરેલી વિચારણા કહેવાય છે. કોઇપણ કથનનું સત્ય પામવું હોય તો તેને અંધશ્રધ્ધાથી સ્વીકાર્યા વિના તેની ઐતિહાસિક દૃષ્ટિથી વિચારણા થવી જોઇએ. આવી ઐતિહાસિક દૃષ્ટિના અભાવે આપણા સમાજમાં અનેક જાતની બેહુંદી અને વિપરીત માન્યતાઓ અને આચારો ઘુસી ગયા છે અને તે બધાં શાસ્ત્રને નામે પોષાય છે.

સાચો ધર્મ કયો?

જેમ 'શાસ્ત્ર'ને વિષે તેમ 'ધર્મ'ને વિષે પણ આપણામાં ઘણી ગેરસમજ જોવામાં આવે છે. એક અર્થમાં ધર્મ એટલે આચાર, રીતરીવાજ, વિધિનિષેધ; બીજા અર્થમાં, ધર્મ એટલે કેવળ ચિત્તશુદ્ધિ માટે કરવામાં આવતાં કર્મકાંડ, વ્રત, જપ, તપ, પૂજા, યાત્રા, દાન–વગેરે, અને વળી એક ત્રીજા, પણ શ્રેષ્ટ અર્થમાં ધર્મ એટલે મનુષ્યના સત્ત્વને ટકાવી રાખનાર, સમૃદ્ધ કરનાર, શુદ્ધ ધાર્મિકતાનું તત્ત્વ, જેને કર્મકાંડ અને વિધિનિષેધથી પર ગણી શકાય. ધર્મના આ બધા જુદા જુદા અર્થો ધ્યાનમાં રહેવા જરૂરી છે. મારા, તમારામાં અને બધે એક આત્મા વ્યાપી રહ્યો છે, એવી લાગણી પ્રગટાવીને આપણાં કર્મકાંડ, આચાર અને રીતરિવાજો આપણામાં કેટલે અંશે સમભાવ અને બંધુત્વ પેદા કરીને વિકસાવે છે, એ એક કસોટી છે. આ કસોટીનો ખ્યાલ આપણને હરહંમેશ રહેતો નથી એ આપણી ન્યુનતા છે.

ગુણકર્મને આધારે વર્ણ

જે વિદ્વાન પુરૂષોએ શાસ્ત્રોનો આ રીતે ઐતિહાસિક દૃષ્ટિથી અભ્યાસ કર્યો છે અને ધર્મનો સાર કાઢયો છે તેઓ એક અવાજે કહે છે કે, ભગવદ્ ગીતામાં જેને ચાતુર્વર્ણ્ય તરીકે વર્ણવવામાં આવી છે, તે વર્ણપ્રથા કોઇએ મનસ્વી રીતે ઉપજાવી કાઢી ન હતી, પણ મનુષ્યના ગુણ અને કર્મના કુદરતી સનાતન નિયમ પ્રમાણે વિકસી હતી. એ નૈસર્ગિક વર્ણવ્યવસ્થાને સમજણપૂર્વક માન્ય કરવામાં આપણે નિષ્ફળ નીવડયાં છીએ. અને એ મનમાં ઠસાવવું જરૂરી છે કે, એ જીવન્ત વ્યવસ્થા અને હાલના જાત-જાતના નિર્જીવ વાડાઓની વચ્ચે કંઇજ સરખાપણું નથી.

વૈદિક સાહિત્યમાં સ્પર્શાસ્પર્શની ગંધ સરખી નથી

ચાતુર્વર્ણ્ય પ્રથામાં કોઇને ઉચ્ચનીચ ગણવાનો પ્રશ્ન જ ન હતો. આ ઉપરાંત વર્ણ તે મનુષ્યના સ્વભાવ અને કર્મોથી ગણાતો, નહિ કે જન્મથી. જન્મ કે વંશથી વર્ણ મપાય તે કરતાં માણસના કર્મ અને સ્વભાવથી વર્ણ મપાય તે વધારે સાચું છે; કારણ કે આવી જ વર્ણપ્રથાના ઉલ્લેખો વૈદિક સાહિત્યમાં, એટલે કે, સંહિતા, બ્રાહ્મણ ગ્રંથો, અને ઉપનિષદોમાં મળી આવે છે. અત્યારે જે આપણે નાતજાતના નિર્જીવ સંકુચિત વાડાઓ જોઇએ છીએ તેનો એ સાહિત્યમાં કંઇ જ ઉલ્લેખ નથી. અને આથી વધારે આશ્ચર્યકારક બીના તો એ છે કે એ વૈદિક સાહિત્યમાં સ્પર્શાસ્પર્શની ગંધ પણ જણાતી નથી. એ ભવ્ય સમયમાં કોઇના સ્પર્શથી અભડાઇ જવાય, એવો વિચાર સરખોય ન હતો.

અત્યારની નાતજાતની પ્રથા અને સ્પર્શાસ્પર્શ એ વર્ણધર્મનું અંગ નથીજ એ ચોક્કસ છે, આ બે દૂષણો વર્ણધર્મમાં પાછળથી ઘુસેલાં છે, અને જાણે તે આપણા ધર્મ અને સમાજનું આવશ્યક અંગ હોય એમ ઘર કરીને પડેલાં છે.

પતિતપાવન પૂર્વજોના આપણે અનુયાયીઓ ?

શ્રી રામચન્દ્રને નિષાદરાજ, ગુહ, શબરી વગેરેની સાથે મૈત્રી હતી, દક્ષિણની અનાર્ય જાતીઓને તેમણે અપનાવી હતી. મહાભારતમાં પણ પાંડવોએ અનેક આર્યેતર જાતિઓ સાથે દોસ્તી કર્યાનાં ઉદાહરણો છે. બધાં વિરોધી તત્ત્વોને સમાવી દઇ પરદેશી જાતિઓ અને વિચારસરણીને અપનાવીને સમન્વય કરવો, એ આપણી હિન્દુ સંસ્કૃતિની વિલક્ષણતા છે. આમ જે ધર્મના મહાનુભાવ પુરૂષો પરદેશી કે આર્યેતર જાતિઓને અપનાવીને પતિતપાવનનું બિરદ પામ્યા છે, તેજ ધર્મના અનુયાયીઓ હોવાનો આપણો દાવો છે, અને છતાં આપણા પોતાના જ ધર્મના માણસોને સ્પર્શ પણ કરવાને આપણે તૈયાર નથી આ તે કેવી વિપરીત ઘટના છે ? **શુદ્ધ ધર્મ અને શાસ્ત્રની દૃષ્ટિથી જોતાં અસ્પૃશ્યતા એ નિશ્ચિત પાપ છે જ, છતાં કેવળ માનવતાની દૃષ્ટિથી જોતાં પણ તે ઘોર પાપ છે જ, એવી આપણને હૃદયમાં પ્રતીત થવી જોઇએ છે.**

જડતા તોડવાના પ્રયત્નો

આ વિષયમાં, દૃષ્ટિની અંધતા દૂર કરી આપણા હૃદય ઉપર જામી ગયેલી જડતા તોડવા માટે, આપણા અનેક આચાર્યો, અને સાધુ સન્તોએ પ્રયત્ન કરેલા છે. મધ્યયુગમાં ભક્તિમાર્ગની ભાગીરથીનો પવિત્ર પ્રવાહ આખા હિન્દમાં પ્રસર્યો, તેનો મર્મ એટલો હતો, કે આખું જગત હરિમય છે એ સત્યની પ્રતીતિ હૃદયને કરાવવી, અને માત્ર માનવ જ નહિ, પણ જીવ માત્ર સાથે સમતા સાધવા યત્ન કરવો કે જેથી વર્ણનું અભિમાન તૂટે, કહેવાતા ચાંડાલો અને શૂદ્રો પ્રત્યે આત્મીય ભાવ જાગે, અને એ રીતે ચિત્તશુદ્ધિ થતાં હૃદયમાં સાચી નિર્મળ ભક્તિ પ્રગટે. આ સાધુસન્તોમાંના કેટલાક તો જાતિએ કહેવાતા શૂદ્રો હતા, છતાં તેઓ પૂજ્ય ગણાયા છે, અને હજી પણ તેમનાં પદો ગાઇને આપણે શ્રધ્ધાભક્તિ પોષી રહ્યા છીએ. રામાનન્દ, કબીર, નાનક, દાદુ, રવિદાસ, ધનો, સેનો, સદનો, તુકારામ, એકનાથ, નરસિંહ, મીરા, ચૈતન્ય વગેરેના જીવન અને કવનમાં હિન્દુ ધર્મનું આત્મવત્ સર્વ ભૂતેષુ–નું અદ્વૈત તત્ત્વ ગુંજી રહ્યું છે. હિન્દુ ધર્મ અને સમાજમાં જાતિ અભિમાન અને સ્પૃશ્ય અસ્પૃશ્યતા જે અનર્થ કરી રહ્યા હતાં તે તરફ તેઓ સચિંત હતા. આ દૂષણો દૂર કરવાના તેમના પ્રયત્નો ભક્તિની દૃષ્ટિથી અને ભક્તિના સાધનથી થયેલા હતા.

અંગ્રેજોના અને પશ્ચિમની વિદ્યાઓના સંબંધમાં આવ્યા પછી હિન્દમાં એક સર્વગ્રાહી જાગૃતિ આવી રહી છે. જાગૃતિની આ હિલચાલમાં આપણી પ્રાચીન પરંપરાને અવલંબીને બ્રહ્મસમાજ સ્વામી દયાનંદ રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ વગેરેની પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રેરણાઓથી જાતિ અભિમાન અને અસ્પૃશ્યતા દૂર કરવાના પ્રયત્નો થઇ રહેલા છે. એ બધા પ્રયત્નોને લીધે હિન્દુ-સમાજની જડતા ઉપર કંઇક અસર થવા પામી છે.

લોકશાસનનું દૃષ્ટિબિન્દુ

આ બધા પ્રયત્નોની સાથે હાલ થોડાં વર્ષોથી એક નવા દૃષ્ટિબિન્દુથી અસ્પૃશ્યતા નાબુદ કરવાના પ્રયત્નો થઇ રહ્યા છે. પાશ્ચાત્ય કેળવણીના સંસર્ગથી લોકશાસનનું–Democracy–નું નવું દૃષ્ટિબિન્દુ આપણને અસર કરી રહ્યું છે. બધાં મનુષ્યો જન્મથી જ સ્વતંત્ર અને સમાન છે, એ લોકશાસનના મૂળભૂત સિધ્ધાંતમાં ઉંડી ધાર્મિકતા રહેલી છે; કારણકે તેમાં માનવતા અને ન્યાયબુધ્ધિની પ્રેરણા રહેલી છે. હિંદુધર્મ ઉપરના આ કલંકની ભયંકરતા અને તેનાં તાત્કાલિક અને દૂરનાં પરિણામોનો સચોટ ખ્યાલ, જેવો ગાંધીજીને આવેલો છે, તેવો બીજા કોઇને આવેલો નથી, એમ કહીએ તો તે અતિશયોક્તિ નહિ કહેવાય. આ કલંક અને અન્યાય દૂર કરી, હિંદુ ધર્મ અને સમાજની આંતરશુદ્ધિ સાધીને, રાષ્ટ્ર ઘડતર કરવાના તેમના પ્રયાસો વિશાળ, સચોટ અને એક બીજા ઉપર આધાર રાખનારા છે. ગાંધીજીના બધા પ્રયાસોમાં અદ્વૈતભાવની સૂક્ષ્મ પ્રતીતિ તો ઓતપ્રોત છેજ, પણ તે સાથે લોકશાસનનો મૂળભૂત સિધ્ધાંત પણ તેમાં જીવંત સ્વરૂપે રહેલો છે, તેટલે અંશે તેમના પ્રયાસોએ વિશાળ વ્યાવહારિક યોજનાઓનું સ્વરૂપ ધારણ કરેલું છે અને તે સર્વમાં વેગ અને જોમ આવેલાં છે. અસ્પૃશ્યતા નિવારણના કાર્યમાં જે કંઇ જોમ છેલ્લાં વીશેક વર્ષથી આવ્યું છે, તે તેમણે આ દિશામાં ઉપાડેલી ઝુંબેશને આભારી છે. અસ્પૃશ્યતાની બદીને લીધે હરિજન ભાઇઓની સ્થિતિ ઘણે ઠેકાણે પશુઓની સ્થિતિથી પણ હીન થયેલી છે. તે જોઇને ગાંધીજીના હૃદયને કેટલો બધો સંતાપ થાય છે, એ આપણે સર્વે જાણીએ છીએ. છતાં આ પ્રવૃત્તિને જેટલો વેગ મળવો જોઇએ તે હજી સુધી મળ્યો નથી. અસ્પૃશ્યતાના પાપને લીધે આપણા ધર્મ અને સમાજ ઉપર કેવો ભય તોળાઇ રહ્યો છે, તેની કંઇજ કલ્પના આપણને આવી લાગતી નથી.

ધર્માન્તર એ સવર્ણોની શરમ

આપણને ખ્યાલ આવતો નથી કે સવર્ણોના ત્રાસથી, તેમના અમાનુષી વર્તનથી, કુવા, તળાવ, નિશાળો, દવાખાનાં, જાહેર વાહનો વગેરે તદ્દન પ્રાથમિક જરૂરીયાતનાં સાધનો બીજાના જેટલા, સમાન અધિકારથી વાપરવાની બેહુદી મનાઇથી દર વર્ષે કેટલાયે હરિજન ભાઇઓ ધર્માન્તર કરે છે. સવર્ણોના જુલ્મોથી ત્રાસી જઇ કેટલાયે હરિજન ભાઇઓ મુસ્લીમો અને લઘુમતી કોમોની માફક અલગ મતાધિકાર પણ માગી રહ્યા છે. તેમની નાડીમાં જે કોમી રૂધિર ફેલાઇ રહેલું છે તે તદ્દન કારણ વિનાનું તો નથી જ. પોતાનો ધર્મ બદલવાનો સર્વ કોઇને સરખો અધિકાર છે. સ્વેચ્છાથી, વિચારપૂર્વક, ધર્માન્તર થાય, તો તે બાબતમાં કોઇને કંઈ વાંધો ઉઠાવવાનું કારણ રહે નહિ. પણ સવર્ણોની નિર્દયતા અને જુલ્મને લીધે જો હરિજન ભાઇઓ ધર્માન્તર કરવા લોભાય તો તેની સર્વે જુમ્મેદારી સવર્ણોને માથે છે. આવી ઘટનાઓનાં રાજકીય પરિણામોનો વિચાર ન કરીએ તો પણ સવર્ણોના આવા ત્રાસથી હિંદુ ધર્મનો જે ક્ષય થઇ રહ્યો છે તે કંઇ નજીવી આપત્તિ નથી.

સગવડિયો ધર્મ

આપણે જો સહેજ જ વિચાર કરીશું તો સમજાશે કે આપણો ધર્મ તદ્દન સગવડિયો બની ગયો છે. મોટા કારખાનામાં અડોઅડ સાથે કામ કરવામાં, મ્યુનિસિપાલિટી અને પ્રાંતિક ધારાસભાની સભાઓમાં એ રૂઢીને ઉંચી મુકવામાં આવે છે, જ્યારે બીજા વ્યવહારમાં હરિજન ભાઇઓને સ્પર્શ સરખો પણ કરવામાં ન આવે, એ તે કેવી રૂઢી અને કેવો ધર્મ ? આવા સગવડિયા

ધર્મથી ખરેખર આપણે શરમાવું જોઇએ. ઢંગધડા વગરના આવા સગવડિયા ધર્મને બદલે આપણા સામાજિક વ્યવહારમાં કમમાં કમ માનવતા, સમાનતા અને ત્યાગવૃત્તિ હોવાંજ જોઇએ, સ્પૃશ્યાસ્પૃશ્યતાની ગ્રંથી આપણા હૃદયમાંથી જડમૂળથી છેદાઇ જવી જોઇએ, કોઇ કોઇના સ્પર્શથી અભડાઇ જતું નથી.

હરિજનો પણ માણસો છે; તેમના સ્પર્શથીજ કોઇ અપવિત્ર બની જતું હશે એ કલ્પનામાં પણ આવી શકતું નથી. એના એજ હરિજનો જો ધર્માન્તર કરીને આવે, તો તેમનો સ્પર્શ દૂષિત બનતો નથી. અરે, પશુઓના સ્પર્શથી આપણે અને આપણાં ઘર—રસોડાં અભડાતા નથી, તો એક માનવના કેવળ સ્પર્શથી સવર્ણો કેવી રીતે દૂષિત બની જતા હશે, તેનો જરા પણ ખુલાસો આપણી બુધ્ધિ કરી શકતી નથી. આથી કરીને સ્પર્શાસ્પર્શના કુ-સંસ્કારની ગ્રંથી એકે સપાટે કપાઇ જ જવી જોઇએ. સવર્ણોનો હરિજનભાઇઓ સાથેનો બધો વ્યવહાર એવો તો સ્વભાવિક બની જવો જોઇએ કે થોડાજ સમયમાં "હરિજન" શબ્દ જ નિત્યની ભાષામાંથી નીકળી જઇ ભૂતકાળમાં તે લય પામે. દરેક સવર્ણ હિંદુની એ પવિત્ર ફરજ છે કે તેણે હરિજનભાઇઓ સાથે સામાજિક સંપર્કમાં આવવાની એકે એક તકનો આદરથી લાભ લેવો જોઇએ. રમતગમત, સામાજિક મેળાવડા, ભજનકીર્તન, ખાનગી વાતચીતની મંડળીઓ વગેરેની એટલી બધી છુટથી વ્યવસ્થા થવી જોઇએ કે હરિજનભાઇઓ પોતે હરિજન છે કે હતા એવો ખ્યાલ સુદ્ધાં તેમનાં દિલમાંથી નીકળી જવો જોઇએ.

કાયદાથી પણ કરીએ

આપણો પરસ્પર વ્યવહાર આટલો શુદ્ધ થાય તો પછી સામાજિક ઉપયોગનાં તમામ સાધનો હરિજનભાઇઓ છૂટથી વાપરી શકે એવો પ્રબંધ હોવો જોઇએ એમાં તે કહેવાનું હોય શું? **એકેએક મંદિર અને એકેએક જાહેર ઉપયોગનું સાધન સર્વના જેટલા સમાન અધિકારથી અને ગૌરવથી હરિજનભાઇઓ વાપરી શકે, એવું વાતાવરણ જાહેર અભિપ્રાય અને વર્તનથી અથવા જો જરૂર લાગે તો છેવટે કાયદાથી પણ તૈયાર કરવું જોઇએ.**

પ્રાયશ્ચિત રૂપે યોજના.

આમ અસ્પૃશ્યતાનું નિવારણ કરી હરિજન ભાઇઓને સવર્ણોના જેટલા સમાન અધિકારો આપીએ એ તો જરૂરનું છે જ પણ તેટલેથી અટકવાનું નથી. આ બધાને પુરક, રચનાત્મક કાર્ય કરવાનું રહે છે. હરિજનભાઇઓ માટે કુવા, તળાવ, નિશાળો, દવાખાનાં, મંદિરો અને તેમના રહેવાના વાસ સુધ્ધાં કદીએ અલગ ન હોવાં જોઇએ. પરન્તુ તેમની કેળવણીના ઉત્તેજન અર્થે અને તેમની આર્થિક સ્થિતિ સુધરે, એવા ધંધા રોજગાર ઉપર તેઓ ચઢે તે માટે મોટા પાયા ઉપર યોજનાઓ કરવાની રહે છે. હરિજનભાઇઓમાંનાં કેટલાકનો ધંધો મેલો ગણાય છે, તો એ ધંધામાં વાપરવાનાં સાધનોમાં અને કામ કરવાની રીતોમાં ધરમૂળથી એવા ફેરફારો કરવા જોઇએ કે જેથી કરીને તેઓ ચાહે તો એનો એ જ ધંધો સફાઇથી કરી શકે. ટૂંકાણમાં કહીએ તો હરિજનભાઇઓ માટે એવી રચનાત્મક પ્રવૃત્તિઓ થવી જોઇએ કે જેમાં સવર્ણો જાણે તેમના ઉપર મોટી મહેરબાની કરી નાંખે તે રીતે નહિ, પણ પોતાના પાપના પ્રાયશ્ચિત-રૂપે, કર્તવ્યરૂપે એવી યોજનાઓ કરે કે જેથી હરિજનભાઇઓ સ્વતંત્ર માનવ તરીકે ગૌરવથી સ્વાવલંબી બને, અને થોડા જ સમયમાં પોતાની ઉન્નતિનાં કામો પોતે જાતે જ કરતાં શીખે.

જાહેર ઉપયોગનાં સાધનોમાં હરિજનભાઇઓનો ભેદ કરવો એ ગુન્હો છે, એવું બીલ મુંબઇની સરકારે હાલમાં પસાર કરાવ્યું છે, તે આવકારદાયક અને દ્રષ્ટાંતરૂપ છે. આવું જ બીલ બધા પ્રાંતોમાં આવશે એ ચોકકસ છે. આ બીલનું અનુકરણ બધાં દેશી રાજ્યોને પણ કરવાનું રહે છે. આ પ્રમાણેનો કાયદો સારા દેશમાં થાય તે આવશ્યક છે જ; પણ એક બીજી દ્રષ્ટિથી વિચાર કરતાં એમ લાગે છે કે શુધ્ધ માનવતા અને ન્યાયની બાબતમાં પણ સરકારને કાયદા કરવા પડે, એ હિન્દુ સમાજને માટે ખરેખર શરમજનક છે.

સરલાદેવી સારાભાઇ.

દીનનું દાંપત્ય

વાલીઓ વાધરી દાતણ કે ખડ વાઢીને કે જેવી મળે તેવી મજૂરી કરીને પોતાનું ગાડું ગમે તેમ ગબડાવ્યે જતો હતો. કોઇ દિ જો કંઇ ન મળે તો ભૂખ્યે પેટે ય રાત ગાળી નાંખતો, અને કોઇ ન જાણે તેમ રોઇ નાંખતો. જેમ તેની ભૂખમાં કોઇ ભાગીદાર થતું નહિ તેમ બીજાની સાહ્યબીમાં તે કોઇ દિ દાવો કરતો નહિ. રસ્તે ચાલતાં જો કોઇ સામું મળે તો તે રામ રામ કરી છૂટતો. કોઇને ત્યાં વરો ખરો હોય ત્યારે ચીવટથી લીલાંછમ દાતણ પહોંચાડતો અને બદલામાં જે કંઇ એનું જુનું મળે તે લઇને રાજી થતો. અને ગામને ઐનેટાણે ચીભડાં, ચણિયાબોર, કે કેરડા બજાર કરતાં જરૂર સસ્તાં આપતો, છતાંય તે જન્મે વાધરી હોવાથી બીજા તેને અકારણ વાધરીને બદલે વાઘરાના તિરસ્કૃત નામે સંબોધતા. પછાત ગરીબ વર્ગ જેમ ઉજળિયાત વર્ગ પાસેથી કોઇ પ્રકારના વિશેષ માનની અપેક્ષા નથી રાખતો તેમ વિના કારણ હડધૂત થવું પણ તેને નથી ગમતું. તેથી જ્યારે કોઇ અકારણ તુચ્છકારે કે અપમાને ત્યારે તેના દિલને જરા દુઃખ થાય અને ઉજળિયાત વર્ગ અને પોતાની વચ્ચે રહેલો તફાવત તેને ખટકે. આથી કાં તો દિલની મમતા મરે અને અસૂયા જાગે કે, કાં તો માનવીના વ્યકિતત્વને મારી નાંખનારી આત્મ-લાઘવની લાગણી જન્મી તેને નધરોળ બનાવી દે. તેથી જ આવું અપમાન વાલીયો લાંબા વખતથી અનુભવતો હતો. તેના બાપે અને દાદાએ પણ તેવું જ પામર જીવન વીતાવ્યું હતું તે તે જાણતો હતો, તોય તે કોઇ પ્રકારના પ્રતિકાર વગર નધરોળ થઇને ગામમાં પડયો રહ્યો હતો, પણ એક દિ મુંબઇથી આવેલી સનકી કંપનીએ ત્યાંની મોટી મોટી વાતું સંભળાવી અને તેને પોતાના ગામ ઉપર કડવાશ આવી ગઇ. વળી ગામની ઉપરાઉપરી લગભગ દુષ્કાળ જેવી સ્થિતિમાં પેટિયું નીકળે તેવું કંઇ કામ ત્યાં ન રહ્યું. તેથી તેને પોતાનું ગામ અળખે થઇ ગયું અને તે મુંબઇ આવ્યો. મુંબઇના ધમાલિયા પણ મુકત વાતાવરણમાં પોતાના ગામમાં દેખાતો હતી તેવી ભૂખ કે વર્ણભેદનું ઝેર તેને કયાંય ન દેખાયું. વળી ધંધામાંથી પેટપૂરતું મળી રહેવા ઉપરાંત તેના આપેલા બનાવટી ઘીને ચોકખા ભગરભેંસના તાજા ઘી તરીકે સસ્તામાં ખાનારા મુંબઇના ચાવળાઓ તેને વાધરીને બદલે જરા વધારે ઉંચા રબારી તરીકે ઓળખતા થઇ ગયા અને દેશના લોકોની જીભમાં દેખાઇ આવતું તિરસ્કૃત વાધરીપણું બંધ થયું તેથી તે મોજમાં રહેતો. પણ જ્યારથી કશીયા વાધરીએ તેના કાનમાં કાંઇ ખાનગી વાત કરી ત્યારથી તેનું મોઢું ચડેલું રહેતું. પોતાની સ્ત્રી તે મોતડી સાથે વાતવાતમાં કારણ વગર કતરાતો અને બીજા ઓળખીતા સાથે ખીજતો. પહેલા તો ધંધેથી આવ્યા પછી અલકમલકની વાતો કરી મોતડીને ચકિત કરી નાંખતો તે હમણાં ઘરે આવીને મૂંગોમૂંગો ઘરનાળાના પાણુકા ઉપર રસ્તામાંથી વીણેલાં એંઠાં બીડી કે સીગારેટના ઠુંઠા બાળીને પીતા પીતા બેસી રહેતો અને ઉંઘ આવે ત્યારે ટુંટિયું વાળીને ત્યાંજ સુઇ રહેતો. ભૂખ લાગે તો બોલ્યા ચાલ્યા વગર લૂશલૂશ બે કોળિયા ખાઇ લેતો અને સવારે ઉઠીને ગુપચુપ કામે ચાલ્યો જતો. મોતડી આ બધું જોતી હતી, પણ તેનું કારણ તેણે તેને પૂછયું પણ નહિ અને જાણવા ખાસ કાંઇ પ્રયત્ન પણ કર્યો નહિ. તેને લાગ્યું કે હાલમાં ખાવાપીવાનું કંઇ ઠેકાણું નથી તેથી જેવું તેવું ખાવાથી કળતર આવતી હશે અને શરીર કંઇક અનરવું થયું હશે

કે કોઇ જાતનો વાયુ પંડમાં ઉખળ્યો હશે એટલે આમ નિમાણા જેવો થઇ ગ્યો છે. તેથી કોઇએ ચીંધ્યું તેમ થોડીક કડવાણી વાટીને તેને પીવા આપી. વાલીઆએ "મારે કાંઇ નથી પીવું, જેને પીવું હોય તેને પા." આમ કહીને ખીજમાં કડવાણીનું કોડિયું ફેંકી દીધું. મોતડીને થયું કે જરા જીવનો સૂગાળવો છે તે કડવાણી નહિ પીવે એટલે કહ્યું કે "દવા પીવી ન હોય તો કાંઇ નહિ. આખે શરીરે કાળીજીરી અને કોડામારીનો ખરડ કરી દઉં કે ડિલ છુટું થઇ જાય અને નરવાઇ આવે." "ના મારે ખરડ નથી કરવો, જેને કરવો હોય તેને કર." આમ કહી મોઢાનું બીડીનું ડુંડું ફેંકી દઇ ઘીનું પારિયું લઇને ફેરી કરવા ચાલી નીકળ્યો. મોતડી તેને જાતો કયાંય સુધી જોઇ રહી. પછી જ્યારે દેખાતો બંધ થઇ ગયો ત્યારે તાજા ઘડેલા રોટલા એમને એમ ઠીબડીમાં ઢાંકીને આરતેથી આંખમાં આવેલા પીલુડાં લૂછી તે પણ બીજું પારિયું લઇને ફેરી કરવા નીકળી પડી. તે દિવસે ખાવાનું ખાવાને ઠેકાણે રહ્યું.

આખો દિ વાલીઓ તેને કયાંય મળ્યો નહિ. નીકર તો ભલે બીજે કયાંય તેઓ ન મળે પણ બપોરે દાદરના સ્ટેશન ઉપર તો જરૂર બેય ભેગા થઇ જાય, અને વાતો કરતા કરતા એક એક કોપ ચાનો પીવે. પછી વકરાના પૈસા ગણી લઈ વાલીઓ વેપારીનો હિસાબ સમજવા અને નવો માલ ખરીદવા જાય અને મોતડી કડવી વાઘરણના ભાગમાં "લીલાછમછમ, પૈસાના બેએ લીલાછમછમ" કરતી દાતણ વેચવા બેસે, અને ઠીકઠીક અંધારૂ થયે બજારમાંથી રોટલાનો લોટ લઇ પરેલના પૂલ નીચે પાણકાના મંગાળે રોટલા ઘડવા બેસે, તેટલામાં વાલીઓ રસ્તામાંથી ડબલામાં કોઇ દિ ચાર કૂદિયાનો જાજા પાણીવાળો ચા તો કોઇ દિ મોગલની હોટેલમાંથી શાક લઇને આવે અને પાત્રિયામાંથી એક લોંદો ઘીનો કાઢી આંખા દિવસની આપવીતી કરતા કરતા વાળુ કરે. પછી મોતડીએ ચીંથરથી કંતાનના ગાભા નીચે પોતાનો દલ્લો અને વધારાના લુગડા દબાવીને તૈયાર કરેલ પથારીમાં વાતો કરતાં કરતાં સુઇ જાય. પણ તે દિવસે મોતડી સ્ટેશન ઉપર વાટ જોઇને થાકી, પણ વાલીઓ ડોકાણો નહિ એટલે આવી હતી તેવી જ ઘીનું પારિયું લઇને પાછી વળી. દાતણ વેચવા પણ ન ગઇ. રાત્રે પણ તે ઘરે ન આવ્યો. એટલે મધરાત પછી થાકીને તે ઉખરડી જમીન ઉપર જ સુઇ ગઇ. જ્યારે બાજુવાળી રાણકીએ સવારે તેને કહ્યું કે "તે ઉંઘમાં ખૂબ હીબકતી હીબકતી વાલીઆ સાથે વાતો કરતી હતી અને રોતી હતી." ત્યારે જ તેણે જાણ્યું કે વાલીઓ હજુ ઘરે આવ્યો નથી પણ પોતે વાતો કરી અને રડી તે તો સ્વપ્નુ હતું. ઠીકઠીક તડકો ચડયે આગલ્યા દિના સુક્કા રોટલાના કટકા પાણીમાં ભીંજવી જરા કટક બટક કરી ઘીનું પારિયું લઇને જે જગ્યાએ વાલીઓ ફેરી કરતો ત્યાં તેને ગોતવા તે નીકળી પડી. રોંઢા સુધી ભમી ભમીને પગ થાકી ગયા. પણ ન તો વાલીઓ મળ્યો કે ન ઘીનો ઘરાક કોઇ ભગવાનનો લાલ મળ્યો. એટલે નિશ્વાસ નાંખીને આખરે હંમેશની આદત મુજબ દાદરના સ્ટેશને જઇને બેઠી. ત્યાં બેઠા બેઠા તે વિચારમાં ચડી ગઇ કે "ધંધા તો બધા કરે પણ તેમાંય કોઁકનું ભાગ્ય જ રળતું હોય છે. આજે મારો વાલીઓ રીસાણો એટલે નશીબેય રીસાણું કે પાઇનોય વકરો ન થયો અને પગ દુટ્યા ઇ નફામાં. મારાં તે કાંઇ નશીબ છે? એને નશીબે જ ઉજળી છું." તેની આંખમાંથી ડળક ડળક આંસુ પડી ગયા કે "વાલીઆને શું થયું હશે? ઇ આમ નભરમો કેમ થઇ ગયો છે? મેં શું વાંક ગુનો કર્યો છે કે આમ છેટો ને છેટો ભાગે છે?" પણ તેના દિલમાંથી કાંઇ ઉકેલ જડયો નહિ. ચાવાળો છોકરો બે ત્રણ વાર આવીને પૂછી ગયો. પણ તેણે ચાનો કોપ લીધો નહિ. "હમણાં વાલીઓ આવશે એટલે હારે બેસીને પી'શું" એમ આશામાં ને આશામાં ઠેઠ સાંજ પડી. એટલે નિરાશ થઇને પરેલની ગાડીમાં બેઠી અને તેની આંખમાંથી આંસુની ધારા ચાલી ગઇ.

ત્રીજે દિવસે પણ આખો દિવસ ભટકીને સ્ટેશને આવીને બેઠી. તેને ખાત્રી હતી કે પશુને પણ જેમ પોતાના પરિચિત સ્થળની કે જનની મમતા ખેંચે છે એટલે તે પણ ચોકસ વખતે ખીલો સૂંઘવા આવે છે, તેમ માણસના દિલમાં પણ કોઇ એક એવું મમતાનું તત્ત્વ પડયું છે કે જે તેને અદ્રષ્ય રીતે તેના પરિચિત સ્થળ કે પ્રિય જન તરફ ધકેલે છે, તેથી ભલે બે દિવસ વાલીયો ન આવ્યો, પણ મોડો વહેલો આવ્યા વિના નહિ રહે. એ આશામાં ત્યાં બેઠી. અને થયું પણ એવું કે નમતે પહોરે વાલીયો ત્યાં આવ્યો. સાથે તેની સનકી કૂદ પણ હતી. વાલીઆએ પણ મોતડી આવશે એમ ધાર્યું હતું પણ તેને મળવું નહોતું તેથી જ તે વખતનો ફેરફાર કરીને મોડો આવ્યો હતો.

પહેલા વાલીઆ અને મોતડી વચ્ચે ખૂબ હેત હતું અને બંને મોજથી રહેતા હતા. પણ કશીયાએ વાલીઆ પાસે કાંઇ આધાપાછી કરી અને તેને મોતડી માટે ભરમાવ્યો એથી તેને પાકો વહેમ આવી ગયો હતો કે મોતડી વકરામાંથી પૈસા ગોપવીને ગાંઠ કરે છે અને લાખિયા સાથે કાંઇ છાનગપતિયાં રમે છે. તેનું મન અહર થઈ ગયું. અને પછી તો તેણે તેની ખણખોદ માંડી કે તે કયાં જાય છે, કેટલો વકરો કરે છે અને કેટલા પૈસા તેને આપે છે! એક દિવસે જ્યારથી તેણે મોતડીને ગીરગામમાં એક હાટે ઉભીને ભાયડા માણસના લુગડા જોતી જોઇ ત્યારથી તે મનમાં બળી જળી રહ્યો હતો, તેને તેના માટે અભાવ આવી જતાં તેની મીઠી લાગતી વાતોમાં તેને કંઇને કંઇ ભેદ લાગવા માંડયો. તેથી મોતડીએ દવા અને ખરડનું કીધું ત્યારે ગુસ્સામાં ને ગુસ્સામાં તે ત્રણ દિવસ થયાં ઘર તજીને સનકીને ત્યાં જઇ રહ્યો હતો અને તેના ટાંચા રોટલામાં ભાગ પડાવી, તાણમાં તાણુ પાડતો હતો. સનકી ગરીબ હતી અને આંધળા ધણી તથા આગલ્યા બે ધણીના છ છોકરાનું એકલે પંડયે માંડમાંડ તાણીતોડીને પુરૂં કરતી હતી. એમાં વાલીયો જઇને પડયો એટલે બધામાંથી કટકો કટકો ઓછો કરી તેણે તેને ઉજળા દિલનો રોટલો આપ્યો. વાલીયો આ સ્થિતિથી મુંઝાણો. આ મુંઝવણે તેને એક જુની વાત તાજી કરાવી કે જ્યારે દેશમાં બે ત્રણ મહિના સુધી તે પથારીવશ હતો ત્યારે પોતાનો તેમજ તેના અપંગ માબાપનો બોજો એકલી મોતડી ઉપર આમ જ પડયો હતો અને તેણે પોતે અરધે પેટે મજૂરી કરીને બધાને નીભાવ્યા હતા. આમ એક તરફથી તેનું દિલ મોતડીને છાનું છાનું ઝંખતુ હતું ત્યારે બીજી તરફથી મનનો વહેમ અને ગુસ્સો તેને તેનાથી દૂર ને દૂર ખેંચી જતા હતા.

મોતડીની જેમ વાલીયાએ પણ બે દિવસમાં કાંઇ વકરો કરેલ નહિ. તેનેય મનમાં તો થયું કે "પોતે તો સમજવા જેવો છે, બાકી ખરી નશીબદાર જ મોતડી હતી કે કોઁકને કોઁક ઘરાક બે પાંચ શેર ઘીનો વકરો કરાવતું. પણ કાંઇ નહિ, હવે મારે ને મોતડીને શું? જે ભાગે જવું નહિ તેનો કેડો પૂછવો શું કરવા? આમ વિચારતો વિચારતો સનકી કૂદને "ઠેશણુની ચાનો ટેમ" કરાવવા તે આવ્યો હતો. તેને પોતાને કદાપિ ખબર પણ ન હોય તેમ તેના દિલમાં દપટાયેલો મમતાનો છાનો અંશ તેને ધકેલતો હતો, તે ધકેલાતો હતો અને તેની આંખ વિચિત્ર રીતે કોઇ પરિચિત માનવીને ગોતી રહી હતી. તેણે મોતડીને નીચું જોઇને જમીન ખોતરતી જોઇ. સનકી તેની પાસે "કાં વઉ" કહીને બેસી ગઇ એટલે તેને ન છૂટકયે ત્યાંજ બેસવું પડયું. પણ તુરત તેના મનનો શમી ગયેલો ઉકળાટ પાછો જાગ્યો અને ક્ષણ પહેલાં વિયોગ અને ભૂતકાળનાં સ્મરણોએ જગાવેલ મોતડીની મમતા મનના વહેમ અને અહંમે ફરી વખત ભૂલાવી દીધી.

ઘણીવાર જ્યારે કોઇ ન બોલ્યું ત્યારે વાલીઓ સાંભળે તેમ મોતડીએ લાજમાંથી કહ્યું કે "કૂઇ, તમારા ભત્રીજાને જરા પૂછો તો ખરા કે ત્રણ દિવસ થ્યા કયાં ગ્યા તા? મને મુઇને કહીને તો જવું હતું? હું તો ગોતી ગોતીને થાકી. ભલે ઇ તો તમારે ત્યાં

સુવાણે રોકાણાં હશે પણ અમને તો ચંત્યા થાય ને? દિ આખો ભટકીને થાકીએ પણ જ્યારે નિંજરીએ ભેગા થઇને બેસીએ ત્યારે બધો થાક ઉતરી જાય અને મનને કરાર વળે, પણ એકલા એકલા આ ત્રણ દિ તો બહુ આકરા ગ્યા. પાંપણે પાણી સૂકાણું નથી. આપણો અસ્ત્રીનો તો બળ્યો કંઇ જીવ છે! વારે ઘડીયે મનમાં માઠી કલ્પના ઉઠે કે શું થઇ ગ્યું હશે? આ મોટા શે'રમાં તો ડગલેને પગલે મોત, એટલે ઘરે આવે ત્યારે સમજીએ કે હીમખીમ છે."

"હવે કહીજ મેલ્યુ છે! તારે કયાં મારો ખપ રહ્યો છે? જેનો હતો તે પૈસા તો દબાવીને બેસી ગઇ અને પડખે રૂપાળો લાખીયો છે. પછી હું હીમખીમ હોઉં તોય શું અને ન હોઉં તોય શું? એકલી શેની છો? નાણાં છે તો એક કરતાં અનેક વાલીઆ મળી રહેશે. તું તારે હવે કરને મનમાં આવે તેવા તનકારા! તને પૂછનારૂં કોણ છે? ગાંઠયે પૈસો છે અને પંડમાં લોટકયો લોહી છે પછી શું?"

વાલીઆએ સીધી વાત કરી એટલે મોતડીએ કૃધને બદલે સીધું વાલીઆને કીધું "વાલીઆ, તને આજ શું થઇ ગ્યું છે કે આમ કાયાકોચાં બોલછ? પૈસા કેવા ને વાતું કેવી? તારૂં પંડ છે ઇ જ મારે પૈસા. આજ તારી આંખ કેમ ફરી ગઇ છે?"

"થામોને રાંડ સહરની પૂંછડી! બધું જાણું છું એટલે; વખતે મન હાથમાં નંઇ રયે અને લેવા દેવા વગરનો હાથ ઉપડી જાહે એમ જાણીને આધો ભાગ્યો'તો, ત્યાંતો સામીને સામી ભટકાણી! હવે તો મારા હિસાબની ચોખવટ કરી લેવી છે. મોતડી, તને કહું છું કે મારા પૈસા અને હિસાબ આપી દે. પછી બોલું તો કે'જે. જીવતી માંખી નંઇ ગળાય હા!"

ચાર ચાર મહિના થયા હું તો જોયાં જ કરૂં છું કે કુલડીનું તળીયું કેમ ઢંકાતું નથી? અને વાણિયાનો હિસાબ સરભર થાતો નથી? જાણ્યું કે મેંનત કરશું એટલે કોક દિ જીવારો થાહે! પણ શેનો થાય જ્યાં રાંડની નિયત ખોટી ત્યાં? મારી હારે છાનગપત? એમ! મોતડી, મારા દેખતા મારી આંખ્યુમાં ધૂળ નાંખીને ગાંઠ કરવા નંઇ દઉં. આ ઘર જુદા! મારીને ભંડારી દઇશ. સમજીતે? હિસાબ કર ને પૈસા આલી દે. આજે નંઇ છોડું."

"આ તું બોલછ શું? તારો તે કાંઇ દિ ફર્યો છે કે આમ ચોરે પીંજણ માંડીને બેઠોછ? જરા આબરૂની બેત્રના કર કે કોને બોલછ અને શું બોલછ? ગાંઠ કરવી છે મારે? કોના માટે? ગાંઠમાં તું એકલો છે, ત્યાં બીજી ગાંઠ શેની? પારકાનો ભરમાવ્યો ભરમા'માં અને વાલીઆ, શીળો કુબો વીંખી નાંખ્યમાં! જરા ટાઢો પડય ને ઘરે હાલ્ય, ત્યાં બધું તને સમજાવું. હિસાબે ત્યાં આપીશ! પણ આંહિ ચોરે બેસીને નંઇ! તને તો કાંઇ નંઇ પણ મને તો તારા વેણ સાંભળીને મરવા જેવું થાય છે. ઘરે હાલ્ય અને જે પૂછવું હોય ઇ પૂછજે અને મારીને ભંડારી દેવી હોય તો મારી નાંખજે પણ બધું ઘરે!"

"ના, ના મારે ઘરે નથી આવવું. આંહિ જ હિસાબ સમજવો છે. બોલી દે, તેં મારા બધા પૈસા તારા કયા વાલેશરીને આપ્યા છે? આજે જો હિસાબ નંઇ, તો તું કે હું નંઇ!"

"વાલીઆ, સથરો થા. મારી આબરૂ કાઢય માં! તારી વન્યા બીજો કયો વાલેશરી મારે પડયો છે કે તેને પૈસા આપી દઉં? તું આમ એસ્ટ્રેલ બોલછ તો તારી આ કૃધ શું માનશે? ઇ માનશે કે વઉ ચોલટી છે, વહેલી છીનાળ છે એમાં તું સારો લાગીશ કાં? તારી પાસે મારી આબરૂ આટલા વરસે પણ ન હોય તો થયું પણ બીજા પાસે તો રે'વા દે. તારે પગે પડું છું. ભલો થઇને ઘરે હાલ્ય. જો ગાડીય આવી."

'કીધું ને કે મારે નથી આવવું. અંજળ હતા ત્યાં લગી ભેગા રહ્યા. હવે તું તારા માર્ગે અને હું મારા માર્ગે. આપણા મારગ જુદા થઇ ગ્યા. જા હવે તું એ દલ્લો ભોગવી લેજે. આ ભવ તો વાધરીનો છે. તેમાં વળી કયાં અસ્ત્રી-હત્યા કરૂં? બાકી મન તો ઘણું થાય છે કે મારી નાંખું."

મૂંગી મૂંગી ઘણી ઘણીયાણીનો કજીઓ જોતી બેઠેલી સનકાએ વાલીઆને વાર્યો કે "હિસાબ છે તો માણસની રીતે વાત કરને, આમ વાધરીવેડા કરી પોત શું કામ પ્રકાશછ?"

"કૃધ, આમ સમજ્યા વગર ઉપરિયાણું શેનું લે છે? તને ખબર છે કે આ રાંડ ચાર પાંચ મહિના થયા ધીના વકરામાંથી થોડા થોડા પૈસા રોજ ગોપવે છે અને ગાંઠ કરે છે કે કોક'ક એનો થાતો હશે એને આપી દયે છે. હું તો ભોળો એને ભરૂસે બેઠેલો, એટલે રાંડના કરતુક જાજા ન સમજું, પણ તારા જેવાએ મારે કાને વાત નાંખી મને ચેતાવ્યો કે "જેને રાંડ લોટો લૂછને ભાગી ન જાય? તું તો પાઇ પાઇ માટે મરછ, પણ તારી મોતડી અને લાખલો એક દિ પૂલના બાંચામાં બેઠા બેઠા મઝાના રૂપિયા ગણુતા હતા અને આંગળીના વેઢે કાંઇ હિસાબ કરતા કરતા કાનકુશી કરતા'તા." કૃધ, ત્યારે સમજાણું કે ઘરમાં પૈસો કેમ દેખાતો નથી. નકરી બે ત્રણ વીસું રૂપિયા હોવા જોઇએ પણ રાંડે પાઇ પણ રે'વા નોંદીધી. હવે તુંજ કે'ને કે બીજ ના ચડે? મારે કયાં બાધવું છે ઇ વાધરણ હારે. મારા રૂપિયા આપી દે, પછી ભલે માંડવું હોય એનું ઘર માંડે. રૂપિયા લઇને નંઇ જવા દઉં."

"પણ પૈસા મારી પાસે કયાં છે? વકરો તો બધો તું રાખતો'તો. તને કોઇએ ખોટું ભરાવ્યું છે, નીકર આમ ન હોય. મારે પૈસા રાખીને શું કરવા છે? ખોટા આળ ચડાવી કો'કના મોત ઉભા કરમાં. આવો અન્યાય કરનારનું કોઇ દિ ભલું નહિ થાય."

"હું શું જાણું કે તારે પૈસાનું શું કરવું છે? તારે પૈસા વાપરવાના કયાં ઠેકાણા ઓછા છે? હા, પણ આ પોટકીમાં શું બાંધ્યું છે? દેખાડય તો ખરી, કાં તો એમાં જ બાંધ્યા હશે."

"આમ અધીરાઇ શું કરછ? ઘરે હાલ્ય ત્યાં બધું દેખાડીશ. તારી કૃધની રૂબરૂમાં મારી આબરૂ હવે કાઢયમાં, થોડી બાકી રે'વા દે."

"ઘરે શું ઘાટયું છે કે કયારની ઘર ઘર કુટી રઇ છો; આંહિ જ બતાવને. આપણે હવે ઘર કેવાં અને બાર કેવાં? ઇમાં થોડો તારા બાપનો કરિયાવર કે કોઇ લાખેણાની નવરંગી ચુંદડી બાંધી છે કે તારી આબરૂ નીકળી જાય છે? તારા ગોટા નોંતો જાણતો ત્યાં લગી તેં કીધું ઇમ કર્યું, હવે તો રાંડ, તને નખશીખ ઓળખી ગયો કે તુંય મુંબઇનું પાણી પીઇને શેઢાણીયુંની પેઠે પેધી છો. મારે તો આંહિજ પોટલી છોડવી છે ને હિસાબ સરભર કરવો છે. પછી તને કાંઇ કઉં તો કે'જે."

"વાલીઆ, ધરપત રાખ. થોડીવારમાં શું ખાવું મોળું થઇ જાય છે? ઘરે હાલ્ય; વે'ભીસો થામાં અને કાળના કવેણ બોલમાં. આમ કુબો વીંખવા સારૂ મુંબઇ આવ્યા'તા, ને પૈસા રળતા'તા? આ કરતાં મલક શું ખોટો હતો? ભલો થઇને હવે હાલ્ય."

"હવે તે છોડું? માંડ હાથમાં આવી છો! ભલેને જગ આખું જુવે અને કૃધએ જાણે. આપણે વાધરાભાઇને તે વળી આબરૂ શું?

"તું કે'છ એવી હું નોઉં. મારી માથે ય જાત છે હો!"

"તારી જાત તો જોઇ લીધી, જ્યારથી મારૂં ઘર લૂંટીને ઓલ્યા લાખીયાનું ભરવા માંડયું ત્યારથી. હવે કયાં નવી જોવી છે? લે ઝટપટ પોટલી છોડ."

'રે'વા દે, વાલીઆ, મારો ભરમ બાંધ્યો રે'વાદે. ફોડયમાં, મારા મનની મનમાં રે'વાદે.'

'નારે.'—

.....જોયુંને કૃધ કેતી'તી કે પૈસા નથી. ત્યારે આ નવો કોટ, પે'રણ ધોતલી આવ્યાં કયાંથી? કયા બાપે અપાવ્યાં? મને થાતું'તું કે કોઇ દિ નહિ ને આજ ગલાંતલાં થાતી નરમ ધેંશ

જેવી કેમ થઇ છે? ગુનો રાંક છે ને? બોલ આ લુગડાં શું કામ લાવી?'

'લાવી. એમાં થઇ શું ગયું?'

'મને કીધા વગર લાવી શું કરવા? કોને પે'રાવવા છે?'

'ઇ બધું ઘરે કે'શ, હવે શરમ મુકાવ્ય માં. સથરો થા.'

'મારે બધું આંઇ જ જાણવું છે અને કઇને પણ બતાવવું છે.'

'શું કામ લાવી એ કહું તો તારે ગળે વાત અત્યારે નંઇ ઉતરે. જરા ટાઢો પડય અને તું તારા પે'રેલા લુગડા સામું જો. છે એની એકેય નાડ સાજી? તોય તને એનું કાંઇ છે? તું આ ગાભામાં ભૂંડો લાગછ અને હું શરમાઉં છું. એમ તો કાંઇ નંઇ, પણ મને ય મનમાં તો થાય નેં, કેતેં કાળી મજુરી કરીને નીત નવી વસ્તુ લાવી મને શણગારી અને પે'રાવી ઓઢાડી પુલકૂટાક જેવી રાખી, પણ તેં પોતે કોઇ દિ નવું લુગડું તારા ડિલે અડાડયું છે? ભવ આખોય ચીંથરાં વેંઢાર્યાં. તારાથી બીજા માટે ખરચાય પણ તારા હાથમાં તો મુઆ, પદમ છે કે પંડ માટે પુરી પાઇ ન છૂટે. વાલીઆ, જુવાની તો તારેય છે. તારાય હાણવા માણવાના દિ છે. ઇમાં તું તો સાવ હાથ ભીડીને બેસી ગયો. એમ કરતાં જુવાની હાલી જાહે, પછી કેવું પે'રવું અને ઓઢવું? મારી માથે તો તું છો પણ ભલા, તારે કયાં કોઇ છે. કે તને લાડ લડાવે? મા નથી, બાપ નથી, કે બીજું કોઇ નથી. આ દુનિયામાં મા ગણ તો માથે હુંજ છું, બાપ ગણ તો બાપેય હું અને બાયડી ગણ તો તેય હું છું. મારાવન્યા તારું બીજું કોણ છે કે તારી ચિંતા કરે? એ બધું મારે જ કરવું રહ્યું ને?"

"તને તારી ભોળપમાં નર્યા વૈતરા આડે બીજું ભાનં કયાં છે કે શું થઈ રહ્યું છે? કોક અદેખાએ ચાડી ખાધી ત્યારે ખબર પડી કે મારી પાસે પૈસા છે. પણ વાલીઆ, છેલ્લા પાંચ છ મહિના થયાં રોજ ચાર છ આના મારા વકરામાંથી આધા મૂકતી અને બપોરના મારા ખાવામાંથી બે ત્રણ પૈસા બચાવતી. એમ જ્યારે ચાળીસ રૂપિયા ભેગા થયા, ત્યારે મારા ભાઇ લાખીયા હારે જઇને તારા જુના કોટના માપેમાપના આ ત્રણ લુગડાં ગીરગામમાંથી લીધા. હું તને બધું કે'ત, પણ ટાણું આવ્યે. પરમ દિ માનકેશરમાં ગોકળઆઠમનો મેળો છે તેમાં તેં આણેલું ગવન મારે પે'રવું તું ને સવારના પો'રમાં ઉનાપાણીયે સાબુ ચોળીને નવરાવીને મારે આ લુગડા તને પે'રવા આપવા'તા. પારસણ શેઠાણી પાસેથી સાબુનો કટકોય માગીને કે'દુનો રાખી મેલ્યો છે. પણ તને ધરપત ન રહી અને મારી શરમ મુકાવી ત્યારે હેઠો બેઠો. તું માન કે ન માન પણ મારી હોંશ તો મારા મનમાં જ રહી ગઇ. હવે ઘરે હાલ્ય."

.....કઇના કે'વાથી વાલીઓ ઘરે તો ગયો પણ તેનાં મનનું ડોળાણ હજી આળ્યું નો'તું એટલે થોડી ભાંગી તુટી વાતો કરીને માથે ઓઢીને સુઇ ગયો. મોતડીનો રીસાયેલો વાધરી ફરી વખત મનાઇને ઘરે પાછો આવ્યો એટલે તેના મનને ટાઢક થઇ ગઇ હતી. વળી આગલી ત્રણ રાતના લગભગ ઉજાગરા અને આખા દિવસના રખડપાટથી તે થાકી ગઇ હતી–તેથી તે તો તુરત ઘસઘસાટ ઉંઘી ગઇ. આગલી રાતની પેઠે આજે પણ તે ઉંઘમાં લવતી હતી કે "વાલીઆ, વે'ભીલો થામાં, તારા વન્યા બીજુ મારે કોણ છે? લાખીયો તો મારો મા જણ્યો ભાઇ છે. ભલો થઇ ને ઘરે હાલ્ય. કુંઓ વીંખમાં. મારાથી નંઇ જીવાય હો! મારે પૈસા શું કરવા છે" વાલીઓ ચોંકી જઇને પથારીમાંથી ઉઠીને બેઠો. તે મોતડીના મોં સામું જોઇ રહ્યો અને જ્યારે મોતડીએ પડખું ફેરવ્યું ત્યારે "કયાં સાચનો કટકો આ મોતડી અને કયાં વે'મનું જાળું હું" એમ બોલી આંખ લૂછીને તે પણ સુઇ ગયો.

વ્રજલાલ મેઘાણી.

કેટલાક સમાચાર અને નોંધ

બદનક્ષી–કલુષિત મુનિ ચંદ્રોદયસાગર

મુનિશ્રી ચંદ્રોદયસાગરે શેઠ જીવતલાલ પરતાપશી અને મુંબઇ સમાચારના તંત્રી ઉપર માંડેલા પોતાની બદનક્ષીને લગતા કેસો એકા-એક પાછા ખેંચી લીધા છે જેની વિગત આ અંકમાં અન્યત્ર આપ-વામાં આવી છે. બન્ને જવાબદારોએ આ જૈન મુનિ ઉપર એવી મતલબનો આક્ષેપ કરેલો કે મુંબઇના સેન્ડહર્સ્ટરોડ પરના ઉપાશ્રયમાં રહેતા આ મુનિ બપોરના વખતે ભાયખલાના જૈનમંદિરનો ઉપાશ્રય કે જ્યાં અન્ય કોઇ સાધુનો વસવાટ નહોતો ત્યાં અવારનવાર ગયેલા અને કોઇ સ્ત્રી સાથે એકાન્તવાસ સેવેલો. આ આક્ષેપોને બન્ને જવાબદારો મજબુતપણે વળગી રહેવા છતાં ફરીયાદીએ બન્ને કેસો પાછા ખેંચી લીધા છે અને તે પણ મજકુર ફોજદારી કેસ આટલો સમય ચલાવ્યા બાદ–તે શું સૂચવે છે તેનું વિવરણ કરવાની લેશમાત્ર જરૂર નથી. આ સંબંધમાં સ્વાભાવિક અનુમાનો કોઇ પણ માણસની સામાન્ય બુદ્ધિ તારવી શકે છે.

જ્યાં સુધી આ કેસ ચાલતો હતો ત્યાં સુધી મુનિ ચંદ્રોદય-સાગર વિષે કશું પણ લખવું યોગ્ય નહોતું. પણ આજે હવે જાહેર રીતે આપણે કહી શકીએ છીએ કે આવા કેસો ઉભા કર-વામાં અને ચલાવવામાં મુનિ ચંદ્રોદયસાગરે તેમજ તેમને આ કાર્યમાં પ્રોત્સાહન આપનાર કેટલાક જૈન બંધુઓએ ભારે બેવકુફી કરી છે એટલું જ નહિ પણ તેમણે પોતાની જાતને, પોતાના ગુરૂને તેમજ ગુરૂના ગુરૂ સાગરાનંદસૂરિને તેમજ આખા જૈન સમાજની પ્રતિ-ષ્ઠાને ભારે નુકસાન કર્યું છે. પોતાનું ચારિત્ર્ય ખરેખર વિશુધ્ધ હોય એમ છતાં પણ કોઇ છાપું કે કોઇ સંસ્થા કોઇ અમુક મુનિના ચારિત્ર્યને આક્ષેપક કાંઈ લખાણ લખે કે ઠરાવ કરે તો પણ જેણે પંચમહાવ્રતના અંગીકાર રૂપ ચારિત્ર્ય ગ્રહણ કર્યું છે અને એ રીતે જેણે સમાજ સાથેનો સંબંધ છોડયો છે તેવો જૈન મુનિ પોતાની આબરૂ સાચવવા અદાલતના માર્ગે જાય એ સ્વપ્ને પણ સંભવે નહિ. બદનક્ષી અને તેને અંગે પોતાના આર્થિક તેમજ સામાજિક વ્યવહારોને થતી નુકશાની તો તેની જ થઈ શકે કે જે સમાજ વચ્ચે રહે છે અને રહેવાનો છે એને જેને સમાજમાં પૈસાની કે દીકરા દીકરીની લેવડદેવડ કરવાની હોય છે. આવો સામાજિક તંતુ તોડી નાંખ્યા પછી કોઇ નિંદા કરે કે કોઇ સ્તુતિ કરે–ને સાથે જૈન મુનિને કશી પણ નિસ્બત હોઇ શકે નહિ. સામાજિક પ્રતિષ્ઠા જે અર્થમાં આપણે સમજીએ છીએ અને આપણી અદાલતો સમજે છે તેવી પ્રતિષ્ઠાનો અંચળો તો સાધુ વેશ સ્વીકારવા સાથે જૈન મુનિએ કયારનો ફેંકી દીધો હોય છે. તેથી કોઇ પણ માણસ સ્તુતિ કરે તેથી જૈન મુનિની 'સામાજિક પ્રતિષ્ઠા' લેશમાત્ર વધતી નથી તેમજ નિંદા કરવાથી તેની 'સામાજિક પ્રતિષ્ઠા' લેશમાત્ર ઘટતી નથી. વસ્તુતઃ આવો કેસ કરીને ચંદ્રોદયસાગરે સાધુધર્મની અને પંચમહાવ્રતની અનેક મર્યાદાઓનું સીધેસીધું ઉલ્લંઘન કર્યું છે. જે મુનિ કોર્ટમાં કેસ લડવા નીકળે છે તે સંયમધર્મનો પાયો–સમભાવ–તેને તો મૂળમાંથી છેદે છે વળી બદનક્ષીનો કેસ કરીને પોતાના ચારિત્ર્ય ઉપર આક્ષેપો કરનારાને શિક્ષા કરાવવા તેમજ દંડ કરાવવા નીકળવું અને એને લગતા આરંભ સમારંભો ઉભા કરવા એ એક પ્રકારની હિંસા જ છે. વકીલોને આધીન બનીને કોર્ટને દરવાજે જવું અને પુરોગામી સૂચનાઓ ધ્યાનમાં રાખીને જુબાનીઓ આપવી એમાં સત્યવ્રતની કેટલી રક્ષા થઇ શકે છે એ તો એ દિશાનો જેને અનુભવ છે તે સૌ કોઇ સારી રીતે જાણે છે. બ્રહ્મચર્યવ્રતનો ભંગને લગતા જે આક્ષેપનું પ્રસ્તુત મુનિ નિરસન કરી શકયા નથી એ તો આ બન્ને કેસોનો પાયો છે. એને લગતો શાબ્દિક ધનકાર એ સાધુને લેશ માત્ર બદદરૂપ થતો નથી. ઉલટું આ સાધુને હજુ પણ કાંઇ પશ્ચાત્તાપ થતો નથી એવી છાપ આવો ધનકાર સાંભળનારાના

મન ઉપર પડે છે. આવો હજારો રૂપીઆનો ખરચ કરાવનો કેસ કંઈ પૈસા વિના તો ચાલે જ નહિ. વકીલો કંઈ મફત કામ કરતા નથી અને કોર્ટમાં પણ હાલતાં ચાલતાં ખરચ તો થયા જ કરે છે. આ માટે સાધુએ પૈસા મેળવવા રહ્યા. કોઈ શ્રાવકે સાધુ વતી વકીલોના બીલો ચુકવ્યા હોય તો પણ આવા વિપુલ દ્રવ્યસ્વીકારનો દોષ તો સાધુને લાગે જ. વળી પોતાની બદનક્ષીના બદલામાં જ્યારે કોઈ સાધુ એક લાખ રૂપીઆની માંગણી કરે ત્યારે તેના પરિગ્રહ-પરિમાણ વ્રતનો કશો અર્થ જ રહ્યો નહિ. આ રીતે આ વ્રતનું તો ચંદ્રોદય સાગરે પ્રારંભથી જ વમન કર્યું છે એમ કહેવામાં લેશમાત્ર અત્યુક્તિ થતી નથી. આ રીતે આ સાધુ સાધુવેશધારી હોવા છતાં નર્યો સંસારી બન્યો છે, એમ સમજીને તેણે સંવેગી સાધુના વેશનો ત્યાગ કરવો જોઇએ અથવા તો આવા વેશભારથી આવા સાધુને શ્રાવક સમાજે જેમ બને તેમ જલ્દિથી હળવો કરવો જોઇએ. આ સાધુ અદાલતે જવાના ઉન્માર્ગે ચાલ્યા એ માનવીમાં રહેલા રાગદ્વેષનું સ્વાભાવિક પરિણામ છે એમ સમજી તેમની આપણે દયા ચિન્તવીએ. પણ આ સમાજમાં એવા પણ જૈન આગેવાનો છે કે જેમણે આ સાધુના છડેચોક ગેરવર્તન વિષે ધૃણા દાખવવાને બદલે જેમાં જૈન સમાજની કેવળ અવહેલના થવાની હતી તેવા અદાલતના માર્ગે જવા માટે આ સાધુને બધી સગવડ કરી આપી–આ એક ભારે આશ્ચર્યજનક ઘટના છે. અને એટલું જ આશ્ચર્યજનક અને શોચનીય વર્તન તેમના ગુરૂ આગમોદ્ધારક સાગરાનંદસૂરિનું છે કે જેમણે આ શિષ્યને કોઇ પણ કક્ષાએ વારવા કે અટકાવવાને બદલે આ માર્ગે યથેચ્છ જવા દીધો અને આખી સાધુસંસ્થાને ભારે અપયશભાગી બનાવી.

આ આખું પ્રકરણ સાધુસંસ્થાની આજની પરિસ્થિતિ વિષે અનેક વિચારો પેદા કરે છે. સાધુસંસ્થામાં દિન પ્રતિદિન સડો વધતો જાય છે. આ સડો જોઇને સર્વ કોઇ ધર્માભિમાની લોકોને ધૃણા ઉપજે છે અને દુઃખ થાય છે. પણ આમાંના કેટલાક લોકો એવા હોય છે કે જેમને સડો દુર કરવાને બદલે ઢાંકવામાં જ સાધુ-સંસ્થાનું અને જૈન સમાજનું વધારે હિત અને ગૌરવ રહેલું દેખાય છે. આપણું જીવન ખરેખર નિર્મળ પવિત્ર અને સત્યપરાયણ હોય અથવા બને એવો આગ્રહ આજે જવલ્લે જ જોવામાં આવે છે. ઉજળા બનવાને બદલે ઉજળા દેખાવાની જ આપણને હંમેશાં વધારે ચિન્તા હોય છે. અને તેના પરિણામે જ્યાં સડો દેખાય ત્યાં તેને નિર્મૂળ કરવાને બદલે તેની ઉપર ચાદર બીછાવવામાં જ વધારે સમાનશ્રેય અને ધર્મોપાસના રહેલી છે એવી માન્યતા આપણામાંના ઘણા ધરાવતા હોય છે. વસ્તુતઃ આપણી ગળથુથીમાં જ અસત્ય અને અસદ્ આચારને નિભાવી લેવાનું વળણ સારી પેઠે સીંચાયલું હોય છે. આને લીધે સાધુસંસ્થામાં રહેલા દંભ, પાખંડ અને દુરાચારને હંમેશાં પ્રોત્સાહન મળતું રહ્યું છે, અને આપણા પોતાના જીવનમાં પણ પાર વગરનું પોલાણ ઘર કરી રહેલું માલુમ પડે છે. આનો ઉપાય ઉપર ઉપરના ઢાંકણ ઢુંકણમાં કે થાગડ થીગડમાં નથી, પણ સીધેસીધા શસ્ત્રીકરણમાં–ઓપરેશનમાં–રહેલો છે. જ્યાં અનાચાર, ગેર-વર્તન, પાપાચાર જોવામાં આવે ત્યાં જરા પણ ચશમપોશી કે નરમાશ ન દાખવતાં તેને નિર્મૂળ કરવાની હીંમત જે સમાજ દાખવશે તે સમાજ જ આત્મશુદ્ધિ સાધી શકશે અને ઉન્નતિના માર્ગે પ્રગતિ કરી શકશે. જૈન સમાજમાં આજે આવા અનેક ચંદ્રોદયસાગરો છે. તેમનું અધોગમન જેટલું સોચનીય છે તેટલું જ તેમની ધૃષ્ટતા અને ધીટતા આખા સમાજને ભારે ભયસ્થાનરૂપ છે. આવા સાધુને સાધુ તરીકે સ્વીકારવા અને વન્દન કરવું તે ધર્મ નથી, પાપ છે. આવા સાધુઓના ભારથી જૈન સમાજ જ્યાંસુધી હળવો નહિ થાય ત્યાં સુધી જૈન સમાજે એક વિશિષ્ટ સમાજ તરીકે આગળ વધવાની કે ઉંચે આવવાની આશા રાખવી વ્યર્થ છે.

ફરતી હોસ્પીટલ બસો અને ખેતાણી બંધુઓને અભિનંદન

મુંબઇ શહેરમાં જે વિભાગોમાં ડાકટરી કે હોસ્પીટલની મદદો સહેલાઇથી મળી શકતી-નથી તેવા વિભાગોમાં સામાન્ય જનતાને ઉપયોગી થાય તે માટે શ્રી દુર્લભજી કેશવજી ખેતાણીની કુંપની તરફથી રૂા. ૩૩૦૦૦ ની રકમ પીપલ્સ મોબાઇલા હોસ્પીટલ નામની સંસ્થાને અર્પણ કરવામાં આવી છે અને આ રકમમાંથી બે બસો ડાકટર, નર્સ, તેમજ ઔષધ તથા સામાન્ય વાઢકાપની સર્વ સાધન-સામગ્રી સાથે તૈયાર કરવામાં આવી છે. આવી બસો સાધારણ લોકોને ડાકટરી મદદ પહોંચાડવામાં કેટલી બધી ઉપયોગી થઇ શકે તે સહેજે કલ્પનામાં આવે તેવું છે અને આવા પરોપકારી કાર્ય માટે આવી મોટી રકમનું દાન કરવા માટે શ્રી. ખેતાણી બંધુઓને ખુબ ધન્યવાદ ઘટે છે. થોડા સમય ઉપર જ આ ભાઇઓએ સ્થાનકવાસી વિભાગની જૈન એજ્યુકેશન સોસાયટીને સવા લાખ રૂપીઆનું દાન કર્યું હતું. શ્રી દુર્લભજીભાઇ પોતાના વ્યાપાર વ્યવસાય અર્થે યુરોપ ગયા હતા જેઓ હમણાં જ પાછા ફર્યા છે. તેમનો વ્યાપાર ઉત્તરોત્તર વધતો રહે અને તેમની મોટી કમાણીમાંથી આવાં અનેક પરોપકારી કાર્યો નિર્માણ થતાં રહે એવી આપણી શુભેચ્છા છે.

પાટણ જૈન મંડળનાં સસ્તા ભાડાંનાં મકાનો

મુંબઇના મરીનડ્રાઇવની બાજુએ પાટણ જૈન મંડળ તરફથી કેટલાંક વર્ષો પહેલાં ત્રણ મોટાં મકાનો બાંધવામાં આવ્યાં હતાં, જેમાંના બે મકાનોમાં બહુ જ ઓછા ભાડાના દરે પાટણવાસી જૈન કુટુંબોને વસાવવામાં આવ્યા હતા અને એક મકાન ચાલુ ભાડાના દરથી જૈન જૈનેતરોને ભાડે આપવામાં આવ્યું હતું. લડાઇ દરમિયાન સરકારે એ ત્રણે મકાનોનો કબજો લીધો હતો. હમણાં એમાંના બે મકાનો સરકારે છૂટા કર્યા અને એ બન્ને મકાનો પહેલાં માફક બહુ જ ઓછા ભાડાના દરથી પાટણનિવાસી અને ખરી યોગ્યતા ધરાવતા જૈન કુટુંબોને ભાડે આપવામાં આવ્યાં છે. તદુપરાન્ત જે કુટુંબો જુની ઓરડીઓ ખાલી કરીને અહિં આવ્યા છે તે ઓરડીઓનો કબજો લઇને ત્યાં પણ દાઢમારી ભોગવતા બીજા કેટલાક જૈન કુટુંબોને વસાવવામાં આવ્યા છે. અને ધનજી સ્ટ્રીટમાં એક મકાનમાં પાટણ જૈન મંડળની ઓફીસ, લાયબ્રેરી વગેરે હતું તે ખાલી કરીને તેમાં આશરે ચૌદ જૈન વિદ્યાર્થીઓ રહી શકે એવું નાનું સરખું વિદ્યાર્થીગૃહ શરૂ કરવાનો પાટણ જૈન મંડળે નિર્ણય કર્યો છે. આ સર્વ વ્યવસ્થા કરવા માટે પાટણ જૈન મંડળના સંચાલકોને ધન્યવાદ ઘટે છે.

ભારતવર્ષના બે ભાગ્યનિર્માતાઓ

૧૯૧૫ કે ૧૬ ની સાલમાં દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી હિંદ ખાતે પાછા ફર્યા અને એક કે બે વર્ષના ગાળામાં હિંદી રાજકારણના તેઓ મુખ્ય સૂત્રધાર થયા. છેલ્લાં ત્રીશ વર્ષથી ગાંધીજી હિંદુસ્થાનની પ્રજાના ઘણા મોટા ભાગ ઉપર અસાધારણ વર્ચસ્વ ભોગવતા આવ્યા છે, કોંગ્રેસ પણ તેમની દોરવી દોરવાઇ છે અને નાની મોટી અનેક અનેક ઘટનાઓના તેઓ એક મહાન નિર્માતા બન્યા છે. આ રીતે હિંદુસ્થાનના છેલ્લા ત્રીશ વર્ષનું ઘડતર ઘણા મોટા ભાગે તેમની નેતાગીરીને આભારી છે.

આવી જ રીતે છેલ્લાં દશ વર્ષથી મોસ્લેમ લીગના અધ્યક્ષ સ્થાનેથી જનાબ મહમદઅલી ઝીણાએ પણ ભારતવર્ષના ઇતિહાસ-નિર્માણમાં કાંઇ નાનો સુનો ભાગ નથી ભજવ્યો. તેમની દોરવણી અને કાર્યપદ્ધતિએ પણ દેશના ઇતિહાસને નવા નવા વળાંક આપ્યા છે અને આજે તો તેઓ વર્તમાન રાજકારણમાં અસામાન્ય મહત્વનું સ્થાન ભોગવી રહ્યા છે. આ બન્ને ઇતિહાસ–નિર્માતાઓની પરસ્પર વિરોધી નેતાગીરી નીચે ભારતનું ભાવી કોઇ અજબ રીતે ઘડાઇ રહ્યું છે. એ ભાવી કેવું હશે એની આજે કોઇ સ્પુટ કલ્પના થઇ શકતી નથી, પણ એ ભાવી જે કાંઇ હશે તેની ઉપર આ બન્ને વ્યક્તિઓના વિલક્ષણ વ્યક્તિત્વની ચોક્કસ છાપ પડેલી હશે એ વિષે કોઇનો મતભેદ હોવા સંભવ નથી.

વિધાતાની કોઇ અજબ ઘટના છે કે ભારતના આ સંક્રાન્તિ-કાળની ઘડિએ ઉત્તર દક્ષિણ જેટલું અન્તર દાખવતી આ બે વિશિષ્ટ વિભૂતિઓ પેદા થઇ છે. એકે હિંદને આઝાદીના દ્વાર સમીપ લાવીને મૂક્યું; બીજાએ આવતી આઝાદીને ચોતરફથી જોખમાવી દીધી. એકે કોમી એકતા ઉપર બને તેટલો ભાર મૂકીને એક અને અખંડ હિંદ હાંસલ કરવા તનતોડ મહેનત કરી; બીજાએ કોમી ભેદભાવને શક્ય તેટલો ઉત્તેજિત કરીને, પાકીસ્તાનનું તુત ઉભું કરીને હિંદુ મુસલમાનનાં દિલ જુદા કીધાં, વ્યાકુળ બનાવ્યાં અને હિંદના ભાગલા કરવા ઉપર જ પોતાની સર્વ બુદ્ધિ અને શકિત કેન્દ્રિત કરી. એકે પ્રજા સામે અહિંસા અને સત્યનો આદર્શ મૂકી પ્રજામાનસને ઉંચી સપાટી ઉપર ચઢાવ્યું; બીજાએ અહિંસાની મશ્કરી કરી, સત્યની અવગણના કરી, પશુબળના ઉપયોગનું સમર્થન કર્યું, અત્યુકિત અને અસત્યોના પાયા ઉપર પાકીસ્તાનના પ્રચારની સર્વ ઇમારત રચી, મુસલમાન કોમને હિંસા અને કોમી દ્વેષના માર્ગે દોરી અને તેના પ્રત્યાઘાત રૂપે હિંદુ કોમને પણ એજ માર્ગ તરફ વાળી. એકે સૌ કોઇ માટે આઝાદી માગી, બીજાએ કેવળ પોતાની કોમનો અભ્યુદય વાંચ્છયો. એકે આખી પ્રજાના ઉદ્ધાર માટે વિવિધ પ્રકારનો રચનાત્મક કાર્ય-ક્રમ રજુ કર્યો; બીજાએ કેવળ ખંડનાત્મક નીતિ અખત્યાર કરી. એકે રાષ્ટ્રીયતાના આંદોલનને પ્રબળ વેગ આપ્યો; બીજાએ કોમી-ભાવનાને જોર આપ્યું અને કોમી ઝેરવેર વધારી મુકયા. એકે નમ્રતા દાખવી; બીજાએ ભરપુર અહંકાર દાખવ્યો. એક કેવળ સભ્યતા અને સાધુતાની મૂર્તિ; અન્ય અસભ્યતા અને તુંડ-મીજાજનો અવતાર. એક સંતની પ્રતિમા; અન્ય હિંસા અને અસત્યનો પુરસ્કર્તા. એક સદા તુટેલું સાંધવાનો, ભાંગેલું જોડવાનો અને સળગતી આગો ઠારવાનો પ્રયત્ન કરે છે; બીજાનું જીવનધ્યેય એકત્રને વિભિન્ન કરવાનું, જોડાયલાને તોડવાનું અને નવી નવી આગો સળગાવવાનું છે. એક શાન્તિનો સંદેશવાહક છે, માનવી માત્રની મૈત્રીનો પયગંબર છે, કરૂણાની મૂર્તિ છે; અન્ય અશાન્તિનો આશક છે, વૈમનસ્યનો નિર્માતા છે, નિષ્ઠુરતાની પ્રતિમૂર્તિ છે.

આવી જેની પરસ્પરવિરોધી ભિન્ન ભિન્ન વિશેષતાઓ છે તેવી બે મહાન વ્યકિતઓ એક જ વખતે એક જ દેશમાં પોતપોતાની રીતે કાર્ય કરી રહી છે અને હિંદી રાજકારણને નવ નવા રંગ આપી રહી છે. આ બે વ્યકિતઓ દ્વારા દૈવી અને આસુરી એવાં બે મહાન બળો એકમેકનો સામનો કરી રહ્યાં છે. કોઇ એમ ન સમજે કે ઝીણા એશઆરામી છે અને આરામ ખુરશી ઉપર પડયા પડયા જે કાંઇ થઇ શકે તેટલું જ કરવામાં તે માને છે. વળી કોઇ એમ પણ ન માને કે તે અંગ્રેજ સરકારના એક ખરીદાયલા માણસ છે અને તેની સૂચના પ્રમાણે જ નાચ નાચે છે. આ બન્ને કલ્પનાઓ કેવળ ભ્રમણા છે. જે ગાંધીજીને મન દેશની આઝાદી એ ચોવીશે કલાકની ચિન્તાનો વિષય હોય તો ઝીણાની પાકીસ્તાન વિષેની તમન્ના લેશમાત્ર ઓછી નથી એ આપણે સમજી લેવું જોઇએ. ગાંધીજી માફક એ પણ ચોવીશે કલાક પોતાના ધ્યેયની સાધનામાં જ ઓતપ્રોત છે અને તે ખાતર જે કાંઇ સહન કરવાનું આવશે તે સહન કરી લેવા તે પુરેપુરા તૈયાર છે. વળી તે કોઇથી પણ ખરીદાય એવી કોઇ મામુલી કે પામર વ્યકિત નથી. તે જે છે અને જેવા છે તે પોતે જ છે અને પોતા-થકી જ છે. અલબત અંગ્રેજ સરકાર તેનો પુરેપુરો ઉપયોગ કરે છે પણ ઝીણાસાહેબ પણ અંગ્રેજ સરકારનો કાંઇ ઓછો લાભ ઉઠાવતા નથી. એ બે વચ્ચે જે કાંઇ મૈત્રી દેખાય છે તે કેવળ પોતપોતાના સ્વાર્થની છે. આ રીતે આ દેશમાં અથડાઇ રહેલ બે મહાન શકિતઓમાં કોણ જીતે છે અને કોણ પરાસ્ત થાય છે તે જોવાનું રહે છે. એકના વિજયમાં હિંદને આઝાદી, શાન્તિ અને આબાદી છે. અન્યનો વિજય એટલે હિંદના ભાંગીને ભુક્કા, પાર-વિનાની અશાન્તિ અને કલ્પી ન શકાય એવી બરબાદી છે. આપણે જેવું પરિણામ ચાહતા હોઇએ તેના પક્ષે જોડાવું તેનું કીધું કરવું અને તેની પાછળ ફના થવું એજ આપણું કર્તવ્ય છે અને એજ આપણો અનિવાર્ય ધર્મ છે.

અંગ્રેજ સરકારનું છેલ્લું નિવેદન.

પંડિત જવાહરલાલને અને જનાબ ઝીણાને રાજદ્વારી વાટાઘાટો કરવા માટે બ્રીટીશ પ્રધાનમંડળે લંડન બોલાવ્યા. પંડિત જવાહરલાલ લંડન જવાને બીલકુલ અનુત્સુક હતા. તેમના ઉપર મુખ્ય પ્રધાન મેજર એટલીએ અત્યન્ત દબાણ કર્યું અને એમના આગ્રહને વશ થઇને પંડિત જવાહરલાલ ગયા. બન્ને પક્ષનેતાઓ સાથે કેટલીક વાટાઘાટો ચાલી અને પરિણામે અંગ્રેજ સરકાર તરફથી એક નિવે-દન બહાર પાડવામાં આવ્યું. આ નિવેદને હિંદી રાજકારણી સમસ્યાને વધારે સરળ બનાવવાને બદલે અત્યન્ત જટિલ બનાવી દીધી છે અને આગામી બંધારણ સભાના સર્વ સત્વને શોષી લીધું છે. જેમાંથી અનુક્રમે આજની બંધારણ સભા હિંદનું ભાવી બંધારણ ઘડવા માટે ઉભી થઇ છે તે–સાથી પહેલાના–સરકારી નિવેદનમાં બ્રીટનના મુખ્ય પ્રધાને ખાત્રી આપી હતી કે હવેથી કોઇ પણ લઘુમતી હિંદની પ્રગતિની રૂકાવટ કરી નહિ શકે. આ ખાત્રી ઉપર વિશ્વાસ રાખીને કોંગ્રેસ નવી રાજ્યરચનાના કાર્યમાં અંગ્રેજ સરકારને પુરો સાથ અને સહકાર આપી રહી હતી. એજ સરકારના મુખ્ય પ્રતિનિધિ હવે છેલ્લા નિવેદનમાં જણાવે છે કે "જે બંધારણ સભામાં હિંદની વસ્તીના મોટા ભાગના પ્રતિનિધિઓએ ભાગ લીધો નહિ હોય એવી બંધારણ સભા કોઇ પણ બંધારણ ઘડશે તો તેવા બંધારણને હિંદના જે વિભાગોને આ બંધારણ સંમત નહિ હોય તે વિભાગો ઉપર લાદવાનો–જેવી રીતે કોંગ્રેસે જાહેર કર્યું છે તે મુજબ જ–અંગ્રેજ સરકાર કદિ વિચાર કરી શકશે નહિ." આ વિધાનદ્વારા ઉપર જણાવ્યા મુજબ અપાયલી ખાત્રી અને વિશ્વાસને અંગ્રેજ સરકારે ભુંસી નાખ્યો છે અને આખું બંધારણસૂત્ર મોસ્લીમ લીગ અને તેના સરનશીનની સંમતિ–અસંમતિ સાથે સંલગ્ન કરીને હિંદી પ્રજાનો અને કોંગ્રેસનો ભારેમાં ભારે દ્રોહ કર્યો છે. પ્રસ્તુત નિવેદનમાં અનુત્સુક પ્રાંતો ઉપર જુથરચના ફરજિયાત લાદવાના પ્રધાન–પ્રતિ-નિધિમંડળે આગળ ઉપર જાહેર કરેલ ઇરાદાનું પુનઃ સમર્થન કરવામાં આવ્યું છે અને બંધારણને લગતી સરકારી દરખાસ્તોની આવી અર્થઘટના ત્યાંના કાયદાનિષ્ણાતો પણ સ્વીકારે છે એ બાબત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે અને આવો અર્થ મોસ્લેમ લીગ તો સંમત કરે છે પણ કોંગ્રેસ જ આડી થઇ બેઠી છે અને બંધા-રણ કાર્યમાં આગળ વધવામાં અવરોધ કરી રહી છે એમ સૂચવવામાં આવ્યું છે અને આગળ વધીને જણાવવામાં આવ્યું છે કે આ હકીકતો ધ્યાનમાં લેવા છતાં પણ કોંગ્રેસને હોશ હોય તો આ બાબતને સ્પષ્ટ કરાવવા માટે કોંગ્રેસ ફેડરલ કોર્ટ આગળ જઇ શકે છે. આમ ફેડરલ કોર્ટના કોઇ પણ પ્રકારના ચુકાદા સામે પણ અંગ્રેજ સરકારે પાણી પહેલાં પાળ બાંધવા જેવું કર્યું છે. આવું અનર્થકારી નિવેદન બહાર પાડીને અંગ્રેજ સરકારે જનાબ ઝીણાના પ્રત્યાઘાતી પક્ષને નવું જોર આપ્યું છે. સરકારની આ વખતની આવી ચાલ-બાજીથી હિંદી પ્રજા અત્યન્ત ખિન્ન બની છે અને અંગ્રેજ સરકારની શુભ નિષ્ટા વિષે ખુબ જ શંકાગ્રસ્ત બની છે. પંડિત જવાહરલાલને લંડન બોલાવીને અંગ્રેજ સરકારે એક પ્રકારનો દગો રમ્યા જેવું કર્યું છે અને એના આગમનનો લાભ લઇને જાણે કે તેમની સાથેની વાટાઘાટનું પરિણામ હોય એવો પ્રસ્તુત નિવેદનદ્વારા છળ કરવામાં આવ્યો છે. પરિણામે તાજેતરમાં શરૂ થયેલી બંધારણ સભામાંથી પ્રજાનો રસ બહુ કમી થયો છે અને ગમે તેટલી શુભ નિષ્ટાપૂર્વક સર્વશ્રેય સાધક હિંદનું ભાવી બંધારણ ઘડવામાં આવે એમ છતાં કર્યું કારવ્યું બધું ગમે ત્યારે નિરર્થક બનાવી શકાય એવી શકયતા આ નિવેદન દ્વારા ઉભી કરવામાં આવી છે. બંધારણ સભામાં ભાગ લેવાની તેમજ વચગાળાની સરકારમાં સંયુકત જવાબદારીથી કામ કરવાની બાંહધરી આપવા છતાં બંધારણ સભાથી અલગ રહેતા અને વચ-ગાળાની સરકારમાં સંયુકત જવાબદારીનો ધનકાર કરતા જનાબ ઝીણાને સરખાઇથી વર્તવાની ફરજ પાડવાને બદલે આમ પંપાળવામાં આવે અને શુદ્ધ નિષ્ટાથી કાર્ય કરતી અને પુરેપુરો સહકાર આપતી કોંગ્રેસને આમ ઠોકરે મારવામાં આવે–એ મેલી રાજરમત સિવાય બીજું કશું જ નથી. આ બધું જોતાં હિંદમાં શાન્તિપૂર્વક સત્તાની ફેરબદલી થવાની આશા દિનપ્રતિદિન લુપ્ત બનતી જાય છે અને દેશની આગેકૂચની રૂકાવટ કરતા પ્રત્યાઘાતી બળો–પછી તે અંગ્રેજ સરકાર હોય કે મોસ્લેમ લીગ હોય–તેનો કોંગ્રેસે બહુ નજીકના ભવિષ્યમાં ભયંકર અને જીવલેણ સામનો કરવો પડશે એવા અમંગળ ભાવીની આગાહી થઇ રહી છે. જે બને તે જોવાનું છે અને દેશની આઝાદી માટે જ્યારે રણશિંગું ફુંકાય ત્યારે પોતાના સર્વસ્વનું બલિદાન આપવા માટે આપણે તત્પર અને તૈયાર રહેવાનું છે. **પરમાનંદ.**

મુનિ ચંદ્રોદયસાગરની પીછેહઠ

[મુનિ ચંદ્રોદયસાગરે માંડેલો બદનક્ષી કેસ એકાએક કેવી રીતે પાછો ખેંચી લેવામાં આવ્યો તેની છેવટના ભાગની વિગત મુંબઇ સમાચારના તા. ૭-૧૨-૪૬ ના અંકમાંથી નીચે ઉધૃત કરવામાં આવી છે. શ્રી. કે. કે. શાહ ફરીયાદીના અને શ્રી. છેલશંકર વ્યાસ જવાબદાર જીવતલાલ પરતાપસીના વકીલ હતા.]

આ તબકકે ફરી એક વાર કોર્ટે સુચના કરી હતી કે જૈન મુનીની ઉલટ તપાસમાં કદાચ ઘણીએ ન ઇચ્છવા જોગ વાતો બહાર આવશે અને જૈનધર્મનું તેમજ તેના અનુયાયીઓનું સારૂં કહેવાશે નહી માટે હજુ પણ કોઇ પ્રતિષ્ઠિત સજ્જન દરમ્યાનગીરી કરે અને આ ઝગડાનો નીકાલ કરાવે તે ઇચ્છનીય છે. ફરીયાદી કહે છે તેની સામે જનાકારીનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને શેઠ જીવાભાઇ કહે છે કે અમે જનાકારીનો આક્ષેપ કર્યો નથી પરંતુ અમારા ઠરાવમાં મુનીએ એકાંતવાસ સેવ્યો હતો એમ જણાવવામાં આવ્યું છે.

વધુમાં કોર્ટે જણાવ્યું હતું કે ત્રસ્ટીઓએ સંભાળપૂર્વક તપાસ કરી આ ઠરાવ કર્યો છે અને તેમ કરવાને તેમને હકક છે. તેમની શુદ્ધ નિષ્ઠા વીષે શંકા ઉઠાવવાનું કંઇ કારણ નથી.

શ્રી. શાહ–તેમની શુદ્ધ બુદ્ધિ વિષે અમને શંકા છે.

કોર્ટ–જવાબદાર જીવતલાલે એકલાએ આ ઠરાવ પસાર કર્યો નથી. બીજા ટ્રસ્ટીઓ પણ હાજર હતા. અને તેઓની શુદ્ધનિષ્ઠા વિષે તમોએ શક ઉઠાવ્યો નથી.

શ્રી. શાહ–બીજા ટ્રસ્ટીઓ જવાબદારથી દોરવાઇ ગયા હતા. ટ્રસ્ટીઓના ઠરાવનો એક પણ અક્ષર કે આરોપ પાછો ખેંચવા અમે તૈયાર નથી. આ તબકકે કોર્ટે શ્રી. શાહને પુછયું હતું કે કઇ શરતોએ તમો સમાધાન કરવા માંગો છો?

શ્રી. શાહ–ટ્રસ્ટીઓના ઠરાવમાં કરેલાં આક્ષેપો જવાબદાર પાછા ખેંચી લે તો ફરીયાદી કેસ ચલાવવા માંગતો નથી.

શ્રી. વ્યાસ–જવાબદાર ઠરાવની અંદર તો એકપણ શબ્દ કે આક્ષેપ પાછો ખેંચવા તૈયાર નથી. આ ઠરાવ મારા કુળ શેઠ જીવતલાલ, એકલાની તપાસના પરિણામરૂપે થયો નથી પરંતુ મુંબઇના તથા સારાએ હિંદના જૈન સમાજ અને ધર્મ માનનારાઓમાં ઉત્તમ પ્રતિષ્ઠા ધરાવનાર સંખ્યાબંધ આગેવાનોએ સાથે મળીને જૈન મુનીના કહેવાતા શિથિલાચાર વિષે આ પરણીત સ્ત્રી સાથેના કહેવાતા એકાંતવાસ વિષે ચાંપતી તપાસ કર્યા બાદ અને ફરીયાદીને ખુલાસો કરવાની અનેકવાર તક આપ્યા પછીજ પોતાની જવાબદારીઓ સમજીને ધાર્મીક સંસ્થાના હીત અને શ્રેય અર્થે આ ઠરાવ પસાર કર્યો છે. ઉપર પ્રમાણે ઘડતી તપાસ કર્યા પછી ટ્રસ્ટીઓના મનમાં ફરીયાદીનાં એક સ્ત્રી સાથેનાં એકાંતવાસને લગતી શુધ્ધ ભાવની માન્યતા એમના મનમાં જન્મવા પામી હતી. કોઇપણ શાણા માણસોના હૃદયમાં આ પ્રકારની તપાસને અંતે એવી જ માન્યતા ઉદ્‌ભવ્યા વગર રહે નહી, અને જે ઠરાવ કરવામાં આવ્યો છે તે તમામ ટ્રસ્ટીઓની આ જાતની પ્રમાણિક તપાસ અને શુધ્ધ બુદ્ધિનું પરીણામ છે. એટલે ટ્રસ્ટીઓનો આ ઠરાવ કાયમ રહેવાનો છે અને રહેશે.

એકાંતવાસ સેવ્યો હોવાની વાતને તેઓ વળગી રહે છે.

જવાબદાર, બધા ટ્રસ્ટીઓના ઠરાવને એકલે હાથે દુર કરી શકે નહી. અને જવાબદાર તો કહે છે કે ફરીયાદીએ સ્ત્રી સાથે એકાંતવાસ સેવ્યો છે અને મહાવ્રતનો ભંગ કર્યો છે તેમ છતાં જવાબદાર એક વસ્તુની ચોખવટ કરે છે કે તેણે અગર બીજા ટ્રસ્ટીઓએ ફરીયાદી ઉપર જનાકારી અગર વ્યભિચારનો આક્ષેપ મુકયો જ નથી; પરંતુ સ્ત્રી સાથેના એકાંતવાસની વાતને તેઓ વળગી રહે છે. આટલી ચોખવટથી જે સામા પક્ષને સંતોષ થતો હોય અને ફરીયાદી જે આ ઉપરથી કેસનો અંત લાવવા માગતા હોય તો જવાબદારને વાંધો નથી.

શ્રી. શાહ–જે આગળ પાછળનો સંબંધ લક્ષમાં લઇને ઠરાવ વાંચવામાં આવે તો ચોથા મહાવ્રતનો એટલે કે બ્રહ્મચર્યનો ભંગ થયો છે એટલે કે જનાકારી કરવામાં આવી છે એવો અર્થ નીકળે છે. માટે જવાબદારે એમ કહેવું જોઇએ કે ફરીયાદીએ જનાકારી કરી નથી, સ્ત્રી સંભોગ કર્યો નથી અને બ્રહ્મચર્યના મહાવ્રતનો ભંગ કર્યો નથી.

અત્રે જવાબદાર શેઠ જીવતલાલને કોર્ટે પુછપરછ કરતાં તેમણે જણાવ્યું હતું કે અમો કોઇએ સ્ત્રી સંભોગનો આક્ષેપ કર્યો નથી.

કોર્ટ–બ્રહ્મચર્યવ્રતનો ભંગ તમો કઇ રીતે થયેલો ગણો છો?

જ–કોઇ સાધુ સ્ત્રી સાથે એકાંતમાં થોડો વખત પણ બેસે તો તેપણ બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરેલો કહેવાય.

કોર્ટ–તમો એમ કહેવા માંગો છો કે ફરીયાદીએ જનાકારી કરી નથી.

જ–ફરીયાદીએ જનાકારી કર્યાની વાત અમોએ ઉચ્ચારી જ નથી.

કોર્ટ–ત્યારે આ કેસની પતાવટ કરવાનો અનુકુળ સમય આવી ગયો છે.

બદ શ્રી. વ્યાસે જણાવ્યું કે જવાબદારના કથનની નોંધ જો લેવી હોય તો આ પ્રમાણે લેવી જોઇએ, જવાબદાર કહે છે કે મેં અને બીજા ટ્રસ્ટીઓએ જૈનમુનિ સામે જનાકારી અને સ્ત્રીસંભોગનો આક્ષેપ કર્યોજ નથી, પરંતુ ટ્રસ્ટીઓની પ્રણાણીક તપાસને અંતે ટ્રસ્ટીઓને તથા મને એમ માલમ પડયું છે કે ફરીયાદીએ એક સ્ત્રી સાથે ભાયખલા ઉપાશ્રયમાં એકાંતવાસ કર્યો છે અને તેથી મહાવ્રતનો ભંગ કર્યો છે.'

કેટલીક ખેંચતાણ પછી શ્રી. શાહે એવી સુચના કરી હતી કે શ્રી. વ્યાસની મતલબની દરખાસ્તમાં એટલો ઉમેરો કરવો જોઇએ કે ફરીયાદી સ્ત્રી સાથેના એકાંતવાસનો તેમજ એકાંતવાસથી બ્રહ્મચર્ય વ્રત ભંગ થયાનો ઇનકાર કર્યો છે.

ઉપર પ્રમાણેની પતાવટની ગોઠવણ બંને પક્ષોએ મંજુર રાખવાથી મેજીસ્ટ્રેટે એ મતલબની નોંધ લઇને કેસની માંડવાળ થયેલી જણાવીને જવાબદારને "એકવીટ" (મુકત) કરવાનો હુકમ કર્યો હતો.

શ્રી. સોરાબજી કાપડીઆ અને 'મુંબઇ સમાચાર' સામેનો કેસ

બાદ કોર્ટે જણાવ્યું હતું કે આ મુખ્ય કેસનો અંત આવી જવાથી 'મુંબઇ સમાચાર' સામેના કેસનું શું?

શ્રી. શાહ–'મુંબઇ સમાચાર' સામેનો કેસ તો અમો કોઇપણ ભોગે ચલાવવા માંગીએ છીએ, કારણ કે એ પત્રે જ દીવસો સુધી જૈન મુનિની સામે બહુજ ખરાબ પ્રકારનો પ્રચાર કર્યો છે.

શ્રી. વ્યાસ–'મુંબઇ સમાચાર' સામેનો કેસ અમો લડી લેવા તૈયાર છીએ.

શ્રી. કાપડીઆનું નિવેદન.

અત્રે કોર્ટે શ્રી. સોરાબજી કાપડીયાને બોક્ષમાં બોલાવીને તમો શું કહેવા માંગો છો એમ પુછતા શ્રી. કાપડીયાએ નીચે પ્રમાણે નિવેદન કર્યું હતું.

આ મુકદમો પીટીશન મેજીસ્ટ્રેટ શ્રી. ખંભાતાની કોર્ટમાં ચાલતો હતો તે વખતે મારા ધારા હીમાયતી શ્રી. છેલશંકર વ્યાસ મારફતે અમોએ જાહેર કર્યું હતું કે 'મુંબઇ સમાચાર' પત્રે મુની ચંદ્રોદય સામે જે ૨૨ લેખો પ્રગટ કર્યા છે અને જે ૨૨ લેખો આ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા છે, તેમાંના એક પણ લેખમાં સાધુ સામે જનાકારીનો આરોપ મુકયો નથી. આ એકકરારને શ્રી. ખંભાતાએ ધ્યાનમાં લઇ બંને પક્ષોને આ મુકદમાનું સમાધાન કરવા સુચના કરી હતી અને તેમણે એક મુસદ્દો તૈયાર કરી તે ઉપર વિચાર ચલાવવા પક્ષકારોને અપીલ કરી હતી. પરંતુ એક યા બીજા કારણે સમાધાન થઇ શકયું ન હતું. આ કોર્ટમાં હું અત્રેથી જાહેર કરૂં છું કે મુંબઇ સમાચારે મુનિ ચંદ્રોદય સામે જનાકારીનો આક્ષેપ કર્યો જ નથી. મુંબઇ સમાચારે જે કંઇ કર્યું છે તે માત્ર એટલું જ છે કે મુનિશ્રીએ ભાયખલાના ઉપાશ્રયમાં એક સ્ત્રી સાથે એકાંતવાસ કર્યો હતો અને તેથી તેમણે શીથીલાચાર કર્યો હતો.

કોર્ટ–પરંતુ આ બધું તમારા પેપરમાં છાપવાની શી જરૂર હતી?

શ્રી. કાપડીઆ–અમારૂં મુંબઇ સમાચાર પત્ર છેલ્લા ૨૫ વર્ષથી જૈનધર્મ, જૈનસમાજ અને સાધુ સંસ્થાને લગતા પ્રશ્નોમાં ભારે રસપૂર્વક ચર્ચા ચલાવતું આવ્યું છે. મુંબઇ સમાચારના વાંચકોનો એક મોટો ભાગ જૈન કોમ છે કે જે કોમ આખા હિંદમાં પથરાયેલી છે અને ખુદ જૈનો જ અને જૈન સાધુઓ અમારી ઓફીસમાં આવી અમારા પત્રમાં જૈનોને લગતા અમુક સવાલોની ચર્ચા ઉપાડવા અમને વિનંતી કરતા આવ્યા છે.

કોર્ટ–પરંતુ તે છતાં તમો આ સાધુઓને લગતી ચર્ચા છાપી શકો નહી.

કેસ ચલાવવામાં આવે તો હું મારી શુભનિષ્ઠા પુરવાર કરી આપવા તૈયાર છું.

શ્રી કાપડીઆ–હું કાયદાનું જ્ઞાન ધરાવતો નથી. પરંતુ ફોજદાદી કાયદાની બદનક્ષીને લગતી કલમના અપવાદો હેઠળ જોઇતી સંભાળ અને સાવચેતીનો અમલ કરીને જ આ મુનિ મહારાજને લગતી ચર્ચા પ્રગટ કરવાનો મને અધિકાર હતો અને તે મુજબ યોગ્ય તપાસ કરી મેં જે વીગતો ભેગી કરી હતી અને તે ઉપરથી તે વેળા મને લાગ્યું હતું કે આ મુનિ મહારાજ સામે એકાંતવાસનો જે આરોપ મુકવામાં આવ્યો છે તે ખરો હોવો જોઇએ અને મેં શુદ્ધબુદ્ધિથી જાહેર પ્રજાના હિત માટે જવાબદાર તંત્રી તરીકે તે લેખો પ્રગટ કર્યા હતા અને જો મારી સામે આ કેસ ચલાવવામાં આવે તો હું મારી શુદ્ધબુદ્ધિ, સંભાળ અને સાવચેતી પુરવાર કરવા તૈયાર છું.

કોર્ટ–પરંતુ જૈન કોમ એ જાહેર જનતા નથી.

શ્રી. કાપડીઆ–જૈનોનો સમાજ અતિશય વિશાળ છે, દેશ ભરમાં પથરાયેલો છે અને "મુંબઇ સમાચાર" વાંચનારાઓનો મોટો વર્ગ એ કોમનો છે એટલે અમારી દૃષ્ટિએ જૈન કોમના હિત અને જાહેર હિત વચ્ચે તફાવત નથી.

મહાવ્રતનો ભંગ જરૂર થયો છે.

કોર્ટ–ફરીયાદીએ બ્રહ્મચર્યવ્રત્તનો ભંગ કર્યો છે એમ તમે કેમ કહી શકો?

શ્રી. કાપડીઆ–આ ચર્ચા અંગે મેં જૈનધર્મના પુસ્તકોનો અભ્યાસ કર્યો છે, જૈન સાધુઓને મળ્યો છું અને જૈન શાસ્ત્રના શિક્ષણ વિષે તેમની પાસેથી સમજણ લીધી છે અને તે ઉપરથી હું ભારપૂર્વક કહી શકું છું કે એક સ્ત્રી સાથે એક સાધુ એકાંતવાસમાં બેસે તો તેથી બ્રહ્મચર્યવૃત્તનો ભંગ થાય છે. જૈન સાધુઓના આચાર વિષે શાસ્ત્રોના સૂત્રોમાં એવી વ્યાખ્યા આપવામાં આવી છે.

બ્રહ્મચર્યની નવ વાડો.

બ્રહ્મચર્યવ્રત્તના સંબંધમાં નવ વાડો બાંધવામાં આવી છે, જેમાં જણાવ્યું છે કે એક ઉપાશ્રયમાં એક સાધુ સ્થિર થઇને રહ્યો હોય અને તેની બાજુના મકાનમાં કોઇ શ્રાવિકા યા સ્ત્રી રહેતી હોય તો તે જૈન સાધુએ તે ઉપાશ્રયનો તત્કાળ ત્યાગ કરવો જોઇએ. જો કોઈ સાધુ એક સ્ત્રીની સાથે પોતાની આંખોવડે એક બે પળ જોયા કરે તો બ્રહ્મચર્યવ્રત્તનો ભંગ થાય છે. એથી પણ એક બીજી વાડ વિશેષ સખ્ત છે, જે મુજબ ઉપાશ્રયમાં સાધુ પાસે આવીને એક સ્ત્રી ધર્મલાભ માટે બેઠી હોય તે સ્ત્રી ચાલી ગયા પછી તે સાધુ તે સ્ત્રીની જગ્યા ઉપર બેસે તો બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય છે.

કોર્ટ–આ જૈન સાધુ પ્રત્યે તમને કંઇ દ્વેષ છે?

શ્રી. કાપડીઆ–હું ૪૦ વર્ષથી જૈન ધર્મનો અભ્યાસ કરતો આવ્યો છું અને જૈનોની તેમજ અન્ય ધર્મોની સારીએ સાધુ સંસ્થાઓ પ્રત્યે પૂજ્યભાવ સેવતો આવ્યો છું. ફરીયાદી ઉપર કે કોઇ સાધુ પ્રત્યે મને રાગદ્વેષ નથી. પરંતુ સાધુ સંસ્થા પ્રત્યેના પુજ્યભાવને લઇનેજ કોઇપણ સાધુના વર્તનમાં શિથિલતા જણાય તો મારૂં હૃદય દુઃખાય છે અને સાધુ સંસ્થાણે વિશુદ્ધિ માટે જનહિતાર્થે યોગ્ય તપાસ કરીનેજ પત્રકાર તરીકે લડત ચલાવવાની મારી ફરજ છે.

આ સાંભળીને શ્રી. શાહ તથા કોર્ટમાં હાજર રહેલા ફરીયાદ પક્ષના હિતેચ્છુઓએ પડકાર કર્યો હતો કે શ્રી. કાપડીઆનું આ વલણ જોઇને અમો તેમના સામેનો કેસ આગળ ચલાવવા આગ્રહ રાખીયે છીએ.

શ્રી. વ્યાસ–અમો તો કોઇપણ ક્ષણે, કોઇપણ દિવસે અને હરહંમેશ કેસ લડી લેવા તૈયારજ છીએ.

કોર્ટ–શ્રી. શાહને તથા શ્રી. વ્યાસને શાંતિ જાળવવા સુચના કરી હતી અને જણાવ્યું હતું કે પૂર્ણ થવા આવેલા સમાધાનને આ રીતે વેડફી નાખવું ન જોઇએ અને બંને બાજુના પક્ષકારો જો ધમાલ કરવા માગતા હોય તો તેઓએ કોર્ટની બહાર જઇને એ હીસાબ પતાવી લે.

શ્રી. વ્યાસ–અમો સો જૈનો છીએ અને અહિંસામાં માનીએ છીએ એટલે કોર્ટની અંદર અગર બહાર ધમાલ કરવાનો સવાલ જ રહેતો નથી.

કોર્ટ–પરંતુ અહિંસાવાદીઓમાં પણ ઝગડા ઉભા થાય ત્યારે હિંસાનો ઉપયોગ થાય છે.

કેટલીક રમુજ થયા બાદ મેજીસ્ટ્રેટે બંને મુકદમાઓની માંડવાળને લગતી નીચે પ્રમાણેની નોંધ કરી હતી.

શેઠ જીવતલાલ સામેના કેસની માંડવાળ

૬૭ નંબરના કેસમાં એટલે કે શ્રી જીવતલાલ પ્રતાપશી સામેના મુકદમામાં મજકુર જવાબદાર જાહેર કરે છે કે તેણે ફરીયાદી સામે જનાકારી કરવાનો કે સ્ત્રી સંભોગ કરવાનો આક્ષેપ કર્યો નથી તેમજ તેવો આક્ષેપ કરવાનો ઇરાદો ન હતો. વધુમાં જવાબદાર કહે છે કે ફરીયાદી એક સ્ત્રી સાથે એકાંતવાસમાં હોવાનું માલમ પડયું હતું જેનો અર્થ એવો થાય છે કે ફરીયાદીએ મહાવ્રતનો ભંગ કર્યો છે, એટલું જ કહેવાનો તેમનો આશય હતો. ફરીયાદી સ્ત્રી સાથે એકાંતવાસમાં મળી આવેલા હોવાનો તેમજ એવી સ્થિતીને લીધે મહાવ્રતનો ભંગ થતો હોવાનો ઇન્કાર કરે છે. ઉપર પ્રમાણેના કથનને લક્ષમાં લઇને ફરીયાદી એક સાધુ તરીકે જવાબદાર સામે કેસ આગળ ચલાવવા માંગતો નથી અને કેસની માંડવાળ થયેલી હોવાની નોંધ લેવડાવવા માંગે છે. આથી કેસની માંડવાળ નોંધીને જવાબદારને આરોપમાંથી મુકત કરવામાં આવે છે.

મુંબઇ સમાચાર સામેના કેસની માંડવાળનો મુસદ્દો.

શ્રી. સોરાબજી કાપડીયા સામેના મુકદમાં નં. ૬૮ માં કોર્ટે નીચે પ્રમાણે નોંધ લીધી હતી.

જવાબદારો જાહેર કરે છે કે ફરીયાદી મુનિ ચંદ્રોદયે જનાકારી અગર સ્ત્રી સંભોગ કર્યાનો આક્ષેપ જવાબદારે કોઇ પણ જગાએ કર્યો નથી અથવા છાપ્યો નથી. જવાબદાર વધુમાં જણાવે છે કે એવો આક્ષેપ કરવાનો તેનો ઇરાદો ન હતો પરંતુ જો કોઇ પણ માણસના મન ઉપર એવી છાપ (જનાકારી અગર સ્ત્રી સંભોગ કરવાની, પડી હોય તો તે વસ્તુ શોચનીય છે, જેના માટે હું કોઇ પણ રીતે જવાબદાર નથી જ.

ઉપરના કથનને ધ્યાનમાં લઇને ફરીયાદી જણાવે છે કે તે સાધુ હોઇને જવાબદાર સામેનો કેસ આગળ ચલાવવા માંગતો નથી. પણ કેસની માંડવાળ થયેલી હોવાની નોંધ લેવડાવવા માંગે છે. વધુમાં ફરીયાદી જણાવે છે કે તે હાઇકોર્ટમાં જવાબદાર તથા મુંબઇ સમાચાર લીમીટેડ સામે માંડવામાં આવેલો દીવાની દાવો આગળ ચલાવશે નહી અને બંને પક્ષકારો કબુલ કરે છે કે હાઇકોર્ટના દાવાનો ખર્ચ એકબીજા પાસેથી માંગશે નહી. આથી કેસ માંડવાળ થયેલો નોંધીને જવાબદાર તેમજ મુંબઇ સમાચાર કંપની લીમીટેડને મુકત કરવામાં આવે છે.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ માટે તંત્રી મુદ્રક પ્રકાશક: શ્રી. મણિલાલ મોકમચંદ શાહ, ૪૫–૪૭ ધનજી સ્ટ્રીટ, મુંબઇ.
મુદ્રણસ્થાન : સૂર્યકાન્ત પ્રિ. પ્રેસ. ૪૫૧, કાલબાદેવી રોડ, મુંબઇ. ૨